ॐ

नमः श्रीसिद्धेभ्यः

# રાજહૃદય

## ભાગ-૮

પત્રાંક-૪૫૧

મુંબઈ, પ્રથમ અષાડ સુદ ૯, ૧૯૪૯

કૃષ્ણદાસનો પ્રથમ વિનયભક્તિરૂપ કાગળ મળ્યો હતો. ત્યારપછી ત્રિભોવનનો કાગળ અને ત્યાર પછી તમારું પત્તું પહોંચ્યું છે. ઘણું કરી રવિવારે કાગળ લખી શકાશે.

સત્સંગના ઇચ્છાવાન જીવોની પ્રત્યે કંઈ પણ ઉપકારક સંભાળ થતી હોય તો તે થવા યોગ્ય છે. પણ અવ્યવસ્થાને લીધે અમે તે કારણોમાં અશક્ત થઈ વર્તીએ છીએ, તે અંતઃકરણથી કહીએ છીએ કે ક્ષમા યોગ્ય છે. એ જ વિનંતી.

તા. ૨૨-૫-૧૯૯૦, પ્રવચન નં. ૧૬૨
પત્રાંક – ૪૫૧, ૪૫૨, ૪૫૩

(નોંધ :– પ્રવચન નં.૧૬૧ અને ૧૬૨ સરખા હોવાથી પ્રવચન નં.૧૬૧ લેવામાં આવેલ નથી.)

'શ્રીમદ્ રાજચંદ્રગ્રંથ' પત્રાંક ૪૫૧. પાનું ૩૭૪. 'અંબાલાલભાઈ' ઉપરનો સંક્ષેપમાં પત્ર છે.

**'કૃષ્ણદાસનો પ્રથમ વિનયભક્તિરૂપ કાગળ મળ્યો હતો. ત્યારપછી ત્રિભોવનનો કાગળ અને ત્યાર પછી તમારું પત્તું પહોંચ્યું છે. ઘણું કરીને રવિવારે કાગળ લખી શકાશે.'** પત્રોની પહોંચ લખી છે. વિગતવાર કોઈ પત્ર લખવાનો એ વખતે વિકલ્પ નથી, જે વિકલ્પ છે એ લખી નાખ્યો છે.

**'સત્સંગના ઇચ્છાવાન જીવોની પ્રત્યે કંઈ પણ ઉપકારક સંભાળ થતી હોય તો તે થવા યોગ્ય છે'** જેને સત્સંગની ઇચ્છા છે એવા જીવોને અમારો સંગ મળે અને એ રીતે એની સંભાળ લેવાતી હોય, સંભાળ થતી હોય તો તે થવાયોગ્ય છે. એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે જે જીવો સત્સંગને ઇચ્છે છે એવા મુમુક્ષુજીવોને સત્સંગ પ્રાપ્ત થાવ. સંયોગની પરિસ્થિતિ પોતાને આધીન નથી પણ ભાવના એ પ્રકારની છે કે જે સત્સંગની ભાવના રાખે છે એને સત્સંગ પ્રાપ્ત થાય તો સારું. અને એ રીતે એની સંભાળ લેવાય પોતાથી તો પણ એ થવા યોગ્ય છે, એમાં કોઈ અયોગ્ય પોતે સમજતા નથી.

**'પણ અવ્યવસ્થાને લીધે...'** પોતાના સંયોગની અવ્યવસ્થાને લીધે, પોતાના સંયોગ વ્યવસ્થિત નહિ હોવાને લીધે. કેમ કે વેપારમાં તો અનિશ્ચિત પ્રકારે બધા ઊભા થાય છે. એ નિશ્ચિત પ્રકારે વ્યાપારના કાર્યો થતા નથી. એટલે **'અવ્યવસ્થાને લીધે અમે તે કારણોમાં અશક્ત થઈ વર્તીએ છીએ,...'** એટલે સત્સંગમાં વર્તવામાં અમારી અશક્તિ થઈ ગઈ છે. **'તે અંતઃકરણથી કહીએ છીએ...'** તે વાત અમારા હૃદયથી છે. કોઈ એમાં કૃત્રિમતાથી કાંઈ ગોઠવણી નથી, કોઈ હેતુપૂર્વક બીજી વાત

નથી. પણ કુદરતી એ પ્રકારે પોતે વ્યવસાયમાં ફસાયેલા છે એટલે એ વાત અંતઃકરણથી નિવેદન કરીને તે **'ક્ષમા યોગ્ય છે.'** તેની ક્ષમા યાચે છે.

એટલી સરળતા અને એટલી નમ્રતા. ખરેખર અમારે પણ જે જીવો સત્સંગ ઇચ્છે છે એની સાથે સત્સંગમાં રહેવું યોગ્ય છે પણ કોઈ પૂર્વકર્મને કારણે એવી રીતે અટવાયેલા છીએ એથી બધાની વચમાં ઉપસ્થિત નથી રહી શકતા એની અંતઃકરણથી ક્ષમા ચાહી છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- તમે શોચ કરવા યોગ્ય નથી. એમ કે સંયોગના કારણથી જે ચિંતા થાય છે, શોચ એટલે અહીંયાં ચિંતા, તમારે ચિંતા કરવી યોગ્ય નથી. અથવા તમારા જેવા મુમુક્ષુએ સંયોગની ચિંતા ન કરવી જોઈએ. તેમ છતાં કરો છો. ન કરવી જોઈએ છતાં કરો છો. અમને એ તમારા નુકસાનનું કારણ ભાસે છે. તેથી એમ કહીએ છીએ કે તમે ન કરવા યોગ્ય આ ચિંતા કરો છો. અને **'તે વાર્તા તમારાથી ન લખાય તે લખાઈ જાય છે.'** અને ચિંતાને વશ જે તમારે ન લખવું જોઈએ એ તમારા પરિણામ છે એ વ્યક્ત કરો છો. **'તે ન લખાવા વિષે અમારો આ પત્રથી ઉપદેશ નથી,...'** એટલે એ તમે હવે લખતા નહિ એમ સીધું કહેતા નથી. લખાઈ જાય છે તમારાથી એ ન લખાય તો સારું એટલી વાત છે. એટલે પ્રયત્નથી, પુરુષાર્થથી એ પરિણામ શમાવવા જેવા છે. અહીંયાં આચરણનો અધિકાર હોવાથી વિચારવા યોગ્ય વાત એટલી છે કે જે પરિણામ થઈ જાય છે એના ઉપર હઠથી દમન કરવું એ કોઈ પરિણામને મટાડવાનો, એ પ્રકારના વિભાવરોગને મટાડવાનું સાધન નથી કે ઉપાય નથી કે એ કોઈ માર્ગ નથી, પણ સમજણથી એનું ઉપશમન થાય, શાંત થાય તો તે કરવા યોગ્ય છે.

એટલે ઉપદેશ કઈ રીતે આપે ? કે તમારે એવા પરિણામ ન કરવા જોઈએ, ન લખવા જોઈએ એવો ઉપદેશ ક્યાંથી આપે ? જો સમજણથી શમાવે તો એનો ઉપદેશ છે. સાક્ષી રહો એ ઉપદેશ છે, ભિન્ન પડો એ ઉપદેશ છે પણ પરિણામ ન કરો તમે એવું અમારું દબાણ નથી, એમ લખો નહિ એવું દબાણ નથી એ અમારું. ઉપદેશમાં તો આજ્ઞા થઈ જાય. એ આજ્ઞા તો કાં દમન કરવા કરે કાં ઉપશમન કરે. તો ઉપશમન કરવાનો ઉપદેશ છે, દમન કરવાનો ઉપદેશ એમાં નથી.

કોઈપણ પ્રતિકૂળતામાં મુમુક્ષુજીવના પરિણામ ખેંચાય જાય તો એની ભૂમિકા

એટલી નબળી હોવાથી એ અસ્વભાવિક નથી. સ્વભાવિક છે એવું થાય. પણ એવું થાય એટલે કરવા યોગ્ય છે એમ પોતે સંમત કરતા નથી. એમ નહિ કરવા યોગ્ય છે અને સમ્યક્ પ્રકારે તે શમાવવા યોગ્ય છે. એટલે એમ કહે છે કે તમે માત્ર જોયા કરવું, સાક્ષી રહેવું, ન થાય તો એમ કરવાનો નિશ્ચય રાખવો. એ પ્રકારે ઉપદેશ છે એમાં. પેલી બાજુમાં ઉપદેશ નથી. કેમ કે એ તો દમનનો પ્રકાર ઊભો થઈ જશે.

યોગ્યતા છે એ એનો ભાવ ભજવ્યા વિના રહેશે નહિ. યોગ્યતા હોય એ અનુસાર પરિણામ થાય, થાય ને થાય જ. જીવ પોતે એ પરિણામને રોકી શકે નહિ. ઇચ્છાએ કરીને રોકી શકે નહિ. પુરુષાર્થ કરે તો યોગ્યતા બદલાય અને યોગ્યતા બદલાય તો રોકાય. બાકી ઇચ્છાએ કરીને રોકે, દમનથી રોકે, હઠથી રોકે એ માર્ગ નથી, એ ઉપાય નથી. એ પ્રકારનો જ્ઞાનીપુરુષોનો ઉપદેશ પણ નથી. એમ કહેવાનો આશય છે અહીંયાં. એ છેલ્લી ત્રણ લીટીમાં એટલી વાત છે.

મુમુક્ષુ :– ઉપયોગ કરવો, એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ કરો એટલે પ્રયત્ન કરો. પુરુષાર્થ કરો.

મુમુક્ષુ :– ભિન્ન રહેવાનો ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભિન્ન રહેવાનો.

માત્ર **'જે થાય તે જોય કરવું, એવો નિશ્ચય રાખવાનો વિચાર કરો;...'** એવો દૃઢ નિશ્ચય હોવાનો સંકલ્પ કરો. **'ઉપયોગ કરો;...'** એટલે પુરુષાર્થ કરો. સાવધાન થાવ. ઉપયોગ કરો એટલે. નથી કહેતા કે ભાઈ ! આ કામ જરા ઉપયોગથી કરજો તમે. એમ ને એમ ઉપેક્ષાથી નહિ કરી નાખતા. જરા ઉપયોગ રાખજો. ઉપયોગ રાખવો, યત્ના રાખવી, પુરુષાર્થ કરવો, સાવધાન થવું. એવા બધા અર્થ નીકળે છે. કાળજી રાખવી. **'અને સાક્ષી રહો, એ જ ઉપદેશ છે.'** ભિન્ન પડીને જ્ઞાતા થઈ જાવ એ અમારો ઉપદેશ છે.

મુમુક્ષુ :– જ્ઞાતાપણાનો ઉપદેશ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ ઉપદેશ છે. ઓલાપણે ઉપદેશ નથી એમ કહ્યું. બે વચ્ચે ફેર છે. કેમ કે આચરણ છે ને ? યોગ્યતા પ્રમાણે આચરણ થયા વિના નહિ રહે. એમાં જીવની ઇચ્છા ન હોય તો પણ એ પરિણામ થઈ જાય. એનો ઉપાય એટલો જ છે કે પોતે જો ભિન્ન પડે તો જ યોગ્યતા બદલાય, યોગ્યતા બદલાય તો સહજ

પરિણામ ઉપશમ પામે, શાંત થાય. એ ઉપદેશ છે, એ માર્ગ છે, એ કરવા યોગ્ય છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- ...(ગઈકાલે) શેઠનું દૃષ્ટાંત આપ્યું હતું...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ખોટું સમાધાન કરે છે એ ઉદાહરણ હતું. એક મુમુક્ષુજીવ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને ભિન્નતા કર્યા વગર, ભિન્નતાનો પ્રયત્ન કર્યા વગર, ભિન્ન પડ્યા વિના ખોટું સમાધાન (કરે), તત્ત્વની ધારણાથી ખાલી વિકલ્પથી જે સમાધાન કરે છે અને સમાધાન કરે છે એમ નહિ પણ એમાં માન્યતા ભેળવે છે કે મેં આ સમાધાન તત્ત્વજ્ઞાનને કારણે કર્યું એટલે મને જ્ઞાનની સહાય મળી એ ધોખો છે. એ છેતરાઈ ગયો છે પોતે. એને જ્ઞાનેય નથી. ખરેખર એને સાચું સમાધાન થયું નથી. એના પરિણામ યોગ્ય પ્રકારે શાંત થયા નથી. કૃત્રિમ સમાધાન કર્યું છે. કૃત્રિમતાને સાચું માન્યું છે એ નવી ભૂલ ઊભી કરી છે.

એટલે તો 'સોગાનીજી'એ એ વિષયમાં વધારે બહુ કડક વાત કરી છે કે આવી રીતે કોઈ ધારણાજ્ઞાનથી જે કાળે જે થવાનું હોય ક્રમબદ્ધમાં થવાનું હોય એમ (થાય), એમ કરીને સમાધાન કરે છે. એ તો અઘોરી બાવા વિષ્ટા ખાય એના જેવી વાત છે. બહુ કડક પ્રહાર કર્યો છે કે આવી ભૂલ તો મુમુક્ષુજીવે કરવી નહિ જોઈએ. કેમ કે એ ભૂલ કરવામાં શું થાય છે કે જે માર્ગ નથી, ઉપાય નથી એને ઉપાય માને છે. સાધન નથી એને સાધન માન્યું છે. સાધન થયું નથી એને સાધન તરીકે ગણી લીધું છે. આ નવી ભૂલ થાય છે. એ નહિ થવી જોઈએ.

મુમુક્ષુ :- ભિન્નતાથી સમાધાન આવવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન પડીને સમાધાન આવવું જોઈએ. મારી ચીજ નથી. જે થવું હોય તે થાય, એના સ્વકાળે થવું હોય તે થાય. બીજા કોઈના ગામમાં સમાચાર સાંભળ્યા હોય તો શું કરે ? ત્યારે તો મારું નથી એમ કરીને જ એને ઉપદેશ આપે ને ? કે ભાઈ ! મારું નથી. એટલે એમ ખ્યાલમાં છે કે મારું નથી. તો એવી જ રીતે એને કહે કે ભાઈ ! તમે સમાધાન રાખો જે કાળે જે થવાનું હોય તે થાય. તો ત્યાં તો મારું નથી. (જ્યારે પોતામાં) મારું રાખીને કરે છે. બે વચ્ચે મોટો ફેર છે.

મુમુક્ષુ :- આ રીતે સમાધાન કરતા જોવામાં તો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કૃત્રિમ સમાધાન છે, કૃત્રિમ સમાધાન છે.

મુમુક્ષુ :– શાંતિ લાગે.

પૂજ્ય ભાઈશ્રી : હા, એ કૃત્રિમ શાંતિ છે. શાંતિ પણ કૃત્રિમ છે અને સમાધાન પણ કૃત્રિમ છે. અને બેય જગ્યાએ પોતે ભૂલ કરી છે. ખરેખર શાંતિ થઈ નથી. અંદરમાં અશાંતિમાં રુંધાયેલો કષાય ઊભો છે. રુધાંયેલો કષાય ઊભો છે અને શાંતિ માની લીધી છે. જે સમાધાનનો ઉપાય નથી, સાધન નથી એને ઉપાયને સાધન માની લીધું. બે ભૂલ કરી. અને બેય નુકસાન મોટું છે. શાંતિ થઈ એના કરતા નુકસાન મોટું છે. માન્યતાની ભૂલ છે, સમજણની ભૂલ છે, બધી ભૂલ છે.

મુમુક્ષુ :– ... આકુળતા ઓછી થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આકુળતા ઓછી થઈ જાય છે પણ યોગ્ય પ્રકારે થવી જોઈએ, અયોગ્ય પ્રકારે નહિ થવી જોઈએ. આકુળતા ઓછી થાય અને માન્યતાનું દર્શનમોહનું નુકસાન વધારી બેસે. સાધન નથી એને સાધન માને, શાંતિ નથી એને શાંતિ માને. દર્શનમોહ તો તીવ્ર થશે. સંતોષ પકડશે ને ? પછી શું થશે ? કે ચાલો, શાંતિ તો થઈ. આટલું જ્ઞાન તો કામમાં આવ્યું. આટલું 'ગુરુદેવ'નું સાંભળ્યું હતું તો કામમાં આવ્યું. એ જે સંતોષ લીધો એ ઓર દર્શનમોહને તીવ્ર કરે છે. અવસ્થામાં તો સંતોષ લેવા જેવું નથી. ઉલટાનું પોતાના પરિણામ આકુળિત થાય ત્યારે એ આકુળતાના દોષને પોતે નીંદે, પોતાના દોષને પોતે નીંદે કે અરે..! હજી મને કેમ આમ થાય છે ? આટલું આટલું મને 'શ્રીગુરુએ' સમજાવ્યું, આવા આવા સત્પુરુષના અને જિનેન્દ્રોના કથનો મને જાણવા મળ્યા, સમજવા મળ્યા અને છતાં હજી મને આવું થાય છે ? એમ પોતાના દોષ નિષ્પક્ષપાતપણે જોઈને પોતે પોતાને નીંદે. તો બરાબર છે હજી. પણ એમાં તો મને આકુળતા થઈ અને મારો દોષ થયો એ તો આવશે જ નહિ. ઉલટાનું હું તો ગુણવાન છું. જુઓ ! મને તો જુઓ કેવી રીતે શાંતિ રહે છે. મેં આ બધું સાંભળ્યું, મેં આ બધું જાણ્યું એટલે હું શાંતિ રાખી શકું છું. મને તો એટલો ગુણ પ્રગટ્યો છે એમ માનશે અને દોષને તો ગણશે નહિ. જે દોષને મોટો કરીને જાણવો જોઈએ એની અવગણના કરશે. (અને) જે ગુણ નથી એને મોટો ગુણ માનશે કે મને જ્ઞાનથી સમાધાન થયું. આ બધા પ્રકાર છે એ વિચારવા જેવા છે. ભૂલ ન થાય એટલા માટે વિચારવા જેવા છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :- બધા પડખેથી. એક એક પડખા ખોટા છે. કેમ કે મારાપણું રાખીને કર્યું છે એ બધું. પૂર્વકર્મ પણ મારું. આ મારો ઉદય છે. આ મારો ઉદય મને આવો આવ્યો. એમ કરીને મારાપણું કરીને જે સમાધાન કરે છે એ સમાધાનમાં પાયાની ભૂલ છે.

મુમુક્ષુ :- ... ભિન્ન રહીને.

પૂજ્ય ભાઈશ્રી :- એ તારું નથી એમ પકડીને સમાધાન કર તો એ જે સમાધાન આવે એ સાચું આવે છે. એ સહજ સમાધાન આવશે. મારું નથી એમ જ્યાં બરાબર જોવે એને. પરપણે જુએ તો સમાધાન સાચું આવશે. સ્વપણે જોવે તો સમાધાન કરે છે એ જ ખોટું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ તો જ્યારે કરે ત્યારે થાય. પહેલાં ન ચાલતી હોય તો નવું ન શરૂ કરી શકાય એવું તો નથી. પહેલાં પૂર્વ તૈયારી હોય તો સહેલું પડે. પૂર્વ તૈયારી ન હોય તો ઉદય આવે ત્યારે પછી એ વખતે તૈયાર થાય. શક્તિ તો ગમે ત્યારે છે. તલવાર તો વાપરે ત્યારે કામની છે. શક્તિ તો તલવાર જેવી ચીજ છે. જ્યારે વાપરે ત્યારે કામની છે. પણ પૂર્વ તૈયારી હોય એને સહેલુ પડે છે. જાગૃતિ રહે છે. જાગૃતિ આવે છે. પૂર્વ તૈયારી ન હોય તો પ્રાયે જીવ અંદર એવો આકુળતામાં ઘુસી જાય છે, એટલો બધો વિંટળાઈ જાય છે સંયોગાશ્રિત પરિણામમાં કે જાગૃતિ રહેવી પણ મુશ્કેલ છે. છતાં કોઈ જીવ એવે વખતે પણ વીર્ય ફોરવનારા મળે છે. આગળ-પાછળ તૈયારી ન કરી હોય અને એ વખતે તૈયારી કરવાવાળા પણ જીવો હોય છે ખરા. એવા પણ કામ કરનારા છે.

મુમુક્ષુ :- પૂર્વ કર્મ કરેલા છે... ભોગવવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત ઠીક છે. પણ ભોગવવા જોઈએ એટલે ભિન્ન રહીને, દુઃખી થઈને નહિ. ભોગવવા જોઈએ એનો અર્થ શું ? ભોગવવાનો અર્થ શું ? દુઃખી-સુખી થઈને ભોગવવા ? અનુકૂળતા આવે તો હરખાઈને ભોગવવા ? પ્રતિકૂળતા આવે તો ખેદાયને ભોગવવા ? કેવી રીતે ભોગવવા ? મારા કરેલા પૂર્વકર્મનો ઉદય છે એ તો જ્ઞાનનો વિષય છે, મમત્વ કરવાનો નહિ. એ તો એ રીતે શું કરવા આવ્યું ? એની સામે એ સમાધાન છે. કે આ ઊભું શું કરવા થયું ? કે મારું કરેલું પૂર્વ કર્મ

છે. એનું જ્ઞાન કરવાનું છે. પણ અત્યારે મારે મમત્વ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ વાત સાથે રાખીને છે, મૂળમાં રાખીને છે. એનું નામ ભોગવવું છે, વેદવું છે.

મુમુક્ષુ :- અનુકૂળતા વખતે...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે પૂર્વકર્મ નથી યાદ આવતું ? ત્યારે તો મારી હોંશિયારીથી બધું કર્યું, મારી વિચિક્ષણતાથી અને મારા ડહાપણથી આ બધું (થયું). અત્યારે મારી પાસે આ બધું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્ઞાનીના વચનોમાં આગમ ભરેલા છે એવી વાત છે.

એ અંતઃકરણથી ક્ષમા ઇચ્છીએ છે. જે કરવા યોગ્ય એવું થઈ શકતું નથી તો અંતઃકરણથી એની ક્ષમા ચાહી છે. **'એ જ વિનંતી'** છે.

**પત્રાંક-૪૫૨**

**મુંબઈ, પ્રથમ અસાડ સુદ ૧૨, ૧૯૪૯**

**ઉપાધિના કારણથી હાલ અત્રે સ્થિતિ સંભવે છે.**

**અત્રે સુખવૃત્તિ છે. દુઃખ કલ્પિત છે.**

**લિ. રાયચંદના પ્ર.**

૪૫૨મો (પત્ર) 'સોભાગ્યભાઈ' ઉપરનો છે. ફક્ત બે લીટી લખી છે. બે જ વાક્યો લખ્યા છે.

**'ઉપાધિના કારણથી હાલ અત્રે સ્થિતિ સંભવે છે.'** 'મુંબઈ'માં જે રહેવું થયું છે. એ પૂર્વકર્મનું કારણ છે. એ પૂર્વકર્મને ઉપાધિ કહે છે. ઉપાધિ એટલે આકુળતા થાય છે એમ નહિ. પણ પૂર્વકર્મનો ઉદયરૂપ ઉપાધિ છે. એથી અહીંયાં રહેવાનું બને છે. સંભવે છે એટલે બને છે. તે પ્રકારના ઉદયને લીધે **'અત્રે સુખવૃત્તિ છે.'** છતાં પણ અંતરંગમાં આત્માના સુખની જે પરિણતિ છે એ પરિણતિ તો જેમની તેમ બરાબર છે.

**'દુઃખ કલ્પિત છે.'** આ જીવને દુઃખ છે એ કલ્પિત છે. ગમે તે જીવને, કોઈપણ જીવને જ્યારે જ્યારે દુઃખ થાય ત્યારે એ કલ્પનાયુક્ત છે એ વાત સિદ્ધાંતિક છે. વાત

તો જો કે પોતા ઉપર લેવાની છે કે આ જીવને ક્યારે પણ દુઃખ થાય ત્યારે એણે એ વિચારવા યોગ્ય છે કે વસ્તુના સ્વરૂપજ્ઞાનથી વિપરીત એવી જે કલ્પના, એ કેવા પ્રકારની મેં કલ્પના કરી છે કે જેને લઈને મને દુઃખ છે ? આટલું જો એ વિચારમાં જાયને એ વખતે, બધું દુઃખ ચાલ્યું જાય. પોતાના ઉત્પન્ન દુઃખ ઉપર જો વિચાર કરે એ જ વખતે, જ્યારે દુઃખનો પ્રવાહ ચાલુ થાય ત્યારે, દુઃખના પરિણામનો પ્રવાહ ચાલુ થાય ત્યારે એ વિચાર કરે કે વસ્તુના સ્વરૂપથી વિપરીત એવી કાંઈક કલ્પના થયા વિના દુઃખ હોય નહિ. કલ્પનાનું જ ફળ દુઃખ છે. એ સિવાય દુઃખ કોઈ દિવસ ઉત્પન્ન થાય નહિ.

વસ્તુના વાસ્તવિક સ્વરૂપજ્ઞાનથી દુઃખ ઉત્પન્ન થવાનો અવકાશ જ નથી. આ દ્રવ્યાનુયોગની ગંભીરતા છે. જે 'શ્રીમદ્જી'એ આગળ કહ્યું છે કે દ્રવ્યાનુયોગ પરમ ગંભીર છે અને શુક્લધ્યાનનું કારણ છે. એવી વાત લીધી છે. કેવી ? શુક્લધ્યાનનું કારણ લીધું છે. એ એટલા માટે ગંભીર છે કે ત્યાં દુઃખી થવાનો અવકાશ જ નથી. દુઃખ થવાનો તો અવકાશ નથી પણ જીવ સ્વરૂપમાં એકદમ એટલો જામી જાય કે કેવળજ્ઞાન પામે. વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર જો સ્થિર થાય, જે જ્ઞાન સ્વરૂપ અનુસાર ઉત્પન્ન થાય એમાં સ્થિર થઈ જાય (તો) કેવળજ્ઞાન લ્યે એવી શુક્લધ્યાનની સ્થિરતા એમાંથી પ્રગટે.

એટલે એમ કહે છે કે **'દુઃખ કલ્પિત છે.'** આમ **'દુઃખ કલ્પિત છે'** એ આમાંથી કાઢ્યું છે. આ જરા વિશેષે કરીને વિચારવા યોગ્ય વિષય છે. જ્યારે જ્યારે અલ્પ આકુળતા થાય કે તીવ્ર આકુળતા થાય, થોડું દુઃખ થાય કે વધારે દુઃખ થાય. દુઃખમાત્ર કલ્પિત છે આ સિદ્ધાંત છે. ત્રિકાળ અબાધિત, અફર સિદ્ધાંત છે કે દુઃખ માત્ર કલ્પિત છે. આ સંસારમાં જીવો દુઃખી છે. એ દુઃખી છે એ બધા જ જીવો કલ્પનાને લઈને દુઃખી છે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન સુખનું ઉત્પાદક છે, દુઃખનું ઉત્પાદક બિલકુલ નથી. બિલકુલ નથી દુઃખનું ઉત્પાદક.

મુમુક્ષુ :– અજ્ઞાની સુખને વખતે પણ દુઃખી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, સુખને વખતે દુઃખી. એ એને સુખની કલ્પના છે. અને ત્યારે પણ એ દુઃખી જ છે. પણ એને તો એ સાચું સુખ લાગે છે. એને દુઃખ નથી લાગતું પણ એ સાચું સુખ લાગે છે. પણ છે તો એ દુઃખી જ. આકુળતા જ થાય

છે એ વખતે એને, બીજું કાંઈ નથી થતું.

મુમુક્ષુ :– દુઃખ કલ્પિત છે તો ઓલું સુખ પણ કલ્પિત જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પણ કલ્પિત છે. એ સુખ પણ કલ્પિત છે એનું અને એમાં દુઃખ છે ખરેખર. અને દુઃખ પણ કલ્પિત છે. બેય વખતે દુઃખ જ છે અને બેયનું કારણ તેની કલ્પના જ છે, બીજું કાંઈ નથી. સ્વરૂપજ્ઞાનનો અભાવ છે ત્યાં. વસ્તુના સ્વરૂપજ્ઞાને કરીને એમ ન થાય, એમ હોય નહિ આ સિદ્ધાંત છે. લાવો, કોઈપણ પ્રશ્ન લાવો. જ્યાં દુઃખ છે ત્યાં કલ્પના નથી એવો કોઈ પ્રશ્ન લાવી દ્યો. ત્રણ કાળ, ત્રણ લોકમાં એવી કોઈ બાબત લાવો કે જ્યાં દુઃખ હોય અને જીવને કલ્પના ન થઈ હોય. એ લાવો. આ તો સર્વજ્ઞ અનુસારી વાણી છે ને બધી ? સર્વજ્ઞ જેમ ત્રણ કાળ, ત્રણ લોકને જોઈને કહે કે આ વસ્તુ આમ જ છે. એમ જ્ઞાનીઓએ અનુભવથી જે નિષ્કર્ષ કાઢ્યો છે એ ત્રણ કાળ, ત્રણ લોકમાં અફર વાત છે. ભલે પ્રત્યક્ષ જ્ઞાન નથી, પણ પરોક્ષ જ્ઞાન તો સર્વજ્ઞ સમાન જ છે. સમ્યગ્જ્ઞાનનો વિષય કેટલો ? કે જેટલો કેવળજ્ઞાનનો છે એટલો. ફરક કેટલો ? કે પ્રત્યક્ષ અને પરોક્ષ જેટલો. બાકી વિષયમાં ફરક નથી.

મુમુક્ષુ :– કલ્પનાનું ફળ દુઃખ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કલ્પનાનું ફળ દુઃખ છે અથવા દુઃખ કલ્પિત છે, એક જ વાત છે. આગળ કહી ગયા કે કલ્પિતમાં મૂંઝાવા જેવું નથી. જીવોને મૂંઝવણ થાય છે. બીજું દુઃખ સાતા-અસાતા (છે તે) તો ઉદય આવે ત્યારે (થાય), પણ મૂંઝવણ તો સતત ચાલુ છે જીવને. અસમાધાનનું દુઃખ, મૂંઝવણનું દુઃખ નિરંતર સમ્યક્જ્ઞાનની પરિણતિ પ્રગટ ન થાય ત્યાં સુધી સમાધાન આવે નહિ. ત્યાં સુધી મૂંઝવણનું દુઃખ ચાલુ જ છે અને એ મૂંઝવણ છે એમાં જીવ મૂંઝાય છે. એ કલ્પિત તરીકે મૂંઝાય છે, કલ્પિત દુઃખમાં મૂંઝાય છે. કલ્પનામાં મૂંઝાવા જેવું નથી.

મુમુક્ષુ :– ... પરમપારિણામિક ભાવ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :– એ તો જીવનું સ્વરૂપ છે. પરમપારિણામિકભાવ તો જીવનું મૂળ સ્વરૂપ છે. એની અંદર અનંત ગુણોમાં એક સુખગુણ છે. અનંત જ્ઞાન છે, અનંત સુખ છે એ એનો સ્વભાવ છે. એ એનો સ્વભાવ છે. અનંત સુખ એનો સ્વભાવ છે. ૪૫૨ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૪૫૩

મુંબઈ, પ્રથમ અસાડ વદ ૩, રવિ, ૧૯૪૯

મુમુક્ષુજનના પરમબંધવ, પરમસ્નેહી શ્રી સોભાગ્ય, મોરબી.

અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી. હાલ કોઈ પૂર્વોપાર્જિત પ્રારબ્ધ એવા ઉદયમાં વર્તે છે.

ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું, ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે, અને ઘણું કરી તે ઉપાધિયોગ વિશેષ પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડ્યો છે.

આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિકે દુષમ કહ્યો છે. તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણાયોગ્ય થયેલાં એવાં, આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્તે છે. લોકોની આત્મપ્રત્યયયોગ્ય બુદ્ધિ અત્યંત હણાઈ જવા યોગ્ય થઈ છે, એવા સર્વ પ્રકારના દુષમયોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વીસરવું અત્યંત સુલભ છે. અને પરમાર્થનું અવીસરવું અત્યંત અત્યંત દુર્લભ છે. આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે, તેમાં આવા ક્ષેત્રનું દુષમપણું એટલી વિશેષતા છે; અને આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે; તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે; અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; અને એ જ દુઃખ લાગ્યા કરે છે.

એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી; એવો જે સર્વ જ્ઞાનીપુરુષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે.

આ જે ઉપાધિ ઉદયવર્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.

મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું નથી, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષકાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.

કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રતિબદ્ધપણું જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર, અને નિવૃતિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઈ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ.

આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે, તથાપિ તે માટે કંઈ પ્રસંગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે. અને તે માટે

**બહુ વિક્ષેપ રહે છે.**

**તમને પણ ઉપાધિજોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે, તથાપિ મૌનપણે સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો. તે કર્મ વેદવાથી અંતરાયનું બળ હળવું થશે.**

**શું લખીએ ? અને શું કહીએ ? એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.**

**દાસાનુદાસ રાયચંદના પ્રણામ વાંચજો.**

૪૫૩.

**'મુમુક્ષુજનના પરમબંધવ, પરમસ્નેહી શ્રી સોભાગ્ય, મોરબી'** 'સોભાગભાઈ' ક્યારેક 'મોરબી' રહેતા હશે. કોઈ કારણસર આ પત્ર એમણે 'મુંબઈ'થી 'સાયલા' નહિ પણ 'મોરબી' લખેલો છે. **'અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી.'**

મુમુક્ષુ :– મથાળું કેવું બાંધ્યું છે !

પૂજ્ય ભાઈશ્રી :– એમના માટે તો ખરેખર બહુમાન છે એમને. **'મુમુક્ષુજનના પરમબંધવ,...'** જેમ ભાઈ હોય, દુઃખ પડે ત્યારે પડખે ઊભો રહે. દુઃખ પડે અને પડખે ન ઊભો રહે એ તો ભાઈ હોય તો પણ ભાઈ કહેવાતો નથી. તો એ બંધવ છે એ અર્થમાં ગુજરાતી ભાષામાં શબ્દ વપરાય છે. એમ **'મુમુક્ષુજનના પરબંધવ,...'** પરમબંધુ છો તમે. મુમુક્ષુજનને ખરેખર તમે ટેકારૂપ છો, એમ કહે છે. એ બીજા મુમુક્ષુઓને પણ એમણે ક્યારેક ક્યારેક ભલામણ કરી છે કે તમારે સત્સંગ કરવો. 'સોભાગભાઈ'નો સત્સંગ કરવો, એ જાતની ભલામણ કરી છે. પોતાને અવકાશ ઓછો છે તો 'સોભાગભાઈ'ને કીધું છે કે તમારા સત્સંગમાં એ ભાઈઓ આવે તો તમે પણ અવશ્ય એને આદર કરજો. અને સત્સંગ એને પ્રાપ્ત થાય એ જાતની પોતે પણ ઇચ્છા રાખી છે. અરસપરસ. એટલે એ શબ્દ વાપર્યો છે.

**'અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી.'** જે નિર્વિકલ્પ સમાધિ છે એનો જેવો જોઈએ તેવો, યથાયોગ્ય એટલે જેવો જોઈએ તેવો અવકાશ નથી. પ્રવૃત્તિ એટલી બધી આ દિવસોમાં એમને વધી છે એ આ પત્રમાં ઉલ્લેખ કરવો છે એટલે એને અનુસરીને વાત કરે છે. એટલી બધી કામની ઝંઝાળ ઊભી થઈ જાય છે એ અમારા જેવા આત્માને તો એકદમ નિવૃત્તિ જોઈને એકલી આત્મહિતની પ્રવૃત્તિ હોવી જોઈએ, એના બદલે આ માથાકૂટમાં ઊભુ રહેવું પડે છે. પરાણે પરાણે વેઠ કાઢવા માટે રોકાવું પડે છે. વેઠિયા થઈને.

**'હાલ કોઈ પૂર્વોપાર્જિત પ્રારબ્ધ એવા ઉદયમાં વર્તે છે.'** કે જેથી જેવો જોઈએ તેવો સમાધિનો અવકાશ રહેતો નથી એવું પ્રારબ્ધ ઉદયમાં વર્તે છે. **'ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું,...'** હતું. એટલે બીજા માગશરે એક વર્ષ થયું અને અષાઢ મહીને પત્ર લખે છે એટલે આઠ મહિના બીજા ગણો. એક વર્ષ અને આઠ મહિનાથી નિવૃત્તિ પોતે લીધી નથી. એટલે ક્યાંક એમ લખે છે કોઈ પત્રમાં કે પ્રવૃત્તિનો પછડાટ છે. એનો માર લાગેલો છે. એ થાક ઉતારવા અને માર ઉતારવા માટે કોઈ નિવૃત્તિ સ્થળે જઈએ. કંટાળી ગયા છે. પોણા બે વર્ષ એકધારી પ્રવૃત્તિમાં રહીને કંટાળી જાય છે.

**'ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું, ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે,...'** ત્યારથી. ઉત્તરોત્તર એટલે વ્યવસાયની પ્રવૃત્તિ વધતી ગઈ છે. પોતે અંદરથી છૂટવા માગે છે અને પ્રવૃત્તિ નહિ ધારેલી વધતી જાય છે. **'અને ઘણું કરી તે ઉપાધિયોગ વિશેષ પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડ્યો છે.'** અને એમાં ઉપયોગ અમારે દેવો પડ્યો છે. જે કાંઈ કાર્યો કર્યા છે એમાં અમારે ઉપયોગ દેવો પડ્યો છે એ વાત ઘણી એમને આકરી લાગી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ એટલે ક્યાંક સાવધાની રાખવી પડી હોય. ઉપયોગનો અર્થ એ કે ક્યાંક કાળજી લેવી પડી હોય. લગભગ જ્ઞાનીઓ અસાવધાનપણે, અકાળજીપણે, ઉપરછલ્લા ઉપયોગથી પ્રવૃત્તિના પ્રસંગને નિપટાવી દે છે. પણ કોઈ મોટું એવું કામ હોય તો એની અંદર ધ્યાન દેવું પડ્યું હોય, કાળજીથી કામ કરવુ પડ્યું હોય. એવા બધા ઝીણામાં ઝીણા પરિણામની નોંધ રહે છે એ વાત કરે છે.

ખ્યાલ ઘણો છે ને, એટલે કોઈ વાત જાણ બહાર જતી નથી. જે પરિણામ થાય છે એ કોઈ જાણબહાર જતા નથી.

**'આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિકે દુષમ કહ્યો છે.'** જે દુષમ કહ્યો છે એ કાળનો સ્વભાવ જોઈને, પરિસ્થિતિ જોઈને એને દુષમ એવું નામ આપ્યું છે. **'તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણાયોગ્ય થયેલાં એવાં, આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્તે છે.'** 'મુંબઈ'ને એમણે અનાર્યપણાને યોગ્ય એવું ક્ષેત્ર કહ્યું છે. કેવું ? અનાર્ય પરિણામ છે લોકોના અહીંયાં. આર્યતાના પરિણામ નથી. કેટલા વર્ષ પહેલા ? આ ૯૭ વર્ષ પહેલાનો પત્ર છે. ૧૯૪૬ ચાલે છે ને ? ૪૬ ને ૩, ૪૯. સોમાં ત્રણ ઓછા. ૯૭ વર્ષ પહેલાનો છે.

**'તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણાયોગ્ય થયેલાં એવાં, આવાં ક્ષેત્રો...'** આ જે ક્ષેત્રો, 'મુંબઈ' જેવા ક્ષેત્રો છે એ તો પ્રયોગે કરીને એટલે ચાલુ પરિસ્થિતિ એવી છે. નજરે દેખાય એવી, કહેવામાત્ર નથી. **'તે કાળ બળવાનપણે વર્તે છે.'** એટલે અહીંયાં અનાર્યપણું બળવાનપણે વર્તે છે એમ કહે છે. **'લોકોની આત્મપ્રત્યયયોગ્ય બુદ્ધિ અત્યંત હણાઈ જવા યોગ્ય થઈ છે,...'** આત્માનું હિત કરવું, આત્મહિત કરી લેવું એવા પ્રકારની જે બુદ્ધિ તે લગભગ હણાઈ ગઈ છે. આત્મહિતને કોઈ સંભારતું નથી. વાત કરતું નથી કોઈ આત્મહિતની અહીંયાં કે આત્માનું હિત કરવું જોઈએ સૌથી પહેલાં. કોઈ વાત કરતા નથી. એ તો બુદ્ધિ જાણે હણાઈ ગઈ છે.

**'એવા સર્વ પ્રકારના દુષમયોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વીસરવું અત્યંત સુલભ છે.'** આવા દુષમયોગમાં લોકોની સાથે વ્યવહાર વેપાર કરતા પરમાર્થ ભૂલાઈ જાય એ તો ઘણું સહેલું છે, અત્યંત સહેલું છે. માણસ સહેજે ભૂલી જાય. એમ કહેવું છે કે અત્યારે વ્યવહાર-વ્યાપારની અંદર જ્યારે કોઈ જીવ પ્રવૃત્તિ કરે અને પરમાર્થની અંદર ટકી રહેવાની, પરમાર્થ માર્ગમાં ટકી રહેવાની પ્રવૃત્તિ કરે, બહુ કઠિન વાત છે. પરમાર્થ ભૂલાઈ જાય એ પ્રકારની અત્યારની સ્થિતિ છે. વ્યવસાયની સ્થિતિ કેવી છે ? પરમાર્થ ભૂલાઈ જાય એવી સ્થિતિ છે. તે દિ' તો આટલા Taxation નહોતા, આટલી બધી મોંઘવારી નહોતી, આટલી બધી લોકોને બીજા સાધનો મેળવવાની તલપ નહોતી. અત્યારે તો એટલા બધા સાધનો થઈ ગયા છે કે આ લેવું છે ને આ લેવું છે. આ જોઈએ ને આ જોઈએ ને એ જોઈએ. તે દિ' એ વાત કરી છે કે પરમાર્થ

વિસરાઈ જાય. આવા વ્યવહારમાં પ્રવર્તતા પરમાર્થ વિસરાઈ જાય એ બહુ સુલભ વાત છે.

મુમુક્ષુ :- એ કાળમાં નથી એમ કીધાં પહેલાં માણસ કદાચ ઝેર ખાય જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખરી વાત છે.

**'અને પરમાર્થનું અવીસરવું અત્યંત અત્યંત દુર્લભ છે.'** પરમાર્થમાં ટકી રહેવું, આ કાળમાં વ્યવસાયિક પ્રવૃત્તિ કરીને પરમાર્થ માર્ગમાં ટકી રહેવું ઘણું દુર્લભ છે, ઘણું કઠણ છે. એટલે મુમુક્ષુજીવ બને એટલો જલદી નિવૃત્ત થવા ઇચ્છે એનું કારણ એ છે કે અહીંયાં આ વ્યવસાયમાં રહીને, આ પ્રવૃત્તિમાં રહીને પરમાર્થમાં ટકી રહેવું સહેલું નથી. **'અત્યંત અત્યંત દુર્લભ છે.'**

**'આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે,...'** 'ધાર તરવારની સોહલી દોહ્યલી ચૌદમા જિન તણી ચરણસેવા.' એ જે વાત કરી છે એ બરાબર કરી છે. આ કાળની અંદર ચરણસેવા, ચૌદમા જિનની ચરણસેવા, ચૌદમા જિનનું સ્તવન પોતે ગાય છે. એટલે કે એમના માર્ગમાં ચાલવું, માર્ગમાં સ્થિર રહેવું આ કાળને વિષે અત્યંત કઠિન છે, ઘણું દુર્લભ છે.

મુમુક્ષુ :- 'આનંદઘનજી' 'શ્રીમદ્જી' પહેલાં થઈ ગયા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા પહેલાં થઈ ગયા. 'આનંદઘનજી' તો પહેલાં થઈ ગયા. 'આનંદઘનજી'ને લગભગ દોઢસો વર્ષ થયા હશે એમ હું માનું છું. ૩૦૦ થઈ ગયા હશે. બનવા જોગ છે. 'આનંદઘનજી' પહેલાં થઈ ગયા. એટલે તો 'આનંદઘનજી'ના પદોનું ઉધ્ધરણ કરે છે પોતે.

**'આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે, તેમાં આવા ક્ષેત્રનું દુષમપણું એટલી વિશેષતા છે; અને આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે;...'** લ્યો ! 'આનંદઘનજી' વખતે તો કાંઈક કાળ સારો હતો, એમ કહે છે. અમારા વખતે તો એટલો દુષમ છે. હવે અત્યારે તો ગુણાકાર કરી નાખો એનો સો ગણો. એટલું બધું વધારે છે. **'આનંદઘનજીના કાળ કરતા વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે;...'** દુષમપરિણામી, હોં ! દુષમપરિણામી જીવો.

**'તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.'** શું કહે છે ? કે

આવા દુષમકાળમાં જે જીવને આત્મા પ્રત્યે પુરુષાર્થ કરવો છે, જે જીવને પોતાના પરિણામ આત્મા પ્રત્યે ગતિમાન કરવા છે, એવા જીવને આત્મપ્રત્યયી આત્મા કહેવાય છે. આત્મપ્રત્યયી, પ્રત્યયી એટલે પ્રત્યે જનારો, એને આત્મપ્રત્યયી કહે છે. તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને, મુમુક્ષુ શબ્દને બદલે આવો શબ્દ વાપર્યો છે. મુમુક્ષુ શબ્દ સાધારણ થઈ જાય છે ને. જેને આત્મા બાજુ વળવું છે તે આત્મપ્રત્યયી જીવ છે.

તેવા જીવને **'બચવા યોગ્ય ઉપાય હોય...'** યોગ્ય ઉપાય હોય, સારામાં સારો ઉપાય હોય **'તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.'** સત્સંગ સિવાય બચવાનો કોઈ આરોવારો નથી. સત્સંગ એક જ અમૃત છે. બાકી આખા સંસારમાં હળાહળ જેને ઝેર કહીએ, કાળકૂટ ઝેર કહીએ એવું ચારેકોર ઝેર ભરેલું છે. બચવું હોય તો સત્સંગરૂપી એક મીઠી વીરડી, અમૃતની વીરડી એ છે કે સત્સંગ સિવાય કોઈ બચી શકે એવું આ કાળમાં (જણાતું નથી). આ તો ૯૭ વર્ષ પહેલા આમ લખે છે. એ **'અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.'**

**'પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને...'** હવે શું કહે છે ? આ પેરેગ્રાફમાં પોતાની વાત કરે છે. બહુ સરસ વાત કરી છે એમણે. **'પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ...'** અમને તો લગભગ કોઈ ઇચ્છા નથી રહી, કોઈ મહેચ્છા નથી રહી, કોઈ મહત્ત્વકાંક્ષા નથી રહી કે પૈસા લઈ લઈએ, ભેગા કરી લઈએ, કુટુંબને આમ કરી દઈએ, તેમ કરી દઈએ, આટલા સાધન જોઈએ, આટલી સગવડ જોઈએ. કાંઈ કોઈ કામના નથી એવી અમારી સ્થિતિ અંદરની છે તો પણ **'આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે,...'** અમારા જેવા પુરુષને પણ, અમારા જેવા આત્માને પણ આ સંસારસમુદ્ર કેવો છે ? ગળકાં ખવડાવી દે છે અમને. ગળકામાં સમજાણું ? તરતા, તરતા ડૂબવાની પરિસ્થિતિ ઊભી થાય એને ગળકું કહે છે. માણસ પાણી પી જાય થોડું. તરતા... તરતા... તરતા... પાણી ન પીએ ત્યાં સુધી ડૂબે નહિ. નીચે જાય પણ જ્યાં સુધી પાણી ન પીએ ત્યાં સુધી ન ડૂબે. શ્વાસ રોકી રાખે તો પાણી ન પીએ. અને શ્વાસ રુંધાઈ જાય અને મોઢું ખુલી ગયું અંદર, જેવું પાણી પીવાઈ ગયું તરનારને, એટલે ખલાસ. જાય તળીએ પહેલા. એ ડૂબી મરે છે. તો એ ડૂબી મરે નહિ એ પહેલાં

થોડું પાણી પીવાય જાય એ જોખમ ત્યાં મોટું ડૂબી જવાનું. તો કહે છે, અમારા જેવા આત્માને આ સંસાર ગળકાં ખવડાવી દે છે. એવો આ સંસારસમુદ્ર છે. બીજાની શું વાત કરવી ? કેવી વાત કરી છે ! પોતાની વાત કરી છે.

ફરીથી. '**પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર...**' આ જે વ્યવહારમાં ઊભા છીએ તે વ્યવહાર અને આ કાળ '**અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે,...**' તરીએ છીએ, તરવા દે છે પણ ક્યારેક તો ગળકાં ખવડાવી દે છે.

મુમુક્ષુ :– એકાવતારી થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– એકાવતારી થઈ ગયા. હજી આવશે એ તો, પુરુષાર્થની વાત તો આવશે.

'**તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે;...**' અને એની સામે પુરુષાર્થ કરીએ છીએ. એ પુરુષાર્થનો જે પરિશ્રમ કરીએ છીએ ત્યારે પરસેવો વળી જાય છે. અમને પરસેવો વળી જાય છે. પ્રસ્વેદ એટલે પસીનો. એને પ્રસ્વેદ કહે છે. પુરુષાર્થ કરતા તો અમારું પાણી ઊતરી જાય અને અમને પરસેવો વળી જાય એવો આ કાળ છે.

મુમુક્ષુ :– તીવ્ર પુરુષાર્થ.

પૂજ્ય ભાઈશ્રી :– તીવ્ર પુરુષાર્થ માગે એવો કાળ છે. અને એ તીવ્ર પુરુષાર્થ કરતા અમારા જેવાને પરસેવો વળી જાય છે. બીજાની શું વાત કરવી ? અમારી આ હાલત છે અંદરની. '**અને ઉતાપ ઉત્પન્ન થઈ...**' એનો–એ પરિસ્થિતિનો ઉકળાટ ઉત્પન્ન થઈને '**સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે;...**' અમારા જેવા પુરુષને પણ એટલે જ્ઞાનીપુરુષને પણ '**સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે,...**' કોઈ રીતે મહિનો, બે મહિના નિવૃત્તિ લઈને નિવૃત્તિ ક્ષેત્રમાં જાય, ત્યાં બધા મુમુક્ષુઓ સત્સંગ વગેરે થાય, ત્યારે એમ થાય કે કાંઈક ટાઢક વળે છે. કેમ કે વાતાવરણ આખું બદલાઈ જાય છે. એક જ વાત આત્મા અને આત્માનું હિત, આત્મા અને આત્માનું હિત એક જ વાતાવરણ જ્યાં રહે છે, બીજી કોઈ લપ નથી. એવા '**સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે, અને એ જ દુઃખ લાગ્યા કરે છે.**' એ સત્સંગ પ્રાપ્ત નથી એનું દુઃખ લાગે છે. એક વર્ષ અને આઠ મહિના સુધી આ 'મુંબઈ'માં

રહેવું પડ્યું છે એનો આ બળાપો કાઢ્યો છે. ઉતાપ એટલે બળાપો. એથી ઉતાપ ઉત્પન્ન થઈને બળાપો થઈ આવે છે કે અરેરે..! અહીંયાં ક્યાં અમે પડ્યા છીએ. આટલો આટલો વખત અહીંયાં રહેવું પડે, આ અમારું કામ છે ? એમ થાય છે. અમે તરવા નીકળ્યા હવે આ સંસારના આ બધા કામ કરવા પડે છે ! અસહ્ય પરિસ્થિતિ થઈ ગઈ. **'એ જ દુઃખ લાગ્યા કરે છે.'**

મુમુક્ષુ :– મુમુક્ષુને બહુ સારી પ્રેરણા છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સારી પ્રેરણા છે. મુમુક્ષુ માટે સત્સંગની પ્રેરણા પોતે પોતાની પરિસ્થિતિ વ્યક્ત કરીને આપી છે કે આ અમારી હાલત છે. સત્સંગમાં રહેવું, બને એટલું સત્સંગમાં રહેવું એ વાત નિર્વિવાદ પોતે અનુભવથી સિદ્ધ કરી છે.

મુમુક્ષુ :– પોતે સત્સંગસ્વરૂપ હોવા છતાં સત્સંગ માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પોતે પરમ સત્સંગસ્વરૂપ છે પણ જે આ ઉદયમાં રહેવું પડે છે એના કરતા સત્સંગમાં રહેવું, એ બે વચ્ચેનો વિવેક છે. એમ છે. ઉદયના કાર્યો છે ને ? એ આગળ તો લખશે કે જો આમને આમ સમય નીકળી ગયો અને જો અમે આગળ ન વધ્યા, જે સ્થિતિમાં છે એ સ્થિતિમાંથી, તો અમ જેવા અવિચારી પણ થોડા જાણવા. એવું લખ્યું છે પોતાના માટે. શું લખ્યું છે ? અમારા જેવા અવિચારી પણ થોડા જાણજો. એટલે જ્ઞાની હોવા છતાં એક ઘડીનો પ્રમાદ ન કરવો. શીઘ્ર આત્મહિતના રસ્તે તીવ્ર વેગથી આગળ વધવું એ એક જ લાઈન પકડી છે એમણે. અને એ પુરુષાર્થથી તો એકાવતારી જ થયા છે. એ પરિણામથી, એ અભિપ્રાયથી અને એ પ્રયત્નથી તો એકાવતારી થયા છે. નહિતર તો જ્ઞાનદશા વર્તે છે પોતાની.

૨૫૫ તો કેટલું બધું લખ્યું છે જુઓ ને ? હમણા આપણે જોયોને ૨૫૫. પોતાની દશામાં કેટલું બધું લખે છે ! **'એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી;...'** જુઓ ! ક્યાંક ઉપયોગ દે છે એ પણ આકરું લાગે છે. બાકી તો ભાન નથી એવી રીતે બધો વ્યવહાર કરે છે. **'જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી;...'** જગતના સમાચાર... છાપા તો એ વખતે પણ નીકળતા હતા 'મુંબઈ સમાચાર' વગેરે. સંભારતા વિકલ્પ પણ આવતો નથી.

**'કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ;...'** આટલા તો દેહથી છૂટા પડી ગયા છે. આ શરીર બાજુમાં છે એ સંભારવું પડે છે. આ પુરુષાર્થની એમની સ્થિતિ છે. એક બાજુ પુરુષાર્થની સ્થિતિનું પણ વર્ણન કરે છે. જે પુરુષાર્થ અધૂરો છે એની જે સ્થિતિ છે એનું પણ વર્ણન કરે છે. અને એનું વર્ણન હળવું નથી કરતા. કેમ કે એ દોષરૂપ ભાવ છે. તો એનું વર્ણન પણ એટલું બધું બારીકાઈથી અને વજન દઈને કરે છે કે જાણે પોતાની નિંદા કરતા હોય એવી રીતે. આ એક એમની નિર્દોષતા અને પવિત્રતા છે.

મૂળ તો 'સોભાગભાઈ'એ પુછ્યું કે હમણાં આપની સ્થિતિ કેવી વર્તે છે ? હાલમાં આપની દશા કેવી વર્તે છે ? એ લખો તો સારું. તો એવી જાણવાની ઇચ્છા રહે છે તો ટૂંકામાં લખીએ છીએ. એમ કરીને પોતાના પુરુષાર્થની દશા લખી છે. તો ક્યાંક ક્યાંક પોતાના અપુરુષાર્થની પણ દશા લખે છે. કેમ કે અધૂરો પુરુષાર્થ છે એટલે થોડો પુરુષાર્થ છે અને થોડો અપુરુષાર્થ છે. તો એ પણ એટલું બધું કાળજીથી લખે છે કે પોતાના દોષને અપક્ષપાતપણે, જાણે નિંદા કરતા હોય એવી રીતે લખે છે.

મુમુક્ષુ :– એકલા વાંચવા, વિચારવા કરતાં સત્સંગ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :– સત્સંગ વધારે કરવો. જ્ઞાનીપુરુષ અને મુનિઓ સત્સંગ કરે છે. મુમુક્ષુને તો એકલા વાંચવા, વિચારવાનો પ્રશ્ન જ નથી. એ તો ન મળે તો એ ઉપાય છે. જ્યારે સત્સંગ ન પ્રાપ્ત હોય ત્યારે બીજો ઉપાય નથી કે આગમ હાથમાં લે. સત્સંગ મળતો હોય તો સત્સંગને ગૌણ કરીને આગમ હાથમાં લે તો એ અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેષ છે. ૬૬૧માં એ વાત કરીને અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેષ. માઠાં પરિણામ છે. એને તો એમ કહ્યું.

શું કહે છે ? અને **'એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી;...'** આટલું બધું કડક લખ્યું પણ કોઈ દ્વેષથી નહિ. દ્વેષ પરિણામ કરવા યોગ્ય નથી. જેમ આ સંસાર પ્રત્યે રાગ કરવા યોગ્ય નથી તેમ આ સંસાર પ્રત્યે દ્વેષ પણ કરવા યોગ્ય નથી. **'એવો જે સર્વ જ્ઞાનીપુરુષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે.'** અને એવો અભિપ્રાય અમારા લક્ષમાં હોવાથી આ વ્યવહારમાં પણ અમે સમતા રાખીએ છીએ. એ એક પારમાર્થિક સમાધાન છે

પોતાનું એટલે એ સમતા રાખી શકે છે. નહિતર તો દ્વેષ થઈ જાય. કાં જીવને સંસાર પ્રત્યે રાગ થાય, કાં જીવને દ્વેષ થઈ જાય છે. એ પણ કરવા યોગ્ય નથી.

**'આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે.'** અમારો આત્મા એટલો ભિન્ન પડેલો છે કે જાણે કાંઈ કરતો નથી એમ લાગ્યા કરે છે. જે કંઈ થાય છે તે સ્વયં થાય છે. વિકલ્પ પણ સહજ, વિકલ્પ અનુસાર કે વિકલ્પ અનુસાર નહિ એવી પરિસ્થિતિ પણ સહજ. જરૂર નથી કે વિકલ્પ પ્રમાણે જ બહારમાં કાર્ય સિદ્ધ થાય. એમ થાય પણ ખરું, એમ ન પણ થાય. જે કાંઈ થાય તે અમારો આત્મા કરતો નથી પછી શું ? થાય તો પણ અમારો આત્મા કરતો નથી, ન થાય તો પણ અમારો આત્મા કરતો નથી. એમ લાગે છે. એમ વિચારીએ છીએ એમ નહિ, હોં ! વિચારીએ છીએ એ એક વાત છે, લાગવું તે તદ્દન બીજી વાત છે. લાગવું એમાં અનુભવ છે. વિચારમાં માત્ર વિકલ્પ છે. થોડોક એમાં જ્ઞાનનો પર્યાય સાથે છે પણ મુખ્યપણે એમાં વિકલ્પ છે. જ્યારે લાગવામાં જ્ઞાનની પ્રધાનતા છે, અનુભવની પ્રધાનતા છે. **'આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે.'**

**'આ જે ઉપાધિ ઉદયવર્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે.'** આ જે ઉપાધિ છે એમાં ક્યાંય સુખ છે એ વાત તો સપનામાં પણ અમે માની નથી, જાણી નથી. **'તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી.'** સમાધાન કયા પ્રકારનું લે છે. સર્વ પ્રકારે કષ્ટરૂપ છે એટલે કે સર્વથા એકાંતે કષ્ટરૂપ છે એમ નથી લેતા. હવે શું કહેવું છે એમાં ? કે **'પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.'** એટલે પોતાના અંતરંગ પરિણતિની વાત કરે છે કે અમને જે આ ઉપાધિ વર્તે છે એનું કેટલુંક દુઃખ વ્યક્ત કર્યું અમે. છતાં એકાંતે એ વાત અમારા માટે નથી. અજ્ઞાનીજીવને એકાંતે કષ્ટરૂપ એટલા માટે છે કે એને નવા તીવ્ર બંધનનું કારણ થાય છે. ત્યારે અમે એમ પણ વિચારતા લાગતું નથી. કેમકે **'પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે,...'** એટલે કે એનો અંત આવે છે. એ સમતાભાવે વેદી લેવાય છે, એ ભોગવી લેવાય છે. તેથી એ પ્રકારના કર્મની નિર્જરા થાય છે, એ ખાતુ સાફ થાય છે. જેમકે લેણદાર આવ્યો. લઈ જા તારું લેણું. ચૂકતે કરે છે. તો એ ચૂકતે કરે છે એમાં એ વખતના દેણાથી ભાર હળવો કરી નાખ્યો. ચાલો હવે આ ખાતુ ચૂકતે થઈ ગયું. આ લેણદાર એક ઓછો થયો. એમ.

**'પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે...'** એટલે ફળસ્વરૂપે. પરિણામે એટલે ફળસ્વરૂપે **'આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.'** આ એક ન્યાય એવો છે કે જો જીવ ઉદયની અંદર ભિન્ન પડીને સમભાવ રાખે તો એને એ ઉદય છે એને ઉદય નથી કહેવાતો પણ નિર્જરા કહેવાય છે. શાસ્ત્ર પરિભાષામાં એને નિર્જરા કહે છે. અહીંયાં બહુ સાદી ભાષામાં એમ કહ્યું કે એવો ઉદય એટલે ઉપાધિ ફળસ્વરૂપે તો આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે. એ આત્માનો ત્યાં એટલો ભાર હળવો કરીને આત્મા હળવો થઈ ગયો. એ આત્માને લાભનું કારણ છે, નુકસાનનું કારણ થયું નથી. એ રીતે એ વાતને પોતે વિચારે છે. કે આ પ્રારબ્ધ અનિવાર્યપણે જ્યારે વેદવાનું જ હતું તો એવા પરિણામથી એને વેદવું કે જેથી કરીને આત્માને લાભનું કારણ થાય પણ આત્માને નુકસાનનું કારણ ન થાય. એ પ્રકારે. એટલે એકાંતે કષ્ટરૂપ નથી એમ. એ બીજો અનેકાંત કાઢ્યો એમાંથી. ઉદયમાંથી અનેકાંત કાઢ્યું. નહિતર તો ઉદયમાત્ર છે એ જીવને દુઃખનું જ કારણ છે. ઉદયમાં કોઈને સુખનું કારણ નથી. છતાં એકાંતે જ્ઞાનીને નથી. અને મુમુક્ષુ પ્રયત્ન કરે તો મુમુક્ષુને પણ એકાંતે નથી એ વાત. એને પણ જો આત્મપ્રત્યયી. આત્મા પ્રત્યે ગમન કરતા પરિણામ છે એ એને લાભનું કારણ છે. એને ત્યાં ઉદય નિમિત્ત છે.

**'મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પકાળમાંઆ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે,...'** જુઓ ! આ એની ભાવના છે. તમામ સમ્યગ્દૃષ્ટિ સાધક ધર્માત્માઓની આ ભાવના હોય છે કે ક્યારે એવો અપૂર્વ અવસર આવે કે અમે બાહ્યાભ્યંતર નિર્ગ્રંથદશાને પ્રાપ્ત કરીએ. મુનિદશાની ભાવના ભાવી છે. ૨૯મા વર્ષે તો કાવ્ય લખ્યું છે પણ ૨૬માં વર્ષે એનો ઉલ્લેખ મળે છે. એનું નામ ભાવના. વારંવાર મનમાં થયા કરે એનું નામ ભાવના. **'મનમાં એમ નેમ રહ્યા કરે છે કે અલ્પકાળમાં...'** એટલે બહુ થોડા વખતમાં, શીઘ્રપણે એમ. **'આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું નથી,...'** અત્યારનો ઉદય જોતા, અમારા પરિણામની પરિસ્થિતિ જોતાં અલ્પકાળમાં થાય એવું દેખાતું નથી.

મુમુક્ષુ :– પ્રકાશનમાં ફોટા છે ને ધ્યાનમાં ઊભા છે. મુનિદશા જેવી...

પૂજ્ય ભાઈશ્રી :– હા. પણ એ છે ને 'ઈડર' જતા હતા ત્યારે એકાંતની અંદર

ધ્યાન કરવા ચાલ્યા જતા હતા. 'ઇડર' એમના કોઈ મામા કે એ હતા. એટલે નિવૃત્તિકાળમાં 'ઈડર' જતાં ત્યારે રાત્રે, દિવસ ગમે ત્યારે એ ઘંટીયા પહાડ ઉપર ચાલ્યા જતા હતા. જ્યાં અત્યારે આશ્રમ છે ત્યાં જતા હતા. અને એ એમનું પૂર્વભવનું અંદર પણ સત્સંગનું ક્ષેત્ર હતું.

એમ લખે છે કે અહીંયાં આવતા અમને ભૂતકાળમાં કરેલો સત્સંગ અને ભૂતકાળમાં પ્રાપ્ત થયેલો વૈરાગ્ય વિશેષ કરીને સાંભરી આવે છે. એ વાત એમણે એક જગ્યાએ લખી છે. એટલે એ ક્ષેત્ર એમને પ્રિય હતું. જાતિસ્મરણ જ્ઞાનથી. 'ઇડર'માં રહ્યા હશે એમ લાગે છે. ત્યાંની પાઠશાળામાંથી 'દ્રવ્યસંગ્રહ' કઢાવ્યું હતું. કે આ પાઠશાળામાં ફલાણી... એટલે પૂર્વ ભવમાં જ મનુષ્ય હશે એવું લાગે છે. મનુષ્ય મટીને મનુષ્ય થયા હોય એવું લાગે છે. કેમકે મિથ્યાત્વ અવસ્થામાં આવ્યા છે. અને 'દ્રવ્યસંગ્રહ' ફલાણી જગ્યાએ પડ્યું છે એ લઈ આવો. એમ કરીને મગાવ્યું છે.

અને અહીંયાં જે ક્ષેત્રમાં પોતે ધ્યાન કરવા જતા હતા. એકાંતમાં બેસવા જતા હતા એ એમનું પૂર્વનું વૈરાગ્યનું અને સત્સંગનું ક્ષેત્ર હતું. એ રીતે એમને જાતિસ્મરણ જ્ઞાનમાં પૂર્વભવની સ્મૃતિ થઈ છે. પણ એ તો જ્ઞાની, મુનિ થયા પહેલા જ્ઞાન-ધ્યાનમાં કેવી રીતે સમય વ્યતીત કરે છે એ મુમુક્ષુને એમના આચરણથી ઉપદેશ મળે એવો વિષય છે. ઉપદેશ દેવો ન પડે, ઉપદેશ લેવા યોગ્ય એમનું આચરણ છે. કે આ ગૃહસ્થ હોવા છતાં એમનો સમય કેવી રીતે જ્ઞાન-ધ્યાનમાં વ્યતીત કરે છે. જેમ મુનિઓ પોતાનો સમય જ્ઞાન-ધ્યાનમાં જ વ્યતીત કરે છે. બીજું કાંઈ ઉપાધિ કરતા નથી. એમ જ્ઞાની પણ જેટલો સમય મળે એટલો સમય જ્ઞાન-ધ્યાનની અંદર વ્યતીત કરે છે.

**'અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે. તથાપિ તે વાત અલ્પકાળમાં બને એવું સૂઝતું નથી,...'** 'ગુરુદેવ'ના મહાપ્રયાણ પછી 'પૂજ્ય બહેનશ્રી' એકવાર એવી રીતે બોલ્યા હતા. કે પર્યાયફેર છે નહિતર તો જંગલમાં ચાલ્યા જઈએ. એને સત્સંગનો એક મોટો આધાર 'ગુરુદેવ' હતા. હવે એમનો અભાવ થઈ ગયો. ઘણો વૈરાગ્ય હતો, વૈરાગ્ય વિશેષ હતો. વૈરાગ્યમાં એ વાત કહેતા હતા. શું કરીએ પર્યાય ફેર છે નહિતર જંગલમાં ચાલ્યા જઈએ. નીકળી પડીએ અહીંથી. એટલે કે એકલું આત્માનું સાધન કરી લઈએ. એનો અર્થ એ છે કે એકલું અંતરમાં લિન થઈને આત્માનુ ઓહારાત્ર-દિવસરાત્ર આત્મસાધન કરીએ

અને બીજું કાંઈ ન કરીએ એવું જોર છે એની પાછળ. એ કથન પાછળ જે જોર છે એવું જોર છે. અને એ જ મુમુક્ષુજીવને ઉદ્દેશ્યનો વિષય છે. કે કરવાયોગ્ય તો આ જ પ્રકાર છે. એમ.

**'અને જ્યાં સુધી તેમ ન થાય...'** એટલે કે નિર્ગ્રંથદશા સંપ્રાપ્ત ન થાય **'ત્યાં સુધી તે ચિંતના...'** તે અભિલાષા **'મટવી સંભવતી નથી.'** ત્યાં સુધી અમને મુનિદશાની ભાવના મટશે નહિ. ભાવના એક એવી ચીજ છે કે કોઈપણ પ્રકારે જ્યાં સુધી એ ભાવના સાકાર ન થાય, એની સિદ્ધિ ન થાય ત્યાં સુધી મટે નહિ. અમુક સંયોગો ઊભા થાય અને પરિણામ ફરી જાય કે, ભાઈ ! અમને પહેલા ભાવના હતી, હવે અત્યારે નથી રહી એનું નામ ભાવના જ નથી. એ સાચી ભાવના નથી. એક વિકલ્પ આવીને ચાલ્યો ગયો છે એટલું છે. ભાવના તો કદિ મટતી જ નથી. જે અંતરની ભાવના હોય છે એનો કદિ નાશ થતો નથી. એનું નામ ભાવના છે અને તેથી જ એ ભાવના સાકાર થઈને પરિપૂર્ણ સિદ્ધપદ સુધી લઈ જાય છે. કોઈપણ સંયોગોમાં. એનું કારણ જ એ છે કે ભાવના પોતે જ એવી ચીજ છે. જેમ આત્મા અમિટ અને અમેય છે. એમ એની જે ભાવના, અંતરના આત્મામાંથી–ચૈતન્યમાંથી ઊગેલી ભાવના પણ એવી જ ચીજ છે. એ કદી ફરતી નથી.ગ અહીં સુધી રાખીએ.

સ્વરૂપ-પ્રાપ્તિની ભાવના પ્રધાનતા આત્માર્થીને હોવા છતાં, પર્યાયનું અહમ્ ઉત્પન્ન ન થાય તે યથાર્થ ભૂમિકાનું વિલક્ષણપણું છે. દૃષ્ટિના વિષયભૂત દ્રવ્ય સ્વભાવનું જોર થવા છતાં, નિશ્ચયાભાસ ન થાય અને દ્રવ્ય-પર્યાયનું સંતુલન જળવાઈ રહે, ત્યાં જો 'પૂર્ણતાને લક્ષે શરૂઆત' થઈ હોય તો. અન્યથા સંતુલન જળવાવું સંભવિત નથી. સત્સંગ, યથાર્થતાની પ્રાપ્તિમાં પરમ ઉપકારી છે. (અનુભવ સંજીવની–૧૦૮૩)

## તા. ૨૩-૫-૧૯૯૦, પ્રવચન નં. ૧૬૩
## પત્રાંક – ૪૫૩

'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ' પત્રાંક ૪૫૩. પાનું ૩૭૫. છેલ્લો પેરેગ્રાફ છે.

આગળ ઉદય સંબંધી બંને પડખેથી વાત કરી છે. એ ઉદય કરતા નિવૃત્તિ અમને પસંદ છે. અને સર્વ ઉપાધિયોગ મટે તો નિર્ગ્રંથતા પ્રાપ્ત કરીએ એવી ભાવના ભાવી છે. વર્તમાન પરિસ્થિતિ સાધકદશાને અનુકૂળ નહિ હોવા છતાં દ્વેષ પરિણામથી વર્તતા નથી. સમતાભાવે, સમપરિણામે એને–ઉદયને વેદીએ છીએ. અને અલ્પ કાળમાં બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ દશા પ્રાપ્ત થાય એવી ચિંતવના, એવી ભાવના પોતાને રહ્યા કરે છે. એટલો વિષય ચાલ્યો છે. હવે આગળ કહે છે

**'બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે.'** અનેક પ્રકારના વ્યવહારિક પ્રસંગોમાં બધો વ્યવહાર મૂકી શકીએ એવું છે. **'બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે...'** જેની સાથે પોતાને અનિચ્છાએ પણ જોડાવું પડે છે. જોડાવાનો ઉત્સાહ નથી પણ જોડાવું પડે છે. એવા **'બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્તિ થાય એવા છે;...'** અથવા એ ઉદયમાંથી પસાર થયા સિવાય અત્યારે બીજો રસ્તો દેખાતો નથી. અરુચિએ પણ એ વ્યવહારમાં, વ્યવહાર વચ્ચે ઊભા રહીએ, એ ઉદય વચ્ચે ઊભા રહીએ એવી પરિસ્થિતિ અનિવાર્ય દેખાય છે.

**'અને કષ્ટે પણ તે વિશેષકાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહિ એવા છે;...'** વિશેષે કષ્ટે પણ (અર્થાત્) એમાં કોઈ વધારે તીવ્રતા આવીને પણ એ સ્થિતિમાંથી ઘણો કાળ ટુંકાઈને થોડો કાળ થઈ જાય એવું દેખાતું નથી. આ વ્યવહાર લંબાશે એવું લાગે છે. ઉદય લંબાશે, વ્યવહાર લંબાશે એવો પોતાનો અંદાજ છે. આ વિષયમાં જ્ઞાનીપુરુષનું જ્ઞાન કોઈ વિશેષપણે કામ કરે છે. અનેક પડખાથી, ચારે બાજુથી જ્ઞાનમાં પરિસ્થિતિ મપાયા પછી આ વાત એ કહે છે.

માત્ર પોતાના પુરુષાર્થની ક્ષતિ છે એટલું જ લેવા યોગ્ય નથી. કોઈ એમ કહે કે એ તો પુરુષાર્થની નબળાઈ હતી ત્યાં સુધી જ્ઞાની સંસારમાં રહ્યા. પણ એ વાત સ્થૂળ છે. સૂક્ષ્મપણે વિચારીએ તો ઉદય સંબંધીનો જે પ્રકાર છે એનું માપ પણ એમને આવે છે. પોતાના ઉદયભાવોનું માપ પણ આવે છે અને પર સંયોગરૂપ ઉદયનું માપ પણ આવે છે. એ બધો પ્રકાર પોતાના પુરુષાર્થ, જ્ઞાન, ઉદયભાવ અને ઉદય આ બધાનો મેળ મેળવીને પછી જેમ પોતાના પરિણામમાં હાનિ ન થાય અને મોક્ષમાર્ગમાં વૃદ્ધિ થાય, પરિણામે એવી સ્થિતિ ઊભી થાય એ પ્રકારે જ્ઞાની પ્રવર્તે છે.

એ પ્રવર્તવામાં તેમનો મહાવિવેક છે. જરાપણ અવિવેક છે એમ લેવા યોગ્ય નથી. કેમ કે પુરુષાર્થ કોઈ એવી ચીજ નથી કે હઠથી વધારી શકાય, હઠથી કરી શકાય અને હઠથી ત્યાગ કરતા કોઈ આગળનું ગુણસ્થાન અથવા પવિત્રતાની પ્રાપ્તિ થઈ જાય એવો એ કોઈ વિષય નથી. તેથી ચારે બાજુનો વિચાર કરીને જ્ઞાની પ્રવર્તે છે. એક બાજુનો વિચાર કરીને પ્રવર્તતા નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીની અંતરંગ સ્થિતિ ન સમજાય ત્યાં સુધી બહારમાં આમ કેમ એ પ્રશ્ન...

પૂજ્ય ભાઈશ્રી :- એ સમાધાન ન થાય કે જ્ઞાની આમ કેમ બોલ્યા ? જ્ઞાની કેમ આમ વર્તે છે ? એમ થયા જ કરે. એ ગડબડ મટે નહિ. એટલે એમના પરિણામોનો—અંતર-બાહ્ય પરિણામોનો યથાર્થ અભ્યાસ હોય, અવલોકન હોય, ઓળખાણ હોય તો બહુમાન આવ્યા વિના રહે નહિ. અને નહિતર શંકા પડ્યા વિના પણ રહે નહિ. બેય વાત ભેગી છે.

મુમુક્ષુ :- આમાં બે-ત્રણ પ્રકારનો ઉદય કહ્યો છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એમણે સ્પષ્ટ નથી કર્યું. એ સ્પષ્ટ નથી કર્યું એમણે. એટલે આપણને ખ્યાલ કેમ આવે ? પણ બે-ત્રણ પ્રકારના ઉદયમાં એક તો ગૃહસ્થ જીવન હતું એટલે કુટુંબ-પરિવારનો પ્રકાર હશે. બીજો, જેની સાથે વ્યવસાયમાં જોડાણા હતા એમાં ભાગીદારી હોવા છતાં મુખ્ય કામ કરવાનું એમના ભાગે હતું. એ પ્રકાર પણ હોવો ઘટે છે. એમ બે તો એવા સ્પષ્ટ દેખાય છે.

મુમુક્ષુ :- દરેક જ્ઞાનીને જ્ઞાનમાં ઉદયના પ્રકારનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલ આવી જાય છે કે હજી આ ઉદય છોડે એવું લાગતું

નથી. આ ઉદય પોતાની પરિસ્થિતિમાંથી મને મુક્ત કરે એવું લાગતું નથી. જેમ કે વિચારીએ કે કોઈ જ્ઞાની જ્યારે નિર્ગ્રંથદશા પ્રાપ્ત કરે છે, સર્વસંગપરિત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરે છે ત્યારે બહારમાં ઉદય પણ એ જ પ્રકારનો હોય છે. જેનો જેનો-ગૃહાદિ સંયોગનો એ ત્યાગ કરે છે, એ જ પ્રકારનો ઉદય હોય છે. ઉદય બીજો હોય છે એવું નથી બનતું. અને જ્ઞાની એ ત્યાગના પરપદાર્થના પરિણામને કરી શકે છે એ પરિસ્થિતિ ત્યાં પણ નથી. ત્યાં પણ એ પોતાના કારણે એનો સંયોગ છૂટવો છે અને પોતાના ત્યાગભાવના પરિણામનું ત્યાં નિમિત્તપણું માત્ર છે. કર્તાપણું નથી પણ નિમિત્તપણું માત્ર છે. તો એ પણ ખ્યાલમાં આવી જાય છે, એ પણ ખ્યાલમાં આવી જાય છે. આ પણ ખ્યાલમાં આવી જાય છે. પોતાના ઉદયભાવનું જે પરિમાણ છે, માપ છે એ પણ ખ્યાલમાં આવે છે, પોતાના પુરુષાર્થનો પણ ખ્યાલ આવે છે અને એ સંબંધી ચારે બાજુ વર્તતા જ્ઞાનનો પણ પોતાને ખ્યાલ આવે છે.

મુમુક્ષુ :- કેવી સંતુલિત દશા છે !

પૂજ્ય ભાઈશ્રી :- એવી સંતુલિત દશા છે કે એમના પરિણામે પણ વીતરાગતાની જ વૃદ્ધિ થાય છે. 'પૂજ્ય બહેનશ્રી'ના છેલ્લા દિવસમાં આ પ્રકારે એમણે એક પોતાની અંગત વાત વ્યક્ત કરી હતી કે અત્યારે આ ભવમાં, આ પર્યાયમાં ચારિત્રદશાની પરિસ્થિતિ નથી પણ અંતર સાધનાનો પ્રકાર એવો ઉગ્ર હતો કે આ સ્થિતિમાં રહ્યા રહ્યા અચારિત્ર ભાવો જે છે, એના મૂળિયા ખલાસ કરું છું. શું કહે છે ? એના મૂળિયા ખલાસ કરું છું અત્યારે.

હવે પછી દેવભવમાં જવાનું થાશે ત્યાં પણ અચારિત્ર ભાવ ચાલુ રહેશે. ક્યાં સુધી ? સાતેક સાગર સુધી. સાગરોપમની દશા છે ત્યાં તો. વૈમાનિકદેવમાં સાતથી આઠ સાગરનું આયુષ્ય હોય છે. પછી જે મનુષ્યભવ આવશે એમાં ચારિત્ર અંગીકાર કરતા વાર નહિ લાગે. નાની ઉંમરમાં ચારિત્ર દશા અંગીકાર કરશે. મુનિદશાને પ્રાપ્ત થશે. કોઈ આઠ વર્ષે, દસ વર્ષે, બાર વર્ષે જેમ 'કુંદકુંદાચાર્ય'ને બાર વર્ષે થયું. એમ થવાનું કારણ શું ? કે અચારિત્ર ભાવના મૂળિયા પહેલેથી ઉખેડી નાખેલા છે. જેમ કે 'ભરત' ચક્રવર્તી. અચારિત્રભાવને મૂળમાંથી જ ગૃહસ્થદશામાં જ ઉખેડી નાખેલો. એટલે સાધનામાં આગળ વધતા વાર લાગતી નથી. એ પોતે અંદર અંદર અંગત માણસોમાં ચર્ચા કરી હતી. થોડી થોડી વાત બહાર આવે છે.

મુમુક્ષુ :– માતાજી સનતકુમાર દેવલોકમાં કે ઉપરના દેવલોકમાં છે ?....

પૂજ્ય ભાઈશ્રી :– ના, ત્યાં જ છે. સાથે જ છે બધા. સનતકુમાર દેવલોકમાં.

કહેવાનો મતલબ એ છે કે કોઈ જ્ઞાની ગૃહસ્થદશામાં રહે. 'શ્રીમદ્જી'નો પણ એ પ્રકાર છે. અને બહારમાં ચારિત્ર અંગીકાર કરતા ન દેખાય, માટે એમની ચારિત્ર વિષયક સાધના છે એ નથી સાધતા એવું બહારના સંયોગથી વિચારવાયોગ્ય નથી. આ એક બાહ્યદૃષ્ટિને નિવર્તવવા માટે, બાહ્યદૃષ્ટિથી દૂર થવા માટે આ એક બહુ મોટી વાત છે. કે જ્ઞાનદશાનું પરિણમન જ એટલું ગંભીર હોય છે કે ઘણા પરિચયે અને ઘણી પાત્રતાએ એનો પત્તો લાગે છે, એનો ખ્યાલ આવે છે. ઘણા પરિચય પછી અને ઘણી પાત્રતા પછી. પરિચય હોય અને પાત્રતા ન હોય તોપણ જ્ઞાનીને ન સમજી શકે. એવી વાત છે.

મુમુક્ષુ :– પરિચય...

પૂજ્ય ભાઈશ્રી :– પરિચય હોય પણ પોતાની સમજવાની પાત્રતા ન હોય તો કેવી રીતે સમજે ?

મુમુક્ષુ :– પાત્રતા ન હોય તો ઊંધુ કાઢે.

પૂજ્ય ભાઈશ્રી :– તો પરિચયમાં એને કાંઈકને કાંઈક શંકા પડ્યા કરે. આમ કેમ બોલ્યા ? આમ કેમ વર્ત્યા ? આમ કેમ ખાધું ? કાંઈને કાંઈ શંકા પડ્યા વિના રહે નહિ. એટલે પાત્રતા તો મુખ્ય વાત છે. પાત્રતાપૂર્વક જો પરિચય થાય, એવો કોઈ પુણ્યયોગ હોય અને જ્ઞાનદશાની જ્ઞાનીપુરુષની અંતરદશાની ઓળખાણ થાય તો એ ઓળખાણનું ફળ બહુ મોટું છે. ઓળખનાર જીવ સંસારથી તરી જાય છે. આવી પરિસ્થિતિ થાય છે. એકવારપણ જ્ઞાનીને ઓળખે એનો સંસાર ન હોય. અનંતવાર જ્ઞાની મળ્યા હોવા છતાં એકવાર ઓળખ્યા નથી. જ્ઞાનીને નથી ઓળખ્યા એટલે વીતરાગદેવને પણ ઓળખ્યા નથી. ભલે સમવસરણમાં અનંતવાર ગયો. નિર્ગ્રંથમુનિના ટોળામાં પણ ઘણીવાર ગયો છે. એકવાર પણ ઓળખાણ કરી નથી. એનો સીધો અર્થ એ થાય છે કે જ્ઞાનદશા પણ એક તત્ત્વ છે. અને એ તત્ત્વનું જ્ઞાન થતાં આત્મતત્ત્વનું જ્ઞાન થાય છે.

જ્ઞાનદશા એ આત્મભાવે રહેલું એક તત્ત્વ છે કે જે તત્ત્વનું જ્ઞાન થતાં પોતાને આત્મસ્વભાવનું જ્ઞાન થાય છે. અરે..! આત્મસ્વભાવનું જ્ઞાન થાય છે એટલું જ નહિ.

પણ આત્મસ્વભાવપ્રાપ્તિની વિધિનું પણ એમાં જ્ઞાન થઈ જાય છે. કેમકે એ વિધિરૂપ દશા છે. વિશેષ વાત તો એ છે. એમાં બે વાત રહેલી છે. જે સમસ્ત પરમાગમનો સાર આ છે કે આત્મતત્ત્વ, આત્મસ્વભાવ શું છે ? અને આત્મસ્વભાવની પ્રાપ્તિ કઈ રીતે થાય ? આ સમસ્ત પરમાગમનો સાર છે. બાર અંગનો સાર આટલામાં છે. તે બંને સારભુત વાત એક જગ્યાએ રહેલી છે. પ્રેક્ટિલ સાઈડથી જ્ઞાનીની વર્તમાન વર્તતી જ્ઞાનદશામાં એ બંને ચીજ રહેલી છે. આત્મસ્વભાવ પણ ત્યાં પ્રગટ છે અને આત્મસ્વભાવની પ્રાપ્તિ કઈ રીતે થાય છે એનો પ્રયોગ પણ ત્યાં પ્રગટપણે ચાલે છે. જો એ વસ્તુસ્થિતિ સમજાય તો સમજનારનો નિવેડો થઈ જાય એવું છે. બેડો પાર થઈ જાય. ન સમજે તો આજે નહિ ને અનંતકાળે પણ એ સમજે છૂટકો છે. આ તો 'શ્રીમદ્જી'ની દશા ઉપરથી વિષય ચાલે છે.

મુમુક્ષુ :- ઉદય તો (જે) છે પણ મોંદય તો બહુ સૂક્ષ્મ છે એનો ખ્યાલ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એનો ખ્યાલ નહિ પણ એ ઉદય અનુસાર સંયોગો છે ને ? પરમાણુનો ખ્યાલ ન આવે. કેમકે એ કેવળીગમ્ય છે. પણ એ અનુસાર બહારમાં સંયોગોની પરિસ્થિતિ છે ને ? એટલે એને ઉદય અહીંયાં કહીએ છીએ. કે ઉદયનો પણ ખ્યાલ આવે છે કે આ ઉદય મટે એવું દેખાતું નથી. પરિસ્થિતિનું માપ આવી જાય છે કે આ ઉદય મટે એવું નથી. અને પોતાના ઉદયભાવનો પણ ખ્યાલ આવે છે કે આમાં હું કેટલો ભિન્ન રહું છું અને જે ઉપયોગ જાય છે, વિકલ્પ જાય છે એનું ભિન્ન રહેતા રહેતા પણ કેટલો સંબંધ થાય છે. કેમકે સર્વથા વીતરાગ નથી એટલો અચારિત્રભાવ છે. એ જ વખતે પોતાના વર્તતા પુરુષાર્થનું પણ પોતાને માપ છે. અને એ બધા વિષયોનું જ્ઞાન જેમાં થઈ રહ્યું છે એ ચારેય પડખાનું, એ સમ્યક્જ્ઞાનનો પણ પોતાને ખ્યાલ છે. બધો ખ્યાલ છે.

મુમુક્ષુ :- જગતમાં ભૂકંપ છે, વાવાઝોડું, પાણી છે બધાની આગાહી કરે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કરે જ છે ને આગાહી. કે ચોવીસ કલાકમાં બહુ મોટું વાવાઝોડું ફરી વળશે. બધા સાવધાન થઈ જાવ. પરમાણુની કાંઈ ખબર નથી પડતી ? સામાન્ય માણસોને સામાન્ય યંત્રોથી સામાન્ય બુદ્ધિમાં એ બધી ખબર પડે છે તો

જ્ઞાનીને તો જ્ઞાન નિર્મળ થયું છે. અનુભવદશા વર્તે છે. એ વિષયના પોતે પારંગત છે. જેમ આગાહી કરનાર એ વિષયના પારંગત છે એમ આ એ વિષયના જાણકાર છે. એમ તો છે જ ને.

શું કહે છે ? કે **'બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષકાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.'** શબ્દ વાપરતા જરાપણ પોતાને હિચકિચાટ નથી. પોતાને માટે. બીજાને કીધું હોય તો તકરાર થઈ જાય. મૂર્ખ છો એમ કહે. આવી ભૂલ કરે છો મૂર્ખ લાગે છો. તો તકરાર કરી બેસે. આ પોતાને માટે પ્રયોગ કરે છે. કે આ વ્યવહાર ભજીને કોઈ એમાંથી, અમારે કાંઈ આત્મામાં આવે એવું દેખાતું નથી. આ આત્માને આથી કોઈ લાભ થાય એવું કાંઈ દેખાતું નથી. છતાં પણ એ વ્યવહાર ભજીએ છે. આ વ્યવહારમાં ભજવામાં કોઈ ડહાપણ છે. મૂર્ખની પેઠે જાણે ભજીએ છીએ. કોઈ મૂર્ખ માણસ વગર સમજે કામ કરી જતો હોય એના જેવી અમારી સ્થિતિ ઊભી થાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સાધકદશામાં કથની અને કરણીમાં પૂર્ણ નહિ થાય ત્યાં સુધી ફેર રહેવાનો છે. આ એક વાત સમજી લેવાની જરૂર છે કે સાધકની શરૂઆત જ પૂર્ણતાને લક્ષે થાય છે. જ્યાં સુધી પોતાની પરિપૂર્ણ વીતરાગ સિદ્ધદશા ન ઉત્પન્ન થાય ત્યાં સુધી સાધકની પોતાની ધ્યેયની જે, વિચારસરણી છે અને આચરણની જે પરિણામની શ્રેણી છે એ વચ્ચે તફાવત હંમેશા રહેવાનો છે. શરૂઆત જ એણે એ કરી છે કે મારે પૂર્ણ થાવું છે. અને અધૂરો છે. બે વચ્ચેનો તફાવત તો રહેવાનો જ છે.

આ તો પહેલેથી સમજી લેવની જરૂર છે કે કરણી અને કથનીમાં ફેર જ રહેવાનો છે. એ એમ જ કહેશે કે મારે પૂર્ણ થાવું છે. એ (એક) વખત 'ડુંગરભાઈ'ને એને લખ્યું છે કે, જેની વિચારશ્રેણી પૂર્ણ વીતરાગતાની હોય એને તમે વ્યવહારમાં રાગાદિ પરિણામના ઉદય સહિત જુઓ તો કદાચ તમને અંદેશાનો હેતુ થાય. અંદેશો એટલે શંકા. આમ કેમ ? બોલે છે તો આમ. એકલી વીતરાગતા અને પૂર્ણ વીતરાગતા

જ મારે જોઈએ. બોલે છે આમ. અને વળી પાછા રાગ કરે છે. આ તે શું ? એકકોરથી વીતરાગતા અને પૂર્ણ વીતરાગતાની વાત કરે છે કે અણુમાત્ર પણ રાગ ન જોઈએ. બીજીકોરથી પાછા રાગ કરતા જોવામાં આવે છે. હવે કથની અને કરણીમાં ફેર છે. કહે તમામ સાધકોને એમ જ હોય.

મુમુક્ષુ :- લક્ષ્મણ માટે વિલાપ કરતા દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- વિલાપ કરતા દેખાય એ તો ચિત્તળિયુ ફરી જાય એવી બધી વાતો છે. ચિત્તળીયું ઠેકાણે ન રહે એવી બધી વાતો છે એ તો.

મુમુક્ષુ :- અહીં પ્રશ્ન એ થાય છે કે પોતે તો જ્ઞાતાદષ્ટા થઈ ગયા હતાં પછી ફરજ શબ્દ કેમ વાપર્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જ્ઞાતા દૃષ્ટા થઈ ગયા હતા છતાંપણ આ વ્યવહાર ભજવો પડે છે ને !

મુમુક્ષુ :- એના ક્યાં કેમ ભોગવવાનો (હતો) ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ભોગવવાનું નથી. છતાંપણ પૂર્ણ વીતરાગતા નથી તો અલ્પરાગ છે. અને મન-વચન-કાયાના યોગની પ્રવૃત્તિપણ છે. તો એમાં ડહાપણ શું છે ? કે અમારી દૃષ્ટિએ તો એમાં મૂર્ખતા સિવાય બીજું કાંઈ નથી. મૂર્ખનો અર્થ શું છે ? પોતાને નુકસાન થાય અથવા કાંઈ લાભ ન હોય છતાં કર્યા કરે એનું નામ મૂર્ખ.

મુમુક્ષુ :- એ સાચો અર્થ, ખરો અર્થ.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને કાંઈ લાભ ન હોય. અલબત થોડું નુકસાન હોય. છતાં પણ કરે. એવા કાર્યને મૂર્ખતાપૂર્ણ કાર્ય કહેવામાં આવે છે. કહે અમને શું લાભ છે આ કરતા ? જરાય રુચિ રહી નથી. અને છતાં કરીએ છીએ એ વાત નક્કી છે. લોકો જોવે છે. આ દુકાને બેઠા બેઠા વેપાર કરે છે. વેપાર કરે છે નહિ. મોટો વેપાર કરતા હતા. વેપારનું જે વોલ્યુમ હતું એ સામાન્ય નહોતું. પરદેશ સાથેનો વેપાર એ જમાનામાં આજે ૯૦ વર્ષ પહેલાં કરતા હતા. કહે છે કે એ બધી વેપારમાં લોકોને એમ લાગે બહુ વિચિક્ષણ છે. આમના જેવી કોઈ નજર નથી. હીરા-મોતી પારખવા એ તો નજરનો વિષય છે. એમ સમજે કે બહુ વિચિક્ષણ વેપારી છે. ઘણી નજર પડે છે. આ કહે છે કે મૂર્ખતા છે. બીજું કાંઈ નથી પણ આ નજર નથી પણ મૂર્ખતા

છે. લોકો પ્રશંસા કરે. વ્યવહારિક કુશળતાની, ધંધાકીય આવડતની લોકો પ્રશંસા કરે. કહે છે કે આ તો મૂર્ખની પેઠે કરીએ છીએ. કાંઈ એમાં વાતમાં માલ નથી.

એમ પોતાના થોડા દોષને પણ વધારે નીંદે છે. એમાંથી એ બીજી વાત નીકળે છે. પોતાના થોડા દોષને પણ વધારે નીંદે છે. બીજાના થોડા ગુણને પણ વધારે આદર આપે છે. મુમુક્ષુ એમના પરિચયમાં છે તો 'સોભાગભાઈ' જેવાનો કેટલો આદર કરે છે. એવી રીતે વર્તે છે. આમાં જ નીચે કહેશે. પ્રણામ પહોંચે. 'સોભાગભાઈ'ને જ પત્ર લખે છે આ. છેલ્લી લીટી. **'અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.'** આ જ પત્રમાં છેલ્લુ વચન છે.

**'કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી.'** એટલે કે કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં અમે પ્રતિબદ્ધ થઈએ, બંધાઈએ એવો પ્રસંગતો જાણે ક્યાંય દેખાતો જ નથી. એટલા ભિન્ન પડેલા છીએ કે કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં હવે અમે બંધાઈએ, બંધનમાં પડીએ એ પરિસ્થિતિ અમારી દેખાતી નથી. એટલો અંદરમાં પુરુષાર્થપૂર્વક ભિન્નપણું વર્તે છે.

**'કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રતિબદ્ધપણું જ યોગ્ય છે,...'** બધામાંથી અપ્રતિબદ્ધપણું એટલે ન બંધાવું તે જ યોગ્ય છે. **'તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર, અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે.'** જુઓ ! સામે ઉદય છે ને ? તો ઉદયની અરુચિ છે. એટલે **'નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિકાળ અને સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે.'** અમે એ ચાહીએ છીએ. કે એકાંતમાં નિવૃત્તિક્ષેત્રમાં અમે અમારા આત્મભાવને વધારે ને વધારે આત્મરસથી સાધતા જઈએ અને એને અનુકૂળ જ અમને સત્સંગ હોય એવું જ અમે ઇચ્છીએ છીએ. એથી વધારે અમે ઇચ્છતા નથી.

આમ તો કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિબદ્ધ બંધાવા જેવો નથી. છતાં અમને આ અત્યારે ઠીક લાગે છે, યોગ્ય લાગે છે. એનો અર્થ એ છે કે જ્યાં સુધી નિર્વિકલ્પ સમાધીમાંથી બહાર આવવું થાય છે તો એનો બહારનો વિષય શું હોય શકે ? કે દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્સંગ સિવાય બીજું કાંઈ ચાહે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્સંગ સિવાય બીજું કાંઈ ચાહે નહિ. એ વિકલ્પ સહજ બહાર આવી જાય છે તો

બહારનો વિષય આ. એટલે કે બહારમાં પણ પરમાત્મા અને અંદરમાં પણ પરમાત્મા. અમને અંતર-બાહ્ય આ એક જ વિષય છે. એ પ્રકાર છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. પ્રસિદ્ધ.. હમણાં તો નહિ પ્રસિદ્ધ કરવા જેવું છે. ઉપયોગનો વિષય છે. ચર્ચા થાય પછી વાત.

**'નિવૃત્તિ ક્ષેત્ર અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઈ પ્રકારે પણ જેમ બને તેમ થોડાકાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ.'** અને એ રીતે બહારમાં નિવૃત્તિક્ષેત્રમાં સત્સંગ અને આત્મવિચારમાં રહીએ એવો કોઈ યોગ ઉત્પન્ન થાય અને તે પણ થોડા જ કાળમાં થાય એવો અમને સતત વિચાર આવ્યા કરે છે. પ્રવૃત્તિમાં રહ્યા-રહ્યા પ્રવૃત્તિના વિચાર વધતા નથી પણ પ્રવૃત્તિમાં રહ્યા-રહ્યા નિવૃત્તિના વિચાર જોર કરે છે. જ્ઞાનદશામાં આ એક સહજ સ્થિતિ છે.

કે જો કોઈ પૂર્વકર્મના ઉદયબળે કરીને જ્ઞાનીને પ્રવૃત્તિમાં રહેવાનો પ્રસંગ હોય તો એ પ્રવૃત્તિ ભજતા-ભજતા, કરતા-કરતા નિવૃત્તિના વિચારો એમને જોર જોરથી આવ્યા કરે છે. સામાન્ય મનુષ્યને પ્રવૃત્તિ વધતા પ્રવૃત્તિના વિચારો વધી જાય. ભાઈ ! અત્યારે એટલું કામ છે ને, એટલા મોટા કામ હાથમાં આવ્યા છે ને, એટલા મોટા કામ આવી ગયા છે ને કે હમણાં તો કાંઈ મરવાની ફૂરદસ મળે એવું નથી. ટીફીન પણ દુકાને મગાવુ પડે છે. ઘરે વહેલાં-મોડા આવવાનું થાય છે. ક્યાંય બીજે તો પ્રસંગમાં, કોઈ જગ્યાએ વ્યવહારમાં તો જવાતું જ નથી. ગમે તેને મોકલી દઈએ છીએ. પ્રવૃત્તિમાં એકદ ઘૂંચાઈ જાય છે. જ્ઞાનીને નિવૃત્તિના વિચારો જોર કરે છે. આ વર્ષનો પ્રસંગ એવો છે કે વધારે પ્રવૃત્તિ વધી ગઈ છે એમ લખે છે. આ જ પત્રમાં. પ્રવૃત્તિ વધતી જાય છે તો અહીંયાં નિવૃત્તિના વિચાર પણ જોર કરતા જાય છે. આ સામે સામે પરિસ્થિતિ ઊભી છે.

મુમુક્ષુ :– અહોરાત્ર...

પૂજ્ય ભાઈશ્રી :– અહોરાત્ર એટલે રાત્રી અને દિવસ. એમ.

મુમુક્ષુ :– પ્રતિબદ્ધ રુચિનો અર્થ શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– પ્રતિબદ્ધ રુચિ એટલે એવી રુચિ તીવ્ર રહે છે એમ. તીવ્ર

રુચિ રહે છે.

**'નિવૃત્તિ ક્ષેત્ર અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચાર...'** સંબંધીની રુચિ તીવ્ર રહે છે એમ. બીજા દ્રવ્ય-ક્ષેત્ર, પ્રવૃત્તિના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પ્રતિબદ્ધપણું નથી. ત્યાં અમે રોકાતા નથી. એમ કહે છે. કેમકે રુચિ નથી. રુચિ હોય ત્યાં જીવ રોકાય. કેમકે રુચિ હોય ત્યાં રસ હોય, રસ હોય ત્યાં રુચિ હોય છે.

મુમુક્ષુ :– આ ચાર લીટીમાં અમારે શું મહત્ત્વનું ?

પૂજ્ય ભાઈશ્રી :– પોતાને પણ આત્મભાવ સત્સંગ અને રુચિથી મુમુક્ષુજીવે પણ નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિ કાળ અને સત્સંગને આરાધવા જોઈએ. પ્રવૃત્તિ હોય તો પ્રવૃત્તિ થોડી સંક્ષેપનો કરવાનો પ્રયાસ કરવો જોઈએ. વિશેષ સમય સત્સંગમાં રહી શકે એના માટે પ્રયત્ન થવો જોઈએ.

**'આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે, તથાપિ તે માટે કંઈ પ્રસંગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે. અને તે માટે બહુ વિક્ષેપ રહે છે.'** ચિત્તમાં. મનમાં વિક્ષેપ રહે છે. **'આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે,...'** પ્રવૃત્તિ વધી છે ને ? તો એને (સત્સંગને વધારે) મજબૂતાઈથી પકડી રાખે. છૂટનો ન પડી જાય એટલા માટે. એમ જ્ઞાની પોતે આત્માથી છૂટા ન પડી જાય. પ્રવૃત્તિના ઘેરાવામાં પ્રવૃત્તિ વધી જતા એ વધારે મજબૂતાઈથી અંદરમાં પોતાના સ્વરૂપનો છેડો પકડી રાખે છે. એ યોગ્યતાની સહજ સ્થિતિ છે. પ્રતિકૂળતા આવે અથવા ઉદય વધે એ પણ પ્રતિકૂળતા જ છે. અથવા રોગ આવે, નિર્ધનતા આવે અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ આવે. ત્યારે અંદરમાં યોગ્યતાવાળા જીવ આત્મપ્રત્યયી પરિણામ વધારે કરે છે. પછી જેવી જેની યોગ્યતા, જેવું જેનું સ્તર, જેવો જેનો વિકાસ. પણ જેની પાત્રતા અને યોગ્યતા છે ત્યાંથી માંડીને જ્ઞાનીપર્યંતના બધા જ જીવોની આ એક સર્વસામાન્ય સહજપરિણામની સ્થિતિ થાય કે આ બાજુ આત્મકાર્યથી પ્રતિકૂળયોગ ઉત્પન્ન થયા કે આત્મપ્રત્યયી પરિણામની વિશેષતા થવા લાગે. સહજપણે.

'સોગાનીજી'ની ઉપસ્થિતિમાં એવો એક પ્રસંગ બનેલો. 'સોનગઢ'માં એક મુમુક્ષુ ઘણા વખતથી અસ્વસ્થ રહેતા હતા. એમને આશ્વાસન મળે, બે શબ્દ સાંભળે તો શાંતિ થાય એ નિમિત્તે ગયેલા. તો પૂછ્યુ કે તમને શું થાય છે ? કે માથાનો દુ:ખાવો એવો છે કે માથામાં કોઈકે વીંછી ભરી દીધા હોય અને બધા વીંછી એક સાથે કરડવા

મંડ્યા હોય તો કેવો દુઃખાવો થાય ? નરકમાં એકસાથે એવા વીંછી વળગે છે ને ? એ કહે નરકતુલ્ય વેદનાને વેદુ છુ, ભોગવું છું. કોણજાણે કેવા પાપ કર્યા હશે.. એમ કરીને, હોં ! બોલતા'તા નિખાલસતાથી. મારી વેદના હું જાણું છું અને એક સર્વજ્ઞ જાણતા હશે. એમ કહે, હોં ! પણ એક સાથે માથામાં વીંછી કરડતા હોય એવી અસહ્ય વેદનામાં છું. દર્દી એમ કહે છે. થોડીકવાર કાંઈ બોલ્યા નહિ. બોલ્યા નહિ એટલે એમને બોલાવા માટે કહેવું પડ્યું. કેમ કાંઈ આ બોલતા નથી. કાંઈ એવી વાત કરો. આમને કાંઈક સાંભળવાને યોગ્ય એવી કાંઈક વાત કરો. એ અપેક્ષાથી તો લઈ ગયા હતા. કોઈ એમને પરિચય સંબંધ નહોતો.

તો કહે આ વાત સાંભળતા મને એવો વિચાર આવે છે કે,.. એ તો એ વખતે જે વિચાર આવ્યો એ કહી દીધો એમણે. કે મને આવું થાય તો ? હું તો તીવ્રપણે આત્મસ્વરૂપમાં લીન થવાનો એકદમ જોરથી પુરુષાર્થ કરું. શું કહ્યું ? કે જો મને આવું થાય તો આ વખતે તો એકદમ આત્મામાં લીન થવાનો, એકાગ્ર થવાનો, તલ્લીન થઈ જવાનો, એકાકાર થવાનો જોરથી પુરુષાર્થ ઉપાડવામાં લાગી જાવ હું તો. આવું મને તો અત્યારે જે આમની વાત સાંભળીને વિચાર આવે છે. એ પોતે તો હિન્દીમાં બોલતા હતા. આવો મને અત્યારે વિચાર આવે છે. એ વાત કરી દીધી એમણે. જે વિચાર આવ્યો એ જ વાત એમણે કરી.

મુમુક્ષુ :– બધો આવી ગયો અને બધું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– એમાંથી શું નીકળે છે. કે ગમે તે પ્રતિકૂળ પ્રકાર ઊભો થાય. આરાધનાથી વિરુદ્ધનો પ્રકાર ઊભો થાય એટલે આરાધનમાં તીવ્રપણે લાગી જવું એ જ સાધકજીવનો અને પાત્રજીવનો સહજ પરિણામનો પ્રકાર હોય છે. આ કરવું પડતું નથી. સહેજે એને એમ જ થાય. માતાથી છૂટુ ન પડવું હોય એ બાળકને એમ લાગે કે મને ક્યાંક ધક્કો વાગી જશે તો, પડી જઈશ તો એ છેડો ખેંચાય જશે. પકડેલો હશે તો. તરત ખબર પડશે કે આ છૂટો પડી ગયો, આઘો વયો ગયો. તો એ પ્રકાર સહેજે હોય છે. એવી વાત છે.

**'આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે,...'** ઇચ્છા તો રહેતી હતી. અત્યારે વિશેષ ઇચ્છા રહે છે. **'તથાપિ તે માટે કંઈ પ્રસંગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે.'** એવા કોઈ પ્રસંગ વગર મળવાનું ન કરવું એમ અત્યારે વિચારમાં

રાખ્યું છે. અને **'એમ રાખવું પડ્યું છે.'** અનિચ્છાએ પણ એમ રાખવું પડ્યું છે. **'અને તે માટે બહુ વિક્ષેપ રહે છે.'** એ તો પ્રકારના સંયોગમાંથી પસાર થયા હોય એને ખબર પડે કે આવા બાજુની રુચિવાળાને તો એવા જ લોકો અવારનવાર મળવા આવે. ધંધો મૂકીને વાતચીતમાં લાગે. કામ ખોટી થાય, કોઈકવાર કામ ઓછા-વત્તા પ્રમાણમાં બગડવાનું એ નિમિત્તપણ થાય ત્યારે સાથે બેઠા હોય એની દશા શું થાય ? કે આમને તો આ બધું મટતું જ નથી. આખો દિ' આ ચાલ્યા કરે. આ ગયો અને ઓલો આવ્યો, કાલે ફલાણો આવ્યો, આજ ફલાણો આવ્યો. આમનામ ચાલ્યા જ કરે. આપણે તો કામ-ધંધાવાળા. અહીંયાં કામ ખોટી થાય. દુકાને કામ બગડે. અહીં તો વેપારનું કેટલું બધું કામ હોય, આટલું બધું કામ આવી પડ્યું છે. અને એમાં આ બધું ક્યાં વળી તત્ત્વની વાતો શરૂ થાય અને બીજી વાતો શરૂ થાય અને સત્સંગની વાતો ચાલે. અનેક પ્રકાર ઉત્પન્ન થતા હોય છે. તો એવું રાખવું પડે છે કે એ પ્રકારનો યોગ ઉત્પન્ન થવામાં ઇચ્છા હોય તોપણ દૂર રહેવું પડે છે. અને એ માટે બહુ વિક્ષેપ રહે છે. ચિત્તમાં એ જાતનો વિક્ષેપ રહે છે.

**'તમને પણ ઉપાધિજોગ વર્તે છે.'** એમને પણ આ ઉંમરે.. લગભગ 'શ્રીમદ્જી'થી ત્રીસેક વર્ષ મોટા હતા. 'સોભાગભાઈ'ની ઉંમર જેમ પિતા-પુત્ર વચ્ચે જે ૨૫-૩૦ વર્ષનું અંતર હોય છે એટલું લગભગ અંતર હતું. ત્રીસેક વર્ષ મોટા હતાં. છતાં એવી ઉંમરમાં એમને પણ કુટુંબ માટે પ્રવૃત્તિ કરવી પડે એ પરિસ્થિતિ હતી. **'તમને પણ ઉપાધિજોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે,...'** અને એ ભોગવતા જરા વિકટતા ઉત્પન્ન થાય એવો છે. છે ને આગળ કહી ગયા ને ? અમને ગળકા ખાતા ખાતાં સંસારસમુદ્ર તરીએ એવી વાત છે.

તીર્થંકર આદિએ આ કાળને દુષમ કહ્યો છે. અમને તો બધી મહેચ્છાઓમાં ઉદાસીનપણું છે, ઇચ્છાઓમાં ઉદાસીનપણું છે. છતાં પણ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકા ખાતા ખાતા સંસારસમુદ્ર માંડ તરવા દે છે. એવા પ્રસંગો ઊભા થાય છે કે જાણે તરતા તરતા ગળકુ ખાઈ જઈએ. અને પસીનો ઉતરી જાય છે. પુરુષાર્થ કરતા પ્રસ્વેદની ઉત્પત્તિ થાય છે. એ અંતરની બધી પુરુષાર્થની મથામણ છે એ દશાની વાત કરી છે.

**'તમને પણ ઉપાધિજોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે, તથાપિ મૌનપણે**

**સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો.**' પરિણામ બગડે એવું કાંઈ ન કરતા સમતાથી, શાંતભાવે, અરસ પરિણામે, નીરસ પરિણામે તે વેદાય, એમાં પ્રવર્તાય એ પ્રમાણે પહેલેથી દઢ નિશ્ચય રાખવો. અભિપ્રાય એક હોય તો પરિણામની અંદર કાંઈ કાર્ય થાય, અભિપ્રાય ન હોય એને તો કામ થાય જ નહિ. એને તો ઉદય આવે એ ભેગો એમાં ડૂબી જાય છે. એનું કારણ એ છે કે પહેલાથી એણે અભિપ્રાયને ઠીક કરેલો નથી.

મુમુક્ષુ દશામાં પણ અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ આવી છે એમ સમજીને પ્રયોગ કરવો જોઈએ. આવે ત્યારે આમ કરશું એમ નહિ પણ જાણે અત્યારે આવી છે એમ સમજીને કેટલાક પ્રયોગો કરે છે અને એ પ્રયોગથી અભિપ્રાય એટલો દઢ કરે છે કે જ્યારે એવા પ્રસંગો આવે ત્યારે એ અંદરથી હલી ન જાય. ઉપરથી થોડી અસર થાય પણ અંદરથી એટલી અસર થાય નહિ. એવી સ્થિતિમાં રહી શકે.

મુમુક્ષુ :- કુટુંબના બધા સભ્યો સાથે અત્યારથી જ કેળવણી કરે. બહુ સરસ માર્ગદર્શન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સામે રાખીને. સામે રાખીને. ક્યારે ? વિચાર કરીને નહિ, સામે રાખીને બરાબર પ્રયોગમાં. કે આ સ્થિતિમાં એને જોઉં અત્યારે. અત્યારે એને આ સ્થિતિમાં જોઉં તો કેમ થાય ? આ સ્થિતિએ જોઉં તો કેમ થાય ? છેલ્લીસ્થિતિ. એવી જ પોતાની છેલ્લી સ્થિતિ. કે અત્યારે નાડ તૂટે છે એમ ખબર પડે તો મને મારા પરિણામ કેવા છે ? શું થાય મને ? કેમ થાય ? જ્ઞાતાભાવે રહેવું હોય તો એમાં કેમ થાય ? કે એકદમ અંદર ઘેરાઈને પરિણામ વેદનામાં ઊંડા ઊતરી જાય. કે વેદના વખતે કોઈ જાગૃતિ રહે એ બધો પ્રકાર અગાઉથી અભિપ્રાય, નિશ્ચય અને પ્રયોગથી દઢતા કરી હોય તો જાગૃતિ રહી શકે છે. સહજમાત્રમાં રહી શકે છે. નહિતર તો કાંઈ વિકલ્પ આવે એ પહેલાં તો ડૂબી ગયો હોય. વેદના આદિમાં ને પ્રતિકૂળતામાં કાંઈ વિચાર કરે એ પહેલા ડૂબી જાય એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુતાનું શાસ્ત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુમુક્ષુનું ઉત્તમ શાસ્ત્ર છે. એવું સરસ છે.

'**તથાપિ મૌનપણે સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો.**'

મુમુક્ષુ :- સમતાથી વેદવો...

પૂજ્ય ભાઈશ્રી :– સમતાથી વેદવો એટલે એ મારાથી ભિન્ન છે. જે કાંઈ છે એ મારું નથી. પાડોશીને થાય તો કેમ કાંઈ થાતું નથી ? થાય છે કાંઈ ? સામાન્ય સ્નેહ હોય એટલું ઉપર ઉપરથી થાય. પણ કોઈ ઘરનાને થાય એવું થાય છે ? પોતાપણું માન્યુ હોય એને થાય એવું થાય છે ? એવું નથી થતું. એ પ્રકારમાં એને આવી જવું જોઈએ. ભિન્નતા કરવી, પ્રયોગે કરીને ભિન્નતા કરવી. વિચારે કરીને માત્ર નહિ પણ પ્રયોગ કરીને ભિન્નતા કરવી. એ જ આનો સર્વોત્કૃષ્ટ ઉપાય છે. સમતા રાખવાનો એ સર્વોત્કૃષ્ટ ઊપાય છે.

**'તે કર્મ વેદવાથી અંતરાયનું બળ હળવું થશે.'** એમને–'સોભાગભાઈ'ને જે અંતરાય હતો. તે અંતરાયનું બળ ઘટાડવું હોય તો આર્તધ્યાન કરીને અંતરાયનું બળ નહિ ઘટાડી શકાય. ઊલટાનું અંતરાયનું બળ વધી જાશે. પણ જેટલા શાંત અને સમપરિણામ રહેશે એટલું અંતરાયનું બળ ઘટી જશે. **'શું લખીએ ? અને શું કહીએ ? એક આત્મવાર્તા જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ.'** આવી વાત છે. લ્યો ! આ બીજી જાતની વાત છે આ.

મુમુક્ષુ, આત્માર્થી જીવ જ્ઞાનીપુરુષને એમ કહે કે અમારા તમારા દાસ છીએ એ વાત તો યોગ્ય છે. પણ અહીં તો જ્ઞાનીપુરુષ ઊઠીને એમ કહે છે કે **'તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ.'** વ્યક્તિની વાત નથી. તમારો સત્સંગ મળે તો અમે કોઈનું દાસત્વ કરી લેવા તૈયાર છીએ. કહે છે ને ભાઈ ? આટલી નોકરી કરો તો આટલો પગાર આપીએ. એ શું છે ? નોકરી-ચાકરી શું ચીજ છે ? એક જાતનું દાસત્વ છે. તો કહે અમને સત્સંગ મળે તો અમે દાસત્વ કરી લઈએ. સત્સંગ મળવો જોઈએ. અમને એની સામે બીજું કાંઈ જોઈતું નથી. અમારે સત્સંગ સિવાય કાંઈ જોઈતું નથી એમ કહે છે.

કેમ કે પોતાનો વિકલ્પ બહાર આવે છે ને ? વિકલ્પ બહાર આવે છે એમાં જોયું સામે સર્વજ્ઞદેવ નથી, નિર્ગ્રંથ ગુરુ નથી, કોઈ જ્ઞાની નથી. હવે શું ? તો ઉત્કૃષ્ટ પાત્ર કોણ છે ? એમના પરિચયમાં આવેલા અનેક મુમુક્ષુઓમાં સૌથી ઉત્કૃષ્ટ પાત્ર 'સોભાગભાઈ' હતા. લોકોની (એટલી) સમજ નથી. એમના બધા આશ્રમોમાં 'સોભાગભાઈ'નું મહત્વ ઓછું છે. ઉત્કૃષ્ટ પાત્ર એ હતા. પામી ગયા હતા એ પછી. છતાં બીજા બીજાઓની વિશેષતા કરે છે લોકો. મહિમા કરે છે. 'સોભાગભાઈ'ને

બહુ યાદ કરતા હોય એવો પ્રકાર નથી. એનો અર્થ કે જે વિષયની ઓળખાણ નથી એ વિષયની સમજણ નથી. નહિતર જેના માટે પોતે એમ કહ્યું કે તમારા સત્સંગ માટે અમે તો દાસ છીએ ! તમારા સત્સંગના જ અમે દાસ છીએ એને કેટલું બહુમાન આવ્યું હશે !

અથવા એમના સત્સંગમાં રહેતા, સત્સંગનો યોગ રહેતા એમને પોતાને કેટલા આત્મભાવ વિશેષ આવિર્ભાવ થતા હશે. આ એક વિચારવાયોગ્ય વિષય છે. આમ કહેવાનું કારણ શું છે ? 'સોભાગભાઈ' કોઈ રાજા નહોતા, કોઈ શ્રીમંત નહોતા, કોઈ દેવ નહોતા. બહારની પરિસ્થિતિ તો એકદમ સાધારણ હતી. કે આર્થિક સ્થિતિમાં મૂંઝાય એવી પરિસ્થિતિમાં હતા. એને આ જ્ઞાનીપુરુષ, જેને રિદ્ધિ-સિદ્ધિના યોગ પ્રગટ્યા છે પાછા. કેવા છે એ ? એ તો વાત કરી. કે એવું કોઈ અમારા વિશુદ્ધ પરિણામથી એવું કાંઈ ઐશ્વર્ય સંભવે છે. જુઓ ૩૭૪ પાને.

૪૫૦ પત્રનો છેલ્લો મોટો પેરેગ્રાફ છે. અમારા વિષે **'જો કંઈ તેવું ઐશ્વર્ય હોય'** અમારા વિષે **'તો તેનું નહીં હોવાપણું કહી શકાતું નથી. તે ઐશ્વર્ય કેટલેક અંશે સંભવે છે;...'** એટલે છે એમ કહે છે. **'તથાપિ આ પત્ર લખતી વખતે એ ઐશ્વર્યની સ્મૃતિ થઈ છે,...'** ખાલી યાદ કર્યું છે. અત્યાર સુધી તો એને યાદ પણ અમે કર્યું નથી. **'નહીં તો ઘણા કાળ થયાં તેમ થવું સ્મરણમાં નથી;...'** અમને યાદ નથી કે આ બાબતમાં અમને વિકલ્પ પણ આવ્યો હોય. એવું અમને યાદ નથી. **'તો પછી તે સ્ફુરિત કરવા...'** એટલે એનો પ્રયોગ **'કરવા વિષેની ઇચ્છા ક્યારેય થઈ હોય એમ કહી શકાય નહીં,...'** એ તો વિચાર જ કરવાની વાત નથી. એ તો એમ કહી શકાય એવું નથી. આવી જેની અસાધારણ દશા છે કે આત્માના વિશુદ્ધપણાને લઈને કેટલીક બાહ્ય પરિસ્થિતિ એવી ચમત્કારિક હોય, ઐશ્વર્યવાળી, રિદ્ધિ-સિદ્ધિવાળી હોય એની સામું જોતાં નથી. એ એમ કહે છે કે એક સાધારણ કક્ષાના દેખાય. સમાજની દૃષ્ટિએ તો એકદમ સાધારણ કક્ષાના વૃદ્ધ માણસ દેખાય. તેદિ' તો ૫૦-૬૦ વર્ષે વૃદ્ધત્વ દેખાતું હતું.

અમે તમારા સત્સંગના દાસ છીએ. અહીંયાં વિચારવાયોગ્ય શું છે ? આટલું એક જ જરાક ઊંડા ઉતરવા જેવો વિષય છે અહીંયાં. કે એમના સમાગમમાં પોતાને આત્મભાવ છે, એક વિશેષ-વિશેષ આવિર્ભાવ થતા હતા. એવી કોઈ એની પાત્રતા હતી. ગણધરની ઉપસ્થિતિમાં તીર્થંકર ભગવાનની વાણી છૂટવા માંડે છે. ગણધરદેવ

છઠે-સાતમે ગુણસ્થાને છે. પોતે તેરમે ગુણસ્થાને છે. પણ સામે ઉત્કૃષ્ટ પાત્ર હોય તો અહીંથી વાણી છૂટવા માંડે છે. એમ અહીંયાં ઉત્કૃષ્ટપાત્ર હોય તો પોતાને આત્મભાવ વિશેષ થાય.

આપણે પણ દૃષ્ટાંત છે. 'પૂજ્ય ગુરુદેવશ્રી'નું દૃષ્ટાંત છે. 'ગુરુદેવ'ની પ્રવચનસભામાં 'પૂજ્ય બહેનશ્રી' બિરાજતા હતા. તો એ ભાવો જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો નીકળ્યા છે. અધ્યાત્મના ઊંચા ભાવો નીકળ્યા છે એ કોઈ નહોતા સમજતા એની સામે જોઈને નીકળ્યા, નહોતા સમજ્યા એની સામે... ઘણાખરા કાંઈ સમજ્યા નથી. જે સમજ્યા છે, જે ગ્રહણ કરી શકે છે, જે પકડી શકે છે એને કારણે નીકળે છે. તીર્થંકરની સભામાં ગણધરની હાજરીથી એ વાત નીકળે છે. એ પ્રકાર હતો. તો એનો લાભ બીજાને મળે છે. એ એમનો ઉપકાર ગણાય છે. ગણધરનો ઉપકાર ગણાય છે. કે તમે હતા તો અમને લાભ મળ્યો. નહિતર વાણી જ ન છૂટી હોત. ૬૬ દિવસ ન છૂટી એ નજર સામે દાખલો છે મહાવીર ભગવાનનો.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ની આટલી બધી વાણી બહાર આવી એમાં પણ 'બહેનશ્રી'નો ઉપકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અત્યારે જે વાણી ઉપલબ્ધ છે એનું કારણ એ છે. એમનો ઉપકાર છે. ઝીલનારા હતા તો અંદરથી ભાવ નીકળતા હતા. ઝીલનારા ન હોય તો નીકળે નહિ. ભાવ ગોપવાય જાય. એવું થાય. કોને કહે ? કાંઈ જડ સાથે વાત કરાય ? લાકડા સાથે વાત કરાય એની સામું જોઈને કાંઈ ? ન સમજે તો લાકડા જેવું છે. ન સમજે એ ચેતન પણ જડ જેવા છે. ઝીલનાર હોય તો વિષય નીકળે છે. એમ 'સોભાગભાઈ' કોઈ એવું પાત્ર હતા કે જેથી પોતાને વિશેષ અંદરથી ભાવ આવતા હતા. તો કહે અમે તમારા સત્સંગના દાસ છીએ. એમ કરીને એ વાત કરી. પોતાના લાભની વાત કરી છે. અમને આ પ્રકાર છે તમારી સાથેનો. સીધો આ પ્રકાર છે. એ પોતે પહેલેથી અનુભવ કર્યો છે.

મુમુક્ષુ :– અહીંયાં પણ 'સોભાગભાઈ'ના પત્રમાં જે નીકળ્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :– બીજે ક્યાંય એ તત્ત્વ નથી. જેટલું ઊંડું તત્ત્વ 'સોભાગભાઈ'ના પત્રમાં નીકળે છે એટલું બીજે ક્યાંય આવ્યું નથી. એ વાત પણ બરાબર છે.

**'અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો.'** અમે તમારા

ચરણમાં નમસ્કાર કરીએ છીએ. દાસત્વ તો અમે જાહેર કરીએ છીએ પણ કાંડુ કાપીને લેખિત આપે છે. મોઢાની વાત હોય તો કહે કે, ભાઈ ! તમે સમજ્યા નહિ હોય. અમે કાંઈક બીજું કીધું હતું. એવી વાત નથી. લેખિત કરી દીધું છે. દસ્તાવેજ કરી દીધો છે. એની વાત છે. **'એ જ વિનંતી.'** છે. આ રીતે આ એક એવો પ્રસંગ પત્રથી જાણવા મળે છે કે મુમુક્ષુજીવને સત્સંગની રુચિ અને પ્રીતિ કેટલી હોવી જોઈએ ? જો આવા સમર્થ જ્ઞાનીને સત્સંગની આટલી રુચિ અને પ્રીતિ હોય છે કે જે એમને પોતાને આત્મલાભનું કારણ છે. મુમુક્ષુને તો એ વાતનો વિચાર કરવા જેવો નથી.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' તો એકદમ આગળ નીકળી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. **'દાસાનુદાસ રાયચંદના પ્રણામ વાંચજો.'** દાસ તો નહિ પણ દાસાનુદાસ. એકજગ્યાએ એમણે... કદાચ આગળ આવશે કે 'રવજીભાઈ'ના કુટુંબ માટે. બનતા સુધી એમના પિતાજીનું નામ 'રવજીભાઈ' હતું. 'રાયચંદ રવજીભાઈ મહેતા'. 'રવજીભાઈ'ના કુટુંબ માટે જે પ્રવૃત્તિ કરવી પડે છે તે પ્રવૃત્તિ તમારા કુટુંબ માટે કરવી પડે તો અમને કાંઈ વાંધો નથી. અમને પણ એથી વાંધો નથી. પણ અમે એ રસ્તે તમને દોરવવા માગતા નથી, કે એ રસ્તે અમે તમે લઈ જવા માગતા નથી. અમારે કોઈ બીજા રસ્તે તમને લઈ જવા છે એટલે એ પ્રવૃત્તિ અમે કરતા નથી. અને એ પ્રવૃત્તિ નહિ કરવા માટે જ તમે અમારી સાથે વર્તાવ રાખજો. એ પ્રવૃત્તિ કરાવવાનો કોઈ વર્તાવ રાખશો નહિ. પણ એટલે હદ સુધી ખુલાસો કર્યો છે પોતે. અમે અમારા કુટુંબ અને તમારા કુટુંબ વચ્ચે અમે ભેદ નથી જોતા. જે પ્રવૃત્તિ અમારા.. કહેવાતું અમારુ કુટુંબ. અમારુ તો ક્યાં છે ? પણ કહેવાતુ અમારુ કુટુંબ. એના માટે જે કાંઈ કરીએ છીએ એ તમારું કહેવાય છે એના માટે કરીએ તો અમને કોઈ તફાવત નથી લાગતો. અમને બેય વાત સરખી છે. તમારી આધ્યાત્મિક પરિસ્થિતિની મુખ્યતા પાછળ અમે જાણી જોઈને સમજીને બહુ ઊંડી સમજણથી કેટલીક રીતે જે વર્તવા માગીએ છીએ એ રીતે અમે વર્તશું. એ માર્ગથી અમે વિચલિત થવા માગતા નથી. સંયોગોને લઈને કોઈ માર્ગથી વિચલિત થવાની અમારી ઇચ્છા નથી. એ બહુ સ્પષ્ટ કર્યું છે. એક જગ્યાએ આવશે એ વિષય.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' અને 'સોભાગભાઈ' બે પાત્ર. આ બાજુ 'ગુરુદેવ' અને 'માતાજી' અને પાછા એમના ઉપર પ્રવચનો થયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કહેતા હતા પેલા 'રવાણીભાઈ' 'ગુરુદેવ'ને કહેતા હતા. કે આચાર્યોના શાસ્ત્ર ઉપર (પ્રવચન આપો), આચાર્યો તો આપના ગુરુ છે એમ કહે. કે આપના ગુરુના વચનો ઉપર આપ પ્રવચનો આપો. ઠીક વાત છે. પણ આપના શિષ્યના વચનો ઉપર આપ પ્રવચનો આપો એ કોઈ બીજી વાત છે પાછી. એમ કરીને વાત લેતા હતા.

અને ખરેખર એમ છે. 'ગુરુદેવ'ને ખાસ કરીને જે મુમુક્ષુતાનો વિષય આવ્યો છે. આત્માર્થીપણાનો. યથાર્થ ભૂમિકા આત્માર્થીની કેવી હોય એ વિષય પોતે જે પ્રકારે, જે પ્રકારથી પસાર થયા છે. ત્યાંથી એ માર્ગે પસાર થયા છે. પછી જ્ઞાનદશામાં આવ્યા છે. તો એમણે પોતાના અનુભવ જ લખ્યા છે ખરેખર. એ શાસ્ત્રના વચનોથી વાત નથી કરી. પણ પોતાના અનુભવની વાત કરી છે. આમ થાય, આમ હોવું ઘટે, આમ થાય.. આમ થાય.. આમ થાય... એ ખ્યાલ આવી ગયો 'ગુરુદેવ'ને.

અહોહો..! આ તો મુમુક્ષુ માટે (કામની વાત છે.) આપણે અહીં શાસ્ત્રનો સ્વાધ્યાય કરીએ છીએ અને 'ગુરુદેવ' તો મુખ્યપણે પોતાનો સ્વાધ્યાય કરતા હતા. પણ આ તો મુમુક્ષુ માટે બહુ ઉચ્ચકોટીની વાત છે, ઉત્તમ વાત છે એટલે એમને એ વિશેષ એ ગ્રંથ ઉપર ભાવનાથી વાત કરી કે આ તો ખરેખર મુમુક્ષુજીવને બહુ લાભનું કારણ છે. એટલે આનો પ્રચાર વિશેષ કરો. આ ગ્રંથનો પ્રચાર વિશેષ કરો. લાખ છપાવો એમ કરીને જે વાત કરી એનું કારણ એ છે. અંદરનો જે વિષય છે એ મુમુક્ષુને વધારે યોગ્ય છે.

એ ૪૫૩ થયો.

**પત્રાંક-૪૫૪**

**ૐ**

**મુંબઈ, પ્રથમ અસાડ વદ ૪, સોમ, ૧૯૪૯**

**સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યા નથી; અથવા જ્ઞાનીપુરુષના દર્શન પણ તેણે કર્યાં નથી,**

એમ તીર્થંકર કહે છે.

જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાનીપુરુષનાં વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાનીપુરુષને જોયા નથી, એમ તમે જાણો.

જ્ઞાનીપુરુષના વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં.

ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.

જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર સ્થાયી થવાને વિષે ઇચ્છે નહીં.

એ આદિ વચનો તે પૂર્વે જ્ઞાનીપુરુષો માર્ગાનુસારી પુરુષને બોધતા હતા.

જે જાણીને, સાંભળીને તે સરળ જીવો આત્માને વિષે અવધારતા હતા.

પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ તે વચનોને અપ્રધાન ન કરવા યોગ્ય જાણતા હતા, વર્તતા હતા.

તમ સર્વ મુમુક્ષુભાઈઓને અમારા ભક્તિભાવે નમસ્કાર પહોંચે. અમારો આવો ઉપાધિજોગ જોઈ જીવમાં ક્લેશ પામ્યા વિના જેટલો બને તેટલો આત્માસંબંધી અભ્યાસ વધારવાનો વિચાર કરજો.

સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો

**સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જેમ બને તેમ નિવૃત્તિકાળ, નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિદ્રવ્ય, અને નિવૃત્તિભાવને ભજજો. તીર્થંકર ગૌતમ જેવા જ્ઞાનીપુરુષને પણ સંબોધતા હતા કે સમયમાત્ર પણ પ્રમાદ યોગ્ય નથી.**

**પ્રણામ.**

૪૫૪.

'અંબાલાલ' આદિ મુમુક્ષુ ભાઈઓ 'ખંભાત'.

**'સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યા નથી; અથવા જ્ઞાનીપુરુષના દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.'** તીર્થંકરદેવના નામે વાત કરી છે. હવે આ મુમુક્ષુને વિચારવાયોગ્ય થોડોક વિષય છે.

મુમુક્ષુ :– બહુ સરસ વાક્ય બોલ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમની શૈલી એવી છે કે પાત્રજીવને તો એના હૃદયની સોંસરવટ ઉતરી જાય એવો વિષય છે.

કે જ્ઞાનીપુરુષ મળ્યા છે ? તો બધા કહે હા અમે તો જ્ઞાનીપુરુષને મળ્યા છીએ, જ્ઞાનીપુરુષના અમે દર્શન કર્યા છે. અમે તો ઘણીવાર દર્શન કર્યા છે. તારા અંતરના કાળજાને તપાસીને એક પ્રશ્ન પૂછ કે, તને સંસાર ઉપર સ્પષ્ટપણે પ્રીતિ અને રુચિ છે કે નહિ ? કે આ સંસારની બાજી સંકેલીને હવે બીજી દિશામાં જવાની તારી રુચિ અને પ્રીતિ છે. આ નક્કી કરીને તું મને કહે. જો તને તારું અંતર તપાસતા એમ લાગે કે સ્પષ્ટ પ્રીતિથી હજી મારા પરિણામ સંસારપ્રત્યે લાગે છે તો તે જ્ઞાનીપુરુષના દર્શન કર્યા છે એ વાત તીર્થંકર ના પાડે છે. કે જ્ઞાનીપુરુષના તે વચન સાંભળ્યા છે એ વાતની તીર્થંકરદેવ ના પાડે છે. તું ભલે માનતો હોય કે અમે તો જ્ઞાનીના દર્શન કર્યા છે, અમે તો જ્ઞાનીના પ્રવચનો સાંભળ્યા છે. તીર્થંકરદેવ એને ના પાડે છે. તે વચન પણ સાંભળ્યા નથી, તે દર્શન સુદ્ધા કર્યા નથી. આ એક બહુ અંતરંગ મહત્વની વાત કરી છે. મુમુક્ષુજીવે પોતાની મુમુક્ષુતા માપવાનો આ પત્ર છે. એમ

કહીએ તો ચાલે. બીજી પણ જે જે વાતો લખી છે. એણે પોતાની મુમુક્ષુતા માપી લેવા જેવી વાત છે.

**'જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે.'** કેડ કોઈએ ભાંગી નાખી હોય. એવો પ્રહાર કર્યો હોય. કોઈ મોટા ધોકાનો, લાકડાનો. કેડ ભાંગી નાખે. પછી કોઈ શારીરિક પરિશ્રમનું કોઈ કાર્ય ન કરી શકે માણસ. એ તો જે આ યોગના પ્રયોગ કરે છે એને તો ખ્યાલ હશે. મનુષ્ય શરીરનું, શરીર શક્તિનું કેન્દ્રસ્થાન ક્યાં છે ? તો કમર, પાછળ કરોડરજ્જુમાં પાછળના ભાગમાં. જેને ચક્ર કહે છે. એને કુંડલીનીચક્ર કે એવું કાંઈક નામ એ લોકો આપે છે. કુંડલીનીચક્ર એવું નામ આપે છે. એટલે તો ધ્યાનસ્થ અવસ્થામાં ટટ્ટાર બેસવાનું છે. પુરુષાર્થના પ્રયોગમાં. જે યોગના પ્રયોગ કરે છે એને ટટ્ટાર બેસવાનું હોય છે. એ બધું બળ ત્યાં છે. અને એનો સ્થૂળ પૂરાવો એ છે કે ત્યાં ઘા કર્યો હોય અને કેડ ભાંગી નાખે. પછી કોઈ માણસ એક બે કિલો વજન ઉચકવું હોય તો ન ઉંચકી શકે. વજન તો હાથથી ઉચકવાનો છે. ત્યાં કાંઈ કેડ ઉપર ભાર નથી આવતો પણ ઉંચકી ન શકે. કેમકે એની તમામ શક્તિ છે એ એક જગ્યાએ રહેલી છે.

**'જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાનીપુરુષના વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે...'** ઉપદેશની લાકડી જેને વાગી છે **'તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે,...'** તે પ્રકારે એટલે ? કેડ ભાંગી ગઈ હોય એવા પ્રકારે **'સંસાર સંબંધી બળ હોય છે,...'** સંસારમાં હોય. સંસારની પ્રવૃત્તિ ને સંસારના કાર્ય કરતો દેખાતો હોય પણ એનું બળ અંદરમાં ન હોય. નીરસ થઈ જાય. એ વિષયના એના નિર્બળ પરિણામ હોય. **'એમ તીર્થંકર કહે છે.'** આમ કરીને મુમુક્ષુજીવને સંસારમાં રહ્યા પણ જ્ઞાનીપુરુષનો ઉપદેશ સ્પર્શ્યો હોય તો એનું સંસારબળ ઘટી ગયું હોય. નિરુત્સાહ થઈ જાય. સંસારના કાર્યોમાં એ એકદમ નિરુત્સાહ થઈ જાય. એને ઉત્સાહ આવે નહિ, ઉમંગ આવે નહિ, જોરથી ધસે નહિ એની અંદર. અને જો એવું ન થાય તો એને જ્ઞાનીપુરુષના વચન સાંભળ્યા છે કે એના દર્શન કર્યા છે એ વાત રહેતી નથી. એમ કહેવા માગે છે. વિશેષ હવે પછી...

## તા. ૨૪-૫-૧૯૯૦, પ્રવચન નં. ૧૬૪
## પત્રાંક - ૪૫૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત ગ્રંથ. પત્રાંક ૪૫૪. પાનું ૩૭૬.

'મુંબઈ'થી 'અંબાલાલભાઈ' આદિ મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલો આ પત્ર છે. મુમુક્ષુજીવને પોતાના પરિણામ આ પ્રકારે થાય છે કે નહિ ? એ સંબંધી તપાસ કરતાં જ્ઞાનીપુરુષોના બોધની અસર પોતાના પરિણામને વિષે કેટલા અંશે છે કે નથી એ વિષે પોતાને ખ્યાલમાં આવે. ફરીથી શરૂથી લઈએ. થોડું વંચાઈ ગયું છે. શરૂથી લઈએ.

**'સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યા નથી;...'** શું કહે છે ? કે ધર્મના ક્ષેત્રમાં તો જીવ આવે છે. કોઈ ઉદય યોગે ધર્મના ક્ષેત્રમાં જીવ આવે છે અને ધર્મ કરવો છે એવી ઓછા-વત્તા પ્રમાણે ભાવના લઈને આવે છે. જ્યારે આવે છે ત્યારે કલ્યાણ કરવું છે, ધર્મ કરવો છે એવી ભાવના જીવની પ્રારંભમાં તો ઓછા-વત્તા પ્રમાણે હોય છે. પછી પાછળથી એ વિસ્મરણ કરી જાય છે અને બીજા રસ્તે ચડી જાય છે એવો સંભવ છે. પણ અહીંયાં થોડું ઊંડાણથી 'શ્રીમદ્જી' કહેવા માગે છે કે તું તારા આત્માને પૂછી જો કે તારે એકાંતે છૂટવું જ છે ? એકાંતે મોક્ષ સિવાય બીજું કાંઈ (જોઈએ છે ?)

જેને થોડું સાથે કરવું છે એને ખરેખર સ્પષ્ટ પ્રીતિથી મોક્ષ પ્રત્યે જવું નથી. જેને સ્પષ્ટ પ્રીતિથી મોક્ષ પ્રત્યે જવું નથી, એને સ્પષ્ટ પ્રીતિથી સંસારમાં જવું છે એ વાત આપોઆપ સિદ્ધ થઈ જાય છે. આ તો એક અંતરને ઢંઢોળવાનો વિષય છે કે ખરેખર તારે મોક્ષ જ જોઈએ છે ? પરિભ્રમણથી છૂટી જ જવું છે ? એમ ખરેખર છે ? અને ખરેખર એમ હોય તો સંસારની પ્રીતિ છે, એ બે વાત એક મ્યાનમાં બે તરવાર જેવી થઈ જાય છે. કેમ કે અહીંયાં રુચિ સાથે, પ્રીતિને રુચિ સાથે અહીંયાં સંબંધ છે. ચારિત્રમોહનો વિષય નથી કહેવા માંગતા.

અહીંયાં બોલ કેટલાક ચારિત્રમોહને લગતા દેખાશે પણ ખરેખર એ દર્શનમોહ સાથે અવિનાભાવી સંબંધ (રાખે છે), રુચિપૂર્વકના હોવાથી એને માત્ર ચારિત્રમોહ ગણવા યોગ્ય નથી. નહિતર ભૂલ શું કરે છે જીવ ? કે જ્ઞાની પણ સંસારમાં હોય છે અને અનેક પ્રકારના ચક્રવર્તી પર્યંતના ઉદય પણ જ્ઞાનીપુરુષને હોય છે. તો કહે છે એ વાત તો કાંઈ આલંબન લેવા અર્થે કહી નથી. શાસ્ત્રમાં પુરાણમાં એ વાતો આવે છે અવશ્ય, પણ એ કોઈ મુમુક્ષુજીવને એનું આલંબન લેવા માટે નથી કહી પણ તે તે પ્રસંગોમાં પણ એમણે પોતાના આત્માને શ્રદ્ધા-જ્ઞાનથી વળગી રહેવાનું છોડ્યું નથી. એવી દૃઢ પરિણતિ એવી પરિસ્થિતિમાં પણ વર્તે છે એ દર્શાવવા માટે કહ્યું છે. એનો આધાર લેવા માટે તો હરગીઝ કહ્યું નથી.

'ઉપદેશ છાયા'માં તો એક જગ્યાએ પોતે એમ કહે છે કે, જ્ઞાની કરતાં પણ મુમુક્ષુનો વૈરાગ્ય વધી જવો જોઈએ. એનો અર્થ એ છે કે જેની પાસે શક્તિ છે એ પાંચ પૈસા વેડફી નાખશે તો એને નહિ દેખાય. પણ જેની કાંઈ આર્થિક શક્તિ નથી એ પૈસાનો દુર્વ્યય થોડો પણ કરશે તો મુશ્કેલીમાં આવી જશે. એમ મુમુક્ષુજીવને આત્મશક્તિ હજી પ્રગટ નથી થઈ અને રાગ-રસમાં એનો શક્તિનો વ્યય થાય તો એ આગળ નહિ વધી શકે, પાછળ પડી જશે. જ્ઞાનીને તો દર્શનમોહનો અભાવ થઈ ગયો છે. એને માત્ર ચારિત્રમોહનો રાગ એની પરિણતિને નુકસાન નહિ કરી શકે. એની પરિસ્થિતિ જુદી છે. એનો આધાર અને આલંબન લઈને તું આગળ જઈશ એ વાતમાં કાંઈ માલ નથી.

મુમુક્ષુ :- મુમુક્ષુનો વૈરાગ્ય વધી જવો જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :- વધી જવો જોઈએ, એમ કહે છે. આવી વાત છે થોડી. કેમ કે જેને ઉપડવું છે એને એટલા જોરથી ઉપડવું જોઈએ. જ્ઞાનીપુરુષનો અંતર વૈરાગ્ય તો ઘણો છે પણ કદાચ બહારમાં એ ઉદયવશ ન પણ દેખાય એવો પણ પ્રકાર ભજે, ભજે તો ભજે, પણ એ જોઈને કોઈ મુમુક્ષુ એ પ્રકારે પ્રવર્તે અથવા બધી બાબતમાં જ્ઞાનીની કોઈ નકલ કરવાની હોય છે એ પ્રકાર યોગ્ય નથી.

મુમુક્ષુ :- અભિમાન ન ચડી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ?

મુમુક્ષુ :- જ્ઞાની કરતાં વધારે વૈરાગ્યમાં આવે તો અભિમાન ન ચડી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– વધારે ક્યાં છે ? એ તો ઓછો જ માને છે. એ તો દેખાવ એવો થાય છે. ખરેખર કાંઈ જ્ઞાની કરતાં વધારે નથી. એટલી એની તૈયારી હોવી જોઈએ કે જ્ઞાનીને ઉદય અનુસાર પ્રવર્તવું બને પણ મને તો પોસાશે નહિ. કેમ કે એમણે તો દર્શનમોહનો અભાવ કરી નાખ્યો છે અને પોતાને તો ચીકણા પરિણામ થયા વિના રહેશે નહિ. ઉદયમાં જે ચીકણા પરિણામ છે, રસવાળા પરિણામ છે, એ સંસાર પ્રત્યે એની સ્પષ્ટ પ્રીતિને અને સ્પષ્ટ રુચિને દર્શાવનારા પરિણામ છે. એટલે પોતાની ઇચ્છાઓને તપાસવી, એમ કહે છે. જે જે ઇચ્છા થાય એને તપાસવી. સ્પષ્ટ પ્રીતિથી આ ઇચ્છા થાય છે કે એનો અંદરમાં નકાર અને નિષેધ આવે છે ? એ રીતે વિચારવું. તો એને...

મુમુક્ષુ :– એ તો ટાઈમ વ્યતીત થયા ત્યાર પછી ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :– ખ્યાલ આવે તો નિષેધ આવે છે એમાં તો મોડું થાય છે પણ વર્તતા પરિણામ વિષે જાગૃતિમાં આવવું ઘટે છે. કેમ કે નુકસાન થઈ ગયું. ઘી ઢોળાઈ ગયું પછી એ તો ઢોળાઈ ગયું. રસ્તા ઉપર રેતીમાં, ધૂડમાં ઘી ઢોળાઈ ગયું હોય એ કાંઈ એક ટીપું પણ હાથમાં આવે નહિ. એ તો જમીન પી જાય તરત જ. અંદર જ ઉતરી જાય.

મુમુક્ષુ :– એ પ્રકારનો અભિપ્રાય જ અંદરમાં દઢ થતો હોવો જોઈએ. પરિણામ ગમે તે પ્રકારના થાય ...

પૂજ્ય ભાઈશ્રી :– અથવા જાગૃતિ એટલી હોવી જોઈએ, એટલો પોતે જાગૃત હોવો જોઈએ. જેમ કોઈ દરવાજે, મકાનના દરવાજે ચોકીદાર બેઠો હોય તો ગાયને, બકરાને, કૂતરાને અંદર પેસવા નથી દેતો ને ? એમ જાગૃત હોય છે જે જીવ, મુમુક્ષુ દશામાં જાગૃત હોય છે તો તીવ્ર રસે કરીને પરિણામ ન થાય. પરિણામ થશે ખરા. પણ તીવ્ર રસે કરીને નહિ થઈ શકે. અથવા એમને એમ ચાલ્યો જાય. પાછળથી જે વિચાર આવે છે એમાં શું છે કે ? જ્યારે થાય છે ત્યારે તો કાંઈ ખબર નથી એને. એમને એમ ચાલ્યો જાય છે. પાછળથી થોડોક વિચાર આવી જાય છે. કે અરે..! આટલું બધું તો નહોતું થવું જોઈતું. તો એમાં તો કાંઈ હાથમાં આવતું નથી. વળી પાછું એમને એમ થઈ જાય છે. ફરીને પાછું એમ જ થઈ જાય છે. વળી પાછળથી વિચાર આવે છે, ફરીને પાછું એમને એમ થાય છે. એ કોઈ સચોટ ઉપાય નથી.

સરખો ઉપાય નથી. એ તો આત્માનો સ્વભાવ પરિપૂર્ણ નિર્દોષ છે એટલે કોઈપણ જીવને એમ થાય. ચોર ચોરી કરે તો એને એમ થાય કે આ ધંધો સારો નથી મારો. પણ શું થાય મારે પેટ માટે કરવું પડે છે. એ એવું બહાનું પકડે છે કે ધંધો તો મારો સારો નથી પણ મારે પેટ સાટું કર્યા વગર છૂટકો નથી. એમ આ પણ સમાધાન કરે કે આ પરિણામ થવા તો ન જોઈએ પણ હવે આપણે અમુક પ્રકારે એવી રીતે ઉદયમાં છીએ ને કે થયા વગર ચાલે એવું નથી, કર્યા વગર ચાલે એવું નથી. અથવા તો એ શું કરીએ હવે ? આપણી ભૂમિકા પણ જરાક એવી જ છે. એમ કરીને ગમે તે બહાને સમાધાન જીવ કરી લે છે પાછો. એ સમાધાન નથી પણ એ પ્રકારથી દોષના પરિણામને અનુમોદન થઈ રહ્યું છે. નહિતર ઇચ્છા વિરુદ્ધ પરિણામ થાય એની આકુળતા થયા વિના રહે નહિ. બહારમાં ઇચ્છા વિરુદ્ધ કામ થાય તો આકુળિત થઈ જાય છે કે નહિ ? ઘરમાં ધાર્યું ન થાય, બીજે ક્યાંય ધાર્યું (ન થાય), પોતે ઇચ્છે એ પ્રમાણે ન થતું હોય તો કેવી આકુળતા કરી બેસે છે ? એમ અહીંયાં પણ એને ઘણી આકુળતા થાય અને જાગૃતિ એ જ વખતે આવે એ જરૂરી છે ખરેખર તો. તો રસ તૂટે. એ જ વખતે જો જાગૃતિ ન આવે તો રસ ન તૂટે, રસમાં તણાઈ જાય. અને એ જ તત્ત્વદૃષ્ટિએ બંધ છે.

મુમુક્ષુ :– એ જ વખતે જાગૃતિ આવે એના માટે અભ્યાસ...

પૂજ્ય ભાઈશ્રી :– અભ્યાસ એટલે ખરેખર તો જ્ઞાનીપુરુષનો બોધ છે એ કોઈ ગંભીરતાથી, જે ગંભીરતાથી એને લક્ષમાં લેવો જોઈએ, જેને ભાવથી શ્રવણ, ભાવથી શ્રુત કર્યું હોય એવો પ્રકાર હોય તો જાગૃતિ આવે છે. સિદ્ધાંત એવો છે કે જો જાગૃતિ ન આવે તો એણે ભાવથી નથી શ્રવણ કર્યું. શ્રવણ કરતી વખતે એનું લક્ષ નથી. આત્મહિત ઉપર એનું લક્ષ નથી અને લક્ષ ક્યાંક બીજે છે. ભાવથી શ્રવણ કર્યું હોય તો જાગૃતિ આવ્યા વિના રહે નહિ. અને જાગૃતિ ન આવી તો એણે શ્રવણ કર્યું શું ? સાંભળ્યું શું ? જ્ઞાનીપુરુષ મળ્યા, એનો ઉપદેશ સાંભળ્યો. પણ શું સાંભળ્યું ? કે કાંઈ સાંભળ્યું નથી. કેમ કે પોતાને નુકસાન થાય એની જ પોતાને એ વખતે ખબર ન પડે તો બચે કેવી રીતે ? નુકસાન થઈ ગયા પછી થયું તો ન થયું થતું નથી, થઈ શકતું નથી. બચવું હોય તો જાગૃતિ વગર તો મુમુક્ષુતા ખરેખર ન ગણાય એવી પરિસ્થિતિ છે.

એટલે અહીંયાં એ કહે છે કે તપાસ તારા અંતરને કે તારી ઇચ્છાઓમાં સ્પષ્ટ પ્રીતિ અને સ્પષ્ટ રુચિ રહેલી છે ? તો તે પુરુષે જ્ઞાનીના વચન સાંભળ્યા નથી. સાંભળ્યા હોવા છતાં સાંભળ્યા નથી એમ કહેવું છે. સાંભળ્યા નથી એટલે સાંભળ્યા નથી એમ નહિ પણ સાંભળ્યા હોવા છતા સાંભળ્યા નથી. સાંભળ્યા તો નથી પણ એણે જ્ઞાનીપુરુષના દર્શન પણ કર્યાં નથી, એમ કહે છે. આ જરા વાત, વિચારવા માગે એવો વિષય છે.

જો આપણે એમ સમજતા હોઈએ, એમ જાણતા, માનતા હોઈએ કે ના, ના અમે તો જ્ઞાનીપુરુષના દર્શન કરીએ છીએ. જ્ઞાનીપુરુષની પાસેથી પ્રત્યક્ષ બોધ સાંભળવાનો લાભ અમને મળે છે તો તારી જે વિષય ઉપર, જે ઉદય ઉપર સ્પષ્ટ પ્રીતિ છે, એ ઉદયને તપાસી લે. એ ઉદય સાથેના તારા ભાવને તપાસી લે તો તને ખ્યાલ આવશે કે તેં જ્ઞાનીપુરુષને સાંભળ્યા છે કે નથી સાંભળ્યા ? તેં એના દર્શન કર્યા છે કે નથી કર્યા ?

અહીં તો કહે છે કે દર્શન પણ કર્યા નથી. શું ! પણ એનો અર્થ શું છે ? શું કહેવા માગે છે અહીંયાં 'શ્રીમદ્જી' ? કે જ્ઞાનીપુરુષના જ્ઞાનીપુરુષ તરીકે જેને દર્શન થાય છે, જ્ઞાનીપુરુષના, જ્ઞાનીપુરુષ તરીકે જેને દર્શન થાય છે એના પરિણામ સંસાર પ્રીતિથી પાછા વળ્યા રહે નહિ. આ નિયમ છે. નિયમ છે એટલે પોતાના અનુભવનો વિષય એમણે પ્રસિદ્ધ કર્યો છે કે અમને આવો અનુભવ થયો છે. જે કાળે અમે કોઈ જ્ઞાનીપુરુષના દર્શન કર્યા છે, જ્ઞાનીપુરુષને ઓળખ્યા છે ત્યારથી અમારા પરિણામ પાછા વળી ગયા છે. કોઈપણ કિંમતથી, કોઈપણ ભોગે, કોઈપણ કારણે, કોઈપણ બહાને આ સંસાર ન જોઈએ, ન જોઈએ, તે ન જ જોઈએ. એ રીતે પરિણામ પાછા વળી ગયા છે. જેને આગળ 'શ્રીમદ્જી' એમ કહી ગયા કે દૃઢ મોક્ષેચ્છા. દૃઢ મોક્ષેચ્છા જીવને થયા વિના એ ચાલતા ઉદયમાંથી પાછો વળી શકે નહિ. પાછો વળે જ નહિ. ઉદયમાં દોડ્યો જ જાય. પછી ભલે શાસ્ત્ર લઈને બેસે. પછી ભલે ગમે તે એને વિચાર આવે, વિકલ્પ આવે, સાંભળવાનું થાય, કહેવાનું થાય, ચર્ચા કરવાનું થાય, વિચારવાનું થાય. એમ નહિ, એ રીતે તો કોઈ કાળે પણ કામ પૂરું થાય નહિ કે કામ શરૂ થાય પણ નહિ.

**'જ્ઞાનીપુરુષના દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.'** શું કહે છે ?

અમે કહીએ છીએ એ તો અમારા અનુભવથી કહીએ છીએ, પણ તીર્થંકરદેવ આમ કહે છે. એનો અર્થ કે આ સિદ્ધાંત છે. આવો પ્રકાર પરિણામની અંદર આવવો ઘટે છે. આવો પ્રકાર ન ઉત્પન્ન થાય તો તીર્થંકર કહે છે એ વાત તારે સંમત નથી. તીર્થંકરદેવની વાત સાથે તું સંમત નથી થતો.

મુમુક્ષુ :- ૪૫ વર્ષ સુધી પૂજા કરી, સાંભળ્યું...

પૂજ્ય ભાઈશ્રી :- ભાઈ ! એવા અનંતા ગયા છે. આ ભવના ૪૫ ગયા નહિ, એવા આ જીવના અનંતા ગયા છે. અનંત વાર તીર્થંકરદેવની આજ્ઞા ઉપર પગ મૂકીને ચાલ્યો છે. તીર્થંકરદેવની આજ્ઞાનો ભંગ કર્યો છે. એમ તો નહિ, સામે પૂરે ચાલ્યો છે. ખરેખર તો પોતે સામે પૂરે ચાલ્યો છે.

મુમુક્ષુ :- બચવું હોય તો શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- બચવું છે તો દઢ મોક્ષેચ્છા કરવી કે છૂટવું જ છે. એકવાર છૂટવાની ભાવના થતાં એ માર્ગને માટે દઢ થઈને ઝૂર્યા વિના માર્ગના અંશનું અલ્પ પણ ભાન થઈ શકે એવી પરિસ્થિતિ નથી. એ પાત્રતાનો વિષય છે. એટલી પાત્રતા આવે ત્યારે માર્ગ બાજુ કાંઈક જગ્યા થાય છે. નહિતર આ જીવે પોતાને એટલો બધો આવરિત કર્યો છે, એટલો બધો આવરિત કર્યો છે કે એને કેટલો પોતાને આવરિત કર્યો છે એની પણ ખબર નથી. અને ક્યાં ઊભો છે અને ક્યાંથી આગળ ચાલવું છે એની ખબર નથી. અને એમને એમ બધું ચાલે છે ગાડું. અંધારામાં કુદકા મારવા જેવી વાત થાય છે.

મુમુક્ષુ :- માતાજીના બોલને અને આ બોલને બધું મળતું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણે કાળના જ્ઞાનીની એક જ વાત હોય. કોઈપણ જ્ઞાનીના વચનામૃતમાંથી આ આત્માને જે ઉપદેશ લેવાનો છે એમાં સપનામાં વિચારવા જેવું નથી કે આ જ્ઞાની વચ્ચે અને આ જ્ઞાની વચ્ચે કાંઈક વાતમાં ફેર પડે છે. એ તો સ્વપ્ને પણ વિચારવા જેવું નથી. કથનની શૈલીમાં ફેર અવશ્ય પડશે. કેમ કે એ ઉદયભાવ સાથે સંબંધ ધરાવે છે. પણ અભિપ્રાયમાં, તત્ત્વમાં, વિષયમાં ક્યાંય કોઈનો ફેર પડે એવું ત્રણ કાળમાં બનતું નથી. 'આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય, થાશે કાળ ભવિષ્યમાં માર્ગભેદ નહિ કોઈ.' કોઈ ભેદ પડવાનો નથી. એ તો સપનેય વિચારવા જેવો વિષય નથી.

હવે કહે છે કે **'જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે.'** આ દૃષ્ટાંત છે. કેડ ભાંગી ગઈ હોય, કોઈ એવું મોટું લાકડું પડ્યું હોય કેડ ઉપર અને કેડ ભાંગી ગઈ હોય પછી કોઈપણ શારીરિક પરિશ્રમ, એ મનુષ્ય કરી શકતો નથી. તેનું બધું શરીરબળ પરિક્ષીણપણાને પ્રાપ્ત થયું છે. લાકડીનો પ્રહાર થયો છે. આ દૃષ્ટાંત સાથે મેળ લીધો છે કે જ્ઞાનીનો ઉપદેશ કોણે સાંભળ્યો ? કે જેના સંસાર પ્રત્યેના પરિણામ છે એ પરિણામનું બળ તૂટી ગયું હોય, એનો રસ તૂટી ગયો હોય.

બળ ક્યાં છે પરિણામનું ? પરિણામનું બળ પરિણામના રસમાં રહેલું છે. પછી અવળું હોય કે સવળું હોય. જેટલો રસ તીવ્ર એટલી પરિણામની અંદર શક્તિ વધારે, બળ વધારે. રસ તૂટી જાય છે, સંસારનો રસ જેનો તૂટી ગયો છે એની કેડ ભાંગી ગઈ છે. કરવું પડે એક બીજી વાત છે અને પોતાને કરવું છે એ બીજી વાત છે. બસ, આટલું જ તપાસવાનું છે. અંદરનો તપાસનો વિષય એટલો છે કે તારે કરવું પડે છે કે તારે કરવું છે ? બેમાંથી શું છે ? નક્કી કર. કયા પ્રકારે તને પરિણામ આવે છે ? મારે કરવું છે એમ કરીને પરિણામ આવે છે ? કે મારે આ કરવું પડે છે એમ પરિણામ આવે છે ? બસ, આટલું તપાસી લે. કોઈને કહેવા, સાંભળવાનો વિષય નથી. આ પોતાને પોતાની રીતે નક્કી કરવાનો, અંતર અવલોકનથી નક્કી કરવાનો આ વિષય છે.

**'જેને જ્ઞાનીપુરુષના વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે,...'** તે પ્રકારે એટલે શરીરબળ જેમ પરિક્ષીણપણું ભજે, એમ સંસાર પણ પરિક્ષીણપણું ભજે. જે જે કાર્યો કરવા પડતા હોય અને જેમ જેમ તેમાં સમય વ્યતીત થતો હોય તેમ તેમ એનું બળ સંસાર પ્રત્યેનું એટલે ઉદયભાવનું બળ પરિક્ષીણ પામતું જાય, ઘટતું જાય. રસ વધે નહિ પણ રસ ઘટે. સંયોગ-વિયોગ પૂર્વ કર્મ અનુસાર થશે. પણ પોતાના પરિણામનો તે ઉદય પ્રત્યેનો રસ છે એ ઘટતો થાય. નીરસ થતો જ જાય... નીરસ થતો જ જાય.. નીરસ થતો જ જાય. એ પ્રકાર આવે એવું સહજ બને છે **'એમ તીર્થંકર કહે છે.'** અહીંયાં પણ તીર્થંકરદેવની સાક્ષી નાખી છે. બન્ને જગ્યાએ. અહીં સુધી કાલે આપણે ચાલ્યું હતું.

હવે કહે છે કે **'જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો**

**હોય તો જ્ઞાનીપુરુષને જોયા નથી, એમ તમે જાણો.**' મુમુક્ષુઓને લખેલું છે ને ? તો કહે છે કે શરીર છે... 'ગુરુદેવ' આ વિષયમાં કહેતા હતા કે સ્ત્રીનું શરીર ફૂલેલાં મડદા જેવું લાગવું જોઈએ. કેવું ? જાણે મડદુ કોઈ ફુલ્યું હોય તો જીવને આસક્તિ થતી નથી. એમ એને એ પ્રકાર દૃષ્ટિમાં આવવો જોઈએ. અથવા કોઈ પુદ્ગલ પરમાણુ કોઈપણ વર્ણથી, કોઈપણ આકારથી, કોઈપણ પ્રકારથી હોય તો એ પુદ્ગલ પરમાણુ સુખ રહિત જડ છે, સુખની ગંધ પણ ત્યાં નથી. એ પ્રકારે તેને વસ્તુના સ્વરૂપ અનુસાર જ્ઞાનનો પ્રકાર આવવો જોઈએ.

મુમુક્ષુ :– સુખરહિત જડ કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :– જડમાં સુખ કેમ હોય ?

મુમુક્ષુ :– જડમાં સુખ હોય ? હોય ? આ લાકડીમાં સુખ છે ?

મુમુક્ષુ :– નથી.

પૂજ્ય ભાઈશ્રી :– તો જેટલા પુદ્ગલ પરમાણુ છે (એ બધા એ જ પ્રકારે છે). કારણ કે જે ઇન્દ્રિયનો વિષય છે એ તો પુદ્ગલો છે. આત્મા તો ઇન્દ્રિયનો વિષય નથી, અરૂપી છે. રૂપી જે પરમાણુ છે એ પંચેન્દ્રિયનો વિષય છે. કેટલાક સ્પર્શથી જ્ઞાનમાં આવે છે, કેટલાક દૃશ્યથી ચક્ષુ ઇન્દ્રિયથી જ્ઞાનમાં આવે છે, કેટલાક કર્ણેન્દ્રિયથી, કેટલાક નાસિકાન્દ્રિયથી, કેટલાક જીહ્વા ઇન્દ્રિયથી. એ બધા પુદ્ગલોમાં જીવને સુખાભાસ થાય છે. સુખ નથી. સુખનો આભાસ થાય છે. ભાસ નહિ પણ આભાસ એટલે ભ્રમણા, સુખની ભ્રમણા થાય છે. તો જ્યાં જ્યાં જીવને સુખની ભ્રમણા થાય છે ત્યાં ત્યાં એને વસ્તુના સ્વરૂપના જ્ઞાનનો અભાવ વર્તે છે. જે જડ પરમાણુમાં સુખ નથી તે જડ પરમાણુમાં સુખની ભ્રાંતિ થઈ એટલે એને સ્વરૂપજ્ઞાન ન રહ્યું. આ જડ છે અને સુખ રહિત છે એ પ્રકારનું જ્ઞાન એમાં ન રહ્યું, એમ કહે છે. એને વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર જ્ઞાનનો પર્યાય હોય તો એને સુખના આભાસે કરીને, સુખની ભ્રમણાએ કરીને, આસક્તિનો પ્રકાર ઉત્પન્ન ન થાય, એમ કહેવું છે.

ફરીને એક વિચાર કરવા જેવો વિષય છે કે જે જે પંચેન્દ્રિયના વિષયમાં આ જીવને સુખનો અનુભવ થાય છે તે માત્ર સુખનો અનુભવ નથી પણ સુખબુદ્ધિપૂર્વક સુખનો અનુભવ છે. બે પ્રકારના ત્યાં પરિણામ વર્તે છે. આ જરા ઊંડા ઊતરીને તપાસવા જેવો વિષય છે. પછી ભલે એક કેરીનું બટકું મોઢામાં મૂકતો હોય. અત્યારે

કેરીની સીઝન છે ને ? અથવા ગમે તે એને ઠીક લાગે એવી ચીજ હોય કે આજ શાક બહુ સારુ થયું છે, ભલે કારેલાનું શાક હોય. પણ આ ચીજ આજે સારી બની છે તો ત્યાં એને સુખનો અનુભવ થયો એટલું જ નથી થયું, સુખબુદ્ધિપૂર્વક સુખનો અનુભવ કર્યો છે. તો સુખની બુદ્ધિ તૂટવી જોઈએ. સુખનો અનુભવ પછી તૂટશે. સીધેસીધો સુખાનુભવ નહિ મટી જાય. સુખાનુભવ તે એક પ્રકારનો રાગ છે. રાગ સીધો નહિ મટે. પણ એમાં જે સુખબુદ્ધિ છે એ વસ્તુના સ્વરૂપજ્ઞાનને અનુસરીને તૂટવી આવશ્યક છે. એટલા માટે જે કાંઈ પદાર્થનું જ્ઞાન છે, જીવ-અજીવ પદાર્થનું જ્ઞાન છે એ એટલા માટે છે કે એકમાં સુખ છે અને એકમાં સુખ નથી. તો સુખ નથી એમાં સુખ જે ભાસ્યું ત્યારે સુખબુદ્ધિ હતી કે નહિ ? આ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :– એવી બુદ્ધિ પહેલા કેમ ઉદ્ભવતી નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– એણે વિચાર્યું નથી. એણે એ રીતે અભિપ્રાય તૈયાર કર્યો નથી. ઉલટુ વિચારી રાખ્યું છે કે આમાં સુખ છે એવી બુદ્ધિ અનાદિથી દૃઢ કરેલી છે. ચાર સંજ્ઞા છે. અનાદિની ચાર સંજ્ઞા છે. એ ચાર સંજ્ઞા અનુસાર એની સુખબુદ્ધિ છે એ દૃઢ થયેલી જ છે. હવે એથી ઉલટું વિચારીને–જડમાં સુખ નથી–એવું જડનું સ્વરૂપ દૃઢ થયા વિના, એ અભિપ્રાય કેળવ્યા વિના, એવું જ્ઞાન અને બુદ્ધિ કેળવ્યા વિના, જે સુખબુદ્ધિ સહિત સુખાનુભવ થાય છે એ પ્રકારના પરિણામમાં કાંઈ ફેર નહિ પડે, કાંઈ ફેરફાર નહિ થાય.

મુમુક્ષુ :– સુખાનુભવ ચારિત્રમોહ સાથે સંબંધ રાખે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– સુખનો આભાસ દર્શનમોહ સાથે સંબંધ રાખે છે અને અનુભવ ચારિત્રમોહ સાથે સંબંધ રાખે છે.

મુમુક્ષુ :– સુખબુદ્ધિ દર્શનમોહ સાથે સંબંધ રાખે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– સુખબુદ્ધિ દર્શનમોહ સાથે સંબંધ રાખે છે. અભિપ્રાય પહેલો ફેરવવો જોઈએ અને એ સ્વરૂપના ભાવભાસન વિના, જડ-ચેતન્ય પદાર્થના ભાવભાસન વિના, કદી પણ અભિપ્રાય ફરતો નથી. અભિપ્રાય ફરવો જોઈએ, એમ કહેવું છે.

મુમુક્ષુ :– કેટલો મોટો Difference છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ મોટો ફેર છે. નહિતર તો અહીંયાં દલીલ કોઈ કરી જાય. શાસ્ત્રના પાઠી હોય તો દલીલ કરી જાય કે આ તો ચારિત્રમોહનો વિષય

છે. 'શ્રીમદ્જી' અત્યારે મુમુક્ષુને કેમ આ વાત કરે છે ? જ્ઞાની પણ સંસારી હોય છે, જ્ઞાનીને ગૃહસ્થી હોય છે. અને પોતાને છે. એ તો નીચે લખ્યું છે કે અમારો આવો ઉપાધિ યોગ... છેલ્લેથી આગળ જે બે લીટી છે ને ? એમાં મુમુક્ષુભાઈઓને નમસ્કાર ભક્તિભાવે કર્યા છે. કોણે ? જ્ઞાનીએ મુમુક્ષુભાઈઓને ભક્તિભાવે નમસ્કાર કર્યા છે. પછી લખે છે કે **'અમારો આવો ઉપાધિજોગ જોઈ જીવમાં ક્લેશ પામ્યા વિના...'** તમે ક્લેશ પામશો નહિ, સંદેહ કરશો નહિ, શંકા કરશો નહિ, એમ કહેવું છે. અમારો ઉપાધિજોગ જોઈને તમે ક્લેશ પામશો નહિ કે એમને પણ છે. આપણને હોય એમાં શું વાત છે ? એ પણ દુકાને જાય છે, એમને કુટુંબ-પરિવાર છે. એવો ક્લેશ પામવા જેવો નથી.

એટલે અહીંયાં એ વિચારવું છે. શું ? કે એકવાર પાંચેય ઇન્દ્રિયના વિષયોમાં એને સુખરહિતપણું છે એ અભિપ્રાય કેળવ્યો છે ? કે એ અભિપ્રાય કેળવ્યો નથી ? જ્ઞાનીપુરુષને જોયા પછી એમ કેમ વાત લે છે અહીંયાં ? કે જ્ઞાનીપુરુષ દર્શનમોહ રહિત છે. ચારિત્રમોહ સહિત છે એ વાત અહીંયાં લેવી નથી. દર્શનમોહ રહિત છે એ વાત અહીંયાં લેવી છે. કેમ કે પોતાને કામની એ જ ચીજ છે. ચારિત્રમોહવાળી વાત પોતાને કામની નથી. એ આલંબન લેવા જેવું નથી અને એ આધાર લેવા જેવો નથી.

(મુમુક્ષુજીવને અભિપ્રાય કેળવાય જવો) જોઈએ કે આ ભ્રાંતિ થાય છે, આ ભ્રમ છે મારો, ભ્રમ સિવાય બીજું કાંઈ નથી.

**'જ્ઞાનીપુરુષના વચનને સાંભળ્યા પછી...'** જોયા પછી અને સાંભળ્યા પછી બેય વાત લે છે. ઓલામાં બે વાત લીધી હતી. દર્શન કર્યા નથી અને સાંભળ્યા નથી. એમ પહેલી લીટીમાં લીધું ને ? એમ **'જ્ઞાનીપુરુષના વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહિ.'** આ 'ગુરુદેવે' જે વચન લીધું છે, 'પરમાગમસાર'માં તારવ્યું છે. ફુલેલું મડદું લાગે. શું લાગે ? મડદું ફુલેલું હોય એવું એને લાગે. ચોખ્ખે ચોખ્ખું એવું જ લાગે એને. એટલે એનો જે ભ્રમભાવ છે એ ઉત્પન્ન થવાની જગ્યા રહેતી નથી.

મુમુક્ષુ :- ધન-સંપત્તિ પૃથ્વીનો વિકાર લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- એ નીચે જ વાત છે. બીજી જ લીટીએ એ વાત છે, બીજી

લીટીએ એ જ વાત લીધી છે. એનો અર્થ શું છે ? આ એક યુક્તિ છે. ફુલેલું મડદું કહેવું, અજીવનપણે કહેવું એ તો અજીવન છે જ ખરેખર. જીવન નથી એનામાં. પુદ્ગલ પરમાણુમાં જીવન છે જ નહિ. અજીવન છે એનામાં. જ્યાં જીવન નથી ત્યાં સુખ નથી. સુખ નથી ત્યાં સુખનો ભાવ છે તે કેવળ ભ્રાંતિ છે એમ ભાસ્યા વિના રહે નહિ.

**'ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.'** પૈસા છે એ પૃથ્વીનો વિકાર છે. કેમ કે સોનું પૃથ્વીમાંથી નીકળે છે. હીરા પૃથ્વીમાંથી નીકળે છે. પછી પૈસા તો એની નીચેની વાત છે. ધન-ધાન્ય બધું પૃથ્વીમાંથી નીકળે છે. તો પૃથ્વી તો માટી છે તો કહે એમાં એક વિકાર થયો એમાંથી આ કોઈ હીરો બન્યો અને કોઈ સોનું બન્યું ને કોઈ કાંઈ અનાજ બન્યું અને જે કાંઈ બન્યું છે એ એમાંથી બન્યું છે. એ માટીની પર્યાય છે એ પૃથ્વીનો વિકાર છે એવું એને ભાસ્યા વિના રહે નહિ.

સંસારીજીવને પૈસા કામની ચીજ છે અને પગલે પગલે એની જરૂર પડે છે એમ માને છે. પૂજ્ય માતાજી કહે છે કે પગલે પગલે તો પુરુષાર્થની જરૂર પડે છે. તને પગલે પગલે પૈસાની જરૂર દેખાય છે પણ અમને તો પગલે પગલે પુરુષાર્થની જરૂર દેખાય છે. જુઓ ! આ લાઈનફેર છે કેવી ! તું એમ કહે છે કે આના વગર ચાલે નહિ. અમે કહીએ છીએ કે પુરુષાર્થ વગર ચાલે નહિ. આ જીવને પોતાના પુરુષાર્થ વગર એનું જીવન જીવાય એવું નથી. ભાવમરણ જ છે, એકાંતે ભાવમરણ છે.

**'ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં. જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર સ્થાયી થવાને વિષે ઇચ્છે નહીં.'** મારે જ્ઞાનીને છોડીને ક્યાંય દૂર જાવું છે એ તો પ્રશ્ન જ નથી. આ કોઈ કારણસર માણસ જાય છે ને ? ખાસ કરીને આજીવિકા માટે માણસો જાય છે કે કોઈ વિશેષ કમાણી માટે જાય છે. તો કહે, નહિ. મારો આત્મા ક્યાંય ઠરીને ઠામ થાય એવું નથી. એક છત્રછાયા હોય. છત્રછાયા તો શું છે એ તો કલ્પવૃક્ષ છે ખરેખર તો ! જ્ઞાનીપુરુષ તો કલ્પવૃક્ષ છે. એટલે એને ક્યાંય બીજે ઠરીને ઠામ થવું છે કે હાશ, મને હવે અહીંયાં નિરાંત છે. એ વાત એને ભાસે નહિ. એને જ્ઞાનીના ચરણ સમીપતા સિવાય બીજે એને સ્થિર થવાનું, બહારમાં સ્થિર થવાનું કોઈ સ્થાન દેખાતું નથી. 'શ્રીમદ્જી' એને પરમસત્સંગ કહે છે. મોક્ષના અભિલાષી જીવોના મળવાના સંગને સત્સંગ કહ્યો છે.

અને જ્ઞાનીપુરુષના ચરણની ચાહના-ઇચ્છા-એને પરમ સત્સંગ કહ્યો છે. એ પરમ સત્સંગમાં એ રહેવા ઇચ્છે છે. મુમુક્ષુજીવ તો પરમસત્સંગમાં રહેવા ચાહે છે. બીજે ક્યાંય એ સ્થાયી થવા ઇચ્છતો નથી.

સ્થાયી થવું એનો અર્થ એ છે કે નિર્ભય થઈને રહેવું. જેમ માણસ ઘરે આવે તો કહે આપણા ઘરે હવે કાંઈ વાંધો નથી. આ આપણા ઘરે આવી ગયા હવે. આપણે કાંઈ વાંધો નથી. જ્ઞાનીપુરુષની છત્રછાયામાં નિર્ભયતા છે. એ સિવાય મુમુક્ષુજીવ ભયવાન છે એટલા માટે કે પોતે ભૂલ કરશે પોતાને ખબર નહિ પડે. અને એક ભૂલ કરશે અને એની પરંપરા ચાલશે તો જિંદગી મનુષ્ય આયુ પૂરું થઈ જતા વાર લાગશે નહિ. માટે ભૂલેચૂકે પણ ક્યાંય હું વિપર્યાસમાં ન આવી જાઉં એની તકેદારી રાખવા માટે એ જ્ઞાનીપુરુષની ચરણની સમીપતા ઇચ્છે છે. આગળ તો બહુ કહેશે. એક-બે પત્રોમાં ઘણી વાતો લીધી છે એમણે. જોવું હોય તો જુઓ.

પ્રત્યક્ષ વિદ્યમાન જ્ઞાની ઉપર ૪૬૬મો પત્ર છે. નવ પેરેગ્રાફમાં પત્ર લખેલો છે. એમાં પાંચમો પેરેગ્રાફ છે. પત્રાંક ૪૬૬.

**'પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે,...'** તીર્થંકરાદિકથી માંડીને અનંત જ્ઞાનીઓ, મહાનજ્ઞાનીઓ થઈ ગયા છે. **'પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં;...'** એ જ્ઞાની થયા એમાં તારા દોષ જવાનું કાંઈ કારણ નથી. **'એટલે કે અત્યારે...'** એમ શું કહેવા માગે છે ? એટલે કહીને કે એમાં શું કહેવું છે અમારે ? **'કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં;...'** કે જો ! અત્યારે તને માન થઈ ગયું છે, હોં ! આ માન મારી નાખશે તને. એ તને કોઈ પૂર્વના જ્ઞાની કહેવા આવે નહિ.

**'પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.'** એવું વિદ્યમાન જ્ઞાની, પ્રત્યક્ષ જ્ઞાની અને પરોક્ષ જ્ઞાની વચ્ચે આટલું મોટું અંતર ઊભું થઈ જાય છે. આવી મોટી આ વાત છે.

એટલે એમ કહે છે કે **'જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર પણ સ્થાયી થવાને વિષે ઇચ્છે નહીં.'** એક ક્ષણમાત્ર પણ એને અભિપ્રાય થાય કે

અહીંયાં હું નિર્ભય છું એ વાત છે નહિ. **'એ આદિ વચનો તે પૂર્વે જ્ઞાનીપુરુષો માર્ગાનુસારી પુરુષને બોધતા હતા.'** આવી વાતો જ્ઞાનીપુરુષો મુમુક્ષુઓને, માર્ગાનુસારી પુરુષોને કહેતા હતા કે જુઓ ભાઈ ! આમ છે. તમારા પરિણામને તપાસીને નિર્ણય કરો કે તમે પોતે ક્યાં ઊભા છો ? શું યોગ્યતા છે ? શું અયોગ્યતા છે ? એનો તમે નિર્ણય કરો.

**'જે જાણીને,...'** હવે એ તો જ્ઞાનીપુરુષો કહેતા હતા. પણ **'જે જાણીને, સાંભળીને તે સરળ જીવો આત્માને વિષે અવધારતા હતા.'** એવું ભાવથી શ્રુત હતું. ભાવથી શ્રવણ કરતાં હતા કે એવા સરળ પરિણામી હતા કે એમાં તર્ક વિતર્ક એમને આવે નહિ. અત્યારે તો બુદ્ધિ વધી છે, માણસને તર્ક-વિતર્ક આવી જાય છે. આમ કેમ ? આમ કેમ ? આમ કેમ ? એવા સરળ પરિણામથી જે કાંઈ બોધ હતો એને અવધારણ કરતાં હતા. પોતાની શક્તિ અનુસાર એને ધારતા હતા. અવધારણ કરતાં હતા, સારી રીતે એનું ધારણ કરતાં હતા.

અને **'પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ તે વચનોને અપ્રધાન ન કરવા યોગ્ય જાણતા હતા, વર્તતા હતા.' 'પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ...'** એટલે અવધારતા હતા એટલે જરા કાંઈ સખળડખળ સંયોગમાં ઊભો થાય, સંયોગ-વિયોગની પરિસ્થિતિ તો બધાને જ આવે છે, તો એને અપ્રધાન નહોતા કરતાં, ગૌણ નહોતા કરી નાખતા. એની મુખ્યતા રાખતા હતા. ગમે તે પ્રસંગે પણ જે કાંઈ ઉપદેશ સાંભળ્યો છે, ગ્રહણ કર્યો છે એની મુખ્યતામાં વર્તતા હતા. એને ગૌણ કરીને વર્તતા નહોતા.

**'તમ સર્વ મુમુક્ષુભાઈઓને અમારા ભક્તિભાવે નમસ્કાર પહોંચે.'** જુઓ ! આમ કેમ કરે છે ? જ્ઞાનીપુરુષને મુમુક્ષુભાઈઓ ભક્તિભાવે નમસ્કાર કરે એ તો યોગ્ય જ છે, પણ જ્ઞાનીપુરુષ ઊઠીને મુમુક્ષુભાઈઓને ભક્તિભાવે નમસ્કાર કરે છે. શું કારણ છે ? એક એક વાત વિચારવા જેવી છે. 'શ્રીમદ્જી'ના આ બધા પત્રો છે, વચનો છે એ બહુ ગંભીરપણે અભ્યાસ કરવા જેવા છે. પોતાના આત્મભાવને આવિર્ભૂત થવાનું એ નિમિત્ત થતા હતા. મુમુક્ષુ શા માટે વંદન-નમસ્કાર કરે છે ? કે જે ગુણ પોતાને પ્રગટ કરવા છે એવા ગુણ ત્યાં પ્રગટ થયા છે અને એ પ્રગટ થયેલા ગુણો આ જીવને પ્રગટ થવામાં નિમિત્ત થશે માટે. બાકી એમના પ્રગટ થયેલા ગુણોનું સુખ અને લાભ અને શાંતિ એમને છે, એ કાંઈ બીજા આત્માને થવાની નથી. છતાં પણ

એને નમસ્કાર કરવાનું કારણ શું ? નિમિતત્ત્વ જોઈને નમસ્કાર કરાય છે. બીજું તો કોઈ કારણ નથી. કોઈ લે છે, દે છે એ તો વસ્તુસ્થિતિ છે નહિ. એકબીજા વચ્ચે લેવા-દેવાની તો કોઈ વસ્તુસ્થિતિ નથી. છતાં નમસ્કાર કરવાનું કારણ શું છે ? કે જે રત્નત્રય આદિ ગુણો છે–દર્શન-જ્ઞાન-ચારિત્ર છે–એ સમ્યક્ પ્રકારે જ્ઞાનીપુરુષને પ્રગટ થયેલા છે અને એથી એવા ગુણોની પ્રાપ્તિ અર્થે પોતે પણ એને નમસ્કાર કરે છે. તો એવા ગુણો આવિર્ભૂત થવામાં એ નિમિત્ત છે. એમ જ્ઞાનીને પણ જે-તે પાત્રતાવાળા જીવો, યોગ્ય પાત્રતાવાળા જીવોની સમક્ષ પોતાનો આત્મભાવ વિશેષે કરીને સ્ફુરિત થાય છે તો જ્ઞાની તે અર્થે એને નમસ્કાર કરે છે. જ્ઞાની પણ એને નમસ્કાર કરે તો એમાં કાંઈ બીજો તર્ક-વિતર્ક કરવા જેવું નથી. ઉપર તો જુઓને છેલ્લી લીટીમાં તો 'સોભાગભાઈ'ને કેટલી બધી વાત કરી છે !

૪૫૩ની છેલ્લી લીટી, ઉપર જ. તમને '**શું લખીએ ? અને શું કહીએ ? એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ.**' શિષ્યના દાસ છે એમ કહે છે. ઘણીવાર પૂજ્ય 'ગુરુદેવ' 'પૂજ્ય બહેનશ્રી' માટે–માતાજી માટે–વિશેષ શબ્દો બોલતા હતા. ઘણાં તર્ક કરતાં હતા. પણ એ તર્ક કરવા જેવું નથી. એમના નિમિત્તે પોતાને આત્મભાવ સ્ફૂર્યા છે અને વાણી નીકળી છે. એ એમના નિમિત્તે નીકળી છે. સભામાં ઉત્કૃષ્ટ પાત્ર એ હતા. અહીંયાં કહે છે કે અમે તો દાસ છીએ.

'**અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો.**' આટલું બધું લખ્યું છે 'સોભાગભાઈ'ને ! અને બીજા મુમુક્ષુઓને ભક્તિભાવે નમસ્કાર કર્યા છે. એમની સરળતા, એમની જે નમ્રતા છે એ એક જબરદસ્ત મુમુક્ષુજીવ માટે તો બહુ મોટો આદર્શ છે. જો જ્ઞાનીને આટલી નમ્રતા અને સરળતા સહજપણે હોય તો મુમુક્ષુને કેટલી હોય ? એ જરા આદર્શ સામે રાખવા જેવો વિષય છે.

'**અમારો આવો ઉપાધિજોગ જોઈ જીવમાં ક્લેશ પામ્યા વિના જેટલો બને તેટલો આત્માસંબંધી અભ્યાસ વધારવાનો વિચાર કરજો.**' અમારા ઉપાધિ યોગ સામે જોઈને તમે પ્રવૃત્તિમાં રસ વધારે લો એવું કાંઈ ન બની જાય પણ જેટલો બને તેટલો આત્માસંબંધીનો અભ્યાસ વધરાવાનો વિચાર કરજો. એ માર્ગે જજો. '**સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે,...**'

મુમુક્ષુ :- ઉપર નમસ્કાર કર્યા છે, અહીંયા નમસ્કાર કર્યા છે. આવી વાત જાણીને પેલાને કાંઈ સમ્યગ્જ્ઞાની ન ગણવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ પ્રશ્ન જ નથી. સામા જીવો કોઈ સમ્યક્જ્ઞાની છે એ પ્રશ્ન જ નથી. એમને તો પોતે બોધરૂપે વચનો કહે છે. એ તો પ્રશ્ન જ નથી. પણ સહજ એમને જે પરિણામ આવે એ લખતા હતા. છૂપાવતા નહોતા. અત્યારે તો જ્ઞાની પાસે, ગુરુ પાસે જીવને પોતાના દોષ કહેતા કે કાંઈપણ રજૂઆત કરતાં આઘુંપાછું થઈ જાય, ફેરફાર થઈ જાય, સાચું-ખોટું બોલી જાય. પરંતુ પોતે એટલા સરળ હતા કે જે પરિણામ આવે એ લખી દેતા હતા. કહેતા હતા એમ નહિ, લખી દેતા હતા. લખેલું જાય નહિ. બોલવામાં તો એમ થાય કે ભાઈ ! તમારે સમજવા ફેર થયો હશે.

મુમુક્ષુ :- શ્વેતાંબરની શૈલીની ગંધ આવતી નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમનું પરિણમન છે આ. પરિણમન છે.

મુમુક્ષુ :- એક વાત બની શકે, અનંતાનંત જીવરાશિમાં આ જીવો આત્માના કામી થયા એ જોઈને એને અહોભાવ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને આદર આપે છે. જે જીવો આત્માના માર્ગે આવવા તૈયાર થાય છે એને ઘણો આદર આપે છે.

મુમુક્ષુઃ- પ્રમોદ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો બધો આદર આપે છે કે એ જીવો એકદમ નજીક આવે, એકદમ આગળ આવે. 'ગુરુદેવ' કોઈને આગળ આવીને બેસાડે કે ભાઈ ! ફલાણાને આગળ આવવા દો. આપણે પૂજ્ય માતાજીના રૂમમાં બેઠા હોય અને કોઈને એમ કહે કે ભાઈ ! એમને જરા આગળ આવવા દેજો. તો એ જે વાત છે એ ભાવથી નજીક આવે એવા હેતુથી એ વાત છે. બહારમાં જે આદર છે એ ભાવથી નજીક આવે એવું એની પાછળ કારણ રહેલું છે.

મુમુક્ષુતામાં અરસ-પરસ કેટલો આદર જોઈએ ? અરસપરસ એકબીજાને કેટલું વાત્સલ્ય જોઈએ ? એ વિષય થોડો આપણે વધારે સમજવાની જરૂર છે. આપણા સમાજમાં એ પ્રકારની થોડી ક્ષતિ છે. એ વધારે સમજવાની જરૂર છે. એને પોતાના નજીકના નજીક એકના એક પુત્ર કરતાં કે કુટુંબના કોઈ સભ્ય કરતાં વધુમાં વધુ

એને પ્રેમ આવે. એવો એને અંતરંગથી પ્રેમ આવે. કેમ કે અરે..! આ જીવ તો મોક્ષમાર્ગમાં આગળ વધવા આવ્યો છે. આનો તો પરમ આદર કરવો જોઈએ, ઘણો આદર આનો કરવો જોઈએ. એ પ્રકાર વિશેષે કરીને થવો ઘટે છે.

મુમુક્ષુ :– ... એ રીતે કરે...

પૂજ્ય ભાઈશ્રી :– વિનય કરે ભગવાનનું એક પદ નાખ્યું છે ને ? આત્મસિદ્ધિમાં. એવું પદ નાખ્યું છે ને ? એ અપેક્ષાએ કદાચ વિકલ્પ હોય એમને. બાકી તો કેવી રીતે છે (એ કેમ ખબર પડે) ? એ પોતે શ્વેતાંબર છે એટલે ખ્યાલ નથી કે એમાં બીજું શું શું આવતું હશે. આપણે તો શ્વેતાંબર શાસ્ત્ર વાંચ્યા નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીની ભૂમિકા તો વિશેષ છે છતાં એને બોલાવી...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવા ઘણા દાખલા છે, ભાઈ ! કે એક મિનિટની દીક્ષા ગ્રહણ કરી હોય અને ગણધરદેવના પંચ પરમેષ્ઠીના નમસ્કારમાં એનો સમાવેશ થઈ જાય. જેવો ભાવલિંગમાં સપ્તમ ગુણસ્થાન પ્રાપ્ત કરે એક સમય, એક સેકન્ડ થઈ હોય તો એને ગણધરદેવના નમસ્કાર પહોંચે.

મુમુક્ષુ :– સમુચ્ચયમાં એ પ્રકાર બની શકે, વ્યક્તિગત ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. આ સમ્મુચય. લગભગ સમુચ્ચય. સર્વ મુમુક્ષુ ભાઈઓને એટલે એક વ્યક્તિને અડીને કોઈ વાત નથી. સમ્મુચ્ચય રીતે છે.

મુમુક્ષુ :– 'સોભાગભાઈ' ની બાબતમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'સોભાગભાઈ' તો વિશેષ પાત્ર છે. એ તો એવું જ વિશેષ પાત્ર હતું કે એમને પોતાને આ વિચારણા થવામાં, આ વિચારણા વૃદ્ધિગત થવામાં અને જ્ઞાન પામ્યા પછી પણ પોતાના આત્મભાવો વધારે સ્ફૂરિત થવામાં એ નિમિત્ત થયા હતા. એટલે એમના પ્રત્યે એમને ઘણો ભાવ આવ્યો છે. બહુ ઘણો ભાવ આપ્યો છે. અને એક બહુ સારુ દૃષ્ટાંત મળે છે આ વિષયમાં, 'નિયમસાર'માં. 'નિયમસાર'માં કળશ ખ્યાલમાં આવ્યો ?

મુમુક્ષુ :– ત્યાં સમુચ્ચય લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. એમાં સમ્યગ્દષ્ટિ શબ્દ વાપર્યો છે. સમ્યગ્દષ્ટિ શબ્દ વાપર્યો છે. 'वन्दामहे तम वयं' એવા સંસ્કૃત શબ્દ પડ્યા છે. સાતમા ગુણસ્થાને બિરાજમાન, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને બિરાજમાન ચોથા ગુણસ્થાનવાળાને 'वन्दामहे

तम वयं' કહે છે. અમે વંદન કરીએ છીએ, એમ કહે છે. તો એનો અર્થ શું છે ?

નમસ્કાર બે રીતે થાય છે. એક અભિપ્રાયથી થાય છે અને એક પ્રત્યક્ષ એકબીજાને સામે મળે ત્યારે થાય છે. તો કદી પણ 'સોભાગભાઈ'ને વંદન નથી કર્યા એમણે. નમસ્કાર લખ્યા છે. વંદન નથી કર્યા. અહીંયાં નમસ્કાર લખ્યા છે. કોઈ મુમુક્ષુને 'શ્રીમદ્જી'એ વંદન નથી કર્યા. પ્રત્યક્ષ જે વંદનાદિ, નમસ્કારાદિની જે પ્રવૃત્તિ કરે છે એ વિષય આખો જુદો છે. એ વિષયની અંદર જે વંદનને યોગ્ય હોય એને કરે છે. જ્યારે લખવામાં, બોલવામાં જે કોઈ ભાષાપ્રયોગ છે એ ભાષાપ્રયોગની અંદર અભિપ્રાયનો વિષય લેવો. એમાં બીજો વિષય ન લેવો. અભિપ્રાયનો વિષય લેવો. જેમ કે ગણધરદેવ એક સેકન્ડના ભાવલિંગી મુનિને નવદીક્ષિત સાધુને નમસ્કાર કરે છે, કોઈ આચાર્યદેવ સમ્યગ્દૃષ્ટિને નમસ્કાર કરે છે તો એ અભિપ્રાય દૃષ્ટિએ લેવું. કે એમનો એ અભિપ્રાય છે કે આ માર્ગમાં ભળ્યા એમને ધન્ય છે ! ખરેખર ધન્યવાદ છે ! કે આ માર્ગમાં એ આવવા માગે છે ? આ માર્ગમાં એ આત્માના કલ્યાણને એ સાધવા માગે છે, પરમ પવિત્ર નિર્દોષમાર્ગને એ સાધવાના અભિલાષી છે ! ધન્ય છે એમને ! એ વાત છે, અભિપ્રાયમાં એ વાત છે.

મુમુક્ષુ :– નમસ્કારમાં ધન્યવાદનો ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :– ધન્યવાદનો ભાવ વિશેષપણે છે. એટલે શું ? કે એ પ્રકારના ધન્યવાદથી, વાદ એટલે કહેવું, સામા જીવને એ જ માર્ગે વિશેષ આગળ વધવાનું પ્રોત્સાહન મળે છે. ત્યાં એવો ન્યાય રહેલો છે. અને એ રીતે બધા જ જ્ઞાનીપુરુષોનો અભિપ્રાય હોય છે. કોઈ જ્ઞાનીપુરુષનો એવો અભિપ્રાય ન હોય એવું ત્રણે કાળમાં બનતું નથી.

એક ૪૩૦ નંબરનો પત્રાંક છે. થોડા પાછળ જઈએ આપણે. પહેલી દોઢ લીટી છોડીને જે મોટો પેરેગ્રાફ છે એમાં શું કહે છે ? જુઓ ! **'કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત...'** કેટલું ? જ્ઞાની થઈ જાય એમ નહિ. **'કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પ્રાપ્ત થાય...'** એમ નહિ. **'પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય...'** એવા કોઈ નિમિત્તને પ્રાપ્ત થાય. સીધો પ્રાપ્ત થાય એ નહિ. એનું કોઈ કારણ પણ એને પ્રાપ્ત થતું હોય (એટલે કે) કોઈ ગ્રંથ આપવો, કોઈ ક્ષેત્રથી સમીપતા આપવી. કોઈ બીજી રીતે, ત્રીજી રીતે કોઈપણ રીતે નજીક આવવાનું કારણ

ઉત્પન્ન થાય. શેની ? પરમાર્થ પ્રત્યે આવવામાં.

**'એમ નિષ્કારણ કરૂણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે,...'** પહેલાં તીર્થંકરથી આદિનાથ ભગવાનથી આ વાત ઉપાડી એમણે. કે આ તો, આ તો ત્રણેકાળે બને છે. આ કાળમાં ઋષભાદિ તીર્થંકરોએ આમ કર્યું છે. **'કારણ કે, સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે...'** સત્પુરુષનો સંપ્રદાય નવો એમણે સ્થાપ્યો છે આ જગ્યાએ. સંપ્રદાયબુદ્ધિ સત્પુરુષને હોતી નથી. પણ સંપ્રદાય એટલે એ સંગ્રહનયથી એક વચન છે જેને સંપ્રદાય કહેવામાં છે કે અનંતકાળના સત્પુરુષનો સમુહ આમાં સમાઈ જાય છે, એમ કહેવું છે. સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એટલે ત્રણે કાળે **'એવી કરુણાવસ્થા હોય છે કે, સમયમાત્રના અનવકાશે...'** એક સમય મોડું કર્યા વિના. **'આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો, આત્મસ્વરૂપ પ્રત્યે હો; આત્મસમાધિ પ્રત્યે હો,...'** ભવી અભવીના ભેદ નથી પાડતા.

**'અન્ય અવસ્થા પ્રત્યે ન હો, અન્ય સ્વરૂપ પ્રત્યે ન હો, અન્ય આધિ પ્રત્યે ન હો; જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો, અનવકાશપણે સર્વ જીવ તે જ્ઞાન પ્રત્યે રુચિપણે હો, એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે,...'** જુઓ ! **'એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે.'** ત્રણે કાળના સત્પુરુષોનો આ સંપ્રદાય છે. આ બધી સૈદ્ધાંતિક વાતો છે. અને એ બધા જ જ્ઞાનીઓને વિષે એવી કારુણ્યવૃત્તિ હોય જ છે, ન બને (કે) કોઈ જ્ઞાનીને વિષે ન હોય એવું બનતું નથી. કોઈનું ઉદયમાં ઓછા-વત્તાપણે દેખાય. ભલે પોતે ઉપદેશક નહોતા, પોતે નિવૃત્તિ લઈને ત્યાગી નહોતા થયા પણ એમનો અભિપ્રાય છે એ બહુ ચોખ્ખો બહાર આવેલો છે.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ને નમસ્કાર કર્યા છે, આમાં નમસ્કાર લખ્યા છે એ અભિપ્રાયપૂર્વક ?

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાયનો વિષય છે, અભિપ્રાયનો વિષય છે. કોઈ દિવસ પ્રત્યક્ષ ન કરે. અને પ્રત્યક્ષ કરે તો પેલા સહન પણ ન કરી શકે. પ્રત્યક્ષ કરે તો પેલા લોકો સહન પણ ન કરી શકે એ વિષય કે અરેરે..! એ તો કેમ સંભવિત ? એ કેમ બને ? તમે અમને નમસ્કાર કરો એ કેવી રીતે બને ? એ કેવી રીતે અમે ચલાવીએ ? એ તો સહન જ ન કરી શકે.

મુમુક્ષુ :– એક પ્રવૃત્તિરૂપ નમસ્કાર, એક અનુમોદનારૂપ નમસ્કાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– અનુમોદનારૂપ વાત છે. અહીંયાં અનુમોદનાનો વિષય છે. અહીંયાં એ અભિપ્રાય લેવો.

**'તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા,...'** હવે કહે છે કે મુમુક્ષુઓને ચાર મુદ્દા અહીંયાં લીધા છે. **'સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.'** શું કહે છે ? આ ચાર મુદ્દા તમે અરસપરસ સત્સંગમાં બેસો ત્યારે આ ચાર મુદ્દા તમારા સત્સંગની અંદર પ્રગટપણે ચરિતાર્થ થવા ઘટે છે. તમારી વચ્ચે વચ્ચે આ વાત હોવી જોઈએ કે એક તો પોતાને, પોતાના ઉદયમાં કેટલો રસ આવે છે એની ચર્ચા કરવી. સરળપણે, નિખાલસપણે પોતાના દોષોની ચર્ચા કરતાં પોતાને કેટલો ક્યાં ક્યાં રસ આવે છે ? એ વાત ખોલી એ વિષયનું માર્ગદર્શન અરસપરસ મેળવવું. એ રીતે સંસારમાં સાવ ઉદાસીનતા એમ. ચારિત્રમોહની ઓથ ન લેવી કે હજી અમે મુમુક્ષુ છીએ અને હજી ગૃહસ્થ છીએ અને સંસારી છીએ, એ ઓથ લેવા જેવી વાત (નથી), આધાર લેવાનો વિષય નથી.

**'સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ,..'** બીજાનો થોડો ગુણ જોઈને પણ એને આદર કરવો. પ્રીતિ કરવી એટલે એનો આદર કરવો. એ જીવ એ ગુણમાં પણ વિશેષ આગળ વધે એ પ્રકારે એને પ્રોત્સાહન મળવું જોઈએ. આ પ્રોત્સાહનનો વિષય છે. નમસ્કારાદિ ભાવ પણ એને પ્રોત્સાહનનો વિષય છે. **'પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ,...'** પોતાનો થોડો દોષ હોય તો પણ પોતાને ઘણું દુઃખ અંદર થવું જોઈએ. થોડા દોષને પણ એને મોટો જાણવો.

મુમુક્ષુ :– રાય જેવડા દોષને પર્વત જેવડો જાણવો.

પૂજ્ય ભાઈશ્રી :– પર્વત જેવડો જાણવો. 'ગુરુદેવ' કહે છે ને ! રાય જેવડા દોષને પણ તું પર્વત જેવડો જાણજે. 'પરમાગમસાર'માં એ બોલ છે.

મુમુક્ષુ :– બીજાનો પર્વત જેવડો દોષ ..

પૂજ્ય ભાઈશ્રી :– તું એને અલ્પ જાણજે. એ બીજી જગ્યાએ પણ લખ્યું છે કે સંસારી જીવો તો દોષિત છે અને દોષ થાય એ સ્વભાવિક છે. કોઈના દોષ જોઈને

એની મુખ્યતા કરવા જતા અનુકંપાનો ત્યાગ કરવા જેવું થશે. કેમ કે દોષથી તો એ દુઃખી થવાનો છે. હવે એક તો પડે છે અને પડ્યા ઉપર પાટુ મારવી ? કહે નહિ. એ તો અનુકંપાનો ત્યાગ કરવા જેવું છે. એ દોષથી બિચારો અત્યારે દુઃખી છે, ભવિષ્યમાં પણ દુઃખી થવાનો છે અને એનો દોષ જરા પણ મુખ્ય કરીને આપણે કાંઈ કામ નથી. દોષ કેમ મટે એ એક જ આપણો રસ્તો છે. બીજો કોઈ આપણો રસ્તો નથી.

જો દોષ અભાવ થાય તો તેટલો પુરુષાર્થ ત્યાં સ્ફૂરે છે કે નહિ ? પ્રગટ થાય છે કે નહિ ? દોષનો વિલય થતાં અથવા તો વિલય કરવામાં, બેય અપેક્ષા એમાં લાગુ પડે છે, વિલય થતા પણ પુરુષાર્થ પ્રગટે અને વિલય કરવા માટે પણ પુરુષાર્થ પ્રગટે, એમ બંને પ્રકારે અત્યંત વીર્યનું સ્ફુરવું એ વાતો લક્ષમાં રાખવા જેવી છે, ધ્યાનમાં રાખવા જેવી છે, અખંડપણે એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા જેવી છે. એમ કરીને પછી નિવૃત્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભજવા માટેનો વિશેષ ઉપદેશ કર્યો છે. વિશેષ લઈશું...

આત્માર્થી જીવે સૌ પ્રથમ એ વિચારવા યોગ્ય છે કે જે કાંઈ કર્તવ્યને ગ્રહતાં અને અકર્તવ્યને ત્યાગતાં તત્ સંબંધી 'અહમ્' ઉત્પન્ન જ ન થાય, તેવી સહજ સ્થિતિ રહે–તેવો ઉપાય ગવેષવા યોગ્ય છે. નહિ તો પર્યાયદષ્ટિપણાને લીધે દર્શનમોહ તીવ્ર થવાથી સહેજે 'અહમ્' થવાની સંભાવના રહેલી છે. તેથી મહાત્માઓએ સૌ પ્રથમ 'પૂર્ણતા'નું 'લક્ષ' કરવા ફરમાવ્યું છે. — આ લક્ષ રહેવાથી પૂર્ણ શુદ્ધિ પર્યંત, અતિ પરિણામીપણાથી ઉપજતો 'અહમ્'ભાવ થતો નથી, પરંતુ 'ઘણું બાકી છે'– તેમ જ લાગ્યા કરે. (અનુભવ સંજીવની–૧૦૮૮)

## તા. ૨૫-૫-૧૯૯૦, પ્રવચન નં. ૧૬૫
## પત્રાંક – ૪૫૪ - ૪૫૭

'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ' પત્રાંક ૪૫૪, છેલ્લો પેરેગ્રાફ.

**'સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે,...'** એટલે મુમુક્ષુની ભૂમિકામાં અનેક પ્રકારે લક્ષમાં રાખવા યોગ્ય વાતો છે. ઘણી વાતો છે એમાંથી મુખ્ય ત્રણ-ચાર વાતો ખાસ કરીને અખંડપણે લક્ષમાં, ધ્યાનમાં રાખવા યોગ્ય છે એમ કહે છે. **'સંસારમાં સાવ ઉદાસીનતા,...'** જેને કેવળ પૂર્ણ શુદ્ધિ જોઈએ છે, માત્ર પરિપૂર્ણ શુદ્ધિ જોઈએ છે એને સંસાર જરાય જોઈતો નથી. સંસારમાંથી થોડુંક પણ જોઈએ છે બાકી પછી બીજું પણ થોડું કરી લેવું છે એને આ માર્ગમાં શરૂઆત થતી નથી, શરૂઆત પણ થતી નથી. એટલે સાવ ઉદાસીનતા લીધી છે. જે કાંઈ ઉદય હોય તે ઉદયમાં તદ્દન ઉદાસીનતા, તદ્દન નીરસતા કેમ કે મારું કાંઈ છે જ નહિ....

... એમાં પોતાપણું થાય, મમત્વ થાય. અને શરૂઆત ત્યાંથી કરવાની છે કે મારું કાંઈ છે નહિ. અહીંથી શરૂઆત કરવી પડે છે. તેથી જે મારું નથી તેની ઉપાધિ કરવાનો પ્રશ્ન મારે નથી. એવી સંસારમાં સાવ ઉદાસીનતા, **'પરના અલ્પગુણમાં પણ પ્રીતિ,...'** બીજાનો થોડો ગુણ જોઈને પણ પોતે ગુણ કેળવવો છે, પોતે ગુણપ્રાપ્તિમાં ઊભો છે. તેથી તેના પ્રત્યે પ્રીતિ. એનો એ અર્થ થાય છે કે બીજાના દોષને ગૌણ કરવા એ વાત એમાં આવી જાય છે. એના અલ્પ ગુણમાં પ્રીતિમાં એ વાત આવે છે કે એના દોષ ગૌણ કરી નાખવા. મનુષ્ય છે એ સંપૂર્ણ ગુણવાન હોય એવું સંભવિત નથી. તેમ પૂરેપૂરા દોષથી જ ભરેલો છે એવું પણ એના વિષે કલ્પના કરવા યોગ્ય નથી. જે કાંઈ એનામાં ગુણ હોય એની પ્રીતિ કરવી, દોષને ગૌણ કરવા.

**'પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ,...'** કરવો. એટલે ખેદ કરવો. પોતાના થોડા દોષને પણ ટાળવા માટે પોતાની કાળજી હોવી જોઈએ. એ વિષયમાં

ઝીણી નજર, તીક્ષ્ણ ઉપયોગ જેને કહેવામાં આવે છે. એ પ્રકાર હોવો ઘટે છે. અને **'દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું,...'** દોષ નાશ પામે, દોષનો અભાવ થાય. તો એ વખતે પુરુષાર્થ વૃદ્ધિગત થાય, પુરુષાર્થ તીવ્ર થાય, પુરુષાર્થ ન હોય તો ઉત્પન્ન થાય એવું લક્ષણ છે. કેમકે .... અઘરી લાગે કે સહેલી લાગે. હકીકત છે એક. મારા માને તો એના થાવાના નથી.

મુમુક્ષુ :- વિચાર ચાલે છે પરંતુ ઉદય આવે ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- પણ ઉદય આવ્યા પહેલા પ્રયોગ શું કરવા નથી કરતો ? ઘર, કુટુંબ, પરિવાર, આબરૂ, કીર્તિ બધાને સામે રાખીને, એક એકને સામે રાખીને પ્રયોગ કરે. કે આમાં હું ક્યાં આવું છું ? આમાં હું ક્યાં આવું છું ? આમાં હું ક્યાં આવું છું ? આમાં હું ક્યાં આવું છું ?

મુમુક્ષુ :- ખરેખર ઉદય આવે એ તો પછીની વાત છે પણ વર્તમાનમાં ઉદયરૂપ છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયમાં, વર્તમાનમાં એમાં મારાપણાનો ઉદય નથી ? તો વર્તમાનથી જ તે એમાં પોતાપણું નથી એ એક હકીકત છે, એ એક વાસ્તવિકતા છે. એ વાસ્તવિકતાને તપાસવી છે, જોવી છે અને જોઈને એનો અનુભવ કરવો છે. એનું નામ પ્રયોગ છે. સમજવામાં તો ના પાડતો નથી. સમજવામાં તો એમ કહે છે કે બરાબર છે. આ જીવનું કોઈ નથી. હવે જે સમજણ છે એ સમજણને લાગુ કરવી છે. આનું નામ પ્રયોગ છે.

મુમુક્ષુ :- સમજવામાં તો કટકા કટકાનો વિષય થાય ભવિષ્યમાં...

પૂજ્ય ભાઈશ્રી :- કટકાનો એટલે ?

મુમુક્ષુ :- ભવિષ્યમાં નહિ રહે, ... કટકે કટસે સમજવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ પણ હકીકત તો એક સાથે જ છે. જે હકીકત છે કે આ જીવનું કોઈ નથી એ તો એક સાથે જ છે. કે એમાં કાંઈ કટકા છે ?

મુમુક્ષુ :- એ તો ગુણ ...ગુણ કામ લાગે છે અને કોઈ વખત કામ લાગવાનું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પણ જે કામ લાગે છે, જ્યાં કામ લાગે છે ત્યાં ક્યાં પોતે છે ? માનો કે દીકરો રળીને પૈસા આપે છે. માની લ્યો. કોને આપે છે ? આ જીવને

આપે છે ? કોને આપે છે ? ક્યાં આપે છે ? જીવમાં આપે છે ? આ જીવમાં આપે છે ? આ જીવને આપે છે ? ક્યાં આપે છે ? જે એને લાગે એનું પૃથક્કરણ કરે ને. એક એક કટકાનું પૃથક્કરણ કરે.

મુમુક્ષુ :– તો તો વાંધો ન આવે ત્યાં સ્થૂળબુદ્ધિએ પ્રવર્તે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્યાં નુકસાન થાય ત્યાં સ્થુળ બુદ્ધિ રાખે તો શું કામ લાગે ? જ્યાં નુકસાન થાય ત્યાં સ્થૂળ બુદ્ધિ રાખે. ઉંદર બિલાડીને જોઈને આંખ મીંચી જાય તો બિલાડી એને મૂકી દે એમ ? ઉંદરને બીક લાગે છે કે બિલાડી આવી આપણે આંખ મીંચી જાવ. તો તો પછી બિલાડી એને મૂકી દે છે એમ છે ? ખાય જ જાશે. બીજું કાંઈ નહિ થાય. એમ એને ભય છે. મૂળ તો મારાપણું મૂકતા એને ધ્રુજારી આવે છે. કે મારું મૂકી દેવું ? અરે..! એક ઘરમાં એની સત્તા ચાલતી હોય એ એને મૂકવી નથી. એની ઇચ્છા વિરુદ્ધ થાય એ એને પોસાતું નથી. તો મારાપણું સાવ કેવી રીતે મૂકે ? મુખ્ય માણસ હોય પોતે. મારું ચાલવું જોઈએ. કેમકે હું મુખ્ય છું ઘરનો. મારું ન ચાલે એ કેમ ચાલે ? આ ઘર કેવી રીતે ચાલે ? મૂળમાં ભૂલ છે, ભાઈ ! તે તારું માન્યું એ જ તારી ભૂલ છે. સત્તા ચાલવાની વાત પછી છે. પણ પહેલા તારું માન્યું એ જ ખોટું છે.

ગાડીના એક ડબામાં જુદા જુદા સ્ટેશનેથી ચડી ગયેલા લોકો છે. હવે ઉતરવાનો વારો આવે ત્યારે બાધ ભીડીને બેસી જાય કે ન ઉતરવા દઉં તો શું કામ લાગે ? ઝાટકો મારી ઉતરી જશે એ. પણ મારું સ્ટેશન આવ્યું છે. તું મને ક્યાં પકડી રાખે છો ? એમાં કાંઈ ચાલે એવું તો છે જ નહિ. વાસ્તવિક્તાનો સ્વીકાર કર્યે છૂટકો છે. એને સંમત હોય કે ન હોય. શાણો થઈને, ડાહ્યો થઈને સંમત કરે. કર્મબંધ ઓછા કરશે. દુઃખથી બચશે. નહિતર દુઃખી થવા સિવાય તો બીજો કોઈ એમાં ઉપાય નથી.

મુમુક્ષુ :– સામે રાખીને (એટલે)...

પૂજ્ય ભાઈશ્રી :– સામે રાખીને એટલે જ્યારે વિદ્યમાનો હોય ત્યારે જ એને જોવું કે આમાં મારાપણું ક્યાં આવે છે અને ક્યાં હું કેવી રીતે મારાપણું કરું છું. આ એક જીવ સ્વતંત્ર છે. અનંતગુણનો, ત્રણલોકનો નાથ છે, અનંતગુણનો ધણી છે. મારે આધિન કેવી રીતે બને ? એને મારે આધીન રહેવું જોઈએ એમ છે ને ? મારું છે એટલે હું કહું એમ થવું જોઈએ, મારી ઇચ્છા પ્રમાણે ચાલવું જોઈએ. સ્વતંત્ર પદાર્થ

છે. કેવી રીતે ચાલે ? અને મારાપણું છે ક્યાં ?

મુમુક્ષુ :- એના ભલા માટે ટોકતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એના ભલા માટે .. હોય પણ તારું પોતાનું બૂરું થાય એનું શું ? એનું ભલું કરવા જતાં પોતાનું નુકસાન કરે એનું શું પણ ?

મુમુક્ષુ :- એનું ભલું ઇચ્છીને એ ભવિષ્યમાં પોતાને કામ લાગશે એમ...

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક ! પોલ છે કહે છે. સ્વાર્થ પોતાનો છે. અને કહે છે કે હું એના ભલા માટે કરું છું. વાત ખોટી છે. પોતે સુખનું કારણ માન્યું છે, પોતે સુખનું સાધન માન્યું છે, પોતે સુખનું સ્થાન માન્યું છે. અને પોતાના સુખ માટે કરે છે અને કહે છે કે નહિ હું એના ભલા માટે કરું છું. ખોટી વાત છે. પોતે પોતાને છેતરે છે.

મુમુક્ષુ :- બીજાના અલ્પગુણને...

પૂજ્ય ભાઈશ્રી :- બીજાના અલ્પગુણોને પણ પ્રીતિથી જોવાં. તે એને સારુ લાગવું જોઈએ. બીજાના ગુણ જોઈને. આ ગુણ તો એનામાં સારો છે. જે હોય તે. જે પ્રકારનો હોય તે. એ ગુણ પ્રત્યે એને પ્રીતિ આવવી જોઈએ. જો એને પોતાના ગુણ પ્રગટ કરવાનો અંદરમાં કાંઈ અભિપ્રાય હોય તો આમ જ થાય, બીજાના ગુણ જોઈને પ્રીતિ આવે જ આવે, આવ્યા વગર રહે નહિ. કે ભાઈ ! આટલું તો બરાબર છે. આ વાત તો આપણે પણ અનુમોદવી જોઈએ, ઠીક લાગવી જોઈએ, આપણને સારી લાગવી જોઈએ. અને તો એને દોષ ગૌણ કરી દેશે. નહિતર એના દોષની મુખ્યતા કર્યા વગર નહિ રહે પાછો. એ તકલીફ બીજી થાશે પાછી.

મુમુક્ષુ :- કોઈપણ કારણ હોય પણ દોષને.

પૂજ્ય ભાઈશ્રી :- દોષને ગૌણ કરી નાખવા. ખ્યાલ આવી જશે. જ્ઞાન છે, એનો જાણવાનો સ્વભાવ છે એ તો ખ્યાલ આવી જશે. ગુણનો, દોષનો બધો ખ્યાલ આવશે. પણ ગુણને મુખ્ય કરજે, દોષને ગૌણ કરજે. એમ વાત છે.

મુમુક્ષુ :- એ ન થાય તો નક્કી થાય કે પોતાને ગુણ પ્રગટ કરવા નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દોષને મુખ્ય કોણ કરે છે ? દોષદૃષ્ટિવાન. ગુણદૃષ્ટિવાન ગુણને મુખ્ય કરે. દોષદૃષ્ટિવાન દોષને મુખ્ય કરે. એમ થાય છે. એટલે પોતાના પરિણામમાં એ વિચારવાયોગ્ય વિષય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– રહે જ નહિ. એમાં વાત્સલ્ય જ આવે. બીજું આવે જ નહિ એમાં.

આ કાલે ૪૩૦માં વાંચ્યું. સત્પુરુષનો સંપ્રદાય. અનવકાશપણે જગતના સર્વજીવો પરમાર્થના કારણના અંશને પ્રાપ્ત થાય, પરમાર્થને પ્રાપ્ત થાય એ તો બહુ સારી વાત છે. પણ પરમાર્થનું નિમિત્ત હોય એના અંશને પણ પ્રાપ્ત થાય.

મુમુક્ષુ :– ઋષભદેવ આદિ તીર્થંકર.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ત્યાંથી વાત લેવી. છેક 'ઋષભદેવ' ભગવાનથી. સનાતન ત્રણે કાળના તીર્થંકરોનો આ માર્ગ છે. ત્રણેકાળમાં નિર્દોષ અને પવિત્રતા સાધનારાઓનો આ માર્ગ છે. એમ વાત છે. જેને પવિત્રતા અને નિર્દોષતા સાધવી છે એને આમ જ હોય. બીજી રીતે હોય નહિ.

મુમુક્ષુ :– ૪૫૩ બહુ સારો પત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા બહુ સારો પત્ર છે. મુમુક્ષુ માટે ઘણો સારો પત્ર છે. **'એ વાતો સત્સંગમાં..'** એટલે તમે બધા મળો ત્યારે. સંસારમાં એટલે ઉદયમાં ઉદાસિનતા થતી હોય, ન થતી હોય એની બધી ચર્ચા કરજો, બીજા ગુણોની ચર્ચા કરજો, પોતાના દોષની ચર્ચા કરજો. એમ. એ **'અખંડ એક શરમાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.'** અખંડપણે ધ્યાનમાં રાખવું. એમાં ભૂલી ન જવું, કોઈ વખતે ભૂલી ન જવું. એટલે કોઈ વખતે ઊંધું કરી નાખે અને કોઈ વખતે સીધુ લે એમ નહિ. અખંડપણે–એકધારું. શરણાગતપણે એટલે પ્રાપ્તિ કરવાના અભિપ્રાયથી, દીનતાથી. શરણાગતપણામાં દીનતા આવે છે કે એવી પ્રાપ્તિની દીનતા છે. હું એનો યાચક છું. આવા સદ્ગુણો પોતામાં ઉત્પન્ન થાય એની હું યાચના કરું છું એમ છે. એને શરણાગતપણે ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

**'જેમ બને તેમ નિવૃત્તિકાળ, નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિદ્રવ્ય અને નિવૃત્તિભાવને ભજજો.'** પ્રવૃત્તિમાં તો, સંસારની પ્રવૃત્તિમાં તો એકાંતે પાપના પોટલા બાંધવા સિવાય બીજી કોઈ વાત છે નહિ. એટલે એનાથી નિવૃત્ત થઈને પરમાર્થમાર્ગમાં આવવા માટેનો પ્રયત્ન કરજો. અને એના માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નિવૃત્તિને ભજજો–ધારણ કરજો. **'તીર્થંકર ગૌતમ જેવા જ્ઞાનીપુરુષને પણ સંબોધતા હતા કે સમયમાત્ર પણ પ્રમાદ યોગ્ય નથી.'**

તીર્થંકર ભગવાન મહાવીર દેવ. એમના પટ્ટશિષ્ય જે કહેવાય, ચરમશરીરી એવા ગૌતમ સ્વામીને પણ... એ જ્ઞાની પુરુષ હતા. ગૌતમસ્વામી જેવા જ્ઞાનીપુરુષ. બાર અંગધારી, અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન ધારી. એને પણ એમ સંબોધતા હતા કે **'સમયમાત્ર પણ પ્રમાદ યોગ્ય નથી.'**

આ 'હસમુખભાઈ'ના દીકરાનું થઈ ગયું કે નહિ ? એ બધી જીવની ચેતવણી છે. એ ક્યારે ફૂ થાય એ કહેવાય એવું નથી. એ એમ બતાવે છે કે ક્યાંય પ્રમાદ કર્યા વિના તારા કામે તું લાગી જા. ઝડપ કર તું. એકદમ ઝડપ કર. ગમે ત્યારે આયુષ્ય પૂરું થશે. સૂવે છે એ ઉઠશે કે કેમ એ નક્કી નથી. એવી જ પરિસ્થિતિ થઈ છે. અગ્યાર વાગે સૂતો છે. સવારે ઉઠ્યો નથી. એટલી જ વાત છે. એટલે એક સમયમાત્ર પણ. ઘડી નહિ પણ એક સમયમાત્ર પણ પ્રમાદ કરવા જેવું નથી. એ તીર્થંકરદેવની આજ્ઞા છે એમ કહે. ખરેખર તો એ તીર્થંકરદેવની આજ્ઞા છે. એ ૪૫૪ પૂરો થયો.

## પત્રાંક-૪૫૫

**ૐ**

**મુંબઈ, પ્રથમ અસાડ વદ ૧૩, ભોમ, ૧૯૪૯**

**અનુકૂળતા, પ્રતિકૂળતાનાં કારણમાં વિષમતા નથી. સત્સંગના કામીજનને આ ક્ષેત્ર વિષમ જેવું છે. કોઈ કોઈ ઉપાધિજોગનો અનુક્રમ અમને પણ રહ્યા કરે છે. એ બે કારણ તરફની વિસ્મૃતિ કરતાં પણ જે ઘરમાં રહેવાનું છે તેની કેટલીક પ્રતિકૂળતા છે, તો હાલ તમ સૌ ભાઈઓનો વિચાર કંઈ મુલતવા યોગ્ય (જેવું) છે.**

૪૫૫. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

**'અનુકૂળતા, પ્રતિકૂળતાના કારણમાં વિષમતા નથી.'** અનુકૂળતા અને પ્રતિકૂળતાના જે બે પ્રકાર ઊભા થાય છે. જેનું નામ અપાય છે. અનુકૂળતા અને પ્રતિકૂળતા. એ પ્રકારની સંસારમાં જીવોને કલ્પના થતી હોવાને લીધે. વસ્તુતાએ એવું નથી. તે

કારણોમાં કોઈ વિષમતા નથી. એટલે ખરેખર તો જ્ઞાનના બંને જ્ઞેય છે. એક સરખા જ્ઞેય હોવાથી એને સમજ્ઞેય કહેવામાં આવે છે. જે જ્ઞેયમાં સમપણું નથી રાખતા એને વિષમતા કહેવામાં આવે છે. સમ અને વિષમ પ્રતિપક્ષમાં છે. **'અનુકૂળતા, પ્રતિકૂળતાના કારણમાં વિષમતા નથી. સત્સંગના કામીજનને આ ક્ષેત્ર વિષમ જેવું છે.'** છતાં પણ જેને સત્સંગ ઉપાસવો છે એને 'મુંબઈ'માં સત્સંગ મળે એવું નથી. એમ કહે છે. આ ક્ષેત્ર છે એ સત્સંગના કામીજનને, પોતાના સત્સંગની કામનાને અનુકૂળ નથી. ત્યાં એના સત્સંગને પોષણ મળે એવું જોવામાં આવતું નથી. 'મુંબઈ'થી પોતે લખે છે ને ? એટલે કહે છે.

કે **'અનુકૂળતા, પ્રતિકૂળતાના કારણમાં વિષમતા નથી.'** પણ આ ક્ષેત્રનો વિચાર આવે છે ત્યારે એમ લાગે છે કે સત્સંગના કામીજનને આ ક્ષેત્ર અનુકૂળ નથી. વિષમ છે.

મુમુક્ષુ :– ઇંગ્લેન્ડ-અમેરિકાની શું...

પૂજ્ય ભાઈશ્રી :– હા. જો 'મુંબઈ' વિષમ છે તો 'ઇંગ્લેન્ડ-અમેરિકા'ની શું વાત કરવી ? એ પ્રશ્ન જ નથી. એનો તો પ્રશ્ન જ નથી. ત્યાં તો આથી વધારે વૃત્તિ, બાહ્ય ભોગ-ઉપભોગ અને અર્થ ઉપાર્જનની જે વૃત્તિ છે એ આનાથી તીવ્ર છે. ઘણી તીવ્ર છે.

**'કોઈ કોઈ ઉપાધિજોગનો અનુક્રમ અમને પણ રહ્યા કરે છે.'** અનુક્રમ એટલે ક્રમે કરીને અનેક પ્રકારના ઉપાધિવાળા કામો આવે છે. **'એ બે કારણ તરફની વિસ્મૃતિ કરતા...'** એટલે કે એક 'મુંબઈ'નું ક્ષેત્ર અને એક એમાં પોતાને કરવો પડતો વ્યવસાય-વેપાર. **'એ બે કારણ તરફની વિસ્મૃતિ કરતા...'** ઘડીભર માટે એ બે કારણને ભૂલી જઈએ. તો **'પણ જે ઘરમાં રહેવાનું છે તેની કેટલીક પ્રતિકૂળતા છે,...'** જે ઘરમાં રહે છે ત્યાં પણ કાંઈક ગડબડ હશે. શું છે એ તો પોતે ખોલી નથી. પણ એની પ્રતિકૂળતા છે. **'તો હાલ તમ સૌ ભાઈઓનો વિચાર કંઈ મૂલતવા યોગ્ય (જેવું) છે.'** એટલે આવવાનું લખ્યું હશે કે અમારે ત્યાં આવવું છે. આપનો સમાગમ ઘણા વખતથી થયો નથી. પોણા બે વર્ષ થઈ ગયા છે. એ બાજુ 'ખંભાત' બાજુ આવ્યા નથી. તો એ આવવા માટે લખ્યું હશે. એમનું કુટુંબ-પરિવાર તો દેશમાં રહે. પોતે જ્યાં રહેતા હોય ત્યાં એ જાતની વ્યવસ્થા અનુકૂળ નહિ હોય એટલે એ કેટલીક પ્રતિકૂળતા જોઈને આવવા માટે ના પાડી છે. અત્યારે આવવાનું મૂલતવી રાખો.

એવા જ્ઞાની હતા તોપણ એમની નજીકમાં એવા કોઈ ત્યાં નહોતા કે સત્સંગ

માટે કોઈને આવવું હોય તો એની સુવ્યવસ્થા હોય. એવી આજુબાજુની પરિસ્થિતિ નથી. આપણા 'ગુરુદેવશ્રી' જ્યાં પધારે, તો એની સાથે બસ્સો-પાંચસો માણસ-મહેમાન આવે તો પણ એની વ્યવસ્થા થાય ત્યાં. એની ઉતરવાની વ્યવસ્થા થાય, જમવાની વ્યવસ્થા થાય. અહીંયાં બે-પાંચ જણા આવે તો વ્યવસ્થા ન થાય એ પ્રકાર છે. સંયોગનો એ પ્રકાર, આજુબાજુનો એ પ્રકાર છે એમ કહેવું છે. એ સામાન્ય વાત એમાં ૪૫૫માં વર્તમાન પરિસ્થિનો ઉલ્લેખ કરેલો છે.

## પત્રાંક-૪૫૬

ૐ

**મુંબઈ, પ્રથમ અસાડ વદ ૧૪, બુધ, ૧૯૪૯**

**ઘણું કરીને પ્રાણીઓ આશાથી જીવે છે. જેમ જેમ સંજ્ઞા વિશેષ હોય છે તેમ તેમ વિશેષ આશાના બળથી જીવવું થાય છે. એક માત્ર જ્યાં આત્મવિચાર અને આત્મજ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે, ત્યાં સર્વ પ્રકારની આશાની સમાધિ થઈ જીવના સ્વરૂપથી જિવાય છે. જે કોઈ પણ મનુષ્ય ઇચ્છે છે, તે ભવિષ્યમાં તેની પ્રાપ્તિ ઇચ્છે છે, અને તે પ્રાપ્તિની ઇચ્છારૂપ આશાએ તેની કલ્પનાનું જીવવું છે, અને તે કલ્પના ઘણું કરી કલ્પના જ રહ્યા કરે છે; જો તે કલ્પના જીવને ન હોય અને જ્ઞાન પણ ન હોય તો તેની દુઃખકારક ભયંકર સ્થિતિ અકથ્ય હોવી સંભવે છે. સર્વ પ્રકારની આશા, તેમાં પણ આત્મા સિવાય બીજા અન્ય પદાર્થની આશામાં સમાધિ કેવા પ્રકારે થાય તે કહો.**

૪૫૬મો પત્ર છે 'સોભાગભાઈ' ઉપરનો. **'ઘણું કરીને પ્રાણીઓ આશાથી જીવે છે.'** સંસારની અંદર જો કોઈને કોઈ આશાનો તંતુ ન પકડાય તો માણસને જીવતર પસાર કરવું એ ઘણું કઠીન થઈ પડે છે. અથવા એના જીવનનો કાળ વ્યતીત થતો નથી. કાળ વ્યતીત કરવો કઠણ પડે છે. **'ઘણું કરીને પ્રાણીઓ આશાથી જીવે છે.'**

કોઈને કોઈ પ્રકારની, બાહ્યપદાર્થોની આશામાં ને આશામાં કાળ વિક્ષેપ કરે છે. **'જેમ જેમ સંજ્ઞા વિશેષ હોય છે...'** સંજ્ઞા એટલે ઇચ્છા લેવી. ચાર સંજ્ઞાને ચાર પ્રકારની ઇચ્છા કહે છે. એટલે જેમ જેમ ઇચ્છા વિશેષ હોય છે, ઘણી ઇચ્છાઓ હોય, તીવ્ર ઇચ્છાઓ હોય છે. **'તેમ તેમ વિશેષ આશાના બળથી જીવવું થાય છે.'** આ એક અનુભવગોચર સર્વસામાન્ય વિષય છે. કે જેને ઘણી ઇચ્છા હોય એને પછી ઘણી આશાઓ થાય છે. ઇચ્છિત પદાર્થોની આશા હોય છે. તો એને આશા પણ ઘણી હોય છે. પછી આમ કરશું... પછી આમ... આ પછી આમ... પછી આમ... પછી આમ... એમ.

**'એક માત્ર...'** આ સામાન્ય સંસારી પ્રાણીઓની વાત કરી. હવે **'એક માત્ર જ્યાં આત્મ વિચાર અને આત્મજ્ઞાનનો ઉદ્ભવ થાય છે, ત્યાં સર્વ પ્રકારની આશાની સમાધિ થઈ જીવના સ્વરૂપથી જિવાય છે.'** આ હવે બીજી લાઈન છે. સંસારની આ લાઈન છે. હવે જે જીવ સંસારની ગતિ છોડીને પંચમગતિ તરફ જવાનો છે એનો પ્રકાર સાવ જુદો છે. તો જ્યાં આત્મવિચારનો એટલે આત્માના કલ્યાણના વિચારનો ઉદ્ભવ થાય છે કે મારે એક આત્મકલ્યાણ કરવું છે. સંસારના પદાર્થો હવે મેળવવા નથી. પણ મારે એક આત્મકલ્યાણ કરી લેવું છે એવો જેને આત્મ વિચાર છે. અને જેને તદ્નુસાર આત્મજ્ઞાનનો ઉદય થઈ ગયો છે, અનુભવ થયો છે. બે વાત ઉદ્ભવ થઈ હોય. કા તો આત્મજ્ઞાનનો ઉદ્ભવ થયો હોય, કા તો આત્મજ્ઞાન થાય એવી કલ્યાની ભાવનાનો ઉદ્ભવ થયો હોય. તો ત્યાં સર્વ પ્રકારની આશાની સમાપ્તિ થઈ જાય છે.

જેટલી કોઈ આશાઓ, ઇચ્છાઓ, મહેચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ. એ બધા ઉપર પહેલી ચોકડી લાગી જાય છે. કે આ રસ્તે હવે જાવું નથી. મારો રસ્તો કોક બીજો છે અને મારે હવે કોઈ બીજા રસ્તે જાવું છે. એટલે જે ફેર પડે છે. આ તપાસવા જેવો વિષય છે કે એ રીતે આ માર્ગમાં પોતે આવ્યો છે કે નહિ ? શું તપાસવા જેવું છે અહીંયાં ? કે બધી આશાઓ ઉપર ચોકડી મૂકીને આવ્યો છે ? એનું એક બંડલ વાળીને ક્યાંય દરિયામાં ફગાવી દીધું ? કે જે કાંઈ સંસારસંબંધીની આશાઓ હતી એ બધી આશાનું પોટલું વાળી નાખો દરિયામાં. મારે એક આત્માનું કલ્યાણ કરવું છે. આ સિવાય મારે કાંઈ કરવું નથી. તો એને બધી આશાની સમાપ્તિ થઈ જાય છે અને સમાધિ પણ થઈ જાય છે. પછી હવે સમાધાન નથી રહેતું. શું કરવા

આ મને ન મળ્યું ? એ વાત એને રહેતી નથી.

મુમુક્ષુ :- આશા એટલે સંસાર અર્થે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આશાના તાંતણે જ સૌના સંસાર ચાલે છે. જે આશા છે ને એ ભવિષ્યમાં પદાર્થની પ્રાપ્તિનો કરવાનો એક જીવને તીવ્ર રસથી ઉત્પન્ન થતું પરિણામ છે. જેમાં રસ ઘણો છે. એ રસને લઈને એ કાળ ચાલે છે, વ્યતીત થઈ જાય છે.

મુમુક્ષુ :- ઇચ્છાના...

પૂજ્ય ભાઈશ્રી :- ઇચ્છા એટલે શું છે કે ખરેખર એ દુઃખનો માર્ગ છે. જે આશા પાછળ દોડવું એ દુઃખનો માર્ગ છે. અને આશાને છોડીને આત્મકલ્યાણ અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ સુખનો માર્ગ છે. તો આ માર્ગ છોડી દેવો છે. દુઃખનો માર્ગ છોડી દેવો છે. એક વાત. બહુ સાફ વાત છે આ. માર્ગ બે છે : એક સંસારમાં પરિભ્રમણ કરવાનો માર્ગ છે, એક સંસાર પરિભ્રમણ છૂટીને મોક્ષ પ્રત્યે જવાય એવો મોક્ષનો માર્ગ છે. બે જ માર્ગ છે. જગતમાં ત્રીજો માર્ગ નથી. હવે કહે છે કે તું પસંદ કરી લે. તું પસંદ કર કે તને શું પસંદ છે ? એટલે તો આગળ પહેલા પ્રતમાં કહ્યું ને ? કે સ્પષ્ટ પ્રીતિથી જો સંસાર કરવાની ઇચ્છા થતી હોય તો એણે એમ નક્કી કરવું કે આ જીવે હજી જ્ઞાનીપુરુષના વચન કોઈ સાંભળ્યા નથી. તેમ જ્ઞાનીપુરુષના એને દર્શન પણ હજી થયા નથી. એમ. એ વાત લીધી છે.

અહીંયાં બીજી રીતે એ વાત કહે છે કે, જો તારે સંસાર સ્પષ્ટ પ્રીતિથી નથી કરવો તો આશાઓની સમાપ્તિ થઈ ગઈ છે ? કે આશાઓ બધી ઊભી છે ? ત્યારે માણસને પ્રશ્ન એ થાય કે, ભાઈ ! સંસારીજીવોને તો કેટલાક કાર્યો બાકી હોય. કેમકે દીકરા-દીકરી કોઈના નાના હોય. તોપછી એ બધું ઠેકાણે પાડવાનું, સારે ઠેકાણે બધું થાય એવી તો આશા હોય કે ન હોય ? જે વસ્તુ છે એ તો સામે લેવી પડશે ને. અને પાછું એટલેથી પતતું નથી. એના દીકરા-દીકરી થાય એટલે પાછી એની આશાઓ જન્મે છે કે એનું સારે ઠેકાણે બધી વ્યવસ્થા થાય તો સારું અને મારા કુટુંબ-પરિવારમાંથી એકપણ સભ્ય કોઈ જગ્યાએ ક્યાંય દુઃખી ન થાય તો સારું. આટલી બધી આશાઓ એક સાથે એક પોટલામાં બાંધેલી રાખી હોય છે. એને એમ કહે છે કે, ભાઈ ! એ બધા એના નસીબ લઈને આવ્યા છે. એ બધા જીવો સંચિત જે પૂર્વ કર્મ છે એ એની પાસે જ છે. તારી પાસે કાંઈ નથી. અને એ એના સંચિત પૂર્વકર્મ અનુસાર

એના ઉદયમાં એને પસાર થવા સિવાય તારો કોઈ અધિકાર પણ એમાં ફેરફાર કરવાનો છે નહિ. તો એ વાત એના ઉપર છોડી દે ને. તું શું કરવા તારી ગતિ બગાડે છો ? એના કારણથી તું તારી ગતિ શું કરવા બગાડે છો ? તારે જે પ્રાપ્ત કરવાનું છે, આત્મકલ્યાણ કરવાનું છે, આત્મજ્ઞાન કરવાનું છે. એ દિશામાં, એ કાર્યમાં અગ્રેસર થવાને બદલે એ પડતું મૂકીને તું આ બાજું ક્યાં દોડે છો ? આ વાત છે.

**'સર્વ પ્રકારની આશાની સમાધિ થઈ...'**ને એમ કહે છે. આ પરિસ્થિતિ પ્રવેશકાળમાં આવે છે. ત્યાર પછી એનો પ્રવેશ બરાબર હોય છે. એ પહેલા એનો પ્રવેશ છે એ બધો ઉભાંગડે છે. જીવને ઉપદેશ વાક્યો સારા લાગે છે. ઉપદેશના સિદ્ધાંતો છે એ સારા લાગે છે. બોધ એને એમ લાગે છે કે બહુ સારો બોધ આપે છે. મહાત્માઓ, ધર્માત્માઓ, તીર્થંકરો આદિ ઘણો સારો બોધ આપે છે. બસ એ એને મનમાં થોડું સારું-સારું લાગે છે. એટલે જેમ થોડું મનોરંજનનો વિષય હોય એ પ્રકારે આ વિષયની અંદર પ્રવર્તમાન રહે છે. એ આગળ નથી ચાલતો.

મુમુક્ષુ :– સંતોષાય જાય..

પૂજ્ય ભાઈશ્રી :– સંતોષાય તો પછી જાય જ. એનું કારણ શું છે કે એની નજર નીચે છે. નજર ક્યાં છે ? કા તો પોતાનો ભૂતકાળ જોવે છે તો કહે પહેલા આવું મને નહોતું મળતું, પહેલા હું આવો નહોતો. એમ બીજાની સામું જોશે કે બીજાને આવું નથી, મારે આવું છે. એટલે સંતોષ થયા વગર રહેશે નહિ. પણ અહીંયાં એક તપાસવા જેવો વિષય આ છે કે સર્વ પ્રકારની આશાની સમાપ્તિ થઈને. અહીંયાં સમાધિ એટલે સમાપ્તિ લઈ લેવી. અને એક આત્મવિચાર અને આત્મજ્ઞાનનો એવો કાંઈ ઉદ્‌ભવ થયો છે ? આ એક તપાસવા જેવો વિષય છે. તો આ બાજુનો પ્રવેશ થયો છે એમ સમજવું. નહિતર ગમે તે પ્રકારે જીવ વર્તતો હોય એને હજી...

જ્યારે ધર્મ સાંભળવો જ છે અને એમાં કાંઈક આપણે લાભ લેવો જ છે. તો પછી શા માટે વ્યવસ્થિત ન થવું ?

મુમુક્ષુ :– સંપત્તિ વધારવા માટે ધર્મની વાત (કરવી છે.)

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં પણ સોદા બાજી કરવી છે એમ ને ? અહીંયાં પણ વેપાર કરવો છે.

એને કહે છે કે તારી ઘણી લગની છે. તારી સંપત્તિ વધારવાની એટલી બધી

લગની છે કે જ્યાં એ વાત એકબાજુ મૂકવી છે ત્યાં પણ એ વાતને મુખ્ય કરી દે.

મુમુક્ષુ :- દુનિયા પાછળ એવા લગાડી દીધા છે...

પૂજ્ય ભાઈશ્રી :- એવી વાત છે. ધર્મના નાયકો એવું બધું કામ કરે છે. તું પુણ્યાનુબંધી પુણ્ય બાંધ, ભવિષ્યમાં સુખી થઈશ. એ નિદાન જ તારું પાપબંધનું છે.

મુમુક્ષુ :- પુણ્યથી તને પૈસા મળ્યા છે હવે તું વધારે ધર્મમાં વાપરીશ તો છે એમાં ઘણું મળશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા આગળ પણ ઘણું મળશે તને. પણ એવો અભિપ્રાય પાપ છે એ ખબર નથી.

મુમુક્ષુ :- આ નજરે જોયું છે, સાંભળ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધે બધે લગભગ એ પરિસ્થિતિ છે. ધર્મના સ્થાનકોમાં લગભગ આ પરિસ્થિતિ છે. આ તો માર્ગ જ જુદો છે, ભાઈ ! વીતરાગ તીર્થંકરદેવનો માર્ગ તદ્દન જુદો છે. એ બધા લૌકિકમાર્ગ અન્યમતિ જેવી જ પરિસ્થિતિ છે. જૈન કહેવાય તો પણ અન્યમતિ જેવા છે અને અન્યમતિ તો અન્યમતિ છે જ.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ બહુ પ્રહાર કર્યો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ હોય ને. બેયને સીધો સંબંધ છે.

**'આત્મવિચાર અને આત્મજ્ઞાનનો ઉદ્ભવ...'** ઓલી બધી આશાઓ ઊભી રાખીને કદી થતો નથી. થઈ શકતો નથી. અસંભવિત અને અશક્ય છે. છતાં કોઈ માને કે નાના અમે ધર્મના ક્ષેત્રમાં, ધર્મના કાર્યમાં ઘણી પ્રવૃત્તિ કરીએ છીએ. એ બધા ભ્રમણામાં ફરે છે. ભ્રમણામાં ભટકે છે. કાંઈ વાતમાં માલ નથી.

મુમુક્ષુ :- અપક્ષપાતપણે વર્તે...

પૂજ્ય ભાઈશ્રી :- તો જ શરૂઆત થાય છે. એ પહેલા શરૂઆત થવાની વાત જ નથી. એટલે તો વાત છે કે તપાસી લે તું. કે આ નક્કી થઈ ગયું છે ? પોટલું વાળ્યું છે ? પોટલું વાળીને ઘા કર્યો છે ? તમામ આશાનું પોટલું વાળીને ઘા કર્યો છે કે નથી કર્યો ? જોઈ લે જે. એકેય વાર કર્યો ? ન કર્યો હોય તો હવે અત્યારે કરી નાખ. કોઈની રાહ જોઈશ નહિ. અમુક કામ પત્યા પછી હવે હું આમ કરીશ એટલો પણ વિચાર કરીશ નહિ. નહિતર એકેય કામ પૂરા નથી થવાના. અત્યારે જ. આગળ જે થાવું હોય થાશે. ભવિષ્યમાં જેનું જે થવું હશે એ થાશે. તું એને પોટલું

વાળીને ફેંક.

મુમુક્ષુ :– તમે એમ કીધું કે પોટલુંવાળીને ફેકી દે પણ એવું સ્થાન ન આવ્યું હોય ત્યાં સુધી તમે ગમે તેટલું કહો તો પણ એ નાખી ન શકે...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે પણ ક્યું સ્થાન ?

મુમુક્ષુ :– બીજું કાંઈ..

પૂજ્ય ભાઈશ્રી :– કેમ આત્મકલ્યાણ કરવાનું સ્થાન નથી ? એક આત્મકલ્યાણ જ કરવું છે. એને વશ આ પોટલું ફેંકવું છે. એ વાત છે. સાથે-સાથે છે. અસ્તિ-નાસ્તિ એક જ સમયમાં લેવી છે. બીજે સમય નથી લેવી. મારે મારું કલ્યાણ કરવું છે માટે મારે બીજું કાંઈ કરવું નથી. એમ વાત છે. બેની વાતમાં જોડાણ છે. જુદી જુદી નથી. એક સિક્કાની બે બાજુ જેવી વાત છે.

મુમુક્ષુ :– પોતાની જે આશાઓની વાત છે એને ખ્યાલ આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :– એને બે ખોટો ખ્યાલ છે. એને એમ છે કે હું કાંઈક ધાર્મિક માણસ છું અને મારી શક્તિ પ્રમાણે હું કાંઈ ધર્મની દિશામાં કાંઈક ને કાંઈક કરી રહ્યો છું. એક એવો ખોટો ખ્યાલ છે. બીજો ખોટો ખ્યાલ એને એવો છે કે મારી જે બધી આશાઓ છે એમાં પણ મારે હળવે... હળવે... હળવે... બધું કાઢી નાખવું છે. મારે મારું કલ્યાણ કરવું છે. એ દિશામાં એનો ખોટો ખ્યાલ છે. અને થોડોઘણો ફેરફાર પણ કર્યો હોય. કહે છે કે એમ નથી. તારી બધી આશાનું પોટલું વાળીને એકવાર ઘા કર્યો છે કે નહિ ? એક સાથે. કે હવે કોઈ આશા જીવતી નથી. એક આત્મકલ્યાણ જ કરવું છે. આત્મવિચારનો ઉદ્ભવ થયો છે. એ આ પ્રકારનો ઉદ્ભવ થયો છે કે જે પ્રકારને લઈને બધી આશાઓને ફેંકી છે તે. ત્યાર પછી પ્રવેશ છે. ત્યાં સુધી પ્રવેશ નથી. આવું છે જરાક.

મુમુક્ષુ :– આત્મકલ્યાણ એવા શબ્દો સાંભળ્યે છીએ. પણ એ કલ્યાણપણું શું ? એ જ્યાં સુધી નજરમાં ન આવે ત્યાં સુધી એનું ખેંચાણ કેવી રીતે થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– કલ્યાણપણું આ છે. દોષથી દુઃખ છે. દોષ અને દુઃખ અવિનાભાવી છે. દોષમાં ઊભો છે અને દુઃખી થઈ રહ્યો છે. બે વાત તો એને અનુભવગોચર છે ને ? હવે એ સર્વથા ન જોઈએ. પૂરેપૂરી એક કણી પણ એમાંથી ન જોઈએ. બસ આ કલ્યાણ છે. નિર્દોષતા અને સુખ અવિનાભાવી છે. સદોષતા

અને દુઃખ અવિનાભાવી છે. તો સીધો એ અનુભવગોચર વિષય છે. આના માટે કોઈ શાસ્ત્ર ભણવાની જરૂર નથી. કે ફલાણું શાસ્ત્ર વાચું તો સમજણ પડે એવી વાત નથી. વગર સમજણે તિર્યંચને ખ્યાલ આવે છે કે અહીંથી દુઃખી છું. અને આ ન હોય તો સુખી છું. આ દુઃખના અભાવમાં સુખ છે. સુખ ભલે વેદ્યું નથી, સુખ ભલે અનુભવગોચર કર્યું નથી. પણ દુઃખના અભાવમાં સુખ છે. દુઃખ ન જોઈએ એ જ સુખની ઇચ્છા છે. બીજું કાંઈ નથી. સીધે સીધી વાત છે.

મુમુક્ષુ :- ગમે તેટલું કહો નાસ્તિથી કહો છો. અસ્તિથી તો એમાં કોઈ કેમ નથી આવતું ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ સુખ જોઈએ એ અસ્તિથી જ છે ને. એકાંતે સુખ જોઈએ, પરિપૂર્ણ પવિત્રતા જોઈએ એ અસ્તિ છે. પૂર્ણ પવિત્રતા જોઈએ, પૂર્ણ સુખ જોઈએ, એકદમ જરાપણ આકુળતા ન હોય એવું સુખ જોઈએ એ અસ્તિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે પકડશે ? જે દુઃખને હજી સમજતો નથી એ સુખને ક્યાંથી સમજશે ? દુઃખ લાગે છે ? પહેલા તો એ જ વાત છે. દુઃખ લાગવું જોઈએ. એ વગર એને સુખ જોઈએ છે એ કેવી રીતે બને ? વર્તમાન દુઃખીત અવસ્થામાં દુઃખ ન લાગતુ હોય તો સુખ ક્યાં લાગશે એને ? સુખ કેવી રીતે સમજાશે એને ? સમજવું હોય તો છે. જ્ઞાનસુખરૂપ છે. શું છે ? અસ્તિથી પકડવું હોય તો છે. પણ થોડું સૂક્ષ્મ પડે એવું છે. જ્ઞાન સ્વયં પોતે જ સુખરૂપ છે. તે એનું રૂપ છે સુખ તો. એટલા જ્ઞાન-જ્ઞાનમાત્રને, માત્ર જ્ઞાનને પકડે તો સુખનો પત્તો લાગે એવું છે. પણ આશાની પાછળ દોડતો હોય ત્યાં સુધી જ્ઞાનમાં સુખનો પત્તો લાગે એવું નથી. એટલે એકડેએકથી વાત છે એ તો.

મુમુક્ષુ :- ... અકલ્યાણ થાય...

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. અકલ્યાણ થાય એનાથી પાછું વળવું જોઈએ. પણ એ વાત છે કે વર્તમાન સંસાર અવસ્થામાં પોતે દુઃખી છે. એ દુઃખ લાગે છે ? કે પોતાને જોઈતી અનુકૂળતાઓની પ્રાપ્તિ છે એટલે હવે વાંધો નથી એમ સંતોષ કરીને સૂતો છે. કે દુઃખી છે એમ કરીને જાગૃત થયો છે ? આ જરા તપાસવાનો વિષય છે. નહિતર આમનેમ આયુષ્ય બફમમાં ને બફમમાં પૂરું થઈ જાય એવું છે. એવી વાત છે.

મુમુક્ષુ :- આ આશાઓ ભાવી છે એ પેપરમાં જ નાપાસ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રવેશપત્રની અંદર... પ્રવેશપત્ર ભરી શકે એવું નથી. એની નીચે સહી કરી શકે એવું નથી. ખરી વાત એ છે. આજે નહિ ને કાલે કે ગમે ત્યારે કર્યે જ છૂટકો છે. બીજો કોઈ એનો વિકલ્પ નથી, બીજી કોઈ એની પર્યાય નથી.

**'સર્વ પ્રકારની આશાની સમાધિ થઈ જીવના સ્વરૂપથી જિવાય છે.'** પહેલા આશાના દોરે જીવતો હતો. હવે જીવના સ્વરૂપથી જીવાય છે પછી. પછી એને એ છે આત્મવિચાર જ જ્યાં થયો છે. ત્યાં એ આત્માના વિચાર કરશે. આત્મામાં જ્ઞાનાદિ સ્વભાવો છે એના વિચાર કરશે. અને એના આધારે જીવશે. **'જે કોઈ પણ મનુષ્ય ઇચ્છે છે, તે ભવિષ્યમાં તેની પ્રાપ્તિ ઇચ્છે છે,...'** આશા શું છે કે કાંઈપણ મનુષ્યની ઇચ્છા છે અને ઇચ્છા અનુસાર એની પ્રાપ્તિને ઇચ્છે છે. **'અને તે પ્રાપ્તિની ઇચ્છારૂપ આશાએ તેની કલ્પનાનું જીવવું છે,...'** તે કલ્પનામાત્ર જીવું છે. કલ્પનામાં ને કલ્પનામાં જીવતો... જીવતો... જીવતો... જીવતો... અનંતભવ કાઢ્યા એણે.

**'અને તે કલ્પના ઘણું કરી કલ્પના જ રહ્યા કરે છે;...'** વાસ્તવિક્તા એમાં ક્યાંય આવતી નથી. કલ્પના-કલ્પના જ રહે છે. જેમ કે મને આ મળે તો સારું. અને એ મળ્યું. મળ્યું છે એને ? એ પણ એની કલ્પના છે. મેળવવું હતું એ પણ કલ્પના છે અને સંયોગ થયો તો મળ્યું એ પણ એની કલ્પના છે. એના આત્મામાં કાંઈ આવ્યું નથી. કલ્પના તો કલ્પના જ રહી છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' તો કહે રાગને ભોગવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગને ભોગવે છે અને કલ્પનાને ભોગવે છે.

**'તે કલ્પના ઘણું કરી કલ્પના જ રહ્યા કરે છે; જો તે કલ્પના જીવને ન હોય અને જ્ઞાન...'** એટલે આત્મજ્ઞાન **'પણ ન હોય તો તેની દુઃખકારક ભયંકર સ્થિતિ અકથ્ય હોવી સંભવે છે.'** પહેલાં ઘણી વખત થાય છે ને ? કોઈ પ્રિયજન માણસ મરી જાય છે પછી એને એમ થાય કે મારે તો સંસારમાં જેમ એક સર્વસ્વ હતું એ ચાલ્યું ગયું. હવે એને જીવનની કોઈ આશા નથી માનો કે. મારે હવે કોઈ આશાનું શું કામ છે ? કોઈ આશા નથી. તો એનું જીવતર એટલું બધું દુઃખમય થઈ જાય છે કે અકથ્ય એની દુઃખની જે પરિસ્થિતિ છે એ પણ અકથ્ય હોય છે. કથી ન શકાય એવી હોય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. વર્તમાન અવસ્થામાં. મનુષ્ય હોય તો પણ એવી દુઃખમય સ્થિતિ થઈ જાય છે. એવું બને છે ઘણાને કે જીવનની અંદર ક્યાંય એને સુખ પડે નહિ. ખાવામાં, પીવામાં, બેસવામાં, જીવવામાં જ એને સુખ ન લાગે. એવી પરિસ્થિતિ થઈ જાય છે. જો એને કોઈ આશાનો તંતુ ન હોય અને આ બાજુ જ્ઞાન પણ ન હોય તો ભયંકર દુઃખની સ્થિતિ છે એમ કહે છે. એમ કહેવું છે. એવી સ્થિતિમાં પણ ઘણા જીવો આયુષ્ય વ્યતિત કરે છે. ક્ષણ ક્ષણ ભાવમરણ જેવી સ્થિતિ હોય છે. ઘણી ભયંકર દુઃખમય સ્થિતિ હોય છે અને કેટલાક તો એમાં ને એમાં પ્રાણત્યાગ કરી બેસે છે.

**'તો તેની દુઃખકારક ભયંકર સ્થિતિ અકથ્ય હોવી સંભવે છે. સર્વ પ્રકારની આશા, તેમાં પણ આત્મા સિવાય બીજા અન્ય પદાર્થની આશામાં સમાધિ કેવા પ્રકારે થાય તે કહો.'** આત્મા સિવાયની કોઈપણ પ્રકારની (આશામાં સમાધિ કેવી રીતે) બને ? બને તો કહો તમે. એ કાંઈ બની શકે એવું નથી. 'સોભાગભાઈ'ને પત્ર લખ્યો છે ને ? એટલે આ સંયોગીક પદાર્થની, સંયોગીક વાતોની પારમાર્થિક દૃષ્ટિકોણથી ચર્ચા છે. છે સંસારના સંયોગોની ચર્ચા, પણ પારમાર્થિક દૃષ્ટિકોણ અપનાવીને ચર્ચા કરી છે કે આમાં શું છે તમે જુઓ, વિચાર તો કરો.

મુમુક્ષુ :– બધાને લાગુ પડે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. બધાને લાગુ પડે છે. કેમકે સંસારીજીવને કાંઈને કાંઈ આશા તો હોય જ છે અને એ આશાના દોરે જીવે છે. કલ્પનામાં ને કલ્પનામાં. ૪૫૬ (પત્ર પૂરો) થયો.

**પત્રાંક-૪૫૭**

**મુંબઈ, બીજા અસાડ સુદ ૬, બુધ, ૧૯૪૯**

**રાખ્યું કંઈ રહેતું નતી, અને મૂક્યું કંઈ જતું નથી, એવો પરમાર્થ વિચારી કોઈ પ્રત્યે દીનતા ભજવી કે વિશેષતા દાખવવી એ યોગ્ય નથી. સમાગમમાં દીનપણે આવવું નહીં.**

૪૫૭. **'રાખ્યું કંઈ રહેતું નથી, અને મૂક્યું કંઈ જતું નથી,...'** કોના ઉપરનો પત્ર છે એની મારામાં નોંધ કરેલી નથી. એટલે કદાચ નહિ હોય. નથી. **'રાખ્યું કંઈ રહેતું નથી, અને મૂક્યું કંઈ જતું નથી,...'** એટલે કે આ જીવના અધિકારની સંયોગોમાં કોઈ પરિસ્થિતિ છે નહિ. જે એને રાખવું હોય એટલે રહે અને જેનો નાશ કરવો હોય એ કાંઈ છૂટી જાય એ જીવના કોઈ અધિકારનો વિષય છે નહિ. **'એવો પરમાર્થ વિચારી...'** એટલે એ વાસ્તવિકતા વિચારી **'કોઈ પ્રત્યે દીનતા ભજવી કે વિશેષતા દાખવવી એ યોગ્ય નથી.'** માટે કોઈના પ્રત્યે યાચના કરવી, દીનતા કરવી અને કોઈની વિશેષતા કરવી એટલે મહિમા કરવી, આશાથી ને ઇચ્છાથી, કે આ કાંઈક મને અનુકૂળ થઈ જશે, મને આ લાભનું કારણ થઈ જશે, અત્યારે નહિ તો ભવિષ્યમાં લાભનું કારણ છે. માટે આપણે એની કાંઈક વિશેષતા કરી લેવી એ યોગ્ય નથી. ક્યાંય દીનતા કરવી યોગ્ય નથી, એ રીતે કોઈની વિશેષતા કરવી પણ યોગ્ય નથી. એટલે સંયોગની અનુકૂળતાઓને કે પ્રતિકૂળતાઓના નાશને લક્ષમાં રાખીને કોઈના પ્રત્યે દીનતા કરવી કે કોઈની વિશેષતા કરવી એ જ દીનતા છે ખરેખર. બીજાની મોટાઈ એટલે પોતે નાનો થઈ ગયો. એ યોગ્ય નથી.

**'સમાગમમાં દીનપણે આવવું નહીં.'** કોઈના સમાગમમાં દીનપણે આવવું નહિ. ભાઈ ! તમે અમને લાભ કરી દ્યો છો માટે, તમે અમને અનુકૂળ રહો છો માટે તમારી સાથે અમે નમ્રતાથી રહીએ. એ પ્રકારે પણ એ નમ્રતા નથી પણ એ દીનતા છે ખરેખર.

મુમુક્ષુ :– ... આ બે લીટીમાં બધાનું ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. આ બે જાતના Complex છે ને. એક Superiority of complex અને Inferiority of complex જેને કહે છે. એની અંદર કાં તો માણસ બીજાને મોટો ગણી અને પોતાને નાનો માનીને ચાલે, કાં તો અહંભાવમાં અને અભિમાનમાં પોતે બીજાથી બહુ મોટો છે, બીજા બધા મારા કરતા નાના છે એમ કરીને ચાલે છે. બેય દોષ છે. બંને છે એ દોષ જ છે. એવું કાંઈ નથી. પોતાનું રાખ્યું રહેતું નથી અને કોઈનું કાંઈ કાઢ્યું કે રાખ્યું કાંઈ રહેતું નથી. સંયોગમાં કોઈનો અધિકાર છે નહિ. માટે એ વાસ્તવિકતા, પરમાર્થ એટલે અહીંયાં વાસ્તવિકતા, એ વાસ્તવિકતા વિચારીને કોઈની પાસે દીનતા કરવી નહિ. દીનપણે કોઈના સમાગમમાં

આવવું નહિ.

મુમુક્ષુ :– જ્ઞાની પ્રત્યે એ પ્રમાણે દીનતાના ભાવ હોય.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાની પ્રત્યે મુમુક્ષુને દીનતા થઈ આવે છે. પરમવિનય થાય છે. કેમકે એને આત્મકલ્યાણનું નિમિત્ત જોવે છે. અને આત્મકલ્યાણ કરવું છે. એને જ્યાં જોઈએ ત્યાં દીનતા થઈ આવ્યા વિના રહેશે જ નહિ.

સંસારમાં પણ પ્રધાન ભલે ઢેઢ ભંગી થઈને, પ્રધાન થઈને બેઠો હોય. પણ License ઉપર જો એની સહિ કરાવવાની હોય તો દીનતા કર્યા વગર રહેશે નહિ. સાહેબ... સાહેબ.. સાહેબ... સાહેબ કરીને પૂંછડી પટપટાવશે. કારણ કે એને જોઈએ છે કાંઈક. કાંઈક ત્યાંથી મેળવવું છે તો દીનતા કર્યા વગર રહેશે નહિ. એમ જ્ઞાની પાસેથી કલ્યાણની ભાવના હોય તો જ્ઞાની પ્રત્યે દીનતા (આવે છે). એ દીનતાને વિનય કહે છે. દીનતા પણ કહે છે અને વિનય કહેવામાં આવે છે, એને ભક્તિ કહેવામાં આવે છે, એને બહુમાન કહેવામાં આવે છે. તો એ એ ભૂમિકાને યોગ્ય વાત છે. એમ વાત છે.

મુમુક્ષુ :– અહીંયાં લખ્યું એ પરસ્પર વિરૂદ્ધ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. સંસારના કાર્યો માટે. અહીંયાં અપેક્ષિત વાત છે, મર્યાદિત વાત છે. સંસારના કાર્યો કોઈની દીનતા કરવી નહિ, દીનપણે કોઈના સમાગમમાં આવવું નહિ. એ રીતે સમાગમ કરવો. જ્ઞાનીની વાત જુદી છે. આત્મકલ્યાણની જેને ભાવના છે એ મુમુક્ષુને તો દીનતા, પરમદીનતા આવે, એમાં ઓછપ ન હોય એવી દીનતા આવે. ૨૫૪માં એ વાત લીધી ને ?

મુમુક્ષુજીવને સ્વચ્છંદ થોડો ગળ્યા પછી પરમવિનયની ઓછપ હોય તોપણ માર્ગની પ્રાપ્તિને રોકનારું કારણ છે. ઓછો ન હોવો જોઈએ. એને તો પૂરેપૂરો વિનય આવવો જોઈએ. પરમદીનતા આવવી જોઈએ. એ એની ભૂમિકાને યોગ્ય વાત છે. એ વાત અહીંયાં નથી. અહીંયાં સંસારિક કારણોસર સમાગમમાં આવવાની વાત છે. એટલે કે કોઈ શ્રીમંત માણસ હોય, કોઈ રાજા હોય, કોઈ પ્રધાન હોય તો એની સાથે દીનપણે સમાગમમાં આવવા જેવું નથી. એ મને લાભનું કારણ થશે. એવી રીતે સમાગમમાં આવવાનું કાંઈ કારણ નથી. એવી વાત છે અહીંયાં. એ દૃષ્ટિકોણ છે.

એમ કહીને એ બે લીટીમાં એણે સંસારમાં રહીને કેવી રીતે રહેવું એ વાત છે.

કોઈ એમ કહે કે ભાઈ ! સંસારમાં આમ રહેવું, સંસારમાં તેમ રહેવું એવી વાત ધર્મના ક્ષેત્રમાં કેમ આવે છે ? એમાં પણ ધાર્મિક દૃષ્ટિકોણ છે. જે માણસ સાંસારિક કાર્યો અને સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ માટે દીનતા કરે છે એને આત્મિક પુરુષાર્થ કરવાનું વીર્ય છે એ તીવ્ર થઈ શકતું નથી. એ પુરુષાર્થમાં આવી શકતો નથી.

કેમકે આત્મા પોતે નિરાલંબન નિરપેક્ષ પદાર્થ છે. કોઈની અપેક્ષા ન રાખે, કોઈના આલબંનની જેને જરૂર નથી એવો પદાર્થ છે એનો જેને આધાર લેવો છે એને પરપદાર્થના આધારે જે વર્તવું છે એ છોડી દેવું પડશે. એની દીનતા જે કરે છે, પરપદાર્થને મેળવવા જે દીનતા કરે છે એને પરાશ્રય ઘણો તીવ્ર વર્તે છે. એમ લેવું છે સીધું. એટલે પરમાર્થ શબ્દ અહીંયાં વાપર્યો છે. જેને ઘણી દીનતા છે એને પરદ્રવ્યની આધારબુદ્ધિ પણ તીવ્ર છે, એમ એનો અર્થ છે. જેને પરપદાર્થની અને સંયોગની તીવ્ર આધારબુદ્ધિ છે એ સ્વદ્રવ્ય, નિરાલંબન દ્રવ્યની નજીક પણ નહિ આવી શકે, સમીપ પણ નહિ આવી શકે. એને સમીપ આવવા માટે એને ઘણું દૂરવર્તીપણું ભાવમાં આવી ગયું છે. ઘણો દૂર ફેંકાઈ ગયો છે. એને નજીક આવવામાં મુશ્કેલી છે. એમ લેવું છે આમાં.

મુમુક્ષુ :– મહાસિદ્ધાંત છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ સિદ્ધાંત છે. એટલે સંસારમાં પણ આમ જીવવું એની પાછળ કારણ છે.

મુમુક્ષુ :– બહારની અધિકતા લાગે પછી અંદર કેવી રીતે આવે.

પૂજ્ય ભાઈશ્રી :– થોડીક કમાણી થાય, થોડોક મદદ કરનારો મળે, થોડોક કાંઈક આમ અનુકૂળ થનારો મળે ત્યાં જીવ એની અપેક્ષાવૃત્તિમાં આવી જાય છે, એ દીનતામાં આવી જાય છે એમ કહે છે. આ આપણને અનુકૂળ રહે છે. આપણે એને અનુકૂળ રહો, એ બધી દીનતા છે. કેમકે એ મને અનુકૂળ રહે છે. માટે મારે એને અનુકૂળ રહેવું એ બધી દીનતા છે. ત્યાંથી માંડીને કોઈપણ પ્રકાર હોય. વ્યવસાય હોય, ગમે તે પ્રકારનો ઉદય આવતો હોય. સજ્જનતા રાખવી બીજી વાત છે અને દીનતા રાખવી એ બીજી વાત છે.

કોઈ ઉપકાર કર્યો હોય, કોઈ મદદ કરી હોય તો સજ્જનતાથી વર્તવું, દુર્જનતાથી ન વર્તવું એ બીજો વિષય છે. પણ દીનતા કરવી એ સાવ જુદી વાત છે પાછી. એ

બે વચ્ચે એને સમતોલપણું રહેવું જોઈએ. દીનતામાં આવી જાય તો એને આત્મીક પુરુષાર્થ કરવમાં એનો પુરુષાર્થ ઘણો હણાય જાય. કરવો હોય એ પુરુષાર્થ ઘણો હણાય જાય એવી પરિસ્થિતિ ઊભી થાય છે. એ પરિસ્થિતિમાં જીવ આવે એ ઇચ્છનીય નથી. એટલે ના પાડી દીધી.

મુમુક્ષુ :– એક એક પરમાણુઓ અને એક એક જીવ પાસેથી ભીક્ષા માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બીજા જીવો અને બીજા પરમાણુઓ પાસે જીવ સુખની ભીક્ષા માગે છે, અનુકૂળતાની ભીક્ષા માગે છે, શાંતિની ભીખ માગે છે. તારી પાસેથી મને કાંઈક મળે તો સારું. પોતે કેટલો મહાન છે એ પોતાની મહાતાની વિરુદ્ધ જવાની વાત છે. એવી રીતે સમાગમમાં આવવા જેવું નથી. એમ કહે છે. ઘણું માર્ગદર્શન આપ્યું છે.

મુમુક્ષુ :– .. પરમાર્થ માર્ગમાં જ .. થાય છે. પરમાર્થમાર્ગમાં આવવા માગતો ...

પૂજ્ય ભાઈશ્રી :– પણ દુકાને ગ્રાહક સારો હોય અને બહુ ખટાવતો હોય તો ? અથવા કોઈ એવો માણસ હોય કે ભાઈ પોતાને જ્યારે જરૂર પડે ત્યારે ઊભો રહેતો હોય. અનેક પ્રકારની તકલીફોમાં પોતે આવતો હોય. માણસને તકલીફ તો આવે જ. અને જ્યારે જ્યારે તકલીફ આવે ત્યારે એ હિતેચ્છુ તરીકે ઊભો રહેતો હોય તો ? દીનતા કરવાની ના છે. દીનપણે સમાગમમાં આવવું નહિ.

બને તો પોતાની તકલીફ કોઈ દૂર કરવા આવે એને એમ કહેવું, કે ભાઈ ! મને મારું ભોગવવા દ્યો, તમારે વચ્ચે કાંઈ કરવાની જરૂર નથી. જે આવશે એનો હું વીરતાથી સામનો કરવા તૈયાર છું. એવો હું પુરુષાર્થહીન નથી કે પ્રતિકૂળતા આવે એટલે હું એમાં ઘેરાય જાવ અને દુઃખી થઈ જાવ. એવો હું નથી. એમાં મારો પુરુષાર્થ જગાડું એવો હું છું. એટલે બીજો મને પ્રતિકૂળતામાં સહાયક થાય એ આશા જ એણે છોડી દેવી જોઈએ. આશા તો છોડી દેવી જોઈએ પણ કોઈ મદદ કરવા આવે તોપણ એને વિનંતી કરે કે, ભાઈ ! મને મારી રીતે મારું ચલાવવા દ્યો. મારી પ્રતિકૂળતા ગણવાની તમારે જરૂર નથી. એ પ્રતિકૂળતા મારે માટે છે જ નહિ. પ્રતિકૂળતા એ મારે માટે પ્રતિકૂળતા છે જ નહિ. એ તમને કદાચ એવું લાગતું હશે. પણ એવું કાંઈ છે નહિ ખાસ. મને એવું કાંઈ ખાસ લાગતું નથી. મને સમાધાન છે. તો એને આશા

ને અપેક્ષા અને દીનતા કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. પણ પહેલેથી જ પોતાને હીણો માની લીધો. મને કોઈક મદદ કરે તો સારું, મારી પડખે કોઈક હોય તો સારું. એ બધી પોતાની દીનતા છે. અને એ દીનતાવાળાને આત્મપુરુષાર્થ, આત્મિકપુરુષાર્થ ઊગી શકતો નથી, ઉત્પન્ન થઈ શકતો નથી. એને મોટી તકલીફ પુરુષાર્થમાં ઊભી થવાની છે એ બાબતમાં.

મુમુક્ષુ :– એટલું થઈ જાય તો નિવૃત્તિ લેવી.

પૂજ્ય ભાઈશ્રી :– તોપણ દીનતા છે. એ સંયોગોની દીનતા છે કે આટલું થાય તો પછી નિવૃત્તિ લઉં.

કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મારું આત્મસાધન કરવાનું હું ચાલું જ રાખીશ. એવો દૃઢ નિશ્ચય આત્માર્થીને વર્તવો જોઈએ. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર–કાળ-ભાવ, બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મારું કાર્ય કરવાનું છે એ તો મારે અંદરમાં કરવાનું છે. મારે ક્યાં બહારમાં કરવાનું છે ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તો બધા બહાર રહેવાના છે. મારું કામ તો મારે અંદરમાં કરવાનું છે. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય નહિ. મારું કામ તો ચાલુ જ રાખવાનો છું, છોડવાનો નથી. મારા માર્ગથી વિચલિત થવાનો નથી. મારા માર્ગને છોડવાનો નથી. મારો ઉપાય હું ચાલુ જ રાખીશ. આવી જેને દૃઢ ઇચ્છા છે, દૃઢ ભાવના છે એને ક્યાંય તકલીફ થવાનો પ્રશ્ન જ નથી. એ દુઃખી થતો જ નથી ને ક્યાંય. ગમે તે પરિસ્થિતિમાં એ જીવ દુઃખી જ નથી થતો. ખરેખર તો એમ છે. અને કોઈની આશા ને અપેક્ષા રાખીને દીનતા કરતો નથી.

ખરેખર તો દીનપણું કરે છે એ પણ જીવનો ઘણો દુઃખીત પરિણામ છે. દુઃખનો પરિણામ છે. ત્યાં તો પરાધિનતા સેવે છે ને ? તો પરાધિનતામાં સુખ કેવી રીતે હોય ? એટલે તીવ્ર પરાધીનતાને એ પોતે સ્વીકારે છે અને એમાં તો એને સ્વાધીન થવાની વાત રહેતી નથી. એ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– દીનપણાના ભાવમાં દુઃખભાવ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બધું, એટલી બધી ગડબડ છે ને કે એ દુઃખ છે એ દુઃખ તીવ્ર થાય છે તોપણ જીવને દુઃખ નથી લાગતું. અને પછી એમ કહે છે કે આત્માનું સુખ, આત્માનું અનંત સુખ આત્મામાં ભર્યું છે તો કેમ દેખાતું નથી ? પણ કેટલો બધો ધુમાડો છે કે અગ્નિ દેખાતો નથી. એ ધુમાડો કેટલો બધો છે એનો

વિચાર કરે તો ખબર પડે. આ ગાઢ ધુમ્મસ થાય છે ને ? વાદળા વાદળા થાય છે. Hill station માં ઉપર ચડે. હિમાલય બાજુ તો એવું બહુ છે. આ દાર્જીલીંગ ને એ બાજુ જાવ તો રસ્તો જ આઠ-દસ-પંદર ફૂટથી વધારે દેખાતો ન હોય. હવે એ તો બધા નહિતર તો સૂક્ષ્મ પરમાણુ છે. હવાના પરમાણુ છે એ બધા.. વાયુના પરમાણુ ભલે સ્થૂળ-સૂક્ષ્મ છે. અવાજના સૂક્ષ્મ સ્થુળ છે. પણ આ સ્થૂળ-સૂક્ષ્મ પરમાણુ છે. તોપણ એ ઘનિષ્ટ હોય ત્યારે આંખનો ઉપયોગ કામ ન કરે. ચક્ષુ ઇન્દ્રિય કામ ન કરે. Fog light રાખે છે, પીળી Light રાખે છે. જે વાહનમાં ઉપર જતા હોય. એને આ લાઈટ કામ ન કરે. એમ આ જીવને એટલો બધો ધુમાડો આડો છે. કે દીનતા કરે તોપણ દુઃખ ન લાગે. દીનતામાં પણ દુઃખ ન લાગે. હવે એને આત્મિક સુખ કેવી રીતે દેખાય ?

મુમુક્ષુ :- માખણબાજીમાં હોશિયારી હોય.

પૂજ્ય ભાઈશ્રી :- દીનતા કરે અને માખણપટ્ટી કોઈને લગાડે એને પણ પોતાની ચતુરાઈ માને એમ કહે છે. માખણીયા માણસો હોય છે ને ? પૈસાવાળા કે કોઈ પુણ્યવંત હોય, પુણ્યનો ઉદય હોય એની પાછળ લાગી જાય કે અત્યારે આનો જમાનો છે. એની આપણે પ્રશંસા કરો. એની ખોટે ખોટી પ્રશંસા કરે. એ બધા તીવ્ર દીનતાના પરિણામ છે.

મુમુક્ષુ :- માયાચારી પણ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- બધુંય ભેગું છે. પછી કાજળની કોટડીમાં શું બાકી રહે ? બધા દોષ ત્યાં આવીને ઊભા રહે છે. જ્યાં પોતાના આત્માની મહાનતા ઠોકર મારે છે, લાત મારે છે. ખરેખર તો એ શું કરે છે ? પોતે જે ત્રણ લોકનો નાથ છે, સર્વોત્કૃષ્ટ મહાન પદાર્થ છે એને લાત મારે છે. પછી કયો દોષ ન આવે એ તો કહો. બધાય દોષ ભેગા થાય એવું છે પછી ત્યાં. પછી એ શું નહિ કરે એ કહેવું મુશ્કેલ છે.

મુમુક્ષુ :- રાજાને લાત મારે તો ફાંસીએ ચડવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમયે સમયે ભાવમરણની ફાંસી જ લાગે છે જીવને ખરેખર તો. ભાવપ્રાણ તો હણાય જ છે ને. બીજું શું થાય છે ? ભાવપ્રાણની હાની થાય છે. અહીં સુધી રાખીએ.

પત્રાંક-૪૫૮

મુંબઈ, બીજા અસાડ સુદ ૧૨, મંગળ, ૧૯૪૯

અંબાલાલના નામથી એક પત્તું લખ્યું છે તે પહોંચ્યું હશે. તેમાં આજે એક કાગળ લખવાનું જણાવ્યું છે. લગભગ એક કલાક વખત વિચાર વર્તતાં કંઈ સૂઝ ન થવાથી કાગળ લખવાનું બન્યું નથી. તે ક્ષમા યોગ્ય છે.

ઉપાધિના કારણથી હાલ અત્રે સ્થિતિ સંભવે છે. તમારો કોઈ ભાઈઓનો પ્રસંગ, આ બાજુનો હાલ કંઈ થોડા વખતમાં થાય એવો સંભવ હોય તો જણાવશો.

ભક્તિપૂર્વક પ્રણામ.

તા. ૨૬-૫-૧૯૯૦, પ્રવચન નં. ૧૬૬
પત્રાંક – ૪૫૮ - ૪૫૯

'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ' પત્રાંક ૪૫૮. પાનું ૩૭૭. 'ત્રિભુવનભાઈ' ઉપરનો પત્ર છે.

**'અંબાલાલના નામથી એક પત્તું લખ્યું છે તે પહોંચ્યું હશે. તેમાં આજે એક કાગળ લખવાનું જણાવ્યું છે. લગભગ એક કલાક વખત વિચાર વર્તતાં કંઈ સૂઝ ન થવાથી કાગળ લખવાનું બન્યું નથી. તે ક્ષમા યોગ્ય છે.'** આગળના પત્રમાં લખેલું કે આજે તમને બીજો પત્ર લખશું (પણ) પોતે લખી શક્યા નથી. કેટલાક પત્રોમાં એ વિષયમાં એમણે ખુલાસો કર્યો છે કે અમારા ચિત્તની સ્થિતિ વિકલ્પો ન ઊઠે, વિકલ્પો ન વધે એવી ઘણી વાર થઈ જાય છે, ત્યારે પરાણે કોઈ કાર્ય વિકલ્પનું કરવું પડતું હોય એવી સ્થિતિમાં સહજપણે પછી કોઈ કાર્ય કરવાનું, કોઈ પત્ર લખવાનું

પોતે માંડી વાળે છે.

**'ઉપાધિના કારણથી હાલ અત્રે સ્થિતિ સંભવે છે.'** ઉદયરૂપ ઉપાધિ છે. તેથી 'મુંબઈ'માં સ્થિતિ સંભવે છે. પોતાના અભિપ્રાયથી 'મુંબઈ'માં રહેવાનું બનતું નથી, એમ કહેવું છે. ઉપાધિના કારણથી કહો કે પૂર્વકર્મના કારણથી કહો. **'તમારો કોઈ ભાઈઓનો પ્રસંગ, આ બાજુનો હાલ કંઈ થોડા વખતમાં થાય એવો સંભવ હોય તો જણાવશો.'** કોઈ 'મુંબઈ' આવવાના હોય તો જણાવશો, લખજો. કોઈ વિકલ્પ હશે એમને એ વિષયમાં એટલે એ સૂચના કરી છે. એ પત્રમાં કોઈ ખાસ તાત્ત્વિક વિષય નથી.

**પત્રાંક-૪૫૯**

**મુંબઈ, બીજા અષાઢ વદ ૬, ૧૯૪૯**

**શ્રી કૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી. જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી. સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય; અને જ્યાં સુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, પણ ભયથી પૂજે છે; ભાવથી પૂજતા નથી; અને ઇષ્ટદેવને લોકો અત્યંત ભાવે પૂજે છે, એમ સમ્યક્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, તે પૂર્વે નિબંધન કરેલાં એવાં પ્રારબ્ધકર્મથી દેખાય છે. વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહીં. પૂર્વકર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે. જેટલે અંશે**

ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્દૃષ્ટિપણું તે જીવને હોય છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયાં સંભવે નહીં; એમ જે કહેવાય છે તે યથાર્થ છે. સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે, અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય. પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે. દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.

તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાની-પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી. પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે ? કે ક્યાંથી થાય ? જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે, અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે ? એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણ પણ એ જ છે. કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન, જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે

**થાય છે. વડનાં બીજની પેઠે પરમાર્થ-વડનું બીજ એ છે.**

**તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યક્દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં. જે સંસારઅર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે, કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી; માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે, તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે. તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસત્‌ગુર્વાદિકના આગ્રહથી, માઠા બોધથી, આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે. તેમ જ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે; એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.**

૪૫૯મો પત્ર 'સોભાગ્યભાઈ' ઉપરનો છે.

**'શ્રીકૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી.'** 'શ્રીકૃષ્ણાદિક' આદિક એટલે બીજા કોઈ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા, જેઓ ઉદયના કારણે સંસારમાં ઉદય પ્રસંગમાં જોવામાં આવે છે. એવા સર્વ ધર્માત્માઓની ક્રિયા એટલે સંસારના કાર્યોની ક્રિયા **'ઉદાસીન જેવી હતી.'** એમાં એ નીરસ પરિણામે પ્રવર્તતા હતા. એમનો પોતાનો કોઈ એ કાર્ય કરવાનો રસ નહોતો. જેમ કોઈ અનિચ્છાએ કાર્ય કરવું પડતું હોય તેમ.

**'જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય,...'** હવે એ 'શ્રીકૃષ્ણ'ના નિમિત્તે સમ્યગ્દૃષ્ટિ જીવની દશા કેવી હોય એ વિષય અહીંયાં લે છે. **'જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી.'** શું કહે છે ? કે **'જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય,...'** તેને સમ્યક્ત્વ ઉત્પન્ન થતાની

સાથે બીજી બધી ક્રિયાઓ બંધ થઈ જાય, એકલું એ આત્મધ્યાનમાં અને આત્મજ્ઞાનમાં જ રહી જાય અને બહારની કોઈ ક્રિયા ન હોય એવો કોઈ નિયમ નથી, એવો કોઈ સિદ્ધાંત નથી. એમ જ બને, બીજી રીતે ન બને એવી રીતે કુદરતી બનતું નથી.

**'સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે.'** આ સિદ્ધાંત છે. કોઈપણ સમ્યગ્દૃષ્ટિ હો. ત્રણે કાળના સમ્યગ્દૃષ્ટિની વાત છે. એને જે કોઈ પૂર્વકર્મનો ઉદય આવે, પૂર્વ કર્મો અજ્ઞાનભાવે બાંધેલા કર્મો છે, જેનો ઉદય આવે છે એ તો બધા અજ્ઞાનદશામાં બાંધેલા કર્મો હતા, એ કર્મનો ઉદય આવે ત્યારે એમાં એ નીરસ હોય છે. રસરહિતપણે પ્રવર્તે છે, રસસહિતપણે પ્રવર્તતા નથી. નીરસપણે પ્રવર્તે છે.

મુમુક્ષુ :- નિર્જરા અધિકાર લાગુ પડે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. નિર્જરા અધિકારમાં એમ જ કહેવા માગે છે. એમાં 'રાજમલજી'એ તો નવથી દસ શબ્દનો પ્રયોગ કર્યો છે. આ પ્રકારના સમ્યગ્દૃષ્ટિ જીવોના પરિણામોને વર્ણવતા 'રાજમલજી' એમ કહે છે કે લુખ્ખા પરિણામ હોય, નીરસ પરિણામ હોય, જે પરિણામમાંથી પોતાનું અસ્તિત્વ ખેંચી લીધું છે એવા પરિણામ હોય, અબંધ પરિણામ હોય, એવા નવથી દસ વિશેષણ એમણે વાપર્યા છે એક અધિકારની અંદર જુદાં જુદાં શ્લોકનો અર્થ કરતાં, ટીકા કરતાં.

એ નિયમ છે કે ગમે તે પ્રકાર હોય, ચારેય ગતિમાં થાય છે. સમ્યગ્દર્શનને જાતિ-વેષનો ભેદ હોતો નથી. જાતિનો તો ભેદ હોતો નથી, વેષનો ભેદ હોતો નથી. કુલિંગમાં સમ્યગ્દર્શન થાય છે. અન્યમતિનો લિંગ હોય, ચિહ્ન હોય એમાં સમ્યગ્દર્શન થઈ જાય.

'ગુરુદેવશ્રી'નું પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. 'ગુરુદેવશ્રી'ને જ્યારે સમ્યગ્દર્શન અહીંયાં થયું ત્યારે તે સ્થાનકવાસીના સાધુના લિંગમાં હતા. લોકો એમને સ્થાનકવાસી સાધુ તરીકે માનતા હતા, પૂજતા હતા, સ્વીકારતા હતા. જે નજીક હતા એને એમણે ખ્યાલ આપેલો કે આ સાધુપણું નથી. પણ લોકોમાં એવું નહોતું. ૧૯૭૮માં 'સમયસાર' હાથમાં આવ્યું. 'સમયસાર' હાથમાં આવ્યા પછી નિજ ભગવાનનાં દર્શન કર્યાં અને (સંવત) ૧૯૯૧માં જાહેર પરિવર્તન કર્યું છે. બારથી તેર વર્ષ જાહેર રીતે એ વાત છૂપી રહી છે. જે એમના નિકટ પરિચયમાં હતા એમને એ વાત એમણે જણાવી હતી કે આ સાધુપણું નથી, આ કોઈ જૈનનું સાધુપણું નથી. અમને સાધુપણું હતું પણ નહિ પહેલેથી. અમે જે માર્ગ શોધતા હતા એ માર્ગ મળી ગયો છે. જે પરમાત્માના દર્શન થવાના હતા

એ થઈ ગયા છે. હવે આમાં જાજો વખત પાલવે એવું નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પરિવર્તન કર્યું તોપણ કાંઈક ઊહાપોહ થયો એ થયો, પણ શાસનના કોઈ પુણ્ય હતા તો આખી બાજી પલટાઈ ગઈ.

તો કહે છે કે સમ્યગ્દર્શન થાય એટલે બધું ફેરફાર થઈ જાય બહારમાં, એ જ વખતે બધો ફેરફાર થઈ જાય કે સમ્યગ્દષ્ટિ થઈ એટલે એ વખતે સાધુપણું મૂકી દે કે મને આજ અનુભવ થઈ ગયો છે. સાધુપણું મૂકી દો. એ વાત તો પહેલા સમજમાં આવી ગઈ હોય છે.

સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકામાં યથાર્થ શું ? અયથાર્થ શું ? એ યથાર્થ વિચારણા તો પહેલા આવી ગઈ હોય છે. એમાં ખ્યાલ આવી ગયો હોય તો પણ ન મૂકે. અનુભવ થાય પછી પણ ન મુકાય. એટલો સમય લાગે ખરો. તો પણ સમ્યગ્દર્શનને એમાં બાધ આવતો નથી. એ તો કહેવું છે અહીંયાં. એ વાત તો ચર્ચા કરવી છે.

**'સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા...'** કે ઉદયની ક્રિયા. સંસારી ક્રિયા કહો કે જેને જે ઉદય હોય તે ક્રિયા કહો. **'રસરહિતપણે થવી સંભવે છે.'** એમાં એને રસ ન હોય ક્યાંય-આ નિયમ છે. પણ એવો નિયમ નથી કે એને પછી એ ક્રિયા ન હોય. **'ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય;...'** પોતાને. પોતે કોઈ એવી ક્રિયામાં ન પ્રવર્તે કે જેથી પોતાને જ પરમાર્થને વિષે ભ્રાંતિ થાય.

જેમ કે પરદ્રવ્યમાં સુખ નથી કે દુઃખ નથી. તો પોતે સુખબુદ્ધિએ કે દુઃખબુદ્ધિએ ન પ્રવર્તે કે જેથી પોતાને ભ્રાંતિ થઈ જાય. એવી કોઈ ક્રિયા પોતે કરતાં નથી. એ ક્રિયાનો દેખાવ ગમે તેવો હોય શકે. કોઈ એમ માને કે જુઓ ! અત્યારે એમને દુઃખ થયું છે, અત્યારે એમને સુખ થયું છે. આ અત્યારે એમને અનુકૂળતામાં ઠીક લાગ્યું છે, આ પ્રતિકૂળતામાં એમને ઠીક નહોતુ લાગ્યું. પોતાને એવી ભ્રાંતિ થાય એવી રીતે પોતે પરિણમતા નથી. પ્રવર્તતા નથી એટલે પરિણમતા નથી.

મુમુક્ષુ :- અન્ય વેષમાં હોય તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનું...

પૂજ્ય ભાઈશ્રી :- દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે એને ખ્યાલમાં હોય છે પણ બહારની ક્રિયા એ જ વખતે બદલી જાય એવું બનતું નથી.

પ્રશ્ન :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ પ્રમાણે બધું ચાલે, પૂર્વ કર્મ અનુસાર. અભિપ્રાય બદલી જાય છે. કોઈને તો દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ નથી હોતો. વિકલ્પ પણ ન આવે કે દેવ-ગુરુ-શાસ્ત્રનું શું ? એ સંબંધી વિચાર પણ ન આવે. જેમ કે તિર્યંચદશામાં શું વિચાર છે ? તો સમ્યગ્દર્શન નથી ત્યાં ? તો સિદ્ધાંતિક પરિસ્થિતિ શું ? સિદ્ધાંતિક પરિસ્થિતિ એ છે કે એ એનો પ્રતિબંધનો વિષય નથી. નહિતર ત્યાં બાધ આવે. કોઈ મનુષ્ય પણ એવા હોય છે. કોઈ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હોય કે કોઈ એવા ઓછા ઉઘાડમાં હોય. હવે નવ તત્ત્વના નામ યાદ ન રહેતા હોય અને દેવ-ગુરુ-શાસ્ત્રનો શું વિકલ્પ આવે, વિચાર આવે, વિવેક આવે ? કેવી રીતે આવે ? કોઈ બંધન નથી એને, એ જાતનું બંધન નથી.

મુમુક્ષુ :- સામે વિષય ઉપસ્થિત થાય તો ...

પૂજ્ય ભાઈશ્રી :- તો ફેર ન પડે. જો સામે વિષય આવે તો એમના અભિપ્રાયમાં, એમની વિચારણામાં ફેર પડે નહિ. એ વાત સ્પષ્ટ છે. પણ એ વિકલ્પ જ ન આવે. એ બાજુનો વિકલ્પ ઊઠ્યો જ ન હોય, વિચાર જ ન ઊઠ્યો હોય તો કેમ એમની દેવ-ગુરુ-શાસ્ત્રની ક્રિયા નથી ? એ પ્રશ્ન ત્યાં લાગુ પડતો નથી. જેમ કે એ વખતે દિગંબર પ્રતિમા, શ્વેતાંબર પ્રતિમા એ કોઈ વિષય નહોતો કેમ કે પોતે સ્થાનકવાસીમાં હતા. કોઈ પ્રતિમાનો જ વિષય સામે નહોતો. તો ઘણા વખત સુધી તો એ વિષય પણ ન આવ્યો.

એવું છે કે પોતે સ્વરૂપની ખોજમાં, ધૂનમાં હોય. એ પહેલાનો પુરુષાર્થ કોઈ એવી પરિસ્થિતિ છે કે એક વખત તો જીવ દિનદશાનું ભાન ભૂલે છે, રાત્રિ-દિવસનું ભાન ભૂલે છે, ખાવા-પીવાનું ભાન ભૂલે છે. એવી લગની લાગે છે, એવી ધૂન ઉપડે છે. પછી સમ્યગ્દર્શનનો અવતાર થાય છે. તો એ પરિસ્થિતિમાં તો એને એક આત્મા... આત્મા... આત્મા.. આત્મા... સિવાય બીજું કાંઈ છે નહિ. ત્યારપછી પણ કેટલો કાળ એવું કોઈને રહી જાય કે એમાંથી બહાર નીકળતા સમય લાગે. દશા પહેલા અને દશા પછી પરિણામ એવી ધૂનમાં રહી જાય કે બીજા કોઈ વિશેષ વિચારો અને વિકલ્પોનો ઉદ્ભવ જ ન થાય. તો એ પ્રમાણે ક્રિયા પણ ન થાય કે જે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પૂજા, ભક્તિ, આ-તે એવું કાંઈ ન થાય. દેરાસરમાં જવાનું જ ન થાય. દેવદર્શનની જ પરિસ્થિતિ ઊભી ન થાય. સ્થાનકવાસીના સાધુ હોય અને

દિગંબર દેરાસરમાં દર્શન કરવા જાય એ ક્યાંથી બને ? એક-બે દિવસની વાત નથી બાર-બાર, તેર-તેર વર્ષ નીકળી ગયા હોય. સમ્યક્ત્વને કોઈ બાધા નથી.

મુમુક્ષુ :- અટપટી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેટલીક વાતો તો ગળે ઊતરવી કઠણ પડે એવી હોય છે એમાં. કે લિંગનો ભેદ નથી. એવી ચર્ચા ચાલી હતી. પૂજ્ય 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં રાત્રિચર્ચામાં એ પ્રશ્ન ચાલ્યો હતો. પ્રશ્ન એ ચાલ્યો. 'શ્રીમદ્જી'ના વિષયમાં કોઈ મુમુક્ષુભાઈને શંકા પડી. 'શ્રીમદ્જી'ની વાતો જોતા એમ વાત કાંઈ બહુ ચોખ્ખી લાગતી નથી. એમના ઉપર વચનો ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકીએ ? 'ગુરુદેવે' ના પાડી. નહિ. પણ સાહેબ ! એમણે તો દિગંબર ધર્મ જ અપનાવ્યો નહોતો. પછી પ્રશ્ન ત્યાં સુધી આવીને ઊભો રહ્યો કે એમણે ક્યાં દિગંબર સંપ્રદાય અપનાવ્યો હતો ? આપે તો દિગંબર સંપ્રદાય અપનાવ્યો. તો કહે, ભલે ને ન અપનાવ્યો. એ જ્ઞાની હતા, સમ્યગ્દૃષ્ટિ હતા એટલું જ નહિ એકાવતારી હતા એમાં કોઈ ફેર નથી. એક જ ભવ બાકી રહ્યો એમાં કોઈ ફેર નથી.

પ્રશ્ન કરનારે થોડી પક્કડ કરી. સાહેબ ! આપ વાત ભલે કહો પણ અમને કેવી રીતે ગળે ઉતરે ? હજી શ્વેતાંબર દિગંબર વચ્ચેનો ફેર ન હોય તો પછી (કેમ માનવું ?) કેમ કે એ તો ગૃહિત-અગૃહિતનો વિષય છે. તો કહે, નહિ. કાંઈ ફેર નથી. કુલિંગમાં પણ સમ્યગ્દર્શન થાય છે. આમ કહ્યું, આ અમારો પૂરાવો છે. આ અમારું ઉદાહરણ છે, દૃષ્ટાંત છે. અમને જે દિ' થયું તે દિ' અમે આમાં (-મુહપત્તીમાં) હતા. આમ ચેષ્ટા કરી. અમને જે દિ' થયું તે દિ' અમે આમાં હતા કહે છે. મુહપત્તીનો હાથ કર્યો. એવું કાંઈ નથી. એ વિષય જરા ઊંડે ઊતરીને નક્કી કરવા જેવો છે, ઉપર ઉપરથી નક્કી કરવા જેવો વિષય નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' તો દિગંબર મંદિરમાં દર્શન કરવા માટે જતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમ કે એમને ગૃહસ્થમાં કોઈ કહે એવું નહોતું. 'ગુરુદેવ' સ્થાનકવાસીના સાધુ થઈને દિગંબર મંદિરમાં જાય તો મોટો કાગારોળ થઈ જાય સમાજની અંદર તો.

મુમુક્ષુ :- આમને 'ગુરુદેવ'ને સ્થાનકવાસીને (કારણે) મંદિરે જવાનો પ્રસંગ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમને મંદિરમાં જવાનો પ્રસંગ ઉદય જ નહોતો. એ પ્રસંગ જ નહોતો.

મુમુક્ષુ :- આનું સમાધાન એ રીતે થઈ જાય, 'શ્રીમદ્જી'નું સમાધાન એ રીતે થઈ જાય કે દિગંબર મંદિરમાં જતા હતા. શ્વેતાંબરમાં નહોતા જતા. દિગંબરમાં જતા હતા એટલે ઓલાનું આ રીતે થઈ જાય. પણ કોઈ શ્વેતાંબર મંદિરમાં થોડા જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ન જાય. ન જાય. અથવા શ્વેતાંબર-દિગંબરનો કોઈ વિકલ્પ ન આવ્યો, કોઈ વિચાર ન આવ્યો હોય ત્યાં સુધી એ સંબંધીનો એમનો નિર્ણય પ્રસિદ્ધ ન જાણવામાં આવે. છતાં લબ્ધજ્ઞાનમાં બધું યથાર્થ પડ્યું છે, કાંઈ ફેરફાર નથી. આ તો શ્વેતાંબર-દિગંબરનો (પ્રશ્ન છે) પણ એવા અનેક પ્રકારના નિર્ણયો જેને કહેવામાં આવે, વ્યવહાર સંબંધીના, નિશ્ચય સંબંધીના, પદાર્થના સ્વરૂપ સંબંધીના, દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધીના એવા ઘણા વિચારો આવ્યા જ ન હોય સમ્યગ્દષ્ટિને, પણ સામે વિચાર આવે તો એના મતમાં અને અભિપ્રાયમાં ફેર પડતો નથી. આમ છે એ વસ્તુસ્થિતિ.

મુમુક્ષુ :- માતાજીનું ઉદાહરણ છે, સ્ત્રીપર્યાય ભૂલી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન લેવું છે. એટલો બધો જોશમાં મોક્ષમાર્ગની અંદર પ્રવેશ કર્યો હતો. અને વારંવાર દશામાં, નિર્વિકલ્પ દશામાં આવતા. કેવળજ્ઞાન લઈ લઈએ, એમ કહે. એ તો 'શ્રીમદ્જી'ને પણ ઇ જોર છે. શા માટે આ ક્ષેત્રે, આ કાળે કેવળજ્ઞાન ન હોય ? એવા શાસ્ત્ર, એમ શું કરવા શાસ્ત્ર પ્રતિબંધ મૂકે છે ? સમાધાન નહોતું થતું એમને. શાસ્ત્ર વાંચ્યું હતું તોય તે. અંદરનું જોર એવું હોય છે. એ કોઈ તત્ત્વની ભૂલ નથી.

**'સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય; અને જ્યાં સુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં.'** પરમાર્થ એટલે પોતાનું મૂળ સ્વરૂપ. જેવું કેવળજ્ઞાનમાં સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે જોયું છે, એવું જ પોતાનું સ્વરૂપ અનુભવથી પ્રતિત થયું છે એમાં ભ્રાંતિ થતી નથી. એ સ્વરૂપના અંતર અવલંબન થવા માટે અંતર્મુખ થાય છે એમાં ફેર પડતો નથી. જેને આ બે વાતમાં ફેર નથી એને ક્યાંય ફેર નથી એમ સમજવું.

ફરીથી. જેણે અંતર્મુખ થવામાં રાગના એકત્વમાં એક કણ સાથે, રાગના એક કણ સાથે એકત્વ ન રાખ્યું, છેદ ઉડાડી દીધો. એ એકત્વનો જેણે છેદ ઉડાડ્યો છે. પ્રચંડ પુરુષાર્થી અને પરમપુરુષાર્થી ! સાધારણ વાત નથી. જે ક્ષણે અનંત સંસાર ખલાસ થાય છે. એને પરમ વિવેક જાગૃત થયો છે. એવો વિવેક જેને અંદરમાં જાગૃત થયો છે. સૂક્ષ્માતિ સૂક્ષ્મ સ્વભાવ અને વિભાવ વચ્ચેની સાંધ જેણે જોઈ નથી, અત્યારે તો સાંધ કોને દેખાય છે એ સવાલ છે. બે વચ્ચે સાંધ છે. એમ કહે છે. દેખાય છે ? આ પ્રશ્ન છે. હજી તો નાસ્તિનો વિષય છે, હોં ! અસ્તિ તો હજી સૂક્ષ્માતિ સૂક્ષ્મ છે. એ જેણે અવલંબનમાં લીધું છે. એને બીજી ભૂલ હોય એ વાત મુમુક્ષુજીવે તો વિચારવા જેવી નથી.

મુમુક્ષુ :- સાંધ માર્ગમાં આવેલાને દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, માર્ગમાં આવવા માટે પ્રયત્નવાન હોય એને પણ દેખાય. જે જીવ ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરે છે, જે જીવ ભેદજ્ઞાનનો પ્રયોગ કરે છે એને રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ દેખાય છે. અને જ્યારે સાંધ દેખાય છે ત્યારે ભગવતી પ્રજ્ઞાને એ એમાં પટકે છે. પ્રજ્ઞા એટલું નથી લીધું. આચાર્યદેવે ત્યાં પ્રજ્ઞાને એક વિશેષણ આપ્યું છે. 'ભગવતી પ્રજ્ઞા' એમ કહ્યું છે. અને ત્યારે એ બે જુદાં પડી જાય છે, આત્મા જુદો પડી જાય છે. એ આત્મા જુદો પડે છે એ અનંતકાળમાં નહિ કરેલું એવું એક અપૂર્વ કાર્ય છે ! એ અપૂર્વ કાર્ય જેણે કર્યું એને બધા નમસ્કાર કરે છે. ત્યાં રત્નત્રયની પ્રાપ્તિ છે. જે રત્નત્રય નમસ્કાર કરવા યોગ્ય છે એ રત્નત્રય ત્યાં પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે, સમ્યક્ચારિત્ર પ્રગટ થાય છે. એ રત્નત્રયને નમસ્કાર છે એટલે એવા પુરુષને, એવા આત્માને પણ નમસ્કાર કરવામાં આવે છે.

એ તો પોતે ૨૭૨માં પ્રશ્ન ઉઠાવ્યો છે કે જેનું સર્વ આચરણ વંદનને યોગ્ય છે. ૨૭૨ પત્ર છે. પાનું ૨૯૯. 'કુંવરજી મગનલાલ' 'કલોલ'ના એક મુમુક્ષુ છે, એના ઉપરનું Post card છે. **'જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે,...'** એ કોઈપણ બાહ્ય ક્રિયા કરતાં હોય એનું આચરણ મુમુક્ષુજીવને તો વંદનને યોગ્ય જ છે.

**'એવો મહાત્મા પ્રાપ્ત થયે...'** એવો મહાત્મા હોય કોઈ, એનો સમાગમ પ્રત્યક્ષ

થયો હોય છતાં '**નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય...**' છતાં શંકા પડે એવી કોઈ એની ક્રિયા દેખાતી '**હોય તો, મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી એ વાર્તા સમજવા જેવી છે.**' પત્ર એવો લાગે કે ઉત્તર આપ્યો નથી. અધૂરો પત્ર મૂકી દીધો છે. ઉત્તર પહેલા આપ્યો છે, પ્રશ્ન પછી ઉઠાવ્યો છે. એ વાત સમજવા જેવી છે એટલે એ રીતે સમજવા જેવી છે કે તે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ મુમુક્ષુને વંદન યોગ્ય જ છે. એણે વિકલ્પ કરવાનો માંડી વાળવો. એ જવાબ પહેલા દઈ દીધો છે એમણે. પણ બુદ્ધિ એક એવી ચીજ છે કે જેમાં અનેક જાતના સંસ્કારો ગ્રહણ કરેલા હોય છે. એટલે કેટલીક વખત બુદ્ધિ સંમત ન થાય, બુદ્ધિ સ્વીકાર ન કરે. તો કહે છે, નહિ. તું નમી જ પડજે, સ્વીકારી જ લેજે. બીજો વિકલ્પ તું કરીશ નહિ. કોના આધારે તું કરીશ ? તારી બુદ્ધિના આધારે કરીશ ને ? તારી બુદ્ધિમાં તો વિપર્યાસો સંગ્રહિત થયેલા છે એનું શું કરીશ ? એનો આધાર તને મળી જશે એનું શું કરીશ ? તારું કામ નથી. હા, તું અંતરશોધ કરજે. અંધશ્રદ્ધાથી માની લેવું એવી તો આજ્ઞા નથી. તો એ વિષયમાં તો તું પછી વિશેષ વિચાર કરજે, સંશોધન કરજે કે મારી ભૂલ અહીંયાં ક્યાં થાય છે ? અને કેમ થાય છે ? એનો તું વિચાર કરજે. સામાનો વિચાર કરવાની જરૂર નથી, તારો વિચાર તું કરજે. એ પ્રકારે માર્ગ છે. મુમુક્ષુજીવ માટે એ પ્રકારે માર્ગ છે.

મુમુક્ષુ :– કાલે ધર્મચર્ચામાં વાત ચાલી. 'ગુરુદેવશ્રી' અને 'માતાજી' જ્ઞાની છે એની કોઈપણ વાતમાં શંકા કરીશ નહિ.

મુમુક્ષુ :– બુદ્ધિમાં તો જૂના અભિપ્રાય હોય તે જ રીતે બુદ્ધિ તો ચાલે ને.

પૂજ્ય ભાઈશ્રી :– બુદ્ધિ તો એ રીતે જ ચાલવાની છે. જે રીતે એણે અભિપ્રાયો ઘડ્યા છે, સંસ્કારો ઝીલ્યા છે એ પ્રમાણે ચાલશે. પણ એનો વિશ્વાસ કરવા જેવું નથી. સત્પુરુષનો વિશ્વાસ કરવા જેવું છે. '**લિ. અપ્રગટ સત્**' લખ્યું છે ત્યાં. એટલે પોતે પ્રગટ નથી બહારમાં. આવા અપ્રગટ પોતે રહ્યા છે.

મુમુક્ષુ :– દિગંબર સમાજમાં તો આમાં આમ થાય એમ ગળે ઉતારે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ માનવા જ તૈયાર ન થાય, કોઈ માનવા જ તૈયાર ન થાય. એ તો આવ્યા હતા ને ! એક વિદ્વાન આવ્યા હતા આપણા. એ બાજુથી દિગંબરમાંથી. આપણા વિદ્વાનમાંથી. તમે 'બહેનશ્રી'નો આટલામો, ૫૬મો, તે દિવસે

કેટલો હતો ? ૫૬મો હતો. સમ્યક્ત્વ જયંતી મહોત્સવ હતો. આ સમ્યક્ત્વ જયંતી મહોત્સવની ગણતરી કરીએ ૫૬ વર્ષ પાછળ જઈએ ત્યારે તો (સંવત) ૧૯૯૧ પછીનું વર્ષ લેવું પડે. બરાબર છે. ૧૯૮૯નું વર્ષ છે. ૧૯૮૯ ફાગણ વદ ૧૦નો આપણને પત્ર મળે છે, અત્યારે અભિનંદન ગ્રંથમાં એ પત્ર મળે છે.

એની અંદર તરત એણે પ્રશ્ન ઉઠાવ્યો કે 'ગુરુદેવ' જ તે દિવસે સ્થાનકવાસીમાં હતા, તો 'ગુરુદેવ'નો નિમિત્ત નૈમિત્તિક સંબંધ ક્યાંથી થાય ? ! ગુરુદેવ' જ્યાં સુધી સ્થાનકવાસીમાં હતા ત્યાં સુધી સમ્યગ્દર્શન કેમ માનવું ? અને સમ્યગ્દર્શન ન થયું હોય એ પહેલાં બીજાને સમ્યગ્દર્શન થાય એનાથી એ વાત બને જ કેમ ? માટે આ તમારે બધું ખોટું છે. મેં કીધું, પ્રશ્ન ઉઠાવજો. તમને જે શંકા પડે છે એનો પ્રશ્ન ઉઠાવજો. નિરાકરણ થઈ જશે તમને. તો કહ્યું, પ્રશ્ન નહિ, અમે તો વિરોધ ઉઠાવશું. વિરોધ ઉઠાવજો. તમારે જે ઉઠાવવું હોય તે ઉઠાવવાની છૂટ છે. બધું મેદાન સાફ થઈ જશે. વાંધો નહિ આવે. અમે બધું વિચારીને બેઠા છીએ. વાંધો નથી એની અંદર. એટલે શું છે કે એ સંપ્રદાયબુદ્ધિનો પણ વિષય નથી.

હું એક પ્રશ્ન કરું છું એ વિષયમાં હવે. કે એ લોકોને દિગંબર સંપ્રદાયની, દિગંબર-શ્વેતાંબરની આપણા કરતાં ઝાઝી ખબર છે, કેમ કે એ તો દિગંબર સંપ્રદાયમાં જ જન્મ્યા છે. અને દિગંબરમાં શું હોય ? શ્વેતાંબરમાં શું હોય અને શું ન હોય ? શું લાભ છે એને કહો ? એને કેટલો લાભ થઈ ગયો ? એવું જ્ઞાન થતાં એને શું લાભ છે ? એને સમ્યગ્દર્શન થયું ? એને શું અનંતાનુબંધી તોડ્યો ? એણે દર્શનમોહ તોડ્યો ? શું કર્યું એણે ? હજી ત્યાં ને ત્યાં જ એ તો. આજે દિગંબરમાં છે, કાલે ક્યાં ચાલ્યા જશે, પત્તો નહિ લાગે. એવા કોઈ જાણપણામાત્રથી જીવને લાભ થાય છે એવું કાંઈ નથી અને એથી કોઈ એનો અભિપ્રાય બદલાઈ ગયો છે એવું પણ કાંઈ નથી. એ તો એ પોતે ક્યારે શ્વેતાંબરમાં જાશે એ કહેવું મુશ્કેલ છે. પોતાને ફેરફાર થતાં પોતાને ખબર નથી પડતી. ગૃહિતમાં ચાલ્યા જ જાય છે.

મુમુક્ષુ :– 'સૂર્યકીર્તિ' ભગવાન વખતે બધા દિગંબરોના બુદ્ધિનો આંક આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– મેદાન સાફ થઈ ગયું. એક અરિહંત પ્રતિમાનો નિષેધ થતા માનતા પોતાના દિગંબરનો ઝંડો લઈને ફરતા, એ બધાની બુદ્ધિનું દેવાળુ નીકળી

ગયું. એક જ રકમ સામે આવી ત્યાં. પહેલી જ Item માં સાફ થઈ ગયા બધા. એવી વાત છે. એ કાંઈ ખબર પડતી નથી. એ માને ભલે કે અમે દિગંબર છીએ એટલે શું થયું ? એવો વિષય જરા બીજી રીતનો છે.

**'સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, પણ ભયથી પૂજે છે,...'** સર્પ નીકળે. પહેલાના જમાનામાં એવા ક્રૂર પરિણામવાળા નહોતા. અત્યારે તો માણસો મારવા માંડે છે, મારી પણ નાખે છે. જોઈ શકાય નહિ. પહેલા તો એવું હતું કે ઘીનો દીવો કરે. સર્પ ઘરમાં નીકળે એટલે પાણીયારે જઈને ઘીનો દીવો કરે. એ કાંઈ ઘીની વાસ હોય એવી, કે ભગવાન જાણે, પણ સર્પ ઘરની બહાર ચાલ્યો જાય. આવું બનતું. એમાંથી સર્પની પૂજા શરૂ થઈ ગઈ. ઘીનો દીવો એટલે પૂજાનું અંગ થઈ ગયું ને ? કે ભાઈ ! ઘીનો દીવો કરો. એટલે પૂજ્ય ભાવ થઈ ગયો ને ? એમ નથી. ખરેખર તો એને કાઢી મૂકવા માટે દીવો કર્યો છે. રાખવા માટે કર્યો છે ? કે તું સામે આવીને બેસ, ભાઈ ! તને હવે ઘીનો દીવો બીજો કરીએ. એવું છે કાંઈ ? એ કાઢી મૂકવા માટે વાત છે. એમ સર્પને જેમ લોકો ભયથી પૂજે છે. **'પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, ભાવથી પૂજતા નથી;...'** પૂજ્યભાવથી પણ પૂજતા નથી. **'અને ઇષ્ટદેવને લોકો અત્યંત ભાવે પૂજે છે.'** પોતાના ઇષ્ટદેવ પ્રત્યે તો પૂજ્યબુદ્ધિ રાખીને ભાવથી પૂજે છે. એ દૃષ્ટાંત છે.

**'એમ સમ્યક્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે,...'** ભયવાન છે, સંસારથી ડરે છે. સમ્યક્દૃષ્ટિ જીવ, સમ્યક્દૃષ્ટિ થવું છે તે જીવ સંસારથી ડરે છે, ભવભ્રમણથી ડરે છે. જે કોઈથી ન ડરે, જેને સાત ભય નથી, એને સંસારભય છે. સંસારભય એટલે પોતાને દશાથી ચ્યુત થઈને પાછું સંસારમાં આવી જવાનું થાય એ વાતથી એ ડરે છે. (બહારમાં) કાર્ય કરતો દેખાય છે ત્યારે એમ લાગે છે કે આ સંસારને ભજે છે. દુકાને બેસીને વેપાર કરે છે માટે સંસારને ભજે છે. તો કહે છે, ભયથી ભજે છે.

એમની ઉપસ્થિતિમાં તો એક પ્રસંગ પણ બન્યો છે. 'દેવકરણજી મુનિ' એમની દુકાને ગયા હતા, 'મુંબઈ'માં પેઢી ઉપર ગયા હતા. પહેલા તો થોડું નિરિક્ષણ કર્યું. શું કરે છે વેપારમાં ? શું કામ કરે છે ? તો જોયું કે હીરા જુએ છે, મોતી જુએ છે, માણેક જુએ છે. વેપાર સંબંધીની વાતચીત કરે છે. માલ ખરીદે છે, માલ વેચે છે.

થડા ઉપર બેસીને બધું કામ સંભાળતા હતા એ. એટલે એમણે પ્રશ્ન કર્યો કે વાત તો તમે બધી વીતરાગતાની કરો છો. વાત તો તમે બધી વીતરાગતાની કરો છો અને આ બધું શું છે ? ક્યાં કેની વચ્ચે બેઠા છો ?

(કૃપાળુદેવે) કહ્યું કે, વાત તો ઠીક છે. તમારો પ્રશ્ન તો ઠીક છે. પણ અમે આની વચ્ચે બેઠા પછી આને કાળકૂટ ઝેર માનીએ છીએ એ તમારા ખ્યાલમાં છે ? આને કાળકૂટ ઝેર સમજીએ છીએ. આને કોઈ અમે લાભનું કારણ, અનુકૂળતાનું કારણ, સુખનું કારણ સમજીને બેઠા છીએ એ રીતે વિચારવા યોગ્ય નથી. એ પ્રારબ્ધકર્મથી સંસારને ભજતા દેખાય છે.

**'વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહીં.'** સમ્યગ્દષ્ટિ જીવનો ભાવથી કોઈપણ એમાં એ રોકાય છે, પોતાના ભાવે કરીને રોકાઈ છે, પોતાની ઇચ્છાએ કરીને રોકાય છે અને એકાકાર થઈને કાર્ય કરે છે, જેને પ્રતિબંધ કહેવામાં આવે છે, એ એકાકાર થઈને કાર્ય કરવું તે, રસસહિતપણે. રસે કરીને એકાકાર એકાગ્ર થઈને કાર્યો કરે છે, એવું કોઈ કાર્ય સમ્યગ્દષ્ટિ જીવ કરતાં નથી.

**'પૂર્વકર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે.'** એક ઉદય છે એમાં પણ એમને ભય છે. ત્યાંથી ખસવાના પ્રયત્નવાન છે, પુરુષાર્થવાન છે. ક્ષણે ક્ષણે એમાંથી ખસવાનો પુરુષાર્થ એમનો વર્તી રહ્યો છે એવી દશામાં એ ત્યાં બેઠા છે. એ પાછા વળી રહ્યા છે એને તું આગળ જઈ રહ્યા છે એમ જુએ છે. શું દૃષ્ટિફેર છે આની અંદર ? કે એ પોતે પાછા વળી રહ્યા છે. બાહ્ય દૃષ્ટિથી જોનારો એમ જુએ છે કે એ એમાં આગળ વધી રહ્યા છે. આટલો ઉલટો-સુલટો એની અંદર જોવામાં ફેર છે.

**'જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્દૃષ્ટિપણું...'** એટલે કે સાધકપણું **'તે જીવને હોય છે.'** સમ્યક્દૃષ્ટિ જીવને જેટલો ભાવ પ્રતિબંધનો અભાવ છે તેટલું જ એને સાધકપણું છે. સમ્યક્દૃષ્ટિપણું એટલે અહીંયાં સાધકપણું લેવું. સમ્યગ્દર્શનમાં કોઈ અંશ નથી પડતા પણ સાધકદશાની અંદર અંશ પડે છે. એક એક ગુણસ્થાનમાં પણ અસંખ્ય અંશ પડે છે. એટલે એટલો અંશ લેવો. એટલે કે જેટલી શુદ્ધિ થઈ છે, જેટલી જ્ઞાનધારા ચાલે છે અને જેટલું આત્માને અનંત ગુણથી જેટલા અંશે વેદાય છે અને અનુભવાય છે એટલો અંશ છે એટલું સાધકપણું છે. અને બાકીનો જેટલો અંશ બહાર જાય છે એટલું બાધકપણું એમને પણ વર્તે છે.

આ પત્રનો મુખ્ય અંશ તો એમને અનંતાનુબંધી ઉપર લઈ જવો છે. સમ્યગ્દૃષ્ટિ જીવનું વર્ણન કર્યા પછી હવે અનંતાનુબંધીનો વિષય હવે પછીના પત્રના શેષ ભાગની અંદર એમણે ખોલેલો છે. **'અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ...'** ચારેય અનંતાનુબંધી લેવા. અનંતાનુબંધીની ચોકડી. **'સમ્યક્ત્વ સિવાય ગયા સંભવે નહીં; એમ જે કહેવાય છે તે યથાર્થ છે.'** એ સિદ્ધાંતિક વાત છે. જ્યાં સુધી દર્શનમોહનો ઉપશમ ન થાય, ઉપશમ થાય તે રીતે અભાવ ન થાય એટલે ઉદયનો અભાવ ન થાય ત્યાં સુધી અહીંયાં ભાવમાં પણ અભાવ થતો નથી. આ એક નિયમ છે કે જ્યારે સમ્યગ્દર્શનનો ઉપશમભાવ છે, ઉપશમ સમ્યગ્દર્શન, દર્શનમોહનો અભાવ ભાવમાં છે ત્યારે સામે ઉદય નથી આવી શકતો. જે ઉદયાવળીમાં આવવાના દર્શનમોહના પરમાણુ છે, નિષેકો છે એ ઉપશમિત થઈ જાય છે. ઉદયાવળીમાં જ ન આવે. એ ઉદયાવળીમાં આવતા પહેલા જ એ ઉપશમ થાય છે. અહીંયાં પુરુષાર્થનો, જીવના આત્મપ્રત્યયી પુરુષાર્થનો નિમિત્ત-નૈમિત્તિક એ રીતનો સંબંધ છે. કોઈ સામેથી ઉપાડે છે કે પરમાણુ ઉદયમાં નથી આવતા એટલે અહીંયાં દર્શનમોહ થતો નથી. એ વાત ખોટી છે. ખરેખર જીવના પરિણામ પામીને ઉદયમાં આવવાના હતા તે ઉપશમી જાય છે. એને ઉપશમ કર્યું એમ કહેવામાં આવે છે.

કહે છે **'અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયા સંભવે નહીં;...'** આ ચારિત્રમોહનીની પ્રકૃતિ છે. પણ દર્શનમોહને અને ચારિત્રમોહને કેટલીક જગ્યાએ અવિનાભાવી સંબંધ છે. તો અનંતાનુબંધી અને દર્શનમોહ હંમેશાં સાથે રહે છે, જાય છે પણ હંમેશાં સાથે જ જાય છે. **'સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય.'** શું કહે છે ? સંસારના જે પદાર્થો છે એટલે કે જે પોતાના ઉદયમાં આવેલા સંયોગો છે, સચેત, અચેત અને સચેત-અચેત મિશ્ર ત્રણેય લઈ લેવા, એવા જે જગતના પદાર્થો છે અને જેનો ઉદય પૂર્વકર્મને લઈને પોતાને નજીક વર્તે છે એમાં તીવ્ર રાગ વિના, તીવ્ર સ્નેહ એટલે તીવ્ર રાગ વિના અનંતાનુબંધીનો ક્રોધ, અનંતાનુબંધીનું માન, અનંતાનુબંધીની માયા અને અનંતાનુબંધીનો લોભ ત્યારે જ હોય છે.

એટલે શું કહે છે ? કે કોઈને એ વાત ભાવથી સમજવી હોય તો કેમ કરવું ?

અનંતાનુબંધીની વાત થઈ જે કરણાનુયોગને હિસાબે, ચારિત્રમોહના પરમાણુની, તો એ પરમાણુ તો કેવળીગમ્ય છે કે આ અનંતાનુબંધી પરમાણુ છે. જીવનો અનંતાનુબંધીનો ભાવ એટલે શું ? એનો આ સીધોસાદો અર્થ છે. કે એકાકાર થઈને, તીવ્ર રસ વિના તન્મયપણે એકાકારતા થતી નથી. જ્યારે ક્રોધ, માન, માયા કે લોભ ચારમાંથી કોઈપણ કષાયનો ઉદય વર્તે ત્યારે એમ સમજવું કે તે અનંતાનુબંધીનો છે. જ્યારે જીવ એમાં તન્મય થાય છે ત્યારે તે રૂપે પોતાનો અનુભવ કરે છે. તે રૂપે જ્યારે પોતાનો અનુભવ કરે છે ત્યારે પરિપૂર્ણ કષાયના સંપૂર્ણપણે અભાવસ્વભાવે રહેલું જે પોતાનું સ્વરૂપ, એ સ્વરૂપ બિલકુલ અવલંબનમાં હોય શકે નહિ કે રહી શકે નહિ.

જ્યારે ક્રોધ, માન, માયા કે લોભ કોઈપણ એક કષાયમાં તન્મયપણે પ્રવૃત્તિ થાય ત્યારે આત્માની અતન્મયતા પ્રસિદ્ધપણે થઈ જ જાય છે, કહેવાની જરૂર નથી. આત્મામાં અંશે પણ જો તન્મયતા રહે, અકષાયભાવમાં અંશે પણ તન્મયતા જો રહે, જઘન્યઅંશે પણ જો તન્મયતા રહે, એવી જો અંદરમાં–પરિણામમાં એક અંશ વૃત્તિ હોય તો એને તીવ્ર રસે કરીને એકાકારપણે કરીને ક્રોધ, માન, માયા, લોભના કોઈ કષાય કે નોકષાયની પ્રવૃત્તિ હોઈ શકતી નથી કે થઈ શકતી જ નથી. થઈ શકે જ નહિ. કેમ કે આમાં રસનો સવાલ છે.

જે અંશે આત્મામાં તન્મયતા થાય છે એ આત્માના તીવ્ર રસે કરીને થાય છે. અત્યંત આત્મરસે કરીને થાય છે, અત્યંત ચૈતન્યરસે કરીને એ પરિણતિ થાય છે અને એની સાથે પુરુષાર્થને ઘનિષ્ઠ સંબંધ છે. એ રસને અને પુરુષાર્થને ઘણો સંબંધ છે. એ રસ એ બાજુ ઢળી ગયો છે, હવે કષાયમાં ક્યાંથી એ રસ આવશે ? કાં તો આંગળી સીધી હોય તો વાંકી ન હોય અને વાંકી હોય તો સીધી ન હોય. એક સાથે બે અવસ્થા તો એક ચીજની બનવાની નથી. તો જે રસ ચૈતન્યરસમાં ઢળી ગયો, વળી ગયો એ રસ કષાયની સાથે એકત્વ સાધતો નથી. ભલે ક્યારેક ચારિત્રમોહનો ભડકો દેખાય તો પણ એ કષાયભાવ સાથે એકત્વને સાધતો નથી, થઈ શકતો જ નથી. એ પરિસ્થિતિ જ એવી કોઈ સહજ છે કે એ બની શકતું જ નથી.

એટલે એમ કહે છે કે **'સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના...'** એટલે તીવ્ર રાગ વિના, તીવ્ર રસ વિના. સ્નેહનો ચીકાશ. રસમાં ચીકાશ આવે છે. સ્નેહ એટલે ચીકાશ અહીંયાં લેવી. તીવ્ર ચીકણા પરિણામ થયા વિના ક્રોધ, માન, માયા

અને લોભ હોતા નથી. **'કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય.'**

**'જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય...'** ચીકણો પરિણામ વર્તતો હોય **'તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે,...'** એને કાં ક્રોધનો હોય, કાં માન હોય, કાં માયા હોય, કાં લોભનો હોય, હોય અને હોય જ છે. **'અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય.'** એટલે તો મુમુક્ષુ દશામાંથી પ્રારંભમાં જ સત્પુરુષોએ આ એક ભલામણ કરી છે કે કોઈપણ ઉદયમાં તીવ્ર રસે કરીને પ્રવેશ કરીશ નહિ. પ્રવેશ કાળે જ જાગૃત રહેજે. રસ તીવ્ર થવો જોઈએ નહિ. મોટું નુકસાન છે એ વાત એને લક્ષમાં હોય તો રસ તીવ્ર ન થાય અને નુકસાનથી બીતો ન હોય એ તીવ્ર રસમાં આવી જાય છે. એને નુકસાનનો ખ્યાલ પણ નથી આવતો કે મને કેટલું નુકસાન થાય છે.

મુમુક્ષુ :- શુભ અને અશુભ બન્નેમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુભ અને અશુભ બંનેમાં કોઈપણ ઉદય હોય. કોઈપણ ઉદયમાં તીવ્ર રસે કરીને પ્રવેશ જ ન કરવો, આ એક જ્ઞાનીઓની પહેલી જ શિખામણ છે. એ શરૂઆતમાં ૨૨મા, ૨૩મા વર્ષમાં એ વિષય ચાલી ગયો છે. 'શ્રીમદ્જી'ના પત્રોમાં.

મુમુક્ષુ :- કોઈપણ મુમુક્ષુ પરમાર્થમાર્ગવાળો...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ત્યારથી જ એ રસ ઘટાડતો જાય છે. ઉદયભાવોનો રસ ઘટાડતો જાય છે... ઘટાડતો જાય છે. એના ઘણા કારણો બને છે. એક તો પોતાને નુકસાનનો ખ્યાલ છે. બીજું કે એની સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાવશ પણ તીવ્રરસ થતો નથી. એવી ઉગ્ર ભાવના હોય છે. એ સંબંધીની લગની અને તાલાવેલીથી પણ બીજી બાજુનો તીવ્ર રસ થતો નથી. સ્વરૂપનિશ્ચય ન થયો હોય તો એની જિજ્ઞાસામાં પણ એને તીવ્ર રસ થતો નથી. આ બધા એવા એક સાથે ઉત્પન્ન થતા મુમુક્ષુ ભૂમિકાના પરિણામ છે કે એ તીવ્ર રસમાં આવે જ નહિ. અને તીવ્ર રસમાં ન આવે ત્યારે સાથે સાથે દર્શનમોહનો અનુભાગ ઘટે છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી દર્શનમોહની શક્તિ ઘટે છે. દર્શનમોહની શક્તિ ઘટે તો દર્શનમોહ દબાય, ઉપશમે. જ્યાં સુધી એની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી એ દબાતો નથી. એટલે ઉપશમ થતો નથી. એ

એનું સીધું ગણિત છે.

એટલે અહીંયાં એમ કહે છે કે **'જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય.'** તે પરમાર્થમાર્ગમાં નથી ભલે ગમે તે ક્રિયા કરતો હોય પણ એ પરમાર્થમાર્ગમાં નથી. **'પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે ...'** આ વાત એમણે બહુ સરસ લીધી છે. જેને તપાસવું છે, અંતર અવલોકન કરવું છે એને માટે અમુક વાતો બહુ સીધી સાદી એવી સરસ આવે છે આમાં. **'પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે,...'** અંદરથી એ કાયર થઈ જાય. એ વાતથી એ થાકી જાય. તીવ્ર રાગ થઈ જાય તો પણ એને એનો થાક લાગે. અથવા અંદરથી એનું કાળજું બળે કે આવા તીવ્ર ચીકણા પરિણામ થાય છે જીવને ? તો એનું કાળજું અંદરથી કોરાતું હોય એવું લાગે. અથવા અંદર એવો અચકાટ ઊભા થયા કરે. જ્યારે પણ એવો કોઈ પ્રસંગ બને તો આંચકો લાગે. અરેરે..! આમાં તીવ્ર પરિણામ થઈ જાય એવા આ તો પ્રસંગો છે. આ પ્રસંગો તો એવા છે કે આમાં બહુ ચીકણા પરિણામ થઈ જાય. તો અંદરથી આંચકો લાગવા મંડે. એ રીતે અંદરથી એ કાયર થયા કરે, બધા પ્રકારે કાયર થયા કરે. કોઈ વાતનું બહાનું ન પકડે કે આમ છે. એ કાયર જ થાય. **'સુખે અથવા દુઃખે...'** પછી એ પ્રસંગ સુખનો હોય કે એ પ્રસંગ દુઃખનો હોય, તીવ્ર ચીકણા પરિણામ થતા એ અંદરથી કાયર થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગમાં અનંતાનુબંધી થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, થાય. પ્રશસ્ત રાગમાં પણ અનંતાનુબંધી થાય. શુભરાગમાં અનંતાનુબંધી ન થાય ? અજ્ઞાનદશામાં જીવ કરે જ છે. ઘણા તીવ્ર વૈરાગી હોય છે, ઘણા વૈરાગી હોય છે. સાધનસંપન્ન હોય અને દીક્ષા લઈ લે વૈરાગમાં આવીને તોપણ ત્યાં અનંતાનુબંધી છે.

યથાર્થ પ્રકારે આત્માના લક્ષે, આત્મહિતના લક્ષે નીરસ પરિણામ થાય તો અનંતાનુબંધીનો અને દર્શનમોહનો અનુભાગ ઘટે. સમ્યગ્દર્શન થયા પછી એનો સંભવ નથી, ઉદય નથી. સમ્યગ્દર્શન પહેલા કાં તીવ્ર હોય, કાં મંદ હોય. પણ મંદમાં બે પ્રકાર છે. એક યથાર્થ પ્રકાર અને એક અયથાર્થ પ્રકાર. કેમ કે જીવે એવા નીરસતા, એવી ઉદાસીનતા, એવો વૈરાગ અયથાર્થપણે પણ અનંત વાર કર્યો છે. યથાર્થપણે

એકવાર પણ કર્યો નથી. એમાં બે ભાગ છે. એ વિચારણીય વિષય છે.

શું કહે છે ? **'પરમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે...'** હવે કહે છે કે **'દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે,...'** દુઃખમાં તો ઘણા થાકી જાય છે કે અરેરે..! કોઈ વાતે આવો પ્રસંગ ન જોઈએ, કોઈપણ ભોગે આવો પ્રસંગ ન હો અમને, કોઈપણ રીતે અમે આ સહન કરી શકીએ એવું નથી. એ રીતે અનેક રીતે દુઃખમાં તો કાયર થઈ જાય છે **'પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.'** એ સંતોષાતો નથી.

પરમાર્થમાર્ગી જીવ હોય છે એને અનુકૂળતાઓમાં પણ એ મૂંઝાય છે. શેનાથી મૂંઝાય છે ? કે અનુકૂળતામાં જે કોઈ અનુકૂળતાનું આલંબન લેવાય જાય છે એ એની આસક્તિ છે કે ઠીક છે, આપણને વાંધો નથી. એ મુંઝવણનો વિષય થવો જોઈએ જીવને. જ્યાં સુધી એનાથી મૂંઝાય નહિ, એનાથી કાયર થાય નહિ ત્યાં સુધી... ૨૫૪માં એ વાત લીધી છે. મુમુક્ષુતાની વાત લીધી છે ને ? ૨૫૪ માં એ વાત લીધી છે. પાનું છે ૨૮૮. મુમુક્ષુતાની વ્યાખ્યા કરી છે એમાં.

**''મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો.'** શું કહે છે ? કે મોક્ષને વિષે અસ્તિથી પ્રયત્ન કરનારા કેટલાક દેખાય છે. તો આમણે નાસ્તિનું પડખુ ઉપાડ્યું. કોઈ શાસ્ત્ર વાંચે છે, કોઈ પૂજા-ભક્તિ કરે છે, કોઈ ત્યાગ કરે છે, કોઈ તપ કરે છે, કોઈ કાંઈ કરે છે, કોઈ દાન દે છે, કોઈ યાત્રા કરે છે, જપ કરે છે, કાંઈ કરે છે. શું કરવા કરો છો ? કે અમારા આત્માના કલ્યાણને માટે અને મોક્ષને માટે. ઊભો રહે તું, એ વાત નથી અહીંયાં.

તને થતાં મોહાસક્તિના પરિણામમાં તને મુંઝવણ ક્યારેય થઈ છે ? અને થાય છે ? અને એ પૂર્વક તારો મોક્ષનો પ્રયત્ન ઉપડ્યો છે ? તો અમે તને મુમુક્ષુતા છે એમ કહીએ છીએ. નહિતર મુમુક્ષુતા છે એ વાત નથી. પ્રાયઃ જીવ શું કરે છે ? કે પોતાનું સાધન Secure કરીને કે ચાલો આપણને વાંધો નથી હવે. કાં તો છોકરાઓ રળે છે અને કાં તો મૂડી છે કે જેના વ્યાજમાં પણ વાંધો આવે એવું નથી. હવે આપણે નિવૃત્તિ લઈને આત્માનો મોક્ષ માટે પ્રયત્ન કરો. ભલા માણસ ! પહેલા જ તેં અવલંબન ખોટું લીધું. આના આધારે, તારી અનુકૂળતાના આધારે તો તારે આગળ વધવું છે.

તો એ આધાર જ તારો ખોટો છે. પુદ્ગલોના આધારે પુદ્ગલની શીલા ઉપર ઊભા રહીને આત્માને સાધવો છે. એ તો ઓલા પ્રાણાયામ કરવા જેવી વાત છે. આ યોગથી સાધે છે ને એકાગ્રતા ? એકાગ્રતા ઘણી આવે, હોં ! ચંચળતા બહુ મટી જાય એનાથી. કે શું કરો છો ? કે ભાઈ ! આ શ્વોસોચ્છ્વાસ અને કાયા, એના પરિણામ એની સાથે મનને બહુ સંબંધ છે. મન ત્યાં લગાડીએ છીએ એટલે પરિણામ બધા એકદમ શાંત થઈ જાય છે અને ચંચળતા એકદમ ઘટી જાય છે. ઘણી સ્થિરતા આવે છે. કોનો આધાર લીધો તેં ? આધાર લીધો પુદ્ગલનો. એ પુદ્ગલના આધારે યોગ કરે કે પુદ્ગલનો આધાર લઈને પછી એ આધારે નિવૃત્તિ સેવે, વાતમાં કાંઈ માલ નથી. એક ડગલું આગળ વધવાનો કોઈ પ્રશ્ન જ નથી. આધાર જ ખોટો પકડ્યો છે.

કાલે એક વાત ચાલી હતી આપણે કે મુમુક્ષુજીવને કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો. એવો દઢ નિશ્ચય એને વર્તતો હોવો જોઈએ કે ગમે તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હું મારું આત્મસાધન ચાલુ જ રાખીશ, કરીશ જ, કર્યા વિના નહિ રહું. અમુક પ્રકાર થાય, અમુક કાર્યો થાય, અમુક સ્થિતિ હોય તો હું પછી કરું, એ શરત જ તારી ખોટી છે.

મુમુક્ષુ :– તો પછી ત્યાં તીવ્ર મુમુક્ષુતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– તીવ્ર મુમુક્ષુતા જ્ઞાનદશાની વાત છે. પછીની જે વાત લીધી છે. તીવ્રમુમુક્ષુતા એ તો જ્ઞાનદશાની વાત લીધી છે. એને તીવ્ર મુમુક્ષુતા કહે છે. એટલે એની તો ચર્ચા એ પત્રમાં કરતાં નથી. ત્યાં તો મુમુક્ષુતાની જ ચર્ચા કરવી છે.

તો કહે છે કે મુમુક્ષુએ કોઈ શરતે ધર્મ કરવો હોય તો એણે આ માર્ગ છોડી દેવો. એણે આત્મા સાથે પહેલા શરત કરી કે હે આત્મા ! જો મને કેટલીક આટલી સ્થિતિ મારી કલ્પના પ્રમાણે કે મારા ધારવા પ્રમાણે બની જાય, પછી હું એકલું આત્માનું જ કામ કરું. કહે છે, તારી વાત જ ખોટી છે. તું શરત મૂકે છે એ જ અમને મંજૂર નથી પહેલા તો. તારી શરત જ અમને મંજૂર નથી. તારે એ શરતે તૈયારી છે તારી ? કે કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય મારે આત્મસાધન મારી રીતે કરવું છે. મારી શક્તિ છે એ પ્રમાણે હું આત્મસાધન ચાલુ રાખીશ. અમુક સ્થિતિમાં હું ચાલી રાખી શકું અને અમુક સ્થિતિમાં હું ચાલી ન રાખી શકું માટે અમુક સ્થિતિ થાય પછી કરું. એ તારી વાત તદ્દન ખોટી છે, પાયામાંથી ખોટી છે. એ રીતે કોઈ દિવસ કામ

થવાનું નથી.

તેં તારી અનુકૂળતામાં પહેલો તારો આત્મા વેંચી માર્યો છે. અને આત્મા વેંચ્યા પછી તું હવે એમ કહે છે કે મારે આત્મા જોઈએ છીએ. પણ તેં તો પહેલા વેંચી નાખ્યો છે. ક્યાંથી આત્મા તને મળવાનો ? હતો એ પણ વેંચી માર્યો છે. એ તો કોઈ દિવસ થવાનું નથી. એટલે એ આખો ઉપાડ જુદો છે.

દુઃખે તો માણસ કાયર થાય પણ સુખે પણ કાયરપણું, સુખનું અણગમવાપણું એટલે મૂંઝાવાપણું એમાં, મૂંઝાવું એટલે એના પરિણામથી મૂંઝાવું. સંયોગથી તો કોઈ સંયોગથી મૂંઝાવાનો પ્રશ્ન નથી મુમુક્ષુને. પણ એ પ્રત્યેના પરિણામ, અનુકૂળતા પ્રત્યેના કે પ્રતિકૂળતા પ્રત્યેના પરિણામને લઈને જેને મુંઝવણ થાય છે, એ જીવ મોહાસક્તિના પરિણામથી મૂંઝાય છે. મોહથી જે મૂંઝાય છે તે મોહને છોડી શકે છે. જે મોહથી મુંઝાતો નથી એનો મોહ છૂટવો કોઈ રીતે શક્ય નથી. આ સીધો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :– એને તો એક આત્મા હોય એટલું જ બસ છે, બીજી કોઈ જરૂરત લાગતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એને બીજી કોઈ જરૂર નથી. મૂળમાં એક વાત છે. કોઈની જરૂર નથી. કોઈના વિના હું જીવીશ. બધાના વિના, મારા શરીર વિના પણ જીવીશ. હું જીવત્વશક્તિથી જીવતો પદાર્થ છું. અનાદિઅનંત શાશ્વત જીવત્વશક્તિ લઈને જીવવાનો છું, રહેવાનો છું, ટકવાનો છું, નભવાનો છું, મને કોઈના આધાર અને અવલંબનની જરૂર નથી. ગમે તે હાલત હો બહારની.

અરે..! ખરેખર તો જેને સંયોગો નબળા છે એને લોકો એમ જુએ છે કે આ બિચારાને સંયોગો બરાબર નથી. જેને સંયોગો સબળા છે એને એમ કહે કે વાહ ભાઈ ! આને તો હામ, દામ ને ઠામ છે. જ્ઞાનીઓની દૃષ્ટિ જુદી છે. આ માર્ગમાં આવનારાઓની દૃષ્ટિ પણ જુદી છે. ખરેખર તો પોતાનું આત્મસાધન કરતાં સંયોગોની ઉપેક્ષા થાય, સંયોગોને સંભાળી ન શકે અને એ સંયોગો નહિ સંભાળતા સંયોગોની પરિસ્થિતિ બરાબર ન હોય, લૌકિક દૃષ્ટિએ, તો એ એનું ગૌરવ છે ખરેખર તો. શું કાર્ય કરતાં એના સંયોગો નબળા રહ્યા ? કે આત્મકાર્ય કરતાં કરતાં એના સંયોગો નબળા રહ્યા એ તો એનું ગૌરવ છે કે એટલી ઉપેક્ષા એ કરી શક્યો.

જગત આખું સંયોગોને સંભાળે છે અને સંયોગ પાછળ દોડે છે અને સાવધાની

કરે છે. આને સાવધાની છોડીને નુકસાન થયું તો કહે આને ધન્યવાદ આપો. એ આ માર્ગ છે. એની નબળાઈ જોવાનો પ્રશ્ન નથી, એને કોઈ બીજી દૃષ્ટિએ, હીણી દૃષ્ટિએ જોવાનો પ્રશ્ન નથી. એને સન્માનની દૃષ્ટિએ જોવાનો પ્રસંગ છે ખરેખર. એ પ્રકાર છે આ માર્ગની અંદર તો.

મુમુક્ષુ :- પરિણામ તો એ ચાલે છે કે આ થઈ જાય તો આ અનુકૂળતા થઈ જાય. એ રીતે જ પરિણામ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ખોટા છે, લાઈન ખોટી છે, ભાઈ ! પરિણામ એ રીતે ચાલતા હોય કે આમ થાય તો પછી કરું, આમ થાય તો પછી, આટલું થઈ જાય તો સારું, આટલું થઈ જાય તો સારું, એ લાઈન જ ખોટી છે. એ લાઈને જ ચડવા જેવું નથી. અત્યારે, આ ક્ષણે ગમે તે પરિસ્થિતિ મારી હો. મારે અત્યારથી જ આત્મસાધન કરવું. ઉધારની વાત નથી, પછી કરું એ વાત નથી.

'પૂજ્ય માતાજી' કહે છે, પછી કરું, પછી કરું એ રુચિનો અભાવ બતાવે છે. એ શું બતાવે છે એને ? અત્યારે નથી કરવું અને પછી કરું એ રુચિનો અભાવ બતાવે છે. 'સોગાનીજી' તો જરા ઉગ્રતાથી વાત કરતાં હતા. કે પહેલાં વાંચી લઉં, પછી સાંભળી લઉં અને પછી પુરુષાર્થ કરું એ વાત પણ તારી ખોટી છે. સાંભળતા તને ચોંટ લાગવી જોઈએ અને સાંભળતાવેંત તારો પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ. આ વર્તમાન પાત્રતાનો વિષય છે. પછી કરું એ વાત, ઉધારીની વાત એ આ વેપાર જ જુદી જાતનો છે. અહીંયાં તો રોકડીયો જ વેપાર છે. ઉધારીની લાઈન જ નથી આ વેપારની. પછી કરું એ વાત જ ભૂલી જજે તું. એ તારી રુચિ જ નથી.

મુમુક્ષુ :- સુખ અત્યારે જોઈએ છે અને પ્રયત્ન પછી કરવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રમાણિક્તા છે ? એ કોઈ પ્રમાણિક્તા છે ? કે તમે માલ મને પહેલા મોકલી દો. પૈસા મારે પછી દેવા હશે તો હું દઈશ, એના જેવી વાત થઈ. તો કોણ વિશ્વાસ કરે ? એ રીતે તો કોઈ વિશ્વાસ કરે નહિ.

મુમુક્ષુ :- આત્મા પકડાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા પકડાતો નથી ? ક્યાંથી પકડાય પણ ? બીજું બીજું પકડે તો ક્યાંથી પકડાય આત્મા ? બીજું પકડેલું મૂક્યું નથી, અનાત્માને પકડેલો મૂકવો નથી પછી આત્મા ક્યાંથી પકડાય ? જે અનાત્માને પકડ્યો છે એ એવો

અનંતાનુબંધીના કષાયથી પકડ્યો છે, તીવ્ર રસે કરીને, તીવ્ર સ્નેહે કરીને, હવે આત્મા પકડાતો નથી. ક્યાંથી પકડાય? પકડવા માટે તો હાથ તો જોશે કે નહિ નવરા ? પકડવા માટે હાથ નવરા નથી, બીજું પકડીને ઊભો છે ને કહે હવે આત્મા પકડાતો નથી. જે પકડ્યું છે એ તો છોડ, એમ કહે છે.

મુમુક્ષુ :- માતાજીના વચનામૃત સાથે ઘણો મેળ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાતે વાતે મેળ ખાય છે.

મુમુક્ષુ :- મોહાસક્તિથી મુંઝાઈને. તને ક્યાંય ન ગમતું હોય...

પૂજ્ય ભાઈશ્રી :- તને ક્યાંય ગમતું ન હોય તો આત્મામાં ગમાડજે, એમ કહે છે. ક્યાંય ન ગમતું હોય એટલે મોહાસક્તિથી મૂંઝાય છે તું ? આસક્તિના પરિણામથી મુંઝવણ થાય છે ? મોહના પરિણામથી મૂંઝવણ થાય છે ? આ તપાસવા જેવો વિષય છે. વિચારવા જેવો વિષય નથી પણ તપાસવા જેવો (વિષય છે). જ્યારે થાય ત્યારે તપાસવા જેવો વિષય છે કે આમાં મુંઝવણ ને અણગમો આવે છે ? કે ઠીકપણું લાગ્યું ત્યાં આખેઆખો ઓરાઈ જા છો તું, ઉતરી જા છો અંદરમાં ? જરાક ઠીકપણું લાગે, નાની નાની વાતમાં ઠીકપણું લાગે એને એમ થાય કે વાહ ! ઠીક છે. આ ઠીક છે. આ ઠીક છે. આમને આમ ઇષ્ટ અને અનિષ્ટ. ઇષ્ટ અને અનિષ્ટ વિરુદ્ધ અભિપ્રાયથી, ખોટા અભિપ્રાયથી પરિણામ થયા જ કરે છે અને અનંત કાળ એમાં ચાલ્યો જાય છે. જિંદગીની જિંદગીઓ ચાલી જાય છે.

એટલે અહીંયાં પરમાર્થના માર્ગમાં આવનાર આત્માઓ, પુરુષ નામ આત્માઓ કેવા હોય છે, એનું એક બહુ સારું લક્ષણ નાસ્તિમાં પણ પોતે સમજી શકે એવું લક્ષણ અહીંયાં લીધું છે. અહીં સુધી રાખીએ...

## તા. ૨૮-૫-૧૯૯૦, પ્રવચન નં. ૧૬૭
## પત્રાંક - ૪૫૯

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ, પત્ર ૪૫૯. પાનું ૩૭૮. બીજો પેરેગ્રાફ.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયાનો વિષય આ પત્રમાં લીધો છે. અનંતાનુબંધી આદિ પ્રકૃતિ, કર્મના પરમાણુની પ્રકૃતિ કરણાનુયોગનો વિષય બહુભાગ કેવળજ્ઞાનગોચર છે. બુદ્ધિગમ્ય અને અનુભવમાં આવે એવો વિષય સમજાય માટે એમ કહ્યું કે જેને રાગાદિ ભાવ ચીકણા હોય, એકદમ ચીકાશવાળા પરિણામ હોય ત્યારે એમ જાણવું કે એ અનંતાનુબંધીના પરિણામ છે અને તે બુદ્ધિગમ્ય છે. લુખ્ખા પરિણામ પણ બુદ્ધિગમ્ય છે. અને જ્ઞાનીને લુખ્ખા પરિણામ હોય છે. જ્ઞાની થવાને યોગ્ય જીવ થાય છે એવા મુમુક્ષુને પણ લુખ્ખા પરિણામ થાય છે. એને અહીંયાં નીરસપણું કહ્યું છે. ઉદયભાવમાં ઉદય પ્રત્યે નીરસપણું. એવું નીરસપણું ત્યાંથી પેરેગ્રાફ શરૂ થાય છે.

**'જીવને પરમાર્થ જ્ઞાને...'** થવું સંભવે છે. **'અથવા પરમાર્થજ્ઞાની-પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી.'** શું કહે છે ? નીરસપણામાં અને નીરસપણામાં ફરક છે. યથાર્થ નીરસપણું છે એ તો કાં પરમાર્થ સ્વરૂપનું-પરમતત્ત્વનું જ્ઞાન થાય, અનંત સુખધામનું જ્ઞાન થાય ત્યારે જ્યાં સુખ નથી એવા સર્વ ઉદયિક પદાર્થો, એમાં નીરસપણું આવે છે. એટલે આત્મજ્ઞાનપૂર્વક એવું નીરસપણું હોય છે. અથવા આત્મજ્ઞાની પુરુષનો જો નિશ્ચય થયો હોય, ઓળખાણ થઈ હોય તો પણ એવું નીરસપણું આવે છે.

પોતાનો પરમ પદાર્થ એનો નિશ્ચય થયો હોય તોપણ જ્ઞાનમાં એવું નીરસપણું આવે છે અને એવા પરમ પદાર્થનું જેણે જ્ઞાન કર્યું છે, નિશ્ચય કર્યો છે એવા બીજા આત્માનો, બીજા પુરુષનો નિશ્ચય થાય તો પણ એવું નીરસપણું આવે છે. એ સિવાયનું

નીરસપણું, વૈરાગ્ય, ઉદાસીનતા એ બધું અયથાર્થ પરિણામમાં જાય છે. યથાર્થ પરિણામમાં જતા નથી. કેમ કે એવા વૈરાગ્યથી અથવા શુક્લ લેશ્યાથી પણ અભવિ જીવ વર્તે છે. કેટલા લુખ્ખા પરિણામ હશે ! શુક્લલેશ્યામાં લેશ્યા છે એ રસને સૂચવે છે. એવો લુખ્ખો રસ થઈ જાય કે શુક્લલેશ્યામાં આવે છે. તો પણ એ યથાર્થ નીરસપણું નથી, યથાર્થ ઉદાસીનતા નથી, યથાર્થ વૈરાગ્ય નથી.

જેમાં પદાર્થનો બોધ હોય, એમ કહેવું છે. અનેક પ્રકારના પૌદ્‌ગલિક પર્યાયોથી સમૃદ્ધ એવા પુદ્‌ગલો છે એ બધા સુખના અભાવ સ્વભાવે છે. સુખરહિત પદાર્થો છે. અને મારું સ્વરૂપ છે એ આત્મસ્વરૂપમાં અનંત... અનંત... અનંત... જેની હદ નથી એટલું સુખ ભરેલું છે. એવા બોધથી, એવા જ્ઞાનથી નીરસપણું આવ્યું હોય તો તે યથાર્થ છે. એવું જ્ઞાન થયું હોય એવા સત્પુરુષના નિશ્ચયથી, જ્ઞાનીપુરુષના નિશ્ચયથી એવું નીરસપણું આવ્યું હોય તો તે યથાર્થ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષનો વિયોગ થવા છતાં ઓળખ્યા ક્યારે કહેવાય જ્યારે આવું નીરસપણું આવે ત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એનું લક્ષણ છે. નહિતર તો જ્ઞાનીપુરુષ પ્રસિદ્ધ હોય અને ઘણા સમૂહથી માણસો જ્ઞાની તરીકે માનતા હોય, પૂજતા હોય, બહુમાન કરતાં હોય અને એ રીતે વર્તતા હોય. ત્યારે ઘણા એવી રીતે જ્ઞાનીપુરુષ તરીકે સ્વીકારે છે એમાં પણ એ સ્વીકાર તે યથાર્થ નથી. જો જીવને સ્વીકાર થયો હોય તો એના ઉદયભાવોમાં નીરસપણું આવ્યા વિના રહે નહિ. આ લક્ષણ બાંધ્યું.

આ જ પેરેગ્રાફનું જે છેલ્લું વાક્ય છે '**વડના બીજની પેઠે પરમાર્થ-વડનું બીજ એ છે.**' આવી જે સ્થિતિ થાય છે જેમાં પરમાર્થ જ્ઞાનીપુરુષનો નિશ્ચય થાય છે ત્યારે આત્મજ્ઞાનનું બીજ ઉત્પન્ન થાય છે. આગળ પોતે કહી ગયા છે કે જે આત્મજ્ઞાનીને ઓળખે તેને આત્મજ્ઞાન અવશ્ય અવશ્ય ઉત્પન્ન થાય, થયા વિના રહે નહિ. અહીંયાં એ વડના બીજ લઈ લીધું છે. પરમાર્થવડનું એ બીજ છે. એમ લઈ લીધું છે.

મુમુક્ષુ :- પરમાર્થ જ્ઞાનીપુરુષને ઓળખવું એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખવાનું આ લક્ષણ લીધું. ઓળખવું એટલે ઓળખવું. તમે કાપડના વેપારી હતા તો કાપડની પરખ હતી તમને. કોઈ Artificial silk

લઈને આવે, દેખાવ Original જે સિલ્ક હોય એના કરતાં પણ કદાચ સારો હોય, વધારે ચમક, વધારે સુંવાળપ બધું હોય તો પણ ધોવાથી ત્યાં બાથરૂમમાં જ ખલાસ થઈ જશે એમ ખ્યાલ આવી જાય છે. પછી ધોયા પછી પહેરવાના કામમાં નહિ આવે. 'દિલ્હી'ના ચાંદની ચોકમાં એવું કાપડ વેંચાય છે. લારીમાં લઈને ઊભા હોય. દોઢસો રૂપિયાનું મીટર કહે અને પચાસ રૂપિયા મીટરમાં આપી દે. તમે ભાવ કેટલોક કરો. માંગનારો ભૂલે. છેવટે પચાસ રૂપિયા મીટરમાં આપી દે અને એમાંય એને પચ્ચીસ કમાવાના હોય પાછા. પચાસ (રૂપિયે) મીટર આપે ત્યારે પણ એને પચ્ચીસ કમાવાના હોય બીજા. દેખાવ એવો હોય કે બરાબર, બહુ સરસ કાપડ છે. સારામાં સારી મીલનું સારું કાપડ હોય એવું દેખાય.

પ્રશ્ન :– છાપે ખોટી મારેલી હોય. જાપાની મીલનું...

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખવું એ ઓળખવું છે. એનો બીજો કોઈ પર્યાયાન્તર નથી. પરખ છે એ બીજી વાત છે. પરખ આવે છે. દરેક વિષયમાં એવું છે. પછી હીરા હોય, અનાજ હોય, ખાંડ હોય ગમે તે ચીજ છે. કાપડ છે, ચા છે. બધી ચીજમાં એ વિષયની પરખ હોય તો એમાં બનાવટી હોય તો ખબર પડી જાય છે. હલકો, ભારે માલ હોય તો ખબર પડી જાય છે. બધાને ખબર પડતી નથી. જેને પરખ હોય એને ખબર પડે છે.

એમ પરમાર્થ જ્ઞાનીપુરુષનો જેને નિશ્ચય થાય છે, જેને ઓળખાણ થાય છે તેને પરમાર્થ વડના બીજની પ્રાપ્તિ થાય છે. એ બીજને સંસ્કાર કહો તો પણ ખોટું નથી. એક તો સ્વરૂપના લક્ષે સ્વરૂપના સંસ્કાર પડે છે. જ્યારે સ્વરૂપનું લક્ષ–નિશ્ચય અથવા ઓળખાણ થાય છે ત્યારે નિયમથી સંસ્કાર પડે છે. અને બીજા સત્પુરુષના નિશ્ચયે સંસ્કાર પડે છે. બંને વખતે જ્ઞાનનો વિષય નિશ્ચયસ્વરૂપ આત્મા છે. એક વખત પોતાનો આત્મા છે. બીજી વખત બીજાનો આત્મા છે. પણ છે મૂળ આત્મસ્વભાવ. એ સંસ્કારનો વિષય થાય છે. ત્યારે એના સંસ્કાર પડે છે. સંસ્કાર તો સ્વભાવના પડે છે ને ! સ્વરૂપના સંસ્કાર પડે છે. તો એ જ્ઞાનનો વિષય સ્વરૂપ હોય ત્યારે સ્વરૂપના સંસ્કાર પડે. આ સિદ્ધાંત સીધો-સાદો સમજાય એવો છે.

મુમુક્ષુ :– પોતાનું સ્વરૂપ તો પ્રયત્ન કરતાં સમજાય પણ જ્ઞાનીનું સ્વરૂપ પ્રયત્ન

કરતાં સમજવું જરા...

પૂજ્ય ભાઈશ્રી :– ખરેખર તો એવું નથી. જ્ઞાનીનું સ્વરૂપ સમજવું સહેલું છે, પોતાનું સ્વરૂપ સમજવું અઘરું છે. કેમ કે પોતાનું સ્વરૂપ અવ્યક્ત છે, સામર્થ્યરૂપે છે. અને જ્ઞાનીનું સ્વરૂપ છે એ વ્યક્ત છે અને પ્રગટરૂપે છે. બીજું, જ્ઞાની જવાબ દે છે એ વિષયમાં. પોતાને એ વિષયની અંદર સ્પષ્ટીકરણ જોઈતું હોય તો જ્ઞાનીપુરુષ એ વિષય સમજાવે છે, સમજાવી શકે છે અને એ વિષય ખુલ્લો થઈ શકે છે. જ્યારે અવ્યક્ત સ્વરૂપ છે એને ભાષા નથી. સામર્થ્યને ભાષા નથી. સમજવાનું માધ્યમ જે ભાષા છે એ ત્યાં નથી. એટલે પોતાની મેળે માર્ગ પ્રાપ્ત નથી થતો એનું કારણ આ છે અને જ્ઞાનીપુરુષથી માર્ગ મળે છે એનું કારણ આ છે. કે 'બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત'. એ પોતાની મેળે નથી પકડી શકતો. 'સેવે સદ્‌ગુરુ કે ચરણ સો પાવે સાક્ષાત.' સાક્ષાત જો સદ્‌ગુરુના ચરણ સેવે તો પામે જ પામે. એમ કહેવું છે.

અહીંયાં એક મહત્વની વાત કરી–સંસ્કારની. **'વડના બીજની પેઠે પરમાર્થ-વડનું બીજ એ છે.'** એમ કહીને ત્યાં સંસ્કારની વાત નાખી દીધી. **'પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે ?'** અપરમાર્થરૂપ એટલે આત્માને કામની ચીજ નથી. નકામી વસ્તુ માટે કોણ ક્રોધ કરે તીવ્રપણે ? નકામી વસ્તુ માટે કોણ લોભ કરે તીવ્રપણે ? કોણ માયા કરે તીવ્રપણે ? એમ. પાછું એ તીવ્રતા કરતાં પોતાને નુકસાન તીવ્ર છે, ઘણું નુકસાન છે એ સમજાયેલું હોય છે. તો કાંઈ હાથમાં ન આવે અને મોટું નુકસાન કરે એવું શું કરવા કરે ?

લોકોમાં પણ એમ કહે છે કે કોઈકનો ઝઘડો આપણે વોરી લેવો નહિ. બે માણસ રસ્તે ચાલતા ઝઘડતા હોય તો કોઈનો પક્ષ કરીને પોતે દુશ્મનાવટ કરી લે છે ? કેમ કે જેનો પક્ષ કરવો છે એની સાથે લેવા-દેવા નથી. જેની સાથે દુશ્મનાવટ કરવી છે એની સાથે લેવા-દેવા નથી. પછી ઝઘડો કરતાં નુકસાન થાય છે. અજાણ્યા માણસનો ઝઘડો વહોરતા નથી પણ ડાહ્યા માણસો તો જાણીતા માણસનો પણ ઝઘડો વોરતા નથી. સંબંધી હોય... બરાબર ? ભાઈ ! સંબંધી હોય અને એમ કહે કે જરાક આ મારો ઝઘડો પતાવી દ્યો ને. એને ખ્યાલ આવે કે બેમાંથી એકની સાથે મનદુઃખ થઈ ગયું. ફેંસલો તો એવો છે કે બેમાં સત્યનો જો પક્ષ કરવામાં આવે તો એક

અસત્ય જે હોય એનો તો વિરોધ જ થઈ જાય. ખ્યાલ આવી જાય એટલે ડાહ્યો માણસ એમ કહે કે ભાઈ ! મારું કામ નથી આમાં. તમે બીજા કોઈક ડાહ્યા માણસને શોધી લ્યો. આમાં હું નહિ કામ કરી શકું. ખરેખર તો કામ કરી શકે એનો ખ્યાલ આવી ગયો છે પણ એને કોઈની સાથે કારણ વગર પોતાના સંબંધ ખરાબ કરવા નથી. આટલી તો સામાન્ય વાતમાં પણ જીવને ખબર પડે છે. જીવ વિચક્ષણ છે, જીવ સમજદાર છે, પોતાને બચાવી શકે છે.

અહીંયાં પારમાર્થિક વિષય છે કે સંસારમાં જે પદાર્થો તને સુખ આપી શકતા નથી, આપવા સમર્થ નથી. આપવાનો કોઈ ગુણધર્મ નથી. એવી પરિસ્થિતિ જાણ્યા પછી એના માટે કોણ તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કરે ? એ પ્રશ્ન ઊઠાવ્યો. એ કોઈ મુર્ખ હોય એ કરે. પછી કોઈ સમજદાર તો કરે નહિ.

મુમુક્ષુ :– ...કહીને છએ દ્રવ્ય લઈ લીધા.

પૂજ્ય ભાઈશ્રી :– છએ દ્રવ્ય લઈ લીધા પણ મતલબ તો ઉદયમાં જ છે માણસને. જીવને મતલબ બીજા ચાર અરૂપી દ્રવ્ય સાથે તો વિકલ્પ પણ નથી, એનો ઉદયભાવ પણ નથી. જે પુદ્ગલ છે એમાં પણ જે એના સંયોગમાં છે સચેત, અચેત, સચેત-અચેત મિશ્ર પદાર્થો, જે સંયોગમાં છે, જેની સાથે એને ઉદયના ભાવ છે અને પૂર્વકર્મનો નોકર્મરૂપ ઉદય સંબંધ છે, બસ ! ત્યારે એ ઇષ્ટ, અનિષ્ટ, સારું-નરસું, સુખનું કારણ, દુઃખનું કારણ, શાંતિનું કારણ, અશાંતિનું કારણ, લાભનું કારણ, નુકસાનનું કારણ એ જે કલ્પના કરે છે. છે નહિ એવું, પણ એવું માને છે ખરેખર એ કલ્પનામાત્ર છે. એ અજ્ઞાનને કારણે છે. કલ્પના છે એ સ્વયં અજ્ઞાન છે. એ કોણ કરે ? એને ક્યાંથી થાય ? એવું જ્ઞાન થયા પછી ક્યાંથી થાય ? ન થાય.

કેમ કે **'જે વસ્તુનું માહાત્મ્ય...'** માહાત્મ્ય એટલે કિંમત, મૂલ્ય. **'જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું...'** નાનો હતો ત્યારે કોડીઓ માટે મારામારી કરતો હતો. આઠ વર્ષના છોકરાઓ-છોકરાઓ રમે એક કોડી ખોટી રીતે લઈ જાય તો મારામારી કરે. માથું ફોડી નાખે પથરો મારીને. ઝઘડો કરે તો છોકરા-છોકરા લોહી કાઢે. મોટો થયા પછી ? હવે કોડીમાં શું છે કે એને માટે માથાકૂટ કરવી ? જાવા દો ને. દૃષ્ટિમાંથી જેનું મૂલ્ય ગયું **'તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી.'** એને ક્લેશ થતો નથી.

જેને ક્લેશ થાય છે, બાહ્ય પદાર્થોને કારણે જેને ક્લેશ થાય છે એણે એ પદાર્થનું મૂલ્ય આંક્યું છે. ઘણી કિંમત આંકી છે. કેટલી કિંમત આંકી છે ? કે સર્વસ્વપણે એને માને છે. સર્વસ્વપણે માનીને એ જ એનો આત્મા થઈ પડે છે. એને આત્મા ગણીને એ ચાલે છે. એટલે પછી છોડી શકતો નથી. આત્માનું હિત છોડી શકે પણ લીધી વાત ન મૂકી શકે છે. શું કરે છે અજ્ઞાનદશામાં જીવ ? કે એ પકડ કરતાં પોતાના આત્માને નુકસાન હોય તો એ એનું પોતાનું હિત છોડી શકે, અહિત કરી લે. પણ આ વાત મારે છોડવી નથી. એવી પક્કડ કરી જાય. ખરેખર એ જ એનો આત્મા થઈ પડ્યો છે.

મુમુક્ષુ :– એક ભાઈ વિરોધ કરતાં હતા કે મને ખબર છે કે હું નરકગતિમાં જવાનો છું, ભલે જાઉં.

પૂજ્ય ભાઈશ્રી :– 'હિંમતનગર'માં પ્રતિષ્ઠા વખતે બહુ વિરોધ કરેલ. આવ્યા હતા, હું બીજી વખત 'કલકત્તા' આવ્યો ત્યારે એ 'કલકત્તા' હતા. પછી ઓલા બધા યુવાન લોકા બધા વિદ્વાનોનું સંમેલન કરે છે ને ? ત્યારે એ મંચ ઉપર હતા સાથે ભાષણ કરવામાં. પછી અહીંયાં આવ્યા હતા. અત્યારે તો પડિમા-બડિમા લઈ લીધી હશે. બ્રહ્મચારી તો તે દિ' થઈ ગયા હતા. 'ગુરુદેવ'નો ઘણો વિરોધ કરતાં હતા. એવું છે.

એક આપણા મુમુક્ષુભાઈ પણ કહેતા હતા કે ખબર છે કે સૂર્યકીર્તિ ભગવાનનો વિરોધ એ અરિહંતનો વિરોધ છે. બહુ બહુ તો સાતમી નારકીએ જવાનું છે ને ! અરે..! આઠમીએ જવા તૈયાર છું, આઠમી છે ? એમ કહે. એટલે એ તો જે વીર્યવાળો તો એ ઊંધા વીર્યમાં એવો જ વીર્યવાળો છે. સાતમી શું આઠમી હોય તો આઠમીએ જવા તૈયાર છું. વિરોધ તો કરવાનો જ છે. એ જીવ સ્વતંત્ર છે. એમાં કાંઈ એ નરક-નિગોદથી ડરે એવો પણ નથી. 'ગુરુદેવ' એને ભડનો દીકરો કહેતા કે નહિ ? આ જીવે એવી બધી ભૂલો કરી છે, હોં ! આ જીવે એવી બધી ભૂલો કરી છે. આ તો કોઈની વાત તો પોતા ઉપર લેવા માટે એ વાત છે.

શું કહે છે અહીંયાં ? '**જે વસ્તુનું માહાત્મ્ય...**' એટલે મૂલ્ય '**દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે,...**' જ્યારે સંસારના જે સુખ છે એ ભ્રાંતિપણે જણાય

છે, ભ્રાંતિપણે જે સુખ જાણ્યું છે એટલે સાચું જાણ્યું છે. ભ્રાંતિગતપણે જે સુખ સાચું જાણ્યું છે. તે પરમાર્થજ્ઞાને એટલે પદાર્થનું જ્ઞાન થતાં તે ભ્રાંતિ છે એમ ભાસે છે. કેમ ? કે જ્યાં સુખ નથી ત્યાં સુખની કલ્પના થઈ હતી. માટે એ સુખ જે જાણ્યું હતું એ તો ભ્રાંતિગતપણે જાણ્યું હતું. ત્યારે તો એમ જાણ્યું હતું કે આ સાચું છે ભ્રાંતિગતપણે એને સાચું સુખ જાણ્યું હતું. પરમાર્થ જ્ઞાન થતા એને એ ભ્રાંતિનું જ્ઞાન થઈ જાય છે. એ ભ્રાંતિ ભાસે છે.

**'અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે ?'** પછી જેને ખબર પડી ગઈ કે આ ભૂલ થાય છે, કલ્પના થાય છે પછી એને એમાં ભ્રાંતિ થતી નથી. હવે આનો પ્રયોગ કરવો હોય તો બહુ સારો છે. દરેક માણસને પોતાની રુચિને કોઈને કોઈ પદાર્થ ને વિષય હોય છે. એ પોતે પકડી લેવો. પકડી લેવો એટલે ? સામે રાખવો. અને પછી એનું પૃથક્કરણ કરવું. Analysis કરવું કે આમાં ક્યા પરમાણુની અંદર સુખ છે ? બહુ બહુ તો આ રૂપિયા તો બધાને સુખનું કારણ છે. પૈસા-રૂપિયા તો બધાને સુખનું કારણ છે. 'ગુરુદેવ' કહેતા કે આના કટકા કર તું. ચાંદીનો રૂપિયો હોય તો એના કટકા કર. એના પરમાણુએ પરમાણુને તપાસ, તારું સુખ એમાં ક્યાં રહ્યું છે ? છે કોઈ જગ્યાએ તારું સુખ ? જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી એનું પૃથક્કરણ કર. તારી કલ્પના અને ભ્રાંતિ ખલાસ ન થાય ત્યાં સુધી આ પ્રયોગ તું ચાલુ રાખ. ખાસ કરીને જ્યારે જ્યારે વિકલ્પ, રાગ અને ઉદયભાવ એવો થાય ત્યારે ત્યારે તો વિશેષ જાગૃતિમાં રહીને એ પ્રમાણે ત્યાં સુખ છે કે નહિ ? એ ભ્રાંતિને ઓળખવાનો, ભ્રાંતિને જાણવાનો પ્રયત્ન કર. તો તને પહેલા જ્યાં સુખ ભાસતું હતું એ ભ્રાંતિ હતી એ ખ્યાલ આવશે અને પછી ત્યાં સુખનું ભાસ્યમાનપણું થશે નહિ. એ પ્રયોગથી જે નક્કી થાય છે, સમજાય છે એ પછી ભૂંસાતું નથી. ન્યાયથી સમજેલું હોય છે એ ભૂંસાય છે પણ પ્રયોગથી સમજેલું ભૂસાતું નથી.

**'એવી માહાત્મ્યદૃષ્ટિ...'** એટલે કે એવું મૂલ્ય, નિર્મૂલ્યપણું જે થઈ ગયું એ પ્રકારની એ મહાત્મ્યદૃષ્ટિ **'પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે,...'** પરમાર્થ જ્ઞાનીપુરુષને હોય એ તો નિર્વિવાદ વિષય છે પણ મુમુક્ષુમાં કોને હોય ? કે **'પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે,...'** આ જેને ઓળખાણ થઈ છે

એનું લક્ષણ લીધું. નીરસપણું આવે છે અને તે પદાર્થ જ્ઞાને કરીને નીરસપણું આવે છે એ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે. **'તેનું કારણ પણ એ જ છે'** કે એને ભ્રાંતિ સમજાઈ છે એ એનું કારણ છે.

**'કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન, જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે.'** જુઓ ! વ્યવચ્છેદકનો અર્થ હવે વધારે સ્પષ્ટ સમજાશે. સીધું કોઈને પદાર્થજ્ઞાન એવું ન થાય, કોઈ આવરણને કારણે તો પણ સામાન્ય એવું જ્ઞાન જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે. આ જ્ઞાનીપુરુષ છે એવી ઓળખાણ થાય છે ત્યારે એવું સામાન્યજ્ઞાન પણ થાય છે. એમાં શું લીધું ? કે કોઈ જીવ ઓછા ઉઘાડવાળો છે અને પદાર્થના પૃથક્કરણના વિષયની અંદર એનો ઉપયોગ એટલો ચાલતો નથી કે જેને લઈને પદાર્થ–જડપદાર્થ સુખરહિત છે એમ એને ખ્યાલમાં આવે. એ પ્રકારની વિચારણામાં ન જાય પણ કોઈ ઓઘસંજ્ઞાએ જ્ઞાનીપુરુષનું સાનિધ્ય પૂર્વ પુણ્યના ઉદયે કરીને થઈ ગયું હોય, મળી ગયું હોય, આવી ગયું હોય તો એ જ્ઞાનીપુરુષનો નિશ્ચય થતાં, ઓળખાણ થતાં, એને વિશ્વાસ આવે છે કે આ જ્ઞાનીપુરુષ છે ત્યારે પણ એને આ પદાર્થજ્ઞાન થઈ જાય છે. એ આપોઆપ જ થઈ જાય છે. એટલી નિર્મળતા ત્યાં આવી જાય છે.

અથવા જ્યારે એને જ્ઞાનીપુરુષની શ્રદ્ધા એટલે ખાત્રી થઈ, નિશ્ચય થયો અહીંયાં કે આ જ જ્ઞાનીપુરુષ છે ત્યારે તેના પ્રત્યે એને એટલી અત્યંત ભક્તિ આવે છે કે જે ભક્તિના તીવ્ર પરિણામને વશ ઉદય સંબંધીના જે ક્રોધ, માન, માયા, લોભના જે પરિણામ છે એ આપોઆપ નીરસ થઈ જાય છે. તે પણ પ્રકાર ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :– સંસ્કાર પડે.

પૂજ્ય ભાઈશ્રી :– સંસ્કાર પડી જાય છે એ વખતે. એટલે ત્યાં શું થયું ? કે અસ્તિનું જ્ઞાન થયું. જે પ્રગટ આત્મજ્ઞાન સ્વરૂપ છે, મૂર્તિમંત આત્મજ્ઞાનસ્વરૂપ છે એવા જે જ્ઞાનીપુરુષ એને અસ્તિનું જ્ઞાન થયું છે એટલે એને ત્યાં એમના પ્રત્યેનું બહુમાન અને ભક્તિ અત્યંત અત્યંતપણે ઉત્પન્ન થાય છે. જગતમાં એ એનું સર્વોત્કૃષ્ટ ભક્તિનું, બહુમાનનું અને ખેંચાણનું એક નિમિત્ત થઈ પડે છે. ત્યારે બીજે બધેથી એના પરિણામ ઊઠી જાય છે. જગતમાં પણ એ નિયમ છે કે એક જગ્યાએ તીવ્ર

સ્નેહ થતાં, તીવ્ર રાગ થતાં બીજી બધી જગ્યાએથી પરિણામ નીરસ થઈ જાય છે.

મુમુક્ષુ :- ચોખ્ખું Science છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પરિણામની તો સીધી વૈજ્ઞાનિક વાત છે.

મુમુક્ષુ :- 'પ્રવચનસાર'માં જે ગાથા છે, તીર્થંકરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ સર્વદેશ જાણે, આને એકદેશ લઈએ તો ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, ત્યાં વાત એક જ છે. પણ સત્પુરુષ કરતાં જે અરિહંત પરમાત્મા છે એનું સ્વરૂપ ઓળખવું સહેલું છે. સહેલું છે. કેમ કે અહીંયાં તો કેટલાક એવા પણ જ્ઞાનીપુરુષના પરિણામો છે કે જે શંકાનું કારણ છે. ઉદયભાવો છે તે વિભાવભાવો છે. શુભભાવ છે અને અશુભભાવ પણ છે જ્ઞાનીને. તો જ્ઞાની ઓળખવા તો કઠણ છે. અરિહંતને ઓળખવા એટલા કઠણ નથી. છતાં સમવસરણમાં જઈને પોતે ઓળખ્યા નથી.

મુમુક્ષુ :- મળ્યા છે છતાં ઓળખ્યા નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હવે એ કઠણ હોવા છતાં એને ઓળખે તો ? કહે, તો તો ધન્ય છે ! એને સંસ્કાર પડી ગયા. એને પરમાર્થવડનું બીજ સંપ્રાપ્ત થઈ ગયું છે એ કહેવાની જરૂર નથી. અરિહંતને ઓળખે એ જો આત્માને ઓળખે તો અરિહંત કરતાં અઘરો વિષય છે અને એ જ વિષય છુપાયેલો છે. અરિહંત તો ખુલ્લું રત્ન છે જગારા મારતું અને આ ચીંથરે વીંટ્યું છે. સત્પુરુષ છે એ તો ચીંથરે વીંટ્યું રત્ન છે. જો ચીંથરામાં વીંટેલું પણ ઓળખાઈ ગયું હોય તો પછી એને આત્મનિશ્ચય ન થયા એ વાત ક્યાં રહે છે ? થાય જ થાય. પ્રશ્ન નથી.

સહેલી પરીક્ષામાં પાસ થાય એ તો સમજી શકાય એવું છે પણ અઘરી પરીક્ષા છે આ તો. અને અઘરી પરીક્ષામાં પાસ થયો, તો સહેલી પરીક્ષામાં પાસ થાય એને પાસ ગણવો. એને ઇનામ મળે. અને અઘરી પરીક્ષામાં પાસ થાય એને ? તો કહે, એને મળે જ ને. એમાં ક્યાં પ્રશ્ન છે. એણે તો મોટું કામ કર્યું છે. એટલા માટે તો અરિહંત ભગવાનની પ્રતિમાની સ્થાપના નિક્ષેપ છે એનું કારણ એ છે કે સ્વરૂપ ઓળખાણનું એ કારણ છે, ન ઓળખાયું હોય એને. ઓળખાયું હોય અને અનુભવવું હોય એને ધ્યાનનું, ધ્યાનના અવલંબન માટેનું એ બાહ્ય નિમિત્ત છે. એને ધ્યાન જામે

છે. બીજાને ઓળખાણ થાય છે. ધ્યાનનું કારણ બને છે. એમ પારમાર્થિક હેતુ છે એની પાછળ. માત્ર શુભરાગ કે કોઈ પદના રાગડા તાણવા માટેનું નિમિત્ત નથી. કે ભાઈ ! શુભરાગ થાય છે અને આપણે સારી રીતે ગાવ. એવું નથી. અંદર પારમાર્થિક કારણ રહેલું છે. અને એ પારમાર્થિક કારણ સેવવું જોઈએ. માત્ર રાગ કરીને રોકાઈ જવું ન જોઈએ. છેલ્લો પેરેગ્રાફ.

**'તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યક્‌દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં.'** કેમ કે અનંતાનુબંધી છે એ જીવને જન્મ-મરણનું અને પરિભ્રમણનું કારણ છે. જ્ઞાનીપુરુષ અને સમ્યગ્દૃષ્ટિ જીવ તો ભવથી ભયવાન થયેલા છે. જેને ભવનો ભય છે. મને ભવ ન જોઈએ. ભવ થાય એને એ ભયનું સ્થાન છે, બીજું કોઈ ભયનું સ્થાન નથી. તો એના કારણભુત જો અનંતાનુબંધી એટલે તીવ્ર ચીકાશવાળા રાગ-દ્વેષ, મોહના અથવા ક્રોધ, માન, માયા, લોભના પરિણામ એ પરિણામ તે કરે નહિ, તેને હોય નહિ.

**'જે સંસારઅર્થે અનુબંધ કરે છે,...'** એવા જે પરિણામ છે-તીવ્ર પરિણામ. **'જે સંસારઅર્થે અનુબંધ કરે છે,...'** અથવા સંસારના કાર્યોમાં જે બંધ પડે છે. જે સંસાર અર્થે અનુબંધ કરે છે અથવા સંસારના કાર્યોમાં જેને લઈને બંધન થાય છે તે બંધન કરતાં. **'તે કરતાં...'** એટલે તેવા બંધન કરતાં **'પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે,...'** સંસારના કાર્યોમાં જે રાગ-દ્વેષ થાય, સંસારના કાર્યોમાં જે પુદ્‌ગલ પદાર્થો માટે રાગ-દ્વેષ થાય છે એના કરતાં જે ધર્મના ક્ષેત્રમાં આવીને ધર્મના નિમિત્તે જે રાગ-દ્વેષ થાય છે એ અનંતાનુબંધીના થાય છે ચોક્કસપણે અને એ ઘણા જવાબદારીવાળા પરિણામ છે. એ વિષયમાં અગંભીરતા રાખવી પાલવે નહિ. એમાં પૂરી ગંભીરતાથી ચાલવું પડે છે. કેમ કે સંસારને અર્થે અનુબંધ કરે છે તેના કરતાં પરમાર્થને નામે, પરમાર્થને નામે એટલે ધર્મને નામે, ભ્રાંતિગત પરિણામે એટલે પોતાના અજ્ઞાનને લીધે અને અણસમજણને લીધે, ઓછી સમજણને લીધે, વિપરીત સમજણને લીધે. જે **'અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે,...'** ગુરુ નથી એને ગુરુ માને છે, સમ્યગ્દૃષ્ટિ નથી એને સમ્યગ્દૃષ્ટિ માને છે, દેવ નથી એને દેવ માને છે, ધર્મ નથી એને ધર્મ

માને છે, કર્ત્તવ્ય નથી એને કર્ત્તવ્ય માને છે, અકર્ત્તવ્ય નથી એને અકર્ત્તવ્ય માને છે. બધુ એમાં આવી જાય છે. ધાર્મિક કોઈપણ મુદ્દાનો એમાં સમાવેશ છે. દેવ, ગુરુ ને ધર્મ કહેતા ધર્મની અંદર બધા સિદ્ધાંતો આવી જાય છે. એટલે ધાર્મિક વિષયનો કોઈપણ મુદ્દો એની અંદર સમાવેશ પામી જાય છે. કોઈ મુદ્દો બાકી રહેતો નથી કે ભઈ ! આ વાત ધર્મમાં નથી આવતી એમ નથી. ધર્મની અંદર ધર્મના બધા કાર્યોનો વિષય આવી જાય છે. ધર્મના બધા સિદ્ધાંતોનો વિષય આવી જાય છે.

**'તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે,...'** ત્યાં ભૂલ થાય છે ત્યારે મંદ કષાય હોય તો પણ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ત્યાં સંભવે છે. **'કારણ કે બીજી સંસારની ક્રિયાઓ...'** ઘણી કષાયવાળી હોય તોય તે **'ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી; માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે,...'** તે અનંત અનુબંધ કરવાવાળી છે. અકર્ત્તવ્યને કર્ત્તવ્ય જાણે, કર્ત્તવ્યને અકર્ત્તવ્ય જાણે એવી જે ભૂલ થાય છે તે અપરમાર્થને પરમાર્થ જાણીને જીવ આગ્રહ કરે છે, એને ભજે છે એટલે કરે છે.

**'તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે.'** જ્યારે જીવ એવો માઠો આગ્રહ સેવે છે ત્યારે એને દેવ, ગુરુ, ધર્મ બધા જ પ્રત્યે નિરાદર થઈ ગયો છે એમ એને જાણવું જોઈએ. પણ અહીંયાં તો દેવની વાત નથી. નહિ, અહીંયાં પણ દેવની જ વાત છે. કોઈ મુદ્દો એવો હોય કે આમાં દેવ ક્યાં આવ્યા ? તો કહે છે, એમાં દેવ આવી ગયા, ગુરુ આવી ગયા, શાસ્ત્ર આવી ગયા, સત્પુરુષો આવી ગયા, બધી વાત આવી ગઈ એમાં. એક જગ્યાએ જીવ ભૂલ્યો એટલે દેવ, ગુરુ, ધર્મ અને સત્પુરુષ બધી ચારે ચાર જગ્યાએ ભૂલ્યો એમ લેવું.

**'એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે.'** તેને નિરાદર થઈ ગયો છે એ વાત યથાર્થ છે **'તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસત્‌ગુર્વાદિકના આગ્રહથી,...'** કેમ થાય છે ? કે એને અસદ્‌ગુરુનો જે આગ્રહ થયો છે, પોતે જેને માને છે એ સંબંધીનો એને જે આગ્રહ છે એ આગ્રહને કારણે એને **'માઠા બોધથી...'** એવું એને માઠું એટલે અહિત કરનારું જે જ્ઞાન વર્તે છે તેને લઈને તે અશાતનાએ વર્તે, દેવ, ગુરુ, ધર્મ અને સત્પુરુષ

પ્રત્યે **'આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે.'** અત્યારે ન વર્તતો હોય તો પણ એ વર્તે એવો સંભવ છે એટલે અભિપ્રાયમાં વાત પડી છે. ઉદયભાવ થાય, ન થાય એનો આસ્રવ ચાલુ થઈ જાય છે. અને એ આસ્રવથી એ આવરિત થાય છે. પોતાના આત્માને આવરણ કરે છે.

મુમુક્ષુ :- અશાતના થઈ જાય એ મોટો દોષ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અશાતના થાય, ઉપેક્ષા થાય, નિરાદર થાય એ બધા પ્રકાર જ્યારે પોતાને સાચું માને ત્યારે સાચા પ્રત્યે વગર કીધે થઈ જાય છે. જેમ કે અન્ય મતમાં જાય છે, જન્મ છે અને અન્ય મતના દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે. ત્યારે કોઈ એમ કહે કે અમે ક્યાં પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર કર્યો ? અમે તો કાંઈ અનાદર કરતાં નથી. અમારા જે ભગવાન છે એને અમે માનીએ છીએ, ભજીએ છીએ અને પુજીએ છીએ. અમે બીજાનો અનાદર તો કરતાં જ નથી. એ તો અમારા સિદ્ધાંતમાં જ નથી. સાચી વાત છે ? નહિ. એ જે ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર છે અથવા ખોટો સિદ્ધાંતનો આગ્રહ છે એ જ એને દેવ-ગુરુ-શાસ્ત્રને ધર્મનો અનાદર થઈ ચૂક્યો છે. છે જ તે એને. કરે તો છે અને નહિતર નથી એમ કાંઈ એમાં લાગુ પડતું નથી. એને છે જ તે. એવી વાત છે.

અથવા કોઈ એથી વધારે આગળ કહે કે અરે..! અમે અમારા તો દેવ-ગુરુ-શાસ્ત્રને પૂજીએ છીએ પણ લાવોને તમારાને પણ પૂજીએ. તમે એમ કહેતા હોય કે તમે એકને પૂજો છો અને બીજા નથી પુજતા માટે અનાદર થાય તો લાવોને ભાઈ ! અમને તો તમારાને વાંધો નથી. અમારી તો વિશાળ ભાવના છે. વિશાળ ભાવના છે એ ?

મુમુક્ષુ :- આપણે બધે દર્શન કરવા.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે બધે દર્શન કરવા. પછી પીર હોય તો વાંધો નહિ. મુસાફરીએ નીકળે તો ક્યાંક પીરની દરગાહ પણ આવે. આપણે બધે દર્શન કરવા. વિશાળ રાખવું, હૃદય આપણે વિશાળ રાખવું, મોટું હૃદય, મોટુ મન રાખવું. મોટું મન નથી, એ વિનયમિથ્યાત્વ છે. ગૃહિતમિથ્યાત્વની અંદર વિનય મિથ્યાત્વ નામનો એક ભેદ છે. અહીંયાં વિનય શબ્દ અવગુણમાં છે. ગુણમાં નથી. નહિતર વિનય તો મોટો ગુણ છે પણ અહીંયાં અવગુણમાં છે એ જ શબ્દ.

મુમુક્ષુ :– એ વિનયનો અવિનય કરે.

પૂજ્ય ભાઈશ્રી :– વિનય કરવાવાળાનો અવિનય કરે છે ખરેખર એમ છે. અમારાને પણ માનીએ અને તમારાને પણ માનીએ. તો કહે છે, ભાઈ ! તું રહેવા દે. અમારાને માનતો જ નથી, તું તારાને જ માને છો. અમારાને માન તો તું બીજાને માન નહિ. એમ છે ખરેખર તો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે અને સ્વીકારે એ ખોટાને કોઈ રીતે સ્વીકારે નહિ. એને ખબર પડી જાય છે.

સાચો ઝવેરી પોતાના હીરાના પડીકામાં ખોટા નંગ રાખે ? જેની કિંમત નથી, નકામા છે, જેની કાંઈ કિંમત આવે નહિ. લાખ-લાખ રૂપિયાના હીરાના પડીકામાં ચાર આનાવાળુ નંગ હોય ? એ રાખે જ નહિ. એને ખબર છે કે આ ખોટું છે. રાખે ક્યારે ? કે એને ખબર ન હોય ત્યારે. હીરાને સંઘરે એ પથરાને સંઘરે નહિ એમ કહેવાય છે. પાંચીકાને સંઘરે નહિ.

મુમુક્ષુ :– નિરાદર છે એ કડક શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– નિરાદર છે, ઉપેક્ષા છે, અશાતના છે. ત્રણે શબ્દ લીધા છે. ઉપર નિરાદર લીધો છે. નીચે વધારે વાત કરી છે. એ અશાતના છે અને ઉપેક્ષા છે, અપરાધ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :– પાંચીકા તો બરાબર છે પણ કાચના ટૂકડા એની જેવા લાગતા હોય તોય ન સંગ્રહે.

પૂજ્ય ભાઈશ્રી :– તોય સંગ્રહે નહિ. એનું આવે શું ? કાચના ટૂકડાનું શું આવે ? કાચ કિલોમાં જોખાતો હોય અને આ કેરેટમાં જોખાતું હોય શું આવે એનું વજન કરે તો ?

**'તેમ જ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે;...'** શું કહે છે ? જેનો એ સંગ કરે છે ત્યાં એમ માને છે કે હું સંસારનો નાશ કરી નાખીશ. આ રીતે હું સત્સંગમાં રહું છુ ધર્મના ક્ષેત્રમાં, ધર્મના કાર્યોમાં રહું છું, મને સંસારનો નાશ થશે. પણ એની સંસારવાસના ખરેખર નાશ પામેલી નહિ હોવા છતાં અને નાશ પામતી નહિ હોવા છતાં એ એમ માને છે કે મારે ધર્મબુદ્ધિના કારણે મારો સંસાર હવે નાશ પામી જવાનો

છે. તેવું માનીને તે પરમાર્થ પ્રત્યે એટલે સાચા તત્ત્વ પ્રત્યે તે ઉપેક્ષાબુદ્ધિ સેવે છે. ઉપેક્ષા એને થઈ આવે છે. ત્યાં એનું ચિત્ત ચોટતું નથી, ત્યાં એને કોઈ આકર્ષણ થતું નથી. **'એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.'** એને જે પરમતત્ત્વની અરુચિ થઈ જાય છે એને લઈને એ એને ખરેખર ક્રોધ છે–અનંતાનુબંધીનો ક્રોધ છે.

'આનંદઘનજી'ના એક પદ ઉપરથી 'ગુરુદેવ' દોહરાવતા હતા એ વાતને. 'દ્વેષ અરોચક ભાવ.' આમ ક્રોધ કરે ત્યારે દ્વેષ એમ નહિ. પણ પરમાર્થ તત્ત્વની, પરમાર્થ જ્ઞાનીની, પરમાર્થ દેવ-ગુરુ-શાસ્ત્રની જે અરુચિ છે એ એને ખરેખર એમના પ્રત્યેનો દ્વેષ જ છે. અરુચિ એ જ દ્વેષ છે, એમ કહે છે. એ 'આનંદઘનજી'ના પદ ઉપરથી વાત તરી આવે છે. એ તત્ત્વ એમણે ત્યાં નાખ્યું છે. અરુચિમાં સ્વરૂપની અરુચિ, સ્વભાવની અરુચિ એ જ સ્વરૂપ પ્રત્યેનો દ્વેષ છે, એ જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ પ્રત્યેનો દ્વેષ છે, અનાદર છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ સમાગમમાં વર્તમાનમાં ગુણ છે કે નથી એ જ કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :– વર્તમાનમાં ગુણ છે કે નહિ એટલે શું ? પ્રશ્ન શું છે ?

મુમુક્ષુ :– વર્તમાનમાં એ સત્પુરુષ છે કે નહિ એ જોવાય. પ્રત્યક્ષ સત્સમાગમાં ?

પૂજ્ય ભાઈશ્રી :– જોવું તો જોઈએ. પરીક્ષા તો કરવી જ જોઈએ. જોવું એટલે પરીક્ષાબુદ્ધિથી જાણવું. એ તો હોવું જ જોઈએ. નહિતર કેમ ખબર પડે ? જો ન જાણે, ન ઓળખે, ન પરીક્ષા કરે તો ખબર કેવી રીતે પડે ? પ્રથમ તો પરીક્ષા કરવી જ જોઈએ. એ વગર વિશ્વાસ કેવી રીતે આવશે ? એના કથન ઉપર, એના વચન ઉપર, એની વાત ઉપર વિશ્વાસ કેવી રીતે આવશે ? પૈસા પણ માણસ ક્યાં વ્યાજે મૂકે છે ? પોતાને વિશ્વાસ હોય ત્યાં મૂકે છે કે મારા પૈસા અહીંયાં ડૂબશે નહિ. તો અહીંયાં આખો આત્મા મૂકવાનો છે હવે. ઓલાનો તો વિકલ્પ પણ છે. પૈસા જાય તો કાંઈક એનો બીજો વિકલ્પ પણ છે. અહીંયાં તો આત્મા જાય તો એનો બીજો વિકલ્પ નથી. એ તો ડૂબ્યો. એમ જ્યાં વિશ્વાસ મૂકવો છે ત્યાં તો એને બરાબર જાણવું જોઈએ જ. અવશ્ય જાણવું જોઈએ. એમ વાત છે. છે, આવશે. આગળ જ એક પત્ર છે.

૪૬૬. નવ પેરેગ્રાફનો એક પત્ર છે. નવ નંબર જ એમણે પોતે આપ્યા છે. એમાં પહેલી લીટીનો પેરેગ્રાફ છે. **'જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી**

**કરવી...'** ચોક્સી કરવી એટલે ચોક્સાઈ કરવી. ખાતરી કરવી. **'એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું.'** છે કે નહિ ? સ્થિર ચિત્તથી વિચારવું એટલે શું ? કે એની અંદર બાંધછોડ કરવી નહિ. એમ વાત છે. નહિતર ગડબડ થઈ જશે મોટી. કારણ કે જેની પાસેથી ધર્મ માગે છે એ ધર્મ પામ્યા નથી. અથવા ધર્મથી અજાણ છે ત્યારે એના ઉપર વિશ્વાસ મૂકતાં એને કેટલી ઊંધી શ્રદ્ધાના લાકડા અંદર પેસી જશે એ એને પોતાને જ ખબર રહેશે નહિ. એ પરિસ્થિતિ થવાની છે.

મુમુક્ષુ :– ચોકસાઈ ન કરી હોય અને જ્ઞાની મનાઈ જાય તો....

પૂજ્ય ભાઈશ્રી :– તો નુકસાન થાય. થઈ જ જાય. પીત્તળને તમે સોનાના પૈસા આપીને લઈ લો તો નુકસાન જાય કે ન જાય ? પીત્તળનો દાગીનો હોય. ખોટા દાગીના મળે છે કે નહિ ? .. બજારમાં પાંચ-પાંચ રૂપિયાના ચેઈન મળે છે કે નહિ ?

મુમુક્ષુ :– સોનાથી વધારે સારા લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલો જ વજનનો લેવા જાવ તો પાંચ-સાત હજાર લાગે. એ પાંચ રૂપિયા ક્યાંથી આપે છે ? એના પાંચ-સાત હજાર આપી દીધા તો પછી શું થાય ? વેચવા જાવ ત્યારે આવવાના છે પાંચ-સાત હજાર ?

મુમુક્ષુ :– છાપામાં આવે છે, છેતરાઈ ગયા

પૂજ્ય ભાઈશ્રી :– હા છેતરાઈ ગયા. એમાં છેતરાય તો એમાં બહુ વાંધો નથી. આમાં છેતરાય તો બહુ મોટો વાંધો છે. આમાં તો એને આખો આત્મા વેચી નાખવા જેવું થઈ જાય છે. એ વાત એમણે ૪૬૬માં જરા વિસ્તારથી કરેલી છે. ક્રમમાં આવશે. ૪૫૯ ચાલે છે ને ?

અહીંયાં તો એમ કહે છે કે ભલે મંદ કષાયથી જીવ દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કરતોં હોય, શાસ્ત્ર અધ્યયન કરતોં હોય, વ્રત પાળતો હોય, એવા મંદ કષાયમાં રહેતો હોય પણ જો ધર્મમાં વિરૂદ્ધતા કરે છે, વિરાધના કરે છે એવા એના પરિણામ થાય છે. અથવા ખોટાને સાચા માનવાના પરિણામ થાય છે તો એ બધું જ સરખું છે. સીધા વિરાધક પરિણામ લો કે ખોટાના આરાધક પરિણામ લ્યો, એ બંને એક સરખા વિરાધક છે. એમાં બીજો કાંઈ ફેર નથી. સત્‌ને સ્થાપે અને અસત્‌ને ઉથાપે એ જેમ એકસરખું છે તેમ અસત્‌ને સ્થાપે એ સત્‌ને ઉથાપે એ એટલું જ એકસરખું

છે. એમ સીધી વાત છે.

મુમુક્ષુ :– ઉથાપનામાં દ્વેષ થઈ જાય, તો શા માટે ઉથાપવું ?

પૂજ્ય ભાઈશ્રી :– એ પ્રશસ્ત દ્વેષ છે. સત્‌ને સ્થાપવા માટે ઉથાપવું. નહિતર બધું સત્ છે એમ થઈ જશે. જો સત્‌ને સ્થાપે અને અસત્‌ને ન ઉથાપે તો બધું સત્ છે એમ થઈ જશે. આ પણ સાચું અને એ પણ સાચું, પેલું પણ સાચું, પેલું પેલું પણ સાચું એમ થઈ જશે. ખરેખર એમ નથી. જ્યારે સત્‌ને ચોખ્ખે ચોખ્ખું સ્થાપવું હોય ત્યારે અસત્‌ને ઉથાપવું જ પડે. એ વગર ચોખ્ખું સત્ નિર્ભેળ સત્ સ્પષ્ટ થાય નહિ, સ્થાપી શકાય નહિ. એમ છે.

મુમુક્ષુ :– એમાં મધ્યસ્થતા જળવાય છે ? કે ગુમાય જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– મધ્યસ્થતા જળવાય છે. એનું નામ જ મધ્યસ્થતા છે. મધ્યસ્થતા એટલે ? વિનય મિથ્યાત્વ સેવવું એનું નામ મધ્યસ્થતા નથી. એનો પણ વિનય કરવો અને આનો પણ વિનય કરવો એનું નામ કોઈ મધ્યસ્થતા છે નહિ. એમ છે. જે જેમ છે એમ જાણવું જોઈએ. સાચાને સાચું, ખોટાને ખોટું. અને જગતમાં પણ પોતાને પ્રયોજન હોય છે ત્યાં ક્યાં ખોટું લઈ લે છે ? પીત્તળને જાણ્યા પછી સોનાના પૈસા કોઈ આપે ખરું ? તમારો ખોટો ચેઈન તમે જાવ નાણાવટી પાસે કે ભાઈ ! આ લઈ લ્યો. મારે આજે હવે વેચી નાખવો છે. એની સામે હું બીજો દાગીનો લઈ લઉં તમારી દુકાનમાંથી. મારે બદલી નાખવો છે આ દાગીનો. ઓલો કહે કે ભાઈ ! આ તો અમારે નથી લેવો. પૈસા લઈને આવ તો હું આપું. આ મારે કાંઈ લેવો નથી. એમ જ કહેશે. તો એ કાંઈ ખોટાના પૈસા કોઈ આપી દેતું નથી. પોતે ખોટું જાણે તો ન આપે. બીજો પણ ન આપે તો અહીંયાં કેમ આપે છે ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં આત્માને નુકસાન છે એનો ખ્યાલ નથી આવતો. અજ્ઞાનનું એ માહાત્મ્ય છે કે પોતાને નુકસાન થાય છે એની ખબર નથી પડતી. પણ એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ચારેય કષાય એની અંદર ભેગા લઈ લેવા.

મુમુક્ષુ :– ભૂલથી થાય તો...

પૂજ્ય ભાઈશ્રી :– હા, અજાણ્યે ઝેર ખાય તો ? ખબર ન હોય કે આની અંદર

ઝેર આવી ગયું છે ગમે ત્યાંથી. ભૂલથી ખાય તો ? તેવો બચાવ ચાલે છે કે ભૂલથી ખાધું માટે ન મરે અને જાણી જોઈને ખાય તો મરે, એવું ચાલે છે ? એ તો ઝેર ખાય (એનું) ફળ થાય. જાણે ખાય કે અજાણે ખાય. એમ અજ્ઞાનથી ભૂલ કરે, અજાણપણે ભૂલ કરે (એનું નુકસાન થાય જ).

મુમુક્ષુ :- ... છૂટછાટ મળે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ કાંઈ છુટછાટ નથી મળતી. એમાં ડબલ ગુનો ગણાય છે. એનું અજ્ઞાન હતું એ પહેલો અપરાધ. દાખલો દેવાય છે. ગુજરાતમાં દારૂબંધી છે. અને કોઈને ખબર નથી અને એ તો બજારમાંથી (દારૂ) લઈને માંડ્યો ચાલવા. કે ભાઈ ! ઊભા રહો. આ તો ગુનો છે. તો કહે, મને ખબર નથી. ખબર નથી એ પહેલો ગુનો. અને આ ચીજનો બીજો ગુનો. બે ગુના ત્યાં ગણવામાં આવે.

મુમુક્ષુ :- ...એવા જીવ હોય એનો સંગ પણ ન કરાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનો સંગ પણ ન કરાય. એ તો છે જ ને. એ તો દોષની પ્રીતિ થઈ ગઈ. એનો સંગ કરવા જતા પોતાને પણ એવા જ પરિણામ થયા વિના રહેશે નહિ. આજે નહિ ને કાલે થઈ જશે. અથવા એનો સંગ કરતાં એને અનુમોદે છે. એનો સંગ કરતાં એને એનું અનુમોદન પહોંચે છે. બધાને એમ લાગે છે કે મારું ખોટું હોય તો આવા માણસ મારી સાથે ક્યાંથી હોય ? માટે હું કાંઈ ભૂલમાં છું નહિ. તો એ રીતે સંગથી પણ ભૂલે છે. પોતે ભૂલે છે, બીજા પણ ભૂલે છે. ધર્મના ક્ષેત્રમાં એક પગ માંડવો હોય તો જોઈ વિચારીને માંડવાનો સમય છે. એ વિચારીને માંડવો જોઈએ. એક પગલું ભરવું હોય તો પણ ઘણી ગંભીરતા આત્માના લાભ-નુકસાનની પૂરેપૂરી વિચારીને, ન વિચારી હોય તો જ્ઞાનીઓ પાસેથી સમજીને પોતે પગલું ભરવું જોઈએ. નહિતર નુકસાન થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- એવું એક તરફી જો વિચારીએ તો તો કોઈ અજ્ઞાની જ્ઞાન પામે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કેવી રીતે ?

મુમુક્ષુ :- સંગ કરે...

પૂજ્ય ભાઈશ્રી :- સંગ કરવો એટલે શું ? પ્રીતિથી એના ઉપર પ્રીતિ રાખવી, એની અપેક્ષા રાખવી એનું નામ સંગ છે. અજ્ઞાનીઓ જ્ઞાનીના પરિચયમાં આવે તે

જ્ઞાનીને અજ્ઞાનીનો સંગ નથી પણ અજ્ઞાનીને જ્ઞાનીનો સંગ છે. સંગ એટલે સંયોગ. તો સંયોગની પરિભાષા શું ? અજ્ઞાની, જ્ઞાની પ્રત્યે બહુમાન કરીને એના સંગમાં જાય તો અજ્ઞાની, જ્ઞાનીનો સંગ કરે તો એનું અજ્ઞાન મટશે. જ્ઞાનીનું જ્ઞાન મટીને અજ્ઞાન નહિ થાય. કેમ કે એ સંગ કરતાં જ નથી. કેમ કે એને પ્રીતિ, રુચિ કરવાનો પ્રશ્ન નથી. પાત્રતાવાળા ઉપર થોડી પ્રીતિ કરે છે. એ એના ઉપર એટલો આદર કરે છે કે એ જીવને પ્રોત્સાહન મળે છે, પ્રેરણા મળે છે અને પરમાર્થમાર્ગમાં એ આગળ વધે છે. તો ત્યાં પારમાર્થિક કારણ છે, કોઈ ભૌતિક કારણ, સાંસારિક કારણ નથી. પણ સાંસારિક કારણ અર્થે, સંબંધ જાળવવા અર્થે, સગાઈ જાળવવા અર્થે. લ્યો ને સીધી વાત કરીએ તો. ભાઈ ! અમારા સગા થાય શું કરવું ? અવગુણી પુરુષ હોય, અવગુણી જીવ હોય તો એનો કાંઈ પોતે સંગ કે પ્રીતિ કરે એવું કરવું જોઈએ નહિ. એ વાત ચોક્કસ છે. એવી અપેક્ષા રાખે કે ત્યાંથી કાંઈ લાભ થશે. જો સંબંધ બગડશે તો આપણને જે લાભ થવાનો હશે તે નહિ થાય માટે આપણે સંબંધ જાળવી રાખવો. તો એમાં નુકસાન થયા વગર રહે નહિ. એવી રીતે વાત છે. એટલે પોતે પ્રીતિ, રુચિથી, અપેક્ષાબુદ્ધિથી જો સાથમાં રહે, સંયોગમાં રહે તો એને સંગ કહીએ. અને એમ ન હોય તો એને સંગ કહેવામાં આવતો નથી.

મુમુક્ષુજીવ તો જ્ઞાનીનો સંગ કરે છે. કેમ કે એમાં પારમાર્થિક કારણ છે કે એને આત્મકલ્યાણ કરવું છે. એના પ્રત્યે બહુમાન છે માટે એને વાંધો આવતો નથી. અને મુમુક્ષુજીવને લાભનું કારણ થાય છે એટલે બળવાન કોણ છે એના ઉપર આધાર છે. સંગની અંદર કોણ બળવાન છે ? જે બળવાન છે એનો સંગ નબળો કરે છે. આ સીધેસીધો હિસાબ છે કે જે બળવાન છે એનો સંગ નબળો કરે છે. બે મિત્રો હોય, લ્યો ને એક દુર્ગુણી હોય અને એક સદ્‌ગુણી હોય. તો કોણ કોનો સંગ કરે છે એમ કહો ? જ્ઞાની-અજ્ઞાનીને એક બાજુ રાખો ચાલો. બે મિત્રો છે. સંસારના મિત્રો છે. એમાં એમાં એક સદ્‌ગુણી છે અને એક અવગુણી છે. અવગુણી એટલે અનેક જાતના વ્યસનો, દુર્ગણ બીજું, ત્રીજું હોય. કોણ કોનો સંગ કરે છે ? કે જે બળવાન છે એ સંગ નથી કરતો, નિર્બળ છે એ સંગ કરે છે. કોણ કોનો સંગ કરે છે ? નિર્બળ હોય એ સંગ કરે છે. બળવાન સંગ કરતો નથી. કેમ કે બળવાનને

અપેક્ષા નથી અને જરૂર નથી. જો દુર્ગુણી બળવાન છે તો સદ્‌ગુણી મિત્રના સદ્‌ગુણ ધોવાઈને એ પણ એના જેવો થઈ જશે. જો સદ્‌ગુણી બળવાન છે તો એના દુર્ગુણ મિત્રના દુર્ગુણો ટળી જશે અને એ એના જેવો સદ્‌ગુણી થઈ જશે. માટે સંગ કોણે કર્યો એમ લાગુ પડે ? જે જેના જેવો થાય એણે એનો સંગ કર્યો એમ લાગુ પડે છે. આ સીધો હિસાબ છે. એ રીતે વિચારવાનું છે.

બીજું કે આપણે જે ચીજ જોઈએ છે, આપણે ધર્મ જોઈએ છે, આત્મજ્ઞાન જોઈએ છે, આપણે સમ્યગ્દર્શન જોઈએ છે, પવિત્રતા જોઈએ છે તો જે ચીજ જ્યાંથી મળે એની દુકાને જવાનું છે કે ન મળે એની દુકાને જવાનું છે? અમૃત લેવા કાંઈ અફીણવાળાની દુકાને જવાય ? ઝેર વેચતો હોય એની દુકાને જવાય? અમૃત લેવું હોય એને અમૃત વેચાતુ હોય ત્યાં જવું જોઈએ. સીધી વાત છે.

મુમુક્ષુ :- અનંતાનુબંધીનું ઘણું સ્પષ્ટીકરણ લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણું સરસ સ્પષ્ટીકરણ લીધું છે. બે-ત્રણ પેરેગ્રાફમાં સારું સ્પષ્ટીકરણ લીધું છે. અને આ તો પત્રનો વિષય છે. પ્રત્યક્ષ હોય તો ઘણું નીકળે એમના હૃદયમાંથી એવો પણ અહીંયાં ખ્યાલ આવે એવી વાત છે. કેમ કે ક્યાંક ક્યાંક એમને વાત ટુંકાવવી પડે છે. પત્રમાં કેટલીક લખે ? પણ ઘણા પડખાં એમના જ્ઞાનમાં આ વિષયમાં સ્પષ્ટ હોય અને ઘણી વાતો કહી શકે એ બનવાયોગ્ય છે. એ રીતે આ પત્ર આપણે ફરી વાર સ્વાધ્યાયમાં પૂરો થાય છે. ત્યારપછી ૪૬૦મો પત્ર છે. કાલે લેશું.

સ્વયંનું જ્ઞાનાનુભવન જ સુખાભાસરૂપ ભ્રમણાની નિવૃત્તિનો પ્રયોગસિદ્ધ ઉપાય છે, એકમાત્ર ઉપાય છે. વેદના-દુઃખ નિવૃત્તિનો પણ આ જ ઉપાય છે. આ ઉપાય સિદ્ધ-પ્રાપ્ત થવાથી જીવ સંસાર તરી જાય છે. આવું જ્ઞાનાનુભવન તે સ્વ-નું અભેદજ્ઞાન છે અને પર-નું પરથી ભેદજ્ઞાન છે.

(અનુભવ સંજીવની-૧૦૮૭)

## તા. ૨૯-૫-૧૯૯૦, પત્રાંક - ૪૫૯
## પ્રવચન નં. ૧૬૮

...પણ પરિણામની ચીકાશને તો સમજી શકે. જો પોતાના પરિણામની તપાસ હોય, પોતાના પરિણામનું અવલોકન હોય તો પોતાના પરિણામ કેટલા ચીકણા થાય છે એ પોતે સમજી શકે છે. અનંતાનુબંધી તો શાસ્ત્ર પરિભાષાનો શબ્દ છે. કોને ખબર એ અનંતાનુબંધીની જાત કેવી કહેવાતી હશે ? પણ પરિણામ ચીકણા થાય છે એ તો ખબર પડે. ચીકણા પરિણામનું બીજું એ પણ લક્ષણ છે કે એમાં તીવ્ર રસ છે એ પણ અવલોકનથી સમજાય છે. બીજું એ પણ લક્ષણ છે કે એ પરિણામની લાળ લંબાય છે. જે પરિણામ ચીકણા હોય એ જલદી મટતા નથી. એમ ને એમ, એમ ને એમ ચાલુ રહી જાય છે. આ જે કષાયભાવમાં ચીકાશનો જે મુદ્દો છે, Factor છે એ જીવને બહુ મોટું નુકસાન કરે છે. એમ સમજવા યોગ્ય છે. ભલે અનંતાનુબંધી અને મિથ્યાત્વની એવી સૂક્ષ્મ વાતો ન સમજાય પણ ચીકણાઈ તો સમજાય છે. રાગની ચીકણાઈ, દ્વેષની ચીકણાઈ, લોભની ચીકણાઈ, માનની ચીકણાઈ, એ ચીકાશ, પરિણામની જે ચીકાશ છે એ જીવના સત્ત્વને, જીવના પુરુષાર્થને, જીવના જ્ઞાનપ્રાણને, શાંતિના પ્રાણને, આનંદના પ્રાણને એ મારે છે, ઘાત કરે છે.

મુમુક્ષુ :- વર્ષો સુધી આ ચીકાશ ઘટી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે તો ચીકાશ છે એ નુકસાન છે એ સમજાણું નથી. એ ચીકાશ છે એ મોટું નુકસાન છે મને. અહીંયાં અનંતાનુબંધીનું સ્વરૂપ છે, અહીંયાં મિથ્યાત્વનું સ્વરૂપ છે એવું લક્ષ કરવું જોઈએ. એમ સમજવું જોઈએ. તો એમાંથી કાયરપણું થાય. શું કહે છે ? કાયરપણું થાય, અણગમવાપણું થાય, નીરસપણું થાય. છેલ્લી લીટીમાં ત્રણ શબ્દ લીધા છે. એમાં પણ દુઃખે તો જીવને અણગમવાપણું થાય

છે, જ્યાં દુઃખ વધે છે ત્યાં તો અણગમવાપણું થાય છે, નીરસપણું થાય છે, કાયરપણું થાય છે. પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું અને નીરસપણું એ માત્ર પરમાર્થમાર્ગી પુરુષને હોય છે. અહીંયાં સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ શબ્દ ન વાપર્યો.

આપણે વિચારીએ છીએ ત્યારે શું ભેદ પાડીએ છીએ ? કે સમ્યગ્દર્શનની અવસ્થા છે કે મિથ્યાદર્શનની અવસ્થા છે ? તો સમ્યગ્દષ્ટિ નામ હોય અને મિથ્યાદષ્ટિ નામ હોય. ચાલો, એક પલાખું ગોખી નાખ્યું હોય એવી રીતે વિચાર કરવામાં આવે છે એમ નહિ. પરમાર્થ માર્ગ છે એનું આ લક્ષણ છે. પરમાર્થ માર્ગીનું આ લક્ષણ છે. આપણે પરમાર્થ માર્ગે ચડવું હોય તો આ પરિસ્થિતિ અને આ પ્રકારમાં આવવું જોઈએ. એ પેરેગ્રાફ ત્યાં પૂરો થયો છે.

મુમુક્ષુ :- અનંતાનુબંધીનો અનંત અનુબંધ પડે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અનંત અનુબંધ થવાની યોગ્યતા જેનામાં રહેલી છે. એને અનંતાનુબંધી કહેવામાં આવે છે. અનંત અનુબંધ થવાની યોગ્યતા છે. જેનામાં અનંત પરિભ્રમણ કરાવવાની યોગ્યતા છે. એ પ્રકાર જેનો છે એને અનંતાનુબંધી કહેવામાં આવે છે. જેમ કે જીવને રાગ ગમે છે એમ નહિ, રાગ સુહાવે છે એમ નહિ પણ રાગનો રાગ પણ એને છે કે આ રાગ સારો છે, એમ રાગનો રાગ છે. એનો છેડો ક્યાં આવે ? ક્યાંય આવે નહિ. એ અનંતાનુબંધીનો પ્રકાર છે.

જેમ કે મોક્ષમાર્ગમાં સાધકજીવને પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી રાગ આવે છે અથવા રાગ થાય છે. તો ત્યાં અનંતાનુબંધી કેમ નથી ? કે રાગનો રાગ નથી ત્યાં. જ્યારે અહીંયાં રાગનો રાગ હોય છે. બસ, અહીંથી ત્યાં લાઈન કપાઈ જાય છે. રાગ છે છતાં રાગનો રાગ નથી અને રાગનો રાગ નથી તો રાગનો નિષેધ છે, રાગનો નિષેધ છે. ત્યાંથી આખી વિભાવની જે લાઈન છે એ કપાઈ જાય છે. જ્યારે પેલાને એટલી ચાલે છે કે એનો છેડો જ નથી. પછી એનોય રાગ છે.. પછી એનોય રાગ છે. પછી એનોય રાગ છે. એક રાગનો રાગ છે એટલે રાગના રાગનો એનો રાગ... એનો રાગ.. એનો રાગ... એમ છે. એ બધું ઊભું છે.

મુમુક્ષુ :- વિષય બદલાવે છે.... દરેક વિષયમાં આ રસ ચાલુ રહે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રસ ચાલુ રહે છે. રસ હોય એને રસ ચાલુ જ રહે છે.

જેને નિષેધ આવે છે એને રસ ચાલુ રહેતો નથી. હેયબુદ્ધિએ જેને રાગ થાય છે એને નથી ચાલુ રહેતો. એમ.

મુમુક્ષુ :– જ્ઞાની કોઈપણ પ્રવૃત્તિમાં જોડાય (પછી) ખંખેરીને ઊભા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા એને લાળ લંબાતી નથી, એને લાળ લંબાતી નથી. એ ચાલતા પરિણામનો જ નિષેધ છે એને તો. પછી આગળ લંબાવાનો ક્યાં પ્રશ્ન છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો ક્ષણિક આવે છે એ નહિવત્ ગણવામાં આવે છે, એટલા માટે. એ તો પાછા વળી ગયા છે. જેના પરિણામની ચાલ આત્મપ્રત્યયી છે એ સર્વ વિભાવથી પાછા વળી ગયા છે એમ. એટલે એ તો પાછા વળ્યા છે એ બાજુ જાય છે એ જોવાનો પ્રશ્ન જ નથી. એ બાજુની દિશા જ એની બંધ કરી છે. એમને તો દિશા બદલીને પોતાની તરફ અભિમુખ થઈ ગયા છે, સ્વાભિમુખ થઈ ગયા છે. એ દિશા છે એની.

હવે આગળ કહે છે, બીજા પેરેગ્રાફથી કે **'તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાની-પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી.'** જુઓ ! પરમાર્થમાર્ગીનો અર્થ શું કર્યો ? ખરેખર તો પરમાર્થમાર્ગી જે શબ્દ વાપર્યો છે કે પરમાર્થમાર્ગીપુરુષને આવું નીરસપણું હોય છે તો પરમાર્થમાર્ગી એટલે કેવા ? એક તો જ્ઞાની અથવા એક તો જ્ઞાનીપુરુષનો જેને નિશ્ચય થયો છે એવા. નિશ્ચય એટલે ઓળખાણ. નિશ્ચય, ઓળખાણ, લક્ષ બધું એકાર્થમાં છે.

**'તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને..'** ઉત્પન્ન થાય છે એટલે પોતાનું જે પરમ સ્વરૂપ છે એનું જેને જ્ઞાન છે અથવા આત્મજ્ઞાન છે, સમ્યક્જ્ઞાન છે એને એવું નીરસપણું ઉત્પન્ન થાય છે અથવા સમ્યક્જ્ઞાન ન થયું હોય તો પણ જેને પરમાર્થ જ્ઞાનીપુરુષનો નિશ્ચય થયો છે એને પણ એવું નીરસપણું આવશે. જુઓ ! આ સત્પુરુષના ઓળખાણનું રોકડું ફળ અહીંયાં આવ્યું છે. ભવિષ્યમાં ફળ તો એને જ્ઞાનદશા પ્રાપ્ત થશે એ નિશ્ચિત છે. પણ અત્યારે એને શું ફળ છે ? કે અત્યારે પણ એને ઉદયમાં નીરસતા આવી જાય છે.

જેણે જ્ઞાનીને ઓળખ્યા છે એને વર્તમાન ઉદયમાં નીરસતા આવ્યા વિના રહે નહિ. જે ઉદયમાં જીવ સર્વસ્વ માનીને ચોંટી જાય છે અને ચીકણા પરિણામ કરી

બેસે છે. શું છે ? જેને જે ઉદય વર્તે છે એ જ એનું સર્વસ્વ થઈ પડે છે, એ જ એનો આત્મા થઈ પડે છે અને પૂરેપૂરા ચીકણા પરિણામથી જીવ કરે છે. જ્ઞાનીપુરુષને (ઓળખ્યા પછી) મિથ્યાત્વ અવસ્થા હોવા છતાં (નીરસતા રહે છે) એમ કહેવું છે. આપણે બે ભેદ પાડીને પછી કાઢી નાખીએ છીએ માથેથી. કે જ્ઞાનીને આમ હોય અને અજ્ઞાનીને આમ હોય. આપણે રહ્યા હજી અજ્ઞાની, જાવ. એટલે આપણે ક્યાંથી હોય ? આપણને ચીકણા પરિણામ જ થાય ને. આપણને ક્યાં હજી સમ્યગ્દર્શન થયું છે. આપણને ક્યાં હજી અનુભવ થયો છે ત્યાં સુધી તો ચીકણા જ થાય ને. એમ કાઢી નાખવા જેવું નથી. એમ છે.

મુમુક્ષુ :- જવાબદારી મૂકી દેવાની.

પૂજ્ય ભાઈશ્રી :- હા જવાબદારી મૂકી જ દે છે. જવાબદારી મૂકી દે છે એમ નહિ એનો બીજો અર્થ બહુ ખરાબ છે કે જે ચીકણા પરિણામ એ જીવ કરે છે એને એનું એટલું બધું અનુમોદન વર્તે છે એમ કરીને કે એ ભલે થાતા. મારે છોડવા જ નથી એનો અર્થ એમ છે સીધો. કે ભલે થાય. મારે કરવા જોઈએ. મારે કર્ત્તવ્ય છે અને એ તો બરાબર જ છે જે છે એ. અત્યારે જે થાય છે એ બરાબર છે એનો અર્થ છે. કાંઈ એમાં અઘટતું થતું નથી એને. કેમ કે અમે જ્ઞાની થયા નથી. જ્ઞાનીની જવાબદારી છે એવા પરિણામ નહિ કરવાની. અજ્ઞાનીને તો થાય જ એમાં એની ક્યાં જવાબદારી રહી ? એમ જાણે થઈ જાય છે. એવું નથી.

ભલે સમ્યગ્દર્શનાદિ દશા ભવિષ્યમાં ઉત્પન્ન થવાની હોય પણ એ પહેલા એની પૂર્વ ભૂમિકામાં કાંઈક એની સાથે મેળવાળા પરિણામ હોય કે તદ્દન એથી વિરુદ્ધ પરિણામ હોય ? તો ભલે મિથ્યાત્વ રહ્યું પણ એ પાતળું થવું જોઈએ, અજ્ઞાન રહ્યું તો એ પણ પાતળું થવું જોઈએ. અને એ બંને જો પાતળાં થયા હોય તો એને નજરે દેખાય એવી વાત છે કે એના પરિણામમાંથી ચીકાશ ઘટી ગયેલી હોવી જોઈએ. આ તો ઝીણામાં ઝીણી વાતમાં ચીકાશ થઈ જાય. સામાન્ય સાધારણ ઉદય હોય, નાનામાં નાની વાત હોય તો પણ એને એમાં ચીકાશ થઈ જાય. એ બહુ નુકસાનકારક છે. ખરેખર તો ઉદયમાં જેમ થાવું હોય એમ થયા કરો ને. એક બાજુની સંભાળ આત્માની લેવાની છે એમ કરીને ખેંચાય, એક કામ બાજુ વધારે ખેંચાય કે મારે મારા આત્માને હવે સંભાળવાનો છે, એને બચાવવાનો છે. મારે તરવાનું છે, હવે ડૂબવાનું

નથી. તો ડૂબવાના બધા પ્રકારમાંથી ઉદાસીનતા અને ઉપેક્ષા આવી જાય. જેમ થાવું હોય તેમ થાવ. શું બીજું થઈ જવાનું હતું ? થઈ થઈને બીજું ઉપેક્ષા કરે તો થઈ શું જવાનું હતું ? એમ કરીને એની ઉપેક્ષા કરી નાખવી જોઈએ.

મુમુક્ષુ :- બીજાના દોષ જોવામાં આ રીતે પોતાના દોષ ઉપર પક્કડ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાના દોષ ?

મુમુક્ષુ :- જોવામાં આ રીતે પોતાના દોષ ઉપર પક્કડ આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાના દોષ કેવી રીતે જોવે ?

મુમુક્ષુ :- બીજાના દોષ જોવે એટલે દોષ માટેની રુચિ થઈ ગઈ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દોષને મુખ્ય કરે, બીજાના દોષને મુખ્ય કરે તો પોતાના દોષ છે એને ગૌણ કરશે. પોતાના દોષને એ ગૌણ કરી જાશે. આ વિપરીત દૃષ્ટિ છે ને એટલે. બીજાના ગુણને મુખ્ય કરશે તો પોતાના દોષને મોટા જોશે. અરે..! આનામાં આવો ગુણ છે, મારામાં એવો ગુણ નથી. એટલું તો સારું છે કે એના પરિણામ ચીકણા થતા નથી. મારા તો પરિણામ ચીકણા થાય છે. એમ તરત એને ખ્યાલ આવે.

મુમુક્ષુ :- આ અનુમોદનાનો અર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- જેનો નિષેધ ન આવે એનો અર્થ કે એ એને સંમત છે. ભલે રાગ થતો એમ એને સંમત છે. એ પોતે અનુમોદે છે.

મુમુક્ષુ :- એવા પરિણામ પ્રત્યક્ષ પકડાતા ન હોય છતાં અનુમોદન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એને ખબર ન હોય તો પણ એ પરિસ્થિતિ એમ જ છે એની. એની સ્થિતિ એવી છે કે એ અનુમોદે છે ખરેખર. શું કહેતા હતા ?

મુમુક્ષુ :- જીવને પોતાના ધંધામાં નુકસાન થાય તો એને ઘણું બધું લાગે અને બીજાને એથી પચાસ ગણું નુકસાન થયું હોય તો અંદરમાં એને કાંઈ લાગે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. પારકું છે ને. પારકાનું કોને લાગે ? એ તો સીધી વાત છે. એમ પોતાનું નુકસાન સમજે તો પોતાને દુઃખ થાશે. રાગાદિ ચીકાશમાં પોતાનું નુકસાન સમજે તો પોતાને એનો ખેદ થાશે. બીજાને થાતું હોય તો બીજાનું આપણે શું કામ છે ? એનું નુકસાન એને છે, આપણે શું છે ? એમ

જોશે.

મુમુક્ષુ :– બીજાની થોડી કમાણી થાય તોપણ મોટી લાગે ..

પૂજ્ય ભાઈશ્રી :– હા. પારકે ભાણે મોટો લાડવો એમ કહે છે.

મુમુક્ષુ :– એનો થોડો ગુણ...

પૂજ્ય ભાઈશ્રી :– હા તો એને મોટો લાગવો જોઈએ. એનો થોડો ગુણ પણ એને મોટો લાગવો જોઈએ. ખરેખર તો એમ છે.

મુમુક્ષુ :– બહારમાં ધન, સંપત્તિ આદિમાં નુકસાન થાય તો એને દુઃખ લાગે અને અહીંયા પોતાના ...

પૂજ્ય ભાઈશ્રી :– નુકસાન થાય છે તો એની ખબર નથી એને. પોતાને અજ્ઞાન હોવાને લીધે પોતાના નુકસાનની એને ખબર નથી. અથવા તો કોઈવાર તો નુકસાનને લાભ માનીને ઉજમાળ થઈને ફરે છે, ઉત્સાહિત થઈને ફરે છે, અગ્રેસર થઈને ફરે છે. નુકસાનના ધંધામાં મુખિયો થઈ જાય પાછો.

મુમુક્ષુ :– સ્વના વિષયમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પોતાનું પોતાને નુકસાન થાય છે એ સંબંધીનું અજ્ઞાન છે. એવા ઘણાં ભાંગા છે આમાં તો.

મુમુક્ષુ :– અનંતાનુબંધીને...

પૂજ્ય ભાઈશ્રી :– આમ અનંતાનુબંધી તો... શાસ્ત્રમાં એવો પ્રકાર લીધો છે પ્રત્યાખ્યાનવરણી, અપ્રત્યાખ્યાનવરણી, સંજ્વલન કષાયના ચાર ભેદ લીધા ને ? તો આ ચારે પ્રકારના કષાય છે એ તો કેવળજ્ઞાનમાં એ બધી વાતો આવી છે અને લખી છે શાસ્ત્રોમાં. આપણને શું ખબર પડે ? તો કહે છે, આ તારી ચીકાશથી તને ખબર પડશે. જે કોઈ ઉદય હોય, ગમે તે ઉદય હોય, શુભ હોય, અશુભ હોય એની સાથે કાંઈ સંબંધ નથી, પણ તારા રાગના પરિણામ છે એ ચીકણા રહે છે કે કેમ ? કે લુખ્ખા રહે છે ? બસ, આટલું જો અવલોકનથી તને સમજાય તો એ પરિણામ મટવા સંભવે છે. અને એ બાજુની દિશા શૂન્ય હોય એટલે કાંઈ ખબર ન પડતી હોય કે પરિણામ ચીકણા થાય છે કે લુખ્ખા થાય છે, તો એને કાંઈ ખબર પડતી નથી. ભલે ગમે તેટલા શાસ્ત્રોના ભંગ-ભેદ સમજાતા હોય પણ એને ખરેખર કાંઈ સમજણ જ પડતી નથી એમ છે. કાંઈ સમજ્યો નથી. એવી વાત છે. કારણ

કે આ તો નાસ્તિનો વિષય છે. અને સ્થૂળ નાસ્તિનો વિષય છે પાછો. ચીકણા પરિણામ છે એ તો ઘણા સ્થૂળ છે. એ વખતે દુઃખ પણ વધે છે જીવને, આકુળતા પણ વધી જાય છે. તોય પોતાને જો પોતાના પરિણામનો ખ્યાલ ન આવતો હોય તો પછી એને સ્વભાવનો કાંઈ ખ્યાલ આવશે એ આશા રાખવી વ્યર્થ છે, એ બની શકવાનું જ નથી. કેમ કે એ તો સૂક્ષ્મ ચીજ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષના સાનિધ્યમાં ગમે એટલું રહીએ પણ એનો નિશ્ચય ન કરે...

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખે નહિ તો ખલાસ છે. ઓઘસંજ્ઞાએ અનંતવાર જ્ઞાની મળ્યા, ઓઘસંજ્ઞાએ અનંતવાર નિર્ગ્રંથ ગુરુનો સંગ કર્યો. પોતે મુનિ થઈને ત્યાગી થઈને એની પાછળ પાછળ ચાલ્યો. કોઈ વાર ક્ષુલ્લક થયો, કોઈવાર એલ્લક થયો, કોઈ વાર બ્રહ્મચારી થયો, કોઈ વાર સાધુ થયો પણ ઓઘેઓઘે. ભાવલિંગી સંતના સમાગમમાં રહ્યો છે અને અનંત વાર તીર્થંકરના સમવસરણમાં ગયો છે. જેટલી વાર તીર્થંકરના સમવસરણમાં ગયો છે એથી વધારે વાર એ નિર્ગ્રંથ ગુરુના સમાગમમાં ગયો છે, એથી વધારે વાર એ સમ્યગ્દષ્ટિ ધર્માત્માના સમાગમમાં ગયો છે. કેમ કે ઉત્તરોત્તર ઓલી પ્રાપ્તિ દુર્લભ છે, ઉપરની સંયોગોની. એ અનંત વાર થઈ ચૂક્યું છે. જો કે જ્ઞાની મળવા દુર્લભ છે તો પણ અનંત વાર મળ્યા છે પણ એક વાર ઓળખાણ નથી કરી. એટલે જ્ઞાનીપુરુષના નિશ્ચયે એ વાત લીધી છે. જ્ઞાનીપુરુષ મળે તો એને આમ ન થાય એમ નથી કીધું. એ તો જ્ઞાનીપુરુષ મળ્યા હોય અને ઘણા રખડે છે અને રખડી મરે છે. એવું નથી. એને ઓળખે ત્યારની વાત છે.

ત્યારે એને **'બીજા પ્રકારે થવું સંભવતું નથી.'** એવું નીરસપણું જીવને પરમાર્થ જ્ઞાને થવું સંભવતું નથી અથવા પરમાર્થ જ્ઞાની એવા પુરુષનો નિશ્ચય થાય તો પણ એને થવું સંભવતું નથી. એમાં એવું છે કે પ્રત્યક્ષ હોય તો જ નિશ્ચય થાય એવું નથી. એના વચનોથી નિશ્ચય થઈ જાય કે આ જ્ઞાનીપુરુષના વચન છે માટે એણે જ્ઞાનીપુરુષને ઓળખ્યા. પરોક્ષ હોય તો પણ નિશ્ચય થઈ શકે છે, એમના વચનો ઉપરથી, અક્ષરદેહ ઉપરથી નિશ્ચય થાય છે. અને પ્રત્યક્ષ હોય તો આ પૌદ્‌ગલિક દેહ ઉપરથી પણ નિશ્ચય થાય છે. આત્મા તો અરૂપી ચીજ છે, એ કોઈ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. પણ નિશ્ચય થઈ શકે છે. જ્યારે જ્ઞાનીપુરુષનો નિશ્ચય થાય ત્યારે એને

નીરસપણું થાય, થાય અને થાય. સહજ જ થઈ જાય છે. કેમ કે જ્ઞાનીપુરુષની ઓળખાણ એટલે એની અંતરંગદશાની ઓળખાણ છે. એ અંતરંગ દશા એવી છે કે એને ઓળખે એટલે અહીંયાં પોતાને એ અસર આવવા માંડે. આનુશાંગિક અસર આવે છે. બહારમાં પણ નિમિત્તે કરીને જ હરખ-શોક થાય છે ને ? જ્યારે એવી દશા છે કે નિમિત્તે કરીને હરખ થાય છે, નિમિત્તે કરીને શોક થાય છે, એવા પ્રસંગો ઉત્પન્ન થતાં, એવી સ્થિતિમાં જ્ઞાનીપુરુષ મળે અને ઓળખાય તો એના નિમિત્તે આવી નીરસ દશા થઈ જાય છે. કેમ કે હજી નિમિત્તે કરીને દશા થાય એવી યોગ્યતા છે. યોગ્યતા પોતાની સ્વતંત્ર છે. પણ એની ઓળખાણ નિમિત્તથી લઈએ છીએ કે કેવી યોગ્યતા છે ? કે નિમિત્તે કરીને હરખ થાય, નિમિત્તે કરીને શોક થાય.

મુમુક્ષુ :- જ્ઞાનીને ઓળખે તો એના પરિણામમાં નીરસપણાની ઝલક આવ્યા વગર રહે જ નહિ. જ્યાં સુધી નથી આવ્યો ત્યાં સુધી જ્ઞાનીને ઓળખ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આવ્યા વિના રહે જ નહિ. સરળતા તો મુખ્ય વાત છે. સાથે સાથે નીરસપણું ઉત્પન્ન થઈ જાય. સરળતા તો પહેલા જ આવવી જોઈએ.

**'પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે ?'** હવે શું કરવા નીરસપણું થાય છે ? કે પરમાર્થજ્ઞાને જેની કિંમત આવી છે, પરમતત્ત્વની જેની કિંમત આવી છે અને પરમપુરુષ એવા સત્પુરુષ, જ્ઞાનીપુરુષની પણ કિંમત આવી છે જેને, એને **'અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે ?'** કેવી રીતે કરે ? એની કિંમત ચાલી ગઈ છે. એ તો અપરમાર્થરૂપ જાણ્યો છે કે આ તો નુકસાનનું કારણ છે. એના ઉપર તીવ્રતા કોણ કરે ? એને કોણ તીવ્રતાથી વળગે ? એમ કહેવું છે.

મુમુક્ષુ :- ક્રોધ પણ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રોધ, માન, માયા, લોભ ચારેય આવી ગયા. ચારમાંથી એકેય પ્રકારમાં ચીકાશ ન રહે. તીવ્રતા એટલે અહીંયાં ચીકાશ લેવી. તીવ્રતા એટલે તારતમ્યતાની તીવ્રતા ન લેવી. ચીકાશને અહીંયાં તીવ્રતા કહેવી છે. જે સ્નેહ શબ્દ વાપર્યો છે અહીંયાં. તીવ્ર સ્નેહ એ ચીકાશ છે.

મુમુક્ષુ :- .... સંસાર પ્રત્યે ક્રોધ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :– સંસાર પ્રત્યે ક્રોધ નહિ, માન નહિ, માયા નહિ, લોભ નહિ, કાંઈ નહિ. પણ જે પારકું હોય એના ઉપર કોણ ક્રોધ કરે ? પારકા ઉપર લોભ કે ક્રોધ એકેય કરવાનો પ્રશ્ન નથી. રાગ કે દ્વેષ એકેય કરવાનો પ્રશ્ન નથી. કોણ કરે કે ક્યાંથી થાય ? કોણ કરે અથવા ક્યાંથી થાય ? એમ કહે છે. કે સહેજે જ ન થાય. આ સીધી વાત છે. એ તો કામની ચીજ માની છે, મારી ચીજ માની છે, સર્વસ્વપણે માની છે એટલે ચોંટે છે. પરિણામ ચીકણા થઈને કેમ ચોંટે છે ? એને જ સર્વસ્વ માની બેઠો છે કે આ જ મારું સર્વસ્વ છે.

મુમુક્ષુ :– ઘણી વાર ઉદયના પ્રસંગે એમ થઈ જાય કે આવો સંસાર મારે નથી જોઈતો.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો દુઃખનો પ્રસંગ આવે છે ત્યારે દ્વેષ કરે છે એ. ત્યારે દ્વેષ કરે છે જીવ. પણ ખરેખર સંસાર ન જોઈતો હોય તો કોણ તને પરાણે વળગાડે છે ? આપે છે કોણ પણ તને પરાણે ? એમ કહે છે કે મારે નથી જોઈતો. પણ તારે નથી જોઈતો તો તને કોણ પરાણે આપે છે ? તું વળગ્યો છો. કોઈ સંયોગો તને વળગ્યા છે કે ઉદય તને વળગ્યો છે એમ તો ખરેખર છે નહિ. પોતે વળગ્યો છે એને.

મુમુક્ષુ :– સંસારની પ્રતિકૂળતા...

પૂજ્ય ભાઈશ્રી :– સંસાર નથી જોઈતો. પોલ છે, પોલ છે એની. ખરેખર તો એને સંસારની પ્રતિકૂળતા નથી જોઈતી. અનુકૂળતાઓ જોઈએ છે એટલે પ્રતિકૂળતામાં તીવ્ર દ્વેષ થાય છે, અનુકૂળતામાં તીવ્ર રાગ થાય છે.

**'જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી.'** જેની કિંમત દૃષ્ટિમાંથી ચાલી ગઈ કે આ નકામી ચીજ છે, એનું જે માહાત્મ્ય છે એ આવતું જ નથી. એ પોતે હીરાના રત્નોના વેપારી છે. હીરા, મોતી, માણેક એક સરસ દૃષ્ટાંત એમણે લીધું છે એ બાબતમાં. ૪૬૨મો પત્ર છે પાછળ. એક પાનું ફેરવો એટલે ૪૬૨મો પત્ર છે. 'મનસુખભાઈ દેવશીભાઈ', 'લીંબડી' ઉપરનો એ પત્ર છે.

**'જવાહિરી લોકોનું એમ માનવું છે'** જવાહિરી કહો કે ઝવેરી કહો. જવાહરને ઓળખે એ જવાહિરી. એને આપણે અપભ્રંશમાં ઝવેરી કહીએ છીએ. **'જવાહિરી લોકોનું એમ**

**માનવું છે કે એક સાધારણ સોપારી જેવું...'** એટલે સોપારીના કદ જેવડું. **'સારા રંગનું,...'** એટલે લાલ. સારો લાલ રંગનો, એકદમ લાલ ચોળ રંગ હોય. સારા રંગનું **'પાણીનું...'** એટલે તેજ. પાણી એટલે અહીંયાં એમાં રહેલું જે તેજ. **'અને ઘાટ...'** સરખો હોય. એકદમ ઘાટદાર હોય. એવું **'માણેક (પ્રત્યક્ષ) એબ રહિત હોય...'** એબ રહિત હોય એટલે પ્રત્યક્ષ નરી આંખે ન દેખાય એવી એબ હોય. બાકી એબ હોય તો ખબરેય ન પડે એવી પણ એબ હોઈ શકે છે. એવું **'માણેક (પ્રત્યક્ષ) એબ રહિત હોય તો તેની કરોડો રૂપિયા કિંમત ગણીએ...'** એ જમાનામાં, હોં ! આજથી સો વર્ષ પહેલા એની કરોડો રૂપિયા કિંમત થાય. એક સોપારી જેવડું જો લાલ માણેક હોય, પાણીદાર હોય, ચોખ્ખું હોય, ડાઘડૂઘ વગરનું (હોય) તો કરોડોની કિંમત ગણાતી હતી. આપણે ત્યાં છે ને માણેકની પ્રતિમા છે 'મુળબિદ્રી'માં છે. 'મુળબિદ્રી'માં છે અને આમાંય છે 'શ્રવણબેલગોલા'માં છે. **'તો તેની કરોડો રૂપિયા કિંમત ગણીએ તોપણ તે ઓછું છે.'** કિંમત. કરોડોની કિંમત એ ઓછી છે એમ કહે છે.

હવે **'જો વિચાર કરીએ તો...'** હવે આનો જ વિચાર કરીએ તો **'માત્ર તેમાં આંખનું ઠરવું...'** શું છે ? એનું જે તેજ અને રંગનો સુમેળ એવો છે કે આંખ ઠરે છે જોનારને. આહાહા..! બહુ સરસ ! કેવું સરસ માણેક છે ! માત્ર આંખનું એટલે નજરનું ઠરવું. **'અને મનની ઇચ્છા ને કલ્પિત માન્યતા...'** છે પથરો. એને Coloured stone કહે છે. અંગ્રેજી ભાષામાં શું કહે છે એને ? Coloured stone કહે છે જે સફેદ હીરા છે એને White stone કહે છે અને લાલ, લીલા જે હોય છે નીલમ છે, માણેક છે એને Coloured stone કહે છે.

**'કલ્પિત માન્યતા સિવાય બીજું કાંઈ નથી, તથાપિ એક આંખના ઠરવાની એમાં મોટી ખૂબી...'** એક મોટી ખૂબી શું છે ? કે એવો આંખ ઠરે એવો બીજો પથરો નથી. એટલા માટે અને **'દુર્લભ પ્રાપ્તિને કારણે...'** એટલે એવા ઝાઝાં નંગ મળતા નથી, ભાગ્યે જ એવું કોઈ નંગ મળે છે એટલા માટે. એ **'કારણે જીવો તેનું અદ્‌ભુત માહાત્મ્ય કહે છે;...'** કે ઓહોહો..! આવું તો દુનિયામાં છે નહિ ક્યાંય, આવું રતન દુનિયામાં છે નહિ. અદ્‌ભુત રત્ન છે, અદ્‌ભુત રત્ન છે, એમ કરે. એની એટલી એટલી કિંમત આંકે છે. હવે કહે છે, આત્માની વાત કરે છે. પણ અનાદિ દુર્લભ, (એવા) તો અનંત વાર એવા માણેક મળી ગયા છે. એવા રત્નો અનંત વાર મળ્યા છે.

**'અને અનાદિ દુર્લભ, જેમાં આત્મા ઠરી રહે...'** શાંત... શાંત... શાંત... શાંત... શાંત થઈને જેમાં ઠરી જાય. સાદિ અનંત અનંત સમાધિ સુખમાં ઠરે. જેમાં આત્મા ઠરી રહે **'એવું જે સત્સંગરૂપ સાધન...'** જુઓ ! આત્મા શેમાં ઠરે ? કેટલો સત્સંગનો મહિમા આંક્યો છે એમણે ! **'એવું જે સત્સંગરૂપ સાધન તેને વિષે કંઈ આગ્રહ...'** નથી. એનો આગ્રહ નથી. જરાક પ્રતિકૂળતા આવે તો મૂક તડકે. બરાબર મારી અનુકૂળતા હોય તો હું તો સત્સંગમાં ઉપસ્થિત રહું પણ મને જરાય પ્રતિકૂળતા હોય તો હું ન આવી શકું. **'એવું જે સત્સંગરૂપ સાધન તેને વિષે કંઈ આગ્રહ-રુચિ નથી,...'** આગ્રહ નથી એનો અર્થ શું છે ? કે રુચિ થઈ નથી. **'તે આશ્ચર્ય વિચારવા યોગ્ય છે.'** આ એક આશ્ચર્ય થાય એવી વાત છે અને વિચાર માગે એવી વાત છે. એક ટૂકડાની અંદર એમણે સરખામણી કરી છે. એક કરોડોના માણેકની સામે એક સત્સંગની કિંમત આંકી છે.

મુમુક્ષુ :– આગ્રહ શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એનો આગ્રહ એને હોવો જોઈએ. એ આગ્રહ રુચિના અર્થમાં છે એટલે હાઈફન કરીને રુચિ શબ્દ લીધો છે. એને આગ્રહ થાય છે. બીજું બધું આઘું-પાછું કરીને, ગોઠવીને આનો અવકાશ ઊભો કરે છે. માનો કે અઠવાડિયામાં એક જ દિવસ સત્સંગ મળે એવું હોય. હવે છ દાડા તો કામ-ધંધામાં જાતા હોય અને સાતમે દિવસે તો કોઈ સગા-સંબંધી, મિત્રો આ-તે, બીજા-તીજા વ્યવહારના કામ.. સાતમે દાડે એ હોય પછી સત્સંગ કેવી રીતે થાય ? છ દિવસ તો કામકાજ એટલું બધું રહે કે કાંઈ ફુરસદ મળે નહિ. સવારથી સાંજ સુધી દુકાન.. દુકાન અને દુકાન. અને સાતમે દાડે પછી બીજા કામ પાછા હોય કે નહિ ? કુટુંબના હોય, બીજા હોય, કોઈ મળવા હળવા આવે. આપણે મળવા હળવા જવાનું હોય, કાંઈક આરામ કરવાનો હોય, છ દિવસનો થાક ઉતારવાનો હોય. થઈ રહ્યું, ગયું એ તો. એક જ દિવસ મળે તો આ સ્થિતિ થાય.

મુમુક્ષુ :– બીજી બધી વાતમાં જેમકે પૂજા, પાઠ, ટેપ એ બધી ક્રિયાઓમાં આ વાતની મુખ્યતા હોવી જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી :– આ વાતની એટલે ?

મુમુક્ષુ :– સત્સંગની.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સત્સંગની. બરાબર છે. સત્સંગની મુખ્યતા (હોવી જોઈએ).

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ તો શું છે ? કે જે જીવોને સત્સંગ પ્રાપ્ત હોવા છતાં, જેનો આત્મા એમાં ઠરતો નથી. શું થાય છે ? એનો આત્મા એમાં ઠરતો નથી. એટલે ઉપેક્ષા થઈ જાય છે. નીરસપણું એમાં આવી જાય છે, એમાં રસ આવતો નથી. જો આત્મા ઠરે તો એની આગળ કરોડોના માણેકની કાંઈ કિંમત નથી. એવી ચીજ છે. સત્સંગ કેવી ચીજ છે ? કે કરોડોનું એક માણેક મળે મોટું, એની પાસે કોઈ ગણતરી નથી, એનો કોઈ હિસાબ નથી એની પાસે, એવી ચીજ છે.

આપણે ત્યાં 'ગુરુદેવ'ની કૃપાથી સ્વાધ્યાયનો પ્રસંગ છે. આપણે ત્યાં, બીજે ગામમાં બધે ઓછા-વત્તા પ્રમાણમાં બધે ઓછા-વત્તા પ્રમાણમાં છે એનું કારણ કે 'ગુરુદેવશ્રી'એ એ વિષય ચાલુ કર્યો, એ વ્યવહાર ચાલુ કર્યો, એ પદ્ધતિ ચાલુ કરી. તો પણ એમ કહેવું જોઈએ કે સત્સંગની જેટલી કિંમત આવવી જોઈએ એટલી કિંમત હજી મુમુક્ષુઓને આવી છે કે કેમ ? આ એક પ્રશ્ન છે. આજે પણ આ સમાજનો આ જરૂર પ્રશ્ન છે. નહિતર એ સંબંધીની જે ક્ષતિઓ દેખાય છે એ ક્ષતિઓ દેખાતી ન હોત. એટલી વાત લીધી છે. ૬૦૯મો તો પત્ર જ એના ઉપર છે આખો. ૬૦૯ નંબરનો જે પત્ર છે એ તો આખો સત્સંગ ઉપરનો જ પત્ર છે.

મુમુક્ષુ :- માણેકના દૃષ્ટાંતે જગતના બધા પદાર્થ લઈ લીધા.

પૂજ્ય ભાઈશ્રી :- જેની કરોડોની કિંમત આંકો તો પણ જેની કિંમત ઓછી ગણાય, એની કાંઈ કિંમત નથી, પછી જગતમાં બીજા કોની કિંમત આંકવા જાશો તમે ?

**'જે વસ્તુનું માહાત્મ્ય...'** એ દર્શનમોહનો પ્રભાવ છે. એની કિંમત આવતી નથી એનું કારણ શું છે ? દર્શનમોહનું સામ્રાજ્ય છે.

મુમુક્ષુ :- આ વાત બુદ્ધિપૂર્વક નક્કી કરવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા બુદ્ધિપૂર્વક બરાબર નક્કી કરવી જોઈએ અને સત્સંગનો યોગ બને ત્યાં સુધી જતો ન કરવો જોઈએ. પોતાનું ચાલે ત્યાં સુધી જતો ન કરવો જોઈએ. જો કે પરદ્રવ્યમાં ચાલવું, ન ચાલવું એ પ્રશ્ન નથી. પણ જીવના પરિણામ કેવા હોવા જોઈએ એ વાત છે.

**'જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે.'** સુખ ભાસતું નથી પણ એક સુખ સંબંધીની ભ્રાંતિ ભાસે છે. આ એક પરમાર્થજ્ઞાનનું ચોખ્ખે ચોખ્ખું ચિત્ર છે. બહુ Clear picture આપ્યું છે આ જગ્યાએ, એક જ વાક્યની અંદર. પરમાર્થજ્ઞાન કોને કહીએ ? કે જે સુખ લાગે છે ઉદયમાં એ ભ્રાંતિ લાગે. આ સુખ નથી પણ સુખ સંબંધીની એક ભ્રાંતિ છે. બસ, પછી ક્યાંય રસ આવવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- નિર્ભ્રાંત દશા ?

પૂજ્ય ભાઈશ્રી :- એનું નામ નિર્ભ્રાંતદશા. ભ્રાંતિરહિત દશા એનું નામ નિર્ભ્રાંત દશા.

**'સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલુ સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે, અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે ?'** એમ કહે છે. જેને એ ભ્રાંતિ લાગી છે એને એની કિંમત શું આવે ? કે એની કોઈ કિંમત હો, વા ન હો, એને માટે બંને સરખુ થઈ જાય છે. **'એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે,...'** શું કહે છે ? એવી સત્સંગ સંબંધીની અથવા આત્મા સંબંધીની પરમાર્થ એવી માહાત્મ્યદૃષ્ટિ અને ઉદયની અમહાત્મ્યદૃષ્ટિ બંને સાથે લઈ લેવું. આ બાજુનું માહાત્મ્ય ઓલું અમહાત્મ્ય. ઓલી બાજુનું માહાત્મ્ય તો આનું અમહાત્મ્ય. બંને સાથે જ રહે છે. **'પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે,...'** તે મુમુક્ષુની વાત લીધી. જ્ઞાનીપુરુષને હોય છે એમ નહિ, પણ પરમાર્થ જ્ઞાનીપુરુષનો નિશ્ચય જેને થયો છે એવા જીવને એવી દૃષ્ટિ થઈ જાય છે. એનું માહાત્મ્ય એને ચાલ્યું જાય છે. આખા જગતનું માહાત્મ્ય એને ચાલ્યું જાય છે. ભ્રાંતિ છે. પણ જગતના લોકો વાહ વાહ કરે એનું શું ? એ બધી ભ્રાંતિ છે. આખું જગત અનુકૂળ થઈ જાય, આખા જગતની અનુકૂળતાઓનો ગંજ ખડકાઈ જાય પણ એમાં સુખ એ ભ્રાંતિ સિવાય બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધું ખલાસ. દૃષ્ટિમાંથી ચાલ્યુ ગયું. એમ પ્રતિકૂળતાના ગંજ ખડકાઈ જાય તોય તે મારે કાંઈ લેવા-દેવા નથી. મારામાં કોણ આવી શકે એવું

છે ? આત્મા તો અભેદ કિલ્લો છે એને કોઈ ભેદી શકે એવું નથી. **'એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણ પણ એ જ છે.'**

મુમુક્ષુ :- એવી દૃષ્ટિ થઈ ત્યાં આવી દશા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં આવી દશા (થઈ જાય છે). જ્ઞાનીપુરુષને ઓળખે ત્યાં આવી દશા થઈ જાય છે એમ કહે છે. એટલે તો કહે છે કે એ જ્ઞાની નિયમથી થાશે. એ વાત જે કરી ગયા એ ૧૯૪ (પત્રમાં) એ નિયમથી જ્ઞાની થશે. કેમ કે એની દશા જ્ઞાની જેવી થઈ ગઈ અત્યારથી, એમ કહે છે. બંધાય છે તો ઉદયમાં જ ને ? ઉદયકાળે ઉદયમાં બંધાય છે કે બીજે બંધાય છે ? બસ, ત્યાંથી છૂટ્યો પછી તેને કોણ બાંધે ? જે ત્યાંથી નીરસ થયો, ચીકણા પરિણામથી બંધાતો હતો, ત્યાંથી છૂટ્યો, વાત પૂરી થઈ ગઈ, ખલાસ થઈ ગઈ વાત.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા ઘટી જ જાય. રસ ફિક્કો જ પડી જાય. સીધી વાત છે. એટલે તો એક વિચારવા જેવું છે, હવે આપણે વિચારવા જેવું છે કે જ્ઞાનીપુરુષ મળ્યા છે કે કેમ ? આપણે તો જાહેરપણે તો બુમબરાડા પાડીને પણ કહીએ કે અમને બબ્બે જ્ઞાની મળ્યા. કોણ ? એક એક નહિ પણ બબ્બે મળ્યા. પણ મળ્યા કોને કહેવાય એ સવાલ છે. આવું નીરસપણું આવ્યું છે ? સંસારની જગતની માહાત્મ્યદૃષ્ટિ ચાલી ગઈ છે ? સત્પુરુષની અને સત્સંગની આટલી માહાત્મ્યદૃષ્ટિ આવી છે ? અને ઉદયનું નીરસપણું થયું છે ? આ બધા એના ચિહ્નો છે. મેળવી લેવા. તો જ્ઞાની મળ્યા છે એ વાત સાચી અને નહિતર મળ્યા હોય તો પણ મળ્યા નથી એ વાત એટલી જ સાચી છે.

મુમુક્ષુ :- અમારે પુરુષાર્થ કરવાનો બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ કરવાનો બાકી છે ? કે ઊંધો પુરુષાર્થ ચાલી રહ્યો છે ? ઊંધો હજી ચાલે છે એમ નક્કી છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ કરવાનો બાકી છે છતાં અંદરમાં કાંઈક ખટકીને આવે છે કે..

પૂજ્ય ભાઈશ્રી :- કે એ પણ અધ્ધરથી આવે છે ? ઠીક છે. આ બધો વિચારવા જેવો વિષય છે. સાથે બેસીએ તો અનેક જાતના વિચાર, કોઈને કાંઈ વિચાર આવે, કોઈને કાંઈ વિચાર આવે, કોઈને કાંઈ વિચાર આવે. વિચારી શકાય.

મુમુક્ષુ :– એમાં પણ થોડું ઠીકપણું મનાઈ જાય છે કે અમને બે-બે જ્ઞાની મળ્યા..

પૂજ્ય ભાઈશ્રી :– હા. બીજા કરતાં અમને ઘણો લાભ મળ્યો. બીજા કરતાં અમને ઘણું સાંભળવાનું મળ્યું કેમ કે અમે તો ત્યાં ઘણીવાર જતા હતા, ઘણું રોકાતા હતા. અને ઘણી વાતો અમે સાંભળી છે. ઘણો લાભ લીધો છે. ઘણી વખત આહારદાન દીધું છે, ઘણી વખત આવો લાભ લીધો છે, ઘણી વખત આવો લાભ લીધો છે. આ પ્રસંગે પ્રસંગે માણસ કોઈને કોઈ રીતે અર્પણતા કરીને લાભ લે છે, અમે ઉદ્‌ઘાટન કર્યું છે, અમે શિલાન્યાસ કર્યું છે, અમે ભગવાનની સ્થાપનાની બોલી લીધેલી છે, અમે ફલાણું કરેલું છે, અમે આ કરેલું છે. અને પરિણામ એવા ને એવા ચીકણા, એવા ને એવા ચીકણા હોય કે એમાં કાંઈ ફેર પડે નહિ. ઉદયમાં પાછો કાંઈ ફેર પડે નહિ. તો કહે છે, તને જ્ઞાનીપુરુષ મળ્યા છે કે કેમ ? અમને તો શંકા પડે છે. જ્ઞાનીપુરુષ મળ્યા છે એ વાત જ શંકાસ્પદ છે ત્યાં ખરેખર તો. બહુ સરસ પત્ર છે, હોં !

**'એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણ પણ એ જ છે.'** એ જ છે એટલે શું છે કે એને ભ્રાંતિપણું છે એ સમજાઈ ગયું છે કે જીવને આમ ભ્રાંતિ થાય છે. જે માત્ર જ્ઞેયપદાર્થ છે, માત્ર જ્ઞાનનું જ્ઞેય છે, કે જે જ્ઞાનને જ્ઞેય સાથે કાંઈ લેવા-દેવા નથી. ન તો સુખનું કારણ, ન તો દુઃખનું કારણ, ન અનુકૂળતાનું કારણ, ન પ્રતિકૂળતાનું કારણ. ફક્ત ભ્રાંતિએ કરીને, કલ્પનાએ કરીને, અનુકૂળ, પ્રતિકૂળ, સુખ-દુઃખ વગેરે ભાસે છે. એ ભ્રાંતિ સમજાઈ જાય છે. એ કારણે એને... **'તેનું કારણ પણ એ જ છે.'** એ જ છે. એટલે ભ્રાંતિ ભાસી છે એ જ છે.

**'કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન, જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે. વડના બીજની પેઠે પરમાર્થ-વડનું બીજ એ છે.'** પરમાર્થમાર્ગનો વડલો જે થવાનો છે અને મોક્ષના ફળ આવવાના છે એનું બીજ આ છે કે જે જ્ઞાનીપુરુષને ઓળખે, એનો નિશ્ચય કરે અને એના સત્સંગનું માહાત્મ્ય એને ભાસે.

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષનો નિશ્ચય કરવો એ પરમાર્થનું બીજ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પરમાર્થવડનું બીજ છે એમ કહે છે.

મુમુક્ષુ :- વ્યવચ્છેદક જ્ઞાન એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવચ્છેદક જ્ઞાન એટલે શું છે કે કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન... વ્યવચ્છેદ કરવો એટલે છેદી નાખવું, સારી રીતે છેદી નાખવું એને વ્યવચ્છેદ કહે છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એટલે શું છે કે જે અનુભૂતિનું જ્ઞાન છે એ જ્ઞાનમાં જે અજ્ઞાન છે એનો છેદ થઈ ગયો છે, જેને ગ્રંથીભેદ આપણે કહીએ છીએ. તો એવું વ્યવચ્છેદક જ્ઞાન કોઈ જ્ઞાનના આવરણને કારણે ન થાય. '**તથાપિ સામાન્ય એવું જ્ઞાન,...**' કયું ? કે જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય કે આ જ જ્ઞાની છે. એની ઓળખાણ થઈ જાય જ્ઞાનમાં. બહુ ઓછો ઉઘાડ હોય તો પણ ઓળખાણ થઈ શકે છે કે આ જ્ઞાની છે, ખરેખર આ જ્ઞાની છે. અને એને લઈને એને સુખના કારણો ભ્રાંતિરૂપ ભાસે છે, નીરસપણું આવી જાય છે. આ એનું બીજું પડખું છે. ઓલા જે જ્ઞાની મળ્યા છે અને જ્ઞાની માન્યા છે એમાં ઓલી વાત નથી હોતી. ઓલો તો ઉદયમાં એકાકાર થઈ જાય. એક કેરી સારી નીકળે ને મીઠી જરાક વધારે તો થઈ રહ્યું, એકાકાર થઈ જાય એની અંદર. એક નાનામાં નાની ચીજની અંદર એને રસ પડી જાય છે. કહે છે કે નહિ. એને ઓલી ઓળખાણ નથી થઈ. નહિતર એ પ્રકાર એને આવે નહિ. એ ભ્રાંતિ ભાસે એને. એમાં જે કલ્પિત સુખ છે એ ભ્રાંતિ છે એવું જ્ઞાન ચોખ્ખું થઈ જાય છે, નિર્મળ છે એ જ્ઞાન ખરેખર. એ જે ભૂમિકાની નિર્મળતા છે એને બીજ એટલા માટે કીધું છે કે અહીંયાં સંસ્કાર પડી જાય છે. એક સ્વરૂપ નિશ્ચયના કાળમાં સંસ્કાર પડે અને એક જ્ઞાનીપુરુષના– પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષના નિશ્ચયના કાળમાં સંસ્કાર પડે. જ્ઞાનીપુરુષની જે આત્માના સ્વરૂપને દર્શાવતી એવી જે વાણી છે એ વાણી ઉપર એને અત્યંત, અત્યંત રુચિ અને પ્રીતિ થાય છે.

એ પોતે એક જગ્યાએ કહે છે કે સત્પુરુષ મળ્યા પછી આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી. જે આત્મજ્ઞાનની અનંત કાળથી અનઉત્પત્તિને લઈને દુર્લભથી દુર્લભ ગણવામાં આવ્યું છે, એ જ એક જગ્યાએ એમ કહે છે કે કાંઈ જ દુર્લભ નથી. ક્યારે ? કે સત્પુરુષ મળે ત્યારે. મળ્યા ક્યારે ? કે તેના વચનને પ્રત્યે, તેના વચનના આશયને પ્રત્યે અત્યંત રુચિ અને પ્રીતિ થાય ત્યારે. એ ઓળખાણનું લક્ષણ છે પાછું. પત્ર

છે ૫૨૬ ઘણું કરીને છે. ૫૨૬ નથી. ૫૨૨ છે. નંબર યાદ નહોતો બરાબર. ૫૨૨ નંબર છે. પાનું ૪૧૯. ૫૨૨માં પહેલો પેરેગ્રાફ પૂરો થાય છે એની છેલ્લી સાડા ત્રણ લીટી છે. છેલ્લી.

**'અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી;...'** કેવો શબ્દ વાપર્યો છે ? કાંઈ દુર્લભ નથી. સહજ સહેલું જ છે એમ કહે છે. **'તથાપિ સત્પુરુષને વિષે, તેના વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી;...'** આ એનું લક્ષણ લીધું. અપ્રીતિ થવાનો તો સવાલ નથી, આમ કેમ બોલ્યા એ તો વાત જ નથી અને આવું બોલે છે એ અમને ગમતું નથી એ વાત પણ છે નહિ. એ તો વિરુદ્ધતામાં જાય છે, વિમુખતામાં જાય છે એ તો. Minus point માં જાય છે. પણ સાધારણ રુચિ છે અને ગમે છે એમ નહિ. સત્પુરુષનો યોગ થયા પછી તે **'સત્પુરુષને વિષે, તેના વચનને વિષે, તેના વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.'** એ વાત કહેવી મુશ્કેલ છે. કઠણ છે એટલે મુશ્કેલ છે કે એને ભાસ્યું જ નથી કે સત્પુરુષ મળ્યા છે. એને ક્યાંથી પ્રીતિ અને રુચિ આવવાની હતી ?

બીજી બાજુ સંસારના ઉદયભાવની સરખામણી લઈએ, આ તો ઉદયભાવમાં જાય છે, હોં ! બધું. આ હજી ઉદયભાવમાં છે. સત્પુરુષ પ્રત્યેનો ઉદયભાવ આવો હોય. એક બાર મહિનાનો છોકરો ઘરમાં થયો હોય અને પહેલોવહેલો બોલતા શીખે. એક અક્ષરથી કે બે અક્ષરથી ત્યાં રાજી રાજી થઈ જાય. હજી તો તોતડું તોતડું બોલે પણ એને રુચિ અને પ્રીતિ છે ને ? રાજી રાજી થઈ જાય. આહાહા..! બોલવા માંડ્યો, આ જ તો બોલવાનું શરૂ કર્યું એણે, આજ તો બોલે છે ! કેટલી રુચિ અને પ્રીતિ છે એને ! અને સત્પુરુષની વાણી હોય, આમ કેમ બોલ્યા ? આવું તે બોલાતું હશે ? આવું તો કહેવાય કાંઈ ? આમ તો હોય ? તને સત્પુરુષ પ્રત્યે પણ પ્રીતિ નથી, તેના વચન પ્રત્યે પણ પ્રીતિ નથી, એ વચનનો આશય જે પરમાર્થિક આશય છે; કેમ કે એનો તો આશય પરમાર્થિક હોય છે, એના પ્રત્યે પણ જીવને રુચિ અને પ્રીતિ નથી. આ વિષય સ્પષ્ટ થાય છે. નહિતર આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી. સત્પુરુષ

મળે તો આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી. એ વાત બહુ જ સચોટ કરેલી છે.

મુમુક્ષુ :– ધોરી માર્ગ...

પૂજ્ય ભાઈશ્રી :– સીધી કાયદાની કલમ જ છે આ તો. ચોખ્ખે ચોખ્ખી.

મુમુક્ષુ :– પૂજ્ય 'ગુરુદેવશ્રી'નું જ્ઞાન અને પૂજ્ય 'માતાજી'નું જ્ઞાન દરેક વચન, દરેક પ્રવૃત્તિ સંપૂર્ણ, સાચી...

પૂજ્ય ભાઈશ્રી :– સાચી નહિ, ભક્તિ આવવી જોઈએ એના પ્રત્યે. સાચી તો નહિ, ખોટી તો નહિ પણ સાચી એટલું નહિ એના પ્રત્યે ભક્તિ આવવી જોઈએ. એક વાતમાં ભક્તિ આવે અને બીજી વાતમાં વળી પાછું વાંકુ પડી જાય એવું ઓળખાણ થઈ હોય એને બનતું નથી.

મુમુક્ષુ :– આગમ...

પૂજ્ય ભાઈશ્રી :– આગમ કોણ જાણે ? જ્ઞાની કે અજ્ઞાની ? આગમની ખબર કોને પડે છે ? સત્પુરુષ છે એ પોતે જીવંત આગમ છે. ઓલા થોથા અજ્ઞાની વાંચે છે એ જીવંત આગમ નથી. એને માટે તો થોથા છે એ બધા. સત્પુરુષ પોતે જ જીવંત આગમ છે, પોતે જ દેવ-ગુરુ-શાસ્ત્ર છે. આગમ કહો કે શાસ્ત્ર કહો. દેવ-ગુરુ ને શાસ્ત્ર ત્રણે એક સત્પુરુષમાં સમાય છે. ક્યાં સમાય છે ? (સત્પુરુષમાં). એવી વાત છે. એ વાત ન સમજાય ત્યાં સુધી એને સત્પુરુષની કિંમત આવે એવું નથી. શું કીધું ? જુઓ ! ફરીથી.

**'કોઈના જ્ઞાનના આવરણને...'** લીધે એટલે એ પ્રકારનો ઉઘાડ ઓછો હોય. અને **'જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં,...'** જુદું છુટું પાડી પાડીને ભેદ પ્રભેદથી ઓળખી શકે અને અનુભુતિ સુધી પહોંચી શકે એવો પ્રકાર ઉઘાડની અંદર ન દેખાય તો પણ **'સામાન્ય એવું જ્ઞાન, જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે.'** એવું જે અલ્પ જ્ઞાન થાય છે અને એમાં એને પ્રતીતિ આવી જાય છે કે આ જ જ્ઞાની છે. શ્રદ્ધા એટલે અહીંયાં પ્રતીતિ, વિશ્વાસ. તો તે **'વડના બીજની પેઠે પરમાર્થ-વડનું બીજ એ છે.'** એ પરમાર્થ વડનું બીજ છે. અહીંયાં જીવને સંસ્કાર પડે છે. કે જે સંસ્કાર કદી નિર્મૂળ થતાં નથી. એ સંસ્કારમાંથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો અંકુર ફૂટે ફૂટે ને ફૂટે જ ફૂટે. ન ફૂટે એવું બને નહિ.

મુમુક્ષુ :– અલ્પ જ્ઞાન થાય તો પણ એ બીજ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બીજ છે. બીજ પડી ગયું. બીજ રોપાઈ ગયું. એ બીજ બળતું નથી કોઈ દિવસ. એક ભવે, બે ભવે ઊગી નીકળે છે. બહુ સહેલો રસ્તો બતાવ્યો છે એમણે. શાસ્ત્રમાં તો હજી ક્યાંક તું અપેક્ષા અને વિવિક્ષામાં ભૂલો પડીશ અને ક્યાંક તારી ભૂલ પણ થાશે કદાચ. પણ આમાં હવે બીજું ભૂલવાનું ઠેકાણું નથી. જો સત્પુરુષ મળ્યા છે અને જો તને ઓળખાણ કરે એટલું કર. એમાં તો અલ્પ જ્ઞાન હશે, ઓછો ઉઘાડ હશે તો પણ વાંધો નહિ આવે, ભૂલા પડવાની પછી તારી પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- સ્વરૂપ નિશ્ચયના કાળમાં સંસ્કાર પડે એ તો બરાબર પણ આ...

પૂજ્ય ભાઈશ્રી :- આ બીજું ઠેકાણું છે, આ બીજું ઠેકાણું છે. એનું કારણ છે કે ત્યાં પણ એણે સ્વરૂપને જ ઓળખ્યું છે. એ પ્રગટ આત્મ સ્વરૂપ છે. આ અપ્રગટ આત્મ સ્વરૂપ છે. જે સ્વરૂપ નિશ્ચય છે એ અપ્રગટ આત્મ સ્વરૂપનો નિશ્ચય છે અને સત્પુરુષની ઓળખાણ એ પ્રગટ આત્મ સ્વરૂપનો નિશ્ચય છે તો વાત તો એકની એક જ થઈને. સંસ્કાર પડવા જ જોઈએ. ન પડે એ કેમ ચાલે ? સીધી સાદી વાત છે. પડે જ પડે. અને પડે એટલે બહુ મોટી વાત છે. એને નિયમથી સમ્યગ્દર્શન થાય, નિયમથી એને મોક્ષ થાય. સમ્યગ્દર્શન થાય એટલે નિયમથી એને મોક્ષ થાય. આટલું સંસ્કારમાં બળવાનપણું છે.

આત્માને એટલા માટે અનંત શક્તિવાળો કહ્યો છે કે એના સંસ્કારમાં આટલી શક્તિ છે. એનામાં કેટલી શક્તિ હોય એ તો માપવાનો વિષય જ નથી કાંઈ. પણ જેના પ્રતિભાસથી આટલા સંસ્કાર પડે કે જે નિર્મૂળ ન થાય અને મોક્ષપદને ખેંચીને લાવે, એ ચીજ કેટલી સામર્થ્યવાન છે એનો કોઈ હિસાબ નીકળી શકે એવો પ્રકાર નથી કે એનો કોઈ છેડો છે કોઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જીવે ઊંધાઈ કરી છે, બધી જગ્યાએ જીવે ઊંધાઈ કરી છે. શું કહેવું છે ? કે સત્પુરુષ તો કોઈ ગૃહસ્થ હોય, કોઈ વેપારી હોય, કોઈ રાજા હોય, કોઈ રંક હોય એટલે ગરીબ હોય. ચિત્ર-વિચિત્ર દશા હોય છે. 'ગુરુદેવ' જેવા મહાપુરુષ ને ત્યાગી જેવી દશામાં તો કો'ક જ હોય. છતાં ક્યાં ઓળખાય છે ? પણ તીર્થંકર છે એ તો વીતરાગ છે, પરિપૂર્ણ વીતરાગ છે. એમનામાં ઓળખવામાં વાંધો પડે એવી

કઈ ચીજ છે ? ઓલામાં તો એમ થાય કે આ તો આમને રાગ થયો, આમને ક્રોધ થયો, આમને મોહ થયો. આ રાજી થયા. આ અરાજી થયા, નારાજી થયા. બધું દેખાય. તો શંકા પણ પડે. ઓલા તો પરિપૂર્ણ વીતરાગ છે. તોય જીવે કેમ ન ઓળખ્યા ? નિર્ગ્રંથ ગુરુ, લ્યો. નિર્ગ્રંથ ગુરુમાં શું વાંધો કાઢશો ?

મુમુક્ષુ :- નિર્ગ્રંથ ગુરુમાં ભેદ પડી જાય, દ્રવ્યલિંગી ને ભાવલિંગી પણ અરિહંત ભગવાનમાં તો કોઈ ભેદ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં પણ કલ્પના કરે છે જીવ કે આ બધી ઝાકઝમાળ અને માયાજાળ ને આ બધું કેમ છે ? આ પરિગ્રહ કાંઈ હોય ? વીતરાગને આવો પરિગ્રહ હોય ?

મુમુક્ષુ :- મારિચીનો જીવ...

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાન મહાવીર સ્વામીને એમ કહેતા હતા કે આ ઇન્દ્રજાળીયા છે. મારા દાદા છે ને હું ઓળખુ છું, હોં ! તમે નહિ ઓળખો. હું તો અમારા ઘરના માણસ એટલે ઓળખું જ ને. બીજા વિશ્વાસ કરે પાછા. ભાઈ ! એને વધારે ખબર આપણા કરતાં. અને જાણ્યે-અજાણ્યે હાજી-હા કરવાવાળા હોય છે. જાણ્યે-અજાણ્યે પણ એક માણસ એક તૂત ઉપાડે તો એ તૂતની પાછળ હાજી-હા કરવાવાળા પણ મળી જાય છે. જાય બધા એક ઠેકાણે.

મુમુક્ષુ :- એને નુકસાન થાય...

પૂજ્ય ભાઈશ્રી :- એટલું જ નુકસાન થાય. ઓછું ન થાય. એટલે જીવે અવળાઈ કરવામાં તો... પોતાના જીવની વાત લેવાની છે કે અવળાઈ કરવામાં કાંઈ બાકી રાખી નથી. અત્યાર સુધીમાં કાંઈને કાંઈ, કાંઈને કાઈ અવળાઈ કરતોં જ આવ્યો છે. એટલે રખડ્યો છે. અત્યાર સુધી અહીંયાં જે પરિભ્રમણ કરતોં કરતોં અહીંયાં છે એનું કારણ તો એ જ છે.

મુમુક્ષુ :- એક સાથે મોટા સમુદાયને જે ઉદય આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ એકસરખા પરિણામ થઈ ગયા હોય. કરવું, કરાવવું, અનુમોદવામાં. ઉદય પણ એકસાથે (આવે). એક સાથે કીડીઓનો મોટો ઢગલો હોય. કોઈનો પગ પડે એકસાથે બધી મરે. બધાએ એવા જ પરિણામ એકસાથે કર્યા હોય. અહીં સુધી રાખીએ...

## તા. ૩૦-૫-૧૯૯૦, પત્રાંક – ૪૫૯
## પ્રવચન નં. ૧૬૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનમૃત. ૪૫૯ પત્ર ચાલે છે. છેલ્લો પેરેગ્રાફ.

અનંતાનુબંધીનો વિષય ચાલ્યો છે. એ રીતે જીવના સંસારિક કાર્યોમાં તીવ્ર રસે કરીને થતાં પરિણામ. ... ત્યારપછી ભ્રાંતિગતપણે જાણેલું સુખ અને જ્યાં સુખ માન્યું છે ત્યાં પરિણામ તીવ્ર રસે કરીને ઊપજે છે. એ સુખાભાસ છે એને સુખની માન્યતાને કારણે માન્યતાના આધારથી પરિણામમાં તીવ્ર રસ આવે છે. હવે છેલ્લે એમ કહે છે કે ધાર્મિક વિષયમાં વિપર્યાસ થાય છે ત્યારે પણ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ પ્રવર્તે છે. આ જરા મહત્ત્વનો વિષય છે.

**'તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યક્દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં.'** શું કહેવું છે ? જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે, જ્ઞાનીપુરુષ છે એને તીવ્ર રસથી ક્રોધ, માન, માયા, લોભ હોઈ શકતા નથી. જે જીવને તીવ્ર રસે કરીને ક્રોધ, માન, માયા, લોભ ઊપજે છે એને ભવનો ભય નથી. ભવભયરિહતપણે તે પ્રવર્તે છે. નવા જન્મ-મરણનું અથવા પરિભ્રમણનું મોટું નુકસાન છે આમાં એવો જેને ભય છે તેને એ ચારમાંથી કોઈપણ કષાયનો ઉદય હોય તો રસની તીવ્રતા થઈ શકતી નથી. એ તો આ પ્રતિબંધ એટલા માટે લીધો છે કે સમ્યગ્દૃષ્ટિપણાનું મૂળ અહીંયાં છે. જીવ ક્યાંથી સમ્યગ્દૃષ્ટિ થાય છે એનું મૂળિયું પકડ્યું છે. કે જે જીવને પરિભ્રમણનો નાશ કરવો હતો, પરિભ્રમણથી પોતાના આત્માને છોડાવવો હતો એ સમ્યગ્દૃષ્ટિ થયા છે. હવે સમ્યગ્દૃષ્ટિ થયા પછી ભવભયરહિતપણે કેવી રીતે પરિણામ કરે ? એ તો સંભવતું નથી. ત્યાંથી તો આખી પરિણામની પરિસ્થિતિની શ્રેણી બદલાણી છે કે મારે ભવભ્રમણ ન જોઈએ અને ભવભ્રમણથી હું થાકેલો છું. ત્યાંથી પાત્રતા ઊભી થઈ છે. ભવભ્રમણનો નાશ કહો કે અસ્તિથી પૂર્ણ શુદ્ધિની અભિલાષા કહો,

બંને એક જ છે. એવા સમ્યગ્દૃષ્ટિ જીવ એમાંથી આગળ વધીને સ્વાનુભવ સુધી પહોંચ્યા અને પ્રચુર આત્મરસથી જેણે સ્વાનુભવ ઉત્પન્ન કર્યો એવા નિર્વિકારરસના પરિણામે જેની પરિણતિ થઈ ગઈ છે, એ પરિણતિના સદ્ભાવમાં તીવ્ર પરિણામે કરી અને ભવભયરિહતપણે ક્રોધ, માન, માયા, લોભના પ્રકાર ઉત્પન્ન થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ તીવ્ર પરિણામ નથી. ક્રોધના પરિણામ હોવા છતાં તીવ્ર રસવાળા પરિણામ નથી. અંદરથી એનાથી છૂટો પડેલો છે અને એને ઇષ્ટ માનતો નથી. તેમાંથી પણ છૂટવા જ માગે છે. બીજા જીવો જે યુદ્ધ કરે છે, તકરાર કરે છે. એ તો તકરાર કરવી જોઈએ એમ કરીને કરે છે. એનો તો અભિપ્રાય ભરેલો છે કે આ અમારે કરવું જ જોઈએ, આમ કર્યા વિના ચાલે જ નહિ. ત્યારે આ તો ન ચાલતા માથે આવી પડેલું કરે છે. કરવામાં રુચિ, પ્રીતિ નથી. નિષેધ છે ઉલટાનો.

મુમુક્ષુ :- કરવું નથી પણ કરવું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરવું પડે છે અને એનો નિષેધ પણ તેથી કરીને વર્તે છે. એટલે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીપુરુષની તો ક્રોધ, માન, માયા, લોભના પરિણામ કાળે પણ અંદરની સ્થિતિ એવી છે કે જેમાં તીવ્ર રસે કરીને પરિણમાવાતું નથી. લુખ્ખા પરિણામથી પરિણમે છે. લુખ્ખા પરિણામ છે, નીરસ પરિણામ છે અથવા એમાં પોતાની હયાતી નથી એવો અનુભવ છે. પોતાનું અસ્તિત્વ પહેલા એવા પરિણામમાં અનુભવગોચર થતું હતું એ પ્રકાર મટી ગયો છે. અથવા પોતાની હયાતીને ખેંચી લીધી છે જેણે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એવા પરિણામ નથી. એવી જાતનો ઉદય છે કે આવી પડ્યું છે. કરવું નથી અને કરવું પડે છે એમ છે. ભલે લૌકિક ન્યાય-નીતિનો પ્રસંગ હોય તો પણ એ ઉપરછલ્લો છે. ધાવમાતાનું દૃષ્ટાંત આવે છે કે સગી માતા કરતાં વધારે લાલન-પાલન કરતી દેખાય પણ માતાનો પ્રેમ ક્યાંથી લાવશે ? જે એની જનેતા છે એનો બાળક ઉપર પ્રેમ છે એ પ્રેમ પેલી બાય ક્યાંથી લાવશે ? જે નોકરી કરીને, પૈસા લઈને, પરિશ્રમનું વળતર મેળવીને જે ઉછેર કરે છે બાળકનો, મીઠાશથી બોલાવે, સારી રીતે એને રમાડે, સારી રીતે એને ખવડાવે-પીવડાવે, નવરાવે-ધોવરાવે તો પણ એના હૃદયનો પ્રેમ છે એ ક્યાંથી આવવાનો હતો ? કોઈ એમ કહે કે આટલું તો

એની સગી મા પણ ન કરે એવું સરસ કામ કરે છે. વાત સાચી છે એની મા થોડી બેદરકારી રાખે તો પણ એનો પ્રેમ છે એ કાંઈ ઘટી જતો નથી. અને આ ઘણી દરકાર રાખે માટે એનો પ્રેમ થઈ જાય છે એવું બની શકતું નથી. કેમ કે પારકું એ પારકું અને પોતાનુ એ પોતાનું. એમ અહીંયાં એ પારકું થઈ ગયું છે. જે કાંઈ ઉદય છે એ મારો નથી, ઉદય છે એ મારો નથી. પૂર્વકર્મકૃત છે. આવી રીતે લઈ જાય છે.

મુમુક્ષુ :- છોકરાને પાંચ વર્ષ પછી ખબર પડે મારી મમ્મી તો આ છે. ખબર પડે એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધું ફરી જાય. એટલે મમત્વ વસ્તુ જુદી છે. એકત્વ વસ્તુ છે એ તીવ્ર રસને ઉત્પન્ન કરે છે.

**'તીવ્ર પરિણામે ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યક્‌દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં.'** હવે બીજી વાત કરે છે. હવે સમ્યગ્દૃષ્ટિની નહિ પણ મિથ્યાદૃષ્ટિની વાત કરે છે. કે **'જે સંસારઅર્થે અનુબંધ કરે છે,...'** ઉદય પ્રસંગોના પરિણામ, સંસારિક કાર્યોના પરિણામ છે **'કે જે સંસારઅર્થે અનુબંધ કરે છે,...'** બીજા જેવા જે-તે ઉદયમાં વર્તે અને તેવા તેવા જ પાછા કષાયભાવે નવા બંધ થાય. **'તે કરતાં...'** જુઓ ! આ ભયંકર છે એમ કહે છે. **'પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે,...'** જે પરમાર્થ માર્ગ નથી એને પરમાર્થમાર્ગ માને છે, જે અકર્તવ્ય છે એને એ કર્તવ્ય માને છે અને ભ્રાંતિગત પરિણામે જે ગુરુ નથી તેને ગુરુ માને છે, દેવ નથી તેને દેવ માને છે, ધર્મ નથી તેને ધર્મ માને છે.

મુમુક્ષુ :- એક લીટીમાં ગુરુદેવની બધી વાત આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ત્રણે કાળના જ્ઞાનીઓ એક જ વાત કરે છે. કહેવાની શૈલી દરેકની જુદી જુદી છે. બાકી 'આગળ જ્ઞાની થઈ ગયા વર્તમાનમાં હોય, થાશે કાળ ભવિષ્યમાં માર્ગભેદ નહિ કોઈ.' ત્રણે કાળનો માર્ગ એક જ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' આ બધા સૂત્રો મૂકી દીધા છે એમણે તો. આમા કાંઈ ફેર પડે એવું નથી. ફેર માને એને ભ્રાંતિ થઈ છે. જેણે ફેર માન્યો છે એને કાંઈક ભ્રાંતિ વર્તે છે. બાકી ફેર પડતો નથી, ફેર હોતો જ નથી. નિઃશંક રહેવા યોગ્ય છે, નિઃશંક થવા યોગ્ય છે કે એમાં કોઈ ફેર પડતો નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી'એ જે વાત કરી છે એ જ 'ગુરુદેવે' કરી છે. ...

પૂજ્ય ભાઈશ્રી :- એમેય થાય. બેય વાત છે. અનંત જ્ઞાનીઓએ જે વાત કરી છે તે 'ગુરુદેવે' કરી છે એમેય કહેવાય. ન્યાય સંપન્ન વાત છે. અન્યાયવાળી વાત નથી. 'શ્રીમદ્જી'એ જે કહ્યું છે તે 'ગુરુદેવે' કહ્યું છે. 'ગુરુદેવ' કહેતા હતા એ જ 'શ્રીમદ્જી' કહે છે. એમાં કાંઈ ફેર નથી.

આપણા સમાજમાં કોઈ એવું વિચારે છે કે (શ્રીમદ્જીએ) શ્વેતાંબર-દિગંબરમાં ફેર નહોતો પાડ્યો કે ખબર નહોતી પડતી કે ફલાણું, ઢીકણું. એ બધી વાત સમજણ વગરની છે. કાંઈ ફેર નથી. બધું સમજીને બેઠા છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર કહે, ન કહે, કોઈ બીજી શૈલીથી કહે, કોઈને ઊભો રાખવા કહે, વાત કરે એ બધી વ્યક્તિગત વાત છે. સિદ્ધાંતમાં ક્યાંય ભૂલચૂક થઈ હોય એવું બનતું નથી. બની શકે જ નહિ.

જેણે અંદરમાં આત્માને રાગના એક કણથી પણ ભિન્ન અનુભવ કરી લીધો, જોડે વર્તતો પોતાના પરિણામમાં થતાં અંશને પણ આત્મામાં ભેળવ્યો નહિ, વિભાવમાં સ્વભાવને એક કણમાત્ર પણ ભેળવ્યો નહિ, જે વિકલ્પ સ્વરૂપનો હતો એને પણ આઘો રાખ્યો, સ્વરૂપના સ્વભાવના વિકલ્પને પણ જેણે ભિન્ન પાડી દીધો એવો અંતરંગ મહાવિવેક જેને ઉત્પન્ન થયો હોય એને સ્થૂળ અવિવેક વર્તતો હોય એ વાત વિચારવા જેવી પણ રહેતી નથી, વિચારવાનો પણ સવાલ નથી રહેતો.

મુમુક્ષુ :- શૈલી ફેરમાં અપેક્ષા ફેરમાં ભૂલ ખાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ ખાય એમાં એવું છે કે પોતે ભૂલ ખાય છે એ પોતાના કારણથી ભૂલ ખાય છે. ભૂલ ખાનાર તો પોતાના અજ્ઞાનને કારણે, પોતાની અસમજણને કારણે ભૂલ ખાય છે. એમણે તો જ્યાં જે કીધું છે તે યથાર્થ કહ્યું છે એવો જેણે નિશ્ચય રાખ્યો છે એ સમજવાનો પ્રયત્ન કરે. કોઈ વાત બુદ્ધિગમ્ય ન થાય પોતાને તો પોતાની બુદ્ધિનો દોષ સમજીને સમજવાનો પ્રયત્ન કરે છે. પણ જે પોતાથી આગળ છે અને પોતે જેનાથી પાછળ છે ત્યારે પોતે એવો નિર્ણય ન લે કે એની આગળ જઈને નિર્ણય લે. એવી ભૂલ ન કરે પોતે અને એવી ભૂલ કરે ત્યારે એ જ અનંતાનુબંધીના પરિણામ છે એમ અહીંયાં કહેવાનો મુદ્દો ચાલે છે. જ્યારે જીવ એવી રીતે ભૂલ કરે છે ત્યારે એ જ અનંતાનુબંધીના અને અનંત સંસારના પરિણામ છે એમ કહેવા માગે છે. એણે તો એ જ વિચાર કરવો જોઈએ કે હું એનાથી

આગળ કે હું એનાથી પાછળ ? જો હું પાછળ છું તો એના આગળનો નિર્ણય કેમ લઉં છું ? એ કેવી રીતે બનવા યોગ્ય છે ? દર્દી થઈને ડૉક્ટરને કહે કે તમને ખબર ન પડે, મને દવા કરવા દો. તમારું કામ નથી આમાં. હું કહું એ બરાબર છે. એના જેવી વાત થઈ ગઈ. એ તો રોગ વધારવાની અને મરવાની જ લાઈન થઈ જાય સીધી.

મુમુક્ષુ :– અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાં

પૂજ્ય ભાઈશ્રી :– તે અવિનાભાવી છે.

મુમુક્ષુ :– એ અવિનાભાવી ક્યાંથી ? જ્ઞાન તો...

પૂજ્ય ભાઈશ્રી :– ચારિત્રમોહને, અજ્ઞાનને અને મિથ્યાદર્શનને ત્રણેયને અવિનાભાવીપણું છે. મિથ્યાત્વ દર્શનમોહના પરિણામ. જ્ઞાન-અજ્ઞાન–મિથ્યાજ્ઞાન જ્ઞાનગુણના પરિણામ અને અચારિત્ર તે ચારિત્રગુણના, અનંતાનુબંધી તે ચારિત્રગુણના પરિણામ ત્રણે સાથે રહે છે. જેમ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સાથે રહે છે એમ મિથ્યાત્વ, અજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ સાથે જ રહે છે.

કહે છે કે એ સંસારના કાર્યો વખતે એમ હોય એ બીજી વાત છે અને ધર્મના ક્ષેત્રમાં જે પોતાની અણસમજણને લઈને ગડબડ કરે તો એ પાછી બીજી વાત છે આખી. એટલે **'સંસારઅર્થે અનુબંધ કરે છે તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે, કારણ કે...'** કારણ લે છે.

મુમુક્ષુ :– જે જ્ઞાનીની ભૂલ કાઢે છે એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી એને ઓળખ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એને ખબર નથી. બરાબર છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ કોઈને ઓળખ્યા નથી. એ બધી પૂરેપૂરી અનંતાનુબંધી એને તો અહીંયાં અનંતાનુબંધીથી લીધું છે. મિથ્યાત્વ, અજ્ઞાનને હળવું પડે એટલે અનંતાનુબંધીની વાત ઉપાડે છે અહીંયાં તો એ.

**'કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી;...'** એ તો બધા ચારિત્રમોહથી થતા કાર્યો છે મોટાભાગના, એ અનંતાનુબંધી કરવાવાળા નથી. અંદર દર્શનમોહ છે અનંત અનુબંધનું મુખ્ય કારણ છે. **'માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે,...'** એની જે તત્ત્વની ભૂલ છે, પરમાર્થમાર્ગની ભૂલ છે, વિધિની ભૂલ છે, અપરમાર્થને પરમાર્થ જાણીને એનો આગ્રહ રાખે છે અને આગ્રહથી

જીવ ભજ્યા કરે છે. જ્યારે જીવ એવું કરે છે ત્યારે **'તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે.'** એને અનાદર વર્તે જ છે. અનાદર ન કરતોં હોય તો પણ એ અનાદર વર્તે છે. અનાદર કરવા લાગી જશે. પણ પ્રગટપણે અનાદર ન કરતોં હોય તો પણ એ અનાદર જ કરે છે.

જેમ કે અત્યારે સામાન્ય રીતે સર્વ ધર્મ સહિષ્ણુતા છે. સમાજની અંદર શું છે કે ભાઈ ! દરેક પોતપોતાનો ધર્મ પાળે. કોઈના ધર્મને પાળતો કોઈને રોકવો ન જોઈએ એ સ્વતંત્ર છે એનો ધર્મપાળવા માટે. એટલે સહિષ્ણુતા રાખવી. સહિષ્ણુતા રાખવી એટલે શું ? કે એના પ્રત્યે લડાઈ કરવી, વિરોધ કરવો, વેર-વિરોધ કરવો એવું ન કરવું. તો જે જીવ અપરમાર્થમાર્ગને પરમાર્થમાર્ગ માનીને ભજે છે કે આ તો અમારો ધર્મ છે. એ પરમાર્થમાર્ગ પ્રત્યે, એના દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે એને નિરાદર વર્તે છે. એને કહો કે તમે અહીંયાં આવો, તો કહે નહિ. અમે તો આ સંપ્રદાયની કંઠી બાંધી છે. તે નહિ આવે.

'મુંબઈ'માં વાત કરી હતી કે ભાઈ ! અમારે ત્યાં 'શ્રીમદ્ રાજચંદ્રજી'નું મંડળ છે. 'શ્રીમદ્' ત્યાં વાંચ્યું એટલે એ લોકોને એમ થયું કે બહુ સરસ છે. અમારે ત્યાં (ભાવનગર) આવું વંચાય છે. પણ તમારાવાળા (પાર્લામંડળવાળા) જે અહીંયાં આવે છે, તમારી પાસે વડવા જાય, વવાણિયા જાય, અગાસ જાય, એ લોકો ત્યાં (ભાવનગર) ન આવે. શ્રીમદ્ (રાજચંદ્ર વચનામૃત શાસ્ત્ર) વંચાતું હોય તો પણ ન આવે. તો કહે, સાચી વાત છે, ભાઈ! કંઠી બાંધ્યા પછી એવી જ પરિસ્થિતિ હોય છે. 'કાનજીસ્વામીવાળા'માં આપણે ન જવાય. ભલે ત્યાં 'શ્રીમદ્' વંચાતું હોય તો પણ આપણે 'કાનજીસ્વામી'ના મંદિરમાં કે એના મંડળમાં આપણે ન જવાય. એ કંઠી બાંધી લીધી સંપ્રદાયની. સંપ્રદાયની કંઠી બાંધ્યા પછી (એવું થાય છે). એવી રીતે આપણે લોકો. હવે આપણે 'કાનજીસ્વામી' ના અનુયાયી માટે 'શ્રીમદ્'ના આશ્રમમાં આપણે કેમ જલ્દી જવાય ? એનામાં કેમ આપણે જવાય ? બીજામાં કેમ જવાય ? એ કંઠી બાંધવા જેવુ છે.

મુમુક્ષુ :– અસત્પુરુષમાં સત્પુરુષની સ્થાપના એ પણ એક...

પૂજ્ય ભાઈશ્રી :– એ જ સત્પુરુષ પ્રત્યેની વિમુખતા છે, નિરાદર છે. લીધું ઓલા પહેલામાં લીધું. પહેલામાં તો એટલું જ લીધું કે **'ભ્રાંતિગત પરિણામે અસદ્ગુરુ, દેવ, ધર્મને ભજે છે,...'** અસદ્ગુરુ. દેવ ગુરુ, ધર્મ લીધા. અહીંયાં પરમાર્થજ્ઞાની એવા પુરુષ

પ્રત્યે (લીધું). જ્ઞાનીપુરુષની વાત લીધી. પછી ગુરુ શબ્દ ન વાપર્યો. ગુરુનો અર્થ શું કર્યો ? **'પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે'** એટલે સત્પુરુષ **'દેવ પ્રત્યે અને ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે.'** એને નિરાદર આવે, આવે ને આવે અથવા એને ઊપેક્ષા થાય એ પણ નિરાદર છે અને એ અનાદર છે.

મુમુક્ષુ :– ક્રોધના પરિણામ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ અનંતાનુબંધીના ક્રોધના પરિણામ છે. ક્રોધના પરિણામ નહિ પણ અનંતાનુબંધીના ક્રોધના પરિણામ છે.

મુમુક્ષુ :– વર્તમાન જ્ઞાનીપુરુષ હોય એની ભક્તિ ને બહુમાન કરતો હોય અને ભૂતકાળના જે જ્ઞાની હોય એનો વિરોધ હોય ...

પૂજ્ય ભાઈશ્રી :– બધું એક જ થઈ ગયું. એકનો અનાદર કરે તે અનંતનો અનાદર કરે છે. પછી વર્તમાનના હોય, ભૂતના હોય કે ભવિષ્યના હોય. એકનો અનાદર કરે છે તે બધાનો અનાદર કરે છે. આ સીધી વાત છે. ત્રણે કાળના આદર કરવા યોગ્ય છે. કેમ કે જ્ઞાનીપુરુષનો આદર કરવો છે. એની દશાનો, એની પવિત્રતાનો એ આદર કરવાની વાત છે. એમાં કોઈ વ્યક્તિવિશેષનો વિષય નથી. વ્યક્તિ તો (નિમિત્ત છે) બહાનું છે એનું. વ્યક્તિ તો એ ધર્મના ધણી છે એટલે આપો આપ જ એને નમસ્કાર, વંદન વગેરે બહુમાન થઈ આવે છે.

મુમુક્ષુ :– જેમ કોઈ ભૂતકાળમાં જ્ઞાની થઈ ગયા અને ચ્યુત થઈ ગયા હોય, અને વર્તમાનમાં (અજ્ઞાનદશા) હોય તો શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– એને જ્ઞાની તરીકે માનવાનો પ્રશ્ન રહેતો નથી. જ્ઞાની હોય એને જ્ઞાની માને. જ્ઞાની ન હોય એને જ્ઞાની ન માને. એ તો સીધી વાત છે. હોય એને માનવું કે ન હોય એને માનવું, એનો ક્યાં પ્રશ્ન છે ? ન હોય એને માનવાનો પ્રશ્ન જ નથી. ન હોય એને માને એ તો સાચાનો અનાદર કરે છે. જેમ કે જે દેવ નથી એને દેવ માનનારા શું કરે છે ? કે સર્વજ્ઞદેવ પ્રત્યે આવી શકતા નથી. એ એનો અનાદર જ છે. આમ તો સહિષ્ણુતા વર્તે છે. કે ભાઈ ! આપણે કોઈના ધર્મ પત્યે અનાદર ન કરવો, વિરોધ ન કરવો. પણ એ જે એના સંપ્રદાયના દેવ, ગુરુ, ધર્મને માને છે કે જે સત્‌દેવ ગુરુ, દેવ, ધર્મ નથી એ જ સત્‌દેવ, ગુરુ, ધર્મનો અનાદર થઈ ગયો. કુદેવ આદિને સ્થાપવા અને સુદેવ આદિને ઉથાપવા એ એક સિક્કાની

બે બાજુ છે. એક કરે એ બીજું કરે જ છે. નથી કરતો દેખાતો એટલે નથી કરતો એમ માનવું ન જોઈએ. એમ વાત છે.

મુમુક્ષુ :– ... જોઈને અવગણના કરે ...

પૂજ્ય ભાઈશ્રી :– વિરોધ અને અવગણના તો... વિરોધ તો કોઈનો કારણ વગર તો કરવાનો પ્રશ્ન જ નથી. કારણ વગર કોઈનો તિરસ્કાર કરવો, દ્વેષ કરવો એ તો પ્રશ્ન નથી. જે કોઈ અણગમો, નિષેધ થાય એ તો દ્વેષભાવનો છે, કોઈ આત્માનો તો કરવાનો અમસ્તોય પ્રશ્ન જ નથી. સર્વ મિથ્યાદૃષ્ટિઓ હોય, જગતમાં અનંતા મિથ્યાદૃષ્ટિ છે પણ તે આત્માનો તીરસ્કાર કરવો એ તો પ્રશ્ન નથી. જે કાંઈ વ્યવહાર છે એ પર્યાયને અનુસરીને છે. એટલે જે પર્યાય છે એ પર્યાયનો આદર કરવામાં આવે છે. અને ભવિષ્યની પર્યાય કોઈની જ્ઞાત હોય તો–પ્રસિદ્ધ હોય તો પણ એનો આદર કરવામાં આવે છે. કેમ કે આજના નહિ તો ભવિષ્યના પણ આ નક્કી થયેલા છે તો પણ એનો આદર કરવામાં આવે છે, એનો તિરસ્કાર કરવાનો પ્રશ્ન નથી રહેતો. પણ દોષિત ભાવનો આદર કરવાનો એ પ્રશ્ન નથી.

મુમુક્ષુ :– ... તિરસ્કાર નથી કરતાં ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એવું છે કે આ માર્ગ છે એ તો વિવેકનો જ માર્ગ છે, અવિવેકનો તો માર્ગ નથી. અને એની અંદર જે કાંઈ પરિણામ કરવા એની જવાબદારીનો ઘણો વિચાર કરવા જેવું છે. કોઈપણ ધાર્મિક Issue જ્યારે ઊભો થાય, કોઈપણ ધર્મના ક્ષેત્રના કાર્યનો Issue જ્યારે ઊભો થાય ત્યારે ઘણી ગંભીરતાથી પોતે પગ મૂકવો. એમને એમ પગલું ન ભરવું. એક ડગલું ન ભરવું, એક પગલુ ન ભરવું. એમાં ઘણી ગંભીરતા છે. અને એ ગંભીરતા જીવ સમજ્યા વિના એમને એમ દોડી જાય એ પોતાના આત્માને ક્યાં નાખે છે એની એને ખબર નથી. કઈ ખીણમાં નાખે છે એની એને ખબર નથી. એ પરિસ્થિતિ થાય છે. એટલે એક એક વાત પોતાને ન સમજણ પડતી હોય તો વિશેષજ્ઞ હોય, જ્ઞાનીપુરુષ હોય એની સાથે વિચાર વિમર્શ, ચર્ચા, પ્રશ્ન પોતે પોતાના માટે, પોતાના હિત-અહિતના કાળજી કરવા ખાતર, દરકાર ખાતર એણે જાણી લેવું જોઈએ, સમજી લેવું જોઈએ. એમ ને એમ કાંઈ પગલું ભરવું (નહિ), ધર્મના ક્ષેત્રમાં ન ભરવું. તમે સંસારમાં ગમે તે કરશો (એ) ક્ષમ્ય છે. ધર્મના ક્ષેત્રમાં કાંઈ ગડબડ કરી જાવ એ અક્ષમ્ય અપરાધ છે. એટલી

ગંભીરતા (રાખવી). આ પેરેગ્રાફમાં એટલી ગંભીરતા છે.

**'જે સંસારઅર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે...'** એટલે ધર્મના ક્ષેત્રની અંદર જે કાંઈ ભૂલ થઈ જાય છે એ બહુ મોટી ભૂલ છે. એ નાનીસુની ભૂલ નથી એમ સમજવા જેવું છે. કારણ કે એને એમ લાગે છે કે હું અશાતના નથી કરતોં, હું વિરોધ નથી કરતોં, હું વિરોધ નથી કરતોં, પણ એ કરે જ છે. સર્વજ્ઞદેવના જિનમંદિરમાં આવીને દર્શન કરે છે અને કુદેવના મંદિરમાં પણ જઈને દર્શન કરે છે. એ કહે કે હું તો પ્રગટપણે બેઉનો આદર કરું છું. મને તો આ પણ આદરણીય છે અને મને તો આ પણ આદરણીય છે. તો કહે છે કે તારી વાત ખોટી છે. તને કુદેવ આદરણીય છે, સુદેવ ખરેખર આદરણીય નથી. આદર કરતોં હોય તો પણ તારો નિરાદર જ છે. એ વાત ઉપલક દૃષ્ટિએ ન સમજાય એવી છે એટલે સમજાવે છે. ઉપલક દૃષ્ટિએ એ વાત નથી સમજાતી એટલે તો સમજાવે છે. કે ભાઈ ! આમાં નિરાદર થાય છે. નથી થતો એમ નહિ પણ બરાબર થાય છે.

મુમુક્ષુ :- સમયસારનો આદર ને બાઈબલનો પણ આદર.

પૂજ્ય ભાઈશ્રી :- હા એના જેવું થઈ જાય છે. એકલા બાઈબલને માને છે એ તો નિરાદરમાં ઊભા જ છે પણ બેય કોર માને છે એ ? તો કહે છે, એ પણ એવા છે, એમાં કાંઈ ફેર નથી. એવું થઈ જાય છે. એટલે એ જરા ગંભીર વિષય છે.

**'તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે. તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસત્‌ગુર્વાદિકના આગ્રહથી,...'** એને આગ્રહ છે, અસત્‌નો પણ આગ્રહ છે એને. એટલે **'માઠા બોધથી, આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે.'** એ એની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યા વિના રહેશે નહિ, આજ્ઞા વિરુદ્ધ ગયા વિના રહેશે નહિ એ એનો અશાતના છે અને એ ઉપેક્ષાએ વર્તે છે.

**'તેમ જ તે માઠા સંગથી...'** એવા જીવોના સંગ કરવાને લીધે. એ માઠો સંગ છે અથવા કુસંગ છે એવા **'માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં...'** એ જે કાંઈ ધાર્મિક ક્રિયા કરે છે એમાં એની **'સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની...'** અમે પણ ધર્મ કરીએ છીએ અને અમે પણ સંસારને ટાળીએ છીએ, અમે પણ સંસારને કાપવા બેઠા છીએ, અમે પણ એ જ માર્ગે આગળ વધીએ છીએ. એમ **'પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે;...'**

એ પરમાર્થનો અનાદર કરે જ છે. પરમાર્થમાર્ગનો અનાદર કરે છે, પરમાર્થમાર્ગ પર ચાલનારાઓનો પણ અનાદર કરે જ છે. અને **'એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.'** એ જ અનંતાનુબંધીનું સ્વરૂપ છે, એમ કહે છે. સંસારના કાર્યોને અનંતાનુબંધીનું સ્વરૂપ અમે નથી કહેતા. કેમ કે એવા કાર્યો તો સમ્યગ્દષ્ટિ પણ કરતાં જોવામાં આવે છે માટે એનેથી એવો અનુબંધ નથી થતો. જે કાર્યો સામાન્ય જીવો કરે છે વેપાર, ધંધા, રાજ-પાટ, લડાઈ બીજું, ત્રીજું એ બધા સંસાર કાર્યો તો જ્ઞાની કરતાં જોવામાં આવે છે. જો એ અનંતાનુબંધીના કારણ હોત તો એને અનંતાનુબંધી થાત. તો કહે ફેર ક્યાં પડ્યો ? કે ફેર ધર્મના ક્ષેત્રમાં પડ્યો છે. એ જ અનંતાનુબંધીનું સ્વરૂપ છે એમ કહે છે. એ રીતે આ વિષયની અંદર બહુ સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે ભૂલેચૂકે પણ અવિવેકથી વિચાર્યા વિના અગંભીરપણે યથાર્થ નિર્ણય કર્યા વિના ગમે ત્યાં ગમે તેમ પ્રવર્તવું નહિ.

મુમુક્ષુ :- આ પત્ર ફરીથી લઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી લેવો છે ? લઈએ.

'સોભાગ્યભાઈ' ઉપરનો આ પત્ર છે. 'સોભાગ્યભાઈ' ઉપરના પત્રોમાં ઘણું તત્ત્વ આવ્યું છે. 'શ્રીકૃષ્ણના' દૃષ્ટાંતથી (કહે) છે કે **'શ્રીકૃષ્ણાદિકની ક્રિયા...'** એટલે 'શ્રીકૃષ્ણ' અને બીજા એવા જે ધર્માત્માઓ થયા તે બધા. આદિકમાં બધા લઈ લેવા. સર્વ ધર્માત્માઓ. એમની ક્રિયા **'ઉદાસીન જેવી હતી.'** એટલો ત્રણ ખંડનો પરિગ્રહ હતો. ૧૬૧૦૮ તો જેને રાણીઓ હતી. સોળ સહસ્ત્ર સત્ આઠ. છતાં તે ઉદાસ હતા. રાજ-પાટમાં, ઘરમાં બધી જ્ગ્યાએ એ ઉદાસ હતા. કેમ કે **'જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી.'** જે કાંઈ સંસારી ક્રિયા છે તે પૂર્વકર્મને લઈને છે અને જ્યારે સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વકર્મના ઉદયો પૂર્વવત્ ચાલુ રહી જાય છે. એમ ને એમ જ બધા બહારના દશ્યો અને બહારના ખોખા બધા પૂર્વકર્મના એમ ને એમ રહે છે. અંદરથી માંહેથી આત્મા ફરી જાય છે. ફેરફાર થાય છે એ આત્મામાં થાય છે, સંયોગોમાં ફેરફાર એ વખતે થતો નથી. માટે એવો કોઈ સિદ્ધાંત નથી કે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એટલે એને બધો ફેરફાર થઈ ગયો. એવું કાંઈ નથી. પૂર્વકર્મ પ્રમાણે જ બધી સ્થિતિ રહે.

'પૂજ્ય બહેનશ્રી'ની નાની ઉંમરમાં (સમ્યગ્દર્શન) થયું. એ ઘરકામ વગેરે બધું એમ જ કરતાં હતા. એ વખતે જે પહેલું ઘરકામ કરતાં હતા એવી જ રીતે કરતાં હતા. અહીંયાં ભાઈના ઘરે આવી ગયા હતા. પણ એ બધું એવી જ રીતે કરતાં હતા. જેટલું ઘરકામમાં હાથ બટાવતા હોય એ પ્રમાણે કામ કરતાં હોય. ફેર ન દેખાય એમાં કાંઈ. અંદરથી ફેર પડ્યો છે. અંદરથી ઉદાસીનતા આવી ગઈ છે. એમાં રસ નથી. પણ સમ્યગ્દર્શન થયું એટલે હું આ કાંઈ નહિ કરું એમ કહેતા નથી. એ જ પ્રમાણે ચાલે.

મુમુક્ષુ :– બહારથી જોનારને કાંઈ ખબર ન પડે.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ ખબર ન પડે, કાંઈ ખબર જ ન પડે. આજમાં અને કાલમાં શું ફેર છે એના આત્મામાં, એ કાંઈ ફેર ન પડે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનનું માહાત્મ્ય તે પછી ઘણા વર્ષે લોકો સમજ્યા. 'ગુરુદેવ'ના પ્રતાપથી. ત્યાં સુધી સમ્યગ્દષ્ટિની કાંઈ ખબરેય નહોતી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખરી વાત છે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય સત્પુરુષોએ પ્રકાશ્યું છે. 'ગુરુદેવશ્રી'એ તો આ કાળમાં વિશેષે કરીને પ્રકાશ્યું છે. 'શ્રીમદ્જી'એ તો આ સમ્યગ્દર્શનના માહાત્મ્યનો તો આ પત્ર છે. એમણે ઘણું કહ્યું છે પણ લોકોને ખ્યાલમાં નથી આવ્યું.

**'જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી. સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે.'** એ ક્રિયામાં જે રસ પહેલા હતો એ રસ પછી રહેતો નથી. મોટાભાગનો રસ તો પૂર્વભૂમિકામાં ખલાસ થાય છે. જો એની ભૂમિકા સમજવામાં આવે તો પૂર્વભૂમિકામાં એ જીવે ઘણો રસ તોડી નાખ્યો હોય છે. સમ્યગ્દર્શન થતાં તો ચૈતન્યરસ છે, અનંત ચૈતન્યરસ છે એમાં ડૂબકી મારી છે. ડૂબે છે એકવાર એ તો.

પહેલા પ્રાપ્ત કરવા માટે ઉદાસ થઈને રસ તોડી નાખ્યો હોય છે. પછી તો પ્રાપ્તિ થાય છે ત્યારે તો સંસારના કાર્યોના રસથી વિરુદ્ધ એવો જે આત્મરસ, ચૈતન્યરસ તે અમૃતરસના સરોવરમાં, શાંતરસના સરોવરમાં ડૂબી જાય છે એ તો. એટલે રસ ફરી જાય છે. એ તીવ્ર રસે કરીને એ અનુભવ આવે છે. એટલે સંસારની ક્રિયા હોય તો પણ એ ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે.

**'ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય;...'** પોતાને પરમાર્થને વિષે ભ્રાંતિ થાય એવી ક્રિયા (હોતી નથી). બીજાને થાય. એની ક્રિયાથી બીજાને ભ્રાંતિ થાય પણ પોતાને ભ્રાંતિ થાય એવી કોઈ ક્રિયા પોતે કરતોં નથી. **'અને જ્યાં સુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં.'** એનું સમ્યક્ત્વ અખંડપણે જળવાઈ રહે છે. સંસારની સર્વ ક્રિયાઓ કરતાં જે ક્રિયાઓ અજ્ઞાનભાવે કરતોં હતો સંસારિક સંબંધી એ ક્રિયાઓ જ્ઞાનદશામાં કરે તો પણ એના સમ્યક્ત્વને બાધ થતો નથી. કેમ કે રસ ફરી ગયો છે. નીરસ પરિણામ થઈ ગયા છે, લુખ્ખા પરિણામ થઈ ગયા છે એમ કહેવું છે. પછી એક દૃષ્ટાંત આપ્યો છે સર્પનો. કે **'સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી,...'** સર્પને ચરણસ્પર્શ ન લ્યે.

મુમુક્ષુ :- દૂરથી નમસ્કાર.

પૂજ્ય ભાઈશ્રી :- દૂરથી નમસ્કાર કરે. નાગબાપા દીવો કર્યો છે, હવે તમે ચાલ્યા જાવ. મહેરબાની કરીને પધારો અહીંથી. તમે જ્યાં સુધી રહેશો ત્યાં સુધી અમને ઊંઘ આવવાની નથી. ભયથી પૂજે છે એને. એમ સંસારને સર્પ સમજે છે. સંસારના કાર્યોને સર્પ સમજે છે કે આમાં ઝેર ભર્યાં છે. આને દૂરથી નમસ્કાર છે. એને આત્મામાં સ્પર્શવા દેવાય નહિ.

**'સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, પણ ભયથી પૂજે છે; ભાવથી પૂજતા નથી;...'** પૂજ્યભાવથી પૂજતા નથી, ભયથી પૂજે છે **'અને ઇષ્ટદેવને લોકો અત્યંત ભાવે પૂજે છે,...'** મારા ભગવાન છે, મારા કલ્યાણના કરનારા છે એમ સમજીને ઇષ્ટભાવથી પૂજે છે. **'એમ સમ્યક્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે,...'** સર્પની જેમ ભજતો દેખાય છે કે આ સંસાર ન જોઈએ, મારે આ સંસાર હવે ન જોઈએ. **'તે પૂર્વે નિબંધન કરેલાં એવાં પ્રારબ્ધકર્મથી દેખાય છે.'** સંસારને ભજતો દેખાય છે પણ પૂર્વે નિબંધન કરેલા એવા પ્રારબ્ધકર્મથી એ બધો દેખાવ એનો ઊભો છે. અંદરથી ખસી ગયેલો છે.

એક જાસુસનું દૃષ્ટાંત આવે છે. સામે સામે બે મિલેટ્રીની છાવણી, લશ્કરી છાવણી પડી હોય. એમાં એક માણસ એક છાવણીમાંથી બીજી છાવણીમાં જ્યારે જાય ત્યારે વેશપલટો કરી લે. એનો જેવો ડ્રેસ હોય સામે છાવણીમાં (એવો પહેરે). બેયના ડ્રેસ

જુદા જુદા હોય. નહિતર તો લડાઈ વખતે ઓળખાય કેવી રીતે ? કોને કોને મારવો ? જો બધાના એક સરખા ડ્રેસ હોય તો પોતાના સૈન્યને મારવા માંડે. એટલે એનો જે ડ્રેસ હોય એ ડ્રેસ પહેરી લે. પછી એની છાવણીમાં એનો ડ્રેસ પહેર્યા પછી એ લોકોના બધા નીતિ-નિયમ હોય એ ચુસ્તપણે પાળે, ક્યાંય ભૂલ ન કરે. ભૂલ ન થાય એની તકેદારી રાખે. કે જો હું ભૂલ કરીશ તો પકડાઈ જઈશ. કે આને કેમ ભૂલ થઈ ? આ અજાણ્યો માણસ ઘૂસી ગયો લાગે છે. કોઈ જાસૂસ તો નથી ને ? એટલે એના નીતિ-નિયમનો અભ્યાસ પહેલા કરી લીધો હોય. અને બરાબર ચોક્સાઈથી ભૂલ ન થાય એ રીતે એના નીતિ-નિયમ પાળે અને બધે એના ઓર્ડર પ્રમાણે જ વર્તે. કવાયત કરે ઓર્ડર આપે તો એ જ પ્રમાણે ક્વાયત કરે, બધું કરે. હવે કહો જોઇ કે એને કેટલો પ્રેમ છે એના ઉપર ? એ ખલાસ કરવા માગે છે. સામેવાળાના આખા લશ્કરને એ નાશ કરવા માગે છે. એટલું સાહસ કરીને ત્યાં ગયો છે. એમ સમ્યગ્દષ્ટિ સંસારને ભજતો દેખાય છે પણ સંસારને રાખવા માગતો નથી ખલાસ કરવા માગે છે.

**'વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહીં.'** એ તીવ્ર રસે કરીને સંસારમાં બંધાઈ જાય એવો પ્રતિબંધ એને હોતો નથી. **'પૂર્વકર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે.'** પૂર્વકર્મનો ઉદય છે અને એમાં પોતે ભયવાન છે કે નહિ ? ભવભયથી ડરીને એ કાર્ય કરે છે. ભવભયનો ડર રાખ્યા વિના નિરંકુશપણે પ્રવર્તતો નથી. **'જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્દૃષ્ટિપણું તે જીવને હોય છે.'** એટલે કે જેટલે અંશે ભાવપ્રતિબંધ ન થાય તેટલા અંશે સાધકપણું તે જીવને હોય છે. સમ્યક્દૃષ્ટિ તો અખંડ છે એમાં અંશ પડતા નથી. પણ અહીંયાં સાધકપણું લેવું. આશય છે સાધકપણું કહેવાનો. જેટલા અબંધ પરિણામ છે એટલું સાધકપણું છે અને સમ્યગ્દષ્ટિને પણ જેટલા સંબંધવાળા પરિણામ છે એટલે અંશે એને અલ્પ બંધ થાય છે. એને પણ અલ્પ બંધ છે એમ લેવું. એ વાત સમ્યગ્દષ્ટિની કર્યા પછી અનંતાનુબંધીનું પ્રકરણ આ પત્રની અંદર ચર્ચ્યું છે.

**'અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયાં સંભવે નહીં;...'** જો સમ્યક્ત્વ આવે, સમ્યક્ત્વનો સદ્ભાવ હોય તો જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ જાય, નહિતર જાય નહિ. **'એમ જે કહેવાય છે...'** અથવા

એમ જ સિદ્ધાંત છે તે યથાર્થ છે. **'સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં,...'** અનંતાનુબંધી તો શાસ્ત્રની વાત થઈ. એટલે કરણાનુયોગનો વિષય થઈ ગયો. અને કરણાનુયોગનો વિષય તો કેવળજ્ઞાન ગમ્ય બહુભાગ છે. આ પરમાણુને કેવી રીતે ઓળખવા ? તો કહે છે, ભાવથી ઓળખાશે. અને એ ભાવ બુદ્ધિગમ્ય છે, તો એમાં એ બુદ્ધિગમ્ય વાત લીધી. કેમ કે અહીંયાં વાત અધ્યાત્મની લેવી છે ને. તો કહે છે, **'સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ..'** વિના ચીકણા પરિણામ. તીવ્ર સ્નેહ, સ્નેહ એટલે ચીકાશ. તીવ્ર ચીકાશવાળા જે ક્રોધ, માન, માયા, લોભ છે એ તીવ્ર ચીકાશ જ્યાં જ્યાં ચીકાશ હોય ત્યાં ત્યાં એ અનંતાનુબંધી બરાબર વર્તે છે. એ સ્પષ્ટપણે એની પરીક્ષા કરી લેવી. પોતાના પરિણામનું અવલોકન કર્યા વિના એને પોતાની ચીકાશ સમજાતી નથી. પોતાના પરિણામને જે તપાસતો હોય. બારીકાઈથી એનું અવલોકન કરતો હોય એને એ સમજાય છે કે મારા પરિણામ કેટલા ચીકણા થાય છે.

સમ્યગ્દષ્ટિને તો ચીકણા પરિણામ થાય જ નહિ. પણ મિથ્યાત્વ અવસ્થામાં જે સમ્યગ્દર્શનની સમીપ જાય છે તેને પણ ચીકણા પરિણામ થાય નહિ. ભલે એને અનંતાનુબંધી નિર્મુળ નથી થયો, મિથ્યાત્વ નિર્મુળ નથી થયું પણ ચીકાશ એની ઘટી જાય છે. ત્યારે એને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે અને અનંતાનુબંધીનો નાશ થાય છે.

એટલે મિથ્યાત્વ અવસ્થામાં એમ ન લેવું કે આપણને તો મિથ્યાત્વ છે એટલે તીવ્ર ચીકણા પરિણામ થાય જ ને ? સમ્યક્ત્વ આવ્યા સિવાય તો એ જાતા નથી. અને આપણને સમ્યક્ત્વ આવ્યું નથી માટે આપણા તો ચીકણા પરિણામ હોય. એમ મુમુક્ષુજીવે વિચારવા યોગ્ય નથી. એણે તો ચીકાશને તોડવી. આત્માના અહિતને ગંભીરપણે લક્ષમાં લઈને કે આ ચીકણા પરિણામ મારું મોટું અહિત કરે છે અને જ્યાં સુધી આની ચીકાશ નહિ ઘટે ત્યાં સુધી મને એનો અભાવ થવાનું કારણ પણ નથી. શું છે ? મિથ્યાત્વ એટલે દર્શનમોહ, અજ્ઞાન અને અનંતાનુબંધી-દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેના પરિણામ, એના અનુભાગની મંદતા થયા વિના એનો અભાવ નથી થતો. એને વિશુદ્ધિ કહી છે, લ્યો ! એને વિશુદ્ધિ કહી છે. ૨૦૩ નંબરનો જે બોલ છે ને ? એમાં 'ગુરુદેવ'ના પ્રવચનો છે એમાં ૨૦૩ નંબરનો બોલ છે.

**'દર્શનમોહ મંદ થયા વિના વસ્તુ સ્વભાવ ખ્યાલમાં આવે નહિ.'** જ્ઞાનનો સાથે

સંબંધ લીધો. દર્શનમોહ જેનો મંદ થાય એને જ સ્વરૂપ નિશ્ચય થાય. ખ્યાલમાં આવ્યો એટલે અહીંયાં સ્વરૂપનો નિશ્ચય લેવો. એનું જ્ઞાન કેટલું નિર્મળ હોય કે તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી શકે. એ દર્શનમોહ મંદ થયા વિના નથી થતું. ત્યાં અજ્ઞાન પણ મંદ થયું છે, ત્યાં અનંતાનુબંધી પણ મંદ થઈ ગયું છે. એટલે ચીકણા પરિણામ એને થતા નથી. અજ્ઞાન અને દર્શનમોહની મંદતાના પરિણામ સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- એના પરિણામ કઈ જાતના હશે કે આવી સૂક્ષ્મતા આવી ?

પૂજ્ય ભાઈશ્રી :- એના પરિણામ આત્મહિત માટે બહુ તત્પર થયા છે કે મારે હવે મારા સ્વરૂપની પ્રાપ્તિ કરી લેવી છે. એ જ મારા જીવનનું ધ્યેય છે અને એ સિવાય મારું કોઈ ધ્યેય નથી. બીજું કરવું પડે એ ધ્યેયથી નથી કરતો. એ કરવું પડે છે એ બીજી વાત છે પણ મારું ધ્યેય એક સ્વરૂપ પ્રાપ્તિ સિવાય બીજું મારું ધ્યેય નથી. એમ જે એક માત્ર આત્મા જ પોતાને જોઈએ અને સંસારમાંથી કાંઈ જોઈતું નથી, એવી પાત્રતામાં આવે છે ત્યારે દર્શનમોહ મંદ થાય છે. એમાં પણ જ્યારે સ્વરૂપનિશ્ચય કરવા માટેની અંતર શોધ જીવને ચાલે છે ત્યારે પણ દર્શનમોહ અત્યંત મંદ થાય છે. દર્શનમોહ મંદ થયા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને એવો વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવ્યા વિના દર્શનમોહનો અભાવ થાય નહિ, અભાવ થયા વિના આત્મા અનુભવમાં આવે નહિ. બસ, આટલો બોલ છે. સિદ્ધાંત મૂકી દીધો છે દર્શનમોહ સંબંધીનો અને અનુભવ સંબંધીનો.

એટલે દર્શનમોહની મંદતા અને અજ્ઞાનની મંદતાના પરિણામનો ઘણાને ખ્યાલ નથી આવતો. કેમ કે શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માની લે એટલે અજ્ઞાન મંદ પડી ગયેલું માની લે. દેવ-ગુરુ-શાસ્ત્ર વગરે અનુસરતા દર્શનમોહ મંદ પડી ગયો. ત્યારે કહે છે, ઊભો રહે. હવે તને સ્થૂળ પરિણામ પકડાવીએ. તારા ચારિત્રગુણના પરિણામને પકડાવીએ કે આ તને જે સંસારિક કાર્યોનો ઉદય છે એની અંદર તારા ચીકણા પરિણામ થાય છે ? તીવ્ર સ્નેહથી એટલે ચીકણા પરિણામ થાય છે ? તીવ્ર ચીકાશ આવે છે ? તો હજી ઓલા બે સાજા છે. અજ્ઞાન અને દર્શનમોહ હજી તીવ્ર વર્તે છે એમ નક્કી કરી લેજે. અને આ તું પકડીશ તો તારી બુદ્ધિમાં આ વાત આવશે. જ્યાં ત્યાં ઉદય થશે ત્યારે તારી બુદ્ધિમાં આ વાત સમજાઈ જશે, જો તું અવલોકન કરીશ તો. કેટલા ચીકણા પરિણામ થઈ ગયા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ સ્થૂળ છે ઓલા સૂક્ષ્મ છે. ત્રણે નાસ્તિના પરિણામ છે તો પણ ચારિત્રમોહના પરિણામ છે એ સ્થૂળ છે, દર્શનમોહના પરિણામ અને અજ્ઞાનના પરિણામ એ સૂક્ષ્મ છે. એટલે એ ન સમજમાં આવે ... અનંતાનુબંધીની જે ચર્ચા કરી છે એનું કારણ એ છે કે તારા અવલોકનમાં વાત ન આવતી હોય તો હજી તને સમજાવીએ. ન પકડાતું હોય ઝીણું તો જાડું તો પકડાય છે ને ? એમ કહે છે.

મુમુક્ષુ :– આ બાજુથી લેવામાં આવે કે જ્યાં સુધી અનુભવ નથી ત્યાં સુધીના ચીકણા પરિણામ જ છે....

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં સુધીના પરિણામ ચીકણા જ છે એમ પક્કડ કરે તો પછી એ મોળા ક્યારે પાડે ? એની ચીકાશ કેવી રીતે ઘટાડે ? મારે તો હજી અનુભવ થયો નથી. મારા પરિણામ તો ચીકણા જ થાય ને ?

મુમુક્ષુ :– થાય એમ નહિ, પણ ચીકણા છે એમ પોતાને...

પૂજ્ય ભાઈશ્રી :– ચીકણા છે ખરા. પણ એ ચીકાશને ઘટાડી શકાય છે અને એ ચીકાશનો અભાવ કરી શકાય છે. એ રસ્તો પકડીને, એ દૃષ્ટિકોણ પકડીને વાત છે. એ દૃષ્ટિકોણ છોડીને કોઈ વાત લેવી ન જોઈએ.

મુમુક્ષુ :– સ્વરૂપને પકડે તો પરિણામ...

પૂજ્ય ભાઈશ્રી :– સ્વરૂપને પકડે અથવા સ્વરૂપને પકડવાની ભાવના કરે ત્યારથી પરિણામમાં ફેર પડી જવો જોઈએ. નહિતર શું થાય છે કે ભાવના છે એટલે હવે અમે સંસારની પ્રવૃત્તિઓ ઓછી કરી નાખી છે અથવા બંધ કરી દીધી છે. ધાર્મિક પ્રવૃત્તિઓ વધારી દીધી છે માટે અમારી ભાવના છે. તો કહે છે, ઊભો રહે. હજી પણ તને ઉદયના પરિણામ તો થવાના છે. જ્યાં સુધી ઉદય છે ત્યાં સુધી ઉદયભાવ પણ તને થવાના છે, છદ્મસ્થ અવસ્થા છે એટલે. હવે પરિણામ ચીકણા થાય છે કે નથી થતાં તને અવલોકન છે ? આ એને પોતાને પોતાનો ખ્યાલ, પોતે ક્યાં ઊભો છે ? કઈ સ્થિતિમાં વર્તે છે એનો ખ્યાલ આવી જાય છે એને.

મુમુક્ષુ :– ઘણું સારુ માર્ગદર્શન છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણું સારું માર્ગદર્શન છે.

મુમુક્ષુ :– નહિતર તો અનુભવ પહેલાનું Stage જ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવ પહેલાની ભૂમિકા જ ન આવે. અનુભવ પહેલાની ભૂમિકા સાધવા માટે તે પરિણામ લુખ્ખા થવા જોઈએ. અને એ એવા લુખ્ખા થાય કે બહારનો દેખાવ તો જ્ઞાની કરતાં (વધારે) દેખાઈ આવે કે અરે..! આને તો ઘણો વૈરાગ્ય છે. આનું ક્યાંય ચિત્ત ચોંટતું નથી. એને આત્મા જોઈએ છે એટલે એનું ચિત્ત ક્યાંય ચોટતું નથી, એમ બીજાને લાગી જાય.

એક (પત્રમાં) 'શ્રીમદ્જી' લખે છે કે જ્ઞાની કરતાં પણ મુમુક્ષુનો વૈરાગ્ય વધી જવો જોઈએ. એ આ રીતે વધી જવો જોઈએ. ખરેખર વધી જતો નથી પણ એનો દેખાવ એટલો ફરી જાય છે. અને જ્ઞાનીને તો દેખાવ ન ફરે તો પણ જ્ઞાની તો જ્ઞાની જ રહે છે. એણે તો મૂળિયું અનંતાનુબંધીનું કાપી નાખ્યું છે. ઓલાને સદ્ભાવ વર્તે છે એટલે એ જુએ છે કે આ હજી જીવતો છે. સર્પ અંદર જીવતો છે. આ સર્પ મર્યો નથી. મરેલો કરડે નહિ, જીવતો તો ગમે ત્યારે કરડે, કાંઈ કહેવાય નહિ. એટલે નિર્ભય થઈને સૂતો નથી.

મુમુક્ષુ :– આ પ્રથમ ભૂમિકામાં આને દર્શનમોહના મૂળિયાં કપાવાના શરૂ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– દર્શનમોહ મંદ થાય છે એટલે એનો જે રસ છે એની શક્તિ તૂટે છે. બાકી અભાવ તો ત્યારે થાય છે જ્યારે સ્વાનુભવ કરે ત્યારે. જ્યાં સુધી દર્શનમોહ જીવતો છે ત્યાં સુધી નિર્ભય રહેવાય નહિ. એમ કહેવા માગે છે. ભલે અનુભાગ ઘટ્યો હોય તો પણ અભાવ તો નથી થયો ને ? સગપણ કર્યું છે પણ લગ્ન નથી થયા. પછી રાંડે. રાંડે એટલે કોઈ બેમાંથી એક મરે તો બીજે લગ્ન કરવામાં બહુ વાંધો નથી. એમ છે કે નહિ ? લગ્ન થઈ ગયા હોય તો ઘણો ફેર પડી જાય છે.

એમ અહીંયાં હજી અનુભવ નથી થયો એટલે પોતાના સ્વરૂપ સાથે એકત્વ નથી સાધ્યું. એકત્વ નથી સાધ્યું તો દર્શનમોહ ભલે ગમે તેટલો મંદ થયો હોય. એ મંદ થયો (પણ) હજી મોક્ષમાર્ગમાં આવ્યો નથી. બંધમાર્ગમાં અનંતાનુબંધીમાં બધે એનું ઊભું જ છે. એટલે એને ત્યાં નિર્ભય થઈને રહેવાય નહિ. ગમે ત્યારે લથડિયું ખાઈને પડે તો તીવ્રતામાં આવ્યા વિના રહે નહિ. એક સેકન્ડની અંદર દર્શનમોહ વધી જાય, અનંતાનુબંધી વધી જાય, જરાક ભૂલ કરે ત્યાં. બહુ જ સાવધાની એને રાખવી જોઈએ એવી વાત છે.

મુમુક્ષુની ભૂમિકામાં દર્શનમોહ મંદ પાડ્યો હોય તો કાંઈ એ દૃષ્ટિએ અવસ્થાની વિશેષતા જોવા જેવી નથી એમ કહેવા માગે છે. કેમ કે અવસ્થાનો આશ્રય છોડાવવાનો આ માર્ગ છે. જ્યારે કોઈ એમ વિચારી લે કે હવે અનુભવ નજીક આવી ગયો, મારો દર્શનમોહ ઘટી ગયો, મારા અનંતાનુબંધી અને અજ્ઞાન પાતળા પડી ગયા એટલે એ જ વખતે વધી જાય છે, તીવ્ર થઈ જાય છે કેમ કે એને પર્યાયમાં જોર આવી ગયું જરા. એ જોર તો ક્યાંય આવવું જોઈએ નહિ.

**'સંસારી પદાર્થોને વિષે...'** એટલે ઉદયને વિષે. **'જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય.'** એવા તીવ્ર એને અનંતાનુબંધીના (પરિણામ) હોવા જોઈએ નહિ. એટલે એને મંદ પાડી દેવા જોઈએ. **'જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે,...'** અથવા ઉદય હોવો એને સંભવે છે. એ તો ચોખ્ખે ચોખ્ખો ઉદય છે કે એ જ્ઞાની છે કે કેમ ? એ પરીક્ષા કરવાની જરૂર રહેતી નથી. **'અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય.'** બસ, આ સીધી વાત છે. તીવ્ર રસે કરીને સંસારમાં ઉદયમાં વર્તે છે એ પરમાર્થમાર્ગની બહાર છે. પરમાર્થમાર્ગની અંદર આવવાવાળા જીવને એવી તીવ્રતા રસની હોતી નથી. આ સીધી વાત છે. રસ પકડતા આવડતો હોય તો ભૂલીશ નહિ તું. તો ક્યાંય નહિ ભૂલ. કેમ કે રસની સાથે અજ્ઞાન અને દર્શનમોહનો સંબંધ સીધેસીધો જ છે. સાથોસાથ જ જોડાયેલા છે.

**'પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે,...'** એકલા પાપભાવમાં નહિ, એકલા પુણ્યભાવમાં નહિ પણ જે કોઈ રાગાદિ ભાવમાં એને તીવ્રતા આવતી હોય ત્યાં એ બધે પ્રકારે કાયર થયા કરે. જુઓ ! એ અંદરથી એનો આત્મા ભયભીત થઈ જાય છે. આ સંસાર વધે છે, આ સંસાર વધે છે. સંસાર મારે વધારવો નથી. સુખે અથવા દુઃખે. બંને પ્રકારમાં શાતામાં અથવા અશાતામાં. **'દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે,...'** દુઃખમાં તો ઘણા હેરાન હેરાન થઈને એમ કહે કે અરેરે...! કોઈ રીતે આવા દુઃખમય સંસારમાંથી છૂટીએ તો સારું. **'પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું,**

**નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.**' સંસારની અનુકૂળતાઓ આવતી હોય, વધતી જતી હોય ત્યારે પણ એને એ વખતે પોતાનો પરમાર્થમાર્ગ સ્મરણમાં આવે અને એ અનુકૂળતાઓ પ્રત્યે નીરસ થઈ જાય કે મારો માર્ગ જુદો છે. અનંતવાર આવી અનુકૂળતાઓ ભોગવી અને આમને આમ રખડ્યો છું. હવે કોઈ મારું હિત સાધી લઉં. ગમે તે ઉદય હોય હું મારું હિત સાધી લઉં. એમ પરમાર્થમાર્ગની પ્રાપ્તિના ધ્યેયથી એ હેતુથી જે અનુકૂળતા હોય કે પ્રતિકૂળતા હોય બંનેમાં નીરસ થઈ જાય. બંનેમાં ઉદાસીન થઈ જાય, ઉપેક્ષિત થઈ જાય. તો એ પરમાર્થમાર્ગ પ્રત્યે આવવાને યોગ્ય છે અથવા તો પરમાર્થમાર્ગી પુરુષ છે. એમ લેવું. એ પરમાર્થમાર્ગી આત્મા છે. નહિતર એ પરમાર્થમાર્ગી આત્મા નથી. એ સંસારમાર્ગી આત્મા છે. ચોખ્ખે ચોખ્ખી વાત લઈ લીધી. આ પ્રકારની ભાષા એ સીધે સીધી સામાન્ય માણસ પણ પોતાના અનુભવથી સમજી શકે.

આ જ્ઞાનીની વાણીનું લક્ષણ એ છે કે અનુભવમાં આવે એવી એમની વાત હોય છે પોતે એ રીતે જે રીતે અનુભવમાંથી પસાર થયા છે એવી વાત એ કરે છે કે બીજાને સમજાય પાછી. કે જો ભાઈ ! તું જોઈ જો. તને દુઃખમાં તો કાયરપણું આવતું હશે પણ સુખમાં પણ કાયરપણું આવે છે ? કે આ નહિ, આ નહિ. મારો માર્ગ જુદો છે. મારે જ્યાં જવું છે એ જુદું છે, મારું ધ્યેય જુદું છે, મારું કાર્ય જુદું છે. આ બધું પૂર્વકર્મને લઈને આવી પડ્યું છે પણ હું આ બધામાંથી છૂટવા માગુ છું. ચાહે અનુકૂળતા હોય, ચાહે પ્રતિકૂળતા હોય, બધેથી છૂટવું છે જેને. છૂટવું... છૂટવું... છૂટવું જેને અંદરથી થઈ રહ્યું છે એને કોઈ બાંધનાર નથી. અને સ્વયં જેને બંધાવું છે (એને કોઈ છોડાવનાર નથી). 'ગુરુદેવ' કહેને ? ગાડાનું ઢોસરું ઊંચુ કરે ત્યાં ડચકારો કર્યા પહેલા બળદ માથું નાખે. એમ કોઈ એને નોતરું આપે નહિ એ પહેલા તો એ જોડાઈ જાય. ગમે ત્યાં અંદર જોડાઈ જાય છે. કહે છે કે એને છૂટવું નથી પણ હજી એને બંધાવું છે. તો બંધાનારને કોઈ (છોડાવનાર નથી). જેને સ્વયંને બંધાવું છે એને કોઈ છોડાવનાર નથી. એને ગુરુ પણ નહિ છોડાવી શકે અને ભગવાન પણ નહિ છોડાવી શકે. કેમ કે અનંત શક્તિએ કરીને વર્તે છે. એની સર્વ શક્તિએ કરીને એ સંસારમાં વર્તે છે. એને કોણ ફેરવી શકે ? પાછા વળવું છે એને કોઈ જોડી શકશે નહિ. આ સીધી વાત છે. અહીં સુધી રાખીએ....

પત્રાંક-૪૬૦

મુંબઈ, બીજા અષાડ વદ ૧૦, સોમ, ૧૯૪૯

ભાઈ કુંવરજી, શ્રી કલોલ.

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્‌પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તુતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્‌પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્‌પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્‌પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે. જોકે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.

જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું

છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઇચ્છાએ નહીં, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઈ તે મમતા છે તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતા સ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.

તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.

પ્રણામ પહોંચે.

## તા. ૨-૬-૧૯૯૦, પત્રાંક – ૪૬૦
## પ્રવચન નં. ૧૭૦

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ, પત્રાંક ૪૬૦ પાનું ૩૭૮. 'કલોલ'ના 'કુંવરજીભાઈ' અને 'ઉગરીબહેન' ઉપરનો આ પત્ર છે. 'કલોલ'ના બહેનના પત્રો અને 'શ્રીમદ્જી'ના પત્રો એની પાત્રતાનો તો અવશ્ય નિર્દેશ કરે છે. પાત્રતા સારી હતી. એમના પોતાના પત્રોમાં એમણે સ્વરૂપપ્રાપ્તિની લગની, ભાવનાનો વિષય ઘણો વ્યક્ત કરેલો છે.

**'ભાઈ કુંવરજી,'** તથા 'ઉગરીબેન.'

**'શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલા એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે.'** શરીર વેદના ઉત્પન્ન થાય ત્યારે ન્યાય કેવી રીતે ગ્રહણ કરવો ? અને પ્રયોગ કેવી રીતે કરવો ? એ બે વાત આ પત્રની અંદર લીધી છે. બીજા પ્રતિકૂળ સંયોગોમાં જીવ કોઈને કોઈ પ્રકારે સમાધાન કરે છે. બીજા કોઈ નુકસાનીના પ્રતિકૂળતાના પ્રસંગોમાં સમાધાનમાં કોઈને કોઈ વિચાર, વિકલ્પથી જીવ હળવો થાય છે પણ વેદના એક એવો પ્રકાર છે કે જેમાં વેદનામાં જ પરિણામ ખેંચાયા વિના રહેતા નથી. એવા પ્રકારે પણ જો જીવ પોતાના સ્વરૂપ પ્રત્યે વળી શકે એવો પ્રયત્ન કરે અને એના યથાર્થ ન્યાયથી પોતાને પાછો વાળે, પાછો વાળે એટલે નિર્દોષતામાં વાળે, દોષિત પરિણામ ન થવા દે, તો તે કાળે જે આકરા કર્મબંધન થાય છે એવું કર્મબંધન જીવને ન થાય. વેદનાના કાળે બીજી તેવી જ વેદના ઉત્પન્ન થાય એવી અશાતાનું કર્મ તો સહેજે સહેજે બંધાય છે. એ ઉપરાંત પણ મોહવશ વેદના થતી હોવાથી દેહાત્મબુદ્ધિને લઈને વેદના થતી હોવાથી જ્ઞાનાવરણીય, દર્શાનાવરણીય, મોહનીય, અંતરાય આ ચારેય ઘાતિકર્મના બંધ પડે છે.

પહેલા ન્યાય લીધો છે કે શારીરિક વેદના છે એ દેહનો ધર્મ છે અને દેહનો ધર્મ છે એટલે આત્માનો ધર્મ નથી. ધર્મ એટલે અહીંયાં પર્યાય લેવી. શારીરિક વેદના

છે એ શરીરની પર્યાય છે. શાતા અને અશાતાની પર્યાય શરીરમાં થવા યોગ્ય છે તે થાય છે, તે આત્મામાં થાય છે એમ નથી. દેહથી ભિન્ન એવો જે આત્મા એનો ધર્મ નથી કે વેદના ઉત્પન્ન થાય. વેદના શરીરમાં થાય તે જણાય એવો આત્મામાં ધર્મ છે પણ વેદના આત્મામાં થાય એવો આત્માનો ધર્મ નથી. આ શરીરનો ધર્મ છે, દેહનો ધર્મ છે. એમ પ્રથમ તો દેહથી ભેદજ્ઞાન કરવું. તે શરીરનો ધર્મ છે, શરીરમાં તે ઉત્પન્ન થાય છે, આત્મામાં તે ઉત્પન્ન થતો નથી. અને શરીર એ પોતાની ચીજ નથી, એ આત્માની ચીજ નથી માટે વેદના જે શરીરમાં ઉત્પન્ન થાય છે એ સંયોગની નિકટતાને લઈને જણાયા વિના રહેતી નથી. એને ન જાણવી હોય તો ન જાણે એવું બનતું નથી. એનું જાણવું અનિવાર્ય થાય છે. તો પણ જો પોતાની વ્યાપકતાનો અભાવ એમાં જોવામાં આવે એ જોવું એ પ્રયોગ છે. પોતાના જ્ઞાનથી પોતે વેદનામાં વ્યાપતો નથી. એ વ્યાપકતાનો અભાવ જો જોવામાં આવે તો દેહનો ધર્મ દેહમાં જાણવામાં આવશે. દેહનો ધર્મ આત્મામાં નથી એમ અવશ્ય જાણવામાં આવશે. એટલે એ દેહથી ભિન્નપણાનો પ્રયોગ છે.

**'શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલા કર્મોનું ફળ જાણી...'** એટલે એ પણ ન્યાયસંપન્ન વાત છે કે પોતે કોઈને કોઈ પ્રકારના વિભાવથી એ કર્મ બાંધ્યું છે જેનો ઉદય વર્તે છે. વેદના તરીકે જેનો ઉદય વર્તે છે એ પોતાના જ બાંધેલા કર્મનું ફળ છે, એ કોઈએ વેદના કરાવી છે એમ નથી, કોઈએ મોકલી છે એમ નથી. પ્રમાણિકપણે પોતે જ જે દેવું કર્યું છે એ દેવું ભરપાઈ કરવાનો આ વખત છે. માટે પણ તે સંબંધી આકુળતા કરવા યોગ્ય નથી અથવા અણગમો કરવા યોગ્ય નથી.

બહુભાગ શું થાય છે કે શરીરમાં રોગ અને વેદના આવે ત્યારે કેમ જલ્દી (મટે), એટલો અણગમો થાય કે કેમ જલ્દી એ મટી જાય ? અને જલ્દી એનો નાશ થાય ? અભાવ થાય ? એવો પ્રયત્ન જીવ કરવા લાગી જાય છે. છતાં પણ વેદના, વેદનાના કાળે જ પૂર્ણ થાય છે. કોઈ જીવના પ્રયત્નથી કે કોઈ દવાથી કે કોઈ ઉપચારથી કે કોઈ બીજા કારણથી વેદના પૂરી થઈ જાય છે એવું ક્યારેય બનતું નથી. વેદના, વેદનાના કાળે પૂરી થાય છે. પણ એ વેદનામાં સમ્યક્ પ્રકારે ટકવું એ નહિ બની શકતું હોવાથી જીવ એનો ઉપચાર કર્યા વગર રહી શકતો નથી એમ છે.

આ પત્રમાં બીજા પણ ઘણા સારા ન્યાયો લીધા છે. આખો પત્ર જ શરીર વેદના

વખતે કેવા કેવા પ્રકારે પ્રયોગથી અને વિચારથી, ન્યાયથી વર્તવું એનું બહુ સુંદર આલેખન છે.

પોતાના જ એવા **'બાંધેલાં એવા કર્મોનું ફળ જાણી...'** એટલે કે પોતે બાંધ્યા છે માટે પોતે અણગમો કરવા યોગ્ય નથી. જેમ કોઈ વાત પોતે નક્કી કરી હોય તો એ નક્કી કરેલી વાત એણે પાળવી જોઈએ, કે ભાઈ ! આ અમારું વચન છે, અમે આ પાળશું. પછી એ વચન પાળતા અણગમો કરવાનું કોઈ કારણ હોવું જોઈએ નહિ. એમ ખરેખર પોતે બાંધેલું કર્મ છે. એનો અણગમો શા માટે ? એમ જાણી **'સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે.'** એટલે વેદવા યોગ્ય છે. અહિયાસવું એટલે એનો અનુભવ કરવો, પણ સમ્યક્ પ્રકારે. સમ્યક્ પ્રકારે એટલે શું ? કે આત્માભિમુખ થઈને. સમ્યક્નો અર્થ એ છે.

સમ્યક્ એટલે પરિણામમાં દિશાફેર થવું, પોતાની સન્મુખ થવું એવા પ્રકારે તેને વેદવું. વેદનાની સન્મુખ થઈને વેદનાને વેદતાં તો પરિણામ બગડ્યા વિના રહેશે નહિ. પણ વેદનાથી પરિણામ ફેરવવા માટે ન્યાયના બે પ્રકાર લીધા કે એક તો એ પોતાના જ બાંધેલાં કર્મનું ફળ છે. માટે એનો અણગમો કરવા યોગ્ય પોતે નથી. જે દેવું કર્યું છે એ ચૂકવવાની વાત છે. પ્રમાણિક માણસ શરાફ હોય એ જમે રાખેલી રકમ પાછી આપતા એને અણગમો થતો નથી. શુદ્ધ દાનત છે, પ્રમાણિક્તા છે. બરાબર છે, રકમ તમારી છે, પૈસા તમારા છે, તમારા પૈસા તમને દેવા એમાં મારે શું ? બીજો વિચાર કે વિકલ્પ કરવાનો શું હોય ? એનો વિચાર કરવાનો હોય ? કે કાંઈ વિચાર કરવાનો હોય નહિ. એટલે એ રીતે પણ ભલે એ વેદના વેદાય. પૂર્વનું બાંધેલું કર્મનું ખાતું ચૂકતે થઈ જશે. અને અત્યારે હવે નવા કર્મ ન બંધાય એવી હું સાવધાનીમાં બરાબર છું, જાગૃત છું. તેથી દેહથી ભિન્ન એવા આત્મા પ્રત્યે હું વળું છું, દેહાદિ પ્રત્યેના પરિણામ છે એના પરિણામથી હું પાછો વળું છું. એ રીતે તે **'અહિયાસવા યોગ્ય છે.'**

પણ **'ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે,...'** એટલે તીવ્ર વેદના થઈ હોય. સામાન્ય વેદનામાં આ પ્રકાર પ્રયોગમાં સહેલાઈથી લઈ શકાય છે પણ વેદનાના પણ ઘણા ઘણા પ્રકાર છે. એવા વેદનાના પ્રકાર છે કે મુનિદશામાં એક વખત હાલકડોલક કરી નાખે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની વીતરાગતા અને સ્થિરતા આવી હોય તો પણ કોઈવાર કોઈ પ્રકારની એવી તીવ્ર શરીર વેદના હોય

કે એ દશામાં પણ સ્થિર રહેવું કઠણ પડે. તો પછી નીચેના ગુણસ્થાનમાં અથવા મુમુક્ષુદશામાં કોઈ તીવ્ર વેદનાનો એટલે વિશેષ બળવાન પ્રકારની વેદના હોય ત્યારે, કેમ કે આ સામાન્ય સિદ્ધાંત લીધો પણ અહીંયાં એક વિચારવા યોગ્ય વિષય છે. વેદના એવી પણ આવે છે કે જે વેદનામાં જ્ઞાનીને, મુનિને પણ ઘણો પ્રયત્ન માગે છે. એવી પરિસ્થિતિ હોય તો મુમુક્ષુને તો ઘણી કઠણ પરિસ્થિતિ છે.

એવું '**વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્‌પ્રકાર...**' એટલે શું ? કે મારું બાંધેલું કર્મ છે એવું જે સમાધાન કરવું એ સમાધાનનો વિકલ્પ છે. અને દેહથી ભિન્ન પડવું એ પ્રયોગ છે. એવો પ્રકાર એવો સમ્યક્ પ્રકાર, એવો સાચો પ્રકાર, સુંદર પ્રકાર '**રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે;...**' આત્માની રુચિવાન જીવોને, જ્ઞાનીને, મુનિને પણ કોઈવાર સ્થિર રહેવું એ કઠણ પડે છે, મુશ્કેલ પડે છે. એવી પણ તીવ્ર વેદના હોઈ શકે છે.

છે ને કોઈના દેહાંતકાળે બીજા કોઈ વૈયાવચ્ચ કરે છે અથવા ધર્મ સંભળાવે છે. દેહાંત કાળ હોય ત્યારે બૌદ્ધિ આરાધનામાં આવે છે. એવો પ્રકાર પણ બને છે. મુનિદશામાં પણ બીજા મુનિઓ એ વખતે નિમિત્તરૂપે મદદ કરે. મદદ કરે એટલે એની યોગ્યતા એવી છે કે એને અહીંયાં એ પ્રકારનો સત્સંગ એને પ્રાપ્ત હોય છે. એ જ રીતે મુમુક્ષુને પણ એ પ્રકારનો સત્સંગ પ્રાપ્ત હોય, સારા માણસોનો એને સંયોગ હોય તો જરા એને તીવ્ર પરિણામ થતા અટકે છે, બચે છે અને માઠાં કર્મ બાંધતા એને થોડો ફેર પડી જાય છે.

એટલે તીવ્ર વેદનાનું બળ વર્તતું હોય ત્યારે '**રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં...**' '**હૃદયને વિષે તે વાતનો વારંવાર વિચાર કરતાં...**' એટલે દેહથી ભિન્ન અને મારા જ બાંધેલા કર્મનું ફળ છે, માટે હવે ફરીને એવા કર્મ ન બંધાય, જો તને અણગમો છે તો ફરીને એવા કર્મ ન બંધાય એ પ્રકારે તો સાવધાન રહેવું યોગ્ય છે. તથાપિ '**તે વાતનો વિચાર કરતાં...**' એ બંને વાતનો. એ ઉપરાંત હવે કહે છે.

'**અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં,...**' એકલા વિચારતાં ન લીધું. પહેલા ભાવતાં, વિચારવું એમ લીધું છે. આ એક પરિણમનની અંદર પણ એક વિશેષ પ્રકાર છે. ન્યાયનો, અધ્યાત્મનો વિચાર

આવે એક વાત છે અને એ વિષયને ભાવતા ભાવતા વિચાર આવે આ બીજી વાત છે. બે પ્રકારમાં ફેર છે. ભાવતાં જે વિચાર આવે છે એમાં તે વિચારનો વિષય જે છે એટલે કે જ્ઞાનનું જે જ્ઞેય છે અથવા વાચકનું જે વાચ્ય છે, અહીંયાં લઈએ તો, આ શબ્દોનું જે વાચ્ય છે એ ભાવનાનો વિષય થાય છે. અથવા એ વાચ્યનો રસ ઊપજે છે. ભાવનામાં રસ ઊપજે છે અને ભાવના વગરના વિચાર છે એ લુખ્ખા પરિણામ હોય છે. બે વચ્ચે ઘણો આંતરો છે. ત્યારે અહીંયાં એમ કહે છે કે જો તીવ્ર વેદના શરીરની અંદર ઉત્પન્ન થઈ હોય...

મુમુક્ષુ :– ભાવના સહિતનો વિચાર અને વૈરાગ્ય લઈએ તો બેમાં ફેર શું ?

પૂજ્ય ભાઈશ્રી :– પડખાં જુદા જુદા છે. એટલું છે. વૈરાગ્ય છે એ પરપદાર્થ સાથે સંબંધ રાખે છે. ભાવના છે એ સ્વપદાર્થ સાથે સંબંધ રાખે છે. એમ પડખાં જુદા જુદા છે. ભાવનામાં પોતાનું સ્વરૂપ ભાવવાનું છે અને વૈરાગ્યમાં પરથી નીરસપણું, ઉપેક્ષાપણું, ઉદાસીનપણું એમ એનો પર સાથે સંબંધ છે. અને બંને સાથે હોવા યોગ્ય છે. એમ.

મુમુક્ષુ :– ભાવનામાં વધારે સ્પષ્ટ થાય એવું...

પૂજ્ય ભાઈશ્રી :– ભાવનામાં એવું છે કે એક ચીજ રુચે છે–પોતાનું સ્વરૂપ જેને રુચે છે એને એ ભાવે છે એમ કહેવામાં આવે છે. બહારમાં પણ જે ચીજ રુચતી હોય તો એની ભાવના થઈ આવે એટલે વારંવાર થઈ આવવું, કરવું પડે નહિ પણ વારંવાર થઈ આવે એનું નામ ભાવના છે.

મુમુક્ષુ :– ભાવના અને રુચિમાં ફેર ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :– રુચિ તો શું છે કે બેય સાથે હોય છે એટલા પૂરતું. રુચિ છે એ ખાસ કરીને શ્રદ્ધાગુણની સાથે સંબંધ રાખે છે. અને ભાવનામાં તો જ્ઞાન પણ ભળે છે, શ્રદ્ધાનું પણ કાર્ય થાય છે રુચિ છે એટલે, આચરણનું પણ કાર્ય થાય છે, પુરુષાર્થનું પણ કાર્ય થાય છે એમ બધાં ગુણોનું સાથે સાથે કાર્ય થાય છે. એમ સમુચ્ચય પર્યાય છે. જીવની એક સમુચ્ચય (પર્યાય છે). મુખ્ય મુખ્ય બધા ગુણોની સમુચ્ચય પર્યાયને ભાવના કહીએ અને રુચિને શ્રદ્ધા સાથે સંબધ છે.

મુમુક્ષુ :– પૂર્ણતાને લક્ષે

પૂજ્ય ભાઈશ્રી :– પૂર્ણતાને લક્ષે જે ભાવના છે એ સ્વરૂપપ્રાપ્તિની ભાવના

છે, પૂર્ણ નિર્દોષતાની ભાવના છે.

અહીંયાં એમ કહે છે કે હૃદયને વિષે આત્માની ભાવના ભાવવી છે કે આત્મા નિત્ય છે, અછેદ્ય છે, અભેદ્ય છે. જન્મ-મરણાદિ ધર્મથી રહિત છે. એવું ભાવતાં, વારંવાર તેવું ભાવવામાં આવે, ભાવના સહિત વિચારવામાં આવે તો કેટલીક રીતે તે સમ્યક્ પ્રકારનો નિશ્ચય આવે છે. તો એ સમ્યક્ પ્રકારે પરિણમન કેવું થાય એનો ખ્યાલ આવે છે.

શું કહ્યું અહીંયાં ? કે વેદના શરીરમાં ઉત્પન્ન થાય એ જીવને દુઃખી થવાનો કાળ નથી. શરીરમાં જ્યારે વેદનાનો કાળ આવે અને વેદના ઉત્પન્ન થાય, કોઈ રોગથી, કોઈ બાધાથી, કોઈ પીડાથી, કોઈ છેદનથી, કોઈ ભેદનથી અનેક પ્રકારે, ત્યારે દુઃખી થવાનો કાળ નથી. દુનિયા આખી દુઃખી થાય છે લૌકિકમાં તો. પણ આ એક અલૌકિક માર્ગમાં આ પુરુષાર્થનો કાળ છે. આત્માના પુરુષાર્થ કરવાનો કાળ છે અથવા આત્માને ભાવવાનો, આત્માને ભાવીને વિચાર કરવાનો, ભાવતા-વિચારતા સમ્યક્પ્રકારે જે નિશ્ચય કરી શકાય એ નિશ્ચય કરવાના પ્રયોગનો આ કાળ છે. આમ લેવું. વધારેમાં વધારે, સારામાં સારા, પ્રયોગ સાધનો એ વખતે ઉપલબ્ધ છે.

બીજું, ગમે તેવી વેદના હોય તો પણ જીવમાં પુરુષાર્થ કરવાની શક્તિ, તેનાથી ભિન્ન પડવાની શક્તિ, આત્મા બાજુ વળવાની શક્તિ કોઈ પણ પુદ્ગલ પર્યાયના Reactionથી–એના અસરથી, Reactionથી એટલે એ પ્રકારની અસરથી અનંતગુણ વધારે છે. પોતે ઓછી તાકાતવાળો નથી. પોતાની શક્તિનો ઓછો આંક મૂકવો નહિ. Under assessment જેને કહે છે. ઓછો આંક નહિ મૂકવો. પોતાની પૂરી શક્તિનું ભાન રાખવું અને પૂરી શક્તિનું અવલંબન લેવું. પરિપૂર્ણ શક્તિવાન છું એમ અવલંબનમાં આવવું જોઈએ. હું તો મુમુક્ષુ છું, હું તો સાધારણ છું, હું તો કાંઈ હજી પુરુષાર્થ કરી શકતો નથી, એવો અભિપ્રાય રાખીને બંધાવું નહિ.

મુમુક્ષુ :– કર્મ આગળ લાચાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– કર્મ આગળ લાચાર છીએ એવું ન રાખવું, એમ કહે છે. મારી તાકાત પાસે કર્મનું કાંઈ ઊપજે એવું નથી એમ રાખવું. એવી મારી શક્તિ છે કે કર્મ બિચારે કૌન ? કર્મ તો બિચારા છે. એ વળી કોણ ? એનું કાંઈ ચાલે એવું નથી.

ફરીને. એવી તીવ્ર વેદનાના કાળે સ્થિર રહેવું કઠણ હોવા છતાં પણ સ્થિર રહેવું કઠણ છે એનો લખનારને ખ્યાલ છે. તોપણ.. તોપણ કહીને એને ગૌણ કરવું છે. **'હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં...'** ઊંડાણથી. હૃદયને વિષે વિચાર કરવો એટલે ઊંડાણથી એ વાતનો વિચાર કરતાં **'અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં,...'** એ તો એટલા વિશેષણ લીધા પણ બહુ સંક્ષિપ્તમાં લઈએ તો આત્માને કોઈ છેદી શકે નહિ, કોઈ ભેદી શકે નહિ, કોઈ એને મારી શકે નહિ, એનો નાશ કરી શકે નહિ, કોઈ પણ પ્રકારે બાધા કરી શકે નહિ, પીડા કરી શકે નહિ, દુઃખ પહોંચાડી શકે નહિ એવું એક અવ્યાબાધ તત્ત્વ પોતે છે. કેવું છે ? અવ્યાબાધ તત્ત્વ છે. કોઈ બાધા ન પહોંચાડી શકે. મારા જ્ઞાનમય અભેદ કિલ્લામાં કોઈનો પ્રવેશ થઈ શકે એવી પરિસ્થિતિ જ નથી. મારા અભેદ કિલ્લામાં કોઈનો પ્રવેશ ન થઈ શકે એવી પોતાની શક્તિ છે. અને એવો પોતે અછેદ્ય, અભેદ્ય, અવ્યાબાધ સ્વરૂપ વસ્તુ છે.

મુમુક્ષુ :- કવચ અધિકાર

પૂજ્ય ભાઈશ્રી :- હા. કવચ અધિકાર. કવચ એટલે આ બખ્તર. રક્ષણ કરે. બહારના ઉપસર્ગ પરિષહથી જીવ પોતાનું રક્ષણ કરી શકે છે. બરાબર રક્ષણ કરી શકે છે, જો પોતાના સ્વરૂપને ભાવવામાં આવે તો.

એવી રીતે **'ભાવતાં, વિચારતાં,...'** ભલે એ વખતે વિકલ્પ હોય પણ ભાવતા, વિચારતાં એમ લખ્યું. ભાવના વગર એકલો વિચાર લુખ્ખો વિચાર છે એમ ન લેવું. **'કેટલીક રીતે તે સમ્યક્‌પ્રકારનો નિશ્ચય આવે છે.'** એટલે કે સ્વરૂપમાં સ્થિર રહી શકાય છે. વેદના આદિ પ્રસંગોથી ભિન્ન પડી શકાય છે. એનો બરાબર નિશ્ચય આવે છે. એ પાકું થઈ શકે છે પ્રયોગ કાળે કે બરાબર છે, આવો જ જો પુરુષાર્થ ઉગ્રપણે કરવામાં આવે તો વેદનાનું કાંઈ ચાલે એવું નથી. ગમે તેવી વેદના હોય. જેનો મારા સ્વરૂપમાં અભાવ છે, જેની મારા સ્વરૂપમાં નાસ્તિ છે (એટલે) છે જ નહિ મારામાં, એવી રીતે જો અસ્તિને વિચારવામાં આવે, ભાવવામાં આવે તો સમ્યક્‌પ્રકારનો બરાબર નિશ્ચય આવે છે. મુમુક્ષુજીવને પણ આ નિશ્ચય આવે છે એમ કહેવું છે. અને આ વેદનાનો કાળ એ એના માટે સારામાં સારો કાળ છે. એ કોઈ આકરા ઉદયનો કાળ નથી પણ આકરા કર્મને નિવારવાનો એ કાળ છે, આકરા કર્મને છોડવાનો એ કાળ

છે. પૂર્વે ભૂલ કરીને આકરા કર્મ બાંધ્યા એને છોડવાનો આ કાળ છે.

મુમુક્ષુ :– 'સોગનીજી' આ વાત વારંવાર કરે છે, ત્રિકાલી મૈં અહં કરના..

પૂજ્ય ભાઈશ્રી :– ત્રિકાળી મૈં અહં કરના અને એ તો એટલું બધું લેતા કે રૂવાંડે રૂવાંડે કોઈ ધગધગતા સૂયા શરીરમાં ખોસે તો એ કાળે પણ જ્ઞાનવેદનામાં રહેવું, શરીર વેદનામાં ન રહેવું. એ જરા તીખા પુરુષાર્થની વાતો એમણે ઘણી કરી છે. એ રીતે એ જીવન જીવી શક્યા છે.

દેહાંત કાળે પણ એ જ રીતે જીવન જીવ્યા છે. એનો છેલ્લો દિવસ. આગળ-પાછળ માંદગી નહોતી. છેલ્લા દિવસે સવારથી શરીર અસ્વસ્થ હતું અને સાંજે લગભગ ચારેક વાગે એમણે દેહ છોડ્યો છે. ગમે તે પ્રકારની અશાતા હશે. કોઈને ફરિયાદ કરીને ડૉક્ટર બોલાવ્યા નથી કે આજે મારી તબિયત વધારે બગડી ગઈ છે માટે કોઈ જલ્દી જલ્દી ડૉક્ટરને બોલાવી લાવો. એ જે સામાન્ય પ્રકાર હોય છે એમ ડૉક્ટરને બોલાવ્યા નથી. સવારથી અવાર-નવાર એમણે 'શ્રીમદ્જી'ના પત્રોનું વાંચન કર્યું છે. જુઓ ! કેટલો કસ હશે એની અંદર ! એવા પુરુષાર્થી ધર્માત્માએ પણ આ પત્રોનું અંતિમ કાળમાં વાંચન કર્યું છે.

મુમુક્ષુ :– નવી આવૃત્તિમાં આવશે આ બધું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, બધું આવવાનું છે. વિસ્તારથી બધી વાત આવે છે.

મુમુક્ષુ :– પ્રભાવનાનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બધી વિસ્તારથી ઘણી વાતો આવશે. એમના પુરુષાર્થનો કાળ, એમના અનુભવનો કાળ ત્યારપછીની એમની દશાનો કાળ, છેક દેહાંત સુધીની બધી વાતો લીધી છે., બધી જુદી જુદી પાડીને. એક એક પ્રકારના વૈરાગ્યની, મસ્તીની, આત્માની ધૂનની બધી જુદી જુદી વાતો પાડીને વિસ્તારથી આ વખતે એ વિષય લીધો છે.

જ્યાં સુધી ચાર વાગ્યા સુધી દેહ છોડ્યો ત્યાં સુધી એ પોતે આત્મવિચારમાં અને આત્મપુરુષાર્થમાં જ રહ્યા છે. જોકે એમના જે ધર્મપત્ની હતા એમને 'અજમેર' મૂકીને 'કલકત્તા' આવ્યા હતા. હજી બે-ચાર દિવસ પહેલા જ. એમને એમ નથી કીધું કે આમને કોલ કરીને બોલાવી લ્યો હવે. એટલું પણ નથી કહ્યું... મારી તબિયત જરા વધારે અસ્વસ્થ છે એને જરા કોલ કરીને બોલાવી લ્યો, એટલું પણ નહિ. ઘરમાં

પણ કોઈને નહિ કે આજ તમે કોઈ દુકાને ન જતા કે ફલાણું આમ ન કરતાં કે એવું કાંઈ નહિ, એ પોતે પોતાના કામે લાગી ગયા. જાણે પારકાની સાથે સંબંધ નથી એમ કોઈની સાથે જાણે એમને સંબંધ જ નથી. એ પોતાના સ્વકાર્યમાં લાગી ગયા છે.

એ રીતે '**મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી,...**' આવા કોઈ ધર્માત્માઓ, મહાત્માઓ છે એમણે આવી વેદનાના કાળમાં પણ જે સ્થિરતા રાખી છે, જે સ્વરૂપનું ભાવન કર્યું છે, પુરુષાર્થ આદર્યો છે. એવા એમના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરવી. મનમાં સ્મૃતિ કરવી એમ ન કહ્યું. એક શબ્દ જુઓ કેવો ભાવવાહી છે ! જીવમાં એનું સ્મરણ કરવું કે આ જીવ પણ એ જ જાતનો છે. જીવમાં એનું સ્મરણ કરવું એમ. જીવમાં એટલે પોતામાં લેવું છે. નહિતર તો શું છે કે વિચાર આવે છે એમાં પર અપેક્ષિત વિચાર બહુ આવે છે. અને એ વિચારની કોઈ અસર આત્મા ઉપર થતી નથી, એ વિચારનો કોઈ બોધ આત્માને લાગતો નથી. કેમ કે એ જાણે બીજાને કાંઈક થતું હોય, બીજાને થતું હોય અને બીજાની વાતો ચાલતી હોય એવી રીતે જીવ વિચારવા ટેવાઈ ગયેલો છે. એના બદલે જીવમાં એનું સ્મરણ કરવું એમ કહે છે.

મુમુક્ષુ :- જીવ એટલે ચિત્ સામાન્ય લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, જીવ એટલે શું છે પોતામાં એમ. પોતાપણું લેવું. પરપણું ન આવે. વિચારની અંદર, સ્મરણની અંદર બીજાને આમ થાય છે, બીજાને આમ થયું હતું એમ નહિ. પોતાને પોતાને વિષે જાણે એવો પ્રસંગ હોય એમ અવધારવું. એમ. એટલે શું છે કે પોતાને જે વાત સમજણમાં આવે છે, વિચારમાં આવે છે એને પોતામાં જ્યારે લાગુ કરે છે ત્યારે એ વાતનું અંતરમાં પરિણમન થાય છે. બોધનું, શિક્ષાનું, જ્ઞાનનું, વિચારનું બળ ક્યાં સુધી કામ નથી કરતું ? કે જ્યાં સુધી એ પોતામાં લાગુ નથી કરાતું ત્યાં સુધી. ત્યાં સુધી એ બધું બહારનું બહાર રહે છે. વિચાર પણ બાહ્ય ક્રિયા થાય છે. અને જ્યારે જીવ પોતાની જાતને સામેલ કરે છે, એની અંદર ભેળવે છે ત્યારે એને પોતામાં એ અંતર પરિણમન થવાને યોગ્ય થાય છે.

મુમુક્ષુ :- દવાની શીશી બીજાના મોઢામાં નાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અથવા દવાના વખાણ કરે હાથમાં રાખીને પણ દવા વાપરતો

નથી એના જેવી વાત થઈ ગઈ. વિચાર સુધી આવે છે પણ એનું અંતર પરિણમન થતું નથી. બોધ પરિણમતો નથી એનું શું કારણ ? કે જીવ પોતાની જાતને ભેળવતો નથી.

મુમુક્ષુ :- મનન અને ચિંતવન ચાલતું હોય ત્યારે બીજા આત્માની વાત

પૂજ્ય ભાઈશ્રી :- હા જ્યારે પોતાને ભેળવતો નથી, જીવમાં પોતાપણે જ્યારે એ વાત ભાવમાં આવતી નથી ત્યાં સુધી એ બીજાનું થઈ રહ્યું છે એ વાત નક્કી છે. કો'કનું થઈ રહ્યું છે, કો'ક જુદાનું થઈ રહ્યું છે એમ જ એ ચાલતું હોય છે. એટલે આત્માનું ચિંતવન, મનન પણ બે પ્રકારે-એક સ્વલક્ષી હોય છે ત્યારે જીવ પોતાની જાતને ભેળવે છે. જ્યારે સ્વલક્ષી નથી હોતું ત્યારે એ Third person ની વાત વિચારધારા (ચાલે છે). પછી (પરલક્ષી વિચારધારામાં) એને થાય કે જુઓ મેં કલાક, બે કલાક, ચાર કલાક આત્મચિંતવન કર્યું છે ને ? મેં ક્યાં બીજા વિકલ્પ કર્યા છે ? બીજા વિચાર ક્યાં કર્યા છે ? પણ કોના આત્માના એ તો નક્કી કર.

મુમુક્ષુ :- પોતાને ભેળવતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ભેળવતો નથી.

મુમુક્ષુ :- સમ્યક્શ્રદ્ધા અને ભાવનામાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા છે એ તો એ વખતે એ મુમુક્ષુજીવ હોય તો એ મિથ્યાત્વ મંદ થાય એટલું જ કામ થાય. દર્શનમોહ મંદ થાય એટલો જ પ્રકાર આવે. ભાવનામાં તો શ્રદ્ધા પણ સાથે છે, જ્ઞાન પણ સાથે છે. ચારિત્રમોહની મંદતા છે એટલે ચારિત્ર પણ સાથે છે. અને કાંઈક ઉપરથી પાછો વળતો હોય અને સ્વલક્ષી હોય તો થોડો પુરુષાર્થ પણ, ઉદ્યમ પણ, પ્રયત્ન પણ ચાલે છે એ વીર્યગુણની પર્યાય છે. એમ સમુચ્ચય બધા ગુણ એની અંદર ભાવનામાં લેવા. ભાવના કોઈ એક ગુણની પર્યાય નથી. રુચિ-શ્રદ્ધા એક ગુણની પર્યાય છે.

એટલે '**મોટા પુરુષોએ અહિયાસેલા એવા...**' કેવો શબ્દ વાપરે છે ? અહિયાસેલો. અહિયાસવુંનો અર્થ અહીંયાં શું છે ? કે તન્મય થઈને ભોગવતા નથી. તેમ સ્વરૂપમાં લીન થઈ ગયા છે એને ખબર નથી કે વેદના ચાલે છે એમ પણ નહિ. વેદનાનું જ્ઞાન થતું હોવા છતાં, શરીરની અશાતા વેદનાનું જ્ઞાન થવા છતાં તેમાં તન્મય થયા વિના ભિન્ન રહીને એ વેદનાના કાળમાંથી પોતે નવા કર્મ બાંધ્યા વિના પસાર થઈ

જાય છે. એને સમ્યક્પ્રકારે ભોગવવું એમ કહો, સમ્યક્પ્રકારે વેદવું એમ કહો કે સમ્યક્પ્રકારે અહિયાસવું એમ કહો.

**'મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી,...'** પોતામાં સ્મૃતિ કરીને એટલે કેવી રીતે એ સ્થિર રહે છે ? કેવી રીતે એ ભિન્ન પડે છે ? એ પોતામાં લાગુ કરીને. એમના નિમિત્તે એ વાતને પોતામાં લાગુ કરે છે. એમ. એ કેવી રીતે ? એ પાછા એવા ઘણા પ્રશ્નો થાય, એ કેવી રીતે થાય ? એનું લક્ષ થાય, પણ પોતા ઉપર કેવી રીતે આવે ? પણ એ પણ જીવને આવડે છે. રોજના વ્યવહારનું કોઈ અવલોકન કરે તો ખબર પડે એવો વિષય છે. અરીસામાં મોઢું જુએ છે ને ? અરીસામાં મોઢું જુએ છે તો અરીસા સામું નજર છે, ઉપયોગ ક્યાં છે ? ઉપયોગ અરીસા ઉપર જતો હોવા છતાં એનું લક્ષ પોતા ઉપર છે, શું! મારું મોઢું આવું જણાય છે.

મુમુક્ષુ :- સ્વચ્છતા...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અહીં તો દાખલો એટલો લેવો છે કે પર ઉપર ઉપયોગ મૂકીને સ્વ બાજુ તરફ પોતાને વળી શકાય છે. ઉપયોગ પરપદાર્થ ઉપર જાય અને લક્ષમાં પોતાને લઈ લે. અરીસામાં જે મુખાકૃતિની આકૃતિ ઉત્પન્ન થઈ કાચની પર્યાય ઉપર તો-એના ઉપર ઉપયોગ મૂક્યો ત્યારે તો ખબર પડે કે આની અંદર મોઢું દેખાય છે. ઉપયોગ ત્યાં મૂક્યો અને લક્ષમાં કોને લીધો ? એક કાળે બે કામ કર્યા જ્ઞાને. જ્ઞાને એક સાથે બે કામ કર્યા કે ન કર્યા ? Practically તમે વિચાર કરો તો આ તો રોજનો પ્રયોગ છે. માથે દાંતિયો ફેરવે તો અરીસામાં જુએ છે ને ? તો એને લક્ષમાં પોતે છે. જુએ છે ત્યાં. સામે અરીસા સામે જુએ છે. ઉપયોગ પર સન્મુખ છે-અરીસાની સન્મુખ છે અને લક્ષમાં પોતે છે.

એમ અહીંયાં મોટા પુરુષોએ જે કાંઈ આવા પ્રયોગ કર્યા છે એમાં ઉપયોગ એ રીતે લઈ જાય છે. વેદના ઉપરથી ખસેડી લે છે. કેવી રીતે એ આત્મામાં સ્થિર થાય છે ? કેવી રીતે આત્માની ભિન્નતા કરે છે ? એમ લક્ષમાં લઈને એ સીધો પોતા ઉપર લક્ષ કરી લે છે. એટલે વિચારમાં ઉપયોગ મહાપુરુષોના પ્રસંગને લે છે. સ્મરણ કરવું જેને કહે છે. સ્મૃતિ લાવવી એમ કહે છે ને ? જીવમાં સ્મૃતિ કરવી એમ કહે છે. પોતાને લક્ષમાં લઈ જવું, એ એમની વાત હતી એમ નહિ. એમના

નિમિત્તે વાત પોતા ઉપર લઈ લેવી કે અત્યારે વેદના પોતાને ઊભી થઈ છે. તો એમના નિમિત્તે એ વાત પોતામાં કેવી રીતે પ્રયોગાન્વિત કરવી, કરી લેવી એ પ્રકાર પણ જીવને આવડે છે. એમ જીવમાં સ્મૃતિ કરીને.

**'તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય...'** એટલે એવા પ્રયોગમાં તેમનું જે નિશ્ચયબળ એટલે જ્ઞાન અને પુરુષાર્થ બંનેના બળને અખંડ નિશ્ચય અહીંયાં કહેવામાં આવે છે. એમાં પુરુષાર્થ પણ છે અને જ્ઞાનબળ પણ છે. **'તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી...'** હૃદયમાં એટલે પોતાની જાતને. જીવમાં કહો, હૃદયમાં કહો. હૃદય એટલે આ Pumping station નહિ. હૃદય એટલે જ્ઞાનના ઊંડાણમાં જવું, ભાવના સાથે જ્ઞાનના ઊંડાણમાં જવું એને અહીંયાં અંતઃકરણ અથવા હૃદય કહેવામાં આવે છે. અંતઃકરણ લેવું. **'તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્‌પરિણામ ફળીભૂત થાય છે,...'** જીવને તેવા પ્રકારનું પરિણમન છે એનું કાંઈક સારું ફળ આવે છે. એનું કોઈ પારમાર્થિક ફળ આવી શકે છે. આ રીતે પરમાર્થનો પ્રયત્ન છે વેદનાના કાળમાં. અને આ રીતે પરમાર્થને પહોંચવા માટે આ એક સારામાં સારો પ્રસંગ છે એમ જાણીને ક્યારે પણ રોગના ઉદયથી ગભરાવું નહિ. ગમે તેવો રોગનો ઉદય આવે નહિ. આત્માર્થી પહેલેથી તૈયાર છે, અગાઉથી તૈયારી છે પોતાની. આવવા દો.

'સોગાનીજી' તો છેલ્લે એની ચર્ચામાં એ બહુ બોલ આવ્યા છે. દેહાંત સંબંધીના પુરુષાર્થના ઘણા બોલ એમણે લીધા છે. મૃત્યુ કે લીયે હર વક્ત તૈયાર રહના, હર સમય તૈયાર રહના, એમ કરીને. આવશે ત્યારે આમ કરશું નહિ, અત્યારે આવે તો વાંધો નથી અને ગમે ત્યારે પણ હું તૈયાર જ છું. કોઈપણ કાળે હું તૈયાર છું, સાવધાન છું, જાગૃત છું. મારે માટે એ કોઈ દુઃખનો પ્રસંગ નથી, શોકનો પ્રસંગ નથી કે કોઈ પ્રતિકૂળતાનો પ્રસંગ નથી. મારા માટે એ પુરુષાર્થનો પ્રસંગ છે. આત્માની પારમાર્થિક વધારે કમાણી કરવાનો આ પ્રસંગ છે. પ્રસંગ એટલે તક. આ તકે માણસ કમાઈ છે કે નહિ ? અત્યારે બહુ સારી તક છે. સાંજ પડે અને સવાર પડે ને ભાવ વધતા જ જાય છે જેટલો માલ હાથમાં હોય એમાં પૈસા વધતા જાય છે. એને તક કહે છે. આ તક છે ખરેખર. કાંઈ ગભરાવાની જરૂર નથી, કાંઈ ડરવાની જરૂર નથી, પરિણામ બગાડવાની જરૂર નથી. કોઈ પ્રતિકૂળતાથી, કોઈ વેદનાથી અરે...! મરણ

સુદ્ધાથી પણ જરાય ભય પામવાની જરૂર નથી.

બહુ સરસ (વિષય) લીધો છે, પ્રયોગનો વિષય સરસ લીધો છે કે આ રીતે આનું સફળપણું થાય છે. શારીરિક વેદના ઉત્પન્ન થાય શરીરમાં ત્યારે સમ્યક્પરિણામ ફળીભૂત થાય છે. સમ્યક્પરિણામનું સારું સુંદર ફળ આવે છે. જરૂર નથી કે ત્યાં નુકસાન જ થાય. એવું કાંઈ નથી. જરૂર પોતે પ્રયત્ન કરે તો આત્મલાભ થાય. **'અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી.'** અને વેદના તો વેદનાનો ઉદય છે એ કોઈ નિરંતર અનંત કાળ ચાલે એવું તો કોઈને બનતું નથી. એ પણ એની મુદત પૂરી થાય એટલે આપોઆપ જ પૂરો થાય છે. એ તો અહીંયાં મનુષ્યગતિમાં માણસ દવા અને ઉપચાર કરે છે. જંગલની અંદર હરણિયાં છે, સસલા છે, જંગલી પ્રાણી છે એને પણ શરીરના રોગ આવે છે. ત્યાં કોણ ડૉક્ટર લઈ જાય છે અને કોણ ડૉક્ટર બોલાવે છે અને કોણ ડૉક્ટર ઉપચાર અને દવાનો ઉપચાર શું Treatment ત્યાં થાય છે ? કાંઈ થાતું નથી. ત્યાં પણ રોગ થાય છે અને રોગ આપોઆપ મટે છે. કે થાય છે કાંઈ ?

આ 'સનતકુમાર' ચક્રવર્તીનું દૃષ્ટાંત છે. દીક્ષા લેવી છે તો કહે છે કે અરે..! પણ ભાઈ ! ત્યાં તું સાજો થયો, માંદો થયો, આવું કોમળ શરીર છે ત્યાં કોણ તારી સેવા સુશ્રુષા કરશે ? અંદર દૃષ્ટાંત આપ્યું છે. કોમળ શરીર તો સસલાને પણ હોય છે. સસલું પણ કોમળ શરીરવાળું છે એને પણ રોગ થાય છે, કોણ ડૉક્ટર લાવે છે ત્યાં ? એને કોઈ ડૉક્ટર લાવતું નથી. છતાં એને રોગ આવે છે એટલે મરી જ જાય છે એવું કાંઈ નથી. રોગ આવે છે. આયુષ્ય હોય તો રોગ પૂરો થાય. પાછો તંદુરસ્ત થઈ જાય. કોઈપણ જાતના દવા અને ઉપચાર વિના.

અહીંયાં પ્રશ્ન એ થાય કે દવા કરવી કે ન કરવી ? પરિણામની દવા કરવી, રોગની દવા કરવી નહિ. ભાવની દવા કરવી. ભાવ સ્થિર રહે એના માટે દવા ન આવે તો પણ વાંધો નથી અને દવા આવે તોપણ ભાવની સ્થિરતા કરવી છે, દવા ન આવે તો પણ ભાવની જ સ્થિરતા કરવી છે, દવા ભાવની કરવી છે, દવા રોગની કરવી નથી. બધી વખતે એમ લેવું. મારા પરિણામમાં નુકસાન ન થાય એ જ મારે જોવું છે, એ જ મારું લક્ષ છે, એટલું જ મારે વિચારવું છે. કરવું, ન કરવું એ એના ખાતર છે. પરિણામ ખાતર કરવું ન કરવું છે. એ સિવાય કરવા, ન કરવાનો પ્રશ્ન

છે નહિ.

ઘણા એવા હઠયોગી હોય જાવ દવા નથી કરવી. ભલે ગમે તેમ થાય દવા નહિ લઉં. અને પરિણામ બગડી જાય. તો એણે દવા ન લીધી એ સાર્થક નથી. એટલે પોતાની શક્તિનો વિચાર કરીને પરિણામની દવા કરવી કે ન કરવી. કરવી, ન કરવી એ સિદ્ધાંત નથી. સિદ્ધાંત તો પરિણામને સ્થિર રાખવા અને બગડવા ન દેવા એ ખરેખર સિદ્ધાંત છે. એમ સિદ્ધાંત લેવો.

મુમુક્ષુ :- પરિણામની દવા કરે એ શરીરની સાચી દવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ખરેખર આત્માની દવા છે. અને શરીરની દવા પણ એમાં અંદર આવી જાય છે. કેમ કે બીજા રોગનું એ કારણ નહિ થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે પરિણામ ઉપર જેનું લક્ષ છે-પોતા ઉપર જેનું લક્ષ છે એ દવા કરશે તો પણ એમાં તીવ્ર રસ નહિ આવે. આ તો કાંઈ એનાથી મટે એવું કારણ નથી. પણ વેદના વધશે અને પરિણામ નહિ બગડે એટલું જોઈને પોતે ઉપચારમાં મંદ રસે કરીને પરિણમે છે. ઉપચારના ઉદયમાં મંદ રસે કરીને પરિણમે. તીવ્ર રસે કરીને પરિણમે નહિ. અને જો તીવ્ર રસ હોય તો દવા થોડીક વહેલી મોડી આવે તો પણ માથાકૂટ થઈ પડે. કેમ જલ્દી લાવ્યા નહિ ? ખબર નથી પડતી ? અહીંયાં કેટલી તકલીફ થઈ જાય છે ? કેટલી મુશ્કેલી આવી જાય છે ? કોઈ અમારી દરકાર જાણે ઘરમાં કરતું નથી. બીજા ઉપર એને કષાય થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- દવાથી અને ડૉક્ટરથી રાહત તો રહે જ ને...

પૂજ્ય ભાઈશ્રી :- જો એ વખતે ઉદયમાં રાહત થવાની હોય તો એને નિમિત્ત કહેવામાં આવે. અને દવા કરે અને ડૉક્ટર આવે અને વેદના વધે એવું ન બને ? ડૉક્ટર એમ ન કહે કે આ દવા કામ નથી કરતી હવે. હવે જરા રોગનું જોર લાગે છે. આ રોગ ઉપર આ દવાએ હજારો માણસોને ફાયદો કર્યો છે પણ અત્યારે આ ભાઈને કાંઈ કામ લાગતી નથી. બને કે ન બને ? બને છે કે નથી બનતું ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે વયો જાય ડૉક્ટર. ડૉક્ટર પણ વયો જાય અને ડૉક્ટરનો બાપ પણ વયો જાય છે. થોડો જવા દેવાય છે કોઈને ઘરમાંથી ? બધા જાય. એની

સામે જ, ઊભો હોય ને જોઈ રહે એ. એમ કહે કે અમારે જોતા રહેવું પડે છે. અમે જોઈએ એમ અમારી સામે જ ચાલ્યા જાય. કાંઈ અમારું ચાલે નહિ. એનો અર્થ જ એ છે કે ઉદય સ્વતંત્ર કામ કરે છે. આ દવા-ફવા તો અસર થાય તો નિમિત્ત કહેવાય. નહિતર કાંઈ નિમિત્તપણું લાગુ નથી પડતું. ખરેખર તો લાગુ નથી પડતું.

**'વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી.'** આ હવે વેદનાકાળનો પ્રયોગ, વેદના કાળની વિચારણા અને વેદનાકાળે કેવા ન્યાય અથવા પ્રથમાનુયોગના દૃષ્ટાંત મહાપુરુષોના સ્મરણમાં લેવા પોતામાં. જીવમાં અંતઃકરણથી, ભાવનાથી એ વિષય વેદનાના કાળનો લીધો. કેવા કેવા પ્રકારે પરિણામ થવા જોઈએ ? હવે વેદના ન હોય ત્યારની વાત કરે છે.

**'વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં...'** ક્યારે ? કે જ્યારે શરીરમાં કોઈ રોગ ન હોય ત્યારે. સાદો, સારો, તંદુરસ્ત હોય ત્યારની વાત છે. **'વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે;...'** એમ નથી કે જ્યારે વેદના આવે ત્યારે જ તે પ્રયત્ન કરવો. વ્યાધિરહિત હોય ત્યારે પણ જો દેહથી ભિન્ન પોતાને જાણીને જો મમત્વ છોડ્યું હોય તો એ ઘણું કલ્યાણ–શ્રેય એટલે કલ્યાણ, તો તે મોટું કલ્યાણ છે, તે સારું કલ્યાણ છે.

એ કેવી રીતે કરવું ? અહીંયાં એ પ્રશ્ન થવા યોગ્ય છે. કે વેદના આવે ત્યારે તો આ પ્રયોગની ઠીક ઠીક વાત ચાલી. હવે વ્યાધિ ન હોય ત્યારે કેવી રીતે પ્રયોગ કરવો ? દેહથી ભિન્નપણાનો પ્રયોગ કરવો છે ને ? તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું એટલે ભિન્નપણું જાણ્યું હોય તો. રોજ બે-ત્રણ વખત આહાર લેવાનો તો રોજીંદો પ્રસંગ છે, જે શરીર સાથે સીધો સંબંધ ધરાવે છે. આ પ્રાંસગિક વાત. વળી ઠંડી, ગરમીની જે બે ઋતુ છે એ ઋતુમાં ઠંડી હોય તો આખો દિવસ ઠંડી રહ્યા કરે અને ગરમી હોય તો આખો દિવસ ગરમી ગરમી રહ્યા કરે. તો જ્યાં જીવને અનુભવ કરવાનો. ટુંકામાં શું કહેવું છે ? કે જે જે ઉદયમાં જીવને અનુભવ થતો હોય, કારણ કે અનુભૂતિ સ્વરૂપ છે અને નિરંતર અનુભવ કર્યા જ કરે છે. ક્યારેય અનુભવ કર્યા વિનાનો રહેતો નથી. તો જ્યારે જ્યારે જે જે પદાર્થોનો જીવ પોતામાં અનુભવ કરે છે ત્યારે ત્યારે એને વિચારવા યોગ્ય છે કે પરપદાર્થનો આ જીવ અનુભવ

કરી શકતો નથી. ન તો આહારના કાળે કોઈ પદાર્થને ખાઈ શકે છે કે કોઈ પદાર્થના સ્વાદને આત્મામાં ગ્રહણ કરી શકે છે એવું ક્યારે બનતું નથી, કે નથી આ ઠંડી-ગરમી સ્પર્શાદિ વિષયોનો આત્મામાં પ્રવેશ થઈ શકતો.

એ અનુભવના પરિણામને આપણે ચાલતી ભાષામાં વ્યવહારુ ભાષામાં લાગે છે, લાગે છે કહીએ. કે મને આ સ્વાદ સારો લાગે છે. આ સ્વાદ મને સારો લાગતો નથી. લાગવું... લાગવું.. આવશે. ઠંડી મને લાગે છે, ગરમી મને લાગે છે. એમ જ્યાં જ્યાં લાગવું... લાગવું... છે ત્યાં ત્યાં અનુભવ છે. ખરેખર જુઓ તો કોઈપણ પુદ્ગલ પદાર્થની પર્યાય, પછી એ સ્પર્શની હોય કે રસની હોય કે સ્વાદની હોય, એ આત્મામાં જાણી શકાય છે પણ આત્મામાં લાગી શકાતી–અનુભવી શકાતી નથી.

ભેદજ્ઞાન અર્થે જ્ઞાન કરવું છે ને ? જ્ઞાનની પ્રક્રિયા છે, ભેદજ્ઞાન એટલે જ્ઞાનનો પ્રયોગ છે. એમાં આ બે વાત મુખ્યપણે પ્રયોગની છે. જાણવું બને પણ લાગવું ન બને. પરપદાર્થ સંબંધી નિરંતર જાણવું બની શકે પણ લાગવું, અનુભવવું બની શકે નહિ. લાગવું કહો, અનુભવવું કહો, વેદવું કહો બધું એકાર્થમાં છે. પરપદાર્થને વેદી શકાતો નથી. જાણવું એ તો સ્વચ્છત્વ છે. એ તો જ્ઞાનનો સ્વચ્છત્વ નામનો ધર્મ છે. એટલે જાણવું અનિવાર્ય છે, જાણવું રોકી નહિ શકાય. વેદવું કરી નહિ શકાય, વેદી નહિ શકાય, ભોગવી નહિ શકાય–અનુભવી નહિ શકાય. તો જે કાંઈ તપાસવું છે. અવલોકવું છે એ આ વિષયમાં અનુભવવું છે કે ભલે જણાય પણ વેદાતું નથી. આ વાસ્તવિકતા છે.

આ પદાર્થના–બંને પદાર્થના–જડ-ચેતન બંને પદાર્થના પરિણમનની મર્યાદા છે કે ચેતન જડ પદાર્થને વેદી શકતો નથી, અનુભવી શકતો નથી. એને કાંઈ લાગી શકતું નથી. માત્ર જણાતું હોવા છતાં લાગવું એવું જે થાય છે એ ભ્રમ છે. જ્ઞાનમાં ભ્રમ શું થાય છે ? જણાય છે એને એમ માને છે કે લાગે છે મને. જે માત્ર જણાય છે એના બદલે એમ માને છે કે હું એને અનુભવું છું.

જેમ કે ગળપણ ભાવતું હોય તો જીભ ઉપર ગળપણ આવે એટલે એને એમ લાગે કે આ રસ મારામાં ઉતરે છે. મારામાં ઉતરી ગયો. એટલે કે પરપદાર્થનો જાણે પોતામાં પ્રવેશ થતો હોય એવો ભ્રમ થાય છે. વસ્તુસ્થિતિ એમ બિલકુલ નથી. જ્ઞાન કોરેકોરું નકોર રહે છે. ક્યારે પણ ગળ્યું થતું નથી. ક્યારે પણ ઠંડુ થતું નથી, ક્યારે

પણ કોઈપણ પુદ્ગલ પર્યાયની અસર એના ઉપર રહી શકતી નથી કે થઈ શકતી પણ નથી. આ વસ્તુસ્થિતિ વૈજ્ઞાનિક રીતે છે. એમાં કાંઈ બીજો ફેરફાર કરી શકાતો નથી. એવા અનુભવને વળગવું.

શરીરમાં વેદના ન હોય ત્યારે પણ ચાલતા ઉદયમાં એ રીતે દેહના બધા કાર્યોથી, દેહમાં જે જે કાંઈ લાગતું હોય તેનાથી પોતાની ભિન્નતા જાણવી અથવા અનુભવવી. અને શરીરનું અનિત્યપણું છે એ ગમે ત્યારે છૂટવું એ નિશ્ચિત જ છે. કોઈનું શરીર એવું નથી કે અનાદિથી અત્યાર સુધી શાશ્વતપણે રહ્યું હોય, એવો એક પણ કેસ નથી દુનિયામાં. અન્ય મતમાં થોડી એવી ગડબડ ચાલે છે કે 'અશ્વસ્થામા' શાશ્વત છે. એવો કોઈ કોઈ એક-બે દરબાર એક 'અશ્વસ્થામા'નું આવે છે અને બીજા કોઈકનું આવે છે. બે જણનું આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનો બહુ ખ્યાલ નથી. 'અશ્વસ્થામા'નું 'મહાભારત'માં આવે છે. શાશ્વત છે એમ લે છે. હજી એ કોઈને દેખાતા નથી પણ એને શરીર છે અને એ ફર્યા જ કરે છે બધે.

મુમુક્ષુ :- તો ભૂત થયા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બધો ગપ્પો છે. શરીર નામકર્મ આયુષ્ય સાથે સંબંધ ધરાવે છે. આયુષ્યની અવધિ પર્યંત એ હોય છે. પછી એ હોતું નથી. અને આયુષ્ય છે એ સાદિશાંત છે. એની શરૂઆત થાય છે, એનો અંત આવ્યા વિના રહેતો નથી. જીવ ઇચ્છે કે ન ઇચ્છે અથવા કોઈ ઇચ્છે કે ન ઇચ્છે. ઘણા એમ ઇચ્છે કે આનું મૃત્યુ નહોતું થવું જોઈએ, એટલે કાંઈ કોઈની શરમ ત્યાં રહેતી નથી.

મુમુક્ષુ :- અહીંયા પરને નથી વેદતો પણ જ્ઞાનને વેદે છે એમ લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન તો પોતે વેદ્યવેદક જ છે. પોતે જ વેદાવા યોગ્ય છે અને પોતે જ વેદક છે. જ્ઞાન પોતે પણ વેદક છે અને વેદાવા યોગ્ય પણ પોતે જ છે. પોતે જ વેદ્ય-વેદક છે. અને જ્ઞાનમાં બીજાને વેદવાનો અવકાશ પણ નથી-જગ્યા પણ નથી, ખાલીપણું પણ નથી કે એ બીજા કોઈને વેદી શકે કે અનુભવી શકે. એ વસ્તુસ્થિતિ જ નથી. આ રીતે આત્મા પોતે જ્ઞાનઘન છે. જ્ઞાન પોતે ઘનિષ્ટ છે. ઘન સ્વરૂપે છે.

એ રીતે પોતાને '**પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય,...**' એટલે શરીરમાં જેણે પોતાપણું છોડી દીધું હોય. દેહાત્મબુદ્ધિનો જેણે અભાવ કર્યો હોય. આત્મામાં આત્મબુદ્ધિ જેણે કેળવી હોય તો તે મોટું શ્રેય છે. તે જીવને મોટું કલ્યાણ છે, બહુ મોટું કલ્યાણ છે. '**તથાપિ તેમ ન બન્યું હોય તો...**' હવે સાજો સારો હોય ત્યારે તો દુનિયાના બધા દોડા કરે, ભાવે અને દ્રવ્યે. સાજો સારો હોય, તંદુરસ્ત હોય ત્યારે તો એને કાંઈ ચેન પડે નહિ. કહે છે ને લોહી ચટકા ભરે છે માણસને. એટલે ધા-ઉધામાં કર્યાં જ કરે. કાંઈને કાંઈ, કાંઈને કાંઈક કર્યા જ કરે. એટલે એવું શરીરમાં વ્યાધિપણું ન હોય ત્યારે એ ન કરી શક્યો હોય તો. કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે. નાનો મોટો રોગ આવે ત્યારે તેવી ભાવના ભાવતા એટલે જે પહેલા પરેગ્રાફમાં લીધું ઇ આ બાજુ. એવી ભાવના ભાવતા એટલે આત્મા નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જન્મ, જરાસ મરણાદિ ધર્મથી રહિત છે. '**તેવી ભાવના ભાવતા**' એ સ્વરૂપની ભાવના છે. '**જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી;...**' પછી એને આકરું. નિશ્ચળ એટલે આકરું કર્મબંધન એને થાય નહિ. ભલે નાનો-મોટો રોગ આવે ત્યારે પણ એ વખતે ભેદજ્ઞાનનો પ્રયોગ કરે, ભિન્નપણાનો પ્રયોગ કરે. તંદુરસ્ત હોય ત્યારે તો કો'ક હળુકર્મી જીવને જ સૂઝે છે એવી વાત. અથવા કોઈ આસનભવ્ય જીવને જ એ પ્રયોગ સૂઝે છે. કારણ કે તંદુરસ્ત હોય ત્યારે તો એને વ્યાધિની ચિંતા હોતી નથી, મરણની ચિંતા રહેતી નથી. અથવા જાણે મરવાનો જ નથી એમ સમજીને જ બધા કામ કરે રાખે છે. એ મોટી ભૂલ છે. અને એમાં તો એને ન સૂઝે એ બનવા જોગ છે. પણ કાંઈક વ્યાધિ આવે ત્યારે તો એને આત્મભાવનામાં જરૂર આવવું જોઈએ. તો એને એવું કર્મબંધન ન થાય.

'**અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો...**' એને મોટો રોગ ઉત્પન્ન થઈ ગયો હોય તો. અથવા એવો હોય કે જે દુઃસાધ્ય હોય અથવા અસાધ્ય હોય એવી કોઈ વ્યાધિ અથવા રોગ હોય એની '**ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે.**'

મુમુક્ષુ :– ગંભીર વચનો છે...

પૂજ્ય ભાઈશ્રી :– એમના વિચારો તો પંદર વર્ષથી પ્રૌઢ છે. 'બહુ પુણ્યકેરા પુંજથી..' લખ્યું ત્યારથી એ વિચાર જુઓને ! 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું

તે તો કહો ?' જગતમાં તો પ્યાલો ફાટી જાય છે. પૈસો વધે કાં સત્તા હાથમાં આવે એટલે પ્યાલો ફાટે છે. અહીં કહે છે કે શું વધ્યું તારામાં તું જો તો ખરો. (જુઓ) આમ કહે છે. બહુ પ્રૌઢ વિચારધારા છે. ઘણી પ્રૌઢ વિચારધારા છે.

મુમુક્ષુ :- આપણા માટે જ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપણા માટે રહી ગયું છે. રહી ગયું એ આપણા માટે રહી ગયું છે. ઘણા કાગળો વયા ગયા છે પણ જેટલું રહી ગયું છે એ આપણા માટે. એમનું ઘણું સાહિત્ય વિચ્છેદ ગયું છે. પણ જેટલું રહી ગયું છે એ બહુ સારું રહી ગયું છે. સારું રહી ગયું છે એટલું નહિ, 'અખંડ મોક્ષમાર્ગ જેને કહીએ' (એ રહી ગયું છે). 'ગુરુદેવ' સાથે એ વાતને પૂછીને મેળવી હતી. 'અખંડ મોક્ષમાર્ગ,' 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના પત્રોની અંદર જે તત્ત્વ ભર્યું છે એમાં 'અખંડ મોક્ષમાર્ગ' વિદ્યમાન છે, રહી ગયો છે. 'ગુરુદેવે' અતિ ઉલ્લાસથી એ વાત સંમત કરેલી. અતિ ઉલ્લાસથી. એટલે એ રહી ગયું છે એ આપણા માટે રહી ગયું છે. એમ જ વિચારવા યોગ્ય છે અને એ જ રીતે એનો સ્વાધ્યાય કરવા જેવો છે. (અહીં સુધી રાખીએ)....

સહજાત્મસ્વરૂપપ્રત્યક્ષ - અનંત પ્રત્યક્ષ છે. જેની પ્રત્યક્ષતા માત્ર પ્રત્યક્ષ અનુભવ સંપન્ન સત્પુરુષના 'પ્રત્યક્ષયોગ'માં જ પ્રકાશિત થાય છે, જે ઉત્કૃષ્ટ પાત્ર જીવને પરોક્ષતામાંથી પ્રત્યક્ષતામાં પ્રવેશ કરાવી દે છે. દિપકથી વાટ દિપકમાં પ્રવર્તન પામે તેમ.

સ્વરૂપ સંબંધીના ગમે તેટલા વાંચન વિચાર ચિંતન જીવ પરોક્ષતામાં રહીને કરે, પણ તેથી પ્રત્યક્ષ અનુભવ ન પ્રગટે, તેથી નિષ્કારણ કરુણાશીલ મહાત્માઓએ સંત-ચરણનું પ્રાધાન્ય દર્શાવ્યું છે, તેમાં પારમાર્થિક - ઉક્ત - આશય નિહિત છે. સંત-ચરણનું મૂલ્ય મોક્ષ છે.

(અનુભવ સંજીવની-૧૦૯૧)

## તા. ૩-૬-૧૯૯૦, પત્રાંક – ૪૬૦, ૪૬૧
## પ્રવચન નં. ૧૭૧

એ ન્યાયનો એક મુદ્દો એ છે કે પોતાના કરેલા અપરાધનું આ ફળ છે. તેથી પણ આ જીવે તેના પ્રત્યે અણગમો કરવો તે વ્યાજબી નથી, યોગ્ય નથી. વળી ભિન્નપણું છે, શરીરથી પોતે જુદો છે તેથી દેહ દેહના ધર્મે વર્તે છે. માત્ર પોતે એનો જ્ઞાતા છે. એ રીતે એનો ભિન્નપણાનો સાથે સાથે પ્રયોગ કરવો. એ વિષય લીધો. અને તેનું અનિત્યાદિ સ્વરૂપ વિચારવું એ ન્યાયમાં જાય છે. પોતાનું **'નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિથી...'** રહિત પોતાનું સ્વરૂપ વિચારવું અને ભાવવું. ભાવતા વિચારવું. ભાવતાં ભાવતાં વિચારવું. એ પણ ભાવનાનો–સ્વરૂપ ભાવનાનો પ્રકાર છે. એ પ્રકારે શરીરમાં વ્યાધિ અને વેદના ઉત્પન્ન થઈ હોય ત્યારે જો પરિણમનને કેળવવામાં આવે, એ પ્રકારનો પ્રયત્ન કરવામાં આવે તો સામાન્ય રીતે એવા પ્રસંગમાં જે નિધત નિકાચિત કર્મ બંધાતા હોય એ બંધાતા નથી. આકરાં કર્મ બંધાતા નથી, કઠીન કર્મ બંધાતા નથી.

હવે અહીંયાં એક બીજી વાત લે છે કે આ રીતે સામાન્ય વ્યાધિ ઉત્પન્ન થયે જો ભાવના ભાવવામાં આવે તો નિશ્ચળ એટલે આકરું એવું કર્મબંધન ઘણું કરીને થતું નથી. એ ઉપરાંત એક બીજો પ્રસંગ એ છે કે **'મહાવ્યાધિના ઉત્પત્તિકાળે...'** એટલે શું છે કે એવો કોઈ રોગ ઉત્પન્ન થયો હોય, જેને મહારોગ ગણવામાં આવે, દુઃસાધ્ય હોય અથવા અસાધ્ય હોય એવા વ્યાધિના ઉત્પત્તિ કાળે તો દેહનું મમત્વ જરૂર ત્યાગીને, **'દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે.'** ત્યારે તો જરાય ઢીલા-પોચા ન રહેવું, એમ કહે છે. સામે જો મહાવ્યાધિ ઉત્પન્ન થયો હોય ત્યારે તો અવશ્ય દેહનું મમત્વ ત્યાગવું જ. જો દેહનું મમત્વ ન ત્યાગે તો દેહના મોહ ને મમત્વભાવે પણ એ રોગ તો એનું કામ કરવાનો જ છે અને શરીર ત્યાગ થવાનો તે થવાનો જ છે. પરિણામ એ આવશે કે પોતે અધોગતિમાં

ચાલ્યો જશે. પરિણામ બગાડતા પોતે અધોગતિમાં ચાલ્યો જશે. અને એ મહાવ્યાધિના ઉત્પત્તિકાળે જો પોતે આ પ્રકારે સ્વરૂપભાવના ભાવી હશે અને એ સ્વરૂપભાવનાપૂર્વક દેહનું મમત્વ છોડ્યું હશે તો જરૂર એ જ્ઞાનીના માર્ગને અનુસરતા ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરશે. પેલો અધોગતિને પ્રાપ્ત કરે છે તો આ ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરશે.

જ્ઞાનીનો માર્ગ એમ કહીને એમ કહેવું છે કે જે ભાવે ઉદાસીનતા પ્રાપ્ત થાય, જે ભાવે આત્મતા પ્રાપ્ત થાય એને જ્ઞાનીનો માર્ગ કહેવામાં આવે છે. જ્ઞાનીના માર્ગનો આગળ એક પત્રમાં થોડો ખુલાસો કર્યો છે. (પત્રાંક) ૪૬૫માં બીજો જે મોટો પેરેગ્રાફ છે ત્યાં છેલ્લી ત્રણ લીટીમાં વાત લીધી છે.

**'તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને...'** એટલે આ મહાવ્યાધિનું ઉપાર્જિત કર્મ છે એની ઉદયગત સ્થિતિ થઈ. તે **'સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી...'** પુરુષાર્થમાં દીનપણું નથી આવતું. **'અદીનપણે વેદવી, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે,...'** શું કહ્યું ? શું જ્ઞાનીપુરુષોનો માર્ગ છે ? કે ભલે ગમે તે પ્રકારનો ઉદય આવ્યો હોય એ તો પોતાના જ બાંધેલા પૂર્વકર્મનો ઉદય છે, પોતાના અપરાધનો વિષય છે. દીનતા કરવી નહિ કે અરેરે..! મને આમ થઈ ગયું, અરેરે...! મને આમ થઈ ગયું, મને આકરો ઉદય આવ્યો. એ રીતે દીનપણે પરિણમવું નહિ. અદીનપણે વેદવી એ સ્થિતિને. વ્યાકુળતા બહુ કરવી નહિ. કોઈ કહે, વેદના થાય ને વ્યાકુળતા ન કરવી ? હા. આકુળતા-વ્યાકુળતા શરીર પ્રત્યેના મોહને લીધે થાય છે, મમત્વને લીધે થાય છે. જેને મમત્વ જેટલું ઘટ્યું એટલી આકુળતા ઓછી થાય છે. જેને મમત્વ ગયું તેને આકુળતા થતી પણ નથી. આ વાસ્તવિક પરિસ્થિતિ છે. એવા વિષમ પરિણામે નહિ વેદવી એનું નામ સમપરિણામે વેદવી. એ જ્ઞાનીપુરુષોનો માર્ગ છે. **'અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે...'** એવું સ્મરણ કરતાં પોતાને તો સ્થિરતા વધે છે. એ ભાવમાં સ્થિરતા વધતી જાય છે.

એ વાત અહીંયાં કરી કે મહાવ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે તો જ્ઞાનીપુરુષના માર્ગને અનુસરવું, વિચારણાએ વર્તવું, અથવા અનુસરવું એ રૂડો ઉપાય છે. એ જ આત્માને કલ્યાણનો, શાંતિનો ઉપાય છે, એ જ એને માઠી ગતિમાં નહિ જવાનો ઉપાય છે. નહિતર એ કાળે માઠી ગતિમાં જવાના કર્મ બંધાયા વિના રહે નહિ.

**'જોકે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે,...'** ઘણી અઘરી વાત જરૂર છે કેમ કે દેહની સાથેનો આ જીવનો યોગ, યોગ નામ સંયોગ જોડાણ એ એટલું નિકટતમ છે કે એમાં કાંઈ ગડબડ થતાં સીધી જ પરિણામ ઉપર અસર આવે છે. શરીરના પરમાણુ અને રચના પરદ્રવ્ય હોવા છતાં એના ફેરફારોની અસર સીધી જ પરિણામ ઉપર આવવી ચાલુ થઈ જાય છે. અને અનાદિનું રૂઢ થયેલું, દઢ થયેલું મમત્વ છે એના ઉપરનું. એટલે એ મમત્વ ઓછું કરવું, એ મમત્વનો ત્યાગ કરવો. એ થોડી અઘરી વાત છે.

**'તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.'** જેને એ કરવું જ છે, દેહનું મમત્વ ત્યાગવું જ છે, ઓછું કરવું જ છે એવો જેણે દઢ નિર્ણય કર્યો છે એને અવશ્ય એમાં સફળતા મળે, મળે અને મળે જ છે. ન મળે એ વાત નથી એમ કહે છે. મળે જ એને. અને આ પ્રયોગ કરવા જેવો છે. આ વિચારણાને અનુસરવા જેવું છે. આ મુમુક્ષુની ભૂમિકાની જ્ઞાનીના માર્ગની સુવિચારણા છે. જો ઊપજે સુ વિચારણા તો પ્રગટે નિજ જ્ઞાન. 'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન.' આત્મજ્ઞાનનું એ કારણ થાય છે. આત્મજ્ઞાનનું કારણ થાય તો એ મોક્ષનું સિદ્ધપદનું એ કારણ થાય છે. કોઈ સામાન્ય વાત નથી પણ અસાધારણ મોટી વાત છે.

એક બાજુ દેહનું મમત્વ છોડવું એ કઠણ વાત છે તો પણ જો એ મમત્વ પુરુષાર્થથી, પ્રયત્નથી, નિશ્ચયથી ઘટી શકે છે કે મટી શકે છે તો એ પણ બહુ મોટી વાત છે. એ કોઈ સામાન્ય લાભ નથી પણ બહુ મોટો લાભ છે. એમ એ લાભ બહુ મોટો છે એમ વિચારીને પણ પુરુષાર્થમાં અગ્રેસર થવા યોગ્ય છે. પુરુષાર્થમાં મુખ્ય થવું. ભલે કોઈ કરે ન કરે. સમાજમાં સામું જોવું નહિ. ઘણા આવે છે અને ક્યાં કોઈ પુરુષાર્થ કરે છે, બધા આપણી જેમ જ એમ ને એમ આવે છે ને જાય છે, આવે છે ને જાય છે. એમ નહિ. આપણે કામ કરી લેવું છે એવી મુખ્યતા અંદર આવવી જોઈએ.

મુમુક્ષુ :– વિચારણા.

પૂજ્ય ભાઈશ્રી :– એ સુવિચારણા છે.

હવે નીચેના પેરેગ્રાફમાં એક એનું બીજું પડખું વિચારે છે. કે દેહનું મમત્વ ત્યાગવું અને દેહ પ્રત્યે પ્રીતિ નહિ કરવી એ તો દેહ એક એવું સાધન છે કે જેને લઈને

ભોગ અને ઉપભોગનું એ સાધન થઈ શકે છે, કારણ થઈ શકે છે. તે અર્થે તેની પ્રિયતા નથી કરવાની, તેની પ્રીતિ નથી કરવાની. પણ દેહ ઉપર કોઈ દ્વેષ નથી કરવાનો કે આને ઉપવાસ કરી કરીને સૂકવી નાખો. શું ! શરીર એ કોઈ દ્વેષનો વિષય નથી કરવો. જેમ એ રાગનો વિષય નથી બનાવવો, તેમ દ્વેષનો વિષય પણ નથી બનાવવો. એ માટે એક બહુ સારો ન્યાય નીચે આપે છે.

**'જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે;...'** મમતા તોડવી અને મમતા કરવી બેય અવિરુદ્ધ છે, અહીંયાં અવિરુદ્ધ નથી. અપારિણામિક મમતા એવું નામ આપ્યું. અપારિણામિક શું કે જેના પરિણામે મમતા છૂટી જાય તે અપારિણામિક મમતા છે. તો ત્યાં કેટલો મતલબ છે, પોતાને પ્રયોજન છે ? કે આત્મકલ્યાણનું જે સાધન થાય છે. સત્સંગનું, સદ્ગ્રંથોના અધ્યયનનું એ પ્રકારે જે બાહ્ય સાધન છે. અંતરંગ સાધન તો પોતાનો પુરુષાર્થ છે પણ એ અંતરંગ પુરુષાર્થમાં જે બાહ્ય સાધન છે એવું જ્યાં સુધી દેહનું નિમિત્તપણું છે જીવના કલ્યાણના સાધનમાં, ત્યાં સુધી તેને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે.

**'એટલે કે...'** હવે એનો અર્થ કરે છે. **'કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઇચ્છાએ નહિ, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ...'** તેવા જ અભિપ્રાયથી **'તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી.'** શું થાય છે ? કે માણસ અનુકૂળતા અને પ્રતિકૂળતાની એટલી મુખ્યતા રાખે છે કે એને કારણે એ બાહ્ય સાધનને એને છોડવા પડે છે. આત્મકલ્યાણના બાહ્ય સાધનનો એણે ત્યાગ કરવો પડે છે.

એમ કહે, ભઈ ! અમને નહિ ફાવે. અમારા ઘર સિવાય અમને ક્યાંય નહિ ફાવે. એટલે ઘરે બેઠાં જો કાંઈ થતું હોય તો કરવું છે. બહારમાં ફેરફાર થાય અને ન ફાવે તો એ છોડી દેવાનું થાય છે. તો એ એટલા પૂરતો દેહનો ઉપચાર કરવો યોગ્ય છે કે જેને લઈને બાહ્ય સાધનમાં પોતે પ્રવર્તવામાં પોતે બાધક ન થાય. શરીરના રોગ વ્યાધિ અને અશાતા એ બાહ્ય સાધનમાં વ્યાધિ ન થાય એટલા પૂરતો, એવી બુદ્ધિએ, એવા અભિપ્રાયથી ઉપચાર કરવામાં કાંઈ દોષ નથી. એમ કહેવું છે. ફરીને.

**‘આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર...’** ઉપચાર એટલે Treatment પછી એમાં દવા લેવી છે કે કોઈપણ પ્રકારની એની સારવાર છે એને ઉપચાર કહે છે. તે દેહના મમત્વ કરવાની ઇચ્છાએ નહિ. દેહમાં પોતાને પ્રીતિ છે એ વધારવાની ઇચ્છાએ નહિ. **‘પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે,...’** એમાં નિમિત્ત પડે છે **‘એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ...’** એ લાભ જતો કરવો પડે છે તે જતો ન કરવો પડે. એમ. **‘તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ...’** એટલે તેવા અભિપ્રાયથી. એમાં ભૂલ કરે એને દેહના અનુરાગનો, દેહના મમત્વનો જો અભિપ્રાય ઓછા-વત્તા અંશે હોય એટલું નુકસાન થાય. **‘તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી.’** તો એવો ઉપચાર થોડો-ઘણો કરવો પડે તો એમાં આત્માને દોષ નથી.

મુમુક્ષુ :– Adjustment છે આ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, Adjustment છે અથવા આ એક બીજું પડખું છે. બીજું એક પડખું છે કે જ્યારે પોતે અભિપ્રાય શું રાખે છે ? એના પરિણામ કેવા છે ? એના પરિણામે બંધ છે. પરિણામે બંધ છે, ક્રિયાએ બંધ નથી. તો જે દેહે કરીને આત્મસાધન કરવાનું ત્યાં અભિપ્રાય છે ત્યાં એ દેહને સારવાર અર્થે કાંઈ કરવું પડે તો એ અભિપ્રાયથી કરતાં દોષ નથી, બાધ નથી.

**‘જે કંઈ તે મમતા છે તે...’** અથવા તે ઉપચાર વગેરેનું કાર્ય છે તે **‘અપારિણામિક મમતા છે,...’** શબ્દ અપારિણામિક છે. **‘જે કંઈ તે મમતા છે તે અપારિણામિક મમતા છે,...’ ‘અપારિણામિક મમતા છે એટલે પરિણામે સમતાસ્વરૂપ મમતા છે.’** એમાં વિષમતા નથી એમ કહેવું છે. વિપર્યાસ નથી, વિરુદ્ધતા નથી. આત્મકલ્યાણથી વિરુદ્ધ જવાનું કારણ નથી પણ આત્મકલ્યાણને અનુસરવાનું કારણ છે. માટે ત્યાં વિષમતા નથી પણ સમતા છે એમ લેવું.

હવે ચોખવટ કરે છે. **‘પણ તે દેહની પ્રિયતાર્થે,...’** નહિ. દેહ ઉપર પ્રેમ છે એટલા માટે નહિ. **‘સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે,...’** એટલા માટે નહિ. અને તે હેતુ **‘ત્યાગવો પડે છે,...’** એટલા માટે નહિ. એવા પ્રકારના આર્તધ્યાને **‘કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી.’** દેહમાં આત્મબુદ્ધિ કરવામાં જીવને દેહ પ્રત્યે મમત્વ છે અને એ ભોગ-ઉપભોગનું સાધન છે એ સાધન જળવાઈ રહે એવો પણ

એની અંદર હેતુ છે, રોગ હશે તો આપણે ખાવા-પીવામાં બધું નહિ ખાઈ શકીએ. પરેજ પાળવી પડશે. મુખ્યપણે તો શરીરની રોગિષ્ટ અવસ્થાને લીધે એને પરેજ પાળવી પડે છે. પરેજ પાળવાની અંદર પોતે ઇચ્છે એ પ્રમાણે ભોજન નથી કરી શકતો. તો જો શરીર તંદુરસ્ત હોય તો બધું ખાઈ શકાય, વાંધો આવે નહિ. એટલા માટે નહિ. પણ આત્મકલ્યાણના કારણથી એની કાંઈ સારવાર કરવી કે ઠીક રાખવાનું બને તો એ પ્રકારના પરિણામ છે એ અભિપ્રાય અનુસાર ઠીક છે. પણ એવું કોઈ આર્તધ્યાન નથી કરવાનું કે દેહમાં આત્મબુદ્ધિ છે એ દઢ થઈ જાય. એ પ્રકારે દેહમાં બુદ્ધિ ન કરવી.

**'એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.'** આ પ્રકારની જ્ઞાનીપુરુષની શિક્ષા છે, શિખામણ છે. શિક્ષા એટલે શિખામણ છે. અને તે આત્મકલ્યાણના તેવા તેવા પ્રસંગે તેમાં લક્ષ આ પ્રકારનો રાખવાનો છે, બીજો કાંઈ લક્ષ રાખવાનો નથી. એટલે કોઈ જીવ સાધક જીવ કોઈ શરીરનો ઉપચાર કરે તો એકાંતે એને દોષિત છે એ પ્રકારે વિચારવા યોગ્ય નથી. નહિતર આ ભૂલ થઈ જશે. કે ભઈ ! દેહનું મમત્વ છોડવાનું હતું. આ તો શરીરમાં રોગ મટે માટે દવા ખાય છે. એ દવા એને ન ખાવી જોઈએ. કેમ કે દેહનું મમત્વ છોડવું છે. ભલે દેહનું જે થાવું હોય તે થાય. કહે છે કે દેહાત્મ બુદ્ધિથી તો એ કરવા યોગ્ય નથી, એ વાત વ્યાજબી છે. પણ આત્મકલ્યાણ સાધન અર્થે અને એ સાધનમાં બાધા ન આવે તે અર્થે જો તેમ કરવામાં આવે તો કાંઈ એમાં દોષ કે બાધા આવતી નથી.

જેમ કે માણસ શાસ્ત્ર-અધ્યયન કરે છે. મહાન આચાર્યોના અને જ્ઞાનીપુરુષોના ગ્રંથોનું અધ્યયન કરવું છે કે જેને લઈને આત્મભાવ જે નિમિત્તે વિશેષ આવિર્ભાવ થાય છે, આત્મરસ કેળવાય છે અને આત્મતા પ્રત્યે જવાય છે. તો ત્યાં આંખ સાધન છે, દેહનો એક અવયવ છે. હવે આંખે મોતિયો આવતો હોય કે આંખમાં બીજો કાંઈ રોગ શરૂ થયો હોય તો વાચવું બંધ કરી દેવું પડે. તો એ વખતે ઉપચાર કરવો કે ન કરવો ? કે ભલે આંખ ફૂટી જાય. ભલે આંખ મટી જાય (ન દેખાય) આપણે કાંઈ વાંધો નહિ. આપણે ક્યાં દેહાત્મબુદ્ધિથી વર્તવું છે ?

મુમુક્ષુની ભુમિકામાં–નીચેની ભૂમિકામાં (એ વિકલ્પ આવે). મુનિરાજ હોય એને

એ વિકલ્પ નથી. કેમ કે એ એટલા બળવાન છે કે શરીરના સાધનને ગૌણ કરીને પણ એ આત્મસાધન સારી રીતે કરી શકે છે. પણ જ્યાં એટલું શરીરસાધન ગૌણ કરવાની પોતાની પરિસ્થિતિ નથી અને બીજા નિમિત્તોના સદ્ભાવમાં આકુળ-વ્યાકુળ અને આર્તધ્યાનને પ્રાપ્ત થઈ જાય છે એવી યોગ્યતા છે, ત્યાં એણે કેવા નિમિત્તોની વચ્ચે, કેવા સંગની વચ્ચે રહેવું ? એનો વિવેક કરવા યોગ્ય છે. એ વિવેક ન કરે તો પણ એ આત્મકલ્યાણને અનુસરવા માટે એના પરિણામ યોગ્ય નથી, અયોગ્ય પરિણામ છે.

એ રીતે ઉપચાર કરવાના તેવા પ્રસંગે લક્ષ રાખવામાં આવે તો એ જ્ઞાનીપુરુષના માર્ગની એ શિક્ષા છે, એ શિખામણ છે કે એ રીતે પોતે પોતાના પરિણામ જોઈને એનો વિવેક કરવો. ભલે ગમે તે થાય અને આપણે દવા નથી લેવી અને પછી પરિણામ પાછાં બગડે. જેમ ઉપવાસ કરીને બગડે એમ રોગ થઈને બગડે. વેદનામાં પરિણામ બગડે અને આર્તધ્યાન થાય એ રીતે પણ આર્તધ્યાન કરવા જેવું નથી. તો ત્યાં એણે એ રીતનું Adjustment કરવું જોઈએ કે પોતાના પરિણામ ન બગડે. કાલે વાત કરી હતી કે પરિણામની દવા કરવાની છે. રોગની દવા મુખ્યપણે નથી કરવાની પણ મુખ્યપણે પરિણામની દવા કરવાની છે, ભાવની દવા કરવાની છે. શરીર અર્થે શરીરની દવા નથી કરવી. ભાવ બગડે નહિ અને ભાવ સુધરે આ એક હેતુ જળવાવો જોઈએ. શરીરનો ઉપચાર કરવો ગૌણ વાત છે. પરિણામનો બગાડ સુધાર તે મુખ્ય વાત છે. આ હેતુ લક્ષમાં રાખવા યોગ્ય છે. એ વાત બીજા પડખાંની આ પેરેગ્રાફમાં કરી એમણે. કારણ કે જ્યારે એ વાત–પ્રકરણ હાથમાં જ આવ્યું છે, પત્રની અંદર એ વિષય Agenda ઉપર લીધો છે ત્યારે એના જેટલા પડખાં સ્પષ્ટ થાય એટલા પડખાં સ્પષ્ટ કરે કે જેથી મુમુક્ષુ જીવ ભુલામણીમાં પડે નહિ, ભ્રાંતિમાં પડે નહિ.

મુમુક્ષુ :– મુનિરાજ જેમ આત્મકલ્યાણ અર્થે આહાર લે છે....

પૂજ્ય ભાઈશ્રી :– હા પણ એ આહારની મર્યાદા છે. બીજું કાંઈ શરીરમાં રોગ આવે તો ઉપચારની ત્યાં મર્યાદા નથી.

મુમુક્ષુ :– એની જેમ આ નીચે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ નીચે પણ એ પોતાના પરિણામ જોઈને (ઉપચાર આદિ કરે), ત્યાં એટલી જ વાત છે. આહારથી વિશેષ કોઈ વાત નથી. પછી કોઈને

બીજાને ખ્યાલ આવે છે કે મુનિરાજ છે (એમનું) કોઈ રોગથી શરીરગ્રસ્ત થઈ ગયું છે તો એ આહારમાં ઔષધિને ભેળવી દે છે. સીધી ઔષધિ આપે તોપણ મુનિરાજ લે નહિ. માગે તો નહિ પણ આપે તો પણ લે નહિ. આ (શ્વેતાંબર) લોકોમાં કથામાં વિપર્યાસ આવ્યો છે કે ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન થયું પછી દવા મંગાવી કે ફલાણાના ઘરે જઈને મારી દવા લઈ આવો. કેમ કે ત્યાં એ પ્રથા છે કે ગુરુ હોય એ શિષ્યને કામ સોંપે કે તમારે મારું કામ કરી આવવું. એ પરિસ્થિતિ મુનિદશામાં હોતી નથી. મુનિદશામાં હોતી નથી તો કેવળજ્ઞાનની દશામાં હોવાનો તો સવાલ જ નથી. જો કે કેવળજ્ઞાનમાં તો ઉપસર્ગ પરિષહ નાશ થઈ જાય છે. જેવું કેવળજ્ઞાન થાય ત્યારે કોઈપણ પ્રકારના ઉપદ્રવ, કુદરતી ઉપદ્રવ પણ ન થાય કે મનુષ્ય, દેવકૃત ઉપદ્રવ પણ એને હોઈ શકે નહિ. પણ મુનિરાજ હોય તો પણ દવાની યાચના ન કરે.

મુમુક્ષુ :— આહારમાં પણ જે શકય હોય એ જ દવા લે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. પણ એ પણ ઓલા ભેળવી દે. પોતે માગે એમ નહિ. એવી નિર્દોષ દવા હોય તો એ આહારની અંદર નાખી દે. પોતે શરીરનો રોગ મટાડવા અર્થે દવા ન લે. એ જાતની મર્યાદા છે. જ્યારે એમાં જો કોઈ જ્ઞાની આહારદાન કરનાર હોય તથા ઔષધદાન સાથે સાથે, આહારદાનની સાથે સાથે ઔષધદાનનો જે પ્રકાર છે એમાં જ્ઞાનીપુરુષ હોય તો એ એમ વિચારે છે કે જે દેહના બાહ્ય સાધનથી મુનિરાજને રત્નત્રયનું પાલન થાય છે, વ્યવહાર રત્નત્રયનું અને નિશ્ચય રત્નત્રયનું પાલન થાય છે અને મોક્ષમાર્ગમાં તેઓ સ્થિર રહી શકે, એ મોક્ષમાર્ગની રક્ષા કાજે હું ઔષધદાન કરું છું, શરીરની રક્ષા કાજે નહિ. આવો અભિપ્રાય એની અંદર હોય છે. આહાર પણ એ જ રીતે દેવાય છે. મુનિના શરીરના પોષણ માટે આહાર નથી દેવાતો પણ મુનિપણાને ટકાવવા માટે આ આહારદાન દેવામાં આવે છે. એટલે મોક્ષમાર્ગની પુષ્ટિ છે, શરીરની પુષ્ટિ નથી. મુનિરાજના આહારદાનમાં મુનિરાજના શરીરની પુષ્ટિ નથી પણ મોક્ષમાર્ગની પુષ્ટિ છે. એટલે મોક્ષમાર્ગને બાધા ન આવે એવું બધું વિચારે છે આહારદાન દેનાર, ઔષધદાન દેનાર. અત્યારે માગે એ આપે એમ નથી. અત્યારે તો જે માગે એ આપી દે છે કે ભાઈ ! અમારા માટે શિયાળો છે એટલે જરા ગુંદરપાક સારો બનાવજો. એ શરીરની પુષ્ટિ માટે આહારદાન નથી. મોક્ષમાર્ગની પુષ્ટિ માટે આહારદાન છે. રત્નત્રયની પુષ્ટિ માટે આહારદાન છે. એટલે

આહારદાન દેનારનો અંદરનો અભિપ્રાય એવો છે કે આ જગતમાં મોક્ષમાર્ગ ત્રણે કાળે જયવંત રહો. ત્રણે કાળે જીવંત રહો મોક્ષમાર્ગ. આ મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે અને મોક્ષમાર્ગમાં પ્રવર્તાવે છે એવો એમનો મોક્ષમાર્ગને ટકવાનો અભિપ્રાય છે. બીજો અભિપ્રાય એની અંદર નથી માટે નિર્દોષતા જાળવવામાં આવે છે. એ પ્રકાર છે. એમ પોતાના માટે પણ એ રીતે લેવું.

**'સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ.'** હવે શું છે કે જેને આ પત્ર લખ્યો છે એનો કોઈ શારીરિક વેદના અથવા રોગનો ઉપદ્રવ હશે. અને એમાં પરિણામ થોડા ખેદ થતા હશે, ભયવાન થતા હશે. તો એને એમ કહે છે કે તમે નિર્ભય થઈ જાવ અને વ્યાકુળતા-આકુળતા છોડી દો. ખેદ છોડી દો. દ્વેષ છોડી દો.

**'સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી...'**ને જેને જ્ઞાની પ્રાપ્ત થયા છે એમને.. એમાં શું છે કે આ લોકોને કાંઈક ઓળખાણ આવી છે એટલે જ્ઞાનીના શરણમાં પછી ભય રાખવાની જરૂર નથી. જેને જ્ઞાનીનું શરણ મળ્યું એને ભય રાખવાની જરૂર રહેતી નથી. એ નિર્ભય થઈ ગયા. જેમ કે આપણે કહીએ ને કે ભઈ ! અમારે તો અમારે માથે ઘણા મોટા મોટા માણસો છે, અમારે શું વાંધો છે ? એમ વિચારે છે કે નહિ ? આ નેતાઓની લાગવગ હોય, બીજા પૈસાવાળાની કોઈ લાગવગ હોય. કોઈ બીજાની સાથે સંબંધો એવા હોય તો માણસ નિર્ભય થઈ જાય છે ને ? એમ જેના માથે જ્ઞાની છે એ નિર્ભય થઈ જાય છે. કેમ કે એણે એનું શરણ ગ્રહણ કર્યું છે. ક્યાંય પણ મારી ભૂલ થશે તો એ મને બચાવી લેશે.

એટલે સર્વ પ્રકારે શરણાગત બુદ્ધિ કેવી છે જ્ઞાની પ્રત્યે ? સર્વ પ્રકારે શરણમાં બુદ્ધિ છે જ્ઞાની પ્રત્યે. ત્યારે એણે **'નિર્ભયપણાને, નિઃખેદપણાને...'** ભજવું જોઈએ. એમાં એને ભય અને આકુળતા કરવાની જરૂર નથી. એવી શિક્ષા **'શ્રી તીર્થંકર જેવાએ કહી છે,...'** જુઓ ! અહીંયાં ભગવાનને, સર્વજ્ઞને વચમાં લાવ્યા કે આ તીર્થંકરની શિક્ષા છે, શિખામણ છે કે જ્ઞાનીના શરણમાં જઈને તું નિર્ભય થઈ જા, નિઃશંક થઈ જા અને કોઈપણ પ્રકારે તારે ગભરાવાની જરૂર નથી. ખેદ એટલે ગભરાવાની જરૂર નથી, મૂંઝાવાની જરૂર નથી. **'અને અમે પણ એ જ કહીએ છીએ.'** જે તીર્થંકરે કહ્યું

એ અમે પણ કહીએ છીએ. એમ કહીને ટુંકામાં એમ કહી દીધું કે તમારે કોઈ મૂંઝાવાની જરૂર નથી, કોઈ ગભરાવાની જરૂર નથી. કોઈપણ કારણથી, કોઈપણ નિમિત્તથી, કોઈપણ બહાને, કોઈપણ ઉદયના કારણે આ સંસારની અંદર ક્લેશ પામવા યોગ્ય નથી, દુઃખી થવા યોગ્ય નથી, પરિણામને આર્તધ્યાન, રૌદ્રધ્યાનમાં લઈ જવા જેવા નથી. ગમે તે કારણ બન્યું ન હોય.

આમાં ફક્ત સમજણ અને અણસમજણનો જ સવાલ છે. જ્યાં મારાપણું છે ત્યાં ગડબડ થયા વિના રહેશે નહિ. સંસારની અંદર ક્યાં પરિણામ બગડે છે ? કે ક્યાં પરિણામ વધારે ચીકણા થાય છે ? કે જ્યાં મારાપણું છે ત્યાં. ખરેખર તો એનું કાંઈ છે નહિ. કોઈ બીજો આત્મા આ આત્માનો નથી કે એ સિવાયના બીજા કોઈ અચેત પદાર્થો પણ આ ચેતન પદાર્થની સાથે ખરેખર કાંઈ સંબંધ ધરાવતા નથી. એ તો એક સોગઠાબાજી છે. દાણા નાખ્યા અને સોગઠા ગોઠવાણા. દાણા કેમ પાડવા એ કોઈના હાથની બાજી નથી. ભલે પોતાના હાથે નાખે છે તો પણ. ધાર્યા પ્રમાણે પડે કાંઈ ? નહિ. સોગઠા આપોઆપ ગોઠવાય છે બસ. એમ સચેત-અચેત પદાર્થોના જે કાંઈ સોગઠા ગોઠવાઈ છે એમાં આ જીવને ખરેખર કાંઈ લેવા દેવા નથી. લેવા-દેવા નહિ હોવા છતાં જે પોતાપણું કર્યું છે, મારાપણું કર્યું છે એ જ પરિણામ બગડવાનું કારણ ચોખ્ખે ચોખ્ખું છે. આ સિવાય વાતમાં કાંઈ માલ નથી.

કહે છે કે **'કોઈ પણ કારણે...'** કેવા ? અમુક કારણે નહિ. **'કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.'** આ મુખ્ય પકડીને રાખવું. કેમ કે એ ક્લેશ છે એ કોના કારણે ઉત્પન્ન થાય છે ? કે **'અવિચાર અને અજ્ઞાન.'** આ એનું કારણ છે. **'અવિચાર અને અજ્ઞાન.'** વિચારવાનપણું હોય ત્યાં પણ ક્લેશ થતો નથી. અને સમ્યગ્જ્ઞાનપણું હોય ત્યાં પણ આવો ક્લેશ થતો નથી. કેમ કે એની કિંમત ચાલી ગઈ છે. આગળ એ વાત આવી ગઈ ને ? કે એની કિંમત ચાલી ગઈ છે. જુઓ ! સામે બીજો પેરેગ્રાફ છે. આગળના પત્રનો (પત્રાંક ૪૫૯) વચ્ચેનો પેરેગ્રાફ છે ને ?

**'જે વસ્તુનું માહાત્મ્ય...'** એટલે **'મૂલ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી.'** આ સીધી વાત છે. ક્લેશ તો ત્યારે છે કે એની કિંમત આપી છે ત્યારે. એની કિંમત નથી તો ક્લેશ નથી. આ સીધી વાત છે. એટલે અવિચારથી એની કિંમત આપી છે, અજ્ઞાનને લઈને કિંમત આપી છે, અજ્ઞાનને લઈને સંબંધ

ગણ્યો છે. ખરેખર પરમાર્થપણે, વાસ્તવિકપણે સંબંધ નહિ હોવા છતાં પોતે સંબંધ ગણ્યો છે. સંબંધ સ્વીકાર્યો છે, સંબંધ માન્યો છે. ખરેખર સંબંધવાળો પોતાને કલ્પ્યો છે. આ એને લઈને ક્લેશ છે. એને લઈને દુઃખ છે. એને લઈને આર્તધ્યાન છે. એને લઈને માઠી ગતિ અને અધોગતિનું આ કારણ છે.

**'અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે.'** અધોગતિનું આ કારણ છે. **'સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.'** એ પંચમગતિનું–આત્મગતિ કહો કે પંચમગતિનું એ કારણ છે. આ કાળમાં પંચમગતિનું કારણ વિદ્યમાન છે એમ કહેવું છે. આત્મજ્ઞાન અને સદ્‌વિચાર છે એ આત્મગતિનું એટલે પંચમગતિનું એ કારણ છે. તેથી કોઈ પોતાને આમ કહે કે તમે અવિચારી છો. તો એને સારું ન લાગે કે અમને અવિચારી કહી દીધા. ભાઈ ! તારા આત્માને તું પોતે નુકસાન કરે છો એ અવિચારપણું નથી તો શું છે ? જ્ઞાની અને મુમુક્ષુ તો પોતાને નિંદે છે એવી રીતે. પોતાને નિંદે છે.

પોતે એક જગ્યા એ લખશે કે આ રીતે પુરુષાર્થ કરીને અમે આગળ ન વધ્યા અને પ્રમાદમાં રહી ગયા તો અમારા જેવા પણ અવિચારી થોડા જાણવા. ખુલ્લું લખે છે. એ પોતે આગળ વધવા માટે લખે છે. પણ અહીંયાં જેને જે પ્રસંગ પ્રાપ્ત હોય, જેને પોતાને જોડાણ થતું હોય, જે પ્રસંગથી, જે વ્યક્તિથી, જે વસ્તુથી ક્યાંય પણ જોડાણ થતું હોય ત્યારે એણે સમજવું કે અવિચારે કરીને થાય છે. સદ્‌વિચારે કરીને એ હોઈ શકે નહિ. આ અવિચાર અને સદ્‌વિચાર પ્રતિપક્ષમાં છે. બહુ સરસ માર્ગદર્શન આપ્યું છે. મુમુક્ષુજીવને તરી જાય એવી વાત છે. ડૂબતો બચી જાય અને તરી જાય એવી વાત છે.

એ **'સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય...'** એટલે કે એ ન થતું હોય ત્યારે શું કરવું ? એવો સદ્‌વિચાર અને આત્મજ્ઞાન ન થતું હોય અને અવિચાર અને અજ્ઞાન થઈ જતું હોય ત્યારે શું કરવું ? કે એને **'જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.'** એનો સાક્ષાત્ ઉપાય કહો કે એનો સીધે સીધો ઉપાય કહો, એનો પ્રત્યક્ષ ઉપાય કહો કે એણે જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી. એટલે આવા જે વચનોમાં જ્ઞાનીપુરુષની આજ્ઞા છે એ એવી રીતે પોતે રાખવી પોતાની પાસે સમક્ષ કે આવું થાય એટલે તરત જ એનું અનુસંધાન થાય

એને એવી રીતે એ વાત રાખવી. ગોતવી પડે એમ નહિ. એ વખતે મૂંઝાય ત્યારે ગોતવું પડે કે આ જ્ઞાનીપુરુષની આવા કાળે શું આજ્ઞા છે ? એમ નહિ. પ્રથમથી જ.. જેમ કોઈ માણસ દવાઓનો કબાટ રાખે છે કે નહિ ? First aid box રાખે છે કે નહિ ? અડધી રાતે જરૂર પડી, ક્યાં એ વખતે જાવું આપણે ? ઘરે હોય તો તરત દવા લઈ લેવાય. એમ પ્રથમથી એ જાતનું આયોજન રાખવામાં આવે છે. એમ આ જે જ્ઞાનીપુરુષની આજ્ઞાને અને સદ્‌વિચારણાના જે વચનો અને જે ભાવો છે એ તરત જ પોતાને મળે એવી વ્યવસ્થા એણે રાખવી. અને એ વખતે એ ગોતવું પડે એમ ન હોવું જોઈએ. સીધું જ હાથમાં આવે એવું હોવું જોઈએ. એકદમ પરિણામ ફરી જાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**'પ્રણામ પહોંચે.'** એ 'કલોલ'ના ભાઈ અને બીજા બહેન છે એને આ પત્ર લખેલો છે. એમાં આટલી આટલી વાતો એક પત્રની અંદર નાખી છે. ૪૬૦ (પત્ર) પૂરો થયો.

**પત્રાંક-૪૬૧**

**મુંબઈ, શ્રાવણ સુદ ૪, મંગળ, ૧૯૪૯**

**પરમસ્નેહી શ્રી સુભાગ્ય,**

**આપને પ્રતાપે અત્રે કુશળતા છે. આ તરફ દંગો ઉત્પન્ન થવા વિષેની વાત સાચી છે. હરિ-ઇચ્છાથી અને આપની કૃપાથી અત્રે કુશળક્ષેમ છે.**

**શ્રી ગોસળિયાને અમારા પ્રણામ કહેશો. ઈશ્વર-ઇચ્છા હશે તો શ્રાવણ વદ ૧ની લગભગ અત્રેથી થોડા દિવસ માટે બહાર નીકળવાનો વિચાર આવે છે. કયે ગામ, અથવા કઈ તરફ જવું તે હજુ કંઈ સૂઝ્યું નથી. કાઠિયાવાડમાં આવવાનું સૂઝે એમ ભાસતું નથી.**

**આપને એક વાર તે માટે અવકાશનું પુછાવ્યું હતું. તેનો યથાયોગ્ય ઉત્તર આવ્યો નથી. ગોસળિયા બહાર નીકળવાની ઓછી બીક રાખતા હોય અને આપને નિરુપાધિ જેવો અવકાશ હોય, તો પાંચ પંદર દિવસ કોઈ ક્ષેત્રે નિવૃત્તિવાસનો વિચાર થાય છે, તે ઈશ્વરેચ્છાથી કરીએ.**

**કોઈ જીવ સામાન્ય મુમુક્ષુ થાય છે, તેને પણ આ સંસારના પ્રસંગમાં પ્રવર્તવા પ્રત્યયીનું વીર્ય મંદ પડી જાય છે, તો અમને તે પ્રત્યયી ઘણી મંદતા વર્તે તેમાં આશ્ચર્ય લાગતું નથી; તથાપિ કોઈ પૂર્વે પ્રારબ્ધ ઉપાર્જન થવાનો એવો જ પ્રકાર હશે કે જેથી તે પ્રસંગમાં પ્રવર્તવાનું રહ્યા કરે. પણ તે કેવું રહ્યા કરે છે ? કે જે ખાસ સંસારસુખની ઇચ્છાવાળા હોય તેને પણ તેવું કરવું ન પોષાય, એવું રહ્યા કરે છે. જોકે એ વાતનો ખેદ યોગ્ય નથી, અને ઉદાસીનતા જ ભજીએ છીએ, તથાપિ તે કારણે એક બીજો ખેદ ઉત્પન્ન થાય છે, તે એ કે સત્સંગ, નિવૃત્તિનું અપ્રધાનપણું રહ્યા કરે છે, અને પરમ રુચિ છે જેને વિષે એવું આત્મજ્ઞાન અને આત્મવાર્તા તે કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના ક્વચિત્ ત્યાગ જેવાં રાખવા પડે છે. આત્મજ્ઞાન વેદક હોવાથી મુઝવતું નથી, પણ આત્મવાર્તાનો વિયોગ તે મુઝવે છે. તમે પણ ચિત્તમાં એ જ કારણે મુઝાઓ છો. ઘણી જેને ઇચ્છા છે એવા કોઈ મુમુક્ષુભાઈઓ તે પણ તે કારણે વિરહને વેદે છે. તમે બન્ને ઈશ્વરેચ્છા શું ધારો છો ? તે વિચારશો. અને જો કોઈ પ્રકારે શ્રાવણ વદનો યોગ થાય તો તે પણ કરશો.**

**સંસારની ઝાળ જોઈ ચિંતા ભજશો નહીં. ચિંતામાં સમતા રહે તો તે આત્મચિંતન જેવી છે. કંઈ જ્ઞાનવાર્તા લખશો. એ જ વિનંતી.**

**પ્રણામ.**

૪૬૧.

**'પરમસ્નેહી શ્રી સુભાગ્ય, આપને પ્રતાપે અત્રે કુશળતા છે. આ તરફ દંગો ઉત્પન્ન થવા વિષેની વાત સાચી છે.'** દંગો એટલે તોફાન. કોઈ હુલ્લડ થાય, તોફાન થાય એને દંગો કહે છે. 'મુંબઈ'માં ક્યાંક તોફાન થયાના સમાચાર સાંભળ્યા હશે અને

લખ્યું હશે કે તમારી બાજુ કાંઈ ગડબડ છે તો કેમ છો તમે બધા ? સલામત છો ને ? કુશળ છો ને ? તો કહે છે, અત્રે **'આપને પ્રતાપે અત્રે કુશળતા છે. આ તરફ દંગો ઉત્પન્ન થવા વિષેની વાત સાચી છે.'** એવું બન્યું છે. **'હરિ-ઇચ્છાથી અને આપની કૃપાથી અત્રે કુશળક્ષેમ છે.'** 'સુભાગભાઈ' પ્રત્યે થોડા વિશેષ ભાવ વ્યક્ત કરે છે. **'શ્રી ગોસળિયાને અમારા પ્રણામ કહેશો. ઇશ્વર-ઇચ્છા હશે તો શ્રાવણ વદ ૧ની લગભગ અત્રેથી થોડા દિવસ માટે બહાર નીકળવાનો વિચાર આવે છે.'** નિવૃત્તિ માટે. શ્રાવણ વદમાં નિવૃત્તિ માટે નીકળવાની ઇચ્છા છે. ઈશ્વર-ઇચ્છા હશે એટલે કુદરતી બનવા યોગ્ય હશે તો. વિકલ્પ અનુસાર બને જ એવો કોઈ નિયમ નથી.

**'કયે ગામ, અથવા કઈ તરફ જવું તે હજુ કંઈ સૂઝ્યું નથી.'** એટલે નિવૃત્તિ માટે કયા ગામ જવું, કઈ તરફ જવું એ હજી કાંઈ વિચારમાં પાકું થયું નથી. પરંતુ **'કાઠિયાવાડમાં આવવાનું સૂઝે એમ ભાસતું નથી.'** કાઠિયાવાડ બાજુ નહિ આવીએ. **'આપને એક વાર તે માટે અવકાશનું પુછાવ્યું હતું.'** તમને વખત હોય તો તમે ત્યાં સાથે રહો. **'આપને એક વાર તે માટે અવકાશનું પુછાવ્યું હતું. તેનો યથાયોગ્ય ઉત્તર આવ્યો નથી.'** અને તેનો કોઈ ખાસ જે જવાબ ચોક્કસ આવવો જોઈએ એવો જવાબ આવ્યો નથી. **'ગોસળિયા બહાર નીકળવાની ઓછી બીક રાખતા હોય અને આપને નિરુપાધિ જેવો અવકાશ હોય,...'** પાછું બહાર નીકળીને ઉપાધિ કરવી પડે એવું ન હોય તો **'પાંચ પંદર દિવસ કોઈ ક્ષેત્રે નિવૃત્તિવાસનો વિચાર થાય છે, તે ઈશ્વરેચ્છાથી કરીએ.'** એટલે કુદરતી જો મેળ ખાય તો નવૃત્તિમાં રહેવાનો વિચાર છે.

હવે લખે છે કે **'કોઈ જીવ સામાન્ય મુમુક્ષુ થાય છે, તેને પણ આ સંસારના પ્રસંગમાં પ્રવર્તવા પ્રત્યયીનું વીર્ય મંદ પડી જાય છે,...'** આ એક સામાન્ય મુમુક્ષુની વ્યાખ્યા બાંધી છે. આ હોંશ આવે છે ને માણસને. ઘરે લગ્ન પ્રસંગ હોય દીકરા-દીકરીના, કોઈ બીજા પ્રસંગ હોય ત્યારે જે-તે પ્રસંગે માણસ હોંશમાં હોંશમાં આવી જાય છે એ સામાન્ય મુમુક્ષુમાં એ પણ એવું બનતું નથી એમ કહે છે. સંસારના સંબંધો, સંસારના કાર્યો, સંસારના પ્રસંગો એ સંબંધમાં એનો ઉત્સાહ ઠંડો પડી જાય છે. એ સમજે છે કે આમાં પરિણામની અંદર ઉલ્લાસ થઈ જવાથી આ જીવને વધારે નુકસાનનું કારણ છે. એ વખતે ખ્યાલ જીવને નથી આવતો. ત્યારે જે મીઠાશ વેદે છે એનો ખ્યાલ સંયોગકાળે નથી આવતો પણ વિયોગકાળે એનો ખ્યાલ આવે છે.

અને એ વિયોગકાળે એ પ્રત્યાઘાતરૂપે ઉત્પન્ન થતા પરિણામ એ અસહ્ય પરિણામ થઈ જાય છે માણસને. એટલે પહેલી વખતે જો ચેત્યો હોય તો બીજી વખતે એને સહેજે સહેજે ઓછું દુઃખ થાય અને તીવ્ર દુઃખી ન થાય અને તીવ્ર કર્મ ન બંધાય એ પરિસ્થિતિમાં પહેલેથી જ આવી જાય. એના માટે એને મુમુક્ષુતામાં આવવું જરૂરી છે અને સામાન્ય મુમુક્ષુને તો આવું હોય એમ કહે છે.

મુમુક્ષુ :- આ મુમુક્ષુની પરિભાષા કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું ન હોય તો હજી સામાન્ય મુમુક્ષુમાં જીવ નથી આવ્યો એમ સમજી લેવું. આ કેવી કેવી વાતો પ્રસંગોચિત કરી છે એમણે.

**'કોઈ જીવ સામાન્ય મુમુક્ષુ થાય છે,...'** એ મુમુક્ષુતામાં પ્રવેશ કરે છે એમાં પણ એને **'સંસારના પ્રસંગમાં પ્રવર્તવા પ્રત્યેનું વીર્ય...'** એટલે ઉત્સાહ **'મંદ પડી જાય છે.'** જે ઉમંગ અને ઉત્સાહથી અને જે જોરથી પહેલા કરતો હોય એ પ્રકાર એને આવે નહિ. એ વખતે જ ચેતી જાય કે નહિ, આમાં કાઈ બહુ વિશેષતા માનવા જેવી નથી, વિશેષતા કરવા જેવી નથી અને તીવ્ર રસે કરીને ઉલજીને પડવા જેવું નથી. એટલી જાગૃતિ એને હોય તો એને હજી સામાન્ય મુમુક્ષુતા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના એ વ્યવહારમાં. આપણે કોઈને લખીએને કે ભાઈ ! ફલાણા પાડોશીને અમારા પ્રણામ કહેજો. ઘરમાં ફલાણાને અમારા પ્રણામ કહેજો. એમ વ્યવહાર. પત્ર વ્યવહારમાં જે લખવાની પદ્ધતિ હોય છે.

મુમુક્ષુ :- ... બોલાવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બોલાવે તો શું છે કે એ બંને મિત્રો હતા. અને એમને એમ હતુ કે સંગમાં આવશે તો એનામાં પણ ફેર પડી જશે.

મુમુક્ષુ :- યોગ્યતા એવી નહોતી.

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા એવી. ગોસળિયામાં એવી યોગ્યતા નહોતી. એમને ઘણું બીજું સંઘર્યું હતું. પણ 'સોભાગભાઈ' એમને 'શ્રીમદ્જી' વિષે વાતો કરતાં હતા અને 'શ્રીમદ્જી' પ્રત્યે એને આકર્ષણ થાય અને ઓળખાણ થાય એવો એમને અંદરમાં અભિપ્રાય પણ હતો કે આને પણ લાભ થાય તો સારું. મારા મિત્ર છે અને એને પણ લાભ થાય તો સારું. એવું હતું એટલે. એટલા પૂરતી વાત છે.

એનો અર્થ એ છે કે સંસારના પ્રસંગમાં તીવ્ર રસે કરીને, તીવ્ર ઉત્સાહથી અને ઉમંગથી પ્રવર્તતા હોય ત્યારે એમ જાણવું કે હજી અહીંયાં સામાન્ય મુમુક્ષુતા પણ હજી આવી નથી. એમ સીધી વાત છે. **'તો અમને તે પ્રત્યયી ઘણી મંદતા વર્તે તેમાં આશ્ચર્ય લાગતું નથી;...'** સામાન્ય મુમુક્ષુને પણ ઉત્સાહ ઠરી જાય તો અમારા જેવાને એની ઘણી મંદતા હોય એમાં કોઈ મોટી વાત નથી, એ કોઈ આશ્ચર્યવાળી વાત નથી. એ તો અમારી દશા જ એટલી છે કે અમને ઉત્સાહ ન આવે. આ તો શું કહેવું છે કે પોતાને રસ નથી છતાં પ્રવૃત્તિ છે એ વાતને સાથે સાથે પોતે મીંઢવે છે.

અમને **'ઘણી મંદતા વર્તે તેમાં આશ્ચર્ય લાગતું નથી; તથાપિ કોઈ પૂર્વે પ્રારબ્ધ ઉપાર્જન થવાનો એવો જ પ્રકાર હશે...'** એવું જ કોઈ કર્મ અમે બાંધ્યું છે કે જેથી તે પ્રસંગમાં પ્રવર્તવાનું રહ્યા કરે. ખાસ કરીને જે વ્યાપારમાં પ્રવર્તવાનું રહ્યા કરે છે 'મુંબઈ'માં, એ વાત એમને એમ લાગે છે કે સામાન્ય માણસો પણ વેપાર કરે છે, આપણે વેપાર કરીએ છીએ-ફેર શું આપણે ? લોકોને તો ઘણો રસ છે, એ જ આત્મા થઈ પડે છે, વેપાર-ધંધો એ જ આત્મા થઈ પડે છે. સર્વસ્વ માનીને જીવો કરે છે. ત્યારે પોતાને તો એમાંથી ઘણો ઉત્સાહ ઓસરી ગયો છે છતાં કરવું પડે છે એ વાત એમને ખટકે છે.

**'તે પ્રસંગમાં પ્રવર્તવાનું રહ્યા કરે. પણ તે કેવું રહ્યા કરે છે ?'** કોના જેવું રહ્યા કરે છે ? **'કે જે ખાસ સંસારસુખની ઇચ્છાવાળા હોય તેને પણ તેવું કરવું ન પોષાય, એવું રહ્યા કરે છે.'** મોટા પ્રમાણમાં ધંધાનું Volume છે, ધંધાનું કદ મોટું છે એટલે એવો ધંધો, મોટો ધંધો તો કોણ કરે ? જેને બહુ પૈસા મેળવવા હોય અને જેને સંસારમાં બહુ સુખી થઈ જવું હોય એ તો એવો ધંધો મોટા પ્રમાણમાં કરે, અમારે એવું કરવું પડે છે ? એ વાત પોતાને અજુગતી લાગે છે, અયોગ્ય લાગે છે.

મુમુક્ષુ :- બંને જગ્યાએ કેવું લીધું. પહેલામાં સામાન્ય મુમુક્ષુને લીધા. અને સામાન્ય મુમુક્ષુને... અહીંયા એનાથી વિરુદ્ધ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એમની વિચારણામાં કેટલી વ્યવસ્થિત વાત છે કે સામાન્ય મુમુક્ષુને આમ હોય. અમારે તો રસ નથી છતાં ઘણાં રસવાળા જે કાર્ય કરે એવા કાર્યમાં અમે ઊભેલા દેખાઈએ છીએ. સંગ-પ્રસંગનો એટલો ઘેરાવો છે.

મુમુક્ષુ :- એવાને ન પોસાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા એને ન પોસાય. એ જો એવું કાર્ય કરે તો એના પરિણામ તીવ્ર થઈ જાય તો અમારે એવું કાર્ય કરવું પડે એ તો બરાબર અમને નથી લાગતું કે આવું ન કરવું પડે તો સારું. ભલે પોતાનો રસ નથી, જાગૃતિ ઘણી છે તોપણ બહારનો દેખાવ ખોટો થાય છે એ વાત બરાબર ખ્યાલમાં આવેલી છે. એમ નહિ કે જ્ઞાનીને હોય એનો વાંધો નથી, એમ નથી. અનુમોદના નથી, નિષેધ છે એ વાત આમાંથી સ્પષ્ટ થાય છે.

**'કે જે ખાસ સંસારસુખની ઇચ્છાવાળા હોય તેને પણ તેવું કરવું ન પોષાય, એવું રહ્યા કરે છે. જો કે એ વાતનો ખેદ યોગ્ય નથી,...'** કેમ કે પોતાનો અપરાધ છે એ પ્રસંગ ઊભો થયો છે એમાં. બીજું શું છે કે આવા પ્રમાણિક વેપારી બજારની અંદર ઓછા હોય છે. મોટાભાગે વેપારી ઓછાવત્તા પ્રમાણમાં અપ્રમાણિક્તા કર્યા વિના રહેતા નથી. કેટલાકનો તો સિદ્ધાંત એ જ હોય છે કે પૈસા કમાવા હોય તો ખોટું કર્યા વિના પૈસા મળે નહિ એમ સમજીને કરે છે કેટલાક તો. તો કેટલાક એમ કરે છે કે ભાઈ ! ક્યાંક થોડું-ઘણું આપણે કર્યા વગર ચાલશે નહિ. જ્યારે આવા પ્રામાણિક કે પ્રાણ જાય તો પણ અપ્રમાણિક્તા ન કરવી.

'શ્રીમદ્જી' આટલા બધા પ્રમાણિક હતા. આગળ આવશે એ બદા પત્રો કે અનીતિ ન કરવી. તો કહે કેવા પ્રસંગે ? કે પ્રાણ જાય ત્યાં સુધીના પ્રસંગમાં અનીતિ ન કરવી. અને મુમુક્ષુઓને એવી શિક્ષા આપી છે. ઉપદેશ નહિ પરિણમે, હોં ! જો તમે વ્યવહારિક જીવનમાં અનીતિમાં રહેશો તો ઉપદેશ નહિ પરિણમે. એમની છાપ પછી એવી થઈ ગયેલી. તો લોકો વેપાર કરવા પણ ત્યાં રાજી થાય. કે ભાઈ ! આપણને છેતરામણ નહિ જાય. માલ લેવો હોય તો એનો લ્યો. આપણે જો સારો માલ લેવો હોય અને યોગ્ય કિંમતમાં લેવો હોય અને ખોટો ભાવ ન આપણને લાગે તો ત્યાં લેવા જાવ. તો એનો માલ ખપે એટલો. વેપાર એટલો વધે. આ કુદરતી પૂર્વકર્મ એવું હોય તો, હોં ! નહિતર કાંઈ થાય જ એવું કાંઈ નથી. પણ સામાન્યપણે આમ થાય છે અને જ્યાં વધારે વેપાર ચાલે ત્યાં એને માલ એટલો ખરીદવો પડે અને એ પણ વેચવાવાળા એને ત્યાં આવે કે ભાઈ ! એને ત્યાં જાવ એ તો ના પાડતા જ નથી કે અમે તો લેવા તૈયાર છીએ. માલ લાવો, તમારો લઈ લઈએ. કેમ કે એને સામે ખપત છે. તો બંને પ્રકારના ત્યાં કામ સારી રીતે થતા હોય તો એને તો પ્રવૃત્તિ

વધી જ જવાની છે. આટલી બધી પ્રવૃત્તિ કોણ કરે ? કે જેને બહુ સંસારમાં સુખી થવું હોય એ આવી પ્રવૃત્તિ કરે. હવે અમારે તો એ હેતુ નથી કે સુખી થઈ જવું છે અને બહુ પૈસાવાળા થઈ જવું છે. છતાં આ બધું ચાલે છે. શું કરીએ કોઈ એવું જ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે. કેમ કે ઘરાક કાંઈ ગોતવા જાવ તો આવે નહિ. બોલાવો તો કાંઈ માલ લઈ લે નહિ. એ તો કુદરતી વસ્તુ છે. એટલે એ વાતનો ખેદ શું કરવો ?

છતાં પણ **'ઉદાસીનતા જ ભજીએ છીએ,...'** છતાં અમે રસ લેતા નથી એમ કહે છે. અંદરની વાત જુદી છે. એવું બધું ઘણું ધંધો મોટા પ્રમાણમાં ચાલે છે માટે અમે રસ લઈએ છીએ એમ નથી. અમે તો **'ઉદાસીનતા જ ભજીએ છીએ,...'** છૂટવું, છૂટવું થઈ રહ્યું છે એમને તો. ક્યારે આમાંથી છૂટીએ ? હજી તો ઊગતી ઉંમર છે, હોં ! ૨૪-૨૫ વર્ષની ઊગતી ઉંમર છે. એમ નથી કે ૪૦-૫૦ વટાવી ગયા છે. અત્યારે તો ૬૦-૭૦ સુધી માણસો દુકાન છોડતા નથી. આરે આવી ગયા હોય. આ તો હજી ૨૫ વર્ષે એમ કહે છે કે છૂટવું છે... છૂટવું છે... છૂટવું છે. આ એક પોકાર કરે છે આત્મા અંદરથી.

એ **'ઉદાસીનતા જ ભજીએ છીએ, તથાપિ તે કારણે એક બીજો ખેદ ઉત્પન્ન થાય છે, તે એ કે સત્સંગ, નિવૃત્તિનું અપ્રધાનપણું રહ્યા કરે છે.'** બાર મહિનામાં માંડ મહિનો-બે મહિના કાઢી શકે. એમાં કો'ક વર્ષ તો ખાલી જાય પાછું. એ વાત એમને ઓછી પડે છે. અત્યારે તો મહિનો-બે મહિના વેપારી નિવૃત્તિ લઈને ક્યાંય જાતા નથી. જાય છે ? એ તો ઠસરડો કર્યા જ કરે છે એમ ને એમ. 'ગુરુદેવ' કહેતા, ઓલા બળદિયાનું દૃષ્ટાંત આપતા. ઘાણીનો બળદિયો રાત અને દિવસ ફર્યા જ કરે. ફર્યા જ કરે. એમ આના વિચારો રાત અને દિવસ ઘાણીની જેમ સંયોગાશ્રિત ચાલ્યા જ કરે. વિચારની ધારા જ સંયોગ આશ્રિત થઈ ગઈ હોય છે. એમાં તો એકલું ડૂબવા સિવાય બીજું કાંઈ થાય નહિ.

મુમુક્ષુ :- સમાનતા થઈ ગઈ. મુનિરાજને ધીમી ધારાએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો દરેક Stage માં એ છે. ઉપર જ જુએ છે, નીચે જોતા જ નથી.

એટલે આ પ્રવૃત્તિને કારણે એક પ્રકારનો ખેદ થાય છે કે સત્સંગનું અપ્રધાનપણું

થાય છે અને નિવૃત્તિનું પણ સમયની નિવૃત્તિનું પણ અપ્રધાનપણું રહ્યા કરે છે. **'અને પરમ રુચિ છે જેને વિષે એવું આત્મજ્ઞાન અને આત્મવાર્તા તે કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના ક્વચિત્ ત્યાગ જેવાં રાખવાં પડે છે.'** જાણે એનો ત્યાગ કરી નાખ્યો હોય ને એવી પરિસ્થિતિમાં સતત કામ, જ્યારે સતત વ્યવસાય ચાલતો હોય ત્યારે એ આત્મજ્ઞાન અને આત્મવાર્તા જાણે ત્યાગ જેવી, એવી ઇચ્છા નથી છતાં એના ત્યાગ જેવી પરિસ્થિતિ ઊભી થાય છે. નહિતર આમ નિયમિત રીતે તો કેટલાક માણસો સ્વાધ્યાય આદિ કરતાં હોય છે એ પણ અહીંયાં બનતું નથી.

એમાં પણ ખાસ કરીને 'મુંબઈ'માં જેને મોટા વેપાર છે એને તો માથુ જ ઠેકાણે હોતુ નથી. કેમ કે ભાઈ ! અત્યારે અમારે Foreign ના Buyers આવ્યા છે. એટલી બધી દીનતાથી વ્યાપાર કરતાં હોય છે કે એને રાજી રાખો, એને ખુશી રાખો. દારૂ પીતા હોય એને દારૂ પીવડાવે. પરદેશના માણસો છે ને. હોટલમાં ઉતારે કે ભાઈ ! એને જે જોઈએ અમારા ખાતે લખીને આપજો. ખાવાના-પીવાના કોઈ ઠેકાણા હોય નહિ. એ દીનતા કમાવાની છે. કેટલું પાપ બાંધે છે એનો કોઈ હિસાબ-કિતાબ રહેતો નથી. આ પરિસ્થિતિ આજે છે.

અહીં તો કહે છે કે આત્મવાર્તા ગૌણ કરવી પડે છે એ અમને પોસાતુ નથી. આત્મજ્ઞાન તો વેદક હોવાથી મૂંઝવતુ નથી એમ કહી દે છે. પછી પોતે શબ્દ વાપરી નાખ્યો છે કે **'આત્મજ્ઞાન અને આત્મવાર્તા કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના ક્વચિત્ ત્યાગ જેવા રાખવા પડે છે.'** પણ આત્મજ્ઞાનનો ત્યાગ નથી થતો. કેમ ? કે **'આત્મજ્ઞાન વેદક હોવાથી મૂઝવતું નથી,...'** એની તો વેદના અને ધારા ચાલુ છે. પરિણામની અંદર આત્માની પરિણતિ જે છે એ વેદક પરિણતિ છે. એ પકડાતી નથી એમ નથી, ભાઈ ! એ વેદક પરિણતિ છે. એનું તો વેદન છે. એટલે એ કોઈ મુંઝવણનો પ્રશ્ન નથી. પણ આત્મવાર્તાનો વિયોગ છે તે મૂંઝવે છે. આત્મવાર્તાનું ઠેકાણું નથી પડતું એ વાત અમને બરાબર લાગતી નથી.

**'તમે પણ ચિત્તમાં એ જ કારણે મુંઝાઓ છો.'** 'સોભાગભાઈ'ને લખે છે કે તમને પણ આત્મવાર્તાનો પ્રસંગ નથી એટલે મુંઝવણ થાય છે. **'ઘણી જેને ઇચ્છા છે એવા કોઈ મુમુક્ષુભાઈઓ તે પણ તે કારણે વિરહને વેદે છે.'** એ અમારા વ્યાપારને લઈને એને વિરહ પડે છે એ અમે જાણીએ છીએ. એનો ખેદ છે અમને. **'તમે બન્ને ઈશ્વરેચ્છા**

**શું ધારો છો ? તે વિચારશો.**' એટલે કે નિવૃત્તિમાં તમે આવી શકશો કે કેમ ? એ વિચારી જોજો. **'અને જો કોઈ પ્રકારે શ્રાવણ વદનો યોગ થાય તો તે પણ કરશો.'**

**'સંસારની ઝાળ જોઈ ચિંતા ભજશો નહીં.'** સંસારમાં તો અનુકૂળતા અને પ્રતિકૂળતા અને ગડબડ ચાલ્યા જ કરવાની. એકધારું કોઈને ચાલતું નથી. તો એની ઝાળ છે એ બધી. દઝાડે એ ઝાળ. ઝાળ એટલે દઝાડે–એ ઝાળ. આકુળતાની અગ્નિ ઉત્પન્ન કરે છે એ ચિંતાને કારણે છે. એ ચિંતા ભજવા જેવી નથી. જો **'ચિંતામાં સમતા રહે તો તે આત્મચિંતન જેવી છે. કાંઈ જ્ઞાનવાર્તા લખશો.'** આ એક મુમુક્ષુની ભૂમિકામાં બહુ સારી વાત લખી છે. જરા વિશેષ વિચારવા જેવો વિષય છે. કાલે થોડો પાછળથી લઈશું.

સ્વરૂપ પ્રત્યક્ષતાનું પ્રકાશવું સત્‌પુરુષ સિવાય અસંભવિત છે, અને તેના અપ્રકાશનમાં, મુમુક્ષુને નિમિત્ત–નૈમિત્તિક ભાવે સત્‌ની પ્રાપ્તિ કેમ થાય ? તેથી જ જડથી જેમ ચેતનની ઉત્પત્તિ અશક્ય છે, તેમ અજ્ઞાની વડે, આત્માનું અર્થાત્ પ્રત્યક્ષ સ્વરૂપનું પ્રકાશવું અશક્ય છે. આ કારણથી સત્પુરુષની વિદ્યમાનતા અને તેમની આજ્ઞાકારીતાનું મહત્વ શાસ્ત્રોમાં ઠામ ઠામ દર્શાવ્યું છે, – પ્રસિદ્ધ છે. સ્વરૂપ પ્રત્યક્ષતા પ્રત્યક્ષ અંશે ગ્રહણ થવાથી આત્મરસની ઉત્પત્તિ સહજ જ થાય છે, આ સ્વરૂપ રસ ઉત્પન્ન થવાનું અનન્ય કારણ છે. તેમ જાણી તથા પ્રકારે પ્રયાસ થવો ઘટે. ( વેદન પ્રત્યક્ષ વડે વ્યાપ્ય–વ્યાપકભાવે નિજ ભાવમાં ભાવાન્વિત થવું.)

સત્‌પુરુષના પ્રત્યક્ષયોગનું રહસ્ય એ છે કે, તેમને આત્મા પ્રત્યક્ષ છે, જે અન્યને પ્રત્યક્ષતા પ્રગટાવવા સમર્થ છે, તેનો બીજો પર્યાય નથી, તેની બીજી અવેજી નથી.– તેમ જેને સમજમાં આવે, તેને તેનું મૂલ્યાંકન થાય. (અનુભવ સંજીવની–૧૦૯૨)

### પત્રાંક-૪૬૨

મુંબઈ, શ્રાવણ સુદ, ૫, ૧૯૪૯

જવાહિરી લોકોનું એમ માનવું છે કે એક સાધારણ સોપારી જેવું સારા રંગનું, પાણીનું અને ઘાટનું માણેક (પ્રત્યક્ષ) એબ રહિત હોય તો તેની કરોડો રૂપિયાની કિંમત ગણીએ તોપણ તે ઓછું છે. જો વિચાર કરીએ તો માત્ર તેમાં આંખનું ઠરવું અને મનની ઇચ્છા ને કલ્પિત માન્યતા સિવાય બીજું કાંઈ નથી, તથાપિ એક આંખના ઠરવાની એમાં મોટી ખૂબીને માટે અને દુર્લભ પ્રાપ્તિને કારણે જીવો તેનું અદ્ભુત માહાત્મ્ય કહે છે; અને અનાદિ દુર્લભ, જેમાં આત્મા ઠરી રહે છે એવું જે સત્સંગરૂપ સાધન તેને વિષે કંઈ આગ્રહ-રુચિ નથી, તે આશ્ચર્ય વિચારવા યોગ્ય છે.

**તા. ૧૨-૬-૧૯૯૦, પત્રાંક – ૪૬૨થી૪૬૫, પ્રવચન નં. ૧૭૨**

પાનું ૩૮૦. ‘મનસુખભાઈ દેવશીભાઈ’ ‘લીમડી’ના એક મુમુક્ષુ છે.

જગતમાં હીરા, માણેક વગેરે રત્નની કિંમત છે એનું શું કારણ છે ? તદ્અનુસાર ચૈતન્યરત્ન જે આત્મા છે એની કિંમત, એનું મૂલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ ? એક લાક્ષણિક પદ્ધતિથી એ સંબંધી અહીંયાં નિર્દેષ કર્યો છે.

**‘જવાહિરી લોકોનું એમ માનવું છે કે...’** જવાહિરી એટલે ઝવેરી લોકો. હિન્દીમાં જોહરી કહે છે, ગુજરાતીમાં ઝવેરી કહે છે. પણ મૂળ શબ્દ જવાહિરી છે. એમાંથી

અપભ્રંશ થઈને જવેરી જવેરી બોલાય છે. એમણે શુદ્ધ ગુજરાતી લખ્યું છે. કે **'જવાહિરી લોકોનું એમ માનવું છે કે એક સાધરણ સોપારી જેવું...'** એટલે કદ જેનું સાધારણ છે. સોપારી જેટલું તો જેનું કદ છે ખાલી. અને **'સારા રંગનું,...'** એટલે લાલચટાક જેવો રંગ સારો હોય. **'પાણી'** એટલે એનું તેજ હોય. પાણી એટલે તેજ. **'અને ઘાટ...'** એનો ચારે બાજુનો જે ઘાટ છે એ એક સરખો હોય. જે ત્રિકોણાકાર છે એ બધી બાજુના પાસા એક સરખા હોય કે જેને લઈને અરસપરસની ચમકનું પ્રતિબિંબ ઉઠતા એ ચમક Multiply થાય છે. શું થાય છે ? પાસાની અંદર ચમક છે એનો ગુણાકાર થઈ જાય છે. એક પાસાનું Reflection બીજામાં પડે, બીજાનું ત્રીજામાં પડે. ચમકનું. ચમકનું અને ચમકનું.

જેમ અરીસાની સપાટી ઉપર સૂર્યના કિરણો પડે છે તો એ સપાટીમાંથી પાછો પ્રકાશ ફેંકે છે બીજી બાજુ. એવી રીતે હીરાની અંદર પણ, પાસાની ગોઠવણી એવી છે રત્નોની અંદર કે એકબીજા પાસાનું પ્રકાશનું પ્રતિબિંબ એકબીજા ઝીલીને એનો અંદરને અંદર ગુણાકાર થઈને એ Lights જોવામાં આવે છે. એને પાણી કહે છે. એવું સારા ઘાટનું અને એબ રહિત. **'(પ્રત્યક્ષ) એબરહિત'** પરોક્ષ એટલે કોઈ ખ્યાલમાં ન આવે એ ચીજ જુદી છે. બાકી સામાન્ય રીતે એને કાચથી જોવામાં આવે કે નરી આંખે જોવામાં આવે તો એબ રહિત (દેખાય). એબ એટલે કોઈ જાતની ખામી એને એબ કહે છે. કોઈ ક્ષતિ. ખામી વગરનું, ક્ષતિ વગરનું **'હોય તો તેની કરોડો રૂપિયા કિંમત ગણીએ તોપણ તે ઓછું છે.'** કરોડો નહિ પણ કરોડો ગણવામાં આવે તો ઓછું છે.

એવા રત્નોના પ્રતિમા આપણે 'મુળબિદ્રી'માં અને 'શ્રવણબેલગોલા'માં છે. (એક મુમુક્ષુભાઈ) અને એ લોકો સાથે હતા. આની શું કિંમત ગણાય ? તો કહે કે આની કોઈ કિંમત આંકી ન શકાય. વેચવા જાય તો વેચાય નહિ. અને એને કોઈ લઈ શકે નહિ એટલી બધી એની કિંમત થાય. એની કિંમત જ ન થાય અત્યારે. કેમ કે એ એટલી Size નો પત્થર અત્યારે ખાણમાં મળતો નથી. એવો મોટો ચોખ્ખો પત્થર મળે નહિ. એની કરોડો રૂપિયા ગણીએ તો એ જમાનામાં સો વર્ષ પહેલાની વાત છે. આજે તો સો-બસો-પાંચસો ગુણા અત્યારે એના કરી નાખવા, તે દિવસ કરતાં.

**'તોપણ તે ઓછું છે.'** હવે જો તે સંબંધી **'વિચાર કરીએ તો માત્ર તેમાં આંખનું**

**ઠરવું...**' શું છે ? જે લાલ રંગ છે એ એવો છે કે જેમાં આંખ ઠરે છે, નજર ઠરે છે. નજરને સારો લાગે છે ટુંકામાં. એ એક કલ્પના છે. વસ્તુતાએ બધાને ખબર પડતી નથી. એ તો જવાહિરી લોકો જુએ છે તો એને એમ લાગે છે કે આંખ ઠરે એવો રંગ છે. સામાન્ય માણસોને તો લાલ બધું લાલ જ દેખાય, સફેદ હોય એ બધું સફેદ દેખાય, લીલું હોય એ બધું લીલું રત્ન દેખાય એવું છે. એમાં કાંઈ ખબર પડતી નથી.

'**તો માત્ર તેમાં આંખનું ઠરવું અને મનની ઇચ્છા...**' એ જાતની ઇચ્છા, બહુ સારુ, બહુ સારુ આવું હોવું જોઈએ. રત્ન તો આવું હોવું જોઈએ. એક જાતની ઇચ્છા, અપેક્ષા. અને '**કલ્પિત માન્યતા**' શું છે ? કલ્પિત માન્યતા સિવાય બીજું કાંઈ નથી. આમ જુઓ તો કાંઈ કિંમત નથી. પણ લોકો બહુ મોટી કિંમત આંકે છે. એક કારણ એનું એ લીધું કે એવી ચીજ જલ્દી મળતી નથી, એની દુર્લભતા છે. જેને આપણે પ્રાપ્ય નથી એમ કહીએ છીએ. Availability નથી એમ કહીએ છીએ કે એવી ચીજ જગતમાં જલ્દી મળતી નથી.

'**મનની ઇચ્છા ને કલ્પિત માન્યતા સિવાય બીજું કાંઈ નથી,...**' કાંઈ જ નથી એમાં. '**તથાપિ એક આંખના ઠરવાની એમાં મોટી ખૂબી...**' ખાસ તો જે ખૂબી છે એ તો એનું જે પાણી છે, તેજ છે અને રંગ છે એની જ ખૂબી છે. એને '**માટે અને દુર્લભ પ્રાપ્તિને કારણે**' એટલે એ ઘરે ઘરે મળતા નથી એવા માણેક. ભાગ્યે જ કોઈની પાસે હોય. રાજા-મહારાજા, કોઈ શ્રીમંત પાસે, રાજ્ય પાસે એવી રીતે ભાગ્યે જ હોય છે. એની '**દુર્લભ પ્રાપ્તિને કારણે જીવો તેનું અદ્‌ભુત માહાત્મ્ય કહે છે;...**' કે ભાઈ ! એની કાંઈ કિંમત જ ન થાય. કરોડો આપીએ તો ઓછા છે એમ કહે. એની કિંમત જ ન અંકાય. એનો એટલો બધો મહિમા કરે છે.

'**અને અનાદિ દુર્લભ,...**' હવે પોતે ચૈતન્યરત્ન ઉપર આવે છે કે અનાદિથી જે દુર્લભ છે. આ તો ક્યારેક પણ જીવને મળે છે. કોઈ વખત કોઈ જીવ રાજા થાય, શ્રીમંત થાય. આ 'નિઝામ' હતા ને ? 'હૈદ્રાબાદ' Stateના. બહુ જવાહર હતો એમની પાસે. એમને શોખ હતો. એના મ્યુઝિયમમાં કરોડો-અબજો રૂપિયા નાખ્યા હશે. અને એટલું જ એની પાસે જવાહર નીકળેલું હતું. રત્નો અને દાગીના એ બધું. એ તો કાંઈ પુણ્યના ઠેકાણા નથી હોતા. એવા જીવોને પુણ્ય પરિણામના પણ ઠેકાણા નથી

હોતા. પૂર્વ પુણ્યનો ઉદય છે એના ફળમાં ત્યાં જન્મે છે. કાંઈ પ્રયત્ન, રળવા જવું પડતું નથી. કાંઈ પરિશ્રમ કરવો પડતો નથી. પણ એક આંખ ઠરવાની એક **'મોટી ખૂબીને માટે અને દુર્લભ પ્રાપ્તિને...'** માટે છે. દુર્લભ છે તો ક્યારેક મળે છે એમ કહે છે. આ અનાદિ દુર્લભ છે, ક્યારેય મળ્યું નથી. લેવું તો એમ છે કે એવું તો ક્યારેક જીવને મળ્યું છે, આમ જુઓ તો અનંત વાર પણ મળ્યું છે અનાદિની દૃષ્ટિએ. આ તો **'અનાદિ દુર્લભ'** છે ક્યારેય નથી મળ્યું. મૂલ્યાંકન કરાવે છે. આંક મુકાવે છે. અનાદિ દુર્લભ છે.

**'જેમાં આત્મા ઠરી રહે છે'** જેમાં આત્મા ઠરીને ઠામ થાય છે. શાંત... શાંત... શાંત.. શાંત. અંદરમાં કોઈ અપૂર્વ શાંતિને વેદે એવું અનંત શાંતિનું નિધાન, અનંત શાંતિનું ધામ છે. જેમાં આત્મા ઠરી રહે **'એવું જે સત્સંગરૂપ સાધન...'** જુઓ ! આ તો બાહ્ય ઉપર ઉતાર્યું છે હજી તો. આત્મા તો છે અનંત શાંતિનું ધામ, પણ સત્સંગ-એના નિમિત્તને આટલી ઉપમા આપી છે. આ તો મુમુક્ષુ કહેવાય છતાં સત્સંગની કિંમત નથી એટલે સત્પુરુષો ધ્યાન ખેંચે છે કે જેને સત્સંગની કિંમત આવે છે એને આખું જગત ગૌણ થઈ જાય છે. જો કે જગત તો પોતાનો ઉદય જ છે. બીજું તો ક્યાં લેવા-દેવાનું કાંઈ છે ? બીજા કોઈની સાથે તો કોઈ લેણ-દેણનો સંબંધ નથી. જે કાંઈ સંબંધ છે એ ઉદય સાથે છે.

કહે છે કે **'જેમાં આત્મા ઠરી રહે છે એવું જે સત્સંગરૂપ સાધન તેને વિષે કંઈ આગ્રહ-રુચિ નથી,...'** એના માટે પોતાનો આગ્રહ એટલે વજન નથી. મારા જીવનમાં મારે સત્સંગ હોવો જોઈએ અને એ પહેલી વાત છે અને પછી બીજી બધી વાત છે. બધી જરૂરિયાતો પણ પછી છે, મોજશોખની બીજી વાત છે. બાકી જીવન જીવવાનો જે વિષય છે એ જીવન જીવવાનો જરૂરિયાતનો વિષય પણ પછી છે એટલું મૂલ્યાંકન આવે ત્યારે એ સત્સંગ ફળવાન થાય છે. એવા મૂલ્યાંકન થયા વિનાનો પ્રાપ્ત સત્સંગ છે એ પ્રાય નિષ્ફળ થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન થાય છે-પૂરો થઈ જાય છે. વિસર્જન એટલે એનો ઉદયકાળ છે એ ઉદય તો સાદિશાંત છે, ગમે ત્યારે એ પૂરો થઈ જશે. પુણ્યની નોટ છે એ વપરાય જશે.

**'તે આશ્ચર્ય વિચારવા યોગ્ય છે.'** આનો આગ્રહ નથી. સત્સંગનો જીવને આગ્રહ નથી, એની રુચિ નથી. અમને આશ્ચર્ય થાય છે. તમને વિચારવા યોગ્ય આ વાત

કરીએ છીએ કે અમને તો આશ્ચર્ય થાય છે કે જીવોને કેમ આટલો સત્સંગનો મહિમા નથી આવતો ? બહારમાં કરોડો-અબજોનું એક રત્ન હોય માણેક જેવું તો પણ એને હુંફ વળી જાય કે મારી પાસે કાંઈક છે, લોકોની પાસે નથી એવું કાંઈક મારી પાસે છે. અને સત્સંગની કિંમત નથી એને.

એના માટે તો 'પૂજ્ય બહેનશ્રી'નું દૃષ્ટાંત બહુ સમર્થ દૃષ્ટાંત છે આપણા માટે. એક જીવંત દૃષ્ટાંત છે. પંદર વર્ષની ઉંમરે સત્સંગનો જ માત્ર એમણે વિવેક કર્યો છે. એ વખતે આત્મજ્ઞાન નહોતું, એ વખતે 'ગુરુદેવ' મળેલા નહોતા, એ વખતે બીજી કાંઈ ઊંડી સમજણ નહોતી. ફક્ત નાની ઉંમરમાં એટલી સમજણ આવી ગઈ, એટલો વિવેક આવી ગયો કે મને સત્સંગ હશે તો મારું કલ્યાણ થશે. વગર સત્સંગે કલ્યાણ નહિ થાય. તો આખું જીવન સમર્પણ કરવા સુધીનો કદમ ઉઠાવ્યો. બહુ મોટું પગલું ભર્યું કે આખું જીવન સમર્પણ કરી દીધું. સત્સંગ મળતો હોય તો આખું જીવન બદલવું છે. આ ઘર ન જોઈએ, આ કુટુંબ ન જોઈએ, શ્વસુરનું કુટુંબ છોડી દીધું છે. આ શહેર ન જોઈએ, આ પ્રદેશ ન જોઈએ, જ્યાં સત્સંગ નથી ત્યાં કોઈ ભોગે રહેવું નથી. કેટલું સાહસ કર્યું છે ! એ ઉંમરમાં, એ પર્યાયમાં જે સાહસ કર્યું છે એ એક એવો દૃષ્ટાંત છે કે સત્સંગની શું કિંમત છે, એ જેને સમજાણી છે એનું ફળ એને આવ્યું છે. આ એનું ફળ આવેલું છે. આત્મજ્ઞાન છે એ એનું ફળ આવેલું છે ખરેખર તો, જે સહજપણે આવે છે. લાવવું પડતું નથી. જેની આટલી તૈયારી, 'જગત ઇષ્ટ નહિ આત્મથી મધ્યપાત્ર મહાભાગ્ય.' ત્યાં મધ્યમ કોટીની પાત્રતા લીધી છે, હોં ! ઉત્કૃષ્ટ કોટિની પાત્રતા તો સમ્યક્ સન્મુખ થાય ત્યારે છે કે જ્યારે જીવ પોતાના સ્વરૂપ સિવાય જીવી શકે નહિ. કાં તો સ્વરૂપની શાંતિ મળે અને નહિતર દેહ છૂટી જાય, પ્રાણ છૂટી જાય એવી વેદના આવે. એ ઉત્કૃષ્ટ પાત્રતામાં જાય છે, આ તો મધ્યમ કોટીની પાત્રતા છે. હવે મધ્યમ કોટીની પણ જો પાત્રતા ન હોય તો કઈ પાત્રતામાં અપેક્ષા રાખવી છે આત્માના કલ્યાણની ? એ અપેક્ષા રાખવી અસ્થાને છે અથવા પ્રમાણિક પણ નથી.

અનાદિ દુર્લભ છે. સત્સંગ અનાદિ દુર્લભ લીધો છે. જુઓ ! અનંત વાર મળ્યો હશે. તીર્થંકરોનો, નિર્ગ્રંથ સંતોનો, નિર્ગ્રંથ ગુરુઓનો અને સત્પુરુષોનો સમાગમ મળ્યો હશે તો પણ અનાદિ દુર્લભ કહે છે એને. અનાદિ દુર્લભ લીધું. કેમ ? કે આવું મૂલ્યાંકન

થઈને સત્સંગ કર્યો નથી માટે અનાદિ કહી દીધો. આમ તો પૂર્વાનુપૂર્વ સંયોગ થઈ ગયો છે પણ એ સંયોગ શું કામનો ? એ સંયોગ, સમજણ વગર સંયોગ થયો. એ તો પુણ્યયોગ આવ્યો, પુણ્યયોગ પૂરો થયો. ફળ ? તો કહે, ફળ કાંઈ નહિ. પરિભ્રમણ એમને એમ ઊભું રહી ગયું. શું કહે છે ?

**'એવું જે સત્સંગરૂપ સાધન...'** છે **'જેમાં આત્મા ઠરી રહે છે...'** **'તેને વિષે'** એ સત્સંગને વિષે આ જીવનો **'આગ્રહ'** એટલે વજન નથી. મૂલ્યાંકન આવીને જે વજન આવવું જોઈએ એવું વજન નથી, એની રુચિ હોવી જોઈએ એ **'રુચિ નથી.'** રુચિને કારણે વજન હોય છે. વજન હોય તો એને રુચિ હોય છે એટલે વચ્ચે એક ખાલી હાઈફન કરેલું છે. **'તે આશ્ચર્ય'** છે અને એ **'વિચારવા યોગ્ય છે.'** એ અમને આશ્ચર્ય સાથે વિચારમાં મુકવાનો વિચાર આવે છે કે આ એક વિચારવા જેવો વિષય છે. કોઈ રીતે એને વિચારો. એ વિચારનો સરવાળો સીધોસાદો એટલો છે કે જેને પહેલા પગથિયે, આ તો પહેલું પગથિયું છે, પહેલા પગથિયે જેને સત્સંગનું મૂલ્યાંકન થતું નથી એને મૂલ્યાંકન થયા વિના જે કાંઈ બીજી બીજી ઉચ્ચ કોટીની વાતો બુદ્ધિગમ્ય થાય છે, ક્ષયોપશમગમ્ય થાય છે તો એનું મૂલ્યાંકન કેવી રીતે આવશે ?

આત્મા, આત્મસ્વરૂપ સમજવા મળે છે, આત્માના અનુભવનો વિષય સમજવા મળે છે પણ સત્સંગનું જ મૂલ્યાંકન કર્યું નથી પહેલે પગથિયે, એ બીજા પગથિયે બીજી, ત્રીજી ચીજોનું મૂલ્યાંકન કેવી રીતે કરશે ? જેને પહેલી પરીક્ષા નથી પાસ કરી એને બીજી, ત્રીજી, ચોથી ક્યાંથી (પાસ થવાની) ? એકડો નથી આવડતો એને એન્જિનિયરિંગની પરીક્ષામાં બેસાડો, જાહેર Technical Subject છે. હજી તો એકડો નથી આવડતો. કેવી રીતે એન્જિનિયરિંગની પરીક્ષા દે ? એક અભણ માણસને એકડો નથી આવડતો. એના જેવી વાત છે કે હજી સત્સંગનું મૂલ્યાંકન કેટલું છે એ ખબર ન પડતી હોય તો એ અનુભવની વાતોનું મૂલ્યાંકન આવે અને સમજી શકે અને એનો એને લાભ થઈ જાય. એ કેવી રીતે બનવા યોગ્ય છે ? એ કોઈ રીતે ન બની શકે એવી એ વાત છે. એ ૪૬૨ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૪૬૩

મુંબઈ, શ્રાવણ સુદ ૧૫, રવિ, ૧૯૪૯

પરમસ્નેહી શ્રી સોભાગ,

અત્રે કુશળક્ષેમ છે. અત્રેથી હવે થોડા દિવસમાં મુક્ત થવાય તો ઠીક એમ મનમાં રહે છે. પણ ક્યાં જવું તે હજુ સુધી મનમાં આવી શક્યું નથી. આપનો તથા ગોસળિયા વગેરેનો આગ્રહ સાયલા તરફ આવવા વિષે રહે છે, તો તેમ કરવામાં દુઃખ કંઈ નથી, તથાપિ આત્માને વિષે હાલ તે વાત સૂઝતી નથી.

ઘણું કરીને આત્મામાં એમ જ રહ્યા કરે છે કે જ્યાં સુધી આ વેપાર પ્રસંગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાં સુધી ધર્મકથાદિપ્રસંગે અને ધર્મના જાણનારરૂપે કોઈ પ્રકારે પ્રગટપણામાં ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે. વેપારપ્રસંગે રહેતાં છતાં જેનો ભક્તિભાવ રહ્યા કર્યો છે, તેનો પ્રસંગ પણ એવા પ્રકારમાં કરવો યોગ્ય છે, કે જ્યાં આત્માને વિષે ઉપર જણાવેલો પ્રકાર રહ્યા કરે છે, તે પ્રકારને બાધ ન થાય.

જિને કહેલા મેરુ વગેરે વિષે તથા અંગ્રેજે કહેલ પૃથ્વ્યાદિ સંબંધે સમાગમ પ્રસંગમાં વાતચીત કરશો.

અમારું મન ઘણું ઉદાસ રહે છે અને પ્રતિબંધ એવા પ્રકારનો રહે છે, કે તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવું કરી ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગમાં ઉપાધિજોગ વેદવા પડે છે; જોકે વાસ્તવ્યપણે તો સમાધિપ્રત્યયી આત્મા છે. લિ. – પ્રણામ.

૪૬૩. 'સોભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે.

**'પરમસ્નેહી શ્રી સોભાગ, અત્રે કુશળક્ષેમ છે. અત્રેથી હવે થોડા દિવસમાં મુક્ત થવાય તો ઠીક એમ મનમાં રહે છે.'** આગળના પત્રમાં પણ એમણે લખ્યું છે કે શ્રાવણ વદમાં ક્યાંક નિવૃત્તિક્ષેત્રમાં સત્સંગ અર્થે એકાંતમાં આત્મવિચારણા અર્થે, સાધના અર્થે જવું છે. તો એ દિવસો (હવે) નજીક આવી ગયા છે. શ્રાવણ સુદ પુનમનો આ પત્ર છે. એટલે **'થોડા દિવસમાં મુક્ત થવાય તો ઠીક એમ મનમાં રહે છે.'** એટલે સહજ વિકલ્પ આ પ્રકારે ચાલે છે. **'પણ ક્યાં જવું તે હજુ સુધી મનમાં આવી શક્યું નથી.'** એટલે નિર્ણય નથી થયો કયા દિવસે નીકળવું અહીંથી ? અને કયા ક્ષેત્રે જવું ? એનો કોઈ નિર્ણય નથી થયો.

**'આપનો તથા ગોસળિયા વગેરેનો આગ્રહ સાયલા તરફ આવવા વિષે રહે છે, તો તેમ કરવામાં દુઃખ કંઈ નથી,...'** શૈલી જુઓ ! આપનો બંનેનો આગ્રહ છે કે 'સાયલા' તરફ, અમારા ગામ તરફ આવો, અમારે ત્યાં પધારો. અહીંયાં રહીએ. નાનું ગામ છે, બીજી કોઈ ધમાલ નથી. 'મુંબઈ' જેવી પ્રવૃત્તિ નથી. **'તો તેમ કરવામાં દુઃખ કંઈ નથી, તથા આત્માને વિષે હાલ તે વાત સૂઝતી નથી.'** જેટલી સહજતા છે એટલી બતાવી દીધી છે. એ વાત કોઈ આત્માને વિષે સૂઝતી નથી કે હા એમ કરીએ. એમ આવતું નથી. સહજ જ એમ આવતું નથી.

**'ઘણું કરીને આત્મામાં એમ જ રહ્યા કરે છે કે જ્યાં સુધી આ વેપાર પ્રસંગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાં સુધી ધર્મકથાદિ પ્રસંગે અને ધર્મના જાણનારરૂપે કોઈ પ્રકારે પ્રગટપણામાં ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે.'** આ એક એમનો વિચાર છે, અભિપ્રાય છે કે જ્યાં સુધી પોતે વ્યાપારમાં રોકાયેલા છે બહારમાં, અંદરમાં ભલે છૂટા હોય, પણ બહારમાં એ દેખાવ છે કે પોતે વેપાર કરે છે ત્યાં સુધી ધર્મની કથા કરવા માટે કોઈ પ્રસિદ્ધપણે એ કામ હાથમાં લેવું નથી. અથવા એ જાતની પોતાની પ્રસિદ્ધિ થાય એ પોતે ઇચ્છતા નથી. કેમ કે કોઈને સીધી જ આશંકા થાય છે કે આને તો વેપાર છે, આને તો કુટુંબ છે, અને લોકો આટલું બધું માને છે એમની પાછળ. લોકો તો એમને ગુરુ તરીકે સંબોધતા, દેવ તરીકે સંબોધતા, ભગવાન તરીકે સંબોધતા. જે લોકો પરિચયમાં આવ્યા એ તો ભગવાન જેટલી જ એમની કિંમત મુકતા હતા. આ તો અમારા ભગવાન છે. આજે પણ 'વવાણિયા'માં જાવ તો એમ

બોલે. 'શ્રીમદ્' આમ કહી ગયા છે એમ ન બોલે. એ એમને તોછડું લાગે. ભગવાન આમ કહી ગયા છે એમ કહે. 'વવાણિયા'માં જાવ તો એ લોકો એવું બોલે. ભગવાન આમ કહી ગયા છે. એ જાતની એ લોકોની આજે વ્યવહાર કરવાની પદ્ધતિ છે. અને પત્રોમાં સર્વજ્ઞ સમાન ઉપમા આપતા. સર્વજ્ઞ સમાન !

મુમુક્ષુ :– ભક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. મુમુક્ષુઓ એટલી ભક્તિથી પત્રો લખતા હતા. એટલે એમણે જોઈ લીધું કે આ પરિસ્થિતિ બહારમાં દેખાવ બીજો થશે. જે લોકોને વિશ્વાસ અને શ્રદ્ધા છે એનો વ્યવહારનો પ્રકાર અને જે લોકોને શ્રદ્ધા નથી એમાં તો મોટો તફાવત દેખાશે. અને એ તફાવતનો દેખાવ એ બેઢંગ છે, કોઈ ઢંગ નથી સારો દેખાતો. એ પરિસ્થિતિ પોતે પસંદ નહોતા કરતાં. એ એમનો એક અભિપ્રાય હતો. કે ધર્મકથા અને ધર્મ નિમિત્તે પ્રસિદ્ધિ થાય તો એ વખતે અસંગ દશા હોય, નિર્ગ્રંથ દશા હોય. તીલતુષમાત્ર પરિગ્રહ ન હોય, અને એ રીતે એ સ્થિતિમાં આત્મરમણતાની સ્થિતિમાં ધર્મ પ્રકાશે. આ સ્થિતિમાં નહિ. લોકોને શંકા પડે, લોકોને કાંઈ કહેવાનું કારણ થાય, એ વાત પસંદ (નહોતી). અથવા વિવાદાસ્પદ પરિસ્થિતિ રહે એ વાત પોતે પસંદ નહોતા કરતાં.

એટલે **'ધર્મકથાદિપ્રસંગે અને ધર્મના જાણનારરૂપે કોઈ પ્રકારે પ્રગટપણામાં ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે.'** એટલે કોઈ પ્રકારે એવી રીતે પ્રસિદ્ધિ ન થાય એ પ્રકાર અમને વ્યાજબી લાગે છે. **'વેપારપ્રસંગે રહેતાં છતાં જેનો ભક્તિભાવ રહ્યા કર્યો છે, તેનો પ્રસંગ પણ એવા પ્રકારમાં કરવા યોગ્ય છે, કે જ્યાં આત્માને વિષે ઉપર જણાવેલો પ્રકાર રહ્યા કરે છે, તે પ્રકારને બાધ ન થાય.'** હવે જેને અત્યારે વેપાર પ્રસંગે રહેવા છતાં જેને ભક્તિભાવ રહ્યો છે એવા પણ કેટલાક મુમુક્ષુઓ છે એનો પ્રસંગ પણ અમને નિવૃત્તિના કાળમાં રહે એમ ઇચ્છીએ છીએ. પ્રવૃત્તિના કાળમાં એ લોકો અમારા પરિચયમાં આવે એમ અમે ઇચ્છતા નથી.

કેમ એમ છે ? એવું શા માટે વિચારે છે ? કે પ્રવૃત્તિ અને સંયોગ આશ્રિત જે કોઈ ઉદયભાવ છે એ સામાન્ય મનુષ્યની જેવા જ લગભગ જોવામાં આવે. અને બાહ્યદૃષ્ટિવાળાને તો એમાં કાંઈ જ ફરક ન દેખાય, થોડો પણ ફરક ન દેખાય. અંતર દૃષ્ટિવાળાને થોડો ફરક દેખાય છે એ વાત જુદી છે આખી, પણ બાહ્યદૃષ્ટિવાળાને

તો કાંઈ ફરક દેખાય જ નહિ. અને જ્યારે બાહ્યદૃષ્ટિવાળામાં અને એમાં મુમુક્ષુને પણ કોઈક જ મુમુક્ષુ અંતરદૃષ્ટિવાળા હોય છે, એટલી ઊંડી દૃષ્ટિવાળા હોય છે, બાકી બહુભાગ મુમુક્ષુ પણ બાહ્યદૃષ્ટિવાળા હોય છે. એટલે એ બહારની પરિસ્થિતિ જોતા એને જે એમના વચનોથી, એમના ભાવોથી, એમને જે થોડોઘણો વિશ્વાસ આવ્યો છે, શ્રદ્ધા થઈ છે અને શ્રદ્ધેય તરીકે જે કાંઈ બે વાત સાંભળે છે તે શ્રદ્ધા ઊડી જતાં એ જ વાત સાંભળતા આખો બીજો પ્રકાર ઊભો થઈ જશે.

એક શ્રદ્ધા સહિત સાંભળે અને એક શ્રદ્ધા રહિત સાંભળે એમાં બહુ મોટો ફેર છે. એટલે એને શ્રદ્ધા ઊડી જાય, વિશ્વસનિયતા ન રહે. ભાઈ ! ભલે પૂર્ણ વીતરાગતાની વાત કરે છે પણ આમાં તો નાની ચીજ માટે પણ રાગ થતો આપણે જોઈએ છીએ. કોઈ વાત એવી હોય કે સાધારણ વાતમાં એમ કહે કે મને એમ નહિ ફાવે. શું કહે ? વાત સાવ સામાન્ય હોય તો કહે, મને એમ નહિ ફાવે. નહિ ફાવે, ફાવવું, ન ફાવવું શું ? વીતરાગતામાં ફાવવું ન ફાવવું શું ? એ તો રાગ-દ્વેષનો વિષય છે અને દર્શનમોહનો તો વિષય જ લગભગ મુમુક્ષુસમાજમાં નથી, પોતાની વિચારણામાં નથી. એ દર્શનમોહના અભાવને કે સદ્ભાવને સમજતા નથી. ચારિત્રમોહના સદ્ભાવને સમજે છે અને એની તીવ્રતા મંદતાનો અનુભવ છે એટલે એની તીવ્રતા-મંદતાને સમજે છે, એના અભાવને પણ સમજી નથી શકતા. આ પરિસ્થિતિમાં પ્રવૃત્તિના કાળમાં જો કોઈ મુમુક્ષુ એમના પરિચયમાં આવે તો એને લાભ થવાને બદલે નુકસાન થવાની સંભાવના વધુ છે. એમ જાણીને એમણે એ પ્રકારનો વિવેક કર્યો છે. કે જેને અમારા પ્રત્યે ભક્તિભાવ રહ્યા કર્યો છે, વેપારના પ્રસંગમાં હોવા છતાં જેને ભક્તિભાવ છે, તેનો પણ પ્રસંગ પણ એવા જ પ્રકારમાં કરવો યોગ્ય છે. એવા જ પ્રકારમાં એટલે નિવૃત્તિના પ્રકારમાં **'કે જ્યાં આત્માને વિષે ઉપર જણાવેલો પ્રકાર રહ્યા કરે છે,'** કે જ્યારે વેપાર સંબંધી કોઈ કામકાજ ન હોય અને નિવૃત્તિમાં હોય ત્યારે જેને આવવું હોય એ થોડા ઘણા આવે. એમાં પણ એ બધાને બધી વખતે રજા નહોતા આપતા એવી પરિસ્થિતિ હતી. **'તે પ્રકારને બાધ ન થાય.'**

**'જિને કહેલાં મેરુ વગેરે વિષે તથા અંગ્રેજે કહેલ પૃથ્વ્યાદિ સંબંધે સમાગમ પ્રસંગમાં વાતચીત કરશો.'** આ એક પ્રયોજનભૂત વિષય નથી પણ સામાન્ય રીતે લોકોને વર્તમાન વિજ્ઞાન ઉપર વિશ્વાસ છે અને જિનાગમના વિજ્ઞાન ઉપર વિશ્વાસ નથી. જુઓ !

અત્યારે ચંદ્ર ઉપર લોકો જાય છે. પૃથ્વી ગોળ છે એ લોકોએ સાબિત કર્યું છે. ફોટો પાડીને ઉપર જઈને. અને જિનાગમમાં એ વાત પૃથ્વી ગોળ છે એવી નથી. એ તો એક ઉપસેલો ભાગ છે ભરતખંડનો. એક ટૂકડો છે કે જે ઉપરથી ઉપસેલો છે. એમ છે. અને અત્યારે કોઈ ચંદ્ર ઉપર જઈ ન શકે એવું વિધાન છે. તો કહે આ ચંદ્ર ઉપર ગયા. તો એ મેરુની વાત છે, પૃથ્વી વગેરેની વાત છે એ શું સમજવું ? આ લોકો તો અત્યારે વિજ્ઞાનમાં આગળ વધેલાં છે. લોકો એના ઉપર વિશ્વાસ કરે છે. અને જિનાગમમાં જે વાત કરી છે એ જિને કરેલી વાત સાચી કે અત્યારના વિજ્ઞાને કરેલી વાત સાચી ? શું સમજવું ? જો અત્યારના વિજ્ઞાનને સાચી માનવામાં આવે તો આગમ ખોટા ઠરી જાય છે. આપોઆપ જ તે, ઠરાવવા પડતા નથી પણ આપોઆપ ખોટા ઠરે છે. પરસ્પર વિરુદ્ધ વાતમાં ખોટી વાતને સાચી માનો તો સાચી વાત આપોઆપ ખોટી ઠરે જ છે. ઠરાવવી પડતી નથી. ઉદ્દેશ ઠરાવવાનો હોય કે ન હોય પણ ખોટી ઠરે જ છે. અથવા એ ખોટી છે એમ સ્વીકાર એમાં આવી જાય છે. એટલે એ વાત પ્રયોજનભૂત નહિ હોવાથી એમણે એમ કહ્યું કે રૂબરૂ મળવાનું થાય ત્યારે તમે અમને પૂછજો એ વિષે ખુલાસો કરશું.

મુમુક્ષુ :- પ્રયોજનભૂત નિહ હોવા છતાં આના નિષેધમાં આવી જાય તો એ માણસ બહુ મોટા નુકસાનમાં આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો આવી જાય. એમને જિનેન્દ્રના કથન ઉપર વિશ્વાસ નથી.

મુમુક્ષુ :- અપ્રયોજનભૂત વાતના નિષેધમાં જાય તો બહુ મોટું નુકસાન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- અપ્રયોજનભૂત તો ત્યાં સુધી છે કે જીવ એને કોઈ વિચારે નહિ ત્યાં સુધી. પણ જ્યારે સામે આવે ત્યારે તો એનું પ્રયોજન થાય જ છે. પ્રયોજન વખતે પ્રયોજનભૂત થઈ જાય છે. જેમ કે દ્રવ્ય-ગુણ-પર્યાયના બંધારણના વિષયમાં અનેક ગુણધર્મનો વિષય છે. તો બધા ગુણધર્મ બધા નથી જાણતા હોતા. પણ છતાં એક Issue ઊભો થયો, અરે...! કોઈપણ ધાર્મિક Issue ઊભો થયો. કે જેમાં કોઈને વ્યવહારે પણ ધર્મ સાથે સંબંધ છે. એટલે એમાં અભિપ્રાય વિરુદ્ધ પડે એટલે સીધું એને પ્રયોજનભૂત રીતે નુકસાન થઈ જાય. આ એનો નિયમ છે. એને પ્રયોજનભૂત ત્યાં થઈ જાય છે. નહિતર અપ્રયોજનભૂત છે, કાંઈ લેવા દેવા નથી. એ જ્ઞાન સાથે

કાંઈ લેવા-દેવા નથી. પણ સામે વાત આવે કે આ સાચી કે આ સાચી ? ત્યારે જો એનો અભિપ્રાય ખોટી વાત ઉપર સાચાપણાનો થઈ જાય તો એને પ્રયોજનભૂત રીતે નુકસાન થાય. એમ છે. કેમ કે આ તો જિનેન્દ્રાદિ જે છે એ તો આપ્તપુરુષોમાં જાય છે. વિશ્વાસ કોનામાં છે એમ પ્રયોજન થઈ ગયું ને ત્યાં !

મુમુક્ષુ :- Indirectly વાત તો આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આવી ગઈ ને ? વિશ્વાસની વાત આવી ગઈ ને ?

**'અમારું મન ઘણું ઉદાસ રહે છે અને પ્રતિબંધ એવા પ્રકારનો રહે છે, કે તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવું કરી ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગમાં ઉપાધિજોગ વેદવા પડે છે; જોકે વાસ્તવ્યપણે તો સમાધિપ્રત્યયી આત્મા છે.'** મુખ્ય અને ગૌણ પરિણામ બંનેની વાત કરી છે. જે ઉદય સંબંધીના પરિણામ છે એને ગૌણ ગણ્યા છે. મુખ્યપણે એટલે તો વાસ્તવ્યપણે તો એટલે મુખ્યપણે તો આત્મા સમાધિપ્રત્યયી છે. અસમાધાન નથી એનું, સમાધાન છે. શું બાબત છે ? કે **'અમારું મન ઘણું ઉદાસ રહે છે...'** ક્યાંય રસ આવતો નથી. ઉદાસીનતા હોય ત્યાં ક્યાંય રસ આવતો નથી.

**'અને પ્રતિબંધ એવા પ્રકારનો રહે છે,...'** પ્રતિબંધ એટલે ? બહારના કાર્યો કરવા સંબંધીનું બંધન. એને પ્રતિબંધ અહીંયાં કહ્યો છે. બહારના કાર્યોનો સંબંધ કહો, કાર્ય કરવાનું બંધન કહો, ફરજ કહો તો એવા પ્રકારનો રહે છે **'કે તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવું...'** સાવ ગુપ્ત રાખવું પડે છે. બીજાને ખબર પણ ન પડે કે આ ઉદાસ છે. એને તો એમ જ લાગે કે બીજા માણસ જેવું જ આ કામ કરે છે. (બહારની) બાબતમાં પણ કોઈની જાહેરાત કરવાનો પ્રસંગ એટલા માટે નથી રાખતા કે એ જાતની પ્રસિદ્ધિ પોતે મેળવવા ઇચ્છતા નથી. એ સંબંધીનું માન એ મેળવવા ઇચ્છતા નથી કે પોતાની દશા માટે બીજા એનું સન્માન કરે, એને માન આપે, એને આદર કરે એવું એ ઇચ્છતા નથી. આ માર્ગ કેવો છે એ વિચારવા જેવો છે.

ગૃહસ્થ દશામાં કોઈ જ્ઞાનીપુરુષ હોય છે તો એ બધા જ જ્ઞાનીઓની આવી સ્થિતિ હોય છે. આ તો 'શ્રીમદ્જી' એક જીવંત દૃષ્ટાંત છે પણ સર્વ જ્ઞાનીને વિષે આ જ પ્રકાર હોય છે. જો બહારનો ઉદય એવો ગૃહસ્થ આદિનો હોય તો પોતે ધર્માત્મા તરીકે પ્રસિદ્ધિ પામે એવું એ ઠીક ગણતા નથી, ઇચ્છતા નથી, એ એમને યોગ્ય નથી લાગતું. બીજાને તો માન મેળવવા માટે પ્રયત્ન કરવો પડે છે, દેખાવ કરવો પડે છે,

એને માટે કૃત્રિમતા કરે, કોઈ માયાચારી કરે, કોઈ કાંઈ કરે, કોઈ કાંઈ કરે, કોઈ અર્પણતા કરે. જે પ્રકારે જો માન કોઈપણ રીતે મળતું હોય અને પ્રસિદ્ધિ મળતી હોય તો. અહીંયાં એવી એક પૂજ્યદશા, પવિત્રદશા હોવા છતાં એને એ ગોપવે છે, એ ગુપ્ત રાખે છે કે નહિ, આ વાત અમારે કોઈને કરવી નથી. સાવ ગુપ્ત જેવું કર્યું છે.

મુમુક્ષુ :– મુમુક્ષુને તો આ વાત બહુ વિચારવા જેવી છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી વિચારવા જેવી છે. જો જ્ઞાની આમ કરે છે તો જેને પોતાની દશાનું ઠેકાણું નથી હજી એને માન-સન્માન લેવાની વૃત્તિ આવે તો કેટલું નુકસાન થાય ? પ્રસિદ્ધિનો એને વિચાર આવે તો કેટલું નુકસાન થઈ જાય ? કે આખો આત્મા એ રસ્તે ચડી જાય અને પોતાનો રસ્તો એ ખોઈ બેસે. એમ થાય.

મુમુક્ષુ :– આગળ આવવાની ભાવના બહુ નુકસાનકારક છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ જ નુકસાન કરે. એટલા માટે 'પૂજ્ય બહેનશ્રી'એ એ વાત કરી છે કે મુમુક્ષુજીવે તો જ્યાં આગળ આવવાની વાત હોય તો એને પાછળ ભાગવું. જ્યાં માન મળે એવી વાત હોય તો આત્માર્થીએ તેથી દૂર ભાગવું. દૂર રહેવું એમ નથી કહ્યું. દૂર ભાગવું. પ્રયત્ન કરીને દૂર રહેવું. કહે નહિ, ભાઈ ! તમે આગળ... તમે આગળ.. મને પાછળ રાખો. તમે આગળ જાવ. એમ કરે. ઊભા રહો મને આગળ જવા દો એમ નથી કરતાં એ. આખી ઉલટીસુલટી વાત છે એ.

**'તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવું...'** ઉપદેશ લેવો હોય તો એમના જીવન ઉપરથી ઉપદેશ લઈ શકાય એવો વિષય છે કે કેવી રીતે પોતે નિર્માનપણે રહેવું જોઈએ અથવા માન ન ચડે એને માટે એને કેવી રીતે રહેવું જોઈએ.

મુમુક્ષુ :– આવા પરિણામ તો થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પરિણામ થાય તો નુકસાન થયા વગર કેમ રહે ? પરિણામ થાય તો નુકસાન થયા વગર કેમ રહે ? કર્મના પરમાણુને તો કોઈ પક્ષપાત કરવાનો વિષય નથી. કર્મના પરમાણુ તો તીર્થંકરનું દ્રવ્ય હોય અને ભૂતકાળમાં અપરાધ કરે તો શું થાય ? જ્યારથી સમ્યગ્જ્ઞાન થાય ત્યારથી તો પછી અપરાધ કરતાં નથી. જ્ઞાની આત્માઓ તો અપરાધ કરતાં નથી. પણ એ તો તીર્થંકરદ્રવ્ય અનાદિથી હોય છે, જ્ઞાન અનાદિથી નથી હોતું કાંઈ, આત્મજ્ઞાન અનાદિથી નથી હોતું. તો ભૂતકાળમાં એ ભૂલ કરે છે તો એનો દંડ ભોગવવો પડે છે. કર્મના પરમાણુ એમ નથી વિચારતાં

કે તીર્થંકરનું દ્રવ્ય છે, આને ન બંધાય. આને બાંધીએ અને આને મારીએ એ બરાબર નહિ એવું ત્યાં નથી. ત્યાં કોઈ શેહ-શરમ કોઈની પહોંચતી નથી. જેવા પરિણામ કર્યા એનો દંડ ભોગવવો પડે એમાં કાંઈ ચાલે નહિ. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ છોડાવવા એમાં સમર્થ નથી. હિત થાય કે ન થાય એ હજી બીજી વાત છે પણ અહિત ન થાય એટલું તો ઓછામાં ઓછું એને ભય હોવો જોઈએ. આત્માના અહિતનો જેને ભય નથી એ ક્યાં જઈને પડશે એ કહેવું મુશ્કેલ છે.

જાગૃતિનો આ એક વિષય છે. ત્યાં જાગૃતિનો વિષય થોડો ચાલ્યો હતો ને ? 'સોનગઢ'. આ પ્રથમ કક્ષાની જાગૃતિનો વિષય છે. આત્મજાગૃતિ તો પછીનો સવાલ છે. પણ મને નુકસાન થાય એનો તો હું વિચાર કરું. પરિણામ તો એક વેપાર છે. વેપારમાં કાં લાભ થાય, કાં નુકસાન થાય. બરાબર થાય એવો વેપાર તો ભાગ્યે જ હોય છે. વેપાર તો બધા નફા માટે કરે છે, લાભ લેવા માટે કરે છે પણ નુકસાન થઈ જાય તો લાભ ગયો અને નુકસાન થયું. એમ ડબલ નુકસાન છે એ તો.

**'ઉદાસપણું સાવ ગુપ્ત જેવું કરી...'** તદ્દન સંતાડીએ છીએ. અને **'ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગમાં ઉપાધિજોગ વેદવા પડે છે...'** એ અમારો આત્મા ખમી ન શકે એવું દર્દ થાય છે એમાં. જે કાંઈ ઉદયના કાર્યોમાં રાગાદિ પરિણામ કરવા પડે છે, કરવા નથી ને કરવા પડે છે. એની વેદના અમે સહન ન કરી શકીએ એવી વાત છે. એનું દુઃખ અમે સહન ન કરી શકીએ એવી વાત છે. એમાં તો દુઃખ છે, આકુળતા છે. **'ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગ...'** છે. ખમી શકવું. સમજો છો ? ખમવું તો. સહન કરી શકવું. ન સહન કરી શકીએ એવા પ્રસંગમાં ઉપાધિયોગ વેદવો પડે છે. એવી એક ઉદયના વિભાગના પરિણામની સ્થિતિ હોવા છતાં મુખ્યપણે અથવા **'વાસ્તવ્યપણે તો સમાધિપ્રત્યયી આત્મા છે.'** આત્મા સમાધાન કરે છે અને સમાધાન કરે છે એવા પરિણામમાં જેના પરિણામની ગતિ છે એને સમાધિપ્રત્યયી એમ કહેવામાં આવે છે. પ્રત્યે જવું તે પ્રત્યયી. તે પ્રત્યે જવું તે પ્રત્યયી એમ કહેવાય છે. એવો **'સમાધિપ્રત્યયી આત્મા છે.'** એમ પોતાની અંતર-બાહ્ય બંને દશાનું વર્ણન એ છેલ્લી અઢી લીટીમાં એમણે કર્યું છે.

પત્રાંક-૪૬૪

મુંબઈ, શ્રાવણ વદ ૪, બુધ, ૧૯૪૯

થોડા વખત માટે મુંબઈમાં પ્રવર્તનથી અવકાશ લેવાનો વિચાર સૂઝી આવવાથી એક બે સ્થળે લખવાનું બન્યું હતું, પણ તે વિચાર તો થોડા વખત માટે કોઈ નિવૃત્તિક્ષેત્ર પ્રત્યે સ્થિતિ કરવાનો હતો. વવાણિયા કે કાઠિયાવાડ તરફની સ્થિતિનો નહીં હતો. હજુ તે વિચાર ચોક્કસ વ્યવસ્થામાં આવ્યો નથી. ઘણું કરી આ પક્ષમાં અને ગુજરાત તરફના કોઈ કોઈ નિવૃત્તિક્ષેત્રને વિષે વિચાર આવવા સંભવ છે. વિચાર વ્યવસ્થા પામ્યેથી લખી જણાવીશ. એ જ વિનંતી.

સર્વેને પ્રણામ પ્રાપ્ત થાય.

૪૬૪મો પત્ર પણ 'સોભાગ્યભાઈ' ઉપરનો છે.

**'થોડા વખત માટે મુંબઈમાં પ્રવર્તનથી અવકાશ લેવાનો વિચાર સૂઝી આવવાથી એક બે સ્થળે લખવાનું બન્યું હતું,...'** નિવૃત્તિ માટે 'મુંબઈ'થી અવકાશ લઈને બહાર જવું એમ સૂઝવાથી એ સહજતા બતાવે છે. એમ સૂઝ્યું એટલે એવો વિકલ્પ આવ્યો ત્યારે એક બે સ્થળે લખવાનું બન્યું હતું. **'પણ તે વિચાર તો થોડા વખત માટે કોઈ નિવૃત્તિક્ષેત્ર પ્રત્યે સ્થિતિ કરવાનો હતો. વવાણિયા કે કાઠિયાવાડ તરફની સ્થિતિનો નહીં હતો. હજુ તે વિચાર ચોક્કસ વ્યવસ્થામાં આવ્યો નથી.'** એટલે નિર્ણય નથી થયો. **'ઘણું કરી આ પક્ષમાં...'** એટલે આ શ્રાવણ વદમાં **'અને ગુજરાત તરફના કોઈ કોઈ નિવૃત્તિક્ષેત્રને વિષે વિચાર આવવા સંભવ છે.'** ત્યાંનો નિર્ણય થવાનો સંભવ છે કે ગુજરાતના કોઈ ક્ષેત્રમાં ખાસ કરીને 'ખેડા' અને 'આણંદ' જિલ્લાના ક્ષેત્રમાં એ નિવૃત્તિ માટે જતા હતા. કોઈ વખત 'ઈડર' પણ જતા હતા. પણ ગુજરાતમાં જવાનો એમનો વિચાર છે. **'વિચાર વ્યવસ્થા પામ્યેથી લખી જણાવીશ.'** અને એ ચોક્કસ થવાથી, એ નિર્ણય થવાથી તમને લખીશ. કેમ કે એ ઇચ્છતા હતા કે 'સોભાગભાઈ' પણ આવે. **'એ જ વિનંતી. સર્વેને પ્રણામ પ્રાપ્ત થાય.'** એ પ્રાસંગિક પત્ર છે.

પત્રાંક-૪૬૫

મુંબઈ, શ્રાવણ વદ ૫, ૧૯૪૯

ૐ

પરમસ્નેહી શ્રી સોભાગ,

અત્રે કુશળક્ષેમ સમાધિ છે. થોડા દિવસ માટે મુક્ત થવાનો જે વિચાર સૂઝ્યો હતો, તે હજુ તેના તે સ્વરૂપમાં છે. તેથી વિશેષ પરિણામ પામ્યો નથી. એટલે ક્યારે અહીંથી છૂટા થવું, અને ક્યા ક્ષેત્રે જઈ સ્થિતિ કરવી, તે વિચાર હજુ સુધી સૂઝી શક્યો નથી. વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ ઘણું કરી રહ્યા કરે છે. તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી.

ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું ત્યારથી આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે અને જો ભગવત્ કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય, એમ થતાં થતાં ઘણી વાર જોયું છે; અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે. અમે તો તે ઉપાધિજોગથી હજી ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમા વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ

થાયછે, એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી.

આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા આત્મા,' તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ.

પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે; અને બીજી બાજુથી આવાં ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય છે. ઈશ્વરેચ્છા !

પ્રમાણ પહોંચે.

પછી ૪૬૫મો પત્ર છે એ પણ ‘સોભાગ્યભાઈ’ ઉપરનો છે.

**‘પરમ સ્નેહી શ્રી સોભાગ, અત્રે કુશળક્ષેમ સમાધિ છે. થોડા દિવસ માટે મુક્ત થવાનો જે વિચાર સૂઝ્યો હતો,...’** અહીંયાં મુક્ત શબ્દ વાપર્યો છે. અવકાશ લેવાને બદલે. **‘થોડા દિવસ માટે મુક્ત થવાનો વિચાર સૂઝ્યો હતો, તે હજુ તેના તે સ્વરૂપમાં છે.’** એટલે કે કાંઈ **‘તેથી વિશેષ પરિણામ પામ્યો નથી.’** હજી પણ કાંઈ નિર્ણય નથી થયો. **‘એટલે ક્યારે અહીંથી છૂટા થવું અને ક્યા ક્ષેત્રે જઈને સ્થિતિ કરવી, તે વિચાર હજુ સુધી સૂઝી શક્યો નથી. વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ ઘણું કરી રહ્યા કરે છે.’** એટલે આ એક સહજપણે ચાલતી પરિસ્થિતિ છે. કોઈ એના ઉપર વજન નથી, એટલું બળ નથી, કોઈ કૃત્રિમતા નથી. સહેજે સહેજે થાય તો ઠીક છે પાંચ-પંદર દિવસ વહેલું થાય, મોડું થાય, ગમે ત્યાં થાય. **‘વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ ઘણું કરી રહ્યા કરે છે. તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી.’** પ્રેરક થઈને, કર્તા થઈને એ પરિણામ કરતાં નથી. પણ સહેજે જે કાંઈ સૂઝે આત્મામાં એ કરીએ છીએ. બનવાનું હોય તો બને, ન બનવાનું હોય તો ન બને. એટલે ન બને તો એની બહુ આકુળતા ન થાય. સમાધાન આવી જાય છે.

**‘ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું.’** એટલે બીજો માગશર આવ્યો. બાર મહિના એ ગયા અને શ્રાવણ મહિનો આવ્યો એટલે આઠ મહિના એ ગયા. લગભગ પોણા બે વર્ષ સુધી એમણે ‘મુંબઈ’ છોડ્યું નથી. એટલે પ્રવૃત્તિ ઘણી રહી છે અને એ પ્રવૃત્તિનો કંટાળો પણ ઘણો રહ્યો છે. બે વાત સાથે ઊભી થઈ છે. **‘ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું ત્યારથી આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે...’** અત્યાર સુધીમાં તો અનેક જાતના પ્રસંગોની અંદર, ઉદયની અંદર પસાર થવાનું થયું છે. ઘણા ઉપાધિભાવ કર્યા છે. **‘અને જો ભગવત્ કૃપા ન હોય તો...’** ભગવત્‌કૃપા એટલે આત્માની અંદરથી કૃપા ન હોય તો એમ લેવું. બીજા કોઈ ભગવાનની નહિ પણ અંદરથી જો આત્મા એટલો તૈયાર ન હોત અને પરિણામમાં એ એટલો નજીક ન હોત, શું! દૂર હોત તો એ ભગવત્‌ની કૃપા નથી. ભગવત્ એટલે પવિત્ર સ્વરૂપ એવું પોતાનું પરમતત્ત્વ છે.

તેની **‘કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય,...’** એટલે શું થાય ? માથું ઉતરી જાય. મડદું થઈ જવાય. માથું

ધડ ઉપરથી ઉતરી જાય તો શું થાય ? માણસ ખલાસ થઈ જાય. ગળું કપાઈ જાય તો શું થાય ? એવો ઉપાધિયોગ છે કે અમારી જગ્યાએ બીજા માણસ હોય તો એની આટલી પ્રવૃત્તિમાં માથું ઠેકાણે રહે નહિ. પરિણામ એટલા બધા બગડ્યા હોય કે કેટલાય કર્મ બાંધ્યા હોય હિસાબ વગરના. અમારે તો ભગવત્કૃપા છે એટલે એવું બન્યું નથી એમ એમને કહેવું છે.

ભગવત્કૃપા કહીને એમ કહ્યું કે અમારો પુરુષાર્થ છે એવો શબ્દ ન વાપર્યો. આ એક જુઓ શૈલી છે. ઉપાધિ પ્રસંગમાં પણ પોતાનો આત્મપ્રત્યયી જે પુરુષાર્થ છે એ પુરુષાર્થ, એ શ્રદ્ધા, એ જ્ઞાન એનું જે બળવાનપણું, એ બળવાનપણું કહેવાને બદલે ભગવત્કૃપામાં એ વાત સમાવી દીધી. જાવ. શૈલી કેવી છે ! પોતાની વાત કરવામાં પણ. નહિતર 'સોભાગભાઈ' તો ઉત્કૃષ્ટ પાત્ર છે. પોતાની અંતરની દશા બતાવે છે તો પણ સામાન્ય શૈલી તો આવી જ રહી છે એમની. એ તો વિશેષ વાત કરવી હોય ત્યારે અંદરની ગમે તે વાત કરી દે છે. બાકી સામાન્ય રીતે તો વાતે વાતે પોતાનું અહંપણુ આવે, પર્યાયમાં અહંપણુ થાય એ પ્રકાર સહેજે પરિણામને અનુસરીને જ હોતો નથી. એ જાતનું પર્યાય ઉપર વજન હોતું નથી, મહત્તા હોતી નથી. એટલે સહેજે સહેજે એ પ્રકારની સ્થિતિ હોય છે.

**'જો ભગવત્કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય, એમ થતાં થતાં ઘણી વાર જોયું છે;...'** એમ પોતે જાગૃત છે, પોતાના પરિણામોનું અવલોકન છે, જ્યારે જ્યારે એવા પ્રસંગો બન્યા છે ત્યારે પોતાને ખ્યાલ આવ્યો છે કે ઠીક છે, અંદરમાં સાવધાન છીએ. નહિતર અત્યારે ધડ ઉપર માથું રહે નહિ એવી પરિસ્થિતિ અમે જોઈ લીધી છે અમારી પણ. એમ ઘણીવાર જોયું છે.

**'અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે.'** અને એવા પ્રસંગમાં પસાર થતાં અમારો નિર્ણય દૃઢ થયો છે, વિશેષ બળવાન થયો છે કે આ સંસારને અને અમારે કોઈ મળતી પાણ આવે એવું નથી. ઊંધા-સુંધા જેવું છે. સંસારનો માર્ગ ઉંધાઈનો છે અને આ માર્ગ સુંધાઈનો છે. બેને એક પાણનો મેળ ખાય એવો નથી. પાણ, રૂપિયા, આના પાણ લખતા ને તે દિવસે. તો આનામાં આડી પાણ લખે અને પૈસામાં ઊભી

પાણ લખે. એ આડી કે ઊભી એકેય પાણનો મેળ ખાય એવું નથી. એટલે કોઈ અંશે મેળ ખાય એવું નથી. સંસારને અને મોક્ષને કોઈ અંશે મેળ ખાય એવું નથી. પરસ્પર એકદમ વિરુદ્ધ માર્ગ છે એમ કહેવું છે.

જીવે એના ઉપરથી એ નિર્ણય કરી લેવા જેવો છે કે આખરમાં બેમાંથી કઈ લાઈન તારે જોઈએ છે ? બે લાઈન તો મળવાની નથી કોઈને. બે ઘોડાની સવારી ચાલવાની નથી. આ લાઈન પકડવી છે કે આ લાઈન પકડવી છે ? એક વાતનો પહેલોવહેલો એણે નિર્ણય કરવો પડશે. નિર્ણય કર્યા વગર જે કાંઈ કરશે તે બધું નકામું છે. કોઈ ચીજ એને એના આત્માને કલ્યાણનું કારણ બને એવું નથી. પહેલા નિર્ણયનો વિષય છે કે લાઈન કઈ પકડવી છે ? સંસારમાં રહેવું છે સ્પષ્ટ પ્રીતિથી કે સંસાર છોડવો છે ? બસ, આ સીધેસીધી વાત છે.

મુમુક્ષુ :- આ નિર્ણય વગર ગતિ નહિ મળે.

પૂજ્ય ભાઈશ્રી :- એને પરિણામની Speed આવવાની જ નથી. એને બળવાનપણું જ ન રહે. ઉદયપ્રસંગમાં એનું બળવાનપણું રહે નહિ. ઉદય તો પૂર્વકર્મ અનુસાર આવ્યા વગર નહિ રહે. પૂર્વે અપરાધ કર્યો છે, નવા અપરાધનું નિમિત્ત થવાનું છે. શું કરશે ? જો દઢતા નહિ હોય, બળવાનપણું નહિ હોય તો એ તો એમાં ખેંચાવાનો જ છે. સીધી જ વાત છે.

**'અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે.'** સંસારની અંદર એવા ચિત્ર-વિચિત્ર પ્રસંગો ઉત્પન્ન થાય છે કે એકવાર જ્ઞાનીપુરુષને પણ પુરુષાર્થની અંદર ધક્કો લાગી જાય. શ્રદ્ધામાં તો વાંધો નથી આવતો. શ્રદ્ધા તો એક એવી ચીજ છે કે પોતાનું સ્થાન છોડતી નથી અને એનું બળવાનપણું પણ એટલું વિશેષ છે. પણ પુરુષાર્થની અંદર તીવ્રતા મંદતાનો પ્રકાર મોક્ષમાર્ગી ધર્માત્માને પણ ચડ-ઉતર થયા કરે છે.

કહે છે કે **'જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતા...'** એની ઘણી જાગૃતિ હોય. નિશ્ચય ઉપયોગ એટલે ? નિશ્ચય સંબંધમાં-સ્વરૂપ સંબંધમાં ઘણી જાગૃતિ હોય અત્યંત જાગૃતિ હોય એમ **'વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય...'**

તો એના પરિણામમાં પણ ધક્કો આવે **'એવી આ સંસારની રચના છે.'** સંસારના ઉપાધિ પ્રસંગોમાં એવા એવા પ્રકાર ઉત્પન્ન થાય છે.

**'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય,...'** શ્રદ્ધા-જ્ઞાન તો ન છૂટે એમ કહે છે. બોધ હોય એટલે જ્ઞાન રહે છે. જ્ઞાન રહે છે એટલે શ્રદ્ધા પણ રહે છે. તો કહે છે કે **'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે.'** આગળ વધવાની અંદર એટલી તકલીફ થાય છે. જો એ ઉપાધિયોગમાં એટલા પણ પરિણામ ન વહેંચાય તો એક ધારાએ, એક પ્રવાહે, એકતાર પ્રવાહ, આત્માનો એકતાર અંદર બીજો તાર નહિ. જેમ કોઈ એકતારનું વાંજિત્ર હોય તો એક જ સૂર નીકળે, બીજો સૂર ન નીકળે. આમાં બીજો સૂર નીકળે છે એમ કહે છે. એ શબ્દ એમણે વાપર્યો છે. બનતા સુધી નીચે છે, જુઓ ! છેલ્લા પેરેગ્રાફમાં છે. ત્રીજી લીટી છેલ્લેથી.

**'અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે;...'** અમારા પરિણામ આત્માની ધૂનમાં એકતાર રહી જાય અને એ જ પ્રવાહ ચાલે, વચમાં બીજો વિક્ષેપ ન ઊભો થાય, એવા પ્રકારના પરિણમનની અમને આતુરતા (છે), એવા પ્રકારના પરિણમન (માટે) અમે આતુર છીએ. એ પોતાની ભાવના એમણે સ્વરૂપસ્થિરતાની વ્યક્ત કરી છે. અત્યંત આતુર રહ્યા કરે છે. **'અને બીજી બાજુથી આવા ક્ષેત્ર, આવો લોકપ્રવાહ, આવો ઉપાધિજોગ અને બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય છે.'** એમ લખ્યું છે. મૂર્ચ્છા પામી જઈએ છીએ. જેમ બેભાનપણું થઈ જાય. એવું થઈ જાય છે કે આ શું ? આટલું બધુ અંદરથી આત્મા એવો જોર કરે છે કે ચોથોઆરો હોત તો આ ભવે શ્રેણી માંડી દેત. પણ કોઈ પોતે અંદરથી જોર કરે છે અને બહારની કોઈ વિરુદ્ધ પરિસ્થિતિ પરિણામમાં પણ ઉદયભાવની પરિસ્થિતિ જોઈને જેમ કોઈ એવો ઘા પડે કે મૂર્છા આવી જાય. માથામાં કોઈ હથોડો મારે, તમ્મર ચડી જાય ને ઘણી વાર તો ? એવો પ્રવૃત્તિનો એટલો પછડાટ લાગે છે પોતાને. એવો ઘા લાગે છે. એ પણ પોતાની દશા જ વ્યક્ત કરી છે એમણે.

અહીંયા કહે છે કે **'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ**

**આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે.'** એટલે જે મોક્ષમાર્ગમાં અમે આગળ વધવા માગીએ છીએ એ આગળ વધવામાં અમને મુશ્કેલી પડે છે, એને આવરણ આવે છે. વિશેષ આગળ વધવામાં, વિશેષ પરિણામ થવામાં પ્રતિબંધ થાય છે, આવરણ આવે છે. **'અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ;...'** ત્રાસ છૂટે છે અંદરથી. હવે તો અમે **'ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમા વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ.'** આત્મામાં જે સ્થિર રહેવું છે એ સ્થિર રહેવાની અંદર પ્રભુનું નામ રાખીને (વર્તીએ છીએ). ક્યાં ? **'મુખમાં મધ્યમા વાચાએ...'** એમ. બધી જગ્યાએ.

**'અમે તો ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં...'** એટલે હૃદયથી માંડીને વાણી નીકળે ત્યાં સુધીમાં. **'હૃદયમાં અને મુખમાં'** એટલે હૃદય અને મોઢું પછી વચ્ચેની ખાલી જગ્યામાં અને મધ્યમાં બધેય. અને વાણીમાં **'પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ.'** પ્રભુનું નામ એટલે શું ? આત્માની એટલી જાગૃતિ રાખી છે કે જેને લઈને સ્થિર રહી શકીએ છીએ. નહિતર આ સંસારમાં જ્ઞાનદશામાં રહેવું અને ઉપાધિયોગ વેદવો એ અસાધારણ પુરુષાર્થનો વિષય છે. પુરુષાર્થમાં તો પાણી ઉતરી જાય એવો વિષય છે અને આમાં માંડ માંડ આ દશામાં અમે ઊભા છીએ. **'અને સ્થિર રહી શકીએ છીએ.'**

**'સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી,...'** પણ બોધના વિશેષ પરિણામ એટલે પ્રગતિ. મોક્ષમાર્ગના વિશેષ પરિણામ એટલે પ્રગતિ. તેનો **'અનવકાશ થાય છે.'** એનો અવકાશ નથી રહેતો. અને ઉદયભાવમાં જાવું પડે છે **'એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણીવાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો;...'** ત્યારે એમ થાય છે કે આ બધું એકવાર છોડી અને નીકળી જઈએ. આત્મામાં એ પરિણામ થયા કરે છે. એક વખત તો આ બધી લપ છોડીને ક્યાંક નીકળી પડીએ. એ રીતે એ ત્યાગને ભજવાના પરિણામ થઈ જાય છે.

**'તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે,...'** હવે બીજી Side લે છે. છતાં પણ પોતાનાથી ઉપાર્જિત કરેલી કર્મની સ્થિતિ છે એને વિષમ પરિણામે નહિ પણ **'સમપરિણામે, અદીનપણે,...'** દીનતામાં આવ્યા વિના. **'અવ્યાકુળપણે વેદવી'** એટલે

શાંતિથી વેદવી **'એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી.'** જ્યારે જ્યારે ક્યાંક ઉદયભાવમાં વિશેષ ખેંચાણ થાય ત્યારે વળી પાછું સમાધાન તો એ વખતે હાજર થઈ જાય છે. કે જ્ઞાનીનો માર્ગ તો આ છે. જ્ઞાનીના માર્ગે ચાલવું છે. કોઈ ત્યાગ કરીને અજ્ઞાનીના માર્ગે ચાલી જવું છે એવું છે નહિ. એ લોકો કરે છે ને કે ભાઈ ! મૂકો આ બધું. લઈ લ્યો દીક્ષા. એમ કાંઈ વસ્તુસ્થિતિ છે નહિ. જરા વિશેષ રહસ્યવાળો વિષય છે. ફરીને લઈશું પછી...

જેને પરમ ઉત્કૃષ્ટ એવો જિનદેવનો કેવળ અંતર્મુખનો માર્ગ શ્રવણ-પ્રાપ્ત પણ થયો નથી, તે હિનપુણ્ય જીવ સંસારના ભયંકર દુઃખોથી મુક્ત ન થઈ શકે, તે સહજ છે, પરંતુ જે જીવને પરમ સત્ય લક્ષ ઉપર આવ્યું છે, તે ક્ષુદ્ર ઉદય પ્રસંગો અને સાધારણ વિકલ્પોમાં સ્વયંના મહાન સ્વરૂપને રોકી રાખે છે, તે પ્રમાદમાં રતિ છે. પ્રમાદમાં રતિ કરવાં યોગ્ય કાંઈ જ નથી. તેથી હે જીવ ! ત્વરાથી સ્વયંના મહાન પદને સંભાળી અંતર્મુખ થા ! અંતર્મુખ થા !

ક્ષુદ્ર વિકલ્પોને સિદ્ધ કરવામાં રોકાવું તે આત્માને આવરણ કરનાર છે, અવિવેક છે. સંસાર પ્રત્યેની તીવ્ર ઉદાસીનતાથી, અને સત્સમાગથી પ્રાપ્ત વિશુદ્ધ (નિર્મળ) મતિથી કોઈક જીવને કેવળ અંતર્મુખ થવાનો તે માર્ગ સમજાય છે, જે સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. જેને સમજાય છે, તે નિષ્પ્રમાદપણે તેનું અહર્નિશ આરાધન કરે છે.

(અનુભવ સંજીવની–૧૧૦૫)

પત્રાંક-૯૧૩

ધર્મપુર, ચૈત્ર વદ ૪, બુધ, ૧૯૫૬

પત્ર સંપ્રાપ્ત થયું. અત્ર સમાધિ છે.

અકસ્માત્ શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.

સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા-અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. જેમાં મુખ્ય પણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેના કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે, એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંદરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાતા-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતાં, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.

તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણના પરમ કારણો છે.

અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.

'भीषण नरयगईए, तिरियगईए कुदेवमणुयुगईए;
पत्तोसि तिव्व दु:खं, भावहि जिणभावणा जीव।'

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ-ચિંતવ (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**તા. ૧૯-૬-૧૯૯૦, પત્રાંક--૯૧૩**
**પ્રવચન નં. ૧૭૩**

છોકરો ખરેખર સારો બધી રીતે. દેખાવમાં, એજ્યુકેશનમાં, ધંધામાં, વેપારમાં બધુ સંભાળે. વિનયમાં, વિવેકમાં બધી રીતે છોકરો સારો લાગે. પણ આવો સરસ મારે છોકરો છે એની ઉપાધિ કેટલી થાય ? એ તો એ જીવને અશાંતિનું પરિણામ આવે ત્યારે ખબર પડે. એવી જ રીતે એક એક ચીજ કે જેટલી અનુકૂળતા એટલી જ તીવ્ર કર્મબંધનની પરિસ્થિતિ થાય છે. મિથ્યાદૃષ્ટિ ચક્રવર્તી સાતમી નરકે શું કરવા જાય છે ? કેમ કે એટલો તીવ્ર રસ વેદે છે. જેટલા એને ભોગ-ઉપભોગના સાધનો છે એ એવા સંસારમાં કોઈને નથી હોતા, એટલી હદે છે. અને એ સાધનો પ્રત્યે એનો જે રસ છે, એ સંયોગો પ્રત્યેનો રસ છે એ રસની માત્રા એટલી બધી તીવ્ર થાય છે અને એને કારણે એને જે કર્મબંધન થાય છે કે સાતમી નરકે ચાલ્યો જાય છે. ઉપરથી એવું કાંઈ ન લાગે. અંદરથી કે વાત મૂકી દો એવી રીતે રસ... એવી પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :– યે સાંયોગિક અનુકૂલતા માનસિક અશાતા કા કારણ હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :– મૈને બહુત સે ઐસે કેસ (case) દેખે હૈં કિ કરીબ ૬૦-૬૦ સે આગે જાતા હૈ આદમી, તો આપ સમજો કે યે આયુષ્ય કે ઉત્તરાર્ધમેં ચલા ગયા. પીછલી અવસ્થા જો હૈ, ઉસ અવસ્થામાં ક્યા હોતા હૈ ? કિ ઉસ અવસ્થામેં જો ભી સારે જીવન પર્યંત અનુકૂળતાએં પ્રાપ્ત હોતી ગઈ, કોઈ આદમી તો ઐસા હૈ કિ પૂર્વમેં તો ઇતની સંપન્નતા નહી હોવે, દારિદ્ર અવસ્થા હોવે, બહુત કમજોર અવસ્થા હોવે. ફિર ઉસકો ક્યા હૈ હર એક કાર્યમેં સફલતા મિલતી રહે, સફલતા મિલતી રહે. ઉસકા રસ ભી બઢતા રહે. જૈસે જૈસે વો સફલતા મીલતી રહે વહ ઐસા હી માને કે મેરી બુદ્ધિ સે, મેરે ચાતુર્ય સે, મેરી કુશલતા સે મુજે પ્રાપ્તિ હુઈ. તો રસ ઇતના દૃઢ હો જાતા હૈ. ૬૦-૭૦ વર્ષે પહોંચે ત્યારે તો એ ફુલ બહારમાં એને અનુકૂળતા પહોંચી ગઈ હોય. કર્મનો ઉદય એ પ્રકારે હોય. એનો ક્ષયોપશમ એને નિમિત્ત હોય. બાકી તો ક્ષયોપશમવાળા તો ઘણા ઠેબા ખાય છે. પણ એને કોઈ પ્રકાર એવો હોય. એ સ્થિતિએ એની પૂરેપૂરી અનુકૂળતાઓ બધી બાજુની હોય એ વખતે એના ચિત્તની અશાંતિ જુઓ. એને પૂછો કે શું છે ? કાંઈ નથી પણ ચેન નથી પડતું. સો વાતની એક વાત છે. બીજું કાંઈ નથી. કાંઈ વાંધો નથી. હમણા તો શરીરમાં રોગ પણ નથી, તબિયત પણ સારી રહે છે. ધંધો, વેપાર બધુ સારું ચાલે છે. ધંધો વેપાર સારું ચાલે છે. છોકરાઓએ બધું સંભાળ્યું છે, ભાઈઓએ બધુ સંભાળ્યું છે, બધું સારું છે. મને ચેન નથી પડતું. આવા કેસ તો મેં કેટલાયે જોયા છે.

મુમુક્ષુ :– જીવ ખુદ કારણ સમજ પાતા હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :– વે લોગ નહિ સમજ પાતે. યહ તો અધ્યાત્મિક દૃષ્ટિકોણ સે અપન લોગ સમજ સકતે હૈં કિ ઐસા ક્યોં હુઆ ? ઐસા હોને કા યહ કારણ હૈ કિ ઉસને જો રસ લિયા હૈ, જો ઉપાધિ ઉસને ગ્રહણ કર લિ હૈ ઉસ ઉપાધિ કો છોડ નહિ સકતા. યે ચીજ મુઝે બહુત અચ્છી હૈ, ઇસકા જો રસ હૈ કિ યે ચીજ બહુત અચ્છી લગતી હૈ. ઇસકા જો રસ હૈ વહ જીવકી શાંતિ કે પ્રાણકો મારતા હૈ. શાંતિ કા ખૂન યહાં સે હોતા હૈ. વે યહ વિજ્ઞાન જાનતે નહિ. શાંતિ-અશાંતિનું વિજ્ઞાન શું એ તો ખબર નથી. એટલા માટે અનુકૂળતા પાછળ દોટ મૂકે છે અને શાંતિનું ખૂન ત્યાં થાય છે. એ વખતે તો શાંતિનું ખૂન થાય છે પણ એ અશાંતિ

જે ઊભી થઈ એને છોડવામાં કેટલો પુરુષાર્થ જોશે એનો અંદાજ નથી. જે ઉપાધિથી જે અશાંતિ ઊભી કરી એને છોડાવવા શું થાશે ? એની એને ખબર નથી. એને એ શું કરશે ત્યારે સુઝશે. એ જો ખબર હોય તો ભૂલથી પણ અશાંતિનો રસ્તો ન પકડે. એવી ખરાબ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- એટલે આ જે રસ છે એ નરકગતિનું કારણ થઈ જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- રસ છે એ પરિણામ છે. બધી શક્તિ પરિણામની રસમાં જ છે. બાકી તો ખોખું છે પરિણામ. જે એનો કસ છે એ બધો રસમાં જ છે. જેટલો રસ વેદ્યો એટલી શક્તિએ કામ કર્યું. પછી એ ઊંધી હોય કે સવળી હોય. આટલું છે.

મુમુક્ષુ :- શાતા-અશાતા દોનોં કે ઉદય સાથ-સાથ ચલતે હૈં ? સાંયોગિક શાતા, માનસિક અશાતા..?

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ઐસે તો બહુત સી ચલતી હૈ. જૈસે કિ એક આદમી કી તબિયત ઠીક નહિ રહતી ઔર સબ અનુકૂલતા હૈ.

મુમુક્ષુ :- શાતા હી માનસિક અશાતા કા કારણ બનતી હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા ભી હો સકતા હૈ, ઐસા ભી હો સકતા હૈ.

મુમુક્ષુ :- કિસ તરહ...

પૂજ્ય ભાઈશ્રી :- યે ભી ઉપાધિ હૈ, ઔર ક્યા. મેરા શરીર બહુત ઠીક હૈ, યે ભી એક ઉપાધિ હૈ ઔર મેરા શરીર કમજોર હો ગયા વહ ભી એક ઉપાધિ હૈ. દોનોં ઉપાધિ હી ઉપાધિ હૈ. વસ્તુ તો નિરુપાધિક હૈ. એસી બાત હૈ.

મુમુક્ષુ :- મેરા શરીર ઠીક હૈ ઇસકા રસ ચઢ ગયા. મેરા શરીર ઠીક નહિ રહતા ઇસકા રસ ચઢ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- દોનોં એક હી બાત હૈ. જાતિ તો એક હી હૈ. જાતિમેં ફર્ક નહીં હૈ, એક જાતિ છે.

મુમુક્ષુ :- ઠીક ભી ખરાબ હૈ ઔર અઠીક ભી ખરાબ હૈ તો કરે ક્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- દોનોં સે ભિન્ન હો જાયેં.

હું શરીર નથી. શું વાત આવી ? ૯૨૭ વાંચો ફરીને હવે. '**હું શરીર નથી.**' ઠીક-અઠીકની ક્યાં વાત રહી ? '**હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું,**' છેલ્લો પેરેગ્રાફ ૯૨૭. '**તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વકર્મની છે,**

**પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્ય જ નથી.**' તેમ તેનો રસ પણ લેવા જેવો નથી. બેય વાત છે.

અહીંયાં શું કહે છે ? કે ક્વચિત્ અથવા કોઈક '**દેહ સંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે.**' વસ્તુતાએ તો ત્યાં પણ અંતરદાહ બળતો જ હોય છે. એ શેનો દાહ છે ? આ બેચેનીનો. અસુખપણાનો. ક્યાંય એને સુખ લાગતું નથી. પરિણામની અંદર આકુળતા... આકુળતા... આકુળતા... આકુળતા ચાલ્યા જ કરતી હોય છે. બહારમાં બીજાને બધું ઠીક લાગે, એને એમ લાગે કાંઈ Problem નથી. પણ અંદરમાં એ Problem નથી એ જ એનો Problem છે. Problem છે એ તો Problem થાય છે. પણ નથી Problem એ પણ Problem જ થાય છે. કેમ કે એ મને Problem નથી. આ મુસીબત છે. એટલે અંતરદાહ બળ્યા જ કરતો હોય છે.

મુમુક્ષુ :– ઇસમેં એ બાત... ક્યોંકિ જો સંયોગિક અનુકૂલતા હૈ તો ઉસકો પ્રતિપલ યહ ભય રહતા હૈ કિ સંયોગ બદલ નહીં જાયે. સંયોગ બદલ નહીં જાયે ઇસકે ભય મેં..

પૂજ્ય ભાઈશ્રી :– ભય ભી રહતા હૈ. પ્રાયઃ તો ભય હી રહતા હૈ. ક્યોંકિ દેખતા હૈ દૂસરે કો કિ આજ યહ ગયા, કલ વહ ગયા. રોજ (પેપર મેં) મરણ નોંધ– મૃત્યુ નોંધ તો આતી હૈ. ઉસે જાના નહીં હૈ, ઉસે અનુકૂલતા ઇતની અચ્છી હો ગઈ હૈ કિ બસ, મૈં તો શાશ્વત યહીં રહ જાઉં, યે ઇસકા અભિપ્રાય હૈ, યે ઉસકી ભાવના હૈ. ઔર યહ ભાવના મેં કભી-ભી એકસાથ છૂટને કા અવસર આ જાયેગા, યહ બાત તો પ્રત્યક્ષ દેખને મેં આતી હૈ તો ઇસકા ભય ઉસે લગતા હૈ. ઇસકા ભય ઉસે લગતા હૈ, બહુત લગતા હૈ. તો વર્તમાન અનુકૂલતા કી શાતા કો વેદન કે બજાય વહ ભય કો વેદતા હૈ કિ કબ ક્યા હોગા ? ઉનકા ભી ઐસા હી હુઆ.

એના ભાઈનો દીકરો 'અમેરિકા'થી આવતો હતો તો બેય ભાઈઓ–એ અને એનો ભાઈ બંને Receive કરવા Air port ગયા હતા. Air port થી પાછા આવતા હતા. એમાં વાંદરા જંક્શન ઉપર હાઈ-વે છે ત્યાંથી ટર્ન લેતા હતા એટલે ગાડી સાવ Slow કરેલી. કેમ કે ટર્ન લેવામાં તો ગાડી Slow કરવી પડે ને ? પાછળ જે વી.ટી. રોડ છે ત્યાંથી એક મારંમાર ટેક્સી આવતી હતી. એ તો કોઈ પાછળ પોલીસ પડી હશે, ટેક્સી હશે એની પાછળ પોલીસ પડી હશે. ટેક્સીમાં કોઈ ભાગતો માણસ

હતો. આને Turn લેવો અને ઓલાને ત્યાંથી પસાર થવું. સીધો ઉડાડી દીધો. Accident ઓચિંતાનું. એનો Accudebt ન માન્યો (હોય) એનો .. થઈ જાય.

મુમુક્ષુ :- મરી ગયા ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં ન મર્યા. Hospitalise કર્યા હતા. ઓપરેશન કર્યા હતા. ઓપરેશનમાં કાંઈક ઠીક પણ થયું હતું, પણ પછી હોસ્પિટલમાં ને હોસ્પિટલમાં થોડા દિવસમાં ચાલ્યા ગયા. પણ કારણ એ Accident હતું. ઓપરેશન પહેલા મર્યા નહિ એટલે ઓપરેશન Success ગયું એમ કહીએ. પણ બ્રેઈનનું ઓપરેશન હશે. ક્યાં શું રહી ગયું હોય શું ખબર પડે. માથામાં ઇજાઓ થઈ હતી.

કહેવાનો મતલબ શું છે ? કે એ ભય તો નિયમથી હોય છે. કેમ કે શાશ્વત એવું જે આત્મતત્ત્વ એની પ્રતીતિ ન આવે કે હું શાશ્વત છું એવો વિશ્વાસ અંદરમાં જામેલો ન હોય તો એને જે અનિત્યતાનો ભય છે એ તો કાળજામાં ઉંદર બેઠો બેઠો કાળજું કાપતો હોય ને રોજ, એવી વેદના હોય છે. એ વેદનામાંથી એ છૂટી નથી શકતો. એ તો-અંતરદાહ તો ચાલુ જ હોય છે. આ તો જ્ઞાનીઓએ જે વાત કરી છે એ તો એકદમ સંસારી જીવની નાડ પકડીને રોગને બતાવ્યો છે કે કેવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- દેવગતિમાં જ્યારે અંતરદાહની વાત કરે છે જ્ઞાનીઓ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અહીં તો કાંઈ નથી સંપત્તિ. દેવગતિમાં આથી વધારે અંતરદાહ છે. અહીંથી શુભકર્મના ફળમાં દેવગતિમાં જાય છે. અને એમાં પણ છેલ્લા છ મહિને એને તો ખબર પડે છે. જેમ અહીંયાં કેન્સર થાય અને ખબર પડી જાય કે હવે નહીં જીવે. એમ છેલ્લા છ મહિનામાં વગર રોગે ખબર પડી જાય છે. એ છ મહિના એ જે પસાર કરે છે (એના ફળમાં) એકેન્દ્રિયમાં ચાલ્યો જાય છે. એટલા પરિણામ બગાડે છે કે એકેન્દ્રિયમાં ચાલ્યો જાય. એવી ખરાબ પરિસ્થિતિ છે.

દેવમાં સમ્યગ્દૃષ્ટિ દેવ છે અને મિથ્યાદૃષ્ટિ દેવ છે. સમ્યગ્દૃષ્ટિ દેવને ખબર પડે છે છ મહિના પહેલા કે હવે અહીંયાં છ મહિના જ રહેવાનું છે. મિથ્યાદૃષ્ટિ દેવને પણ ખબર પડે છે કે હવે મારા છ જ મહિના છે. મિથ્યાદૃષ્ટિ જુરી જુરીને મરે છે. એને જે છ મહિના કાઢવા એ તો એ માનો કે ફાંસીએ લટકાડ્યો હોય અને જે રીતે એના પરિણામ, બગડે એવી જ રીતે છ મહિના સુધી પરિણામ બગાડે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિના પરિણામ એ પોતે ખુશી થાય છે. આ જેટલો દુઃખી થાય છે એટલો

જ એ ખુશી થાય છે, રાજી થાય છે કે હું મનુષ્યભવમાં જઈશ. મારી આરાધના કરવાનો સમય મારો નજીક આવી ગયો છે. મારી આરાધનામાં આગળ વધવાનો મારો સમય નજીક આવ્યો છે. અવધિજ્ઞાનથી જુએ છે હું ક્યાં જઈશ ? અને પેલો પણ અવધિજ્ઞાનથી જુએ છે હું ક્યાં જઈશ ? ઓલાને દેખાય છે કે મારી આ ખરાબ હાલત છે. મારી હાલત કેટલી ખરાબ છે એ એને Advance માં દેખાય છે. એટલે એનો ત્રાસ, જોઈ ન શકાય એટલો ત્રાસ થાય છે. પેલાને ખ્યાલ છે કે હું મનુષ્ય થઈશ. મારી આરાધનામાં વિકાસ પામીશ. અને મારી સ્વરૂપ સ્થિરતામાં હું આગળ વધી જઈશ. અહીંની લપમાંથી છૂટીશ. દેવને યોગ્ય જે કાંઈ અનુકૂળતાઓ છે એ બધી માથાકૂટમાંથી છૂટી જઈશ. એટલે તો દેવાનુપ્રિય કહે છે. મનુષ્ય(ગતિને) દેવાનુપ્રિય ગતિ કહે છે. દેવોને પણ અનુપ્રિય ગતિ છે. ક્યા દેવોને ? સમ્યગ્દષ્ટિ દેવોને અનુપ્રિય એવો મનુષ્યનો ભવ છે.

મુમુક્ષુ :– મિથ્યાદષ્ટિ જીવ દેવ હૈ વહ આખીર કે છ મહિને કે સમય મેં ઇતને અંતરદાહ મેં જલતે હૈં, ઉસકે ખુદ કે ...

પૂજ્ય ભાઈશ્રી :– રસ બહુત લિયા હૈ, રસ બહુત લિયા હૈ. જો ભી ઇનકે સંયોગ હૈ ઉસમેં રસ બહુત લિયા હૈ ઔર ઇનસે જો અધિક પુણ્યવાન હૈં, ઉસકી ઇર્ષ્યા–જલન ભી ઉસે બહુત હુઈ હૈ. ઇસલિયે ભી વહ દુઃખી હુઆ હૈ. ઐસી બાત હૈ. માને ઔપાધિક ભાવ મેં સુખ કહાં સે ? જો ભી જીવ કો સંયોગ હોવે, ચાહે મનુષ્ય કા, ચાહે દેવગતિ કા, ઔપાધિક ભાવ મેં ઉપાધિ હૈ, ઉપાધિ તો સ્વયં આકુલતારૂપ હૈ. ઉસમેં સુખ કહાં ? શાંતિ કહાં ? એકાંત દુઃખરૂપ હૈ.

એટલે બહારમાં કાંઈક શાતાનો અધિક અનુભવ જણાતો હોય છે તો પણ વસ્તુતાએ ત્યાં અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. **'પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતાં નથી,...'** એટલે કે તીર્થંકરની દિવ્યધ્વનિ, પૂર્ણજ્ઞાની તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં પણ જીવને જે છેલ્લી હદની અશાતા થાય છે એ અશાતાનું વર્ણન કરવા સમર્થ નથી–નિગોદના, નારકીના જીવોને, કહી શકાતા નથી, થોડા દર્શાવાય છે થોડા શબ્દોમાં પણ ખરેખર પૂરેપૂરા કહી શકવાનો વચનયોગ નથી. વાણીમાં સામર્થ્ય નથી.

**'તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે,...'** આ જીવે અનંત વાર

ભોગવી છે. એવી અનંત અશાતા પણ આ જીવે ભોગવી છે, **'અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે...'** એવી અશાતામાં પડે એવા કર્મ બંધાય એ રૂપ ભાવ તે કારણ છે. એનો નાશ કરવામાં ન આવે એટલે માઠા ભાવોનો **'નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે,...'** એ સારી રીતે નક્કી થયેલી વાત છે. એનું કારણ શું છે ? જીવ પ્રાયઃ અધોગતિમાં જ જાય છે. આ ચકલા અને કબુતર તો ભોળા પ્રાણી દેખાય છે ને ? કાગડા અને બીજા પ્રાણીઓ કરતાં ભોળા પ્રાણી દેખાય છે. જીવ-જીવાતને ખાય છે. ઇયળ પડી હોય તો ચકલી ઉપાડી જાય છે ઘરમાં આવીને. અનાજમાં જે જીવાત છે એ જો બહાર ચાલી ગઈ હોય તો ચકલા લઈને ઉપાડી જાય. કબુતર ખાઈ જાય. કબૂતર પણ નાના જીવ-જીવાત ખાય. છે સાવ ભોળા પ્રાણી. પણ એ પોતે વિવેક ચૂકીને તિર્યંચગતિમાં ગયા છે. તિર્યંચગતિમાં વિવેક નથી કે આનાથી હવે શું થાય ? આમ કરું તો મને શું થાય ? એ એને ખબર નથી. એ જ તારું ખરાબ છે. એ રીતે અધોગતિમાં જતા રહે. એવા અજાણપણે પરિણામ થાય કે ઉતરોત્તર અધોગતિમાં જીવ ચાલ્યો જાય છે.

એટલે એવી અશાતા **'ભોગવવી પડે એ સુનિશ્ચિત છે. એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા...'** અંતરદાહરૂપ શાતા. કેવી શાતા ? બહારમાં લોકો એને સુખી જુએ છે. નહિ, **'તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા,...'** વિચારવાન પુરુષોને એમ થયું કે આનો રસ્તો કાઢવો જોઈએ. અનુકૂળતામાં પણ દુઃખી થવાનું અને પ્રતિકૂળતામાં પણ દુઃખી થવાનું ? આનો કાંઈક રસ્તો કાઢવો જોઈએ. આમ એકાંતે બસ જગતમાં દુઃખી જ થવાનું ? સંસારમાં બસ દુઃખી જ થયા કરવાનું ? અનુકૂળતા આવે તો દુઃખી થવાનો રસ્તો. પ્રતિકૂળતામાં તો પ્રત્યક્ષ દુઃખ જોયા છે પણ અનુકૂળતામાં પણ દુઃખી થવાનું ? આનો કાંઈક રસ્તો કાઢવો જોઈએ તો એ રસ્તો-માર્ગ ગવેષવા તત્પર થયા. અને તે માર્ગ ગવેષી એટલે શોધી કાઢ્યો એમણે, **'પ્રતીત કરી'** અને શોધ્યો ત્યારે વિશ્વાસ આવ્યો અને તેને યથા યોગ્યપણે આરાધીને એણે શોધ્યો માર્ગને. વિશ્વાસ કર્યો, એની આરાધના કરી.

**'આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વાભાવરૂપ પરમપદમાં લીન થયા.'** એ જે વિચારવાન પુરુષો છે તે અવ્યાબાધ અને અનંત

સુખસ્વરૂપ એવા આત્મામાં લીન થયા, એમાં ડૂબ્યા. સહજ શુદ્ધ સ્વભાવ છે એ અનંત સુખમય એવું જે પોતાનું પરમપદ છે એ પરમપદની અંદર લીન થયા. આ એમણે રસ્તો શોધી કઢ્યો, એની પ્રતીત કરી અને એની આરાધના કરી લીધી. હવેનો પેરેગ્રાફ પણ બહુ સરસ લીધો છે.

કે **'શાતા-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાના મૂળ કારણોને ગવેષતા એવા...'** એટલે મૂળમાં જવામાં, મૂળ કારણ કે ભાઈ ! આ છે શું ? શાતા-અશાતાનું ચક્કર મટતું નથી **'એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી...'** જુઓ ! લોકો જે અશાતામાં દુઃખી થાય છે એ અશાતામાં એ લોકોને દુઃખ નહોતું થતું એ એક વિલક્ષણ વાત છે, આખા જગતથી જુદી વાત છે. કે **'શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગૃત થતું,...'** આત્માને વિષે એ વધારે જાગૃતિમાં આવતા. (માત્ર) જાગૃતિમાં આવતા નહિ (પરંતું વીર્ય) ઉલ્લાસ પામતું. મૃત્યુ મહોત્સવ કહ્યો. સ્વામી 'સંમતભદ્રાચાર્ય' 'રત્નકરંડ શ્રાવકાચાર'માં એમ કહે છે કે મૃત્યુ નજીક આવ્યો એનો ખ્યાલ આવ્યો તો કહે છે, આ તો મહોત્વસનો કાળ છે. આ કાળે તો વધારેમાં વધારે પુરુષાર્થ થશે મારો, બસ, હું આની જ રાહ જોતો હતો. ઉલ્લાસ પામે એ તો. ઉલ્લાસિત પરિણામે રાહ જોતા હોય ને એ ચીજ આવી જાય તો ઉલ્લાસ થાય એમ એ એના ઉલ્લાસિત પરિણામ છે.

**'વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.'** આ એક સાનંદઆશ્ચર્યકારક વૃત્તિ છે મહાનપુરુષોની કે જેમાં બીજા જીવો દુઃખી થઈ જાય છે તે કાળે તેઓ વિશેષ જાગૃત થઈ, ઉલ્લાસ પામીને અધિક કલ્યાણ કરી લે છે. એ વખતે જે નિર્જરા કરે છે એ ઘણા લાંબા કાળે નિર્જરા ન કરે એ બહુ અલ્પ કાળમાં કરી લે છે.

'કૃપાળુદેવ'ના આખા જીવનમાંથી કોઈ વિશેષ મુદ્દો ઉપસીને બહાર આવતો હોય તો આ છે. એક જગ્યાએ પોતે એમ કહે છે ૨૬મા વર્ષમાં કે ત્યાગ કરવો હોય તો હમણાં છોડીને ચાલી નીકળીએ. આ દુકાન, ધંધો, વેપાર અને કુટુંબ એનો ત્યાગ કરવો હોય તો હમણાં છોડીને ચાલી નીકળીએ ને અમને કાંઈ અસર ન થાય. છતાં એ બધામાં વચ્ચે રહીને જે આરાધના કરી છે એમણે પોતે, એ એમણે જબરદસ્ત

નિર્જરા કરી છે. જ્યારે ઉદય એમ દેખાય છે કે આ પરિસ્થિતિ હમણાં મટે એવું નથી અને મારા જ પૂર્વે નિબંધન કરેલા કર્મનો ઉદય આવે છે તો હવે એ જ ઉદયને ભોગવતી વખતે એટલી બધી નિર્જરામાં પોતે આવે છે કે નિવૃત્તિમાં એટલી નિર્જરા ન થઈ શકે એટલી પ્રવૃત્તિમાં નિર્જરા કરી જાય છે પોતે. આ એક એમની અંતરંગ પરિણતિમાંથી બહુ સ્પષ્ટ થતી વાત છે. ઘણી સ્પષ્ટ વાત થાય છે. બધું આ ડાયરીમાંથી તૈયાર થયેલું એમાંથી એ વાત નીકળશે.

મુમુક્ષુ :- ૩૭૭.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૭૭ ? પાનું ૩૩૩.

**'આત્માને વિષે વર્તે છે એવા જ્ઞાનીપુરુષો સહજપ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્તે છે. વાસ્તવ્ય તો એમ છે કે જે કાળે જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થયું તે જ કાળે જ્ઞાની મુક્ત છે. દેહાદિને વિષે અપ્રતિબદ્ધ છે. સુખ દુઃખ હર્ષ શોકાદિને વિષે અપ્રતિબદ્ધ છે એવા જે જ્ઞાની તેને કોઈ આશ્રય કે આલંબન નથી. ધીરજ પ્રાપ્ત થવા 'ઈશ્વરેચ્છાદિ' ભાવના તેને થવી યોગ્ય નથી. ભક્તિમાનને જે કંઈ...'** જે બીજા વ્યક્તિનું અવલંબન લે છે એની જરૂર નથી. **'ભક્તિમાનને જે કંઈ પ્રાપ્ત થાય છે, તેમાં કોઈ ક્લેશના પ્રકાર દેખી, તટસ્થ ધીરજ રહેવા તે ભાવના કોઈ પ્રકારે યોગ્ય છે.'** આમાં સામાન્ય ભક્તોને.. **'જ્ઞાનીને 'પ્રારબ્ધ' 'ઈશ્વરેચ્છાદિક' બધા પ્રકારો એક જ ભાવના, સરખા ભાવના છે. તેને શાતા અશાતામાં કંઈ કોઈ પ્રકારે રાગદ્વેષાદિ કારણ નથી. તે બન્નેમાં ઉદાસીન છે. જે ઉદાસીન છે, તે મૂળ સ્વરૂપે નિરાલંબન છે.'** ઉદાસીન છે એ મૂળ સ્વરૂપે એમાં આલંબન નથી લેતા. **'નિરાલંબન એવું તેનું ઉદાસપણું એ ઈશ્વરેચ્છાથી પણ બળવાન જાણીએ છીએ.'** જે યુક્તિ લે છે ને ? એનાથી બળવાન કારણ છે.

મુમુક્ષુ :- ૩૭૭માં Reference ૯૧૩નો છે. ૩૭૭માં આ પેરેગ્રાફમાં ૯૧૩ નો Reference છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર, શાતા અશાતાની વાત કરી. બંનેમાં ઉદાસીન છે. એમ છે.

પછી **'કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતાં, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.'** જ્ઞાનીઓ કોઈ વખત ઔષધ લે છે, દેખાય છે. પણ ખરેખર

તો પરમ ઉપશમ છે એ એમનું ઔષધ છે, દવા લેવી એ એમનું ઔષધ નથી. હવે જે વાત કરી છે એ વિધિની વાત કરી છે. જુઓ ! ઉપયોગથી ઉપાડી છે વાતને.

**'ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન...'** આ પહેલો મુદ્દો લેવો છે. કેવી રીતે ભેદજ્ઞાન કરે છે ? કે **'ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્મા...'** ઉપયોગ તો ખાલી જે સનાતન સ્ફુરિત એવો આત્મા છે એને પકડવાનું એક ચિહ્ન છે, લક્ષણ છે. અહીંયાં તેજ દેખાય છે માટે હીરો અહીંયાં છે. હીરો ખોવાઈ ગયો છે પણ ઓલા ખુણામાં કાંઈ ચમક ચમક થાય છે. એ જગ્યાએ હીરો પડ્યો છે. એમ આખો હીરો એ વખતે પકડી લે છે માણસ જ્ઞાનની અંદર.

એમ ઉપયોગ લક્ષણથી સનાતન સ્ફુરિત એવો આત્મા, ત્રિકાળ ઉપયોગમય એવો આત્મા **'એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...'** આ જે ભિન્ન અવલોકન કરવું છે એ આખો પ્રયોગ છે અથવા એ એક પદ્ધતિ છે એ વિધિનો વિષય છે કે ભિન્નપણું કેવી રીતે કરવું ? ઉપયોગ લક્ષણથી જે સ્ફુરિત થાય છે, પોતાનો આત્મા સ્ફુરણામાં આવે છે કે મારો આવો જ્ઞાનમય આત્મા છે. એમાં એકત્વ કરતાં દેહ, તૈજસ અને કાર્મણ ત્રણે પરમાણુ, ત્રણે પરમાણુ લીધા અહીંયાં પહેલા. પુદ્ગલ પરમાણુ, એનાથી મારો આત્મા ચૈતન્યસ્વરૂપી, ઉપયોગમયી મારો આત્મા તદ્દન ભિન્ન છે એવું જ્ઞાનવેદનની અંદર ગ્રહણ કરી લે છે.

મુમુક્ષુ :– દેહ ઉપરાંત તૈજસ અને કાર્મણ શરીર લીધા.

પૂજ્ય ભાઈશ્રી :– દેહ અને તૈજસ અને કાર્મણશરીર પણ લઈ લીધા. એટલે કાર્મણશરીરમાં પ્રારબ્ધ બધું આવી ગયું. ભૂતકાળનું પ્રારબ્ધ પણ આવી ગયું જે ઉદય થઈ ગયું તે અને ભવિષ્યનું પણ આવી ગયું અને તૈજસ શરીરથી પણ પોતાને જુદો લઈ લીધો.

મુમુક્ષુ :– સામાન્યપણે દેહથી...

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણે ત્રણ લઈ લીધા. આખો બહુ પોતે તાત્ત્વિક વિષય લીધો છે ને.

એવી **'ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...'** આ બીજો મુદ્દો લીધો. વેદન પકડ્યું હવે. **'નિરંતર**

**વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી...'** જ્યાં સુધી જ્ઞાનવેદનમાં ન આવે ત્યાં સુધી બહારના પરપદાર્થના વેદનમાં આવી જ જવાનો છે, વેદ્યા વિના રહેવાનો નથી. **'એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે...'** એટલે કષાયની તીવ્રતા-મંદતા બંને પ્રકારના પરિણામ દ્વારા **'તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ,...'** એવા પરિણામની, શુભાશુભ પરિણામની ધારા પ્રત્યે પણ ઉદાસીન થઈને **'દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા...' 'દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે...'** જુઓ ! આ એક સમયના અનિત્ય પરિણામ છે.

**'ચલસ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી...'** આ એક બહુ મુખ્યમાં મુખ્ય જો વાત હોય તો આ છે કે જીવ દેહને ગૌણ કરી શકે છે, શુભાશુભભાવને ગૌણ કરી શકે છે પણ એક સમયના પરિણામના વિષયને ગૌણ કરવા એ દૃષ્ટિનું જ સામર્થ્ય એવું છે કે જેને લઈને એ આખો વિષય છોડી દે છે, પરિણામના વિષયને જ છોડી દે છે. અને જ્યારે જીવ દૃષ્ટિ દ્વારા પરિણામને છોડીને પોતાના ચૈતન્યસ્વરૂપને વિષય કરે છે, દૃષ્ટિમાં લે છે ત્યારે જ જ્ઞાન એક સમયના પરિણામને ગૌણ કરી નાખે છે.

કેટલું ગૌણ કરે છે ? તો કહે છે, આત્યંતિક વિયોગ કરે છે. પરિણામ છૂટવાના નથી. પરિણામ તો એક મૂકીને બીજું થશે, બીજું મટીને ત્રીજું થશે પણ પોતે એમાં હુંપણાનો આત્યંતિક વિયોગ કરે છે. દેહમાં હુંપણું કરતો હતો, બીજા સંયોગોમાં મમત્વ કરતોં હતો કે આ મારું, આ મારું. એ તો ગયું. પછી શુભાશુભ ભાવ મારા, શુભભાવ બાંધુ, શુભભાવ કરું તો બહુ સારા પુણ્ય બંધાય. અશુભભાવ કરું તો મને માઠા કર્મ બંધાય. માટે આ કરવા, આ ન કરવા એ દ્વંદ્વ છોડી દીધું. એક સમયના ક્ષયોપશમ જ્ઞાનાદિની જે પર્યાય છે અથવા શુદ્ધ-અશુદ્ધ કોઈપણ પર્યાય છે એમાં પણ જેણે સર્વથા હુંપણું છોડ્યું એનું નામ એનો આત્યંતિક વિયોગ છે. વસ્તુતાએ વિયોગ નહિ. ભાવમાં હુંપણાનો ત્યાગ તેનું નામ વિયોગ છે.

મુમુક્ષુ :- વર્તમાન ચાલતા જીવના પરિણામની નાડ પકડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે કે વિધિ લઈ લીધી છે. કે કેવી રીતે સ્વરૂપમાં

લીન થાય ? આ જીવ કેવી રીતે સ્વરૂપપ્રાપ્તિ કરે છે ? એ લીધું છે.

જે **'ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,...'** હવે એ આત્યંતિક વિયોગ કરે છે ત્યારે એના દૃષ્ટિ અને જ્ઞાન કેવી રીતે કામ કરે છે ? આ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' આખું જોઈ લેવું. એ કેવા ધોકા મારે છે. અત્યંત વિયોગ કરવો એટલે શું ? કે કેવો નિષેધ જોરથી કરે છે કે જરાય પરિણામનું અવલંબન લેવાનો અવસર ન આવે. એમાં હુંપણું કરવાનો વારો ન આવે. એવો **'સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા...'** કેવો આત્મા છે ? **'પરમ શુદ્ધ ચૈતન્યસ્વભારૂપ પ્રકાશમય તે આત્મા...'** પ્રકાશમય લીધું. ચૈતન્યના પ્રકાશમય, ચૈતન્યના વેદનમય, વેદક સ્વભાવવાળો **'તે આત્મા કર્મયોગથી સકલંક...'** **'તેથી ઉપરામ થઈને–'**શાંત થઈને–ઉપશમ થઈને, પાછો વળીને **'જેમ ઉપશમિત થવાય,...'** આ ઉપશમનો કાલે અર્થ પૂછ્યો હતો ને ? **'ઉપરામ થઈને.'** થાકીને બેસી જાય એટલે ઉપશમ થઈ ગયો. એક કામ કરતાં થાકી ગયો કે હવે મારાથી નહિ થઈ શકે. એ ન થઈ શકે તે ઉપશમભાવ છે. એમ જે કોઈ શુભાશુભ પરિણામ છે એનો જે થાક લાગે છે અને એ થાક લાગતા ઉપરામ થાય છે, વિરામ આવે છે કે હવે હું નહિ કરી શકું, અટકી ગયો. ત્યારે એનો ભાવ ઉપશમ થયેલો કહેવામાં આવે છે.

**'જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે.'** જ્ઞાનમાં એ લક્ષ કરવા યોગ્ય છે, ભાવનામાં એ જ સ્વરૂપની ભાવના કરવા યોગ્ય છે. એ જ સ્વરૂપ પ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી. આત્માર્થી કેવા છે ? કે આવો જે સન્માર્ગ છે એની શોધમાં આવ્યા છે, એને પ્રતીત કરવા ઇચ્છે છે, એના ઉપર વિશ્વાસ કરવા ઇચ્છે છે અને તેવા માર્ગની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે. **'એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ,...'** સર્વજ્ઞદેવ, પરમ વીતરાગસ્વરૂપ દેવ, અરિહંતદેવ **'સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ,...'** કેવા લીધા ? જેની સ્વરૂપમાં નિષ્ઠા છે, જેને કોઈ સ્પૃહા નથી. એવા જે નિર્ગ્રંથ ગુરુ છે. **'પરમદયામૂળ ધર્મવ્યવહાર અને...'** પરમદયામૂળ ધર્મવ્યવહાર એટલે સર્વ જીવો પ્રત્યે જેને કરુણા વરસે છે **'અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર,...'** સત્શાસ્ત્ર કેવા છે ? આનું નામ શાસ્ત્ર

કહેવાય. પરમ શાંતરસ રહસ્યવાક્યમય જેની રચના છે એવા વાક્યોથી જેની રચના છે કે જેમાં નીતરતી શાંતિ છે. એ શાંતરસનું રહસ્ય જેની અંદર મૂકી દીધું છે, એવા જે ગ્રંથો છે તેને **'સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી...'** જ્યાં સુધી આવો માર્ગ પૂરેપૂરો પ્રાપ્ત ન થાય ત્યાં **'સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે.'** ત્યાં સુધી એ દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપાસના કરે છે, **'જે આત્માના કલ્યાણના પરમ કારણે છે.'** આ ત્રણે છે એ **'આત્માના કલ્યાણના પરમ કારણે છે.'**

**'અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.'**

**भीसण नरयगईए, तिरियगईए कुदेवमणुयुगईए;**
**पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव।**

**'ભયંકર નરકગતિમાં, તીર્યંચગતિમાં માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો. માટે હવે તો જિનભાવના ભાવ...'** એમ કહે છે માટે હવે તો જિનભાવના ભાવ. જિનભાવના એટલે (જિન ભગવાન) **'જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના...'** એવી ભાવના ભાવ **'કે જેથી તેવા અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.'**

આ રીતે આ પત્રની અંદર એમણે આખી જે સન્માર્ગની વિધિ છે એ વિધિને (દર્શાવી છે). કેવી રીતે ભેદજ્ઞાન કરવું ? દેહાદિથી, શુભાશુભભાવથી અને એક સમયની પર્યાયથી ત્રણેથી જુદા એવા શુદ્ધ ચૈતન્યમય પોતાના સ્વરૂપમાં લીન થવાની વાત આ એક જ જગ્યાએ ત્રણે વાત આવી ગઈ છે. બીજી વાતો તો આવે છે પણ ચલ પરિણામરૂપ જે પરિણામ ધારા છે, એક સમયની જે ચલ પરિણામરૂપ સ્વભાવ પરિણામરૂપ ધારા છે, ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવો. ધ્રુવ વસ્તુ છે એ ધ્રુવ વસ્તુના અવલંબનમાં ચલ સ્વભાવપણું નથી. ચલ સ્વભાવપણું તો એક સમયના પરિણામને લાગુ પડે છે. ધ્રુવ સ્વભાવમાં ચલપણું નથી, એ તો અવિચલિત સ્વભાવ છે. સદાય અવિચલિત છે. એમાં લીન થાય, એમાં એકત્વ કરે ત્યારે ચલ સ્વભાવમાં હુંપણું મટે. નહિતર અનાદિથી ચલ સ્વભાવરૂપ પરિણામધારામાં જે હુંપણું છે એ હુંપણું એને પોતાના સ્વરૂપથી દૂર રાખશે, ધ્રુવ તત્ત્વથી

દૂર રાખશે. અહીંયાં એ વાત બહુ સ્પષ્ટ નીકળે છે.

મુમુક્ષુ:- ધર્મપુર ક્યોં ગયે હોંગે ? નિવૃત્તિક્ષેત્ર હૈ યા કોઈ ઔર કારણ સે વહા જાના હુઆ ?

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મપુર ૩૧ કી સાલ મેં આયે હૈં. 'ધર્મપુર' કે બહુત પત્ર હૈં. ૯૦૯ છે. ચૈત્ર સુદ ૮ સે ધર્મ કે પત્ર ચાલુ હુએ હૈં. યે ૨૦ દિવસના પત્રો 'ધર્મપુર'માંથી બતાવે છે.

મુમુક્ષુ :- ત્યાં રોકાણા તો વધારે હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- 'ધર્મપુર' 'ખેડા' જિલ્લામાં.

પૂજ્ય ભાઈશ્રી :- 'ધરમપુર' 'ખેડા' જિલ્લામાં છે. 'ધર્મજ' છે, ધર્મપુર છે.

મુમુક્ષુ :- ભાષા બહુ ગૂઢ છે. ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરવો. સ્વરૂપમાં સ્થિર થવાની વાત છે. સ્વરૂપમાં સ્થિર થવાની વાત છે. ધ્રુવ તત્ત્વમાં સ્થિરતા પ્રાપ્ત કરવી.

મુમુક્ષુ :- ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા એ જ્ઞાન ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન તો ખરું પણ એ જ્ઞાનમાં જે વેદવાનો ધર્મ છે એ વેદવાનો ધર્મ જ્યાં સુધી પોતે અબંધ પરિણામે સ્વરૂપને ન વેદે તો એ શુભાશુભ પરિણામને વેદ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ છે. એ જો પોતાના સ્વરૂપને ન વેદે તો પરતત્ત્વને વેદી લેશે કે જેને મિથ્યા કહેવામાં આવે છે, મિથ્યા અનુભવ કહેવામાં આવે છે. મિથ્યાભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ધ્રુવ અંશ કો તો અવેદક સ્વભાવી કહા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- એ અવેદક હો ઉસ દૃષ્ટિ સે (કહા હૈ કિ) ઉસમેં પરિણામ નહિ હૈ. ઉસમેં પરિણામ નહિ હોને સે વેદના તો પરિણામ કા કાર્ય હૈ, તો ઉસી અપેક્ષા સે ઉસે અવેદક કહેં, અજ્ઞાયક ભી કહેં, તો અજ્ઞાયક કહતે હૈં તો ઉસકા મતલબ ઉસમેં જ્ઞાયકશક્તિ નહીં હૈ ઐસા તો નહીં કહ સકતે. ઐસે અવેદક કહતે

ઉસમેં વેદને કી શક્તિ નહીં હૈ ઐસા તો નહીં કહ સકતે. લેકિન ધ્રુવ તત્ત્વ હૈ વહ અજ્ઞાયક હૈ ઔર અવેદક હૈ. ઐસી બાત હૈ. ઔર પરિણામ કી પ્રધાનતા સે વહ જ્ઞાયક હૈ, ઉસે વેદકસ્વભાવી કહેં તો દોનોં બરાબર હૈ. ધ્રુવ કી મુખ્યતા સે આગે 'અ' લગ જાતા હૈ. ઔર પરિણામ કી મુખ્યતા સે ઉસીકો ઐસા કહતે હૈં. દોનોં મેં એક હી બાત બતાની હૈ.

('સોગાનીજી') બાબુજી તો ઉતના લેતે થે, કિ મેરે સ્વરૂપ મેં જ્ઞાન કરના વહ બાત ભી કહાં હૈ, મૈં તો ધ્રુવ હૂં, ધ્રુવ મેં તો પરિણામ હી નહીં હૈ. પરિણામ જો એક સમય કી જ્ઞાન કી પર્યાય હૈ વહ પરિણામરૂપ હૈ, મૈં વહ નહીં. કિસીને પૂછા કિ ક્યા આત્મા નહીં જાનતા હૈ ? જ્ઞાયક નહીં હૈ ? તો કહા, દેખો ! મૈં તો અંધા હૂં. ક્યા કહા ? મૈં તો અંધા હૂં. યે અંધા હૂં, ઇસકા મતલબ ક્યા ? દેખના, જ્ઞાન કરના તો પરિણામ કે Division મેં જાતે હૈ, મેરે Division મેં યહ બાત નહીં. આદમી કો (બાત) બૈઠે નહીં. ઔર ક્યોં કિ 'સોનગઢ' મેં તો 'ગુરુદેવ' જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક કહકર તો ઘૂંટન કરવાયા, ઔર યે કહે કિ મૈં તો અંધા હૂં. કૈસે બૈઠે ? બાત તો ઐસી હી હૈ. ધ્રુવ દેખતા નહીં, ધ્રુવ જાનતા નહીં હૈ. મૈં તો ધ્રુવ હૂં. ઐસી બાત હૈ.

એક સમય કે ચલ પરિણામ કી ઉપાધિ ભી મુજે નહીં ગ્રહણ કરની હૈ તો ફિર દૂસરી કૌન-સી ઉપાધિ મુજે ગ્રહણ કરની હૈ ? યહી નિરૂપાધિક, સર્વાંશ નિરૂપાધિક હોને કા સન્માર્ગ હૈ, યહી સન્માર્ગ હૈ. ઔર તીનોં કાલ કે મહાત્માઓં કા યહી બોધ, યહી શિક્ષા હૈ કિ ઐસા કરો. ઇસલિયે તો ઇસ વિષય તક પહુંચતે નહીં હૈ. ઇતની ગહરાઈ મેં જાના હૈ. પરિણામ મેં હી સબ ખેલ ચલતા હૈ. પરિણામ મેં વેદન હૈ, તો જહાં વેદન હોતા હૈ વહાં કી મુખ્યતા છોડે કૈસે ? વેદન તો પરિણામ મેં હોતા હૈ. ઉસકી મુખ્યતા કૈસે છૂટે ? એ દૃષ્ટિ મેં જો સ્વરૂપ આતા હૈ તભી સબ બાત બરાબર સમ્યક્રૂપ સે રહતી હૈ. વરના તો પરિણામ કી સન્મુખતા છોડના યહ બહુત કઠિન ચીજ હૈ. ઇતની આસાન ચીજ નહીં હૈ કિ પરિણામ કી સન્મુખતા જીવ છોડ સકે.

સારા ઉપદેશ, સારા વિધિ-વિધાન સભી પરિણામ વિષયક હૈ. ઉસી પરિણામ કા બિલકૂલ આલંબન છૂડાના હૈ, આત્યંતિક વિયોગ કરના હૈ. યહ બાત હી સીધી ઊલટી-સૂલટી લગતી હૈ. કઈ લોગ તો શુષ્ક હો જાતે હૈં. ધ્રુવ તત્ત્વ દૃષ્ટિ મેં નહીં આતા ઔર પરિણામ કા વિષય તો સારા છોડ દેના હૈ. યહ બાત પકડ લી કિ

પરિણામ કા વિષય હી હમેં તો છોડના હૈ. પરિણામ તો છૂટેંગે નહીં.

અનંત કાલ અનાદિઅનંત ધ્રુવ રહેગા, અનાદિઅનંત પરિણામ ભી રહેંગે. અબ તો બાત હૈ કિ તેરી દૃષ્ટિ કહાં રખની હૈ ? અહંપના કહાં સ્થાપિત કરના હૈ ? ઉતની સી બાત હૈ. ચીજ ચલી જાનેવાલી નહીં હૈ. દોનોં ચીજ રહનેવાલી હૈં. પરિણામ બદલતે રહેંગે, ધ્રુવ બિના બદલા વૈસા કે વૈસા રહ જાયેગા. અહંપના કહાં કરના હૈ ? અગર પરિણામ કે ચક્કર મેં માથા દે દિયા તો માથા ફૂટતા હી રહેગા. યહ બાત હૈ. વહ તો ચક્કર ચલતા હૈ. બદલતા, બદલતા, બદલતા. મૈં યહાં હૂં, (ઉસમેં) માથા ફૂટા જાયેગા. ઇસલિયે ઇસકા આત્યંતિક વિયોગ ઐસે શબ્દ લે લિયે.

મુમુક્ષુ :- આત્યંતિક વિયોગ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- આત્યંતિક વિયોગ એટલે અત્યંતપણે એમાં અહંપણુ છોડી દેવું એમ લેવું છે. બિલકુલ એમાં અહંપણુ નહિ કરવું. પરિણામની પ્રધાનતાથી, પરિણામના વિષયની પ્રધાનતા સુધી ચાલ્યુ જવું પડે છે. કેમ કે જ્ઞાન એક પરિણામ છે અને જ્ઞાનનો વિષય અનેક જ્ઞેયો છે. તો અનેક જ્ઞેય પ્રત્યે કેમ જીવ આકર્ષિત થાય છે ? જે પદાર્થો જણાય છે એના ઉપર કેમ આસક્તિ અને આકર્ષિત થઈ જાય છે ? કે જ્ઞાનની પ્રધાનતા છે, પરિણામની પ્રધાનતા છે માટે. જો ધ્રુવની પ્રધાનતા હોય તો બધું ગૌણ થઈ જાય. જ્ઞાનનો પર્યાય પણ ગૌણ થાય અને જ્ઞાનમાં જે જ્ઞેય જણાય છે એ પણ ગૌણ થઈ જાય છે. બંને ગૌણ થઈ જાય, એમ લેવું છે.

મુમુક્ષુ :- આત્યંતિક વિયોગ વિમુખ કે અર્થ મેં હૈ. આત્યંતિક વિમુખ હો જાયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, આત્યંતિક વિમુખ હો જાના.

મુમુક્ષુ :- વિયોગમેં યહ હૈ કિ જૈસે દૃષ્ટિ ઉસ સત્તા કો સ્વીકાર હી નહીં કરતી. પરિણામ કી સત્તા કો સ્વીકાર નહીં કરતી, ઇસલિયે વિયોગ શબ્દ લિયા.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ઉસમેં Force હૈ, ઉસમેં Force હૈ. દ્રવ્યદૃષ્ટિ કી સભી બાતમેં ઐસા હી Force આયેગા કિ પરિણામ કા ક્ષેત્ર મેરે સે ભિન્ન હૈ. ઐસા ક્યોં આતા હૈ ? કિ સત્તા નહીં સ્વીકાર કરની હૈ. લોગોં કો તો યહ લગતા હૈ કિ ઇસમેં તો દ્રવ્યાનુયોગ તુટતા હૈ. પરિણામ કા ક્ષેત્ર ઔર આત્મા કા ધ્રુવ કા ક્ષેત્ર અલગ કૈસે હો સકતા હૈ ? યહ તો જાનતે હે. કહનેવાલે યહ નહીં જાનતે ઐસી બાત નહીં હૈ. લેકિન સત્તા મેં અહંપના આતા હૈ. ક્ષેત્ર હૈ વહ સત્તા કી-અસ્તિત્વ

ગુણ કી પર્યાય હૈ. ઉસમેં અહંપના કરતાં હૈ. ઔર અહંપના તો છુડાના હૈ. ઇસલિયે કહતે હૈં કિ મેરા ક્ષેત્ર નહીં હૈ. ઐસી બાત હૈ.

'વનમાળીદાસભાઈ'ને પત્ર લખ્યો છે પણ ભારે અંતર ઠાલવ્યું છે. અંતરંગ ઠાલવ્યું છે. પરિશિષ્ટમાં એ જોવા યોગ્ય છે કે 'વનમાળીદાસ' ઉપર બીજા કોઈ પત્રો છે કે નહિ ? 'વનમાળીદાસ'નો પત્ર જુઓ અને 'વનમાળીદાસ' ઉપર બીજા કોઈ પત્રો છે કે નહિ ? એ આમાંથી જોઈ લઈએ.

મુમુક્ષુ :- પત્રાંક ચૈત્ર વદી ચોથ, ગુરુવાર, ૧૯૫૬

પૂજ્ય ભાઈશ્રી :- ચૈત્ર વદ ૪, ૧૯૫૬. એ તો આપણને પરિશિષ્ટમાંથી જ આપણને મળી જશે. પણ આમનો જે ચૈત્ર વદ ચોથનો પત્ર આપ્યો છે એ મળી જાય તો.

મુમુક્ષુ :- 'ગોધાવી' કરીને ગામ છે 'ગોધાવી'. આ 'વનમાળીભાઈ' 'ગોધાવી'ના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગોધાવીના છે. 'વનમાળીદાસ ઉમેદરામ ગોધાવી'.

સર્વ પરિણામ ઉપર ઉપર તરે છે 'સમયસાર'માં આવે છે. 'उपरि तरन्ती'. શુભાશુભભાવ ઉપર ઉપર તરે છે. અંતરમાં કેટલા ઊંડાણમાં જાય એ વિષય અહીંથી સ્પષ્ટ થાય છે. દેહથી, તૈજસ શરીરથી, કાર્મણ શરીરથી, શુભાશુભભાવથી અને એક સમયના પરિણામથી. આ બધું ઉપર છે. ધ્રુવ તત્ત્વ અંદરમાં છે, અંતરમાં છે. એનો આશ્રય કરતાં સન્માર્ગ છે, એનો આશ્રય કરતાં દુઃખમુક્તિ છે અને નહિતર એકાંતે દુઃખ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ કેવી રીતે એનો પ્રયોગ કરતોં હશે ? .... સમજાય છે, રાગાદિ વિભાવ પરિણામથી સમજાય છે. તો આ રાગાદિ પરિણામ છે એ તો એક સમયની પર્યાય છે .. અવસ્થા છે. આ પણ સમજાય છે. સમજાય છે એટલે પકડાતી નથી પણ બુદ્ધિમાં વિચારમાં આવે છે. અહીંથી આગળ જવું છે. તો પછી એક સમયની પર્યાય અહીંયાં શું કહેવાનું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એક સમયના ભલે સ્થૂળ પરિણામ ન ખ્યાલ આવે કે હું જાણું છું. ભલે અસંખ્ય સમયનો ઉપયોગ છે પણ એની મુખ્યતા પણ છોડવાની છે.

મુમુક્ષુ :- આ જાણનરૂપ જે પર્યાય થાય છે એની મુખ્યતા છોડવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- એની પણ મુખ્યતા છોડવાની છે. શુભાશુભભાવની તો મુખ્યતા છોડવાની છે જ પણ જે જાણવું છે એ જ્ઞાનની પર્યાય છે, એની પણ મુખ્યતા છોડવાની છે. પરિણામમાત્રની મુખ્યતા છોડવાની છે.

મુમુક્ષુ :– પણ પકડાય છે એ તો અસંખ્ય સમયનો ઉપયોગ છે આ જ પકડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પરિણામ તો અસંખ્ય સમયમાં પકડાય છે. એક સમયનું પરિણામ છદ્મસ્થને ન પકડાય.

મુમુક્ષુ :– આ ચાલતા ઉપયોગથી હું ભિન્ન છું એમાં એક સમયની આ પર્યાય આવી ગઈ. આ ભેદ પાડી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં સમાવેશ થઈ ગયો.

મુમુક્ષુ :– આખી વિધિ આ પત્રમાં મૂકી છે. પ્રશ્ન ઉપાડ્યો છે...

પૂજ્ય ભાઈશ્રી :– વિધિવિજ્ઞાનમાં આપણે આ તારવેલો છે. ભેદવિજ્ઞાનમાં.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– વાંચનમાં એટલે હજી તો આપણે બાકી છે.

મુમુક્ષુ :– 'રાજકોટ'માં પણ આ બાબતમાં પ્રકાશ નાખ્યો હતો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમના વ્યક્તિત્વ ઉપર વાત ચાલી હતી. 'શ્રીમદ્જી'ના વ્યક્તિત્વ ઉપર.

મુમુક્ષુ :– એક સમયની પર્યાયથી ભિન્નવાળી વાત આ એક જ પત્રમાં છે, બીજે ક્યાંય સ્પષ્ટ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ આટલી સ્પષ્ટ વાત નથી. આટલો તાત્વિક વિષય બીજે ક્યાંય નથી.

મુમુક્ષુ :– નહિતર 'સોભાગભાઈ'ની જે પત્રોની ઢબ છે, એ ઢબમાં અને આ ઢબમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :– ફેર છે. 'સોભાગભાઈ' ગૃહિત (મિથ્યાત્વમાં) હતા. એટલે તો કહ્યું છે કે આ વ્યક્તિના પત્ર વાંચવા જેવા છે. તમને ઓચિંતી અશાતા થઈ છે. શાંત સ્વભાવથી તમે વેદો છો. અમને સંતોષ છે. તમારી વાત સાંભળીને અમને સંતોષ છે. એટલે એવી યોગ્ય વ્યક્તિ છે. એના ઉપર પોતે આટલા વિચારો વ્યક્ત કર્યા છે. કલમ ચાલી છે, ૩૩મા વર્ષે આટલી કલમ ચાલી છે. આ ચૈત્ર વદ ૪, ૧૯૫૬. એક, બરાબર એક વર્ષ બાકી છે. ચૈત્ર વદ પાંચ ૧૯૫૭ દેહ છોડ્યો છે. એક વર્ષ. પોતાના આયુષ્યનું બરાબર એક વર્ષ બાકી છે, આ પત્ર લખ્યો ત્યારથી.

નોંધ :– પ્રવચન નં. ૧૭૪ માં અવાજ ખરાબ હોવાથી પ્રકાશિત કરવામાં આવેલ નથી.

## તા. ૧૦-૭-૧૯૯૦, પત્રાંક – ૪૬૫
## પ્રવચન નં. ૧૭૫

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૬૫. પાનું ૩૮૧. શ્રી 'સોભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે.

**'પરમસ્નેહી શ્રી સોભાગ, અત્રે કુશળક્ષેમ સમાધિ છે. થોડા દિવસ માટે મુક્ત થવાનો જે વિચાર સૂઝ્યો હતો, તે હજુ તેના તે સ્વરૂપમાં છે.'** મુક્ત થવાનો એટલે નિવૃત્તિ માટે. થોડા દિવસ માટે વ્યવસાયથી નિવૃત્ત થઈને પોતાની આરાધનાની પ્રવૃત્તિ અર્થે નિવૃત્તિ ક્ષેત્રમાં જવાનો વિચાર હતો એમાં કાંઈ પ્રગતિ થઈ નથી. તેના તે સ્વરૂપમાં છે એટલે હજી કાઈ નિર્ણય નથી થયો. અહીંયાં જવું, ક્યારે જવું ? ક્યા ક્ષેત્રમાં જવું ? કેટલા દિવસ માટે જવું ? **'તેથી વિશેષ પરિણામ પામ્યો નથી.'** આગળ વિશેષ કોઈ એનો નિર્ણય થયો નથી. **'એટલે ક્યારે અહીંથી છૂટા થવું અને ક્યા ક્ષેત્રે જઈ સ્થિતિ કરવી, તે વિચાર હજુ સુધી સૂઝી શક્યો નથી.'**

**'વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ ઘણું કરી રહ્યા કરે છે.'** વિચાર સૂઝ્યો નથી, સૂઝી શક્યો નથી. એ જ પરિણામની સહજ સ્થિતિ બતાવે છે. **'વિચારના પરિણામની સ્વાભાવિક પરિણતિ...'** એટલે સહજ પરિણતિ. કોઈ વાતમાં કર્તૃત્વનો પ્રકાર ઊભો થતો નથી. સહેજે વિકલ્પ ઊઠે છે, જાણી લઈએ છીએ. થવા યોગ્ય હોય તે કાર્ય થાય છે. ન થવા યોગ્ય હોય તે નથી થતું. એમ સહેજે સહેજે જ્ઞાતા-દૃષ્ટા ઉપર જેનું મુખ્ય પરિણમન છે. જ્ઞાતાદૃષ્ટાપણું એ જેનું મુખ્ય પરિણમન છે એને ગૌણપણે જે કાંઈ વિકલ્પ વિચાર આવે છે, એ જાણે છે. બહુ જોર ખાતો નથી. એવો

જે વિકલ્પ છે એ જોર ખાતો નથી. **'તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી.'** સ્પષ્ટતા કરી છે. સહજ સ્વાભાવિક પરિણતિ રહે છે એટલે એમાં એને પ્રેરકપણું થતું નથી. આમ કરું, પછી આમ કરું, આમ કરું, આમ કરું. વિકલ્પ આવી ગયો એના કાળમાં આવી ગયો. એ વિકલ્પનું પ્રેરકપણું એને આગળ ધપાવવું, હજી એને આગળ કરવું, એ કાર્ય ન થાય ત્યાં સુધી આગળ કર્યા કરું એમ પ્રેરકપણું થતું નથી. એ પોતાના સ્વાભાવિક પરિણમનના બંને પડખાં અહીંયા સ્પષ્ટ કર્યા છે. આવું પરિણમન એ જ્ઞાનીનું એક વિલક્ષણ પ્રકારનું પરિણમન છે.

સામાન્ય માણસને વિચાર આવે છે. કોઈ કામ કરવા એ ધારે છે અને જ્યાં સુધી એને એ કામ થતું નથી ત્યાં સુધી એ વિચાર છૂટી શકતો નથી, લંબાયા કરે છે અને એ કાર્ય માટે બીજાને એ પ્રેરણા આપ્યા કરે છે. આમ કરવું જોઈએ... આમ કરવું જોઈએ. પોતાના આત્માને પણ પ્રેરક કરે છે. પ્રેરે છે એમાં. બીજાને અને પોતાને કોઈ કાર્યમાં પ્રેરવા માટે, ધક્કો મારવા માટે એનું બળ જ્ઞાનદશામાં ખલાસ થઈ જાય છે. એ અહીંથી નીકળે છે. એ વિષય અહીંથી સ્પષ્ટ થાય છે.

એટલે એવી કોઈ સ્વાભાવિક પરિણતિ રહ્યા કરે છે. તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી. નિવૃત્તિનો વિચાર આવ્યો છે, વિકલ્પ આવ્યો છે પણ એને પ્રેરક થઈને પોતે આગળ ધપાવતા એવો જે પ્રકાર ધપાવવાનો થવો જોઈએ એવું થઈ શકતું નથી. એવી એ વિષયની એક અશક્તિ ઊભી થઈ છે કે જેથી થઈ શકતું નથી એમ લખે છે. વિચાર સૂઝી શક્યો નથી. કેવી રીતે જવું, ક્યાં જવું, કેટલું જવું એ હજી સૂઝી શક્યું નથી. અને એને પ્રેરકપણું થઈ શક્યું નથી. આવી એક વિલક્ષણતા હોય છે–એ વિલક્ષણતા અને સહજતા કેવી છે ! ભલે વિચાર છે, વિકલ્પ છે તો પણ અકર્તાપણું સાથે હોવાથી અથવા એ વિચાર અને વિકલ્પમાં વિશેષ બળવાનપણું નહિ હોવાથી, એમાં જોર નહિ આવતું હોવાથી એ વાતને પોતે પ્રેરક થઈને લંબાવી શકતા નથી. લંબાવતા નથી. એમ પણ લંબાવી શકતા નથી. એવી અશક્તિ પોતાની લીધી છે. આ એક વિભાવ પરિણામનું પણ એમનું વિલક્ષણપણું છે, તો સ્વભાવ પરિણામમાં તો વિલક્ષણ સ્થિતિ હોય એ સમજાવવાની જરૂર નથી.

વિભાવ પરિણામ તો પોતાને પરિચિત હોવાથી, અનુભૂત હોવાથી એ વિષય ઓછા-વત્તા અંશે સમજી શકાય છે પણ સ્વાભાવિક પરિણામનો પરિચય નહિ હોવાને

લીધે અને એનો અનુભવ પણ નહિ હોવાને લીધે એ વિષય બીજાઓને સમજવો જરા વધારે કઠણ પડે છે.

હવે લખે છે કે **'ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું...'** કેટલા વરસ થયા ? અત્યારે પોણા બે વર્ષ થવા આવ્યા છે. એક વર્ષ ને આઠ મહિના જેવો સમય થયો છે. **'ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું ત્યારથી આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે...'** એ પોણા બે વર્ષના ગાળામાં અનેક પ્રકારના કાર્યની ઉપાધિ સ્વભાવભાવમાં સહન ન થાય એવી છે. નિરૂપાધિક ભાવમાં ઉપાધિ છે એ સહન ન થાય એવી છે. વેદના જેવી છે એટલે વેદવું એમ શબ્દ લીધો છે. એ એક વેદના છે તેથી એને વેદવું એવો શબ્દ લીધો છે. **'ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે અને જો ભગવત્કૃપા ન હોય તો...'** 'સોભાગભાઈ'ને જ આવા શબ્દો વાપરે છે. ભગવત્કૃપા એટલે અમારા આત્માની કૃપા ન હોય તો. અમારો આત્મા એ રીતે પરિણામવાને યોગ્ય ન થયો હોત તો. એવી શક્તિ, એવી યોગ્યતા એવી વિશેષતા ઉત્પન્ન ન થઈ હોત તો. એનું નામ ભગવત્ કૃપા છે.

**'આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય,...'** માથું ધડ ઉપર ન રહે ત્યારે માણસનું મૃત્યુ થાય છે. નીચેનો ભાગ ધડ કહેવાય છે. ડોકથી ઉપરના ભાગને માથું કહે છે, ડોકથી નીચેના ભાગને ધડ કહે છે. જો ધડ ઉપર માથું ન રહે એટલે કે માથું કપાય જાય તો માણસ જીવંત ન રહે. એમ અમને પણ જો ભગવત્કૃપા ન હોત. અમારો પુરુષાર્થ ન હોત તો એમ નથી કહેતા. આ શૈલી છે એમની. ખરેખર તો પોતે શ્રદ્ધાત્મ પરિણતિમાં ટક્યા છે એ પોતાના પુરુષાર્થને કારણે ટક્યા છે. સમ્યગ્દર્શન થવામાં જે પુરુષાર્થ જોઈએ એ પુરુષાર્થથી વિશેષ પુરુષાર્થ, ઘણો વિશેષ પુરુષાર્થ એ જ્ઞાનદશામાં સ્થિર થવા માટે જોઈએ છે, એનાથી વધારે પુરુષાર્થ જોઈએ છે. એવા પુરુષાર્થમાં પોતે સ્થિર રહી શક્યા છે એમ કહેવું છે. પણ મેં પુરુષાર્થ કર્યો એવી વાત પોતાના સ્વમુખેથી નહિ બોલવા માટે ભગવત્ કૃપાને લઈને આમ થાય છે એમ કહે છે.

અન્ય મતિ એમ કહે, ભગવાનની મહેરબાની છે ને એટલે માર્ગથી વિચલિત નથી થયા. ભગવાને અમને આ માર્ગમાં સ્થિર રાખ્યા છે. અહીંયાં એમ કહે છે કે

નિજભગવાને અમને માર્ગમાં સ્થિર રાખી દીધા છે. પડવા નથી દીધા અમને. નહિતર આમાં સ્થિર રહેવું મુશ્કેલ છે. એવા એવા ઉપાધિના કાર્ય આવ્યા છે કે માર્ગમાંથી પડી જતા વાર લાગે નહિ. એવા ચિત્ર-વિચિત્ર પ્રકારના ઉદય આવે છે. એ ઉદય આવવાનું કારણ અજ્ઞાનભાવે બાંધેલા કર્મ છે તેથી ઉદય પણ બીજા અજ્ઞાનીઓને આવે એવા જ આવે છે. બીજા અજ્ઞાનીઓ તીવ્ર કર્મબંધન કરે છે. જ્ઞાની એવા ઉદયના કાળે મુક્ત થાય છે, છૂટા થાય છે. ઉલટાના એ છૂટા થાય છે.

**'જો ભગવત્કૃપા ન હોય તો આ કાળને વિષે...'** આ કાળ લીધો છે. આ કાળે એવા બધા પ્રકાર ઊભા થાય છે. સારા કાળમાં એવા પ્રકાર નથી ઊભા થતા એવા પ્રકાર આ કાળમાં ઊભા થાય છે. એવો દુષમકાળ છે.

મુમુક્ષુ :– સો વર્ષ પહેલાનો ?

પૂજ્ય ભાઈશ્રી :– સો વર્ષ પહેલાનો. અત્યારે તો વાત કહેવાની રહી નથી. એવી પરિસ્થિત છે.

**'તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય એમ થતાં થતાં ઘણી વાર જોયું છે.'** જુઓ ! કેટલું અવલોકન છે ? બારીક અવલોકન છે પોતાનું કે અમારા પરિણામમાં પણ અમને એમ લાગ્યું છે કે અરે...! આટલી બધી ઉપાધિમાં પ્રવેશ કરતાં, આટલા બધા ઉપાધિના કાર્યોમાં પ્રવર્તતાં કાંઈક દશા તો ઊડી નહિ જાય ને ? માથું તો ધડથી જુદું નહિ થાય ને ? અને થતાં થતાં રહી ગયું હોય એમ ઘણી વાર અમે જોયું છે. **'માથું ધડ ઉપર રહેવું કઠણ થાય, એમ થતાં થતાં ઘણી વાર જોયું છે;...'** એમ કોઈવાર પુરુષાર્થના પરિણામમાં બળવાનપણું આવે છે, કોઈવાર પુરુષાર્થના પરિણામમાં નિર્બળતા આવે છે. એમ ક્ષયોપશમ ભાવે વર્તી રહેલો જે પુરુષાર્થ એમાં પણ થોડા ચડઉતરના પરિણામ પોતપોતાની ભૂમિકામાં દરેક સાધકને આવે છે. મુમુક્ષુને પણ આવે છે. કોઈવાર ચડતા પરિણામ હોય, કોઈવાર ઉતરતા પરિણામ હોય. જ્ઞાનદશામાં એ ગુણસ્થાનને યોગ્ય એમાં પણ ચડઉતર પુરુષાર્થના પરિણામ થયા કરે છે. એ વાત લીધી છે અહીંયાં.

એનો સિદ્ધાંત એવો છે. અધ્યાત્મ સિદ્ધાંત છે. કે ઉદયના કાર્યોમાં એ કાર્યોના નિમિત્તે જે વિભાવ પરિણામ થાય તે પરિણામમાં રસ વધે તે ગુણસ્થાન પૂરતો, જ્ઞાનીને અજ્ઞાની જેટલો રસ ન આવે તો પણ જેટલો આવે તેટલો પોતાની મર્યાદામાં રહીને

જો એ વિભાવરસ વધે ત્યારે પુરુષાર્થ મંદ થયો હોય તો જ એમ બને. પુરુષાર્થ જેટલી માત્રામાં મંદતામાં આવે એટલી માત્રામાં વિભાવ પરિણામમાં રસની વિશેષ ઉત્પત્તિ થઈ આવે. તેમાં શુભરસ પણ હોય છે, શુભભાવ પણ હોય છે વિભાવ પરિણામમાં. અને અશુભભાવ પણ (હોય). બંને પ્રકારમાંથી કોઈ પણ ઉદય હોય તો પણ બંનેમાંથી કોઈ પ્રકારના પરિણામમાં રસ લંબાવવા જેવો નથી. એ સિદ્ધાંત એમાંથી ઉત્પન્ન થાય છે.

જેટલો રસ લંબાય એટલી પુરુષાર્થની જ્ઞાનીને પણ જો હાની થતી હોય તો મુમુક્ષુને રસ લંબાય કે જેને હજી પુરુષાર્થ જ ઉત્પન્ન થયો નથી એની શી ગતિ થાય ? આ વિચારવા યોગ્ય વિષય છે. મુમુક્ષુએ તો આના ઉપરથી પોતાનો વિચાર કરવા યોગ્ય છે કે જો જ્ઞાનીને પણ ઉદય કાર્યોમાં શુભાશુભ પરિણામ થતી વખતે રસ લંબાઈ તો તેટલો તે કાળે પુરુષાર્થ હાનિ પામે તો પછી મુમુક્ષુને તીવ્ર રસે કરીને ઉદયના કાર્યો થાય તો એની શી વલે થાય ? કેવી ગતિ થાય પરિણામની ? એ વિચારવા જેવો વિષય છે. એમ કરીને એ વિષયમાં સાવધાની કરવા યોગ્ય છે એમ દર્શાવ્યું છે, જાગૃતિ હોવા યોગ્ય છે એમ દર્શાવ્યું છે.

મુમુક્ષુ :- .... શુભભાવમાં

પૂજ્ય ભાઈશ્રી :- અહીં તો શુભભાવની પણ વાત લીધી છે. શુભ અને અશુભ બંને વિભાવ પરિણામ છે અને બંનેમાંથી કોઈમાં પણ રસ લંબાય એટલે નુકસાન થાય. એકલા અશુભભાવની વાત નથી લીધી. શુભમાં રસ લંબાય કે અશુભમાં રસ લંબાય (એટલે) પુરુષાર્થની હાનિ થાય છે. કેમ કે બંને વિભાવ છે. જાત બંનેની એક જ છે. એમાં કષાયની તીવ્રતા-મંદતાનો તારતમ્ય ભેદ છે, પણ જાતિભેદ નથી કાંઈ. જાત તો એક જ છે.

**'એમ થતાં થતાં ઘણી વાર જોયું છે; અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે.'** જુઓ ! આ સંસારને અને જેણે આત્માને જાણ્યો છે, બેને ક્યાંય એક પાણ મળતી આવે નહિ એવો અમારો નિર્ણય વધારે દૃઢ થયો છે. સંસારનો માર્ગ તદ્દન જુદો અને મોક્ષનો માર્ગ તદ્દન જુદો, એમ કહેવું છે. બેય પરસ્પર વિરુદ્ધ માર્ગ છે એમ કહેવું છે. દિશા જ માર્ગની ઉલટી છે. એક બહિર્મુખ દિશાએ પરિણમતા પરિણામ છે અને

એક અંતર્મુખ દિશામાં પરિણામ પરિણમે છે. આમ ચક્કર ફરે છે પરિણામનું અને એક આમ ફરે છે. બેની દિશા ઉલટી સુલટી છે, ક્યાંય મેળ ખાય એવું નથી. કોઈ મળતી પાણ નહિ એની એમ કહે છે. કાંઈ મેળ નહિ ખાય અમારે. અમારે કોઈની સાથે મેળ ખાય એવું નથી. સંસારીઓમાં, કોઈ સંસારીઓ સાથે મેળ ખાય એવું નથી. આમ છે. એટલે સર્વસંગપરિત્યાગ કરીને નીકળી જાય છે.

નહિતર એવા મહાત્માઓમાં કેટલાક મહાત્માઓ એવા હોય છે કે જેને બહારનો પુણ્યયોગ ઘણો હોય. બધા અનુકૂળ વર્તે. આખુ કુટુંબ અનુકૂળ વર્તે, એના નોકર-ચાકર હોય એ બધા અનુકૂળ વર્તે, સમાજ અનુકૂળ વર્તે, બધા અનુકૂળ વર્તે. તો પણ કોઈની અનુકૂળતા જોઈને એ રોકાઈ જાય કે એ અનુકૂળતામાં પોતાનો રસ લંબાઈ જાય એ જ્ઞાનીના પુરુષાર્થમાં બનતું નથી. જેમ પ્રતિકૂળતામાં રસ ન લંબાય, તેમ જ અનુકૂળતામાં રસ ન લંબાય એવી સાવધાની અને જાગૃતિમાં તે વર્તે છે. અને એથી કરીને એમને વિશેષ ખ્યાલ આવે છે કે આ સંસારની સાથે મળતી પાણ આવે નહિ. એ વાત પ્રસંગે પ્રસંગે વધારે દૃઢ થાય છે અને સ્પષ્ટ થઈ જાય છે.

મુમુક્ષુ :- ભિન્ન આત્મા દેખાય છે. જુદો આત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- જુદો આત્મા પ્રત્યક્ષ દેખાય છે એ પ્રત્યક્ષ વર્તે છે. અનુમાનમાં દેખાય છે એવું નહિ, પ્રત્યક્ષ વર્તે છે. પ્રત્યક્ષ વર્તતો જે ભિન્ન આત્મા અને જે આ ઉદયના પ્રસંગો, બેને ક્યાંય મેળ પડે એવું નથી.

મુમુક્ષુ :- સર્વસંગપરિત્યાગ કરવાનું આ જ કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ જ કારણ છે. સંસારમાં કોઈ એવું દેખાતું નથી કે એની સાથે એને મેળ ખાય, એમ કહે છે. કેમ કે જે રંગરાગમાં રાચનારા સંસારી જીવો છે. શુભાશુભમાં રાચે છે એમ કહો કે રાગમાં રાચે છે એમ કહો. એ જ વિષયમાં પોતે ઉદાસીન થયા છે, પોતે ઉપેક્ષિત થઈ ગયા છે. મુખ ફેરવી લીધું છે, પીઠ દઈ દીધી છે, પાછા વળી ગયા છે ત્યાંથી. કેવી રીતે મેળ ખાય એને ? એને કાંઈ મેળ ખાય એવું નથી.

મુમુક્ષુ :- સમવસરણમાં જીવંત તીર્થંકર બિરાજમાન હોય તો મોઢું ફેરવી લે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર નિર્વિકલ્પ ક્યાંથી થાય ? તીર્થંકર સામે બિરાજમાન છે, એમની દિવ્યધ્વનિ પણ ચાલુ છે અને અનેક ધર્માત્માઓ અંતર્લીન થઈ જાય

છે. સાંભળતા સાંભળતા સાંભળવાનું પણ બંધ થઈ જાય છે અને જોવાનું પણ બંધ થઈ જાય છે. અને એ તીર્થંકરદેવની આજ્ઞા છે. એ જ તીર્થંકરદેવની આજ્ઞા છે. તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં એમ જ આવે છે કે હે જીવો ! તમે તમારા અંતર પરમાત્મપદમાં નિમગ્ન થાઓ... નિમગ્ન થાઓ. એમ જ એમની વાણી છે. હવે નિમગ્ન થવાની આજ્ઞા કરે છે અને આ નિમગ્ન થાય છે. એ આજ્ઞાનું પાલન કરે છે. અને એ જ આજ્ઞાનું સાચું પાલન કરે છે, એમ છે ખરેખર તો.

**'એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતા વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે.'** એવા ઉદય ચિત્ર-વિચિત્ર પ્રકારે આવે કે જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તનારા. કેવા ? એની ઘણી દરકાર, ઘણી જાગૃતિ છે. પોતાના શુદ્ધાત્મપદને વિષે જે ઘણા જાગૃત છે અને જાગૃત થઈને વર્તે છે. એ વર્તતા વર્તતાં પણ એને કદાચ મંદ પરિણામ થાય, પુરુષાર્થમાં ચડ-ઉતર આવી જાય છે, થોડો જોખ ખાઈ જાય છે. એવી આ સંસારના બધા ઉદયોના પ્રકારની આ રચના છે.

**'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય,..'** પડી ન જાય, એમ કહે છે. આત્મજ્ઞાન ન છૂટી જાય. આત્મસ્વરૂપ સંબંધી બોધ થયો છે કે હું એક શુદ્ધ આત્મા છું. બોધસ્વરૂપનો બોધ થયો છે. જ્ઞાનસ્વરૂપી, બોધસ્વરૂપી હું એક આત્મા છું. અને આ આત્મા સદા, સર્વદા, સર્વથા, સર્વત્રપણે સર્વથી ભિન્ન છે એવો જે બોધ થયો છે એ બોધ કાંઈ ચાલી જતો નથી. એ તો 'ગુરુદેવશ્રી' કહેતા કે પર્વત ઉપર વીજળી પડી છે અને પર્વતમાં તીરાડ પડી છે. હવે એ કોઈના રેણ દીધે સંધાય કે વચ્ચે કોઈ ધૂળનો ટોપલો નાખી દે એટલે એ તીરાડ બંધ થઈ જાય કે કોઈ ચૂના-સિમેન્ટથી ચણી લે પર્વતને એટલે બે ભાગ હોય એ એક થઈ જાય એ પરિસ્થિતિ બનતી નથી. એ મિથ્યાત્વના પર્વતમાં સમ્યગ્દર્શનરૂપી વીજળી પડી. વિભાવ અને સ્વભાવ જેણે ભિન્ન કર્યા એ હવે વિભાવમાં સ્વભાવનો ક્યારે પણ ભ્રાંતિ થાય એવી ભૂલ થાય એવું જ્ઞાનીને બનતું નથી, એમ કહેવું છે.

**'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય,...'** એટલે આત્મજ્ઞાન તો નાશ ન પામે. **'તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે.'** એક પ્રકારનું એટલે આગળ વધવામાં વિશેષ

પરિણામ. વિશેષ પરિણામ થવું એટલે ? વિશેષ પ્રગતિ થવી. જે આત્મસ્વરૂપનો બોધ છે એ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ એટલે એ જ્ઞાનની પ્રગતિ થવી, આત્મજ્ઞાનની વિશેષ પ્રગતિ થવી. એ પ્રગતિ થવામાં પ્રગતિ ન થાય એને આવરણ આવ્યું એમ કહે છે. એ પ્રગતિ વિશેષ ન પામે તો એ આવરણ થયું એમ કહે છે. એવું **'એક પ્રકારનું આવરણ થવારૂપ...'** અજ્ઞાનદશામાં આવરણ થાય છે આત્મજ્ઞાનને તે પ્રકારનું નહિ. પણ જે-તે ભૂમિકાને યોગ્ય. ચોથા ગુણસ્થાનમાં મંદતા આવે તો તે ભૂમિકાને યોગ્ય. પંચમ ગુણસ્થાનમાં પણ જે સ્થિતિએ હોય, એમાં અગિયાર પદ લીધા છે, એ ભૂમિકાને યોગ્ય. અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં હોય તો એ ભૂમિકાને યોગ્ય એવી રીતે.

**'એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે. અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ.'** એવા પ્રસંગો પૂરા થયા છે પણ એનો પરિતાપ મટ્યો નથી એમ કહે છે. એનાથી ત્રાસ પામી ગયા છીએ. જે પ્રસંગોમાંથી પસાર થવું પડ્યું છે, જે જે ઉદયના કાર્યો કરવા પડ્યા છે એમાં જોડાવું પડ્યું છે એ પરિશ્રમ થયો છે. એ પરિશ્રમનો થાક હજી ઉતર્યો નથી, એમ કહે છે. હજી એ થાકનો ત્રાસ વર્તે છે, એમ કહેવું છે.

જ્ઞાનીની જ્ઞાનદશા એટલે કે જ્ઞાતા-દૃષ્ટાપણું એ એક નિરુપાધિક ભાવ છે. નિરુપાધિક સ્વભાવને અવલંબીને. નિરુપાધિક સ્વભાવમાં એકત્વ થઈને ઊપજેલો એ નિરુપાધિક ભાવ છે. એ નિરુપાધિક ભાવની જોડે ને જોડે એક અંશ વર્તે છે. પર્યાય અખંડ છે. અખંડ પર્યાયમાં એક બીજો અંશ વર્તે છે. એમાં જે ઉપાધિભાવ ઉત્પન્ન થાય છે એ એમને ત્રાસ છે એમ કહે છે. એ એમને ત્રાસ(રૂપ લાગે) છે. કેમ કે જ્ઞાતાદૃષ્ટાપણું એ એક નેત્ર જેવા પરિણામ છે. નેત્ર જેમ જોવાનું કામ કરે છે એ નેત્ર કાંઈ સુંડલા ભરી ભરીને જેમ મજૂર માથે ઉપાડીને મજૂરી કરે એમ આંખ તરણું પણ ઉપાડી શકે નહિ એવા નેત્ર પાસે સુંડલો ઉપડાવવો એના જેવી વાત છે. એટલે પરિપૂર્ણ નિરુપાધિના ધ્યેય તરફ પ્રગતિ કરતાં અને આગળ વધતાં વચ્ચે ઉપાધિ આવી પડે છે અને પુરુષાર્થ થોડો હીણો થાય છે. જાગૃતિ હોવાથી પોતાને ખ્યાલ આવે છે. એનો ત્રાસ થઈ જાય છે. જ્ઞાનદશામાંથી ચ્યુત નથી થતા. પણ પુરુષાર્થના પરિણામ મંદ પામે એ પોસાતુ નથી.

જો કે દષ્ટિમાં કાંઈ ફેર પડતો નથી. એ ગુણ તો એટલો બધો સ્વતંત્ર થઈને પરિણમે છે કે એના દષ્ટિમાં સમ્યગ્દર્શનના પરિણામમાં કિંચિતમાત્ર ફેર પડતો નથી. એ તો પુરુષાર્થ તીવ્ર થાય ત્યારે પણ એમ જ છે અને પુરુષાર્થ મંદ થાય ત્યારે પણ એમ જ છે. એમાં કોઈ ફેર પડતો નથી. અને એ અનુભવ પોતાને વર્તે છે. પણ ફેર પડે છે એ ક્ષયોપશમ ભાવમાં, જ્ઞાનમાં અને પુરુષાર્થમાં ફેર પડે છે. પુરુષાર્થ મંદપણાને પામે છે ત્યારે જે અંતર અવલંબન છે એની ઉગ્રતામાં થોડો ફેર પડે છે. એટલે જે નિર્વિકલ્પ દશાનો કાળ છે એનો આંતરો, એ આંતરાની અંદર ફરક પડે છે એ આંતરો લંબાય છે અને એ પ્રકાર જે ઊભો થાય છે એને લઈને એમને ત્રાસ થઈ જાય છે. એનો ત્રાસ છે આ.

**'અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમા વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ.'** પ્રભુનું નામ એટલે ? આત્માનું અવલંબન રાખીને સ્થિર રહ્યા છીએ, એમ કહેવું છે. પણ એમની ભાષામાં–'સોભાગભાઈ'ની ભાષામાં વાત કરી છે. મધ્યમા એટલે વચ્ચેની કોઈ જગ્યાએ વિસ્મરણ નથી. અને વાણીમાં પણ ક્યાંય અમારું આત્માનું વિસ્મરણ થતું નથી. એ તો એમની ભાષા જ ફરી ગઈ હતી આખી. આ વખતે 'ઈડર'માં કેટલાક પત્રો વાંચ્યા. કેટલાક અપ્રગટ પત્રો પણ વાંચ્યા. કેટલાક વેપાર સંબંધીના પત્રો પણ વાચ્યાં. લગભગ ૨૦૦-૩૦૦ પત્રો ત્યાં એમના પોતાના હસ્તાક્ષરમાં–Original પ્લાસ્ટિકના પેકિંગમાં રાખેલા છે એ જોયા. એમની ભાષા જ ફરી ગઈ છે. સંસારના કાર્યોમાં પણ જે પત્રો લખે છે એ ભાષા એમની સામાન્ય માણસ જેવી ભાષા નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ના, વેપાર અંગેના પત્રો તો એટલા માટે નથી આવ્યા કે એની અંદર બધું વેપાર સંબંધી લખાણ છે એટલે નહિ લખ્યા (છાપ્યા) હોય. એ ઉપરથી ખ્યાલ આવ્યો કે એમનો 'યુરોપ'ના દેશો સાથે પણ વેપાર હતો. 'ફ્રાન્સ'માં, 'પેરિસ'નું લખાણ છે. 'પેરિસ' કાંઈક નમુના મોકલ્યા છે માલના પોસાણ માટે લખે છે. ત્યાં કોઈક ભાગીદાર ગયો છે તો એમ કે વેપારી વર્તુળોમાં એવી હવા થઈ છે કે આ લોકોએ ત્યાં પણ એક ઓફિસ નાખી છે. બ્રાંચ ખોલી છે 'યુરોપ'માં, 'રંગુન'માં,

'ચીન'માં. 'ચીન' સાથે પણ વ્યાપાર છે. 'યુરોપ' સાથે પણ વ્યાપાર છે. એ સંકેત મળે છે એમાંથી. પણ ભાષા સામાન્ય માણસ કરતાં જુદી છે એમની બધી.

એ શું છે કે એમને જે પોતે વાત લખે છે અત્યારે કે **'હૃદયમાં અને મુખમાં મધ્યમા વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી...'** એટલે કાંઈ વિસ્મરણ કરતાં નથી ક્યાંય. અમારા પરમાત્મપદને અવિસ્મરણીય પરિસ્થિતમાં (રાખીને) જ આ બધું પ્રવર્તન કરીએ છીએ તો માંડ માંડ સ્થિર રહી શકીએ છીએ એનું કારણ એ જાગૃતિ છે. આત્મ જાગૃતિ છે એને લઈને સ્થિર રહી શક્યા છીએ. બાકી આ કાળમાં આવા વિચિત્ર પ્રકારના સંગ-પ્રસંગો થાય તો ધડ ઉપર માથું રહેવું એ કઠણ વાત છે. એમ લખે છે.

**'સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે...'** આત્મજ્ઞાનને વિષે **'ભ્રાંતિ પ્રાયે થતી નથી,...'** સમ્યગ્દર્શન એમનું એમ છે, આત્મજ્ઞાન પણ એમનું એમ છે. એમાં કોઈ ભ્રાંતિ થતી નથી. **'પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે,...'** પણ એ આત્મજ્ઞાનને લઈને વિશેષ પરિણામ થાય, જે મોક્ષમાર્ગમાં પ્રગતિ થાય એવી સ્થિતિનો અવકાશ નથી થતો એને અનવકાશ કહે છે. એવી આગળ જગ્યા નથી થતી એને અનવકાશ કહે છે. એવું થયા કરે છે **'એમ તો સ્પષ્ટ દેખાય છે.'** જુઓ ! પોણા બે વર્ષે તો 'મુંબઈ'થી ત્રાસી ગયા છે. અને ધંધાથી પણ ત્રાસી ગયા છે. પોણા બે વર્ષ એટલે બારને આઠ વીસ, સાડી વીસ મહિના થયા છે. વીસ વર્ષે માણસો થાકતા નથી. વીસ-વીસ વર્ષ ધંધો કરે તો થાકતા નથી. આ વીસ મહિનામાં થાકી ગયા છે. ત્રાસ થઈ ગયો છે એમને.

મુમુક્ષુ :- ઉદય પણ આકરો છે, પરિણતિ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલી જ જોર કરે છે. બેય સ્થિતિ સામે સામી થઈ ગઈ છે. અને એમ જ થાય. વિશેષ યોગ્યતાવાન જે કોઈ સાધક આત્માઓ હોય એને ઉદય જેટલો આકરો આવે એટલો પુરુષાર્થ આકરો સામે થાય તો જ ટકે. નહિતર ટકી ન શકે. સામે એટલું બળ ન વપરાય અને બળનો પ્રયોગ ન થાય તો તો પડી જાય. એટલે એમને એ વિશેષે કરીને બળવાનપણું થઈ આવે છે. અને વિશેષ જોરથી એ ઉદય અને ઉદયભાવોનો નિષેધ આવે છે. વિશેષ જોરથી એ વખતે નિષેધ વર્તે છે.

મુમુક્ષુ :- નુકસાન બતાવે છે કે સ્થિરતા વધતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ નુકસાન બતાવ્યું છે. એટલો જોક આવી જાય છે અને એ એમને ત્રાસ લાગ્યો છે. આ તો માથું ધડ ઉપરથી જુદું થઈ જાય એવું ઘણી વાર જોયું છે. ઉપાધિયોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય એમ થતાં થતાં ઘણી વાર જોયું છે.

**'અને તેથી ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો;...'** સહેજે સહેજે એ ઉદયના ત્રાસથી ત્રાસી જઈને જે આકુળતા ઊભી થાય છે ત્યારે આ બધું છોડી દેવાના પરિણામ થઈ આવે છે. રસ લંબાઈને અંદર ડૂબી જવાના પરિણામ નથી આવતા કે બહુ વેપાર વધ્યો છે, ઘણો ધંધો વધ્યો છે, આવક પણ વધી ગઈ છે, આર્થિક સ્થિતિ પણ સધ્ધર થઈ ગઈ છે. એવો રસ નથી આવતો. ઉલટાનો આત્મા ત્યાગને ભજતો હવો, એમ કહે છે.

એ પરિણામ પણ પ્રેરક થઈને નથી કરતાં. એ પરિણામ પણ સહજ થઈ આવે છે એમ કહેવું છે. બહુ વિલક્ષણ પરિસ્થિતિનું સ્પષ્ટીકરણ છે આ બધું. એ આગળ એક પત્ર આવશે. એમાં એ વાત પોતે લખી છે કે જ્ઞાનદશાનું વિલક્ષણપણું શું ? એવું જો મુમુક્ષુના જ્ઞાનમાં આવે તો એને જ્ઞાનીની ઓળખાણ થાય અને જો જ્ઞાનીની ઓળખાણ થાય તો એને ખરેખરું બહુમાન આવે. જો એને ખરેખરી કિંમત આવે તો એનો દર્શનમોહ અત્યંત મંદ થઈ જાય. કેમ કે એ નિર્મોહી દશા છે માટે.

**'ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને...'** ભલે એ બધું થાય છે તો પણ હજી અભિપ્રાય શું છે એમ કહે છે, હોં ! અભિપ્રાય આકુળ થવાનો નથી. આકુળતા-વ્યાકુળતા થઈ જાય છે એ પોતાનો અભિપ્રાય નથી. એ થઈ જાય છે. અહીંયાં અભિપ્રાય અપેક્ષાએ તો એમ છે કે **'ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે...'** જ્ઞાતાદૃષ્ટા ભાવે, **'અદીનપણે'** જરા પણ દીનતા લાવ્યા વિના, **'અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાનીપુરુષોનો માર્ગ છે,...'** આ માર્ગ છે ખરો જ્ઞાનીનો.

મુમુક્ષુ :- પોતે પોતાનું નાટક જુએ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામનું નાટક છે આ. પરિણામનું નાટક છે. જોયા કરે છે. અને જ્ઞાનીનો માર્ગ શું છે એના પોતે ભાનમાં છે. ભાનમાં છે અને એ માર્ગમાં પણ પોતે બરાબર સ્થિરપણે રહ્યા છે. માર્ગ છોડ્યો નથી. ગમે તેવા ઉદયના ઝંઝાવાત

ઊભા થવા છતાં પોતે માર્ગનો ત્યાગ કર્યો નથી. એટલે ઊપાર્જિત કર્મની ગમે તે સ્થિતિ હોય તો પણ તેને સમપરિણામે વેદવી, તેને અદીન પરિણામપણે વેદવી, જ્ઞાતાદૃષ્ટાપણે વેદવી. દીન થઈને એટલે એમાં હારી ગયા છે. અરેરે...! શું થાય અમને તો આવો આકરો ઉદય આવ્યો પછી તો શું કરીએ ? એમ નહિ. અદીન પરિણામે વેદવી. **'અવ્યાકુળપણે વેદવી...'** વ્યાકુળ ન થવું એ પ્રમાણે વેદવી **'એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે.'** અને તે જ માર્ગે ચાલવું છે અમારે તો. આ અમારો નિર્ણય છે, આ અમારો નિશ્ચય છે કે એ જ માર્ગે ચાલવું **'એમ સ્મૃતિ થઈ...'** અને એ વાતને ખ્યાલમાં, ભાનમાં રહીને **'સ્થિરતા રહેતી આવી છે.'** એ વાતનું ભાન હોવાથી અમને સ્થિરતા રહી આવી છે. ક્યારેય પણ એવી અસ્થિરતા નથી આવી કે સમ્યક્ત્વને વિષે બાધ આવે કે આત્મજ્ઞાનને વિષે બાધ આવે.

**'એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી.'** એટલે જે થોડી આકુળતા થઈ જતી હતી એથી વિશેષ મુંઝવણમાં અમે આવતા નહોતા. એ બધું સમાપ્ત થઈ જતું હતું. બે પરિણામ છે. એક, જ્ઞાતાદૃષ્ટા ભાવના અંશે વર્તે છે, એક ઉદય સાથે વર્તે છે. એ ઉદય સાથે વર્તતા પરિણામમાં અને એ જ્ઞાતાદૃષ્ટા ભાવના પરિણામની ચાલમાં કેટલી સુસંગતતા છે ? કેટલી વિસંગતતા છે ? અને એની વચ્ચે પોતે કેવી રીતે માર્ગમાં આગળ ચાલ્યા છે, આગળ વધતા જાય છે. એવી એક લાઈનદોરી એમાંથી કાઢી છે.

મુમુક્ષુ :- પરિણામના અવલોકનમાં પર્યાયદૃષ્ટિ નથી થતી ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામના અવલોકનમાં પર્યાયદૃષ્ટિ નથી થતી. પર્યાયદૃષ્ટિનું સ્વરૂપ સમજવાની જરૂર છે. પરિણામ જેટલો જ હું, પરિણામ જેવડો જ હું એવું પોતાનું માત્ર પરિણામ પૂરતું જ અવધારણ, પોતાના અસ્તિત્વનું પરિણામ જેટલું જ અવધારણ કરવું તે પર્યાયદૃષ્ટિ છે. પરિણામનું જ્ઞાન થાય તે પર્યાયદૃષ્ટિ નથી. પરિણામ તો વેદનનો વિષય છે. ત્રિકાળી તો વેદનનો વિષય પણ નથી વળી. વેદાય છે શું ? નિગોદથી માંડીને સિદ્ધપદ સુધીની સર્વ પર્યાયોમાં પર્યાય જ વેદાય છે. પણ જેને ત્રિકાળી સ્વરૂપમાં સ્વ અસ્તિત્વનું અવધારણ નથી થયું તેને માત્ર વેદન પૂરતો જ એટલો (અને) એવડો પોતે છે એવું વેદાય છે એનું નામ પર્યાયદૃષ્ટિ છે. પણ જેને સ્વસ્વરૂપનું ભાન છે કે મારું અસ્તિત્વ તો ત્રિકાળ શુદ્ધ નિરાવરણ છે. પર્યાયનું જ્ઞાન તો એને

પણ થાય છે પણ દ્રવ્યના ભાન સહિત થાય છે. કેમ કે વેદન તો પર્યાયમાં છે. એ તો ઉપરની સપાટીમાં પર્યાય છે. દ્રવ્ય સ્વભાવ તો નીચે તળ છે. ઉપરની સપાટીને અડ્યા વિના (સીધું) કોઈ તળમાં જાય છે એવું તો બનતું નથી. એટલે એનો તો ખ્યાલ રહે છે, એનું તો જ્ઞાન રહે છે. એનું જ્ઞાન થવું એ કોઈ દોષ નથી. એનું અવલંબન લેવું એ દોષ છે, એનું સ્વ સ્વરૂપે અવધારણ લેવું એ દોષ છે પણ જ્ઞાન થવું એ કાંઈ દોષ નથી.

મુમુક્ષુ :- ... ત્રણ કાળ ત્રણ લોકનો ધણી છું..

પૂજ્ય ભાઈશ્રી :- હા પોતે સર્વોત્કૃષ્ટ પદાર્થ છે જગતનો એવું ભાન છે એટલે દીનતા છૂટી જાય છે. સંપૂર્ણપણે નિરાકુળ સુખનો પીંડ છે એટલે આકુળતા છૂટી જાય છે.

એ '**આકુળાદિ ભાવની વિશેષ મુંઝવણ સમાપ્ત થતી હતી**' એનું કારણ કે સ્વરૂપનું અવલંબન છે. એટલે દીનતા નથી થતી. સમપરિણામ જ્ઞાતાદૃષ્ટાપણું થાય છે અને વ્યાકુળતા સમાપ્ત થઈ જાય છે. '**આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે.**' પ્રવૃત્તિ જરાય રુચતી નથી એમ કહેવું છે. નહિતર વળી સામાન્ય મુમુક્ષુની સ્થિતિમાં શું થાય ? અમુક ટાઈમ ધાર્મિક પ્રવૃત્તિ કરે, પછી વળી થાકે એટલે કહે, ચાલો હવે બીજી સાંસારિક પ્રવૃત્તિમાં જોડાઈએ. વળી ત્યાંથી થાકે એટલે વળી આમ કરીએ. પોતાને શું છે ? '**આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય...**' એટલે જરાય પ્રવૃત્તિ ન રહે એવી પરિસ્થિતિ નહિ થાય ત્યાં સુધી સુખ રહે નહિ. એવી અમારી સ્થિતિ છે એટલે નિવૃત્તિ પોતે ઇચ્છે છે, જરાય પ્રવૃત્તિ ઇચ્છતા નથી.

એ તો આવા દુષમકાળમાં આવી ચડેલા આવા મહાત્માઓને આવા ઉપાધિયોગ હોય છે. નહિતર આવી જેની સ્થિતિ હોય એને તો બહારમાં નિવૃત્તિ જ હોય અને એ પોતાના આત્મસાધનમાં જ મસ્ત રહે. એવી જ કોઈ એમની પરિસ્થિતિ હોવી ઘટે. એના બદલે એમને પણ સંસારના કાર્યોની અનેક પ્રકારની ઉપાધિ કરવી પડે છે એ કોઈ કાળદોષથી એવા પ્રકાર પણ જોવા મળે છે.

'**આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા આત્મા',...**' એકલો. આત્મા આત્મા એટલે એકલો આત્મા

પોતાનો. **'તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ,...'** જ્ઞાનીઓના જ્ઞાનમાર્ગની, જ્ઞાનદશાની સ્મૃતિ, **'તેના માહાત્મ્યની કથાવાર્તા,...'** એવા જ્ઞાનીપુરુષોના ચરિત્રની, તેમના આચરણની, તેમના ગુણવિશેષની મહિમાવાળી વાર્તા, વાતો, કથા અને **'તે પ્રત્યે અત્યંત ભક્તિ,...'** અને તેને લઈને તેમના પ્રત્યે ઘણું બહુમાન. **'તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે,...'** શું કહે છે ? જે એમના આત્માના ચારિત્રનો બીજો અવકાશ નથી. એકલા અનવકાશપણે, એકલા સ્વરૂપના જ્ઞાન-ધ્યાનમાં જ રહે છે. મુનિદશાની પોતે ભાવના ભાવે છે ને વારંવાર. ૨૫-૨૬માં વર્ષથી મુનિદશાની ભાવના ભાવી છે. કાવ્ય તો પછી લખ્યું છે ૨૯માં વર્ષે. પણ ભરયુવાન વયમાં એમને અસંગ દશાની ભાવના થઈ છે. એકલો આત્મા.. આત્મા... અનવકાશપણે આત્મચારિત્રમાં રહેવું, બીજું કાઈ નહિ. આ કરવું અને તે કરવું એ વાત ન જોઈએ.

એવા જે મુનિરાજોનું **'આત્મચારિત્ર એમના પ્રત્યે મોહ,...'** થાય છે. મોહ થાય છે એટલે અમને પણ એમ હો. એનું નામ મોહ છે. મોહભાવ શું છે ? મને આ હો. મને આવું હો, એનું નામ મોહ છે. એવો મોહ અમને થાય છે એમ કહે છે. એવો મોહ **'અમને હજુ પણ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ.'** અને એવો અપૂર્વ અવસર ક્યારે આવે ? એવું ભજન અમારું છૂટતું નથી. એ કાળને અમે ભજીએ છીએ. એવો અમને શીઘ્ર કાળ પ્રાપ્ત થાય, એવી અમારી જે ભાવના, એ ભાવનાને ભજીએ છીએ. જુઓ ! આ એમની અતરંગ પરિણતિ, ભાવનાની પરિણતિનું સ્પષ્ટીકરણ છે.

**'પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે.'** આ બધું માર્ગનું બહુમાન છે. જે વીતરાગમાર્ગ છે, જેમાં આત્મગુણો પ્રગટે છે અને એ આત્મગુણો પ્રગટવા માટેના જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે એના પ્રત્યે પોતે બહુમાન વ્યક્ત કરે છે, ભક્તિ કરે છે પોતે.

મુમુક્ષુ :– 'સોભાગભાઈ'નું મન હળવું થાય એટલે પોતાની ઉપાધિ પ્રગટ કરી.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મીયતા બહુ હતી. બંને વચ્ચે આત્મીયતા એવી હતી કે પોતાનું હૃદય ખોલીને મૂકી દે છે.

મુમુક્ષુ :– એમને ઉપાધિ ઘણી હતી...

પૂજ્ય ભાઈશ્રી :- એમને ઉપાધિ હતી, આમને પણ ઉપાધિ હતી. પણ ઓલાને (સોભાગભાઈને) આર્થિક સ્થિતિમાં સંકડામણ હતી અને આમને એવી સંકડામણ નહોતી. તો પણ એમ કહે છે, અનુકૂળતા થઈ તો શું થયું ? અંદરની સ્થિતિ અમારી આવી છે. જો કોઈ રીતે તમે એ વાત ઉપર વિશેષ તમારું વજન જાય તો તમે પણ બહારની આકુળતા-વ્યાકુળતામાંથી હળવા થઈ જશો.

ભૂતકાળના જ્ઞાનીઓ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરી છે. '**પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે;...**' એ જ્ઞાનીપુરુષોએ જે સ્વરૂપની આરાધના કરી એ કાળ એમનો ધન્ય છે. '**તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે;...**' તે કાળ ધન્ય છે એટલે એવા કાળમાં અમે હોત તો અમે પણ ઇચ્છત કે આવા જ્ઞાનીપુરુષના સંગમાં પણ અમે અમારું આરાધન કરીએ. '**તે કાળ ધન્ય છે;...**' 'ઈડર'માં સાથે જ ગયા હતા ને કેટલાક મુમુક્ષુ ભાઈઓ. અત્યારે જાવ તો એવું લાગે એવું છે. ત્યાં તો એકાંત ઘણું છે. બહુ સારી જગ્યા છે. એમ થાય કે 'શ્રીમદ્જી' અહીંયાં આવતા હશે ત્યારે કેવુ એકાંત હશે ? કોઈ વખત કોઈ મુમુક્ષુ આવ્યા છે, મુનિઓ આવ્યા છે. તો કહે છે, '**તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે;...**' એ પ્રસંગ ધન્ય છે.

મુમુક્ષુ :- એ વખતે આ બાંધકામ હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના રે ના. કાંઈ નહિ ને. એકલા પત્થર. જે પત્થર છે એ પત્થર. પત્થર ઉપર બેસતા ધ્યાનસ્થ અવસ્થામાં.

મુમુક્ષુ :- પાંચ-સાત મુમુક્ષુઓ અને મુનિઓ બધા ફોટામાં છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આમ ફોટો તો થોડો કલ્પિત છે કેમ કે ત્યાં કાંઈ કેમેરો લઈને જાય ? પણ એ ફોટો એ રીતે તૈયાર કરેલો છે. તૈયાર કરેલો છે.

મુમુક્ષુ :- .. તે દિ' કાંઈ રસ્તો પણ નહિ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- તે દિ' ક્યાં રસ્તો પણ હશે. અત્યારે તો ચડવાની જગ્યા પણ ઘણી બનાવી છે. પથરા મૂકીને પગથિયા મૂકીને. તે દિ' કાંઈ (નહોતું). ૨૫-૩૦ વર્ષ પહેલા (એક મુમુક્ષુ) અને અમે સાથે ગયા હતા. એકલા જ ગયા હતા. આ રસ્તો નહોતો આટલો. કેડી જ હતી, સાવ કેડી હતી. ધીમે ધીમે જરાક ચડવું પડે પણ સાવ કેડી જ હતી એકલી. અને ઉપર આટલી વ્યવસ્થા પણ નહોતી.

મુમુક્ષુ :– ગામમાંથી ત્યાં જવાનો રસ્તો પણ નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :– હા. આવો રસ્તો નહોતો. અત્યારે તો ડામરનો રસ્તો થઈ ગયો છે. એ પણ સામાન્ય કાચો રસ્તો.

મુમુક્ષુ :– ઘણી સગવડો થઈ ગઈ..

પૂજ્ય ભાઈશ્રી :– હા, અત્યારે તો પૂરતી સગવડ કરી નાખી છે.

મુમુક્ષુ :– જંગલમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો બધું એમ જ હોય ને. ગામથી એક-દોઢ માઈલ દૂર.

**'તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે;...'** જે કાળમાં અને જે ક્ષેત્રમાં જ્ઞાનીઓએ અંદરના ચૈતન્યના અમૃતરસના પ્યાલા પીધા છે **'એ કાળને પણ ધન્ય છે, એ ક્ષેત્રને પણ અત્યંત ધન્ય છે;...'** અત્યંત ધન્ય. એ ક્ષેત્ર પણ પૂજનીય થઈ જાય છે એમ કહેવું છે. **'તે શ્રવણને,...'** આત્માના પુરુષાર્થના જોરમાં નીકળેલી જે વાણી એ વાણીને પણ ધન્ય છે. એ વાણીના પાત્ર જે શ્રવણના કર્તા છે એને પણ ધન્ય છે. કેમ કે વાણી નીકળી તો એ એમ ને એમ નીકળતી નથી. સામે એને કોઈને રસ આવે એમાંથી નીકળે છે. ઝીલનાર હોય છે એમાં એને કારણે અહીંયાં નિમિત્ત ઉપાદાનનો મેળ ખાઈ જાય છે.

એવા **'શ્રવણના કર્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને...'** એટલે એવી દશામાં જે પોતાની આરાધના કરવાવાળા જીવો છે, તેના પ્રત્યે બહુમાન કરવાવાળા જીવો છે, તેનું અનુમોદન કરવાવાળા જીવો છે એ બધાને અમે તો **'ત્રિકાળ દંડવત્...'** સાષ્ટાંગ નમસ્કાર કરીએ છીએ. દંડવત્‌નો અર્થ એ થાય છે. દ્રવ્ય નમસ્કારમાં પંચાગ નમસ્કાર અને અષ્ટાંગ નમસ્કાર. આઠેય અંગથી નમસ્કાર અને પાંચ અંગથી નમસ્કાર. આઠ અંગને ષાષ્ટાંગ કહે છે. ષ એટલે સાથે, અષ્ટ એટલે આઠ. ષાષ્ટાંગ એને દંડવત્ કહે છે. આખું શરીર પૂરેપુરું આઠેઆઠ (અંગ). લાકડી પડે એમ પડે. દંડવત્. દંડ એટલે લાકડી. લાકડી જેમ પડી જાય એમ જે નમસ્કાર કરવામાં પડી જાય એને દંડવત્ કહેવામાં આવે છે. એ રૂઢિ અર્થ નમસ્કાર થઈ ગયો છે પણ મૂળ શબ્દ ત્યાંથી નીકળ્યો છે. દંડ એટલે લાકડી. લાકડીને ઊભી રાખો તો કાંઈ રહે નહિ. લાકડી છોડી દ્યો હાથમાંથી એટલે જેમ પડે, એમ ભક્તિથી જે જ્ઞાનીઓના ચરણમાં પડે છે એને દંડવત્ કહેવામાં આવે છે. એનું નામ દંડવત્ છે. એટલો ભક્તિભાવ એને

હોય છે.

મુમુક્ષુ :– વૈષ્ણવમાં હોય છે આવું.

પૂજ્ય ભાઈશ્રી :– સારું હોય તો શીખવું ત્યાંથી પણ તે. વૈષ્ણવમાં હોય છે એમ કરીને ભડકવાની જરૂર નથી. જો એ ભક્તિ એવી હોય, એવી અત્યંત ભક્તિનો પ્રકાર એમાં દેખાતો હોય તો એ શીખી લેવી, એ ત્યાંથી શીખી લેવી. મૂળ તો બધું અહીંથી નીકળ્યું છે. પણ અહીંવાળા ભૂલ્યા. કો'કે કાંઈક પકડ્યું તો રહી ગયું ત્યાં. કો'કે કાંઈ પકડ્યું તો બીજું ક્યાંક રહી ગયું. કો'કે કાંઈક પકડ્યું તો ત્રીજું કાંઈ રહી ગયું. એને તો એક જ વાત હાથમાં આવી એટલે એ એમાં જોર દેવાના. બીજું એની પાસે નથી.

મુમુક્ષુ :– અહીં તો વિશેષતા એ છે કે અજ્ઞાનીને દંડવત્ કરી..

પૂજ્ય ભાઈશ્રી :– ભક્તિભાવવાળા. એ અજ્ઞાની નથી, એ ભવિષ્યના જ્ઞાની છે ખરેખર તો. એને અજ્ઞાનીની દૃષ્ટિએ ન જુએ પણ એની જે આત્માના માર્ગમાં આવવાની જે પરિસ્થિતિ છે એનું અનુમોદન છે. એને દંડવત્ કરીને એને અનુમોદન કરે છે. એમ છે ખરેખર તો. અને યોગ્ય જ છે એ તો. અહીં સુધી રાખીએ.

ઉપાધિમય ઉપયોગ, જ્ઞાન સામાન્યને તિરોભૂત કરે છે, તેથી જ શ્રી જિનેશ્વરદેવે વૈરાગ્ય અને ઉદાસીનતા ઉપદેશી છે. નિરૂપાધિ જ્ઞાન જ જ્ઞાનવેદનરૂપ જ્ઞાનસામાન્ય પ્રતિ વળવા સક્ષમ છે. તેથી સર્વ અન્ય દ્રવ્ય-ભાવથી પોતાનું અસંગપણું અવલોકી ઉપાધિ રહિત થઈ, અવ્યાબાધ અનુભવરૂપ એવા પોતાને પ્રત્યક્ષ કરવો, તેમાં સર્વ જ્ઞાન સમાય છે. દ્વાદશાંગીના વિસ્તારનો સાર આ છે. કેવળ અસંગ અને અનંત પ્રત્યક્ષની પ્રતીતિમાં સમ્યક્દર્શન સમાય છે. સ્વરૂપાકાર વીતરાગી દશામાં સર્વ ચારિત્ર સમાય છે. તેવી દશા જેણે પ્રાપ્ત કરી, તે ભગવાનરૂપ પુરુષને નમસ્કાર. (અનુભવ સંજીવની–૧૦૯૪)

## તા. ૧૧-૭-૧૯૯૦, પ્રવચન નં. ૧૭૬
## પત્રાંક – ૪૬૫-૪૬૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પાનું ૩૮૧. ૪૬૫મો પત્ર ચાલે છે. છેલ્લા બે પેરેગ્રાફ લઈએ.

પોતાના આત્માની વર્તમાન સ્થિતિ દર્શાવે છે. લખે છે 'સોભાગભાઈ'ને કે અમારી સ્થિતિ એવી છે કે **'આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં,...'** આ પ્રવૃત્તિ કરવામાં અમને જરાય સુખ નથી. જે સાંસારિક પ્રવૃત્તિ કરવી પડે છે વ્યવસાય આદિની એમાં અમને સુખ તો નથી, હોંશ નથી, ઉત્સાહ નથી. ઉપાધિ અથવા દુઃખને વેદીએ છીએ. એવી અમારી સ્થિતિ છે. એટલે સંપૂર્ણ નિવૃત્તિને પોતે ચાહે છે. થોડીક પ્રવૃત્તિ કલાક-બે કલાકની રાખીએ, બાકીના સમયમાં કાંઈક આત્મસાધન કરતાં રહેશું એવો વિચાર પણ ૨૬મા વર્ષે નથી કર્યો.

**'આત્મા આત્મા..'** બે વખત આત્મા લખ્યું છે. એટલે એકલો આત્મા. પોતાના આત્મસ્વરૂપ સિવાય બીજી વાત નહિ. એક આત્માનો વિચાર, બહારમાં **'જ્ઞાનીપુરુષની સ્મૃતિ.'** જેની આત્મરમણતા વિશેષ હોય એવા જ્ઞાનીપુરુષનું સ્મરણ, **'તેના માહાત્મ્યની કથાવાર્તા'** અને તેમના સદ્ગુણોનો મહિમા. તેમના મહાત્મ્યની એટલે તેમના સદ્ગુણોનો મહિમા. અને તેમના **'પ્રત્યે અત્યંત ભક્તિ,...'** એવા મહાપુરુષ પ્રત્યે અત્યંત ભક્તિ. કેમ કે પોતાને પ્રાપ્ત કરવું છે ને ? એવા ગુણો પોતાને પ્રાપ્ત કરવા છે.

**'તેમના પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ,...'** એમનું જે ચારિત્ર છે એ ધારાવાહી છે, એમ કહે છે. અનવકાશ એટલે જેમાં આંતરો પડતો નથી, અવકાશ પડતો નથી, ખાલી કાંઈ વચ્ચે થતું નથી એવું તેમનું અનવકાશ આત્મચારિત્ર છે–આત્મરમણતા છે. તેમના પ્રત્યે અમને મોહ થાય છે. મોહ થાય છે એટલે અમારી પણ આવી દશા ક્યારે ઉત્પન્ન થાય ? એવું અમને રહ્યા કરે છે.

**'એ અમને હજુ આકર્ષ્યા કરે છે,...'** એમની જે અદ્‌ભુત દશા, એ દશાનું અમને આકર્ષણ રહે છે.

જ્ઞાનમાં એ દશા આવે છે. વિચારવામાં અને કહેવામાં એ દશાની બહુ અલ્પ મર્યાદા સમાવેશ પામે છે. એવી એ દશા છે કે જેને અચિંત્ય દશા કહેવી પડે છે. ચિંતવનમાં પૂરી ન આવી શકે. વાણીમાં તો એથી અધુરી આવે પણ ચિંતવનમાં પૂરી ન આવી શકે. એવી એમની જે દશા છે એનું અમને આકર્ષણ રહ્યા કરે છે, એમ કહે છે. એમના પ્રત્યે–એવા ગુણવાન, મહાપુરુષ પ્રત્યે અમારા પરિણામ ખેંચાય છે એમ કહે છે. કોઈ વિદ્યમાન છે નહિ પણ સ્મરણ કરે છે કે આવા કોઈ મહાપુરુષ હોય. એવા અમે ક્યારે થઈ એ ? કહેવાનો આશય તો એવો છે કે એવા અમે ક્યારે થઈએ ?

**'અને તે કાળ ભજીએ છીએ.'** એવો અવસર અમને આવે એનું ભજન ચાલે છે, એનું રટણ ચાલે છે. રાત્રિ-દિવસ એ ભજીએ છીએ કે આવી દશા અમારી ક્યારે થાય ? જુઓ ! જ્ઞાનીપુરુષને પણ એના પરિણામ અંદરમાં કેવા હોય છે ? આ તો વ્યક્ત કર્યું છે એટલે ખબર પડે. નહિતર લોકો તો એમ સમજે કે જ્ઞાની એટલે ઉપદેશ આપે. એમને જ્ઞાન હોય ઘણું એટલે ઉપદેશ આપ્યા કરે બીજાને. એવું નથી. એ પોતે શું ગ્રહણ કરવા માગે છે ? ઉપદેશ આપવો એ તો બીજાની વાત થઈ. પણ પોતે શું કરવા માગે છે ? એનો આ ચિતાર છે.

મુમુક્ષુ :– જ્ઞાનીને આવી ભાવના છે તો મુમુક્ષુને કેવી હોય.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો 'પૂજ્ય બહેનશ્રી' કહેતા કે લગની લાગે. મુમુક્ષુને જ્યારે સ્વરૂપપ્રાપ્તિની લગની લાગે, તાલાવેલી લાગે ત્યારે એને પ્રાપ્ત થશે એ એના પૂર્વભૂમિકાના લક્ષણો છે.

**'પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે...'** પૂર્વકાળમાં અનેક જ્ઞાનીપુરુષો થયા છે. તે જ્ઞાનીપુરુષોની વિદ્યમાનતામાં અનેક પ્રસંગો વ્યતીત થયા છે. ધર્મકાળની અંદર તો વિશેષ જ્ઞાનીપુરુષો થાય છે. અનેક ધર્મકાર્યો તેમના નિમિત્તે સંપન્ન થાય છે. આ 'ગુરુદેવશ્રી' લ્યો, કેટલા કાર્યો થયા ? એક 'સમયસાર' હાથમાં આવ્યું અને કેટલા કામ થયા છે ! આખા 'હિન્દુસ્તાન'માં એક નવી અધ્યાત્મની લહેર ઊઠી. ભાગ્યશાળી હતા તે આકર્ષાયા. એવી વાત થઈ.

**'પૂર્વ કાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે...'** એવા કાળમાં એમ કે પોતે હોત. એ કાળ ધન્ય છે એનો અર્થ કે અમે પણ એવા કોઈ મહાજ્ઞાનીપુરુષના કાળમાં હોઈએ. એ કાળ પણ ધન્ય છે. એમની વિદ્યમાનતામાં, એમના આશ્રયમાં રહેવું થાય, એવી ભાવના થાય, એ ધન્ય કાળ છે. **'તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે;...'** જ્યાં તે બિરાજમાન રહ્યા હોય. જ્યાં તેમણે આત્મસાધના સાધી હોય, જેમણે અંતરના અમૃતને પીધાં હોય. જે જે ક્ષેત્રે તે તે ક્ષેત્ર ધન્ય છે. ત્યાં તો 'ઈડર'માં એ વધારે યાદ આવતું. શીલા ફરતી ચણી લીધી છે. આગળથી ખુલ્લી રાખી છે દર્શન કરવા માટે. પહેલા તો સાવ ચણી લીધી હતી. પછી કોઈને વિચાર આવ્યો. અમને પણ વિચાર આવ્યો હતો પહેલી વખત તો કે આમાં શીલા તો દેખાતી નથી. ટાઈલ્સ ફરતી જડેલી દેખાય છે. ટાઈલ્સને શું જોવી છે ? ખરેખર તો મૂળ ચીજ છે એ દેખાવી જોઈએ. અંદર ઠેઠ બહાર નીકળે છે. એ વાત કરી કોઈએ. જે શીલા આગળ દેખાય છે એ ઠેઠ ઓલી કોર બહાર નીકળે છે એટલું બધું આમ સપાટ, જે અમુક સપાટ એરિયા હતા ને એવો એક સપાટ એરિયા હતો. દસ-વીસ માણસ બેસી શકે એવી મોટી શીલા છે પાછળ.

મુમુક્ષુ :– ... પછી એને આગળથી ચોરસ કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. પણ પાછળ પણ ઘણી છે. પહોળાઈ તો ઘણી છે, પાછળ પણ ઘણી છે. ત્યાં એ બેસતા. પૂર્વ ભવમાં પણ ત્યાં આવેલા. અહીંયાં અમને અમારા પૂર્વ ભવનો સત્સંગ અને વૈરાગ્ય બંને સાંભરી આવે છે. અહીંયાં આવતાં અમને આ બે વાત સાંભરે છે. પૂર્વ ભવનો અમારો વૈરાગ્ય અને પૂર્વ ભવમાં સત્સંગમાં રહેતા હશે.

મુમુક્ષુ :– ... એ ત્યાં આગળ મહાવીર સ્વામીએ ઉપદેશ આપેલ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમ કહે છે. એમ કહે છે. વાત એમ છે.

**'તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને,...'** એમને જે કાંઈ શ્રુતજ્ઞાનનો પ્રવાહ ચાલ્યો એવા શ્રવણને પણ ધન્ય છે. શ્રવણ કરનારા એવા આત્માને પણ ધન્ય છે. શ્રવણની ક્રિયાને ધન્ય છે, એમ કહે છે. અને **'શ્રવણના કર્તાને,...'** પણ ધન્ય છે. શ્રવણ એક ક્રિયા છે સાંભળવાની. એક જ આત્મા અને આત્માની પર્યાય બે લઈ લીધી. **'તે શ્રવણને, તે શ્રવણના કર્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને...'** તે

જ્ઞાનીપુરુષ પ્રત્યે ભક્તિભાવવાળા જીવો છે તે જીવોને **'ત્રિકાળ દંડવત્ છે.'** ત્રણે કાળે અમે એને નમસ્કાર કરીએ છીએ. દંડવત્ નમસ્કાર કરીએ છીએ. નહિતર નીચેવાળાને ભાવ નમસ્કાર કરે. દ્રવ્ય નમસ્કાર ન કરે.

મુમુક્ષુ :- ભક્તિભાવવાળા જીવોને પણ નમસ્કાર કરે.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુઓને પણ. જ્યારે એ પ્રકાર લક્ષમાં આવે, જીવને જ્યારે એવો પ્રકાર લક્ષમાં આવે કે આ પણ જે જ્ઞાનીપુરુષને હું માનું છું એ જ જ્ઞાનીપુરુષને આ પણ માને છે તો એના પ્રત્યે નમસ્કારનો ભાવ આવે ત્યારે તિરસ્કારનો ભાવ થવાનો અવકાશ ન રહે. ત્યારે એ અવકાશ ન રહે. એમ છે.

મુમુક્ષુ :- તિરસ્કારનો ભાવ આવે તો...

પૂજ્ય ભાઈશ્રી :- તો એ પોતે જે જ્ઞાનીપુરુષને માને છે એમાં કાંઈક ગડબડ છે. પોતે જે જ્ઞાનીપુરુષને માને છે એ વાત એને જ્ઞાનીપુરુષને કેમ માનવા, કેવી રીતે માનવા, એ વાત એને હજી સમજાણી નથી. ઓઘે ઓઘે બીજાની પાછળ પાછળ ચાલ્યો જાય છે. ગાડરની જેમ. ગાડર ચાલે એમ. ઘેટા ચાલે તેમ.

**'તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી...'** તે આત્મસ્વરૂપમાં ભક્તિ. આ પોતે શેની ભક્તિ કરે છે એ લખે છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ કરે છે, ચિંતન કરે છે અને આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી છે. જ્ઞાનીપુરુષની વાણીને આટલું વિશેષણ લગાડ્યું-આત્મવ્યાખ્યાની. જે આત્માનું વ્યાખ્યાન કરે છે, જ્ઞાનીપુરુષની એવી વાણી છે. આત્માના સ્વરૂપનું, આત્મામાં રહેલા અપૂર્વ ગુણોનું. લોકોત્તર ગુણોનું, અલૌકિક ગુણોનું વ્યાખ્યાન જેમાં હોય તે આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી છે.

**'અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો..'** છે. વાણી કહો કે જ્ઞાનીના શાસ્ત્રો કહો. **'કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત,...'** જુઓ ! ક્યાં સુધી એમણે એ વાત લીધી છે કે કોઈ જીવ ક્યાંય પણ, કોઈ પણ સંપ્રદાયમાં હોય. કેમ કે માર્ગાનુસારી જીવ જૈન સંપ્રદાયમાં જ હોય એવી સંભાવના નથી. ક્યાંય પણ હોય. પણ એ માર્ગાનુસારી હોવાથી કેટલીક વાતો સિદ્ધાંતજ્ઞાન, અધ્યાત્મનો સિદ્ધાંત એના આત્મામાંથી ઊગે છે. શાસ્ત્રમાંથી નહિ, એના શાસ્ત્રમાં નથી એ વાત. 'કર્તા મટે તો તૂટે કર્મ, એ છે મહાભજન અને એનો મર્મ.' એ આત્મામાંથી નીકળેલી વાત છે. એમના શાસ્ત્રોમાં

એ વાત નથી. અને એ પણ એક આત્મા છે ને ! કોઈ એવી યોગ્યતાવશ એમાંથી એ વાત નીકળી છે કે આમ થાય તો આમ થાય. બસ, આટલું અમારે. આમાં બધું આવી ગયું. આખી સાધનાનો વિષય આવી જાય છે. એવી જે સૈદ્ધાંતિક વાત હોય છે. માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત. એને જ્ઞાનીનું વિશેષણ લગાડ્યું. કેમ કે એ સિદ્ધાંતજ્ઞાન છે એટલા પૂરતું. ઓલા જ્ઞાની નહિ–સમ્યગ્જ્ઞાની નહિ.

**'જ્ઞાનીપુરુષના સિદ્ધાંત તેની અપૂર્વતાને પ્રણામ..'** એમાં જે અપૂર્વ વાત છે એ અપૂર્વતાને પ્રણામ. **'અતિ ભક્તિએ કરીએ છીએ.'** અમને એનો પ્રેમ છે, એનો અનુરાગ છે. જેને આત્માનો અનુરાગ છે તે આત્માને અનુસરીને થતાં જેટલા દ્રવ્ય, ભાવો છે, દ્રવ્યો અને ભાવો બધા લઈ લઈએ છીએ, એ બધા પ્રત્યે કોઈપણ જાતના પૂર્વગ્રહ વિના, એ કેમ ફલાણા પંથમાં જનમ્યો છે એ વાત નથી. નહિતર જે બીજી વાત છે એ તો ગૃહીત મિથ્યાત્વને અનુસરતી હોય છે. એને ગૌણ કરે છે. એના આત્મામાં જે માર્ગાનુસારીપણાનું તત્ત્વ છે એ તત્ત્વ બળવાન તત્ત્વ છે, એ તત્ત્વ બળવાન તત્ત્વ હોવાથી એનું અનુમોદન કરે છે, એનો પક્ષ કરે છે. એ જીવ એમાં નહિ રહે. આજનો એ અન્ય મતમાં, કાલનો એ જ્ઞાની છે. એમ સળંગ જુએ છે એને. એટલે એનો પ્રથમથી જ આદર કરે છે.

જેમ માણસ કોઈને ઘરમાં આવે ત્યારે એને મહેમાનને જમાડે, ચા-પાણી નાસ્તો જે કાંઈ કરવું હોય તે કરે. મહેમાનગતિ તો ઘરમાં આવ્યા પછી કરે. પણ ઘરમાં આવ્યા પહેલા આંગણે પણ સ્વાગત કરે ત્યારે એનું વિશેષ બહુમાન કર્યું કહેવાય ને ? હજી ઘરમાં નથી આવ્યા, આંગણે આપણે પધારે છે એ પહેલા એનું થોડું સ્વાગત કરો. એ બહુમાનનો વિષય થાય છે. એમ એ માર્ગાનુસારી જીવો આંગણામાં ઊભા છે. જ્ઞાની થવાના આંગણામાં ઊભા છે. એટલે આંગણામાંથી એનું સ્વાગત કરે છે. એવી લાઈન છે.

મુમુક્ષુ :– માર્ગાનુસારી ગુણોમાં શું આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– માર્ગાનુસારી ગુણોમાં શું છે કે કેટલીક લોકોત્તર વાતો જે જ્ઞાનીપુરુષના શ્રીમુખેથી નીકળે છે એવી જ વાતોની એને રુચિ હોય છે અને પોતે પણ એવી વાતો કરે છે કેટલીક. કેટલીક વાતો એ પણ એવી જ કરતાં હોય છે. કોઈને એમ લાગે કે આ પણ જ્ઞાની લાગે છે. એમ પણ લાગે. પણ એ જ્ઞાની થવા

યોગ્ય છે. એટલે એ આદર કરવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે. એમ લીધું છે એમણે. પોતે ભક્તિ કરીએ છીએ એમ કહીને એનો અર્થ એમાંથી નીકળે છે કે મુમુક્ષુએ પણ એ આદર કરવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે, સંમત કરવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે. જરા પણ નિષેધવા કે તીરસ્કાર કરવા યોગ્ય નથી. એમ લેવું છે.

મુમુક્ષુ :– અંતર સ્ફુરણા ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એની અંતઃસ્ફુરણા. એ સ્વતંત્ર યોગ્યતા છે.

મુમુક્ષુ :– અભણ હોય, કાંઈ લખતા ન આવડતું હોય..

પૂજ્ય ભાઈશ્રી :– બિલકુલ અભણ હોય.

મુમુક્ષુ :– ... બિલકુલ અભણ હોય તો પણ એની જે વાતો .. પત્રો લખે છે એમાં વાતો બધી ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એના આત્માને આ બધું રુચ્યું છે એ વાત નક્કી છે. આ બધી વાતો અને આ વિષય એના આત્માને ઘણો રુચ્યો છે એ વાત એમાંથી પ્રસિદ્ધ થાય છે. એટલે એ આદર કરવા યોગ્ય છે, સંમત કરવા યોગ્ય છે એમ થાય છે. બીજું કાંઈ અન્યમતમાં હોય એટલે બીજી ગડબડ હોય પણ એ ગૌણ રાખવા યોગ્ય છે. એ નીકળી જશે એને. થોડી ક્ષયોપશમને હિસાબે ભૂલ રહી જાય છે એ ક્ષયોપશમની ભૂલ હોય છે.

મુમુક્ષુ :– હિન્દુ ધર્મને હિસાબે ભગવાનને કર્તા અને શ્રદ્ધા એ હોય...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે શું છે કે ભૂલ બે પ્રકારે છે. એક ક્ષયોપશમને કારણે ભૂલ. જ્ઞાનના ક્ષયોપશમનો અભાવ, ઓછું જાણપણું હોય એને ખ્યાલ ન હોય સાચી વાતનો એટલે એની રહેલી ભૂલ અને એક શ્રદ્ધાથી–ઊંધી શ્રદ્ધાથી થતી ભૂલ, ઊંધી શ્રદ્ધાની પક્કડ. આને શું છે, દર્શનમોહ મંદ હોય છે. દર્શનમોહ તીવ્ર નથી હોતો એવા જીવોને. પણ ક્ષયોપશમ જ્ઞાનમાં પૂર્વે કોઈ એવા સંસ્કાર નાખ્યા હોય એટલે એ સંબંધીનો ઉઘાડ ન હોય.

જેમ કે 'ગુરુદેવે' દીક્ષા લીધી ત્યારે એમને ખબર નહોતી કે સાધુનું સ્વરૂપ કેવું હોય ? ખબર હોત તો દીક્ષા ન લીધી હોત. ખબર પડ્યા પછી જેમ દીક્ષા છોડી. તો એ ક્ષયોપશપજ્ઞાનની ભૂલ છે. પણ આત્માર્થીપણું પૂરેપૂરું હતું. ખોજ હતી આત્માની.

તો એ વખતનું જે આત્માર્થીપણું છે એ આદર કરવા યોગ્ય છે, એ સત્કારવા યોગ્ય છે, એ ભક્તિ કરવા યોગ્ય છે. કેમ સ્થાનકવાસીમાં હતા ? એમ પ્રશ્ન ઉઠાવવા જેવો નથી. એમ લેવાનું છે. કેમ કે એ ક્ષયોપશમ જ્ઞાનની ભૂલ છે. નીકળી જતા વાર નથી લાગતી. એ ભૂલ ઉપર એની શ્રદ્ધાની પક્કડ નથી હોતી. પક્કડ ઊઠી ગઈ હોય છે. જેવી એને ખબર પડે કે નિર્દોષ માર્ગ આ છે અને નિર્દોષતા આમ પ્રાપ્ત થાય, તો એ તો નિર્દોષતાના કામી જીવો હોય છે. તરત જ છોડી દે છે. જેવી ખબર પડે કે આ સદોષ પ્રવૃત્તિ છે એટલે તરત જ છોડી દે છે, એને વાર નથી લાગતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જેનું ધ્યેય સાચું એને કોઈ ધ્યેય સંપ્રાપ્ત કરતાં પહેલા વચ્ચે ક્ષયોપશમ જ્ઞાનની ભૂલ રહી જાય તો તે નીકળી જાય છે. એ રહેતી નથી, રહેવાની નથી. એ પરિસ્થિતિમાં એ રહેલી હોય છે. કે જે રહેવાની નથી. એમ છે. કારણ કે એના ઉપરની એને પક્કડ જ નથી. જેને સર્વ દોષથી મૂક્ત થવું છે, પરિપૂર્ણ જેને મુક્ત થવું છે એને કોઈ દોષનો ખ્યાલ આવે કે આ દોષ છે. એટલે એને છોડતા શું વાર લાગે ? ખ્યાલ નહોતો એટલા પૂરતો થઈ જતો હતો. છોડવાનો અભિપ્રાય તો ઊભો જ છે એનો. ખ્યાલ આવ્યો કે મૂકી દીધી વાત. એને મુકતા વાર ન લાગે.

હવે એક વાક્ય લખે છે કે **'અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે;...'** વળી પોતાની વાત લખે છે કે **'અખંડ આત્મધૂનનો એકતાર...'** એકતાર એટલે તૂટે નહિ એનું નામ એકતાર કહે છે. અમારી ધૂન તૂટે નહિ. આત્મા સંબંધીની અમારી ધૂન છે એનો એકતાર પ્રવાહ ચાલે, ધારાવાહી પ્રવાહ ચાલે એવી રીતે **'તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે.'** એટલે કે અમે આત્મામાં લીન રહી જઈએ એક તારથી. એવી અમારી આત્મદશા થઈ જાય, ભજે તેની **'અત્યંત આતુરતા રહ્યા કરે છે;...'** માત્ર સ્મરણ કરીએ છીએ એમ નહિ. એની આતુરતા રહ્યા કરે છે. અને બીજી બાજુથી, અંદરની આવી બાજુ છે તો બહારમાં **'બીજી બાજુથી, આવા ક્ષેત્ર'** 'મુંબઈ'માં બેઠા પત્ર લખે છે ને ?

**'આવા ક્ષેત્ર, આવા લોકપ્રવાહ,...'** વર્તમાન ચાલતો જે લોકપ્રવાહ, એમાં અનેક પ્રકારની ચિત્ર-વિચિત્રતા રહી છે. **'આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ...'** પોતાને

જે વ્યવસાય આદિમાં પડવું પડ્યું છે. **'અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય છે.'** એ જોઈને વિચાર મૂર્ચ્છાવત્ થઈ જાય છે. એટલો આઘાત પહોંચે છે કે જાણે અમારો વિચાર મૂર્છા ખાઈ જાય છે. જેમ કોઈને આઘાત પહોંચે અને મૂર્છા ખાઈ જાય ને ? ક્યાં અંદરની લાઈન ને બહારની પરિસ્થિતિ ! એમ કહે છે.

આવા મહાત્માઓ ચોથા કાળમાં હોય એ કોઈ ભૂલેચૂકે આ પાચમાં કાળમાં આવી ચડ્યા એના જેવી વાત થઈ છે. ખેર **'ઈશ્વરેચ્છા !'** કુદરતને એવું મંજુર હશે. સમાધાન કરી લે છે. કુદરતને એ મંજુર હશે. **'પ્રણામ પહોંચે.'** એમ કરીને એ વાતને અહીંયાં પત્ર પૂરો કર્યો છે.

**પત્રાંક-૪૬૬**

**પેટલાદ, ભાદરવા સુદ ૬, ૧૯૪૯**

**ૐ**

**૧. જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોક્સી કરવી એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું.**

**૨. જેની પાસેથી ધર્મ માગવો તેવા પૂર્ણજ્ઞાનીનું ઓળખાણ જીવને થયું હોય ત્યારે તેવા જ્ઞાનીઓનો સત્સંગ કરવો અને સત્સંગ થાય તે પૂર્ણ પુણ્યોદય સમજવો. તે સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે જેથી કદાગ્રહ, મતમતાંતર, વિશ્વાસઘાત અને અસત્ વચન એ આદિનો તિરસ્કાર થાય; અર્થાત્ તેને ગ્રહણ કરવાં નહીં. મતનો આગ્રહ મૂકી દેવો. આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મત્વપ્રાપ્તપુરુષનો બોધેલો ધર્મ આત્મતામાર્ગરૂપ હોય છે. બાકીના માર્ગના મતમાં પડવું નહીં.**

**૩. આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી કદાગ્રહ, મતમતાંતરાદિ દોષ ન મૂકી શકાતો હોય તો પછી તેણે છૂટવાની આશા**

કરવી નહીં.

એમ પોતે કોઈને આદેશવાત એટલે આમ કરવું એમ કહેતા નથી. વારંવાર પૂછો તોપણ તે સ્મૃતિમાં હોય છે. અમારા સંગમાં આવેલા કોઈ જીવોને હજુ સુધી અમે એમ જણાવ્યું નથી કે આમ વર્તો, કે આમ કરો. માત્ર શિક્ષાબોધ તરીકે જણાવ્યું હશે.

૪. અમારો ઉદય એવો છે કે એવી ઉપદેશવાત કરતાં વાણી પાછી ખેંચાઈ જાય છે. સાધારણ પ્રશ્ન પૂછે તો તેમાં વાણી પ્રકાશ કરે છે; અને ઉપદેશવાતમાં તો વાણી પાછી ખેંચાઈ જાય છે, તેથી અમે એમ જાણીએ છીએ કે હજુ તેવો ઉદય નથી.

૫. પૂર્વે થઈ ગયેલા અનંતજ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.

૬. જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.

૭. જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે, કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને

આવે નહીં.

૮. જ્ઞાનીપુરુષે કહેવું બાકી નથી રાખ્યું; પણ જીવે કરવું બાકી રાખ્યું છે. એવો યોગાનુયોગ કોઈક જ વેળા ઉદયમાં આવે છે. તેવી વાંછાએ રહિત મહાત્માની ભક્તિ તો કેવળ કલ્યાણકારક જ નીવડે છે; પણ કોઈ વેળા તેવી વાંછા મહાત્મા પ્રત્યે થઈ અને તેવી પ્રવૃત્તિ થઈ ચૂકી, તો પણ તે જ વાંછા જો અસત્પુરુષમાં કરી હોય અને જે ફળ થાય છે, તે કરતાં આનું ફળ જુદું થવાનો સંભવ છે. સત્પુરુષ પ્રત્યે તેવા કાળમાં જો નિઃશંકપણું રહ્યું હોય, તો કાળે કરીને તેમની પાસેથી સન્માર્ગની પ્રાપ્તિ હોઈ શકે છે. એક પ્રકારે અમને પોતાને એ માટે બહુ શોચ રહેતો હતો, પણ તેનું કલ્યાણ વિચારીને શોચ વિસ્મરણ કર્યો છે.

૯. મન, વચન, કાયાના જોગમાંથી જેને કેવળીસ્વરૂપભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જે જ્ઞાનીપુરુષ, તેના પરમઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઇચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી, આ પત્ર પૂરો કરું છું.

વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ ! ! !

પત્રાંક ૪૬૬મો. હવે નિવૃત્તિક્ષેત્રે આવ્યા છે. 'પેટલાદ'થી પત્ર લખે છે.

શ્રાવણ વદ પાંચમે એમ લખે છે કે થોડા દિવસ માટે મુક્ત થવું છે, નિવૃત્તિક્ષેત્રે જવું છે. પણ ક્યાં ક્યારે જવું એ નક્કી નથી. પણ ભાદરવા સુદમાં એટલે પંદર દિવસમાં નિવૃત્તિનો જે વિચાર ચાલ્યો છે એ અનુસાર નિવૃત્તિમાં આવી ગયા છે. સુદ છઠનો કાગળ 'પેટલાદ'નો છે. પછી 'ખંભાત'નો કાગળ છે. 'પેટલાદ'થી 'ખંભાત' ગયા છે. બધા બાજુ બાજુના જ ગામો છે.

**'જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોક્સી કરવી એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું.'** શું આમાં માર્ગદર્શન છે ? કે ગમે તેની પાસેથી ધર્મ માગવો નહિ. ધર્મ પ્રાપ્તિ અર્થે ગમે તેના ગ્રંથો વાંચવા નહિ, ગમે તેના વ્યાખ્યાનો સાંભળવા નહિ, એમ કહે છે. **'જેની પાસેથી ધર્મ...'** પ્રાપ્તિની ભાવના હોય. અથવા ધર્મપ્રાપ્તિને અર્થે શ્રવણ, વાંચન કરવું હોય તો સામે જેનું વાંચન, શ્રવણ કરવું છે એ ધર્મ પામ્યા છે કે નહિ એની પૂરી ચોક્સાઈ કરવી. ખાત્રી કરવી, પરીક્ષા કરવી, ચોક્સાઈ કરવી એનો અર્થ છે કે પરીક્ષા કરવી. **'એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું.'** સ્થિર ચિત્તથી એટલા માટે વિચારવું કે એમાં આત્માના હિત અને અહિત એવા પ્રયોજનનો સીધો સંબંધ છે. જો જીવ ઊંધી શ્રદ્ધા છે જેમની એવા જીવોને સાંભળે છે તો એને પણ એ શ્રદ્ધાના સંસ્કાર લાગી જાય છે.

આ વિષય ઉપર થોડી આપણે ત્યાં ચર્ચા ચાલી એક વખત. સાહેબ આપણે ત્યાં વાંચન ચાલે છે. વાંચન ચાલે છે એમાં તો બધા જ્ઞાનીઓ છે નહિ. તો સાંભળવું કે ન સાંભળવું ? આ પ્રશ્ન 'ગુરુદેવ'ની સમક્ષ ચર્ચા નીકળી. રાત્રિચર્ચામાં ચર્ચા ચાલેલી. જ્ઞાનીની આજ્ઞાએ એવી પ્રવૃત્તિ થતી હોય તો તે પ્રવૃત્તિમાં રહેવાનું મુમુક્ષુને અયોગ્ય નથી, અહિતકર નહિ થાય. પણ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવું જોઈએ. એમ વાત છે. કેમ ? કે એમાં કાંઈ વિચારભેદ થાય, એમાં કાંઈ સમજણ ફેર થાય તો એ જ્ઞાનીપુરુષ પાસેથી એનું નિરાકરણ મળે છે. એટલા માટે.

વળી તે તે જીવોને જ્ઞાનીપુરુષનો સંસર્ગ, સત્સંગ હોય છે, સમાગમ હોય છે, અંતરંગ પરિચય હોય છે એટલે પણ એમને ભૂલ નીકળી જવાની ઘણી સંભાવના છે. અને તે સત્સંગ છે, કોઈ ધર્મોપદેશકની વાત નથી. મુમુક્ષુઓને પણ ખ્યાલ છે કે આ કોઈ ધર્મના ઉપદેશક નથી. પણ સાથે મળીને સત્સંગ કરવાની ભાવનાથી બધાને સાથે મળવાનું થાય છે. એ પ્રકાર છે. પણ કોઈ ધર્માત્મા તરીકે કોઈનો સ્વીકાર કરવો હોય તો. આ વાત કોને લાગુ પડે છે ?

કોઈ એક વ્યક્તિ વિશેષમાં ધર્માત્મા તરીકેની સ્વીકૃતિ કરવી હોય, એ અંગેની ભક્તિ અને સમર્પણતા કરવી હોય ત્યારે મુમુક્ષુજીવે જેના પ્રત્યે એ પ્રકારના પરિણામ કરવાના વિચાર કરે છે એની એણે પરીક્ષા કરવી, ચોક્સાઈ કરવી, ખાતરી કરવી એ એની ફરજ થઈ પડે છે. ઘણા જીવો માને છે, બીજા જીવો પણ માને છે. સારા

સારા બુદ્ધિવાળા પણ માને છે. મોટા મોટા પંડિત પણ માને છે. જાણકાર માને છે. માટે એ જ્ઞાની છે એમ વિચારવા જેવું નથી. એણે પોતે પોતાની નજરથી સ્વતંત્રપણે એનો નિર્ણય કરવો ઘટે છે. જો એ સ્વતંત્રપણે નિર્ણય ન કરે તો એ બાબતમાં એને દરકાર નથી. જો ચોક્સાઈ ન કરે, જો પરીક્ષા ન કરે તો એને એટલી દરકાર લીધી નથી અને એ દરકાર નથી લીધી તો એને ઓળખાણ નહિ થાય. પરીક્ષા કરશે તો ઓળખાણ થશે. ઓળખાણ થશે તો જે બહુમાન આવશે એ વગર ઓળખાણે કોઈવાર આવવાનું નથી.

આ વખતે 'શ્રીમદ્જી'ના સમાજમાં એ પ્રશ્ન થોડો ચર્ચ્યો. એ લોકોને તો એવો પ્રતિબંધ છે કે 'કૃપાળુદેવ' સિવાય કોઈને માને નહિ. તો પછી એ 'કૃપાળુદેવ'ને બરાબર પકડી રાખ્યા છે. માટે ઓળખીને પકડી રાખ્યા છે એમ ગણાય કે ન ગણાય ? 'ઘાટકોપર'માં એજન્ડા ઉપર પ્રશ્ન લીધો હતો. સાથે જ્યારે બેસીએ છીએ ત્યારે સ્પષ્ટ થવું જરૂરી છે. ઓળખાણ બીજી વાત છે. જલ્દી તો સંમત ન કરે માણસ. એવું હોય કાંઈ ? 'કૃપાળુદેવ' આત્મજ્ઞાની છે. મહાપુરુષ છે. એ કેટલાક એથી આગળ માની લે છે એ તો વગર સમજે ઘણું માની લે છે પણ એમ નહિ આ તો મહાપુરુષ (તરીકે માને છે). (એમના પ્રત્યે) અર્પણતા છે. સમયની, શક્તિની, આર્થિક બાહ્ય પદાર્થોનું આપનું આ સમર્પણ છે. આપણે ઓળખતા નથી ને એમને એમ કરીએ છીએ એમ કેમ માનવું ? જ્ઞાનીપુરુષ જ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પછી એક દૃષ્ટાંત આપ્યો.

બે લાખ રૂપિયાનો હીરો ખરીદો પ્રસિદ્ધ કોઈ નામાંકિત ઝવેરી પાસે, તો બે લાખ રૂપિયા તમે ચુકવો છો માટે તમે હીરાના જાણકાર છો, એ વાત બરાબર છે ? હીરાના જાણકાર તો નથી. તો જાણકાર વગર બે લાખ રૂપિયા જેવી રકમ તમે આપી દીધી. તો વિશ્વાસ રાખીને આપી. વળી વધારે ચોક્સાઈ કરવા માટે કોઈ જાણકાર ઝવેરી હતા, કોઈ સંબંધી Government valuer એમાં પણ છે અત્યારે 'મુંબઈ'માં તો એ પણ છે. ભાઈ ! જરા આની કિંમત કરી આપો. એ રીતે પણ ચોક્સાઈ કરી લીધી. તો કોણે કરી ? જાણકાર તરીકે કોણે કરી ? બીજાએ કરી કે તમે કરી ? એમાં પણ તમે બીજા ઉપર જ આધાર રાખ્યો છે. તમારું પોતાનું જ્ઞાન એની અંદર કામ નથી કરતું એ વાત નક્કી થઈ. માટે પૈસા ચુકવીએ છીએ માટે આપણને ખબર

છે એ વાત ખોટી છે. આ હીરો છે (માત્ર) એટલી ખબર છે. કેટલી ખબર છે ?

એમ આ સત્પુરુષ છે એટલી ખબર છે. પણ કેવા સત્પુરુષ છે એ વાત તદ્દન બીજી છે અને સત્પુરુષ છે એ વાત તદ્દન બીજી છે. આ સોનાનો દાગીનો છે એમ ખબર છે પણ સોનાની પરખ જે હોય છે, કસોટી ઉપર ઘસનારને સોનુ કેવું હોય એ ખરીદનારને હોતી નથી. ભલે એ ખરીદનાર પૈસા આપે છે છતાં પણ એને એની પરખ નથી હોતી. પરખ બીજી ચીજ છે. આમાં ઓળખાણની વાત છે. ન્યાયથી બેસે. વાત તો બરાબર છે. ઓળખાણ બીજી વાત છે. પણ એ વાત થોડી વિચારી ન હોય એટલે એમ લાગે કે આ એક નવી વાત છે કે જે આપણા પ્રયોજનને સીધે સીધી લાગુ પડે છે. એમાં કુદરતી ૨૫૪ નંબરનો જે પત્ર ચાલ્યો ને એમાં એ વિષય ચાલ્યો હતો. મૂળ તો ચાલતા વિષય ઉપર એ વાત ચાલેલી.

૨૮૯મા પાને છે. એમાં વચ્ચેથી અધિક શું કહીએ પેરેગ્રાફ છે ને ? **'અનંત કાળે એ જ માર્ગ છે.' 'પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.'** હવે બીજા કારણની હાની કરવી એટલે શું ? એને મહાત્માના યોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. આ ઓળખવાની વાત આવી. સત્પુરુષના અલૌકિક સ્વરૂપને ઓળખવું. **'ઓળખવાની પરમ તીવ્રતા રાખવી,...'** એટલે વાત એના ઉપરથી ચાલી કે વિદ્યમાન સત્પુરુષ સજીવનમૂર્તિ કોઈ છે કે નહિ, એની તીવ્રતા કેટલી ? એ સંબંધીની તીવ્રતા હોય તો એ સંબંધીની ઓળખવાની વૃત્તિ કામ કરે અને તીવ્રતા હોય તો ઓળખાય નહિતર ઓળખાય નહિ. એમણે લખ્યું છે એ વાત.

**'તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે.'** જો ઓળખવાની પરમ તીવ્રતા હશે તો ઓળખાશે. નહિતર કહે, ઓળખવાની ઇચ્છા તો છે પણ ન ઓળખાય તો ? તો કહે છે, તીવ્રતા હોય તો ઓળખાય. તીવ્રતા ન હોય તો ન ઓળખાય. આ એક લીટીમાં પૂરેપૂરી લાઈનદોરી એમણે મૂકી દીધી છે. મુમુક્ષુના નેત્રો એટલે પાત્રતા-ઉત્કૃષ્ટ પાત્રતાવાળા જીવોને આવું જ્ઞાન, નેત્રો એટલે જ્ઞાન મહાત્માને ઓળખી લે છે. ગમે તે વેષમાં હોય, ગમે તે સંયોગમાં હોય, ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હોય એ એને ઓળખી લે છે. એના ઉપરથી એ વિષય થોડો વિસ્તારથી ચાલ્યો હતો.

મુમુક્ષુ :- હીરાની પરખ આવવી જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હીરાની પરખ આવવી જોઈએ. પરખ આવે તો હીરો છે એમ ખબર પડે. અને એ બધા હીરાને ઓળખે. અને જેટલા હીરા ન હોય એને પણ ઓળખે. બરાબર કે નહિ ? એમ જ્ઞાનીને ઓળખે તે બીજા જ્ઞાનીઓને પણ ઓળખે અને જે જ્ઞાનીઓ ન હોય એને પણ ઓળખે. એ બધું એમાંથી નીકળી જાય છે. અને એકવાર ઓળખે તો અવશ્ય એને એટલું બહુમાન આવે કે એ બહુમાન કરતાં એનો દર્શનમોહ અત્યંત મંદપણાને પામે, અત્યંત હીનપણાને પામે. અશક્ત થાય અને એને જ્ઞાનદશા પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે.

મુમુક્ષુ :- ભક્તિ કરતાં કરતાં જ્ઞાન થશે.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કોઈનું કામ કરે એ તો ક્યાં પ્રશ્ન છે. કોઈનું કોઈ કામ કરે એ તો પ્રશ્ન નથી. સાચી ભક્તિ કરનારો એમ સમજે છે કે પુરુષાર્થ તો મારે જ કરવાનો છે. સત્પુરુષ તો માર્ગ દર્શાવે છે પણ એ માર્ગે ચાલવાનો પુરુષાર્થ તો મારે કરવાનો છે. એ વાત એને પોતાને ભક્તિ કરનારને લક્ષમાં હોય છે. એમ વાત છે ખરેખર તો.

મુમુક્ષુ :- જ્ઞાનીને ઓળખવા જાય એમાં પોતાનો તરવાનો રસ્તો તો થઈ જ જાય ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાનો રસ્તો સાફ થાય છે. એટલે એમ કે પાત્રતા વગર ઓળખાણ થતી નથી. ઉત્કૃષ્ટ પાત્રતાનો એ વિષય છે. જઘન્ય પાત્રતામાં બીજાને તો જ્ઞાની ન ઓળખાય પણ જઘન્ય પાત્રતાવાળાને નથી ઓળખાતા. મધ્યમ પાત્રતાવાળામાં કોઈને ઓળખાય અને કોઈને ન ઓળખાય એવા બે પ્રકાર છે. જ્યારે ઉત્કૃષ્ટ પાત્રતાવાળાને તે ઓળખાય છે. આવી સ્થિતિ છે.

એ વાત એમણે (પત્રાંક) ૬૭૯માં જ્ઞાનીની વાણીની ચર્ચા કરી છે કે જ્ઞાનીની વાણી છે કે અજ્ઞાનીની વાણી છે. કેમ ખબર પડશે ? ઓળખાશે તો વાણી ઉપરથી ઓળખાશે. ચહેરા ઉપરથી ઓળખવાનો પ્રશ્ન છે નહિ. વાણીથી ભાષાની અભિવ્યક્તિ થાય છે. ભાવની અભિવ્યક્તિ થાય છે ભાષાથી. તો એ ભાષા ઉપરથી, વાણી ઉપરથી એમના ભાવોની ઓળખ અથવા પરખ કરવાનું એક વચ્ચે નિમિત્ત છે એ ભાષા છે અથવા વાણી છે. તો એ વાણીની ચર્ચામાં એ વાત લીધી છે એમણે. મધ્યમવાળા કોઈ (મુમુક્ષુ) ઓળખે, કોઈ ન પણ ઓળખે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ છે એ ઓળખી લે છે.

મુમુક્ષુ :– ... વાણી સ્પર્શે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. વાણી સ્પર્શે છે, પાત્રવાળાને વાણી સ્પર્શે છે. અને એ વાણી સ્પર્શે છે એટલે વાણી દ્વારા વ્યક્ત થતા ભાવોની જે અપૂર્વતા, એ અપૂર્વતા ભાસે છે. એ પણ એક વાણીની અપૂર્વતાનું લક્ષણ લીધું છે. છે તો ભાવોની અપૂર્વતા પણ એનો ઉપચાર વાણી ઉપર થાય છે કે આ વાણી પણ અપૂર્વ છે. એટલે એમણે 'આત્મસિદ્ધિ'માં પણ એ વાત લીધી કે 'અપૂર્વ વાણી પરમ શ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ.' જે જ્ઞાની સદ્‌ગુરુ છે એની વાણી અપૂર્વ હોય છે અને એ અપૂર્વ વાણીને પરમશ્રુત કહેવામાં આવે છે. આમાં પેરેગ્રાફના નંબર આપ્યા છે. નવ નંબર આપ્યા છે. બીજો.

**'જેની પાસેથી ધર્મ માગવો તેવા પૂર્ણજ્ઞાનીનું...'** પૂર્ણ એટલે યથાર્થ જ્ઞાનીનું, સાચા જ્ઞાનીનું. પૂર્ણ જ્ઞાની એટલે કેવળજ્ઞાની નહિ. પણ સાચા જ્ઞાનીનું. એમ. માર્ગાનુસારી નહિ. તેવા સાચા જ્ઞાનીનું **'ઓળખાણ જીવને થયું હોય ત્યારે...'** જુઓ ! ઓળખાણ શબ્દ લીધો. એનું **'ઓળખાણ જીવને થયું હોય ત્યારે તેવા જ્ઞાનીઓનો સત્સંગ કરવો...'** જો આ જ્ઞાનીપુરુષ છે એમ ઓળખાણ થાય તો અવશ્ય અવશ્ય એનો સત્સંગ કરવો. **'અને સત્સંગ થાય...'** અને સત્સંગ મળે. એ સત્સંગ ઇચ્છવો એ તો ઇચ્છવાની વાત થઈ. પણ થાય એટલે કે સત્સંગ પ્રાપ્ત થાય તો **'તે પૂર્ણ પુણ્યોદય સમજવો.'** એ વખતે એમ સમજવું કે આ જીવના ધન્ય ભાગ્ય છે કે આવા જ્ઞાનીપુરુષનો સત્સંગ પ્રાપ્ત થાય છે. એ એને પૂરે પૂરો પુણ્યોદય સમજવો. જગતના સર્વ પ્રકારના પુણ્યોદયથી આ એક વિલક્ષણ પ્રકારનો પુણ્યોદય છે કે જેમાં જ્ઞાનીપુરુષનો સત્સંગ પ્રાપ્ત થાય છે. બીજુ બધું મળે છે, આ એક ચીજ જગતમાં દુર્લભમાં દુર્લભ છે એમ ધ્યાન ખેંચ્યું છે.

**'તે સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો...'** એવો સત્સંગ પ્રાપ્ત થાય ત્યારે **'તે સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે...'** જે કાંઈ શિક્ષા આપે છે, શિખામણ આપે છે, ઉપદેશ આપે છે એ પોતે ગ્રહણ કરવો. માત્ર સાંભળી લેવો એમ નહિ, ધારણા કરી લેવો એમ નહિ. અથવા નથી સમજાતો માટે સમજી લેવો એમ નહિ. પણ ગ્રહણ કરી લેવો. સમજવું અને ગ્રહણ કરવું એ વચ્ચે ફરક છે. સમજણની અંદર પરલક્ષી સમજણમાં

સમજણ થાય છે. એનો દેખાવ સાચી સમજણ જેવો હોય છે પણ એ સમજણ ખરેખર સમજણ હોતી નથી. એ ગેરસમજણમાં આની સમજણમાં કાંઈ ખાસ ફરક નથી. પણ જે ગ્રહણ કરે છે એ સમજે છે એ ગ્રહણ કરે છે. યથાર્થ સમજે છે તે ગ્રહણ કર્યા વિના રહેતા નથી. કેમ કે ગ્રહણ કરવાને અર્થે સમજ્યો છે. સમજ્યો છે શું કરવા ? ગ્રહણ કરવાને અર્થે સમજ્યો છે. તો સમજ્યો અને ગ્રહણ ન કરે એ વાત એને બનતી નથી. એ વાત એને તરત જ ખ્યાલ આવે છે મારે ગ્રહણ કરવાની છે આ વાત. માત્ર સમજણમાં રાખવાની વાત નથી આ. એમ છે.

મુમુક્ષુ :- પરિણામની સાથે વણાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામની સાથે વણાઈ જાય છે. અથવા તે સમજણનો અમલ કરવાનો પ્રયત્ન ચાલુ થઈ જાય છે. જે સમજણ થઈ છે એ સમજણને ગ્રહણ કરવા માટેનો એનો પુરુષાર્થ છે, એનો ઉદ્યમ છે એ ચાલુ થઈ જાય છે. જ્યારે પેલા પરલક્ષી સમજણવાળાને સમજણ થઈ એટલે બસ, સમજાઈ ગયું મને. મને ખબર છે. મને સમજાણું. સમજાણું તો ખરું. આ પરિસ્થિતિમાં એ આવી જાય છે.

**'પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે જેથી...'** શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે એનું ફળ આવે છે કે **'જેથી કદાગ્રહ, મતમતાંતર, વિશ્વાસઘાત અને અસત્ વચન એ આદિનો તિરસ્કાર થાય; અર્થાત્ તેને ગ્રહણ કરવાં નહીં.'** શું કહે છે ? કે જેને લઈને કદાગ્રહ, ધર્મ સંબંધીનો પોતાની માન્યતાનો આગ્રહ. ધર્મ સંબંધી પોતે કાંઈ પણ માન્યતા પકડી રાખી હોય, પૂર્વગ્રહ હોય એ ન છૂટે ત્યારે એને કદાગ્રહ કહેવામાં આવે છે. ભૂતકાળની માન્યતા ન છૂટે એને કદાગ્રહ કહે છે.

**'મતમતાંતર...'** એટલે ખંડમંડનની પ્રવૃત્તિમાં આવી જાય છે. એ પ્રકાર પણ જ્ઞાનીપુરુષના ઉપદેશને પ્રાપ્ત હોય એ જીવો ખંડનમંડનની પ્રવૃત્તિમાં આવતા નથી. **'વિશ્વાસઘાત..'** બીજા પ્રત્યે વિશ્વાસ જેણે મૂક્યો હોય એ વિશ્વાસનો ગેરલાભ લેવા ઇચ્છે ત્યારે એને વિશ્વાસઘાત કહેવામાં આવે છે. એવો વિશ્વાસઘાત. કેમ કે પરસ્પર ધર્મના ક્ષેત્રમાં આવેલા જીવો વિશ્વસનીય હોય છે. આ પણ ધર્મ કરવા આવ્યા છે, આ પણ ધર્મ કરવા આવ્યા છે. તો સારા માણસ હોય એ અહીંયા જ બધા આવે. ધર્મ કરવાના ઇચ્છુક જ બધા અહીંયાં આવે. એટલે તેના ઉપર વિશ્વાસ રાખે. એ વિશ્વાસની વિરુદ્ધ પ્રવૃત્તિ થાય. વિશ્વાસનો ઘાત થાય એવી પ્રવૃત્તિ થાય એ

જ્ઞાનીપુરુષના શિક્ષાબોધવાળાને બનતું નથી. એમ કહેવું છે. જેણે જ્ઞાનીપુરુષમાંથી શિક્ષા ગ્રહણ કરી છે એને એ પ્રકાર આવતો નથી. અને **'અસત્ વચન...'** એટલે ખોટું બોલે, ખોટી વાત કરે એ આદિનો તિરસ્કાર થાય. એવા પ્રકારના પરિણામ છૂટી જાય અથવા એને ગ્રહણ કરે નહિ.

**'મતનો આગ્રહ મૂકી દેવો.'** મત છે એને જાણવો પણ એનો આગ્રહ રાખવો એ બીજી વાત છે. એનો **'આગ્રહ મૂકી દેવો.'** એમ વાત છે. દિગંબરનો આગ્રહ રાખવો કે ન રાખવો ? ભાઈ ! દિગંબરનો આગ્રહ રાખવાવાળાએ શું કર્યું ? અરિહંત ભગવાનની સ્થાપનાનો નિષેધ કર્યો. અમે દિગંબર છીએ, અમારા દિગંબરમાં આવું ચાલે નહિ. એ લોકોને એમ કહેવું હતું કે વર્તમાનની જ સ્થાપના થાય. ભવિષ્યની સ્થાપના ન થાય. થઈ ગયેલાની સ્થાપના થાય. પ્રથમ સીમંધર ભગવાનની સ્થાપના થઈ 'સોનગઢ'માં ત્યારે વિરોધ કર્યો હતો દિગંબરોએ. કે જે થઈ ગયા હોય એની સ્થાપના થાય. વર્તમાનની ન કરાય. પછી એ વળી ટાઢું પડ્યું અને કુદરતી બયાના ગામમાં ૪૦૦-૫૦૦ વર્ષ જૂના પ્રતિમા નીકળ્યા.

વળી આ બીજો પ્રસંગ આવ્યો ભાવિ તીર્થંકરનો. તો કહે વર્તમાન અને ભૂતકાળના થાય, ભાવિના ન થાય. કુદરતી આપણી પાસે પુસ્તક હતું એમાં (એક સાધુના સાનિધ્યમાં) મધ્યપ્રદેશની અંદર ત્રણ ચોવીસ ભગવાનની સ્થાપના થયેલી. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળની. એમાં પાછો ફોટો હતો. શ્રીમંત માણસ હોય તો એનો ફોટો પણ હોય ને ! અને એમાં એમ લખ્યું હતું કે આ તો અમારું ગૌરવ છે કે અમે ભવિષ્યના ચોવીસ તીર્થંકરોની સ્થાપના કરીએ છીએ. જે કોઈ નથી કરતું એવું અમે કરીએ છીએ. એ અમારું ગૌરવ છે. એટલે (એમને) વંચાવ્યું. વાંચો. આ તો તમારું જ કામ છે. એમના ભાઈ થાય. નાના ભાઈ, સગા નાના ભાઈ થાય. સગા નાના ભાઈ થાય. પણ લૌકિકમાં એ આગળ હતા. એમને થયું કે આ ભારે પૂરાવો છે આ લોકોની પાસે. અને બીજો એક પૂરાવો પુરાણની અંદર શાસ્ત્રનો શ્લોક છે આચાર્ય મહારાજનો કે ભરત મહારાજાએ ત્રણ ચોવીસીની સ્થાપના કરેલી.

મુમુક્ષુ :- કૈલાસ પર્વત ઉપર.

પૂજ્ય ભાઈશ્રી :- કૈલાસ પર્વત ઉપર કરેલી હતી. એ શ્લોકમાં છે પાછું. એનો માગધિમાં કે સંસ્કૃતમાં પાછો આચાર્ય મહારાજનો શ્લોક છે. એમ નથી કે કોઈ કથા

જોડેલી છે એવું નથી. ખુદ આચાર્યદેવે લખેલું છે. ત્યારે તો પચ્ચીસ જ તીર્થંકર થયેલા. 'ભરત' મહારાજાએ જ્યારે સ્થાપના કરેલી ત્યારે આ અડતાલીસ થયેલા એમ નહિ. પચ્ચીસ જ થયેલા. અને વર્તમાનમાં 'ઋષભદેવ' ભગવાન એક જ થયેલા. હજી આ ચોવીસીના પણ ત્રેવીસ બાકી હતા અને આવતીના પણ ચોવીસ બાકી હતા. એમ ૪૭ બાકી હતા. તો એ ૪૭ની સ્થાપના કરી હતી. એ શ્લોક મળે છે પુરાણમાંથી. અને આચાર્યનું રચેલું પુરાણ છે. અમે કહ્યું, આ તો શાસ્ત્રોક્ત વિષય છે અને એ જ શાસ્ત્રોમાંથી આ વિષય ચાલ્યો છે. માટે એ બધું સમજી વિચારીને કરવામાં આવે છે. એથી વિરુદ્ધ વાત કોઈ શાસ્ત્રમાં હોય તો તમે દર્શાવો. આપણે જે જગ્યા ખુલી છે કે આવું ન હોય એવું ક્યાંય વિધાન છે ? છે, એનું વિધાન છે. ન હોવાનું વિધાન છે ? તો બે પરસ્પર વિધાન, વિરુદ્ધ વિધાન તો સત્શાસ્ત્રમાં હોઈ શકે નહિ. કેવી રીતે નીકળે ? ખ્યાલ તો આવી ગયો હતો એ લોકોને કે આ લોકો બહુ ઊંડા ઉતરેલા છે. એમને એમ અધ્ધરથી કોઈ વાત ઉપાડી લે છે એવું નથી. પૂરો વિચાર કરીને આ બધી વાતો થઈ છે. ખ્યાલ તો આવી ગયો પણ હવે કદાગ્રહ છે, આગ્રહ છે, એ જુદી વસ્તુ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો હા પાડતા હતા કે આગમ વિરુદ્ધ નથી પણ આગમમાં આધાર મળતો નથી. આગમના આધાર પણ બતાવ્યા. પછી તો કાંઈ વાત નહોતી. પછી સમાધાન કરવાની વાત છે. પછી કહે, આપણે સમાધાન કરીએ, બાંધછોડ કરીએ. બાંધછોડમાં કહે, ભાઈ ! તમે ઘાતકીખંડ કાઢી નાખો. પહેલા કહે મહાવિદેહ કાઢી નાખો. મહાવિદેહ ઘાતકીખંડ એટલી વાત આપણે લખી છે. તો કહે મહાવિદેહ કાઢી નાખો. મહાવિદેહ તો જૈન શાસ્ત્રોમાં છે. જૈન શાસ્ત્ર સિવાય મહાવિદેહક્ષેત્રનો ઉલ્લેખ (બીજે) ક્યાંય નથી. જૈનોએ તો એનો નિષેધ ન કરવો જોઈએ. છતાં પણ ચાલો કાઢ્યું. તમે એ રીતે પણ શાંત થતા હો તો એમ. તો કહે, હવે ઘાતકીખંડ કાઢી નાખો. એટલે અમે એમ કહ્યું કે ભાઈ ! હવે જો અમે (એ) કાઢી નાખીશું તો ત્રીજી વાત કાંઈક આવશે. આ કોઈ વાત કરવાની પદ્ધતિ નથી. તમે જે વાત કરો એ પહેલેથી સમજીને કરો કે આપણે સમાધાન કેમ કરવું છે. અમે સ્વીકારી લઈએ એટલે વળી નવી શરત આવે. વળી સ્વીકારી લઈએ એટલે વળી નવી શરત આવે. આ તો એના

જેવી વાત થશે. એવી રીતે તો અમે કોઈ તમારી સાથે સમાધાન કેવી રીતે કરીએ ? પદ્ધતિ જ બરાબર નથી. પછી છોડી દીધું. વગર સમાધાને વયા ગયા. ત્યાં સુધી વાત પહોંચી હતી. (એ લોકો આવ્યા ત્યારે) ત્યાં સુધી વાત પહોંચી હતી.

મુમુક્ષુ :– ત્યારે એ સમાધાન થઈ ગયું ? અત્યારે પણ આપણાવાળા એને આગમવિરૂદ્ધ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સમજણ વગર તો ગમે તે વાત કરી શકે છે. સમજણ કરે કે સમજીને, જાણીબુઝીને કરે એ તો સ્વતંત્ર છે ગમે તે વાત કરવા માટે.

આપણે તો એટલો વિષય વિચારવો છે કે જે મતનો આગ્રહ છે એ શેમાંથી થાય છે ? કે અમે દિગંબર છીએ. અમે મૂળ દિગંબર છીએ. માટે અમારું કહેવું તમારે માનવું જોઈએ. કેમ કે તમે મૂળ દિગંબર નથી. એ મતનો આગ્રહ છે, દિગંબર મતનો આગ્રહ છે એમ કહે છે. ક્યાંથી ક્યાં દોષ જન્મે છે ? મતાગ્રહમાંથી દોષ જન્મે છે એ કેવી રીતે જન્મે છે એ એક દૃષ્ટાંતથી વિચારવું છે. ટીકા ટીપ્પણીનો વિષય નથી. શું થાય છે એની અંદર ? ભૂલ કેવી રીતે થાય છે ? એવી જ રીતે થાય. અમે મૂળ 'કાનજીસ્વામી'વાળા, તમે નવા આવેલા. અમે તો પહેલેથી છીએ. અમે તો મૂળ છીએ. અમે તો જૂના છીએ. અમારા બાપ-દાદાના વખતના છે. અને આ નવા આવેલા છે. આમાં એવું નથી ચાલતું. આમાં કાલનો આવેલો પામી જાય અને જૂના બધા રહી જાય. એવી વાત છે. અને આવી ભૂલ કરે તો રખડતા રહી જાય એવી પરિસ્થિતિ થાય. એટલે આમાં નવા-જૂનાનો પ્રશ્ન નથી, આમાં મૂળ ઉત્તરનો પ્રશ્ન નથી. ધર્મ એવી ચીજ છે કે જે કરે તે પામે. ન કરે તે ન પામે. સીધે સીધી વાત છે.

મુમુક્ષુ :– સો વર્ષ પહેલા લખી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'અમદાવાદ'માં હમણાં એક મૂળ દિગંબર મળ્યા. (મને કહે), ચર્ચા કરવી છે તમારી સાથે. બેઠા હતા અડધી કલાક-પોણી કલાક બેઠેલા. એક દિવસ સાંભળવા આવેલા. થોડું વાચ્યું, વિચાર્યું હોય ધાર્મિક વિષય ઉપર. તો પહેલા કહે, બ્રાહ્મણ લોકો છે એ ધર્મ પરિવર્તન કરે છે. 'ગૌતમ સ્વામી' પણ બ્રાહ્મણ હતા અને ધર્મ પરિવર્તન કર્યું હતું. એટલે ધર્મપરિવર્તન કરવાનું બ્રાહ્મણોની અંદર પણ એક પ્રકૃતિગત એક સ્વભાવગત છે એ જાતિમાં. તમે પણ બ્રાહ્મણ લાગો છો અને ધર્મપરિવર્તન કર્યું લાગે છે. મેં કીધું, ના, ના હું બ્રાહ્મણ નથી. હું પણ વૈશ્ય જ છું.

એટલે એમ કે એ તો ધર્મ પરિવર્તન કર્યું એ કોઈ મોટી વાત નથી. એ તો બ્રાહ્મણો ઘણા કરે છે. પણ હવે એ તો હશે કોઈ. હું તો વૈશ્ય છું એમ કીધું. હું જાતિથી બ્રાહ્મણ નથી. પહેલા તો એની એક (એવી) ગણતરી હતી એમાં થોડો ફેર પડ્યો. કે ભાઈ ! બ્રાહ્મણ હોય એ ધર્મપરિવર્તન કરે, એમાં જૈન થઈ ગયા એટલે શું થઈ ગયું ?

પછી એમ કહે કે શ્રદ્ધા કોઈ ગુણની પર્યાય નથી. આત્માની પર્યાય છે. એવા બધા પોતાની મેળે શાસ્ત્રો વાંચ્યા હોય એટલે અનેક રીતે કલ્પનાથી વિચાર્યું હોય એવું લાગે. પુણ્યને ઉપાદેય ન કહો તે બરાબર છે. પણ બહુ પુણ્ય કેરા પૂંજથી મનુષ્ય થાય છે માણસ. ત્યારે તો એ સારી રીતે ધર્મ સાધી શકે છે. માટે હેય ન કહો. પુણ્યને ભલે ઉપાદેય ન કહો એ વાત તો મને ઠીક લાગે છે કે આપણે ઉપાદેય ન કરીએ પણ હેય કહીએ એમાં તિરસ્કાર વૃત્તિ આવી જાય છે. એ તિરસ્કાર વૃત્તિ તો યોગ્ય નથી, એમ કહે. વાત એવી છે કે એમાં મલીનતા છે એનું કારણ એ છે. એનું હેયપણાનું કારણ મલીનતા છે, એમાં દુઃખ છે અને આત્માના સ્વભાવથી વિપરીતતા છે, વિરુદ્ધતા છે. એટલે એનું હેયપણું શાસ્ત્રની અંદર આવે છે. મૂળ દિગંબર હતા. 'સમયસાર'માં પુણ્ય-પાપ અધિકારમાં એને કુશીલ કહ્યું છે. એ એમને ખબર હતી. તો કહે એ કુશીલ કેમ કહ્યું ? એ મને નથી બરાબર લાગતું. એ તો આચાર્યદેવે કહ્યું છે ને. આચાર્યદેવે કહ્યું છે. આચાર્યોના આધાર તો સ્વીકારવા જોઈએ. અમુક વર્ષ પછીના આચાર્યોમાં આમ હતું અને પછીના, પહેલાના આચાર્યોમાં આમ હતું અને આમ હતું ને. મેં કીધું, આ તો પુરાણા આચાર્ય છે. અને કોઈપણ સમયના આચાર્ય હોય, ભાવલીંગી સંત હોય એટલું જ વિચારવાનું હોય છે. સમયનો વિચાર કરવાનો રહેતો નથી.

પણ કેવી કેવી રીતે પોતાના અભિપ્રાય સાથે કોઈ વાત ન મળતી હોય અને એ અભિપ્રાયનો આગ્રહ થાય તો કેવા કેવા પ્રકાર આગ્રહના ઉત્પન્ન થાય છે. આ તો એક સમજવા માટેનો વિષય છે. આવી રીતે આગ્રહ જીવને થાય છે. મૂળમાં એ વાત હોય છે કે અમે મૂળ દિગંબર. આ બધા તો પાછળથી Convert થયેલા છે. અમે મૂળ દિગંબર છીએ. એમાંથી અનેક પ્રકારના દોષની ઉત્પત્તિ થાય છે. એ આચાર્યનો પણ નિષેધ કરી બેસે, અરિહંતનો પણ નિષેધ કરી બેસે. ક્યારે કોનો

નિષેધ કરી બેસે કાંઈ કહેવાય નહિ. જ્ઞાનીપુરુષોનો પણ નિષેધ કરે છે.

એટલે **'મતનો આગ્રહ મૂકી દેવો.'** એમ કહે છે. આગ્રહ મૂકી દેવો. એમાં શું એક વિશેષતા થાય છે કે કોઈ સાચી વાતને ન માનતા હોય અથવા સાચા મતને ન સ્વીકારતા હોય ત્યારે એને એમ થાય કે ભાઈ ! એની કોઈ યોગ્યતા એવી છે અને એનું ફળ તો એને જ મળવાનું છે, પોતાને તો કાંઈ મળવાનું નથી. મારે એના માટે શું આગ્રહ રાખવો ? છોડી દો એ વાતને.

**'આત્માનો ધર્મ આત્મામાં છે.'** આત્માનો જે ધર્મ છે એ આત્માની બહાર નથી એટલે આત્માની બહાર આત્માનો ધર્મ કરવાનો કોઈ પ્રકાર નથી કે આત્માના ધર્મ આત્માની બહાર કરીએ જેથી કાંઈ બીજી ગડબડ ઊભી ન થાય. **'આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મત્વપ્રાપ્તપુરુષનો બોધેલો ધર્મ આત્મતામાર્ગરૂપ હોય છે.'** જેણે આત્માપણું પ્રાપ્ત કર્યું એવા પુરુષે એ ધર્મ બોધ્યો તો એમાં આત્માપણું, એમાં આત્માપણું પ્રાપ્ત થાય એવો માર્ગ હોય છે. એવા માર્ગરૂપે, આત્માપણું પ્રાપ્ત થાય એવા ઉપાયરૂપે હોય છે. માર્ગ એટલે ઉપાય. એવા ઉપાયરૂપે એ ધર્મ હોય છે અને એ ઉપાયને આત્મહિત માટે અંગીકાર કરવો. **'બાકીના માર્ગના મતમાં પડવું નહીં.'** આત્મહિત થાય એ સિવાયના માર્ગમાં કે મતમાં ક્યાંય પડવું નહિ. અહિત કરવું હોય તો બીજી વાત છે. નહિતર પડવા જેવું નથી. એ રીતે એ વાત અહીંયાં પૂરી કરી છે.

યથાર્થ ઉપકારી અમૃતપાન દાતાર પુરુષ પ્રત્યક્ષ પ્રત્યે અનન્ય ભક્તિરૂપ એકત્વભાવના મુમુક્ષુજીવને ઉત્કૃષ્ટ આત્મશુદ્ધિનું કારણ છે. તેથી તેમના સમાગમની નિરંતર કામના રહ્યા કરે છે.

(અનુભવ સંજીવની-૧૧૦૦)

## તા. ૧૨-૭-૧૯૯૦, પત્રાંક – ૪૬૬
## પ્રવચન નં. ૧૭૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર ૪૬૬. પાનું ૩૮૨.

ત્રીજો પેરેગ્રાફ. પહેલા બે પેરેગ્રાફમાં સંક્ષેપમાં એ વિષય ચાલ્યો કે જેની પાસેથી ધર્મ માગવો તેની પરીક્ષા કરવી, પૂરેપૂરી ચોક્સાઈ કરવી. અને જો જ્ઞાનીપુરુષની ઓળખાણ થઈ હોય તો તેનો સત્સંગ કરવો અને સત્સંગ કરતાં મુખ્ય દોષ જે કદાગ્રહાદિ છે તે છોડવા. પોતાને એક આત્માર્થ સાધવો છે. અને જેણે આત્મા સાધ્યો છે એવા સત્પુરુષના સત્સંગથી સાધવો છે, એણે તે એક જ લક્ષ રાખવું અને બાકીના માર્ગમાં અથવા મતમાં પડવું નહિ.

ત્રીજો પેરેગ્રાફ **'આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી કદાગ્રહ, મતમતાંતરાદિ દોષ ન મૂકી શકાતો હોય તો પછી તેણે છૂટવાની આશા કરવી નહીં.'** સત્ય માર્ગ પોતે ગ્રહણ કરવો છે, સત્ય માર્ગે પોતે ચાલવું છે અને એ પોતાના અંગત વ્યક્તિગત કાર્યનો ફરજનો વિષય છે. જ્યાં સુધી પોતે ધર્મ ન સાધે ત્યાં સુધી એ વિષયની અંદર આગ્રહે કરીને બીજા જીવોને ફરજ પાડે, બીજા જીવો સાથે એ સંબંધી વાદ-વિવાદ, તકરાર કે કષાયના પરિણામ ઉત્પન્ન થાય એવા પ્રકારમાં મુમુક્ષુ જીવે આવવું જોઈએ નહિ.

જેમ કે કોઈ આત્માર્થી જીવ છે એને સત્ય માર્ગનો ખ્યાલ આવ્યો. જગતમાં અનેક મત ધર્મ સંપ્રદાય છે, એમાં ઘણા જાળાવાળા છે પણ એકલા સત્ય શોધનારને આત્મકલ્યાણનો ત્રણે કાળે જે એક જ ઉપાય હોય છે, બે ઉપાય હોતા નથી, એવો એક ઉપાય સમજાય તો એ ઉપાય તરફ એ પોતે પોતાના પરિણામને દોરી જાય છે. એ ઉપાયને સાધે છે, એ માર્ગને અંગીકાર કરે છે અને પોતાનું આત્મકલ્યાણ કરે છે. એવો ખ્યાલ આવ્યા પછી અને હજી આત્મકલ્યાણ પ્રાપ્ત નથી થયું. હજી

મુમુક્ષુની દશામાં છે. એને મતમતાંતરમાં પડવું યોગ્ય નથી. પોતાના માટે પોતાનો માર્ગ નક્કી કરી લેવો. બીજાની સાથે એણે મતમતાંતર અને આગ્રહ સેવવા જતા એ કાર્ય પોતાની ભૂમિકાની બહારનું થઈ જતું હોવાથી પોતાને નુકસાનનું કારણ થશે. એટલા માટે મુમુક્ષુઓને એ વિષયથી દૂર રાખ્યા છે.

મુમુક્ષુ :– બહુ સારી treatment છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સારું માર્ગદર્શન છે. સત્ય માર્ગ તમે નક્કી જરૂર કરો, સત્ય માર્ગની શોધ કરો, સત્ય માર્ગનો નિર્ણય કરો અને સત્ય માર્ગે ચાલો. એમાં કોઈ એમ નથી કહેતું કે તમે બધાને માનો. અને બધા સાચા છે એમ ચાલો. સર્વધર્મ સમન્વય. એમ વિષય નથી. માર્ગ ત્રણે કાળે પરમાર્થનો એક જ છે. બે માર્ગ નથી. અને તે એક માર્ગ કયો એ આ જીવે પોતાના હિત અર્થે નિર્ણય કરવો જરૂરી છે અને એ રસ્તે ચાલવું એને આવશ્યક છે. પણ એમ કરવા જતાં બીજાઓની સાથે મતમતાંતરમાં અને કદાગ્રહમાં ઉતરવાનું થાય એ વાત મુમુક્ષુની ભૂમિકાની બહારની ચીજ છે. એ ભૂમિકા એની નથી, એ એનું કામ નથી. એમ કરવા જતાં એ માર્ગના બદલે કોઈ એક મતમાં ચાલ્યો જશે. માર્ગના બદલે એ એક સંપ્રદાયમાં ચાલ્યો જશે.

જીવે–મુમુક્ષુજીવે એ વિચારવું જરૂરી છે કે મારે માર્ગે ચાલવું છે કે મારે સંપ્રદાયમાં ચાલવું છે ? આ બે વચ્ચેની ભેદરેખા પણ સમજવી જરૂરી છે અને નહિતર જેમ અનેક સંપ્રદાયો થયા એમ આપણો પણ એક સંપ્રદાય થઈ પડશે. કે આ કોનો સંપ્રદાય ? કે 'કાનજીસ્વામી'ના અનુયાયીઓનો સંપ્રદાય. આ કોનો સંપ્રદાય ? કે 'શ્રીમદ્ રાજચંદ્ર'ના અનુયાયીઓનો સંપ્રદાય. અને એક સંપ્રદાયે બીજા સંપ્રદાય સંબંધીનો મત બાંધી લીધો હોય છે કે આ તો આવા જ છે. એક પૂર્વગ્રહ અથવા અભિપ્રાય પાકો થઈ જાય છે કે ફલાણા તો આવા જ છે. એ એવા છે એનો અર્થ કે આપણે એવા નથી. એના કરતાં કાંઈક સારા છીએ. માટે આપણી કક્ષા ઊંચી છે, એની કક્ષા નીચી છે. અને આપણા સંપ્રદાય બહાર આપણે જવાય નહિ. હમણાં હમણાં બે જગ્યાએ જવાનું થયું. કોઈએ કહ્યું કે તમે 'શ્રીમદ્'ના સંપ્રદાયમાં કેમ જવા માંડ્યા ? 'શ્રીમદ્વાળા'માં કેમ જાવ છો ? આપણે તો 'ગુરુદેવ'નું બહુમાન કરવું જોઈએ.

મુમુક્ષુ :– 'શ્રીમદ્'માં ભળી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– 'શ્રીમદ્'માં ભળી ગયા. ત્યાંથી કોઈ અહીંયાં આવે તો એમ

કહે કે આ તો 'કાનજીસ્વામી'માં ભળી ગયા. વાત એમ છે કે સંપ્રદાય ચલાવવાનો છે કે માર્ગ ચલાવવાનો છે ? આ વાત વિચારવી વધારે જરૂરી છે. જો સંપ્રદાય ચલાવવાનો હોય તો જે સંપ્રદાયની સ્થિતિ થઈ છે એ સ્થિતિ આપણી થયા વિના નહિ રહે. માર્ગ ચલાવવો જુદી વાત છે, સંપ્રદાય ચલાવવો તદ્દન જુદી વાત છે.

સંપ્રદાયમાં સંકુચિતબુદ્ધિ ઊભી થાય છે અને એ સંપ્રદાયના કુંડાળામાંથી બહાર નીકળે એવું ભાગ્યે જ કોઈને બને છે. અને પછી એ ભલે ગમે તે મતમાં હોય તો પણ એ મતવાળો કાંઈ સમજતો નથી. 'મતમદિરા કે પાન સે મતવાલા સમજે ન.' કાંઈ નથી સમજતો એ. એ મતની એક મદિરા ચડે છે. મદિરાપાન જેવો એ નશાનો વિષય છે. એ બીજું કાંઈ જોઈ શકતો નથી, વિવેક કરી શકતો નથી, એ કાંઈ સમજતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધાંત બરાબર ગ્રહણ કરવા. સિદ્ધાંતમાં બાંધછોડ કરવી નહિ. અને સિદ્ધાંતમાં અડગ રહેતા કોઈને કાંઈ પણ લાગે તો એ ખાતર પોતે સિદ્ધાંતની અંદર બાંધછોડ કરવી પડે, કોઈને ઠીક લગાડવા. કોઈને ઠીક ન લાગતું હોય તો પણ એને ઠીક લગાડવા, એ, માર્ગે ચાલનારનું કામ નથી. એ સંપ્રદાયવાળાનું કામ છે.

**'આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી કદાગ્રહ,...'** એટલે પોતાના મત સંબંધીનો આગ્રહ અને **'મતમતાંતરાદિ...'** એટલે બીજાના મતનું ખંડનમંડન આદિ એ પ્રકારનો આગ્રહ. એ **'દોષ ન મૂકી શકાતો હોય તો પછી તેણે છૂટવાની આશા કરવી નહીં.'** એને પછી બંધનમાં જ પડવું છે હાથે કરીને, બંધાવું છે પોતે હાથે કરીને, એને કોણ છોડાવી શકશે ? એણે છૂટવાની આશા કરવી નહિ.

મુમુક્ષુ :- આનો અર્થ એ થયો કે તત્ત્વને સમજ્યો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સમજ્યો જ નથી તત્ત્વને.

'શ્રીમદ્જી'ને ખબર નથી કે 'સોભાગભાઈ'ની શું માન્યતા છે ? એક જગ્યાએ એમ પૂછ્યું છે કે આત્મા એક છે કે અનેક છે ? વેદાંત એક પરમબ્રહ્મને એક આત્માને માને છે. જૈન અનંત આત્માને માને છે. આત્મા એક છે કે આત્મા અનેક છે ? એવો એક પ્રશ્ન પૂછ્યો છે ત્યારે એમ જવાબ દીધો છે કે આત્મા એક માનો કે આત્મા અનેક માનો એથી કોઈ કામ થઈ જતું નથી. પણ તમે આત્મહિત કેમ થાય એ પહેલો

વિચાર કરો. પત્ર મળે તો જોઈએ. નવાઈ લાગે આપણને કે આવો જવાબ આપ્યો છે ! આમાં ખુલાસો શા માટે નહિ કર્યો હોય ?

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'ના પત્રો વાંચતા પત્રે પત્રે નવાઈ જેવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અને ન સમજાય એવી ઘણી વાતો લાગે કે આવું, આમ કેમ કર્યું હશે ? પણ બધું બહુ સમજીને કર્યું છે. બહુ જ. ૫૧૩ નંબર. નીચેનો પેરેગ્રાફ છે. પાનું ૪૧૪. જુઓ !

**'વેદાંત અને જિન સિદ્ધાંત એ બેમાં કેટલાક પ્રકારે ભેદ છે.'** એટલે બે એક છે એ તો ના પાડે છે. વેદાંત અને જિન સિદ્ધાંતમાં કેટલોક તફાવત છે, અવશ્ય વાત છે. બે વાત એક નથી. **'વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે.'** આખા જગતમાં એક બ્રહ્મ સિવાય બીજી સ્થિતિ જ નથી. **'જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે. 'સમયસાર' વાંચતાં પણ કેટલાક જીવોને એક બ્રહ્મની માન્યતારૂપ સિદ્ધાંત થઈ જાય છે.'** આ સાંખ્યનો સિદ્ધાંત છે. ઘણા 'સમયસાર' વાંચીને એમ કહે છે કે અમારું સાંખ્ય આમ જ કહે છે. તમારું 'સમયસાર' કહે છે એ અમારું સાંખ્ય કહે છે. એમ ઘણાને માન્યતા થઈ જાય છે.

એવું 'રાજકોટ'માં બન્યું હતું. 'ગુરુદેવ' 'સમયસાર' વાંચે તો કોઈ અન્યમતિઓ આવતા હશે. પછી કહે સાહેબ ! બરાબર છે. સાંખ્યમાં આ જ વાત છે. આપ કહો છે એ જ સાંખ્યની અંદર વાત છે. 'ગુરુદેવ' કહે નહિ, ભાઈ ! ફેર છે એમાં. એ ફેર સમજવો જોઈએ. એમાં ફેર છે. પણ એમ થઈ જાય છે.

**'સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે.'** સિદ્ધાંતનો વિચાર ક્યારે કર્તવ્ય છે ? એમ ને એમ સીધું કરવા માંડે છે. **'ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે.'** સિદ્ધાંતમાં તો સીધી વાત આવશે કે આત્મા દેહથી ભિન્ન છે. દેહ આત્માનું કાંઈ કરે નહિ, આત્મા દેહનું કાંઈ કરે નહિ. અને એક જીવ બીજા જીવનું પણ કાંઈ કરે નહિ. કોઈને સુખી કરે નહિ, કોઈને દુઃખી કરે નહિ. પછી ફાવતું લે. વાત તો બેય છે. છતાં ફાવતું લઈ લે. બીજાને દુઃખ થાય એવા પરિણામ કરે અને એમ કહે કે હું ક્યાં બીજાને દુઃખી કરી શકું ? એ તો એના

કારણે થાય છે. શું કરે છે ? એ તો એના કારણે થાય છે. તેં તારું કારણ તો વિચાર્યું નથી. એના કારણને સીધો ક્યાં વળગે છો ? એમ જીવ વૈરાગ્ય, ઉપશમથી હીન થઈ જાય છે.

**'એક બ્રહ્મસ્વરૂપ, વિચારવામાં અડચણ નથી,...'** ઠીક. આવું કહે ? શું કહ્યું ? **''એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી,...'** જોકે અલ્પવિરામ રાખ્યું છે અહીંયાં. **'અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી, માત્ર તમને અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્તવ્ય છે;...'** તમારું સ્વરૂપ જાણો એમાં આવી ગયું. કે તમારું એટલે બીજાનું નહિ. તમારું સ્વરૂપ જાણો એમાં એક બ્રહ્મસ્વરૂપ હોય તો તમારું જાણવું એમ ક્યાં વાત રહી ? તમે તમારું સ્વરૂપ જાણો. જો બધું એક બ્રહ્મસ્વરૂપ હોય તો એવો વ્યવહાર ન કરી શકાય. કે ભાઈ ! એક બ્રહ્મસ્વરૂપને જાણોને કોઈ તમારું-મારું સ્વરૂપ જુદું છે જ નહિ એમ કહેવું પડે એમને કે મારું સ્વરૂપ અને તમારું સ્વરૂપ જુદું નથી. બધું એક બ્રહ્મસ્વરૂપ છે. છતાં પોતે પછી વાત એમ નાખી કે **'મુમુક્ષુને પોતાનુ સ્વરૂપ જાણવું એ મુખ્ય કર્તવ્ય છે;...'**

**'અને તે જાણવાનાં સાધન શમ, સંતોષ, વિચાર અને સત્સંગ છે. તે સાધન સિદ્ધ થયે, વૈરાગ્ય, ઉપશમ વર્ધમાન પરિણામી થયે, 'એક આત્મા છે કે અનેક આત્મા છે,' એ આદિ પ્રકાર વિચારવા યોગ્ય છે. એ જ વિનંતી.'** આ 'લલ્લુજી' જેવા મુનિને જેણે દીક્ષા લીધી છે એને એમ કહે છે કે વૈરાગ્ય, ઉપશમ થયા પછીની વાત છે. એમને વૈરાગ્ય ઉપશમ નહોતો ત્યારે આ વાત કરીને ? જુઓ ! આ વિચારવા જેવું છે. એ ત્યાગી છે. એમને બે પત્ની હતી. 'લલ્લુજી'ને બે પત્ની હતી. સંતાન નહોતું થયું. એ જમાનામાં કોઈ પત્નીને સંતાન ન થાય તો બીજી પત્ની પણ કરતાં લોકો. જુના જમાનામાં એ પ્રકાર હતો. ૫૦ વર્ષ પહેલા, પોણોસો વર્ષ (૭૫) વર્ષ પહેલા. તબિયત ખરાબ થઈ અને માંડ માંડ બચ્યા. એ વખતે નિર્ણય કરી લીધો કે જો અહીંથી પાછું વળાય એટલે કે મોત ન થાય તો હવે સંસારમાં નથી રહેવું. દીક્ષા લઈ લેવી છે. નાની ઉંમરમાં જ તે એ વિચાર કરી લીધો પછી ખરેખર દીક્ષા લઈ લીધી.

છતાં એને એમ લખે છે કે **'વૈરાગ્ય, ઉપશમ વર્ધમાન પરિણામી થયે, 'એક આત્મા છે કે અનેક આત્મા છે,' એ આદિ પ્રકાર વિચારવા યોગ્ય છે.'** લાઈનદોરી જરા સૂક્ષ્મ છે પણ વિચારવા જેવો વિષય છે. તું એક આત્મકલ્યાણ માટે અપૂર્વ ભાવે

માત્ર એક મારે આત્મકલ્યાણ જ કરવું છે એ જ ભાવનામાં આવી અને બધા જ ઉદયથી નીરસ થા તે વૈરાગ્ય છે. અને પોતાના દોષથી, તેમ છતાં જે કોઈ પોતાના પરિણામમાં દોષ રહ્યા એ દોષથી પાછા વળવું તે ઉપશમ છે. એવા પ્રકારમાં આવ્યા પછી તું સિદ્ધાંતને વિચારજે. એ ભૂમિકામાં એ (લલ્લુજી) નથી આવ્યા. દીક્ષા લીધી તો પણ. ત્યાગ કર્યો તો પણ. કુટુંબનો ત્યાગ કર્યો. છતાં પણ એ જે વૈરાગ્ય, ઉપશમની વાત એમને માટે બાકી રાખી છે. આમ થયે, એક આત્મા છે કે અનેક આત્મા છે પછી વિચારજો. એ ભાંજગડમાં પછી પડજો. પહેલા વૈરાગ્ય, ઉપશમમાં આવી જાવ. પછી આ વાત હાથમાં લ્યો.

જીવ શું કરે છે ? ધર્મના બાહ્ય સાધન અનેકવિધ છે. કોઈ કાંઈ ક્રિયા કરે છે, કોઈ કાંઈ ક્રિયા કરે છે. શાસ્ત્રમાં પ્રવેશ કરે છે એ સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધમાં પણ ગોથા ખાય છે. કોઈ સિદ્ધાંતમાં ગોથા ખાય છે, કોઈ ઉપદેશમાં ગોથું ખાય છે. અને એ વગર–શાસ્ત્રની આજ્ઞા વગર એમને એમ જે કોઈ સાધનો બાહ્ય ક્રિયાકાંડમાં પડે છે એ તો તદ્દન ઓઘસંજ્ઞાએ ચાલે છે. આવી પરિસ્થિતિમાં મુમુક્ષુએ શું કરવું એ એને ખબર નથી હોતી.

પોતે નક્કી કરે છે એ સાધનને જ્ઞાનીઓ કલ્પિત સાધન કહે છે. શું કહે છે ? પોતાની કલ્પનાએ આનાથી મારું આત્મહિત થશે, આમ કરતાં મારું આત્મહિત થશે એવી જીવ કલ્પના કરીને એ સાધનને વળગી રહે છે. પછી કોઈ ક્રિયાકાંડમાં તો કોઈ શાસ્ત્ર આદિમાં. પણ એથી જીવનું કદી કલ્યાણ થાય નહિ. એને શું કલ્યાણનું સાધન છે એની ખબર નથી. ગમે તે બાહ્ય સાધનને એ વળગે છે. સાધન બાહ્ય સાધન ખરેખર સાધન નથી. જેટલા બાહ્ય સાધન કહેવામાં આવ્યા છે તે ખરેખર સાધક નથી. સાધ્યના સાધક નથી. નિશ્ચયથી ખરેખર બાધક છે. એ વાત તો લક્ષમાં હોતી નથી, ખ્યાલમાં આવતી નથી. એટલે એ બાહ્ય સાધનમાં વળગી રહે છે.

એટલે જ્ઞાની તો પહેલા એ પૂછે છે કે એવો કોઈ અપૂર્વ વિચાર આવ્યો છે કે મારે એક મારું આત્મકલ્યાણ કરવું છે અને સિવાય બીજું કાંઈ કરવું નથી, એવો એક આત્મકલ્યાણનો અપૂર્વ વિચાર આવ્યો છે ? અને એ વિચારને અનુસરીને એવું કલ્યાણ જેણે સાધ્યું છે, એવા કલ્યાણનો–અંતર્મુખનો માર્ગ જેણે અનુભૂત કર્યો છે એવા અનુભવી પુરુષના ચરણમાં, એના ચરણસામિપ્યને, એના ચરણની સેવાની

ભાવના થઈ છે ? વિદ્યમાન હોય તો. અવિદ્યમાન હોય તો એના આશ્રયની ભાવના થઈ છે ? આ બે પ્રકારમાં આવ્યા વિના કોઈને આત્મકલ્યાણ થાય, ન ભૂતો ન ભવિષ્યતી. બની શકતું નથી. એવો એક પત્ર છે, હોં !

મુમુક્ષુ :- જિનમાર્ગનો સ્વાધ્યાય વગર બોધ કેમ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- જિનવાણીમાં માર્ગ કહ્યો છે પણ મર્મ નથી કહ્યો.

મુમુક્ષુ :- આપ બોધ લેવા માટે સત્સંગ કરવો. તો જિનવાણી મળે તો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ જિનવાણી મળે તો પણ એમાં માર્ગ કહ્યો છે, મર્મ નથી કહ્યો. મર્મ જ્ઞાનીપુરુષના હૃદયમાં રહ્યો છે. એવી વાત છે. એટલે પૂરી વાત જિનવાણીમાં આવતી નથી, આવી શકે એવી વસ્તુસ્થિતિ નથી. અધુરી વાતથી, કોઈપણ અધુરી વાતને અનુસરતા નુકસાન થાય કે નહિ ? એ કહો. શું થાય ?

મુમુક્ષુ :- ... આ બાહ્ય ક્રિયા, સ્વાધ્યાય, જિનવાણીનું વાંચન, આવો સત્સંગ કરવાનું રોજ ક્યાંથી મળે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. કેટલુંક એની અંદર માર્ગદર્શન મળે છે પણ એ પર્યાપ્ત નથી, એમ કહેવું છે. અહીંયાં એ ૫૧૧માં એ વિષય છે. પાનું ૪૧૧.

**'જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યાં છે,...'** અનંત વાર કર્યાં છે ને ? સાધન કરવામાં બાકી નથી રાખ્યું. છ છ મહિનાના ઉપવાસ કર્યા છે. **'જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયા જણાતા નથી.'** શું કહે છે ? તને રોગ થયો છે, ભવરોગ થયો છે આ. હવે રોગ તો ભયંકર છે અને Chronic છે. ઘર કરી ગયેલો જૂનો અનાદિનો રોગ છે. હવે તું એમ કહે કે મારે ડૉક્ટરની ચોપડીઓ છે એ વાંચીને રોગ મટાડવો છે. વૈદ્યોની ચોપડી. ડૉક્ટરને સાથે રાખવા નથી. થઈ શકે ? નહિ. ન થાય ને ? ડૉક્ટરને સાથે રાખ્યા વિના માત્ર એના પુસ્તકો લઈ આવે કે તમે જે પુસ્તકો ભણ્યા ને એ મને આપી દ્યો. હું વાંચીને મારો રોગ મટાડવા માંડુ. કોઈ રીતે રોગ મટે નહિ. લૌકિકમાં પણ કોઈ એવું ગેરડહાપણ કરતાં નથી. અહીંયાં કરે છે, ધર્મના ક્ષેત્રમાં એવી ભૂલ કરી બેસે છે.

**'તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતા નથી, એ વાત અંદેશારહિત લાગે છે.'** આવી ભૂલ આ જીવે અનેક વાર, અનંત વાર કરી છે એમાં અમને શંકા પડતી નથી. **'જો એમ થયું હોત તો...'** એટલે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાથી એ સાધન

કર્યા હોત તો **'જીવને સંસાર પરિભ્રમણ હોય નહીં.'** શાસ્ત્ર કોણે વાંચવા ? એ પણ એક ભૂમિકા છે. કે જે સ્વચ્છંદરહિત થયા હોય એવા પુરુષને શાસ્ત્ર વાંચવા ઉપકારી છે. એમને એમ સીધું શાસ્ત્ર હાથમાં લે તો એ શાસ્ત્ર એને ઉપકારી ન થાય. શાસ્ત્ર શસ્ત્ર થઈને પરિણમે.

**'જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે,...'** એને ભવભ્રમણ નહિ કરવા દે. ભવમાં જતો રોકી પાડશે, કે નહિ, તારે ભવમાં હવે ડૂબવાનું નથી. એમ કરતાં ભવ વધશે, કરીશ નહિ એમ તું. એમ કહી દેશે. **'કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ...'** એટલે પ્રયોજન **'નથી, અને આત્માર્થ જ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વ કાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી; ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય,...'** આત્માર્થ તો **'ન થાય અને આત્માર્થ સાધુ છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય,. કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે.'** સંસારમાં ખાય, પીવે, કુટુંબ, પરિવાર, દુકાન, ધંધો એ સંસારનો મુખ્ય હેતુ નથી. પણ આત્માર્થ નહિ સાધતો હોવા છતાં હું આત્માર્થ સાધુ છું એવું જે દુષ્ટ અભિમાન એ **'જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે.'** કોઈએ વાત કરી હશે કે અમને તો સાક્ષાત્કાર થઈ ગયો છે. 'સોભાગભાઈ'ને લખે છે. ખાસ કરીને આ 'ડુંગરભાઈ'ને એમને સંબંધ હતો. કોઈ એવી વાત ચમત્કારની બધી બહુ કરતાં. તો કહે સ્વપ્ને પણ એ માર્ગમાં એ વાત આવતી નથી. એવી વાતો તો સન્માર્ગમાં સ્વપ્ને પણ આવતી નથી.

**'તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વ કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન,...'** કયા સાધન કહ્યા ? માઠાં સાધન કહ્યાં એ. **'માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી,...'** અપૂર્વ જ્ઞાન લીધું છે. અપૂર્વ જ્ઞાનમાં અપૂર્વ વિચાર છે.

એ લેશે. **'અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી, અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી;...'** અપૂર્વજ્ઞાન અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી. એ અપૂર્વ વિચાર કયો ? કે મારે એક મારું આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ કરવું નથી એવો એક જે અપૂર્વ વિચાર છે એ અપૂર્વ વિચાર ઉત્પન્ન થાય તો અપૂર્વજ્ઞાન ઉત્પન્ન થાય, એમ કહેવું છે.

**'અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના...'** અહીં તો પાછી એ વાત લે છે **'તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા ક્યા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે,...'** આ તારણ કાઢ્યું આખી વાતનું. **'કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે;...'** સમ્યગ્દર્શનનો નહિ, સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે, **'અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'** આ ઉપશમ એટલે નિવર્તવું શરૂ થાય છે. સરવાળો આ માર્યો કે અપૂર્વ વિચાર ઉત્પન્ન થતા એને કોઈ અપૂર્વ પુરુષની શોધ, અપૂર્વ પુરુષના ચરણ સામિપ્યની ભાવના એ વસ્તુ જ્યાં સુધી એને થતી નથી ત્યાં સુધી એને ઉપશમ આવતો નથી. જ્યાં સુધી પરિણામમાં ઉપશમ આવતો નથી ત્યાં સુધી એ સિદ્ધાંતને (સ્વલક્ષે) વિચારી શકતો નથી. જનમ-મરણ મટે નહિ.

મુમુક્ષુ :– નિમિત્ત ઉપર બહુ વજન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નિમિત્ત ઉપર વજન છે કેમ કે પોતે હજી નિમિત્તમાં જ ઊભો છે. જ્યાં ઊભો છે ત્યાં એને એ રસ્તો તો દેખાડવો પડે ને ? કે તને એક એક નિમિત્તે રાગના નિમિત્ત આવતા રાગ થઈ જાય છે, દ્વેષના નિમિત્ત આવતા દ્વેષ થઈ જાય છે. એવી નિમિત્તાધિન પ્રવૃત્તિ ફરી ફરીને રાગ-દ્વેષ-મોહમાં પ્રવર્તે છે. ત્યારે હવે જો તને એક એવું નિમિત્ત પકડાવીએ કે તારા રાગ-દ્વેષ-મોહ દૂર થઈ જાય. એને એવું નિમિત્ત પકડાવીએ કે એના રાગ-દ્વેષ-મોહ દૂર થઈ જાય.

નાના બાળકને ચાલન ગાડી શું કરવા આપે છે ? એમ ને એમ ચલાવવાની Practice કરો. એના બદલે બારી પાસે ઊભો રાખે, સરીયા પાસે ઊભો રાખે, ભીંત પાસે ઊભો રાખે. શું કરવા એમ કરે છે ? કે એનામાં એમને એમ ચાલવાની શક્તિ નથી અને Practice નથી એને. ટાંટિયામાં એટલું જોર તો આવવું જોઈએ કે નહિ

કે એ ઊભો રહીને ચાલે. એ કેવી રીતે કેળવાય એ વાત છે. પછી છોડી દેશે એ ચાલનગાડીને. એ સત્પુરુષના આશ્રયમાં ગયો છે પણ અંતર્મુખ થશે ત્યારે સત્પુરુષનું લક્ષ છૂટી જશે. આત્મલક્ષ થતાં સત્પુરુષનું લક્ષ છૂટી જશે. બહુમાન રહેશે. બહુમાન આવશે. વિકલ્પ આવશે તો એમ કહેશે કે મારા ગુરુ કેટલા મહાન છે ? કે આકાશાદિથી પણ મહાન છે. છતાં એને ખબર છે કે પુરુષાર્થ મારે કરવાનો છે અને પુરુષાર્થ હું કરું છું. મારાથી થાય એટલું જ મારી કાર્યસિદ્ધિ છે. એ તો માર્ગના દર્શાવનારા છે. અનુભવી પુરુષ હોવાથી, માર્ગના અનુભવી હોવાથી એ માર્ગને દર્શાવે છે. માર્ગને ચીંધે છે. એ પણ એમનો પરમ ઉપકાર છે. બસ, એટલી વાત છે. એટલે ઉપાદાનનો ખ્યાલ હોય છે. કાર્ય તો, પુરુષાર્થ તો મારે જ કરવાનો છે. એમ છે ખરેખર તો.

પણ જેને નિમિત્તનું નિમિતત્ત્વ સમજાતું નથી એને ઉપાદાનનું ઉપાદાનપણું સમજાય એવું કોઈ કાળે બનતું નથી. આમ સિદ્ધાંત છે. નિમિત્તપણું સમજાવું સહેલું છે. ઉપાદાનપણું સમજાવું તો અઘરું છે. જેને સહેલું સમજાતું નથી એને અઘરું સમજાય એ વાત ક્યાંની ? એ વાત કાંઈ માનવા જેવી નથી. એમ છે. એમ ઉપાદાનના નામે એકાંત ખેંચે તો એથી કાંઈ કલ્યાણ થાય નહિ.

હવે કહે છે કે **'અમે પોતે કોઈને આદેશવાત એટલે આમ કરવું એમ કહેતા નથી.'** નથી આદેશ આપતા, નથી ઉપદેશ આપતા એમ કહે છે. કોઈને અમે ઉપદેશ કે આદેશ આપતા નથી. તે પોતાને ખ્યાલ છે. જ્ઞાની છે, પોતાની ભૂમિકાનો ખ્યાલ છે. કોઈને ઉપદેશ, આદેશ આપતા નથી. **'વારંવાર પૂછો તોપણ તે સ્મૃતિમાં હોય છે.'** તમે આદેશ માગો અમારી પાસે પણ અમારા ખ્યાલમાં છે, અમે કોઈને આદેશ આપતા નથી. આદેશ આપવો એ અમારું કામ નથી. એમ કહે છે.

**'અમારા સંગમાં આવેલા કોઈ જીવોને હજુ સુધી અમે એમ જણાવ્યું નથી કે આમ વર્તો, કે આમ કરો.'** એવું કોઈને જણાવ્યું નથી. કોઈને કહ્યું નથી કે તમારે આમ કરવું, આમ ન કરવું, આવો આદેશ આપીએ છીએ. જ્ઞાન થયું છે તો પણ આદેશ નથી આપતા. હજુ ઉપરની ભૂમિકાએ પોતે હજુ જ્યાં સુધી સર્વસંગપરિત્યાગમાં નથી આવતા ત્યાં સુધી કોઈને આદેશ ન આપવો એવું એમણે વિચાર્યું છે. **'માત્ર શિક્ષાબોધ તરીકે જણાવ્યું હશે.'** એટલે શિખામણ તરીકે જણાવ્યું હશે. ઉપદેશ અને આદેશની દૃષ્ટિએ નહિ પણ શિક્ષાબોધ એટલે શિખામણ. સાદી ભાષામાં એને

શિખામણ કહીએ.

**'અમારો ઉદય એવો છે કે એવી ઉપદેશવાત કરતાં વાણી પાછી ખેંચાઈ જાય છે.'** સ્વયં. કુદરતી એવું ભજે છે. એવું બને છે કે ઉપદેશની વાત કરતાં જ અમારી વાણી બંધ થઈ જાય છે કે નહિ, ઉપદેશ શેનો ? મારે ઉપદેશ અત્યારે દેવાનો હોઈ શકે નહિ. પોતે જે ગૃહસ્થીમાં, જે વ્યવહારમાં ઊભા છે એ વ્યવહારમાં ઊભા હોવાથી બીજાને ઉપદેશ નથી આપતા. શંકા પડે બીજાને કે પોતે તો આમ કરે છે. ઉપદેશ તો પૂર્ણ વીતરાગતાનો છે. પૂર્ણ વીતરાગતાનો ઉપદેશ હોય અને પોતે રાગમાં અને રાગની ક્રિયામાં પ્રત્યક્ષ જોવામાં આવે છે. વિસંવાદ ઊભો થાય છે. કે વાત કાંઈક અને વર્તન કાંઈક. આમ થઈ જાય. લોકોને તર્ક-વિતર્ક કરવાનું કારણ ઊભું થાય છે. આપણે જ્યાં સુધી સર્વસંગપરિત્યાગ મુનિદશામાં, નિર્ગ્રંથદશામાં ન આવીએ ત્યાં સુધી ઉપદેશ આપવો નહિ, માર્ગ ચલાવવો નહિ. માર્ગના નેતા તરીકે, ધર્મના મુખિયા તરીકે, ધર્મના પ્રવર્તક તરીકે ક્યાંય બહાર પડવું નહિ. આ એમણે નિર્ણય કરી નાખેલો છે.

**'અમારો ઉદય એવો છે કે એવી ઉપદેશવાત કરતાં વાણી પાછી ખેંચાઈ જાય છે. સાધારણ પ્રશ્ન પૂછે તો તેમાં વાણી પ્રકાશ કરે છે; અને ઉપદેશવાતમાં તો વાણી પાછી ખેંચાઈ જાય છે,...'** કોઈ પ્રશ્ન પૂછે એનો જવાબ દઈએ. ઉપદેશની વાત કરતાં નથી એમાં તો વાણી આપોઆપ જ બંધ થઈ જાય છે. **'તેથી અમે એમ જાણીએ છીએ કે હજુ તેવો ઉદય નથી.'** ઉદય હોય તો વાણી એમ જ છૂટવી જોઈતી હતી. પણ એ ઉદય દેખાતો નથી. કેટલી સહજતા છે ! ભાષામાં પણ કેટલી સહજતા છે ! વાણી સહેજે ખેંચાઈ જાય છે. ઉપદેશની વાત આવે તો વાણી સહેજે પાછી ખેંચાઈ જાય છે. એ એમ સૂચવે છે કે આ પ્રકારનો ઉદય હજી અમારે શરૂ થયો નથી. ધર્મના જાણકાર છે. એમ લખે છે કે આ કાળે કોઈનું કલ્યાણ થવું હશે તો અમ થકી થશે એમ લાગે છે. છતાં પણ જાહેરમાં ઉપદેશમાં આવતા નથી.

**'પૂર્વે થઈ ગયેલા અનંતજ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે,...'** અને અમારી પહેલા પણ અનંત જ્ઞાનીઓ થયા છે. એમાં ઘણા મહાન જ્ઞાનીઓ થયા છે. હું એકલો અત્યારે મોટો જ્ઞાની થયો છું એમ કાંઈ પ્રશ્ન નથી. પૂર્વે અનંત જ્ઞાનીઓ થયા છે એમાં ઘણા મહાન જ્ઞાનીઓ થયા છે, અમારાથી પણ મહાન થયા છે એમ કહે છે.

પણ તેથી કાંઈ જીવનો દોષ જાય નહિ. એના શાસ્ત્રો રહ્યા હોય ગણધરાદિના, તેથી કાંઈ દોષ મટે નહિ. આ જિનવાણીનો વિષય આવ્યો.

**'એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં;...'** અત્યારે માન ચડી ગયું હોય, પોતાને ખબર ન પડે. ભૂતકાળના જ્ઞાની એમ નહિ કહેવા આવે કે ભાઈ ! તને વાંચતા વાંચતા અભિમાન થઈ ગયું. હું જાણું છું એવું અભિમાન થઈ ગયું, એ કાંઈ તને કહેવા નહિ આવે. અથવા જાણવા ફેર થાશે, સમજવા ફેર થાશે તો શાસ્ત્ર નહિ કહે કે અહીંયાં તું ભૂલ્યો છો. શાસ્ત્રમાં તો આશય આમ છે પણ તારો આશય ફેર થઈ ગયો. એ તને શાસ્ત્ર નહિ કહી શકે કે આ જગ્યાએ તારો આશય જ ઊલટો સમજવા ફેર ઊંધો થઈ ગયો છે. એ કેમ કહી શકશે ?

મુમુક્ષુ :- દુનિયા આખી બહુમાન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દુનિયા આખી બહુમાન કરે. એથી કાંઈ આત્માને અંદરમાં શાંતિ આવે નહિ. બીજા બહુમાન કરે તો આત્માને શાંતિ વળે કે ન વળે ? આ સવાલ છે. વેદના થતી હોય ત્યારે આખું કુટુંબ પડખે આવીને ઊભું રહે. કોઈ વેદના લઈ લે કે ન લઈ લે ? મટાડે કે ન મટાડે ? ન થાય, ડૉક્ટર એમ કહે કે ભાઈ ! નિદાન થાતું નથી અમારાથી. બધા ટેસ્ટ કરી જોયા પણ આમાં કાંઈ પકડાતું નથી. ઠીક. સારામાં સારા ડૉક્ટર લઈ આવ્યા. ડૉક્ટર પણ નકામા ગયા, ડૉક્ટરને લાવવાના પૈસા પણ નકામા ગયા. અને કહળ્યું કુટુંબ. 'ગુરુદેવ' કહેતા ને કહળ્યું કુટુંબ. સરખું જામેલુ કુટુંબ હોય. બધાય આવીને ઊભા રહે. વેવાઈ, વેવલા, બીજા, ત્રીજા બધા આવીને ઊભા રહે. કોણ વેદના લે ? બધા વખાણ કરે તો એ વખતે ? વખાણ કરે તો વેદના ન ઓછી થાય ?

મુમુક્ષુ :- વખાણ પણ ગમે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈનું બોલ્યું ગમે નહિ એને. હું મરી રહ્યો છું આ તમે બીજી બધી વાત (શું કરો છો), મને કાંઈ ગમતું નથી. એવી પરિસ્થિતિ (થાય). કોઈનાથી કોઈ વખાણ કરે એથી કાંઈ આત્માને અંદરમાં સુખશાંતિ થઈ જાય એવું કાંઈ છે નહિ. શું કહે છે ?

**'પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન**

**હોય તે જ દોષને જણાવી કઢાવી શકે.'** જે વિદ્યમાન જ્ઞાની હોય એ જ એને કહી શકે કે ભાઈ ! તેં ભૂલ કરી. અહીંયાં તું ભૂલ્યો છો. એ વિદ્યમાન જ્ઞાની સિવાય કોઈ કહી શકશે નહિ. એનું દૃષ્ટાંત આપે છે.

**'જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં,...'** અહીંયાં તરસ લાગી હોય તો જે ક્ષીરસમુદ્ર કાંઈનો કાંઈ અસંખ્ય યોજન દૂર છે એનાથી અહીંયાં કાંઈ તરસ છીપે નહિ અને પ્રાણ કાંઈ બચે નહિ. **'પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.'** મહાવિદેહ ક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન આદિ વીસ વિહરમાન તીર્થંકરો બિરાજે છે પણ જીવને અહીંયાં દોષ કાઢવો હોય તો અહીંના જ્ઞાની કાઢી શકે, એ તીર્થંકરાદિ ત્યાંથી કાંઈ દોષ કાઢવા આવે નહિ. છે મહાજ્ઞાની છે, પરમજ્ઞાની છે, પૂર્ણ જ્ઞાની છે. પોતાને માટે એ કોઈ ચીજ કામમાં આવે એવું નથી.

મુમુક્ષુ :- બુદ્ધિમાન સત્પુરુષ પ્રત્યક્ષ જ્ઞાની અને પરોક્ષ જ્ઞાની એ જાતનો ભેદ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ લીધો છે. પ્રત્યક્ષ અને પરોક્ષમાં, પરોક્ષમાં કેવળજ્ઞાની હોય અને છે અત્યારે મહાવિદેહ આદિમાં કેવળજ્ઞાનીઓ છે. વીસ તો તીર્થંકરો છે અને એ સિવાય એમના સમવસરણમાં કેવળજ્ઞાની થાય તે જુદા. એવા અનેક કેવળજ્ઞાનીઓ બિરાજે છે અત્યારે પણ. અને પ્રત્યક્ષમાં અહીંયાં કોઈ ચતુર્થ ગુણસ્થાનવર્તી જ્ઞાની હોય તો પેલા ઉપકારી ન થઈ શકે, આ ઉપકારી થઈ શકે. આટલો ફેર છે. અહીંયાં એના પ્રાણ બચે. ત્યાંથી પ્રાણ બચે એવું બની શકે નહિ. આ તો સમજી શકાય એવી વાત છે. Physical position નો શું ફેર છે ? ભૌગોલિક પરિસ્થિતિમાં જે પરિસ્થિતિ નજદિકની અને દૂરની છે એમાં ઘણો ફેર છે. એટલા માટે જ્યાં સત્પુરુષ વિચરતા હોય, બિરાજમાન હોય, રહેતા હોય ત્યાંથી કોઈ કારણસર પણ દૂર વસવું જોઈએ નહિ.

'ગુરુદેવ'ને કોઈએ પ્રશ્ન કર્યો હતો કે અમારે તો એવો ઉદય છે કે 'અમેરિકા'માં રહેવું પડે છે. ત્યાં દેવદર્શન નથી. સત્‌સમાગમ નથી પણ શું કરીએ ? અમારે તો ત્યાં રહેવું પડે. તો અમારે શું કરવું ? (તો કહ્યું), ત્યાં પણ ગયા શું કરવા ? જરૂર લાગી ત્યારે ગયા ને ? કે ત્યાં જવાની જરૂર છે ત્યારે ગયા ને ? તો અહીંયાં રહેવાની તમને જરૂર લાગે છે ? બસ, આટલો સવાલ છે. જરૂર લાગે એ માણસ કરે છે.

ક્ષેત્રાંતર ક્યારે કરે છે ? જ્યારે જરૂર લાગે ત્યારે કરે છે.

જ્યાં સત્‌સમાગમ હોય, જ્યાં જિનમંદિર હોય, જ્યાં પોતાની આત્મરુચિ અને આત્મભાવનાનું પોસાણ થતું હોય, પોસાતી હોય, ત્યાં માણસે નિવાસ કરવો જોઈએ. પછી એ દૂર હોય તો દૂર જઈને, નજીક હોય તો નજીક જઈને. નજીક હોય તો છોડાય નહિ. દૂર હોય તો દૂર જઈને રહેવું જોઈએ. જો જરૂરિયાત દેખાતી હોય તો. ન જરૂરિયાત લાગતી હોય તો વાત પૂરી થઈ ગઈ.

મુમુક્ષુ :– સત્સંગ અને સત્પુરુષનું માહત્મ્ય અને એનું મહત્ત્વ અનેક જગ્યાએ આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ખૂબ આપ્યું છે અને એ એક જ વાત, બધા શાસ્ત્રો સમજ્યા પછી પણ આ એક વાત સમજવી રહી જાય છે. સિદ્ધાંતની ઘણી વાતો ડહોળેલા માણસો જોવામાં આવે છે. અનેક જાતની તત્ત્વચર્ચાઓ અને સિદ્ધાંત કરે. અને પોતે પણ અમુક રીતે વ્રત, નિયમ, સંયમમાં પણ આવે પણ આ વાત એને ખ્યાલમાં નથી આવતી. આમ લૌકિકમાં સમજી શકાય છે કે ભયંકર રોગ થયો હોય ત્યાં એનો તજજ્ઞ ડૉક્ટર હોય એનો Specialist હોય ત્યાં જ જવું પડે. સર્જરીનો કેસ હોય તો સર્જન પાસે જાય કે બીજા પાસે જાય ? અને સર્જરીનો કેસ ન હોય તો સર્જન પાસે જાય ? આટલું તો સામાન્ય બુદ્ધિથી લોકો સમજે છે. અને એ રોગ તો પાંચ-પચ્ચીસ વર્ષનો હોય છે. આ અનંત કાળનો રોગ ઘર કરી ગયેલો છે. છતાં એ કહે કે મારે ડૉક્ટર પાસે નથી જવું. એના જેવી વાત છે.

મુમુક્ષુ :– આવા સત્પુરુષ મળ્યા પછી એમની ઓળખાણ ક્યારે થાય એ બીજા પેરેગ્રાફની બે લીટીમાં કરી. બીજા બોલમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ થયા પછી પણ ?

મુમુક્ષુ :– બીજા પેરેગ્રાફમાં

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ પરિસ્થિતિ ઊભી રહે છે એમ ને ?

મુમુક્ષુ :– નહીં, આવા સત્પુરુષ મળ્યે જ્ઞાની મળે, અને છતાં આટલું થયા છતાં સત્સંગ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. **'આટલુ થતાં છતાં જો જીવ સત્સંગ થયા પછી કદાગ્રહથી અને મતાગ્રહી દોષ ન મૂકી શકતો હોય.'**

મુમુક્ષુ :- સર્વ પ્રથમ...

પૂજ્ય ભાઈશ્રી :- છૂટવાની એણે આશા કરવી નહિ. એણે આશા છોડી દેવી. એ પોતાની પ્રકૃતિને છોડવા માગતો નથી. એમ છે એનો અર્થ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- થોડુક અંદર તપાસ કરે ને તરત ખબર પડે એવો વિષય છે. સહેજ પાછો વળીને જુએ એટલે તરત ખબર પડે એવું છે. એનું કારણ શું છે ? કે જીવ અનાદિથી પોતાના પ્રકૃતિ સ્વભાવથી વિરૂદ્ધ સ્વભાવી આત્માને ભૂલ્યો છે. કેવો છે આત્મા ? પ્રકૃતિના જે સ્વભાવો છે એનાથી વિરુદ્ધ સ્વભાવી આત્મા છે. અને એને ભૂલ્યો હોવાથી પ્રકૃતિને જ આત્માપણે માન્યો છે. એ પ્રકૃતિ એનો આત્મા થઈ પડયો છે એટલે એ મોતને પસંદ કરે છે. તમને કહે કે ભલે મરવા હું તૈયાર છું બાકી હું મારી વાત મૂકીશ નહિ. એવી એની પ્રકૃતિની સાથે પક્કડ થઈ જાય છે કે એ શરીરને છોડવા તૈયાર થાય પણ પોતાની પ્રકૃતિગત વાતને છોડવા તૈયાર થાય નહિ. કેમ કે એ જ એનો આત્મા છે ખરેખર તો. એ વાત દુષ્કર છે પ્રકૃતિને છોડવી એ, તો પણ જ્ઞાને કરીને પ્રકૃતિ ઉપર વિજય મેળવી શકાય છે. એટલા માટે જેણે પ્રકૃતિ ઉપર વિજય મેળવ્યો એવી વ્યક્તિઓ જૈનો કહેવાયા. એ જૈનો કહેવાયા.

જૈન કોઈ જન્મતા નથી કોઈના ઘરે. સાધુ જેમ કોઈના ઘરે જન્મતા નથી એમ જૈન કોઈના ઘરે જન્મતા નથી. જૈન થાવું પડે છે. જેમ સાધુ થાવું પડે છે તેમ. જેણે પ્રકૃતિ ઉપર વિજય મેળવ્યો એ જૈનો કહેવાણા. જીત મેળવી એણે. એ જીત મેળવવી કઠણ હોવા છતાં પણ એ મેળવી શકાય છે. અશક્ય અને અસંભવિત નથી એટલે એ મેળવી શકાય છે અને તથારૂપ પ્રયત્નસાધ્ય છે. એ પ્રકારનો પ્રયત્ન કરવામાં આવે તો અવશ્ય, અનંત કાળની આ સમસ્યાનો અંત આવી જાય છે, કાયમ માટે. પ્રકૃતિથી હંમેશા પોતે હાર્યો છે અને એ હાર એક વખત જો જીતમાં ફેરવાય જાય તો અનંત કાળની આ સમસ્યાનો અંત આવી જાય છે. પછી વાંધો નથી.

હવે કહે છે, '**જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં.**' જ્યારે જીવ સત્પુરુષની શોધ મૂકી દે છે, સત્પુરુષની આશ્રયભાવના છૂટી જાય છે અને પ્રત્યક્ષ સત્પુરુષના ચરણ સામિપ્યમાં રહેવાની એની ભાવના નથી હોતી ત્યારે જીવ

કોઈ બીજા કલ્પિત સાધનથી કલ્યાણ કરવા પ્રેરાય જાય છે. એણે કલ્યાણ કરવું છે ખરું. પણ ખરી રીતે નથી કરવું. કલ્યાણ કરવું છે ખરું પણ ખરી રીતે કરવું નથી. નહિતર આ તો ઓછામાં ઓછી બુદ્ધિનો વિષય છે કે જો મારે આત્મકલ્યાણ કરવું છે તો એ આત્મકલ્યાણનો માર્ગદષ્ટા કોણ છે ? અનુભવી પુરુષ કોણ છે ? એ વાત તો પહેલા એને ઊગવી જોઈએ.

રોગ થાય ત્યારે જેમ પહેલા ડૉક્ટરની શોધ કરે છે કે પહેલા દવાની શોધ કરે છે ? ડૉક્ટર તો દવા આપશે અને રોગ મટવાનો છે. તો પહેલા દવા પકડે છે કે પહેલા ડૉક્ટર પકડે છે ? કે ચાલો નક્કી કરો. ભાઈ ! ડૉક્ટરને ગોત્યા વિના દવા કઈ ખાવી એ જ નક્કી થાય એવું નથી. દવામાં તો ગામમાં મેડિકલ સ્ટોર ૨૦૦ મેડીકલ સ્ટોર છે અને બધી દવાઓ છે બધા મેડિકલ સ્ટોરમાં. શું કામ લાગે ? કઈ ખાવી આ સવાલ છે. અને ક્યારે ખાવી ? કેટલી ખાવી ? ખાતા શું પરેજ રાખવી ? આ બધા પડખા પાછા એના ઊભા થાય છે. એ શોધ ચલાવ્યા વિના એ વિચાર કર્યા વિના એમને એમ શાસ્ત્રો વાંચે.

કાલે ધ્યાનનું પુસ્તક આવ્યું છે. 'શ્રીમદ્દ રાજચંદ્રજી'ના અનુયાયી છે. બહુ Learned માણસ છે. આઈએએસ ઓફિસર થયેલા છે. કલેક્ટર, કમિશ્નરના બધા હોદ્દાઓ ભોગવીને સેક્રેટરીની અંદર સચિવ કક્ષામાં અંદર રહેલા માણસ છે. મળ્યા હતા 'મુંબઈ'ની અંદર. પુસ્તક લખ્યું છે ધ્યાન ઉપરનું. મોકલાવ્યું છે. એ જ વિચાર આવ્યો, આ જ વિચાર આવ્યો. કે જુઓ ! આ આટલું આટલું, અભ્યાસી છે, સારું એવું વાંચે છે. આ ગ્રંથનું પણ સારું એવું વાંચન છે છતાં પોતાને ધ્યાન ઉપરનો ખ્યાલ એટલો બધો ગયો હોવા છતાં (ત્યાં) પ્રત્યક્ષ સત્પુરુષની અવગણના છે. એવી વાત છે.

પ્રત્યક્ષ સત્પુરુષ પાસે મારે જવું જોઈએ. એ કોઈ અપૂર્વ વિચારથી, અપૂર્વપુરુષની શોધ અને એ શોધનો વિકલ્પ અને ભાવના ઉત્પન્ન થયા વિના બીજે રસ્તે પણ હું કલ્યાણ કરું એવો એને વિચાર થઈ જાય છે. પછી તો વાત તો પ્રસિદ્ધ છે કે જ્ઞાન અને ધ્યાન મુખ્ય સાધન છે. તો જ્ઞાન તો શાસ્ત્રો વાંચવા માટે જ્ઞાન છે. એ શાસ્ત્રોમાંથી ધ્યાન કેવી રીતે થાય તે શીખવું તે ધ્યાન છે. માટે ધ્યાનથી કલ્યાણ કરવું જોઈએ. ધ્યાનના પણ ઘણા ગ્રંથો વાંચ્યા છે. શ્વેતાંબરના, દિગંબરના, અન્યમતિના.

આ 'પાતંજલ યોગદર્શન' વગેરેના આધાર લીધા છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'હરિભદ્રાચાર્ય'નું છે. બધા ધ્યાનના ગ્રંથો છે.

યોગ એટલે યોગ. ધ્યાન. યોગ છે ને યોગનો પ્રયોગ. યોગદૃષ્ટિ સમુચ્ચય એટલે સારી રીતે. બધા પડખા જેમાં સારી રીતે બધા પડખા જેમાં લઈ લીધા એ ધ્યાનનો 'હરિભદ્રાચાર્ય'નો ગ્રંથ છે. એ 'શ્રીમદ્‌જી'એ વીસ ગ્રંથમાં એને સ્થાન આપ્યું છે સંસ્કૃતમાં. એક જ ગ્રંથ આપ્યા છે. ઓગણીસ દિગંબર ગ્રંથો છે. એક શ્વેતાંબરનો 'હરિભદ્રાચાર્ય'નો 'યોગદૃષ્ટિ સમુચ્ચય' આપ્યો છે. ધ્યાન ઉપરનો ગ્રંથ છે.

**'જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી,...'** કલ્યાણ થાય. **'પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે,...'** કેમ કે આ જીવ ક્યાં ઊભો છે ? કઈ ભૂમિકામાં ઊભો છે ? અત્યારે એને કયો ડોઝ દેવો એ જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે. **'અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે;...'** પરમ સત્સંગ એટલે સત્પુરુષના ચરણમાં જનારાને પરમ સત્સંગ છે. તેનાથી તે સમજી શકાય છે. અને એવું કર્યા વિના બીજી રીતે એવા **'માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.'** એ રસ્તો જ છોડી દેવો, એમ કહે છે. એ વિકલ્પમાં જવું નહિ તારે.

ધ્યાન તો ચારિત્રનું અંગ છે. હવે અહીંયાં શ્રદ્ધા અને જ્ઞાન થયા પહેલા ચારિત્રમાં કેવી રીતે આવશે જીવ ? જ્ઞાન અને શ્રદ્ધાન થયા પહેલા ચારિત્રમાં કેવી રીતે આવે ? સીધી ચારિત્રની વાત લે ધ્યાનની. એમાં ઉપયોગને સ્થિર કરવો. ઉપયોગને સ્થિર કરવો પણ શેમાં સ્થિર કરવો ? એનું જ્ઞાન નથી. એનું શ્રદ્ધાન નથી. વળી ઉપયોગમાં ઇન્દ્રિય દ્વારા ચાલતો ઉપયોગ છે. એને જરાક સ્થિર કરે ત્યારે સમજે કે ધ્યાન થાય છે.

ખરેખર આત્મધ્યાન તો અતિન્દ્રિય ઉપયોગ સ્વરૂપ છે. હવે જે અતિન્દ્રિય ઉપયોગ છે એ તો વિચારનો વિષય નથી, ચિંતવનનો વિષય નથી, એ વચનનો વિષય નથી. વચનાતિત અને વિકલ્પાતિત વિષય જે છે એને કોઈ ગ્રંથથી કોઈ શીખી લે, કોઈ ધ્યાનના પુસ્તકો વાંચીને સમજી લે, એ માર્ગે ચડવાને બદલે ઉન્માર્ગે ચાલ્યો જાય છે. એટલે કીધું કે એ વિચાર જ તમારે મૂકી દેવો. એ વિચાર કરવા જેવો નથી. એ રીતે અહીંયાં છઠ્ઠા પેરેગ્રાફ સુધી ભિન્ન ભિન્ન વિષયમાં માર્ગદર્શન આપ્યું છે. ત્યાર પછી વિશેષ ભાગ કહેશે.

## તા. ૧૩-૭-૧૯૯૦, પત્રાંક – ૪૬૬
## પ્રવચન નં. ૧૭૮

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. ૪૬૬ પત્ર. બીજા બોલથી ફરીથી લઈએ છીએ.

**'જેની પાસેથી ધર્મ માગવો તેવા પૂર્ણજ્ઞાનીનું ઓળખાણ જીવને થયું હોય ત્યારે તેવા જ્ઞાનીઓનો સત્સંગ કરવો અને સત્સંગ થાય તે પૂર્ણ પુણ્યોદય સમજવો.'** શું કહે છે ? ધર્મ પ્રાપ્ત કરવાનું નિમિત્ત છે તે આત્મજ્ઞાની પુરુષ છે. આત્મજ્ઞાની પુરુષને પૂર્ણજ્ઞાની અહીંયાં કહ્યા છે. કેવળજ્ઞાનીનો વિષય અહીંયાં નથી. કેમ કે ઓળખાણ કરવી છે. પૂર્ણજ્ઞાની એટલા માટે વિશેષણ લીધું છે કેમ કે કોઈ શાસ્ત્રજ્ઞાની પણ હોય છે, કોઈ માર્ગાનુસારી જ્ઞાની પણ હોય છે. એ રીતે બીજા બીજા પણ જ્ઞાની તરીકે ઓળખાય છે, પ્રસિદ્ધ થાય છે. કોઈ સંત કહેવાય છે, કોઈ મહાત્મા કહેવાય છે, કોઈ કાંઈ કહેવાય છે, કોઈ કાંઈ કહેવાય છે.

એક વિચાર આવ્યો હતો. વર્તમાન ત્રણે ફિરકાના સાધુઓ અને આચાર્યો વિદ્યમાન હોવા છતાં. 'શ્રીમદ્જી'એ કોઈના પ્રત્યે પૂજ્યભાવ નથી દર્શાવ્યો. આ તો સ્પષ્ટ નીકળે છે. દિગંબરના સાધુઓ છે, આચાર્યો વિદ્યમાન છે. શ્વેતાંબરના સાધુઓ અને આચાર્યો વિદ્યમાન છે. હવે સ્થાનકવાસીના પણ છે. કોઈ કોઈ માર્ગાનુસારીનો ઉલ્લેખ કર્યો છે. ભૂતકાળના અને વર્તમાનમાં પેલા કબીરપંથી 'ધર્મજ'ના કોઈ વ્યક્તિનું નામ નથી લીધું. પણ કોઈ સાધુ, કોઈ આચાર્ય પ્રત્યે ક્યાંય પણ સાધુપણાનો, આચાર્યપણાનો, જ્ઞાનીપણાનો એને અનુસરવા યોગ્ય છે એવો ક્યાંય ઉલ્લેખ નથી આવતો.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો લખ્યું છે. અથવા વર્તમાન જે કહેવાતા છે એનું શાસ્ત્ર શ્રવણને યોગ્ય પણ નથી. એનું વક્તવ્ય છે એ શ્રવણને યોગ્ય પણ નથી. એવો નિર્દેશ તો સ્પષ્ટ કર્યો છે. એ એમ બતાવે છે કે એમને સમ્યક્ત્વ અને મિથ્યાત્વની

બરાબર પરખ હતી. એ સ્પષ્ટ થાય છે. જે વાત 'ગુરુદેવે' પણ સ્પષ્ટ કરી કે ભલે કોઈ ગમે તે વિશેષણધારી કે વેશધારી હોય તો પણ ક્યાંય આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન જોવામાં આવતું નથી. આ બંનેનું સામ્યપણું નીકળે છે આમાંથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ તો ઓળખાણનો વિષય છે ને. સો વર્ષ પહેલા 'ગુરુદેવ' શું કહેવાના છે એ કાંઈ 'શ્રીમદ્જી'ને થોડો ખ્યાલ છે ? કે સો વર્ષ પછી કોઈ ધર્માત્મા શું વાત કરશે ? પોતે પોતાની શક્તિથી, પોતાના જ્ઞાનથી સ્વતંત્રપણે જે વાત કહે છે તે કહે છે.

**'જેની પાસેથી ધર્મ માગવો...'** અથવા ધર્મના નિમિતત્ત્વપણે એ દૃષ્ટિથી જોવું, તેવા જ્ઞાનીનું ઓળખાણ કરવું અને જો ઓળખાણ થયું હોય તો **'તેવા જ્ઞાનીઓનો સત્સંગ કરવો અને સત્સંગ થાય તે પૂર્ણ પુણ્યોદય સમજવો.'** સત્સંગ કરવો, સત્સંગની ભાવના રાખવી અને એવો યોગ બને તો એના જેવો કોઈ પુણ્યનો ઉદય નથી એમ સમજવું. **'પૂર્ણ પુણ્યોદય સમજવો.'** એટલે આ જગતમાં એના જેવો કોઈ પુણ્યનો ઉદય નથી.

**'તે સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો...'** તે સત્સંગના કાળમાં એમણે જે કાંઈ ઉપદેશ આપ્યો હોય, બોધ આપ્યો હોય, શિખામણ આપી હોય એ પોતે ગ્રહણ કરવો, અંગીકાર કરવો. માત્ર સમજવો એમ નહિ. શું કરે છે ? 'ગુરુદેવ' કહે છે એમ હું સમજ્યો છું. હું સમજ્યો છું કે મેં ગ્રહણ કર્યું છે ? આ બે વચ્ચે ફરક છે. ઉપદેશ અંગીકાર કરવો એક વાત છે. માત્ર ક્ષયોપશમ જ્ઞાનમાં એને સમજી લેવો એ બીજી વાત છે. બહુભાગ જીવને પરલક્ષે સમજવાનું બને છે. અંગીકાર કરવાનું કોઈક મહાભાગ્યને બને છે. કોઈક જ મહાભાગ્ય જીવ અંગીકાર કરે છે. બાકી સમજણ તો ક્ષયોપશમમાં શક્તિ હોવાથી થઈ જાય છે. પણ એ પરલક્ષી સમજણ પોતાને કાંઈ કાર્યકારી થતી નથી.

**'શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે જેથી...'** જેને લીધે. **'કદાગ્રહ, મતમતાંતર, વિશ્વાસઘાત અને અસત્ વચન એ આદિનો તિરસ્કાર થાય; અર્થાત્ તેને ગ્રહણ કરવાં નહીં.'** કદાગ્રહ હોય તે છૂટી જાય અથવા તે ગ્રહણ ન કરે. કદાગ્રહ એટલે પોતાના મત વિષેનો આગ્રહ. મતમતાંતર એટલે વિચારભેદ સંબંધીનો આગ્રહ. મારું સાચું

છે, તમારું ખોટું છે. મંડનખંડનનો જે પ્રકાર ઉત્પન્ન થાય છે, પોતે જે મત સંબંધીનો આગ્રહ રાખે છે એ પણ ખોટો છે. અને અસત્ વચન, વિશ્વાસઘાત અને અસત્ વચન. જૂઠું બોલવું કે કોઈએ વિશ્વાસ મૂક્યો હોય એ વિશ્વાસ ઓળવવો. એ વિશ્વાસઘાત છે. પછી પ્રકાર ગમે તે બાબતનો હોય. એ પ્રકાર તો ઓછામાં ઓછા ચાલ્યા જવા જોઈએ એમ કહે છે. જ્ઞાનીપુરુષના સત્સંગમાં આવેલા જીવને એવા પ્રકાર તો ઓછામાં ઓછા ચાલ્યા જવા જોઈએ એમ કહેવું છે.

મુમુક્ષુ :– શરૂઆતની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શરૂઆતની વાત છે. જે જ્ઞાનીપુરુષના સત્સમાગમમાં આવે એને આટલું તો થવું જોઈએ. જો આટલું ન થાય (તો) આગળની કોઈ વાતની આશા રાખવા જેવી નથી. લગભગ તો એવું જોવામાં આવે છે કે સત્સંગ ઉપર જ જીવનું વજન નથી. જ્ઞાનીપુરુષ મળ્યા હોવા છતાં અને સત્સંગનું મૂલ્યાંકન સત્શાસ્ત્રોમાં અને જ્ઞાનીપુરુષોની વાણીમાં ઠામ ઠામ પ્રસિદ્ધ હોવા છતાં, બહુભાગ પરિચયમાં આવેલા જીવોમાં પણ સત્સંગ સંબંધીનું મહાત્મ્ય કે મૂલ્યાંકન હોતું નથી. એ તો એક વધારાની ચીજ હોય, વધારાનો વખત ગાળવાનું કોઈ પ્રસંગ હોય કે આપણા કામ કરતાં હવે જો ફાલતું વખત રહે તો થોડું અહીંયાં પણ આપણે જાવું. એવી લગભગ પરિસ્થિતિ જોવામાં આવે છે. તો કોઈ ઉદય યોગે આવી જાય છે તો પણ એને એનું ખરું મૂલ્યાંકન હોતું નથી. એમ ને એમ ઓઘે ઓઘે એ પ્રસંગમાંથી પસાર થઈ જાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એકવાર અહીંથી એવું બન્યું કે ગાડીમાં–મોટરની અંદર 'સોનગઢ' જવાનું થતું હતું. બસમાં તો જતા હતા ઘણીવાર. મોટરની સગવડ થઈ એટલે આપણે રવિવારે–રવિવારે જઈએ છીએ. હું રવિવારે લેવા આવીશ. આપણે મોટરમાં સાથે જઈશું. પણ ટેવ એવી કે પાંચ-દસ મિનિટ મોડા પહોંચવાની ટેવ. વધારે નહિ પણ પાંચ-દસ મિનિટ મોડા પહોંચે. આપણને તો એ પોસાય નહિ. એકાદ વખત તો મેં Stearing હાથમાં લઈ લીધું. ભાઈ ! મોડું થાય છે, જરા Speed માં નીકળીએ. થોડા ગભરાણા. આ તો બહુ Speed માં ચાલે તો કોઈવાર વધારે પડતી Speed તો Accidentનું કારણ થઈ જાય.

એક-બે વખત સૂચના કરી, ટકોર કરી. કે ભાઈ ! આપણે નીકળવું તો વહેલું નીકળવું. Before time આપણે પહોંચવું જોઈએ. ત્યારે એમાં એક વાત કરી કે જો કોઈ સાધન ન મળતું હોય અને ચાલીને જવું પડતું હોય ૧૮ માઈલ. ૩૨ કિલોમીટર અને આગલે દિવસ સવારથી ચાલવું પડે. કેમ કે થાક તો ખાવો પડે. ચોવીસ કલાક એક ધાર્યું તો ચલાય નહિ. થોડું થોડું પાંચ-સાત કિલોમીટરે વિસામો લેવો પડે. એમ કરતાં કરતાં જો પહોંચાતું હોય તો મોડા પહોંચીએ ખરા ? એક કલાક માટે જો ચોવીસ કલાક ચાલવું પડે તો એક મિનિટ પણ ગુમાવીએ ખરા ? તો કહે ન ગુમાવીએ. તો આ જે સાધન મળ્યું છે એનો દુરુપયોગ થાય છે. હાલીને જવું પડે તો કિંમત થઈ જાય. ફેરફાર ન કર્યો. (એટલે મેં કહ્યું), હું તો બસમાં જ જઈશ. હવે મારું કામ નથી આમાં. આદત છે. ન છૂટે. મારે મોટરમાં નથી બેસવું. હું બસમાં વયો જાઈશ. મને મોડું ત્યાં પહોંચવું એ વાત બરાબર નથી લાગતી. કહેવાનો મતલબ શું છે કે સત્સંગની કિંમત શું છે ? એની એક મિનિટની પણ શું કિંમત છે ? એ જ્યાં સુધી નહિ સમજાય ત્યાં સુધી એની એક કલાકની કિંમત પણ નહિ સમજાય અને કદાચ ચોવીસ કલાકનો સત્સંગ રહેશે તો પણ નહિ સમજાય. કાંઈ નહિ સમજાય એમાંથી.

**'મતનો આગ્રહ મૂકી દેવો.'** પોતાના આત્માર્થ સિવાય બીજો વિચાર મુખ્ય કરવો નહિ. સમજી લેવું એક વાત છે. એની મુખ્યતા કરીને એનો આગ્રહ કરવો નહિ. કેમ કે **'આત્માનો ધર્મ આત્મામાં છે.'** તું આગ્રહ તો બહારમાં રાખે છો પણ તારો ધર્મ, પોતાનો ધર્મ તો પોતામાં છે. પોતાની બહાર પોતાનો ધર્મ કરવાનું કાંઈ થતું નથી. તો પછી બીજો આગ્રહ શા માટે ? તારો ધર્મ તારામાં કર. બસ. **'આત્માનો ધર્મ આત્મામાં છે.'**

**'આત્મત્વપ્રાપ્તપુરુષનો બોધેલો ધર્મ...'** છે તે. જેણે આત્માપણું પ્રાપ્ત કર્યું છે. આત્મત્વપ્રાપ્ત એટલે આત્માપણું જેણે પ્રાપ્ત કર્યું છે એવા પુરુષે જેનો બોધ આપ્યો છે એવો જે આત્મધર્મ તે **'આત્મતામાર્ગરૂપ હોય છે.'** તે આત્માપણાના માર્ગરૂપ હોય છે. પોતે જ્ઞાનતત્ત્વ છે અને માત્ર જ્ઞાનતત્ત્વ હોવાથી ત્યાં જ બધું સમાધાન થાય એવું છે. જ્ઞાનમાત્રમાં સર્વાંગ સમાધાન થઈ જાય છે. હું તો જ્ઞાનમાત્ર છું. જ્ઞાનમાત્રપણે પોતે ક્યાંય પણ લેપાતો નથી, ક્યાંય પણ સ્પર્શાતો નથી. ક્યાંય પણ કોઈની સાથે કોઈ પણ સંબંધ રાખી શકતો નથી. રાખવો હોય તો પણ રાખી શકતો

નથી. સ્વભાવથી જ નિર્લેપ એવો જ્ઞાનમય આત્મા છે. કોની સાથે એને સંબંધ છે ? ખરેખર દેહની સાથે જેને સંબંધ નથી, બીજા કોની સાથે સંબંધ હોઈ શકે ? એવો તે આત્મતામાર્ગરૂપ ધર્મ છે. **'બાકીના માર્ગના મતમાં પડવું નહીં.'** બાકી વાદવિવાદમાં ખેંચાતાણીમાં ક્યાંય પડવું નહિ.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અનંત વાર એમ જ કર્યું છે. અનંત વાર આ જીવે પોતે આવું કર્યું છે. હવે એને સાવધાની અને જાગૃતિ રાખવી જરૂરી છે.

**'આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી...'** સત્પુરુષ મળે, ઓળખાણ થાય, સત્સંગ કરે અને છતાં પણ જો કદાગ્રહ થાય, મતમતાંરાદિ દોષ ન મટી શકતો હોય, ન મૂકી શકાતો હોય, પોતાને એ પ્રકાર તીવ્ર રહ્યા કરતો હોય **'તેણે છૂટવાની આશા કરવી નહિ.'** એ એમ સૂચવે છે, આ વચન એમ સૂચવે છે કે જે જીવને તીવ્ર પરલક્ષ હોય છે તે સત્સંગ પ્રાપ્ત થયા પછી પરલક્ષ છોડી શકતો નથી. જે સત્સંગ સ્વલક્ષ કરવાનું નિમિત્ત છે અને પરલક્ષ મૂકવાનું, પરલક્ષ છૂટવાનું નિમિત્ત છે એ પ્રાપ્ત થયા છતાં પણ જો પરલક્ષ ન છૂટે તો એમ સમજવા યોગ્ય છે કે હવે એણે છૂટવાની આશા કરવી નહિ.

મુમુક્ષુ :– ખરેખર ઓળખાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ખરેખર ઓળખ્યા નથી. બધા માને છે એટલે પોતે પણ માનતો થઈ ગયો છે. એને પોતાને ઓળખાણ નથી થઈ.

**'અમે પોતે કોઈને આદેશવાત એટલે આમ કરવું એમ કહેતા નથી.'** આદેશ આપતા નથી. તમે આમ કરજો એવો આદેશ અમે કોઈને આપતા નથી. **'વારંવાર પૂછો...'** તમે પૂછો કે સાહેબ ! અમને કાંઈ આદેશ આપો **'તોપણ તે સ્મૃતિમાં હોય છે.'** અમારે આદેશ આપવાનો નથી. એ વાત ભૂલી જઈએ છીએ તમે પૂછો એટલે અને આદેશ આપવા માંડી જઈએ છીએ એમ નથી. એમણે આદેશ માગ્યો એટલે મેં આપ્યો એમ નથી. તમે માગો પણ અમને ખ્યાલમાં છે કે અમારે આદેશ આપવો નથી.

**'અમારા સંગમાં આવેલા કોઈ જીવોને હજુ સુધી અમે એમ જણાવ્યું નથી કે આમ વર્તો કે આમ કરો.'** ઘણાં મુમુક્ષુઓ આવ્યા છે, ઘણાં પૂજ્યબુદ્ધિએ વર્તે છે,

ઘણાં આજ્ઞાંકિતપણે વર્તે છે (છતાં) અમે કોઈને કહેતા નથી કે તમે આમ વર્તો કે આમ કરો. **'માત્ર શિક્ષાબોધ તરીકે જણાવ્યું હશે.'** માત્ર શિખામણરૂપે કોઈ વાત કરી હશે કે આવું હોવું જોઈએ, આવું ન હોવું જોઈએ. મુમુક્ષુને આમ ઘટે છે. મુમુક્ષુને આમ ઘટે છે, મુમુક્ષુને આમ ઘટારત નથી એવી કોઈ વાત કરી હોય તે એ શિખામણરૂપે છે, આદેશરૂપે નથી.

**'અમારો ઉદય એવો છે કે એવી ઉપદેશવાત કરતાં વાણી પાછી ખેંચાઈ જાય છે.'** ઉપદેશના સ્થાને નહિ બેઠેલા હોવાથી અને એનું અમને ભાન હોવાથી એવી કોઈ ઉપદેશની વાત આવે છે તો વાણી રોકાય જાય છે. કુદરતી જ વાણી છે એ સંક્ષેપાય જાય છે. વાણી એ વિષયમાં આગળ વધતી નથી. જુઓ ! જ્ઞાનીપુરુષ છે એની આ સ્થિતિ છે. અત્યારે તો અધુરાં છલકાવા જેવું થાય. બે વાત સમજે ત્યાં આખી દુનિયાને ઉપદેશ આપવા લાગી જાય. પોતાનું પાછું ઠેકાણું હોય નહિ. થોડીક વાત સાંભળી હોય, સમજી હોય એથી ઝાઝી તો બહાર કાઢવા માંડે. એવું થઈ જાય છે.

આ તો કેટલી ગંભીરતા છે ! જ્ઞાન થયા પછી જ્ઞાનીપુરુષની કેટલી બધી ગંભીરતા છે કે વાત કરતાં પોતાની વાણી બંધ થઈ જાય છે. ઉપદેશ આપવાનું કામ મારું નથી. બીજા જીવનું કલ્યાણ થાય એવી ભાવના, એવી કરુણાદૃષ્ટિ અત્યંત ઘણી હોવા છતાં ઉપદેશ આપતા નથી. વાણી બંધ પડી જાય છે, પાછી ખેંચાઈ જાય છે જાણે. કેવા શબ્દ વાપર્યો છે. વાણી પાછી ખેંચાઈ જાય છે.

મુમુક્ષુ :- ઘણા જીવો પામે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણા જીવો પામે એવું ઇચ્છતા હોવા છતાં પોતે જ્યાં ઊભા છે, જે સ્થિતિમાં ઊભા છે એનો બરાબર ખ્યાલ કરે છે. ઘણા જીવોમાં પાત્ર તો કોઈક હોય છે. બાકી અવર્ણવાદ બોલતા પણ વાર લાગતી નથી. એમના કાળમાં એમનો પણ અવર્ણવાદ બોલતા હતા કે એ પોતાને પચ્ચીસમાં તીર્થંકર કહેવડાવે છે. પોતાને જ્ઞાની કહેવરાવે છે. પોતાને મહાત્મા ગણાવે છે. અને પાછા રાત્રે ખાય છે. ખાતા નહોતા જોકે. પણ અવર્ણવાદ બોલવો કે જેનામાં જે દોષ ન હોય એનું આરોપણ કરવું એનું નામ તો અવર્ણવાદ છે. એટલે અનેક પ્રકારના આરોપ એ જમાનામાં પણ ચાલતા હતા. અને ચાલે છે. એનું કારણ એ છે કે ધર્મના જે જે સ્થાનો છે, જે જે સંપ્રદાયો છે, જે જે ધર્મના ક્ષેત્રો છે એ ક્ષેત્રમાં અપવાદ ગણીએ

તો જુદી વાત છે નહિતર સોએ સો ટકા દુકાનદારી ચાલે છે. અપવાદ રાખીને કહીએ તો સોએ સો ટકાની દુકાનદારી ચાલે છે. કો'ક અપવાદને બાદ કરવો હોય તો કરી દેવો. હજારમાંથી, દસ હજારમાંથી કોઈ એકાદને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મના ક્ષેત્રો, સંસ્થાઓ જે કાંઈ ચાલે છે, હજારો ચાલતી હશે, એમાં બધે વેપાર ચાલે છે. દુકાનદારી ચાલે છે. પૈસા ભેગા કરવા. માન સ્થાને બેસવું. એ બધી દુકાનદારી છે. હવે જ્યારે કોઈ સાચો સંત મહાપુરુષ, સત્પુરુષ, જ્ઞાનીપુરુષ કોઈ કાળે કરીને ઉત્પન્ન થાય, જાગે ત્યારે એ સત્ય વાતનો પ્રકાશ કરશે. સત્ય વાતનો પ્રકાશ કરશે એટલે અસત્ય વાતનું ઉથાપન કરશે. જેવું અસત્યનું ઉથાપન થશે એટલે જે અસત્યની દુકાને બેઠાં છે એને એમ થશે કે આ તો આપણા વેપાર ઉપર અસર પડવાની છે સીધી. બજારમાં થાય છે કે નહિ ? કોઈ સારી પાર્ટી દુકાન માંડે એટલે બે-ચાર જણાને તો પેટમાં ફડકો પડે કે આપણી ઘરાકી ત્યાં જવાની છે. એટલે એ લોકો વિરોધમાં આવ્યા વગર રહે નહિ. પછી સામે ગમે તેવા ગુણવંત ધર્માત્મા હોય, નિર્દોષ પરમાત્મા જેવા ધર્માત્મા હોય તો પણ એ વિરોધ પક્ષ ત્રણે કાળે રહ્યો છે અને ત્રણે કાળે રહેવાનો છે.

એ વાત જ્ઞાનીપુરુષો સમજતા હોય છે કે આ તો જગતની સ્થિતિ જ છે. આ કોઈ આ કાળની નવી વાત નથી. ચોથા આરામાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન થયા ત્યારે પણ આ વાત ઊભી થયેલી. એ વાત સર્વ કાળે રહેવાની છે. એ કોઈ નવી નથી. એ વસ્તુસ્થિતિ છે. સત્ અને અસત્ આ વિશ્વની અંદર અનાદિના છે. એટલે એ પરિસ્થિતિ કોઈ લાવી લવાતી નથી. ટાળી ટળાતી નથી. એમ સમજીને જ્ઞાની સમાધાન કરે છે. એને બીજો કોઈ પોતાને અંગત સ્વાર્થ નથી એટલે એને તો બીજી કોઈ ચિંતા થતી નથી. ચિંતા તો મમત્વ હોય એને થાય. જેને મમતા (છે) એને દુઃખ છે. જેને મમતા નથી એને દુઃખ શેનું અને વાત શેની ? બસ, જ્ઞાનીને એવી કોઈ ફીકર નથી. જ્ઞાન કરી લે છે. અને એના ઉપર પણ કરુણાદૃષ્ટિ રાખે છે. આ જીવો પણ આત્માના અહિતમાંથી બચી જાય તો સારું. બચાવવા, નહિ બચાવવા મારા હાથની વાત નથી. પણ બચી જાય તો સારું. બસ, એવી ભાવના રાખે છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ તો પર્યાયમાં છે. વસ્તુમાં ભૂલ નથી એમ એનો અર્થ છે. એનો આત્મા પણ ભગવાન આત્મા છે. પણ એ પોતે ભૂલેલો છે ભગવાન આત્માને. તેથી બિચારો ભૂલ કરે છે. અને ભૂલ કરે છે તો દંડ પણ અવશ્ય ભોગવવો પડે છે. કોઈને દુઃખ થાય એ પોતે ઇચ્છતા નથી. કોઈને એનો દંડ ભોગવવો પડે તો પણ પોતે ઇચ્છતા નથી. એમ છે ખરેખર. એવી નિષ્કારણ કરુણા હોય છે.

મુમુક્ષુ :- અવર્ણવાદનું ફળ મોટું બહુ મોટું...

પૂજ્ય ભાઈશ્રી :- કુદરતનો કાયદો છે એમાં તો કોણ ફેરફાર કરી શકે ? ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર. કુદરતના કામમાં તો કોઈનો હસ્તક્ષેપ થઈ શકે એવું નથી.

**'સાધારણ પ્રશ્ન પૂછે તો તેમાં વાણી પ્રકાશ કરે છે;...'** પોતાની જિજ્ઞાસાથી પરમાર્થમાર્ગમાં આવવા માટે કોઈ પ્રશ્ન પૂછે તો અમારી વાણી બરાબર પ્રકાશ કરે છે. એ કરુણાદૃષ્ટિ છે ને ! એ જીવ પામે તો સારું. પણ **'ઉપદેશવાતમાં તો વાણી પાછી ખેંચાઈ જાય છે,...'** કેવી પોતાની વાત ખુલ્લી કરી છે ! કોઈ માર્ગમાં આવવા માટે જિજ્ઞાસુ થઈને આવે, પોતાનું કાળજું કાઢીને દે છે કે અમારા પરિણામ આમ થાય છે. ઉપદેશ કોઈને કરતાં નથી.

મુમુક્ષુ :- ઉપદેશ ...

પૂજ્ય ભાઈશ્રી :- આદેશ આપવાનો પ્રશ્ન નથી.

**'તેથી અમે એમ જાણીએ છીએ કે હજુ તેવો ઉદય નથી.'** એ તો પોતાને ખ્યાલ છે. સર્વસંગપરિત્યાગ કરીને માર્ગનો ઉપદેશ કરવો, બાકી માર્ગ કહેવો એક વાત છે, ઉપદેશ કરવો બીજી વાત છે. **'પૂર્વે થઈ ગયેલા અનંતજ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં;...'** શું કહે છે ? આ પ્રત્યક્ષ જ્ઞાની અને પરોક્ષ જ્ઞાની વચ્ચે મહત્વની દૃષ્ટિએ બેના મહત્વમાં કેટલો ફેર છે ? પરોક્ષ જ્ઞાનીનું પણ મહત્વ છે અને પ્રત્યક્ષ જ્ઞાનીનું પણ મહત્વ છે તો પણ બંને વચ્ચે બહુ મોટો ફેર છે. પ્રત્યક્ષ જ્ઞાનીનો બીજો વિકલ્પ, બીજું સ્થાન કોઈ પરોક્ષ જ્ઞાની પણ લઈ શકે એવું બનતું નથી.

**'પૂર્વે થઈ ગયેલા અનંતજ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે,...'** પોતાના કરતાં પણ મહાન જ્ઞાનીઓ થયા છે. આચાર્યો, ગણધરો, તીર્થંકરો (થયા છે) **'પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં;....'** એ જ્ઞાનીને લીધે પોતાનો દોષ મટે, એ જ્ઞાનીના

શાસ્ત્રો વાંચે એટલે દોષ મટી જાય એમ બને નહિ. **‘એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં;...’** કે જે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની તે કાઢી શકે નહિ. એના રસ્તે ચાલ્યા ગયા નિર્વાણપદ સુધી. તારા દોષને કાઢવા માટે અત્યારે એમનું કોઈ કાર્યકારીપણું નથી.

**‘પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે.’** તે જ ધ્યાન ખેંચી શકે કે ભાઈ ! આવો પણ દોષ થાય છે. તમારા ધ્યાનમાં આવતો નથી. જરાક તમારે વધારે બારીકાઈથી અંતર અવલોકન કરવા જેવું છે. પોતાના અવલોકન વિના તો પોતાનો દોષ જણાય નહિ. એટલે વધારે સૂક્ષ્મ અવલોકન કરવા કોણ કહી શકે ? કે જેની નજર પહોંચે છે વર્તમાનમાં એ કહે કે આ પણ જરા વિશેષ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. જાણે–અજાણે આવું પણ બની જાય. માટે બરાબર જાગૃતિ રાખવા યોગ્ય છે. જાગૃતિમાં લાવે, પુરુષાર્થમાં પ્રેરે એવી જ્ઞાનીપુરુષની વાણી હોય છે. તે જ્ઞાનીપુરુષની વાણીનું એક સત્ત્વ છે, એક તત્ત્વ છે કે જે હંમેશા મુમુક્ષુને જાગૃત રાખે છે અને પુરુષાર્થની અંદર પ્રેરે છે.

**‘જેમ દૂરના ક્ષીરસમુદ્રથી...’** દૃષ્ટાંત આપે છે એ પ્રત્યક્ષ-પરોક્ષના વિષયમાં. કે **‘જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં,...’** એ દૂર એટલે પૂર્વ કાળના. અહીંયાં ક્ષેત્રથી દૂર લીધું. સિદ્ધાંતમાં પૂર્વ કાળ લેવો. અહીંયાં ક્ષીરસમુદ્ર લીધો. દૂધનો સમુદ્ર. ત્યાં લેવા મહાન તીર્થંકરાદિ કેવળજ્ઞાનનો દરિયો છે. એનાથી **‘અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં,...’** કાલે લીધું હતું. અત્યારે પણ કેવળજ્ઞાનીઓ બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં વીસ વિહરમાન તીર્થંકર બિરાજે છે. અહીંયાં આપણને એમનો કાંઈ લાભ સંભવિત નથી. એમનો ઉપદેશ પ્રત્યક્ષ નથી. કાંઈ ખબર પડે નહિ. પોતે ત્યાં શું કહે છે એ આપણને શું ખબર પડે અહીંયાં ? એ દૂરનો ક્ષીરસમુદ્ર છે. આપણા માટે તો એ ક્ષીરસમુદ્ર છે. પણ દૂરનો છે. અહીંયાં તરસ લાગી હોય તો અહીંયાં જિજ્ઞાસાની તૃષા પિપાસા છે એ કેવી રીતે બૂજાશે ? અહીંયાં તો કોઈ સમજાવનાર પ્રત્યક્ષ જ્ઞાની હોય તો જિજ્ઞાસા શાંત થાય. ‘સીમંધર’ ભગવાન કાંઈ કહેવા આવે નહિ.

મુમુક્ષુ :– પરમ તીર્થંકરદેવ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવી વાત છે. **‘પણ એક મીઠા પાણીનો કળશો અત્રે**

**હોય,...'** એ જ્ઞાનીપુરુષના સ્થાને લીધું છે સિદ્ધાંતમાં. દૃષ્ટાંતમાં મીઠા પાણીનો કળશો છે. સિદ્ધાંતમાં જ્ઞાનીપુરુષ છે તે. તે **'અત્રે હોય તો તેથી તૃષા છીપે.'** તે જો વિદ્યમાન હોય, પોતે માર્ગમાં આગળ વધતા મૂંઝાણો હોય, તો એ મુંઝવણમાં વર્તમાન બિરાજમાન જ્ઞાની હોય તે ઉપકારી થાય છે. બાકી દૂરના (ઉપકારી થતા નથી).

**'ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહિ.'** અનેક પ્રકારના ધર્મસાધન કરતાં જીવને ક્યાંય માર્ગ મળતો નથી. તો પછી બીજી રીતે ચડી જાય છે કે કાંઈક આપણે યોગના પ્રયોગ કરીએ, કાંઈક સમાધિનો પ્રયોગ કરીએ, કાંઈક ધ્યાનનો પ્રયોગ કરીએ એવા એવા કાંઈક ને કાંઈક આડ માર્ગે, ઊંધે માર્ગે જવાના ઉપાય યોજી લે છે, શોધી લે છે. પણ તેથી જીવનું કાંઈ કલ્યાણ થાય નહિ. તેથી જીવનું કલ્યાણ થઈ શકે એમ નથી.

**'જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે,...'** એમ કહીને એમ કહ્યું કે તું યોગના, ધ્યાનના, સમાધિના પુસ્તકો અને ગ્રંથો ઉથલાવીશ નહિ. એમાંથી કેમ ધ્યાન કરાય ? એ શીખવાનો પ્રયત્ન કરીશ નહિ. એમાં પદ્ધતિ, વિધિ બધું લીધું હશે. ધ્યાનના ગ્રંથમાં ધ્યાન કેમ થાય એ વિધિ લે છે. એનો પ્રયોગ કેમ કરવો એનું વર્ણન એમાં હોય છે. એ પુસ્તકો વાંચીને એ વર્ણાનુસાર તું પ્રયોગ કરવા લાગી જઈશ. તારે જો આત્મકલ્યાણ કરવું હોય તો કોઈ જ્ઞાનીપુરુષના ચરણ સમીપમાં (જા). આવી રીતે ધ્યાનમાં બેસવાના પ્રયોગ કરીશ નહિ, એમ કહેવું છે.

આપણે તો એકાંતમાં રહીએ. એકાંતમાં કહો, યોગમાં કહો, સમાધિમાં કહો, ધ્યાનમાં કહો, કોઈ પ્રકાર બીજો બધો વિચારવો મૂકી દઈને. બીજો કોઈ પ્રકારનો વિચારવો મૂકી દઈને, બીજું કાંઈ શોધમાં, એક સત્પુરુષને શોધ. કેટલા વિચારથી ટોટલ માર્યો છે એમણે ! બહુ વિચારને અંતે એ વાત લીધી. કેમ કે જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે. આ જીવને હવે કેમ આગળ વધવું ? આ જીવ ક્યાં ઊભો છે ? ત્યાંથી પહેલું ડગલું એણે કઈ દિશામાં ભરવું ? પહેલું ડગલું કેવી રીતે ભરવું ? ક્યારે ભરવું ? કઈ સ્થિતિમાં ભરવું ? કેમ કરીને ભરવું ? બધી વાત જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે. એને ખબર નથી, મારે શું કરવું એની એને ખબર નથી હોતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમના જ્ઞાનમાં તો કોઈનું પણ ખ્યાલમાં આવે. આ બાજુ કદાચ 'ધર્મદાસજી'નું ... એમાં એમનો કાળ લખ્યો હશે, લગભગ સમકાલીન ... એ વખતની અંદર તો પ્રસિદ્ધિના સાધનો બહુ ઓછા હતા. એટલે એકબીજા હોય તો પણ કાંઈ ખ્યાલમાં આવે નહિ. ભાષાનો પણ એટલો પ્રચાર નહોતો. એ દેશમાં જે રહેતો હોય એને એ ભાષા આવડે. બીજા દેશની ભાષા આવડે નહિ. આજે પણ આટલો ભાષાનો પ્રચાર છે તો પણ હિન્દીભાષી ભાઈ આવે તો કહે, ભાઈ ! હિન્દીમાં બોલો. ભાષાની મુશ્કેલી છે. સમજવા માટે તો ભાષા ન સમજાય તો ભાવ કેવી રીતે સમજાય ?

**'જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે;...'** સત્સંગે કરીને ન લીધું અહીંયાં. પરમસત્સંગે કરી સમજી શકાય છે. પરમસત્સંગનો એ અર્થ થાય છે અહીંયાં કે જે જીવ જ્ઞાનીપુરુષના સમાગમમાં જઈને પોતાના પરિણમનની વાત ખુલ્લી કરે છે, પોતાની મુંઝવણ પ્રદર્શિત કરે છે કે મારે આગળ વધવું છે પણ નથી વધાતું. મારા આ પ્રકારના પરિણામ છે, હવે મારે આગળ વધવું છે. ક્યા પ્રકારના બીજા પરિણામ થવા ઘટે કે જેથી આગળ વધી શકાય ? એવું જ્યારે ખુલ્લું પોતાનું પરિણમન એ વ્યક્ત કરે છે ત્યારે જ્ઞાનીપુરુષ એને પણ એને યોગ્ય જે કાંઈ વાત કરે છે ત્યારે એને એ સત્સંગ છે એ પરમસત્સંગમાં પરિણમે છે. પરમ એટલે પરમ હિતકારી. સીધું હિતનું કારણ થાય.

જેમ કે 'સોભાગભાઈ'નું દૃષ્ટાંત લઈએ. તો 'સોભાગભાઈ'ને 'શ્રીમદ્જી'નો સત્સંગ હતું એમ ન કહેવાય, પરમસત્સંગ હતો. કેમ કે એમણે એકે એક પરિણામ પોતાના ખુલ્લા કરી નાખ્યા. વાત સહેલી નથી. પોતાના દોષિત ભાવોનું નિવેદન કરવું, બીજા પાસે પ્રસિદ્ધ કરવું. જો બધા ભાવ પ્રદર્શિત કરે તો આ માણસ કેટલા ટકા પાગલ છે એ નક્કી થઈ જાય એવું છે. કેટલા પાગલપણાના એના પરિણામ થાય છે એ... આવી જાય એવું છે. એટલે એ વાત સહેલી નથી. પણ જ્યારે કોઈ મુમુક્ષુજીવ એટલો સરળ અને એટલો હળવો થાય છે ત્યારે. એટલો સરળ થઈ જાય છે, એટલો હળવો થઈ જાય છે કે મારે એક દોષ રહેવા દેવો નથી ને. ઝીણામાં ઝીણો દોષ હોય તો મારે કાઢવો છે. એક દોષ મારે ન જોઈએ. એટલો હળવો થઈ જાય છે. ત્યારે એ બધું નિવેદન કરી દે છે. આપને જે ગણવું હોય એ ગણો. ગાંડો

ગણો, ઘેલો ગણો, પાગલ ગણો, નીચમાં નીચ ગણો. 'અધમાઅધમ અધિકો પતિત' ક્યાં સુધીની તૈયારી છે ? કે આ જગતમાં કોઈ અધમમાં અધમ હોય તો હું છું. આમ સમજીને જ કહું છું.

'યહ સમ્યગ્જ્ઞાન દીપિકા ગ્રંથ ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસજીને પુરાણી ભાષામાં રચકર...' પ્રકાશકીય નિવેદનમાં છે. 'વિક્રમ સંવત ૧૯૪૬કી માઘ શુક્લા પૂર્ણિમા કે દિન છપવાકર પ્રકાશિત કીયા થા.' પહેલા આવૃત્તિ ૧૯૪૬માં. ૧૯૪૬માં 'ગુરુદેવ'નો જન્મ છે. એટલે 'શ્રીમદ્જી' ત્યારે ૧૧ વર્ષના હશે. ૧૯૪૬માં એમની હયાતી હતી એમ કહે છે. 'શ્રીમદ્જી'ના સમકાલીન થઈ ગયા ને ? એમ કહેવું છે કે 'શ્રીમદ્જી'ના સમકાલીન થયા ને. ત્યારે 'શ્રીમદ્જી' ૨૩ વર્ષના હતા ત્યારે એમણે આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા' પુસ્તિકા પહેલીવહેલી છપાવી હતી. ૧૯૪૬માં 'ગુરુદેવ'નો જન્મ છે. ૨૦૩૭ના કારતક વદ ૭ દેહાંત થયો છે. ૯૧ વર્ષ થયા.

એમનું જે જૂનું પુસ્તક છે એમાં એમનો ફોટો મૂક્યો છે. એમના ગુરુનો 'દેવેન્દ્રકીર્તિ'નો ફોટો મૂક્યો છે અને બનતા સુધી એમનો સમય પણ લખ્યો છે. એમનો કાળ અને દેહવિલયનો સમય, એ જૂની 'સમ્યગ્જ્ઞાન દિપિકા' છે એની અંદર બેય ફોટા છે. આમાં આપણે નથી લીધા લાગતા. આમાં નથી. મળતી નથી. એ આપણે હવે છપાવવાના છીએ. અત્યારે ઉપલબ્ધ નથી 'સમ્યગ્જ્ઞાન દિપિકા' આ તો આપણે ભાવનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ તરફથી પ્રતિષ્ઠા વખતે પ્રસિદ્ધ કરેલી છે. ભગવાનની પ્રતિષ્ઠા કરી ત્યારે એ વિકલ્પ હતો કે સાથે સાથે એક સત્શાસ્ત્રનું પ્રકાશન કરવું. એટલો મોટો ખર્ચ છે તો પણ સાથે સાથે પ્રકાશિત કરવું. આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા' (ઈ.સ.૧૯૭૦) ૨૦ વર્ષ પહેલા આપણા મંડળ તરફથી પ્રકાશિત થયેલી છે.

મુમુક્ષુ :- ૫૦ પ્રત છે આપણે અહીંયાં.

પૂજ્ય ભાઈશ્રી :- ૫૦ પ્રત છે. આપણે વાંચન માટે ૫૦ રાખી હોય. બાકીની બધાને ભેટ આપી દીધી હોય. વાંચન માટે ૫૦ રાખી હશે. એ વખતે ૨૦ વર્ષ પહેલા આની કિંમત દોઢ રૂપિયો રાખી છે. વીર ૨૪૯૬, વિક્રમ સંવત ૨૦૨૬ વૈશાખ સુદી ૨, 'ગુરુદેવ'ની જન્મજયંતી અહીંયાં ઉજવી હતી તે દિવસે એનું પ્રકાશન કરેલું છે. 'પૂજ્ય શ્રી કાનજીસ્વામી જન્મજયંતી મહોત્સવ દિન'. 'દિગંબર જૈન મુમુક્ષુ મંડળ' ભાવનગર, તરફથી પ્રકાશિત કરેલી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. પણ એવું દિગંબરોએ કર્યું ને ? દિગંબર ધર્મ સંપ્રદાયના મહાત્મા અને એનો વિરોધ દિગંબરોએ કર્યો. 'જૈની જૈનગ્રંથ કે નિંદક હુંડાવસર્પિણી જોરા' એ આનું નામ. આ હુંડાવસર્પિણીનું જોર છે.

(અહીંયા કહે છે), એ પરમ સત્સંગનો વિષય છે કે જે પોતાના નાનામાં નાના દોષ પણ જ્ઞાની પાસે વ્યક્ત કરે છે. વ્યક્ત કરે છે નહિ પશ્ચાતાપપૂર્વક પણ વ્યક્ત કરે છે, ટાળવાના લક્ષથી વ્યક્ત કરે છે તેને પરમસત્સંગ થાય છે. માટે એ ધ્યાન, સમાધિ, યોગના જે વિકલ્પો છે એ કરવા મૂકી દેવા. બીજા વિકલ્પ મૂકી દેવા. જ્ઞાનીપુરુષના ચરણમાં જવું, રહેવું, બીજા વિકલ્પ મૂકી દેવા એમ કહે છે.

**'જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે, કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જ જવા જોઈએ,...'** આ મુખ્યમાં મુખ્ય વાત છે કે જો સત્સંગ થયો હોય તો એ સત્સંગમાં સાંભળેલ જે બોધ છે એને પરિણામ પામીને, અંગીકાર કરીને, પરિણમાવીને એમ કહે છે. જે અનાદિથી સહેજે સહેજે કદાગ્રહાદિ દોષ રહી ગયા હોય છે તે છોડી દેવા યોગ્ય છે. **'છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં.'** સત્સંગનું અવર્ણવાદપણું એટલે સત્પુરુષનું અવર્ણવાદપણું અહીંયાં એમ લેવું. જે સત્પુરુષના સત્સંગમાં જતા જીવને Title લાગે છે કે આ તો 'કાનજીસ્વામીવાળા' છે, આ તો 'શ્રીમદ્ રાજચંદ્રવાળા' છે. તો એને કદાગ્રહાદિ દોષ એવા ન હોવા જોઈએ કે એ સત્પુરુષના યશને કોઈ ઝાંખપ લાગે એવો કોઈ પ્રકાર મુમુક્ષુએ ઉત્પન્ન થવા દેવા યોગ્ય નથી.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– એ વિચાર નથી આવતો એનો સીધો અર્થ એમ છે કે આત્મકલ્યાણનો પણ વિચાર આવ્યો નથી. બે ભાઈ હોય એને બનતું ન હોય ને ? ભલે ઝઘડતા ન હોય પણ મેળ ન પડતો હોય. તો પણ એકનું ખરાબ બોલાતું હોય તો એ પોતે ન ઊભો રહે. હું નહિ ઊભો રહું, મારો ભાઈ છે. એનું ખરાબ કાંઈ ઘસાતું થતું હોય ત્યાં મને તમે ઊભો નહિ રાખો, એમ કહી દે. મને આઘો રાખો, ભાઈ ! સત્પુરુષનો અવર્ણવાદ બોલાય, મહાપુરુષનો અવર્ણવાદ બોલાય એવા

કાર્યમાં જીવ ઉજમાળ થઈને ફરે. વેગવંત-વેગ એટલે આવેગમાં આવી જાય, આવેશમાં આવીને કોઈ કાર્ય કરે એને એક સામાન્ય વિવેક પણ જે સામાન્ય બુદ્ધિમાન માણસને સંસારમાં હોય છે, એક ભાઈ, ભાઈ પ્રત્યેનો, ભલે અણબનાવવાળો હોય, એટલી પણ લાગણી નથી રહી. કેવી ? એમ કાંઈ બહુ લાગણી ન હોય. એવી ખાસ લાગણી ન હોય પણ સામાન્ય લાગણી એને દૂર રાખે, એટલી પણ નથી રહી. એવું એનું (સત્પુરુષના અવર્ણવાદનું) પાસું છે. એનો અર્થ એ છે કે સત્પુરુષ પ્રત્યે એનો અપરાધ કેટલો થાય છે એનો પણ એને ખ્યાલ નથી. મોટો અપરાધ છે.

આઠમું. **'જ્ઞાનીપુરુષે કહેવું બાકી નથી રાખ્યું; પણ જીવે કરવું બાકી રાખ્યું છે.'** એમણે તો આત્માનું હિત થાય એવી ઘણી વાતો, ઘણી વાતો શું ? પૂરી વાતો કરી છે. અધૂરી નથી કરી પણ પૂરી વાત કરી છે. આ જીવે કરવાનું બાકી રાખ્યું છે, કાંઈ અંગીકાર કર્યું નથી. **'એવો યોગાનુયોગ કોઈક જ વેળા ઉદયમાં આવે છે.'** એવો જ્ઞાનીપુરુષનો યોગ થાય એ અનંત કાળે કોઈક જ વાર એવો યોગાનુયોગ ઉદયમાં આવે છે. **'તેવી વાંછાએ રહિત મહાત્માની ભક્તિ...'** કેવી ભક્તિ મહાત્માની ? વાંછાએ રહિત. કોઈ વાંછા નહિ. હું આ જ્ઞાનીપુરુષને અનુસરું છું માટે મને હવે ભવિષ્યની અંદર કોઈ તકલીફ નહિ પડે, મારો ભાગ્યોદય સારો થશે કેમ કે જ્ઞાનીપુરુષ મને મળ્યા. માટે મારો ભાગ્યોદય પણ સારો રહેશે. એવી પણ વાંછા નહિ. બીજી તો નહીં જ, કોઈ વાંછા નહિ.

**'તેવી વાંછાએ રહિત મહાત્માની ભક્તિ તો કેવળ કલ્યાણકારક જ નીવડે છે;...'** એવી નિર્વાંચ્છક ભક્તિ હોય, નિઃસ્પૃહ ભક્તિ હોય તો કેવળ આત્મકલ્યાણનું કારણ થાય છે. જો વાંછા સહિતની ભક્તિ હોય તો આત્મકલ્યાણનું કારણ નથી. વાંછા રહિત ભક્તિ હોય તો તે આત્મકલ્યાણનું કારણ છે. તમામ ધર્મના ક્ષેત્રમાં આ પ્રકારના ઉપદેશની ક્ષતિ છે, જૈનદર્શન સિવાય. કેમ કે ઉપદેશ જ એવો છે કે તું આ ધર્મ કરીશ તો તને આવું ફળ મળશે, ધર્મ કરીશ તો તને આવું ફળ મળશે, ધર્મ કરીશ તો તને આવું ફળ મળશે. પહેલા ફળની એને લાલચ આપે છે. અહીંયાં કહે છે કે વાંછાએ રહિત ભક્તિ સમર્પણ જો તારું હોય તો કેવળ તને આત્મકલ્યાણનું કારણ છે.

**'પણ કોઈ વેળા તેવી વાંછા મહાત્મા પ્રત્યે થઈ...'** આ પણ દોષ બને છે કે **'કોઈ વેળા તેવી વાંછા મહાત્મા પ્રત્યે થઈ અને તેવી પ્રવૃત્તિ થઈ ચૂકી,...'** એવા પરિણામ

થઈ ચૂક્યા '**તોપણ તે જ વાંછા જો અસત્પુરુષમાં કરી હોય અને જે ફળ થાય છે, તે કરતાં આનું ફળ જુદું થવાનો સંભવ છે.**' પુણ્યનો પ્રકાર પણ બીજો હોય છે. સત્પુરુષનું બહુમાન એના પુણ્યનો પ્રકાર બીજો છે, અસત્પુરુષનું બહુમાન એના પુણ્યનો પ્રકાર બીજો છે એમ કહેવું છે.

'**સત્પુરુષ પ્રત્યે તેવા કાળમાં જો નિઃશંકપણું રહ્યું હોય,...**' ભલે વાંછા થઈ હોય પણ સત્પુરુષ જ છે એમ '**નિઃશંકપણું રહ્યું હોય, તો કાળે કરીને તેમની પાસેથી સન્માર્ગની પ્રાપ્તિ હોઈ શકે છે.**' તો એ સત્પુરુષ એના વાંછાના દોષને દૂર કરશે. જોશે કે આને વિશ્વાસ આવ્યો છે, આને પ્રતીતિ આવી છે તો એને એ કાળે કરીને સત્યમાર્ગ ઉપર એને લઈ જશે, સન્માર્ગની પ્રાપ્તિ કરાવશે.

'**એક પ્રકારે અમને પોતાને એ માટે બહુ શોચ રહેતો હતો,...**' હવે વ્યક્તિગત વાત લીધી છે. કોઈ વ્યક્તિવિશેષને લક્ષમાં રાખીને અમને બહુ શોચ રહેતો હતો કે કેમ આને વાંછાના પરિણામ થાય છે ? '**પણ તેનું કલ્યાણ વિચારીને શોચ વિસ્મરણ કર્યો છે.**' કેવી વાત લીધી છે ! ભલે એનો એ દોષ છે એ દોષ પાલનપોષણ કરવા યોગ્ય નથી પણ એને વિશ્વાસ આવ્યો છે, એને એમ થયું છે કે નક્કી આ કાળમાં આ સત્પુરુષ છે, એવો જ્યારે એને વિશ્વાસ આવ્યો છે ત્યારે એનો દોષ ગૌણ કર્યો છે અને એનું કલ્યાણ વિચારીને એ દોષને વિસ્મરણ કરી ગયા છે. કાંઈ નહિ, નજીક આવ્યો છે ને ? એને વિશ્વાસ આવ્યો છે ને ? અત્યારે થોડો ભૂલમાં છે, ભૂલ ટળી જશે. આપણા સંગમાં રહેશે, અવશ્ય એની ભૂલ નીકળી જશે. એમ પોતાને એને ખ્યાલમાં આવી જાય છે. સંગ રહેશે એને. આપણો સત્સંગ કરે છે. વિશ્વાસ છે એટલે વિશ્વાસપૂર્વક સત્સંગ કરે છે માટે એનો જે કાંઈ દોષ છે એ દોષ હવે ટકી શકશે નહિ. એ કુદરતી સત્સંગમાં ગુણ છે. સત્સંગની અંદર જીવ છે એ દોષરહિત થતો જાય છે, દોષને છોડતો જાય છે.

'**મન, વચન, કાયાના જોગમાંથી જેને કેવળીસ્વરૂપભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જે જ્ઞાનીપુરુષ,...**' જ્ઞાનીપુરુષનું અહીંયાં વિશેષણ કર્યું છે કે કેવા છે જ્ઞાનીપુરુષ ? વિશેષતા એમની કેવી છે ? કે એને મન, વચન, કાયાના યોગમાંથી અહંભાવ મટી ગયો છે. વાણી મારી નહિ, શરીર મારું નહિ, મન પણ મારું નહિ. શું થતાં ? '**કેવળીસ્વરૂપભાવ થતાં...**' હું પરિપૂર્ણ કેવળજ્ઞાનસ્વરૂપ પરમાત્મા છું. પૂર્ણ

જ્ઞાનતત્ત્વનો પીંડ છું. મન, વચન કોઈ મારા નથી. એવી રીતે કેવળીસ્વરૂપભાવ થતાં. કેવળીસ્વરૂપભાવ થતાં આત્મભાવને કેવળીભાવસ્વરૂપ કહ્યો.

**'એવા જે જ્ઞાનીપુરુષ, તેના પરમઉપશરૂપ ચરણારવિંદ...'** એમના ચરણારવિંદ કેવા છે ? પરમ ઉપશરૂપ છે. એટલે એમના ઉપશમરસના પરમાણુ છે ત્યાં. **'તેના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઇચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી, આ પત્ર પૂરો કરું છું.'** જોયું ! કેટલાક પત્રોમાં એમણે જ મથાળા નથી બાંધ્યા. આ જે ગ્રંથની અંદર પત્રના મથાળા નથી એનો ખ્યાલ આવ્યો કે એ પોસ્ટકાર્ડની અંદર અને કવરની અંદર સરનામાની જગ્યાએ સરનામુ કરતાં અને એમ ને એમ પત્ર લખી નાખતા. કોઈવાર મથાળુ બાંધતા કે ફલાણા, ફલાણાને પત્ર લખું છું. તો કોઈ વાર મથાળુ બાંધ્યા વગર પત્ર લખ્યા છે. પોસ્ટકાર્ડમાં પણ એવી રીતે લખ્યા છે, પાછળ ખાલી સરનામુ કર્યું હોય એના ઉપરથી ખબર પડે કે આને પોસ્ટકાર્ડ લખ્યું છે. નહિતર ખબર નહોતી પડતી. એવા પોસ્ટકાર્ડ પણ જોયા અને એવા મૂળ પત્રો પણ જોયા. એમના જ હસ્તાક્ષરના મૂળ પત્રો છે. એટલે આની અંદર કેટલાક પત્રોની અંદર જે નથી મથાળા આવ્યા કે કોને લખેલું છે, એનું એ પણ કારણ છે. પહેલા એમ શંકા પડતી હતી કે સંપાદકોએ જાણી-બુઝીને કદાચ પત્ર કોને લખ્યો છે એ ન દર્શાવ્યું હોય, કોઈ કારણસર. પણ એવું નથી. આ પત્રો જોયા એના ઉપરથી ખ્યાલ આવે છે. મૂળ પત્રો જોયા એમના જ હસ્તાક્ષરની અંદર.

મુમુક્ષુ :- શાહી એવી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- શાહી એવી ને એવી રહી છે. આ લોકોએ સાચવી રાખ્યા છે. અત્યારે તો પ્લાસ્ટીકના બે પડની વચ્ચે સીલ કરીને રાખ્યા છે એટલે હવા ન લાગે. નહિતર તો કાગળ ખરાબ થાય. તેમ ઘડ ન પડે. વાળવા ન દે. સીધે સીધું પ્લાસ્ટિક પાનું ફાઈલ જ કરી નાખ્યું છે.

એ છેલ્લે છેલ્લે એટલી શિખામણ આપી છે. મન, વચન, કાયાના યોગમાંથી જેમણે પોતાનો અહંભાવ કેવળીસ્વરૂપ થવાને લીધે, જ્ઞાની કેવળીસ્વરૂપ થયા છે, એમ કહે છે. એવા જે જ્ઞાનીપુરુષ તેમના **'પરમઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરીને, વારંવાર તેને ચિંતવીને, તે જ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઇચ્છા કર્યા કરો...'** એવા જ્ઞાનીના

માર્ગની અંદર તમે પ્રવેશ કરો, તમે જ્ઞાનીના માર્ગની અંદર આવો એવો ઉપદેશ કરીને અહીંયાં આ પત્ર પૂરો કરે છે.

**‘વિપરિત કાળમાં...’** જુઓ ! લી. **‘વિપરીત કાળમાં એકાકી હોવાથી...’** એકલો છું. નજર નાખે ક્યાંય કોઈ જડતું નથી. સો વર્ષ પહેલા આવો કાળ હતો. **‘વિપરીત કાળમાં એકાકી...’** એટલે એકલો હોવાને કારણે **‘ઉદાસ ! ! !’** આટલું છેલ્લું પોતાને માટે લખ્યું છે કે આવી પરિસ્થિતિ અત્યારની મુમુક્ષુની (અને) ધાર્મિક સમાજની આ પરિસ્થિતિ છે. એકલો દેખાઉં છું, (બીજા) કોઈ જોવામાં આવતું નથી.

અન્ય જીવને ઉપકાર થાય તેવી, ધર્મ-પ્રભાવના યોગ્ય, બાહ્ય પ્રવૃત્તિ પણ પ્રારબ્ધયોગ અનુસાર શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક થવી ઘટે છે. નિષ્કારણ કરુણાથી મહાપુરુષોએ પરમપદનો ઉપદેશ આપ્યો છે. તે ઉપદેશનું કાર્ય મહાન હોવા છતાં પણ અંતર આરાધનામાં અપ્રમત્તભાવે વર્તતા, તે બાહ્ય કારુણ્યવૃત્તિ પણ જેને ઉપશાંત થઈ, તે મહત્ પુરુષની સાધનાને વંદન હો ! અંતર આરાધનામાં અપ્રમત્તભાવે રમણતા કરનારનાં બાહ્ય યોગનો સહજ સ્વભાવ સર્વ જીવ પ્રત્યે દયાનો હોય છે અને તેમનો આત્મ સ્વભાવ તો સર્વ જીવને પરમપદ પ્રત્યે આકર્ષણ કરનાર હોય તેમાં શું આશ્ચર્ય ! તે પ્રગટ આત્મસ્વભાવ વડે અન્ય તથારૂપ યોગ્યતાવાન જીવને આત્મસ્વભાવ પ્રગટે છે વા સ્વરૂપ સ્થિરતા પ્રાપ્ત થઈ, અંતે પરમપદની પ્રાપ્તિ થાય છે. તેનું મૂલ્યાંકન શેનાથી થાય ?

(અનુભવ સંજીવની–૧૧૧૫)

## પત્રાંક-૪૬૭

ખંભાત, ભાદરવા, ૧૯૪૯

ૐ

અનાદિકાળથી વિપર્યયબુદ્ધિ હોવાથી, અને કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ આવે છે, અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે. બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે; અથવા જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે, અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે, પણ વાસ્તવપણે તથા પૂરા નિશ્ચયે તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી; માટે આ જીવનો અધૂરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.

જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાનીપુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહીં, અને જો હોય તો પછી જ્ઞાની નથી એવો નિશ્ચય કરવો તે યથાર્થ કારણ છે; તથાપિ જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઈ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે, કે જેથી જ્ઞાનીનું, અજ્ઞાનીનું એકપણું કોઈ પ્રકારે થાય નહીં. અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરૂપ જે જીવ મનાવતો હોય તે તે વિલક્ષણપણા દ્વારાએ નિશ્ચયમાં આવે છે; માટે જ્ઞાનીપુરુષનું જે વિલક્ષણપણું છે તેનો પ્રથમ નિશ્ચય વિચારવા યોગ્ય છે; અને જો તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે, તો પછી અજ્ઞાની જેવી ક્વચિત્ જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે

તેને વિષે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે; તેમ નહીં તો જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.

પ્રત્યેક જીવ, એટલે જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય તો પછી જ્ઞાની, અજ્ઞાની એ નામમાત્ર થાય છે; પણ તેમ હોવા યોગ્ય નથી. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે. જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે જીવને સમજવામાં આવે છે; જેનું કંઈક સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે. તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે, તે જણાવવા યોગ્ય છે. એક તો મૂળદશા, અને બીજી ઉત્તરદશા, એવા બે ભાગ જીવની દશાના થઈ શકે છે.

[અપૂર્ણ]

તા. ૪-૭-૧૯૯૦, પત્રાંક – ૪૬૭
પ્રવચન નં. ૧૭૯

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૬૭. પાનું ૩૮૩.

'ખંભાત'ના 'ત્રિભુવનભાઈ' ઉપરનો પત્ર હોવાનો અંદાજ છે. પત્ર અપૂર્ણ રહ્યો છે અથવા અપૂર્ણ મળ્યો છે પણ પત્રનો વિષય છે–જ્ઞાનીપુરુષની ઓળખાણનો વિષય છે. જ્ઞાનીપુરુષની ઓળખાણમાં ભૂલ થઈ છે, અનાદિથી ભૂલ થઈ છે. શા કારણથી ભૂલ થઈ છે ? અને કેવી રીતે ઓળખાણ થાય ? એવો મહત્ત્વનો વિષય આ પત્રમાં છે.

**'અનાદિકાળથી વિપર્યયબુદ્ધિ હોવાથી, અને કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા**

**અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ આવે છે, અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે.'** શું કહે છે ? કે એક તો અનાદિકાળનો આ જીવને જ્ઞાનમાં વિપર્યાસ છે. વિપર્યયબુદ્ધિ એટલે જ્ઞાનમાં વિપર્યાસ. જ્ઞાનમાં વિપર્યાસ એટલે જ્ઞેયને જેમ છે તેમ યથાર્થપણે જાણવાના બદલે અન્યથા જાણે, અથવા વિપરીતપણે જાણે એવો પ્રકાર જે જ્ઞાનમાં ઉત્પન્ન થાય છે એને જ્ઞાનનો વિપર્યાસ કહે છે અથવા વિપર્યયબુદ્ધિ એને કહેવામાં આવે છે. આવી સ્થિતિ આ જીવની અનાદિથી છે. ક્યારેય પહેલા નહોતી અને નવી થઈ છે એમ નથી. અને અનાદિથી છે એ ક્યારે મટી છે એમ પણ નથી.

એટલા માટે આ વાત કહે છે કે ભલે બુદ્ધિનો ક્ષયોપશમ ગમે તેટલો હોય, ગમે તેટલા શાસ્ત્રો વાંચ્યા હોય તોપણ બુદ્ધિનો વિપર્યાસ શું છે ? એ સમજવાનું અગત્યનું છે કે વિપરીતતા શું થાય છે ? પ્રયોજનભૂત વિષયમાં ખાસ કરીને જે કાંઈ બુદ્ધિ પ્રયોજન ન સધાય એ રીતે પ્રવર્તે છે, પ્રયોજનભૂત વિષયમાં પ્રયોજનની સિદ્ધિ થવાને બદલે પ્રયોજન ન સધાય એવી રીતે જે બુદ્ધિ કામ કરે છે એ પણ બુદ્ધિનો વિપર્યાસ જ છે. આમ બુદ્ધિના વિપર્યાસમાં વિષય થોડો ઊંડો પણ છે, વિશાળ પણ છે. અને એ પ્રકાર અનાદિથી જીવને ચાલ્યો આવે છે.

અહીંયાં વિષય લેવો છે જ્ઞાનીપુરુષની ઓળખાણના વિષયમાં બુદ્ધિ વિપર્યાસને લઈને શું થાય છે ? અથવા અનંત વાર જ્ઞાની મળવા છતાં એ બુદ્ધિ વિપર્યાસને લઈને પોતે જ્ઞાનીને સમજી શક્યો નથી, ઓળખી શક્યો નથી અને એથી પોતાને પોતાનું જે આત્મ કલ્યાણ થવું જોઈએ, અપૂર્વ કલ્યાણ થવું જોઈએ એ જ વિષયમાં એ વિપર્યાસ બાધક નિવડ્યો છે.

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષ...

પૂજ્ય ભાઈશ્રી :– ... અને એ વિપર્યાસ રહે છે એટલે જે ૯૯ વાતમાં હા પાડ્યા પછી એક વાતમાં ના પાડી દે છે. આ એક વિચારણીય વિષય છે. ફરી ફરીને વિચારવા યોગ્ય વિષય છે કે જ્ઞાનીપુરુષને જ્ઞાનીપુરુષ તરીકે બુદ્ધિગમ્ય રીતે સંમત કર્યા પછી, કોઈના કહેવાથી નહિ, પણ પોતાને બુદ્ધિમાં વાત બેસી હોય કે આવી વાત તો જ્ઞાની જ કરી શકે, બીજા ન કરી શકે. આત્માની આવી વાત, અનુભવની આવી વાત તો અનુભવીપુરુષ સિવાય કોઈ કરી ન શકે. એવું લાગ્યા પછી, એવું સમજાયા પછી

તેને સો વાતમાંથી એક વાત બરાબર નથી એવું ક્યારે લાગે છે ? એમ થવાનું કારણ શું ? આ વિચારવા જેવો વિષય છે. કે એમ થવાનું કારણ કે જે માન્યું છે એમાં વિપર્યાસ હજી ઊભો છે. એ જે વિપરીત અભિનિવેષ કહો, વિપરીત અભિપ્રાય કહો કે વિપરીત વિપર્યાસ કહો એ ક્યારે બહાર ડોકું કાઢે છે. જેમ રોગ ક્યારેક બહાર ડોકું કાઢે, અંદર વ્યાપેલો હોય, પણ ગાંઠ થાય ત્યારે ખબર પડે. લાગે છે કાંઈક આમાં બીજું. બેચેની રહ્યા કરતી હતી પણ ખબર નહોતી પડતી પણ આ ગાંઠ નીકળી ત્યારે ખબર પડી કે કાંઈક રોગે મોઢું કાઢ્યું. એ એના જેવી વાત છે. અંદર રોગ આખેઆખો ભર્યો છે. એક વિપર્યાસ બહાર દેખાય છે એના ઉપરથી એ એનો રોગ કેટલો છે એ સમજી શકાય છે, માપી શકાય છે. એવી વાત છે. એ એક (વિપર્યાસ) ૯૯ને ધોવે છે. એક (વિપર્યાસ) ૯૯ને નહિ એ એક ૯૯૯ને ધોઈ નાખે છે.

બીજો એક દૃષ્ટાંત લઈએ. એક માણસ રોજ જિનમંદિરમાં આવીને પૂજા કરે છે. હે પ્રભુ ! તું જ એક સાચો છો. આ જગતમાં તું જ એક સાચો દેવ છો. બીજો કોઈ મને સાચો દેવ દેખાતો નથી. પછી કોઈ વાર કોઈ કુદેવના મંદિરમાં પાછો એ જાય છે દર્શન-પૂજા કરવા. તો હજાર વખત ગયો હતો, ક્યાં ગયું એ બધું ? એ હજારેય વખતમાં એક વિપર્યાસ ઊભો હતો. એ વિપર્યાસે ડોકું કાઢ્યું (એટલે) ગયો ત્યાં. એ બતાવે છે કે પહેલેથી પણ અંદરની જે વાત છે એ મૂળમાંથી સાફસૂફ થઈ નથી. ઉપર ઉપરથી ચાલ્યું છે. હા પણ ઉપર ઉપરથી પાડી છે. ઓળખાણ થઈને હા પાડી નથી.

એટલે તો આ પ્રશ્ન ચર્ચ્યો હતો કે માણસ પૈસા આપીને લાખો રૂપિયાનો દાગીનો ખરીદે માટે કાંઈ એને સોનાની કે હીરાની ઓળખ થાય છે, એ કાંઈ માનવા જેવું નથી, એ માની શકાય એવી વાત નથી. અને ભલે ન ખરીદી શકે તોપણ ઓળખે છે તે ઓળખે છે. એની પાસે ઓળખ છે પણ ખરીદવાના પૈસા નથી. માટે નથી ઓળખતો એમ કાંઈ નથી. પૈસા આપીને માલ લે છે માટે ઓળખીને લે છે એમ પણ નથી. આ તો સમજી શકાય એવી વાત છે. એવું જ બન્યું છે.

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષ...

પૂજ્ય ભાઈશ્રી :– નજર સામે છે કે નહિ ? નજર સામે જોવા મળે એવી વાત છે. કોઈ કલ્પના કરવાની વાત નથી આમાં તો. વાસ્તવિકતા છે કે એક જીવ જ્ઞાનીને

સંમત કરે છે. એ જ જીવ ક્યારેક એમ કહે છે કે નહિ, જ્ઞાની આ બરાબર નથી, આ વાત જ્ઞાનીની બરાબર નથી. એમ ક્યારે લાગે છે ? કે એણે જ્ઞાનીપુરુષને ઓળખ્યા નથી. એ કેવી રીતે જ્ઞાની થયા છે ? કેમ કરતાં જ્ઞાની થયા છે ? શું કરતાં થકા જ્ઞાની થયા છે ? એમનો ઉપયોગ કેટલો સૂક્ષ્મ થયો ત્યારે સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવને એમણે ગ્રહણ કર્યો. એમાં સ્થૂળતાનો કેટલે દરજ્જે અભાવ છે ? નાશ કરેલો છે ? અને એ પ્રકારનું જે પારમાર્થિક વિવેક છે એ પારમાર્થિક વિવેકનું સ્વરૂપ શું છે જ્ઞાનમાં ? એ વાત જો સમજાણી હોય અને ઓળખાણી હોય તો એને ક્યાંય આમ કેમ કર્યું કે આમ કેમ જ્ઞાની કહે છે ? એ વાતમાં એને શંકા પડે નહિ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એણે વિચાર એમ જ કરવો જોઈએ કે મને વિકલ્પ ઉઠ્યો એટલી હજી મારી કચાશ છે. હજી પણ ક્યાંક મારી ભૂલ થતી લાગે છે. અને આ ભૂલ મને નહિ સમજાય ત્યાં સુધી મને જ્ઞાનીપુરુષની ભક્તિ થવાને બદલે અભક્તિ થયા વિના રહેશે નહિ. ભક્તિથી દર્શનમોહ હળવો થાય છે કે નહિ, અત્યંત ભક્તિ હોય, કેવી ? અપૂર્વપુરુષને વિષે અપૂર્વભક્તિ એમ લીધું છે. અપૂર્વવિચારે કરીને, અપૂર્વ આત્મકલ્યાણના વિચારે કરીને એવી સ્થિતિમાં આવે છે.

ભગવાનમાં કોઈને ભૂલ દેખાય છે ? સર્વજ્ઞ પરમાત્મામાં ભૂલ લાગે છે ? નથી લાગતી ને ? તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ શું ફેર છે ? 'ગુરુદેવ' તો એમ કહેતા કે એક તિર્યંચનું સમ્યગ્દર્શન અને એક સિદ્ધ પરમાત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનની અપેક્ષાએ વિચારવામાં આવે તો બેય સરખા છે. શું કહેતા ? બેયનું સમ્યગ્દર્શન સરખું છે એમ નહોતા બોલતા. સમ્યગ્દર્શનની અપેક્ષાથી જોવામાં આવે તો બંને સરખા છે, એમ કહેતા.

એ સમ્યગ્દર્શન કેમ થાય છે ? એને સમ્યગ્જ્ઞાન કેમ થાય છે ? એ વિષય બહુ મહત્ત્વનો છે અને એનું મહત્ત્વ ઘણા શાસ્ત્રો ભણ્યા અને સમજ્યા પછી આ જ વાત રહી ગઈ છે. જે કાંઈ રહી ગયું છે એ આ રહી ગયું છે. બાકી બધું સમજાય છે એને. સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે, સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા કરે, ચૌદે ગુણસ્થાનની વ્યાખ્યા કરે, પણ સામે જ્ઞાનીપુરુષ આવે તો ઓળખે કે કેમ ? આ વાત રહી ગઈ છે. એ ક્ષમતા, એ પ્રકારની યોગ્યતા, એ પ્રકારની પાત્રતા (આવી નથી). તે દિવસે

લીધું હતું પરમદિવસે કે ગમે તેટલી જ્ઞાનીપુરુષે પરમાર્થની વાત સ્પષ્ટ કહી હોય કે લખી હોય તો પણ આજ્ઞાંકિતપણે જ્ઞાનીપુરુષના ચરણમાં રહ્યા વિના તેને તે વાત સમજાતી નથી. ૫૧૧માંથી લીધી હતી.

એનો અર્થ એ છે કે હજી એણે એમ રાખ્યું છે કે મારામાં કાંઈક એવી વિશેષતા છે કે જ્ઞાનીપુરુષ કરતાં પણ હું કાંઈક વધારે સમજું છું. એટલે એમની સમજણ કરતાં આ જગ્યાએ મારી સમજણ આગળ છે. એ વગર એમ થાય નહિ કોઈ દિવસ. એ ભૂલ એ વગર થાય નહિ. આ સીધીસાદી વાત છે. અને આ જ એમની અભક્તિ છે. તે જ્ઞાનીપુરુષની અભક્તિ નથી પણ એ આત્મસ્વભાવની અભક્તિ છે. એ સ્વભાવની અભક્તિ છે એનું ફળ પણ મોટું છે, જેમ સ્વભાવની ભક્તિનું ફળ મોટું છે. બહુ સરસ પત્ર છે.

**'કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી...'** વાતમાં, બોલવામાં, ચાલવામાં, ખાવામાં, પીવામાં, ઊંઘવામાં, હાલવામાં, ચાલવામાં, ગૃહસ્થાદિનો વ્યવહાર કરવામાં, વ્યવસાય કરવામાં જેવી સામાન્ય માણસ પ્રવૃત્તિ કરે છે એવી જ આ સામાન્ય માણસની જેમ જ પ્રવૃત્તિ કરતાં જ્ઞાની દેખાય છે. એક તો કારણ આ છે કે એમનો જે બાહ્ય દેખાવ છે એ દેખાવ અને એમની જે અંતરંગ દશા છે એ વચ્ચે ઘણું મોટું અતંર છે. ઘણું મોટુ અંતર છે એટલે એમનું જે અંતરંગ છે એ બહારમાં એનો દેખાવ જોવામાં આવતો નથી.

**'કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ આવે છે,...'** કે આવા તે કાંઈ જ્ઞાની હોતા હશે ? આવી વાત કરે છે કે તો આવા તે કાંઈ જ્ઞાનીપુરુષ હોતા હશે કાંઈ ? એમ એને ક્યાંક ને ક્યાંક લાગે છે. ત્યાં એને એમ લાગે છે કે એ વાત કરે છે એના કરતાં તો હું વધારે એ વિષયમાં જાણું છું કે સમજું છું. એમ એનો અર્થ આપો આપ જ થઈ જાય છે. **'અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે.'** આમ કેમ બોલ્યા હશે ? આમ કેમ વર્ત્યા હશે ?

મુમુક્ષુ :– ભાઈ ઉપર ચક્ર ચલાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– (ભરત ચક્રવર્તીએ) ભાઈ પર કેમ ચક્ર ચલાવ્યું હશે ? અથવા ભાઈના (લક્ષ્મણના) વિયોગમાં કેમ આવા દુઃખી થયા હશે ? એક જ્ઞાનીએ ભાઈ

ઉપર ચક્ર ચલાવ્યું, ક્ષાયિક સમ્યગ્દષ્ટિએ. તો બીજા ક્ષાયિક સમ્યગ્દષ્ટિએ ભાઈ પાછળ વિલાપ કરવામાં બાકી રાખી નહિ. એટલો વિલાપ કર્યો છે એમણે. શાસ્ત્રોમાં એવું વર્ણન આવે કે એમનો વિલાપ જુએ તો ઝાડ-પાનને પણ આંસુ પડી જાય. માણસને તો આંસુ પડી જાય પણ ઝાડ-પાનને પણ આંસુ પડી જાય. પત્થર પીગળવા માંડે એમ કહે. એવી કોઈ ચેષ્ટા જોઈને વિકલ્પ આવ્યા કરે કે આવા તે કાંઈ જ્ઞાની હોય ? રોવા માંડે કાંઈ ? એ તો સામાન્ય માણસ પણ સગાને કાંઈક થાય તો રડે છે. આ પણ રડે છે. ફેર શું આમાં ? એટલે વિકલ્પ રહી જાય છે કે આમ કેમ થયું ? આવું કેમ મેં જોયું ?

**'બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા...'** કેવી ? ઉન્મત્ત. એક વખત એમ લાગે કે આ જ્ઞાની નથી, આ કોઈ પાગલ લાગે છે. 'રામચંદ્રજી'નું તો પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. 'લક્ષ્મણજી'ને ખવડાવવા, પીવડાવવાની જે ચેષ્ટા કરે છે. ઉન્મત્તની ચેષ્ટા કરે છે. મડદાને ખભે લઈને ફરે છે. **'ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે;...'** વિકલ્પ આવીને શમાવે એમ નહિ. એ ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે.

ફરીથી, જુઓ ! **'બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો...'** કેવો નિશ્ચય ? યથાર્થ નિશ્ચય. એમ ઘણા કહે કે અમને પાકો નિશ્ચય છે, અમને દૃઢ નિશ્ચય છે. પણ આધાર શું છે એ દૃઢતાનો ? એ પાકાપણાનો આધાર શું છે ? એના બળનો આધાર શું છે ? આ સમજવા જેવો વિષય છે. જો એને યથાતથ્ય જ્ઞાનીનું સ્વરૂપ ઓળખાયું હોય તો યથાર્થતા આવી હોય.

**'બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા...'** ઉન્મત્તાદિ ભાવવાળી કે જે વિકલ્પને ઉત્પન્ન કરી દે. એવી ચેષ્ટા **'પ્રત્યક્ષ દીઠામાં આવે.'** કોઈકે કીધું અને સાંભળ્યું એમ નહિ. હું તો કોઈનું સાંભળેલું નથી માનતો. મેં તો કોઈ દિ' એવું જોયું નથી. એણે પ્રત્યક્ષ જોયું હોય. એવી ચેષ્ટા જોવામાં આવે **'તોપણ બીજી બાજુના બળને લીધે...'** જે એને યથાર્થ નિશ્ચયથી બળ ઉત્પન્ન થયું છે એ બળને લીધે. **'તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે;...'** એટલે એને વિકલ્પ આવે નહિ.

**'અથવા...'** હવે બીજી સાઈડથી એ જ વાત કરે છે કે તો વિકલ્પ કોને આવે છે ? કે **'જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે...'** આ વિષય ગહન છે, ઊંડો છે. સીધો બુદ્ધિના ઉઘાડથી ગમ્ય થાય એવો નથી પણ પાત્રતાથી ગમ્ય થાય એવો છે. ઉઘાડથી ગમ્ય થાય એવો નથી. **'જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે, અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે,...'** અધૂરી અવસ્થાએ એટલે અપરિપક્વ અવસ્થાએ. યોગ્યતાની પરિપક્વતા નથી, એ પ્રકારની ક્ષમતાની પરિપક્વતા નથી. એટલે શું છે કે બુદ્ધિગમ્ય છે એ અધૂરું છે હજી એમ કહેવું છે. બુદ્ધિગમ્ય માન્યું હોય તોપણ એ અધૂરું છે, એ અધૂરો નિશ્ચય છે. જેથી **'જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે,...'** એને કાંઈક વિકલ્પ રહી જાય છે, ઊંડે ઊંડે એને શલ્ય રહી જાય છે, કાંઈક શંકા રહી જાય છે અને એ શંકા અને શલ્ય ક્યારેક બહારમાં દેખાવ દે છે.

**'પણ વાસ્તવપણે તથા પૂરા નિશ્ચયે...'** વાસ્તવિક ઓળખાણ થઈ હોય, યથાર્થ પાકો પૂરો નિશ્ચય થયો હોય તો **'તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી;...'** ભલે એ ગમે તે અવસ્થામાં જ્ઞાનીને જુએ તો પણ એને એ વિકલ્પ કે વિભ્રમ થાય નહિ. **'માટે આ જીવનો અધૂરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.'** જુઓ ! આ જીવનો દોષ કેવી રીતે લીધો છે ? એણે ભૂલ કાઢી એ દોષ તો પછીની વાત છે. એ તો ખ્યાલ આવી જાય એવી વાત છે કે આણે આ જ્ઞાનીપુરુષની ભૂલ જોઈ અથવા જ્ઞાનીપુરુષને સંમત ન કર્યા અથવા જ્ઞાનીપુરુષની અવગણના કરી. એ તો પછીની વાત છે. પહેલી વાત એ છે કે એને ઓળખાણ થઈ નથી. અને એનો જે એ વિષયનો, સંમત કર્યા હતા તો પણ, એ અધૂરો અને અપરિપક્વ નિશ્ચય હતો. **'એ જ આ જીવનો મોટો દોષ છે.'**

અનંત કાળથી આવો દોષ જીવને વિષે રહી ગયો છે. એટલે એણે જ્ઞાનીને ઉપર ઉપરથી બુદ્ધિ લગાવીને સંમત કર્યા છે પણ યથાર્થપણે સંમત કર્યા નથી. યથાર્થ સંમત નહિ કર્યા હોવાથી એનો અધૂરો નિશ્ચય છે, અધૂરી અવસ્થા છે એ પણ જીવનો એક દોષ છે એમ કહે છે. એટલે કે એવી યથાર્થતામાં, એવી પાત્રતામાં મુમુક્ષુ જીવે આવવું ઘટે છે કે જેથી આ પ્રકારનો દોષ નિર્મૂળ થાય અથવા નાશ થાય. નહિતર **'આ જીવનો દોષ છે.'**

હવે થોડી બીજી પણ વાત કરે છે કે જો સૂક્ષ્મપણે જોવામાં આવે તો. આટલી વાત અધ્યાહાર છે. અથવા વિશેષ પરિચયથી અવલોકન કરવામાં આવે તો. **'જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાનીપુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહીં,...'** કેટલોક ફેર તો પડી જ જાય છે. એ જે કેટલોક ફેર પડી જાય છે એ જોવાની નજર હોવી જોઈએ. એટલે એમ કહે છે કે ભલે ઉપર ઉપરથી એમ દેખાય કે જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષની વર્તના, વર્તાવ એ સરખું લાગે છે. છતાં પણ જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાનીપુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહિ, એમ બને નહિ **'અને જો હોય તો પછી જ્ઞાની નથી એવો નિશ્ચય કરવો તે યથાર્થ કારણ છે.'** પહેલા એમ કહ્યું કે એના જેવી ચેષ્ટા દેખાય છે માટે ભૂલ થાય છે. તો કહે, હા કેટલીક દેખાય છે. તો કહે, ત્યાં એમ લખ્યું છે કે કેટલીક ચેષ્ટા એવી છે. 'કેટલીક' શબ્દ વાપર્યો છે. પૂરેપૂરી ત્યાં પણ નથી લખ્યું. કેટલીક ચેષ્ટા એવી છે. એ કેટલીક એને બધી લાગે છે. એમાં એને ભ્રમ થાય છે. અને અહીંયાં એમ કહે છે કે બધી તો હોતી નથી. કેટલીક છે એનો અર્થ એ છે કે બધી હોતી નથી અને જો હોય તો એ જ્ઞાની અને અજ્ઞાની એમાં શું ફેર હોય ? એમાં કાંઈ ફેર હોવાનું કારણ રહેતું નથી.

**'તથાપિ જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઈ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે,...'** બસ, આ શબ્દ એમણે નાખ્યો છે. વિલક્ષણ એટલે વિશેષ પ્રકારના લક્ષણો. સામાન્ય જે લક્ષણ હોય એના કરતાં વિશિષ્ટ પ્રકારના લક્ષણને અહીંયાં વિલક્ષણ કહેવામાં આવે છે. હવે એ કોઈ એક લક્ષણ નથી. જેમ સોનું એટલે સોનું છે. પીળું એટલું સોનું નહિ. વજનદાર એટલું સોનું નહિ, ચીકણું એટલું સોનુ નહિ, સોનું તે સોનું. અને ચળકે એટલું પણ સોનુ નહિ. એ તો બીજી ધાતુ, ખોટી ધાતુ પણ ચળકે છે. સોનું તે સોનું છે. એમ સોનાને ઓળખવામાં એની અનેક વિલક્ષણતાને ઓળખવી પડે છે. એમ અહીંયાં પણ એના ઘણા કારણો છે. એટલે **'વિલક્ષણ કારણો...'** બહુવચન લીધા છે.

**'જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઈ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે,...'** કોઈ એવા વિશિષ્ટ કારણોનો ભેદ છે કે જેના લક્ષણો જુદા જ પડે છે. **'કે જેથી જ્ઞાનીનું, અજ્ઞાનીનું એકપણું કોઈ પ્રકારે થાય નહીં.'** કોઈ પ્રકારે ન થાય. એવા એટલા એ વિલક્ષણ કારણો છે કે જેને લઈને જ્ઞાની ને અજ્ઞાની એક નથી રહેતા, એક નથી

હોતા.

હવે એક બીજું પડખું લે છે. કે **'અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરૂપ જે જીવ મનાવતો હોય...'** પોતામાં. પોતાને આત્મજ્ઞાન, સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન ન થયું હોય, એ માર્ગથી પોતે અજાણ્યો હોય છતાં એ વિષયનું જાણપણું એણે શાસ્ત્ર આદિથી કે કોઈની પાસેથી સાંભળીને એ વિષયનું એને જાણપણું હોઈ શકે છે. **'અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરૂપ જે જીવ મનાવતો હોય તે તે વિલક્ષણપણા દ્વારાએ નિશ્ચયમાં આવે છે;...'** આવું વિલક્ષણપણું જો કોઈ જાણતો હોય તો તેને ખ્યાલ આવી જાય છે કે આ જ્ઞાની નથી પણ જ્ઞાનીપણું મનાવે છે. એ એને વિલક્ષણ કારણથી સમજાય જાય છે.

**'માટે જ્ઞાનીપુરુષનું જે વિલક્ષણપણું છે તેનો પ્રથમ નિશ્ચય વિચારવા યોગ્ય છે;...'** આ સિદ્ધાંત છે. કે કયા વિલક્ષણ કારણોને લઈને જ્ઞાનીનું જ્ઞાનીપણું સિદ્ધ થાય છે ? કયા વિલક્ષણ કારણોને લઈને જ્ઞાનીનું જ્ઞાનીપણું સમજાય છે, ઓળખાય છે ? કે જ્ઞાની આવા જ હોય અને આવા ન હોય તે જ્ઞાની ન હોય. ભલે તે જ્ઞાનીપણું મનાવતા હોય કે જ્ઞાની જેવી વાત કરતાં હોય કે વર્તન કરતાં હોય. કોઈ ચેષ્ટા કરે, જ્ઞાની જેવી નકલ કરે, કોઈ વાત કરે, ગમે તે કરે. પણ છતાં એ જ્ઞાની નથી. એ કેવા કારણોથી જણાય ? એ વાતનો નિશ્ચય વિચારવા યોગ્ય છે. વિલક્ષણ છે તે પ્રથમ નિશ્ચય વિચારવા યોગ્ય છે. એ નિર્ણય કેવો હોય ? તે પ્રથમ વિચારવા યોગ્ય છે. આ કાગળ અધૂરો રહી ગયો છે. બહુ સારો કાગળ છે. પણ આ જ કાગળ અધૂરો રહી ગયો છે. છતાં કેટલીક મહત્ત્વની વાત આ ત્રણ પેરેગ્રાફમાં આવી જાય છે.

**'અને જો તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે,...'** એવા વિલક્ષણ કારણોનું સ્વરૂપ જાણીને જ્ઞાનીનો નિશ્ચય થાય છે **'તો પછી અજ્ઞાની જેવી ક્વચિત્ જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે તેને વિષે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે;...'** ભલે અજ્ઞાની જેવી ચેષ્ટા જોવે તો પણ એને વિકલ્પ નથી થતો કે આમ કેમ ? એ વિકલ્પ એને આવતો નથી. એ નિર્વિકલ્પ થઈ ગયો. એકવાર એણે વિલક્ષણ કારણોથી જ્ઞાનીનું સ્વરૂપ ઓળખ્યું અને અને નિશ્ચય કર્યો કે એને જ્ઞાનીને વિષે વિકલ્પ જ ઊઠતો નથી, નિર્વિકલ્પ થઈ જાય છે. જાગૃત અવસ્થામાં તો નહિ પણ સ્વપ્નામાં પણ નહિ. એવો નિર્વિકલ્પ થઈ જાય છે. તે આ જ્ઞાની જ છે, આ સત્પુરુષ જ છે, એ વિષે એ નિર્વિકલ્પ થઈ જાય છે.

જ્ઞાની અન્યાય કરે તો ? પોતાને અન્યાય કરે તો ? બીજાને નહિ પાછો. બીજાને કરે એમાં તો પોતાને કાંઈ લેવા-દેવા નથી. ઠીક હવે એ તો સામાન્ય વાત થઈ. પણ પોતાને અન્યાય કરે ત્યારે જરાક પરીક્ષાનો કાળ થઈ જાય આકરો. મને આમ કહી દીધું, મારી ભૂલ નહોતી અને મારો વાંક નહોતો ને હું તો નિર્દોષ હતો ને મને દોષિત ગણ્યો ? જ્ઞાનીની જ્ઞાનમાં આવી ભૂલ થતી હશે ? એને નિર્વિકલ્પપણું રહે છે કે શંકા ઉઠે છે એના ઉપર એની સમજણનું, એની પાત્રતાનું, યથાર્થતાનું આંક હોય છે.

વિલક્ષણપણું... એ વિષય જરા આવ્યો છે. ઘણો બહોળો વિષય છે, ઊંડો પણ ઘણો છે. એટલે આપણે સ્વાધ્યાય પછી બેસીએ છીએ એમાંથી એ વાત ઉપસાવવી છે. એમની જે અંતરંગ દશા અને એ અંતરંગ દશાને લઈને અંતર-બાહ્ય દશાની અંદર જે વિલક્ષણતા (હોય છે), એ વિલક્ષણતા કેવી કેવી છે ? એ સમજવા, સમજાવવા માટે તૈયારી ચાલે છે. કેમ કે એમણે પોતાની દશાની ઘણી વાતો કરી છે. એ વાત કોઈ... જેમ કે સોનું. (વચનથી) એમ ન સમજાવી શકાય કે ભાઈ ! આને તમે સોનું કહેજો. એ તો કસોટી ઉપર ઘસી ઘસીને Practice જોવાની કરે (ત્યારે પરખ આવે). નાણાવટી બજારમાં અમારે એક સંબંધી છે એ એમ કહે કે બજારની અંદર કોઈ મોટી રકમનો માલ વેચાવા આવે. જુના દાગીના. કોઈ શ્રીમંત માણસ છે એને જરૂર પડી છે અને આજે બે-પાંચ લાખનો દાગીનો બજારમાં વેચાવા આવ્યો છે. તો એ પોતે જાણકાર હોય, કસીને એના બારવલું, તેરવલું, ચૌદવલું, પંદરવલું કેટલું છે એ બધું નક્કી કર્યા પછી પોતે છેતરાય ન જાય એટલે બીજા નાણાવટીને બોલાવે. કે આ આપણે ખરીદવો છે આટલું માર્જિન રાખીને ખરીદવો છે એનો બજાર ભાવ આ થાય. પણ આપણે ખરીદ ભાવ આટલો ઓછો દેવો છે. પણ આટલો કસ બેસે છે તમને ? તો આપણે ભાગમાં ખરીદીએ. શું કહે ? આ ધંધો એવી રીતે ચાલે છે. આજે પણ.

બે જણા, ત્રણ જણા ભેગા થાય અને એનું બરાબર મૂલ્યાંકન કરે. એમાં જરાય ઉપરછલ્લું મૂલ્યાંકન ન કરે. જીંદગી આખી કસોટી ઉપર ઘસતા આવ્યા છે સોનું. તો પણ બે-ત્રણ જણા ભેગા થઈને નક્કી કરે. મને આટલો કસ બેસે છે, તમને કેટલો (બેસે છે) ? સોના ઉપર નથી લખ્યું કેટલા વલું છે એ. એ એટલો પરખનો વિષય છે અને પરખમાં ભૂલ કરે તો લેવાના, દેવા થઈ જાય, બીજું કાંઈ ન થાય.

આમાં ઓછા રેણવાળો છે, વધારે રેણની ઘડતરવાળો છે એ બધો આંક મૂકે. ચારે બાજુના પડખાથી એની કિંમત મૂકે કે આટલો કસ બેસે છે છતાં રેણનું ગણીને આટલો કસ ઓછો મૂકો. એવી એક લૌકિક વ્યવહારની અંદર પણ કિંમતી વસ્તુમાં આવી ઝીણી પરખ હોય છે. તો આ તો અનાદિથી પત્તો નથી ખાધો એવી ચીજ છે. અને પત્તો ખાય તો પરિભ્રમણ બંધ થઈ જાય એવી ચીજ છે. શાશ્વત આત્મહિત થાય એવો વિષય ગંભીર છે.

એ વિષયને ઓળખવા માટે એના જે વિલક્ષણ કારણો છે એ સમજવા જોઈએ અને એ સમજવા માટે કેટલીક પાત્રતા પણ આવવી જોઈએ. માત્ર બુદ્ધિ આવી જોઈએ એમ નહિ. બુદ્ધિ તો છે બધાને. પાત્રતા આવવી જોઈએ. એ બે વાતનો મેળ ખાય અને ઓળખવાનો પોતાનો પ્રયત્ન હોય, ઓળખવાની પોતાની જિજ્ઞાસા હોય. જિજ્ઞાસા હોય નહિ, તીવ્ર જિજ્ઞાસા હોય તો ઓળખાય છે. આટલી શરતો પછી આ ઓળખવાની વાત છે. એમને એમ કોઈ સ્પષ્ટપણે કહી દે, બતાવી દે અને બોલી દે માટે સમજાય જાય છે એવી આ ચીજ નથી.

સ્વાધ્યાયમાં પણ કેટલીક ભાવનાનો વિષય ક્યારેક ક્યારેક આવે છે એનું એ કારણ છે કે એવી ભાવના–આત્મહિતની ભાવના જ્ઞાનીઓ અને પરમજ્ઞાનીઓ વિષેના ભક્તિ ભાવની, બહુમાનની, ભાવના એ જે બધા પ્રકાર આવે છે એ પાત્રતાને કેળવવાના પ્રકારો છે. એમ થતાં થતાં જો પાત્રતા કેળવાય જાય તો આ વિલક્ષણતા શું છે એના ઉપર નજર પડે છે. એ નજરનો વિષય છે. સાંભળવાનો વિષય નથી, સમજવાનો વિષય નથી, એ નજરનો વિષય છે. એટલે એ નજર કેળવવાની છે પોતાને. જ્યાં સુધી નજર ન કેળવાય ત્યાં સુધી એ વસ્તુ ઉપર ધ્યાન જતું નથી. ધ્યાન અનાદિથી ગયું નથી. હજી પણ જો એમ ને એમ સ્થિતિ રહે તો પછી જે કાંઈ પરિભ્રમણની પરિસ્થિતિ છે એમાં એક આંટો પણ છૂટે એવું નથી. એક આંટો પણ ઘટે એવું નથી. એટલા ને એટલા ચક્કર બાકી છે અનંતે અનંત. એનો તો વિચાર કરવો છે. ઘણી ઘણી વાતો આવશે. આપણે આ પત્ર પછી હવે એવી કાંઈ વાત આવશે તો જરાક ધ્યાન દોરશું કે આમાં વિલક્ષણપણું શું ? આમાં વિલક્ષણપણું શું ? કોઈ કોઈ વાર વાત થઈ છે. વિલક્ષણતાની વાત કોઈ કોઈવાર આવી છે પણ હવે એ વખતે ખ્યાલ નહોતો. લેશું આપણે.

અહીંયાં એમ કહે છે, **'તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે, તો પછી અજ્ઞાની જેવી ક્વચિત્ જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે તેને વિષે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે; તેમ નહીં તો જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.'** અને જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા એટલે શું થાય છે ? કે નિર્વિકલ્પપણું થાય છે. એટલું જ નહિ. તેમ નહિ તો એટલે એટલું જ નહિ. **'જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.'** કેવી રીતે ? કે આવા ચારિત્રમોહના ઝંઝાવાત આવવા છતાં જેનું સમ્યગ્દર્શનરૂપી મૂળ ધર્મ, દસ્સણં મુલ્લો ધમ્મો, જેનું સમ્યગ્દર્શનરૂપી મૂળ ધર્મ, એટલું બધું મુળિયું મજબુત હતું કે એ ચારિત્રમોહના અને ઉદયના બીજા જંજાવાત આવવા છતાં મૂળમાંથી ઝાડ ઉખડ્યું નહિ. એમને એમ ટકી ગયું.

જેનું મૂળ મજબૂત એ ઝાડ, પડ્યા વગર રહે. બાજુના મોટા મોટા ઝાડ પણ પડી જાય છે અને નાના ઝાડ નથી પડી જતા એનું કારણ કે એના પ્રમાણમાં એના મૂળની મજબૂતાઈ એના ઉપર એને ટકવાનો અને નહિ ટકવાનો આધાર છે. વાવાઝોડા આવે છે કે નહિ ? એમ જ્ઞાનીના જીવનમાં પણ વાવાઝોડા આવે છે. અને એ વાવાઝોડામાં પોતે પોતાના મૂળ ધર્મથી ક્યારે પણ વિચલિત થતા નથી. વાત તો લીધી ને ? ક્યારે પણ વિચલિત થતા નથી. મૂળનો નાશ નથી થતો. આમાં આવી ગયું. ૪૬૫માં. મોટો પેરેગ્રાફ છે ને ? બીજો પેરેગ્રાફ. એમાં નીચેથી પાંચમી લીટી.

**'સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે,...'** એવું વાવાઝોડું આવે ત્યારે ટકવામાં બધી શક્તિ વાપરવી પડે છે, આગળ નથી વધી શકતા. પણ એમાં ટકી રહેવું, માર્ગમાં ટકી રહેવું, માર્ગથી વિચલિત ન થવું, ચલિત ન થવું એમાં એમની શક્તિનો, પુરુષાર્થનો ઉપયોગ થાય છે એ એવી સ્થિતિમાં ટકી શકે છે ત્યારે જો એના એ પુરુષાર્થના દર્શન થાય, એવા ઝંઝાવાતના કારણે પણ એ પુરુષાર્થમાં ટકી શક્યા છે એવા જો એમના પુરુષાર્થના દર્શન થાય તો તેમના વિષે વિશેષ ભક્તિ અને બહુમાનનું કારણ થાય છે. સ્નેહ એટલે અનુરાગ વધી જાય છે. એ પુરુષ પ્રત્યે એનો અનુરાગ વધી જાય છે. ઓહો..! એમનો પુરુષાર્થ છે કાંઈ ! આવા આવા પ્રસંગો બનવા છતાં પોતે પોતાના માર્ગથી વિચલિત થયા નથી. તો એમના પ્રત્યે ભક્તિ

અને બહુમાન વધી જાય છે, સ્નેહ વધી જાય છે, પ્રેમ વધી જાય છે. એવું કારણ બને છે. જે ચેષ્ટા એને વિચલિત થવાનું કારણ થાય, અયથાર્થતાને લીધે, એ ચેષ્ટા એને યથાર્થતાને લીધે વધારે બહુમાન અને ભક્તિનું કારણ થાય છે. આમ છે. આધાર પોતાના ઉપાદાન ઉપર છે. નિમિત્ત તેનું તે છે.

**'પ્રત્યેક જીવ, એટલે જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય તો પછી જ્ઞાની, અજ્ઞાની એ નામમાત્ર થાય છે; પણ તેમ હોવા યોગ્ય નથી.'** ફરીને કહે છે કે બધી રીતે જો જ્ઞાની અને અજ્ઞાની સરખા હોય તો પછી જ્ઞાની ને અજ્ઞાની એ તો નામ પાડવા જેવી વાત થઈ ગઈ. જેમ કોઈનું નામ પાડે 'લક્ષ્મીચંદ' ભલેને પછી નિર્ધન હોય. તો એ તો નામ પાડવાની વાત થઈ. એમ જ્ઞાની એવું નામ પાડ્યું પણ જ્ઞાનીપણું ન હોય તો, અજ્ઞાનીપણું હોય તો, એ તો નામ પાડવાની વાત થઈ ગઈ કે આનુ નામ 'જ્ઞાનચંદ'. આનું નામ શું ? 'જ્ઞાનચંદજી'. જ્ઞાન તો કાંઈ છે નહિ. તો નામ પાડવાની વાત થઈ. એવું કાંઈ આમા નથી એમ કહેવું છે. **'પણ તેમ હોવા યોગ્ય નથી.'**

**'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે.'** અવશ્ય હોય જ. એમનું જુદાપણું, વિશિષ્ટપણું, વિશિષ્ટ લક્ષણપણું હોવા યોગ્ય જ છે. **'જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે જીવને સમજવામાં આવે છે;...'** એ વિલક્ષણપણું ક્યારે સમજવામાં આવે છે ? યથાર્થ નિશ્ચય થાય ત્યારે જીવને સમજવામાં આવે છે. જ્યાં સુધી એનો અધૂરો નિશ્ચય હોય, અધૂરી વિચારદશા હોય, અધૂરી સમજણની પરિપક્વતા હોય, અધૂરી પરિપક્વતા, પૂરી પક્વતા ન હોય ત્યાં સુધી એને એ વાત સમજવામાં આવતી નથી.

મુમુક્ષુ :- આવા વિલક્ષણપણાનો નિર્ણય...

પૂજ્ય ભાઈશ્રી :- તો નિર્ણય થાય. એ વિલક્ષણપણું એને યથાર્થપણે સમજાય તો એને બરાબર નિશ્ચય થાય છે અને નિશ્ચય થાય છે ત્યારથી એને નિર્વિકલ્પપણું ભજે છે. એને કોઈ પ્રસંગે, કોઈ કારણે શંકા પડતી નથી.

**'સમજવામાં આવે છે; જેનું કંઈક સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે.'** એ વિલક્ષણપણાનું સ્વરૂપ થોડુંક અહીંયાં જણાવવા યોગ્ય છે માટે કહીએ છીએ, એમ કહેવું છે. **'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેમની એટલે**

**જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે.**' હવે સમજાવવાનું કામ, સામે જ્ઞેય શું છે ? સમજવાનું ઉપાદાન પોતાનું. યોગ્યતા, પાત્રતા એ વગેરે. એની સામે શું ચીજ છે ? કે જ્ઞાનીપુરુષની દશા. એક જ માધ્યમ છે. જ્ઞાનીને ઓળખવા માટે જ્ઞાનીપુરુષની દશા તે જ્ઞાનીને ઓળખવાનું એક સાધન છે અને તે દશામાં રહેલું જે વિલક્ષણપણું તે જ્ઞાનીને, અજ્ઞાનીપણાથી જુદા પાડે છે. આટલી વાત છે. બહુ વ્યવસ્થિત વિચાર કર્યો છે. વિચાર અધૂરો અહીંયાં રહી ગયો છે. પણ વિચાર બહુ વ્યવસ્થિત કર્યો છે.

'**જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુજીવને...**' બીજાને તો નહીં જ, હોં ! મુમુક્ષુતા સિવાય તો કોઈની વાત છે જ નહિ. '**તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે. તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે, તે જણાવવા યોગ્ય છે.**' એ વિલક્ષણપણું કેવા પ્રકારે થાય છે તે કહેવા યોગ્ય છે. '**તે જણાવવા યોગ્ય છે. એક તો મૂળદશા, અને બીજી ઉત્તરદશા, એવા બે ભાગ જીવની દશાના થઈ શકે છે.**' અહીંથી વાત અધૂરી રહી ગઈ છે.

૧૯૪૯નો ભાદરવો છે. હવે એ જરાક આપણે ત્યાં જે 'ઈડર'માં પાછળ નોંધ કરતાં હતા કે કોઈ કોઈ પત્રો જોવા. કોઈ પત્રો પ્રસિદ્ધ થવા રહી ગયા હોય એવા કોઈ પત્રો. યાદીમાં ૧૯૪૯ ભાદરવા સુદ ૬ પછીનો પત્ર જોવો. આગલો પત્ર સુદ ૬નો છે. પછીનો કોઈ પત્ર મળી જાય. આપણે જવા-આવવાનું તો થાય છે એમના સ્થાનમાં. છે 'ખંભાત'થી લખેલો. પણ આ તો બીજો ભાગ એનો બાકીનો રહી ગયો. આમાં શું થયું હોય છે ? કે એક પેજ છે એના ઉપર આટલું લખાણ આવ્યું હોય. પછી કાગળનો છેડો આવી ગયો હોય, પાનાનો. બીજું પાનું લખવા હાથમાં લીધું. આ પહેલું પાનું મળ્યું છે. બીજું પાનું મળ્યું ન હોય સંપાદકને. અપૂર્ણ હાથમાં આવવાનું આ કારણ છે. જેટલું લખાણ છે એ જોતાં પેજની એક બાજુ–Side ભરાઈ ગઈ છે. બીજું પાનું હાથમાં લીધું એ પાનું ગુમાઈ ગયું છે. એ પાનું હાથમાં નથી આવ્યું. એમ થયું છે. પણ... 'ત્રિભુવન માણેકચંદ' ઉપરનો છે. એ વિષય એમણે ૪૭૨માં થોડોક ખોલ્યો છે. પાછળ ૩૮૬માં પાને.

આમાં ભલે વિષય અધૂરો રહ્યો. આપણે થોડુંક આપણી યોગ્યતા પ્રમાણે એનો વિચાર કરી શકીએ એવું છે. એક તો મૂળદશા છે એમ કહ્યું અને એક ઉત્તરદશા

છે એમ કહ્યું. **'એવા બે ભાગ જીવની દશાના થઈ શકે છે.'** મૂળદશા એટલે અહીંયાં પરિણતિ લેવી છે. જે જ્ઞાનીની મૂળદશા જ્ઞાનમયદશા છે, આત્મજ્ઞાનમય દશા છે, જે શુદ્ધ જીવની પરિણતિ છે જેમાં દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમી રહ્યું છે. અને ઉત્તરદશા એટલે ઉદયાધિન પરિણામો જે વર્તે છે. પછી પુરુષાર્થના હોય, ચારિત્રના રાગના હોય અને સુખમાં દુઃખના હોય, આકુળતાના હોય એ વગેરે પરિણામ. સમ્યગ્દર્શન તો પૂરું થઈ ગયું છે એમાં બે ભાગ પડતા નથી. પણ જ્ઞાનમાં, ચારિત્રમાં, જ્ઞાનમાં ઉપયોગ બહાર જાય છે, ચારિત્રમાં રાગ થાય છે, પુરુષાર્થમાં એ બાજુની ચેષ્ટા અને પ્રયત્નવંતપણું દેખાય છે. અને સુખની જગ્યાએ દુઃખ પણ જોવામાં આવે છે. આમ પાંચમાંથી ચાર મુખ્ય ગુણોની બીજી દશા પણ જ્ઞાનીને જોવામાં આવે છે કે જે જ્ઞાનીને જ્ઞાની તરીકે સંમત કરવા દે નહિ. જે જ્ઞાનીને વિષે શંકાને ઊભી કરે.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન...

પૂજ્ય ભાઈશ્રી :– સમ્યગ્દર્શન છે એ તો સમજવું જ કઠણ છે. એ તો એક એવો સૂક્ષ્મ પરિણમનનો પ્રકાર છે કે એ જ્ઞાની સિવાય જ્ઞાનમાં આવવો મુશ્કેલ છે. અજ્ઞાનીને તો એ જ્ઞાનમાં આવવું જ મુશ્કેલ છે. અને કહેવા અને સાંભળવાને કોઈ સમર્થ નથી. સમ્યગ્દર્શન એ એટલો સૂક્ષ્મ ગુણ છે, એનું પરિણમન એટલું સૂક્ષ્મ છે કે જેને કહેવા, સાંભળવા કોઈ સમર્થ નથી. એવી એક ગાથા છે 'પંચાધ્યાયી'માં. પણ એ જ્ઞાનમાં આવી શકે છે. પણ એ કોના જ્ઞાનમાં આવે છે ? કે તે પ્રકારના અનુભવી પુરુષના જ્ઞાનમાં આવે છે, સર્વજ્ઞના જ્ઞાનમાં આવે છે. અને છદ્મસ્થમાં પણ જે સાધક આત્માઓ છે એના જ્ઞાનમાં આવે છે.

હવે પાંચ જે મુખ્ય ગુણ (છે એમાં) બાકીના જે ચાર ગુણ છે એની મૂળદશા પણ હોય છે અને ઉત્તરદશા પણ હોય છે. મૂળદશા છે એ શુદ્ધ છે, ઉત્તરદશા છે એ અશુદ્ધ છે. અથવા એમાં વિકાર છે, વિકૃતપણું છે. જેવું સ્વરૂપ છે એવું નથી પણ એનો દેખાવ ઉલટો છે. વિપરીત દેખાવ છે. એ વાત સમજાય છે, એ વાત અનુભૂત છે, પરિચિત છે, ખ્યાલમાં આવી છે એટલે એ જ્ઞાનીને એમ જુએ છે કે અરે..! આ તે જ્ઞાની આવા ક્યાંથી હોય ? આવું તો બધાને થાય છે. એટલે એને જ્ઞાનીની ઓળખાણ નહિ થવાનું આવું એક અટપટું કારણ વચ્ચે ઊભેલું છે. એના ઉપર થોડો વિશેષ વિચાર કર્યો છે એ આ જગ્યાએ કર્યો છે. બીજા પેરેગ્રાફની પહેલી લીટી.

૩૮૬ (પાનું).

**'લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે,...'** ત્રણ પ્રકાર લીધા. જ્ઞાનલક્ષણથી જેણે જ્ઞાનમય આત્મા જાણ્યો. એકલો જ્ઞાન એક ગુણવાળો નહિ પણ એના અનંત સ્વભાવો છે એના સ્વભાવવાળો, એટલે ગુણથી એટલે સ્વભાવથી જાણ્યો. અને માત્ર લક્ષણથી, ગુણથી સમજાયો નહિ પણ વેદનથી અનુભવગોચર કર્યો. આ ત્રણ પ્રકાર લીધા જાણવામાં.

**'લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે.'** આગળ **'લક્ષણથી, ગુણથી અને વેદનથી જેણે આત્મસ્વરૂપ જાણ્યું નથી, એવા મુમુક્ષુને જ્ઞાનીપુરુષે બતાવેલું જો આ જ્ઞાન હોય તો તેને અનુક્રમે લક્ષણાદિનો બોધ સુગમપણે થાય છે.'** હવે શું છે કે જ્ઞાની તો જ્ઞાનીને ઓળખે છે પણ મુમુક્ષુ કેવી રીતે ઓળખે ? કે મુમુક્ષુને જો જ્ઞાનીપુરુષોએ આ જ્ઞાન લક્ષણથી, ગુણથી અને વેદનથી એમ ત્રણે વાત લીધી છે, જો એને બતાવ્યું હોય તો તેને અનુક્રમે એટલે તરત એ જ ક્ષણે નહિ, પણ કોઈ વિશેષ વિચાર કરતાં, વિશેષ એને અંતરમાં મેળવતાં, એ વિષયના ઊંડાણમાં જતાં એને ભાવભાસન થાય છે અને ત્યારે એને એનો બોધ સુગમપણે થાય છે. આ પત્ર છે એ મુમુક્ષુને માટે સ્વરૂપ નિશ્ચયનો છે. એને અહીંયાં મુખરસ અથવા સુધારસ કહ્યો છે એમણે. એ વિષય ઉપર થોડો વિશેષ પ્રકાર પાડ્યો છે, ૪૭૨નંબરના પત્રમાં. એ પત્ર તો આવશે ત્યારે એ વિષય આપણે લેશું.

અહીંયાં કહેવાનો મતલબ એટલો છે કે જે વિલક્ષણપણું કહેવા માગે છે એના અનેક પ્રકારના લક્ષણો છે અને કેટલાક લક્ષણો તો બહુ સૂક્ષ્મ છે. તો પણ એમણે જે કાંઈ પ્રસિદ્ધ વાત કરી છે અથવા મુખ્ય વાત કરી છે અને જે કાંઈ સમજી શકાય એવી વાત છે એ લક્ષણથી, ગુણથી અને વેદનથી આત્મસ્વરૂપ જાણ્યું છે એવું જોવાનું છે. જ્ઞાનીની મૂળદશામાં એ વાત છે કે નહિ ? લક્ષણનો ફેર પડે છે, સ્વભાવનો ફેર પડે છે કે વેદનનો ફેર પડે છે ? જો ફેર પડતો હોય તો ત્યાં જ્ઞાનીપણું સંભવતું નથી.

એ વિષય થોડો વિશાળ છે કે લક્ષણના વિષયમાં બે પ્રકાર ઊભા થાય છે.

એક **'સત્ લક્ષણં દ્રવ્યં.'** દ્રવ્યનું લક્ષણ છે તે સત્ છે. તેનામાં અસ્તિત્વ છે અને એ (બીજો પ્રકાર) **'ઉપયોગ લક્ષણં જીવ.'** જીવ છે એ ઉપયોગ લક્ષણવાળો છે. તો જીવને ઓળખવા માટે 'સત્' લક્ષણ નથી. દ્રવ્યને ઓળખવા માટે 'સત્' લક્ષણ છે અને દ્રવ્ય તો છએ જાતના છે. એટલે એ છ દ્રવ્યનું સામાન્ય લક્ષણ છે કે જે હયાતી ધરાવે તે દ્રવ્ય. પણ જીવ ? કે જીવ હયાતી ધરાવે એમ નહિ. ઉપયોગમાં હયાતી આવી જ જાય છે. કેમ કે હયાતી વગર ઉપયોગ હોય નહિ.

'ઉપયોગ લક્ષણં દ્રવ્યં.' એ જ્ઞાન લક્ષણ દ્વારા જેણે આત્મા ઓળખ્યો છે, જાણ્યો છે અને ઓળખ્યો, જાણ્યા પછી અને જ્ઞાનથી વેદનમાં લીધો છે. અને સ્વભાવ જેને વેદાયો છે. એ વિષયનું ઊંડાણ શું છે ? એ પ્રકાર જ્યારે મુમુક્ષુ (જ્ઞાનીમાં) કાંઈક પોતામાં મેળવીને સમજે છે ત્યારે એ સામે (જ્ઞાનીમાં) પણ મેળવી શકે છે. અથવા સામે કોઈ એ વિષયને કહેનાર અને સમજાવનાર હોય ત્યારે પોતામાં અંતર (અંતરંગમાં) મેળવણી કરીને એ વિષયને નક્કી કરે કે નિર્ણય કરે કે બરાબર આ વાત લાગે છે. હવે જ્ઞાનીપણું હોવાનો સંભવ છે, નહિતર અનુભવ વિના આ વાત હોઈ શકે નહિ.

એવું મુમુક્ષુજીવ કેટલીક હદે પાત્રતાવિશેષ હોય તો જ્ઞાનીને ઓળખી શકે છે અને જો એકવાર ઓળખી શકે તો એનો છૂટકો થયા વિના રહે નહિ. એ છૂટી જાય છે. નથી છૂટ્યો એનું આ એક જ કારણ છે કે એણે જ્ઞાનીને માન્યા છે પણ ઓળખ્યા નથી. એ ઓળખ્યા નથી એટલે માન્યા ન માન્યા બરાબર છે, એમાં બીજો કાંઈ ફેર નથી. એ પરિસ્થિતિ રહી છે. એ વિષયમાં થોડો આગળના પત્રમાં વિશેષ લેશું. આપણે તો આ વિષય હાથમાં લીધો છે. એમાંથી તો એ વાત ઉપસીને બહાર આવી જશે. આગળ લઈશું...

પત્રાંક-૪૬૮

મુંબઈ, ભાદ્રપદ, ૧૯૪૯

**અજ્ઞાનદશા વર્તતી હોય અને તે દશાને જ્ઞાનદશા જીવે ભ્રમાદિ કારણથી માની લીધી હોય ત્યારે તેવા તેવા દેહને દુઃખ થવાના પ્રસંગોમાં અથવા તેવાં બીજાં કારણોમાં જીવ દેહની શાતાને ભજવાની ઇચ્છા કરે છે, અને તેમ વર્તવાનું કરે છે. સાચી જ્ઞાનદશા હોય તો તેને દેહને દુઃખપ્રાપ્તિનાં કારણો વિષે વિષમતા થતી નથી, અને તે દુઃખને ટાળવા એટલી બધી ચીવટ પણ હોતી નથી.**

તા. ૧૫-૭-૧૯૯૦, પત્રાંક – ૪૬૮
પ્રવચન નં. ૧૮૦

જ્ઞાનદશા અને અજ્ઞાનદશાના વિષયમાં શરીરવેદના ઉત્પન્ન થાય છે ત્યારે બંને જીવમાં કેવો ફરક હોય છે અથવા જ્ઞાનીનું વિલક્ષણપણું શું છે, એક મુદ્દો શરીરવેદનાના એક પડખાથી અહીંયાં સ્પષ્ટ કરે છે.

'**અજ્ઞાનદશા વર્તતી હોય અને તે દશાને જ્ઞાનદશા જીવને ભ્રમાદિ કારણથી માની લીધી હોય**' ભ્રમથી માની હોય અથવા માનાદિ સેવવા માટે માની હોય. આદિમાં બીજા પ્રકાર લેવા. માન છે, લોભ છે એવો કોઈ પણ પ્રકાર લઈ લેવો. પોતાને તો અજ્ઞાનદશા વર્તતી હોય. અજ્ઞાનદશા વર્તતી હોય એટલે દેહાત્મબુદ્ધિ વર્તતી હોય, અને તેવી દશાને પણ જ્ઞાનદશા જીવે ભ્રમાદિ કારણથી અથવા કોઈ કારણથી માની લીધી હોય '**ત્યારે તેવા તેવા દેહને દુઃખ થવાના પ્રસંગોમાં...**' એટલે વેદના, પીડા વગેરે અશાતા ઉત્પન્ન થાય ત્યારે '**તેવા તેવા દેહને દુઃખ થવાના પ્રસંગોમાં અથવા**

**તેવા બીજાં કારણોમાં જીવ દેહની શાતાને ભજવાની ઇચ્છા કરે છે, અને તેમ વર્તવાનું કરે છે.**' શું થાય છે ? કે જ્યારે દેહની અંદર અશાતા અથવા પીડા ઉત્પન્ન થાય ત્યારે જલ્દી એની શાતા થઈ જાય, પીડા મટી જાય, રોગ મટી જાય એ પ્રકારની વ્યાધિ સંબંધીની ઉપાધિ, દેહના વ્યાધિ સંબંધીની જે ઉપાધિ છે એ ઉપાધિથી એનો આત્મા ખસતો નથી. આ પહેલી વાત કરી છે અજ્ઞાનદશામાં રહેલા જીવની. પછી જ્ઞાનદશાની વાત કરશે.

'ગુરુદેવશ્રી'ના વચનોમાં અને પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના જે બે ગ્રંથ છે આપણી પાસે, એમાં પણ આવા પ્રકારની કેટલીક વાતો આવી છે કે જેમાં જ્ઞાનદશા અને અજ્ઞાનદશાની સમીક્ષા કરી હોય કે જ્ઞાનીને આમ થાય છે ત્યારે અજ્ઞાનીને આમ થાય છે. અજ્ઞાનીને આવું બને છે ત્યારે જ્ઞાનીને ઉલટાનું આવું બને છે. એવા જુદા જુદા પડખેથી અનેક વચનો બંને ગ્રંથોમાં આવેલા છે. અહીંયાં પણ એવા જ પ્રકારના વચનામૃતની ચાર લીટી આ પત્રમાં છે.

અજ્ઞાનદશાએ વર્તતા જીવને જ્યારે દેહની પ્રતિકૂળતા આવે છે અથવા દેહ સંબંધી દુઃખ ઉત્પન્ન થાય છે ત્યારે તેવા '**પ્રસંગોમાં અથવા તેવા બીજાં કારણોમાં જીવ દેહની શાતાને ભજવાની ઇચ્છા કરે છે,**' દેહની અશાતાને કાળે જલ્દી શાતા થઈ જાય, અત્યારે જ શાતા થઈ જાય, તરત શાતા થઈ જાય એવા પ્રકારના એના પરિણામ ચાલે છે. પરિણામ ચાલે છે અને એવું વર્તન પણ એ કરી લે છે. આ તો સ્વભાવિકપણે સર્વસામાન્ય અનુભવથી અનુભવને મેળવે તો સમજી શકે એવી વાત છે. પોતાના અનુભવને મેળવે.

'**સાચી જ્ઞાનદશા હોય તો...**' એટલે માની લીધેલી નહિ. ખોટી તો માની લીધેલી ખોટી છે. પણ જો '**સાચી જ્ઞાનદશા હોય તો...**' અથવા જીવ જ્ઞાનથી જ્ઞાનમાં એકત્વ કરતોં હોય અને દેહાદિથી એકત્વ ન કરતોં હોય, એવું ભિન્નપણું વર્તતું હોય એવી '**જ્ઞાનદશા હોય તો તેને દેહને દુઃખપ્રાપ્તિનાં કારણો વિષે વિષમતા થતી નથી,...**' ત્યાં દેહની અશાતાનું જ્ઞાન થાય છે પણ 'મને અશાતા થાય છે' એવો અનુભવ નથી થતો. પોતાની જે જ્ઞાનદશા, એ જ્ઞાનદશામાં અશાતાનો પ્રવેશ નથી જોવામાં આવતો. પોતાની જ્ઞાનદશામાં જે જ્ઞાનવેદન છે એ જ્ઞાનવેદનમાં અશાતાના વેદનનો અભાવ જોવામાં આવે છે. અશાતાનો પ્રકાર જે છે એની સત્તા જુદી અને જાણનાર

એવું જે જ્ઞાન એની સત્તા જુદી એમ ભિન્ન ભિન્ન સત્તાએ જોવામાં આવે છે. અથવા જ્ઞાનને સ્વપણે અનુભવવામાં અને વેદવામાં આવે છે અને અશાતા વેદનને પરપણે વેદવામાં આવે છે, સ્વપણે વેદવામાં આવતું નથી. એવો જે પ્રકાર તે જ્ઞાનદશાનો પ્રકાર છે. તે સાચી જ્ઞાનદશા છે. **'તો તેને દેહને દુઃખપ્રાપ્તિના કારણો વિષે વિષમતા થતી નથી,...'** દુઃખ પ્રાપ્તિનું કારણ રોગ છે અથવા પ્રતિકૂળતા છે.

માણસ સામાન્ય બસમાં મુસાફરી કરે. અહીંથી 'સોનગઢ' જઈએ ને અવાર-નવાર, જો બેસવાનું મળે તો સારું અને ઊભું રહેવું પડે તો સારું નહિ. નાનામાં નાનું કારણ છે ને ? દેહની શાતા-અશાતાનું કારણ છે. જો ઊભા ઊભા મુસાફરી કરવી પડે તો અશાતા થાય છે અથવા કલ્પે છે એ. થાય છે શું ? એને તો કલ્પના થાય છે મને અશાતા થાય છે ઊભા રહેવામાં. અને બેસવામાં મને શાતા લાગે છે.

બેના વેદનમાં જરૂર ફેર છે. બેસવાથી જે ઊપજતું શાતાપણું અને ઊભા રહેવાથી જે ઊપજતું અશાતાપણું, એ લાગવાનો વિષય થવાને બદલે જાણવાનો વિષય થવો જોઈએ કે આ પ્રકાર અત્યારે જણાય છે. કેમ કે અત્યારે જ્ઞાનનું જ્ઞેય આ પ્રકારે છે. જે પ્રકારે જ્યારે દેહ સંબંધી જેવું જ્ઞાનનું જ્ઞેય હોય તો જણાવું એક વાત છે અને મને થાય છે અને મને લાગે છે, એ તદ્દન બીજી વાત છે. જે માત્ર જણાય છે એને ભ્રમથી લાગે છે એમ માની બેસે છે. લાગતું-ફાગતું નથી. જો લાગે તો તો જ્ઞાનમાં ચોંટી જાય એ અશાતા, ઉખડે જ નહિ. જો જ્ઞાનમાં અશાતા થતી હોય તો જ્ઞાનની સાથે એ ચાલુ રહી જાય. જ્ઞાન ચાલુ રહે છે, અશાતા ચાલુ રહેતી નથી. માટે જ્ઞાન સ્વતત્ત્વભૂત છે, સ્વભાવભૂત તત્ત્વ છે. અશાતાદિ સ્વભાવભૂત નથી, એ પરભાવભૂત છે.

મુમુક્ષુ :- થાક લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- થાક જણાય છે કે થાક લાગે છે ? આ સવાલ છે. અહીંયાં માત્ર વિચાર નથી કરવાનો. વિચાર કરીને તો ન્યાયથી સંમત કરી લે કે બરાબર છે, લાગે નહિ (પણ) જણાય. કેમ કે યુક્તિ જોઈ લીધી કે જ્ઞાન ચાલુ રહે છે અને થાક બંધ થઈ જાય છે. માટે જ્ઞાનમાં થાક નહોતો. એટલું વિચારથી નથી નક્કી કરવું પણ અવલોકનથી નક્કી કરવું છે કે જ્ઞાનમાં થાકની હયાતી, અસ્તિત્વ, પ્રવેશ, સ્પર્શ કાંઈ છે કે નહિ ? અને થાક લાગે છે ત્યાં જ્ઞાનનો પ્રવેશ છે કે નહિ ? આ બે વચ્ચે જ્ઞાનમાં સ્વપણું કરતાં જે ભિન્નતા ઉત્પન્ન થાય, ભિન્નતા જાણવાનો વિષય

માત્ર નથી પણ સ્વપણું કરીને ભિન્નતા થવાનો વિષય છે. જે સ્વપણું થાકમાં લાગ્યું છે કે મને થાક લાગે છે, એવી જે હયાતી સ્થાપી છે, એ થાકમાં વેદનથી હયાતી સ્થાપી છે. હવે જ્ઞાનમાં વેદનથી હયાતી સ્થાપવી છે. હયાતી તો સ્થાપે જ છે. હયાતી સ્થાપ્યા વગરનો રહેતો નથી.

મુમુક્ષુ :– બસમાં બેઠો, એ વખતે કોઈ ઑફિસર આવી જાય....

પૂજ્ય ભાઈશ્રી :– ઇન્કમટેક્સનો આવી જાય. સાહેબને મેં સગવડ કરી દીધી. હસવા લાગે, રાજી થવા મંડે. તો એ ઊભું થવું એ દુઃખ છે એ કલ્પના હતી કે બીજું કાંઈ હતું ? ઊભું રહેવામાં દુઃખ છે અને બેસવામાં સુખ છે. હવે ઊભા રહેવામાં સુખ થયું કે નહિ એને ? બીજાને બેસાડીને, પોતાને ઊભા રહેવામાં સુખ થયું કે ન થયું ? બેઠેલો ઊભો થયો. કેમ કે એ વખતે એને એમાં સુખ માન્યું છે. તો ઓલી કલ્પના ખોટી જ હતી ને ?

હવે એવી યુક્તિના અનુભવને બદલે, એ યુક્તિ છે, અનુભવપ્રધાન યુક્તિ છે. યુક્તિ બે છે. તર્કપ્રધાન હોય છે, અનુભવપ્રધાન હોય છે. ન્યાયપ્રધાન હોય છે. યુક્તિ અનેક પ્રકારે હોય છે. આ અનુભવપ્રધાન યુક્તિ છે. હવે અવલોકનથી એ વાત નક્કી કરવી છે. એટલે કે વર્તમાન વર્તતા અનુભવને તપાસીને, અનુભવને જોઈને, અનુભવને અનુભવીને, લ્યો ને ! એ નક્કી કરવું છે કે જ્ઞાનમાં જ્ઞાનાનુભવ છે ? જ્ઞાનમાં માત્ર જ્ઞાનાનુભવ છે કે જ્ઞાનમાં એ સિવાયના પણ ભાવોનો અનુભવ છે ? લાગે તો છે કે જ્ઞાનમાં જાણે થાક આવી ગયો હોય. મારામાં થાક આવી ગયો એટલે જ્ઞાનમાં આવી ગયો એવું તો લાગે છે. કે એ પ્રતિબિંબમાં ભ્રાંતિ થઈ છે ? બિંબ અને પ્રતિબિંબ ભિન્ન ભિન્ન છે ? કે બેય એક છે ? એ જણાતો ભાવ છે એ તો બિંબ છે. જ્ઞાનમાં એનું પ્રતિબિંબ આવે છે. લાગે છે કે મારામાં આવી ગયું.

જેને જ્ઞાનદશા છે એને માત્ર પોતાનો જ્ઞાનમાત્રપણાનો અનુભવ છે. તે દેહને દુઃખપ્રાપ્તિના જે કારણો (છે) તે જાણે છે. જાણે છે છતાં તેમાં વિષમતા થતી નથી. જાણે છે તો એ જાણી લે છે કે આ કારણ છે માટે આમ થયું છે. પણ છતાં એ માત્ર જાણવાનો વિષય છે. એ દુઃખદાયક છે, એ કારણ દુઃખદાયક છે એને લઈને મને દુઃખ છે એવું કાંઈ મને લાગતું નથી.

નહિતર તો મુનિરાજ સ્થિર કેવી રીતે રહી શકે ? એમના તો ઉપસર્ગ પરિષહ

એવા હોય છે કે કોઈ વખત તો પ્રાણ હરી લે. પ્રાણ જાય એવા ઉપસર્ગ પરિષહ હોય છે. તો કોના આધારે એ નિશ્ચળ રહે છે ? કોના આધારે નિશ્ચળ રહે છે ? કે પોતાના સ્વરૂપના સ્વસંવેદનના આધારે એ નિશ્ચળ રહે છે. અને એ તૈયારી ચોથા ગુણસ્થાનમાં થાય છે. સ્થિરતા તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં આવે છે પણ તૈયારી ચોથા ગુણસ્થાનથી થાય છે.

આમાં એક સરસ બોલ છે, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં વેદનાનો જ બોલ છે. ૪૬૧ છે. 'હર ક્ષણ મૃત્યુ કે લિયે તો તૈયાર હી રહના.' એમાંય જે ૫૦-૬૦ વટાવી ગયા છે એને તો આ સીધેસીધો પોતાને લાગુ પડે એવો બોલ છે. કોઈપણ ક્ષણે, હર ક્ષણે તૈયાર રહેવું. માંદગી આવશે જરૂરી નથી. કોઈ માંદગી આવે કે પહેલા નોટીસ આવી જાય એ કોઈ જરૂરી નથી. એ ૫૦-૬૦ થયા એ જ નોટીસ છે ખરેખર તો. એટલી ઉંમર વટાવી. કેમ કે ઉપર સીલીંગ છે. માથું અડે છે ઉપરનું. ઉપર મર્યાદા વગરની વાત નથી. ૭૦-૮૦-૯૦-૧૦૦ હદ થઈ ગઈ, બસ. ઉપર મથાળું બાંધેલું છે. હજી આગળ જવાની કોઈ પરિસ્થિતિ છે નહિ એટલે ૫૦-૬૦ થયા એ જ નોટીસ છે ખરેખર તો.

પણ એ તો ગમે તે ઉંમર હોય. 'હર ક્ષણ મૃત્યુ કે લિયે તો તૈયાર હી રહના. કભી ભી હો...' ભલે ગમે ત્યારે હોય. એમ. કભી ભી હો એટલે ભલે હો એમ કહેવું છે. 'ઔર કૈસી ભી વેદના હો.' પછી રોગનુ કારણ બને, Accident નું કારણ બને, ગમે તેવી વેદના હોય અરે...! સાતમી નરક જૈસી વેદના હો. ફિર ભી ક્યા ? વાત તો અહીંથી મૂકી દીધી છે એમણે. કે તો પણ શું ? એ તો પણ શું એટલે શું કહેવા માગે છે ? કે તો પણ એ વાત છે કે આ મૃત્યુનો પ્રસંગ એટલે દેહત્યાગનો પ્રસંગ અને આ વેદનાનો પ્રસંગ એ બંને પ્રકાર મારા આત્માથી અધિક નથી. મારા આત્માથી તો અધિક નથી પણ મારા આત્માના સ્વસંવેદનથી પણ અધિક નથી.

જો સાતમી નારકીની વેદના સ્વસંવેદનથી અધિક વેદનાવાળી હોય તો સાતમી નારકીમાં સ્વસંવેદન ઉત્પન્ન થાય નહિ કે ટકે નહિ. પણ એ વેદના વેદતો વેદતો કોઈ જીવ, એ વેદના વેદતો વેદતો કોઈ જીવ સ્વસંવેદનમાં પ્રવેશ કરે છે તો એનાથી અધિક બળ આવે છે ત્યારે કરે છે કે નહિ ? એ વેદનાથી અધિકાઈ આવે છે જ્યારે આત્મામાં સ્વસંવેદન ઊપજે છે ને ? અહીં તો કાંઈ નથી એના પ્રમાણમાં.

'અનુભવ પ્રકાશ' ના દૃષ્ટાંત જેવું છે. એક વાંદરાને કોઈકે કાંકરી મારી એટલે કાંકરીચાળો જેને કહે છે. છોકરાઓ ચાળા કરે ને ? એમાં એક કાંકરી વાંદરાને મારી ત્યાં વાંદરો ઠેકડે ઠેકડા મારવા માંડ્યો. પાંચ વખત તો નીચે ઊતર્યો અને પાંચ વખત ઉપર ચડી ગયો. ચંચળ પ્રાણી છે ને ? એક કાંકરી મારી એમાં આટલા ઠેકડા માર્યા ! એમ અત્યારે તો મનુષ્યગતિમાં તો એવી વેદના જ નથી. જે નારકીમાં વેદના હોય છે એનો અનંતમો ભાગ નથી. હજારમો લાખમો ભાગ નહિ, એનો અનંતમો ભાગ નથી અહીંયાં. પહેલી નારકીની વેદનાનો, હોં ! સાતમીની તો વાત જ પૂછવા જેવી નથી. ત્યાં પણ જીવ અધિકપણે આત્માને અધિક માનીને, અધિક જાણીને, અધિકપણે અનુભવ કરીને સ્વસંવેદનમાં આવે છે. તો અહીં તો કાંકરીચાળો છે. અને એમાં ઠેકડે ઠેકડા મારે છે, મને આમ થઈ ગયું રે.. મને તેમ થઈ ગયું. એવી ઉપાધિ આવી ગઈને કે બધું છૂટી ગયું. મારો તો સ્વાધ્યાય છૂટી ગયો અને મારું તો દેવદર્શન છૂટી ગયા અને મને તો આત્માના વિચાર છૂટી ગયા. વિચાર સુદ્ધાં, બીજી આગળની તો શું વાત કરવી ? બહુ ઉપાધિમાં આવી પડ્યા હતા, ભાઈ ! ઉપાધિ... ઉપાધિ... ઉપાધિ... ક્યાંય હખ નહોતું પડતું એમ કહે. પણ છે એ કાંકરીચાળો. બીજું કાંઈ નથી. એક કાંકરી અડી છે અને જાણે દુઃખી દુઃખી થઈ ગયો એમ માને છે.

ચૈતન્ય સ્વરૂપ તો અભેદ સ્વસંવેદનના કિલ્લા જેવું છે. એને તો કોઈ કાંકરી મારે તો અડે એવું નથી અને ગમે તે એના ઉપર પ્રહાર કરે તો એને અડે એવું નથી. એવો જબરદસ્ત શક્તિશાળી પદાર્થ છે. એટલે કહે છે, સાતમી નરક જેવી વેદના હોય તો પણ શું ? મેરે સ્વસંવેદન સે અધિક થોડી હૈ ? એ નથી લખ્યું, એમ કહેવું છે. એ કાંઈ મારા સ્વસંવેદનથી કે મારા આત્માથી કાંઈ અધિક નથી. આવી તૈયારી ચોથા ગુણસ્થાનમાં થઈ જાય છે જેને, એને મુનિદશામાં ગમે તેવી વેદના પ્રાણ છૂટે એવી આવે તો પણ એ વિચલિત થતાં નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કે જ્યારે પોતે આત્મહિતના લક્ષે અવલોકનમાં આવે છે ત્યારે એ અવલોકન આત્મહિતની ઘણી ભાવના વિના થઈ શકતું નથી. કરવું હોય તો પણ નથી થઈ શકતું. એટલે આત્મહિતનું જે લક્ષ છે એ તીવ્ર થાય છે એમાં દર્શનમોહ ગળેલો હોય છે. અવલોકન કાળે વધુ દર્શનમોહ ગળે છે.

દર્શનમોહની સાથે તો પહેલા અને વર્તમાન બંનેનો એ જ પ્રકારનો સંબંધ છે કે દર્શનમોહની શક્તિ અથવા અનુભાગ સારી રીતે ઘટેલો હોય છે અને ઘટે પણ છે. આ પ્રયત્ન કરતાં વધારે ઘટે છે. એ તો છે જ. દર્શનમોહનો વિષય તો ઘણો સ્પષ્ટ થયો છે. શું કહે છે અહીંયાં ?

**'સાચી જ્ઞાનદશા હોય તો તેને દેહને દુઃખપ્રાપ્તિના કારણો વિષે વિષમતા થતી નથી,...'** આ જ્ઞાનદશાનું એક વિલક્ષણપણું છે **'અને તે દુઃખને ટાળવા એટલી બધી ચીવટ પણ હોતી નથી.'** જુઓ ! આ એક બીજું વિલક્ષણપણું લીધું. એક તો દેહને દુઃખપ્રાપ્તિના કારણો એવી અશાતા કે કોઈપણ છેદન-ભેદન અંગનું કાંઈ થયું હોય શરીરમાં, એને લઈને થતી અશાતા, એ કારણોને વિષે વિષમતા થતી નથી. **'અને એ દુઃખને ટાળવાની એટલી બધી ચીવટ પણ હોતી નથી.'** નહિતર મનુષ્યને રોગ થાય ત્યારે એ કહેવત માણસે તો કરી નાખી છે કે ઊગતા રોગને ડામી દેવો. ઊગતો રોગ અને ઊગતો દુશ્મન. આ બધી કહેવતો છે. ડાહ્યા માણસોની, કહેવાતા ડાહ્યા માણસોની. રોગ ઊગે ત્યારે અને દુશ્મન ઊભો થતો હોય ત્યારે, હજી શરૂઆત હોય ત્યારે. બંનેની શરૂઆત હોય ત્યારે એને ડામી દેવો. એ જ વખતે એને બંધ કરી દેવો. આગળ ન વધવા દેવો એમ. એવી જ કાળજી અને એવી જ ચીવટ હોય છે રોગની. કે મૂળમાંથી રોગ જવો જોઈએ. મૂળમાંથી રોગ જવો જોઈએ. શરીરનો રોગ મૂળમાંથી જવો જોઈએ પણ આત્માનો રોગ મૂળમાંથી જવો જોઈએ એની ચીવટ આવતી નથી. આ દેહાત્મબુદ્ધિનું કારણ છે. એ પ્રકાર જ્ઞાનદશામાં હોતો નથી. આ જ્ઞાનદશાનું વિલક્ષણપણું છે. સમીક્ષાના મૂળમાં તો ખાસ સમજાય એવી વાત છે કે અજ્ઞાનીને આ પ્રકાર હોય છે, જ્ઞાનીને આ પ્રકાર હોય છે. અહીંયાં જ્ઞાનીની વિલક્ષણતા સ્પષ્ટ જોવામાં આવે છે.

મુમુક્ષુ :- ચીવટ અભિપ્રાય સાથે સંબંધ ધરાવે છે. ઉપર ઉપરથી જે અજ્ઞાની દવાઓ કરે છે. અજ્ઞાની પણ એમ સમજે છે. અભિપ્રાય સમજતો નથી જ્ઞાની પણ આ દવે કરે છે એવી રીતે છળ પકડાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો શું છે કે જ્યારે ઓળખવાની વાત હોય ત્યારે એને પોતાએ નજર કેળવવી પડે છે. ઓળખ અને પરખમાં તો નજર કેળવવી જ પડે છે. પછી સ્થૂળ પુદ્ગલ પરમાણુ હોય તો પણ એની નજર કેળવવી પડે છે.

દાણાપીઠમાં ચોખાના વેપારી જે નિષ્ણાત માણસો હોય છે એ જોઈને એમ કહી દે ચોખામાં પાણી બહુ સારુ છે. શું કહે ? આ ચોખો જાડો છે પણ રાંધવાથી ઝીણા ત્રાગે થશે. શું કહે ? દેખાવમાં જાડો ત્રાગ છે. પણ રાંધશે એટલે ઝીણો ત્રાગ થશે. અને મીઠાશ આવશે એની. કોઈ ચોખો ઝીણો હોય તો એમ કહી દે એની જાત ઉપરથી કે ત્રાગે ઝીણો છે પણ રાંધવાથી જાડો થશે. મીઠાશ નહિ હોય આમાં. વગર રાંધ્યે કહી દે. શું બતાવે છે એ ? જડ પરમાણુને જોતાં જોતાં એની નજર એવી કેળવાય છે કે દેખાવનો ઉલટો-સુલટો હોય તો પણ એની જાત પરખી લે છે. આ ચોખાના વેપારી નિષ્ણાત બધા જૂના વેપારી છે ને ? જૂના વેપારી બધા જોઈને એમ કહે કે ચોખામાં પાણી બહુ સારું છે, ભાઈ ! ચોખા સારી જાતના છે. ખાતરી આપી દે. વગર રાંધ્યે કહે કે રાંધી જુઓ, અમે કહીએ છીએ એ બરાબર લાગશે. આટલી તો જડને ચાખ્યા વગર, રાંધ્યા વગર નજર કેળવે છે માણસ. એનું કારણ શું ? કે એનો મહાવરો છે એ વિષયનો. એ વિષય જોવાની એને Practice પડી છે. અનેક જાતો જોઈ છે, હજારો જાતો જોઈ છે. ઘણા સમય સુધી એને એ વિષયનો અભ્યાસ થઈ ગયો છે. એને જોઈને ખબર પડે.

આ ચા માં, લ્યો ને. ચા ચાખ્યા વગર નક્કી કરે છે કે નહિ ? નહિતર ઘણાને એને ઉકાળવી પડે, પીવી પડે, પછી ખબર પડે કે નહિ આ બરાબર લાગે છે. ઘણા એવા નિષ્ણાંત જોયા છે કે જોઈને, સ્પર્શ કરીને કહી દે કે આ પત્તીમાં કડકાઈ આટલી છે. ફલાણું આટલું છે. ટેસ્ટ આટલો છે. આમાં આમ છે. આનું આમ છે. પરમાણુ જ છે ને એ બીજું કાંઈ છે ? કેવી રીતે નક્કી કરે છે ? એ જ્ઞાનનું સામર્થ્ય છે.

જે જ્ઞાન પરપદાર્થમાં પ્રવેશતું નથી. અરે..! પરપદાર્થને સ્પર્શતું નથી એ જ્ઞાન પણ નક્કી કરી શકે કે આમાં શું (છે), આ પરમાણુના ગર્ભમાં શું રહેલું છે ? વ્યક્ત નથી, અવ્યક્ત છે એ તો. એનો સ્વાદ વગેરે તો અવ્યક્ત છે. એ વખતે વ્યક્ત નથી કાંઈ. તો આ તો જ્ઞાન પોતામાં ને પોતામાં, પોતાના વેદનમાં છે જ્ઞાન તો. જ્ઞાન તો પોતાના વેદનયુક્ત છે. વેદનનો ત્યાગ નથી કરી શકતું જ્ઞાન. પોતે જ વેદક સ્વભાવી છે. એ પોતાની પરખ ન કરી શકે ? શું છે ? પોતાની પરખ કરી શકે કે ન કરી શકે ? એટલી વાત છે.

ત્યાંથી નથી સમજાતું ખરેખર, જ્ઞાનીની સામે જોઈને નથી સમજાતું. પણ પોતાના

પરિણામ સાથે એની મીંઢવણી કરવી પડે છે કે આ ચીવટના પરિણામ શું ? રોગને કાઢવાના ચીવટના પરિણામમાં ચીકણાઈ શું ? અને એ સંબંધી વગર ચીકણાઈએ લુખ્ખા પરિણામ થાય, ઉપેક્ષા ભાવે થાય એવા પરિણામ શું ? એ લુખ્ખાશ-ચીકાશના અનુભવને તપાસીને એ નક્કી થાય છે. અને પછી બીજાના પરિણામ ઓળખી શકે છે. નહિતર બીજાની પ્રવૃત્તિ કે બોલવાથી શું ખબર પડે ? પરિણામ તો અરૂપી ચીજ છે. પ્રવૃત્તિ અને ભાષા ઇન્દ્રિયજ્ઞાનનો વિષય છે. કેમ ખબર પડે ? છતાં જ્ઞાનીને ઓળખી શકાય છે. જો પોતાની તૈયારી હોય તો.

અવલોકનથી ખબર પડે છે કે આમાં ચીકાશ કેટલી ? આમાં રસ કેટલો ? રસને લઈને ચીકાશ હોય છે. એ ચીકાશમાં લુખ્ખાશ-ચીકાશ થયા જ કરતી હોય છે, પછી એકધારી ચીકાશ રહેતી નથી, લુખ્ખાશ પણ આવે છે. એમાં પણ આત્માને આશ્રયે લુખ્ખાશ આવે છે. આત્માના વિચારે કરીને, સ્વરૂપના અવલોકને કરીને, સ્વરૂપના અવલંબને કરીને જુદા જુદા તબક્કાએ પણ લુખ્ખાશ આવે છે. બીજા કારણે લુખાશ તો આવે છે કે નહિ ? રોજ મીઠાઈ ખાતો હોય અને બહુ ભાવતી હોય પણ બારમાં વખતે, તેરમાં વખતે ભાવે છે ? પ્રિયજનનો વિયોગ થયો હોય, અને એના બારમા, તેરમા વખતે મીઠાઈ બનાવે સગા-વહાલા. આપણો વ્યવહાર છે કર્યા વગર નહિ ચાલે એમ કહે. એને ખબર છે કે આ કાંઈ મીઠાઈ ખાવાના દિવસ થોડા છે ? ક્યાંથી લુખ્ખાશ આવી ? કે ત્યાં દ્વેષ ગર્ભિત લુખ્ખાશ આવી.

અવલોકન કરે તો ખબર પડે કે લુખ્ખાશ શું ચીજ છે ? ભલે દ્વેષ ગર્ભિત પણ લુખાશ તો છે ને ? તો દ્વેષ ગર્ભિત લુખ્ખાશ શું છે ? અથવા પોતાના સ્વરૂપના લક્ષે લુખ્ખાશ શું ચીજ છે ? એના વિચારથી કેવી લુખ્ખાશ આવે ? એના અવલોકનથી કેવી લુખ્ખાશ આવે ? એના અવલંબનથી કેવી લુખ્ખાશ આવે ? એ બધા તબક્કા પોતે એના ઊંડાણમાં જઈને તપાસે તો સમજાય એવો વિષય છે. જો પોતાના ભાવ સમજાય તો બીજાના ભાવ પણ સમજી શકે. પોતાના જ ભાવને ન સમજી શકતો હોય તો એ બીજાના ભાવને શું સમજવાનો ? એના પોતાના ભાવ થાય છે એની પોતાને સમજણ નથી. તે બીજાના ભાવને શું સમજે ? એ જ્ઞાનીને ઓળખી શકતો નથી.

એટલે જ્ઞાનીને એ વાત નિશ્ચિત છે કે રોગ કે અશાતા આદિ ટાળવાની એને

ચીવટ પણ હોતી નથી. દેહનો રોગ છે કોઈ પૂર્વકર્મના કારણે અવશ્ય થયો છે. એ ખાતું ચુકતે કરવાનું છે. લેણદાર લેણું લેવા આવ્યો છે. રાજીખુશીથી એને આપી દેવાનું છે. એમાં જલ્દી એને કાઢો. એને આપ્યા વગર, રકમ આપ્યા વગર કાઢો, એ વાત તો પ્રમાણિકતા પણ સૂચવતી નથી. ભાઈ ! તું લઈ જા. વ્યાજસીખે લઈ જા. આ તારી રકમ દૂધે ધોઈને પાછી. એનું નામ પ્રમાણિક્તા છે. જ્ઞાની સમજે છે. આવ્યો તો કાંઈ મફત આવ્યો નથી. ભલે આવ્યો. એને કાઢવાની ચીવટ શું ? એના કાળે જશે. દવા તો પરિણામની કરવાની છે, રોગની કરવાની નથી. પોતાની શક્તિ જોઈ દવા કરે પરિણામની, રોગની નહિ. એ ૪૬૮ (પત્ર) પણ જ્ઞાનીની દશાના વિલક્ષણને સ્પષ્ટ કરે છે.

### પત્રાંક-૪૬૯

મુંબઈ, ભાદરવા વદ ૦)), ૧૯૪૯

**જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ. જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ. જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ. જેવો સર્વ દેહ પ્રત્યે વર્તવાનો પ્રકાર રાખીએ છીએ, તેવો જ આ દેહ પ્રત્યે પ્રકાર વર્તે છે. આ દેહમાં વિશેષ બુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમ બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઈ શકતી નથી. જે સ્ત્રીઆદિનો સ્વપણે સંબંધ ગણાય છે, તે સ્ત્રીઆદિ પ્રત્યે જે કંઈ સ્નેહાદિક છે, અથવા સમતા છે, તેવાં જ પ્રાયે સર્વ પ્રત્યે વર્તે છે. આત્મારૂપપણાનાં કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગતના સર્વ પદાર્થ પ્રત્યે જેમ ઉદાસીનતા વર્તે છે, તેમ સ્વપણે ગણાતા સ્ત્રીઆદિ પદાર્થો પ્રત્યે**

વર્તે છે.

પ્રારબ્ધ પ્રબંધે સ્ત્રીઆદિ પ્રત્યે જે કંઈ ઉદય હોય તેથી વિશેષ વર્તના ઘણું કરીને આત્માથી થતી નથી. કદાપિ કરુણાથી કંઈ તેવી વિશેષ વર્તના થતી હોય તો તેવી તે જ ક્ષણે તેવા ઉદયપ્રતિબદ્ધ આત્માઓ પ્રત્યે વર્તે છે, અથવા સર્વ જગત પ્રત્યે વર્તે છે. કોઈ પ્રત્યે કંઈ વિશેષ કરવું નહીં, કે ન્યૂન કરવું નહીં; અને કરવું તો તેવું એકધારાનું વર્તન સર્વ જગત પ્રત્યે કરવું, એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયાં દૃઢ છે; નિશ્ચયસ્વરૂપ છે. કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણું, કે કંઈ તેવી સમ વિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતું નથી, એમ લાગે છે. પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઈ તેવું ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે. કોઈ પ્રત્યે ઓછાપણું, અધિકપણું, કંઈ પણ આત્માને રુચતું નથી, ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવા યોગ્ય નથી, એમ તમને શું કહીએ ? સંક્ષેપમાં લખ્યું છે.

સૌથી અભિન્નભાવના છે; જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફૂર્તિ થાય છે; ક્વચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફૂર્તિ થાય છે; પણ વિષમપણાથી કે વિષય, પરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામાં સંકલ્પ જણાતો નથી. અવિકલ્પરૂપ સ્થિતિ છે. વિશેષ શું કહીએ ? અમારે કંઈ અમારું નથી, કે બીજાનું નથી કે બીજું નથી; જેમ છે તેમ છે. જેમ સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે. સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે; સમવિષમતા નથી. સહજાનંદ સ્થિતિ છે. જ્યાં તેમ હોય ત્યાં અન્ય પદાર્થમાં આસક્ત બુદ્ધિ ઘટે નહીં, હોય નહીં.

(૦ ૦ ૦ ૦)

૪૬૯નો જે પત્ર છે એમાં સમદૃષ્ટિ શું ચીજ છે ? એનું સ્પષ્ટીકરણ પહેલા પેરેગ્રાફમાં છે. સર્વાત્મમાં સમદૃષ્ટિ એટલે શું ?

**'જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે.'** જુઓ ! આ પણ જ્ઞાનીની દશાનું વિલક્ષણપણું છે. એમના પત્રોમાં તો વાતે વાતે એ વિશેષ સ્પષ્ટ થશે હવે. ધ્યાન ખેંચવું હોય તો ખેંચી શકાય એવું છે. **'જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે.'** અમને બીજાના આત્મામાં ઓછાપણું, અમારા આત્મામાં અધિકપણું એવું અમને નથી. ન્યૂનાધિકપણું નથી. સરખાપણું જ છે. કેમ કે અમારી જે જાત છે એવી જ જાત બધા આત્માઓની છે. કોઈના આત્માની જાતમાં કિંચિત્‌માત્ર ફેર નથી, જરાય ફેર નથી. **'જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે. તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે.'**

મુમુક્ષુ :– બધા વાદવિવાદ ખતમ

પૂજ્ય ભાઈશ્રી :– બધું ખતમ. ખલાસ. કોઈ અનિષ્ટ ન રહે એવી વાત છે. કોઈ અનિષ્ટ ન રહે એવી વાત છે. આ એક એવી વાત છે, એવો સિદ્ધાંત છે, આ ન સમજાણી એટલે વેદાંતમાં પરમબ્રહ્મનો વિષય ચાલ્યો કે આપણે એક જ જાતિના બદલે શું (કહ્યું) કે બેપણું જ નથી ને. (બે જાતિ જ નથી ને !) અદ્વૈતપણું છે, દ્વૈત જ નથી. પછી માથાકૂટ શી ? પછી મારું-તારું ક્યાં કરવાનું રહે છે ? ખરેખર એ વસ્તુનું સ્વરૂપજ્ઞાન નથી. અહીંયાં વસ્તુના સ્વરૂપજ્ઞાનને અનુસરીને કષાયનો અભાવ, દોષનો અભાવ કેમ થાય છે, એ વિષય છે.

**'જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની...'** આ એટલે પોતાની, હોં ! આની જગ્યાએ પોતે લેવો. આ એટલે પ્રત્યક્ષ પોતે છે. વિદ્યમાન હાજરાહજૂર પોતે છે. હયાતી ધરાવે છે એને આ કહે છે. **'જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ.'** મારા આત્માને સહજાનંદની પ્રાપ્તિ થાવ. તો કહે છે કે જગતના સર્વ આત્માઓને સહજાનંદની પ્રાપ્તિ થાવ. કેવી વિશાળતા ! એકલા જૈનોને નહિ, અન્યમતિઓને ન થાઓ એમ નહિ. અથવા જૈનધર્મ ઉપર ઉપસર્ગ કરનારાને નહિ, એમ નહિ. આક્રમણ કરે છે ને લોકો ? એની પણ સહજાનંદની સ્થિતિ થાવ. કેમ કે એને કોઈ વેરી નથી, વિરોધ નથી. બધા આત્મા જ છે એને.

અથવા એકેન્દ્રિયને પણ બાદ નથી રાખ્યા. કે ભઈ ! એને મન નથી ને. એને સહજાનંદ ? એને પણ થાવ. ભાવનામાં દારિદ્ર શા માટે ? ભાવનામાં દરિદ્રતા હોતી નથી. એટલું ઉદાતચિત્તનું ચરિત્ર જેને છે એમ કહેવામાં આવે છે. જ્ઞાનીને આ વિશેષણ લગાડવામાં આવે છે કે જેના ચિત્તનું ચરિત્ર ઘણું ઉદાત છે. કોઈ બાકી નથી. અરે..! અભવિ નથી બાકી રાખતા. અભવિ કોઈ દિ' પામવાના નથી સહજાનંદને. ... મારી ભાવનામાં તો બધા જ આત્માઓ, કોઈ બાકી નહિ, અપવાદ માટે એક પણ નહિ.

**'જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ.'** વસ્તુ સ્થિતિ નથી, હોં ! એવી વસ્તુસ્થિતિ છે નહિ. ભાવના એવી છે. જુઓ ! ભાવના શું કામ કરે છે ! **'જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ.' 'જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ.'** હવે એમ કહે છે કે નજીકમાં પોતાનું શરીર છે અને શરીર સાથે ઘણો ઘનિષ્ઠ સંબંધ છે. **'જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ.'** એટલે કે કોઈને દૈહિક દુઃખ થાય એ પણ અમે ઇચ્છતા નથી. આ મુનિ કેમ યત્ના રાખે છે ? ઇર્યા સમિતિ, ભાષા સમિતિ, આદાનનિક્ષેપણ સમિતિ (પાળે છે). જેવો આ દેહ પ્રત્યે ભાવ છે... ચારિત્રની સ્થિરતા છે ને ? કોઈ દેહ પ્રત્યે એ પ્રકાર છે, બધા જ દેહ પ્રત્યે એવો જ પ્રકાર છે.

**'આ દેહમાં વિશેષ બુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમ બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઈ શકતી નથી.'** કરવી હોય તો પણ થઈ શકતી નથી આ અમારી દૃષ્ટિ છે. સર્વ જ્ઞાનીઓને એવી કરુણા હોય છે અને એ કરુણાને અનંત કરુણા એવું વિશેષણ લાગે છે. જીવો અનંત છે સામે. એના દુઃખો પણ અનંત છે. તો પણ અનંત જીવોને કિંચિત માત્ર દુઃખ ન હો, એવી કરુણાબુદ્ધિ છે. **'આ દેહમાં વિશેષ બુદ્ધિ અને બીજા પ્રત્યે વિષમ બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઈ શકતી નથી.'** થઈ શકતી નથી. હવે નજીકમાં બીજી વાત કરે છે.

**'જે સ્ત્રીઆદિનો સ્વપણે સંબંધ ગણાય છે,...'** છે નહિ, હોં ! ગણાય છે, લોકોમાં ગણાય છે, વ્યવહારે ગણાય છે. લૌકિકદૃષ્ટિએ ગણાય છે. એ એક આત્મા છે, એમ કહે છે. **'તે સ્ત્રીઆદિ પ્રત્યે જે કંઈ સ્નેહાદિક છે, અથવા સમતા છે,...'** એકલો સ્નેહ છે એમ નહિ. **'જે કંઈ સ્નેહાદિક છે, અથવા સમતા છે, તેવાં જ પ્રાયે સર્વ પ્રત્યે**

**વર્તે છે.**' સામાન્ય રીતે એ નજીકનું પાત્ર ગણાય છે તો પણ કહે છે કે બધા પ્રત્યે અમને એક જ (ભાવ) વર્તે છે.

'**આત્મારૂપપણાનાં કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગતના સર્વ પદાર્થ પ્રત્યે જેમ ઉદાસીનતા વર્તે છે,...**' '**આત્મરૂપપણાના કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી...**' અમે આત્મારૂપ થવા માગીએ છીએ. જે સ્વરૂપે આત્મા છે એની સર્વાંશે આત્માકાર દશા વર્તે એવા '**કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગતના સર્વ પદાર્થ પ્રત્યે જેમ ઉદાસીનતા વર્તે છે, તેમ સ્વપણે ગણાતા સ્ત્રીઆદિ પદાર્થો...**' આદિ એટલે બીજા કુટુંબીઓ લઈ લેવા. સ્ત્રી, પુત્ર, માતા, પિતા, ભાઈ, બેન બધા લઈ લેવા. એવા '**ગણાતા સ્ત્રાઆદિ પદાર્થો પ્રત્યે...**' એ પદાર્થો કહ્યા. સગા ન કહ્યા. '**સ્વપણે ગણાતા સ્ત્રીઆદિ પદાર્થો...**' એ જગતના પદાર્થો છે. તેના '**પ્રત્યે વર્તે છે.**' એમાં અમને કંઈ ફેર છે નહિ. છે ? નવી વાત છે ને થોડી ? આવી વિલક્ષણતા અંદરમાં સ્વરૂપજ્ઞાનને લઈને ઉત્પન્ન થાય છે. જે વસ્તુનું સ્વરૂપજ્ઞાન છે એ સ્વરૂપજ્ઞાનને કારણે જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન થઈ જાય છે. અને આ એક પ્રકારની સ્થિતિ ઊભી થાય છે.

'**પ્રારબ્ધ પ્રબંધે...**' એટલે બંધ. પૂર્વનો બંધ એને પ્રબંધ કહે છે. '**પ્રારબ્ધ પ્રબંધે સ્ત્રીઆદિ પ્રત્યે જે કંઈ ઉદય હોય તેથી વિશેષ વર્તના ઘણું કરીને આત્માથી થતી નથી.**' તેવો ઉદય આવે છે. ઉદયને અનુસરીને એથી વધારે નથી જતા. એટલે શું કહે છે ? અજ્ઞાનદશામાં ઉદય થોડો હોય અને જીવ પરિણમે અધિક. ગુસ્સાનું કારણ નાનું હોય અને ગુસ્સો કરી બેસે મોટો. એ વધારે પડતું છે. એમ ઉદયની જે અનુભાગ સ્થિતિ હોય એની મર્યાદા કરતાં નવા કર્મનો ઉદય સ્થિતિ આદિ, અનુભાગ સ્થિતિ વધારે ઉત્પન્ન થઈ જાય એવા પરિણામ કરે ત્યારે એ વિશેષ વર્તના કરી એમ કહેવામાં આવે છે. ઉદય કરતાં એ વિશેષ વર્તના છે. કહે છે કે પૂર્વકર્મ, પ્રારબ્ધ એટલે પૂર્વકર્મનો જે '**ઉદય હોય તેથી વિશેષ વર્તના ઘણું કરીને આત્માથી થતી નથી.**' બહુ જાગૃત છે પોતે. ખ્યાલ છે, ઉદયના પ્રમાણનો ખ્યાલ છે. એથી અલ્પ થાય છે પણ અધિક થતી નથી. અને જ્ઞાનીને અધિક થાય નહિ. કેમ કે એને તો નિવૃત્તિ થવાની છે. જૂના કર્મની નિવૃત્તિ થવાની છે. નવી આવૃત્તિ ઓછી હોય છે, જૂના કર્મની નિવૃત્તિ વધારે હોય છે.

'**કદાપિ કરુણાથી કંઈ તેવી વિશેષ વર્તના થતી હોય તો તેવી તે જ ક્ષણે તેવા**

**ઉદયપ્રતિબદ્ધ આત્માઓ પ્રત્યે વર્તે છે, અથવા સર્વ જગત પ્રત્યે વર્તે છે.'** કરુણાથી એમ આવે કે આ જીવો પ્રારબ્ધના યોગે નજીક આવ્યા છે ક્ષેત્રમાં. એક ઘરમાં રહે છે, એક દુકાનમાં છે એવી રીતે. એવી રીતે બીજા મુમુક્ષુઓ પણ પરિચયમાં આવે છે. તો એના પ્રારબ્ધના કારણે એ નજીક વર્તતા જીવો પ્રત્યે કાંઈક કરુણા વિશેષ દેખાતી હોય તો તે જ ક્ષણે તેવી જ બીજા સર્વ આત્માઓ પ્રત્યે, ઉદયપ્રતિબદ્ધ એવા સર્વ આત્માઓ પ્રત્યે અને ઉદય અપ્રતિબદ્ધ એવા સર્વ આત્માઓ પ્રત્યે એવી જ કરુણા અમારી રહે છે. બીજાની પ્રત્યે કરુણા ઓછી, આના પ્રત્યે કરુણા વધારે. જે ઉદયથી સંબંધ પામ્યા છે, વ્યવહાર સંબંધ પામ્યા છે એના પ્રત્યે કરુણા વધારે, બીજા આત્માઓ પ્રત્યે કરુણા ઓછી એવું જ્ઞાનીને હોતું નથી.

કોઈ એમ કહે કે ભાઈ ! આ જ્ઞાનીને એમના ફલાણા સગા છે ને માટે એના પ્રત્યે એમને જરાક વધારે ભાવ રહે છે. એ જ્ઞાનીને સમજ્યા નથી. એવું કોઈ જ્ઞાનીને ખરેખર કદાપિ હોતું નથી. એમ છે. સમજમાં વાત આવવી જોઈએ. બાકી જ્ઞાનદશામાં એ પ્રકાર થતો નથી, એ પ્રકાર થઈ શકતો પણ નથી. એવી જ કોઈ જ્ઞાનદશાની વિશેષતા છે અથવા વિલક્ષણપણું હોય છે.

**'કોઈ પ્રત્યે કંઈ વિશેષ કરવું નહીં, કે ન્યૂન કરવું નહીં;...' 'કોઈ પ્રત્યે કાંઈ વિશેષ કરવું નહીં, કે ન્યૂન કરવું નહીં;...'** કોઈની માટે વધારે કરવું, કોઈની માટે ઓછું કરવું. **'અને કરવું તો તેવું એકધારાનું વર્તન સર્વ જગત પ્રત્યે કરવું, એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયા દૃઢ છે; નિશ્ચયરૂપ છે.'** આ એમની વિલક્ષણતા છે. ઘણી વાતો આવશે. સંખ્યાબંધ વાતો જ્ઞાનદશાની વિલક્ષણતાની આવે છે. આ આત્માને એવું જ્ઞાન થયું છે, આ આત્માને એવો નિશ્ચય વર્તે છે. અને ઘણા કાળથી આ વર્તે છે. હજી ૨૬મું વર્ષ ચાલે છે તો ઘણા કાળથી આ વર્તે છે. કેમ કે ૧૫મા વર્ષે એમણે એમણે કાવ્ય લખ્યું છે. 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો' અમે તો હૃદયમાં લખ્યું છે એમ એનો અર્થ છે. અમારા હૃદયની આ વાત છે, તમે પણ આ વાતને હૃદયમાં રાખજો. એનું સ્થાન હૃદયમાં રાખજો, જરાય આઘું રાખશો નહિ એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો સમજ્યા વિના એમ નહિ. એનો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો અધૂરો નિશ્ચય એ જ આ જીવનો દોષ છે એમ કહે છે. સમજ્યો નથી નહિ, અધુરું

સમજ્યો છે એ આ જીવનો દોષ છે એમ કહેવું છે. માન્યા છે ને ? કે નહિ. આ તો જ્ઞાની છે. 'ગુરુદેવ' તો જ્ઞાની છે, 'માતાજી' તો જ્ઞાની છે. પણ અધુરું માન્યું છે અને ઓળખાણ નથી કરી એ આ જીવનો દોષ છે એમ કહેવું છે. માન્યા છે એમ નથી ચાલતું આમાં. ઓળખાણથી માન્યા છે કે નહિ એ ચાલે છે. એવી વાત છે.

મુમુક્ષુ :- આ જ્ઞાનીના ભાઈ છે, આ જ્ઞાનીના ફલાણા છે... આ ઢીકણાં છે...

પૂજ્ય ભાઈશ્રી :- કહેવા માત્ર છે. કાંઈ એ વાતમાં માલ નથી. એમની જેવી પોતાના આત્મા પ્રત્યે દૃષ્ટિ છે એવી જ સર્વ આત્મા પ્રત્યે દૃષ્ટિ હોય છે.

એક જ્ઞાનીની જ્ઞાનદશાની Quality અને બીજા અનંત જ્ઞાનીઓની જ્ઞાનદશાની Quality, શું એમાં ફેર ? કહો. કોઈ ફેર નથી હોતો. જરાય ફેર હોય નહિ. એક જ જાત છે. સમ્યગ્જ્ઞાનની જાત એક, સમ્યગ્દર્શનની જાત એક, સમ્યક્પુરુષાર્થની જાત એક, સમ્યક્ચારિત્રની જાત એક છે, સમ્યક્શાંતિની જાત એક છે. કાંઈ ફેર પડે નહિ. ફેર માને એને જ્ઞાનીની જ્ઞાનદશાની સમજણ થઈ નથી. આ બહુ ચોખ્ખી વાત છે. બહુ સમજવા મળે એવી વાતો છે. ભલે એમણે પોતાની વાત કરી છે પણ ઘણું સમજવા મળે એવો વિષય છે.

**'એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયાં દૃઢ છે; નિશ્ચયસ્વરૂપ છે. કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણું, કે કંઈ તેવી સમ વિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય...'** હવે શું કહે છે ? કે કોઈ સ્થળે, કોઈ પ્રસંગે, એમ. કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં ઘણા પ્રકારના ચિત્ર વિચિત્ર પૂર્વકર્મના ઉદય પ્રસંગો ઉત્પન્ન થાય છે તો ક્યાંક **'ન્યૂનપણું, વિશેષપણું કે કંઈ તેવી સમ વિષમે ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય...'** કે અહીંયાં તો આમ રાખ્યું. અહીંયાં તો પોતે પાછું આમ રાખ્યું. એકસરખું નહિ. સમ-વિષમ એટલે એકસરખું નહિ. એવું વર્તવું દેખાતું હોય કે જ્ઞાની આમ વર્ત્યા એવો દેખાવ થયો **'હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતું નથી,...'** જે ચારિત્રમોહની અસ્થિરતા છે એ અસ્થિરતાના કારણે ક્યાંક એવું થતું દેખાતું હોય તો પણ ખરેખર તે આત્મબુદ્ધિએ થયું નથી, આત્મસ્થિતિએ પણ થયું નથી. એમ છે. આ વસ્તુ ઓળખવાની છે. આત્મબુદ્ધિ શું ? આત્મસ્થિતિ શું છે એમની ? એ ઓળખવાની વાત છે. એવું બને પણ ખરું કદાચ. એવું લાગે. કે નહિ અહીંયાં તો જરાક આમ કર્યું છે. આનો જરા પક્ષપાત કર્યો હોય એવું લાગે છે.

ધર્માત્મા અને અધર્માત્મા. એક ધર્માત્મા હોય. બીજા ધર્મમાં આવેલા જીવો ન હોય. તો ધર્માત્મા પ્રત્યે જરા એમ કરે કે ભઈ ! આ તો મહાત્મા છે. એનું બહુમાન કરવું જોઈએ. એ તો ગુણની વાત છે. પક્ષની વાત નથી. વ્યક્તિગત પક્ષનો વિષય નથી. પણ ધર્મ પ્રગટ કર્યો છે, પવિત્રતા પ્રગટ કરી છે એમ કહે એના માટે. બીજા માટે એમ ન કહે. કેમ કે ત્યાં એમ નથી. તો બે આત્માને સરખા ક્યાં રાખ્યા ? આત્મબુદ્ધિએ એ વાત નથી. એવો જે રાગ, એવો જે પ્રકાર તે ચારિત્રમોહમાં જાય છે. આત્મબુદ્ધિએ તો બધા જ સરખા છે. કોઈ હિન નથી, કોઈ અધિક નથી, આત્માએ કરીને. અવસ્થાના ગુણદોષને સમજતા નથી. અવસ્થાના ગુણ-દોષનો વિવેક કે અવિવેકનો ખ્યાલ નથી અને સમદૃષ્ટિપણું છે (એમ નથી). જેમ કે બધા ધર્મો સરખા માની લ્યો. આપણે સમદૃષ્ટિ. એ અવિવેક છે. ગુણ-દોષને ન સમજે તો તે અવિવેક છે. જ્યાં આત્માની વાત આવે છે, વસ્તુની વાત આવે છે ત્યાં તો બધા આત્મા ભગવાનઆત્મા જ દેખાય છે. માથાનો વાઢનાર આવે તો કહે અમે તો સિદ્ધપણે જ દેખીએ છીએ. પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત'માં (આવ્યું), અમે તો બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ. એ ભલેને પોતાને ગમે તેમ માને. એ એમ માને કે હું તો આનો વિરોધી છું, મારે તો આનો વિરોધ કરવો છે. એ ભલે ને ગમે તે માને. અમે તો બધાને સિદ્ધપણે દેખીએ છીએ. આ દૃષ્ટિ થઈ ગઈ છે.

**'કોઈ પ્રત્યે ઓછાપણું, અધિકપણું કંઈ...'** વર્તવું દેખાતું **'હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતું નથી,...'** એ અભિપ્રાય વિરુદ્ધ છે એમ કહે છે. અભિપ્રાય એવો છે નહિ. **'એમ લાગે છે.'** એટલે પોતાના અનુભવની વાત કરે છે કે આવું ક્યાંક અમને વર્તવું તમને દેખાય તો પણ આત્મબુદ્ધિએ અમારું થતું નથી. આત્મસ્થિતિએ પણ એમ થતું નથી. એટલે પરિણતિમાં એમ નથી. **'એમ લાગે છે.'** એમ અમારો અનુભવ બોલે છે.

**'પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઈ તેવું ઉદયભાવપણે થતું હોય તો...'** ઉદયભાવપણે. પૂર્વ પ્રારબ્ધના યોગે એટલે એવો કોઈ પ્રારબ્ધનો કુટુંબાદિનો સંબંધ હોય અને **'ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે.'** એવા અમારા ઉદયભાવ વિષે પણ અમને સમતા છે. એ પણ અમારા જ્ઞાનનું જ્ઞેય છે. જેમ કોઈ અન્ય પદાર્થ જ્ઞાનનો જ્ઞેય છે એમ અમારો ઉદયભાવ પણ એ જ્ઞાનનું જ્ઞેય છે. આમ છે. રાગાદિ

ભાવ જ્ઞાનનું જ્ઞેય છે. એ જ્ઞાનનું જ્ઞેય એ સમપણું છે.

ત્યાં સુધીનો એ વિષય ચાલ્યો છે શાસ્ત્રોમાં. કે રાગને કરવો એમ તો નથી પણ ટાળવો એમ પણ નથી. એનું નામ સમપણું છે. કરવો તે રાગ છે, ટાળવો તે દ્વેષ છે. રાગ અને દ્વેષ એ વિષમ છે. તે બંને નથી તેને સમપણું છે. એવી રીતે લ્યે છે. અને એ એક દશા છે, એવી આત્મદશા છે. એવો **'ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે. કોઈ પ્રત્યે ઓછાપણું, અધિકપણું, કંઈ પણ આત્માને રુચતું નથી,...'** અમને અમારી રુચિની બહારનો વિષય છે. આ કોઈને અધિકપણે રાખીએ અને કોઈને હિનપણે રાખીએ એ અમારા આત્માને રુચતું નથી. રુચે નહિ એવી એ વાત છે. એ અરુચિનો વિષય છે. કોઈ પ્રત્યે ઓછાપણું, કોઈ પ્રત્યે અધિકપણું કંઈ પણ આત્માને રુચતું નથી.

**'ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવા યોગ્ય નથી,...'** જ્યારે એમ નથી તો એથી આગળ બીજી કોઈ વાત ઓછા-વત્તાપણાની એ વિકલ્પ અમારી અવસ્થાને વિષે હોવા યોગ્ય નથી. **'એમ તમને શું કહીએ ?...'** કોના ઉપરનો પત્ર છે ? **'એમ તમને શું કહીએ ? સંક્ષેપમાં લખ્યું છે.'** એટલે તમને શું આ વાત લખવી ? કેટલીક લખવી ? એમ. તમને શું કહીએ ? એટલે કેટલીક આ વાત લખવી ? આજે લખ્યું છે એ **'સંક્ષેપમાં લખ્યું છે.'** એવી સમદૃષ્ટિનો વિષય લીધો છે. આવી પણ જ્ઞાનીપુરુષના વિષે એક આત્મદશા સમભાવી દશા વર્તતી હોય છે એ સિદ્ધપદનું મૂળિયું છે.

જે સિદ્ધ પરમાત્મા અથવા અરિહંત પરમાત્મા કેવળજ્ઞાનમાં શું જોવાનું બાકી છે એમને ? જગતના સર્વ અનિષ્ટો એમના જ્ઞાનમાં જ્ઞેય છે. અને જગતમાં શુક્લધ્યાનમાં શ્રેણીએ ચડેલા એમના જ્ઞાનમાં જ્ઞેય થાય છે. નિગોદમાં પ્રચુર મિથ્યાત્વને લઈને પ્રચુર દુઃખની અંદર, પ્રચુર કષાયકલંકની અંદર વર્તતા આત્માઓ પણ જ્ઞાનમાં જ્ઞેય છે. શુક્લધ્યાનની ઉજ્જવળ શ્રેણીએ ચડેલા આત્માઓ પણ એમના જ્ઞાનમાં જ્ઞેય છે. બંનેમાં જ્ઞાન વિષમ થતું નથી. એક કાળે બે જણાય છે. કોઈના પ્રત્યે જ્ઞાન સમ-વિષમ (થતું નથી). જોક ખાતું નથી જરાય. એવું જ્ઞાન, એટલું તટસ્થ રહે છે. એનું આ મૂળ છે. અહીંથી ઉત્પન્ન થયું છે. મૂળમાં આવું જ્ઞાન થયું છે. એ જ્ઞાન વૃદ્ધિગત થઈ પૂર્ણદશાને પામ્યું છે. એ અરિહંત પરમાત્માનું અને સિદ્ધ પરમાત્માનું જ્ઞાન છે. એટલે જગતના સર્વ જ્ઞેયો, કોઈ ચીજ બાકી નથી. જેને લોકો કનિષ્ઠમાં કનિષ્ઠ ઉદય

કહે કે આ તો બહુ કનિષ્ઠ પ્રસંગ છે. તો પણ એ હલતા નથી. એમના જ્ઞાનમાં હલતા નથી.

અને ઉજ્જ્વળમાં ઉજ્જ્વળ પ્રસંગ જોવે કે હમણા કેવળજ્ઞાન લીધું કે લેશે એવો પુરુષાર્થ માંડયો છે એવા મુનિઓને હોય છે. છતાં જે જે સ્થિતિમાં છે એ સ્થિતિમાં આપણે તો સ્થાપના કરીએ છીએ ને પ્રતિમાની ? એમ ને એમ છે. સામે કોઈ ભક્તિથી નૃત્ય કરે કે ગમે તે પરિસ્થિતિ હોય, જ્ઞાનમાં કાંઈ ફેર પડતો નથી. એવું મૂળ જ્ઞાન આ છે. એવું એ સમભાવી જ્ઞાન થાય છે, સમપરિણામી જે જ્ઞાન થાય છે એ પ્રથમ જ ચતુર્થ ગુણસ્થાને ઉત્પન્ન થઈ જાય છે. પછી એની વૃદ્ધિ થઈ એ સંપૂર્ણ દશાને પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા કોઈ મદદ ન કરે. એટલું તો નહિ આ મારો ભક્ત છે એમ કદી જુએ નહિ. 'સમંતભદ્રાચાર્ય'એ લખ્યું છે કે હે પ્રભુ ! તેં કદી એમ જોયું નથી કે આ ભક્ત મારો છે કેમ કે મને ભજે છે. અને આ ભક્ત મારો નથી કેમ કે બીજા દેવને ભજે છે. એવું તેં કદી જોયું નથી. એમ. એવી વીતરાગતાની મહિમા કરી છે આચાર્યોએ. અહીં સુધી રાખીએ...

અધ્યાત્મમાર્ગમાં જ્ઞાનની સાધન અપેક્ષાએ પ્રધાનતા છે. જ્ઞાનવેદનનો આવિર્ભાવ થતાં સ્વાનુભૂતિ સમુત્પન્ન થાય છે, સ્વાનુભૂતિ સમ્યક્ત્વ ઉપજવાનું કારણ છે અને સમ્યક્ત્વ થતાં આત્માના અનંત - સર્વગુણો સમ્યક્ થઈ આત્માભિમુખ થઈ, જાત્યાંતર થઈ, પરિણમવા લાગે છે, જે ભવ નિવૃત્તિનું - પરમ કલ્યાણનું એકમાત્ર કારણ છે. તેથી સમ્યક્ત્વનો અનંત મહિમા શ્રી જિને ગાયો છે. સર્વ ધર્માત્માઓએ સમ્યક્ભાવને અભિવંદ્યો છે, અભિનંદ્યો છે. (અનુભવ સંજીવની-૧૧૧૦)

## તા. ૧૬-૭-૧૯૯૦, પત્રાંક – ૪૬૯
## પ્રવચન નં. ૧૮૧

જ્ઞાનીનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે, જો એવા વિલક્ષણ કારણો પોતાને સમજાય છે. એ કારણો પૂર્વક એ જ્ઞાનીનો નિશ્ચય થાય છે તો પછી અજ્ઞાની જેવી ક્વચિત જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે. એના જેવી, હોં ! દેખાવ એવો છે. એવી જે **'ચેષ્ટા...'** દેખવામાં, **'જોવામાં આવે છે...'** **'તેને વિષે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે.'** શંકા પડતી નથી. નિર્વિકલ્પ થઈ જાય છે. ગમે તે હોય વિચાર કરવાનો સવાલ રહેતો નથી. શંકા કરવાનો સવાલ નથી, વિકલ્પ કરવાનો કોઈ સવાલ નથી.

**'તેમ નહીં તો જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.'** અને નિર્વિકલ્પણું પ્રાપ્ત થાય છે એટલું જ નહિ, તેમ નહિ એટલે એટલું જ નહિ. ઉલટાનું એવી પરિસ્થિતિમાં, એવી વિચિત્ર ચેષ્ટાની પરિસ્થિતિમાં તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને પ્રેમનું, સ્નેહનું કારણ થાય છે. બહુમાનનું કારણ થાય છે. કે ઓહો..! આવી પણ કોઈ વિચિત્ર પરિસ્થિતિમાં જ્ઞાનીએ પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં પોતાનું સિદ્ધપદ ધારણ કરી રાખ્યું છે. માથું ધડ ઉપરથી ઉતરી જાય એવી સ્થિતિમાં પણ પોતાના માર્ગથી ચલિત થયા નથી. અવિચલિતપણે પોતાના સ્વરૂપમાં રહી ગયા છે. એવું જે એમનું સમ્યગ્દર્શનનું જે દર્શનબળ છે, એવું જે એમનું જ્ઞાનનું સ્વસંવેદનબળ છે તે નમસ્કાર કરવાને યોગ્ય છે. એને બહુમાન એ રીતે આવી જાય છે. ઉલટાનું બહુમાન વધી જાય છે. એ વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.

**'પ્રત્યેક જીવ એટલે'** **'જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય તો પછી જ્ઞાની, અજ્ઞાની એ નામમાત્ર થાય છે;...'** એ તો નામ નિક્ષેપ કહ્યો. ગુણ ન હોય પણ નામ પાડવું એના જેવી વાત થઈ. જ્ઞાની નથી થતાં એનું નામ 'જ્ઞાનચંદજી' પાડી દીધું. ભલે એને આત્મજ્ઞાન નથી અને નામ પાડ્યું 'જ્ઞાનચંદજી'. તો એને બોલાવે

એ જ્ઞાનીભાઈ ! જરા આ બાજુ આવજો. શું કહેવું પડે એને ? નામથી તો બોલાવવા પડે. આખું નામ ન બોલે તો અડધું બોલે. તો એથી કાંઈ જ્ઞાની થઈ જતા નથી. એ તો નામમાત્ર છે, નામનિક્ષેપ છે. **'પણ તેમ હોવા યોગ્ય નથી.'** પણ એવું બધી જ અવસ્થા સરખી હોય એમ હોવા યોગ્ય નથી.

**'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે.'** આ તો ત્રણે કાળનો અફર સિદ્ધાંત છે કે **'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે.'** જુદાપણું હોય જ. જ્ઞાનીના વિશિષ્ટ લક્ષણો હોય, હોય ને હોય જ. **'જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે જીવને સમજવામાં આવે છે.'** એવું વિલક્ષણપણું જ્ઞાનીપુરુષનું, જ્ઞાની તરીકેનો યથાર્થ નિશ્ચય થાય ત્યારે એવા વિલક્ષણપણાને લીધે નિર્ણય થયો છે, નિશ્ચય થયો છે એ વિલક્ષણપણું તેને સમજવામાં આવ્યું હોય છે.

**'જેનું કંઈક સ્વરૂપ...'** સર્વથા તો કહી શકાતું નથી. જુઓ ! એક એક શબ્દ કેટલા સ્વભાવિક રીતે તોળી તોળીને આવ્યા છે. **'જેનું કંઈક સ્વરૂપ...'** એ વિલક્ષણપણાનું થોડું સ્વરૂપ સર્વથા તો વચનગોચર છે નહિ. કેમ કે એ પરિણમન અતીન્દ્રિય છે. જો સર્વથા અવક્તવ્ય હોય તો એટલું પણ ન કહી શકાય કે વિલક્ષણપણું છે. વિલક્ષણપણું છે એટલું જે કહીએ છીએ એટલું પણ વક્તવ્ય તો છે કે નહિ ? એટલે કાંઈક એનું વક્તવ્યપણું છે. એવું **'અત્રે જણાવવા યોગ્ય છે.'** આ અત્રે એટલે આ સ્થળે આ પત્રમાં.

**'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે.'** વાણી દ્વારા સમજાવાને બદલે દશા દ્વારા સમજાય છે એમ કહ્યું, જોયું ? એ દશાનું પ્રતિબિંબ પડે છે વાણીની અંદર. ફેર પડે છે થોડો પણ અહીંયા વાણી ન લીધી. વાણીની ચર્ચા ૬૭૯માં કરી છે કે જ્ઞાનીની વાણીમાં આવો ફેર હોય છે, અજ્ઞાનીની વાણીમાં આવું નથી હોતું. એ વાત લીધી છે અને વાત પણ યથાર્થ છે. પણ અહીંયાં એ વાણીની વાત ન લીધી, અહીંયાં દશાની વાત લીધી. કેમ કે અહીંયાં બીજી ચેષ્ટાની સાથે વાત વિચારવી છે. કે ચેષ્ટા છે જ્ઞાનીની પણ એવી છે, અજ્ઞાનીની પણ એવી છે. હવે કેવી રીતે ઓળખશો ? તો કહે છે, એની દશા સુધી નજર જાય છે ? જો એમની દશા ઓળખાય, તો જ્ઞાની ઓળખાય. જ્ઞાની, જ્ઞાનીની દશાને લઈને જ્ઞાની છે. વાણીને લઈને જ્ઞાની છે એમ

નથી. જેમ કે કોઈ જ્ઞાની એવા હોય કે જેને વાણીનો યોગ જ ન હોય. આ તિર્યંચને ક્યાં વાણીનો યોગ જ ન હોય. મનુષ્યને પણ બહુ ઓછું બોલે કાંઈ સમજાવી ન શકે. તો એથી કાંઈ એને (અજ્ઞાની ન કહી શકાય). કોઈ ઘણું બોલે, ઘણું સમજાવી શકે એમ વાણી ઉપર ન ગયા.

**'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે. તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે, તે જણાવવા યોગ્ય છે.'** તે દશામાં કેવું કેવું વિલક્ષણપણું હોય છે તે જણાવવા યોગ્ય છે અથવા કહેવા યોગ્ય છે, એ પ્રદર્શિત કરવા યોગ્ય છે કે જેને લઈને જ્ઞાનીની ઓળખાણ થાય. એ દશા ઉપર વાત આવતાં એટલું જ એક વચન રહી ગયું છે આ પત્રમાં એમનું.

એક તો મૂળદશા અને બીજી ઉત્તરદશા. એક તો જેને જ્ઞાનીપણું કહેવાય એવી જ્ઞાનીની મૂળ જ્ઞાનદશા અને બીજી ઉત્તરદશા એટલે કે એ સિવાયમાં બહારમાં જેને મન, વચન, કાયાની ચેષ્ટા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એવી એક ઉત્તરદશા. એમાં ખાવું, પીવું, બોલવું, ચાલવું હાલવું અનેક પ્રકારે ઔદયિક ભાવની જે ક્રિયા થાય છે એ ઔદયિક ભાવો છે એ એમની ઉત્તરદશા છે અને અનઉદયિક પરિણામ છે એ એમની જ્ઞાનીની મૂળદશા છે.

હવે ઉત્તરદશા છે એ ઓછા-વત્તા અંશે સમજાય છે. પૂરેપૂરી સમજાતી નથી પણ ઓછાવત્તા અંશે સમજાય છે કેમ કે એનો પરિચય છે. એવો ભાવ પોતાને પણ અનુભવમાં આવે છે. પોતે ગુસ્સે થાય ત્યારે પોતાને કેમ થાય છે ? બીજાને ગુસ્સો આવે છે ત્યારે પણ કેમ થાય છે ? તો જ્ઞાનીને ગુસ્સો આવ્યો ત્યારે કેમ થાય છે ? એ તો એને સમજાય છે. એટલે એ રીતે એને રાગ-દ્વેષ-મોહ અનેક પ્રકારના ચારિત્રમોહના કષાયના પરિણામ એ ઉત્તરદશાથી સમજાય છે.

એમની જે મૂળદશા છે એ દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા છે, એ પુરુષાર્થની દશા છે અને આત્મિક શાંતિની દશા છે. એ જો એમની મૂળદશા પરિણતિ સુધી કોઈ જીવ પહોંચી શકે તો એને ખ્યાલ આવે છે અને ખ્યાલ આવે છે ત્યારે તે જ્ઞાનીને વિષે નિર્વિકલ્પ થઈ જાય છે. એને શંકા પડતી નથી, વિકલ્પ ઉત્પન્ન થતો નથી. એટલું અહીંયાં કહેવા માગે છે.

જો કે એમણે પોતે તો પોતાની મૂળદશા અને પોતાની ઉત્તરદશા વિષે ઘણો ઉલ્લેખ અનેક વિવિધ પત્રોની અંદર કર્યો છે. એ ઉપરથી એમની મૂળદશા ઓળખાય એવું છે. ભલે જ્ઞાની ભૂતકાળમાં થઈ ગયા હોય તો પણ. જો તેમની દશા વિષેના વચનો વ્યક્ત થાય તો. કેમ કે દશા તો અત્યારે અહીંયાં રહી નહિ પ્રત્યક્ષ. મોજૂદ ન રહી, વિદ્યમાન ન રહી પોતાની સામે તો. જો એમના એ દશાને વ્યક્ત કરતાં જો કોઈ વચનો રહી જાય છે તો એ વચનો ઉપરથી પણ જ્ઞાનીની ઓળખાણ થઈ શકે છે. એ ૬૭૯માં એમણે લીધું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ રીતે જ પરિસ્થિતિ બની છે.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ના પત્રોમાં...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાત આવે છે, વ્યક્ત થાય છે. ૪૯૬ પાનું, પત્ર ૬૭૯. પાનું ૪૯૬.

**'પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય,...'** છેલ્લો પેરેગ્રાફ ૪૯૬ પાને, નીચે છેલ્લી લીટીમાં તગડો કર્યો છે એના ઉપરનો પેરેગ્રાફ. **'પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય, અને માત્ર તેની મુખવાણી...'** એટલે વાણી રહી ગઈ હોય. મુખવાણીનો અર્થ શું છે કે એમણે જે કહ્યું તે જ. પાછું કોઈએ એમણે કહ્યું એના ઉપરથી લખી લીધું તે નહિ. એને મુખવાણી કહે છે. કાં તો એમના હસ્તાક્ષરમાં રહી ગયા હોય તો બરાબર છે કે એ એમની જ વાત છે, બીજા કોઈની વાત નથી. અને કાં મુખવાણી એટલે જે એમના મોઢેથી કહેવાયું હોય તેટલી જ વાત. તે જ ટોન, તે જ શબ્દો. તે જ શૈલી, તે જ પ્રકાર. જેમ કે આમાં ટેપની અંદર રહી જાય છે. Exact.

મુમુક્ષુ :- ઉપદેશ નોંધમાં છે એવી રીતે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ નહિ, એવી રીતે નહિ. તેમ 'ગુરુદેવ'નું પ્રવચન. ઝીલીને પછી લખવામાં આવે છે. કોઈ વિદ્વાન હોય એ લખી લે. અને પ્રકાશિત કરવામાં આવે એમ પણ નહિ. અથવા સંકલન જે કરવામાં આવે છે એમ પણ નહિ. કારણ કે એમાં પણ શૈલી ફરે છે. લખવાની શૈલી જુદી હોય છે, બોલવાની શૈલી જુદી હોય છે. તો એમાં પણ Tone ફરી જાય છે. એમ પણ નહિ. કેમ કે વાણી રહી ગઈ હોય એમ નથી લખ્યું, મુખવાણી રહી ગઈ હોય. કેટલી કાળજી રાખી છે

એમણે !

કોઈ **'પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય, અને માત્ર તેની મુખવાણી રહી હોય તોપણ વર્તમાનકાળે જ્ઞાનીપુરુષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાનીપુરુષની છે; કેમ કે રાત્રિદિવસના ભેદની પેઠે અજ્ઞાની જ્ઞાનીની વાણીને વિષે આશય ભેદ હોય છે,...'** જે આશય છે, જ્ઞાનીની વાણીમાં જે આશય છે તે આશય અજ્ઞાનીની વાણીમાં આવી શકે નહિ. હવે ચર્ચા કરીએ આપણે કે 'સમયસાર'ની અગિયારમી ગાથા છે. એક દૃષ્ટાંત લઈએ. કે

**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'**

ભૂતાર્થને આશ્રિત તે જીવ સમ્યગ્દષ્ટિ હોય છે.

**'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।'**

વ્યવહાર સઘળો એ અભૂતાર્થ છે, એ શુદ્ધનય ભૂતાર્થ છે. જે ભૂતાર્થને આશ્રિત હોય છે તે જ સમ્યગ્દષ્ટિ હોય છે. એનો આશય આચાર્યદેવનો એ છે કે સમ્યગ્દર્શન તો ભૂતાર્થ એવા નિશ્ચય આત્મસ્વરૂપના આશ્રયે જ પ્રગટ થાય છે. આ ગાથાનો આશય છે. અને અજ્ઞાની પણ એ જ ગાથાનો આશય છે એમ કહે. તો બંનેનો આશય સરખો થયો કે નહિ ? નહિ. જેણે શુદ્ધનયપૂર્વક આશ્રય કર્યો છે અને (તેથી) એની વાણીમાં જે આશય આવે છે આશ્રય કરવાનો અને જે વ્યવહારનયના વિષયભૂત વર્તમાન પર્યાયનો આશ્રય કરે છે, શું કરે છે ? જે વ્યવહારનયના વિષયભૂત એવી જે વર્તમાન અવસ્થા એટલે એ જે વ્યવહારનો આશ્રય કરે છે એને નિશ્ચયના આશ્રયનો રસ અને આશય એની વાણીમાં આવી શકે નહિ. બેયના આશ્રયમાં ઉલટો-સુલટો ફેર છે. આ ફેર પડે છે. એ જોર ક્યાંથી આવે ? એનું જોર તો અહીંયાં જાય છે. એનું જોર પર્યાય ઉપર જાય છે. એ સમ્યગ્દર્શનની વાત કરશે તો પણ સમ્યગ્દર્શનની પર્યાય ઉપર એનું જોર જશે. અને જ્ઞાની સમ્યગ્દર્શનની વાત કરશે તો સમ્યગ્દર્શનના વિષયભૂત એવા તત્ત્વ ઉપર જોર જશે. આશ્રયભૂત તત્ત્વ ઉપર જોર જશે. બે વચ્ચે ઘણો ફેર છે.

કેટલો ફેર છે ? કે **'રાત્રિદિવસના ભેદની પેઠે...'** રાત્રિદિવસ જેટલું અંતર છે એની અંદર. થોડું અંતર નથી એમ કહે છે. અંધારા ને અજવાળા જેટલો એની અંદર ફેર છે. એ ફેર છે એ ફેર તો એટલો મોટો છે પણ એ વિષયની સૂક્ષ્મતા ઘણી છે.

સૂક્ષ્મતામાં એ વાત છે કે જ્ઞાનીની વાણીમાં કેવી રીતે સ્વરૂપ સન્મુખ, અંતર્મુખ થવાય છે અને અંતર્મુખ થાય છે ત્યારે જે અનંત પ્રત્યક્ષ એવો આત્મા સામે પ્રત્યક્ષીભૂત થાય છે એ જે પ્રકાર છે, એ પ્રકાર જે અંતર્મુખ થયા નથી અને જેને વસ્તુ પ્રત્યક્ષ નથી, એ કોઈ પરોક્ષ ચીજની કલ્પનામાં લઈને જેનો વિચાર કરે છે, જેનો માત્ર એણે વિચાર કર્યો છે. વસ્તુ પ્રત્યક્ષ કરી નથી પણ એનો માત્ર વિચાર કર્યો છે. તો એ વિચારમાત્ર કર્યો છે અને વસ્તુ પ્રત્યક્ષ નથી થઈ. એ પ્રકાર જે વાણીમાં ઊભો થાય અને વસ્તુ પ્રત્યક્ષ થઈને જે પ્રકાર વાણીમાં ઊભો થાય, એમાં એકમાં વિધિનો સમાવેશ થાય છે, એકમાં વિધિ બાદ રહી જાય છે. શેનો ફેર પડે છે અહીંયાં ? જે સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, Pinpoint વાત છે એ આ જ્ગ્યાએ છે. આ જ્ગ્યાએ વિલક્ષણપણું છે.

કાલે પ્રશ્ન ઉઠાવ્યો હતો ને ? વિલક્ષણપણું કેવું છે ? છે અનેક પ્રકારે. પણ મૂળમાં આ જ્ગ્યાએ છે. કે જે વિધિનો વિષય જે વિધિ સમેત પરિણમન છે, જેનું પરિણમન વિધિ સમેત છે અને વિધિને સ્પર્શીને વિધિમાં ઊભા રહીને જે વિધિને પ્રકાશે છે તે વિધિથી અજાણ એવો પુરુષ એ વિધિને પ્રકાશી શકતો નથી. એટલે એ વિષય છે એને માત્ર વિચારેલો છે, આને પ્રત્યક્ષ કરેલો છે. પ્રત્યક્ષ કરેલો છે નહિ પ્રત્યક્ષ વર્તે છે અને કહે છે. આને સાવ અજાણપણું છે. એટલે એની વાણીમાં વિધિનો વિષય આવી શકતો જ નથી. કહેવો હોય તો પણ કહી શકતો નથી એવો એ વિષય સૂક્ષ્મ છે કે જે એને જણાયો નથી, સમજાયો નથી, જ્ઞાનમાં આવ્યો નથી, કહે કેવી રીતે ? કહેવાનો સંભવ પરિસ્થિતિ છે જ નહિ. એ રાત્રિદિવસ જેટલું એની અંદર અંતર છે.

હવે જે મુમુક્ષુજીવ એ વિધિની શોધમાં છે, વિધિ એટલે એ માર્ગની શોધમાં છે એને સામે કોઈ માર્ગ પ્રકાશક મળે છે એટલે સીધું અનુસંધાન થાય છે. અને એને આંતરો દેખાય છે. એ આંતરો રાત્રિદિવસના અંતર જેટલો જોવામાં આવે છે. આ ફેર છે એની અંદર. આવું એક વિલક્ષણપણું છે. એ વિલક્ષણપણું જ્ઞાની, અજ્ઞાનીને કોઈપણ જ્ગ્યાએ એકપણું કરવા દેતું નથી.

મુમુક્ષુ :- અંદર ઉતારવા માગીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- શું અંદર ઉતારવા માગીએ છીએ ? પ્રશ્ન શું છે ?

મુમુક્ષુ :- આ વિષયને વધારે સૂક્ષ્મ લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- લઈએ. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી બે-ત્રણ વાત વિચારવા જેવી

છે. હિન્દીમાં આવે એવું તો કાંઈ ગુજરાતીમાં ન આવે. ૪૪૭મો બોલ છે. વાત તો થોડી રુચિની કરી છે પણ એના ઉપરથી એમણે એ રુચિવાન જીવ કેવી રીતે આત્મ પ્રાપ્તિ કરે છે એનો એક અસાધારણ વિષય અહીંયાં વ્યક્ત થઈ ગયો છે.

**'રુચિ તો તેનું નામ કહેવાય કે જે વિષયની રુચિ હોય તેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ.'** એ રુચિને જરૂરિયાત સાથે સીધો સંબંધ છે. જેમ પાણીની તૃષા લાગી હોય અને એક ક્ષણ પાણી વિના હવે ચાલે એવું ન હોય. મૃત્ય થાય. તો આત્મરુચિ કોને કહેવાય ? એનું નામ છે. આપણે તો પહેલા તત્ત્વના વિષયમાં રસ નહોતો લેતો અને હવે રસ લેતો થયો. વાંચતો થયો, સાંભળતો થયો, ચર્ચા કરતોં થયો તો કહે એને રુચિ થઈ છે એમ કહે છે. કહે છે કે એ રુચિ એને અહીંયાં રુચિ નથી કહેતા.

આત્મરુચિ એને **'કહેવાય કે જે વિષયની રુચિ હોય તેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ.'** જેમ **'પતંગિયું દીપકને જોતા જ ચોંટી જાય છે.'** એને દીવાની રુચિ છે. જોયું કે ઝપટ મારે છે એના ઉપર. એટલો વિચાર નથી કરતોં કે હું એ ઝપટ મારીશ તો હું જ સ્વાહા થઈ જઈશ. એટલો પણ વિચાર કરવા થોભતું નથી. તે રીતે, હવે એના ઉપરથી વાત કરે છે.

**'વિચાર-વિચાર કરતાં રહેવાથી શું ?'** વિચાર-વિચાર કરતે રહને સે ક્યા ? એમ કહે છે. આત્માનો વિચાર કરે છે ને ? મુમુક્ષુજીવ આત્માનો વિચાર કરે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા આનંદસ્વરૂપ છે, આત્મા ધ્રુવસ્વરૂપ છે. આત્મા અપરિણામી છે. અનંત અનંત ગુણનું નિધાન છે. એવો **'વિચાર-વિચાર કરતાં રહેવાથી શું ?'** જેને વિચાર નથી આવતો એની ચર્ચા નથી કરવી, હોં ! એનું તો કામ જ નથી આમાં. આ તો જે આત્માનો વિચાર કરે છે એટલું નહિ ઘણો વિચાર કરે છે, અવાર-નવાર વિચાર કરે છે, રાત્રિ-દિવસ વિચાર કરે છે, વારંવાર વિચાર કરે છે. ગ્રંથના આશ્રયે વિચાર કરે છે, શ્રવણના આશ્રયે વિચાર કરે છે, ચિંતનના આશ્રયે વિચાર કરે છે. એને હવે એક બીજો ચોંટકો ભરે છે. કે વિચાર... વિચાર... વિચાર... આત્માનો વિચાર કરવાથી શું પણ ?

**'વસ્તુને જ ચોંટી જાઓ.'** વિચાર ન કરો. **'આખા ને આખા (આત્મા)માં વ્યાપ્ત થઈને ગ્રાસી લ્યો.'** આ વાત વાંચતા તો એક બીજો વિચાર આવે છે કે વસ્તુ ત્રિકાળી

અને પર્યાય એક સમયની. એ એક સમયની પર્યાય ત્રિકાળી વસ્તુનો કોળિયો કરે તો વસ્તુ મોટી કે પર્યાય મોટી ? હવે ઇ કહો. શું કહેવું છે હવે ? કોળિયો કરી જનાર મોટો ? કે કોળિયો થઈ જનાર મોટો ? હવે એ નક્કી કરો. આ જગ્યાએ પર્યાય મોટી છે. વસ્તુ ભલે ત્રિકાળી છે અને પર્યાય ભલે એક સમયની છે પણ એક સમયની પર્યાય વસ્તુનો કોળિયો કરી જાય છે, આખી વસ્તુનો કોળિયો કરી જાય છે. શૈલી કેવી આવી છે જુઓ ! અંદર વ્યાપ્ય-વ્યાપકપણે પ્રસરીને એવી રીતે વસ્તુનું ગ્રહણ કરો કે વસ્તુનો ગ્રાસ થઈ જાય, કોળિયો થઈ જાય. વિચાર શું કર્યા કરો છો ? વિચાર કરી કરીને શું કરશો ? વિચાર કર કર કે ક્યા કરેગા ? એમ કહે છે. શું કરશો વિચાર કરી કરીને ?

હવે આગળ એમ કહે છે કે જે આવો વિચાર છે ને ! જેમાં આત્માનો વિચાર કરવામાં આવે છે એ જે વિચાર છે ને ! એ વિચાર અથવા એ સંબંધી જે ધારણા છે. એક વસ્તુ નક્કી કરી છે કે મારો આત્મા આવો છે. જ્ઞાનસ્વરૂપ છે, અનંત ગુણ સ્વરૂપ છે, અભેદ એકરૂપ ચીજ છે. એ વિચાર અને ધારણામાં વસ્તુને પકડવાનું સામર્થ્ય નથી. કેવી વાત લીધી છે ? જે આત્માનો વિચાર કરે છે ધારણા કરીને, એ વિચાર અને ધારણામાં વસ્તુને ગ્રહણ કરવાનું, પકડવાનું સામર્થ્ય જ નથી. એટલે અજ્ઞાનીને વસ્તુ પકડાતી નથી. વિચારમાં તો વસ્તુ પરોક્ષ અને દૂર રહી જાય છે. વિચારમાં વસ્તુ પરોક્ષ અને દૂર રહી જાય છે. એમાંથી અનર્પિત એ નીકળે છે કે જે વસ્તુને ગ્રહણ કરે છે તે વસ્તુને પ્રત્યક્ષ કરીને ગ્રહણ કરે છે.

'અનુભવ પ્રકાશ'માં આ શૈલી છે. પ્રતીતિને પ્રત્યક્ષ કરી કરીને સ્વભાવનો આવિર્ભાવ કરે છે. 'ઈડર'માં 'અનુભવ પ્રકાશ'માંથી થોડો વિષય લીધો હતો. એ આમાંથી નીકળે છે કે વિચારમાં તો વસ્તુ પરોક્ષ અને દૂર રહી જાય છે અને જ્ઞાનમાં સીધી પ્રત્યક્ષ વસ્તુ અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનની અંદર ગ્રહણ થઈ જાય છે. એમાં વસ્તુ દૂર નથી રહેતી પણ વસ્તુ પોતે જ છે. પોતાપણે ગ્રહણ થાય છે અને એ પ્રત્યક્ષ વસ્તુ છે અને એનું પ્રત્યક્ષ ગ્રહણ છે. એ પરિસ્થિતિ વૈચારિક ભૂમિકામાં હોતી નથી.

પછી ૪૫૪માં એમ કહે છે કે **'વિચારતા રહેવાથી તો જાગૃતિ આવતી નથી.'** એમ કહે છે. જુઓ ! કેટલો પ્રકાશ પાડ્યો છે ? આત્મ વિચાર, આત્મચિંતન એના ઉપર કેટલો પ્રકાશ પાડ્યો છે ? કે **'વિચારતા રહેવાથી તો જાગૃતિ આવતી નથી.**

**ગ્રહણ કરવાથી જ જાગૃતિ થાય છે.'** હવે આ ગ્રહણ કરવું એટલે શું ? એ જે કાલે આપણે ૪૭૨માંથી પંક્તિ લીધી કે લક્ષણથી, ગુણથી અને વેદનથી. વસ્તુ વેદનથી ગ્રહણ થાય છે. તે વેદનથી એની ચૈતન્યમય જ્ઞાનમય એની હયાતી, જે અસ્તિત્વ છે એ ગ્રહણ થાય છે અને એ ગ્રહણ કરવામાં જાગૃતિ છે. ગ્રહણ કરવાથી જાગૃતિ છે, વિચારમાં જાગૃતિ નથી. આ જાગૃતિ બીજી વસ્તુ છે.

હું છું એવી જે પોતાની હયાતીની, મોજૂદગીની જાગૃતિ વેદનથી અને લક્ષણથી જેને ગ્રહણ થાય છે એ બરાબર છે. વિચારમાં તો વસ્તુ પરોક્ષ રહે છે અને ગ્રહણ કરાવવામાં વસ્તુ પ્રત્યક્ષ થાય છે. અહીંયાં વાત નાખી છે. ગ્રહણ કરવામાં વસ્તુ પ્રત્યક્ષ થાય છે. સાંભળતા રહેવાથી સાંભળ્યા જ કરે. અને વિચારતા રહેવાથી તો વસ્તુની પ્રાપ્તિ નથી.

એમનો તો એટલો બધો નિષેધ છે એ વિષય ઉપર કે તને સાંભળવાનો કે તને વિચાર કરવાનો વિકલ્પ નામ રાગ ઉત્પન્ન થાય એક વાત છે, પણ જોજે ભૂલ કરતોં નહિ કે આમ કરતાં કરતાં મને લાભ થઈ જશે. સાધન માનતો નહિ, એનો અર્થ એમ છે. એને વિધિમાં ખતવતો નહિ. નહિતર સાધનની ભૂલ તે તારી સાધ્યની ભૂલ થઈ જશે. ગ્રહિતમાં આવી જઈશ સીધો.

એટલે એમ કહે છે કે **'સાંભળતા રહેવાથી અને વિચારતા રહેવાથી તો વસ્તુની પ્રાપ્તિ થતી નથી. ગ્રહણ કરવાનો જ અભ્યાસ શરૂ થવો જોઈએ.'** લક્ષણથી, ગુણથી અને વેદનથી ગ્રહણ કરવાનો વારંવારનો પ્રયત્ન ચાલુ થવો જોઈએ. જાગૃત થઈને, જાગૃતિમાં આવીને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનો પ્રયત્ન ચાલુ રહેવો જોઈએ. એ પ્રયત્ન તે અનુભવનો પ્રયત્ન છે. અનુભવ પદ્ધતિથી એ પ્રયત્ન છે અને એનું ફળ અનુભવ છે. વાંચવું, વિચારવું, સાંભળવું એનું ફળ પણ અનુભવ નથી. અને અનુભવની વિધિ પણ નથી. એ અનુભવનું સાધન પણ નથી. આમ છે.

અહીં તો બે કલાક, ચાર કલાક વાંચે તો ગણે પાછો. આજ તો ચાર કલાક વાંચ્યું. ચાર કલાક વાંચ્યું એ નહિ, એ સાધન જ નથી એમ નક્કી કર. એક રાગ આવે છે, વિકલ્પ આવે છે, બીજી વાત છે. બાકી બિલકુલ સાધન નથી. સાધન કોઈ બીજી ચીજ છે. બે-ત્રણ બોલમાં ૪૪૭, ૪૫૧, ૪૫૪માં વિષય ઘણો ખૂલ્યો છે. આ વખતે થોડું આ ચર્ચાનું સ્પષ્ટીકરણ સાથે આ ચર્ચા છપાશે. સ્પષ્ટીકરણ વિશેષાર્થ

દેવાનો વિચાર કર્યો છે. ત્યાં 'ઈડર'માં થોડી ચર્ચા ચાલી. ('સોગાનીજી'ના દીકરાએ) તો ઘણીવાર વાંચ્યું છે. આટલી બધીવાર વાંચ્યા પછી આ વાતનો ખ્યાલ તો આવતો નથી. આવું સ્પષ્ટીકરણ નહિ આવે તો કાંઈ ખ્યાલ જ નહિ આવે. તો સ્પષ્ટીકરણ આપવું છે, કહ્યું.

મુમુક્ષુ :- ગ્રહણ કરતાં વખતે બીજા વિચારો...

પૂજ્ય ભાઈશ્રી :- ગ્રહણ કરતાં વખતે બીજા વિચારો આવે છે ? બીજા એટલે ક્યા ?

મુમુક્ષુ :- ગ્રહણ કરતાં જે વિચાર વચ્ચે આવે છે...

જ્યાં સુધી બાહ્ય પદાર્થમાં સુખ – અભિપ્રાયપૂર્વક અનુભવાય છે, ત્યાં સુધી પરિણામની દિશા – વૃત્તિનો પ્રવાહ બહિર્મુખ વળે છે અને અંતર્મુખ થઈ શકાતું નથી. ભેદજ્ઞાનના પ્રયોગપૂર્વક જડ ચેતનની ભિન્નતાનો અભિપ્રાય કેળવવાથી ચૈતન્યતત્ત્વની પ્રતીતિ વડે જીવની વૃત્તિનો પ્રવાહ વિષયથી ઉદાસીન થઈ, શુદ્ધ ચૈતન્ય પ્રત્યે સહજ વળે છે. કારણકે સ્વયં અનંત અચિંત્ય અવ્યાબાધ સુખથી ભરિતાવસ્થ છે. સહજ પ્રત્યક્ષ સ્વરૂપને પ્રગટ દર્શાવનારા અનુભવી પુરુષના વચનના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ દર્શનમોહના રસને તોડી નિજ સ્વરૂપની યથાર્થપણે પ્રતીત કરે છે. તત્ત્વશ્રવણની ઉલ્લાસિતતા, તત્ત્વ પ્રતીતિની પૂર્વભૂમિકા છે. અને પ્રતીતિ અનુસાર જીવની વૃત્તિનો પ્રવાહ સહજ પ્રવહે છે. તેથી જ ઉલ્લાસિત વીર્યવાન જીવને પ. કૃપાળુદેવે તત્ત્વ પામવાનો મુખ્ય અધિકારી / પાત્ર કહ્યો છે. મુક્તિનો ઉલ્લાસ ન આવે તે અત્યંત અસ્વભાવિક છે, અપાત્રતાનું લક્ષણ છે. (અનુભવ સંજીવની-૧૧૧૯)

## તા. ૧૭-૭-૧૯૯૦, પત્રાંક–૪૬૯ થી ૪૭૨
## પ્રવચન નં. ૧૮૨

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ, પત્ર ૪૬૯. છેલ્લો પેરેગ્રાફ છે.

**'સૌથી અભિન્નભાવના છે;...'** અભિન્નભાવનાનો અર્થ એ છે કે જેવું હું મારા આત્મા પ્રત્યે ઇચ્છુ છું, એવું જ હું સર્વ આત્મા માટે ઇચ્છુ છું. મારા આત્મા માટે બીજી વાત, બીજાને માટે બીજી વાત એવું ભિન્નપણું, ભેદપણું, તફાવતપણું નથી. એમ કહેવું છે. **'સૌથી અભિન્નભાવના છે; જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફૂર્તિ થાય છે; ક્વચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફૂર્તિ થાય છે;...'** યોગ્યતાવશ થોડો ફેરફાર જે હોય છે એમાં પણ જ્યાં જ્યાં કરુણાબુદ્ધિનો પ્રકાર છે ત્યાં વિશેષ વિશેષ સ્ફૂર્તિ થાય છે. એટલે કે જેના પ્રત્યે કરુણા આવે છે તેના પ્રત્યે વિશેષ એનું હિત થવાનો ભાવ રહે છે.

**'પણ વિષમપણાથી કે વિષય, પરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામાં સંકલ્પ જણાતો નથી.'** સંકલ્પ એટલે નિર્ણય. કોઈ વિષમપણાથી એટલે રાગ-દ્વેષને વશ, મોહને વશ કે પરિગ્રહાદિના કારણથી એટલે કાંઈ લોભથી કોઈના પ્રત્યે કાંઈ પણ વર્તના કરવાનો આત્મામાં વિચાર થતો હોય, સંકલ્પ-વિકલ્પ થતો હોય એવું જણાતું નથી. **'અવિકલ્પરૂપ સ્થિતિ છે.'** એ વિષયમાં બીજો કોઈ વિકલ્પ નથી. અવિકલ્પ એટલે બીજો કોઈ વિકલ્પ નથી. જે કહ્યું તે એક જ પ્રકાર છે, એમાં બીજો કોઈ વિકલ્પ નથી.

**'વિશેષ શું કહીએ ? અમારે કંઈ અમારું નથી, કે બીજાનું નથી કે બીજું નથી;...'** કાંઈ અમારું નથી, કાંઈ બીજાનું નથી કે કાંઈ બીજું નથી. **'જેમ છે તેમ છે.'** જેમ છે તેમ જાણવું છે અને જેમ છે તેમ છે. **'જેમ સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે.'** બધાના આત્માઓ પ્રત્યે એવી જ સ્થિતિ અમારી વર્તે છે. **'સર્વ પ્રકારની વર્તના**

**નિષ્કપટપણાથી ઉદયની છે;...'** ઉદયમાં પણ વર્તીએ છીએ ત્યાં સર્વ પ્રકારનું જે અમારું વર્તન છે એમાં ક્યાંય કપટ નથી. એકદમ સરળતા છે, એમ કહે છે. જેવું મનમાં તેવું વચનમાં, તેવું કાયાના વર્તનમાં. એકસરખું. સામાન્ય રીતે સંસારી પ્રાણીને એ પ્રકાર ઓછો હોય છે. મનમાં કાંઈ હોય, દેખાવ કાંઈક કરે. અથવા પોતાનો દેખાવ બને એટલો સારો કરે. એવું ખરેખર પરિણમન ન હોય પણ દેખાવ તો સારો રાખે. એ પ્રકાર નથી, એમ કહે છે. **'સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે,...'** ઉદયની વર્તના પણ નિષ્કપટપણાથી છે. કોઈની સાથે કપટભાવથી વર્તતા નથી. **'સમ-વિષમતા નથી.'** આની સાથે વધારે, આની સાથે ઓછું એવું પણ નથી.

**'સહજાનંદ સ્થિતિ છે.'** અને આત્માની જે સ્થિતિ છે એ સહજાનંદસ્વરૂપ છે. સહજ પ્રસન્નતારૂપ છે. એમ. કોઈ આકુળતા નથી, કોઈ અસમાધાન નથી, કોઈ ક્લેશ નથી, કોઈ દુઃખ નથી. **'જ્યાં તેમ હોય ત્યાં અન્ય પદાર્થમાં આસક્ત બુદ્ધિ ઘટે નહીં, હોય નહીં.'** અને આવી સ્થિતિમાં બીજા પદાર્થને વિષે કોઈ સુખની કલ્પના નહિ હોવાને લીધે, આસક્ત થવાનું કારણ તો સુખની કલ્પના છે, કોઈ સુખની કલ્પના નહિ હોવાને લીધે ક્યાંય પણ આસક્ત બુદ્ધિ ઘટતી નથી અથવા હોઈ શકે પણ નહિ. આવી પોતાની સહજ સ્થિતિ જે છે એ બતાવી છે. બીજા આત્માઓ પ્રત્યેની વર્તના કેવી છે અને બીજા જીવો પ્રત્યે કરુણાબુદ્ધિ કેટલી છે, એ વિષય સ્પષ્ટ થયો છે અહીંયાં.

વિશેષ સ્પષ્ટતા એ કરી છે કે સ્ત્રી આદિ જે કુટુંબમાં જે આત્માઓ છે અને એ સિવાયના જે આત્માઓ છે, બીજા આત્માઓ છે એમાં પણ અમને કાંઈ તફાવત નથી. બધાને એક સરખી નજરે જોઈએ છીએ. અને સર્વનું આત્મહિત થાવ એવી અમારી સ્પષ્ટપણે, નિષ્કપટપણે બુદ્ધિ અથવા અભિપ્રાય વર્તી રહ્યો છે. ૪૬૯ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૪૭૦

મુંબઈ, આસો સુદ ૧, મંગળ, ૧૯૪૯

'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે', એવો સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે. તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે, તે બેય જ્ઞાનીપુરુષ પ્રત્યે જેમ અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો, તે યોગ્ય છે; અને પરસ્પરમાં એટલે તેઓ અને તમ વચ્ચે નિર્મળ હેત વર્તે તેમ પ્રવર્તવામાં બાધ નથી, પણ તે હેત જાત્યંતર થવું યોગ્ય છે. જેવું સ્ત્રીપુરુષને કામાદિ કારણે હેત હોય છે, તેવું હેત નહીં, પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે બન્નેનો ભક્તિરાગ છે એવું બેય એક ગુરુપ્રત્યેનું શિષ્યપણું જોઈ, અને નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી, ભાઈ જેવી બુદ્ધિએ, તેવે હેતે વર્તાય તે વાત વિશેષ યોગ્ય છે. જ્ઞાનીપુરુષ પ્રત્યેનો ભિન્નભાવ સાવ ટાળવા યોગ્ય છે.

શ્રીમદ્ ભાગવતને બદલે હાલ યોગવાસિષ્ઠાદિ વાંચવા યોગ્ય છે.

આ પત્તાનો અર્થ તમને જે સમજાય તે લખજો.

૪૭૦. 'ત્રિભુવનભાઈ' ઉપરનો પત્ર છે. આગળનો એક પત્ર ૪૬૭મો ચાલ્યો એ પણ ઘણું કરીને 'ત્રિભુવન માણેકચંદ' ઉપરનો છે.

**'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે, એવો સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે.'** અમારો અભિપ્રાય છે એટલું જ નહિ, જેટલા મહાપુરુષો થયા એ બધાનો આ અભિપ્રાય છે કે કોઈ જીવને જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય. અભિન્નબુદ્ધિ થાય એટલે પરમપ્રેમ ઉત્પન્ન થાય, અત્યંત લાગણી હોય. જેમ દેહથી અભિન્નબુદ્ધિ છે તો દેહની સાવધાની વર્તે છે. દેહનું મમત્વ વર્તે છે, પોતાપણું વર્તે છે. કાંઈપણ અનિષ્ટ ન થાય એ પ્રકારનું પરિણમન સદાય

નિરંતર ચાલુ રહે છે. એમ જ્ઞાનીપુરુષ પ્રત્યે પણ એવી પરમપ્રેમની બુદ્ધિ થાય, અત્યંત લાગણીવાળી કે કાંઈક થવું હોય તો ભલે મને થાય પણ એમને કાંઈ થવું જોઈએ નહિ. એવી **'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે,...'** આવો જે પ્રકાર ઉત્પન્ન થાય તો જેને અભિન્નબુદ્ધિ થાય છે એવા જીવનું અવશ્ય કલ્યાણ થશે. અવશ્ય કલ્યાણ થશે એવો મહાત્મા પુરુષોને સારી રીતે-મોટો એટલે સારી રીતે થયેલો આ નિશ્ચય છે.

આ એક એવું લક્ષણ છે કે જેમાં આત્માનું કલ્યાણ નિહિત છે. આત્માનું કલ્યાણ એમાં રહેલું છે. એ જીવનું એમાં અવશ્ય કલ્યાણ થવાની વાત રહેલી છે. મૂળ તો આ 'ત્રિભુવનભાઈ'ને 'કૃપાળુદેવ' પ્રત્યે જરા વિશેષ બહુમાન અને પ્રેમ હશે એવું લાગે છે. એમને અને એમના પત્નીને બંનેને. આ પત્ર ઉપરથી એમ લાગે છે.

**'તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે,...'** આત્મા નથી. **'તમે તથા તે અન્ય વેદે...'** અન્ય વેદે એટલે... **'તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે,...'** તમે તથા તે. તે એટલે બીજા. એના ઘરેથી છે. અન્ય વેદે એટલે તમે પુરુષ વેદે છો, એ પુરુષ વેદે નથી. પણ દેહ એમનો વર્તે છે. આત્માને એ દૃષ્ટિએ નથી જોતા. **'તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે, તે બેય જ્ઞાનીપુરુષ પ્રત્યે જેમ અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો,...'** બંને જ્ઞાનીપુરુષ પ્રત્યે જેમ અભિન્નતા, અભિન્નતા એટલે ભેદભાવ નહિ એનું નામ અભિન્નતા. બે વચ્ચે ભેદ નહિ, એવો જે ભાવ એ વિશેષ નિર્મળપણે આવે. એમાં નિર્મળતાનો પ્રકાર છે. બીજું કોઈ એની અંદર ક્રોધ, માન, માયા, લોભ આદિ કોઈપણ કષાયનું કારણ નથી. કષાયનું અવલંબન નથી. એક આત્મહિતને કારણે, આત્મહિતના હેતુને અવલંબીને. બીજા કોઈ પ્રકારે નહિ.

**'વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો,...'** એવી કોઈ વાત નીકળે ત્યારે એ વિશેષ પ્રકારે એવી વાત કરો, **'તે યોગ્ય છે;...'** એટલે કાંઈક પત્ર એમણે લખ્યો હશે એના ઉપરથી એમણે એ લખ્યું છે કે એ યોગ્ય છે. **'અને પરસ્પરમાં એટલે તેઓ અને તમ વચ્ચે નિર્મળ હેત વર્તે...'** તમારા આપસમાં પણ નિર્મળ હેત વર્તે **'તેમ પ્રવર્તવામાં બાધ નથી, પણ તે હેત જાત્યંતર થવું યોગ્ય છે.'** એક સાધર્મી તરીકેનો આત્મકલ્યાણમાં સત્સંગ રહે છે એ અર્થે એ પ્રકારનો પ્રેમ અરસપરસ રહે

અને બીજો જાત્યંતર એટલે સંસારિક સંબંધની લાગણી નહિ. એમ. એને જાત્યંતર કહે છે, બીજી જાતનો કહ્યો. ધાર્મિક પ્રેમ બીજો વિષય છે. સાંસારિક પ્રેમ બીજો વિષય છે.

તમારા બંને **'વચ્ચે નિર્મળ હેત વર્તે તેમ પ્રવર્તવામાં બાધ નથી.'** એટલે અરસપરસ એકબીજા પ્રત્યે પ્રેમ-લાગણી હોય એનો બાધ નથી, પણ જાત્યંતર થવું તે યોગ્ય છે. એ **'જાત્યંતર થવું યોગ્ય છે.'** જાત્યંતર એટલે આ જાતમાં આવવું યોગ્ય છે. ઓલી જાતમાં જવું યોગ્ય નથી. સંસારની જાતમાં જવું યોગ્ય નથી. સામાન્ય રીતે પતિ-પત્નિ વચ્ચે પ્રેમ હોય છે પણ તે જાત્યંતર થવું યોગ્ય છે. આ જાતમાં આવવું યોગ્ય છે. સાધર્મીપણામાં-સત્સંગીપણામાં નિર્મળ હેત હોવો જોઈએ. સાંસારિક નહિ. એમ.

**'જેવું સ્ત્રીપુરુષને કામાદિ કારણે હેત હોય છે, તેવું હેત નહીં,...'** આ સ્પષ્ટ કર્યું. **'પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે બન્નેનો ભક્તિરાગ છે...'** એકસરખો એક રાગ છે. એક પ્રકારનો પ્રશસ્ત રાગ છે **'એવું બેય એક ગુરુપ્રત્યેનું શિષ્યપણું જોઈ,...'** એટલે એક ગુરુ પ્રત્યે બે શિષ્યને બહુમાન હોય તો એકસરખી સ્થિતિ થઈને ? એ પ્રકારે જોઈને. **'અને નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી,...'** અને ઘરમાં સાથે હોવાથી અરસપરસનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી, **'ભાઈ જેવી બુદ્ધિએ,...'** સાધર્મી ભાઈ જેવી બુદ્ધિએ, **'તેવે હેતે વર્તાય તે વાત વિશેષ યોગ્ય છે. જ્ઞાનીપુરુષ પ્રત્યેનો ભિન્નભાવ સાવ ટાળવા યોગ્ય છે.'** જરા પણ અંતર રાખવા જેવું નથી. જ્ઞાનીપુરુષ અને પોતાની વચ્ચે કોઈ અંતર રાખવા જેવું નથી. જેમ પોતાની જાત વિષે પોતાને અંતર નથી એવી રીતે. સાવ ટાળવા યોગ્ય છે.

**'શ્રીમદ્ ભાગવતને બદલે હાલ યોગવાસિષ્ઠાદિ વાંચવા યોગ્ય છે.'** એ એમને ગ્રંથ વાંચવા વિષેની ભલામણ છે. **'આ પત્તાનો અર્થ...'** એટલે આ પોસ્ટકાર્ડમાં જે વાત લખી છે **'તમને જે સમજાય તે લખજો.'** તમે આમાં શું સમજ્યા છો ? એ એને પોતાને આ વાત ઉપર કેટલી સમજણ આવી છે ? એ પણ પૂછાવી દીધું છે. પોતે શું સમજે છે ? આમ કહેવા માગે છે એની પાછળ એમને શું સમજણ આવી ? એ પણ પૂછાવ્યું છે.

આ પત્રનો સારાંશ એ નીકળે છે કે મુમુક્ષુજીવને જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નભાવ એટલે પરમપ્રેમ આવવો જોઈએ. અને એવી રીતે જેને એક જ્ઞાની મહાપુરુષ પ્રત્યે કોઈ પ્રત્યે પરમપ્રેમવાળા જે કોઈ સાધર્મીઓ છે એને અરસપરસમાં પણ એવો

નિર્મળપ્રેમ રહેવો જોઈએ. નિર્મળપ્રેમ રહેવો જોઈએ. એકબીજાને બીજા કોઈ કારણથી નહિ. બીજા કોઈ કારણથી રાગ નહિ કે ભાઈ ! મને મદદ કરે છે માટે, મને અનુકૂળ વર્તે છે માટે હું એના ઉપર રાગ રાખું એમ નહિ. એક ધ્યેય છે, એક માર્ગ છે, એક ગુરુ પ્રત્યે બંનેને બહુમાન છે. એ કારણ છે. દ્વેષને તો એમાં અવકાશ જ નથી. રાગમાં પણ આટલી શરત છે. દ્વેષનો તો અવકાશ જ નથી. જે એમાંથી બોધ લેવાનો નીકળે છે એ પણ મુમુક્ષની બાહ્ય ભૂમિકાને સમજાવે એવી વાત છે. સાધર્મી-સાધર્મી વચ્ચે અન્ય પ્રકાર હોવો ઘટતો નથી.

મુમુક્ષુ :– બહુ વિચારવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ખાસ કરીને પોતે વિચારી લેવા જેવું છે કે મારે આવો કોઈ પ્રકાર મારામાં ઉત્પન્ન ન થાય એ મારે સાવધાની રાખવા જેવી છે.

## પત્રાંક-૪૭૧

**મુંબઈ, આસો સુદ ૫, શનિ, ૧૯૪૯**

**આત્માને સમાધિ થવા માટે, આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે સુધારસ કે જે મુખને વિષે વરસે છે, તે એક અપૂર્વ આધાર છે; માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી; માત્ર એટલો ભેદ છે કે તે જ્ઞાન જ્ઞાનીપુરુષ, કે જે તેથી આગળ છે, આત્મા છે, એમ જાણનાર હોવા જોઈએ.**

**દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઈ કર્તવ્ય કહી શકાય નહીં, પણ તે ક્યારે ? સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપપરિણામે પરિણમી અન્યદ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઈ, કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતું નથી; એમ ઘટે છે, અને એમ જ છે.**

૪૭૧. અહીંથી આ ૪૭૧ અને ૪૭૨ પત્રમાં બીજજ્ઞાનનો વિષય લીધો છે. બીજજ્ઞાન એટલે જે આત્મજ્ઞાન છે એનું બીજ નામ સંસ્કાર જે જ્ઞાનને લઈને પડે એને બીજજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો સ્પષ્ટ આવી ગયું. વિશેષ તો શું કહેવાનું હોય ? અંદરો અંદરનો કોઈપણ જાતનો ખદબદાટ જરાપણ આ માર્ગને તો અનુકૂળ નથી. કોઈ પણ એવું એકબીજા વચ્ચે કારણ દેખાય તો સાથે બેસીને નિખાલસપણે, નિષ્કપટપણે, સરળપણે પૂછી લેવું જોઈએ કે ભાઈ ! મને જરાક આમ કેમ લાગ્યું ? મારી ભૂલ છે કાંઈ ? આપણે વિચાર કરી લઈએ. પણ નિર્મળ હૃદયથી, નિર્મળ પ્રેમે પરસ્પર વર્તવું યોગ્ય છે. બીજી રીતે વર્તવું જરાય યોગ્ય નથી.

**'આત્માને સમાધિ થવા માટે, આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે...'** સ્વરૂપ સ્થિરતા થાય એને સમાધિ કહે છે. સમાધિને સ્વરૂપસ્થિરતા કહેવામાં આવે છે. એ તો એક જ વાતને બે શબ્દોમાં કહી છે. કે **'આત્માને સમાધિ થવા માટે, આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે સુધારસ...'** બીજજ્ઞાનને સુધારસ પણ કહ્યું છે. સુધા એટલે અમૃત અને રસ એટલે સારી એવી જેમાં મીઠાશ હોય એને રસ કહેવામાં આવે છે. જેમાં સારી એવી મીઠાશ હોય એને રસ કહે છે. કહે છે કે અમૃત જેવી મીઠાશ જેમાં છે.

આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે અમૃત જેવી જેમાં મીઠાશ છે. અને મીઠાશ ક્યાં આવે ? એક સ્વાદેન્દ્રિય છે, રસના ઇન્દ્રિય છે, જીભ જેને આપણે કહીએ છીએ, એ મીઠાશને વેદવાનું કારણ છે. **'કે જે મુખને વિષે વરસે છે,...'** આપણે નથી કહેતા કે ભાઈ ! મોઢાના અમી સૂકાઈ ગયા છે. માણસને દેહની છેલ્લી સ્થિતિ હોય અને ફેરફાર હોય તો ઘણા લક્ષણો ઉત્પન્ન થાય ને ? તો કહે, મોઢામાં અમી નથી. અમી નથી એટલે શું છે કે જે થૂંક આવે છે એમાં પણ એક જાતની મીઠાશ હોય છે. ત્યાં અમુક પ્રકારની રસગ્રંથીઓ છે મુખને વિષે. જે આ કુદરતી રચના છે મોઢાની એમાં અંદરના ભાગમાં કેટલીક રસગ્રંથીઓ છે. માણસ નથી કહેતા ? કોઈ ચીજ ભાવતી હોય તો મોઢામાં પાણી આવે છે. એમાંથી રસ ઝરે છે. આમ કોઈ છિદ્ર નથી દેખાતું. એવા ઝીણા છિદ્રો હોય છે એમાંથી એ રસ બહાર આવે છે. એટલે વરસે છે એમ કીધું.

**'મુખને વિષે વરસે છે,...'** આત્માને કયું મુખ છે ? કે આત્માને, આત્માની પર્યાય છે એ એનું મુખ છે. એ એનું મોઢું છે કે જેમાં એને અનુભવરૂપી સ્વાદ આવે છે. જેમ મુખમાં સ્વાદ આવે છે એમ અનુભવનો સ્વાદ કયા અંગમાં આવે છે ? દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં પર્યાય અંગમાં એ છે. જેમ મુખાકૃતિમાં મોઢાના અંગમાં છે એમ એ પર્યાય અંગમાં છે.

**'આત્માને સમાધિ થવા માટે અથવા આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે સુધારસ કે જે મુખને વિષે વરસે છે, તે એક અપૂર્વ આધાર છે;...'** તે એક અપૂર્વ લક્ષણ છે. તે એક અપૂર્વ સ્થિતિ છે. સમ્યગ્જ્ઞાન તો અપૂર્વ દશા છે. સમ્યગ્દર્શન તો અપૂર્વ દશા છે જ, પણ એ પહેલા જે આ સુધારસ ઉત્પન્ન થાય છે એ એક અપૂર્વ વાત છે એમ કહેવું છે. અહીંથી અપૂર્વતા શરૂ થાય છે. **'તે એક અપૂર્વ આધાર છે;...'** અથવા એ એક અપૂર્વ, જેમ જેના આધારે ચણતર કરવામાં આવે છે એ બધું ટકી રહે છે, એમ આ એક એવી સ્થિતિ છે અપૂર્વ, જેમાં સંસ્કાર અપૂર્વ પડે છે આત્માના, કે જેના આધાર ઉપરની બધી વાતો સિદ્ધપદ સુધીની સર્જન થાય છે. એવો એક અપૂર્વ આધાર છે. **'માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી;...'** એવી દશાને બીજજ્ઞાન કહેવામાં આવે એવી જે જ્ઞાનની દશા **'તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી;...'**

'સમયસાર' પરમાગમમાં આ વિષય ખુલીને કોઈ ગાથાની ટીકામાં નહિ આવતા, ગાથાની ટીકા કરી છે એમાં સ્વરૂપનિશ્ચયનો વિષય ૧૪૪ ગાથાની ટીકામાં કર્યો છે. ૧૪૩માં પણ એની કેટલીક પૂર્વ ભૂમિકા ૧૪૨-૧૪૩માં પણ લીધી છે. જેને નિશ્ચયનયનો પક્ષ કહ્યો છે. એ નિશ્ચયનયના પક્ષથી એ વાત લીધી છે. પણ એવો લક્ષ થાય છે, જે જ્ઞાનની અંદર આત્માને લક્ષ બંધાય જાય છે, નિર્ણય થાય છે, સંસ્કાર પડે છે. બીજજ્ઞાનની ઉત્પત્તિ થાય છે જેને અહીંયાં સુધારસ કહ્યો છે. મોટું નામ આપ્યું છે. એ ઇરાદાપૂર્વક આપ્યું છે. એનું મહત્ત્વ સમજાવવું છે. અમૃતરસ કહીને એ વિષયનું મહત્ત્વ અહીંયાં સમજાવવું છે કે આ એક બહુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. એ વાત 'સમયસાર'ની ટીકામાં ક્યાંય ખોલવાનો પ્રકાર નથી બન્યો એટલે પરિશિષ્ટમાં એ વાત કહેવાનો આચાર્યદેવને વિકલ્પ થયો છે. જે વાત થોડેઘણે અંશે કહેવાય છે છતાં પણ વિશેષ કહેવાનો વિકલ્પ બાકી છે તેથી આ જ ગ્રંથ ઉપર જે કોઈ કેટલીક

વાતો લખવી છે એમાં આ લક્ષ-લક્ષણની ચર્ચા એમણે કરી છે. એટલે એ વિષયને ખાસ મહત્ત્વ આપ્યું છે. પરિશિષ્ટમાં એ વિષય ખોલીને એ વિષયનું ખાસ મહત્ત્વ એમણે આપ્યું છે. સ્થાન આપ્યું છે ત્યાં.

**'માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી; માત્ર એટલો ભેદ છે કે...'** એટલે આમાં એટલું રહસ્ય છે. ભેદ એટલે રહસ્ય. નથી કહેતા ? ભાઈ ! અંદરનો ભેદ જુદી વાત છે. ભેદ એટલે Secret. ખાનગી વાત, રહસ્યભૂત વાત, એને ભેદ કહેવામાં આવે છે. **'માત્ર એટલો ભેદ છે કે તે જ્ઞાન જ્ઞાનીપુરુષ, કે જે તેથી આગળ છે, આત્મા છે, એમ જાણનાર હોવા જોઈએ.'** તે જ્ઞાન કોની પાસેથી મળેલું હોવું જોઈએ ? કે જ્ઞાનીપુરુષથી મળેલું હોવું જોઈએ. સમ્યક્ સન્મુખ થયા છે એની પાસેથી નહિ. પણ એનાથી જે આગળ છે એમ કહેવું છે. અને જે આત્મા છે-જેને આત્મા પ્રગટ વર્તે છે, જે આત્મારૂપ થયા છે. **'એમ જાણનાર હોવા જોઈએ.'** તે જ્ઞાનીપુરુષ કે જે તેથી આગળ છે અને આત્મા છે એટલે પોતાના આત્માને પ્રગટપણે જેમણે ગુણથી, લક્ષણથી અને વેદનથી એમણે અનુભવ કર્યો છે, આત્મા જાણ્યો છે, એ વિશેષ વધારે સ્પષ્ટ કરશે એ વાતને. **'એમ જાણનાર હોવા જોઈએ.'**

હવે દ્રવ્યાનુયોગના સિદ્ધાંતમાં એ સિદ્ધાંતને ગ્રહણ કરવાની યોગ્યતાપૂર્વક એ સિદ્ધાંતનું ગ્રહણ થઈ શકે છે, નહિતર એ સિદ્ધાંતનું ગ્રહણ થતું નથી. પણ કોઈ વિપરિણામ આવવાનો સંભવ છે એવો એક અહીંયાં સંકેત આ ત્રણ લીટીમાં આપ્યો છે.

**'દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી,...'** એટલે એક દ્રવ્ય અને બીજું દ્રવ્ય તદ્દન ભિન્ન છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સર્વથા ભિન્ન છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. જડ-ચેતન તો બીજી જાતના, વિરુદ્ધ જાતના પદાર્થો હોવાથી સર્વથા ભિન્ન છે, દેહ અને આત્મા. પણ એક પરમાણુ અને બીજા પરમાણુ સજાતીય હોય તો પણ સર્વથા ભિન્ન છે. અને એક જીવ અને બીજો જીવ સજાતીય હોવા છતાં પણ સર્વથા ભિન્ન છે. મળતું નથી કેમ કે સર્વથા ભિન્ન છે માટે એક બીજા, એકબીજાને મળી શકતા નથી. આ જીવને આ દેહ મળ્યો છે એ વાત ખોટી છે. દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી. તેમ આ જીવને કોઈ બીજો જીવ મળી ગયો છે કે આ મને દીકરો મળ્યો, એ વાત પણ ખોટી છે. કોઈ દ્રવ્યથી કોઈ દ્રવ્ય મળતું નથી.

મુમુક્ષુ :- ભિન્ન કરીને...

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન કરીને માનવાનું નહિ. માનીને ભિન્ન પાડવાનું. માનીને ભિન્ન પાડવાનું. નહિતર તો ભિન્ન છે એને અભિન્ન માનીને ચાર ગતિમાં પરિભ્રમણ તો ચાલે છે. હવે એ પરિભ્રમણનો નાશ કરવા માટેનો તો વિષય છે.

**'દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઈ કર્તવ્ય કહી શકાય નહીં,...'** કે મારે શું કર્તવ્ય છે ? કોઈ દ્રવ્ય સાથે તો સંબંધ નથી. પછી કોઈ દ્રવ્ય પ્રત્યે મારે કર્તવ્ય પણ રહેતું નથી. ન તો કુટુંબનું કર્તવ્ય, ન તો સમાજનું કર્તવ્ય, ન તો દેવ-ગુરુ-શાસ્ત્રનું કર્તવ્ય, કોઈ કર્તવ્ય રહેતું નથી. જ્યારે એક દ્રવ્ય બીજા દ્રવ્યથી સર્વથા ભિન્ન છે પછી કોઈ કર્તવ્ય રહેતું નથી. અરે..! નિયમ, વ્રત, નિયમ, સંયમ કોઈ કર્તવ્ય રહેતું નથી, એમ કહે છે. જ્યારે એક દ્રવ્ય, બીજા દ્રવ્યથી સર્વથા ભિન્ન છે પછી દેહની ક્રિયા કેમ કરી શકાય ? ત્યારે **'એમ જાણનારને કંઈ કર્તવ્ય કહી શકાય નહીં, પણ તે ક્યારે ?'** આ પ્રશ્ન ઊઠાવ્યો છે.

મુમુક્ષુ :- વાત તો સાચી છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો સાચી છે. પણ ક્યારે ? કોના માટે સાચી છે ? પોપટની જેમ બોલે એના માટે સાચી નથી.

**'સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપપરિણામે પરિણમી અન્યદ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઈ, કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતું નથી;...'** ઘણાં એમ કહે છે ને કે ભાઈ ! અમારે તો કાંઈ કરવું નથી. અમારે કોઈ કામ હવે કરવું નથી. કોઈ બાબતની અંદર રસ ન લેવો હોય તો એમ કહે ભાઈ ! અમારે કાંઈ કામ કરવું નથી. પણ ભૂમિકા અનુસાર મોક્ષમાર્ગની અંદર આવનારને કે આવેલાને (તે ભૂમિકાને યોગ્ય રાગ હોય છે). પણ તે રાગ જો યથાસ્થાને ન હોય તો અવશ્ય અસ્થાનનો રાગ હોય, હોય ને હોય જ છે.

જીવ રાગી હોવાથી, સંસારમાં જીવ રાગી હોવાથી રાગમાં તો ઊભો જ છે. એને જો સ્વસ્થાનનો રાગ ન હોય તો અસ્થાનનો રાગ એને હોય, હોય ને હોય જ. જ્યારે રાગની દશામાં એ સ્થિતિ અનિવાર્ય છે ત્યારે એને એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નહિ હોવા છતાં પણ એને પોતાને યોગ્ય ભૂમિકામાં સ્વસ્થાનનો રાગ હોવો ઘટે છે, અસ્થાનનો રોગ હોવો ઘટતો નથી. આ પણ એક સિદ્ધાંત છે.

જ્યાં સુધી અવસ્થાનનો રાગ, સ્વસ્થાનના રાગનું સ્થાન ન લે ત્યાં સુધી એથી

આગળની ભૂમિકા એટલે સ્વદ્રવ્ય-પરદ્રવ્યની ભિન્નપણાની ભૂમિકા થઈને જે સ્વદ્રવ્યસ્વરૂપ પરિણામે પરિણમે એમ કદી બની શકતું નથી. એ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રશસ્ત રાગ હોય છે. અપ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ બેય એ ભૂમિકાનો રાગ-દ્વેષ છે. પ્રશસ્ત રાગ પણ હોય છે, પ્રશસ્ત દ્વેષ પણ હોય છે. પણ અસ્થાનનો રાગ મટવા અર્થે સ્વસ્થાનનો રાગ અવશ્યંભાવી હોવો ઘટે છે. નહિતર ગડબડ થયા વિના રહે નહિ. જ્યાં સુધી એટલી પરિસ્થિતિ રાગની દશામાં ફેરફારને ન પામે, ત્યાં સુધી આગળની ભૂમિકામાં જીવ સ્વદ્રવ્યપરિણામી થાય એ અવકાશ ઘટતો નથી. એ પરિસ્થિતિ હોઈ શકતી નથી. એ એક પ્રતિબંધ છે એને. આગળ જવા માટેનો એક પ્રતિબંધ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ માટે સ્વસ્થાનનો રાગ એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ માટે સ્વસ્થાનનો રાગ તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો, સાધર્મી પ્રત્યેનો એ બધા સ્વસ્થાનના રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે અને સાધર્મીઓ પ્રત્યેનો. ધર્માત્મા પ્રત્યેનો, દેવ-ગુરુ-શાસ્ત્રમાં ધર્માત્મા તો આવી જ જાય છે. એ સ્વસ્થાનનો રાગ છે. શાસન પ્રત્યેનો. એ બધો સ્વસ્થાનનો રાગ છે.

મુમુક્ષુ :- એને અસ્થાનનો રાગ કયો..

પૂજ્ય ભાઈશ્રી :- કુટુંબ આદિ પ્રત્યેનો અસ્થાનનો રાગ છે. સંસારના જેટલા બધા રાગ છે તે બધા અસ્થાનના રાગ છે. દેહાદિ પ્રત્યેનો રાગ એ પણ અસ્થાનનો રાગ છે. એમ છે ખરેખર.

મુમુક્ષુ :- જ્યાં સુધી પોતાનો...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી જીવ સ્વદ્રવ્યપરિણામે પરિણમે એવું બનતું નથી. ત્યાં સુધી એ પોતાના આત્મામાં પરિણમી જાય, કોઈ પણ ક્રિયાએ કરીને, કોઈ પણ કાર્ય કરીને એ વાત બની શકતી નથી. એ પ્રતિબંધ એને વચ્ચે ઊભો છે.

મુમુક્ષુ :- અમને નિશ્ચયની વાત ગમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સારી વાત છે. નિશ્ચયની વાત બહુ ગમે છે પણ નિશ્ચય અને વ્યવહાર સાથે રહે છે એવી ખબર છે કે નહિ ? મોક્ષમાર્ગમાં તો, મોક્ષમાં ગયા પછી વ્યવહાર નથી, પણ મોક્ષમાર્ગમાં તો નિશ્ચય અને વ્યવહાર સાથે રહે છે. નિશ્ચય

વાંજીયો નથી. નિશ્ચય છે એ મોક્ષમાર્ગમાં વાંઝીયો રહેતો નથી. એને વ્યવહારનો જન્મ થાય જ છે. એક સાથે નિર્વિકલ્પ ધ્યાનમાં ઉત્પન્ન થઈ જાય છે. 'ગુરુદેવ' આ કહેતા હતા કે વ્યવહાર ક્યારે જન્મે છે ? કે નિર્વિકલ્પ ધ્યાનમાં વ્યવહારનો જન્મ થઈ જાય છે. પછી સવિકલ્પમાં હોય એ કહેવાની જરૂર નથી, એમ કહે છે. એ તો ચોખ્ખી વ્યવહારદશા છે. પણ જે નિશ્ચયારૂઢ દશા છે એ સંપૂર્ણ દશા નહિ હોવાને લીધે, એ કોઈ પરિપૂર્ણ વીતરાગદશા નથી ચોથા ગુણસ્થાને. એ આંશિક શુદ્ધિની સાથે આંશિક અશુદ્ધિ રહી એ આંશિક અશુદ્ધિ તે ભૂમિકાને યોગ્ય જ હોય. એનું ઉલ્લંઘન કરીને નીચે અસ્થાનની ન હોય ત્યારે જ વ્યવહારનો જન્મ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષા નથી. અપેક્ષા નથી એટલે ? એમ કરું એમ કૃત્રિમતા નથી. પણ સહજ જ હોય છે. એ કુદરતી પરિસ્થિતિ છે.

**'સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે,...'** એટલે પોતાનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતામાં જ છે અને એની મર્યાદા પોતાની બહાર ક્યાંય નથી. અને એમ સમજાતા **'સ્વદ્રવ્ય સ્વરૂપપરિણામે પરિણમી...'** એટલે સ્વરૂપના આશ્રયે પરિણમે. સ્વરૂપાકાર ભાવે પરિણમે અને **'અન્ય દ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઈ,...'** જાય. સંપૂર્ણપણે સ્વદ્રવ્યપરિણામે પરિણમે અને **'અન્ય દ્રવ્ય પ્રત્યે કેવળ...'** એટલે પૂરેપૂરા ઉદાસ થઈ જાય. **'કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતું નથી;...'** દૃષ્ટિ અપેક્ષાએ કૃતકૃત્ય થાય છે. શ્રદ્ધાન અપેક્ષાએ ચોથાગુણસ્થાને કૃતકૃત્યપણું થાય છે પણ આચરણ અપેક્ષાએ કૃતકૃત્યપણું થતું નથી. આચરણ બાકી છે. તો એ આચરણમાં બે ભાગ ઊભા થાય છે. નિશ્ચય આચરણ અને વ્યવહાર આચરણ. એ નિશ્ચયને આશ્રિત જે વ્યવહાર છે, નિશ્ચયપૂર્વકનો જે વ્યવહાર છે એ યથાસ્થાને હોવો ઘટે છે. જો યથાસ્થાને ન હોય તો એ ભૂમિકાનો ત્યાગ થઈ જાય છે અને જીવ મિથ્યાત્વ અને અજ્ઞાનમાં આવી જાય છે. અથવા મિથ્યાત્વ અને અજ્ઞાનમાં એ પ્રકારનો વિવેક ન આવે તો એ ભૂમિકાને છોડીને જીવ પોતે ચતુર્થ ગુણસ્થાનમાં પ્રવેશી શકતો નથી.

**'એમ ઘટે છે, અને એમ જ છે.'** એમ ઘટે છે એટલે એમ યોગ્ય છે અને વસ્તુસ્થિતિ પણ એમ જ છે. ત્રણે કાળના જીવો માટે આ સિદ્ધાંત એકસરખો લાગુ પડે છે. જુઓ ! હવે અહીંથી બધી એકદમ નિશ્ચયની અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય 'સોભાગભાઈ'ના

પત્રોમાં ચાલ્યો છે. અધ્યાત્મનો વિષય હવે વિશેષ સૂક્ષ્મ ચાલે છે.

એ ૪૭૧ની અંદર એમણે બીજજ્ઞાનનું અપૂર્વપણું એનું મહત્ત્વ છે, એક અપૂર્વ આધાર છે એમ લઈ લીધું. અપૂર્વ લક્ષણ છે, અપૂર્વ શરૂઆત છે એવા સાધારણ શબ્દ ન લેતાં, અપૂર્વ આધાર છે એવો શબ્દ લીધો છે. કેમ કે એ પાયાની ચીજ છે. સંસ્કાર છે.

મુમુક્ષુ :– લીધું ને કે તે જ્ઞાન અને જ્ઞાનીપુરુષમાં...

પૂજ્ય ભાઈશ્રી :– તે જ્ઞાન એટલે બીજજ્ઞાન. માત્ર એટલો ભેદ છે કે તે જ્ઞાન એટલે એવું જે બીજજ્ઞાન. તે જ્ઞાનીપુરુષ પાસેથી મળેલું હોવું જોઈએ. એના જાણનાર જ્ઞાનીપુરુષ છે. જ્ઞાની પાસેથી એ વાત મળેલી હોવી જોઈએ. એ જ્ઞાન, જ્ઞાનીપુરુષ સિવાય બીજેથી મળે એનો કાંઈ અર્થ નથી એમ લેવું છે. કોઈ એવી વાત કરે કદાચ બીજજ્ઞાનની, પણ જ્ઞાનીપુરુષ સિવાય એ વાત (મળી શકતી નથી). અથવા તો એવો એક દેશનાલબ્ધિનો સિદ્ધાંત છે કે દીવાથી દીવો પ્રગટે છે, વગર દીવાથી દીવો પ્રગટતો નથી. બે વાટ ગમે તેટલી વાર બાજુમાં રાખે તો કાંઈ દીવો થાય ? પણ એક વાટમાં દીવો હોય તો બીજો તરત દીવો થાય. એટલે બીજજ્ઞાન પણ જ્ઞાની પાસેથી મળેલું હોવું જોઈએ એમ કહે છે. સ્વરૂપનિર્ણય પણ જ્ઞાનીના–પ્રત્યક્ષ જ્ઞાનીના યોગે થયેલો હોવો જોઈએ.

મુમુક્ષુ :– ... બીજ જ્ઞા...

પૂજ્ય ભાઈશ્રી :– આમાં છે ? એ વિષય અપ્રગટ રહ્યો છે. એવું અનુમાન છે બધાનું. અનુમાન છે એવું. વિષય અપ્રગટ રહ્યો છે. ચોપડી નહિ પણ કોઈ કાગળ લખેલો હતો. પણ એની અંદર કોઈ વાત તો સંકેતવાળી, રહસ્યભૂત વાત હતી. એટલે એમ અનુમાન થાય છે કે જ્યારથી 'સોભાગભાઈ' એમને મળ્યા ત્યારથી એમની પારમાર્થિક વિષયમાં વિશેષ જાગૃતિ આવી. જો કે એમને ૨૩મે વર્ષે મળ્યા છે ને ? પણ એમની વિચારધારા તો જાતિસ્મરણથી થોડી જાગૃત થઈ ગઈ હતી અને પંદર વર્ષ આસપાસ કાંઈક વિશેષ જાગૃત થઈ છે. સિદ્ધાંતજ્ઞાન પણ પંદર વર્ષ આસપાસ બહુ સારું છે. કેમ કે પૂર્વના આરાધક હતા ને. પૂર્વના આરાધક હોવાને લીધે એમને વર્તમાન જ્ઞાનીની આવશ્યક્તાનો સવાલ ઊભો નહોતો થતો. એ અપેક્ષા એમના માટે નહોતી. એટલે એમને કોઈ જ્ઞાની મળ્યા વગર પણ જ્ઞાન થયું છે. પણ 'સોભાગભાઈ'

નિમિત્ત પડ્યા છે એ વાતમાં શું એ કાગળની અંદર વાત છે ? એ કોઈ વાત ખુલીને બહાર નથી આવી ક્યાંય પણ. પોતાને-શ્રીમદ્જીને કોઈ વિશેષ આત્માનું સ્મરણ થયું હશે અથવા તો પુરુષાર્થની સ્ફુરણા આવી હોય એવું લાગે છે. ૨૩મા વર્ષે મળ્યા છે. ૨૩મા વર્ષે દશા વિશેષ થઈ છે. જે પૂર્વભૂમિકાની દશા વિશેષ થઈ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમ ખબર પડે આપણને અત્યારે તો ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું હતું કે 'સોભાગભાઈ'ના જે પિતાશ્રી છે એ કોઈ એવા મહાપુરુષને શોધતા હતા. એ મહાપુરુષ આત્મજ્ઞાની કે એ મહાપુરુષ કોઈ મંત્ર-તંત્રવાળા ? એ વાત કોઈ એટલી બધી તો અત્યારે સ્પષ્ટ થાય નહિ પણ એમને કોઈનું નામ સાંભળીને ત્યાં ગયેલા. 'મારવાડ'માં 'રાજસ્થાન'માં ગયેલા. અને એમની સેવા કરેલી. એ કોઈ પુરુષ એવા કોઈ હશે એમણે એ વાત લખી કે ભાઈ ! આ કાગળ લખી દઉં છું. કોઈ યોગ્ય માણસને આપજો. કોઈ યોગ્ય વ્યક્તિને આપજો. એ એનો ભેદ ઉકેલી શકશે. એવી કાંઈક રહસ્યવાળી વાત ગોળ ગોળ જ રહી છે. ખુલીને એ વાત સ્પષ્ટ બહાર નથી આવી, આજ સુધી. પણ 'સોભાગભાઈ' અને 'શ્રીમદ્જી'ને પહેલો મેળાપ ત્યારથી થયો છે, જ્યારે કાગળ દેવા ગયા ત્યારથી જ થયો છે. અને ત્યાર પછી પોતાની દશા પણ સવિશેષ થઈ. ૨૪ વર્ષના પ્રારંભમાં પોતે આત્મજ્ઞાનની દશામાં આવ્યા છે એટલે એ કાગળ અને પોતાની દશાવિશેષ સાથે કાંઈક સંબંધ થયો છે. એટલે એમને ઉપકારી પણ જાણ્યા છે. ઉપકારી પણ માન્યા છે.

વળી, 'સોભાગભાઈ'ને પણ એમને જોતાં વેંત જ અને ત્યારથી જ કોઈ અનન્ય પ્રેમ એમના માટે પ્રગટ થયો છે. જેને અભિન્નભાવ કહેવામાં આવે છે. એ અભિન્નભાવ 'સોભાગભાઈ'ને 'શ્રીમદ્જી' પ્રત્યે વર્તતો હતો. એ પ્રકાર એમણે જોયો ત્યારે એમને એમ થયું કે આટલો બધો આ જીવને મારા પ્રત્યે પ્રેમ છે, નક્કી કાંઈક એની પાત્રતા વિશેષ દેખાય છે. એ પાત્રતા એમની ખ્યાલમાં આવી છે. અને એમને એથી જે કોઈ વિપર્યાસમાં જે ઊભા હતા એ વિપર્યાસ કેવી રીતે ટળે ? એ વિષય ઉપર એમની સાથે વ્યવહાર ચાલુ રાખ્યો છે. ઠેઠ સુધી બધો વિપર્યાસ ટળે અને અવિપરીત પરિણામ

થઈને સ્વરૂપાશ્રય થાય, સ્વરૂપને પામે ત્યાં સુધી એ કામ એમણે નિભાવ્યું છે એમની સાથે. એમ કહી શકાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ બીજજ્ઞાનનો વિષય. એ બીજજ્ઞાનનો વિષય છે. એમાં શું છે કે જેને બીજજ્ઞાન કહીએ એ એક ભાષાએ સ્વરૂપનું ભાવભાસન છે. અને ભાવભાસન છે એ કેવળ વિચારનો વિષય નથી. પણ વિચારદશામાં જ્ઞાન કેળવાયને ભાવભાસન સુધી પહોંચે. એટલે એ સંબંધીનો એક પ્રયોગ પણ છે. માત્ર વિચાર નથી પણ વિચારદશા સહિતનો એક પ્રયોગ છે કે જે પ્રયોગના ફળસ્વરૂપે ભાવભાસન આવે છે. અથવા બીજજ્ઞાન ઉત્પન્ન થાય છે અથવા સ્વરૂપનું બીજ રોપાઈ જાય છે આત્માને વિષે કે જે એક અપૂર્વ આધાર છે. જેના કારણે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અથવા આત્માને સમાધિ અથવા આત્મસ્વરૂપમાં સ્થિતિ પ્રગટ થાય છે. એવી જે દશા ઉત્પન્ન થાય છે એ આ બીજજ્ઞાન છે એમ અહીંયાં કહે છે.

મુમુક્ષુ :- પ્રયોગાત્મક.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોગાત્મક જ્ઞાનથી થયેલો સ્વરૂપનિર્ણય, સ્વરૂપલક્ષ અથવા સ્વરૂપઅસ્તિત્વનું ગ્રહણ અથવા સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. ૭૫૧નું બીજું પદ. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. અનુભવના અંશ અંશ છે એ લક્ષણ છે. જ્ઞાન લક્ષણમાં અનુભવનો અંશ વિદ્યમાન છે. તેને પકડીને તેના આધારે થયેલો જે વિશ્વાસ. પ્રતીતિ એટલે અહીંયાં વિશ્વાસ કે અનંત જ્ઞાન અને અનંત સુખસ્વરૂપ હું છું. અનંત જ્ઞાન અને અનંત સુખનો ભંડાર મારામાં ભરેલો છે. સાક્ષાત્ સિદ્ધપદની મૂર્તિ એવો મૂર્તિમંત હું મારામાં સદાય બિરાજમાન છું. એવો જે ભાવ ભાસે છે એને બીજજ્ઞાન કહે છે. અને એ કાળને સુધારસ ઉત્પન્ન થયો એમ પણ કહેવામાં આવે છે. વિશિષ્ટ શબ્દો વાપર્યા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મજ્ઞાની હોય એને તો બીજજ્ઞાન પહેલા થઈ ગયું હોય ને ! બીજજ્ઞાનના ફળ સ્વરૂપે તો આત્મજ્ઞાન થાય છે. તો એને તો બીજજ્ઞાન થઈ જ ગયેલું છે પહેલા. તો એવા જે આત્મજ્ઞાની છે એ બીજાને બીજજ્ઞાન આપી શકે છે. માત્ર આ વિષયનો જાણકાર માણસ કોઈને બીજજ્ઞાન આપે છે એમ અહીંયાં કહેવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની છે. એ આત્મા છે એમ કહ્યું. જ્ઞાની છે એમ ન કહ્યું. **'જે તેથી આગળ છે.'** બીજજ્ઞાનથી આગળ ગયેલા છે એટલે અનુભવમાં આવેલા છે અને જે આત્મા છે. એટલે આત્મારૂપ થઈ ગયા છે. આત્મસ્થિતિ એ પામ્યા છે. **'એમ જાણનાર હોવા જોઈએ.'** એના જ્ઞાતા પુરુષની વાત છે, બીજાની વાત એ નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- તું અંધા હૈ, એમ ધર્મદાસજીના ગુરુએ એમને કહ્યું...

પૂજ્ય ભાઈશ્રી :- એ બીજજ્ઞાનનો હેતુ થયો. એમ જે કહ્યું 'ધર્મદાસજી ક્ષુલ્લક'ને એમના ગુરુએ કહ્યું કે તું અંધા હૈ ? ક્યા દેખનેવાલે કો નહિ દેખતા ? તો એમાંથી એ અંતર વિચારમાં ગયા. અંતર વિચારમાં ગયા નહિ, અંતર જ્ઞાનના પ્રયોગમાં ગયા. અને ત્યાંથી એમને બીજજ્ઞાનની ઉત્પત્તિ થઈ. અને એ બીજજ્ઞાનથી સ્વરૂપ સ્થિતિને પણ એ પ્રાપ્ત થયા. કારણ કે એ તો અત્યંત વીર્યવાન હતા. પહેલા બહારમાં વીર્ય ફોરવતા હતા એટલે હજારો ઉપવાસ કર્યા અને સેંકડો સમ્મેદશિખરની યાત્રા કરી નાખી હતી. કારણ કે શક્તિ તો કામ કરવાની જ છે. વીર્યનો ક્ષયોપશમ છે, વધારે પ્રગટ છે. એટલે બહારની ક્રિયાકાંડમાં આવી ગયા. ક્ષુલ્લકપણું લઈ લીધું હતું. એ વ્રત અંગીકાર કરે ત્યારે ક્ષુલ્લકપણું હોય ને. દસમી પડિમા છે. ત્યાં સુધી તો પહોંચી ગયા હતા. પણ આત્મજ્ઞાન નહોતું. પાંચમાં ગુણસ્થાનની દસમી પડિમા લીધી. પણ કાંઈ આત્મજ્ઞાન નહોતું. એ કહે મને તો અભિમાન થઈ ગયું હતું કે હજારો ઉપવાસ કર્યા છે, સેંકડોં વાર સમ્મેદશિખરની યાત્રા કરી છે અને હું તો મોટો ક્ષુલ્લક છું. એવું મને અભિમાન થયું હતું. એ અભિમાન ઉતારવા એને એમ કીધું કે તું આંધળો છો ? શું કહી દીધું ? તું જ્ઞાની તો નથી, સાધક તો નથી પણ તું આંધળો છો ? એમ કહી દીધું સીધું. પણ પાત્રતા જોઈને કીધું હતું. બીજો હોય તો ગુસ્સો કરે. કષાયની સામે કષાય કરે કે આ તો મારા ઉપર કષાય કરે છે. કષાય નહોતી કરી, કરુણા કરી હતી. એના ગુરુએ તો કરુણા કરી હતી. પણ પેલાને એમ લાગે કે મારા ઉપર કષાય કર્યો એટલે એની સામે કષાય કરે. સંસારી પ્રાણી તો એવું જ કરે છે.

આ પાત્ર હતા. ગુરુ કાંઈક કહે છે. મારા ગુરુ મારા હિતને અર્થે કાંઈક કહે છે. મારે કાંઈક આ જગ્યાએ વિચારવું જોઈએ. હું દેખતો છું અને મને આંધળો કહે

છે ? નક્કી કાંઈક મારી એવી જ ભૂલ થાય છે કે જે આંધળો ભૂલ કરે એવી જ ભૂલ થાય છે. એમ સમજીને એ પોતે અંદરમાં ગયા છે.

**પત્રાંક-૪૭૨**

**મુંબઈ, આસો સુદ ૯, બુધ, ૧૯૪૯**

**પરમસ્નેહી શ્રી સુભાગ્ય તથા શ્રી ડુંગર, શ્રી સાયલા**

**આજે કાગળ ૧ શ્રી સુભાગ્યનો લખેલો આવ્યો તે પહોંચ્યોં છે.**

**ખુલ્લા કાગળમાં[1] સુધારસ પરત્વે પ્રાયે સ્પષ્ટ લખ્યું હતું, તે ચાહીને લખ્યું હતું. એમ લખવાથી વિપરિણામ આવવાનું છે નહીં, એમ જાણીને લખ્યું હતું. કંઈ કંઈ તે વાતના ચર્ચક જીવને જો તે વાત વાંચવામાં આવે તો કેવળ તેથી નિર્ધાર થઈ જાય એમ બને નહીં, પણ એમ બને કે જે પુરુષે આ વાક્યો લખ્યાં છે તે પુરુષ કોઈ અપૂર્વ માર્ગના જ્ઞાતા છે, અને આ વાતનું નિરાકરણ તે પ્રત્યેથી થવાનો મુખ્ય સંભવ છે, એમ જાણી તેની તે પ્રત્યે કંઈ પણ ભાવના થાય. કદાપિ એમ ધારીએ કે તેને કંઈ કંઈ સંજ્ઞા તે વિષેની થઈ હોય, અને આ સ્પષ્ટ લખાણ વાંચવાથી તેને વિશેષ સંજ્ઞા થઈ પોતાની મેળે તે નિર્ધારમાં આવી જાય, પણ તે નિર્ધાર એમ થતો નથી. યથાર્થ તેના સ્થળનું જાણવું તેનાથી થઈ શકે નહીં, અને તે કારણથી જીવને વિક્ષેપની ઉત્પત્તિ થાય કે આ વાત કોઈ પ્રકારે જાણવામાં આવે તો સારું. તો તે પ્રકાર પણ જે પુરુષે લખ્યું છે તે પ્રત્યે તેને ભાવનાની ઉત્પત્તિ થવી સંભવે છે.**

**ત્રીજો પ્રકાર એમ સમજવા યોગ્ય છે કે સત્પુરુષની વાણી સ્પષ્ટપણે લખાઈ હોય તોપણ તેનો પરમાર્થ સત્પુરુષનો સત્સંગ જેને આજ્ઞાંકિતપણે થયો નથી, તેને સમજાવો દુર્લભ થાય છે, એમ તે વાંચનારને સ્પષ્ટ**

૧. જુઓ આંક ૪૭૧.

જાણવાનું ક્યારેય પણ કારણ થાય. જોકે અમે તો અતિ સ્પષ્ટ લખ્યું નહોતું તોપણ તેમને એવો કંઈ સંભવ થાય છે; પણ અમે તો એમ ધારીએ છીએ કે અતિ સ્પષ્ટ લખ્યું હોય, તોપણ ઘણું કરી સમજાતું નથી, અથવા વિપરીત સમજાય છે, અને પરિણામે પાછો તેને વિક્ષેપ ઉત્પન્ન થઈ સન્માર્ગને વિષે ભાવના થવાનો સંભવ થાય છે. એ પત્તામાં અમે ઇચ્છાપૂર્વક સ્પષ્ટ લખ્યું હતું.

સહેજ સ્વભાવે પણ ન ધારેલું ઘણું કરી પરમાર્થ પરત્વે લખાતું નથી, અથવા બોલાતું નથી, કે જે અપરમાર્થરૂપ પરિણામને પામે.

બીજો અમારો આશય તે જ્ઞાન વિષે લખવાનો વિશેષપણે અત્ર લખ્યો છે. (૧) જે જ્ઞાનીપુરુષે સ્પષ્ટ એવો આત્મા કોઈ અપૂર્વ લક્ષણે, ગુણે અને વેદનપણે અનુભવ્યો છે, અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે, તે જ્ઞાનીપુરુષે જો તે સુધારસ સંબંધી જ્ઞાન આપ્યું હોય તો તેનું પરિણામ પરમાર્થ-પરમાર્થસ્વરૂપ છે. (૨) અને જે પુરુષ તે સુધારસને જ આત્મા જાણે છે, તેનાથી તે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તો તે વ્યવહાર-પરમાર્થસ્વરૂપ છે. (૩) તે જ્ઞાન કદાપિ પરમાર્થ-પરમાર્થસ્વરૂપ એવા જ્ઞાનીએ ન આપ્યું હોય, પણ તે જ્ઞાનીપુરુષે સન્માર્ગ સન્મુખ આકર્ષે એવો જે જીવને ઉપદેશ કર્યો હોય તે જીવને રુચ્યો હોય તેનું જ્ઞાન તે પરમાર્થ-વ્યવહારસ્વરૂપ છે. (૪) અને તે સિવાય શાસ્ત્રાદિ જાણનાર સામાન્ય પ્રકારે માર્ગાનુસારી જેવી ઉપદેશવાત કરે, તે શ્રદ્ધાય, તે વ્યવહાર-વ્યવહારસ્વરૂપ છે, સુગમપણે સમજવા એમ ચાર પ્રકાર થાય છે. પરમાર્થ-પરમાર્થસ્વરૂપ એ નિકટ મોક્ષનો ઉપાય છે. પરમાર્થ-વ્યવહારસ્વરૂપ એ અનંતર પરંપરસંબંધે મોક્ષનો ઉપાય છે. વ્યવહાર-પરમાર્થસ્વરૂપ તે ઘણા કાળે કોઈ પ્રકારે પણ મોક્ષનાં સાધનના કારણભૂત થવાનો ઉપાય છે. વ્યવહાર-વ્યવહારસ્વરૂપનું ફળ

આત્મપ્રત્યયી નથી સંભવતું. આ વાત હજુ કોઈ પ્રસંગે વિશેષપણે લખીશું એટલે વિશેષપણે સમજાશે; પણ આટલી સંક્ષેપતાથી વિશેષ ન સમજાય તો મુઝાશો નહીં.

લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે. લક્ષણથી, ગુણથી અને વેદનથી જેણે આત્મસ્વરૂપ જાણ્યું નથી, એવા મુમુક્ષુને જ્ઞાનીપુરુષે બતાવેલું જો આ જ્ઞાન હોય તો તેને અનુક્રમે લક્ષણાદિનો બોધ સુગમપણે થાય છે. મુખરસ અને તેનું ઉત્પત્તિક્ષેત્ર એ કોઈ અપૂર્વ કારણરૂપ છે એમ તમે નિશ્ચયપણે નિર્ધારજો. જ્ઞાનીપુરુષનો તે પછીનો જે માર્ગ તે ન દુભાય એવો તમને પ્રસંગ થયો છે, તેથી તેવો નિશ્ચય રાખવા જણાવ્યું છે. તે પછીનો માર્ગ જો દુભાતો હોય અને તેને વિષે કોઈને અપૂર્વ કારણરૂપે નિશ્ચય થયો હોય તો તે કોઈ પ્રકારે પાછો નિશ્ચય ફેરવ્યે જ ઉપાયરૂપ થાય છે, એવો અમારા આત્મામાં લક્ષ રહે છે.

એક અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે, પણ શ્વાસોચ્છ્વાસ રોધનથી તેને કલ્યાણનો હેતુ થતો નથી, અને એક જ્ઞાનીની આજ્ઞાપૂર્વક શ્વાસોચ્છ્વાસનો રોધ કરે છે, તો તેને તે કારણથી જે સ્થિરતા આવે છે, તે આત્માને પ્રગટવાનો હેતુ થાય છે. શ્વાસોચ્છ્વાસની સ્થિરતા થવી એ એક પ્રકારે ઘણી કઠણ વાત છે. તેનો સુગમ ઉપાય મુખરસ એકતાર કરવાથી થાય છે; માટે તે વિશેષ સ્થિરતાનું સાધન છે; પણ તે સુધારસ-સ્થિરતા અજ્ઞાનપણે ફળીભૂત થતી નથી, એટલે કલ્યાણરૂપ થતી નથી, તેમ તે બીજજ્ઞાનનું ધ્યાન પણ અજ્ઞાનપણે કલ્યાણરૂપ થતું નથી, એટલો વિશેષ નિશ્ચય અમને ભાસ્યા કરે છે. જેણે વેદનપણે આત્મા જાણ્યો છે તે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ તે કલ્યાણરૂપ થાય છે, અને આત્મા

**પ્રગટવાનો અત્યંત સુગમ ઉપાય થાય છે.**

**એક બીજી અપૂર્વ વાત પણ આ સ્થળે લખવાનું સૂઝે છે. આત્મા છે તે ચંદનવૃક્ષ છે. તેની સમીપે જે જે વસ્તુઓ વિશેષપણે રહી હોય તે તે વસ્તુ તેની સુગંધનો (!) વિશેષ બોધ કરે છે. જે વૃક્ષ ચંદનથી વિશેષ સમીપ હોય તે વૃક્ષમાં ચંદનની ગંધ વિશેષપણે સ્ફુરે છે. જેમ જેમ આઘેનાં વૃક્ષ હોય તેમ તેમ સુગંધ મંદપરિણામને ભજે છે; અને અમુક મર્યાદા પછી અસુગંધરૂપ વૃક્ષોનું વન આવે છે; અર્થાત્ ચંદન પછી તે સુગંધપરિણામ કરતું નથી. તેમ આ આત્મા વિભાવ પરિણામને ભજે છે, ત્યાં સુધી તેને ચંદન વૃક્ષ કહીએ છીએ અને સૌથી તેને અમુક અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે, તેમાં તેની છાયા (!) રૂપ સુગંધ વિશેષ પડે છે; જેનું ધ્યાન જ્ઞાનીની આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે. પવન કરતાં પણ સુધારસ છે તેમાં, આત્મા વિશેષ સમીપપણે વર્તે છે, માટે તે આત્માની વિશેષ છાયા-સુગંધ (!)નો ધ્યાન કરવા યોગ્ય ઉપાય છે. આ પણ વિશેષપણે સમજવા યોગ્ય છે.**

**પ્રણામ પહોંચે.**

૪૭૨.

**'પરમસ્નેહી શ્રી સુભાગ્ય તથા શ્રી ડુંગર, શ્રી સાયલા. આજે કાગળ ૧ શ્રી સુભાગ્યનો લખેલો આવ્યો તે પહોંચ્યો છે. ખુલ્લા કાગળમાં...'** એટલે ઉપરનું પોસ્ટકાર્ડ. પોસ્ટકાર્ડને ખુલ્લો કાગળ કહે છે. કવર હોય તો અંદર બંધ કરેલો હોય. **'ખુલ્લા કાગળમાં સુધારસ પરત્વે પ્રાયે સ્પષ્ટ લખ્યું હતું, તે ચાહીને લખ્યું હતું.'** પોસ્ટકાર્ડની અંદર સુધારસના વિષયમાં બીજજ્ઞાનના વિષયમાં સ્પષ્ટ લખ્યું હતું અને તે ચાહીને લખ્યું છે, ઈરાદાપૂર્વક લખ્યું છે, સમજીને લખેલું છે. એમને એમ અધ્ધરથી વિચાર

આવ્યો ને લખી નથી નાખ્યું. પણ તમારી યોગ્યતા જોઈને આ વિષય છેડ્યો છે એમ કહેવું છે. આ વિષયમાં તમારું એક ધ્યાન દોરવું છે. શું થાય છે ?

મુમુક્ષુજીવ આત્મહિત માટે અનેક પ્રકારના સાધન અપનાવે છે. એ બીજા સાધન એક બાજુ રહ્યા પણ આત્મજ્ઞાન માટે જે જ્ઞાનનું સાધન છે એમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, શ્રવણ, મનન, ચિંતવન આદિથી એ સાધન કરે છે. પણ એ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ સ્વરૂપ નિર્ણય માટે કરવાનો છે એવો જ્યાં સુધી ઉદ્દેશ નથી હોતો, તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં જ્ઞાન કરવાનો ઉદ્દેશ શું ? એ જ્યાં સુધી ઉદ્દેશપૂર્વક નથી થતો ત્યાં સુધી અન્ય હેતુએ થાય છે. અન્ય હેતુમાં ઘણા પ્રકાર છે. કોઈ વખત તો વિષય કષાયના પ્રકાર આવી જાય છે. પણ એને છોડી દઈએ આપણે તો એવા પ્રકાર પણ આવે છે કે જેને લઈને તત્ત્વના વિષયમાં અનેક વિષયો છે આની અંદર ઘણું જાણવાની વૃત્તિ રહ્યા કરે. એવી વૃત્તિ રહ્યા કરે, ત્યાં સુધી એને ઉદ્દેશ છે એ ઉદ્દેશ વિહિન પ્રવૃત્તિ છે. યથાર્થ ઉદ્દેશ વિહિન પ્રવૃત્તિ તત્ત્વજ્ઞાનના અભ્યાસની મુમુક્ષુને પણ થાય છે. ત્યારે એને આ ભૂમિકા સુધી આવવાનું બનતું નથી કે જે અપૂર્વ આધાર છે. આખા મોક્ષમાર્ગ અને મોક્ષપદનો જે અપૂર્વ આધાર છે એ આધાર જ્યાં સુધી પ્રગટતો નથી, આધાર વગર વસ્તુનું ચણતર હોતું નથી. એટલે એમ કહે છે કે ચાહીને લખ્યું હતું.

**'એમ લખવાથી વિપરિણામ આવવાનું છે નહીં, એમ જાણીને લખ્યું હતું.'** આવું લખવાથી તમને કોઈ ઊલટું પરિણામ નહિ આવે, ઊલટું પરિણામ આવશે નહિ એમ જાણીને લખ્યું હતું. એટલે તમારી યોગ્યતાનો ખ્યાલ રાખીને લખ્યું હતું. પાત્રતા હોય, તો ગમે તેવી કડવી વાત, ગમે તેવી તીખી વાત અથવા પ્રથમ દૃષ્ટિ અનુચિત લાગે એવી વાત પણ એને વિપરિણામ એટલે ઊલટું પરિણામ લાવતી નથી. અને અપાત્રતા હોય તો ઊંચામાં ઊંચી સારી વાત વિપરિણામ લાવે છે, વિરુદ્ધ પરિણામ લાવે છે. એને સવળાને બદલે અવળું પડે છે. એન એ વિષયની અરુચિ થઈ આવે છે.

**'એમ જાણીને લખ્યું હતું. કંઈ કંઈ તે વાતના ચર્ચક જીવને જો તે વાત વાંચવામાં આવે તો કેવળ તેથી નિર્ધાર થઈ જાય એમ બને નહીં,...'** શું છે ? કે આ વિષય એટલે બીજજ્ઞાનના વિષયની ચર્ચા કરનારા પણ જીવો હોય છે, તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં. અને એ વાત એને ક્યાંયથી વાંચવામાં આવે કે સાંભળવામાં આવે તેથી એને એ બીજજ્ઞાન આવું હોય, સ્વરૂપ નિર્ણય આવો હોય, એમ એને નિર્ણય થઈ

જાય, નિર્ધાર થઈ જાય એમ બનતું નથી.

**'પણ એમ બને કે જે પુરુષે આ વાક્યો લખ્યાં છે તે પુરુષ કોઈ અપૂર્વ માર્ગના જ્ઞાતા છે, અને આ વાતનું નિરાકરણ તે પ્રત્યેથી થવાનો મુખ્ય સંભવ છે,...'** જો એને એ જે વાત વાંચે છે કે સાંભળે છે, એ કહેનાર પ્રત્યે એને એમ ખ્યાલ જાય કે આ કોઈ એ માર્ગના અપૂર્વમાર્ગના જ્ઞાતા છે. આ અનુભવી પુરુષ છે અને વાત કરે છે, એમ જો એને ખ્યાલ આવે તો એ વાતનું નિરાકરણ એટલે એનો ભેદ, એનું રહસ્ય, એનો અંતરભેદ, એનું રહસ્ય તે પ્રત્યે એટલે તે પુરુષ પ્રત્યેથી થવાનો મુખ્ય સંભવ છે. **'એમ જાણી તેની તે પ્રત્યે કંઈ પણ ભાવના થાય.'** તેની તે પ્રત્યે એવી ભાવના થાય કે આ પુરુષના ચરણ સમીપતાથી મને આ વિષયનું બીજજ્ઞાન થવાની સંભાવના છે. આત્મજ્ઞાનનું બીજ એવું જે જ્ઞાન, એ જ્ઞાન આ પુરુષ પાસેથી મળશે એમ એને સત્પુરુષ પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન થાય. પ્રતીતિ આવે કે મળશે તો અહીંથી મળશે, બીજેથી મળશે નહિ. આટલી પ્રતીતિ આવે અને પછી અને એના ચરણસમીપ જાય તો કામ થવાનું હોય તો યોગ્યતાવશ થાય. પ્રતીતિ વિના તો એ કામ બનતું નથી.

અથવા એને ખાતરી ક્યાંથી થાય ? કે આ ચીજ મને અહીંથી જ મળવાની છે એવી ખાતરી ક્યાંથી થાય ? કે એવી ખાતરી થતી નથી ત્યાં સુધી. અને જ્યાં સુધી એવી ખાતરી થતી નથી ત્યાં સુધી એને જે દૃષ્ટિએ સત્સંગ કરવો જોઈએ, સત્સમાગમ કરવો જોઈએ અથવા બહુમાનથી સત્પુરુષના ચરણમાં જવું જોઈએ એટલા બહુમાનથી જીવ જતો નથી. અને ત્યાં સુધી એ ગમે તેટલી સ્પષ્ટ પરમાર્થની વાત સાંભળે તો પણ એને ખરેખર એનો પરમાર્થ સમજાતો નથી.

જ્ઞાનીપુરુષ, સત્પુરુષ પરમાર્થની વાત ગમે તેટલી સ્પષ્ટ, ચોખ્ખી પ્રગટપણે કહેતા હોય તો પણ, એમ લીધું ને નીચેના પેરેગ્રાફમાં ? કે સત્પુરુષની વાણી સ્પષ્ટપણે લખાઈ હોય કે કહેવાઈ હોય તોપણ તેનો પરમાર્થ સત્પુરુષનો સત્સંગ જેને આજ્ઞાંકિતપણે થયો નથી. સંપૂર્ણ પૂરેપૂરી Obedience આવી જવી જોઈએ, એમ કહે છે. પૂરેપૂરું આજ્ઞાંકિતપણું, એક વિકલ્પથી વિરુદ્ધ જવાનો પ્રશ્ન નથી. એમનો વિકલ્પ એ જ પોતાને માટે આજ્ઞા થઈ જાય. એવી જ્યારે એની પરિસ્થિતિ આવે છે ત્યારે એને સમજાય છે. નહિતર ગમે તેટલી સ્પષ્ટ વાણી હોય તો પણ તેને સમજાવું દુર્લભ

છે અથવા સમજાતું નથી. ન સમજાય. ચોખ્ખું કહ્યુ હોય તો પણ ન સમજાય. કેમ કે સમજવું છે એ વિષય તો ભાવાત્મક છે અને અનો ભાવ પોતાને ભાસતો નથી. આત્મજ્ઞાન, શબ્દ છે. બીજજ્ઞાન એ શબ્દ છે. પણ એનો ભાવ શું ? એ ભાવ એને ભાસતો નથી. એની ભાવ સમજવાની યોગ્યતા આજ્ઞાંકિતપણામાં ઉત્પન્ન થાય છે, એમ અહીંયાં કહેવા માગે છે. વિશેષ લઈશું...

આત્મકલ્યાણનો અપૂર્વ વિચાર – નિર્ધાર પ્રાયઃ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષના ચરણ સેવન વિના બીજા પ્રકારે સંભવતો નથી. એવા અપૂર્વ વિચાર વિના અપૂર્વ એવું આત્મજ્ઞાન ઉત્પન્ન થવું સંભવતુ નથી. અપૂર્વ એવા આત્મજ્ઞાન વિના જીવ કાંઈ પણ સાધન કરે તે કલ્પિત છે. એવા કલ્પિત સાધનથી આત્મા છૂટવાને બદલે ઉલ્ટાનો બંધાય છે. તેથી તે કલ્પિત સર્વ સાધનને માઠાં સાધન જાણવા કારણકે તેથી 'સાધું છું'–એવું દુષ્ટ અભિમાન થાય છે, જે સંસારનો મુખ્ય હેતુ છે. જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યા છે તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાએ કર્યા નથી. જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તતા જીવને સંસાર પરિભ્રમણ હોય નહિ કેમકે જ્ઞાનીપુરુષની આજ્ઞા જીવને ભવમાં જતાં રોકનારી છે, અને એકાંતે આત્માર્થ પ્રેરક છે. આથી એવો સિદ્ધાંત ગ્રાહ્ય થાય છે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ 'સિદ્ધપદ' પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ અને સૌથી સુગમ અને સરળ ઉપાય છે. જીવે લૌકિકભાવ છોડી દઈ, પોતાની કલ્પનાએ – છંદે ચાલવાનું તજી દઈ, એક આત્મકલ્યાણના લક્ષે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનો નિર્ધાર કર્તવ્ય છે. (અનુભવ સંજીવની–૧૧૨૨)

## તા. ૧૮-૭-૧૯૯૦, પત્રાંક – ૪૭૧-૪૭૨
## પ્રવચન નં. ૧૮૩

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પત્ર ૪૭૧ ફરીથી. પાનું ૩૮૫. બીજજ્ઞાનનો વિષય આ પત્રની અંદર સંક્ષેપમાં સમજાવ્યો છે. વિસ્તારથી હવે પછીના પત્રમાં લેશે.

**'આત્માને સમાધિ થવા માટે, આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે...'** બંને એક જ વાત છે. સ્વરૂપમાં સ્થિર થઈ જવું એને સમાધિ કહે છે. ચારિત્રની એ દશા છે. એવી દશા પ્રગટ થવા માટે **'સુધારસ કે જે મુખને વિષે વરસે છે, તે એક અપૂર્વ આધાર છે; માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી;...'** આવી આત્મસ્વરૂપમાં સ્થિતિ થવા માટે સુધારસ એટલે આત્માનો અમૃતરસ એની ઉપમા આપી છે. બીજજ્ઞાનને આત્માના અમૃતરસની ઉપમા આપી છે.

અમૃત શબ્દ આત્માનું વર્ણન કરતાં સુખામૃત, આનંદામૃત, જ્ઞાનામૃત એવા ત્રણેક ભેદે વપરાય છે. અર્થ તો એક જ છે કે જેનો અનુભવ થતાં, જે આત્મિક જ્ઞાનનો અનુભવ થતાં, આત્મિક આનંદનો અનુભવ થતાં કે આત્મિક સુખનો અનુભવ થતાં જીવને જન્મ-મરણનો નાશ હોય છે. અમૃત પીતા અમરપદની પ્રાપ્તિ થાય છે. એટલે જન્મ-મરણનો નાશ થાય છે. એટલે એને અમૃત કહેવામાં આવ્યું છે. ન મરે. મૃત એટલે મરવું. ન મરે તે અમૃત, અ-મૃત. એમ એનો અર્થ છે.

અહીંયાં અમૃતરસ **'કે જે મુખને વિષે વરસે છે,...'** ઇરાદાપૂર્વક એમણે આ વાત એવી રીતે નાખી છે. કોઈ એવી કલ્પના કરે કે કોઈ એવી પ્રક્રિયા બનતી હશે કે જેને લઈને આ મુખ છે, મુખ એટલે મોઢું, એમાં કાંઈક સ્વાદ આવતો હશે. પણ એવી કોઈ વાત અહીંયાં કહેવા ધારતા નથી. એ ઉપમા આપી છે. જેમ સ્વાદ મુખની અંદર લેવાય છે એમ આત્માને તો કાંઈ જડ પરમાણુનું મુખ નથી. આ જે પરમાણુની મુખની રચના છે, મોઢાની રચના છે જેમાં જીભ, હોઠ, દાંત, તાળવું એ બધું રહેલું છે. એ પરમાણુઓને આત્માના સ્વરૂપ સાથે ખરેખર કાંઈ સંબંધ નથી. એ જડસ્વરૂપી છે, આ ચૈતન્યસ્વરૂપી છે. એમાં જે કાંઈ રસગ્રંથિઓ છે એ પણ બધી જડસ્વરૂપી

છે. એમાં જે રસ છૂટે છે સ્વાદ લેતાં, જેને અમીરસ કહેવામાં આવે છે, અમી કહેવામાં (આવે છે), એ પણ બધા જડ પરમાણુ છે. એમાં કોઈ ચૈતન્ય નથી. પણ એની ઉપમા આપી છે અહીંયાં. ખરેખર એ કોઈ વાત અહીંયા લેવી નથી.

**'સુધારસ કે જે મુખને વિષે વરસે છે, તે એક અપૂર્વ આધાર છે;...'** તે એક અપૂર્વ હકીકત છે, અપૂર્વ ઘટના છે અથવા એક એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જે પૂર્વે નથી થઈ. માટે એને અપૂર્વ કહી છે. **'માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી;...'** એવો જે જ્ઞાનનો પ્રકાર, મુખ્યપણે ત્યાં જ્ઞાનનું પરિણમન છે. ખરેખર ત્યાં આનંદ અને સુખનું પરિણમન નથી. આનંદ અને સુખનું અતીન્દ્રિય પરિણમન છે એ તો સ્વાનુભવના કાળમાં, ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનના કાળમાં આવે છે. અહીંયાં તો જ્ઞાનનું જ મુખ્ય પરિણમન છે. માટે એને બીજજ્ઞાન કહો એમ કહેવું છે.

હા એ જ્ઞાનની અંદર એટલો પત્તો જરૂર લાગ્યો છે કે મારું સ્વરૂપ એ અનંત સુખનું નિધાન છે. અનંત જ્ઞાન અને અનંત સુખ એ તો મારું સ્વરૂપ છે. એવો પત્તો જરૂર લાગ્યો છે. એ સ્વરૂપ વિષેનું બીજજ્ઞાન છે. આત્મસ્વરૂપનું મૂળ બીજજ્ઞાન. મૂળ એટલે બીજનું જ્ઞાન. મૂળ પહેલા એ બીજ હોય છે. બીજમાંથી મૂળ ઉત્પન્ન થાય છે. મૂળમાંથી બીજ ઉત્પન્ન થવાનો સવાલ નથી અહીંયાં. બીજમાંથી મૂળ ઉત્પન્ન થાય છે. એવું જે બીજ છે એ બીજસ્વરૂપી જ્ઞાન અહીંયાં ઉત્પન્ન થાય છે. એમ **'કહો તો હરકત નથી.'**

**'માત્ર એટલો ભેદ છે...'** એટલે કે એટલો અહીંયા તફાવત ગણવો, એટલું રહસ્ય સમજવું **'કે તે જ્ઞાન...'** એવું જે બીજજ્ઞાન છે તે **'જ્ઞાનીપુરુષ, કે જે તેથી...'** તેથી એટલે બીજજ્ઞાનથી પણ **'આગળ છે.'** બીજજ્ઞાનની દશાથી આગળ સ્વાનુભવની દશામાં આવેલા છે એવા જે જ્ઞાનીપુરુષ છે તેની પાસેથી, તે જ્ઞાનના જાણકાર તેવા જ્ઞાની હોવા જોઈએ કે જેને આત્મા કહીએ. જે આત્મસ્વરૂપ થયા છે, આત્મારૂપ પરિણમ્યા છે. મૂર્તિમંત આત્મજ્ઞાનસ્વરૂપ છે એવા એ બીજજ્ઞાનના દાતાર, બીજજ્ઞાનના દેનારા કે સમજાવનારા એ જ્ઞાનીપુરુષ હોવા જોઈએ. આટલી શરત છે.

કેમ કે શાસ્ત્રમાં પણ ક્યાંક ક્યાંક બીજજ્ઞાનનો વિષય ચાલ્યો છે. તો લોકો એવી રીતે સમજી લે છે કે આવું જે સ્વરૂપનું નિર્ણયવાળું જ્ઞાન તેને બીજજ્ઞાન કહીએ. પણ એ વિષય એવી રીતે ઉપલબ્ધ હોતો નથી. એ તો નીચે ચર્ચા કરવી છે એની

તો. આટલી ત્રણ લીટીમાં એક પોસ્ટકાર્ડની અંદર સંક્ષેપમાં વાત નાખી છે. પછી દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત છે એ કેવી ભૂમિકામાં અંગીકાર થાય છે. અથવા કેવી ભૂમિકામાં એ અંગીકાર થયેલો ગણવો જોઈએ અને એને સિદ્ધાંતજ્ઞાન સમજવું જોઈએ. નહિતર વાચાજ્ઞાન થઈ જાય છે. એમ કહેવાનો અભિપ્રાય છે.

મુમુક્ષુ :- સમ્યક્જ્ઞાન પહેલાંનું જે જ્ઞાન છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વરૂપના નિર્ણયનું, સ્વરૂપના ભાવભાસનનું જે જ્ઞાન છે એને અહીંયાં બીજજ્ઞાન કહ્યું છે. કે જે સમ્યગ્દર્શનનું કારણ છે અને સ્વાનુભવનું કારણ છે. એમ. એટલે આત્મજ્ઞાનનું બીજ જેમાં રહેલું છે એમ કહેવું છે. જે આત્મજ્ઞાન પ્રગટ થવાનું છે અનુભવજ્ઞાન, સમ્યગ્જ્ઞાન એનું બીજ, એ રૂપી જ્ઞાન એને બીજજ્ઞાન કહેવામાં આવે છે. એને અનન્ય કારણ કહ્યું છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું એને અનન્ય કારણ કહ્યું છે. એવું જ્ઞાન થયા પહેલાં કોઈને આત્મજ્ઞાન કે સ્વાનુભવ પ્રગટ થાય એવું બનતું નથી. અથવા બીજ વગર સીધો કોઈને અંકુર ફૂટે, મૂળ બીજ હોય નહિ અને સીધો અંકુર ફૂટે એવું કોઈ ફળવાળું ઝાડ હોતું નથી. કેમ કે મોક્ષફળ આવવાનું છે આને તો. ઘાસફૂસ થાય એની વાત નથી. જો કે વનસ્પતિના જાણકાર તો એમ કહે છે કે એના બીજ પણ હોય છે.

એકવાર એક ચર્ચા થઈ હતી માળી સાથે. કે આ ઘાસ ઊગી નીકળે છે આનું કારણ શું છે ? ચોમાસામાં વરસાદ થાય અને તરત ઘાસ ઊગી નીકળે છે. આને તો કોઈ વાવતું નથી, કોઈ ખેડતું નથી અને આ કેવી રીતે થાય છે ? તો કહે એના એ ઝીણા ઝીણા બીજ હોય છે. અહીંયાં ને અહીંયાં ઘાસ સૂકાઈ ગયું હોય, અહીંયાં ને અહીંયાં બીજ રહી ગયા હોય પાછા. એવા બહુ પ્રમાણમાં એના બીજ હોય છે. એવું માનવું છે એ લોકોનું. આપણે તો કોઈ દિ' જોયું નથી, પણ ચર્ચા થઈ હતી. ટૂંકમાં બીજમાંથી અંકુર ફૂટે છે. આત્મજ્ઞાનનો અંકુર બીજમાંથી ફૂટે છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- તત્ત્વજ્ઞાનના વિચારથી જ્ઞાન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ રીતે સંભવતું નથી, ભાઈ ! કોઈ રીતે બની શકવા યોગ્ય નથી. એવો એક પત્ર છે. કેમ કે એ વિષયથી જીવ અનાદિનો અજાણ્યો છે. જીવ એ વિષયથી તદ્દન અજ્ઞાત છે. વળી અરૂપી સૂક્ષ્મ સ્વભાવ છે, અરૂપી સૂક્ષ્મ માર્ગ છે. એ વિષયથી જ પોતે તદ્દન અજાણ્યો છે. હવે એ કેવી રીતે બને ? (પત્રાંક)

૫૭૫. પાનું ૪૫૫.

**'જેમ છે તેમ નિજ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજ સ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાનીપુરુષનાં વચનો આધારભૂત છે, એમ પરમ પુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે. બારમે ગુણસ્થાનકે વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીના વચનોનો આશય ત્યાં આધારભૂત છે,...'** વિકલ્પ નથી. નિર્વિકલ્પ ગુણસ્થાનમાં પણ એનો આશય આધારભૂત છે. **'એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે.'** આ મહત્ત્વ બતાવે છે એમના વચનામૃતનું.

**'બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત થવાને અર્થે જ્ઞાનીપુરુષનો આશ્રય મુખ્ય સાધન છે; અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે; નહીં તો જીવને પતિત થવાનો ભય છે, એમ માન્યું છે,...'** જિનાગમમાં. **'તો પછી,...'** એટલે એ તો માર્ગ પ્રાપ્તિ પછીની વાત છે. **'તો પછી...'** હવે એની સરખામણીમાં વાત કરે છે. **'પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને...'** **'પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્‌ગુરુના યોગ વિના નિજસ્વરૂપનું ભાન થવું અશક્ય છે, એમાં સંશય કેમ હોય ?'** એ શંકા જ કરવા જેવી નથી કે એમને એમ કોઈને જ્ઞાન થઈ જાય.

**'નિજસ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરુષને પ્રત્યક્ષ જગદ્‌વ્યવહાર વારંવાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી ન્યૂનદશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે ?'** મુમુક્ષુ ચૂકી જાય એમાં શું આશ્ચર્ય છે ? જ્ઞાની ક્યાંક ગોથુ ખાઈ જાય એવી જગતની પરિસ્થિતિ છે. મુમુક્ષુનું બૂતુ શું ? **'પોતાના વિચાર બળે કરી, સત્સંગ-સત્શાસ્ત્રનો આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગદ્‌વ્યવહાર વિશેષ બળ કરે છે, અને ત્યારે વારંવાર શ્રી સદ્‌ગુરુનું માહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત અપરોક્ષ...'** એટલે પ્રત્યક્ષ **'સત્ય દેખાય છે.'** આટલી વાત જોરથી નાખી છે. ૫૭૫માં.

શંકા કરવા જેવી નથી. સંશય શું હોય એમાં કે એના વગર આ રોગ મટે ? અને આ તો ભ્રાંતિનો રોગ છે. મનના રોગીને શું ખબર પડે કે મનનો કયો રોગ છે ? કેવી રીતના રોગ છે ? આ તો ભ્રાંતિનો રોગ છે. એટલે એને પોતાને ખબર જ નથી હોતી. રોગની ખબર નથી એને ઇલાજની શું ખબર હોય ? એ પ્રશ્ન જ ઉપસ્થિતિ થતો નથી. હવે સિદ્ધાંતની વાત કરે છે.

**'દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઈ કર્તવ્ય કહી શકાય નહીં,...'** જ્યારે એક દ્રવ્ય, બીજા દ્રવ્યની સાથે કાંઈ સંબંધ ધરાવતું નથી. બંનેનું પરસ્પર મળવાપણું જ નથી, સ્પર્શ નથી. પરમાણુના સ્કંધમાં પણ એક પરમાણુ ને બીજો પરમાણુ તદ્દન સ્વતંત્ર છે. એવી જ રીતે એક જીવ અને બીજો જીવ તદ્દન સ્વતંત્ર છે. જરા પણ એક જીવ સાથે બીજા જીવનું પરાધીનપણું નથી. હવે એવી સ્થિતિએ તો એમ જાણનારને કાંઈ કરવાપણું રહેતું નથી. **'પણ તે ક્યારે ?'** એ જાણ્યું ક્યારે કહેવાય ?

**'સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે,...'** પોતાના જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે તેનો યથાસ્થિત નિર્ણય થયે. આ બીજજ્ઞાનનો વિષય છે ને એટલે એટલું નાખ્યું સાથે સાથે કે ખરેખર પોતાના સ્વદ્રવ્યનો નિર્ણય અથવા સ્વદ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો નિર્ણય અથવા સ્વદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય એ બીજજ્ઞાનમાં પહેલોવહેલો થાય છે. એ સમજાયે અને સમજાવા ઉપરાંત **'સ્વદ્રવ્ય સ્વરૂપપરિણામે પરિણમી..'** હવે પરિણમન આવવાની વાત લીધી. પહેલો નિર્ણય થાય પછી એનું એ રૂપ પરિણમન થાય. તદ્રૂપ પરિણમન થાય. અને એવું પરિણમન થતાં **'અન્ય દ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઈ,...'** અન્ય દ્રવ્યની સર્વથા અપેક્ષા છૂટી જતાં **'કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતું નથી;...'** અને એવી કૃતકૃત્યતા પ્રગટ થાય ત્યારે કાંઈ કરવાપણું રહેતું નથી. કરવાયોગ્ય એને કોઈ કાર્ય રહેતું નથી. **'એમ ઘટે છે, અને એમ જ છે.'**

એ પહેલા ન્યાય એવો છે કે જેટલો રાગ પોતાને, પોતાના દેહ માટે થાય તેટલો એને બીજાના દેહ સંબંધી દુઃખ-સુખાદિ સંબંધીનો કાંઈ પણ વિચાર એને કરવા યોગ્ય છે, કર્તવ્ય છે. જ્યાં સુધી પોતાનો ઉપયોગ બહાર જાય છે અને કોઈ બીજા પદાર્થને અવલંબે છે ત્યારે એ પદાર્થ સંબંધી વિવેક હોવો ઘટે છે. સારાસારનો, સુખ-દુઃખનો વિવેક હોવો ઘટે છે. નહિતર બીજાને અન્યાય થયા વિના રહે નહિ. પોતાના બાહ્ય સંયોગોની સાવધાની રાખે, પોતાના શરીરની સાવધાની રાખે, પોતાના કુટુંબની સાવધાની રાખે, જેના ઉપર રાગ હોય એનું બરાબર ધ્યાન રાખે અને એ સિવાયની વાત આવે તો ઉપેક્ષા કરે કે ભઈ ! મારે તો ક્યાંય પણ કોઈપણ જગ્યાએ રાગ-દ્વેષનું કાર્ય કરવું નથી. તો એ ન્યાયસંપન્ન વાત નથી.

એટલે કર્તવ્યના વિષયની અંદર ક્યારે એ કર્તવ્ય છે ? કે **'સ્વદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવે યથાસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપપરિણામે પરિણમી અન્યદ્રવ્ય પ્રત્યે કેવળ**

**ઉદાસ થઈ,...**' એવી પરિણમનની સ્થિતિ થાય ત્યારે એને કાંઈ કર્તવ્ય રહેતું નથી. નહિતર કર્તવ્ય, અકર્તવ્યના વિષયમાં પોતપોતાની ભૂમિકા પ્રમાણે, બહારમાં પણ પોતાની ફરજ અથવા કર્તવ્ય ઉત્પન્ન થાય છે અને એ કર્તવ્યનો એને વિવેક કરવો ઘટે છે.

મુમુક્ષુ :- બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- દેવ, શાસ્ત્ર, ગુરુ, સત્પુરુષ, શાસન એ બધું એમાં આવે છે. અને બીજા જીવોને સુખ-દુઃખનો વિષય. બીજાની હિંસા-અહિંસાનો વિષય. બીજાની પ્રતિકૂળતાનો વિષય એ બધું એમાં આવે છે. શાસન સિવાય પણ કોઈપણ જગતનો જીવ હોય એને પોતાના મનથી, વચનથી, કાયાથી દુઃખ પહોંચતું હોય. તો પોતે દેહના દુઃખથી, દેહના રાગથી એક તો હજી પોતાના પરિણામ એ બાજુ ખેંચાય છે તો એને બીજાનો પણ વિવેક કરવો ઘટે છે. એમ.

મુમુક્ષુ :- સત્ય વાત કહેતાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રશ્ન જ નથી. સત્ય વાત કહેતા કોઈને તો તકલીફ થવાની જ છે. જેને અસત્યનો આગ્રહ છે એને તો તકલીફ થવાની જ છે. થયા વગર રહેશે નહિ. પોતે પોતાના સન્માર્ગે ચાલે, સન્માર્ગે ચાલતા ગમે તે થાય એનો વાંધો નથી. એમાં સન્માર્ગે ચાલવાનો અભિપ્રાય છે, કોઈને દુઃખી કરવાનો અભિપ્રાય એમાં નથી. એના કરતાં પણ મુનિરાજને બચાવવા જતાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવની હિંસા કરવી પડે. એ તો સીધો હિંસાત્મક પ્રહાર છે. હિંસાત્મક પરિણામ અને હિંસાત્મક પ્રક્રિયા દેખાય છે. પણ આશય નથી હિંસા કરવાનો, આશય એને દુઃખ પહોંચાડવાનો નથી. એટલે ક્યાંક એવો ન્યાય છે કે કોઈ બાળકબુદ્ધિએ બાળક જેમ સોમલનો લાડવો ખાતો હોય, જેમાં સોમલ ભેળવ્યું છે, ઝેર ભેળવ્યું છે એવો લાડવો ખાતો હોય અને એ લાડવો ખાવાનું ન છોડતો હોય, અને એ છોડાવવા છતાં એ રડતો હોય, એમાં શું ન્યાય છે ? આ ન્યાય છે. એ દુઃખી થશે. એના હાથમાંથી લાડવો લઈ લેશે તો એ દુઃખી થશે. રડવા લાગશે. તો એને દુઃખી કરવો કે એને સોમલ ખાવા દેવું ? એવું કોઈક બાળકબુદ્ધિએ પ્રવર્તન થતું હોય અજ્ઞાની દશામાં તો જ્ઞાની કોઈ વખત એવો કડક રસ્તો પણ અપનાવે ખરા. છતાં એ ન્યાયસંપન્ન છે. એમ વાત છે. એને ઝેરવાળો લાડવો, માતા એના બાળકને ખાવા દે નહિ. ધોલ મારીને આંચકી લે. તારે એ નથી ખાવાનો. ભલે એ વખતે હાથ-પગ પછાડે. પણ લઈ લે તો એ લઈ જ લે. ખાવા ન દે.

મુમુક્ષુ :- ... જેમ માતા-પિતાનો અધિકાર છે એમ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ્ઞાનીનું જ્ઞાન છે. એમ જ છે. જ્ઞાનની શિક્ષા, દીક્ષા, ઉપદેશ એ તો જ્ઞાનીનો જ અધિકાર છે. એમાં પણ મુખ્યપણે આચાર્યનો. એ જ્ઞાનીનો અધિકાર છે. એમ જ છે.

મુમુક્ષુ :- જિનશાસનમાં જે લોકો વર્તતા હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનો અધિકાર છે પણ મર્યાદા છે. એની મર્યાદા છે. અમર્યાદા નથી. કેમ કે પોતે જ્યાં સુધી પરિણમનમાં ન આવે ત્યાં સુધી એને પોતાને પણ કોઈ ઉપર ઉપદેશ લાગુ કરવાનો, આગ્રહ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ એ વાતનો કોઈ છળ પકડીને પણ બેસવાનું નથી. પોતાનું જે કર્તવ્ય છે અને પોતાની જે ફરજ છે એ ન્યાયસંપન્નપણે પોતે વિચારવાની છે અને તે પોતાને નિર્દોષ રહેવા માટે વિચારવાની છે. પોતાના આત્માને દોષમાં પોતે નાખે તો પોતે જ પોતાનો દુશ્મન થશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યાં સુધી જીવ પોતાના દેહાર્થે, ટૂંકામાં પેટ ભરે છે લ્યો ને ! ત્યાં સુધી એમાંથી કણ પણ બચાવીને એણે કાંઈને કાંઈ યત્કિંચિત્ દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ, સન્માર્ગનો પ્રચાર-પ્રભાવ એ વિષયની અંદર એણે કાંઈને કાંઈ સમર્પણ કરવું ઘટે છે. એ એની ફરજ સામે ઊભી થાય છે. જો કે આ માર્ગ તો પેટે પાટા બાંધીને પ્રભાવના કરવાયોગ્ય છે. પેટે પાટા બાંધીને સમજાય છે ? કહેવત ન સમજાય. પેટે પાટા બાંધવા એટલે થોડું ભૂખ્યા રહેવું પડે અને એ ભૂખ્યા રહેતા અનાજ બચે. બીજી બચત ન રહેતી હોય. પણ જે આ વીતરાગમાર્ગ છે એનો પ્રચાર-પ્રસાર-પ્રભાવના થતી હોય તો પેટે પાટા બાંધીને પણ કરવા યોગ્ય છે. અને કરવી જોઈએ એવો અભિપ્રાય મુમુક્ષુની ભૂમિકામાં પ્રથમ જ ઉત્પન્ન થવો જોઈએ. એને માર્ગની પ્રાપ્તિ થાય છે. એને માર્ગ પ્રત્યેનું આટલું મમત્વ છે કે જેટલું એને દેહ પ્રત્યે મમત્વ નથી. એટલું એને મમત્વ છે. એને માર્ગપ્રાપ્તિનું અધિકારીપણું આવે છે. એ જીવ માર્ગનો અધિકારી છે. ત્યાં સુધી એને માર્ગ દૂર રહે છે. એને માર્ગની સમીપતા આવતી નથી. આવો અભિપ્રાય પહેલોવહેલો માર્ગ પ્રાપ્ત થનાર, ભવિષ્યમાં જેને માર્ગ પ્રાપ્ત થવાનો છે એવા જીવને ઉત્પન્ન થઈ આવે છે. કુદરતી એના આત્મામાં એ ચીજ ઊગે છે. શીખડાવવી પડતી નથી, સમજાવવી પડતી નથી. એને એ વાત ઊગી નીકળે છે.

મુમુક્ષુ :– આ યથાસ્થાનનો રાગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, યથાસ્થાનનો રાગ છે.

મુમુક્ષુ :– જેને આ રાગની ખબર નથી એને...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એને તો આગળની કોઈ વાત સમજાવાનો પ્રશ્ન નથી. કોઈ બીજી વાત આગળની, ઉપરની ભૂમિકાની એને સમજાય છે એ સ્વીકારવા જેવું નથી. માનવા જેવું નથી. એમ છે. ૪૭૧ (પત્ર પૂરો) થયો.

૪૭૨મો પત્ર એ વિષયની અંદર વિસ્તાર કરે છે.

**'પરમસ્નેહી શ્રી સુભાગ્ય તથા શ્રી ડુંગર, શ્રી સાયલા. આજે કાગળ ૧ શ્રી સુભાગ્યનો લખેલો આવ્યો તે પહોંચ્યો છે. ખુલ્લા કાગળમાં...'** એટલે ઉપરના કાગળમાં–પોસ્ટકાર્ડમાં. **'સુધારસ પરત્વે પ્રાયે સ્પષ્ટ લખ્યું હતું, તે ચાહીને લખ્યું હતું.'** એટલે આશયથી, ઇરાદાથી, ઉદ્દેશપૂર્વક લખ્યું હતું. **'એમ લખવાથી વિપરિણામ આવવાનું છે નહીં, એમ જાણીને લખ્યું હતું.'** એ લખતાં કોઈ તમે ઉલટી-સુલટી વાત સમજી લેશો અથવા ખરેખર મોઢામાં કોઈ સુધારસ ઉત્પન્ન થાય છે, અમૃતરસ ઉત્પન્ન થાય છે એવું સમજી લેશો એમ પણ અમે માન્યું નથી. એમ કહેવું છે.

**'કંઈ કંઈ તે વાતના ચર્ચક જીવને જો તે વાત વાંચવામાં આવે તો કેવળ તેથી નિર્ધાર થઈ જાય એમ બને નહીં,...'** આ વાત કોઈ ચર્ચે છે. એમાં શું છે કે આમની વચ્ચે ચર્ચાણી હશે. 'ડુંગરભાઈ' અને 'સોભાગ્યભાઈ'ની વચ્ચે આવો કોઈ વિષય બીજજ્ઞાનનો ચર્ચાયો હશે. તો કહે છે, એના ચર્ચા કરનારાઓને આવી વાત વાંચવામાં આવે તો એથી એને કાંઈ એવો નિર્ધાર થઈ જાય એટલે સુધારસ થઈ જાય, નિર્ણય આવી જાય કે આને સુધારસ કહેવાય અથવા અમને આ રીતે સુધારસ અથવા બીજજ્ઞાન થયું છે. આ વાત અમે સમજીએ છીએ, ચર્ચા કરીએ છીએ, જાણીએ છીએ એમ બને નહિ.

**'પણ એમ બને કે જે પુરુષે આ વાક્યો લખ્યાં છે તે પુરુષ કોઈ અપૂર્વ માર્ગના જ્ઞાતા છે,...'** જેણે આ વાત પ્રસ્તુત કરી છે, રજુ કરી છે એ કોઈ આ વિષયના જાણકાર છે અને આ વિષયના તે જાણકાર હોય તો તે અપૂર્વ માર્ગના જાણકાર છે. અને આ વાતનું નિરાકરણ એટલે આ વાતનું સ્પષ્ટીકરણ. નિરાકરણનો અર્થ એ છે. આ વાતનું સ્પષ્ટીકરણ, આ વિષયનું સ્પષ્ટીકરણ **'તે પ્રત્યેથી...'** એટલે તે પુરુષ પ્રત્યેથી **'થવાનો મુખ્ય સંભવ છે, એમ જાણી તેની તે પ્રત્યે કંઈ પણ ભાવના થાય.'** એટલે

આદરભાવના થાય. એ વિષય સમજવા માટે પોતાને તે પુરુષ પ્રત્યે ગરજ ઉત્પન્ન થાય એને અહીંયાં ભાવના કહી છે.

ખરેખર તો આ ગરજનો વિષય છે. જીવને સન્માર્ગ પ્રાપ્તિની, સન્માર્ગ સમજવાની કેટલી ગરજ છે ? એટલા પ્રમાણમાં એની પાત્રતાનો આંક છે. પાત્રતા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અનેક પ્રકારે એના ભેદ છે. એમાં પાત્રતા ક્યારે, કેટલી ગણવી ? એનું માપવાનું મીટર શું ? કે એ પાત્રતામાં જેટલી સન્માર્ગ પ્રાપ્તિની ગરજ છે એટલી એ જીવની પાત્રતા સમજવાયોગ્ય છે.

કોઈ જીવ એવા હોય છે કે જે તમામ પ્રકારની ચિંતા, વર્તમાનની અને ભવિષ્યની, એક કોર હડસેલીને, એક બાજુ રાખી દઈને આ વાત પહેલા મુખ્ય કરવી છે. એ સંબંધીમાં એટલે હદ સુધી આવી જાય છે કે એમાં એ જીવન-મરણનો કોઈ હિસાબ ગણે નહિ. ત્યારે તે ઉત્કૃષ્ટ પાત્રતામાં આવે છે. એ ઉત્કૃષ્ટ પાત્રતામાં આવે છે એને વસ્તુ દૂર નથી. એને પોતાનો સ્વાનુભવ કે સન્માર્ગ દૂર નથી. પણ જેને પાત્રતા ઓછી છે એટલે કે બીજે પણ એને સંભાળ રાખવી છે (તે વસ્તુની પ્રાપ્તિથી દૂર છે).

શું કહે છે ? કે એ વિષે જેણે વાક્યો લખ્યા છે અથવા કહ્યા છે, એમ હોય. કોઈ લખનાર હોય, કોઈ કહેનાર હોય તો તે કોઈ અપૂર્વ માર્ગના જ્ઞાતા છે, એમ એને પોતાને ધ્યાન ખેંચાય છે. એ વાતને સાંભળનાર કે વાંચનારનું ધ્યાન ખેંચાય છે કે નક્કી આ પુરુષ કોઈ આ માર્ગનો જાણનાર છે, અનુભવી પુરુષ છે એમ એને લાગે છે. અને તેથી એનું સ્પષ્ટીકરણ મેળવવા એ વિષયને પ્રાપ્ત કરવા માટે. નિરાકરણની અંદર બધું આવી જાય છે. માત્ર સ્પષ્ટીકરણથી સમજવું નથી, પણ એ વિષયની પ્રાપ્તિ માટે એને શું શું હોવું ઘટે છે ? શું શું યોગ્ય છે ? શું શું અયોગ્ય છે ? એ બધો ચારે પડખેથી વિષય પણ એને નિરાકરણ કહેવામાં આવે છે. એવું નિરાકરણ થવાનો સંભવ જાણી તેની **'તે પુરુષ પ્રત્યે કાંઈ પણ ભાવના થાય.'** અથવા પૂરી ભાવના થાય અથવા વધુ ભાવના થાય અથવા કાંઈપણ ભાવના થાય. ઓછામાં ઓછી કાંઈકને કાંઈક ભાવના થાય. પછી જેટલી વિશેષ ભાવના થાય એટલી એની પાત્રતા વિશેષ હોય છે.

**'કદાપિ એમ ધારીએ કે તેને કંઈ કંઈ સંજ્ઞા તે વિષેની થઈ હોય,...'** એટલે હવે અહીંયાં એક બીજો તર્ક મૂક્યો છે. ધારો કે તે વાત વાંચનારને અથવા સાંભળનારને એ દિશામાં કાંઈપણ ખ્યાલ આવ્યો છે. સંજ્ઞા થઈ હોય એટલે કાંઈક એને ખ્યાલ

આવ્યો છે. **'અને આ સ્પષ્ટ લખાણ વાંચવાથી તેને વિશેષ સંજ્ઞા થઈ પોતાની મેળે તે નિર્ધારમાં આવી જાય, પણ તે નિર્ધાર એમ થતો નથી.'** ક્યાં સુધી વાત લીધી ? તદ્દન અજાણ્યો છે એમ નહિ. પણ એ વિષયક કાંઈક વાંચ્યું છે. એ વિષે કાંઈક સાંભળ્યું છે. જુદા જુદા ગ્રંથોમાંથી, જુદા જુદા વક્તાઓ પાસેથી, વિદ્વાનો પાસેથી કે સત્સંગીઓ પાસેથી, સાધર્મીઓ પાસેથી કાંઈ સાંભળ્યું હોય, કાંઈક એને ખ્યાલ આવ્યો હોય અને પછી આવું સ્પષ્ટ લખાણ વાંચે ત્યારે એને વિશેષપણે એ વાત સમજાય જાય અને એને પોતાને નિર્ણય થઈ જાય કે બીજજ્ઞાન મળી જાય. એવું પણ બનતું નથી.

મુમુક્ષુ :- તત્ત્વજ્ઞાન (જણાયાથી) પ્રશ્ન બને નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બને નહિ. એટલે કોઈ એ જાતનો પ્રયત્ન કરે છે તો એ પ્રયત્ન એનો સફળ થવાની કોઈ પરિસ્થિતિ નથી. બીજજ્ઞાનમાં નથી. અનુભવજ્ઞાન તો હજી આગળની ચીજ છે. પણ બીજજ્ઞાનમાં નથી. જો કે બીજજ્ઞાન થાય એને તો અનુભવજ્ઞાન થાય, થાય ને થાય જ છે.

મુમુક્ષુ :- સત્પુરુષ ન હોય ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષની અનુપસ્થિતિ હોય ત્યારે એવા સત્પુરુષની આશ્રયભાવના તીવ્ર થવી જોઈએ. તરસ લાગી હોય અને પાણી ન હોય તો શું કરવું ? મારો પ્રશ્ન છે આપની સામે કે તૃષા લાગી છે પણ પાણી નથી હવે શું કરવું ? છોડો હવે પાણી છે નહિ પછી શું માથાકૂટ કરવી ? પાણી મળવાનું નથી અને પાણી છે નહિ. કોઈ તૃષાવાનને એમ બને ખરું ?

એને એમ ખ્યાલ આવે કે ક્યાંય આટલામાં પાણી નથી તો મારી તરસ વધી જાય અને હું મરી જાઉં એ પહેલા હું ક્યાંક પાણી ગોતી કાઢું. એટલું અંતર કાપી લઉં, જે દિશામાં પાણી હોય એ દિશામાં. નહિતર પાણીનો ખ્યાલ આવશે પણ અધવચ આપણે ખલાસ થઈ જશું. એટલી અગમચેતી વાપરે. કેટલી ? એટલી અગમચેતી વાપરે. કેમ કે એને જરૂર છે માટે. એને જીવવું છે માટે. એને મરવું નથી માટે. એમ અહીંયાં તો (પછી) એકેયવાર મરવું નથી અને (ત્યાં) તો (ફક્ત) એક વખત મરવું નથી અનંત મરણમાંથી. એને કેટલી અગમચેતી વાપરવી જોઈએ ? એવી વાત છે.

જો એ આશ્રયભાવના તીવ્ર થાય છે, સત્પુરુષની અનુપસ્થિતિમાં એ આશ્રયભાવના તીવ્ર થાય છે અથવા અંતરથી સત્પુરુષનો યોગ મેળવવા માટે જીવ આતુર થાય

છે ત્યારે એને અવશ્ય સત્પુરુષનો યોગ થાય છે. લગભગ તો હજી આ કાળમાં ક્યાંક ને ક્યાંક કોઈ સત્પુરુષ હોય છે એવી પરિસ્થિતિ છે. અથવા કોઈ કાળ હજી એવો જશે કે સો-પચાસ વર્ષ નહિ પણ હોય અને વળી ક્યારેક હશે. પણ અત્યાર સુધી તો એમ માનો કે ચાલતું આવ્યું છે. (જ્ઞાની) હોય છે પણ પોતાની આતુરતા ન હોય એટલે નજર પડતી નથી. પોતાની શોધ હોતી નથી માટે નજર પડતી નથી.

હમણાં 'શ્રીમદ્જી'ના સમાજમાં જવાનું થયું. બે વખત આ પ્રશ્ન ઊઠાવ્યો છે કે જ્યારે આટલી બધી વાત આની અંદર સ્પષ્ટ છે તો એની આતુરતા કાં નહિ ? એની શોધ કાં નહિ ? અને વળી આ વાત આપણને જાણવા મળી એનો સંતોષ થઈ ગયો ? આ તો 'કૃપાળુદેવે' બહુ સરસ વાત કરી છે. આવી વાત આપણે કોઈ દિ' જાણી નહોતી. બહુ સરસ વાત જાણવા મળી. બસ, પૂર્ણવિરામ મુકી દીધું ? આ શું છે ? એ ખરેખર એ વાત કહેનારની અને વાતની બંનેની ઉપેક્ષા છે. જાણે-અજાણે પણ એ ઉપેક્ષા છે. ઉપેક્ષા કહો, આજ્ઞા વિરુદ્ધતા કહો, અવગણના કહો, કે એમની આજ્ઞા ઉપર પગ મૂકીને ચાલવું છે એમ કહો. બધું સરખું છે.

મુમુક્ષુ :– પ્રમાદ...

પૂજ્ય ભાઈશ્રી :– પ્રમાદ કાંઈ નથી. જરૂર નથી એને. પોતાને જરૂર લાગે તો શોધ કર્યા વિના રહે નહિ. એને જરૂર દેખાણી નથી. કહે છે તો પણ એ વાત સંભળાતી નથી એના જેવી વાત છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એ માટે વિચારવું પડે છે. કે આ જીવે પરિભ્રમણમાંથી છૂટવું છે કે નહિ ? આ એક પ્રશ્નમાં ઘણો અર્થ સમાયેલો છે. પહેલું એ નક્કી કરવું કે તને જરૂર નથી જણાતી એનો અર્થ એમ છે કે અત્યારે મને વાંધો નથી. બરાબર છે ? અત્યારે કાંઈ વાંધો નથી. અત્યારે વાંધો નથી એમ નહિ હવે પછી શું ? એ વિચારવું પડે છે.

અહીંયાં મુમુક્ષુજીવ એટલે વિચારવાન જીવ. એને મુમુક્ષુજીવ કહ્યો છે. અવિચારી જીવને મુમુક્ષુ નથી કહેતા. જેને પોતાના હિત-અહિતનો વર્તમાન અને ભવિષ્યનો વિવેક-વિચાર નથી તે અવિચારી છે. અહીંયાં જેને વિચાર છે એની વાત લેવી છે. પણ એમાંથી ગયો. એમ થયું ને ? મુમુક્ષુતામાંથી ગયો. બસ, પછી તો કાંઈ સવાલ નથી. જગતના જીવો જીવે છે એ રીતે પોતે જીવે છે. ધાર્મિકક્ષેત્રમાં જે કાંઈ કરે છે એ

એક જાતનો દેખાવ છે. બીજું કાંઈ છે નહિ. બસ, આટલું જ વિચારવાનું છે. ફરી ફરીને જે વિચારવું છે એ આટલું વિચારવું છે કે તને તારી દયા છે કે નહિ ?

અનંત જન્મ-મરણ કરી ચૂકેલા આ આત્માની દયા જ્યાં સુધી પોતાને આવતી નથી ત્યાં સુધી એ આ વાતને ગ્રહણ કરવાનો અધિકારી થતો નથી. આ સીધે સીધી સાફ સાફ વાત છે. ત્યાં સુધી પાત્રતા નથી. પહેલી એ વાત છે કે તારે તને હવે બચાવવો છે કે નથી બચાવવો ? નક્કી કર તું. એમાંથી જરૂરિયાત ઊભી થાય છે. આ વાત જ્યાં સુધી વિચારવામાં ન આવે, વિચારવામાં ન આવે (એમ નહિ), દૃઢ થઈને વિચારવામાં ન આવે ત્યાં સુધી એ વિષયનો કાંઈપણ પ્રયત્ન નહિ થાય. કોઈ વાત આગળ ચાલવાની નથી. અને બાકી તો સંપ્રદાયની ક્રિયાઓ જેમ બીજા બીજા સંપ્રદાયની કરે છે એમ અમે આ અહીંયાં આવીને વાંચન કરે અને પૂજા કરે અને ભક્તિ કરે. એ બધી ક્રિયામાં એ પણ યંત્રવત્ કરીને ઘર ભેગો. ઘરભેગો નથી જન્મ-મરણના ચક્કર ભેગો છે. એમાંથી છૂટવાનો કોઈ રસ્તો નથી. શું કહે છે ?

એ રીતે **'તે નિર્ધાર એમ થતો નથી. યથાર્થ તેના સ્થળનું જાણવું...'** સ્થળ એટલે ભૂમિકા. **'યથાર્થ તેના સ્થળનું જાણવું તેનાથી થઈ શકે નહીં.'** એવી રીતે ગ્રંથ વાંચીને, ચર્ચા કરીને એ વિષયનું એવી રીતે કોઈ જાણવું થઈ શકે નહિ. **'અને તે કારણથી જીવને વિક્ષેપની ઉત્પત્તિ થાય...'** વિક્ષેપ એટલે આતુરતા. ખળભળાટ. કે મારે આ વસ્તુ બીજજ્ઞાન સુધી પહોંચવું છે પણ આ વાત ક્યાંય સત્પુરુષ સિવાય મળે એવું છે નહિ. માટે એ સંબંધીનો વિક્ષેપ ઉત્પન્ન થાય. વિક્ષેપ ઉત્પન્ન થાય એટલે અંદરમાં ખદબદાટ થઈ જાય કે ક્યાંથી મળે એમ છે ? ક્યાંથી મળે એમ છે ? આના યથાર્થ જ્ઞાતા કોણ છે ? યથાર્થ જ્ઞાતા કોણ છે ? એ જાતનો વિક્ષેપ ઉત્પન્ન થાય.

**'વિક્ષેપની ઉત્પત્તિ થાય કે આ વાત કોઈ પ્રકારે જાણવામાં આવે તો સારું. તો તે પ્રકારે પણ જે પુરુષે લખ્યું છે તે પ્રત્યે તેને ભાવનાની ઉત્પત્તિ થવી સંભવે છે.'** એ રીતે એને વિશેષ ભાવના થવાનું કારણ બને છે અને પોતે પણ ચાહીને એ સુધારસ મુખને વિષે વરસે છે અને તે એક અપૂર્વ આધાર છે એમ ચાહીને લખ્યું છે એટલા માટે કે અહીંયાં કાંઈક વાત કહેવા માગે છે. કોઈક વાત રહસ્યભૂત કહેવા માગે છે. જેનાથી હું અજાણ્યો છું એવી વાત કહેવા માગે છે. એવી કાંઈક જિજ્ઞાસા અથવા એવો કોઈ વિક્ષેપ ઉત્પન્ન થાય.

મુમુક્ષુ :– ઘણી કરુણા કરી.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી આત્મીયતા ઘણી. 'સોભાગભાઈ' પ્રત્યે આત્મીયતા ઘણી છે.

**'ત્રીજો પ્રકાર એમ સમજવા યોગ્ય છે કે સત્પુરુષની વાણી સ્પષ્ટપણે લખાઈ હોય...'** અથવા સ્પષ્ટપણે કહેવાણી હોય. બેય લઈ લેવું. લખવું અને કહેવું. એક વાંચવાનો વિષય છે, એક સાંભળવાનો વિષય છે. **'તોપણ તેનો પરમાર્થ સત્પુરુષનો સત્સંગ જેને આજ્ઞાંકિતપણે થયો નથી, તેને સમજાવો દુર્લભ થાય છે,..'** આ શરત નાખી છે એમણે. સત્પુરુષ મળે એટલી વાત નથી, સત્પુરુષનો સત્સંગ થાય એટલી વાત નથી પણ સત્પુરુષનો સત્સંગ આજ્ઞાંકિતપણે થાય, આજ્ઞાંકિતપણું આવે–એમનો વિકલ્પ એ જ આજ્ઞા છે. એવું આજ્ઞાંકિતપણું આવે, એના કોઈપણ એક વિકલ્પથી જરાપણ જેને વિરુદ્ધ જવું નથી. એવી એને પોતે આજ્ઞા માથે ચડાવવાની શિરોધાર્ય કરવાની તૈયારી હોય તો એમણે કહેલી વાત સમજાય. નહિતર ગમે તેટલી સ્પષ્ટ કહી હોય, ગમે તેટલી સ્પષ્ટ લખી હોય તોપણ એનો પરમાર્થ સમજાય નહિ. શબ્દાર્થ સમજાય, ભાવાર્થ સમજાય, નયાર્થ સમજાય, મતાર્થ સમજાય પણ પરમાર્થ સમજાય નહિ. એ બધા અર્થ ક્ષયોપશમનો વિષય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. બહુ સ્પષ્ટ વાત છે. આ સિદ્ધાંત છે. કેમ કે ત્યાં સુધી તે વાતનો પરમાર્થ ગ્રહણ કરવાની પાત્રતા વિશેષ હોતી નથી. પાત્રતા વિશેષ નથી હોતી એમાં જો ઊંડાણમાં જઈએ તો બહુ સ્પષ્ટ વાત એ છે કે આ જીવને હજી પોતાને પોતાનો પારમાર્થિક હિત કરવું છે એવું એને ભાસ્યું નથી. એવું એણે નક્કી કર્યું નથી. એને આત્મહિત પણ કરવું છે અને બીજું બધું પણ ઘણું જોઈએ છે. બે વાત એણે એકસાથે કરવી છે. આ પણ જોઈએ અને આ પણ જોઈએ. એવી રીતે આ વાતનો પત્તો લાગતો નથી. એમ છે ખરેખર તો.

એને અંદરમાં ભવદુઃખ છે એ હજી વહાલું છે. આ સીધી વાત છે. ભવદુઃખ વહાલું છે એમ છે ખરેખર. ભવભ્રમણ કરે છે એનું દુઃખ એને વહાલું છે. ત્યારે મૂળમાર્ગ સાંભળવો હોય તો 'ન હોય વહાલું અંતર ભવદુઃખ' એમ લીધું છે. ભવદુઃખ વહાલું ન હોય એનું કામ છે. છૂટવું છે એને કોઈ બાંધનાર નથી અને સ્વયં જેને બંધાવું છે એ બંધાનારને કોઈ છોડાવનાર જગતમાં નથી. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ સમર્થ

નથી કે એને છોડાવે. એનો પરમેશ્વર એને હજી રખડવાની ઇચ્છા રાખે છે એટલે રખડાવવા માગે છે એટલે પોતાનો પરમેશ્વર પોતાને રખડાવવા માગે છે. તો એની પરમ ઐશ્વર્યતા છે. એ વિષયમાં પણ એની પરમ ઐશ્વર્યતા છે. બીજો ઈશ્વર એમાં કામ કરી શકે એવું નથી. એને કોઈ ન બચાવી શકે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બની ગયો છે દૃષ્ટાંત. આ શીખની અંદર ગુરુ થયા ને 'ગુરુગોવિંદસિંઘ' થયા. ઇતિહાસ વાંચ્યો, ભણ્યા હોય એને ખબર હોય 'ગુરુગોવિંદસિંહ'. મુસલમાન રાજ્યનો વિસ્તાર થતો હતો હિન્દુસ્તાનમાં, મોગલ બાદશાહોનો. અને એક કોઈ એવી કોમ હતી કે જે હિન્દુત્વને રક્ષણ કરી શકે, કોઈ કટ્ટર કોમ હતી તો શીખ. પણ એ મુઠ્ઠીભર માણસો હતા. મોગલ બાદશાહોની શક્તિ ઘણી હતી, સૈન્ય ઘણું હતું. સામે સામે એક નદીના બે કિનારે સામે સામા બેયના પડાવ હતા. એક બાજુ શીખનો, એક બાજુ મુસલમાન બાદશાહનો.

સવાર પડે તો એ ચડાઈ એવી રીતે કરે કે આ મુઠ્ઠીભર માણસોને મારી નાખવા એ તો બહુ સામાન્ય વાત છે. આને એવું નક્કી કર્યું રાત્રે બાર વાગ્યે એક મીટિંગ કરી. મારે આ સૈન્યની અંદર માથું ઉતારીને દે એવા માણસો જોઈએ. હું એમ કહું કે અત્યારે મારે તમારું માથું જોઈએ તો પોતાની તલવારથી કાપી, અને પોતાનો ચોટલો પકડી, શીખો તો ચોટલા રાખેને, ચોટલો પકડીને આપી દે મારા ચરણમાં. મારે આવા સો માણસો ફક્ત જોઈએ છે. વધારે નથી જોતા. માથું ઉતારીને દે આ સેંકડો માણસમાંથી સો માણસ જોઈએ છે. માથું ઉતારીને દે એવા. તો બચાશે નહિતર આખું હિન્દુસ્તાન મુસલમાન થઈ જશે. એવા માણસો એને મળ્યા. રાતો રાત એ લોકોએ ડૂબકી મારી સામે કાંઠે પહોંચી ગયા. મુઠ્ઠીભર માણસોએ આખું સૈન્ય સૂતું હતું એને કાપી નાખ્યા બધાને. મારી નાખ્યા. એ લડાઈ હારી ગયા. એમ કહેવાય છે કે આજે હિન્દુસ્તાનમાં હિન્દુ છે એનું કારણ 'ગુરગોવિંદસિંઘ' છે. એ ન હોત તો અત્યારે કદાચ કોઈ હિન્દુ હોત જ નહિ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– આની અંદર એવી વાત છે. કે જો જમીન અને રાજ્યનો જ્યાં સવાલ છે ત્યાં પણ માથાસાટે માલ છે. તો પછી અહીંયાં હવે પરમાત્મપદની

પ્રાપ્તિ કરવી છે, સર્વોત્કૃષ્ટની પ્રાપ્તિ કરવી છે અને એમાં એને શરત રાખવી છે પોતાની. આટલું દઉં અને આટલું ન દઉં. આટલું તો મારું ધાર્યું કરું. આટલું તમારી વાત માનું. બાકીની હું મારી વાત રાખીશ. તમારી વાત બાકીની નહિ માનું. એમાં નહિ માનું. બાકી બધામાં માનીશ પણ આમાં નહિ માનું. એવી કોઈ એક વાત હોય છે ત્યાં સુધી એને આ માર્ગ ગ્રહણ થવાનો અધિકાર આવતો નથી. આવી વાત છે. પૂરેપૂરી શરણાગતિનો સવાલ છે આમાં. એટલે એમ પણ એમાંથી સ્પષ્ટ નીકળે છે કે સ્પષ્ટીકરણ ઘણું મળે, સ્પષ્ટ વાંચવા મળે કે સ્પષ્ટ સાંભળવા મળે માટે એ વાત સમજી જઈ અને પામી જવાય છે અને એ રીતનો પ્રયત્ન કોઈ સફળ થાય છે, એ પ્રકારનો પ્રયત્ન સફળ થાય છે એ વાત વગર સમજેલી છે, એ વાત સમજણવાળી નથી.

**'એમ તે વાંચનારને સ્પષ્ટ જાણવાનું ક્યારેય પણ કારણ થાય.'** ઉપરની જે વાત લખી છે (પત્રાંક) ૪૭૧માં એ વાત જાણવાનું એને એ રીતે કારણ થાય. **'જોકે અમે તો અતિ સ્પષ્ટ લખ્યું નહોતું...'** થોડી ગોળ ગોળ વાત રાખી હતી. **'તોપણ તેમને એવો કંઈ સંભવ થાય છે; પણ અમે તો એમ ધારીએ છીએ કે અતિ સ્પષ્ટ લખ્યું હોય, તોપણ ઘણું કરી સમજાતું નથી, અથવા વિપરીત સમજાય છે,...'** કાંઈને કાંઈ કલ્પના કરી બેસે છે એનું નામ વિપરીતતા છે.

**'અને પરિણામે પાછો તેને વિક્ષેપ ઉત્પન્ન થઈ...'** વળી પાછો માર્ગ મળે નહિ એટલે વળી એને આતુરતા થાય, વિક્ષેપ થાય કે આમાં હજી પત્તો લાગતો નથી. હજી પત્તો લાગતો નથી. મૂંઝાય. વિક્ષેપ ઉત્પન્ન થાય એટલે મૂંઝાય. અને **'સન્માર્ગને વિષે ભાવના થવાનો સંભવ થાય છે....'** કે આ માર્ગને શોધવો છે, આ માર્ગને શોધવો છે. જેની પણ પાસેથી મળે એની પાસેથી આ માર્ગ મેળવવો છે. **'એ પત્તામાં અમે ઇચ્છાપૂર્વક સ્પષ્ટ લખ્યું હતું.'** આવી ઇચ્છાથી જે કાંઈ સ્પષ્ટ લખ્યું છે તે લખ્યું છે.

**'સહેજ સ્વભાવે પણ ન ધારેલું ઘણું કરી પરમાર્થ પરત્વે લખાતું નથી, અથવા બોલાતું નથી, કે જે અપરમાર્થરૂપ પરિણામને પામે.'** એટલે અમારી લેખનીમાં અથવા બોલવામાં એવું કોઈને અપરમાર્થરૂપ પરિણામ પામે એવું સહેજ સ્વભાવે પણ થતું નથી. એટલે એ જાતની લખવાની શક્તિ પણ ઘણી છે કે જેને લઈને પરમાર્થમાંથી બીજી કોઈ રીતે અપરમાર્થ કાઢી દે એવું બને નહિ.

**'બીજો અમારો આશય તે જ્ઞાન વિષે લખવાનો વિશેષપણે અત્ર લખ્યો છે.'**

આ ચોભંગી–ચાર મુદ્દા લીધા છે એમણે કે બીજજ્ઞાનના વિષયમાં વિશેષ લખવાનો જે અમારો ઇરાદો છે, ઉદ્દેશ છે એ અહીંયાં લખીએ છીએ. કે **'(૧) જે જ્ઞાનીપુરુષે સ્પષ્ટ એવો આત્મા કોઈ...'** કેવો સ્પષ્ટ ? જેવો કેવળજ્ઞાનમાં, કેવળજ્ઞાનીને જણાય છે એવો સ્પષ્ટ એમ લેવું. **'જે જ્ઞાનીપુરુષે સ્પષ્ટ એવો આત્મા કોઈ અપૂર્વ લક્ષણે, ગુણે અને વેદનપણે અનુભવ્યો છે,...'** અપૂર્વ વિશેષણ ત્રણેયને લાગુ પડે છે. **'અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે,...'** અને એ જ વેદનભૂત અથવા સ્વભાવભૂત પરિણમન જેના આત્માનું થયું છે, **'તે જ્ઞાનીપુરુષે જો તે સુધારસ સંબંધી જ્ઞાન આપ્યું હોય...'** એટલે બીજજ્ઞાન સંબંધી જ્ઞાન આપ્યું હોય **'તો તેનું પરિણામ...'** એટલે તેનું ફળ **'પરમાર્થ-પરમાર્થસ્વરૂપ છે.'** એટલે એનું ફળ સાક્ષાત્ મોક્ષ છે. એમ લેવું. ફળની વાત કરશે હજી પાછળ. ચારેયના ફળની વાત કરશે કે એનું ફળ છે એ પરમાર્થ-પરમાર્થે એ નિકટ મોક્ષનો ઉપાય છે. એટલે સીધું જ એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવી ભૂમિકામાં એ જીવ આવી જાય છે. એકદમ નજીકની વાત લીધી છે.

સ્વરૂપનિર્ણય કહો, સ્વરૂપનું ભાવભાસન કહો કે બીજજ્ઞાન કહો. જો જ્ઞાનીપુરુષે કે જે અનુભવીપુરુષ છે, એ અનુભવીપુરુષનું સંક્ષેપમાં છે. વિસ્તાર એનો એ છે કે અપૂર્વ લક્ષણે, અપૂર્વ ગુણે એટલે અપૂર્વ સ્વભાવે અને અપૂર્વ વેદન એટલે સ્વસંવેદનપણે, અપૂર્વ સ્વસંવેદનપણે જેણે આત્મા અનુભવ્યો છે **'તે જ પરિણામ જેના આત્માનું થયું છે,..'** એટલે એવા સ્વભાવભૂત પરિણમન જેના આત્માનું થયું છે **'તે જ્ઞાનીપુરુષે જો તે સુધારસ સંબંધી જ્ઞાન આપ્યું હોય તો તેનું પરિણામ પરમાર્થ-પરમાર્થસ્વરૂપ છે.'** તો જેને જે મુમુક્ષુને તે બીજજ્ઞાન આપે છે એ બીજજ્ઞાનનું ફળ એ નિકટની અંદર મોક્ષમાર્ગને પામી જશે એમ સમજવું. એને હવે મોક્ષમાર્ગ દૂર નથી. કોઈ જીવ તો કલાકોમાં પામે છે. કોઈને દિવસો લાગે છે, કોઈને બે-ત્રણ મહિના લાગે છે. છ મહિનાથી વધારે લાગવાની પરિસ્થિતિ હોતી નથી. 'कथमपि मृत्वा कौतूहली सन्' કોઈ પણ રીતે એનું કુતૂહલ, એની જિજ્ઞાસા એવી કર કે છ માસમાં તારો છૂટકો થઈ જાય. વધારેમાં વધારે Max. period છે. અંતર્મુહૂર્તમાં લેનારા છે અને કલાકોમાં લેનારા છે. માર્ગની સુંદરતા એવી છે કે જે માર્ગે જીવ અનંતકાળ ચાલ્યો એને જે માર્ગના વિપરીત સંસ્કાર અનંતકાળના ધરબાયેલા પડ્યા છે એને કાઢવા માટે અનંતકાળ લાગતો નથી. છ મહિના તો કાંઈ કહેવાય નહિ. છ મહિના તો વધુમાં વધુ સમય છે. પણ એને છ મહિના હોય તોપણ એ વધારે વાત છે નહિ.

અનંતકાળથી આગળ એ છ મહિના શું છે ? કાંઈ નથી. એવો આ સુંદર માર્ગ છે, અથવા એવું બળવાનપણું છે આ માર્ગનું અને એ બળવાનપણું આત્માના મૂળ અનંત સામર્થ્યમાંથી, અનંત વીર્યમાંથી પ્રગટે છે. કે જેની પાસે કર્મ તો કાંઈ નથી, ભાવકર્મ પણ કાંઈ નથી. દ્રવ્યકર્મ તો કાંઈ નથી, ભાવકર્મ પણ કાંઈ નથી એ ભાવકર્મને પોતે અનાદિથી જીતી શક્યો નથી, હાર્યો છે જેની પાસે એ પણ કાંઈ નથી. તો એનું પરિણામ પરમાર્થ પરમાર્થ સ્વરૂપ છે અને જે પુરુષ તે સુધારસને આત્મા જાણે છે તેનાથી તે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તો તે વ્યવહાર પરમાર્થ છે. સુધારસને આત્મા જાણે છે એટલે શું ? આત્મા તો આશ્રય કરવા યોગ્ય પદાર્થ છે. સુધારસ કાંઈ આશ્રય કરવા યોગ્ય નથી. એની કિંમત તો ઘણી છે પણ એવી રીતે એની કિંમત ફેર થઈ જાય છે. એટલે શું છે કે એક ધ્યેય થઈ જાય છે, કે ગમે તેમ કરીને બીજજ્ઞાન તો મેળવી જ લેવું છે, એના ઉપર જેનું વજન જાય છે એ સુધારસને જ આત્મા જાણે છે એમ. એ રીતે કોઈ એને જાણે છે તો તે જ્ઞાન વ્યવહાર પરમાર્થ સ્વરૂપ છે. એ પરમાર્થ પરમાર્થ સ્વરૂપ નથી. પરમાર્થ વ્યવહાર સ્વરૂપ નથી પણ વ્યવહાર પરમાર્થ સ્વરૂપ છે.

કારણ કે પરમાર્થ વ્યવહાર ત્રીજો બોલ લીધો છે. ત્રીજો મુદ્દો છે. ફળમાં નથી. ફળમાં એવું છે કે પરમાર્થ વ્યવહાર જે ત્રીજો બોલ છે એ ફળની અંદર બીજો લીધો છે. અને વ્યવહાર પરમાર્થ ત્રીજો લીધો છે. જે આમાં બીજો છે, ઇ ત્રીજો છે. કેમકે એનું કારણ છે કે પરમાર્થ પહેલું પદ છે અને વ્યવહાર બીજું પદ છે. અહીંયાં વ્યવહાર પહેલું લીધું છે. જે પુરુષ સુધારસને જ આત્મા જાણે છે તેનાથી તે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તે વ્યવહાર પરમાર્થ સ્વરૂપ છે. એ સુધારસને જ આત્મા જાણે છે. એટલે શું છે કે એને બીજજ્ઞાન નથી. પણ એને બીજજ્ઞાનનું જે કાંઈ જાણપણું થઈ ગયું એટલે એને જાણે આત્મા આવી ગયો. એટલે નિર્ણયને અનુભવ માની લે છે. એવી ભૂલ કરે છે. તો ક્યાંથી થાય ? માટે એને વ્યવહાર પરમાર્થ કહીએ. જાણપણામાં ભૂલ ન હોય એમ. જાણપણું ચોખ્ખું હોય. પણ છતાં આવી ભૂલ હોય.

આમાં શું છે કે બહુભાગ તો લોકોને જાણપણું ચોખ્ખું થતું નથી. જો કેટલાકને જાણપણું ચોખ્ખું થાય છે તો એનો પરમાર્થ આવતો નથી. આ એક બીજી પરિસ્થિતિ છે. આ એક બીજી પરિસ્થિતિ છે. જાણપણું ન થવું, થવું અને પરમાર્થ થવું, આમ આવા તબક્કા છે. એ વિષય જરા વિસ્તારથી લઈશું...

## તા. ૨૧-૭-૧૯૯૦, પત્રાંક – ૪૭૨
## પ્રવચન નં. ૧૮૪

કોઈ બીજી જ જાતની છે. આ વાત કોઈ બીજી જ જાતની છે. એક સામાન્ય દૃષ્ટાંત લઈએ. કે જૈનમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. તે પાંચે પરમેષ્ઠી ગુણવાચક પદ છે. એવા નમસ્કારની પદ્ધતિ અન્યમતમાં નથી. અન્યમતમાં તો કોઈને કોઈ એક વ્યક્તિને નામ પાડીને એને નમસ્કાર કરવામાં આવે છે. આ અમારા દેવ અથવા આ અમારા દેવી. પછી 'શંકર'ને માનનારા 'શંકર'ને માને. 'વિષ્ણુ'ને માનનારા 'વિષ્ણુ'ને માને. 'રામચંદ્રજી'ને માનનારા 'રામચંદ્રજી'ને માને. 'શ્રીકૃષ્ણને' માનનારા 'શ્રીકૃષ્ણ'ને માને. અને 'અલ્લાહ'ને માનનાર એને માને. 'ઇસુ ખ્રિસ્ત'ને માનનારા કોઈને કોઈ એક વ્યક્તિ લે છે. એના પ્રત્યે એ ભક્તિ કરે છે, એનો આશ્રય કરે છે અને એના આશ્રયે કલ્યાણ માને છે.

જૈનદર્શનમાં અનાદિથી આ જુદી પદ્ધતિ છે. પાછી કોઈએ નવી કરી નથી. અનાદિ પરંપરાએ એ વાત ચાલી છે કે ણમો અરિહંતાણં. જેને પોતાના અંતર શત્રુઓને હણ્યા, નાશ કર્યો એને હું નમસ્કાર કરું છું. પછી તે આત્મા ગમે તે આત્મા હોય, એને કુળધર્મ, સંપ્રદાય સાથે અમારે લેવા-દેવા નથી.

ભગવાન 'ગૌતમસ્વામી' વેદાંતમાંથી આવ્યા અને તે જ ભવે અરિહંત થયા. થયા કે ન થયા ? ચરમશરીરી હતા. તે જ ભવે અરિહંત થઈને પછી અત્યારે સિદ્ધાલયમાં બિરાજે છે એમનો આત્મા. એ અન્યમતમાંથી આવ્યા માટે અમારા જૈનના પરમેશ્વર ન હોય એવું કોઈ નહિ કહી શકે. એ વેદાંતમાંથી ચાલ્યા આવ્યા માટે અમારા જૈનના પરમેશ્વર તરીકે, અમે એને ઈશ્વર તરીકે ન સ્વીકારીએ, ભલે જ્ઞાની થયા છે પણ ઈશ્વર તરીકે ન સ્વીકારીએ એવું ચાલતું નથી. ગમે ત્યાંથી આવ્યા હોય. અરિહંતોને નમસ્કાર છે.

હવે એ વાત, કોઈ ભલે ગમે તે બુદ્ધિવાળો માણસ હોય પણ એના એ જ્ઞાનના પડદા ઉપર એક વાત આવે કે ભાઈ ! આ વાત આખી દુનિયાથી જુદી છે. જૈન તો ગુણોને પૂજનારા છે અને ગુણોને નમસ્કાર કરે છે, ગુણોને નમે છે. ગુણપ્રાપ્તિનો આ માર્ગ છે માટે. તો કોઈ બુદ્ધિવાળાને થોડીક પાત્રતા હોય તો એને લાઈટ થાય કે આ વાત ખરેખર જુદી પડે છે અને આની અંદર બીજું કાંઈ કહી શકાય એવું નથી. આની નિર્દોષતા માટે કે આની પવિત્રતા માટે કાંઈ શંકા ઊઠાવી શકાય એવી જગ્યા નથી.

હવે મૂળ વાત તો અરિહંતોના ઘરની ચાલી આવે છે. કહેનાર ગમે તે યદવા, તદવા બોલ્યો હોય પણ એ વ્યવહાર પરમાર્થસ્વરૂપ છે એમ કહેવું છે. પરમાર્થનું ક્યાંક નિમિત્ત થવાની સંભવિતતા જાણીને એટલે એમણે એ શબ્દ વાપર્યો તો **'ઘણા કાળે કોઈ પ્રકારે પણ...'** ઘણા કાળે એટલે કોઈ કાળે. અને **'કોઈ પ્રકારે પણ મોક્ષના સાધનના કારણભૂત...'** મોક્ષનું કારણ નહિ. મોક્ષના **'સાધનના કારણભૂત'** મોક્ષના માર્ગનું કારણભૂત. માર્ગ નથી એ. માર્ગના કારણભૂત થવાનો સંભવ છે એમ જાણીને તેને વ્યવહાર પરમાર્થ એમ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- પરમાર્થ એટલા માટે કહ્યો વ્યવહાર પર

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલા માટે. જેમ હવે આપણે ચાલતી પ્રક્રિયાનો દૃષ્ટાંત લઈએ.

'ગુરુદેવશ્રી'એ જૈનદર્શનના રહસ્યને ખોલ્યું. અનેક વાતો પ્રસિદ્ધપણે કરી. એમાં એક દ્રવ્ય, બીજા દ્રવ્યથી તદ્દન ભિન્ન છે અને પરસ્પર કાંઈ કરતું નથી એ વિષય તો લુપ્તપ્રાય હતો. ક્રિયાકાંડની અંદર ચડેલા ત્રણેય સંપ્રદાયોની અંદર, ત્રણેય ફિરકાની અંદર આ આત્મા પૂજાની ક્રિયા ન કરી શકે, અર્ઘની ક્રિયા ન કરી શકે, દાનની ક્રિયા ન કરી શકે કોઈ માનવા તૈયાર ન થાય. હવે વિદ્વાનો ભલે જ્ઞાની નથી પણ એ વાત કરશે. 'ગુરુદેવે' આમ કહ્યું છે એમ કરીને એ વાત કરશે કે નહિ કરે ?

ભલે એને કેટલો એની સાથે સંબંધ છે એ વાતને આપણે એક બાજુ મૂકી દઈએ. એ વાતને એની યોગ્યતા સાથે કેટલો સંબંધ છે એ એક બાજુ મૂકી દઈએ. પણ સામે ૫૦૦-૧૦૦૦ માણસની મોટી સભા હોય. કોણ કેવો જીવ છે કોને ખબર છે ? મૂળ વાત તો જ્ઞાનીના ઘરની છે, આચાર્યોના ઘરની છે અને તીર્થંકરના ઘરની છે

એમ કહીએ તો ચાલે. તો એ વ્યવહાર પરમાર્થસ્વરૂપ છે. કોઈને ગોળી વાગી જાય છે એમાંથી. એને કહેનાર સાથે સંબંધ નથી પણ એને એમ લાગે છે કે આ વાત કાંઈક વિચારવા જેવી છે. એટલે સાધનના કારણપણે એ પરિણમી જાય છે. એ એમાંથી ઊંડો ઊતરે છે કે આનું મૂળ ક્યાં છે ? આની યથાર્થતા ક્યાં છે ? આની સાંગોપાંગ સમીચીનતા ક્યાં જાણવા મળે ? એ એના મૂળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે. જો એને એમ ખ્યાલ આવે છે (તો એ ઊંડો ઊતરે છે).

આ સોનાની ખાણ કેમ જડે છે ? કે કોઈ એક જગ્યાએથી એક Sample ના પથ્થરમાં ક્યાંક થોડાક રજકણો માલુમ પડી જાય છે. આ જગ્યાએ એક પથરો જો સોનાના રજકણોવાળો છે તો અહીંયાં ખોદવું જોઈએ, તપાસ કરવી જોઈએ કે અહીંયાં સોનાની ખાણ છે કે નહિ ? તો એ ગમે તેટલો ઊંડો જાશે. એવા કારણથી અહીંયાં બીજો ગુણ સમજાવ્યો છે.

હવે ત્રીજો ગુણ કહે છે કે **'તે જ્ઞાન કદાપિ પરમાર્થ-પરમાર્થસ્વરૂપ એવા જ્ઞાનીએ ન આપ્યું હોય, પણ તે જ્ઞાનીપુરુષે સન્માર્ગ સન્મુખ આકર્ષે એવો જે જીવને ઉપદેશ કર્યો હોય...'** હવે એ જ્ઞાન એટલે બીજજ્ઞાનનો વિષય ન આપ્યો હોય, બીજજ્ઞાન ન કહ્યું હોય, **'પણ તે જ્ઞાનીપુરુષે સન્માર્ગ સન્મુખ આકર્ષે એવો જે જીવનો ઉપદેશ કર્યો હોય...'** એટલે સન્માર્ગની વિશેષતા. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું ફળ તેનું મહત્ત્વ, તેની મહાનતા, એની પવિત્રતા અને પૂજનીયતા એવી રીતે દર્શાવી હોય કે એનું આકર્ષણ થાય એવો **'ઉપદેશ કર્યો હોય અને તે જીવને રુચ્યો હોય.'** આ એની પાત્રતા હતી.

મુમુક્ષુ :– ... ઉપદેશની અંદર આ જાતનું આકર્ષણ

પૂજ્ય ભાઈશ્રી :– હા. આકર્ષણમાં બે વાત છે. એક તો એમને રુચ્યું. એ તો બની ગયું. બીજું એવું જરૂરી નથી કે એ જ વિષય ખોલીને કહે. પણ સત્પુરુષની વાણીમાં શુદ્ધાત્માનો વિષય આવતો હોય ત્યારે એને ભાવભાસન થઈ જાય. રુચે એથી કામ થઈ જતું નથી. એ તો પરંપરાએ કારણ થવાનું છે. સાક્ષાત્ કારણ તો બીજજ્ઞાન છે એટલે નજીકનું કારણ. સાક્ષાત્ એટલે નજીકનું. અને એ થાય જ છે. એ થયા વિના કોઈ પરિણમી જાય છે એમ નથી. તો એમને પરિણમન આવ્યું ત્યારે બીજજ્ઞાન થયું ? કે હા થયું. ભલે એ બીજજ્ઞાનનો વિષય ખોલીને નહોતો કહ્યો.

મુમુક્ષુ :– આવું જે બન્યું છે કોઈ Particular શબ્દો હોવા જોઈએ ? બીજ જ્ઞાનમાં...

પૂજ્ય ભાઈશ્રી :– ના, એવું નથી. એવું નથી. શબ્દો સાથે સંબંધ નથી. આપણે કાલે એ જ વાત ચાલી હતી કે શબ્દો સાથે સંબંધ નથી, ભાવ સાથે સંબંધ છે. ફોડ પાડીને ખોલીને કહે કે આમ બીજજ્ઞાન છે એવી કોઈ કહેવાની આવશ્યક્તા નથી, જરૂર નથી, એવું કહે તો જ થાય નહિતર ન થાય એમ પણ નથી. આ તો 'શ્રીમદ્જી'ની વ્યક્તિગત સંબંધ હતો એટલે આ વાત નીકળી. 'ગુરુદેવ'ને કોઈની સાથે વ્યક્તિગત સંબંધ હતો જ નહિ. પહેલેથી જ એમનો ઉદય સમષ્ટીગત ઉપદેશ કરવાનો રહ્યો છે. સંપ્રદાયમાં હતા ત્યારથી એ પદ્ધતિ ચાલુ રહી ગઈ. પછી પોતે જ્ઞાનદશામાં આવ્યા પછી બહારમાં જાહેર પરિવર્તનની દશામાં આવ્યા તો પણ પરિસ્થિતિ એ રહી ગઈ સમષ્ટીગત ઉપદેશ કરવાની એમની. એટલે સામે સમાજ બેઠો હોય, કોઈ એક વ્યક્તિ ન હોય. સમાજની અંદર તો સેકડોં-હજારો માણસ આવી જાય છે. કોણ-ક્યારે કેવા આવે છે શું ખબર પડે ? કાંઈ નહિ. એ તો પોતે જે કાંઈ વિષય પોતાને જ્ઞાનગમ્ય છે, અનુભવગમ્ય છે (એ કહેતા). એ તો પોતે કહેતા, અહીં તો અમારે જે અંદર વાત છે એ કહીએ છીએ. અમે કોઈને એમ કહેતા નથી કે તમે અહીંયાં સાંભળવા આવો. અમે સાંભળવા આવ્યા એને એમ કહેતા નથી કે તમે હવે રોકાઈ જજો અને હવે અહીંથી જતા નહિ કે વધારે રોકાજો બે દિવસ. એવું કોઈને કહ્યું એવું યાદ છે ? કે કોઈને એમ કહ્યું એક દિવસ વધારે રોકાજો કાલે સારી ગાથા આવવાની છે. એવું પણ કોઈને કહ્યું હોય એ યાદ છે ? નહિ. કોઈને આવવા માટે કહ્યું નથી, આવેલાને કદી કોઈને રોકાવા માટે પણ કહ્યું નથી.

અમે અમારું આત્માનું કરીએ છીએ. અમે અમારું કરતાં કરતાં આ વાત થઈ જાય છે. પાત્ર હોય એ લઈ લે. મોતીએ મુઠીયું ભરાય એવી વાત છે. વાત તો એમ કહેતા હતા કે મોતીએ મુઠીયું ભરાય. એક-બે મોતી હાથમાં ન આવે. ભાગ્યવાન કર વાવરે. ભાગ્યવાન છે એ કોઈ પોતાના હાથનો ઉપયોગ કરશે. મોતીએ મુઠીયું ભરાશે. બસ, અમારો તો આ પ્રવાહ ચાલ્યો જાય છે. એ જ પ્રકારનો ઉદય છે. ઉદયને હિસાબે એ પ્રવાહ ચાલ્યો જાય છે વાણીનો. જે ભાગ્યો હોય એ ઉપાડી લે અંદરથી. વ્યક્તિગત કોઈને કાંઈ કહ્યું નથી. એટલે એ પ્રકારનો ઉદય જ નહોતો

વ્યક્તિગત કહેવાનો. એટલે એ વિષય એવી રીતે ખોલેલો નથી.

હા, એમના અંગત પરિચયમાં કોઈ વ્યક્તિગત રીતે જાય છે તો ખોલે છે એ આપણો અનુભવ છે. કે વ્યક્તિગત રીતે કોઈ એમના સમીપમાં જાય છે, નજીકમાં જાય છે તો વિષયને સ્પષ્ટ કરે છે. બરાબર એ વિષય સ્પષ્ટ કરે છે. એમાં કાંઈ પ્રશ્ન નથી. પણ એ તો વાત કંઈ બધાને ખ્યાલમાં ન આવે. એ વાત કોઈ જાહેર ન હોય. જાહેર રીતે તો જે રીતે બધાની નજર સમક્ષ છે એ જ વાત રહી છે. તો પણ એમાંથી બીજજ્ઞાન મળે છે, મળ્યું છે અને એનું ફળ પણ આવ્યું છે એ વાત પ્રસિદ્ધ છે. એ 'સોગાનીજી'ને બેય વાત બની છે. એમને અધ્યાત્મનો ઉપદેશ રુચ્યો પણ છે એટલે **'પરમાર્થ વ્યવહારસ્વરૂપની...'** ભૂમિકામાં પણ આવ્યા અને પરમાર્થ-પરમાર્થસ્વરૂપની ભૂમિકામાં પણ એ આવી ગયા એમ લેવું. એ ત્રીજો ભંગ છે.

**'(૪) અને તે સિવાય શાસ્ત્રાદિ જાણનાર સામાન્ય પ્રકારે માર્ગાનુસારી જેવી ઉપદેશવાત કરે,...'** માર્ગાનુસારી એટલે તત્ત્વની વાત એની અંદર અમુક આવે. ન આવે એવું નહિ. **'તે શ્રદ્ધાય,...'** તેને શ્રદ્ધા કરનારા પણ મળે. તો **'તે વ્યવહાર-વ્યવહારસ્વરૂપ છે.'** અને એવું તો અનેક વાર બન્યું છે. એમાં ન તો કહેનારને કાંઈ લાભ છે, ન તો એમાં કોઈ સાંભળનારને લાભ છે. કેમ કે એમાં રુચિ નથી. શ્રદ્ધા કરી છે બહુ સારી વાત છે આપણે એને માનો. પણ એ નથી માનનારને ખબર, નથી મનાવનારને કાંઈ વિષયની ખબર.

**'સુગમપણે સમજવા એમ ચાર પ્રકાર થાય છે. પરમાર્થ-પરમાર્થસ્વરૂપ...'** એટલે પહેલો ભંગ જે બન્યો **'એ નિકટ મોક્ષનો ઉપાય છે.'** એ તો બહુ નજીક આવી ગયો છે એની વાત છે. એકદમ પાત્રતાવાળાની વાત છે. **'પરમાર્થ-વ્યવહારસ્વરૂપ એ અનંતર પરંપરા સંબંધે મોક્ષનો ઉપાય છે.'** એટલે એ આગળ જતાં એ પામશે એમ કહેવું છે. રુચિવાળો છે એટલે. **'વ્યવહાર-પરમાર્થસ્વરૂપ તે ઘણા કાળે કોઈ પ્રકારે પણ મોક્ષનાં સાધનના કારણભૂત થવાનો ઉપાય છે.'** એટલે એમાંથી કોઈને ફળ આવે, કોઈને ન પણ આવે. પરંપરાએ બનવું હોય તો બને, ન પણ બને. એમ. **'વ્યવહાર-વ્યવહારસ્વરૂપનું ફળ આત્મપ્રત્યયી નથી સંભવતું.'** એનું ફળ કોઈ આત્માર્થે નહિ આવે, સંસાર અર્થે તો જે બધું કંઈ કર્યું છે એ આ પણ હજી કરે છે. એ બધું સંસારઅર્થે છે. એનો કોઈ અર્થ નથી, એ નિરર્થક છે એમ લેવું.

**'આ વાત હજુ કોઈ પ્રસંગે વિશેષપણે લખીશું...'** હજી પણ આ વાત ખોલવાનો એમનો ભાવ રહ્યો છે. અને ક્યાંક ભવિષ્યમાં લખશું એમ લખ્યું છે પણ કોઈ પત્રની અંદર એ વાત જોવામાં આવી નથી. ફક્ત એ 'ઈડર' એમને (સોભાગભાઈને) લઈ ગયા છે અને ત્યારપછી એમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. એ પ્રકાર બન્યો છે. લખવાની અંદર ક્યારેય પ્રસિદ્ધ થયું હોય એવું લાગતું નથી. પત્રો જોતા એ વિષયને સ્પષ્ટ નથી કર્યો પછી.

**'આ વાત હજુ કોઈ પ્રસંગે વિશેષપણે લખીશું એટલે વિશેષપણે સમજાશે; પણ આટલી સંક્ષેપતાથી વિશેષ ન સમજાય તો મૂઝાશો નહીં.'** અહીંયાં જે લખ્યું છે એનો જે સંક્ષેપ છે એ વિષયનો એથી ન સમજાય એ સંભવિત છે. કાંઈ મૂંઝાવાની જરૂર નથી. એથી મુંઝવણમાં નહિ પડતા તમે.

હવે સ્વરૂપધ્યાન વિષયમાં વાત કરે છે. **'લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે.'** ધ્યાનના ઉપાયની અંદર જે ધ્યાન કરવાનો અધ્યાત્મ ઉપાય નથી જાણતા, અધ્યાત્મિક ઉપાયને નથી જાણતા તે ધ્યાન કરવાના કેટલાક બાહ્ય પ્રયોગ છે. યોગના, પ્રાણાયામના એ વગેરેના પ્રયોગ છે. એ પ્રયોગે પણ પ્રયત્ન કરે છે. આત્માના પરિણામને અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી એ સંબંધને પણ યથાર્થપણે સમજ્યા વિના માત્ર કોઈ પ્રયોગ શીખી અને ધ્યાન કરવાનો પ્રયોગ કરે છે. એ સ્વરૂપ ધ્યાન માટે સફળ થતા નથી.

આત્મસ્વરૂપનું ધ્યાન આત્મસ્વરૂપના જ્ઞાન વિના કદી હોય શકે નહિ. એટલે કે આત્મજ્ઞાન વિના સ્વરૂપ ધ્યાન ન થાય એ વાત એમણે કરી. આત્મજ્ઞાન કેવું હોય છે ? આત્મસ્વરૂપ કોને જણાયું છે ? કે જેને **'લક્ષણથી, ગુણથી અને વેદનથી જણાયું છે,...'** એને આત્મસ્વરૂપ જણાયું છે એમ અમે કહીએ છીએ. બાકી બધી એ સંબંધીની ગમે તે વાતો હોય તે માત્ર વાતો છે પણ ત્યાં વસ્તુ નથી. એમ લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણું લખ્યું છે પણ એ સ્પષ્ટ વાત છે એમની. નીચે પણ કહેશે. નીચે એ વાત કરશે. નીચેના પેરેગ્રાફમાં.

**'એક અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે,...'** આ પ્રાણાયામ અથવા યોગ. એક

એટલે કોઈ એક. **'અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે, પણ શ્વસોચ્છ્વાસના રોધનથી તેને કલ્યાણનો હેતુ થતો નથી,...'** લખ્યું છે ? નીચે લખ્યું છે. ચોખ્ખું લખ્યું છે. **'અને એક જ્ઞાનીની આજ્ઞાપૂર્વક શ્વાસોચ્છ્વાસનો રોધ કરે છે, તો તેને તે કારણથી જે સ્થિરતા આવે છે, તે આત્માને પ્રગટવાનો હેતુ થાય છે.'** એ જ્ઞાનીની આજ્ઞાપૂર્વક એટલે શું ? કે જ્ઞાની બીજજ્ઞાન આપે છે પછીની એ વાત છે. જ્ઞાનીની આજ્ઞા વિના એમને એમ શ્વાસોચ્છ્વાસ રોકવાની પ્રક્રિયા પુસ્તકમાંથી અથવા એવા કોઈ યોગના પ્રયોગ શીખેલા હોય એની પાસેથી પ્રયોગ શીખે, એથી કોઈ એને આત્મલાભ થાય એવું બનતું નથી. ઉન્માર્ગે તો ઘણા ચડી જાય છે, ઉન્માર્ગે તો ઘણા ચડી જાય છે. ઘણા પાગલ થઈ જાય છે. કેટલા રિદ્ધિ-સિદ્ધિ પાછળ વયા જાય છે. કેટલાક ચમત્કાર પાછળ વયા જાય છે. એમાંથી પછી આત્મજ્ઞાન ન મળે અને આત્મસિદ્ધિ ન થાય એટલે બીજા ફણગા ફૂટે છે એ બધા ઉન્માર્ગના છે. એકેય સન્માર્ગના નથી.

મુમુક્ષુ :– માતાજીનો બોલ છે ને ? પહેલાં જ્ઞાન સાચું થવું.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા જ્ઞાન સાચું થાય છે. પછી જ ધ્યાન થાય છે. કેમ કે ધ્યાન એટલે આત્મસ્વરૂપની સ્થિરતા. તો જે આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવી છે તે આત્મસ્વરૂપ કેવું છે ? એ જાણ્યા વિના કોનામાં સ્થિરતા કરશે ? સ્થિરતા નામ એકાગ્રતા કરવી છે. તો જેમાં એકાગ્ર થવું છે એ ચીજ કેવી છે ? અને ક્યાં છે ? એની ખબર નથી. શેમાં એકાગ્રતા કરશે ? કલ્પના કરશે. સિવાય બીજું એમાં કાંઈ થાશે નહિ. આ કોઈ કલ્પિત માર્ગ નથી. કલ્પનાના પાંખે ઉડવાનો માર્ગ નથી કોઈ. આંધળો માણસ હવામાં ગોળીબાર કરે, આંધળો માણસ ગમે ત્યાં ગમે તેમ ગોળીબાર કરે તો શું થાય ? મરી જાય કો'ક. કોઈ નિર્દોષ મરી જાય. બીજું શું થાય ? એને તો ખબર નથી કે મારી કોણ સામે છે અને કોણ નથી. એના જેવું થાય.

એટલે કહે છે કે જેને **'લક્ષણથી...'** એટલે જ્ઞાનપર્યાયમાં રહેલું જે જ્ઞાનસામાન્યપણું તે અહીંયાં આત્માનું લક્ષણ છે. ઉપયોગ લક્ષણો જીવો. જીવ છે તે ત્રણે કાળે ઉપયોગ લક્ષણવાળો છે. અથવા ત્રણે કાળે જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ સામાન્ય લેવો. ન મતિજ્ઞાન લેવું, ન શ્રુતજ્ઞાન લેવુ, ન કેવળજ્ઞાન લેવું, ન ઇન્દ્રિયજ્ઞાન લેવું, કાંઈ ન લેવું. કોઈ વિશેષતા નહિ. વિશેષતા નહિ તે સામાન્ય. જેમાં વિશેષતા નથી તેને સામાન્ય કહેવામાં આવે છે. એવું જે જ્ઞાનનું જ્ઞાનસામાન્યપણું છે તે લક્ષણ છે અને

તે લક્ષણને અહીંયાં અપૂર્વ લક્ષણ કહ્યું છે. આગળમાં કહ્યું ને ? અપૂર્વ લક્ષણથી. અપૂર્વ લક્ષણ એ જ એનો વૈભવ છે. અપૂર્વ લક્ષણે એટલે કે એનું અવલંબન લેવું તે અપૂર્વ છે. એ જ્ઞાનઅંશના આધારે એણે જ્ઞાન સ્વભાવ નક્કી કર્યો છે. તો જેના આધારે એ નક્કી કર્યું એની સન્મુખ થયો. કેવી રીતે થાય છે ? કે નક્કી કરનાર પણ જ્ઞાન છે. નક્કી કોણ કરે છે ? જ્ઞાન નક્કી કરે છે. અને કોના આધારે નક્કી કરે છે ? પોતાના આધારે નક્કી કરે છે. નક્કી કરનાર પણ પોતે અને જે નક્કી થાય છે એ પણ પોતે. માટે અહીંયા દિશા બદલાય છે. વચ્ચે કોઈ માધ્યમ નથી, વચ્ચે કોઈ નિમિત્ત નથી. માટે અહીંયાં જ્ઞાન સ્વસન્મુખ થઈને અંશે રાગનો અભાવ એટલા માટે લીધો છે કે અહીંયાં જ્ઞાન સ્વસન્મુખ થઈને, અંતર્મુખ થઈને પોતે પોતામાં પોતાના સામાન્યને અવલંબે છે. એના આધારે એ જોવે છે કે મારો આવો ત્રિકાળ જ્ઞાનસામાન્ય એવો મારો સ્વભાવ છે. જ્ઞાન સ્વભાવ કેવો છે ? ત્રિકાળ જ્ઞાનસામાન્યપણે એવો મારો સ્વભાવ છે.

એક આ વિષય 'કળશ ટીકા'માંથી બહુ સારી રીતે નીકળે છે. ચાલશે થોડું લાંબુ. પણ લઈ લઈએ. દૃષ્ટાંત લીધો છે રાગનો. અબુદ્ધિપૂર્વકનો રાગ કોને કહેવો ? એ વાત ચાલી છે. બુદ્ધિપૂર્વકનો રાગ તો જે બુદ્ધિગમ્ય થાય તેને બુદ્ધિપૂર્વકનો રાગ કહેવામાં આવે છે. અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં.. કળશ છે આસ્રવ અધિકારનો ચોથો કળશ અથવા ક્રમથી ૧૧૬ નંબરનો કળશ છે.

**'અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતા. પાંચ ઇન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને. મોહરાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વંય જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે. આવું પરિણમન જીવની જાણમાં નથી આવતું. તેથી જીવના સહારાનો પણ નથી.'** એટલે આમાં કોઈ ઉપાય નથી જીવનો. કે આને કેવી રીતે પકડવું ? જો પકડાય નહિ તો નાશ કેવી રીતે કરવો ? આ એક સમસ્યા છે. બુદ્ધિપૂર્વકનો રાગ તો સમજાય છે. આ મેં ક્રોધ કર્યો. હવે મારે ક્રોધ ન કરવો. પણ જે અબુદ્ધિપૂર્વકનો છે એનું શું ?

**'તેથી તે જે-તે પ્રકારે મટાડી શકાતું નથી. માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે.'** શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સહજ જ મટશે. બીજો ઉપાય તો કોઈ નથી. **'તેથી એક શુદ્ધસ્વરૂપનો અનુભવ તે ઉપાય છે.'** ભલે

ન જણાય. છતાં શુદ્ધ સ્વરૂપના અનુભવે તે ટાળી શકાશે. મૂળ તો કળશમાં એમ કહેવું છે કે બુદ્ધિપૂર્વકનો રાગ હોય કે અબુદ્ધિપૂર્વકનો રાગ હોય. જે-તે હોય તે '**स्वशक्तिं स्पृशन्।**' જે પોતાની સ્વશક્તિને સ્પર્શે છે એટલે કે સ્વભાવનો અનુભવ કરે છે તેને બંને પ્રકારના રાગ મટે છે. આ કળશનો સીધોસાદો અર્થ આ છે. એમાં '**स्वशक्तिं स्पृशन्।**' માંથી આટલું કાઢ્યું છે એમણે–'રાજમલજીએ'.

હવે અહીંયાં એમ કહેવું છે કે જેને પાંચ ઇન્દ્રિય અને મનના વ્યાપાર વિના મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને ચારિત્રગુણ પરિણમે છે, મોહરૂપ, રાગરૂપ અને દ્વેષરૂપ. ક્યાં પરિણમે છે ? તો કહે છે, એના અસંખ્ય પ્રદેશે પરિણમે છે. જો આ રીતે ચારિત્રગુણની વિભાવપર્યાય પરિણમતી હોય તો જ્ઞાનગુણની પર્યાય એમ પરિણમે કે નહિ ? જેમ રાગ-દ્વેષ-મોહ એ પણ પાંચ ઇન્દ્રિય અને મનના પરિણામ સાથે સંબંધ ધરાવે છે. તો એવી રીતે જ્ઞાનનો પર્યાય પણ પાંચ ઇન્દ્રિય અને મનની સાથે સંબંધ ધરાવે છે ? અને સીધો જે અસંખ્ય પ્રદેશે ઊપજે છે જ્ઞાનનો પર્યાય એમાં કોનું નિમિત્ત છે ? કે એમાં તો કોઈનું નિમિત્ત નથી. તો અસંખ્ય પ્રદેશે જે જ્ઞાનનો પ્રવાહ બહાર આવે છે. પ્રદેશે પ્રદેશેથી જે જ્ઞાનનો પ્રવાહ બહાર આવે છે એ જ્ઞાન ક્યાં ઇન્દ્રિય જ્ઞાન છે ?

ઇન્દ્રિયમાં મતિજ્ઞાન તો પહેલા મનની સાથે સંબંધ પામે છે અથવા ઇન્દ્રિય સાથે સંબંધ પામે છે ત્યારે મતિનો ભેદ ઊભો થાય છે. પછી મનની સાથેના સંબંધથી શ્રુતનો ભેદ ઉત્પન્ન થાય છે પછી બધી આગળની વાત છે. પછી એ જ્ઞાનને બધા વિશેષણ લાગુ પડે છે કે આ ઇન્દ્રિયજ્ઞાન છે, આ મતિ-શ્રુત છે અથવા બહિર્મુખ છે. આને તો કાંઈ લાગુ પડતું નથી. જ્ઞાનસામાન્ય છે. તો એ જીવના પ્રદેશે પ્રદેશેથી પહેલું જે પરિણમન આવે છે એ પરિણમન છે એને કોઈની સાથે સંબંધ નથી ખરેખર તો. આ તો વિભાવ પર્યાયનું દૃષ્ટાંત લીધું છે, આસ્રવનો અધિકાર છે એટલે. પણ જ્ઞાન છે એમાં તો એ પ્રકારનો કષાય પણ નથી અને મલિનતા પણ નથી. રાગમાં તો કષાય છે અને મલિનતા છે અને દુઃખ છે. આમાં તો એ પણ નથી. પણ એણે એ પોતે અપૂર્વપણે લક્ષમાં, અપૂર્વપણે એનો આધાર લીધો નથી.

મુમુક્ષુ :– અતીન્દ્રિયજ્ઞાન માટે...

પૂજ્ય ભાઈશ્રી :– હા આમાં એવું છે કે અતીન્દ્રિયજ્ઞાન તો શુદ્ધોપયોગને મુખ્યપણે

કહેવાય છે. તે ભૂત છે (એટલે ઉપાદેય છે) અમારે શું કરવું ? આ સવાલ છે. તો એને એમ કહે છે કે લક્ષણ છે જ્ઞાનના ઉપયોગમાં. આ એક લક્ષણ છે. ઉપયોગ જ્યારે ઊપજે છે ત્યારે કોઈ એક ક્ષેત્રમાં નથી ઊપજતો. આપણને સ્થૂળ અનુભવ એવો છે કે જ્યારે હું જોઉં છું ત્યારે મારો ઉપયોગ આંખની જગ્યાએ છે. જ્યારે હું સાંભળું છું ત્યારે મારો ઉપયોગ કાનની જગ્યાએ છે તો મને સંભળાય. ઉપયોગ ત્યાં ન હોય તો સંભળાય નહિ. અવાજ થાય તો પણ ન સંભળાય. અને ઉપયોગ આંખની જગ્યાએ ન હોય તો સામે પદાર્થ હોય તો પણ ન દેખાય. એ તો અનુભવગોચર છે કે નહિ ? તો એવો અનુભવ છે જે સ્થૂળપણે સમજી શકાય છે, અમુક જગ્યાએથી જ્ઞાન થાય છે. ત્યારે આપણા દ્રવ્યાનુયોગનું વિજ્ઞાન એમ કહે છે કે ગુણ પૂરા ક્ષેત્રમાં પરિણમે છે. અધૂરા ક્ષેત્રમાં ગુણની પર્યાય ન હોય. કોઈ સદિવસ.

જ્ઞાનગુણ હોય કે કોઈપણ ગુણ હોય એ દ્રવ્યના પૂરા ક્ષેત્રમાં વ્યાપેલો છે અને પૂરા ક્ષેત્રમાં વ્યાપેલો હોવાથી એની પર્યાય પણ પૂરા ક્ષેત્રમાં જ હોય. વ્યાપે પૂરા ક્ષેત્રમાં અને પર્યાય અધૂરા ક્ષેત્રમાં થાય કેવી રીતે સંભવિત છે ? આ તો સમજી શકાય એવી વાત છે કે નહિ ? તો પછી જ્ઞાનમાત્ર અહીંયાં જ કામ કરે છે અને અહીંયાં જ કામ કરે છે, એવી વાત ક્યાં રહી ? એ જ્ઞાન પૂરા ક્ષેત્રમાં પરિણમે છે. પૂરા ક્ષેત્રમાં એનું પરિણમન છે. આખેઆખું અખંડપણે એવું જે જ્ઞાન છે એ જ્ઞાનસામાન્ય છે. અને ઇન્દ્રિયદ્વારે ગયેલો ઉપયોગ તે જ્ઞાનવિશેષ છે.

એક જ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનસામાન્ય પણ છે અને એક જ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનવિશેષ પણ છે. એવી જ રીતે લઈએ તો. સ્ફટીક છે. એમાં સ્ફટિકની જે પારદર્શક પર્યાય છે તે તેની સામાન્ય પર્યાય છે. જેવું સ્ફટીકનું નિર્મળ સ્વરૂપ છે એવી એની પર્યાય છે. સ્વરૂપાકારે છે. એમાં કોઈ ઝાંય ઊઠે, નજીકમાં કોઈ રંગીન પદાર્થ આવતા એમાં એની ઝાંય આવે ત્યારે તે જ પર્યાયનું તે વિશેષ પરિણમન છે અથવા વિભાવીક પરિણમન છે.

એવી જ રીતે દર્પણમાં છે. દર્પણમાં કોઈ પ્રતિબિંબ નથી ત્યારે જે અરીસાની સ્વચ્છતા એવું જ એનું પરિણમન છે અને સામે મોર આવે ત્યારે એની વિશેષ પર્યાય થાય. માણસ આવે ત્યારે માણસના મુખાકૃતિની એની અંદર વિશેષ પર્યાય થાય. એ એનું પર્યાયમાં અને પર્યાયમાં સામાન્ય અને વિશેષપણું છે.

એમ આત્મા જે જ્ઞાનનું જ્ઞાનદર્પણ જે છે, જ્ઞાનની પર્યાયમાં જે દર્પણવત જે જ્ઞાનની પર્યાય છે, જે પ્રતિબિંબને ઝીલે છે. બીજી ઝાંયને ઝીલે છે એનું એ જ્ઞાન સામાન્યરૂપ પર્યાય છે. એના પૂરા પ્રદેશમાં છે. અને એની એ જ્ઞાનવિશેષ પર્યાય થાય છે. બંને એક ક્ષેત્રે એક જ જગ્યાએ છે.

જ્યાં સામાન્ય છે ત્યાં જ વિશેષ છે. જ્યાં વિશેષ ત્યાં જ સામાન્ય છે. સામાન્ય છે એ સ્વભાવ સદૃશ છે, સ્વરૂપ સદૃશ છે. માટે જેને સ્વરૂપનો નિશ્ચય કરવો હોય તેણે સ્વરૂપની કલ્પના કરવી ન જોઈએ પણ જેવો એનો સામાન્ય અંશ વ્યક્ત છે એવો આખો અંશી છે એમ એણે જોઈ લેવું જોઈએ. જોવાથી જે વાત નિઃશંકપણે વિશ્વાસમાં આવે છે એ કલ્પનાથી કદી વિશ્વાસમાં આવતી નથી. આંખ જોઈને નક્કી કરે અને પરોક્ષપણે અનુમાન કરીને નક્કી કરે એમાં બહુ મોટો ફેર છે. એકમાં શંકા રહે છે, એકમાં નિઃશંકતા થઈ જાય છે. એટલે અહીંયાં. અપૂર્વ લક્ષણથી એમ કહેવું છે. એવું અપૂર્વ લક્ષણ છે જ્ઞાનનું જે સદાય હાજર હોય છે. સદાય મોજૂદ હોય છે. ક્યારેય ગોતવું કે શોધવું પડતું નથી. સર્વ કાળે વિદ્યમાન હોય છે. ફક્ત પોતે એની કાળજી લઈને, સાવધાની લઈને, દરકાર કરીને પોતાની હિતબુદ્ધિએ પોતે પોતામાં પોતાના લક્ષણને જુએ તો પકડાય એવું છે. ન જુએ તો ન પકડાય એવું છે.

વળી, 'સમયસાર'માં આચાર્ય ભગવાને તો એ વાત વધારે સ્પષ્ટ એટલે કરી કે એ લક્ષણ વેદનથી પ્રસિદ્ધ છે. લક્ષણ શેનાથી પ્રસિદ્ધ છે ? કે વેદનથી પ્રસિદ્ધ છે. લક્ષણ સંસ્કૃત છે. બહુ સારું છે. સ્પષ્ટ. સ્પષ્ટ **'प्रसिद्धत्वार्थ'** પ્રસિદ્ધ હોવાને લીધે એ જણાય છે. અપ્રસિદ્ધ છે માટે ન જણાય એ વાત પણ રહેતી નથી. પ્રસિદ્ધ છે માટે જણાય છે એમ કહેવું છે.

મુમુક્ષુ :– સામાન્ય...

પૂજ્ય ભાઈશ્રી :– સામાન્ય અવલોકનથી એમાં શું થાય છે કે બીજજ્ઞાન વખતે પોતાપણે એ જોવાય છે. સામાન્ય જે ભાવ છે એ પોતાપણે લક્ષમાં આવે છે. એટલે એમાં પોતાપણું સ્થપાય છે. એ પોતાપણું જ્યારે એમાં સ્થપાય છે ત્યારે રાગમાં જે પોતાપણું હતું એ અંશ ઊઠી ગયો ત્યાંથી. એટલે અંશે અભાવ કહી દીધો પોતે 'ગુરુદેવશ્રી'એ ત્યાં.

**'प्रसिद्ध हि ज्ञानं'** જ્ઞાન તો પ્રસિદ્ધ જ છે. કેમ પ્રસિદ્ધ છે ? કારણ કે.. શા

માટે પ્રસિદ્ધ છે ? જ્ઞાન પ્રસિદ્ધ છે અથવા પ્રત્યક્ષ છે અહીંયાં એમ કહેવું છે. જ્ઞાન પ્રસિદ્ધ પણ છે અને જ્ઞાન પ્રત્યક્ષ પણ છે. કોઈ કહે કે ભઈ ! અમારું જ્ઞાન તો હજી પરોક્ષ છે, મતિ-શ્રુત છે. તો કહે છે, મતિ-શ્રુતની અહીંયાં વાત કરવી નથી. મતિ-શ્રુતને ભૂલી જા. **'प्रसिद्ध हि ज्ञानमात्रस्य'** માત્ર કહેતા સામાન્ય લેવું. **'ज्ञान मात्रस्य स्वसंवेदन सिद्धत्वा'** સ્વસંવેદનથી એની સિદ્ધિ થાય છે. જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે. કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે માટે જ્ઞાન પ્રસિદ્ધ છે. આટલી વાત છે. આ વાત બહુ મહત્ત્વની મૂકી છે.

મુમુક્ષુ :– અહીંયાં જ્ઞાનમાત્ર એટલે સ્વભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :– **'ज्ञान मात्रस्य'** હા. ત્યાં શું છે કે સ્વભાવ આવી ગયો. હવે એક વાત બીજી ધ્યાન ખેંચવા જેવી છે. કે વસ્તુનું બંધારણ સમજવું હોય ત્યારે દ્રવ્ય-ગુણ અને પર્યાય જ વિચારમાં લેવાની વાત છે. જ્યારે વસ્તુનું બંધારણ તમારી સમજમાં આવી ગયું કે આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયથી વસ્તુ બંધાયેલી છે પછી અધ્યાત્મના પ્રયોગકાળે, અધ્યાત્મના પ્રવેશકાળે અને અધ્યાત્મમાં આધ્યાત્મિક ભાવ ઉત્પન્ન કરવા માટે વચ્ચે દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય લાવતા, ખાતી વખતે કેટલું ઘી નાખ્યું છે ? કેટલું કેસર નાખ્યું છે ? એ વિચાર કરતાં ખાવાનો આનંદ લૂંટાઈ જશે એના જેવી વાત છે. પ્રવેશ નહિ થાય અધ્યાત્મમાં.

એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયનું ક્ષયોપશમ જ્ઞાન ક્યાં આડું આવે છે ? એ અહીંયાં વિચારવાનું છે અને આડું ન આવે એ રીતે આ વિષય વિચારવાનો છે. આટલી સૂક્ષ્મતા અહીંયાં છે. જો સૂક્ષ્મતા ન જળવાય તો વચ્ચે જ્ઞાનની અંદર તર્ક ઉઠશે કે આ દ્રવ્ય કે પર્યાય ? આ દ્રવ્ય કે પર્યાય ? મારે તો દ્રવ્યબુદ્ધિ કરવી છે અને પર્યાયબુદ્ધિ નથી કરવી. ભાઈ ! નથી સ્વભાવને દ્રવ્યનો ભેદ, નથી સ્વભાવને ગુણનો ભેદ, નથી સ્વભાવને પર્યાયનો ભેદ. એનું નામ સામાન્ય છે. સામાન્ય કોને કહેવું ? અને છતાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં વ્યાપ્ત છે. ત્રણેમાં વ્યાપેલી છે. નહિતર વસ્તુ ખંડિત થઈ જાય. જો સ્વભાવ પર્યાયમાં વ્યાપેલો ન હોય તો, વસ્તુ અખંડ રહેતી નથી. ખંડિત થઈ જાય છે. મિથ્યાદૃષ્ટિની–અજ્ઞાનીની ? તો કહે હા. એને અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વભાવ છે. એને ખબર નથી પણ સ્વભાવ છે. અને જો સ્વભાવ ન હોય તો ગ્રહણ થાય નહિ. એની પર્યાય ઉપરથી ગ્રહણ થવાનો છે. જ્ઞાનલક્ષણ તો પર્યાયમાં છે.

અને ત્યાંથી પકડાશે. અને વેદન પણ પર્યાયમાં છે, ત્રિકાળીમાં વેદન નથી. તો લક્ષણથી અને વેદનથી અને ગુણથી એમ સ્વભાવ સાથે લીધો છે.

બે તો પર્યાયના Factor લીધા છે 'શ્રીમદ્જી'એ આમાં. ત્રણ વાતમાં બે તો પર્યાય સંબંધીત છે. એટલે એ રીતે કોઈ પર્યાયથી મૂંઝાવાની જરૂર નથી. એટલે જ્ઞાનમાત્ર એટલે જ્ઞાનમાત્ર. ન તો એમાં પર્યાયનો વિકલ્પ કરવો, ન તો એમાં દ્રવ્યનો વિકલ્પ કરવો, ન તો એમાં જ્ઞાનગુણના ગુણભેદનો વિકલ્પ કરવો. જ્ઞાનમાત્ર એટલે આત્મા. આત્મા એટલે જ્ઞાનમાત્ર, બસ. આમાં બધું રહસ્ય છે.

આખા 'સમયસાર'નું રહસ્ય જ્ઞાનમાત્રમાં જ છે. ઘણો ભાવ ભર્યો છે એની અંદર. જ્ઞાનમાત્ર કહેતા એમાં ઘણો ભાવ ભર્યો છે. એ રહસ્યસિદ્ધ વિષય છે. અને ત્યાંથી આત્માને ઓળખાવ્યો છે. આ ઓળખવાનો વિષય છે. આત્માને કેમ ઓળખવો ? અથવા કેમ બીજજ્ઞાનની પ્રાપ્તિ કરવી ? એ વિષય છે.

એટલે **'જેને આત્મસ્વરૂપ જણાયું છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે.'** નહિતર ધ્યાનનો કોઈ ઉપાય નથી. બીજો કોઈ ધ્યાનનો ત્રણ કાળમાં ઉપાય નથી. સિવાય લક્ષણથી, ગુણથી અને વેદનથી આત્માને જાણ્યા વિના કોઈ સ્વરૂપસ્થિરતા થાય, પ્રદેશસ્થિરતા થાય એમ બની શકે નહિ. પ્રદેશસ્થિરતાનો તો વિષય જ અન્યમતમાં નથી. બીજી ઘણી વાતો કરી છે પણ આત્મપ્રદેશની વાતો નથી કરી. કેમ કે એ એક અરૂપી ક્ષેત્ર છે. અરૂપીક્ષેત્ર છે એ સીધું કેવળજ્ઞાન સિવાય ગોચર નથી.

શ્રુતજ્ઞાનમાં તો વેદનથી નક્કી થાય છે કે જેટલી મર્યાદામાં મારું મને જ્ઞાનવેદન છે એટલી મર્યાદામાં મારું ક્ષેત્ર પૂરું થઈ જાય છે. તેથી આગળ મારું ક્ષેત્ર નથી. એથી ઓછું નથી અને એથી વધારે નથી. બાકી બીજી રીતે તો અરૂપી ક્ષેત્ર જણાતું નથી. એ લોકો તો એ પ્રયોગ કરે છે એ જુદાં જુદાં ચક્રથી કરે છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અહીં સુધીના ચક્ર લીધા છે. ત્યાંથી ધ્યાનની શરૂઆત કરે છે. એટલે એને વેદન અમુક જગ્યાએ એકાગ્ર કરવું પડે છે. જે જે ચક્ર એણે નક્કી કર્યા છે ત્યાં એ વેદનને એકાગ્ર કરે છે. ત્યાં અમુક છેલ્લે અહીંયાં એતો બહુ શાંતિ થાય છે એટલે કહે છે કે મને અહીંયાં અનુભવ થાય છે. આ મને અનુભવ થઈ ગયો. બ્રહ્મરંધ્ર કહે છે એને. બ્રહ્મરંધ્ર નામ આપેલું છે વેદાંતમાં. અનિર્વચનીય અનુભવ થાય છે. વચનથી ન કહી શકાય કોઈ વેદન. પછી વીંછી કરડે ત્યારે દુઃખે, કોઈ કાપો મૂકે

ત્યારે દુઃખે અને પેટમાં શૂળ ચડે ત્યારે દુઃખે. અનેક જાતના વેદન તો થોડા કંઈ ભાષામાં આવે છે ? વેદનનો વિષય જ જાણી શકતો નથી.

**'એ એક ઉપાય છે કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે.'** એ રીતે ત્યાં બધા પરિણામો અનંત ગુણના પરિણામો એક વાર ત્યાં સ્થિર થઈ જાય છે. એક જ પૂરા ક્ષેત્રમાં પૂરા સ્વરૂપની અંદર પોતાની પૂર્ણતાનો એ અનુભવ કરે છે. એને અહીંયાં જ્ઞાની કહ્યા છે. અને એવા જ્ઞાની દ્વારા આ જ્ઞાનનો વિષય ચાલવો જોઈએ. નહિતર અજાણ્યા હોય તે તે વિષયને શું કહે ? એ વિશેષ લેશું...

માત્ર પર્યાયમાં અસ્તિત્વપણાની શ્રદ્ધારૂપ અગૃહિત મિથ્યાત્વ જીવને અનાદિથી છે. મનુષ્ય ભવમાં જૈન શાસ્ત્રના અભ્યાસથી પ્રમાણના વિષયભૂત નિત્યઅનિત્યાત્મક દ્રવ્યનો સમ્યક્ શ્રદ્ધાનો વિષય માને – સમજે તો તે ગૃહિત મિથ્યાત્વ છે. સમ્યક્ શ્રદ્ધા તો માત્ર જીવના મૂળ ત્રિકાળ એકરૂપ સ્વભાવને જ શ્રદ્ધે છે. તેટલું જ નિજ અસ્તિત્વ શ્રદ્ધાય છે. તેમ છતાં જ્ઞાન પર્યાય અંશને નિજ સત્તામાં જાણે છે. અને તેથી જ સુખ-દુઃખનો, હિત-અહિતનો વિવેક થાય છે; શ્રદ્ધાના ઉક્ત પરિણમનને અને શ્રદ્ધાના વિષયભૂત દ્રવ્ય સ્વભાવને જ્ઞાન પ્રથમ જાણે છે. તેમજ જ્ઞાનમાં તે નિશ્ચય દ્રવ્ય મુખ્ય રહીને ઉપાસવામાં આવે છે. — આમ શ્રદ્ધા-જ્ઞાનનો વિષય એક સરખો ન હોવા છતાં (વિષયમાં તફાવત હોવા છતાં) ઉપાસવાનો વિષય એક જ છે. તેથી બંન્ને ગુણ પ્રયોજનના વિષયમાં અવિરોધપણે પરિણમે છે. તેથી બંન્ને ગુણનો આરાધકભાવ એકપણે અને અવિરુદ્ધભાવે હોય છે. (અનુભવ સંજીવની-૧૧૨૬)

## તા. ૨૨-૭-૧૯૯૦, પત્રાંક – ૪૭૨
## પ્રવચન નં. ૧૮૫

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૭૨ ચાલે છે. પાનું ૩૮૬. પેરેગ્રાફ શરૂ થાય છે ત્યાંથી.

**'લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે, તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે.'** શું કહેવું છે ? કે આત્મસ્વરૂપ જણાયું છે એનો વિસ્તાર કર્યો ત્રણ ગુણથી. એક તો લક્ષણથી લક્ષમાં આવેલું સ્વ-સ્વરૂપ છે, નિજસ્વરૂપ છે. લક્ષણ દ્વારા ગુણને પણ એટલે સ્વભાવને પણ જેણે જાણ્યો છે અને અવલંબ્યો છે, સ્વભાવનું અવલંબન જેને આવ્યું છે. અને એ અવલંબન લેતા જેને સ્વસંવેદન ઉપજ્યું છે એ પ્રકારે જેણે આત્મસ્વરૂપ જાણ્યું છે.

આત્મસ્વરૂપ જણાયું છે એ વિષયમાં અનેક પ્રકારે લોકો વાત કરે છે. આ પ્રકાર એવો છે કે આમાં હવે કાંઈ બીજો તર્ક ચાલી શકે એવું નથી. અથવા તર્કશુદ્ધપણે અહીંયાં નિરૂપણ છે. લક્ષણથી પણ ઓળખાયું છે, સ્વભાવથી પણ જ્ઞાનમાં આવ્યું છે, લક્ષમાં આવ્યું છે અને વેદનથી જેનો અનુભવ થયો છે. એવા જે આત્મજ્ઞાની છે તેને આત્મજ્ઞાનને કારણે આત્મસ્વરૂપમાં પરિણામ સ્થિર થાય છે. આત્મપરિણામ સ્થિર થાય છે ત્યારે મન, વચન, કાયાના યોગના કંપનમાં પણ સ્થિરતા આવે છે. અને એને ધ્યાન કહેવામાં આવે છે.

આવું જે આત્મજ્ઞાન છે તે ધ્યાનનો ઉપાય છે અથવા ધ્યાનનું કારણ છે. જેને આવું આત્મજ્ઞાન ન હોય એને આવું ધ્યાન પણ ન હોય એમ કહેવું છે. નહિતર ધ્યાનના વિષયમાં પણ અનેક વાતો જગતમાં ચાલે છે. આત્મજ્ઞાનના વિષયમાં અનેક વાતો ચાલે છે અને ધ્યાનના વિષયમાં પણ અનેક વાતો ચાલે છે. અહીંયાં આ બે

લીટીમાં આખો ફેંસલો કરી નાખ્યો છે. એકદમ સ્પષ્ટ વિષય લીધો છે કે આત્મજ્ઞાન કોને કહેવું ? આત્માને ઓળખ્યો છે ? ઓળખ્યો છે તો એના લક્ષણથી ઓળખ્યો છે ? અને એનું સ્વસંવેદન થયું છે કે નહિ ? તો આત્મજ્ઞાન કહીએ નહિતર આત્મજ્ઞાન કહી શકાય નહિ. કેમ કે અહીંયાં કેટલીક ધ્યાનની વાત કરવી છે. બીજજ્ઞાનના વિષય ઉપરાંત થોડો ધ્યાનનો વિષય અહીંયાં સ્પષ્ટ કરવો છે. એટલે અહીંયાં ધ્યાનનો વિષય લીધો છે.

હવે મુમુક્ષુનું સ્વરૂપ લે છે કે જેણે હજી **'લક્ષણથી, ગુણથી અને વેદનથી જેણે આત્મસ્વરૂપ જાણ્યું નથી, એવા મુમુક્ષુને.'** એટલે આત્મજ્ઞાન રહિત છે. પછી શાસ્ત્રથી ભલે જાણ્યું એમ કહે છે પણ લક્ષણથી ઓળખ્યું નથી. સ્વભાવનું અવલંબન આવ્યું નથી. સ્વસંવેદન એ રૂપ અનુભવ થયો નથી. શાસ્ત્રથી ભલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મામાં અનંત જ્ઞાન છે, અનંત ચતુષ્ટય છે. ભલે ગમે તે વાત હોય. તોપણ જેણે લક્ષણથી, ગુણથી અને વેદનથી આત્મસ્વરૂપને જાણ્યું નથી. ભલે આમ ને આમ ગમે તેટલું જાણ્યું હોય. એ સિવાય **'એવા મુમુક્ષુને જ્ઞાનીપુરુષે બતાવેલું જો આ જ્ઞાન હોય તો તેને અનુક્રમે લક્ષણાદિનો બોધ સુગમપણે થાય છે.'** એવા મુમુક્ષુને જ્ઞાનીપુરુષે આ જ્ઞાનવિષયક ફોડ પાડીને, સ્પષ્ટ કરીને, કોઈને સ્પષ્ટ ન પણ કહ્યું હોય એને જ્ઞાન થાય છે, પણ સ્પષ્ટ કહીને એનો બોધ આપ્યો હોય તો એમાં એ વિષય બોધ થવામાં સુગમપણું થાય છે. એ વિષય એને ખ્યાલમાં છે એટલે એ વિષયમાં ભ્રાંતિ ન થાય અને નિર્ભ્રાંતપણે એને બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય એવી સુગમતા એને આવું જ્ઞાન મળવાથી સંભવિતતા છે.

**'મુખરસ અને તેનું ઉત્પત્તિક્ષેત્ર એ કોઈ અપૂર્વ કારણરૂપ છે એમ તમે નિશ્ચયપણે નિર્ધારજો.'** નિશ્ચયપણે તમે અવધારજો, નિર્ધારજો એટલે તમે પાકું કરજો, દઢ રાખજો. કે આ જે મુખરસ છે અથવા આ જે બીજજ્ઞાન છે અને બીજજ્ઞાનનો જે તબક્કો છે એ કોઈ ધર્મપ્રાપ્તિમાં અપૂર્વ કારણરૂપ છે. આત્માના કલ્યાણમાં એ કોઈ અપૂર્વ કારણ છે એ વાત નિશ્ચયપણે રાખજો. એમ ને એમ કોઈ આ વાત ચાલતી નથી એમ કહે છે. જે વાત કહેવા માગે છે એનું મહત્ત્વ દર્શાવે છે કે એ કોઈ ધર્મપ્રાપ્તિનું, આત્મકલ્યાણનું અપૂર્વ કારણ છે એમ નિશ્ચય રાખવા યોગ્ય છે.

મુમુક્ષુ :- એના વગર આત્મકલ્યાણ થઈ શકે એમ છે..

પૂજ્ય ભાઈશ્રી :– એ વગર કોઈને થાય એ બન્યું નથી, એવું બનવાનું નથી. એ અપૂર્વ કારણ છે. કારણ વગર કાર્ય નથી એમ લેવું છે અહીંયાં. કાર્ય છે એનું કોઈ કારણ ભજે છે અને પછી કાર્યની ઉત્પત્તિ થાય છે.

**'જ્ઞાનીપુરુષનો તે પછીનો જે માર્ગ તે ન દુભાય એવો તમને પ્રસંગ થયો છે.'** એટલે કે ત્યારપછી આવું બીજજ્ઞાન થયા પછી જે માર્ગે જ્ઞાનીપુરુષ ચાલી રહ્યા છે એવો જે સમ્યક્‌માર્ગ–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ–એ ન દુભાય એટલે એમાં દોષ ન થાય એવો તમને પ્રસંગ પ્રાપ્ત થયો છે. **'તેથી તેવો નિશ્ચય રાખવા જણાવ્યું છે.'** એવો પ્રસંગ પ્રાપ્ત થયો છે એટલે અમારો જે સુયોગ થયો છે, સંયોગ થયો છે એ તમને જ્ઞાનમાર્ગની પ્રાપ્તિમાં આવવાનું બહુ સ્પષ્ટ નિકટનું કારણ છે અને એ વાત પણ તમે બરાબર ખ્યાલમાં રાખજો. નિશ્ચય રાખજો એનો કે હવે ત્યારપછીનો જ્ઞાનીનો જે માર્ગ છે એટલે જે મોક્ષમાર્ગ છે તે ન દુભાય એવો પ્રસંગ એટલે મોક્ષમાર્ગમાં તમે આવો એવો પ્રસંગ તમને પ્રાપ્ત થઈ ગયો છે.

અહીં સુધીની એમણે પ્રેરણા આપી છે, પ્રોત્સાહન આપ્યું છે કે તમારે કાંઈ મૂંઝાવા જેવું નથી. ભલે આ ભવના શેષ આયુ પૂરતું કોઈ સંયોગનું નબળાપણું હોય તો એની ચિંતા કરવા જેવી નથી. તમારા અનંત ભવ નાશ થાય એવો પ્રસંગ તમારા માટે આવી ચૂક્યો છે. આ પણ એક બહુ મોટો ઉત્સાહ ઉત્પન્ન થાય એવી વાત છે. કે કોઈ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ એમ કહે કે ભાઈ ! હવે તમે મોક્ષમાર્ગમાં, જ્ઞાનીના માર્ગમાં પ્રવેશ કરી શકો એવી સ્થિતિમાં અને એવા પ્રસંગમાં આવી ગયા છો. ત્યારે એ બહુ મોટી વાત છે. એને તત્‌સંબંધી પુરુષાર્થ ઉત્પન્ન થવા માટે એ બહુ મોટી વાત છે. આવો પ્રકાર ભાગ્યે જ બને છે. પણ સ્પષ્ટ લખ્યું છે. એમણે 'સોભાગભાઈ'ને આ વિષય સ્પષ્ટ લખ્યો છે.

મુમુક્ષુ :– બીજજ્ઞાન પછીનો માર્ગ તમને મળી રહેશે એમ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તમને હવે એ માર્ગ પ્રાપ્ત થાય એવો પ્રસંગ આવ્યો છે, તમારો એવો અવસર આવ્યો છે. પ્રસંગ કહો અવસર કહો, એવો અવસર તમને આવ્યો છે **'તેથી તેવો નિશ્ચય રાખવા જણાવ્યું છે.'** આવો જે બીજજ્ઞાન સંબંધીનો નિશ્ચય રાખવાનું કહ્યું એનું કારણ એ છે કે તમે ત્યારપછીના માર્ગમાં પણ આવી જાવ એવી પરિસ્થિતિ અમને દેખાય છે.

'સોભાગભાઈ'નું ત્રણ-ચાર વર્ષનું આયુષ્ય બાકી છે અને આ વાત ચાલે છે. ત્રણ-ચાર વર્ષના શેષ આયુમાં ગમે તે પ્રકારે ભલે બહારમાં જીવન વ્યતીત થાય, પણ અનુભૂતિ છે એના જેવી કોઈ સિદ્ધિ નથી, એના જેવી કોઈ ઉપલબ્ધિ નથી. એ બહુ મોટી વાત છે. એની ખાતરી આપી દીધી છે અહીંયાં. એમની યોગ્યતા જોઈને આ જગ્યાએ એમની ખાતરી આપી છે.

મુમુક્ષુ :– થશે જ.

પૂજ્ય ભાઈશ્રી :– થશે જ. તમારે દીનતા કરવાની કાંઈ જરૂર નથી, એમ કહેવું છે. કાંઈ દીનતા કરવાની જરૂર નથી. જે અનંત કાળે પ્રાપ્ત ન થયું હોય એવો જે અદ્‌ભૂત ગુણનિધિ જે બધા આત્મામાં છે આમ તો, પણ એ પ્રત્યક્ષપણે તમને ઉપલબ્ધ થાય, પ્રગટ થાય એવો પ્રસંગ તમને પ્રાપ્ત થઈ ગયો છે, એમ કહેવું છે.

**'તે પછીનો માર્ગ જો દુભાતો હોય અને તેને વિષે કોઈને અપૂર્વ કારણરૂપે નિશ્ચય થયો હોય તો તે કોઈ પ્રકારે પાછો નિશ્ચય ફેરવ્યે જ ઉપાયરૂપ થાય છે, એવો અમારા આત્મામાં લક્ષ રહે છે.'** તે પછીનો માર્ગ એટલે બીજજ્ઞાન પછીનો જે મોક્ષમાર્ગની પ્રાપ્તિ સુધીનો જે માર્ગ છે એ માર્ગની અંદર કાંઈ પણ ખામી રહેતી હોય એટલે પુરુષાર્થની ખામી રહેતી હોય તો એના નિશ્ચયમાં કાંઈક ફેર છે એમ સમજવું.

મુમુક્ષુ :– બીજજ્ઞાનમાં ફેર છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એને બીજજ્ઞાન માની લીધું છે. એને બીજજ્ઞાન નથી ખરેખર તો એને શું થાય છે ? કે એને એ નિશ્ચય ફેરવ્યે જ ઉપાયરૂપ થાય છે. એ નિર્ણય એને બદલવો પડે છે. નિર્ણયમાં ભૂલ રહી ગઈ છે કાંઈક, નહિતર એ માર્ગ દુભાય એવું છે નહિ. એમ કહીને એમ કહેવું છે કે જેને બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અથવા સ્વરૂપલક્ષ થાય છે તેને ત્યારપછીનો માર્ગ છે એ માર્ગ એને દુભાતો નથી એટલે એમાં દોષ આવતો નથી. એ પામી જાય છે. આગળ વધતો જ જાય છે પણ જો આગળ વધતો ન હોય તો એ માર્ગ દુભાય છે એમ સમજવું. કાંઈક ભૂલ રહે છે, દોષ રહે છે. તો એના નિશ્ચયમાં ફેર છે. એણે માન્યું છે કે મને કોઈ અપૂર્વ કારણરૂપ નિશ્ચય થયો છે (કહે છે) કે નહિ ? તો તે કોઈ પ્રકારે નિશ્ચય ફેરવ્યે જ ઉપાયરૂપ થાય છે. એ નિશ્ચય એને બદલવો પડશે.

**'એવો અમારા આત્મામાં લક્ષ રહે છે.'** આ અમને ખ્યાલમાં છે. આવું પણ બને

છે એટલે આ વિષય જ્ઞાનીઓ લગભગ ગુપ્ત રાખે છે. આ વિષય બહુ પ્રસિદ્ધપણે છેડતા નથી. બીજજ્ઞાનનો વિષય છે અથવા સ્વરૂપનિશ્ચયનો વિષય છે એ વિષય પ્રસિદ્ધપણે નહિ કહેવા પાછળ આ કારણ છે કે એવો નિશ્ચય બદલવામાં પછી ઘણી તકલીફ પડે છે. કેમ કે એ પણ એક નિશ્ચય છે ને ? તો એ નિશ્ચય પાછળ નિશ્ચયનું બળ છે. અન્યથા નિશ્ચય હોય કે સત્ય નિશ્ચય હોય. સાચા નિશ્ચય પાછળ સાચા નિશ્ચયનું જ્ઞાનબળ છે અને ભૂલવાળા નિશ્ચય પાછળ એ પ્રકારની ભ્રાંતિનું પણ બળ છે. એમ બળ તો એની પાછળ કામ કરવાનું જ છે. પુરુષાર્થ તો લાગવાનો જ છે એટલે એમાં થોડી તકલીફ થાય છે. એ વાત પણ સ્પષ્ટ કરી દીધી. અહીંયાં આ વિષયની લાલબત્તી મૂકી.

મુમુક્ષુ :- એટલે ભૂલવાળું બીજજ્ઞાન ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે બીજજ્ઞાનના વિષયમાં પોતે માની લીધું હોય કે મને બીજજ્ઞાન છે. પણ એ બીજજ્ઞાન ન હોય એને. એટલે સ્વરૂપનિશ્ચય ખરેખર વર્તતો ન હોય તો એને ત્યારપછીનો જે માર્ગ છે એ માર્ગે ચડતો નથી, આગળ વધતો નથી, મોક્ષમાર્ગમાં આવતો નથી. એટલે વળી પાછી એને મૂંઝવણ થાય. અને એને કોઈ પ્રકારે એ નિશ્ચય ફરે, ફેરફાર થાય અને યથાર્થ નિશ્ચય થાય તો એ માર્ગમાં આવે, નહિતર માર્ગમાં આવી શકે નહિ. એટલે કારણ સાથે કાર્ય છે એ પ્રતિબદ્ધ છે એમ અહીંયાં કહેવું છે. કારણ સાથે કાર્ય બંધાયેલું છે. જો કારણ ઉત્પન્ન થાય અને કાર્ય ન થાય, કે કોઈને થાય અને કોઈને ન થાય એ પ્રકાર આમાં નથી. જેને કારણ થાય એને કાર્ય થાય, થાય ને થાય જ. એમ કહેવું છે. અને કારણ ન થયું હોય એને કાર્ય થાય એવું કોઈ દિવસ બને નહિ. એવું સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- બેય વાત કરી. કાંઈ ભૂલ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બેય વાત કરી છે. ક્યાંય ભૂલ ન થવી જોઈએ. ભૂલ થાય, માની બેસે તો એ માર્ગ નથી. પુરુષાર્થ નહિ ઊપડે. નિર્ભ્રાંત દર્શનમાં એ વિષયનું સ્પષ્ટીકરણ લીધું છે જે કોઈને શાસ્ત્રાદિથી અથવા જ્ઞાની પાસેથી આ સ્વરૂપનિશ્ચય સંબંધી જાણવા મળે છે. 'ગુરુદેવે' ત્યાં સુધી એ વિષે કહ્યું, કે જેને સ્વરૂપ નિશ્ચય થાય છે એને નિશ્ચયનયનો પક્ષ બંધાય છે. તે જીવ નિશ્ચયનયના પક્ષમાં આવે છે. એટલે નિશ્ચય આત્મસ્વરૂપ છે એના ઉપર એનું વજન જાય છે, એના ઉપર એનું જોર જાય છે અને રાગાદિ વિકલ્પમાં પણ એ તરફનો પ્રકાર જોવામાં આવે છે. હવે

એમ જાણીને કોઈ કૃત્રિમપણે નિશ્ચયનો પક્ષ કરી લે અને એને એમ લાગે કે હું આ પુરુષાર્થ કરું છું. નિશ્ચયનો પક્ષ કરું છું માટે મને નિશ્ચય સ્વરૂપની પ્રાપ્તિ થઈ જશે. એવી રીતે નિશ્ચય સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, એમ કહેવું છે. ત્યાં જ્ઞાનીનો માર્ગ દુભાય છે એમ કહે છે. અને એ નિર્ણય એને ફેરવ્યે જ છૂટકો છે. એ નિર્ણયથી એને પ્રાપ્તિ નહિ થાય. એટલે એને અમુક કાળે ખ્યાલ આવે છે. થોડો કાળ વિશેષ વ્યતીત થાય છે ત્યારે એને ખ્યાલ આવે છે કે હું ઘણા વખતથી નિશ્ચયનું જોર મારું છું, વિચારમાં, વિકલ્પમાં, ભાષામાં, વાતચીતમાં, ચર્ચામાં (પરંતુ) પ્રાપ્તિ તો થતી નથી. પ્રાપ્તિ નથી થતી માટે મારો પુરુષાર્થ નથી લાગતો. પુરુષાર્થ નથી કે ઊંધો પુરુષાર્થ છે ? એ એને ખબર નથી. એ માને છે કે પુરુષાર્થની અલ્પતાને કારણે પ્રાપ્તિ નથી થતી. પણ એ ક્યાં સુધી અલ્પતા ચાલશે ? એ અલ્પતા ક્યાં સુધી ચાલશે ? એ અલ્પતા નથી પણ વિપરીતતા છે.

ઘણા વર્ષ પહેલા આવી ચર્ચા ચાલી હતી. મુમુક્ષુ મુમુક્ષુ ભાઈઓ વચ્ચે. એમાં શું (ચાલ્યું ? કે) સમ્યક્ સન્મુખ હોય એને ગમે તેટલો કાળ જાય, તો બીજા ભવે પ્રાપ્ત કરે, આ ભવે ન પ્રાપ્ત કરે, પણ નિર્ણય તો એને બરાબર થઈ ગયો છે કે નહિ ? પુરુષાર્થ ઓછો છે.

જેને મુદત નક્કી ન હોય અથવા પોતાને ચોક્સાઈ ન લાગતી હોય, ભઈ ! એ તો થાય, થાશે આમને આમ કરતાં કરતાં થાશે. એને પુરુષાર્થ કહેવો શું કરવા જોઈએ ? એવા પુરુષાર્થને પુરુષાર્થ શું કરવા કહો છો ? પુરુષાર્થ શા માટે એને ગણાવો છો ? એને તો પુરુષાર્થ ન કહેવો જોઈએ એવું લાગે છે. પુરુષાર્થ તો એને કહીએ કે જેને એ પુરુષાર્થનું કાર્ય સામે દેખાતું હોય, એને પુરુષાર્થ ગણવો જોઈએ.

છોકરાઓ નિશાળમાં ભણે છે. આપણે આપણા અનુભવથી વાત કરીએ તો સમજી શકાય એવું છે. કે ભણતી વખતે જ્યારે પરીક્ષામાં બેસવાનું થાય છે ત્યારે જેને પૂરી તૈયારી નથી કરી એને શંકા પડે છે કે પરીક્ષામાં કેવું પેપર નીકળશે કોને ખબર ? અને એ પેપરનો જવાબ આપણને આવડશે કે નહિ અને પાસ થાશું કે નહિ ? પાસ થઈએ તો સારું અને નપાસ ન થઈએ તો સારું. આમ એને હાલકડોલક પરિસ્થિતિ ક્યાંથી હોય છે ? કે એની તૈયારી જ નથી હોતી. પણ જે પહેલા-બીજા નંબરે આવવાની તૈયારીમાં હોય એને પરીક્ષાનું પેપર કેવું આવશે ? અને હું પાસ

થઈશ કે નહિ એની શંકા પડે છે ? એને એમ છે, ગમે તે પેપર નીકળે નહિ, ગમે ત્યાંથી વાત આવે નહિ. આપણી પૂરી તૈયારી છે. પહેલો, બીજો નંબર લીધે જ છૂટકો છે. તો એને તો પેપર લખતી વખતે જ પોતાનું પરિણામ પરીક્ષાના હોલમાં જ દેખાય છે. પરિણામ આવશે ત્યારે દેખાશે એમ નથી એને. એને પેપર જ્યારે આવી ગયું હાથમાં અને લખે છે ત્યારે જ એને ખબર છે કે હું ક્યાં ઊભો છું ?

એમ જેને પુરુષાર્થ ચાલે છે, બીજજ્ઞાન મળી ગયું છે અને પુરુષાર્થ ઊપડ્યો છે એ સમ્યગ્દર્શનની રાહ પણ જોતો નથી. એ સમ્યગ્દર્શન ક્યારે થશે ? અને થશે કે નહિ થાય ? એને ગમે ત્યારે વહેલુંમોડું થશે તો થશે. આપણે તો પુરુષાર્થ કરે રાખીએ એવું કાઈ નથી. એને તો પર્યાય રહિત વસ્તુ નિશ્ચય માર્ગ છે ખરેખર તો. અને એ પર્યાય રહિત વસ્તુ એટલી મહાન છે, પોતે જ છે એ તો. પોતે એટલો મહાન છે કે એની પાસે એક સમયની અલ્પ જઘન્ય પર્યાય પ્રગટ થવાની છે ને ? સમ્યગ્દર્શન થશે ત્યારે ચોથા ગુણસ્થાનની જઘન્ય મોક્ષમાર્ગની પર્યાય પ્રગટવાની છે હજી તો. પહેલું પગથિયું છે મોક્ષમાર્ગનું. ગુણસ્થાન ભલે ચોથું કહેવાય. પણ મોક્ષમાર્ગનું પહેલું જ પગથિયું છે એ. એની શું એને રાહ જોવાની હોય ? જે વસ્તુ પોતે છે એનો જ્યાં નિશ્ચય થયો છે ત્યાં એને જઘન્ય પર્યાયની અપેક્ષા રહેતી નથી. એની અપેક્ષા જ નથી રહેતી એને. એ તો સ્વયં એના કાળે આવી જવાની છે. એમાં નથી આવવાની એ શંકા પણ પડતી નથી. એને જ્ઞાનીનો માર્ગ દુભાતો નથી. એ નિઃશંક માર્ગમાં છે.

જેને શંકા પડે છે એને નક્કી જ્ઞાનીનો માર્ગ દુભાય છે. 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ. જ્ઞાન તહા શંકા નહિ સ્થાપ.' જ્યાં જ્ઞાન છે ત્યાં શંકા નથી. શંકા છે ત્યાં એને સંતાપ થયા વગર રહેતો નથી. અંદરમાં ને અંદરમાં સંતાપ થાય છે, કોને ખબર પ્રાપ્ત થશે કે નહિ થાય ? પુરુષાર્થ બરાબર ચાલતો નથી. શું થશે ? આપણું કેમ થશે ? કઈ ગતિમાં જશું ? ગતિ તો સારી મળશે કે નહિ મળે ? દેવ-ગુરુ-શાસ્ત્રનો સંયોગ થાય તો સારું અને સંયોગ રહે તો સારું. કાંઈ આમ કરતાં કરતાં આપણે પામીએ. એ બધા શંકામાં ઝોકા ખાય છે એ જ્ઞાનીનો માર્ગ દુભાય છે એવી રીતે ચાલે છે. એ યથાર્થ જ્ઞાનીના માર્ગે ચાલતા નથી.

મુમુક્ષુ :- પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્ણતાને લક્ષે આગળ વધે તો બરાબર નિર્ણય સુધી પહોંચી જાય છે. બીજજ્ઞાન સુધી પહોંચી જાય છે. બીજજ્ઞાન સુધી પહોંચે છે એ જરૂર મોક્ષમાર્ગમાં આવી જાય છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- 'નિર્ભ્રાંતદર્શન'માં બધું આવી જાય છે. સ્વરૂપ દૃષ્ટિને બધા પ્રકરણ. 'નિર્ભ્રાંદર્શનની કેડી.'

પૂજ્ય ભાઈશ્રી :- હા. હવે એ ધ્યાનનો વિષય ચર્ચે છે.

**'એક અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે,...'** આત્માનું જ્ઞાન નથી. ગુણથી, લક્ષણથી, વેદનથી કોઈ પ્રકારે આત્માનું જ્ઞાન નથી. અને **'અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે,..'** શ્વાસોચ્છ્વાસ. પવન એટલે શ્વાસોચ્છ્વાસમાં જે પવન આવાગમન કરે છે એની સ્થિરતા કરે છે એટલે એને રોકે છે. શ્વાસ લે, પછી એ પવનને રોકે પછી અમુક ટાઈમ રોકવાની Practice કરે એમ વધારે પવન રોકાતો જાય, પછી એને ઉચ્છવાસથી બહાર લે. એની બધી પ્રક્રિયા છે. આત્માના પરિણામને અને શરીરને નિમિત્ત-નૈમિત્તક સંબંધ હોવાને લીધે એવા શરીરના પરિણામ થાય, પવનના પર્યાયો થાય, એના ઉપર આત્માનું લક્ષ રહે, જીવનું એના ઉપર ધ્યાન રહે ત્યારે એને બીજું ધ્યાન ન રહે. એના ઉપરના ધ્યાનને કારણે એને બીજું ધ્યાન ન રહે ત્યારે લોકો એમ માનવા લાગે છે કે આત્માનું ધ્યાન થાય છે. આ ભૂલ થાય છે.

એમાં શું હોય છે કે એક નાસિકાથી પવન આસ્તે... આસ્તે... આસ્તે... લે. એકદમ નહિ, એકદમ નહિ ધીમે... ધીમે... ધીમે... લે પછી થોડી વાર રોકે. રોકી શકાય એટલી વાર. પણ પરાણે નહિ. પછી બીજી નાસિકાથી આસ્તે... આસ્તે... છોડે. એટલે એક નાક દબાવી રાખે. કોઈ વખત આમ દબાવી રાખે, કોઈ વખત આમ દબાવી રાખે. લેવા મૂકવા માટે. એવી રીતે પવનનું ગ્રહણ કરવું, પવનનું છોડવું. એના ઉપર ધ્યાન રાખવું પડે ને ? આસ્તે... આસ્તે... આસ્તે... શ્વાસ લેવો, પછી રોકી રાખવો એને. પછી આસ્તે... આસ્તે બીજા નાકથી એને છોડવો. વળી આસ્તે... આસ્તે.. છોડવો, લેવો, છોડવો, લેવો, છોડવો. એમ કરતાં કરતાં રોકવાની જે પ્રક્રિયા છે એ વધારે છે, એવી Practice થી અને એટલી વાર શ્વાસોચ્છ્વાસ બંધ રહે છે. શ્વાસોચ્છ્વાસ લેવાનું પણ બંધ રહે, શ્વાસ છોડવાનું પણ બંધ રહે. જેટલી વાર પવન રોકાય એટલી વાર. એ પવન રોકાય એટલી વારમાં પછી એ જુદી જુદી રીતે એની અંદર કલ્પના

કરીને ઉપયોગને સ્થિર કરવાનો પ્રયત્ન કરે છે. ચંચળતા ઘટાડવાનો એ પ્રયોગ કરે છે એને લોકો ધ્યાન કહે છે. એવું અજ્ઞાનપણે એટલે આત્મજ્ઞાન વગર પણ કેટલાક લોકો એવી પ્રક્રિયા અને એવા પ્રયોગ કરે છે.

**'પણ શ્વાસોચ્છ્વાસના રોધનથી...'** એટલે પવનને રોકી રાખવાથી **'તેને કલ્યાણનો હેતુ થતો નથી.'** તેથી એને આત્માનું કલ્યાણનું કારણ બનતું નથી. એ હવાના, પવનના પરમાણુઓ શરીરમાં રોકાઈ ગયા તેથી આત્માને કલ્યાણ થાય. ગ્રહણ થયા તેથી કલ્યાણ થાય, રોકાણા તેથી કલ્યાણ થાય કે છૂટે તેથી કલ્યાણ થાય, એવું કાંઈ નથી. એથી આત્માના કલ્યાણને કોઈ સંબંધ નથી, એમ કહે છે. કેમ કે એ પરમાણુની પ્રક્રિયા છે. આત્માનું કલ્યાણ એ આત્માની ક્રિયા છે અને પરમાણુની ક્રિયા એમાં આત્માનું કલ્યાણ, નહિ કલ્યાણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જો કે દલીલ એમ કરે છે કે એ પરમાણુની ક્રિયા ઉપર લક્ષ જતાં આત્માના પરિણામમાં ચંચળતા તો ઘટી ને ? ચંચળતા ઘટી ત્યારે શાંતિ તો આવી કે ન આવી ? એટલું આત્મામાં કામ થયું, કે થયું એ નિમિત્તે ? ત્યારે એને એમ પૂછી શકાય કે આત્માની શાંતિ પરમાણુના આધારે લેવી છે ? કે આત્માની શાંતિ આત્માના આધારે ઉત્પન્ન કરવી છે ? કેવી રીતે આત્માની શાંતિ ઉત્પન્ન થવાની છે ? વિચાર કરો. પરમાણુના આશ્રયથી, પરમાણુના અવલંબનથી, પરમાણુના પરિણમનના અવલંબનથી કોઈ આત્માને શાંતિ ઊપજે અને એ શાંતિ હોય તો આત્માની શાંતિ હોય એ વાતમાં કાંઈ માલ નથી.

જે પરમાણુની પર્યાયથી કે દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પરમાણુથી ભિન્નતા જાણવી છે, ભિન્નતાનો અનુભવ કરવો છે અને એ ભિન્નતાનો અનુભવ કરતાં જે શાંતિ ઊપજવાની છે એટલે એનું અવલંબન છોડવાથી જે શાંતિ ઊપજવાની છે એના બદલે એનું અવલંબન લઈને તને શાંતિ ઊપજી છે, આ વાત ઉલટી અથવા ઊંધી છે. આ વિપરીત છે. હવે અહીંયાં ધ્યાન કરવા જતા વિપર્યાસ ક્યાં ઉત્પન્ન થયો એને ખ્યાલ રહેતો નથી.

'મુંબઈ'માં એક 'શ્રીમદ્જી'ના અનુયાયીએ ધ્યાનનું પુસ્તક કાઢ્યું. ઘરે. જુઓ ! આ મારા નામથી પ્રકાશિત થયું છે. લખનાર તો એમ (કહ્યું) કે શ્વેતાંબરના ફલાણા મહારાજ છે. આ બાજુ રહે છે 'વલસાડ'. ત્યાં ગોયંકાના ધ્યાનના શિબિરમાં જઈ

આવેલા છે. પ્રચાર હવે એના ધ્યાનનો કરે છે. એને કહ્યું કે તમારા નામે અમારે પ્રસિદ્ધ કરવું છે. પૈસા તો અમે ગમે ત્યાંથી ખર્ચાવી દઈશું (મેળવી લઈશું) કેમકે પૈસા તો અમે ગમે ત્યાંથી ખર્ચાવી દઈશું. લોકોને કાંઈક વિશ્વાસ આવે કે ફલાણા ભાઈ પણ આની અંદર છે. Prestigeવાળા માણસ હોય. બહારમાં, સમાજમાં સારી છાપ હોય. એના નામથી પુસ્તક બહાર પાડે તો બીજાને પણ એમ થાય કે ના, ના કાંઈક લાગે છે, આની અંદર કાંઈક માલ હશે. પછી થોડાક પાના ફેરવીને બતાવ્યું કે આમાં આવી રીતે પરમાણુ ઉપર ધ્યાન રાખવાનું થાય છે તો પરમાણુનું આલંબન છોડવાનું છે આત્માના ધ્યાનમાં કે પરમાણુનું આલંબન કરીને ધ્યાન કરવાનું છે ? બહુ ઊલટો-સુલટો ફેર નથી લાગતો ? એમના ને એમના પુસ્તકમાંથી દસેક મિનિટમાં એ ગોતીને આપ્યું એમને. કહે, વાત તો તમારી બરાબર છે. પછી ક્યા રસ્તે જાવ છો ? પછી 'શ્રીમદ્જી'ના અનુયાયી હતા. એટલે 'શ્રીમદ્જી'ના વચનો ઉપર વિશ્વાસ હોય ને. પછી બે-ત્રણ વાતો બતાવી કે જુઓ ! આ રીતે કલ્પનાથી ધ્યાન કરવાનો કોઈ અર્થ નથી. જોકે આપણે તો હમણાં હમણાં જ આવી ગયું, (પત્રાંક) ૪૬૬માં. છઠ્ઠો પેરેગ્રાફ છે ને ? ૩૮૩ પાને.

**'જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે,...'** જ્ઞાનીપુરુષને શોધવાને બદલે તમે ધ્યાનની શોધ કરી આવ્યા છો. આ જૈનમાર્ગ નથી પણ આ બૌદ્ધમાર્ગની અંદર આ પ્રકારની ધ્યાન વિધિ અથવા પ્રયોગ છે. 'શ્રીમદ્જી' સ્પષ્ટ કહે છે. કે એમના સિદ્ધાંતો જોતા એ મોક્ષમાં ગયા નથી. આ વાત તો જાહેર છે આની અંદર. એમના વચનામૃતમાં આ વસ્તુ તો જાહેર છે કે જે મોક્ષમાર્ગમાં નથી, મોક્ષે ગયા નથી એના માર્ગનું ધ્યાન તમે ક્યાંથી શીખી આવ્યા ? અને એના માર્ગનું ધ્યાન શીખીને તમે કેવી રીતે મોક્ષમાર્ગે જશો ? એ તો ગયા નથી. એ તર્યા નથી. જે તર્યા નથી એ ડૂબ્યા છે. ડૂબતો બીજા ડૂબતાને બચાવે, કેવી રીતે બચાવે ? બચાવી શકે કે ન બચાવી શકે ? ડૂબતો, બીજા ડૂબતાને બચાવી શકતો નથી. ડૂબાડે છે. બચાવવા જાય તો બેય ડૂબે છે.

મુમુક્ષુ :- નવું નવું જાણવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નવું નવું ઘણું જાણવું છે પણ હવે આયુષ્ય થોડું છે.

એક જીંદગીથી કાંઈ પૂરું પડે એવું નથી. નવું નવું જાણવું છે કે આત્માને કલ્યાણના હેતુરૂપ છે એટલું જાણવું છે ? એ નિર્ણય કરી લેવો. નવું નવું જાણવું છે કે જેટલું આત્માને કલ્યાણનું કારણ થાય એટલું જ જાણવું છે, બીજું મારે કાંઈ પ્રયોજન નથી, કાંઈ લેવા-દેવા નથી એમ કરવું છે. શું કરવું છે ?

મુમુક્ષુ :– પ્રયોજનભૂત કલ્યાણ થાય એટલું જાણવું છે.

કહે છે કે એ **'કલ્યાણનો હેતુ થતો નથી અને એક જ્ઞાનીની આજ્ઞાપૂર્વક શ્વાસોચ્છ્‌વાસનો રોધ કરે છે,...'** હવે જેને આત્મજ્ઞાન થયું છે લક્ષણથી, ગુણથી અને વેદનથી અને એ જે ધ્યાનનો પ્રયોગ કરાવે છે **'તેને તે કારણથી જે સ્થિરતા આવે છે, તે આત્માને પ્રગટવાનો હેતુ થાય છે.'** એવા કોઈ જ્ઞાની ધ્યાનનો પ્રયોગ જાણતા હોય અને એ આત્માનું લક્ષ કરાવીને ચંચળતા ઘટાડવા માટે કોઈ પ્રયોગ દેતા હોય, શ્વોચ્છ્‌વાસનો ગમે તે, તો એને એ કલ્યાણનું કારણ થાય છે. કેમ કે એનો માર્ગ બરાબર છે માટે. એ **'આત્માને પ્રગટવાનો હેતુ થાય છે.'**

એટલે એ ક્રિયા ત્યાં જ છે અને બીજે નથી એવું નથી. એ બૌદ્ધમાં પણ છે, વેદાંતમાં છે, જૈનમાં છે એ બધા જે શરીરાશ્રિત નિમિત્ત-નૈમિત્તિક સંબંધે પરિણામની ચંચળતા ઘટાડવાના પ્રયોગ છે એવા ધ્યાનના પ્રયોગ જૈનમાં પણ છે, જૈનશાસ્ત્રોમાં પણ છે. બૌદ્ધ શાસ્ત્રોમાં પણ છે, વેદાંતના શાસ્ત્રોમાં પણ છે. પછી કોઈ એમ કહે કે અમારામાંથી આણે લીધું. કોઈ એમ કહે કે અમારામાંથી આણે લીધું. એ બધી વાતો છે. જૈનદર્શન પ્રમાણે તો 'ૠષભદેવ' ભગવાનની વાણીમાં બધો વિષય, કોઈ બાકી ન રહે એટલો વિષય જગતની બધી વિદ્યાનો વિષય આવી જાય છે.

એ પહેલા અહીંયાં યુગલિયાના ક્ષેત્રો હતા. અહીંયાં એ વિષે કોઈ જાણતા નહોતા. પણ એ તો જૈન સંપ્રદાય સિવાયના બાકીના લોકો માન્ય કરે નહિ. માન્ય કરાવવાનો આગ્રહ રાખવો વ્યર્થ છે કેમ કે એ તો દરેકની શ્રદ્ધાનો વિષય છે. પણ એવી મળતી ભળતી વાતો દરેક સંપ્રદાયમાં હોય તો પણ જેને આત્મજ્ઞાન થયું છે એને એ પ્રયોગ કાંઈક આત્મ કલ્યાણમાં નિમિત્તભૂત થઈ શકે છે. આત્મજ્ઞાન ન થયું હોય એવો અજ્ઞાનપણે એ કોઈ પ્રયોગ કરે તો એ આત્મકલ્યાણમાં નિમિત્ત નથી થતો. એટલો અહીંયાં મર્યાદિત વિષય લેવો.

**'શ્વાસોચ્છ્‌વાસની સ્થિરતા થવી એ એક પ્રકારે ઘણી કઠણ વાત છે...'**

શ્વાસોચ્છ્વાસની સ્થિરતા થવી એના માટે એ Practice કરવી પડે છે. એ કઠણ વાત છે. જો કે ત્યાં પણ બીજા કેટલાક પરિણામને લગતા નિયમ આપવામાં આવે છે. કે તમારે અહીંયાં આ પ્રયોગ કરવા આવવું ત્યારે બિલકુલ બોલવાનું બંધ રાખવું પડશે. એને મૌન આપી દે છે. એટલે વાણી દ્વારા જે પરિણામની ચંચળતા થતી હતી એ બંધ થાય છે. પછી એને આવાગમન પણ બંધ કરી દેવામાં આવે છે. એટલે બહાર ક્યાંય જવું, છાપા વાંચવા, રેડિયો સાંભળવું, ટીવી જોવું વગેરે બધું બંધ કરાવી દે છે. પછી આહારની અંદર પણ એને જે રીતે તૈયાર થાય એ જ રીતે આપવામાં આવે છે. અમુક પ્રકારના એવા નિયમ અને બાહ્ય સંયમ અને બાહ્ય નિયમની અંદર લઈ આવે છે. એવા બધા પ્રકાર કરાવે છે સાથે સાથે. એટલે થોડી વાત કઠણ પડે છે કે એ જાતની Practice માં ન આવ્યા હોય એને એમ લાગે કે આવું બધું કરવું પડે ? આ તો વાત જરા અઘરી છે એમ કઠણ લાગે. પછી Practice કરે ત્યારે પણ એને એ Practice ન હોય ત્યારે એ વાત કઠણ લાગે છે.

એટલે અહીંયાં એમ કહે છે કે એ રસ્તે ચડવાને બદલે **'તેનો સુગમ ઉપાય મુખરસ એકતાર કરવાથી થાય છે; માટે તે વિશેષ સ્થિરતાનું સાધન છે; પણ તે સુધારસ-સ્થિરતા અજ્ઞાનપણે ફળીભૂત થતી નથી, એટલે કલ્યાણરૂપ થતી નથી,...'** એટલે જો બીજજ્ઞાન પ્રગટ થાય, સ્વરૂપલક્ષ થાય અને સ્વાનુભૂતિ સુધી પહોંચાય તો આપો આપ જ એ સ્થિરતામાં આવે છે. અને તો એ સ્થિરતા એને એ રસ્તે પકડવી સારી છે. આવા જડના પ્રયોગ કરવા કરતાં ચૈતન્યના પ્રયોગથી એ દિશામાં આગળ વધવું એ વધારે સારું છે એમ અહીંયાં કહેવા માગે છે.

**'તેમ તે બીજજ્ઞાનનું ધ્યાન પણ અજ્ઞાનપણે કલ્યાણરૂપ થતું નથી,...'** એટલે કૃત્રિમપણે આવો આત્મા છે, આવો આત્મા છે એમ કૃત્રિમપણે, અજ્ઞાનપણે કલ્યાણરૂપ થતું નથી. **'એટલો વિશેષ નિશ્ચય અમને ભાસ્યા કરે છે.'** એ તો ઉપર પણ કહી ગયા કે એ રીતે બીજજ્ઞાન નથી પણ એની યોગ્યતામાં આવે ત્યારે બીજજ્ઞાન થાય ત્યારે એ બીજજ્ઞાન સફળ થાય છે. બાકી તો નામમાત્ર બીજજ્ઞાન છે. ખરેખર એ બીજજ્ઞાન નથી. જેમ કલ્પનાથી ધ્યાન કરે અથવા કૃત્રિમ ધ્યાન કરે તો સફળ થતું નથી. એમ બીજજ્ઞાનના વિષયમાં પણ લઈ લેવું. એમ કહે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે કે જ્યાં જરૂરત લાગે ત્યાં બધી જ તૈયારી છે. મગજનું દહીં કરવા તૈયાર છે. દહીંની છાશ કરવા તૈયાર છે અને છાશનું માખણ કરવા પણ તૈયાર છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– સાબુ બનાવવા કરતાં સહેલું છે, લ્યો. ભાઈને સાબુ બનાવતા સરસ આવડે છે. એના કરતાં આ સહેલું છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં તો ઘાણ બગડી જાય. બગડી જાય કે ન બગડી જાય ?

મુમુક્ષુ :– આ તો પોતાની વસ્તુ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાની વસ્તુ છે. એક આવ્યું હતું આપણે ચર્ચામાં કે અનુભવ કરવો સહેલો છે, ક્ષયોપશમ વધારવો અઘરો છે. દુનિયાના અનેક કાર્યોનો ક્ષયોપશમ છે એ અઘરી વાત છે. માણસ એક ધંધો કરતાં કરતાં કેટલા સાઈડમાં બીજા ધંધા કરે છે ? મકાનનું, જમીનનું, સાબુનું બધું સાથે થઈ શકે કે ન થઈ શકે ? ખાલી પીપડાનું તો એ બધું એમાં બધી જાણકારી (કરવી) હોય ત્યારે મગજનું દહીં થાય કે ન થાય ? ન થાય ? આ તો મને ખબર છે એટલી વાત કરું છું. એ સિવાય કેટલું હશે મને ખબર નથી. એમાં મગજનું દહીં થાય છે કે નથી થતું ? એમાં તો કેટલી આકુળતા થાય ? કેટલી ભાંજગડ થાય ? એમાં પાછા Labour problem હોય. કેટલા problem ઊભા થાય ? ઇન્કમ ટેક્સના, સેલ્સ ટેક્સના, પૂરવઠાના, એસેન્સિયલ કોમોડિટીએક્ટના કેટલા ટેક્સ લાગુ પડે છે ? ગુમાસ્તા ધારાના, સોપએક્ટના ફલાણા છપ્પન જાતના એક્ટ લાગુ પડે છે. ત્યાં મગજનું દહીં થાય કે ન થાય ? કે પૈસાની જરૂર હોય ત્યાં તો મગજનું દહીં કરવા પોતે તૈયાર થાય છે.

આ ડૉક્ટર થાય છે પાંચ-પાંચ-સાત-સાત વર્ષ સુધી કેવી માથાકૂટ ? ચીતરી ચડે, મડદા ચીરે. જીવતો દેડકા ચીરે, જીવતા સસલા ચીરે અને મડદા ચીરે. શબ આવે છે ને ? દેહદાન કરે છે એના શબ આવે છે. બધા ચીરી નાખે. જોવું ન ગમે એને ખોલી ખોલીને જોવે. એનું મગજનું દહીં થયા વગર ડૉક્ટર થઈ જાય છે ? કેટલું થાતું હશે મગજનું દહીં ? જરૂર છે કે નહિ એટલો સવાલ છે. નહિતર કંટાળો આવે એવું છે. ગમે તે વિષયમાં.

જીવને ઠરીને ઠામ થાવું છે કે નહિ ? શાંતિ જોવે છે કે નહિ ? નિરાકુળ શાંતપણે રહેવું છે કે નહિ ? આત્માની સુખ-શાંતિમાં એને રહેવું કે એની જગતની ઉપાધિમાં હજી વંટોળ ચડ્યો છે એમાં વંટોળિયામાં તણખલું ઊડે છે એમ ફરવું છે ? પોતે નિર્ણય કરવાનો છે, શું કરવું છે પોતે નિર્ણય કરવાનો છે.

મુમુક્ષુ :- ભવિષ્યની ચિંતા છે. લાંબાગાળામાં ભવિષ્યની ચિંતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાંચ-પચ્ચીસ વર્ષની ચિંતા છે. એથી આગળની ચિંતા નથી. એટલે એ શું બતાવે છે કે બુદ્ધિ કેટલી ટૂંકી છે ? વિચારશક્તિ કેટલી ટૂંકી છે ? કે ફક્ત પાંચ-પચ્ચીસ વર્ષના ભવિષ્યને જુએ છે પણ અનંત કાળને જોઈ શકતો નથી. બુદ્ધિની અલ્પતા છે.

મુમુક્ષુ :- વિશાળબુદ્ધિ અને મધ્યસ્થતા...

પૂજ્ય ભાઈશ્રી :- શેની મધ્યસ્થતા ?

મુમુક્ષુ :- વિશાળ બુદ્ધિ અને મધ્યસ્થતા. 'શ્રીમદ્જી'એ લીધું છે એમાં આ લેવાનું છે અનંતકાળમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિશાળ બુદ્ધિમાં આત્માનો સ્વભાવ વિશાળ છે એનું જે શાશ્વતપણું છે એ વિશાળ છે, એના ગુણધર્મો વિશાળ છે. એ બધું સમાવાનું છે જ્ઞાનની અંદર. અને મધ્યસ્થતામાં આત્માના હિત-અહિતને મુખ્ય રાખીને, આત્માના હિત અહિતને મુખ્ય રાખીને એનો વિચાર કરવાનો છે. એનું નામ મધ્યસ્થતા છે. મધ્યસ્થતા એટલે આ પણ સરખું અને આ પણ સરખું એમ નથી કહેવા માગતા. એ અવિવેક છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલા વર્ષ નિશાળમાં ભણે ? પાંચ વર્ષનો, ચાર વર્ષનો, ત્રણ વર્ષનો હોય ત્યારથી મા-બાપ છોકરાને બાલમંદિરમાં મૂકે. પચ્ચીસ વર્ષ સુધી તો અત્યારે ઓછામાં ઓછું ભણે છે. એક ડિગ્રીથી હવે કાંઈ કામ નથી આવતું. ૨૪-૨૫-૨૭ વર્ષ સુધી ઘણા ભણે છે. પછી કેટલીક Practice કર્યા પછી કમાતા શીખે છે. અહીંયાં તો છ મહિનાની મુદ્દત બાંધી. જેટલા વર્ષ છે એટલા વર્ષ નથી લીધા. ૨૦-૨૨ વર્ષ સુધીની કોઈ મહેનત નથી લીધી. ત્યારપછીની કોઈ વાત નથી. છ મહિનાની અંદર તારી રુચિનો રસ વધે, એ પણ મારે મારું હિત કરવું છે એટલી જ વાત છે. મારે મારું કલ્યાણ કરવું છે, મારું હિત કરવું છે. હવે મારે જન્મ-મરણરૂપ

પરિભ્રમણ કરવું નથી. એટલી જ વાત ઉપર તારો રસ અને રુચિ વધે તો છ મહિનાની વાર છે. તો આ સહેલું ગણવું કે અઘરું ગણવું ?

**'જેણે વેદનપણે આત્મા જાણ્યો છે તે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ તે કલ્યાણરૂપ થાય છે,...'** એવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ, જેણે વેદનપણે આત્મા જાણ્યો છે. એમ. શાસ્ત્રજ્ઞાનથી નહિ, અનુભવથી આત્મા જાણ્યો છે **'તે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ તે કલ્યાણરૂપ થાય છે, અને આત્મા પ્રગટવાનો અત્યંત સુગમ ઉપાય થાય છે.'** અથવા એ સીધું જ આત્માને પ્રગટવાનું કારણ છે એમ કહેવું છે.

**'એક બીજી અપૂર્વ વાત પણ આ સ્થળે લખવાનું સૂઝે છે.'** લ્યો સહેજે સહેજે જે વિચાર આવ્યો છે એ લંબાણો વિકલ્પ એટલે આગળ કહે છે કે **'આત્મા છે તે ચંદનવૃક્ષ છે.'** ઉપમા આપી છે. આત્માને ચંદન વૃક્ષની ઉપમા આપી છે. **'તેની સમીપે જે જે વસ્તુઓ વિશેષપણે રહી હોય તે તે વસ્તુ તેની સુગંધનો (!) વિશેષ બોધ કરે છે.'** જેમ ચંદન વૃક્ષ છે એની નજીકમાં જે જે વસ્તુ રહી એમાં પણ એની ગંધ આવી જાય છે. આ સુખડનું લાકડું ક્યાંક રાખ્યું હોય તો ત્યાં પણ વાસ આવ્યા કરે ને આજુબાજુ ? એમ. જે કોઈ કોથળીની અંદર સાથે બીજી ચીજ હોય તો એમાં એ વાસ બેસી જાય છે.

**'જે વૃક્ષ ચંદનથી વિશેષ સમીપ હોય...'** હવે જંગલની વાત કરે છે. ચંદન વૃક્ષના જે જંગલ હોય છે, આ બાજુ 'મૈસુર'બાજુ 'કર્ણાટક'માં. **'જે વૃક્ષ ચંદનથી વિશેષ સમીપ હોય તે વૃક્ષમાં ચંદનની ગંધ વિશેષપણે સ્ફુરે છે. જેમ જેમ આઘેનાં વૃક્ષ હોય તેમ તેમ સુગંધ મંદપરિણામને ભજે છે;...'** જેમ જેમ દૂર જાય તેમ સુગંધ ઓછી આવતી જાય. જેમ જેમ નજીક જાવ તેમ સુગંધ વધારે આવતી જાય છે. **'અને અમુક મર્યાદા પછી...'** એટલે ઘણે દૂર ગયા પછી **'અસુગંધરૂપ વૃક્ષોનું વન આવે છે;...'** ત્યાં કોઈ ઝાડમાં ચંદનની સુગંધ નથી આવતી. પણ ચંદનના વૃક્ષનું જંગલ હોય એના નજીકના ઝાડમાં જાવ ને તો ત્યાં પણ એમ લાગે કે અહીંયાં સુગંધ આવે છે ચંદનની. એ ઝાડ ચંદનના નથી હોતા તો પણ. ત્યાં સુગંધ આવે છે કેમ કે નજીકમાં એનું જંગલ છે ચંદનના વૃક્ષોનું.

**'અર્થાત્ ચંદન પછી તે સુગંધપરિણામ કરતું નથી. તેમ આ આત્મા વિભાવ પરિણામને ભજે છે, ત્યાં સુધી તેને ચંદન વૃક્ષ કહીએ છીએ...'** અહીંયાં ચંદન વૃક્ષ

છે એ સંસારી આત્માને ઊપમા આપી છે. સંસારી આત્માને ચંદન વૃક્ષની અહીંયાં ઉપમા આપી છે કે જ્યાં સુધી **'આ આત્મા વિભાવ પરિણામને ભજે છે ત્યાં સુધી તેને ચંદન વૃક્ષ કહીએ છીએ અને સૌથી તેને અમુક અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે, તેમાં તેની છાયા (!) રૂપ સુગંધ વિશેષ પડે છે; જેનું ધ્યાન જ્ઞાનીની આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે,...'** હવે શું કહેવું છે ? કે એની નજીકની વસ્તુ સાથે અમુક એની છાયા પડે છે એમ કહેવું છે.

જે વિભાવ પરિણામ છે એ વિભાવની સાથે કોને સંબંધ છે ? કે મન, વચન, કાયા છે એને નજીકનો સંબંધ છે. **'અમુક અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે'**. એને. જેમ કે મન છે એને અંતઃકરણ કહેવામાં આવે છે તો મનમાં છાયા પડે છે. જ્યારે બીજજ્ઞાન છે એ તો સવિકલ્પ દશામાં છે એટલે મનમાં છાયા પડે છે એમ કહેવાય છે. અને એ નિયમ છે અસંજ્ઞી પંચેન્દ્રિયને, ચારઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, બેઇન્દ્રિય, એકેન્દ્રિયને તો પ્રશ્ન જ નથી વિચારવાનો. પણ પંચેન્દ્રિય હોય તો પણ અસંજ્ઞી પંચેન્દ્રિય હોય ત્યાં સુધી એને આત્માનો નિશ્ચય થાય, સ્વરૂપનો નિશ્ચય થાય, સમ્યગ્દર્શન થાય એ કોઈ પરિસ્થિતિ એને હોતી નથી. તો એને અમુક અમુક નજીકની વસ્તુ સાથે સંબંધ છે. આ સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે અને તેમાં તેની છાયારૂપ સુગંધ વિશેષ પડે છે. એટલે ત્યાં એને મનની અંદર છાયા એટલે નિર્ણય આવે છે. બીજજ્ઞાન થાય છે કે જેનું ધ્યાન જ્ઞાનીની આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે. પછી બીજા લોકો એને અન્ય મતની અંદર એને કોઈ અંતઃકરણ કહ્યું, કોઈએ ચિત્ત કહ્યું, કોઈએ બુદ્ધિ કહી, કોઈએ મતિ કહી એવા બધા નામ આપે છે. પણ ખરેખર જે વિચારદશાની અંદર જ્ઞાન લક્ષણના આધારે જ્ઞાનસ્વભાવ જણાય છે ત્યારે હજી મનનો સંબંધ છૂટ્યો નથી. તો એટલો મન સાથે ત્યાં સંબંધ લેવો, એમ કહે છે. અનુભવની દશામાં મનનો સંબંધ નથી. એમ.

એ વાત એટલા માટે તે લખે છે ઉપર પણ શારીરિક જે પવનની ક્રિયા છે, શ્વાસોચ્છ્વાસની ક્રિયા છે એને મન સાથે કેટલોક સંબંધ છે. અને મનની સ્થિરતા થાય છે ત્યારે લોકો એમ માની લે છે કે આત્માની સ્થિરતા થઈ, આત્માને ધ્યાન થયું, આત્માને શાંતિ થઈ, આત્માને સુખ ઊપજ્યું. આત્માને આનંદ આવ્યો. તો એ ત્યાં ભ્રાંતિમાં પડે છે. એટલે અહીંયાં એમણે એક વાત નાખી કે એ જેનું ધ્યાન જ્ઞાનીની

આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે, જ્ઞાનીની આજ્ઞા એટલે જ્ઞાની કહે છે તે રીતે, બીજી રીતે નહિ.

**'પવન કરતાં પણ સુધારસ છે. તેમાં આત્મા વિશેષ સમીપપણે વર્તે છે,...'** અને એ શ્વાસોચ્છ્‌વાસની ક્રિયામાં એ પ્રાણાયામ, આસન ને એ બધા સિદ્ધ કર્યા હોય તો પણ તે આત્માની સમીપતા નથી. પણ જો કોઈને બીજજ્ઞાન ઉત્પન્ન થયું હોય જ્ઞાનીની આજ્ઞાએ તો એને આત્મા સમીપ વર્તે છે એ અલ્પ કાળની અંદર સ્વરૂપને પ્રાપ્ત કરી લેશે.

**'માટે તે આત્માની વિશેષ છાયા-સુગંધ (!)નો ધ્યાન કરવા યોગ્ય ઉપાય છે.'** એટલે અહીંયાં ત્રણ જગ્યાએ એમણે આશ્ચર્યચિહ્ન મુકયા છે એ પણ એમની જે કથનશૈલી અથવા વચનશૈલી છે એની અતિ વિચક્ષણતાને સ્પષ્ટ કરે છે. પહેલી વખત જે બીજી લીટીની અંદર પેરેગ્રાફ અને બીજી લીટીમાં વસ્તુ વિશેષપણે હોય તો વસ્તુ તેની સુગંધનો વિશેષ બોધ કરે છે તેની સમીપે જે વસ્તુ..

હવે અહીંયાં સુંગધ જ શું ? સુગંધ કેમ કહેવી એને ? વિભાવ પરિણામવાળાને ચંદનવૃક્ષ કહ્યું. તો એને સુગંધ શું હોય વિભાવમાં ? માટે અહીંયાં આશ્ચર્યચિહ્ન મૂક્યું છે. એમ લીધું છે, એમ આત્માને ચંદનવૃક્ષ કહીએ છીએ તો અમુક અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે તેની છાયારૂપ સુગંધ વિશેષ પડે છે તો એને છાયા શું કહેવી ? એમ કહે. આત્માને વળી શું છાયા હોય ? પણ પ્રતિભાસ આવે છે એને છાયા કહેવા માગે આવે છે. તો ત્યાં પણ એક આશ્ચર્યચિહ્ન મૂક્યું છે.

**'માટે તે આત્માની વિશેષ છાયા-સુગંધ (!)નો ધ્યાન કરવા યોગ્ય ઉપાય છે.'** ત્યાં પણ આશ્ચર્યચિહ્ન મૂક્યું. કે આત્મા અરૂપી પદાર્થ છે. છાયા અને સુગંધ છે એ તો પરમાણુની પર્યાય છે. એટલે એની એવી કેમ ઉપમા આપી ! એમ કરીને ત્યાં આશ્ચર્યચિહ્ન મૂક્યું છે. ત્રણે જગ્યાએ એમણે આશ્ચર્યચિહ્ન એટલા માટે મૂક્યું છે કે જે ઉપમા બંધ બેસતી નથી છતાં તે ઉપમા આપીએ છીએ એનું આશ્ચર્ય અમે મૂકીએ છીએ કૌંસની અંદર. એનું આશ્ચર્ય બતાવીએ છીએ કે આવી ઉપમા લાગુ ન પડે.

આત્માને ચંદનવૃક્ષ કહો તો એની શાંતિની અપેક્ષાએ તેને ચંદનવૃક્ષ કહો, પણ વિભાવ પરિણામને ભજે છે ત્યારે એને ચંદનવૃક્ષ કહેવું ? એમ. અને એની છાયા છે એમ કહેવું ? એટલે એ રીતે ત્યાં આશ્ચર્યચિહ્ન એમણે કૌંસની અંદર મૂક્યા છે.

એ પોતાનો ભાવ વ્યક્ત કરવા માટે મૂક્યા છે કે આવી વિચિત્ર ઉપમાથી અહીંયાં વાત કરવી પડે છે. એમાં એને લાગુ ન પડે એવી ઉપમા આપીને અહીંયાં વાતને સમજાવવી છે માટે એવી ઉપમા આપતા પોતે આશ્ચર્ય અનુભવે છે. એ આશ્ચર્યચિહ્ન એમણે લીધું છે.

એટલે **'માટે તે આત્માની વિશેષ છાયા-સુગંધ (!)નો ધ્યાન કરવા યોગ્ય ઉપાય છે.'** એટલે કે જે બીજજ્ઞાન છે તે આત્માનું ધ્યાન કરવાનો યોગ્ય ઉપાય છે. **'આ પણ વિશેષપણે સમજવા યોગ્ય છે.'** આ વાત પણ કદાચ તમને તરત નહિ સમજાય, અટપટી લાગશે. એ વિશેષપણે સમજવા યોગ્ય છે એટલે એ વાત પોતે જિજ્ઞાસામાં 'સોભાગભાઈ'ને ઊભા રાખે છે કે આ વાત પણ વિશેષપણે વધારે તમારે સમજવા જેવી છે. એવી રીતે અહીયાં બીજજ્ઞાનના વિષયમાં કેટલીક એ પ્રકારથી વાત એમણે લીધી છે કે જેથી એ વિષયની જિજ્ઞાસા છે એ વિશેષ વિશેષ રહે અને એ વિષયની અંદર પોતાનું લક્ષ રહે કે આ એક ભૂમિકા છે કે જે ભૂમિકામાં આવવાથી આત્મજ્ઞાન થાય છે, એ સિવાય કોઈને આત્મજ્ઞાન થાય છે એમ નથી બનતું. જે કાંઈ સારાંશ છે એ આટલો છે.

સ્વરૂપનિશ્ચયનો વિષય છે જે વિષય ખ્યાલ બહાર હોય અને એમ ને એમ આત્મ કલ્યાણ અને આત્મ પ્રાપ્તિ માટેનો સીધો કોઈ પ્રયત્ન કરે છે અને એ વિષયથી પોતે અજાણ રહી જવાથી એ બીજી દિશામાં જ એનો પ્રયત્ન નથી થતો એવું બને. જેમ કે પ્રથમ ભૂમિકામાં માણસ અવલોકનમાં આવે ત્યારે પોતાના દોષ જોવાય છે. દોષ કાઢવા છે અને દોષ કાઢવા છે માટે દોષ ન થાય એની જાગૃતિ રાખવાનો પ્રયત્ન કરે છે. પણ સ્વરૂપ નિશ્ચયનો બીજો અસ્તિનો વિષય છે એ વિષય જ જો એને ખ્યાલમાં ન હોય તો માત્ર એ ત્યાગ અને વૈરાગ્યમાં અટકી જાય છે. અને આત્મજ્ઞાન કરવા માટેનો જે સ્વરૂપનિશ્ચય છે એ ભૂમિકા બાજુ એનું લક્ષ જ નથી હોતું. એ વિચાર સુદ્ધા અને એ દિશાનો કોઈ પ્રયત્ન પણ વ્યવસ્થિતપણે થવો જોઈએ એ કાંઈ નથી થતો. એટલે (પત્રાંક) ૨૫૪માં એણે એ વાત લીધી છે કે પદાર્થ નિર્ણય કરવો જોઈએ. પદાર્થ નિર્ણય ન કરે ત્યાં સુધી એને આત્માની ઓળખાણ નથી, ઓળખાણ નથી ત્યાં સુધી અનુભવ થઈ શકે એવું નથી. ઓળખાણ એ અનુભવનું કારણ છે એ વાત ઉપર અહીંયાં વજન છે. (સમય થયો છે.)

પત્રાંક-૪૭૩

મુંબઈ, આસો વદ ૩, ૧૯૪૯

ૐ

પરમ સ્નેહી શ્રી સુભાગ્ય, શ્રી મોરબી.

પત્ર આજે ૧ પહોંચેલ છે.

એટલું તો અમને બરાબર ધ્યાન છે કે મુઝવણના વખતમાં ઘણું કરી ચિત્ત કંઈ વેપારાદિના એક પછી એક વિચાર કર્યા કરે છે, અને મુઝવણ ટાળવાની ઉતાવળમાં યોગ્ય થાય છે કે નહીં એની વખતે સહજ સાવચેતી મુમુક્ષુ જીવને પણ ઓછી થઈ જાય છે; પણ વાત યોગ્ય તો એમ છે કે તેવા પ્રસંગમાં કંઈ થોડો વખત ગમે તેમ કરી કામકાજમાં મૌન જેવો, નિર્વિકલ્પ જેવો કરી નાખવો.

હાલ તમને જે મુઝવણ રહે છે તે જાણવામાં છે, પણ તે વેઠ્યા વિના ઉપાય નથી. એમ લાગે છે કે તે બહુ લાંબા કાળની સ્થિતિની સમજી બેસવા યોગ્ય નથી; અને ધીરજ વગર જો વેદવામાં આવે છે, તો તે અલ્પકાળની હોય તો કોઈ વાર વિશેષ કાળની પણ થઈ આવે છે. માટે હાલ તો જેમ બને તેમ 'ઈશ્વરેચ્છા' અને 'યથાયોગ્ય' સમજી મૌનપણું ભજવું યોગ્ય છે. મૌનપણાનો અર્થ એવો કરવો કે અંતરને વિષે વિકલ્પ, ઉતાપ અમુક અમુક વેપાર કરવા વિષેના કર્યા ન કરવા.

હાલ તો ઉદય પ્રમાણે વર્તવું એ સુગમ માર્ગ છે. દોહરા વિષે લક્ષમાં છે. સંસારી પ્રસંગમાં એક અમારા સિવાય બીજા સત્સંગીના પ્રસંગમાં ઓછું આવવું થાય તેવી ઇચ્છા આ કાળમાં રાખવા જેવી છે. વિશેષ આપનો કાગળ આવ્યેથી. આ કાગળ વ્યાવહારિક પદ્ધતિમાં લખ્યો છે, તથાપિ વિચારવા યોગ્ય છે. બોધજ્ઞાન લક્ષ ઉપર છે.

પ્રણામ પહોંચે.

**તા. ૨૩-૭-૧૯૯૦, પ્રવચન નં. ૧૮૬**
**પત્રાંક - ૪૭૩ થી ૪૮૦**

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૭૩ પાનું ૩૮૬. 'સોભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે. કેટલીક વ્યવહારિક શિખામણ આ પત્રમાં લખી છે.

**'પરમ સ્નેહી શ્રી સુભાગ્ય, શ્રી મોરબી'** વેપાર અર્થે અવારનવાર 'સોભાગભાઈ'ને 'મોરબી' પણ જવાનું થતું. 'કચ્છ'માં પણ જવાનું થતું. **'પત્ર આજે ૧ પહોંચેલ છે. એટલું તો અમને બરાબર ધ્યાન છે કે મુઝવણના વખતમાં ઘણું કરી ચિત્ત કંઈ વેપારાદિના એક પછી એક વિચાર કર્યા કરે છે, અને મુઝવણ ટાળવાની ઉતાવળમાં યોગ્ય થાય છે કે નહીં એની વખતે સહજ સાવચેતી મુમુક્ષુ જીવને પણ ઓછી થઈ જાય છે; પણ વાત યોગ્ય તો એમ છે કે તેવા પ્રસંગમાં કંઈ થોડો વખત ગમે તેમ કરી કામકાજમાં મૌન જેવો, નિર્વિકલ્પ જેવો કરી નાખવો.'**

શું કહે છે ? કે કોઈ પ્રતિકૂળતાઓ ઊભી થઈ હોય આર્થિક, કૌટુંબિક, સામાજિક, અને મુંઝવણ એટલે Tension હોય માણસને. એવો પ્રકાર હોય ત્યારે ખાસ કરીને આર્થિક તકલીફ હોય છે એને આ વેપાર કરું, તે વેપાર કરું, ફલાણી પ્રવૃત્તિ કરું, આમ કરતાં લાભ થશે, આમ કરતાં પૈસા મળશે એમ એક પછી એક એટલે ઝડપી, તીવ્ર ગતિથી વાતને આગળ-પાછળ વિચાર્યા વિના, શાંત ચિત્તે વાતને વિચાર્યા વિના અશાંત ચિત્તથી જે નિર્ણય લેવાય છે એ વ્યવહારિક કાર્યોની અંદર પણ એ નિર્ણય યોગ્ય છે કે અયોગ્ય છે એનો ખ્યાલ નથી રહેતો અથવા પોતાને નુકસાનનું કારણ છે કે નહિ એની સાવચેતી લેવામાં જ્ઞાન છે એ જ્ઞાન કામ નથી કરતું. એવી સાવચેતી ઘટી જાય છે એમ કહેવું છે.

એ મુંઝવણ ટાળવાની ઉતાવળમાં એવો પ્રકાર બને છે કે જલ્દી પણ આ પરિસ્થિતિનો અંત લાવી દેવો. એવો પ્રકાર જ્યારે બને છે ત્યારે સાવચેતી ઓછી

થઈ જાય છે. પણ એવા વખતે શું કરવું જોઈએ ? એનું સમાધાન આપ્યું છે. આવી સમસ્યા જ એક બતાવી છે. સમસ્યાનું સમાધાન પણ આપ્યું છે. કે **'વાત યોગ્ય તો એમ છે...'** એમ કરીને. આવા વખતે શું કરવું જોઈએ ? કે આવા પ્રસંગમાં કાંઈક થોડો વખત વગર પ્રવૃત્તિએ શાંત બેસી જવું. વિચારો પણ બહુ નહિ કરવા. પ્રવૃત્તિ તો ન કરવી જલ્દી નિર્ણય લઈને, પણ વિચારો પણ જલ્દી નહિ કરવા. વિચારો પણ બંધ કરી દેવા. મૌન થઈ જવું, નિર્વિકલ્પ થઈ જવું. કેમ કે વિચારો વધે છે ત્યારે એ વિચારોને વ્યક્ત કરવાની, વાતચીત કરવાનો પણ પ્રસંગ વધે છે. એ વાતચીત કરવાનો જ વિષય છોડી દેવો, વિચાર કરવાનું પણ છોડી દેવું. એક વાર જ્યાં સુધી મનમાં શાંતિ ન ઉત્પન્ન થાય ત્યાં સુધી ઉતાવળે કોઈ નિર્ણય લેવા નહિ. વ્યવહારિક વિષય ઉપર એ શિખામણ છે.

મુમુક્ષુ :– મુમુક્ષુજીવને પણ સાવચેતી...

પૂજ્ય ભાઈશ્રી :– હા. મુમુક્ષુજીવને પણ સાવચેતી ઓછી થઈ જાય છે. બીજાને તો ઓછી થઈ જાય પણ થોડો ઘણો જે વિચાર કરે છે, વિચાર કરી શકે છે, વિચારવાન જીવ છે એને પણ આવી ભૂલ થાય છે. એ પણ પોતાને નુકસાન કરે છે એમ કહેવું છે.

**'હાલ તમને જે મુઝવણ રહે છે તે જાણવામાં છે,...'** પ્રાસંગિક લખ્યું છે કે તમારી મુંઝવણ છે તે અમારા ખ્યાલમાં છે. **'પણ તે વેઠ્યા વિના ઉપાય નથી.'** વેઠ્યા વિના એટલે સહન કર્યા સિવાય. એ મુંઝવણનો પ્રસંગ સામે કાંઈ પણ બીજા ઇલાજ કર્યા વિના શાંતચિત્તે એને વેદન કરવું, એ પ્રસંગને શાંતિથી પસાર કરવો. એની સામે એ પ્રસંગને ટાળવા માટેની બહુ ઉતાવળ કર્યા વિના, એ સિવાય બીજો ઉપાય નથી.

**'એમ લાગે છે કે તે બહુ લાંબા કાળની સ્થિતિની સમજી બેસવા યોગ્ય નથી;...'** શું થાય ? માણસને તકલીફ થાય છે ત્યારે એને એમ થાય છે કે હું જલ્દી ઉપાય નહિ કરું તો આ તકલીફ જાણે કાયમ રહેવાની છે, મટશે નહિ, જાશે નહિ એમ સમજીને એને જલ્દી જલ્દી કાઢવા માટે પ્રયત્ન કરી લે છે. પણ એવી સ્થિતિ બહુ લાંબા કાળની સમજી બેસવા યોગ્ય નથી. **'અને ધીરજ વગર જો વેદવામાં આવે છે,...'** ઉતાવળ કરીને **'તો તે અલ્પકાળની હોય તો કોઈ વાર વિશેષ કાળની પણ થઈ આવે છે.'** એની સ્થિતિ લંબાઈ જાય છે. એવા ને એવા બીજા પરમાણુ પાછા ઉદીરણામાં આવી જાય. અને એની સાથે ઉદય ચાલુ થઈ જાય. ચાલુ ને ચાલુ ઉદય રહી જાય. જલ્દી

મટાડવા જાય તો વાત લંબાય જાય. શાંતિ રાખે તો એના કાળે વાત એ પૂરી થઈ જશે. કોઈ લાંબી સ્થિતિ છે એમ સમજવાની જરૂર નથી.

**'માટે હાલ તો જેમ બને તેમ 'ઈશ્વરેચ્છા' અને 'યથાયોગ્ય' સમજી મૌનપણું ભજવું યોગ્ય છે.'** એટલે જે પરિસ્થિતિ છે એ એમની દૃષ્ટિએ ઈશ્વર ઇચ્છા અથવા કુદરતી ક્રમ. અને જે થાય છે તે યોગ્ય જ થાય છે. આ એક નિર્ણય રાખવા જેવો છે કે જે કાંઈ થાય છે, જે કાંઈ બને છે તે યોગ્ય જ બને છે. અયોગ્ય કાંઈ બનતું જ નથી જગતમાં. કુદરત છે એ કુદરતના ક્રમમાં કામ કરે છે. એમાં બધા જ પદાર્થોની પર્યાય એના પરિપક્વ કાળે જ પાકીને પદાર્થમાંથી બહાર આવે છે. જે-તે પદાર્થની પર્યાય થાય છે જીવની કે અજીવની, એ પરિપક્વ થઈને બહાર આવેલી પર્યાય છે. અપરિપક્વ કાળે કોઈ પર્યાય બહાર આવી છે એમ સમજવા જેવું નથી. માટે જે કાંઈ થાય છે તે યોગ્ય જ થાય છે.

નિર્ધનતા આવે તે યોગ્ય થાય છે, રોગ આવે તે યોગ્ય થાય છે, અપકીર્તિ થાય, અપમાન થાય એ કાંઈ યોગ્ય થાય છે ? માણસને એમ થાય મારી અપકીર્તિ થઈ ગઈ, મારું અપમાન થઈ ગયું, મારી નિંદા કરે છે લોકો. હું નિંદાવા યોગ્ય નથી ને મારી નિંદા કરે છે એમ લાગે. આ કાંઈ યોગ્ય છે ? હા, એ પણ યોગ્ય છે. તારા જ કોઈ પૂર્વ કરેલા કર્મનો તેં કોઈની નિંદા, અયોગ્ય નિંદા કરીને જે કર્મ બાંધ્યું છે એ જ કર્મ બરાબર પરિપક્વ કાળે, યથાયોગ્ય કાળે ઉદયમાં આવ્યું છે. જો તને તેનો અણગમો છે તો એ વાત સાબિત કરવાની જરૂર નથી કે પ્રશંસા તને ગમે છે. પ્રશંસા તને પ્રિય લાગે છે એ વાત સાબિત કરવાની જરૂર નથી.

**'મૌનપણાનો અર્થ એવો કરવો કે અંતરને વિષે વિકલ્પ, ઉતાપ અમુક અમુક વેપાર કરવા વિષેના કર્યા ન કરવા.'** એમને આર્થિક મુશ્કેલી હતી. એટલે કહે છે, હમણાં મૌન થઈ જવું. મૌન થઈ જવું એટલે કે આ વેપાર કરવો ને તે વેપાર કરવો અને અમુક પ્રવૃત્તિ કરવી અને એ બધા વિકલ્પ છોડી દેવા. વિકલ્પ અને ઉતાપ. ઉતાપ એટલે આકુળતા. ઉતાપ એટલે જેમાં તાપ છે, આકુળતા છે. એવા ઉતાપ છે એ છોડી દેવા.

**'હાલ તો ઉદય પ્રમાણે વર્તવું એ સુગમ માર્ગ છે.'** જેવો ઉદય છે એ ઉદય અનુસાર ચલાવી લેવું. જે પરિસ્થિતિ હોય એ પરિસ્થિતિ ચલાવી લેવી. એ પરિસ્થિતિમાં પુરુષાર્થવંત મુમુક્ષુએ તો એ પરિસ્થિતિને માત્ર જ્ઞેય બનાવવી. પોતે માત્ર જ્ઞાન છે. જ્ઞાનમાત્રમાં જ્ઞેયમાત્ર તરીકે પરિસ્થિતિને જોવી. કેમ કે આત્માને એથી કોઈ બાધા નથી. અવ્યાબાધ સ્વરૂપને

બાધ થાય એવું કાંઈ બની શકતું નથી. થઈ શકતું નથી.

**'એ સુગમ માર્ગ છે. દોહરા વિષે લક્ષમાં છે.'** આગળ-પાછળ વાત ચાલી હશે. **'સંસારી પ્રસંગમાં એક અમારા સિવાય બીજા સત્સંગીના પ્રસંગમાં ઓછું આવવું થાય તેવી ઇચ્છા આ કાળમાં રાખવા જેવી છે.'** ઠીક. સંસારીઓના પ્રસંગમાં તો નહિ પણ બીજા સત્સંગીના પ્રસંગમાં પણ ઓછું આવવું થાય તેવી ઇચ્છા આ કાળમાં હાલમાં રાખવા જેવી છે. એમાં પણ જોઈ વિચારીને પગ મૂકવા જેવો કાળ છે, એમ કહેવું છે. આ તો સો વર્ષ પહેલાં આમ લખે છે. અત્યારની પરિસ્થિતિ તો ઘણી વિષમ છે.

**'વિશેષ આપનો કાગળ આવ્યેથી. આ કાગળ વ્યાવહારિક પદ્ધતિમાં લખ્યો છે, તથાપિ વિચારવા યોગ્ય છે.'** છે તો વ્યવાહારિક વિષય અનુસાર પણ પરિણામ તમારા ન બગડે, તમે વધારે આત્માને નુકસાન ન કરી બેસો એ દૃષ્ટિએ પણ વિચારવા યોગ્ય છે. **'બોધજ્ઞાન લક્ષ ઉપર છે.'** અને જે કાંઈ બોધ સંબંધીનું જ્ઞાન છે એ પણ કોઈ વાત જેમ દોહરાની વાત લખી છે એ આ વાત પણ ધ્યાનમાં છે. ઓલી વાત પણ તમારી ધ્યાનમાં છે. અનુસંધાન વગર એનો ખ્યાલ ન આવે.

**પત્રાંક-૪૭૪**

**મુંબઈ, આસો વદ, ૧૯૪૯**

**ૐ**

**આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે.**

પછી ૪૭૪મો પત્ર ફક્ત એક લીટી લખીને મૂકી દીધો છે. **'આતમભાવના ભાવતા, જીવ લહે કેવળજ્ઞાન રે.'** આટલું એક પદની પણ એક લીટી લખીને મૂકી દીધી છે. આગળ-પાછળ એ વિષયમાં કોઈ પોતે ખુલાસો કરતાં નથી. અહીંયાં આશય એવો હોઈ શકે કે તમે આત્મભાવનામાં રહેજો. આત્મભાવના ભાવજો, આત્મભાવના ભાવવી એ સર્વ કલ્યાણનું મૂળ છે. કેવળજ્ઞાન એટલે પૂરેપૂરું આત્માનું કલ્યાણ. સર્વ કલ્યાણનું મૂળ એક આત્મસ્વરૂપની પ્રાપ્તિની ભાવનામાં રહેલું છે. મુમુક્ષુજીવને પ્રથમમાં પ્રથમ અને મુમુક્ષુતાથી માંડીને કેવળજ્ઞાન પર્યંત આ આત્મભાવના હોય છે, ચાલુ રહે છે, વૃદ્ધિગત થાય છે. એવો

પણ એક આની અંદર એક આશય સમાય છે.

મુમુક્ષુ :– બાર અંગનો સાર...

પૂજ્ય ભાઈશ્રી :– એક લીટીમાં મૂકી દીધો. પૂરેપૂરો સાર મૂકી દીધો. આત્મભાવના સિવાય અધ્યાત્મિક વિકાસ થવાનો કોઈપણ પ્રકાર કે પરિસ્થિતિ ઉત્પન્ન જ થતી નથી. બાકી બધી વાતો છે. આત્મભાવના સિવાય જો હોય તો એ માત્ર કોરી અને લુખ્ખી, શુષ્ક વાતો છે. આત્મભાવના એ પ્રારંભમાં અથવા આદિ, મધ્ય, અંતમાં આત્મભાવના એ મુમુક્ષુના પરિણમનનો સળંગ દોર છે. એમ લેવું જોઈએ.

કેટલીક વાતો શરૂઆતમાં હોય છે પછી આગળ નથી હોતી. કેટલીક વચ્ચે ઉત્પન્ન થાય છે પછી આગળ નથી હોતી. કેટલીક પહેલાં નથી હોતી, પછી છેલ્લે ઉત્પન્ન થાય છે. Stage wise–તબક્કા પ્રમાણે હોય છે. આત્મભાવનામાં એક એવું નથી. આત્મભાવનામાં એ પ્રકાર નથી. આત્મભાવના પહેલેથી છેલ્લે સુધી એક જ પ્રકારે વૃદ્ધિગત થતી ચાલુ ને ચાલુ રહે છે. એટલે અહીંયાં Bold type માં એને લીધું છે. અને એ વિષય ઘણો મહત્ત્વનો છે એમ દર્શાવવું છે.

**પત્રાંક-૪૭૫**

**મુંબઈ, આસો વદ ૧૨, રવિ, ૧૯૪૯**

**આપનાં બે પત્ર 'સમયસાર'ના કવિતસહિત પહોંચ્યા છે. નિરાકાર-સાકાર-ચેતના વિષેનું કવિત 'ભુખરસ' સંબંધમાં કંઈ સંબંધ કરી શકાય તેવા અર્થવાળું નથી; જે હવે પછી જણાવશું.**

**'શુદ્ધતા વિચારૈ ધ્યાવૈ, શુદ્ધતામેં કેલી કરૈ;**
**શુદ્ધતામેં સ્થિર વ્હૈ, અમૃતધારા બરસૈ.'**

**એ કવિતમાં 'સુધારસ'નું જે માહાત્મ્ય કહ્યું છે, તે કેવળ એક વિસ્રસા (સર્વ પ્રકારનાં અન્ય પરિણામથી રહિત અસંખ્યાતપ્રદેશી આત્મદ્રવ્ય) પરિણામે સ્વરૂપસ્થ એવા અમૃતરૂપ આત્માનું વર્ણન છે. તેનો પરમાર્થ યથાર્થ હૃદયગત રાખ્યો છે, જે અનુક્રમે સમજાશે.**

(પત્રાંક) ૪૭૫માં 'સમયસાર'નું એક પદ ટાંક્યું છે. એ પણ પત્ર 'સોભાગભાઈ' ઉપરનો છે.

**'આપના બે પત્ર 'સમયસાર'ના કવિતસહિત પહોંચ્યા છે.'** 'સમયસાર'ના બે પદ 'સોભાગભાઈ'એ ટાંક્યા હશે. એટલે એમનું વલણ હવે જૈનદર્શન તરફ દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મ તરફ આવ્યું છે. ઈશ્વરકર્તા હરિઇચ્છા એ બધો જે પ્રકાર છે એ પ્રકારમાંથી આ જગ્યાએ ફેરફાર થયો છે. એમને જે વ્યવહાર શ્રદ્ધા છે એ વ્યવહાર શ્રદ્ધામાંથી કાંઈક મુક્ત થયા છે. આગળ એમણે 'સમયસાર' માટે થોડી વાત લખી છે. હવે પોતે જે 'સમયસાર' વાંચીને કોઈ પદ ટાંક્યા છે. એ 'નાટક સમયસાર'ના પદ છે.

**'નિરાકાર-સાકાર-ચેતના વિષેનું કવિત 'મુખરસ' સંબંધમાં કંઈ સંબંધ કરી શકાય તેવા અર્થવાળું નથી; જે હવે પછી જણાવશું.'** જે કોઈ પદ લખ્યા છે એ પત્રની અંદર, કુલ બે પત્ર છે, એમાં નિરાકાર-ચેતના અને સાકાર-ચેતના એટલે દર્શનચેતના અને જ્ઞાનચેતના એને નિરાકાર ચેતના અને સાકાર ચેતના કહે છે. એ વિષયનું કોઈ કાવ્ય છે. એને પોતે ૪૭૨ પત્રમાં જે સુધારસનો વિષય ચાલ્યો છે મુખરસ સાથે, એનો કાંઈક એમણે સંબંધ જોડ્યો છે. તો એને પોતે નિષેધ કર્યો છે કે એ વિષયને અને એ વિષયને કાંઈ સંબંધ નથી. આ વિષય જુદો છે, આ વિષય જુદો છે એમ કહેવું છે. એવા અર્થવાળું નથી. જે બદલ હવે પછી જણાવશું અથવા સ્પષ્ટીકરણ આપશું.

**'શુદ્ધતા વિચારૈ ધ્યાવૈ, શુદ્ધતામેં કેલી કરૈ;**
**શુદ્ધતામેં સ્થિર વ્હૈ, અમૃતધારા બરસૈ.'**

આ અનુભવનું કાવ્ય છે. જે જીવ શુદ્ધાત્મ સ્વરૂપને વિચારે છે, ધ્યાન કરે છે અને રમણતા કરે છે, સ્થિરતા કરે છે તેને અંદરથી આનંદઅમૃતની ધારા વરસે છે. એવો એ પદનો અર્થ છે. એટલે સ્વાનુભવકાળે પરિણમનનો આ પ્રકાર છે. સ્વરૂપશુદ્ધતાનો વિચાર અથવા લક્ષપૂર્વક એનું ધ્યાન થાય છે, એમાં રમણતા થાય છે, એમાં સ્થિરતા થાય છે. ત્યારે અંદરથી આનંદઅમૃતની ધારા ઉત્પન્ન થાય છે, વરસે છે.

**'એ કવિતમાં 'સુધારસ'નું જે માહાત્મ્ય કહ્યું છે, તે કેવળ એક વિસ્રસા પરિણામે સ્વરૂપસ્થ એવા અમૃતરૂપ આત્માનું વર્ણન છે.'** વિસ્રસા એટલે **'(સર્વપ્રકારનાં અન્ય પરિણામથી રહિત અસંખ્યાતપ્રદેશી આત્મદ્રવ્ય)'** એ આત્મદ્રવ્ય-સ્વરૂપસ્થ, એ

આત્મદ્રવ્યમાં જે કોઈ પરિણામે સ્વરૂપસ્થ થયા એટલે સ્થિર થઈ ગયા, લીન થઈ ગયા અને ત્યારે જે આત્માનંદ ઊપજ્યો એવા અમૃતરૂપ આત્માનું એ વર્ણન છે. એનો આત્મા જ અમૃતરૂપ થઈ ગયો ત્યાં. પર્યાયમાં આનંદ ઊપજ્યો અને દ્રવ્યમાં તો અખૂટ આનંદ ભરેલો છે એટલે આત્મા અમૃતરૂપ થઈ ગયો. એવા આત્માનું એ વર્ણન છે.

**'તેનો પરમાર્થ યથાર્થ હૃદયગત રાખ્યો છે,...'** અને એ સંબંધીનો જે પરમાર્થ છે, એ દશા છે, એ કાર્યપદ્ધતિ છે એ બધું અમે લક્ષમાં રાખેલું છે, હૃદયમાં રાખેલું છે. **'જે અનુક્રમે સમજાશે.'** તે તમને હવે પછી અનુક્રમે સમજાશે એમ કહેવું છે. એ રીતે એક 'સમયસાર'નું પદ પોતે ટાંક્યું છે. એ પણ 'બનારસીદાસજી'નું છે. છેલ્લો પત્ર છે.

**પત્રાંક-૪૭૬**

**મુંબઈ, આશ્વિન, ૧૯૪૯**

**જે ઈશ્વરેચ્છા હશે તે થશે. માત્ર મનુષ્યને પ્રયત્ન કરવાનું સરજેલું છે; અને તેથી જ પોતાના પ્રારબ્ધમાં હોય તે મળી રહેશે. માટે મનમાં સંકલ્પ વિકલ્પ કરવા નહીં.**

**નિષ્કામ ય.**

(પત્રાંક) ૪૭૬. છેલ્લો પત્ર છે. બે લીટીમાં વાત પૂરી કરી છે.

**'જે ઈશ્વરેચ્છા હશે તે થશે. માત્ર મનુષ્યને પ્રયત્ન કરવાનું સર્જેલું છે; અને તેથી જ પોતાના પ્રારબ્ધમાં હોય તે મળી રહેશે. માટે મનમાં સંકલ્પ વિકલ્પ કરવા નહીં.'** આ પણ કોઈ આર્થિક મુંઝવણના વિષયની અંદર માર્ગદર્શન આપેલું છે કે જે થવાનું હશે કુદરતના ક્રમમાં તે થશે. એનું નામ ઈશ્વરેચ્છા છે. ફક્ત પોતાના પરિણામ સ્વરૂપમાં ન રહે તો બહાર જાય છે તો જે કાંઈ એ વખતે સ્થિર ચિત્તથી, શાંત ચિત્તથી જે કાંઈ પ્રયત્ન કરવાનું સૂઝે એટલો પ્રયત્ન કરી લેવો. પણ છતાં એ પણ ખ્યાલ રાખીને,

એ અભિપ્રાય રાખીને બનવાનું છે એમ જ બનવાનું છે. પ્રયત્નને અનુકૂળ બનશે એવો કાંઈ નિયમ નથી, સિદ્ધાંત નથી. એ તો પૂર્વકર્મ અનુસાર બનવાનું છે. પ્રારબ્ધ એટલે પૂર્વકર્મ અનુસાર બનવાનું છે. માટે કેમ થશે ? શું થશે ? પ્રયત્ન સફળ થશે કે નહિ ? વધારે પ્રયત્ન કરવો કે નહિ ? આવો પ્રયત્ન કરવો કે નહિ ? એવા વધારે સંકલ્પ વિકલ્પમાં પડવું નહિ. સહેજે જે એ વખતે વિકલ્પ આવે એ કરી લેવું. વાત પૂરી થઈ ગઈ. એ પોતાના પરિણામનો ઈલાજ છે. પ્રયત્નનો ઇલાજ એમાં નથી એમ કહેવું છે. એ પરિણામની (વાત છે).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. બધી મુંઝવણ મૂકી દીધી છે. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી, સંકલ્પ-વિકલ્પ કરવા જેવું નથી. ૨૬મા વર્ષના પત્રો પૂરા થયાં.

**પત્રાંક-૪૭૭**

**મુંબઈ, કાર્તિક સુદ ૯, શુક્ર, ૧૯૫૦**

**'માથે રાજા વર્તે છે' એટલા વાક્યના ઈહાપોહ (વિચાર)થી ગર્ભશ્રીમંત એવા શ્રી શાળિભદ્ર તે કાળથી સ્ત્રી આદિ પરિચયને ત્યાગવારૂપ પ્રારંભ ભજતા હવા.**

**'નિત્ય પ્રત્યે એકેક સ્ત્રીને ત્યાગી અનુક્રમે બત્રીશ સ્ત્રીઓને ત્યાગવા ઇચ્છે છે, એવો બત્રીશ દિવસ સુધીનો કાળપારધીનો ભરૂંસો શ્રી શાળિભદ્ર કરે છે, એ મોટું આશ્ચર્ય છે' એમ શ્રી ધનાભદ્રથી સ્વાભાવિક વૈરાગ્યવચન ઉદ્‌ભવ થતાં હવાં.**

**'તમે એમ કહો છો તે જોકે મને માન્ય છે, તથાપિ તે પ્રકારે આપ પણ ત્યાગવાને દુર્લભ છો' એવાં સહજ વચન તે ધનાભદ્ર પ્રત્યે શાળિભદ્રની બહેન અને તે ધનાભદ્રની પત્ની કહેતી હવી. જે સાંભળી કોઈ પ્રકારના ચિત્તક્લેશ પરિણમવ્યા વગર તે શ્રી ધનાભદ્ર તે જ સમયે**

**ત્યાગને ભજતા હવા, અને શ્રી શાળિભદ્ર પ્રત્યે કહેતા હવા કે તમે શા વિચારે કાળના વિશ્વાસને ભજો છો ? તે શ્રવણ કરી, જેનું ચિત્ત આત્મારૂપ છે એવા તે શ્રી શાળિભદ્ર અને ધનાભદ્ર 'જાણે કોઈ દિવસે કંઈ પોતાનું કર્યું નથી' એવા પ્રકારથી ગૃહાદિ ત્યાગ કરી ચાલ્યા જતા હવા.**

**આવા સત્પુરુષના વૈરાગ્યને સાંભળ્યા છતાં આ જીવ ઘણા વર્ષના આગ્રહે કાળનો વિશ્વાસ કરે છે, તે કિયા બળે કરતો હશે ? તે વિચારી જોવા યોગ્ય છે.**

વર્ષ ૨૭મું. પત્રાંક ૪૭૭.

**'માથે રાજા વર્તે છે એટલા વાક્યના ઈહાપોહથી ગર્ભશ્રીમંત એવા શ્રી શાળિભદ્ર તે કાળથી સ્ત્રી આદિ પરિચયને ત્યાગવારૂપ પ્રારંભ ભજતા હવા.'** શું કહે છે ? આ 'ધનાભદ્ર' અને 'શાળિભદ્ર'ની કથાનુયોગનો એક વિષય ચાલે છે. એમાં એમની ગર્ભશ્રીમંત છે, ઘણી શ્રીમંતાઈ છે. રાજાના રાજ કરતાં જેની શ્રીમંતાઈ વધારે છે એવી શ્રીમંતાઈ કથાની અંદર મૂકેલી છે. તો એને કોઈએ એમ કહ્યું, એની માએ એમ કહ્યું છે કે આપણે ત્યાં આજે રાજા મહારાજા પધારવાના છે. શ્રેણીક રાજાના વખતમાં ઘણું કરીને છે. એણે જોયું કે ઓહો..! આટલી બધી મારા ઘરમાં સાહ્બી છે ! હું પોતે જ રાજા છું. એને એમ કે હું તો રાજા છું. રાજાના ઘરમાં ન હોય એટલી સાહ્બી તો એના ઘરમાં છે. હું જ રાજા છું. મારા માથે કોઈ રાજા આવવાનો છે ?

એની યોગ્યતા અને પાત્રતા એટલી હતી કે એના ઉપરથી એ વૈરાગ્યને પામે છે અને એ દીક્ષા અંગીકાર કરે છે. એટલે એમણે સ્ત્રીઆદિ પરિચયને ત્યાગવારૂપ પ્રારંભ એટલે દીક્ષા લઈ લે છે. એમના કાંઈ એ જમાનામાં તો અનેક સ્ત્રીઓને શ્રીમંત માણસો, રાજાઓ લગ્ન કરતાં. એટલે એક એક પછી એક એક ક્રમે ક્રમે

એ સ્ત્રીઓનો ત્યાગ કરતાં. આજે એક સ્ત્રીને છોડી, કાલે બીજીને છોડી. આટલા દીવસમાં આટલી આઠ સ્ત્રી છે તો કહે આઠ સ્ત્રી છે તો આઠે આઠને આઠ દિવસમાં છોડી અને પછી દીક્ષા લેવી. એટલે પ્રારંભ કર્યો, શરૂઆત કરી કે આજે એક સ્ત્રીનો ત્યાગ. કાલે બીજી સ્ત્રીનો ત્યાગ. આઠ દિવસે આઠે આઠ સ્ત્રીનો ત્યાગ કરી દીક્ષા લઈ લેવી.

કહે છે કે **'નિત્ય પ્રત્યે એકેક સ્ત્રીને ત્યાગી અનુક્રમે બત્રીશ સ્ત્રીઓને ત્યાગવા ઇચ્છે છે,...'** આઠ નહિ, બત્રીસ હતી. **'બત્રીસ સ્ત્રીઓને ત્યાગવા ઇચ્છે છે, એવો બત્રીશ દિવસ સુધીનો કાળપારધીનો ભરોસો શ્રી શાળિભદ્ર કરે છે,...'** એ મોટું આશ્ચર્ય છે. ઉત્કૃષ્ટ દૃષ્ટાંત આવા જૈન શાસ્ત્રોમાં મળે છે. બત્રીસ સ્ત્રીઓને ત્યાગતા બત્રીશ દિવસ જાશે. બત્રીશ દિવસમાં એનો કાળ આવીને ઉપાડી જશે તો એનું આત્મકલ્યાણ બાકી રહી જશે. એવો કાળનો ભરોસો રખાતો હશે ? આ તો મુરખ લાગે છે.

**'એમ શ્રી 'ધનાભદ્ર'થી સ્વાભાવિક વૈરાગ્યવચન ઉદ્ભવ થતા હવા.'** કે આવી રીતે તે કાંઈ ત્યાગ થતા હશે ? એક દિવસે એક સ્ત્રીનો ત્યાગ કરવો. બત્રીશ દિવસ સુધી બત્રીશ દિવસે પછી દીક્ષા લેવી. આ કાંઈ ત્યાગ કરવાના લક્ષણ છે ? એમ કાંઈક ટીકા કરે છે. એ એના સાળા હતા એટલે એની બહેન છે એ એની–શાળીભદ્રની પત્ની (છે) એના ઘરમાં હતી. તમારે તો વાતો કરવી છે. ત્યાગ કરો તો ખબર પડે. **'તમે એમ કહો છો તો જો કે મને માન્ય છે.'** વાત તો તમારી સાચી છે કે ત્યાગ કરવામાં આવી મુદ્દત મારવાની હોય નહિ. **'તથાપિ તે પ્રકારે આપ પણ ત્યાગવાને દુર્લભ છો.'** એવા બત્રીશ દિવસે એક એક સ્ત્રીને ત્યાગી એ તો તમે પણ ન કરી શકો. ભલે તમે બીજાની ટીકા કરો પણ તમે કરી શકો એમ છો કાંઈ ?

**'એવાં સહજ વચન તે ધનાભદ્ર પ્રત્યે શાળિભદ્રની બહેન અને તે ધનાભદ્રની પત્ની કહેતી હવી. જે સાંભળી કોઈ પ્રકારના ચિત્તક્લેશ પરિણમાવ્યા વગર...'** જોયું ! દ્વેષથી નહિ. શાંતચિત્તે. **'કોઈપણ પ્રકારના ચિત્તક્લેશ પરિણમવ્યા વગર તે શ્રી ધનાભદ્ર તે જ સમયે ત્યાગને ભજતા હવા,...'** કે આ બધી એકસાથે છોડી ચાલ. તને એમ લાગે કે આ ક્રમે ક્રમે છોડવું એ બરાબર નથી પણ તમે તો ક્રમે છોડી શકો એમ નથી. તો કહે ક્રમે નહિ, આ અક્રમે. આ અત્યારે જ દીક્ષા લેવી છે હવે. ઠીક તેં વાત કરી દીધી, સારી વાત કરી આ. આવી તેં વાત ન કરી હોત તો કદાચ મારી

આંખ ન ઉઘડત. આ અત્યારે મૂકી દીધું, ચાલ. આ તો કેવા વીર્યવાન પુરુષો હતા એમ કહેવું છે.

**'અને શ્રી શાળીભદ્ર પ્રત્યે કહેતા હવા કે તમે શા વિચારે કાળના વિશ્વાસને ભજો છો ? તે શ્રવણ કરી, જેનું ચિત્ત આત્મારૂપ છે એવા તે શ્રી શાળિભદ્ર અને ધનાભદ્ર 'જાણે કોઈ દિવસે કંઈ પોતાનું કર્યું નથી'...'** જાણે પહેલેથી જ પોતાનું કાંઈ હતું નહિ. **'એવા પ્રકારથી ગ્રુહાદિ ત્યાગ કરીને ચાલ્યા જતા હવા.'** બંને એકસાથે સાળા બનેવીએ દીક્ષા લઈ લીધી.

**'આવા સત્પુરુષના વૈરાગ્યને સાંભળ્યા છતાં આ જીવ ઘણા વર્ષના આગ્રહે કાળનો વિશ્વાસ કરે છે, તે કિયા બળે કરતો હશે ? તે વિચારી જોવા યોગ્ય છે.'** પોતા ઉપર ઉતાર્યું છે. કે આવી વાત સાંભળ્યા (છતાં), આવી વાત પ્રસિદ્ધ છે, ખબર છે છતાં ઘણા વર્ષના આગ્રહે, ઘણા કાળનો વિશ્વાસ કરે છે. કેવી રીતે કરતો હશે ? કયા બળે કરતો હશે ? એવું વિભાવનું કેવું બળ છે ? કે જેના બળે કરીને એ આવી રીતે અત્યાગ પરિણામને ભજે છે ? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શેની ? કાંઈ ખબર નથી. આપણે વાંચ્યું નથી. કથાનુયોગ વાંચેલો નથી. મારા ખ્યાલમાં તો કાંઈ નથી. બનતા સુધી આ શ્વેતાંબરની કથા ઉપરથી લીધેલું છે. દિગંબર સંપ્રદાયમાં આ કથાની પ્રસિદ્ધિ નથી. શ્વેતાંબર સંપ્રદાયમાં આ કથા છે. આવે છે ? 'શ્રેણીક'રાજાના વખતના જ આ પાત્રો છે ? હશે, મારું વાંચેલું નથી. પણ પુણ્યયોગ તો હોવા યોગ્ય છે. ગમે તે પ્રકારનો પુણ્યયોગ હોવા યોગ્ય છે. પણ જેને આત્માના આધારે વૈરાગ્ય આવે છે એને તો પુણ્ય છે એ ખડ જેવું લાગે છે અથવા વિષ્ટા જેવું લાગે છે. એને કાંઈ એના પ્રત્યેનું આકર્ષણ કે મમત્વ જરાય રહેતું નથી.

મુમુક્ષુ :- સંસારમાં...

પૂજ્ય ભાઈશ્રી :- કથાનુયોગમાં તો એવો ફેરફાર છે એ કેટલોક ફેરફાર તો સંમત કરવામાં આવે છે. જેમાં કાળ ઘણો ગયો હોય એમાં એ જ પ્રમાણેની કથા રહી શકે એ સંભવિતતા નથી. પણ એનો જે પરમાર્થ છે, એનો બોધ છે એમાંથી જે ઉપદેશ લેવો છે એમાં ફેરફાર ન થવો જોઈએ. અથવા એ કથાને જોડતા કે કહેતા,

વધારે ઓછું કરતાં ક્યાંય સિદ્ધાંત તૂટવો જોઈએ નહિ. સિદ્ધાંત વિરુદ્ધતા ન થવી જોઈએ, ઉપદેશ વિરુદ્ધતા ન થવી જોઈએ. એમ સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધ જળવાયને કથાને રૂપ આપવામાં આવે. રૂપાંતર કરવામાં આવે તો એ સંમત કરવામાં આવ્યું છે.

'ટોડરમલજી'એ કથાનુયોગના વિષયમાં એ બધી વાતો નાખી છે. કેમકે સંભવિત નથી કે ભૂતકાળની તેની તે વાતો Exact એ જ પ્રમાણે રાખી શકાય. એ અશક્ય છે. સંભવિત જ નથી. જેમ કે વાતચીત. એક માણસ અત્યારે બોલે એ અડધી કલાક પછી એ જ માણસની વાત કરવી હોય તો કે તે આમ બોલ્યા હતા તો એમાં થોડુંક આઘુંપાછું થઈ જશે. કાં કોઈ શબ્દ વધી જશે, કાં કોઈ ઘટી જશે. હજી અત્યારે ને અત્યારે અડધી કલાકમાં આવો ફેરફાર થાય તો જેને હજારો (વર્ષ થઈ ગયા એમાં ફેરફાર થવો સ્વભાવિક છે). એ અન્યમતવાળાએ કર્યું છે. હનુમાનજી જૈનદર્શન પ્રમાણે કામદેવપુરુષ હતા.

**પત્રાંક-૪૭૮**

**મુંબઈ, કારતક સુદ ૧૩, ૧૯૫૦**

**ઉપાધિના યોગથી ઉદયાધીનપણે બાહ્ય ચિત્તની ક્વચિત્ અવ્યવસ્થાને લીધે તમ મુમુક્ષુ પ્રત્યે જેમ વર્તવું જોઈએ તેમ અમારાથી વર્તી શકાતું નથી. તે ક્ષમા યોગ્ય છે, ખચીત ક્ષમા યોગ્ય છે.**

**એ જ નમ્ર વિનંતી.**

**આ. સ્વ. પ્રણામ.**

પત્ર ૪૭૮. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. એ ચારેય પત્ર આ પાના ઉપરના છે એ 'અંબાલાલભાઈ' ઉપરના જ છે.

**'ઉપાધિના યોગથી ઉદયાધીનપણે બાહ્ય ચિત્તની ક્વચિત્ અવ્યવસ્થાને લીધે તમ મુમુક્ષુ પ્રત્યે જેમ વર્તવું જોઈએ તેમ અમારાથી વર્તી શકાતું નથી. તે ક્ષમા યોગ્ય છે, ખચીત ક્ષમા યોગ્ય છે. એ જ નમ્ર વિનંતી.'** જે 'મુંબઈ'માં વ્યવસાયના કારણે

બહારમાં ચિત્તની અવ્યવસ્થા થઈ છે. સંપૂર્ણ અવ્યવસ્થા નથી પણ ક્યારેક ક્યારેક થતી અવ્યવસ્થા છે. એને લઈને એ મુમુક્ષુઓને જે ઉત્તર આપવા જોઈએ, વિસ્તારથી સ્પષ્ટીકરણ કરવું જોઈએ, સમયસર ઉત્તર આપવા જોઈએ, પૂરા ઉત્તર આપવા જોઈએ એવું બની શકતું નથી. એના માટે પોતે ક્ષમા માગી છે. અને ક્ષમા મારે માગવી જ જોઈએ. અવશ્ય માગવી જોઈએ એમ પોતે માન્યું છે. એમ માનીને ક્ષમા માગી છે. એ એમની વિનમ્રતાને સૂચવે છે.

એટલા માટે ક્ષમા માગે છે કે જ્યાં કોઈની પણ બીજાની લાગણી દુભાવવાનો કાંઈ પણ પ્રસંગ થાય છે એમાં પોતાના મન-વચન-કાયાનું નિમિત્ત પડે છે ત્યારે એ પ્રકારનો વિકલ્પ સજ્જનતાવશ પણ આવે છે. જ્ઞાની તો લોકોત્તર સજ્જન છે એને તો અવશ્ય આવે જ. એ પ્રકાર છે. એટલે પોતે મુમુક્ષુની પણ ક્ષમા માગી છે. જો આ રીતે આટલી સરળતાથી જ્ઞાની મુમુક્ષુની ક્ષમા માગતા હોય તો મુમુક્ષુએ મુમુક્ષુની ક્ષમા માગવામાં ક્યાંય પણ અચકાવા જેવું નથી. એટલું એના ઉપરથી લઈ શકાય. અને જો આપસમાં એવો વ્યવહાર હોય તો ક્યાંય પણ મુમુક્ષુ મુમુક્ષુ વચ્ચે ક્લેશ થવાના પ્રસંગ, અશાંતિના પ્રસંગ ઉત્પન્ન થાય નહિ.

આટલી સરળતા જ્ઞાની પોતાના વર્તનથી ઉપદેશે છે. આ તો એમનું પોતાનું વર્તન છે. એ વર્તનપણું પણ ઉપદેશને યોગ્ય છે. એમનું પ્રત્યેક વર્તન પણ ઉપદેશ લેવા જેવું હોય છે. એ એમાંથી નીકળે છે. આટલી વાતમાંથી પણ એટલું તો નીકળે છે. અને વર્તમાન પરિસ્થિતિમાં એની ઘણી આવશ્યક્તા છે એમ સમજવું જોઈએ. અને એ પોતાના કલ્યાણ માટે સમજવું છે, કોઈ બીજાના માટે સમજવું નથી. એટલી સરળતા ન હોય એટલે કે અસરળતા હોય અને ધર્મ પામવાની આશા રાખવી એ વ્યર્થ છે. આશા રાખવાનો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- મુમુક્ષુ મુમુક્ષુજીવ વચ્ચે ક્લેશ થાય તો બંને ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એ વિચારીને પોતે શું કરવું એ નક્કી કરવાનું છે.

પત્રાંક-૪૭૯

મુંબઈ, માગશર સુદ ૩, સોમ, ૧૯૫૦

વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે.

નીચેનું વાક્ય તમારી પાસે લખેલાં વચનોમાં લખશો.

'જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે-પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે.'

કૃષ્ણદાસાદિ મુમુક્ષુને નમસ્કાર.

પત્ર ૪૭૯. 'અંબાલાલભાઈ'ને લખે છે.

**'વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરીને સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે.'** આ મૌનપણું. વાણીમાં મૌનપણાને વાણીનો સંયમ કહે છે. અને ઘણા મૌનવ્રત અંગીકાર કરે છે કે આપણે બોલવું નહિ હવે. કોઈ એક દિવસ નહિ બોલવું. તો કોઈ અમુક દિવસો નહિ બોલવું કે અમુક મહિના ન બોલવું કે અમુક વર્ષ ન બોલવું એમ વ્રત લઈ લે છે. તો એની અંદર એવું બને છે કે જેની સાથે પ્રસંગ છે, ઉદય છે એને ક્લેશનો હેતુ થાય છે કે આ બોલતા નથી અને આપણે આવી મુશ્કેલી પડે છે. આ કારણે આપણને મુશ્કેલી પડે છે. ખાવું, પીવું, પોતાને પણ કટેલીક પરિસ્થિતિ ઉદયની પરાધીન હોય છે. તો એવી પરાધીન પરિસ્થિતિમાં

બીજાની સાથે કામ પાડવું અને બોલવું નહિ, કામ પાડવું ખરું પણ બોલવું નહિ.

આ 'ગાંધીજી' મૌન પાળતા ને ! ખાસ કરીને 'ગાંધીજી'ના અનુયાયીઓમાં આ જરા વધારે 'ગાંધીજી' અને 'વિનોબાજી' બેય બહુ મૌન પાળતા. એટલે એ લોકોના અનુયાયીઓમાં આ પ્રકાર વધારે છે તો પછી એમાં શું છે કે કેટલાકની તો પ્રકૃતિ હઠવાળી હોય એ વધારે વ્રત અંગીકાર કરે છે. વ્રત કરનારમાં હઠીલા માણસો લગભગ વધારે પ્રકારે જોવામાં આવે છે. કેમ કે એની અંદર પણ હઠની તાકાત જોઈએ. ટકવા માટે પણ હઠની તાકાત જોઈએ ને ?

ખરેખર તો વ્રત છે એ સ્વરૂપસ્થિરતાને લઈને પરિણામ આત્મામાં વીંટળાઈ જાય તેનું નામ વ્રત. એ નિશ્ચયવ્રત. એ વીંટળાઈ જતા પછી બીજો વિકલ્પ ન ઊઠે તેને વ્યવહાર વ્રત કહે છે. એમ થવાને બદલે યથાયોગ્ય સ્થિતિએ તેમ થવાને બદલે એ પહેલાં જ હઠથી વ્રત લઈ લે અને બીજાની સાથેના વ્યવહારની અંદર એને શું તકલીફ પડે છે એનો વિચાર ન કરે. એને અશાંતિ થાય, એને દુઃખ થાય, એની લાગણી દુભાય એ કાંઈ વિચાર ન કરે તો એ રીતે કોઈપણ પ્રકારે સંયમન કરવું તે યોગ્ય નથી.

**'માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય,....'** કે પ્રયોજન પૂરતું તો તેણે બોલવાનું રાખવું જોઈએ. અપ્રયોજનભૂત વાતમાં બોલ બોલ કરવાનું બંધ કરી દેવું જોઈએ. માત્ર પોતે પ્રયોજન પૂરતી વાતચીત કરે એટલો મર્યાદિત સંયમ રાખે તો તેનું પરિણામ કોઈ પ્રકારે ઠીક આવે. શ્રેયરૂપ એટલે કલ્યાણરૂપ આવે. પણ કેવળ હઠ કરીને એવી રીતે વાણીનો સંયમ કરે તો એ પ્રકારે કોઈ આત્માને હિતનું કારણ થતું નથી. આ તો કેટલી કેટલી વાતમાં એમની નજર પહોંચી છે બહારના વ્યવહારિક પ્રસંગોની અંદર પણ. નિર્મળ જ્ઞાન છે એટલે શું યોગ્ય છે. ક્યારે શું યોગ્ય છે ? કેટલું શું યોગ્ય છે ? કેટલું અયોગ્ય અને ક્યારે અયોગ્ય છે ? બધો ખ્યાલ આવે છે.

**'નીચેનું વાક્ય તમારી પાસે લખેલાં વચનોમાં લખશો.' 'જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે-પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે.'**

આ એક બહુ જ મહત્ત્વનું વચનામૃત આ સ્થળે એમણે ટાંક્યું છે. જીવનું મૂઢપણું એટલે કલ્યાણના સંબંધમાં સૂઝબૂઝ નથી હોતી અને એમ ને એમ જેમ-તેમ, ગમે તેમ

કાળ ગુમાવે છે. એ જીવની મૂઢ દશા છે. મૂઢ દશા એટલે શું ? કલ્યાણના વિષયમાં મતિ જેની મૂંઢાઈ ગઈ છે. કામ કરતી નથી. કામ કરી શકે એવી જેની મતિ નથી એ પ્રકારે જેની સ્થિતિ છે. એવા જીવે **'ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું,..'** એટલે જાગૃતિ ન રાખવામાં આવી. સચેતપણું એટલે જાગૃતિ.

દરેક ઉદયમાં અને ક્ષણે-ક્ષણે. પ્રસંગે-પ્રસંગે એટલે દરેક ઉદયમાં, પ્રત્યેક ઉદયમાં અને ક્ષણે-ક્ષણે જો જાગૃતિ ન રાખવામાં આવી કે આ મારા કલ્યાણનું કારણ છે કે મારા અકલ્યાણનું કારણ છે. આ અવલોકનમાં જાય છે, આ પદ્ધતિ. **'તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે.'** આ મનુષ્યપણું મળ્યું, પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ-સંયોગ થયો અને પરમાર્થનો વિષય, અધ્યાત્મનો વિષય એકદમ ચોખ્ખે ચોખ્ખો સ્પષ્ટપણે સામે આવ્યો એવો બધો જે યોગ બન્યો છે એ તદ્દન નકામો ચાલ્યો જશે. વૃથા થશે. એનું ફળ કાંઈ નહિ આવે. માટે અવશ્ય જીવે પોતાના હિત-અહિતના વિષયમાં જાગૃત (રહેવું). ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે જાગૃત રહેવા યોગ્ય છે.

એટલે એમને એમ કહ્યું કે આ જે હું લખું છું એ તમે તમારા વચનોમાં લખજો. એટલે કે તમારા ભાવમાં તમે આ વાતમાં શું સમજો છો ? શું કહેવા માગો છો ? કેવી રીતે આ વાત સમજો છો ? કેવા અર્થમાં ઘટાવો છો ? એમ કરીને એની પાસેથી ઉત્તર માગ્યો છે, 'અંબાલાલભાઈ' પાસેથી. આ વિષયની અંદર તમારી જાગૃતિ અનુસાર તમારી વાત શું છે ? કહેવાનું તાત્પર્ય એ છે. એમ કહીને એમણે એ વિચાર્યું છે કે એ પોતે આ વિષયના અવલોકનમાં આવ્યા છે કે નથી આવ્યા ? એ જવાબ માગ્યો છે.

ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે જો મારા હિતનો મને વિચાર ન સૂઝતો હોય કે અહિત સંબંધીની સૂઝ ન આવતી હોય તો પછી આ યોગ બન્યો તે વૃથા છે. અથવા એવા વિચાર વગર પ્રમાદથી જ કાળ વ્યતીત કરવામાં આવે તો પણ એને આ મનુષ્ય આયુનો જે અમૂલ્ય સમય જાય છે એ સંબંધની એને કોઈ સાવચેતી, દરકાર કે સાવધાની કે જાગૃતિ કાંઈ આવી નથી. એમ સમજવા જેવું છે.

**'કૃષ્ણદાસાદિ મુમુક્ષુને નમસ્કાર.'** ૪૭૯ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૪૮૦

મુંબઈ, પોષ સુદ ૫, ૧૯૫૦

**કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે. અને તેમાં મુમુક્ષુજીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે, એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે. તથાપિ પરિશ્રમનો હેતુ એવા કામનો પ્રસંગ તમને ક્વચિત્ જણાવવાનું થાય છે, જે વિષેના પ્રસંગમાં અમારા પ્રત્યે તમને નિઃશંકતા છે, તથાપિ તમને તેવે પ્રસંગે ક્વચિત્ પરિશ્રમનું કારણ થાય એ અમારા ચિત્તમાં સહન થતું નથી; તોપણ પ્રવર્તીએ છીએ. તે અપરાધ ક્ષમા યોગ્ય છે; અને એવી અમારી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે ક્વચિત્ પણ અસ્નેહ ન થાય તેટલો લક્ષ પણ રાખવો ઘટે છે.**

**સાથેનો ભાઈ રેવાશંકરનો કાગળ છે તે અમારી પ્રેરણાથી લખાયો છે. જે રીતે કોઈનું મન ન દુભાય તેમ કરી તે કાર્ય કરવાની જરૂર છે. અને તે વિષેના પ્રસંગમાં કંઈ પણ ચિત્તવ્યાકુળતા ન થાય તેટલો લક્ષ યોગ્ય છે.**

(પત્રાંક) ૪૮૦. એમાં પણ 'અંબાલાલભાઈ' પ્રત્યે લખે છે.

**'કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે.'** જોયું ! એમની પોતાની લોકોત્તર સજ્જનતાનો આ વિષય છે કે પોતાના કારણે બીજા કોઈ જીવને પરિશ્રમ થાય, મનથી, વચનથી કે કાયાથી. **'કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે. અને તેમાં મુમુક્ષુજીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો...'** એટલે તેના પ્રયોજન વગર, તેના કામ વગર પરિશ્રમ દેવો એટલે પોતાના માટે પરિશ્રમ દેવો **'એ જરૂર અપરાધ છે.'** અપેક્ષા રાખવાનો તો પ્રશ્ન જ નથી કે પોતે જ્ઞાની છે અને બીજા મુમુક્ષુ પોતાનું કાંઈ કામ કરી દે, એવી અપેક્ષા રાખવાની તો વાત જ નથી. એ વાત તો બિલકુલ વિપરીત છે અથવા ઊલટી છે. કોઈની સેવા લેવી, કોઈની પાસે કામ કરાવવું, કોઈને કામ ચીંધવું, કોઈ મારું કામ કરી દે એ વાત જ નથી

અહીંયાં. અથવા કેમ ન કરે ? એ પ્રશ્ન જ નથી. અથવા જ્ઞાની ભક્તિનિરપેક્ષ એવા નિઃસ્પૃહ પરિણામે પરિણમે છે. બીજાની ભક્તિ, એની સ્પૃહા જ્ઞાનીને હોય તો જ્ઞાનીપણું નથી ત્યાં. એમ સમજવા યોગ્ય છે.

કેટલી વાતો નીકળે છે ! કહેવાય પત્રો. કેવી કેવી વાતો નીકળે છે ! બહુ પડખાં. ચોખ્ખા એકદમ નિર્મળ શુદ્ધ પરિણતિનો આ વિષય છે. જે નિર્મળ શુદ્ધ પરિણતિ આત્માને વિષે કામ કરે છે એવી એ નિર્મળ શુદ્ધ પરિણતિ બીજા જીવો પ્રત્યે કેવી રીતે કામ કરે છે ? એનું પ્રતિબિંબ પડે છે આની અંદર.

**'કોઈ પણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે.'** પોતે અપરાધ સમજે છે, એ અમારો ગુનો છે. એમ કહે છે કે એ તો અમે કર્મ બાંધવાની વાત કરીએ છીએ. એવા કર્મ બાંધવાનો અમારો બિલકુલ અભિપ્રાય નથી, એમ કહેવું છે. **'અને તેમાં મુમુક્ષુજીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે, એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે.'** આ કૃત્રિમ નથી. સહજ અમારા ચિત્તનો આ સ્વભાવ છે કે કોઈને પણ અમારા કારણે ક્યાંય પરિશ્રમ દેવાનો થાય કે કોઈ પરિશ્રમ લે તો અમને એ વાત અનુકૂળ પડતી નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીના પરિણામો કેટલા સહજ હોય છે !

પૂજ્ય ભાઈશ્રી :– કેટલા સહજ ! કેટલી નિર્મળતા ! કેટલી શુદ્ધતા છે એની અંદર ! વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :– ચારેચાર પત્રમાં પોતાની સળતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પહેલામાં ક્ષમા માગી છે. બરાબર છે.

**'તથાપિ પરિશ્રમનો હેતુ...'** કેમ કે 'અંબાલાલભાઈ' એમની સેવામાં રહેતા હતા. એમને લખવાનો હેતુ છે. વ્યક્તિગત રીતે 'અંબાલાલભાઈ'ને એમના પ્રત્યે અત્યંત ભક્તિ હતી. નિવૃત્તિના કાળમાં 'કાવિઠા'ની અંદર તો આપણે સ્પષ્ટ જાણ્યું. જ્યારે 'કાવિઠા'માં નિવાસ હતો નિવૃત્તિકાળમાં તો રસોઈ 'અંબાલાલભાઈ' બનાવતા હતા. વકીલ હતા એ તો. 'ખંભાત'ના એડવોકેટ હતા. રસોઈ એ બનાવતા હતા. રસોઈ બનાવવાનું શીખી લીધું હતું એમણે. નિવૃત્તિકાળમાં એમને જમવા માટે કોઈના ઘરે જમવાનો પ્રસંગ ન રહે, કોઈ કુટુંબમાં કોઈના ઘરે જવાનો પ્રસંગ ન રહે, અને રસોઈયાની વ્યવસ્થા એ કાળમાં કોઈ એવી રસોઈયાની સર્વિસ આપે એવા અત્યારે

જે રસોઈયા મળી રહે છે એવો પ્રકાર નહિ હોય. પોતે જ રસોઈ શીખી લીધી. 'નડિયાદ' ઉતર્યા હતા. ખંભે કોથળો જોયો. આ શું આને ખંભે કોથળો ? આ શું ઉપાડ્યું ? તો કહે, આ તો વાસણ છે કે. શેના વાસણ છે ? તો કહે, આપના માટે રસોઈ બનાવવા માટે લઈ લીધા છે. જેને ત્યાં રસોઈ બનતી હતી એ ભાઈએ જગ્યા બતાવી હતી કે આ જગ્યાએ 'અંબાલાલભાઈ' રસોઈ કરતાં હતા. આ જગ્યાએ પોતે જમવા પણ આવતા હતા. જમવા ત્યાં આવતા. સુવા-બેસવાનો, ચર્ચા-વાર્તા એ બીજા મકાનમાં રાખી હતી. બન્ને ભાઈઓનું મકાન છે. બન્ને ભાઈઓનું મકાન છે. 'ઝવેરચંદભાઈ કાવિઠા'નો આવે છે ને પત્ર ? 'ઝવેરચંદભાઈ'ના દિકરાઓ છે. દિકરાના દિકરા છે અત્યારે તો. એ બતાવે છે, ત્યાં જાય એને બધાને બતાવે છે. બહુ પ્રેમ છે. સાવ અજાણ્યા આપણે કોઈ દિ' જોયા, ઓળખ્યા ન હોય પણ એટલી મહેમાનગતિ, એટલો આગ્રહ (કરે). એ તો સામાન્ય માણસો છે, કાંઈ શ્રીમંત માણસો નથી. સજ્જનતા ઘણી છે.

મુમુક્ષુ :- રસોઈ કરતાં કરતાં પણ પોતાનું ધ્યાન ત્યાં રહેતું. દૂર છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કહેતાં હતા કે બધું ધારી લેતા હતા. અવાજ આવતો હતો. બધું બોલતા હતા એનો અવાજ અહીં સુધી પહોંચતો હતો. મકાન આમ સામે સામું છે. અને આમ ત્રાંસમાં છે. રસ્તામાં ત્રાંસ છે. આમ ઉપરના ભાગમાં સામે સામું છે. Air distance સીધું છે.

એટલે એમને લખે છે કે તમે અમારા માટે જે પરિશ્રમ લ્યો છો એ તો અમને અપરાધમાં મૂકો છો તમે. અને આ અમારા ચિત્તની અંદર જે છે એ તમને લખી દીધું.

**'એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે. તથાપિ પરિશ્રમનો હેતુ એવાં કામનો પ્રસંગ તમને ક્વચિત્ જણાવવાનું થાય છે,...'** **'તથાપિ પરિશ્રમનો હેતુ એવા કામનો પ્રસંગ તમને ક્વચિત્ જણાવવાનું થાય છે,...'** તમને કહેવાનું થાય છે, એ પોતે નજીક રહેતા હતા. ભાઈ ! આમ કરજો. આમ નહિ ને આમ કરજો. **'જે વિષેના પ્રસંગમાં અમારા પ્રત્યે તમને નિઃશંકતા છે,...'** અમારી અપેક્ષા કે સ્પૃહા તમે નથી જોતા. તમે અમને તો ઠીક નજરથી જુઓ છો. **'તથાપિ તમને તેવે પ્રસંગે ક્વચિત્ પરિશ્રમનું કારણ થાય એ અમારા ચિત્તમાં સહન થતું નથી;...'** એવી વાત છે.

મુમુક્ષુ :- પત્રની નકલ અને એની વ્યવસ્થા ઇ સંભાળતા હતા ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પત્રના નકલની વ્યવસ્થા એ સંભાળતા હતા. એવો એક દૃષ્ટાંત 'પૂજ્ય બહેનશ્રી'નું પણ છે. જ્યારે સ્વાસ્થ્ય સારું હતું તો પાણી પીવું હોય તો એ પોતે જ ઊભા થઈને પાણી પી લે, ગોળા ઉપર જઈને. (બ્ર. બહેન) એમની સેવામાં હતા અને પાણી લાવવા માટે ચેષ્ટા કરે તો ના પાડી દે. મને પરાધીનતામાં નથી રહેવું. એવી પરાધીનતા મારે નથી જોઈતી. હું મારી મેળે મારું કરું ત્યાં સુધી હું મારું કરી લઈશ. એ આપે તો પણ ના પાડી દે. કહે નહિ, હું મારી મેળે લઈ લઈશ. એક સહેજે પ્રકાર હોય છે. એ કહેતા હતા કે એવી એમની એક સ્વાધીન વૃત્તિ હતી કે પોતાને બીજાની સેવા ન લેવી એ એક સહેજે વિકલ્પ રહેતો હતો. બને ત્યાં સુધી ન લેવી. પછી અમુક પ્રકારમાં લેવાની થતી હોય ત્યાં અંદરથી અભિપ્રાય વિરુદ્ધ પરિણામ ચાલતા હોય છે. તો એ આ પ્રકારના પરિણામ છે.

**'તેવે પ્રસંગે કવચિત્ પરિશ્રમનું કારણ થાય એ અમારા ચિત્તમાં સહન થતું નથી; તોપણ પ્રવર્તીએ છીએ.'** તોપણ એ વાત તમને કહીએ છીએ કે આમ કરો, ફલાણું કરો. **'તે અપરાધ ક્ષમા યોગ્ય છે;...'** આ એની ક્ષમા માગી છે. એવો જે અમારો અપરાધ છે એ ક્ષમા યોગ્ય છે **'અને એવી અમારી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે ક્વચિત્ પણ અસ્નેહ ન થાય તેટલો લક્ષ પણ રાખવો ઘટે છે.'** અને એવું કંઈ તમને જ્યારે કહેવાય કે આમા આમ કરવાનું છે અને આમ નથી કરવાનું. ત્યારે તમને જે કાંઈ કહેવામાં આવે એ પૂરા પ્રેમથી જ તમે એનો સ્વીકાર કરો અને અસ્નેહ ન થાય એટલો પણ તમારે લક્ષ રાખવા યોગ્ય છે. નહિતર તમારા પક્ષે નુકસાનનું કારણ થશે. બીજી બાજુ સહેજે લઈ લીધી છે.

મુમુક્ષુ :– સાથે સાથે અપરાધથી બચાવે (છે.)

પૂજ્ય ભાઈશ્રી :– હા, બેય વાત છે. પોતે અપરાધથી બચે છે, બીજાને અપરાધથી બચાવે છે. એવી સત્પુરુષોની અંતર-બાહ્ય પ્રવૃત્તિ સ્વપર કલ્યાણકારક હોય છે. પોતાને પણ કલ્યાણનું કારણ અને બીજાના પણ કલ્યાણનું કારણ હોય છે. એટલામાં તો ઘણી વાતો આવી જાય છે. જ્ઞાની જો મુમુક્ષુ પ્રત્યે અપેક્ષા રાખતા નથી તો મુમુક્ષુએ તો મુમુક્ષુ પ્રત્યે અપેક્ષા રાખવાનો પ્રશ્ન જ નથી રહેતો. આ મારું કામ કેમ ન કરે ? અને આણે આટલું મારું કેમ ન કર્યું ? એ વાત તો રહેતી જ નથી. એ તો પ્રશ્ન જ અસ્થાને છે.

**'સાથેનો ભાઈ રેવાશંકરનો કાગળ છે તે અમારી પ્રેરણાથી લખાયો છે. જે રીતે**

**કોઈનું મન ન દુભાય તેમ કરી તે કાર્ય કરવાની જરૂર છે.'** 'રેવાશંકરભાઈ'એ કામ સોંપ્યું છે પણ એમાં કોઈનું મન ન દુભાય એ ધ્યાન રાખશો. **'અને તે વિષેના પ્રસંગમાં કંઈ પણ ચિત્તવ્યાકુળતા ન થાય તેટલો લક્ષ યોગ્ય છે.'** અને તે વિષેના પ્રસંગમાં કાંઈ પણ ચિત્તવ્યાકુળતા તમારી કે સામાની ન થાય એટલો તમારે લક્ષ રાખવો યોગ્ય છે. એટલે કેટલી સરળતાથી દરેક કામ કરવાની એમની ભલામણ છે અને એમાં કેટલી સાવધાની, પોતાને આકુળતા ન થાય, બીજાને આકુળતા ન થાય, અપરાધનું કારણ ન થાય, એ બધો પ્રકાર એની અંદર લઈ લીધો છે. કોઈ વ્યાવહારિક કામ સોંપ્યું હશે.

મુમુક્ષુ :- તમને અમારા માટે નિષેધભાવ વર્તે છે.. Adjustment ન થાય તો એમાં શું કહેવા માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે મુમુક્ષુની યોગ્યતા તદ્દન બાલ્યવસ્થા જેવી છે. બાળક ચાલતા શીખે માટે એને ચાલતા આવડી ગયું છે ? નહિ. ચાલતા ચાલતા કેટલી વાર પડશે એનો કાંઈ નિયમ છે ? એ ચાલતા ચાલતા જેમ પડી જાય છે એમ આની નિઃશંકતા પણ એટલી બધી નથી હોતી. જેટલી જ્ઞાનદશામાં નિઃશંકતા આવે એટલી મુમુક્ષુની ભૂમિકામાં નિઃશંકતા નથી આવતી. ક્યારેક ચિત્ત શંકિત પણ થઈ જાય. એવું પણ બને. ઉદયના તો એવા અટપટા પ્રકાર હોય છે. ચિત્ર-વિચિત્ર પ્રકાર હોય છે કે ક્યારે એને શંકા પડે. શંકા પડે ત્યારે જેટલું બધું કર્યું છે એના ઉપર પાણી ફરી વળે. જેટલી ભક્તિ, જેટલો એને વિશ્વાસ (આવ્યો હોય) એ બધો ધોવાઈ જતા વાર ન લાગે. એવી પરિસ્થિતિ થઈ જાય. એટલે એ જાગૃતિ આપી છે.

નિઃશંક છે ખરા, નિઃશંકતા છે એનો પણ ખ્યાલ છે અને એ નિઃશંકતામાં નબળાઈ હોય છે એનો પણ ખ્યાલ છે. બેય ખ્યાલ છે. અને બંને પ્રકાર સંભવિત છે મુમુક્ષુની ભૂમિકામાં એટલે એ બંને રીતે વાત કરી છે. આ તો એક મુમુક્ષુના જીવન ઘડતરનો વિષય છે. જેમ માટલું ઘડે તો ઉપરથી પણ ટીપે અને અંદરથી પણ ટીપે ત્યારે વાસણ ઘડાય છે. બેય બાજુ એને ટીપવું પડે. એક બાજુ ટીપે ન થાય એનો આકાર ન આવે. બેય બાજુ ટીપે ત્યારે એનો આકાર આવે. એવી આ વાત છે. એની ગુણપ્રશંસા કરે અને એનો જે દોષ હોય અથવા સંભવિત દોષ હોય તો એમાં એને જાગૃત પણ કરે. એ રીતે જ્ઞાની બંને રીતે મુમુક્ષુના જીવનને ઘડે છે. એમ અમાંથી સ્પષ્ટ નીકળે છે.

તમારી નિઃશંકતા પણ ખ્યાલમાં છે. છતાં પણ અમારી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે કદાચ તમને અસ્નેહ થાય એટલે અસ્નેહ થાય એટલે પ્રેમ ઓછો થાય. પ્રવૃત્તિ તો કરો તમે, પણ એ ન થાય એટલો તમે લક્ષ રાખજો. એવું ક્યારેય ન બની જાય એનું તમે લક્ષ રાખજો. બહુ મોટું નુકસાન છે. આધ્યાત્મિક મોટું નુકસાન છે. જ્ઞાની પ્રત્યે અસ્નેહ થાય છે ત્યારે અભક્તિ અને અવિનયનો પ્રકાર ઊભો થાય છે. એ તીવ્ર દર્શનમોહનો વિષય છે. દર્શનમોહની તીવ્રતાનો પ્રસંગ છે ત્યાં. જેમ ભક્તિ દર્શનમોહને મંદ કરે છે, અનુભાગને ઘટાડે છે, એમ આ દર્શનમોહના અનુભાગને વધારે છે.

મુમુક્ષુ :– મુમુક્ષુ મુમુક્ષુ પ્રત્યે અપેક્ષાના પરિણામ દર્શનમોહને વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચોક્કસ, ચોક્કસ. પ્રશ્ન એ છે કે મુમુક્ષુ, બીજા મુમુક્ષુ પ્રત્યે અપેક્ષાઓ રાખે કે આ મને કેમ મદદ કરતાં નથી ? આ મારું કેમ કામ કરતાં નથી ? આટલું આમ કેમ કરતાં નથી ? મને કેમ અનુકૂળ વર્તતા નથી ? નુકસાનનું કારણ છે, ચોક્કસ નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– આ વાત એવી છે કે પરિપૂર્ણ નિર્દોષતાના લક્ષે જેને શરૂઆત થઈ છે એને બધું સમજાય એવું છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત. પૂર્ણ શુદ્ધિનો માર્ગ છે. જેના ચારેય પડખાં એકદમ શુદ્ધિથી પરિમાર્જન થઈ જાય ને ત્યારે માર્ગ ઉપર આવે એવી વાત છે. ગડબડવાળાનું કામ નથી આમાં. એવો વિષય છે જરા. તો જ એ માર્ગ મળે એવું છે. સમ્યક્‌માર્ગ. એ સમ્યક્ વિશેષણમાં આ બધું રહ્યું છે. જેના ચારેય પડખા ચોખ્ખા. એમ. અહીં સુધી રાખીએ...

મુમુક્ષુ :– વ્યક્તિગત વિષયમાં આટલું બધું આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– આટલી બધી વાત છે. ખરી વાત છે. એટલે દરેકના ગુણ-દોષ જુદા જુદા છે ને વિષયના.

પત્રાંક-૪૮૧

પોષ વદ ૧, મંગળ, ૧૯૫૦

ૐ

આજે આ પત્ર લખવાનો હેતુ થાય છે તે અમને ચિત્તમાં વિશેષ ખેદ રહે છે, તે છે. ખેદનું કારણ આ વ્યવહારરૂપ પ્રારબ્ધ વર્તે છે, તે કોઈ રીતે છે, કે જેને લીધે મુમુક્ષુ જીવ પ્રત્યે ક્વચિત્ તેવો પરિશ્રમ આપવાનો પ્રસંગ થાય છે. અને તેવો પરિશ્રમ આપતાં અમારી ચિત્તવૃત્તિ સંકોચ પામતી પામતી પ્રારબ્ધ ઉદયે વર્તે છે. તથાપિ તે વિષેનો સંસ્કારિત ખેદ ઘણો વખત સ્ફુરિતપણું પામ્યા કરે છે.

ક્યારે પણ તેવા પ્રસંગે અમે લખ્યું હોય અથવા શ્રી રેવાશંકરે અમારી ઇચ્છા લઈ લખ્યું હોય તો તે કોઈ વ્યાવહારિક દૃષ્ટિનું કાર્ય નથી, કે જે ચિત્ત-આકુળતા કરવા પ્રત્યે પ્રેરાયું હોય એવો નિશ્ચય સ્મરણયોગ્ય છે.

તા. ૨૪-૭-૧૯૯૦, પત્રાંક–૪૮૧ થી ૪૮૪
પ્રવચન નં. ૧૮૭

'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ' પત્ર ૪૮૧. પાનું ૩૮૯. 'શ્રી અંબાલાલ લાલચંદ' 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

**'આજે આ પત્ર લખવાનો હેતુ થાય છે તે અમને ચિત્તમાં વિશેષ ખેદ રહે છે, તે છે. ખેદનું કારણ આ વ્યવહારરૂપ પ્રારબ્ધ વર્તે છે, તે કોઈ રીતે છે, કે જેને લીધે મુમુક્ષુ જીવ પ્રત્યે ક્વચિત્ તેવો પરિશ્રમ આપવાનો પ્રસંગ થાય છે. અને તેવો પરિશ્રમ આપતાં અમારી ચિત્તવૃત્તિ સંકોચ પામતી પામતી પ્રારબ્ધ ઉદયે વર્તે છે. તથાપિ તે વિષેનો સંસ્કારિત ખેદ ઘણો વખત સ્ફુરિતપણું પામ્યા કરે છે.'** પોતાના ઉદયભાવોના

પરિણામ વિષે પત્ર લખ્યો છે. અમારા ઉદયના કારણે મુમુક્ષુજીવને એટલે કોઈ કોઈ મુમુક્ષુની સેવા લેવાનો પોતાને પ્રસંગ બને છે.

એ મુમુક્ષુ ખાસ કરીને 'અંબાલાલભાઈ' નિકટ હતા એટલે એમને એ પ્રસંગ હતો. એમની સેવામાં વિશેષપણે (રહેતા હતા). અને એ પરિશ્રમ મુમુક્ષુને આપતા પોતાને ઘણો સંકોચ થાય છે. સંકોચ થાય છે એટલું નહિ પણ એવો જે સંકોચ છે એ સંકોચનો સંસ્કાર એટલે એ સંકોચની પરંપરા લંબાય છે પરિણામમાં. એનો સંસ્કારિત ખેદ એટલે સંસ્કાર પામેલો ખેદ એ ઘણા વખત સુધી ચાલ્યા કરે છે. સ્ફુરિતપણું પામ્યા કરે છે એટલે ચાલ્યા કરે છે. આવી એક સહજ પરિણામની પરિસ્થિતિ છે.

જૈનદર્શનનો ધર્માત્માઓનો એ વ્યવહાર છે કે જ્યાં સુધી પોતે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં સુધી પોતાની જરૂરિયાત એટલે પોતાને જે-તે પ્રકારનો રાગ છે ખાવું, પીવું, કુટુંબ પરિવાર એની વ્યવસ્થા પોતે સંભાળે. પોતાને ઉદયમાં જે પ્રકારનો હજી રાગ વર્તે છે એની વ્યવસ્થા પોતે સંભાળે. પોતાની જરૂરિયાતનો બોજો બીજા ઉપર આવે એ ઇચ્છતા નથી. કેમ કે રાગ મારો છે તો મારા રાગ માટે બીજાને પરિશ્રમ ઉઠાવવો પડે, મારા રાગને કારણે બીજાને પરિશ્રમ ઉઠાવવો પડે એ વાત ન્યાયસંપન્ન નથી. મારો રાગ હોય તો મારે પરિશ્રમ કરી લેવો જોઈએ. ન્યાયની વાત એ છે. એટલે જ્યાં સુધી એ સર્વસંગપરિત્યાગ નથી કરતાં અથવા ક્ષુલ્લક, એલક સુધીની દશામાં નથી આવતા ત્યાં સુધી એ પોતાના કાર્યો પોતે સંભાળે, પોતે બીજાનો બોજ ન બને.

ત્યારપછીની અવસ્થામાં એટલે કે ત્યાગીની અવસ્થામાં એ કોઈની વ્યવસ્થાનો સ્વીકાર કરતાં નથી કેમ કે એ એમના ઉદ્દેશે કરાયેલી વ્યવસ્થા છે. એમને એ માન્ય કરતાં નથી, સ્વીકારતા નથી. કેમ કે પોતે હિંસા કરતાં નથી, એટલો રાગ રહ્યો નથી. તો પોતાના કારણે કોઈ હિંસા કરે, કરવું, કરાવવું, અનુમોદવું એકસરખો દોષ હોવાથી પોતે બીજાથી એવું કાંઈ થાય તે સંમત કરતાં નથી. આમ, ત્યાગીની અવસ્થામાં કે ગૃહસ્થીની અવસ્થામાં ધર્માત્મા કોઈ બીજાનો બોજ બનતા નથી. આવી એક જૈનદર્શનની આમ્નાય છે, પરંપરા છે અને તે નિર્દોષ જીવનની પદ્ધતિ છે. જીવનની એ એક નિર્દોષ પદ્ધતિ છે.

મુમુક્ષુ :– આ ભૂલ ક્યાં છે, આ તો બીજા માણસને તો અહોભાવનું કારણ છે, ભક્તિનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એના (મુમુક્ષુના) સ્થાનમાં છે. એના સ્થાનમાં પોતાને બેસવાનું નથી. પોતાને પોતાના સ્થાને બેસીને વિચાર કરવાનો છે. એ કદાચ એમ વિચારે કે બીજાની ભાવના માટે ભલે એ મારા કામ કર્યા કરે, બિલકુલ ન્યાય સંપન્ન નથી. દેતી વખતે નમતું જોખવું જોઈએ. લેતી વખતે ઓછું આવે તો વાંધો નહિ. આવો ન્યાય છે. એટલે કે બીજાને ઉપકાર કરવામાં મેં ઉપકાર કર્યો છે એમ વિચાર કરે નહિ. અને બીજા એક તણખલા જેટલો ઉપકાર કરે તો પહાડ જેવો માને. એમ છે. ન્યાયના બેય કાટલા જુદા જુદા છે. બીજાની ભાવના એની પાસે. પોતે પોતાનો રાગ છે અને બીજાને પરિશ્રમ આપવાનું થાય છે એ વાત સહજપણે પોતાને યોગ્ય નથી લાગતી. જે પોતાને લાગે છે તે લખે છે. જે સંકોચ થાય છે, જે પ્રકારની લાગણી ઉત્પન્ન થાય છે તે વ્યક્ત કરે છે કે અમને તો આ બરાબર નથી લાગતું.

મુમુક્ષુ :- આજથી સો વર્ષ પહેલા એ જમાનામાં વકીલ થવું મોટી વાત હતી. એમના પિતાજી પણ વકીલ, પોતે પણ વકીલ, છતાં આ સેવામાં કેવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને ભક્તિ ઘણી હતી. અત્યંત ભક્તિ હતી એમાં કાંઈ સવાલ નથી. 'અંબાલાલભાઈ'ને ભક્તિ ઘણી હતી. એટલે એમની સેવામાં એ આવતા હતા. પણ એ પોતાને સંકોચ થતો હતો. પોતાને સંકોચ થતો હતો. અમારા માટે આને (અંબાલાલને) પરિશ્રમ કરવો પડે છે. અમારું કામ અમારે સંભાળી લેવું જોઈએ.

મુમુક્ષુ :- પ્રસંગ ત્યાં 'શ્રીમદ્જી'એ લખ્યું. રસોઈયાનું ઇન્તજામ કરી લેજો. તો રસોઈયો નિવૃત્તિ ક્ષેત્રમાં ક્યારે જાય ? જ્યારે રસોઈ થઈ જાય એટલી પૂરતી મર્યાદા હોય. બીજા .. 'અંબાલાભાઈ'એ રસોઈ બનાવતા શીખી લીધું. ... 'કૃપાળુદેવ' રસોઈ કરશે ? ભાવ ઉત્કૃષ્ટ છે. ભક્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભક્તિ છે. ઘણી ભક્તિ છે. એમને તો એવી રીતે સૂચના આપી હતી કે આ વખતે તમે કોઈ રસોઈયાની વ્યવસ્થા કરી લેજો. એનો ખર્ચ પોતે આપી દે, બહુ બહુ તો. એ વ્યવસ્થા એમણે ન કરી અને પોતે રસોઈયા થઈ ગયા એ જગ્યાએ. એ પોતાની ભક્તિનો વિષય છે. પણ 'શ્રીમદ્જી' એ વાત એવી રીતે નથી લેતા. એ આમાંથી સ્પષ્ટ દેખાય છે. બે પત્રો લખ્યા છે. એક પોષ સુદ પાંચમે લખ્યો છે, એક પોષ વદ ૧મે લખ્યો છે. દસ દિવસ પછી બીજો એક પત્ર લખ્યો છે.

મુમુક્ષુ :- જ્ઞાનીની અંતરંગ ધારા સાથે રાગ પરિણતિ કેવા પ્રકારની હોય...

પૂજ્ય ભાઈશ્રી :– હા. કેટલી પોતાની નિર્દોષતા સાધવી છે તો કેટલા સૂક્ષ્મ ન્યાયથી પોતે જુએ છે કે આમાં તો અમે અમારો અપરાધ સમજીએ છીએ. મુમુક્ષુજીવને પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે એમ લખ્યું છે. ઉપરના પત્રમાં એમ લખ્યું છે એ જરૂર અપરાધ છે અને એ અપરાધ માટે અમે ક્ષમા માગીએ છીએ. ત્યાં સુધીની પાછી. અપરાધ કરે છે નહિ, અપરાધની ક્ષમા માગે છે. મુમુક્ષુજીવની પણ ક્ષમા માગે છે.

મુમુક્ષુ :– આમાં અમારું ગૃહસ્થજીવન પણ આ રીતનું હોવું જોઈએ. ઘરના સર્વો પ્રત્યે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ જ છે. ખરી વાત છે. કોઈના ઉપર આપણો અધિકાર નથી. આપણા રાગ માટે આપણે પરિશ્રમ કરવો એ ન્યાયની વાત છે. રાગ આપણો અને પરિશ્રમ બીજો કરે એ કોઈ ન્યાયની વાત નથી. સીધી વાત છે.

મુમુક્ષુ :– જૈનદર્શનમાં એક એક ન્યાય...

પૂજ્ય ભાઈશ્રી :– લોકોત્તર ન્યાય. ન્યાય એટલે લોકોત્તર ન્યાય છે. હજી આવો શુભભાવ છે એ જૈનદર્શનમાં દોષ ગણાય છે. નિર્દોષતા બીજી ચીજ છે. એ બીજી કોટીની વાત છે, બીજી કક્ષાની વાત છે.

મુમુક્ષુ :– બીજાને દર્શનમોહ ગળવાનું કારણ છે

પૂજ્ય ભાઈશ્રી :– બીજાને તો દર્શનમોહ (ગળવાનું) કારણ છે એ ખ્યાલ છે. પણ છતાં કુદરતી આ પરિસ્થિતિ છે. એમના ચિત્તની ગણો, એમના મનની ગણો, એમના અંતઃકરણની ગણો તો આ કુદરતી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– પોતાનો અભિપ્રાય નથી. માત્ર...

પૂજ્ય ભાઈશ્રી :– આ ગૃહસ્થ જ્ઞાની છે. મુનિ તો એથી ઊંચી પવિત્ર દશામાં બિરાજે છે મુનિરાજ. તો પછી એ તો વધારે વિચારે કે મારી સેવા કરનારને વધારે ભાવનાનું કારણ થશે. સ્વીકારી લે કે ન સ્વીકારી લે ? નહિ ? કેમ બીજાને લાભનું કારણ છે કે નહિ ? મુનિને આહારદાન દે તો એને લાભનું કારણ છે. ભલે મારા નિમિત્તે એટલો પરિશ્રમ કરે, એમ સ્વીકારતા નથી.

મુમુક્ષુ :– ત્યાં મુનિપણું રહેતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જો ત્યાં મુનિપણું રહેતું નથી તો અહીંયાં ન્યાય રહેતો નથી. સીધી વાત છે. અહીંયાં ન્યાય સચવાતો નથી. બીજું, કે જ્ઞાનીને કાંઈ અનુકૂળ–પ્રતિકૂળ છે નહિ. જો પોતાને અનુકૂળ-પ્રતિકૂળ નથી તો અનુકૂળતા ખાતર શા માટે એવું કરે ?

અને જો પોતાની અનુકૂળતા માટે એમ કરતાં હોય તો એને અનુકૂળ-પ્રતિકૂળ અથવા ઇષ્ટ-અનિષ્ટપણું રહ્યું એ જ્ઞાની ક્યાંના ? કેવી રીતે એને જ્ઞાની સમજવા ? એ વાત બંધબેસતી નથી. એને કોઈ અનુકૂળ નથી, કોઈ પ્રતિકૂળ નથી માટે ગમે તે પરિસ્થિતિ એ ચલાવી શકે છે. પોતે પોતાની મેળે પરિશ્રમ કરતાં જેવી જોઈએ એવી સુંદર વ્યવસ્થા કે અનુકૂળતા કે સગડવતા ન રહી અને ખામીવાળી રહી તો એને વાંધો શું છે ? અનુકૂળ-પ્રતિકૂળ તો કોઈ ચીજ નથી એને. ગમે તે પરિસ્થિતિમાં ચલાવવું એ તો એની સહજ પરિણતિ છે. ખરેખર તો એ કાળે એવું જ્ઞેય છે. એને તો બધું જ્ઞાનનું જ્ઞેય છે તો તે કાળે તેવું જ્ઞેય છે. બસ, આટલી વાત છે.

**'ક્યારે પણ તેવા પ્રસંગે અમે લખ્યું હોય અથવા શ્રી રેવાશંકરે અમારી ઇચ્છા લઈ લખ્યું હોય...'** કોઈ વ્યવસ્થા કરવાનું લખ્યું હોય, પોતે લખ્યું હોય અથવા પોતે ત્યાં 'મુંબઈ'થી રવાના થવાના હોય અને 'રેવાશંકરભાઈ' લખી નાખે કે નીકળવાના છે. આ તારીખે નીકળશે. આ તારીખે અહીંયાં પહોંચશે. આટલી વ્યવસ્થા તમે કરજો. એમ અમારે વાતચીત થઈ છે એટલે એ વાતચીત અનુસાર તમને જણાવું છું એમ કરીને લખ્યું હોય, **'તો તે કોઈ વ્યાવહારિક દૃષ્ટિનું કાર્ય નથી, કે જે ચિત્ત-આકુળતા કરવા પ્રત્યે પ્રેરાયું હોય એવો નિશ્ચય સ્મરણયોગ્ય છે.'** એટલે કે કોઈ તમારે આકુળતા કરવી પડે અથવા અમે ચિત્તની આકુળતા કરવા માટે કાંઈ કહ્યું હોય એવું કાંઈ થવું જોઈએ નહિ. સહેજે થાય તો ઠીક, ન થાય તો અમે ચલાવી લેશું. લખ્યું તો ભલે લખ્યું પણ એમ ન પણ બન્યું હોય તો અમે લખ્યું હતું ને કેમ બન્યું નથી ? એ પ્રશ્ન અમારે નથી. ગમે તે પરિસ્થિતિ અમે ચલાવી લેશું.

મુમુક્ષુ :– એ કોઈ વ્યવહારિક દૃષ્ટિનું કાર્ય નથી...

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ વ્યવહારીક દૃષ્ટિનું કાર્ય નથી કે જે ચિત્ત–આકુળતા કરવા પ્રત્યે પ્રેરાયું હોય એટલે અમારા ચિત્તમાં આકુળતા થઈ હોય અને એ રીતે એવું કાર્ય કોઈ તમને આમ કરવું જ જોઈએ, આમ થવું જ જોઈએ, આમ રાખજો જ. આમ હોવું જ જોઈએ એ વાત નથી. એટલું તમે સ્મરણમાં રાખજો, ખ્યાલમાં રાખજો, સ્મૃતિમાં રાખજો. કે ગમે તે અમારે ચાલશે, ગમે તેમ ચાલશે. અમને આકુળતાનું કારણ નથી. તમને કોઈ આકુળતા થઈને કોઈ વાત થવી ન જોઈએ.

પછીનો પત્ર પણ 'અંબાલાલભાઈ' ઉપરનો છે.

પત્રાંક-૪૮૨

મુંબઈ, પોષ વદ ૧૪, રવિ, ૧૯૫૦

હાલ વિશેષપણે કરી લખવાનું થતું નથી તેમાં, ઉપાધિ કરતાં ચિત્તનું સંક્ષેપપણું વિશેષ કારણરૂપે છે. (ચિત્તનું ઇચ્છારૂપમાં કંઈ પ્રવર્તન થવું સંક્ષેપ પામે, ન્યૂન થાય તે સંક્ષેપપણું અત્રે લખ્યું છે.) અમે એમ વેદ્યું છે કે, જ્યાં કંઈ પણ પ્રમત્તદશા હોય છે ત્યાં જગતપ્રત્યયી કામનો આત્માને વિષે અવકાશ ઘટે છે. જ્યાં કેવળ અપ્રમત્તતા વર્તે છે, ત્યાં આત્મા સિવાય બીજા કોઈ પણ ભાવનો અવકાશ વર્તે નહીં; જોકે તીર્થંકરાદિક, સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઈ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે, તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી ક્રિયા કોઈ તે જ્ઞાન પછી હોઈ શકે નહીં; અને તો જ ત્યાં સંપૂર્ણજ્ઞાન ટકે; એવો અસંદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે, એમ અમને લાગે છે. જ્વરાદિ રોગમાં કંઈ સ્નેહ જેમ ચિત્તને નથી થતો તેમ આ ભાવોને વિષે પણ વર્તે છે, લગભગ સ્પષ્ટ વર્તે છે, અને તે પ્રતિબંધના રહિતપણાનો વિચાર થયા કરે છે.

**'હાલ વિશેષપણે કરી લખવાનું થતું નથી તેમાં, ઉપાધિ કરતાં ચિત્તનું સંક્ષેપપણું વિશેષ કારણરૂપે છે.'** એટલે એનો અર્થ કર્યો છે કૌંસમાં. **'(ચિત્તનું ઇચ્છારૂપમાં કંઈ પ્રવર્તન થવું સંક્ષેપ પામે, ન્યૂન થાય તે સંક્ષેપપણું અત્રે લખ્યું છે.)'** એટલે કે લખવાનો વિકલ્પ ઓછો રહે છે એમ કહેવું છે. બાહ્ય કાર્યોની પ્રવૃત્તિ એટલી નથી. ઓછી છે પ્રવૃત્તિ અને પત્ર લખવાનો સમય છે તો પણ પત્ર લખવાનો વિકલ્પ ઓછો છે માટે ઓછું લખાય છે, એમ કહેવું છે.

**'અમે એમ વેદ્યું છે કે, જ્યાં કંઈ પણ પ્રમત્તદશા હોય છે ત્યાં જગતપ્રત્યયી કામનો આત્માને વિષે અવકાશ ઘટે છે.'** એટલે જ્યાં પ્રમાદ થાય છે એટલે પારમાર્થિક પ્રમાદ. ઓલો પ્રમાદ નહિ. પોતાના આત્મકાર્યની સાવધાનીમાં જેટલી ન્યૂનતા છે

અથવા સ્વરૂપ રમણતામાં જેટલી ન્યૂનતા છે અને જેટલો રાગ રહે છે એટલો પરિણામ અથવા ઉપયોગ બહાર જાય છે. એટલું જગતપ્રત્યયી એટલે કોઈને કોઈ બીજા પદાર્થોના કામમાં એ સમય જાય છે. એ વિષે આત્માને અવકાશ થાય છે. જો આત્મરમણતામાં રહે તો જગતપ્રત્યયી કામમાં અવકાશ રહેતો નથી. એ તો સીધી વાત છે કે સમય કાં તો સ્વરૂપમાં પરિણામ લાગે એમાં વ્યતીત થાય, કાં તો સમય પર પદાર્થમાં ઉપયોગ લાગે એમાં વ્યતીત થાય. એમ.

**'જ્યાં કેવળ અપ્રમત્તતા વર્તે છે, ત્યાં આત્મા સિવાય બીજા કોઈ પણ ભાવનો અવકાશ વર્તે નહીં; જોકે તીર્થંકરાદિક, સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઈ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે, તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી કોઈ ક્રિયા તે જ્ઞાન પછી હોઈ શકે નહીં; અને તો જ ત્યાં સંપૂર્ણજ્ઞાન ટકે; એવો અસંદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે, એમ અમને લાગે છે.'** આ અરિહંત ભગવાનની સ્થિતિની વાત કરી છે. આમાં માન્યતા સ્પષ્ટ થઈ જાય છે. દિગંબર શાસ્ત્રોમાં અને શ્વેતાંબર શાસ્ત્રોમાં જે અરિહંત સંબંધીની માન્યતા છે એનું સ્પષ્ટીકરણ આમાં આવી જાય છે. જોકે એક બીજી જગ્યાએ એમણે અઢાર દોષ રહિત અરિહંત હોય છે એ વાત એમણે સ્થાપી છે. અઢાર દોષમાં તૃષા, ક્ષુધા, નિદ્રા એ બધા આવી જાય છે. રોગ એ બધા દોષ આવી જાય છે.

શું કહે છે ? કે **'જ્યાં કેવળ અપ્રમત્તતા વર્તે છે,..'** એટલે કે સંપૂર્ણ આત્મલીનતા વર્તે છે. કેવળ એટલે સંપૂર્ણપણે. જેઓ સ્વરૂપમાં લીન છે, ત્યાં આત્મ સિવાય બીજા કોઈપણ ભાવનો અવકાશ વર્તે નહિ. ત્યાં તેનો આત્મા કોઈ, આત્મા સિવાય બીજા પદાર્થ સંબંધિત ભાવ કરે એવું બની શકતું નથી.

હવે **'જોકે તીર્થંકરાદિક,...'** હવે તીર્થંકરને આવી કોઈ ક્રિયા હોઈ કે ન હોય ? અરિહંતને આવી કોઈ ક્રિયા તેરમે ગુણસ્થાને હોય કે ન હોય ? તો કહે છે, સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઈ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે. અમુક જાતની દેહની ક્રિયા જોવામાં આવે છે. જેમ કે ગમન એ શરીરની ક્રિયા છે. તો એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે તો એમાં એમનો ભાવ જવાનો થયો હશે અને જતા હશે ? નહિ. એવી કોઈ ક્રિયા નથી કે જે ભાવસહિત કરવી પડે. ભાવરહિત થાય એવી ક્રિયા સંભવિત છે. ભાવસહિત થાય એવી ક્રિયા સંભવિત નથી એમ કહેવું છે.

**'તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી ક્રિયા કોઈ તે જ્ઞાન પછી હોઈ શકે નહીં;...'** સંપૂર્ણ વીતરાગદશામાં એવી કોઈ ક્રિયા ન હોઈ શકે કે જે ક્રિયા કરતાં એમને ભાવ કરવો પડે એ ક્રિયા સંબંધિત એવી કોઈ ક્રિયા એવું પૂર્ણ જ્ઞાન થયા પછી હોઈ શકે નહિ એમ કહેવું છે. એટલે કે વ્યક્તિગત વાત-ચીત કરે નહિ. કે ભાઈ ! ગણધર સાથે અત્યારે વાત કરે છે. એમ ન થાય. કોઈને વ્યક્તિગત જવાબ આપે એમ ન બને. કે પોતાના કોઈપણ કાર્યો મન-વચન-કાયા સંબંધીના કોઈ કાર્યો પોતે કરે, પોતે પોતાની ઇચ્છાથી કરે, ભાવથી કરે, હવે બેઠા છે તો ઊભા થઈ જઈએ. ઊભા થઈએ તો હવે બેસી જઈએ. એવું કાંઈ નથી થતું.

જો કેવળજ્ઞાન ખડગાસને ઊભા ઊભા તપ કરતાં થયું હોય, સાદિઅનંત કાળ એમ જ આત્માના પ્રદેશો ખડગાસને રહી જાય. જો પદ્માસને થયું હોય તો એમ જ રહી જાય. ગમન થાય તો પછી એમ થાય. અરિહંત દશામાં ગમન થાય, ક્ષેત્રાંતર થાય તો ઊભા ઊભા થાય. ડગલા ભરવાનું ન થાય અને પદ્માસને હોય તો એમ જ થાય. જેમ કે ભગવાન સમવસરણમાં તીર્થંકરદેવ બિરાજે છે પદ્માસને તો એમનું જ્યારે સમવસરણ બીજી જગ્યા થવાનો પ્રકાર ઊભો થાય તો એમ જ પદ્માસને જ એ ગતિ થાય. ઊભા ન થાય, ઊભા થવાનો વિકલ્પ ન આવે.

મુમુક્ષુ :- ચાલે નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. નહિ... નહિ... બને નહિ. વિકલ્પ વગર એવી રીતે બને નહિ. શરીરની ક્રિયા બેસવું, ઊભા થવું, સૂવું એ વિચાર વિના બને નહિ. વિચાર હોય તો જ બને. ખાવું, કોળિયો ગળે ઉતારવો, પાણી પીવું, ઘૂંટડો ગળે ઉતારવો. અથવા કોઈ ચીજ મંગાવવી, લાવવી, મૂકવી કોઈ ક્રિયા ન કરે. કોઈ ચીજ લેવા-મૂકવાની પણ ક્રિયા ન કરે. કોઈ શરીરની (ક્રિયા ન હોય). એ તો એમ જ રહી ગયા તે રહી ગયા ખલાસ. વાત પૂરી થઈ ગઈ. કોઈ ક્રિયા નથી થતી.

મુમુક્ષુ :- ઊભા ઊભા...

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રદેશો પછી સાદિઅનંત કાળ એમ જ રહે. સિદ્ધાલયમાં પણ એમ જ રહે. દેહ એવી રીતે જ છૂટે. દેહ છૂટતી વખતે પાછું પદ્માસન થઈ જાય એવું કાંઈ ન થાય. એમ જ દેહ છૂટી જાય. એમ જ ઊભા ઊભા જ (દેહ છૂટી જાય). એટલે અનંતા સિદ્ધો ખડગાસને છે, અનંતા પદ્માસને છે. ત્યાં સિદ્ધાલયમાં

એમ છે. શરીરના પ્રદેશોની ગોઠવણીની વાત છે આ તો. ત્યાં શરીર તો નથી.

મુમુક્ષુ :- વાણી પ્રશ્ન આવે...

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ નથી. દિવ્યધ્વનિ ચાલતી હોય ત્યારે કોઈ પ્રશ્ન કરે ત્યારે સાંભળવા માટે રોકાઈ જાય. પછી એનો પ્રશ્ન પૂરો થાય ત્યારે જવાબ દેવાનું શરૂ કરે. વળી બીજાનો પ્રશ્ન શરૂ થાય. ત્યાં તો લાખો-કરોડો જીવ છે એકસાથે સેંકડો હજારો જીવોને પ્રશ્ન થાય અને એકસાથે બધાને જવાબ મળી જાય.

મુમુક્ષુ :- વાણી એકાક્ષરી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વાણી તો અનક્ષરી છે. એકાક્ષરી નહિ પણ અનક્ષરી વાણી છે. અક્ષર નથી જેમાં. નાદ છે ખાલી. ૐકારનાદ છે. ૐ... એમ ૐ... ચાલે છે, બીજું કાંઈ નથી. ૐકાર નાદ જ છે. અક્ષરી વાણી નથી, અનક્ષરી વાણી છે. એમાં બધાને જે પ્રશ્ન ઊઠ્યો છે એને એ પ્રશ્નનો જવાબ મળી જાય. અને અતિ સ્પષ્ટ જવાબ મળી જાય. જેમાં એને સંદેહ કરવાનું, શંકા ન રહે એવી નિઃશંકતા થાય એવો જવાબ મળી જાય.

આત્મા કેવો છે એવી જીજ્ઞાસા થાય તો આત્મદર્શન થાય એવો જવાબ મળી જાય. જો પોતાના સ્વરૂપની જિજ્ઞાસા થાય તો એને આત્મા કેવો છે એનો જવાબ મળી જાય. અનુભવ કેમ થાય ? તો અનુભવ થાય એવો જવાબ મળી જાય. એટલે ત્યાં અનેક જીવોને આત્મદર્શન થાય છે, અનેક જીવોને અનુભવ થાય છે એનું કારણ એ છે કે એની જિજ્ઞાસા થઈ કે એનો એવો જવાબ મળે છે કે એ વખતે જ એને એવું કાર્ય થતાં વાર ન લાગે.

હવે વિચાર એ કરવાનો છે કે આ જીવ અનંત વાર જઈ આવ્યો. એટલી જિજ્ઞાસામાં ત્યાં આવ્યો નથી. પૂજા-ભક્તિમાં રોકાણો. ભક્તિ કરી, પૂજા કરી ખૂબ ધમાલ કરી. સ્વરૂપલક્ષ ન કર્યું. થોડું લક્ષ્ય કર્યું હોત તો આ પરિસ્થિતિ હોત નહિ. એમ છે.

મુમુક્ષુ :- ... સ્વરૂપ લક્ષ કરે તો ગેરેંટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જબરદસ્ત ત્યાં નિમિત્ત છે. તીર્થંકરદેવનું અને એમની વાણીનું એવું નિમિત્ત છે કે પામતા વાર લાગે નહિ. એને ફટાફટ હજારો-લાખો પામે છે. એક-બે નથી પામતા. લાખોના લાખો પામી જાય છે. એવું થાય છે. એ તો પોતે કેવી ભૂલ કરી છે ? એક વાર નહિ, અનંત વાર કેવી ભૂલ કરી છે એ વિચારવા

જેવો વિષય છે.

મુમુક્ષુ :– પદ્માસન, ખડગાસને બેસવાનો વિકલ્પ તો ન આવે પણ અરિહંત અવસ્થામાંથી ઝટ સિદ્ધાલયમાં પહોંચી જઈએ એ પણ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :– એ વિકલ્પ નથી ત્યાં. એ તો જ્ઞાનમાં પહેલે સમયે ખબર પડી ગઈ છે કે આટલો આયુષ્ય કાળ છે. એ તો છદ્મસ્થ અવસ્થામાં પણ ખબર પડી જાય છે. તીર્થંકર હોય છે એનું તો પુરાણ આગળથી આવી જાય છે. આ 'સૂર્યકીર્તિ' ભગવાનનું પુરાણ આગળથી શરૂ થઈ ગયું કે નહિ ? ક્યાં થશે ? ક્યા ધાતકી ખંડમાં ? વિદેહક્ષેત્રમાં કયા નગરમાં બધું અહીંયા શરૂ થઈ ગયું કે નહિ ? એમ આયુષ્ય આદિની છદ્મસ્થ અવસ્થાથી ખબર હોય છે. પહેલેથી નિર્વિકલ્પ હોય છે. કેવળજ્ઞાન થયા પછી તો પ્રશ્ન જ નથી. પહેલેથી એ વિષયમાં નિર્વિકલ્પ હોય છે.

પણ દેહ રહે કે દેહ ન રહે એ તો મુનિદશામાં જ નથી રહ્યું. 'જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.' આ ભવ ઊભો છે, ચાલુ છે અને મોક્ષ જલ્દી થાય તો સમભાવ ક્યાં રહ્યો ? એ તો વિષમભાવ થઈ ગયો. કે આ ભવ જલ્દી વ્યતીત થાય તો સારું અને મોક્ષ જલ્દી મળી જાય તો સારું. સિદ્ધાલયમાં જલ્દી જવાય તો સારું. એ તો વિષમભાવ છે. 'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.' જીવિત મરણમાં ન્યૂનાધિકતા કાંઈ નથી. દેહ તો ઠીક, દેહ ન હોય તો ઠીક. મારે ને દેહને કાંઈ લેવા-દેવા નથી. હું તો આત્મા છું. પરિણમી ગયા છે આત્મારામપણે આત્મસ્વરૂપે પરિણમી ગયા છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી' કહે છે, મારે મોક્ષ કરવો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– મોક્ષ કરવો નથી. મોક્ષની મને દરકાર નથી, મોક્ષનું મને પ્રયોજન નથી, એમ કહે છે. પ્રયોજનભૂતતત્ત્વ હું પોતે જ છું. એ મારા કબજામાં છે. મારા દૃષ્ટિના કબજામાં એ ચીજ આવી ગઈ છે હવે. હવે મને મોક્ષનું પણ પ્રયોજન નથી. આમાં લીધું 'શ્રીમદ્જી'એ જ્ઞાની મોક્ષની ઇચ્છા કરે નહિ. એ વાત આવે છે.

મુમુક્ષુ :– એક બાજુ એમ કહે ધીમી ધાર પીવાનું પોસાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બેય વાત છે. એ જ મેળ મેળવવાનો છે. જ્ઞાનદશામાં જે મેળ મેળવવાનો છે એ, એ જ મેળ મેળવવાનો છે કે પરસ્પર વિરુદ્ધ દેખાતા બે પરિણામો એમના ને એમના બંને પ્રકારના એક કાળના પરિણામો, વારાફરતી નહિ.

છતાં એમાં અવિરૂદ્ધપણું શું છે એ મોક્ષનો માર્ગ છે. **'उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके'** જિનવચન કેવું છે ? **'जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः'** મોહનું વમન કરીને જે આવા જિનવચનમાં રમે છે એટલે કે એવા પરિણમનમાં રમે છે કે જેમાં બે નયનો વિરોધ આવતો નથી. નહિતર બંને નયને વિષય વિરોધ છે. બંને નયનું ફળ વિરુદ્ધ છે. છતાં એકસાથે વર્તે છે અને અવિરોધપણે વર્તે છે. એ સમજાય એટલે બધું સમજાય જાય છે. એ નથી સમજાતું ત્યાં સુધી દખલ ઊભી રહે છે કે આમ કેમ ? ઘડીક આમ કહે છે, વળી ઘડીક આમ કહે છે. આમાં કાંઈ મેળ ખાતો નથી એમ લાગે.

**'સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઈ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે, તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી ક્રિયા કોઈ તે જ્ઞાન પછી હોઈ શકે નહીં; અને તો જ ત્યાં સંપૂર્ણ જ્ઞાન ટકે; એવો અસંદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે.'** અત્યારે ભલે અરિહંત ન પ્રત્યક્ષ હોય તો પણ અત્યારના જ્ઞાનીપુરુષોનો પણ એ જ નિર્ધાર છે. જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે અને અમને પણ એમ લાગે છે. આવી ગયું એની અંદર બધું. આમાં બધી વાત આવી ગઈ.

**'જ્વરાદિ રોગમાં કંઈ સ્નેહ જેમ ચિત્તને નથી થતો તેમ આ ભાવોને વિષે પણ વર્તે છે. લગભગ સ્પષ્ટ વર્તે છે, અને તે પ્રતિબંધના રહિતપણાનો વિચાર થયા કરે છે.'** જેમ કોઈને તાવ આવે તો એમાં પ્રીતિ થાય નહિ, તાવ આવે તો એમાં કાંઈ રાજી થાય નહિ. ઉલટાનું એમ થાય કે અરે..! આ તાવ ક્યાંથી આવ્યો વળી ? તાવ ઓચિંતો કેમ આવ્યો ? શું વળી કારણ થયું ? એમ થાય છે. જ્વરાદિ રોગમાં જેમ કોઈને શરીરમાં, રોગમાં પ્રીતિ થાય નહિ તેમ આ ભાવોને વિષે એટલે ઉદયિક ભાવોને વિષે પણ અમને એમ જ વર્તે છે. એ પણ અમે રોગ સમજીએ છીએ. રાગને રોગ સમજીએ છીએ. રાગ છે તે રોગ છે. અને રાગનો રાગ છે તે ભયંકર રોગ છે અનંતાનુબંધીનો. લગભગ સ્પષ્ટ વર્તે છે. એવા ભાવોને વિષે અમને અસ્નેહપણું લગભગ સ્પષ્ટ વર્તે છે અને તે પ્રતિબંધના રહિતપણાનો વિચાર થયા કરે છે. અને એવો ભાવ પ્રતિબંધ એનો અભાવ થાય એવો વિચાર અમને રહ્યા કરે છે. એ વિચાર સતત રહે છે કે ક્યારે બધો જ રાગ શાંત થઈ જાય. સંપૂર્ણ રાગનો અભાવ થઈ જાય. એ લક્ષે તો ઉપડ્યા છે અને જ્યાં સુધી સંપૂર્ણ ન થાય ત્યાં સુધી એ લક્ષમાં ફેરફાર થતો નથી. એ ૪૮૨ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૪૮૩

મોહમયી, માહ વદ ૪, શુક્ર, ૧૯૫૦

પરમસ્નેહી શ્રી સોભાગ, શ્રી અંજાર.

તમારાં પત્રો પહોંચ્યાં છે. તે સાથે પ્રશ્નોની ટીપ ઉતારીને બીડી તે પહોંચી છે. તે પ્રશ્નોમાં જે વિચાર જણાવ્યા છે, તે પ્રથમ વિચારભૂમિકામાં વિચારવા જેવા છે. જે પુરુષે તે ગ્રંથ કર્યો છે, તેણે વેદાંતાદિ શાસ્ત્રના અમુક ગ્રંથના અવલોકન ઉપરથી તે પ્રશ્નો લખ્યાં છે. અત્યંત આશ્ચર્યયોગ્ય વાર્તા એમાં લખી નથી; એ પ્રશ્નો તથા તે જાતિના વિચાર ઘણા વખત પહેલાં વિચાર્યા હતા; અને એવા વિચારની વિચારણા કરવા વિષે તમને તથા ગોસળિયાને જણાવ્યું હતું. તેમ જ બીજા તેવા મુમુક્ષુને તેવા વિચારના અવલોકન વિષે કહ્યું હતું, અથવા કહ્યાનું થઈ આવે છે કે, જે વિચારોની વિચારણા ઉપરથી અનુક્રમે સદ્અસદ્નો પૂરો વિવેક થઈ શકે.

હાલ સાત આઠ દિવસ થયાં શારીરિક સ્થિતિ જ્વરગ્રસ્ત હતી, હમણાં બે દિવસ થયાં ઠીક છે.

કવિતા બીડી તે પહોંચી છે. તેમાં આલાપિકા તરીકેના ભેદમાં તમારું નામ બતાવ્યું છે અને કવિતા કરવામાં જે કંઈ વિચક્ષણતા જોઈએ તે બતાવવાનો વિચાર રાખ્યો છે. કવિતા ઠીક છે. કવિતા કવિતાર્થે આરાધવા યોગ્ય નથી, સંસારાર્થે આરાધવા યોગ્ય નથી; ભગવદ્ભજનાર્થે, આત્મકલ્યાણાર્થે જો તેનું પ્રયોજન થાય તો જીવને તે ગુણની ક્ષયોપશમતાનું ફળ છે. જે વિદ્યાથી ઉપશમગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઈ નહીં તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.

હાલ હવે ઘણું કરી મોતીની ખરીદી બંધ રાખી છે. વિલાયતમાં

**છે તેનો અનુક્રમે વેચવાનો વિચાર રાખ્યો છે. જો આ પ્રસંગ ન હોત તો તે પ્રસંગમાં ઉદ્ભવ થતી જંજાળ અને તેનું ઉપશમાવવું થાત નહીં. હવે તે સ્વસંવેદ્યરૂપે અનુભવમાં આવેલ છે, તે પણ એક પ્રકારનું પ્રારબ્ધ-નિવર્તનરૂપ છે. સવિગત જ્ઞાનવાર્તાનો હવે પત્ર લખશો, તો ઘણું કરી તેનો ઉત્તર લખીશું. લિ. આત્મસ્વરૂપ**

(પત્રાંક) ૪૮૩.

**'પરમસ્નેહી શ્રી સોભાગ, શ્રી અંજાર.'** 'અંજાર' 'કચ્છ'માં આવેલું ગામ છે. વ્યવસાયને અર્થે 'કચ્છ'માં જતા હતા. ત્યાં પત્ર લખેલો છે. ગમે ત્યાં જતા હતા પણ પત્રવ્યવહાર ચાલુ રહેતો હતો, જોયું ! બંને વચ્ચેનો પત્રવ્યવહાર ચાલુ રહ્યો છે.

**'તમારા પત્રો પહોંચ્યા છે.'** એક નહિ, અનેક છે. **'તમારા પત્રો પહોંચ્યા છે. તે સાથે પ્રશ્નોની ટીપ ઉતારીને બીડી તે પહોંચી છે.'** ટીપ એટલે List. Listને ટીપ કહેવામાં આવે છે. **'તે પ્રશ્નોમાં જે વિચાર જણાવ્યા છે, તે પ્રથમ વિચારભૂમિકામાં વિચારવા જેવા છે.'** તે પ્રથમ વિચારભૂમિકામાં વિચારવા જેવા છે. એટલે શરૂઆતની ભૂમિકામાં. **'જે પુરુષે તે ગ્રંથ કર્યો છે, તેણે વેદાંતાદિ શાસ્ત્રના અમુક ગ્રંથના અવલોકન ઉપરથી તે પ્રશ્નો લખ્યાં છે.'** કોઈ ખાસ ગ્રંથ સંબંધિત ઉલ્લેખ છે. તો એ ગ્રંથ જેણે કર્યો છે, પોતાને ખ્યાલમાં છે, કે આ ગ્રંથ જેણે કર્યો છે **'તેણે વેદાંતાદિ શાસ્ત્રના અમુક ગ્રંથના અવલોકન ઉપરથી તે પ્રશ્નો લખ્યાં છે.'** ક્યાંથી પ્રશ્નો લખ્યા છે એ પણ પોતે સ્પષ્ટ કરે છે.

**'અત્યંત આશ્ચર્યયોગ્ય વાર્તા એમાં લખી નથી;...'** એમાં કોઈ ખાસ એવી નવાઈ પામવા જેવી વાત છે નહિ. સાધારણ વાતો છે એમ કહેવું છે. પ્રથમ ભૂમિકામાં એવા પ્રશ્નો વિચારવા જેવા છે એટલે એ બધી સાધારણ વાતો છે. એટલે એમ કે એમણે કાંઈ મહત્ત્વ આપ્યું હોય તો એ મહત્ત્વ આપવા જેવું નથી કાંઈ એ વાતને. એમ. **'એ પ્રશ્નો તથા તે જાતિના વિચાર ઘણા વખત પહેલાં વિચાર્યા હતા;...'** એ પ્રશ્નો

પણ વિચાર્યા હતા, એ જાતના વિચાર પણ ઘણા વખત પહેલા એ વાત તો વિચારાય ગઈ છે. **'અને એવા વિચારની વિચારણા કરવા વિષે તમને તથા ગોસળિયાને જણાવ્યું હતું.'** કે આ પ્રકારનો તમે પણ થોડો વિચાર કરી લેજો. **'તેમ જ બીજા તેવા મુમુક્ષુને તેવા વિચારના અવલોકન વિષે કહ્યું હતું, અથવા કહ્યાનું થઈ આવે છે કે, જે વિચારોની વિચારણા ઉપરથી અનુક્રમે સદ્‌અસદ્‌નો પૂરો વિવેક થઈ શકે.'** એવી પ્રાથમિક ભૂમિકાની કોઈ વિચારસરણીનો વિષય બંનેના પત્રોમાં ચાલ્યો છે.

**'હાલ સાત આઠ દિવસ થયાં શારીરિક સ્થિતિ જ્વરગ્રસ્ત હતી, હમણાં બે દિવસ થયાં ઠીક છે.'** એ પાછું ભાષામાં આટલો ફેર છે. શારીરિક સ્થિતિની તાવથી ગ્રસિત હતી. આત્માને કાંઈ તાવ આવતો નથી. એમ કહેવું છે. 'ગુરુદેવ' એમ કહેતા ને ! 'શરીર ઉષ્ણ થયું છે.' એમ લાગે છે કે શરીર ઉષ્ણ થયું છે. એટલે કે તાવ હશે, શરીરને તાવ હશે. **'હમણા બે દિવસ થયાં ઠીક છે.'**

**'કવિતા બીડી તે પહોંચી છે. તેમાં આલાપિકા તરીકેના ભેદમાં તમારું નામ બતાવ્યું છે અને કવિતા કરવામાં જે કંઈ વિચક્ષણતા જોઈએ તે બતાવવાનો વિચાર રાખ્યો છે.'** અભિપ્રાય પકડ્યો છે કે તમે કવિતા બની એમાં કવિતા બનાવવાની અંદર જે તમારી વિચક્ષણતા હોવી જોઈએ એનું પ્રદર્શન કરવાનો તમે વિચાર રાખ્યો છે. **'કવિતા ઠીક છે...'** પણ **'કવિતા, કવિતાર્થે આરાધવા યોગ્ય નથી.'** કવિતા સારી બનાવતા આવડે, કાવ્ય સારું બનાવતા આવડે એ દૃષ્ટિએ કાવ્ય બનાવવું જોઈએ નહિ. અથવા **'સંસારાર્થે આરાધવા યોગ્ય નથી.'** એક કાવ્ય સારું બનાવતા આવડે. કોઈ કવિને સારા કાવ્યો બનાવતા આવડે માટે કવિ તરીકે સંસારમાં એની પ્રશંસા થાય એ માટે પણ કાવ્ય બનાવવા જેવા નથી. એમ કહેવું છે. એમાં બધું આવી જાય છે. લેખક, હોય તો લેખકનું આવી જાય છે. વક્તા હોય તો વક્તાપણાનું આવી જાય છે. ભાઈ ! આ બહુ સારા વક્તા છે. એવી રીતે વક્તા તરીકેની પ્રશંસા પામવા માટે વક્તાપણું કેળવવા યોગ્ય નથી. લેખકપણાની પ્રશંસા મળે માટે લેખકપણું પણ કેળવવા યોગ્ય નથી. કાવ્યપણાની પ્રશંસા મળે, કવિ તરીકેની, માટે કાવ્ય સારા બનાવવા એ પણ કરવા યોગ્ય નથી.

એ **'સંસારાર્થે આરાધવા યોગ્ય નથી; ભગવત્‌ભજનાર્થે, આત્મકલ્યાણાર્થે જો તેનું પ્રયોજન થાય તો જીવને તે ગુણની ક્ષયોપશમતાનું ફળ છે.'** જો જેમને ઐશ્વર્ય પ્રાપ્ત

છે એવા ભગવંતો છે, મુનિ ભગવંતો, આચાર્યભગવંતો, અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો એમના ભજનાર્થે, એમના ગુણના ગુણાનુવાદ અર્થે અથવા પોતાના આત્મકલ્યાણ અર્થે જો તેનું પ્રયોજન થાય તો તે પ્રકારનો ક્ષયોપશમ છે એ ઠીક છે. એ ક્ષયોપશમનો કાંઈક સદ્ઉપયોગ થયો ગણાય. ક્ષયોપશમમાં પરિણામમાં શક્તિ વ્યક્ત થયેલી છે. એ પ્રકારનો જે જ્ઞાનનો ક્ષયોપશમ છે એ શક્તિનો સદ્વ્યય થવો જોઈએ. એનો વ્યય બરાબર થવો જોઈએ. સંસારાર્થે ન થવો જોઈએ. આત્મકલ્યાણ અર્થે થાય તો તેનું ફળ સારું છે.

**'જે વિદ્યાથી ઉપશમગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઈ નહીં તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.'** Total મારી દીધો છેલ્લે છેલ્લે. કે કોઈપણ જાતની વિદ્યા, આવડત, ક્ષયોપશમ, વિચક્ષણતા, કુશળતા, પ્રવિણતા ગમે તે પ્રકાર હોય કોઈપણ કાર્યની અંદર પણ જેનાથી આ આત્માને ઉપશમ ગુણ પ્રગટે નહિ એટલે એને આત્મિક શાંતિની દિશામાં એ લઈ જાય નહિ, જ્ઞાનમાં વિવેક હિત-અહિતનો, આત્માના હિત-અહિતનો વિવેક જાગે નહિ કે સ્વરૂપ સમાધિ થાય નહિ, સ્વરૂપમાં લીનતા આવે નહિ. **'તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.'** આગ્રહ એટલે વજન ન દેવું. એ ગમે તેવી સારી વિદ્યા હોય, બીજાને આશ્ચર્ય પમાડે એવી હોય એના ઉપર પોતાને વજન આવવું જોઈએ નહિ. ભલે બીજા કરતાં અસાધરણ પ્રકારની એ આવડત હોય તો પણ એ આવડત પોતાને કાંઈ કામની નથી. એ નુકસાનનું કારણ થશે. બીજા પ્રશંસા કરશે. ભાઈને બહુ સરસ આવડે. આ તો બહુ સરસ એમનું કામ છે. એ પોતાને કાંઈ કામમાં આવે એવી ચીજ નથી. નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :– જે કાંઈ વિષય 'કૃપાળુદેવ'ની સામે આવ્યો હોય એમાં બધા પડખાં એટલા ચોખ્ખા કરે છે...

પૂજ્ય ભાઈશ્રી :– એકે એક પ્રશ્નનો જવાબ છે. એનું કારણ છે, એક જે સમ્યક્માર્ગ પોતે આરાધે છે. તો એના લક્ષે બધા ફેંસલા થાય છે. કેમ કે એ સમાધિ માર્ગ છે એમાં ક્યાંય અસમાધિ તો થાય નહિ. એટલે બધાનું સમાધાન કરી શકે છે. સમાધિમાર્ગમાં હોવાથી બધું સમાધાન કરી શકે છે. વળી એ સમાધાન થવા અર્થે એમની પાસે અંદરમાં સર્વાંગ સમાધાન સ્વરૂપ પોતાનું આત્મતત્ત્વ છે. એટલે ત્યાંથી

બધા સમાધાન નીકળે છે. સર્વાંગ સમાધાન સ્વરૂપ છે જે આત્મા ત્યાંથી બધા સમાધાન કરી દે છે. કોઈ પ્રશ્ન જેનો ઉકેલ ન થાય, જેનું સમાધાન ન થાય એવો એક પ્રશ્ન ન રહી શકે એમની પાસે. એવી પરિસ્થિતિમાં પોતે છે.

મુમુક્ષુ :- સમાધાન સર્વાંગ...

પૂજ્ય ભાઈશ્રી :- સર્વાંગ સમાધાન છે. સહજ અભિરામ છે. આમ તો એ સિદ્ધ ભગવાનની સ્થિતિ છે પણ સિદ્ધ સમાન પોતે છે. એટલે ખરેખર આત્માની એ સ્તુતિ છે. સર્વાંગ સમધાન સ્વરૂપ જ છે પોતે. એની સમીપ જાય એટલે કોઈ અસમાધાન રહે જ નહિ. સ્વભાવ સમીપ જાય (એને) અસમાધાન રહે નહિ. આ સીધી વાત છે.

**'હાલ હવે ઘણું કરી મોતીની ખરીદી બંધ રાખી છે. વિલાયતમાં છે તેનો અનુક્રમે વેચવાનો વિચાર રાખ્યો છે.'** 'ચીન', 'પેરિસ'ની અંદર Export કરતા હતા. ત્યાં માલ મોકલતા હતા. જાંગડ મોકલતા હશે. તે **'વેચવાનો વિચાર રાખ્યો છે.'** એટલે નવી ખરીદી બંધ કરી છે. એટલે મોતીના વેપારમાં હમણાં નવી લે-વેચ નથી કરવી એમ વિચાર રાખ્યો છે.

**'જો આ પ્રસંગ ન હોત તો તે પ્રસંગમાં ઉદ્ભવ થતી જંજાળ અને તેનું ઉપશમાવવું થાત નહીં.'** આ પ્રસંગ એટલે જો પોતે આ માર્ગે ન આવ્યા હોત તો આ જંજાળ એટલી બધી વધી જાત, વાત મૂકી દ્યો. વેપાર-ધંધો એવી ચીજ છે કે જેમાં અનુકૂળતા આવે એટલે માણસ વિકાસ વધારતો જ જાય... વધારતો જ જાય... વધારતો જ જાય... એ એને શીખડાવવું કે કહેવું પડતું નથી. તો એમાં અમે ઘૂંચવાય ગયા હોત એમ કહે છે. તો **'તેનું ઉપશમાવવું થાત નહીં.'** એને ઉપશમાવી ન શકત. આ લાઈન હાથમાં છે એટલે મૂકવું, મૂકવું, છોડવું-છોડવું થઈ રહ્યું છે. હજી તો નહિતર ઉગતી ઉંમર છે પોતાની. જુવાન ઉંમર છે. ૨૫ મા વર્ષમાં એમનો કેટલો વૈરાગ્ય છે !

**'હવે તે સ્વસંવેદ્યરૂપે અનુભવમાં આવેલ છે, તે પણ એક પ્રકારનું પ્રારબ્ધ-નિવર્તનરૂપ છે.'** આ જે પ્રસંગ છે તે હવે **'સ્વસંવેદ્યરૂપે અનુભવમાં આવેલ છે, તે પણ એક પ્રકારનું પ્રારબ્ધનિવર્તનરૂપ છે.'** એટલે કે પૂર્વકર્મને એ બાળવાનું કારણ છે. પ્રારબ્ધનિવર્તન કરવાનું એ કારણ છે. **'સવિગત જ્ઞાનવાર્તાનો હવે પત્ર લખશો, તો ઘણું કરી તેનો ઉત્તર લખીશું.'** એ 'સોભાગભાઈ'ને જ્ઞાનવાર્તા માટે ખાસ લખ્યું છે. એ અવારનવાર પોતે લખે છે. **'લિ. આત્મસ્વરૂપ.'** ૪૮૩ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૪૮૪

મોહમયી, માહ વદ ૮, ગુરુ, ૧૯૫૦

પરમસ્નેહી શ્રી સોભાગ, શ્રી અંજાર.

અત્રેના ઉપાધિ પ્રસંગમાં કંઈક વિશેષ સહનતાથી વર્તવું પડે એવી મોસમ હોવાથી આત્માને વિષે ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે. ઘણું કરીને હવેથી જો બને તો નિયમિતપણે કંઈ સત્સંગ-વાર્તા લખશો.

આ. સ્વ.થી પ્રણામ.

(પત્રાંક) ૪૮૪.

**'પરમસ્નેહી શ્રી સોભાગ, શ્રી અંજાર.'** એ પણ 'અંજાર' જ લખેલો છે. ત્યારપછીનો પત્ર પણ 'અંજાર' લખેલો છે.

**'અત્રેના ઉપાધિ પ્રસંગમાં કંઈક વિશેષ સહનતાથી વર્તવું પડે એવી મોસમ હોવાથી...'** મહા વદ ૪ પછી મહા વદ ૮. ત્રણ દિવસ પછીનો પત્ર છે. **'આત્માને વિષે ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે.'** લ્યો ઠીક ! કેવી રીતે વાત છે ? કે વધારે સહનતાથી વર્તવું પડે છે. એવા કાર્યનો પ્રસંગ હોવાથી **'આત્માને વિષે ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે.'** ઉલટાનો ગુણનો આવિર્ભાવ વિશેષ કરીએ છીએ એમ કહે છે. કામ વધી ગયું છે. માટે અમારા ગુણને આવરણ આવી જાય છે, વધેલા કામની અંદર ગુંચવાઈ ગયા છીએ, રોકાઈ ગયા છીએ એમ નથી કહેતા. ઉલટાની પરિસ્થિતિ જુદી છે કે આ બાજુ કામનો Traffic વધે છે. તો આ બાજુ અંતરની સાવધાની પણ વધે છે. એમ કહે છે. સહજ યોગ્યતા છે એ પ્રકારની.

એટલે પોતે ક્યાંક ક્યાંક એમ કહે છે કે કોઈ વખત નિવૃત્તિમાં નિર્જરા ન કરી શકાય એટલી પ્રવૃત્તિમાં નિર્જરા કરીએ છીએ. કદાચ નિવૃત્તિમાં આટલી નિર્જરા ન કરી શક્યા હોત. એટલે એ એક એ પ્રકારના પરિણમનનો અહીંયાં નિર્દેશ છે કે બહારમાં પ્રવૃત્તિ હોય કે જ્ઞાનીને નિવૃત્તિ હોય, નિર્જરાનો આધાર પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉપર જ્ઞાનીને નથી. એમ છે.

એમનું પરિણમન પ્રવૃત્તિ-નિવૃત્તિથી નિરપેક્ષ વર્તે છે. અને ઉલટાનું પ્રવૃત્તિકાળમાં વધારે બળવાનપણે કામ કરીને નિર્જરા કરે છે. એમ છે. ઓલા જેવું છે, જેમ કે દુશ્મન કોઈ દૂર હોય તો મારવો મુશ્કેલ પડે. નજીક આવે તો બરાબર એના ઉપર ઘા થાય. એમ આ બધા નજીક આવી ગયા છે. કર્મરૂપી અરિ વધારે નજીક આવ્યા છે. બરાબર. આવવા દ્યો, આપણને વાંધો નથી. બંધાય તો તે જીવ બંધાય છે કે જેને પૂર્વ પ્રારબ્ધની અપેક્ષા વર્તે છે. મારું પ્રારબ્ધ સારું હોય, અનુકૂળ હોય, પુણ્યોદયવાળું હોય, અનુકૂળતાઓ મળે એવું હોય તો સારું એ હંમેશા બંધાય છે. અનુકૂળતામાં વિશેષ બંધાય છે અને રસ પડે છે. કેમ કે અભિપ્રાયમાં પહેલેથી એમાં ઇષ્ટપણું કરી રાખ્યું છે. પણ જેને અભિપ્રાયમાં ઇષ્ટ-અનિષ્ટપણું ટાળ્યું એને ઉદયનો ઘેરાવો વિશેષ આવે તો વિશેષ બળવાનપણે લડાઈ કરે એની સાથે. સીધી વાત છે. એ વિશેષપણે નિર્જરા કરે છે.

મુમુક્ષુ :– બળવાનમાં શું કહેવા માગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બળવાનપણે સ્વરૂપ ગ્રહણ કરે છે. બહાર ઉપાધિ, ઉપાધિમાં રહે છે. ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે. ગુણ વધારે સ્પષ્ટ પ્રગટ થાય છે. વિશેષપણે આત્મગુણ પ્રગટ થાય છે એમ કહેવું છે એમને.

મુમુક્ષુ :– આત્માને વધારે જોરથી પકડે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા એમ છે. જેમ બાળક છેડો વધારે જોરથી પકડે છે એવી રીતે છે. વધારે જોરથી પકડે છે, ઉદયના કાળમાં એમ કરે છે. માંદગીનો કાળ હોય, રોગનો કાળ હોય, વેદનાનો કાળ હોય, વિશેષ પુરુષાર્થ થાય. અને મૃત્યુનો કાળ હોય તો એથી વિશેષ પુરુષાર્થ થાય છે. એટલા માટે તો મૃત્યુ મહોત્સવ કહેવામાં આવે છે. એ વખતે પુરુષાર્થની તક છે. કાળ એવો છે કે ત્યાં સાધક અવસ્થામાં પુરુષાર્થ સહજપણે વધી જાય છે. એટલે એ કાળને અનિષ્ટ નહિ ગણતા ઇષ્ટ ગણવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવી મોસમ હોવાથી એટલે વિશેષ સહનતાથી વર્તવું પડે એવી મોસમ. મોસમ, મોસમ નથી કહેતા ? હિન્દીમાં પણ મોસમ જ કહે છે. Season. એમને એ ઉપાધિ પ્રસંગની મોસમ વધારે લાગી. આમાં વધારે ઉપાધિ

કરવી પડે એવી મોસમ છે. તો કહે છે, અમારા આત્મામાં વિશેષપણે જાવાનો આ કાળ છે. એવી રીતે વર્ત્યા છે.

ગૃહસ્થદશામાં વેપાર કરતાં કરતાં મોક્ષમાર્ગમાં આગળ વધ્યા છે અને આગળના ભવોને એ કાપતા આવ્યા છે. એક (ભવ) બાકી રહી ગયો, કાપતા-કાપતા એમ કહીએ તો ચાલે. એટલું કામ એમણે દસ વર્ષમાં ગૃહસ્થ દશામાં રહીને કરી લીધું. એમાં એક પત્ર છે. ૨૫ મા વર્ષમાં છે. આ ભવે મોક્ષ કેમ ન થાય ? શું કરવા ન થાય ? જરા જોરથી વાત લખે છે. એમ કે આ કાળે મોક્ષ નથી. પણ અશરીરી દશા... મોક્ષને તો અશરીરી દશા કહેવામાં આવે છે. અને કોઈ એક ન્યાયે તો અશરીરી દશા થઈ શકે છે અત્યારે. અને અમારો આત્મા સ્પષ્ટ છે એ વિષયમાં કે અમે અત્યારે અશરીરી ભાવમાં વર્તીએ છીએ. અને કોઈ એમ કહે કે એવું પણ ન થાય તો આ કાળમાં અમે નથી એમ કહેવા બરાબર છે. એમ કરીને બહુ જોરથી એ વાત લખી છે.

૩૫૪ પાનું. પત્ર છે ૪૧૧. પાનું ૩૫૪. છેલ્લો પેરેગ્રાફ.

**'જિનનાં કહેલા શાસ્ત્રો જે ગણાય છે,...'** છે કે કેમ એ બીજી વાત છે. **'જિનનાં કહેલા શાસ્ત્રો જે ગણાય છે, તેને વિષે અમુક બોલ વિચ્છેદ ગયાનું કથન છે, અને તેમાં મુખ્ય એવા કેવળજ્ઞાનાદિ દશ બોલ છે; અને તે દશ બોલ વિચ્છેદ દેખાડવાનો આશય આ કાળને વિષે 'સર્વથા મુક્તપણું ન હોય' એમ બતાવવાનો છે. તે દશ બોલ પ્રાપ્ત હોય,...'** કારણ કે એમને એ વાત પોતાના પુરુષાર્થને આડી આવે છે કે અત્યારે કેમ સર્વથા મુક્તપણું ન હોય. **'તે દશ બોલ પ્રાપ્ત હોય, અથવા એક બોલ તેમાંનો પ્રાપ્ત હોય તો તે ચરમશરીરી જીવ કહેવો ઘટે એમ જાણી, તે વાત વિચ્છેદરૂપ ગણી છે, તથાપિ તેમ એકાંત જ કહેવા યોગ્ય નથી, એમ અમને ભાસે છે, એમ જ છે.'** જોયું ? એનો એકાંત કરવાની ના પાડે છે. **'કારણ કે ક્ષાયિક સમકિતનો એને વિષે નિષેધ છે, તે ચરમશરીરીને જ હોય એમ તો ઘટતું નથી.'** ક્ષાયિક સમકિત હોય પણ ક્ષાયિક સમકિતને ચરમશરીરી ન પણ હોય.

**'અથવા તેમ એકાંત નથી. મહાભાગ્ય એવા શ્રેણિક ક્ષાયિક સમકિતી છતાં ચરમશરીરી નહોતા એવું તે જ જિનશાસ્ત્રોને વિષે કથન છે.'** આ એનો પોતે પૂરાવો આપે છે. **'જિનકલ્પીવિહાર વ્યવચ્છેદ, એમ શ્વેતાંબરનું કથન છે; દિગંબરનું કથન નથી.'** જોયું ? કેટલું વજન છે ! **''સર્વથા મોક્ષ થવો' એમ આ કાળે બને નહીં એમ બેયનો**

**અભિપ્રાય છે;...'** કે આ કાળે સર્વથા મોક્ષ ન થાય એમ શ્વેતાંબર-દિગંબર બેય કહે છે.

**'તે પણ અત્યંત એકાંતપણે કહી શકાતો નથી.'** જુઓ ! કેટલું જોર છે એમનું ! **'ચરમશરીરીપણું જાણીએ કે આ કાળમાં નથી,...'** માનો કે એમ હોય. જાણીએ એટલે માનો કે બંને કહે છે એમ હોય, **'તથાપિ અશરીરીભાવપણે આત્મસ્થિતિ છે તો તે ભાવનયે ચરમશરીરીપણું નહીં, પણ સિદ્ધપણું છે;...'** મૈં અબી હી સિદ્ધ હું. ભાવ મેં અબી હી સિદ્ધ હું. સિદ્ધાલય મેં જાના હોગા વો કાર્ય તો પર્યાય કા પર્યાયમાં હોગા, મેરે મેં નહિ. એ વાત છે. ભાવનયે તો સિદ્ધપણું છે, ચરમશરીરીની ક્યાં વાત કરો છો ? એ તો હજી અરિહંતદશાની વાત છે. એમ.

**'અને તે અશરીરીભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ, તો આ કાળમાં અમે પોતે નથી, એમ કહેવા તુલ્ય છે.'** જોર કેટલું છે ! ૨૫ મા વર્ષમાં આ જોર છે. ફાટ ફાટ પુરુષાર્થ છે ! **'વિશેષ શું કહીએ ? એ કેવળ એકાંત નથી.'** અરે..! **'કદાપિ એકાંત હો તોપણ આગમ જેણે ભાખ્યાં છે, તે જ આશયી સત્પુરુષે કરી તે ગમ્ય કરવા યોગ્ય છે, અને તે જ આત્મસ્થિતિનો ઉપાય છે.'** એમ કરીને જોર મારી દીધું ઘણું. ઘણું જોર છે.

મુમુક્ષુ :– આશયને સત્પુરુષ...

પૂજ્ય ભાઈશ્રી :– તે જ આશયી સત્પુરુષે કરી એટલે જેણે એ આશય લખ્યો છે એનો આશય ત્યાંથી જાણો. શબ્દો નહિ પકડો એમ કહે છે. શું કહેવા માગે છે એનો આશય ત્યાંથી સમજવો.

શું કહે છે અહીંયાં ? કે જે વિદ્યાથી... એ તો આવી ગયો. આ પત્ર પૂરો થઈ ગયો છે. ૪૮૩ મો પૂરો થયો છે. ૪૮૪માં તો ખાલી બે લીટી છે કે પોતાને ગુણ વિશેષપણે વર્તે છે ભલે ઉદયમાં પ્રવૃત્તિ છે તો પણ.

**'ઘણું કરીને હવેથી જો બને તો નિયમિતપણે કંઈ સત્સંગવાર્તા લખશો.'** જ્ઞાનવાર્તા અથવા સત્સંગવાર્તા લખવા માટે માગણી કરી છે. વિશેષ લઈશું...

પત્રાંક-૪૮૫

મુંબઈ, ફાગણ સુદ ૪, રવિ, ૧૯૫૦

ૐ

પરમ સ્નેહી શ્રી સુભાગ્ય, શ્રી અંજાર.

હાલ ત્યાં ઉપાધિના અવકાશે કાંઈ વાંચનાદિ પ્રકાર થતો હોય તે લખશો.

હાલ દોઢથી બે માસ થયાં ઉપાધિના પ્રસંગમાં વિશેષ વિશેષ કરી સંસારનું સ્વરૂપ વેદાયું છે. એવા જોકે પૂર્વે ઘણા પ્રસંગ વેદ્યા છે, તથાપિ જ્ઞાને કરી ઘણું કરી વેદ્યા નથી. આ દેહ અને તે પ્રથમનો બોધબીજહેતુવાળો દેહ તેમાં થયેલું વેદન તે મોક્ષકાર્યે ઉપયોગી છે.

વડોદરાવાળા માંકુભાઈ અત્રે છે. તેમનું સાથે પ્રવૃત્તિમાં વસવું અને કાર્ય કરવાનું થયા કરે છે, એમ આ પ્રસંગ વેદવાનો તેમને પણ પ્રકાર બન્યો છે. વૈરાગ્યવાન જીવ છે. પ્રજ્ઞાનું વિશેષ પ્રકાશવું તેમને થાય તો સત્સંગનું ફળ થાય તેવો યોગ્ય જીવ છે.

વારંવાર કંટાળી જઈએ છીએ; તથાપિ પ્રારબ્ધયોગથી ઉપાધિથી દૂર થઈ શકાતું નથી. એ જ વિજ્ઞાપન. વિગતથી પત્ર લખશો.

આત્મસ્વરૂપે પ્રણામ.

તા. ૨૫-૭-૧૯૯૦, પત્રાંક–૪૮૫ થી ૪૮૭
પ્રવચન નં. ૧૮૮

...ફરી કોણ આપે ? ભૂખના માર્યા ઊંઘ આવી જાય. અને ઊંઘમાં એને એમ લાગે કે આહા..હા...! મને એટલી બધી સુખડી ખાવા મળી કે પેટ ભરીને સુખડી

મેં ખાધી અને મારી ભૂખ છે એ ભાંગી ગઈ. હું તૃપ્ત થઈ ગયો. અને એમાં આંખ ખુલી જાય તો પેટમાં મણનો ખાડો હોય એ સવા મણનો થયો હોય. ભૂખ ભાંગી ન હોય એને. ઉલટાની ભૂખ વધી ગઈ હોય. કેમ કે એ તો એક મિથ્યા કલ્પના હતી, એક સ્વપ્ન હતું. કોઈ સત્ય પરિસ્થિતિ, વાસ્તવિક પરિસ્થિતિ નહોતી. બસ, એવું આ બધું છે. ઘર, કુટુંબ, મકાન, આબરૂ, પૈસા અને જેટલા કોઈ સંયોગ-વિયોગ, સચેત પદાર્થો, અચેત પદાર્થો, સચેત-અચેત મિશ્ર પદાર્થો. આત્મા સર્વથી સર્વ પ્રકારે, સર્વદા ભિન્ન છે. અત્યારે પણ ભિન્ન જ છે. એવા ભિન્ન જ્ઞાનમય અનુભવમાં રહીને જ્ઞાની સંસારની સર્વ વાતોને સ્વપ્નવત્ જાણે છે. અને એવું સ્વપ્નવત્પણે જાણવું થાય, ત્યારે એ જ્ઞાનદશા છે એમ જાણવું. નહિતર એ બધી માહિતી, જાણપણું એ કોઈ જ્ઞાનદશા નથી.

આત્મા વિશે શાસ્ત્રોના અનેક નયો, ન્યાયો એ બધું જાણપણું થાય છે, થઈ શકે છે મુમુક્ષુની ભૂમિકામાં, પણ એ કોઈ જ્ઞાનદશા નથી. અથવા એવું જાણવું થયું માટે જ્ઞાન થયું એ પણ જ્ઞાનદશા નથી. 'આત્મસિદ્ધિ'માં એ વાત ખાસ લખી છે 'સકળ જગત તે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.' બાકી તો શુષ્કજ્ઞાની બોલી જાય મોઢેથી એ કોઈ જ્ઞાન નથી. જગતની કિંમત એંઠ જેવી જેને થઈ ગઈ છે. જે જગતના પ્રસંગો માટે માણસ મરી પડે છે. એટલા બધા Tension માં આવે છે, મગજ ગુમાવે છે, સ્વાસ્થ્ય ગુમાવે છે, પરિણામનું સમતોલપણું ગુમાવે છે. Balance નથી રહેતું. શા માટે ? કે એને સર્વસ્વ માન્યું છે. એને જીવનઆધાર માન્યો છે. એને જીવન માન્યું છે, જિંદગી માની છે. એટલે એ પરિસ્થિતિમાં આવે છે. જેને એની કિંમત ઊડી ગઈ છે એને એંઠ (લાગે છે). જેમ ભાણામાં કોઈએ એંઠુ મૂક્યું હોય, કોઈને એમ થાય કે આણે એંઠુ મૂક્યું છે લાવ હું ખાઈ લઉં ? ગમે તેવી એંઠી-જૂઠી મૂકી દીધી હોય, એંઠુ એટલે જૂઠું. હિન્દીમાં એને જૂઠું કહે છે. ખાવાની ઇચ્છા ન થાય.

એટલી દીનવૃત્તિ જેમ હોતી નથી એમ જ્ઞાનીને જગતના પદાર્થો પરમાણુઓ અનંત વાર ભોગવાય ગયા છે. એ બધા એંઠા પરમાણુ છે. એના પ્રત્યે કોઈ આકર્ષણ નથી. એ બધું મિથ્યા છે એટલે ન તો લાભનું કારણ છે, ન તો કોઈ નુકસાનનું કારણ છે. એવી સ્વપ્નદશાએ કરીને વેદે છે, અનુભવે છે, એને જ્ઞાને કરીને અનુભવ્યા

છે એમ કહે છે. અને નહિતર પરિસ્થિતિ સમજાવવી જરૂર નથી બધાને. સર્વસાધારણપણે અનુભવગમ્ય છે, કે સંસારમાં પોતે કેવી રીતે સર્વસ્વ માનીને પોતાની જાતને પોતાના આત્માનો હવન કરી નાખે છે, હોમ કરી નાખે છે. સળગતા સંસારમાં પોતાને હોમી દે છે. આ પરિસ્થિતિ છે.

એટલે એમ કહ્યું કે ભૂતકાળમાં પૂર્વ ભવોમાં જો કે ઘણા પ્રસંગ વેદ્યા છે એટલે અનુભવ્યા છે. જે બે માસમાં, છેલ્લા દોઢ-બે માસમાં જે અનેક પ્રકારના અનુભવ થયા એવા પ્રસંગો ભૂતકાળમાં પણ અનેક વખત અનુભવાય ગયા છે. પણ જ્ઞાને કરીને અનુભવાયા નથી. વેદ્યા એટલે અનુભવ્યા.

**'આ દેહ અને તે પ્રથમનો બોધબીજહેતુવાળો દેહ તેમાં થયેલું વેદન તે મોક્ષકાર્યે ઉપયોગી છે.'** બોધબીજ એટલે આગલા ભવની અંદર સંસ્કાર પડ્યા છે. બોધબીજના પત્રો આપણે આવી ગયા. ૪૭૧ અને ૪૭૨. એટલે એ બોધબીજવાળો દેહ એટલે આગળના દેહમાં, ભૂતકાળના આ પહેલાના દેહમાં જે સંસ્કાર મળ્યા છે. એ દેહમાં અને આ દેહમાં એટલે અત્યારે જે જ્ઞાનદશા સાક્ષાત્ વર્તે છે. તેમાં જે વેદન એટલે આ પ્રકારનું જે અનુભવન છે. ભિન્ન આત્માનું, ભિન્ન રહીને સંસારના પ્રસંગો જાણે છે **'તે મોક્ષકાર્યે ઉપયોગી છે.'** તે અનુભવ મોક્ષમાં સાધનભૂત થયો છે.

મુમુક્ષુ :- ત્રણ લીટીમાં તો બધું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે સંસારમાં રહેવું ? એ આવી ગયું છે. જ્ઞાની તો સંસારમાં આમ રહે છે. પોતાને ભવભ્રમણનું દુઃખ લાગ્યું હોય, 'ન હોય વહાલું અંતર ભવ દુઃખ.' ભવદુઃખને વહાલું ન કર્યું હોય તો આ માર્ગે ચાલવા જેવું છે, આ માર્ગે ચડવા જેવું છે. ફરી ફરીને આ તક મળવી મુશ્કેલ છે. તક સારામાં સારી આવી છે. નહિતર કાળ એટલો બધો હીણો છે કે વાત મૂકી દ્યો. એની કોઈ વાત કરવા જેવી નથી. પણ છતાં જેને પામવું હોય તો કુંડામાં રત્ન છે. નહિતર ચોથા આરામાં તો સમુદ્રમાં રત્ન છે એમ કહેવાય છે.

**'વડોદરાવાળા માંકુભાઈ અત્રે છે. તેમનું સાથે પ્રવૃત્તિમાં વસવું અને કાર્ય કરવાનું થયા કરે છે,...'** પ્રવૃત્તિમાં એટલે કોઈ વ્યવસાયની સાથે જોડાયેલા હશે. સાથે કામ કરવાનું પણ બનતું હશે. એ નિમિત્તે 'મુંબઈ'માં રહેતા હશે. **'એમ આ પ્રસંગ વેદવાનો તેમને પણ પ્રકાર બન્યો છે.'** કોઈ એક વ્યાપારી પ્રસંગ બન્યો છે એનો અનુભવ

એમને પણ થયો છે. **'વૈરાગ્યવાન જીવ છે.'** એ 'માંકુભાઈ' પ્રત્યે પોતાનો અભિપ્રાય આપે છે કે **'વૈરાગ્યવાન જીવ છે.'** વૈરાગ્ય સારો છે એમને. **'પ્રજ્ઞાનું વિશેષ પ્રકાશવું તેમને થાય તો સત્સંગનું ફળ થાય તેવો યોગ્ય જીવ છે.'** આટલી પાત્રતા ગણી છે. જો કોઈ વિશેષ ધ્યાન આપે. આત્માને અનુભવનો, સમજવાનો પ્રયત્ન કરે એ પ્રકારનો પ્રજ્ઞાનો વિશેષ સ્વલક્ષી પ્રકાશ કરે, વિકાસ કરે તો પોતાનો જે સત્સંગ છે એનું ફળ આત્માર્થે એને કાંઈક લાભ થાય એવી પાત્રતા એમનામાં જોઈ છે એમણે.

મુમુક્ષુ :- આ વ્યવહારમાં પણ પરિચયમાં આવે તો આવે...

પૂજ્ય ભાઈશ્રી :- તો પણ માપી લે છે, તો પણ માપી લે. એવું છે કે એ તો ઘણા ઊંચે બેઠા છે ને ! પરિસ્થિતિ એવી છે કે કોઈ ટેકરી ઉપર માણસ બેઠો હોય તો નીચેથી ઉપર ચડનારો માણસ કેટલું ચડ્યો એ કેમ ખ્યાલમાં આવી જાય છે ? કે હજી શરૂઆતમાં છે. હવે વચ્ચે આવેલો છે. હવે ઉપર આવેલો છે. ઉપરવાળાને ખ્યાલમાં આવે છે કે નહિ ? એમ જે દશામાં ઉપરની દશામાં બિરાજે છે એવા જ્ઞાનીઓ, નીચે (ક્યો જીવ) ક્યાં ક્યાં કેવી રીતે ચાલે છે ? બધો ખ્યાલ એમને આવે છે. અને પોતાનો અનુભૂત માર્ગ છે. જે મુમુક્ષુની ભૂમિકામાં પોતે અનુભવ કર્યો છે એવો એ માર્ગ છે, અનુભવેલો પોતે.

**'વારંવાર કંટાળી જઈએ છીએ;...'** જુઓ ! જે પ્રવૃત્તિ છે એનાથી **'વારંવાર કંટાળી જઈએ છીએ;....'** એટલે રસ આવવાનો તો પ્રશ્ન જ નથી. સંસારીજીવને જે ધંધા-વેપારમાં રસ આવે. સવારથી લાગી પડે. ચોવીસ કલાક જો કે હખ નથી હોતું. એ જ ઘટમાળ ચાલ્યા કરતી હોય છે. ત્યારે એ તો દુકાને બેસીને કંટાળે છે. **'તથાપિ પ્રારબ્ધયોગથી ઉપાધિથી દૂર થઈ શકાતું નથી.'** એવો કોઈ પૂર્વકર્મનો યોગ છે કે વ્યવસાયમાં જોડાવું પડે છે. **'એ જ વિજ્ઞાપન. વિગતથી પત્ર લખશો. આત્મસ્વરૂપે પ્રણામ.'** ૪૮૫ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૪૮૬

મુંબઈ, ફાગણ સુદ ૧૧, રવિ, ૧૯૫૦

પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે. તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે; (કહ્યું છે.)

(સૂયગડાંગસૂત્ર વીર્ય અધ્યયન)[૧]

જે કુળને વિષે જન્મ થયો છે, અને જેના સહવાસમાં જીવ વસ્યો છે, ત્યાં અજ્ઞાની એવો આ જીવ તે મમતા કરે છે. અને તેમાં નિમગ્ન રહ્યા કરે છે.

(સૂયગડાંગ-પ્રથમાધ્યયન)[૨]

જે જ્ઞાનીપુરુષો ભૂતકાળને વિષે થઈ ગયા છે, અને જે જ્ઞાનીપુરુષો ભાવિકાળને વિષે થશે, તે સર્વ પુરુષોએ 'શાંતિ' (બધા વિભાવપરિણામથી થાકવુ, નિવૃત્ત થવું તે)ને સર્વ ધર્મનો આધાર કહ્યો છે. જેમ ભૂતમાત્રને પૃથ્વી આધારભૂત છે, અર્થાત્ પ્રાણીમાત્ર પૃથ્વીના આધારથી સ્થિતિવાળાં છે, તેનો આધાર પ્રથમ તેમને હોવો યોગ્ય છે, તેમ સર્વ પ્રકારના કલ્યાણનો આધાર, પૃથ્વીની પેઠે 'શાંતિ'ને જ્ઞાનીપુરુષે કહ્યો છે. (સૂયગડાંગ)[૩]

---

१. पमायं कम्ममाहंसु, अप्पमायं तहावरं। तब्भावदेसओवावि, बालं पंडियमेव वा।। सू.कृ. १ श्रु. ८. अ. ३जी गाथा.

२. जेस्सिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे नरे। ममाई लुप्पई बाले, अण्णे अण्णेहि मुच्छिए।। सू. कृ. १. अ. ४थी गाथा.

३. जे य बुद्धा अतिक्कंता. जे य बुद्धा अणागया। संति तेसिं पइठाणं, भूयाणं जगती जहा।। सू. कृ. १. श्रु. ११ अ. ३६मी गाथा.

૪૮૬ મો પત્ર પણ ‘સોભાગ્યભાઈ’ ઉપર લખેલો છે. ત્યારે એ ઘણું કરીને ‘સાયલા’ આવી ગયા છે. આગળના પત્રો છે એ ‘અંજાર’ લખેલા છે. અહીંયાં સાયલા આવી ગયા છે.

આ પત્રમાં સૂયગડાંગસૂત્રના જુદાં જુદાં અધ્યયનમાંથી કોઈ કોઈ ગાથાના અર્થ ટાંકેલા છે. મૂળ ગાથા ફૂટનોટની અંદર આપેલી છે. ત્રણ પેરેગ્રાફમાં ત્રણે પેરેગ્રાફમાં નીચે કૌંસની અંદર જે-તે અધ્યયનમાંથી એ ગાથાઓ આપેલી છે.

મુમુક્ષુ :- અંજારનો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંજારનો જ છે ? આગળ આવી ગયા હશે. ૪૯૦ માં આવી ગયા હશે કદાચ. પછી બીજા પત્રો છે વચ્ચે. ૪૯૦ અને ૪૯૨. ૪૯૨માં સાયલા છે. સમજ ફેર છે. ૪૮૬માં નહિ, ૪૯૨માં.

**‘પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે. તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે; (કહ્યું છે.) (સૂયગડાંગસૂત્ર વીર્ય અધ્યયન)’** આઠમું અધ્યયન છે. એમાં નીચે એક ગાથા છે.

पमायं कम्ममाहंसु, अप्पमायं तहावरं।
तब्भावदेसओवावि, बालं पंडियमेव वा।।

એટલી ગાથા છે. પ્રમાદને કર્મ કહ્યું છે. **‘अप्पमायं’** એટલે અપ્રમાદને બીજું એટલે અકર્મરૂપ એવો ભાવ કહ્યો છે. અથવા આત્મારૂપ ભાવ કહ્યો છે. આત્મારૂપ જે ભાવ થાય એમાં પુરુષાર્થ છે. વીર્ય અધ્યયન લીધું છે ને ? પુરુષાર્થ. આત્મસ્વરૂપે પરિણમે છે એ ભાવ પુરુષાર્થ સ્વરૂપ છે. આત્મસ્વરૂપને છોડીને જે ભાવ પરિણમે છે તે પ્રમાદરૂપ છે. એ પુરુષાર્થ નથી એટલે પ્રમાદ છે. પછી ગમે તે કાર્ય કરે તો પણ એ પ્રમાદ છે.

**‘તેવા ભેદના પ્રકારથી...’** એ બે પ્રકારથી જ્ઞાની અને અજ્ઞાનીનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. એ રીતે ગાથાસૂત્ર છે. કોઈ પોતે એના ઉપર વિશેષ વાત નથી લખી પણ સામાન્ય રીતે ગાથા જ ટાંકી છે. અને એમ કે પોતે શું જેના પ્રત્યે પત્ર લખ્યો છે એમને પોતાની મેળે પોતે દોરવવાને બદલે સ્વયં પોતે કેવી રીતે એ ગાથા વાંચીને અર્થઘટન કરે છે એવા હેતુથી પોતાનો અભિપ્રાય ન દર્શાવે પણ ખાલી ગાથા દર્શાવે.

બીજું સૂયગડાંગસૂત્રના પ્રથમ અધ્યયનમાંથી છે. **‘જે કુળને વિષે જન્મ થયો છે,**

**અને જેના સહવાસમાં જીવ વસ્યો છે, ત્યાં અજ્ઞાની એવો આ જીવ તે મમતા કરે છે અને તેમાં નિમગ્ન રહ્યા કરે છે.'** આ એક જેવી મતિ એવી ગતિ. એવી મતિ લઈને આવ્યો છે, ભૂતકાળમાં જે સંસ્કાર લઈને આવ્યો છે એવા જ કૂળધર્મમાં એનો જન્મ થાય છે અને એ જ કૂળધર્મના પ્રકારને મમત્વપણે અનુસરવાનું, આગ્રહપણે અનુસરવાનું (કરે છે). એ બધા સગાસંબંધીઓ પણ એવા જ હોય. જૈનકુળમાં હોય તો બધા સગાસંબંધી એના જૈનો હોય. હિન્દુમાં હોય તો બધા હિન્દુઓ હોય. મુસલમાનમાં હોય તો બધા મુસલમાન હોય. ક્રિશ્ચનમાં હોય તો (ક્રિશ્ચન હોય). એ કુળમાં જન્મે. એવો જ એને સહવાસ મળે છે. સહવાસ મળે છે. પાકું થાય છે એનો પૂર્વ સંસ્કાર દઢ થાય છે અને એ જીવ વિશેષમાં મિથ્યાત્વને લઈને અથવા ગૃહીત મિથ્યાત્વને લઈને કુળધર્મને અનુસરે છે. એ ગૃહીત મિથ્યાત્વને લઈને એમાં મમત્વ કરે છે. એ દર્શનમોહનું બળ છે.

શ્રદ્ધાને શ્રદ્ધાનું બળ હોય છે. ચાહે શ્રદ્ધા વિપરીત હોય, ચાહે શ્રદ્ધા અવિપરીત હોય. વિપરીત હોય તો વિપરીત બળ હોય છે. અવિપરીત હોય તો અવિપરીત બળ હોય છે. મિથ્યાશ્રદ્ધામાં પણ એ વિપરીત બળ હોય છે. જલ્દી પોતાના કુળધર્મને છોડવાનું બનતું નથી. અથવા કુળધર્મને એવી રીતે મમત્વ અંગીકાર કરે છે કે પોતાના કુળધર્મના શાસ્ત્રની અંદર જે જે વાતો આવી હોય એવી એવી વાતો બીજામાં આવે. સાચા સમ્યક્ જૈનમાર્ગમાં આવે તો એ પોતાની ગણી લે છે. જુઓ ! અમારામાં છે એવું આમનામાં પણ છે, માટે અમારું સાચું છે. અમારું સાચું છે માટે એ લોકોએ પણ લીધું છે અમારામાંથી, એમ ગણે પાછા. કે અમારામાંથી પણ એમણે આ વાત લીધી. વળી એમનું સાચું આપણને લાગે છે તો એવું આપણામાં પણ આવે છે. માટે આપણું પણ સાચું હોવું જોઈએ. આમ કોઈ કોઈ વાત જ્યારે મળતી આવે ત્યારે એને જે મમત્વભાવના સંસ્કાર ઊંડે-ઊંડે પૂર્વભવને કારણે રહ્યા છે. કેમ કે એ પૂર્વના સંસ્કાર લઈને તો આ કુળમાં આવ્યો છે. તો એને એ વખતે દઢતાનું કારણ થઈ જાય છે કે બરાબર છે આપણામાં પણ આવે છે આવું. અથવા આપણા શાસ્ત્રનું અહીંયાં ઉદ્ધરણ કર્યું છે.

જેમ કે અહીંયાં આ શ્વેતાંબર શાસ્ત્રમાંથી લીધેલ છે. કેમ કે દિગંબર શાસ્ત્રની અંદર તો મૂળ અંગસૂત્રો રહ્યા નથી. જે કંઈ શાસ્ત્રો છે તે ત્યાર પછીના આચાર્યકૃત

ગ્રંથો રહ્યા છે. મૂળ ગણધરદેવકૃત શાસ્ત્રો રહ્યા નથી. કેમ કે તે વખતે તો શાસ્ત્રો પુસ્તકારૂઢ હતા નહિ, ગ્રંથારૂઢ હતા નહિ. લગભગ ૪૦૦-૪૫૦ વર્ષ સુધી તો બધું મુખપાઠે હતું. પછી ગ્રંથારૂઢ થયું છે.

ખાસ કરીને દિગંબર પરંપરામાં ગણીએ તો પુષ્પદંત અને ભૂતબલી મુનિરાજોએ પહેલાવહેલા ષટ્ખંડાગમને ગ્રંથારૂઢ કર્યા. તાડપત્ર ઉપર લખ્યા છે પહેલાવહેલા. બસ. ત્યાર પછી બધા આચાર્યોએ (ગ્રંથ લખ્યા). એ જ અરસામાં 'કુંદકુંદાચાર્ય' થયા. એમણે અધ્યાત્મનો વિષય લીધો. ઓલો કરણાનુયોગનો વિષય ચાલ્યો છે, મુખ્યપણે. આ જે સૂત્રો રહ્યા છે એમાં પણ સ્મૃતિ અનુસાર જે કાંઈ પરંપરાએ વાત ચાલી આવેલી એ સૂત્રમાં નિબદ્ધ કરી હોય છે. તો એની અંદર પણ મૂળ વાતના અંશ જોવામાં આવે છે ક્યાંક ક્યાંક. જ્ઞાનીઓ છે એ ફેરફારને ગૌણ કરે છે. આત્માર્થી ઉપયોગી વાત હોય, એવી તાત્ત્વિક વાતને (ગ્રહણ કરે છે). પછી તો આ તો શ્વેતાંબર છે પણ અન્યમતમાં હોય તો પણ એ વાતનો ઉદ્ધરણ આપે છે. એનો આધાર આપે છે. પછી એ વાત ભલે 'નરસિંહ મહેતા' બોલ્યા હોય કે એ વાત 'અખા ભગત' બોલ્યા હોય તો પણ આધાર આવે. અથવા કોઈ કબીરપંથની વાત હોય, 'કબીર' કહી ગયા છે. એ વાત પણ કહે. ગમે ત્યાંથી કહે. એમને તત્ત્વ સાથે સંબંધ છે. મતમતાંતર સાથે એ સંબંધ રાખતા નથી. જ્ઞાન પણ છે એમને, ખ્યાલ હોય છે પણ એ વાતને એક બાજુ રાખે છે. એને મુખ્ય કરતાં નથી. મને શું ઉપયોગી છે ? એટલું એમાંથી લે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' પણ 'નરસિંહ મહેતા'ની વાત ઘણી વખત (લેતા હતા.)

પૂજ્ય ભાઈશ્રી :– હા, લેતા હતા ને ! 'નરસિંહ મહેતા'ના પદ બોલતા હતા. પછી 'દેવચંદજી'ના પદ બોલતા હતા, 'આનંદઘનજી'ના પદ વ્યાખ્યાનમાં આવતા હતા. તો એનો અર્થ એ છે કે એ વાત છે એને તત્ત્વ સાથે સંબંધ છે. એ તાત્ત્વિક વિષય છે. એ આત્માને ઉપકારી છે. આત્માર્થે ઉપયોગી છે એટલી વાત એ લઈ લે છે. અને અનેક બીજા સંપ્રદાયમાં પણ મળવાની છે. એટલા માટે મળવાની છે કે બધા જ સંપ્રદાયો 'ઋષભદેવ' ભગવાનના વખતમાં દિવ્યધ્વનિના આભાસથી ઉત્પન્ન થયેલા છે. દિવ્યધ્વનિમાં સાંભળ્યું. સાંભળવા ફેર થયો. સાંભળવા ફેર થયો એટલે એનો મત જુદો પડ્યો ત્યાં. આપણે નથી કહેતા ? તમારો સમજવા ફેર થાય છે આ વાતમાં. હું એમ કહેવા માગતો નથી. મારો અભિપ્રાય બીજો છે. તમે શબ્દથી

કાંઈક સમજવા ફેર ગણો છો. એમ સમજવા ફેર થાય છે ત્યારે બીજો મત આખો ઊભો થાય છે. એમાંથી અનુસરનારાની સંખ્યા વધી જાય ત્યારે એનો મત ઊભો થાય છે. તો એ સમજફેરવાળી વાત છે એ ગૌણ રાખે છે. કેવી પદ્ધતિ છે એમની ? આગળ એક જગ્યાએ એ વાત લે છે. (પત્રાંક) ૪૮૯. પાછળના પાને.

**'શિક્ષાપત્ર' 'શિક્ષાપત્ર'** એટલે 'સહજાનંદ સ્વામી'નો જે સંપ્રદાય છેલ્લા ૨૦૦ વર્ષથી શરૂ થયેલો છે. એ સંપ્રદાયની વાત (છે). એમાં 'શિક્ષાપત્ર' એ મુખ્ય ગ્રંથ છે. **''શિક્ષાપત્ર' ગ્રંથમાં મુખ્ય ભક્તિનું પ્રયોજન છે. ભક્તિના આધારરૂપ એવા વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણનું તેમાં વિશેષ પોષણ કર્યું છે. તેમાં ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્‌પ્રકારે છે,...'** વિશેષ સમ્યક્ પ્રકાર એટલે જૈનમાં સમ્યક્ કહે છે એમ ન લેવું. એ અંશ આવ્યો છે એમ કહેવું છે. જે સત્યનો અંશ છે એ ત્યાં પણ છે. કેમ કે એમણે પણ ક્યાંકથી લીધું છે. મૂળ તો એ વૈષ્ણવ હિન્દુ સંપ્રદાયમાંથી જુદો પડેલો સંપ્રદાય છે. અને ખાસ કરીને 'સહજાનંદસ્વામી' પોતે શ્રીકૃષ્ણભક્ત હતા. સંપ્રદાયમાં એવી પરિસ્થિતિ થઈ કે ભગવાન ગૌણ થયા અને ભક્ત મુખ્ય થયા. એટલે એ લોકો કથા વાંચે, 'ભાગવત્' વાંચે તો 'શ્રીકૃષ્ણ'ની કથા વાંચે. પણ ધૂન બોલે તો 'સ્વામિનારાયણ'ની બોલે છે. 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ બોલે. 'શ્રીકૃષ્ણ'ની ધૂન ભાગ્યે જ બોલે. એ એક મુખ્યતા આપવાનો પ્રશ્ન છે. કે ભાઈ ! અમને એમનો ઉપકાર છે. અમે આ ધર્મ પાળીએ છીએ. પછી સંપ્રદાય, સંપ્રદાયની રીતે પછી ચાલે છે. અને એની અંદર કોઈ કોઈ વાત જે લીધી હોય છે એ સારી લાગી હોય, સાચી લાગી હોય, અને હોય પણ એ રીતે સાચી તો એને અહીંયાં સમ્યક્ કહેવાનો અભિપ્રાય છે. સમ્યક્ એટલે એ ગ્રંથમાં સમ્યક્‌પણું છે, એ સાહિત્ય સમ્યક્ છે, એ સંપ્રદાય સાચો છે એમ કહેવાનો અહીંયાં અભિપ્રાય નથી.

જે વિચારી સમજી જીવે **'જે વિચારી મુમુક્ષુજીવે સ્વગુણ કરવા યોગ્ય છે.'** બસ, આ અભિપ્રાય છે. કોઈપણ ગ્રંથ હાથમાં આવે, કોઈપણ સંપ્રદાયનો ધર્મગ્રંથ હોય તો પણ સ્વગુણ અર્થે મુમુક્ષુજીવે તે વિચારવો. કે મારા આત્મામાં એ ગુણકારી કઈ રીતે થાય છે ? એટલી વાત જ વિચારવી. **'શ્રી કૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે ક્વચિત્ સંદેહનો હેતુ થાય એવો છે,...'** જોયું ! આ ફેર છે એમ કહે છે. 'શ્રી

કૃષ્ણ'ના બાબતમાં કેટલીક વાતો લખી છે. એ 'શ્રી કૃષ્ણ'ના સ્વરૂપ માટે શંકા પ્રેરે એવી અવશ્ય છે. **'તથાપિ તેમાં શ્રી કૃષ્ણનું સ્વરૂપ સમજ્યાફેર ગણી ઉપેક્ષિત રહેવા યોગ્ય છે.'** એ એમની સમજણ ફેર છે એમ કરીને ગૌણ કરી નાખવું. 'શ્રી કૃષ્ણ'નું સ્વરૂપ એ નથી સમજ્યા. એ સમજ્યાફેર થયું છે એમને. એમની સમજણ એમની પાસે રહી. એની સાથે આપણે કાંઈ નિસબત નથી. એ ઉપેક્ષા કરી નાખવી એટલે ગૌણ કરી નાખવું. આ પદ્ધતિ છે.

અન્ય ધર્મના અન્ય સંપ્રદાયના ગ્રંથો વાંચવાનું બને તો, એવો પ્રસંગ આવે તો, કઈ પદ્ધતિથી એનું અધ્યયન કરવું ? એ પદ્ધતિ અહીંયાં સ્પષ્ટ થાય છે એમના વચનોમાં. કે આ પદ્ધતિ હોવી જોઈએ. એટલે ખ્યાલ આવી જશે કે અહીંયાં ફેર પડે છે. એ વાત ગૌણ કરી નાખવી. આપણે આત્માને ગુણ થાય એવી કોઈ વાત છે કે કેમ ? કેટલી છે ? સમજ્યાફેર શું થયું છે ? એ જાણીને પેલું ગૌણ કરવું. આત્મગુણ થાય એ વાત પૂરતો આપણે વાંચવાનો સંબંધ રાખવો.

**'કેવળ હિતબુદ્ધિથી વાંચવા વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે.'** આ પદ્ધતિ લીધી. અન્ય ગ્રંથનું અધ્યયન કરવાની આ પદ્ધતિ છે કે કેવળ હિતબુદ્ધિથી, આત્માને હિત થાય એવા અભિપ્રાયથી, એવી બુદ્ધિથી એવા ગ્રંથો વાંચવા, વિચારવાનું મુમુક્ષુને અથવા જ્ઞાનીઓને પ્રયોજન હોય છે. એ સિવાય બીજા પ્રયોજનથી એ જોતા નથી. જુઓ ! કેવી પદ્ધતિ લીધી છે. લાઈનદોરી છે, માર્ગદર્શન આપ્યું છે. આ પદ્ધતિ લેવી.

મુમુક્ષુ :– ... એ તો દ્વેષબુદ્ધિ થઈ...

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે ? કેવી રીતે દ્વેષબુદ્ધિ થઈ ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ઉપેક્ષા કરે છે ને. ઉદાસીન થઈ જાય છે. એ તો સ્પષ્ટ કર્યું છે. કેવો ભાવ કરે એ સ્પષ્ટ કર્યું છે.

તમે રસ્તામાં ચાલ્યા જાવ છો. ઘરકામે નીકળ્યા છો. તમારે તમારા કામનું પ્રયોજન છે. રસ્તામાં કોઈ માણસ મગજ ગુમાવીને અથવા પાગલ થઈને ગમે તેમ બોલે છે. તો તમે એને ઠીક કરવા જશો ? તો તમારું કામ અધ્ધર રહેશે. તમે એની સાથે ઝઘડો કરવા જાવ, એને સીધો કરવા જાવ, તું આમ બોલમાં, તેમ બોલમાં, કેમ આવું બોલે છે ? રસ્તા વચ્ચે કેમ બોલે છો ? ફલાણું કેમ છે ? કરશો તમે ? દ્વેષ કરશો ?

શું કરશો ? ન રાગ કરશો, ન દ્વેષ કરશો. તમે તમારા કામે નીકળ્યા છો. તમારે જરૂર છે કે ઘરે મહેમાન છે અને શાક પહોંચાડવાની ઘરે જરૂર છે. જો સમયસર શાક ન પહોંચે તો મુશ્કેલી થાય એવું છે. તમે એ ઝઘડો કરવા રહેશો કે શાક લેવા જશો ?

એમ મુમુક્ષુ પોતાના કામે નીકળેલો છે. ઘણી ચીજો સામે આવશે. ઉદય અનુસાર અનેક પ્રકારના જીવોનો પ્રસંગ થશે. અનેક પ્રકારના સાહિત્યનો પ્રસંગ થશે. અનેક વાતો સામે આવશે. તું તારા પ્રયોજન ઉપર લક્ષ રાખજે. તારા પ્રયોજન સિવાય બીજું લક્ષ તું રાખતો નહિ. આમ કહેવું છે. નહિતર એવો ગૂંચવાઈ જઈશ અને એવો રોકાઈ જઈશ કે મૂળ કામ એક કોર પડ્યું રહેશે અને તું ત્યાં ને ત્યાં જિંદગી પૂરી કરી લઈશ. આ પરિસ્થિતિ થશે. લાઈનદોરી છે. વાત ભલે સીધીસાદિ લાગે છે. પણ માર્ગદર્શન એની અંદર ઘણું ઊંડું છે.

એવી રીતે અહીંયાં પોતે પોતાના કુળધર્મને વિષે આત્માર્થીએ વિચાર કરવાનો છે કે આ કુળ, જે કુળને વિષે મારો જન્મ થયો તે કુળધર્મને વિષે મને મમત્વ રહે છે કે નથી રહેતું ? પાનું. ૩૯૧માં પાને છે. (પત્રાંક) ૪૮૬ નંબરનો બીજો પેરેગ્રાફ ચાલે છે. ગમે તેનો કુળધર્મીઓનો સહવાસ હોય કુટુંબની અંદર. જવું પડે. પોતાને એના સમાજમાં જવું પડે, એના પ્રસંગમાં જવાનું થાય. એ બધું થાય. એનો સહવાસ થશે. પણ ત્યાં મમત્વ કરવા જેવું નથી. એનો આગ્રહ ન હોય, એનું મમત્વ ન હોય. કેવળ સત્યનો આગ્રહ હોય. કેવળ સત્યનું મમત્વ હોય. **'મમતા કરે છે; અને તેમાં નિમગ્ન રહ્યા કરે છે...'** તેથી તેને પરિભ્રમણ છૂટતું નથી અથવા અજ્ઞાન અને મિથ્યાત્વ મટતું નથી.

પોતે તો 'શંકરાચાર્ય'ના પણ શ્લોકો ઉદ્ધરણ કર્યા છે. **'देहाभिमाने गलिते विज्ञाते परमात्मने यत्र यत्र मनोयाते, तत्र तत्र समाधय'** 'શંકરાચાર્ય'નો શ્લોક ટાંક્યો છે. એમાં શું ખોટું છે ? એ કહો. એ વાત કાંઈ ખોટી નથી. જેનું દેહાભિમાન ગલિત થયું છે. એટલે જેની દેહાતીત દશા થઈ છે. નાસ્તિથી વાત લીધી છે. અસ્તિથી જે આત્મારૂઢ થયા છે એની દેહાતીત દશા થઈ છે. **'देहाभिमाने गलिते विज्ञाते परमात्मने'** અને પોતાના પરમાત્માનું જેણે જ્ઞાન કર્યું છે. અસ્તિથી એ વાત લીધી બીજા પદમાં. એનું મન ગમે ત્યાં જાય નહિ. એ સારભૂત વાત લેશે. **'यत्र यत्र मनोयाते'** મન ગમે ત્યાં જાય

નહિ, અસમાધાન નહિ પામે. સમાધાન જ થશે. સર્વાંગ સમાધાન સ્વરૂપ એવો જે પોતાનો પરમાત્મા એનું જ્ઞાન થતાં જ્યાં પણ ઉપયોગ જાય. મન જાય એટલે ઉપયોગ જાય. બધે સમાધાન થાય છે, અસમાધાન ક્યાંય રહેતું નથી. 'શંકરાચાર્યે' બરાબર વાત કરી છે. એ મૂળ વાત ત્યાંથી આવી છે.

દિવ્યધ્વનિના અંશો બધે રહી ગયા છે. બાકીનો ફેરફાર જે સમજ્યાફેર થઈ છે એવી વાત છોડી દેવી એમ કહે છે. પોતાના માટે. જે વાત પોતાને આત્મગુણમાં ઉપયોગી છે, પ્રયોજનમાં ઉપયોગી છે એ વાત સમજવી. યથાર્થને યથાર્થ જાણવી. એમાં એ બીજા મતવાળા છે માટે એનો વિપક્ષ કરવો, એનો વિરોધ કરવો એમ લેવા જતાં પોતે મતાર્થી થઈ જશે. કેમ કે મતને વશ એમ કરે છે. અમારો મત સાચો છે. આ તો ખોટા મતમાં ઉત્પન્ન થયેલા છે. તો એ જે મતમતાર્થીપણાની જે મુખ્યતા થશે ત્યાં આત્માર્થીપણું ખલાસ (થઈ જશે).

મુમુક્ષુ :– આવે છે ને 'સોગાનીજી'માં...

પૂજ્ય ભાઈશ્રી :– હા આવે.

મુમુક્ષુ :– વેદાંતના શાસ્ત્રો બહુ મોડા બન્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– મોડા બન્યા છે એમને. ખબર નહિ હવે. પુસ્તકો તો... પુસ્તકો તો... લગભગ બધા પુસ્તકો થવાનો જે પ્રકાર છે. જ્યારથી ચાલુ થયો છે હસ્તલિખિત. પહેલા હસ્તલિખિત શરૂ થયા. પ્રેસ નહોતા શરૂ થયા. ત્યારે લહિયા લોકો બેસતા. ખાસ કરીને પુસ્તકો તો મને એમ છે પાંચ-સાતસો, આઠસો વર્ષથી જૂના નહિ હોય હાથના લખેલા પુસ્તકો. તાડપત્રના પુસ્તકો જૂના છે. જે જંગલમાં દિગંબર આચાર્યોએ લખ્યા છે. એ બે હજાર વર્ષ પહેલાના છે. જે અત્યારે મળે છે, 'મૂડબિદ્રી'ની અંદર છે. એ બધા જૂના છે. બાકી જે કાગળ થયા. કાગળ બનતા થયા અને લહિયા લખતા થયા. છાપવાવાળા નહોતા પણ. લખનારની જે વ્યવસાય એટલે નોકરી કરે એને લહિયા કહેતા. અક્ષર સારા હોય એને લખવા બેસાડી દે. સારા અક્ષરવાળાને. એને લહિયા કહે. એવી રીતે પહેલા શાસ્ત્રો લખાવાતા. ત્યારથી લગભગ પુસ્તકો થયેલા છે.

પછી ત્રીજો શ્લોક છે. અગિયારમાં અધ્યયનમાંથી. સૂયગડાંગનો. **'જે જ્ઞાનીપુરુષો ભૂતકાળને વિષે થઈ ગયા છે, અને જે જ્ઞાનીપુરુષો ભાવિકાળને વિષે થશે, તે સર્વ પુરુષોએ 'શાંતિ'ને'** શાંતિનો અર્થ પોતે કર્યો છે. કૌંસમાં **'(બધા વિભાવપરિણામથી**

**થાકવું, નિવૃત્ત થવું તે)'** અથવા શાંત થઈ જવું. અંત આવી જવો. શ અંત એટલે શાંત. એને **'સર્વ ધર્મનો આધાર કહ્યો છે.'** નાસ્તિથી લીધું. વિભાવ પરિણામનો અભાવ થવો. નિવૃત્ત થવું. એવી જે શાંતિ તેને **'સર્વ ધર્મનો આધાર કહ્યો છે. જેમ ભૂતમાત્રને પૃથ્વી આધારભૂત છે, અર્થાત્ પ્રાણીમાત્ર પૃથ્વીના આધારથી સ્થિતિવાળાં છે,...'** એમ જમીન ઉપર ચાલે છે ને બધા પ્રાણીઓ. **'તેનો આધાર પ્રથમ તેમને હોવા યોગ્ય છે, તેમ સર્વ પ્રકારના કલ્યાણનો આધાર, પૃથ્વીની પેઠે 'શાંતિ'ને જ્ઞાનીપુરુષે કહ્યો છે.'** એટલે અન્ય ભાવથી નિવૃત્ત ન થાય અને સ્વભાવભાવમાં આવે એ કેવી રીતે બને ? એટલે સર્વ કાળના જ્ઞાનીઓ એ વિભાવ પરિણામથી થાકીને નિવૃત્ત થઈને જે કાંઈ કાર્ય કર્યું છે એ આત્મિક કાર્ય કર્યું છે. એને અહીંયાં શાંતિ કહેવામાં આવે છે. એ ત્રીજી ગાથાનો અર્થ છે. એ રીતે એ પત્રની અંદર ત્રણ ગાથાનો અર્થ લખેલો છે.

**પત્રાંક-૪૮૭**

**મુંબઈ, ફાગણ સુદ ૧૧, રવિ, ૧૯૫૦**

**ૐ**

**બુધવારે એક પત્ર લખીશું, નહીં તો રવિવારે સવિગત પત્ર લખીશું, એમ જણાવ્યું હતું. તે જણાવતી વખતે ચિત્તમાં એમ હતું કે તમ મુમુક્ષુઓને કંઈ નિયમ જેવું સ્વસ્થપણું થવું ઘટે છે, અને તે વિષે કંઈ લખવાનું સૂઝે તો લખવું એમ આવ્યું હતું. લખવાનું કરતાં એમ થયું કે જે કંઈ લખવામાં આવે છે તે સત્સંગ-પ્રસંગમાં વિસ્તારથી કહેવા યોગ્ય છે, અને તે કંઈ ફળરૂપ થવા યોગ્ય છે. લખવામાં જે વિસ્તાર આવ્યાથી તમને સમજી શકવાનું થાય, તેટલું લખવાનું હમણાં થઈ શકે તેવો આ વ્યવસાય નથી, અને જે વ્યવસાય છે તે પ્રારબ્ધરૂપ હોવાથી તે પ્રમાણે વર્તવું થાય છે. એટલે તેમાં વિશેષ બળ કરી લખવાનું થઈ શકવું મુશ્કેલ છે. માટે તે ક્રમે કરી જણાવવાનું ચિત્ત રહે છે.**

**આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે, કે જ્ઞાનીપુરુષને પણ પ્રારબ્ધકર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતાં નથી, અને અભોગવ્યે જ નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી. જ્ઞાની સિવાય બીજા જીવને પણ કેટલાક કર્મ છે, કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય, અર્થાત્ તે પ્રારબ્ધ જેવાં હોય છે, તથાપિ ભેદ એટલો છે કે જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભાવિ સંસારનો હેતુ છે; માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે. એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિરૂપે જ ઉદય આવે. જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાનીપુરુષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી, જેમ ગૃહઅવસ્થામાં શ્રી તીર્થંકર. એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે. કેટલીક પ્રારબ્ધસ્થિતિ એવી છે કે જે જ્ઞાનીપુરુષને વિષે તેના સ્વરૂપ માટે જીવોને અંદેશાનો હેતુ થાય; અને તે માટે થઈ જ્ઞાનીપુરુષો ઘણું કરી જડમૌનદશા રાખી પોતાનું જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખે છે; તથાપિ પ્રારબ્ધવશાત્ તે દશા કોઈને સ્પષ્ટ જાણવામાં આવે, તો પછી તે જ્ઞાનીપુરુષનું વિચિત્ર પ્રારબ્ધ તેને અંદેશાનો હેતુ થતો નથી.**

૪૮૭ પત્ર 'અંબાલાલભાઈ' ઉપરનો છે.

**'બુધવારે એક પત્ર લખીશું, નહીં તો રવિવારે સવિગત પત્ર લખીશું, એમ જણાવ્યું હતું. તે જણાવતી વખતે ચિત્તમાં એમ હતું કે તમ મુમુક્ષુઓને કંઈ નિયમ જેવું સ્વસ્થપણું થવું ઘટે છે, અને તે વિષે કંઈ લખવાનું સૂઝે તો લખવું એમ આવ્યું હતું.'** નિયમ એટલે નિયમતિ રીતે સત્સંગ કરવો, સત્શાસ્ત્ર વાંચવું એવું કાંઈ મુમુક્ષુએ નિયમિત રાખવું જોઈએ. 'ગુરુદેવે' એ પરંપરા ચલાવી કે જ્યાં જ્યાં મંદિર હોય કે મંદિર ન હોય અને મંડળ હોય તો એમણે સાથે બેસીને સત્શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો, સાથે બેસીને સત્સંગ કરવો. એ સત્સંગનો વ્યવહાર મુમુક્ષુને આત્મહિતનું નિમિત્ત જાણીને,

જ્ઞાનીપુરુષોનો આદેશ છે, ઉપદેશ છે, આજ્ઞા છે જેમ કહીએ તેમ. અને તે મુમુક્ષુએ ચૂકવા જેવું નથી.

જો જીવનમાં આત્મહિત કરવું છે એવું કાંઈ પણ હૃદયના ખૂણે પડ્યું હોય તો એણે નિત્ય સત્સંગ અથવા સ્વાધ્યાય કરવા યોગ્ય છે. આ જ્ઞાનીપુરુષની આજ્ઞા છે, શ્રીગુરુની આજ્ઞા છે. અને તે શિરોમાન્ય કરવા જેવી છે, ઉપેક્ષા કરવા યોગ્ય નથી, ગૌણ કરવા યોગ્ય નથી. એટલે એમને પણ 'અંબાલાલભાઈ'ને 'ખંભાત'ની અંદર બીજા પણ કેટલાક મુમુક્ષુભાઈઓ અરસપરસના પરિચયમાં હતા. 'કૃપાળુદેવ'ના પણ પરિચયમાં હતા. એટલે એમ કહે છે, તમારે મુમુક્ષુભાઈઓએ **'નિયમ જેવું સ્વસ્થપણું થવું ઘટે છે,...'** થોડો નિયમ રાખવો કે રોજ કલાક-બે કલાક પણ છેવટે સાથે બેસવું. અને સન્માર્ગમાં કેવી રીતે અવાય ? સન્માર્ગ સમીપ કેવી રીતે જવાય ? એમાં આગળ વધવા માટે શું શું કરવાયોગ્ય છે ? કેવી રીતે પ્રવર્તવા યોગ્ય છે ? એની આત્મહિતાર્થે ચર્ચા-વાર્તા, વિચારોની આપ-લે, વિચાર-વિમર્શ, એવા ગ્રંથોનું અધ્યયન એ વગેરે કરવા જેવું છે. 'આત્મસિદ્ધિ'માં એ વાત લીધી છે. 'આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર; તે તે નિત્ય વિચારવા' કોઈક દિવસ નહિ. 'નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાજ.' કોઈપણ મત-આગ્રહનો વિષય ગૌણ રાખીને આત્મહિતના અર્થે આવા શાસ્ત્રોનું અવગાહન કરવા યોગ્ય છે. એ વાત એમણે ત્યાં પણ સ્થાપી છે.

મુમુક્ષુ :- આની પહેલાંનો પત્ર નથી મળ્યો. પૌષ મહિનાનો અને પછી ફાગણ મહિનાનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નથી મળ્યો. 'અંબાલાલભાઈ'નો આની પહેલાનો પત્ર મળ્યો નથી. એ જોયું હતું. કે આ એક પત્ર લખશું **'બુધવારે એક પત્ર લખીશું, નહીં તો રવિવારે સવિગત પત્ર લખીશું, એમ જણાવ્યું હતું.'** એવો આગલો પત્ર 'અંબાલાલભાઈ'નો છે એમાં એ વાત નથી. માટે એ પત્ર નથી મળતો.

મુમુક્ષુ :- પત્રની નોંધ કરવી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નોંધ કરો, નોંધ કરો. ૧૯૫૦ ફાગણ સુદ ૧૧ માં ઉલ્લિખિત પત્ર. આંક ૪૮૭ પહેલાનો. જે જે પત્રો આમાં નથી છતાં પોતે ઉલ્લેખ કર્યો છે એવા કેટલાક પત્રોની યાદી આપણે કરીએ છીએ. કોઈવાર મળી જવાનો સંભવ છે. કેમ કે અમે 'અગાસ'માં પણ જોયું હતું. જે ફોટોસ્ટેટ કોપી છે. એવા

કેટલાક પત્રો આ ગ્રંથમાં નથી. આ ગ્રંથમાં છે એની ફોટોસ્ટેટ કોપી નથી. એવું થોડું Research કર્યું હતું ત્યારે ખ્યાલમાં આવ્યું હતું. ત્યાંના જે કાર્યકર ભાઈઓ સાહિત્યના કાર્યમાં લાગેલા હતા એમને પણ એ વાત ઉપર લક્ષ દોર્યું હતું કે જુઓ ! આમ સ્પષ્ટ થાય છે કે આ પત્ર ક્યાંય ગ્રંથમાં નથી. અને જે પત્ર શોધીએ છીએ એ આમાં ક્રમની અંદર ગોઠવેલા છે એમાં ક્યાંય જોવામાં આવતો નથી. ફોટોસ્ટેટમાં નથી. કદાચ બીજે રહી ગયો હોય અથવા અત્યાર સુધી ન સચવાણો હોય. કદાચ મળી જાય. એમ. કેટલા પત્રો ગેરવલ્લે ગયા છે એ તો ખબર ન પડે પણ આવી કોઈ વાત નીકળે ત્યારે ખ્યાલ આવે કે કેટલાક પત્રો ગેરવલ્લે ગયા છે, મળ્યા નથી.

મુમુક્ષુ :– આ પત્ર તો 'અંબાલાલભાઈ' પર છે. 'અંબાલાલભાઈ' તો બધા પત્રોની (સંભાળ રાખતા છતાં) આ પત્ર રહી ગયો હોય...

પૂજ્ય ભાઈશ્રી :– સંભવિત છે કે વ્યવસ્થા રાખવા છતાં પણ કોઈ વસ્તુ ગુમાઈ જાય તો ગુમાઈ જાય. બનવાજોગ છે.

મુમુક્ષુ :– (એમણે) જોયું ને ત્યાં ઘણા પત્રો તો રહી ગયા છે. પાછળથી મળ્યા. 'અંબાલાલભાઈ'નાં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, રહી ગયા છે. બનવાજોગ છે.

**'અને તે વિષે કંઈ લખવાનું સૂઝે તો લખવું એમ આવ્યું હતું.'** એટલે એવો વિચાર આવ્યો હતો. આગળનો પત્ર લખતી વખતે. **'લખવાનું કરતાં એમ થયું કે જે કંઈ લખવામાં આવે છે તે સત્સંગ-પ્રસંગમાં વિસ્તારથી કહેવા યોગ્ય છે,...'** એટલે રૂબરૂ. જ્યારે સત્સંગનો પ્રસંગ હોય ત્યારે એ વાત વિસ્તારથી સમજાવવા જેવી છે. **'અને તે કંઈ ફળરૂપ થવા યોગ્ય છે.'** એ રીતે એ વાતની ચર્ચા થઈ હોય તો એનું કાંઈ ફળ આવે અથવા વધારે સમજાય.

**'લખવામાં જે વિસ્તાર આવ્યાથી તમને સમજી શકવાનું થાય, તેટલું લખવાનું હમણાં થઈ શકે તેવો આ વ્યવસાય નથી, અને જે વ્યવસાય છે તે પ્રારબ્ધરૂપ હોવાથી તે પ્રમાણે વર્તવું થાય છે.'** એટલે પ્રવૃત્તિ આડે વિશેષ લંબાણથી લખવાનો અવસર મળતો નથી, અવકાશ પ્રાપ્ત થતો નથી. અને એટલું લાંબુ લાંબુ લખી શકાતું નથી. એટલે એમ થયેલું કે મળીશું ત્યારે સત્સંગ પ્રસંગની વિશેષ વિસ્તારથી વાત કરીશું. **'એટલે તેમાં વિશેષ બળ કરી લખવાનું થઈ શકવું મુશ્કેલ છે.'** જોર કરીને. ભલે

લાંબુ લાંબુ થાય પણ લખીએ, એટલું જોર આવતું નથી. **'માટે તે ક્રમે કરી જણાવવાનું ચિત્ત રહે છે.'** હવે પછી રૂબરૂ સત્સંગ પ્રસંગની અંદર જણાવવાનું ચિત્તમાં રહે છે.

**'આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે,...'** હવે આ પત્રની અંદર જે મુખ્ય વિભાગ છે આ બીજા પેરેગ્રાફમાં છે અને એની અંદર જ્ઞાનીની પૂર્વકર્મની સ્થિતિ અને જ્ઞાનદશાનો થોડો ચિતાર છે એ જરા મહત્વનો વિષય છે.

**'આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે, કે જ્ઞાનીપુરુષને પણ પ્રારબ્ધકર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતાં નથી, અને અભોગવ્યે જ નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી.'** બેય વાત સાથે લીધી. સામાન્ય રીતે અજ્ઞાન અવસ્થામાં જીવને એવો અભિપ્રાય રહે છે કે અમુક પ્રતિકૂળતાનો ઉદય આવે એવું ભાગ્ય-પ્રારબ્ધ ભોગવ્યા વગર જ અથવા એનો ઉદય ન આવે અને ભોગવ્યા વગર જ એમાં ફેરફાર થઈ જાય તો સારું. એટલે પૂર્વે કાંઈ જાણ્યે-અજાણ્યે પાપ થયા હોય તો લાવો પુણ્ય કરીએ. એમ કરીને પાપને પલટાવવાની પણ, અથવા પ્રતિકૂળતા ન ભોગવાય એવી ઇચ્છા જાણ્યે-અજાણ્યે પણ એ કરી બેસે છે. જ્ઞાનદશામાં એ પરિસ્થિતિ નથી.

જ્ઞાની સ્પષ્ટપણે જાણે છે કે પૂર્વ પ્રારબ્ધ છે એ ભોગવવાથી નિવૃત્ત થશે. વગર ભોગવ્યે નિવૃત્ત કરવાની પોતાની ઇચ્છા એમને નથી હોતી. કેમ કે એમને પ્રતિકૂળતા તે ખરેખર પ્રતિકૂળતા નથી અને અનુકૂળતા તે ખરેખર અનુકૂળતા નથી. એ જ્ઞાતાદૃષ્ટા થયા છે. અનુકૂળતા પ્રતિકૂળતાને, અનુકૂળતા-પ્રતિકૂળતા જાણીને રાગી-દ્વેષી થતા નથી. એટલે એમને તો પ્રારબ્ધનો ઉદય છે એ માત્ર નિર્જરાનો હેતુ થાય છે. પૂર્વકર્મનો ઉદય નિર્જરાનું કારણ થાય છે. એ કાંઈ એમને આત્માને નુકસાનનું કારણ નથી થતાં. ઉલટાનું શુદ્ધિવિશેષ, નિર્જરા એટલે શુદ્ધિવિશેષનું કારણ થાય છે. એટલે ભોગવ્યા વિના નિવૃત્ત થતા નથી એમ જાણવું છે અને અભોગવ્યે નિવૃત્ત થવાની એમને ઇચ્છા પણ નથી. એ ૪૦૮માં આગળ કહી ગયા કે જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદયમાં આવે, તે તે કાળે તે તે સમ્યક્ પ્રકારે વેદવું, એ જ્ઞાનીપુરુષોનો સનાતન ધર્મ છે. એટલે ત્રણે કાળના જ્ઞાનીપુરુષો એવા જ વલણથી પૂર્વ પ્રારબ્ધનો અનુભવ કરે છે, ભોગવે છે એમાં એમને કાંઈ તકલીફ નથી. કોઈ આપત્તિ એમાં એમને લાગતી નથી.

**'જ્ઞાની સિવાય બીજા જીવને પણ કેટલાક કર્મ છે, કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય,...'** જ્ઞાની સિવાય બીજા જીવને પણ એવા કર્મ કેટલાક હોય છે જેને આપણે

નિધત–નિકાચીત કહીએ છીએ. કર્મમાં એવું છે, જે હળવા પરિણામથી ઓછા અનુભાગ અને ઓછી સ્થિતિએ બાંધ્યા હોય એવા. કેટલીક એવી કોઈ પ્રકૃતિઓ છે કે જે એની સામેના વિરુદ્ધ પરિણામ થાય. વિરુદ્ધ પ્રકારના પરિણામ થાય, ત્યારે તે પ્રકૃતિનું સંક્રમણ થઈ જાય. ફરી જાય છે. એટલે પાપની પ્રકૃતિ પુણ્યમાં પણ આવી જાય, પુણ્યની પ્રકૃતિ પાપમાં પણ થાય. ઘણા પુણ્યથી બાંધ્યા હોય. તીવ્ર પાપ કરે તેથી વધારે. તો એ પ્રકૃતિ અંદરને અંદર ફરી જાય. નવા તો બંધાય. પણ અંદરને અંદર હોય છે એમાં પણ ફેરફારો થાય છે. તો પ્રકૃતિના ફેરફારોને સંક્રમણ કહે છે. એમાં સ્થિતિનું ઘટવું થાય ત્યારે તેને અપકર્ષણ કહે છે. સ્થિતિ વધી જાય તો એને ઉત્કર્ષણ કહે છે. એમ અપકર્ષણ, ઉત્કૃર્ષણ અને સંક્રમણ એવા ત્રણ પ્રકારના ફેરફારો સંચિત કર્મ, નિબદ્ધ થયેલા કર્મની અંદર પણ થવા યોગ્ય છે અને થાય છે. એ તો એક જાણવાનો વિષય છે. પણ જ્ઞાનીપુરુષ એમાં ઇચ્છતા નથી કે આમ થાય તો ઠીક અને આમ થાય તો ઠીક, એ, જ્ઞાની એવી ઇચ્છા કરતાં નથી.

અજ્ઞાનીને પણ **'કેટલાક કર્મ એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય, અર્થાત્ તે પ્રારબ્ધ જેવા હોય છે. તથાપિ ભેદ એટલો છે કે જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભાવિ સંસારનો હેતુ છે; માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે.'** હવે એક દૃષ્ટાંત લઈએ કે અજ્ઞાનદશામાં બે જીવે એક સરખા કર્મ બાંધ્યા, એક કાળે. બેય અજ્ઞાની છે. એમાં એક જીવ અજ્ઞાની રહ્યો. એક જીવ આગળ જતાં જ્ઞાની થયો. બંનેને ઉદય આવ્યો સમકાળે સરખો. કારણ કે સરખા પરિણામથી સરખું કર્મ બાંધ્યું હતું. અને બંનેને ઉદય આવ્યો. તો અજ્ઞાની છે એ વધારે કર્મ બાંધશે. નવા સંસારનો હેતુ થશે. જ્ઞાનીને એ નિર્જરાનો હેતુ થશે. ઉદય તો સરખો આવશે પણ બંનેને એનું ફળ સરખું નહિ આવે. કેમ કે બંનેની પરિસ્થિતિ ફેર છે. પેલો એમ ને એમ અજ્ઞાની રહ્યો છે. એક જે જ્ઞાની થયો છે એના પરિણમનમાં ઉલટોસુલટો ફેર થઈ ગયો.

**'તથાપિ ભેદ એટલો છે.'** તફાવત એટલો છે **'કે જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વાપાર્જિત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભાવિ સંસારનો હેતુ છે; માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે.'** એનો વર્તમાન પ્રારબ્ધ ઉદય જુદો અને ભવિષ્યમાં બંધાવાનો પણ જુદો પડી જાય છે. એક દુકાનમાં બે ભાગીદાર હોય સરખા. નફો થાય તો

બંનેને સરખો થાય. નુકસાન થાય તો બંનેને સરખું થાય. પણ એક જ્ઞાની હોય, એક અજ્ઞાની હોય. ઓલાને લોમવિલોમ થાય. નફો થાય ત્યારે હરખમાં રાચે. ખર્ચો કરી આવે થોડોક. ચાલો ફરી આવીએ. અહીંયાં આમ, આમ ઉડાડીએ, આમ કરીએ, મોજમજા કરીએ. નુકસાન થાય ત્યારે માથું ખરાબ થઈ જાય, ઊંઘ ઊડી જાય, ખાવું ભાવે નહિ. પેલા (જ્ઞાનીને) કાંઈ નથી. નુકસાન થયું તો કોઈકના ઘરમાં. નફો થયો તો પણ કો'કના ઘરમાં. જ્યાં એને સ્વપણું જ રહ્યું નથી. કે આ મારું મને આવ્યું અને મારું ગયું એ વાત જ નથી. વાત ખલાસ થઈ ગઈ. કોઈકને થાય એમાં પોતાને હરખ-શોક શું ? એમ છે. બંનેના પરિણામમાં મોટો ફેર પડી જાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનીનું દ્રવ્ય જ ફરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય અંદરથી જ ફરી ગયું છે આખું.

મુમુક્ષુ :- વાતે વાતે ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'રાજમલજી' તો 'કળશ ટીકા'માં એમ કહે છે કે 'જ્ઞાનીનું દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમી ગયું છે.' દ્રવ્ય પોતે સ્વરૂપે કરીને શુદ્ધ છે તો એ દ્રવ્યનું જે શુદ્ધપણું છે, શુદ્ધત્વ એટલે દ્રવ્યનું જે શુદ્ધપણું છે, એ રૂપે દ્રવ્ય પરિણમી ગયું છે. સ્વભાવે પરિણમી ગયું છે. અને એને કોઈ પ્રસંગની અંદર તીવ્ર રાગ-દ્વેષ થવાનો સવાલ નથી. ઉપરછલ્લા ચારિત્રમોહના થાય એ કોઈ ગણતરીનો વિષય નથી. એટલે એનું **'પ્રારબ્ધ જુદું પડે છે.'**

**'એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિરૂપે જ ઉદય આવે.'** એ પ્રારબ્ધનું એવું કાંઈ નથી કે જ્ઞાની થાય એટલે એને નિવૃત્તિ જ હોય. જ્ઞાનદશા થઈ ગઈ એટલે પછી નિવૃત્તિ જ રહ્યા કરે. અને બસ આત્માના હિતનું એટલે કે સ્વાધ્યાયાદિ, જ્ઞાન, ધ્યાનની પ્રવૃત્તિમાં રહ્યા કરે અને તો જ જ્ઞાની હોય એવું કોઈ સંબંધ નથી. દૃષ્ટાંત આપે છે કે **'જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાનીપુરુષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી,...'** 'શ્રી કૃષ્ણ' હતા એમને સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું. પૂર્વ પ્રારબ્ધ ઉદય હતો છતાં જ્ઞાનદશા હતી.

**'જેમ ગૃહસ્થવસ્થામાં શ્રી તીર્થંકર.'** ભગવાન 'ઋષભદેવ' ૮૪ લાખ પૂર્વના આયુષ્યમાંથી ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થદશામાં રહ્યા છે. એક લાખ પૂર્વની અંદર પછી દીક્ષા અને બાકીનો વિભાગ છે. એવી રીતે 'સીમંધર' ભગવાન છે. એક કરોડ પૂર્વનું

આયુષ્ય છે એમાં ચોરાશી લાખ પૂર્વ ગૃહસ્થ અવસ્થામાં છે. બાકી સોળ લાખ પૂર્વની અંદર અત્યારે આ સ્થિતિ છે.

**'એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે.'** ભોગવ્યા એટલે સમ્યક્ પ્રકારે, હોં ! રાગે-દ્વેષે કરીને નહિ. જ્ઞાતા-દૃષ્ટાભાવે ભિન્ન રહીને એમાંથી પસાર થાય છે એ પ્રસંગમાંથી, વીતરાગભાવે એ રીતે એ નિવૃત્ત થાય છે. નવા કર્મનો હેતુ થતો નથી. નવા સંસારનો હેતુ થતો નથી.

**'કેટલીક પ્રારબ્ધસ્થિતિ એવી છે કે જે જ્ઞાનીપુરુષને વિષે તેના સ્વરૂપ માટે જીવોને અંદેશાનો હેતુ થાય;...'** પ્રારબ્ધની કેટલીક ઉલટી-સુલટી એવી કોઈ પરિસ્થિતિ હોય છે કે બહારનો દેખાવ સંસારી જેવો જ હોય છે. કેમ કે અજ્ઞાન અવસ્થામાં બાંધેલા કર્મો છે. જ્ઞાનદશામાં ઉદય આવે છે એટલે એ તો જેવા બીજા અજ્ઞાનીને ઉદય હોય એવા જ્ઞાનીને ઉદય હોય. તો એને શંકાનો હેતુ થાય કે આવા તે કાંઈ જ્ઞાની હોતા હશે ? એવો એને શંકાનો હેતુ થાય છે **'અને તે માટે થઈ જ્ઞાનીપુરુષો ઘણું કરી જડમૌનદશા રાખી પોતાનું જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખે છે;...'** ઇરાદાપૂર્વક.

જ્ઞાની તરીકે પ્રસિદ્ધ થવાનો મોહ હોય તો તે જ્ઞાની છે નહિ. જ્ઞાની એવા હોતા પણ નથી. ઉલટાના એ ગોપવે છે પોતાની દશાને. એ પણ સકારણપણે ગોપવે છે. **'તથાપિ પ્રારબ્ધવશાત્ તે દશા કોઈને સ્પષ્ટ જાણવામાં આવે,...'** કોઈ મુમુક્ષુની નજર પડી જાય છે. **'તો પછી તે જ્ઞાનીપુરુષનું વિચિત્ર પ્રારબ્ધ તેને અંદેશાનો હેતુ થતો નથી.'** તો પછી એને શંકા નથી પડતી. કે આમ કેમ જ્ઞાની કરે છે ? એવી નિઃશંકતા આવી જાય છે. એ વિષય જરા વિશેષ લેશું. કાલે ફરીથી લેશું.

## તા. ૨૭-૭-૧૯૯૦, પત્રાંક-૪૮૭ અને ૪૮૯
## પ્રવચન નં. ૧૮૯

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્રાંક ૪૮૭. પાનું ૩૯૨. નીચેનો પેરેગ્રાફ ફરીથી લઈએ.

**'આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે, કે જ્ઞાનીપુરુષને પણ પ્રારબ્ધકર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતાં નથી,...'** પૂર્વે પોતાના અપરાધને લઈને જે કર્મ નિબંધન કર્યું છે, એવું જે સંચિત કર્મ છે વર્તમાનમાં તેને ભોગવતાં તે નિવૃત્ત થાય છે. એ કુદરતના ઘરનો ન્યાય છે. કુદરતની એ પરિસ્થિતિ છે. એટલા માટે એ વાત કરી છે અહીંયાં કે અજ્ઞાનદશામાં જીવને એવો અભિપ્રાય હોય છે કે મારું પ્રારબ્ધ ભવિષ્યની અંદર મને અનુકૂળતાઓ પ્રમાણે ઉદયમાન હોય તો સારું. કોઈપણ પ્રકારે મને પ્રારબ્ધમાં પ્રતિકૂળતાઓ ભવિષ્યમાં ન આવવાની હોય તો સારું. અને એટલા માટે જો કાંઈ મારે કરવું પડે તો એટલા માટે કાંઈ કરવા હું તૈયાર પણ છું. તો એનો ઇલાજ કરવા માટે પણ જીવ તૈયાર થાય છે. ભવિષ્યની પ્રતિકૂળતાઓ રોકવા માટે.

અહીંયાં એક સૈદ્ધાંતિક વાત છે કે જે કર્મ, જે પ્રકારે જીવે બાંધ્યું છે તે પ્રકારે તેને ભોગવવું અને એ ભોગવતાં જ એ કર્મ નિવૃત્ત થાય એ જ યોગ્ય છે એમ જાણવું જોઈએ, એમ સ્વીકારવું જોઈએ અને એના માટે માનસિક પૂર્વ તૈયારી પણ હોવી જોઈએ.

તેથી જ્ઞાનીને **'અભોગવ્યે'** એટલે ભોગવ્યા વિના. **'નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી.'** જ્ઞાનીને કોઈ ઇચ્છા એવી નથી થતી કે એવું કર્મ વગર ભોગવ્યે ખરી જાય તો સારું. કોઈ એવો પ્રતિકૂળ ઉદય થાય એવું કોઈ કર્મ બંધાયું હોય તો એ ભોગવ્યા વિના ખરી જાય તો સારું, એની નિર્જરા થઈ જાય તો સારું. એમ જ્ઞાની ઇચ્છા કરતાં નથી, જ્ઞાનીને એવી ઇચ્છા હોતી નથી, એવી ઇચ્છા એને થતી નથી. કેમ કે ખરેખર પ્રતિકૂળતા તે પ્રતિકૂળતા નથી, અનુકૂળતા તે ખરેખર અનુકૂળતા નથી.

ન તો કોઈ સંયોગમાંથી સુખ આવે છે, ન તો કોઈ સંયોગમાંથી જીવને દુઃખ આવે છે.

**'જ્ઞાની સિવાય બીજા જીવને પણ કેટલાક કર્મ છે, કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય,...'** કેટલાક કર્મ છે. બધા કર્મમાં એવું નથી બનતું. કેમ કે અલ્પ અનુભાગ સ્થિતિએ બંધાણા હોય એમાં એટલું પ્રકૃતિનું બળ ન હોય કે જેને લઈને એમાં ફેરફાર ન થાય. કેટલાક કર્મમાં ફેરફાર થવાની સંભાવના છે. ફેરફારો થાય પણ છે. એટલે **'જ્ઞાની સિવાય બીજા જીવને પણ...'** જ્ઞાનીને તો થાય એમાં કોઈ નવી વાત નથી. જ્ઞાનીને પણ એવું થાય. જ્યારે અજ્ઞાની થાય છે ત્યારે જ્ઞાનીને થાય એ કાંઈ મોટી વાત નથી. અજ્ઞાની જીવને પણ... પણ કહીને એમ કહેવું છે કે **'કેટલાક કર્મ છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય,...'** છે અને કેટલાક ભોગવ્યા વિના પણ નિવૃત્ત થાય છે. એમ કેટલાકમાંથી બેય વાત નીકળે છે. કેટલાક ભોગવ્યે જ નિવૃત્ત થાય, કેટલાક ભોગવ્યા વિના પણ નિવૃત્ત થાય.

મુમુક્ષુ :– અજ્ઞાનીને કેવી રીતે નિવૃત્ત થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– અજ્ઞાનીને શું છે કે કોઈ મંદ પરિણામથી પુણ્ય બાંધ્યું હોય, સાધારણ પરિણામથી પુણ્ય બાંધ્યું હોય પછી પાપ તીવ્ર કરે. તો એ પુણ્યની પ્રકૃતિ પાપમાં પલટાય જાય. તો એ ભોગવ્યા વિના એને નિવૃત્ત થઈ ગયું કે નહિ ? એવી રીતે કોઈ પાપ સાધારણ થયું હોય અને તીવ્ર પુણ્યનો ભાવ થઈ જાય તો એમાં પણ ફેરફાર થઈ જાય. એમ. એવું પ્રકૃતિનું બદલવું થઈ જાય છે.

**'અર્થાત્ તે પ્રારબ્ધ જેવાં હોય છે, તથાપિ ભેદ એટલો છે કે...'** એ ભોગવ્યે જ નિવૃત્ત થાય, એવા કોઈ એ પ્રારબ્ધ જ એવા હોય છે, એ જ પ્રકારના પ્રારબ્ધ હોય છે. તો પણ **'ભેદ એટલો છે કે જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભાવિ સંસારનો હેતુ છે; માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે.'** જ્ઞાનીને પ્રારબ્ધ કર્મ ઉદયમાં આવતા, પૂર્વકર્મનો ઉદય આવતા પ્રવૃત્તિ કરવાનું બને છે. પણ એ વખતે પોતે ભિન્ન રહે છે. એમાં મમત્વ એને થતું નથી, પોતાપણું એમાં અનુભવાતું નથી. માટે એને નવું કર્મ બંધાતું નથી.

જ્યારે બીજા જીવોને સામાન્ય રીતે સંસારીજીવને પૂર્વકર્મનો ઉદય આવતાં, એમાં પોતે રાગ-દ્વેષ કરે છે. હરખ-શોક થાય છે એને. શુભનો ઉદય આવતાં હરખાય જાય છે. અશુભનો ઉદય આવતાં ખેદાય જાય છે. ત્યારે એને નવા કર્મનો સંસારનો હેતુ

થાય છે. એ ઉદય એને નવું કર્મ બાંધવાનું નિમિત્ત પડે છે. કારણ બને છે. એ રીતે બંનેના પ્રારબ્ધમાં ફેર છે. એક સંસાર નિવૃત્તિનો હેતુ થાય છે, એક સંસાર નવો થવાનો, વૃદ્ધિગત થવાનો હેતું થાય છે. એ પ્રકારે જ્ઞાનીનું પ્રારબ્ધ ભવિષ્યનું પણ જુદું પડે છે, પૂર્વનું પણ જુદું પડી જાય છે.

મુમુક્ષુ :- નિર્જરા જ્ઞાનીને ક્યાંથી થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં જ્ઞાતાભાવે રહે, મમત્વ ન કરે, ભિન્ન રહે, જ્ઞાતાભાવે રહે. રાગ-દ્વેષ, હરખ-શોકરૂપે ન પરિણમે એટલે નિર્જરા થાય. આમ તો એ નિર્જરવા જ આવ્યું છે. ઉદય આવ્યું છે એ તો નિર્જરવા આવ્યું જ છે. પણ એવા ઉદયના કાળમાં તીવ્રપણે, તન્મયપણે રાગ-દ્વેષ કરતાં નવું કર્મ વિશેષે કરીને બંધન પામે છે. માટે તે પ્રસંગને બંધનનો પ્રસંગ વર્ણવાય છે. નિર્જરાનો પ્રસંગ ગણાતો નથી, નિર્જરતું હોવા છતાં પણ. જ્ઞાનીને નિર્જરે છે અને અજ્ઞાનીને પણ ઉદય આવે છે એ તો નિર્જરે છે. પણ જ્ઞાની એ વખતે ભિન્ન રહીને હરખ-શોક અને તન્મયભાવે પરિણમતા નથી. તેથી તેમને નવીન બંધનો ત્યાં પ્રકાર ઉત્પન્ન થતો નથી. માટે કેવળ નિર્જરા ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- એ તો વિદ્યમાન કર્મની નિર્જરા થઈ, જૂના કર્મની નિર્જરા ક્યારે થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- જૂના એ તો ઉદયમાં આવે ત્યારે થાય. જે અંદર સંચિત પડેલા છે, સંગ્રાયેલા પડ્યા છે એ એના પરિપાક કાળે ઉદયમાં આવશે. એ પહેલા કોઈની સ્થિતિ ટુંકાઈને વહેલા ઉદયમાં આવે. કોઈની સ્થિતિ ટુંકાઈને વહેલા ઉદયમાં આવી જાય એવું બને. અને કોઈ વખતે સ્વરૂપધ્યાનમાં હોય ત્યારે જે ઉદય હોય, એ વખતે જે પાકી ગયા હોય એ પણ નિર્જરી જાય. તો એને ઉદયાભાવીક ક્ષય કહેવામાં આવે છે. કેમ કે એ વખતે ઉદયમાં બિલકુલ જોડાવાનું થતું નથી. સવિકલ્પ દશામાં હોય ત્યારે પ્રવૃત્તિ કરે પૂર્વકર્મના ઉદય પ્રમાણે પણ નિર્વિકલ્પ દશામાં ક્યાં પ્રવૃત્તિ છે ? એટલે એ વખતે જે ઉદય (ચાલે છે), ઉદય તો નિરંતર ચાલુ છે, એ વખતે ઉદય અટકી નથી જતો. એ વખતે બિલકુલ નિર્જરી જાય છે જે ઉદયમાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાની શ્વાસોછ્શ્વાસમાં અનંતા કર્મો ખપાવે એમ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એમને નિર્જરા ઘણી વિશેષ થાય છે. ઘણી વિશેષ નિર્જરા થાય છે. જે અજ્ઞાનપણે તપ કરીને હજારો વર્ષ સુધી જે કર્મો નિર્જરા ન પામે

તે જ્ઞાની શ્વાસોચ્છશ્વાસ ઉચ્છશ્વાસમાત્રમાં નિર્જરે છે. એવું એમનું પવિત્રતાનું બળ છે. પરિણામની વીતરાગતાનું બળ છે, એમ કહેવું છે.

**'એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિરૂપે જ ઉદય આવે.'** નિવૃત્તિ જ હોય. જ્ઞાની થાય એટલે એને પછી બહારમાં નિવૃત્તિ જ હોય, એને પ્રવૃત્તિ કરવી જ ન પડે એવો કોઈ નિર્ધાર એટલે ચોક્કસ નિયમ નથી. એને પણ પૂર્વકર્મ ઉદયમાં આવે એમ સમજી લેવું. ચારે ગતિની અંદર જ્ઞાનદશા પ્રગટ થાય છે અને ચારે ગતિની અંદર તે તે જીવને પૂર્વે બાંધેલા કર્મનો ઉદય હોય છે. તિર્યંચ હોય તો તિર્યંચને યોગ્ય ઉદય આવે. નારકીને નારકીને યોગ્ય ઉદય આવે. દેવલોકમાં હોય તો એને યોગ્ય ઉદય આવે. મનુષ્યમાં મનુષ્યપણાને લાયક.

દૃષ્ટાંત આપે છે કે **'જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાનીપુરુષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી,...'** એ ત્રણ ખંડના ધણી હતા. છતાં એમને જ્ઞાનદશા હતી. અર્ધચક્રી જેને કહેવામાં આવે છે. 'નારાયણ' પદવી હતી પુણ્યની. અને પ્રતિકૂળતા આવી તો આખા યાદવકુળનો નાશ થઈ ગયો. કોઈ બચ્યું નહિ. દ્વારકા જે દેવોએ રચી હતી. સોળ હજાર એકસો ને આઠ રાણીના સોળ હજાર એકસો ને આઠ સોનાના મહેલ હતા. દરેકને પોતાનું જિનાલય જુદું પાછું. પાછું પોતપોતાને દર્શન-પૂજન કરવા માટે મહેલ બાંધે. બાજુમાં જિનમંદિર બાંધે. સોનાના મહેલો બાંધ્યા હતા. દેવો આવીને રચના કરી જાય છે. સળગ્યું ત્યારે બધું રાખ થઈ ગયું.

'ગુરુદેવ' કહેતા હતા.. અમારે અહીંયાં પ્રતિષ્ઠા મંડપમાં આગ લાગી હતી. એ તો જ્યારે જેમ બનવાનું હોય એમ બને. 'શ્રીકૃષ્ણ' જેવા ત્રણ ખંડના ધણી અર્ધચક્રી હતા. આખી દ્વારકા સ્વાહા થઈ ગઈ. જિનમંદિરો બળી ગયા. મહેલો બળી ગયા એમ નહિ, જિનમંદિરો બળી ગયા. પ્રતિમાના કોયલા થઈ ગયા, એકદમ કોલસો જોઈ લ્યો. કોઈ રોકી શકતું નથી. કુદરતના ક્રમને, પ્રારબ્ધને કોઈ રોકી શકતું નથી.

મુમુક્ષુ :– ત્યારે કોઈ દેવોએ સહાય ન કરી ?

પૂજ્ય ભાઈશ્રી :– એ વખતે દેવો સહાય કરવા ન આવ્યા, જુઓ ! બહુ વિકલ્પ થયો એમના મા-બાપનો. 'ગુરુદેવ' બહુ સરસ વૈરાગ્યથી વર્ણન કરતાં હતા. કે મા-બાપને બચાવી લઉં. એટલે રથની અંદર બેસાડી દીધા મા-બાપને. આકાશવાણી થઈ, નહિ બચે. ભલે પ્રયત્ન કર્યો પણ બચશે નહિ. છેલ્લે ગામના દરવાજા બહાર નીકળે

છે તો એ દરવાજો તૂટીને માથે પડ્યો, મરી ગયા. મા-બાપે એ વખતે આયુષ્ય પૂરું કરી દીધું. એકલા થઈ ગાય સાવ. બંને ભાઈ એકલા થઈ ગયા. 'બળદેવ', 'વાસુદેવ' બેય એકલા થઈ ગયા. એવા એકલા થઈ ગયા કે ત્યાંથી જતી વખતે સાથે ભાતું નહોતું અને પાણી નહોતું. અત્યારે તો બાળક નિશાળે જાય તો સાથે પાણીની બોટલ લેતો જાય છે. એને તરસ લાગે ત્યારે પાણી માગવું ન પડે. પી લે ગમે ત્યારે. પોતાની પાસેથી. એટલી વ્યવસ્થા નહોતી રહી. એટલે પાણીનો પોકાર કરતાં કરતાં ગયા. આયુષ્ય પૂરું થયું ત્યારે પાણી.. પાણી... પાણી... થઈ ગયું. ક્યાંય પાણી નહોતું મળતું. ત્રણ ખંડના....

મુમુક્ષુ :— પૂર્વકર્મ એવા બાંધ્યા હશે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા પૂર્વે એવા કર્મ બાંધ્યા હશે. જ્ઞાનદશા હતી. આવતી ચોવીશીના તેરમા તીર્થંકર છે. 'શ્રીકૃષ્ણ' છે એ આવતી ભાવિ આ પછીની ચોવીશીમાં પહેલા શ્રેણિકમહારાજાના જીવ છે એ મહાપદ્મ નામના તીર્થંકર થશે. એ ચોવીશીની અંદર આ તેરમાં તીર્થંકર થશે. એવી પરિસ્થિતિ છે. એ પૂર્વ પ્રારબ્ધ છે એમ કહેવું છે. એટલે 'શ્રીકૃષ્ણ'નું દષ્ટાંત આપ્યું છે.

મુમુક્ષુ :– પુરાણમાં આવે છે કે સમ્યગ્દષ્ટિ હોય એ પહેલી નરકની નીચે તો જાય નહિ...

પૂજ્ય ભાઈશ્રી :– હા વધુમાં વધુ ત્રીજી નરક સુધી છે, એમ કહે છે. વધુમાં વધુ.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન વમી ગયા પછી એને આગળની ગતિ બંધાણી.

પૂજ્ય ભાઈશ્રી :– એમ હશે. બરાબર.

મુમુક્ષુ :– રાવણ પણ એ રીતે નરકમાં ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા એ તીર્થંકર થવાના. એ ભાવિ તીર્થંકર છે. 'લક્ષ્મણજી' તીર્થંકર (થવાના). પણ એ બધા તીર્થંકર દ્રવ્ય છે એમ કહેવું છે.

એટલે જ્ઞાની **'શ્રીકૃષ્ણાદિક જ્ઞાનીપુરુષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી, જેમ ગૃહઅવસ્થામાં શ્રી તીર્થંકર.'** તીર્થંકર પણ લાખો-કરોડો-અબજો વર્ષ સુધી ગૃહસ્થદશામાં હોય છે. એ વખતે પણ એમને જ્ઞાન હોય છે. અને એવું જ્ઞાન હોય છે કે આ સંસાર ઉપાદેય નથી એવું જ્ઞાન હોય છે. છતાં પણ પૂર્વકર્મને લઈને સંસારમાં

ઊભેલા જોવામાં આવે છે. જોકે એ વિષય એમની જ્ઞાનદશા અને એમના સમ્યગ્દર્શનને સમજવા માટે છે, પણ આલંબન લેવા માટે નથી. એમની જ્ઞાનદશા અને સમ્યગ્દર્શનને સમજાવવા માટે એ બધી વાત છે કે ત્યાં પણ એ સાધી શકતા હતા. અને સંસારની અંદર તન્મય થઈને રહેતા નહોતા એમ કહેવું છે. અને સંસાર તેમને ઉપાદેય નહોતો એ વખતે એ ત્યાં સમજવાનો વિષય છે.

મુમુક્ષુ :– કેવળજ્ઞાન થાય ત્યારે જે સ્થિતિમાં ઉભા હોય ઠેઠ મોક્ષમાં જાય ત્યાં સુધી ઊભા જ હોય...

પૂજ્ય ભાઈશ્રી :– હા, તે જ સ્થિતિમાં રહી જાય. એ સ્થિતિમાં અનંત કાળ પર્યંત એ સ્થિતિમાં આત્મપ્રદેશો રહી જાય. આત્મપ્રદેશોની અંદર બીજો કોઈ ફેરફાર (થતો નથી). અકંપદશા થઈ જાય છે ને ! જે યોગનું કંપન્ન છે એ બારમાં ગુણસ્થાનને છેડે પૂરું થાય છે. ચૌદમાં અયોગીદશા છે એટલે યોગનું કંપન્ન ચૌદમા ગુણસ્થાનમાં નથી. અને સીધા સિદ્ધદશા તો ત્યાર પછી આગળની દશા છે. ત્યાર પછી કોઈ આત્મપ્રદેશોની અંદર હલનચલન થતું નથી. એક સમયમાં ઉપર પહોંચી જાય છે.

મુમુક્ષુ :– તીર્થંકરને કેવળજ્ઞાન થાય ત્યારે ૮૩ લાખ પૂર્વ ગયા, એક લાખ પૂર્વ તો બાકી રહ્યા ને ? એક લાખ પૂર્વ સુધી એ જ સ્થિતિમાં રહેવાનું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. એને એ સ્થિતિ સાદી અનંતકાળ રહેશે ને. પછી દેહ છૂટી જશે. અહીંયાં પણ એમ જ રહે. પણ તીર્થંકરો પદ્માસને હોય છે. કેમ કે એમને સમવસરણમાં દેશનાનો યોગ હોય છે એટલે પદ્માસને હોય છે અને બીજા કેવળીઓમાં કોઈ કોઈ પદ્માસને હોય છે અને કોઈ કોઈ ખડગાસને પણ હોય છે. એમ છે. એટલે સમવસરણની આપણે રચના થાય છે એમાં પદ્માસનની પ્રતિમા આપણે બિરાજમાન કરીએ છીએ એનું કારણ એ છે.

**'એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે.'** એનો ઉદય આવે છે. ભોગવવું એટલે એમાં જ્ઞાતાદૃષ્ટાભાવે અલિપ્તપણે રહેવું એને ભોગવ્યું કહેવામાં આવે છે. ભોગવવું બે પ્રકારે છે. એક તન્મય થઈને, હરખ-શોકાન્વિત થાય, રાગ-દ્વેષાન્વિત થાય. ત્યારે એને દુઃખે કરીને ભોગવે છે. જ્ઞાની પોતાના સુખના પરિણમનથી સુખે કરીને ભોગવે છે. આત્મિક સુખે કરીને ભોગવે છે. ભોગવે છે એટલે એ પ્રસંગને પસાર કરે છે.

**'કેટલીક પ્રારબ્ધસ્થિતિ એવી છે કે જે જ્ઞાનીપુરુષને વિષે તેના સ્વરૂપ માટે જીવોને અંદેશાનો હેતુ થાય;...'** કેટલીક પ્રારબ્ધની સ્થિતિ એટલે બાહ્ય સંયોગ-વિયોગની રચના પૂર્વકર્મને કારણે એવી થાય છે કે જ્ઞાનીપુરુષનું જ્ઞાનીપણું એ શંકાનું કારણ થાય. અંદેશો એટલે શંકા. કે જ્ઞાનીને આવું ? આવું કાંઈ જ્ઞાનીને બનતું હશે ? આવું કાંઈ જ્ઞાની કરતાં હશે ? જ્ઞાનીને આવી કાંઈ પ્રારબ્ધની કોઈ એવી સ્થિતિ રહેતી હશે ? જ્ઞાની એટલે મહાપુરુષ છે, મહાત્મા છે તો એને પણ આવું થાય ? આમ થાય ? તેમ થાય ? એવી શંકા પડી જાય. એવી પૂર્વકર્મની ઉદયની સ્થિતિ જ્ઞાનીપુરુષને હોય છે. અને તે માટે અને એનો ખ્યાલ હોવાથી **'તે માટે થઈ જ્ઞાનીપુરુષો ઘણું કરી જડમૌનદશા રાખી પોતાનું જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખે છે;...'** કેમ કે એ તો જ્ઞાનીપણામાં શંકા થાય છે. માટે જ્ઞાનીપણામાં શંકા ન થાય, પોતામાં નહિ. જ્ઞાનીપણું એ એક Quality છે. જે જે આત્માઓ જ્ઞાની થાય છે તે તે આત્માઓ બહુમાનને યોગ્ય છે, ભક્તિને યોગ્ય છે, સત્કારને યોગ્ય છે, પ્રશંસાને યોગ્ય છે, ગુણાનુવાદને યોગ્ય છે. પોતાના કોઈ પૂર્વ પ્રારબ્ધને લઈને જ્ઞાનીપણામાં શંકા જગતને ઉત્પન્ન થાય એના કરતાં બહેતર એ છે કે જ્ઞાનીપણું જાણે જ નહિ બીજા. બીજાને જ્ઞાનીપણું જણાય નહિ. એવી રીતે અસ્પષ્ટપણે પોતે વર્તે છે. એટલે પોતે જ્ઞાની છે એવો દેખાવ ક્યાંય કરે નહિ. પોતે જ્ઞાની છે એવું કોઈને જણાવે નહિ. જણાવવાનો પ્રસંગ આવે તો જણાવા દે નહિ. ઉલટાનું ગુપ્ત રાખે. અસ્પષ્ટ રાખે. એ રીતે જ્ઞાની વર્તે છે.

આ બીજામાં અને આમાં શું છે ? કે લોકો તો જ્ઞાનીપણે પોતાની જાતને ઓળખાવવા માટે, પ્રસિદ્ધિ માટે એ પ્રકારની કીર્તિ માટે પ્રયત્ન કરે છે. કૃત્રિમ પ્રયત્ન કરે છે, દેખાવ કરે છે, ચેષ્ટા કરે છે. જ્ઞાની ઉલટી પરિસ્થિતિમાં આવે છે. જ્યાં સુધી પૂર્વ પ્રારબ્ધ ઉદયમાન છે, ઉપદેશને યોગ્ય પોતાનો બહારનો પ્રકાર નથી તો જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખી દે છે. સ્પષ્ટ જ્ઞાનીપણે પોતે છે એવી રીતે બહારમાં જાહેરમાં કરતાં નથી, જાહેર થવા દેતા નથી. ઇરાદાપૂર્વક એમ કરે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ની વાત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતે ગુપ્ત રહ્યા હતા.

મુમુક્ષુ :- એનો મતલબ એમ થયો કે અજ્ઞાની જીવ પોતાને જ્ઞાની તરીકે પ્રસિદ્ધ કરવા ચેષ્ટા કરે છે. ઓલા સિદ્ધાંત ... કેટલો મોટો અહિત થઈ જશે કે હું જ્ઞાની

નથી અને લોકો માનશે. તો અનંત જ્ઞાનીનું વિરાધન થશે. એનો ખ્યાલ નથી. જ્ઞાનીને આ વાતની ખબર છે કે હું જ્ઞાની છું. આ જ્ઞાનસ નહિ માને તો વિરાધના થઈ જશે. અનંતજ્ઞાનીની વિરાધના થઈ જશે. .. એટલા માટે ઉપકારવશ...

પૂજ્ય ભાઈશ્રી :– શંકા કરતાં જ્ઞાનદશાની વિરાધના થશે અથવા તો અવર્ણવાદ બોલશે કે આવા તે જ્ઞાની હોતા હશે ક્યાંય ? ભાળ્યા હવે. આમ કાંઈ જ્ઞાની વેપાર-ધંધો કરે ? આવું કાંઈ જ્ઞાનીને આવું બધું સંસારી કાર્ય હોય ? તો એ જ્ઞાનીની વિરાધના થાય છે ત્યાં.

મુમુક્ષુ :– ઘણું એવું ચાલતું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ચાલે, ચાલે. એ તો દરેક અવસ્થાનો સ્વભાવ હોય છે ને. દરેક અવસ્થાની પોતાની યોગ્યતાનો ત્યાગ થઈને બીજી રીતે કેમ પરિણમે જીવ ? એટલે એમ કહ્યું છે કે અનંત કાળથી જ્ઞાનીને ઓળખી શકવાની પોતે યોગ્યતા કેળવી નથી, એવી યોગ્યતા પ્રાપ્ત કરી નથી, એ જ આ જીવનો મોટો દોષ છે. આગળ એક પત્ર આવી ગયો કે જીવનો મોટો દોષ છે, કે અજાણપણે પણ એ દોષ કરી લે છે. જાણી બુઝીને નહિ પણ અજાણપણે એ દોષ કરી લે છે. કેમ કે એને ઓળખાણની ખબર નથી કે આ જ્ઞાની છે કે અજ્ઞાની છે. એટલે એનાથી એ દોષ થઈ જાય છે. તો એને બચાવવા માટે પણ જ્ઞાની પોતે પોતાનું જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખે છે. અથવા ગોપવે છે.

મુમુક્ષુ :– એમાં પણ બીજા જીવોની કરૂણા છે.

પૂજ્ય ભાઈશ્રી :– બીજા જીવોની કરૂણા છે અને જ્ઞાનીનું જ્ઞાનીપણું નિંદાઈ નહિ જગતની અંદર, એ વિષયનું જે સ્તર છે એ સ્તર જળવાઈ રહે એના માટે પોતે પોતાના પૂર્વકર્મને કારણે એ વિષયને ગુપ્ત રાખી દે છે.

**'તથાપિ પ્રારબ્ધવશાત્ તે દશા કોઈને સ્પષ્ટ જાણવામાં આવે,...'** એવો કોઈ નજીક રહેવાનો યોગ હોય, વિશેષ પરિચય કરવાનું પ્રારબ્ધ હોય, સંયોગમાં રહેવાનું (બનતું હોય) અને એને ખ્યાલ આવી જાય કે આ જ્ઞાની છે. તો પછી ગમે તે અવસ્થામાં, ગમે તે પ્રકારના ઉદયમાં તે જ્ઞાનીપુરુષનું વિચિત્ર પ્રારબ્ધ ઉદયમાન થતું હોય, અથવા વર્તતું હોય તો તેને અંદેશાનો હેતુ થતો નથી. તો એને શંકા નથી પડતી. એ સમજે છે કે આ પૂર્વકર્મનો યોગ છે. એમાં જ્ઞાનીના જ્ઞાનપણાને કાંઈ બાધા આવતી નથી.

એ સમજી લે છે. તો ઓળખાણવાળાને એ અપરાધ નથી થતો. જે ઓળખતા નથી એ જાણે-અજાણે અપરાધમાં આવી જાય છે. એટલી વાત થોડી ખોલી છે પોતે. વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને એ વાતને ખોલી છે એમણે 'અંબાલાલભાઈ'ની પાસે. કે અમે પણ ક્યાંક ગુપ્ત રહેવાની સૂચના કરીએ છીએ તો એનું કારણ છે.

૪૮૭ (પત્ર પૂરો) થયો એ. ૪૮૮

મુમુક્ષુ :– જ્ઞાનીનું દરેક વર્તન ...

પૂજ્ય ભાઈશ્રી :– એનું નામ જ જ્ઞાનદશા છે ને.

સર્વ જીવો સ્વરૂપે કરીને તો પોતાના સમાન છે. એને અજ્ઞાને કરીને દુઃખ થાય છે એવું દુઃખ પણ એને ન હો. મિથ્યાશ્રદ્ધાને લઈને દુઃખ થાય છે એવું દુઃખ પણ એને ન હો, એમ ચાહે છે. બધા જ જીવો સુખી થાય એવી એમની ભાવના હોય છે. કોઈ જીવ દુઃખી થાય એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. આ એક ત્રણે કાળના જ્ઞાનીઓનું અંતઃકરણ છે એમાં એ જ પ્રકાર હોય છે, બીજો પ્રકાર હોતો નથી.

મુમુક્ષુ :– એટલા માટે એને કરૂણામૂર્તિ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલા માટે એમને કરૂણામૂર્તિ કહે છે. અથવા એ કરૂણાને હદ નથી એટલે એને અનંત કરૂણા પણ કહેવામાં આવે છે.

## પત્રાંક-૪૮૮

**મુંબઈ, ફાગણ સુદ ૧૦, શનિ, ૧૯૫૦**

**શ્રી 'શિક્ષાપત્ર' ગ્રંથ વાચવા, વિચારવામાં હાલ કંઈ અડચણ નથી. જ્યાં કોઈ અંદેશાનો હેતુ હોય ત્યાં વિચારવું, અથવા સમાધાન પુછાવવા યોગ્ય હોય તો પૂછવામાં પ્રતિબંધ નથી.**

**સુદર્શન શેઠ પુરુષધર્મમાં હતા, તથાપિ રાણીના સમાગમમાં તે અવિકળ હતા. અત્યંત આત્મબળે કામ ઉપશમાવવાથી કામેંદ્રિયને વિષે અજાગૃતપણું જ સંભવે છે; અને તે વખતે રાણીએ કદાપિ તેના દેહનો પરિચય કરવા ઇચ્છા કરી હોત તોપણ કામની જાગૃતિ શ્રી સુદર્શનમાં જોવામાં આવત નહીં; એમ અમને લાગે છે.**

૪૮૮. એ પણ 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

**'શ્રી 'શિક્ષાપત્ર' ગ્રંથ વાંચવા, વિચારવામાં હાલ કાંઈ અડચણ નથી.'** 'સહજાનંદસ્વામી'ના સંપ્રદાયનો છે. વાંચોને, એમાં કાંઈ વાંચવામાં વાંધો નથી. કેમ કે એની અંદર અવગુણ ટાળવા, ભલે લૌકિક અવગુણનો વિષય છે, લૌકિક ગુણનો વિષય છે, તો લૌકિક અવગુણો ટાળવા, લૌકિક સદ્‌ગુણો કેળવવા એ વિષય એમાં ચાલ્યો છે. કાંઈ અડચણ નથી. એટલે કાંઈ મુશ્કેલી નથી. **'જ્યાં કોઈ અંદેશાનો હેતુ હોય ત્યાં વિચારવું,...'** કાંઈક શંકાનું સ્થાન લાગે તો ત્યાં વિચાર કરવો. **'અથવા સમાધાન પુછાવવા યોગ્ય હોય તો પૂછવામાં પ્રતિબંધ નથી.'** ખુશીથી તમે પૂછી શકો છો. પૂછાવજો. મળો ત્યારે પૂછજો. પત્ર લખીને પૂછજો.

**'સુદર્શન શેઠ પુરુષધર્મમાં હતા, તથાપિ રાણીના સમાગમમાં તે અવિકળ હતા.'** કોઈએ પ્રશ્ન પૂછાવ્યો હશે, 'સુદર્શન શેઠ' માટે. **'અત્યંત આત્મબળે કામ ઉપશમાવવાથી કામેંદ્રિયને વિષે અજાગૃતપણું જ સંભવે છે;...'** આ એક વૃત્તિ અનુસાર ઇન્દ્રિયોનું પરિણમન હોય છે. એ રીતે વાત લીધી છે. **'અને તે વખતે રાણીએ કદાપિ તેના દેહનો પરિચય કરવા ઇચ્છા કરી હોત તો પણ કામની જાગૃતિ શ્રી સુદર્શનમાં જોવામાં આવત નહીં; એમ અમને લાગે છે.'** ભૂતકાળનો વિષય છે તો પણ એમનું જે ઉપશમાવવાનું જે આત્મબળ હતું, કામને ઉપશમાવવાનું જે આત્મબળ હતું એ આત્મબળ ઉપર, ભવિષ્યમાં આટલા વર્ષ થયા પછી પણ જ્ઞાનીપણાને લઈને કેટલો વિશ્વાસ છે એ વિશ્વાસ વ્યક્ત કર્યો છે એમણે. એ એક કથાનો પ્રસંગ છે.

## પત્રાંક-૪૮૯

**મુંબઈ, ફાગણ વદ ૧૧, રવિ, ૧૯૫૦**

**'શિક્ષાપત્ર' ગ્રંથમાં મુખ્ય ભક્તિનું પ્રયોજન છે. ભક્તિના આધારરૂપ એવા વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણનું તેમાં વિશેષ પોષણ કર્યું છે. તેમાં ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્‌પ્રકારે છે, જે વિચારી મુમુક્ષુજીવે સ્વગુણ કરવાયોગ્ય છે. શ્રી કૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે ક્વચિત્ સંદેહનો હેતુ થાય એવો છે, તથાપિ**

**તેમાં શ્રી કૃષ્ણનું સ્વરૂપ સમજ્યાફેર ગણી ઉપેક્ષિત રહેવા યોગ્ય છે. કેવળ હિતબુદ્ધિથી વાંચવા વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે.**

૪૮૯ મો પત્ર છે એ પણ 'અંબાલાલભાઈ' ઉપરનો જ છે.

**''શિક્ષાપત્ર' ગ્રંથમાં મુખ્ય ભક્તિનું પ્રયોજન છે.'** 'શિક્ષાપત્ર' ગ્રંથમાં મુખ્યપણે જે રચના કરી છે ગ્રંથ રચનાકારે, એ જીવોને ભક્તિમાં જોડવા માટેની રચના કરી છે. **'ભક્તિના આધારરૂપ એવા વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણનું તેમાં વિશેષ પોષણ કર્યું છે.'** એટલે કોઈ મહાપુરુષનો આશ્રય કરવો અને ધીરજથી અને વિવેકથી ભક્તિ કરવી. એ વિષયની અંદર અનેક પ્રકારની વાતો ગૂંથી છે. એ જાતનું લોજિક એની અંદર મૂક્યું હોય છે.

**'તેમાં ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્ પ્રકારે છે, જે વિચારી મુમુક્ષુજીવે સ્વગુણ કરવાયોગ્ય છે.'** એવો ગુણ કેળવવા યોગ્ય છે. મુમુક્ષુજીવે પણ મહાપુરુષનો આશ્રય કરવો અને ધીરજ કેળવવી. કોઈપણ વિષય અધીરજથી હાથમાં ન લેવો. વિચારવો નહિ પણ એની ગુણ-દોષની નિર્દોષતા શાંત ચિત્તે એને જોવી. એ સ્વગુણ કરવાયોગ્ય છે. એમણે શું લીધું ? કોનો ગ્રંથ છે એમ નહિ, એમાંથી શું ગ્રહણ કરવા જેવું છે એટલી વાત લઈ લીધી એની અંદરથી.

આમાં બે પ્રશ્નો ઊઠે છે. ચર્ચા કરીએ તો. અન્યમતની અનુમોદના થાય કે નહિ ? .... તો જૈનપણું શું છે ? એ જૈનપણું પોતે પ્રગટ કર્યું છે. એ માર્ગે ચાલે છે. અને 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એ સિદ્ધાંત એમને સ્પષ્ટ છે, કોઈ અસ્પષ્ટ નથી. હવે જે જીવને કહે છે એ મુમુક્ષુ જીવ છે. મુમુક્ષુ જીવના મુખ્યપણે બે વિભાગ વિચારીએ તો એમ વિચારી શકાય કે કેટલાક મુમુક્ષુઓની વિચારદશા અપરિપક્વ હોય છે. તો કેટલાક મુમુક્ષુઓ પરિપક્વ વિચારદશાવાળા હોય છે.

જે અપરિપક્વદશાવાળા મુમુક્ષુઓ છે કે પરિપક્વ દશાવાળા મુમુક્ષુઓ છે. એમણે મુમુક્ષુદશામાં મત સંપ્રદાયના વિષયમાં કોઈને ઉપદેશ આપવાનો તો અધિકાર નથી. તમારે આ મતમાં માનવું અને આ મતમાં ન માનવું. એ અધિકાર એમનો તો નથી.

પોતાને શું માનવું અને પોતાને શું ન માનવું ? એટલું એણે વ્યક્તિગત રીતે પોતા માટે વિચારવાનું હોય છે. ત્યારે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલે છે એ તો નિર્ભય છે. જ્યાં જ્ઞાનીપુરુષ પ્રત્યક્ષ નથી અને પરોક્ષ છે ત્યાં પણ એને શું કરવું કે જેથી એ ગૃહીતમિથ્યાત્વમાં ન આવે કે જેથી એ મતમતાંતરને લઈને કોઈ મતવાદી ન થઈ જાય ?

જો ગૃહીત મિથ્યાત્વમાં આવે તો પણ આત્માર્થનો નાશ થશે અને મતમતાંતરમાં આવીને મતાર્થી થશે તો પણ આત્માર્થનો નાશ થશે. બંને પ્રકારે આત્માર્થનો નાશ છે. તેથી કોઈપણ પ્રકારે આત્માર્થનો નાશ ન થાય એમ પ્રવર્તવું. અને કેવળ એક આત્માર્થ સિદ્ધ થાય એમ પ્રવર્તવું એ એક મુમુક્ષુનું પ્રવૃત્તિનું, પરિણામની પ્રવૃત્તિનું અંતર્લક્ષ હોવું ઘટે છે. તો બચી શકે. નહિતર ન બચી શકે. કેમ ? કે ગૃહીત મિથ્યાત્વ પણ ન થાય અને મતમતાંતરમાં પણ ન જવાય એ બે વચ્ચેની જે ભેદરેખા છે એ સૂક્ષ્મ છે. એ એવી સ્થૂળ નથી.

એક બાજુ ગૃહીત મિથ્યાત્વમાં જોઈને અન્ય મતને માનવું નથી. તો બીજી બાજુ આ મત સાચો છે અને આ મત ખોટો છે એમ કરીને મતમતાંતરમાં પડવું નથી. મતવાદી થવું નથી, મતાર્થી થવું નથી. જ્યારે આ બંને બાજુ પરિસ્થિતિ આવી નાજુક છે ત્યારે આત્માર્થી જીવને માટે શું ઉપાય છે ? કે જો કોઈ વિદ્યમાન સત્પુરુષ હોય તો એના આશ્રયે રહેતા બચી શકે છે. નહિતર કેવળ એક આત્માર્થ સધાય એવો દૃષ્ટિકોણ સૂક્ષ્મ અને તીક્ષ્ણપણે અપનાવ્યો હોય તો આત્માર્થને સાધતા બચી શકે. નહિતર બચી શકે એવી પરિસ્થિતિ આમાં નથી. જરાક આમાં જાય. આ બાજુ જાય તો મતાર્થી થઈ જાય. જરાક આ બાજુ જાય તો ગૃહીતમાં ચાલ્યો જાય. ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય. પરિસ્થિતિ એવી સાંકડી છે કે જરાક એક પગ આઘોપાછો પડે એટલે જાય હેઠો. આત્માર્થ ચૂકી જાય. આ વિષય જરા નાજુક છે. અને એ સંભાળીને ચાલવા જેવો છે. 'શ્રીમદ્જી'એ એ રીતે બચાવ્યા છે. એમના મુમુક્ષુઓને તો બચાવ્યા છે એમણે. એટલે આગળ એક જગ્યાએ કહ્યું છે કે જ્યારે અમે કોઈ વેદાંતના ગ્રંથ વાંચવાનું કહીએ ત્યારે અમે તમને વેદાંતી બનાવા માટે કહેતા નથી. અને જ્યારે જૈનના ગ્રંથ વાંચવાનું કહીએ ત્યારે અમે તમને જૈન બનવાનું કહેતા નથી. એમ બેય વાત સાથે લખી છે. એનો અર્થ શું થાય ?

મુમુક્ષુ :- ૩૨૬ માં છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૨૬ છે ? પાનું ૩૨૬. ૩૫૮ પત્ર છે. ૩૫૯ ઉપરનો છેલ્લો પેરેગ્રાફ.

**'જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની થવાને નથી જણાવતા;...'** પહેલા જૈનનું લખ્યું છે. **'વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી થવા નથી જણાવતા; તેમ જ અન્ય શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે અન્ય થવા નથી જણાવતા;...'** 'સ્વામિનારાયણ'નું કહીએ 'શિક્ષાપત્રી' વાંચવાનું ત્યારે 'સ્વામિનારાયણ' બનવાનું કહેતા નથી. **'માત્ર જે જણાવીએ છીએ, તે તમ સર્વને ઉપદેશ લેવા અર્થે...'** ઉપદેશ લેવા અર્થે એટલે તમારો દોષ ટાળવો અને ગુણ પ્રગટ કરવો. એવો **'ઉપદેશ લેવા અર્થે જણાવીએ છીએ.'** તમારા આત્માનું કલ્યાણ થાય, આત્મહિતને લક્ષમાં રાખીને એને અનુસરીને કહીએ છીએ. આ સિવાય અમારો બીજો કોઈ હેતુ નથી.

**'જૈની અને વેદાંતી આદિનો ભેદ ત્યાગ કરો.'** જૈનમત અને વેદાંતમત એ મતના મંડનખંડનમાં ન જાવ. **'આત્મા તેવો નથી.'** ન તો આત્મા વેદાંતી છે, ન તો આત્મા બૌદ્ધ છે, ન તો આત્મા જૈની છે, ન તો આત્મા વૈષ્ણવ છે. કોઈ આત્મા એવો નથી. આત્મા તો બધાનો આત્મા, આત્મા જ છે. એટલે જ્યાં મતનો મતમતાંતરનો આગ્રહ થાય છે. કામ ક્યા દરજ્જે કહેવાનું છે એ દરજ્જો સમજ્યા વિના પોતે મતમતાંતરમાં પડી જાય છે એ વાત એને યોગ્ય નથી.

પોતાના માટે એને શું વિચારવું એ પોતે નક્કી કરવાનું. પણ ઝટ લઈને બીજાને કહી દે કે તમે આમ કરશો તો ગૃહીત મિથ્યાત્વમાં જશો અને આમ તમે આ પુસ્તક વાંચશો તમે ગૃહીત મિથ્યાત્વમાં જશો. આ જગ્યાએ તમે જશો તો તમને ગૃહીત મિથ્યાત્વ લાગી જશે. એ કહેવાને પોતે યોગ્ય છે કે કેમ ? એનો વિચાર કર્યા વિના કહે છે ત્યારે એમાં મતાંતરપણું અવશ્ય ઉત્પન્ન થઈ જાય છે.

એટલે એક કહેવત પડી છે કે જ્યાં મત છે ત્યાં સત્ નથી. અને સત્ ને કોઈ મત હોતો નથી. સત્‌ને કોઈ મત હોતો નથી. એ એટલું બધું વિશાળ છે કે એને કોઈ મત જ હોતો નથી. એ એટલું બધું વિશાળ છે. એને કાંઈ કાંઠે બાંધી શકાય એવું નથી. તળાવને કાંઠો હોય ચારે બાજુ. એમ એ સત્ તો સમુદ્ર જેવું છે એને ક્યાંય કાંઠો જ નથી. એટલું એ વિશાળ છે. એને મત નથી. મતને સત્ નથી. એ

મતાર્થીપણું નાશ કરવા માટે એમ કહ્યું છે. એનો અર્થ એવો નથી કે જે સત્ય અભિપ્રાય છે એને કોઈ ઠેકાણું નથી એમ નથી. કોઈ એનું ચોક્કસ સ્વરૂપ નથી એમ નથી. એનું જે સ્વરૂપ છે તે ત્રણે કાળે અનાદિઅનંત એક પ્રકારે એનું સ્વરૂપ છે. પણ એ સ્વરૂપ સમજવા જતાં મતાર્થી ન થઈ જવાય એ ધ્યાન રાખવાનું છે. અને એ સ્વરૂપને ચૂકીને કોઈ ગૃહીત મિથ્યાત્વમાં આવી ન જવાય એ પણ ધ્યાન રાખવા જેવું છે. એમ બંને દિશા, બંને બાજુ સંભાળીને ચાલવું પડે એવી આ પરિસ્થિતિ છે. એક બાજુ ગયો એટલે એ માર્ગમાં આવી નહિ શકે. માર્ગ સુધી પહોંચી નહિ શકે એવી પરિસ્થિતિમાં આવી જશે.

મુમુક્ષુ :– સનાતન દિગંબર જૈનધર્મ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો જૈનધર્મ હવે એમ કહેવાય છે. સનાતન ધર્મ કહેવાય છે. સનાતન ધર્મ એટલે ત્રણે કાળે વર્તતો ધર્મ. પણ હિન્દુઓમાં પણ સનાતન શબ્દનો પ્રચાર થઈ ગયો. એ લોકો પણ કેટલાક પોતાને સનાતની માને છે. એવો એક સંપ્રદાય ચાલે છે. સનાતન સંપ્રદાય. એટલે પછી આ સંપ્રદાયવાળાએ જૈન શબ્દ લગાડ્યો. કે અમારો સનાતન સંપ્રદાય નથી. સનાતન જૈન સંપ્રદાય છે અમારો. પછી જૈનમાં પણ બે ફાંટા પડ્યા. વસ્ત્રધારી અને નિર્વસ્ત્ર. તો કહે અમે દિગંબર. સનાતન દિગંબર જૈન એમ કહેવા માંડ્યા. એટલે એક શબ્દ ઔર વધાર્યો. એવી રીતે કાળક્રમે એ ફેરફારો થાય છે. વસ્તુ તો જે છે તે છે.

ધર્મ તો જીવનો નિર્દોષ નિર્વિકારી પવિત્ર ભાવ છે. રાગ-દ્વેષ-મોહ રહિત જે પવિત્ર નિર્દોષ પરિણામ છે એ જીવનો ધર્મરૂપ ભાવ છે. એવું જીવનું સ્વરૂપ છે. વત્થુ સહાવો ધમ્મો. એવો જ વસ્તુનો સ્વભાવ છે અને એ ધર્મ છે. પછી એને નામ આપતા એ રૂઢિવાચક થઈ જાય છે. કે અમે જૈન અને તમે અજૈન. એમ રૂઢિ અર્થ એનો થઈ જાય છે. ભાવ અને વસ્તુ તો જે છે તે છે. એનું સ્વરૂપ પણ ચોક્કસ છે. સ્વરૂપ અચોક્કસ નથી કાંઈ.

પણ જે કાંઈ સ્વરૂપ સાધવું છે એમાં સંભાળીને ચાલવું પડે એવી પરિસ્થિતિ જરૂર છે. માટે સંભાળીને ચાલવું. એટલે વિચારીને **'મુમુક્ષુજીવે સ્વગુણ કરવાયોગ્ય છે.'** ગુણ પોતામાં કેળવાય એ દૃષ્ટિથી વિચારવું. અને એ દૃષ્ટિથી વિચારવામાં કોઈ ગ્રંથમાં ગૃહીતનો સવાલ ઊભો નહિ થાય. જો કે જેની વિશેષબુદ્ધિ ન હોય એણે

તો જે જ્ઞાની અને આચાર્યોના શાસ્ત્રો છે એને છોડીને બીજા સાહિત્યની અંદર માથુ મારવા જેવું નથી. કેમ કે એની અંદર સ્વગુણ કેળવવા માટે, આત્મગુણ કેળવવા માટે, સ્વગુણ એટલે આત્માનો ગુણ. આત્માના ગુણ કેળવવા માટેની જે કાર્યપદ્ધતિ છે એવી કાર્યપદ્ધતિ કોઈ અન્ય મતના ગ્રંથની અંદર હોઈ શકે નહિ. અને છે પણ નહિ. તો જો આત્મગુણ જ કેળવવા હોય તો તેનું સાહિત્ય ઉપલબ્ધ છે. એ સાહિત્યનું અવગાહન કરવું. એને બીજી કોઈ વાત ઉદયયોગે સામે આવી પણ જશે. અન્યમતની પણ કોઈ વાતો ઉદય યોગે સામે આવશે. કોઈ ગ્રંથ પણ સામે આવી જાય. તો એમાં આત્મગુણ કેળવવાનો છે એ વાત લક્ષમાં રાખીને વિચારાય તો વાંધો આવતો નથી.

જ્યાં શંકાનું સ્થાન હોય, જ્યાં સિદ્ધાંત ખંડિત થતો હોય એવી કોઈ વાત હોય તો ખ્યાલ પોતે કરી લે છે. પોતે સમજી જાય છે. જો વસ્તુનું સ્વરૂપ એના જ્ઞાનમાં હોય તો સમજી જાય છે કે અહીંયાં ફેર પડે છે. પણ આપણે એ વાતને સ્પર્શવાનું કોઈ કારણ નથી. અથવા એના આગ્રહ-દુરાગ્રહમાં જવાની અત્યારની આપણી ભૂમિકા નથી. કેમ કે પોતાની જે મર્યાદિત શક્તિ છે એનો ખર્ચ ક્યાં કરવો એ સવાલ છે. બહુ જ મર્યાદિત શક્તિ હોવાને લીધે, ઘણી અલ્પ શક્તિ હોવાને લીધે જેટલી શક્તિ છે એનો ઉપયોગ આત્મગુણ પ્રગટ થાય એ દિશામાં કરવો યોગ્ય છે. અને બીજી ભાંજગડમાં પડવા જતાં, પોતાની શક્તિ ખોઈ બેસે છે અને આત્મગુણ પ્રાપ્ત કરવાની વાત તદ્દન રહી જાય છે અને મનુષ્યભવ હારી જાય છે. એવી પરિસ્થિતિ ઊભી ન થાય એનો ખ્યાલ મુખ્યપણે રાખવા જેવો છે. એ રીતે વાતને લેવી.

એટલે **'વિચારી મુમુક્ષુજીવે સ્વગુણ કરવાયોગ્ય છે. શ્રી કૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે ક્વચિત્ સંદેહનો હેતુ થાય એવો છે,...'** એટલે 'શિક્ષાપત્રી'માં 'શ્રીકૃષ્ણ'નો જે પ્રસંગ આવે છે એમાં શંકા પડે એવું છે કે જ્ઞાની આવું કેમ કરે ? **'તથાપિ તેમાં શ્રી કૃષ્ણનું સ્વરૂપ સમજ્યાફેર ગણી ઉપેક્ષિત રહેવા યોગ્ય છે.'** કે જેણે એ ગ્રંથ રચ્યો છે એ 'શ્રીકૃષ્ણ'નું જે જ્ઞાનીપણાનું જે સ્વરૂપ છે એ સમજી શક્યા નથી માટે એવું લખ્યું છે એમ સમજી અને એની સમજણફેરને ગૌણ કરી નાખવી.

જેમ કોઈ બે-પાંચ માણસ ભેગા થાય. દરેક પોત-પોતાની સમજણ પ્રમાણે વાત કરે. કોઈ વિશેષ બુદ્ધિમાન માણસને કોઈને ઓછી સમજણનો ખ્યાલ આવે તો એને એમ ન કહે કે તારામાં બુદ્ધિ ઓછી છે, તું વાત કરતો બંધ થઈ જા. ખ્યાલ આવે

એ ખ્યાલ પોતામાં રાખી લે. કે ભાઈ ! આ માણસમાં થોડી બુદ્ધિ ઓછી લાગે છે. કાંઈ નહિ, એનું આપણે શું કામ છે. એને સમજણફેર કરીને ઉપેક્ષા કરી નાખે. કે એની સમજણમાં બુદ્ધિ ઓછી છે અથવા વિપરીત છે માટે ફેર થાય છે. આપણે એની ઉપેક્ષા કરી નાખો. તો એ રીતે એની ઉપેક્ષા કરી નાખે છે. જો ઉપેક્ષા ન કરે તો એની સાથે અથડામણ થયા વિના રહે નહિ. માટે એ અથડામણમાં પોતાની શક્તિ ખર્ચવાને બદલે ઉપેક્ષા કરીને રસ્તો આપી દે છે. એ રીતે.

**'કેવળ હિતબુદ્ધિથી...'** આત્મહિતની બુદ્ધિથી. કેવળ આત્મહિતની બુદ્ધિથી **'વાંચવા વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે.'** મુમુક્ષુ આ પ્રયોજનથી કોઈપણ ગ્રંથ વાંચે કે આમાં મારા આત્માને હિત થાય એવી કોઈ વાત હોય તો મારે સમજવી છે. બીજી વાત સાથે મારે કાંઈ સંબંધ નથી. ઉપેક્ષા કરી નાખે. એવી રીતે પ્રસંગ આવે કોઈ વાદવિવાદ-ચર્ચા કરવા આવે તો એ વિષયને ગૌણ કરી નાખે કે ભાઈ ! ચર્ચા કરવાની મારી યોગ્યતા નથી. ચર્ચા કરવાની મારી કોઈ યોગ્યતા નથી. તમને એમ લાગતું હોય કે તમે સમજ્યા છો. તમારી પાસે જે સાહિત્ય છે. અથવા તમે જેનો પરિચય કરો છો, જેના સંગમાં છો એ વાત બહુ સારી છે. તો તમારા આત્મગુણને કેળવો એમાંથી. તમારા આત્માને લાભ થાય એવું વિચારો. હું પણ મારા આત્માને લાભ થાય એટલું જ અત્યારે વિચારવા માગું છું. મારા આત્માને નુકસાન ન થાય અને મારા આત્માને લાભ થાય એ દૃષ્ટિકોણથી (હું વિચારું છું). મારા વિચારનું જે કેન્દ્રસ્થાન છે એ આ મુદ્દો છે. આથી મારે આઘુંપાછું જવું નથી. બસ, વાત પૂરી થઈ જાય છે. પોતાની અધૂરી સમજણ હોય, અધૂરો નિશ્ચય હોય તો કોઈની સાથે મતમતાંતરમાં કે વાદવિવાદમાં ઉતરવું યોગ્ય નથી. એ ૪૮૯માં મુમુક્ષુજીવના પ્રયોજન સંબંધીનું માર્ગદર્શન બહુ સારું છે.

પત્રાંક-૪૯૦

મુંબઈ, ફાગણ વદ ૧૧, રવિ, ૧૯૫૦

ઉપાધિ મટાડવાના બે પ્રકારથી પુરુષાર્થ થઈ શકે, એક તો કોઈપણ વ્યાપારાદિ કાર્યથી; બીજો પ્રકાર વિદ્યા, મંત્રાદિ સાધનથી. જોકે એ બન્નેમાં અંતરાય ત્રુટવાનો સંભવ પ્રથમ જીવને હોવો જોઈએ. પ્રથમ દર્શાવેલો પ્રકાર કોઈ રીતે બને તો કરવામાં અમને હાલ પ્રતિબંધ નથી, પણ બીજા પ્રકારને વિષે તો કેવળ ઉદાસીનતા જ છે; અને એ પ્રકાર સ્મરણમાં આવવાથી પણ ચિત્તમાં ખેદ થઈ આવે છે; એવી તે પ્રકાર પ્રત્યે નિરિચ્છા છે. પ્રથમના પ્રકાર સંબંધમાં હાલ કંઈ લખવું સૂઝતું નથી. આગળ ઉપર લખવું કે નહીં તે તે પ્રસંગમાં જે થવા યોગ્ય હશે તે થશે.

જેટલી આકુળતા છે તેટલો માર્ગનો વિરોધ છે, એમ જ્ઞાનીપુરુષો કહી ગયા છે. જે વાત જરૂર આપણે વિચારવા યોગ્ય છે.

(પત્રાંક) ૪૯૦. એ 'સૌભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે.

**'ઉપાધિ મટાડવાના બે પ્રકારથી પુરુષાર્થ થઈ શકે,..'** ઉપાધિ એટલે જરૂરિયાત પ્રમાણેની કોઈ આર્થિક પરિસ્થિતિમાં અનુકૂળતા ન હોય, તો પણ એનો રસ્તો કાઢવો હોય એટલે કે અર્થ ઉપાર્જન કરવું હોય તો એના બે પ્રકાર છે. **'એક તો કોઈપણ વ્યાપારાદિ કાર્યથી.'** કોઈ ધંધો, નોકરી, ગમે તે પરિશ્રમ કરીને અર્થ ઉપાર્જન કરે માણસ. **'બીજો પ્રકાર વિદ્યા-મંત્ર આદિ સાધનથી.'** એ પણ અર્થ ઉપાર્જન કરવાનું એક સાધન છે. **'જોકે એ બંનેમાં અંતરાય ત્રુટવાનો સંભવ પ્રથમ જીવને હોવો જોઈએ.'** જે લાભાંતરાય નામનું કર્મ ઉદયમાં હોય છે એને લઈને અર્થનો, પૈસાનો લાભ થતો નથી. એનો ઉદય પૂરો થવો. એ અંતરાય તૂટે એવું તો હોવું જ જોઈએ. તો એને વેપારમાં સફળતા મળે અથવા એને કોઈ મંત્ર-તંત્રનો લાભ થાય. ક્યારે ? લાભાંતરાયનો ઉદય ન હોય તો. આ શરત છે. જો લાભાંતરાયનો ઉદય હોય તો

બેમાંથી એક પણ કામ આવે નહિ. એ પુરુષાર્થ એનો નકામો જાય છે.

**'પ્રથમ દર્શાવેલો પ્રકાર કોઈ રીતે બને તો કરવામાં અમને હાલ પ્રતિબંધ નથી,...'** એટલે કે તમે કોઈ વ્યાપાર કરો તો અમે એની ના પાડતા નથી કે તમે વ્યાપાર નહિ કરતાં. ભલે તમને દરિદ્રતા હોય પણ તમારે વ્યાપાર ન કરવો. એવું કાંઈ અમે કહેતા નથી. તમારી પરિસ્થિતિ જોઈને કોઈ પ્રવૃત્તિ કરો અમને એમાં કોઈ નિષેધ કરવાનું કારણ નથી.

મુમુક્ષુ :– સામાન્ય રીતે એને મોહ ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :– ત્યારે એનો પ્રયત્ન સફળ થાય.

મુમુક્ષુ :– ન કરે તો પણ લાભાંતરાય થાય... તો આમ કેમ કીધું ?

પૂજ્ય ભાઈશ્રી :– અને વેપાર ન કરે તો પણ થાય. પણ પરિણામ સ્થિર રહેવા જોઈએ ને. એમાં શું કીધું ? કે પુરુષાર્થ કરવાની બે દિશા છે, બે ક્ષેત્ર છે. એક દુનિયાદારીમાં જે વ્યાપાર, નોકરી, પરિશ્રમ કરીને પૈસા મેળવવા. એ રીતે એક પૈસા મેળવાય છે. એક વિદ્યાથી પણ મેળવી શકાય છે. તંત્ર, મંત્ર, જંત્ર, સાધનાથી મેળવી શકાય છે. આ તો બહારની વાત છે. પણ બંનેમાં એક સિદ્ધાંત સામાન્ય છે કે લાભાંતરાય કર્મનો ઉદય ન હોય તો.

મુમુક્ષુ :– મંત્ર, તંત્ર, જંત્ર અને પુરુષાર્થ બંને...

પૂજ્ય ભાઈશ્રી :– જેમ કે એક માણસને રોગ થયો. બીજી વાત લઈએ. પીડાય છે. હવે પીડા તો મટાડવાની એની ઇચ્છા થયા વગર રહે જ નહિ. કાં તો દવા કરે. અને કાં તો કોઈ મંત્ર-તંત્ર કરે. તો બંનેની અંદર પણ અશાતા વેદનીનો ઉદય મટવાનો હોય અને શાતા વેદનીનો ઉદય થવાનો હોય તો કામ થાય. નહિતર દવા પણ નિષ્ફળ જાય અને મંત્ર પણ નિષ્ફળ જાય. એમ કહેવું છે. એવું આની અંદર લેવું.

જ્યારે જીવને જરૂરિયાત લાગી છે ત્યારે એ પ્રયત્ન કર્યા વગર બહારમાં રહી શકશે નહિ. તો બે પ્રકારના પ્રયત્નમાં કયો પ્રયત્ન કરવો ? કે દુનિયાદારીમાં જે પ્રસિદ્ધ છે એ પ્રયત્ન કરવો. પણ મંત્ર-તંત્ર ઉપર જાવું નહિ. એમ કહેવું છે. અહીંયાં હેતુ એટલો જ છે કે જ્યારે તમને જરૂરિયાત લાગે તો તમને પ્રયત્ન કરવાનો વિચાર આવે તો પણ એટલું સમજણમાં રાખવાની જરૂર છે કે કર્મના ઉદય ફર્યા વગર કાંઈ લાભ થવાનો નથી. નંબર એક વાત તો એ છે. બીજું કે બે ઉપાયમાંથી મંત્ર-તંત્ર અને વિદ્યા બાજુ નહિ જતા તમે. ઉપેક્ષા રાખજો એ વિષયની અંદર.

**'બીજા પ્રકારના વિષે તો કેવળ ઉદાસીનતા જ છે; અને એ પ્રકાર સ્મરણમાં આવવાથી પણ ચિત્તમાં ખેદ થઈ આવે છે;...'** હવે એમ કેમ કહે છે, શા માટે ? નહિતર ઘણા એમ કહે કે ભાઈ ! જેવી રીતે દુકાન માંડવી કે મહેનત કરીને પૈસા કમાવા. એમ આ બાજુ આપણે વિદ્યાથી પૈસા મેળવવા. અથવા મંત્ર-તંત્ર સાધી લેવો. અથવા જ્યોતિષનું કાંઈ આ લોકો કરી દે છે કે નહિ ? આ નંગ પહેરે છે, ને કાંઈ તાવીજ પહેરે છે, માદળીયા પહેરે છે. દોરા-ધાગા કરે છે કે નહિ ? એમાં શું છે ? જેમ દવા કરી એમ આ એક ઇલાજ છે ? કે નહિ. ફેર છે એમાં. પેલામાં શ્રદ્ધા સાથે સંબંધ છે. દર્શનમોહ સાથે સંબંધ છે. આમાં ચારિત્રમોહ સાથે સંબંધ છે. પરિશ્રમ કરવામાં ચારિત્રમોહના પરિણામ તીવ્ર થાય છે અને મંત્ર-તંત્ર વિદ્યા બાજુ જતાં દર્શનમોહના પરિણામ તીવ્ર થાય છે. એટલે એ તો પછી કરે નહિ. એ તો વાત વિચારતા એમને ખેદ થઈ આવે છે કે નહિ, એ દિશામાં તો જવું જ નથી. એ તો બંધ કરી દેવી.

મુમુક્ષુ :- હિંસાના દૃષ્ટિકોણથી વિચારીએ તો વેપારાદિમાં હિંસા હોય મંત્રાદિમાં કોઈ હિંસા હોતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હોતી નથી. છતાં પણ. દોષ વધારે એમાં છે મંત્રમાં.

એ તો વિચાર કરતાં, સ્મરણ કરતાં પણ અમને **'ચિત્તમાં ખેદ થઈ આવે છે;...'** એમ કહે છે. **'એવી તે પ્રકાર પ્રત્યે નિરિચ્છા છે.'** બિલકુલ ઇચ્છા નથી એ પ્રકારની તો. **'પ્રથમના પ્રકાર સંબંધમાં હાલ કંઈ લખવું સૂઝતું નથી.'** એટલે તમારે કયો વેપાર કરવો એ અમે અત્યારે કહેતા નથી. એ અમને સૂઝતું નથી. તમને ઠીક પડે એમ કરજો. **'આગળ ઉપર લખવું કે નહીં તે તે પ્રસંગમાં જે થવાયોગ્ય હશે તે થશે.'** એના માટે અમે બંધાતા નથી. કે અત્યારે તમને સૂઝતું નથી. તો જ્યારે સૂઝે ત્યારે તો લખજો. કે નહિ. એ તો સહેજે કોઈ વિકલ્પ આવ્યો તો બીજી વાત છે. નહિતર એના માટે તો જે થવાનું હશે તે થશે. એના માટે કોઈ અમે નિર્ણય અત્યારે કરતાં નથી. કેવી સહજતા છે ! એમના પરિણમનની અંદર સહજતા કેટલી છે ! કે જે પ્રસંગમાં જે થવા યોગ્ય હશે તે થશે.

મુમુક્ષુ :- હમણાં ફોડ પાડવાનો નહિ હોય કદાચ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ફોડ પાડવાનો નહિ પણ એ પોતે એવો એમાં લાંબો વિચાર, ઉપયોગ જ લંબાવતા નથી. એવા પૌદ્‌ગલિક સંયોગ-વિયોગના વિષયમાં

પોતાના માટે ઉપયોગ નહોતા લંબાવતા. બીજાના માટે ક્યાં લંબાવે ?

મુમુક્ષુ :- એના માટે સત્સંગ ચાલુ રહે એ માટે હમણાં એનો ફોડ નથી પાડવો ભલે રહે. આગળ જતા એને પોતાને ...

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલ હોય તો પણ એ પોતે સામાનું આત્મહિત જોવે છે અને પોતાનો પણ વિચાર કરે છે. એવી રીતે ચાલે છે પરિણામની અંદર. કાલે કોઈ ભાઈએ પ્રશ્ન કર્યો કે 'શ્રીમદ્જી' તો વેપાર કરતાં કરતાં પૈસા કમાઈ ગયા હતા. સારા એવા પૈસા એ જમાનામાં કમાણા હતા. અને 'સોભાગભાઈ' બહુ દરિદ્રિ હતા તો પછી એમણે થોડી મદદ કરીને Money order કરી દીધો હોત તો સારું હતું ને. એકાદું Money order કરી દેવું હતું 'મુંબઈ'થી. એટલે એમની ચિંતા તો મટી જાત. એવી ચિંતા મટાડવા જતાં એ આત્માર્થ ખોઈ બેસત એ પરિસ્થિતિ હતી. એટલે એમણે કહ્યું છે કે એમને તો સારી છે ચિંતા. ચિંતા તો એમને તરવા બરાબર છે. એ વાત લેશે આગળ જુઓ. ૩૯૪ પાને. એમનો અભિપ્રાય બહુ સ્પષ્ટ છે એ વિષયમાં.

**'અમારા ચિત્તમાં તો એમ આવે છે...'** પહેલી લીટી. **'કે, મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે.'** એ તમને લાભનું કારણ થશે, પારમાર્થિક લાભનું કારણ થશે. અત્યારે તમને એમ લાગે છે કે આ ભીંસ પડે છે જરા, વ્યવહાર ચલાવવામાં ભીંસ પડે છે. તો કહે છે, ભલે ભીંસ પડતી. એ તમને લાભનું કારણ થશે. માટે તમે એ પરિસ્થિતિની અંદર આત્મલાભ થાય એ રીતે તમારા આત્માના કેળવો. એ જ તમને યોગ્ય છે. એના જેવો બીજો મોટો મોટો લાભ કોઈ નથી. થોડીક અનુકૂળતા થઈ ગઈ તો એથી આત્માને કાંઈ લાભ થઈ જવાનો નથી. આ તો આત્મલાભનું કારણ થશે. બહુ સારો વિષય અહીંયાં ચર્ચે છે પોતે.

**'જેટલી આકુળતા છે તેટલો માર્ગનો વિરોધ છે, એમ જ્ઞાનીપુરુષો કહી ગયા છે.'** સંયોગની પ્રતિકૂળતા જોઈને જેટલી આકુળતા જીવ કરે એટલો એ નિરાકુળ માર્ગથી વિરુદ્ધ જાય છે. એ માર્ગનો વિરોધ છે. એમ જ્ઞાનીપુરુષો કહી ગયા છે. **'જે વાત જરૂર આપણે વિચારવા યોગ્ય છે.'** એ રીતે એ વાતનો વિચાર કરવા યોગ્ય છે. પણ પ્રતિકૂળતાથી ગભરાઈને આત્માને નુકસાન થાય એવી રીતે કોઈપણ પ્રકારે પ્રવર્તવા જેવું નથી. એમ કહે છે.

પત્રાંક-૪૯૧

મુંબઈ, ફાગણ, ૧૯૫૦

ૐ

તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે, તે ઉપદેશ કરતાં હતા :-

'હે જીવો ! તમે બૂઝો, સમ્યક્ પ્રકારે બૂઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો. અને 'સર્વ જીવ' પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો.' (સૂયગડાંગ-અધ્યયન ૭ મું, ૧૧)

સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે. (દ્વાદશાંગીનું સળંગ સૂત્ર)

પ્રથમમાં જે અભિપ્રાય દર્શાવ્યો છે તે ગાથા સૂયગડાંગમાં નીચે પ્રમાણે છે.

'संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो,
एगंतदुक्खे जरिए व लोए, सकम्मणा विप्परियासुवेइ.'

સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઈએ

**તોપણ સત્સંગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે. સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે, તથાપિ ઉદયજોગ પ્રારબ્ધથી તેવો અંતરાય વર્તે છે. ઘણું કરી કોઈ વાતનો ખેદ 'અમારા' આત્માને વિષે ઉત્પન્ન થતો નથી, તથાપિ સત્સંગના અંતરાયનો ખેદ અહોરાત્ર ઘણું કરી વર્ત્યા કરે છે. 'સર્વ ભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચીતાદિ પ્રસંગો અજાણ્યાં જેવાં, સાવ પરનાં, ઉદાસીન જેવા, અરમણીય, અમોહકર અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે.' માત્ર જ્ઞાનીપુરુષો, મુમુક્ષુપુરુષો, કે માર્ગાનુસારીપુરુષોનો સત્સંગ તે જાણીતો, પોતાનો, પ્રીતિ કર, સુંદર, આકર્ષનાર અને રસસ્વરૂપ ભાસે છે. એમ હોવાથી અમારું મન ઘણું કરી અપ્રતિબદ્ધપણું ભજતું ભજતું તમ જેવા માર્ગેચ્છાવાન પુરુષોને વિષે પ્રતિબદ્ધપણું પામે છે.**

**તા. ૨૮-૭-૧૯૯૦, પત્રાંક-૪૯૧ અને ૪૯૨**
**પ્રવચન નં. ૧૯૦**

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ, પત્ર ૪૯૧. પાનું ૩૯૩.

'સૂયગડાંગ'ની એક ગાથાનો અર્થ લખ્યો છે. ગાથા નીચે આપી છે. એનો અર્થ મૂકેલો છે. **'તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે, તે ઉપદેશ કરતાં હતા :–'** તીર્થંકરદેવને દિવ્યધ્વનિમાં નીચે પ્રમાણેનો ઉપદેશ જે ગાથાસૂત્રમાં છે એ પ્રમાણે અહીંયાં એનો અર્થ કર્યો છે કે **'હે જીવો ! તમે બૂઝો, સમ્યક્ પ્રકારે બૂઝો.'** હે જીવો ! તમે બૂઝો એટલે સમજણપૂર્વક, જ્ઞાનપૂર્વક સમાધાન પામો. સમ્યક્ પ્રકારે સમાધાન પામો.

**'મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે.'** જે મનુષ્યનો દેહ છે એ ચારે ગતિની અંદર દુર્લભથી દુર્લભ છે. ભાગ્યે જ જીવને પ્રાપ્ત થાય છે. અનંત કાળે એકાદ વખત મનુષ્યભવનો ઉદય હોય છે. જેની અંદર આત્મહિતને વિચારવાનું સુગમ હોય છે. બાકીની ત્રણ ગતિ કરતાં આત્મહિતનો વિચાર કરવો એવી સુગમતા જે મનુષ્યગતિની અંદર હોય છે એવી બાકીની ત્રણ ગતિમાં જીવના પરિણામની સ્થિતિ એટલી બધી એ વિચાર કરવા માટેની પ્રતિકૂળ સ્થિતિમાં જીવ હોય છે. રાગને લઈને, દ્વેષને લઈને અને જ્ઞાનના સમજણની ઓછપને લઈને. એટલે મનુષ્યપણાનું મૂલ્ય ઘણું છે.

**'અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો.'** અત્યારે તકલીફ નથી, અત્યારે આરામથી જીવન પસાર થાય છે માટે તમે નિર્ભય ન રહો, માટે નિર્ભયતાથી જીવો. એવી વાત નથી અહીંયાં. ભલે અત્યારે તમને કોઈ ભય ન દેખાતો હોય. ભયવાનપણે ન જીવતા હોય તો પણ એટલો વિચાર રાખો કે આ ગતિમાં મનુષ્યગતિમાં જો સમ્યક્ત્વ વિહિન દશાએ મનુષ્ય પર્યાય પૂરી કરી તો પછી જે કાંઈ પરિસ્થિતિ છે તેમાં ઘણો ભય છે. પ્રાયઃ મનુષ્યત્વ છોડીને મનુષ્યત્વ પ્રાપ્ત કરે એ ક્વચિત્ જ બને છે. કોઈક જ જીવને વિષે બને છે, કરોડો અબજોમાં. બાકી ત્રણ ગતિમાં જીવ ચાલ્યો જાય છે અને ત્યાં આત્મહિતનો વિચાર ઊગવો એ નહિવત્ છે અથવા અશક્ય જેવી પરિસ્થિતિ છે. એટલે **'ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો.'**

આમ તો મનુષ્યગતિમાં પણ ક્યારે કઈ પરિસ્થિતિ ઊભી થશે એ કહેવું મુશ્કેલ છે. એટલે નિર્ભય થઈને જે જીવન પસાર કરવામાં આવે છે, આત્મહિતની સાવધાની વગરનું જીવન છે એ પ્રમાદમય જીવન છે. અને એની પાછળ ભયનો સંકેત કરે છે અહીંયાં. કે એવા પ્રમાદથી જીવવામાં ચારે ગતિનો ભય જાણો. ક્યાંય નિર્ભયતા છે એમ ન સમજો.

**'અજ્ઞાનથી સદ્વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો.'** આત્મહિતનો વિવેક થવો. કેવી રીતે આત્મહિત કરવું ? એ પ્રકારે આત્મામાં વિવેક ઊગવો તે પણ ઘણો દુર્લભ છે. મનુષ્યપણું દુર્લભ છે, મનુષ્યપણાની અંદર આત્મહિતનો વિવેક થવો એ એથી દુર્લભ છે. કેમ કે અસંખ્ય મનુષ્યો ઉત્પન્ન થાય છે તો પણ કોઈક જ જીવ આત્મહિતનો વિચાર કરે છે. બાકી તો દેહાર્થમાં જ પ્રાયઃ મનુષ્યનું જીવન વ્યતિત થાય છે. આત્માર્થે જો જીવન વ્યતિત થતું હોય તો એવો કોઈક જ જીવ હોય છે. એટલા માટે એમ

કહે છે કે એવો વિવેક નહિ આવવાનું કારણ, એવો વિવેક નહિ ઉત્પન્ન થવાનું કારણ અનાદિનું અજ્ઞાન છે. અથવા મારું હિત ક્યાં છે ? કેવી રીતે છે ? એ સંબંધીનું જે અજ્ઞાન છે એને લઈને સદ્વિવેક એટલે સાચો વિવેક ઉત્પન્ન થતો નથી **'એમ સમજો.'**

**'આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો.'** જગતમાં બધા જીવો દુઃખે કરીને આર્ત છે. દુઃખી-દુઃખી છે. ક્યાંય કોઈને સુખ નથી. દુઃખે કરીને બધા જ આર્ત છે. ગમે તે પરિસ્થિતિમાં, ગમે તે ઉદયમાં દેખાતા હોય, સુખી દેખાતા હોય પણ તે ખરેખર દુઃખે કરીને આર્ત પરિણામે, આર્તધ્યાનમાં જ જીવન પસાર કરનારા હોય છે. એટલે દુઃખને એક અગ્નિની ઉપમા આપીને એમ કહે છે કે ચારે બાજુ જગતના બધા જીવોમાં દાવાનળ સળગેલો છે. એ આગમાંથી તું બચી જા. એમાંથી તું બચીને ગમે તેમ કરીને બહાર નીકળી જા. એ આગમાં ભસ્મીભૂત થવા જેવું નથી.

**'આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો. અને 'સર્વ જીવ' પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો.'** પૂર્વે પોતે વિપેરીત ચાલ્યો છે અને એ વિપરીતતાથી પોતે એનો અનુભવ કરી રહ્યો છે. સાચો માર્ગ આત્મહિતનો એને સૂઝતો નથી. આડો આડો રસ્તો પકડે છે, ઊલટો ઊલટો રસ્તો પકડે છે, બીજો રસ્તો પકડે છે, સાચો રસ્તો ગ્રહણ કરતોં નથી. એવો એક 'સુયગડાંગ'ની સાતમા અધ્યયનની અગિયારમી ગાથા છે આ. જે ગાથા નીચે પ્રમાણે લખેલ છે. બે પેરેગ્રાફમાં છે ને ? એમાં પ્રથમમાં એટલે ઉપરમાં જે અભિપ્રાય દર્શાવ્યો છે તે ગાથા 'સૂયગડાંગ'માં નીચે પ્રમાણે છે.

**संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो,**
**एगंतदुक्खे जरिए व लोए, सकम्मणा विप्परियासुवेइ.**

એ મૂળ માગધિ ભાષામાં ગાથા છે. એનું આ ગુજરાતી ભાષાંતર છે. તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આ પ્રકારનો ઉપદેશ આવતો હતો અને એ અનુસાર જે કાંઈ સ્મૃતિમાં રહ્યું હોય એ પાછળથી આચાર્યોએ ગાથાનિબદ્ધ કર્યું હોય છે. એની પરંપરાએ મૂળ ગ્રંથોમાં અને બીજા ગ્રંથોમાં પણ એવો ઉપદેશ ચાલ્યો આવે છે.

મુમુક્ષુ :– આજે પાર્શ્વનાથ ભગવાનનો નિર્વાણ દિવસ છે.

પૂજ્ય ભાઈશ્રી :– આજે ?

મુમુક્ષુ :– શ્રાવણ સુદ સાતમ નિર્વાણ દિવસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા હા. પાર્શ્વનાથ ભગવાનનો આજે નિર્વાણ દિન છે. શ્રાવણ સુદ ૭. સર્વ તીર્થંકરોએ પાર્શ્વનાથ ભગવાને અને બધા જ તીર્થંકરોએ એક જ પ્રકારે એક જ માર્ગ ઉપદેશ્યો છે. ત્રણે કાળના તીર્થંકરો બીજી વાત કોઈએ કરી નથી અને કરશે પણ નહિ. એ પરિસ્થિતિ છે. નાસ્તિથી વાત લીધી છે. અસ્તિથી અંતર્મુખ થાઓ. એકાંત અંતર્મુખ રહેવું જ યોગ્ય છે. એક અંતઃતત્ત્વ સ્વરૂપ એવા જીવનો સ્વભાવ જ અંતર્મુખપણે પરિણમવાનો છે. અને એમાં જ નિરાકુળતા સુખ અને શાંતિ રહેલી છે. એ જ સર્વ તીર્થંકરોનો ઉપદેશ છે.

હવે બીજા પેરેગ્રાફમાં 'દ્વાદશાંગીનું સળંગ સૂત્ર' કહે છે. **'સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય,...'** બાર અંગના સળંગ સૂત્રમાં સત્સંગનો અભિપ્રાય રહેલો છે એમ કહેવું છે. જેણે સર્વ દુઃખથી મુક્ત થવું હોય એવો જેનો મત હોય, એવો જેનો અભિપ્રાય હોય તે પુરુષે, તે આત્માએ. પુરુષ નામ આત્મા. **'તે પુરુષે આત્માને ગવેષવો...'** એને અંદરમાં આત્માને શોધવો. એટલે કે પોતાનું મૂળ સ્વરૂપ શું છે ? એ અંતર ગવેષણા કરીને એને શોધવું કે મારું મૂળસ્વરૂપ કેવું છે. તો સર્વ દુઃખથી મુક્ત થવાશે. સુખનિધાન એવો જે આત્મા, જેમાં અનંત.... અનંત... અનંત... બેહદ સુખની નિધિ ભરપૂર પડી છે. એવા આત્મસ્વરૂપને જાણીને પ્રતીત કરીને સુખાનુભવમાં આવી શકાય છે. એ સિવાય કોઈ સુખનું કારણ છે નહિ જગતમાં. બધે દુઃખનું કારણ છે.

**'તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો;...'** આ પહેલેથી યમ, નિયમ, વ્રતમાં આવી જાય છે ને લોકો. જે કાંઈ ચારિત્રગુણનો ક્ષયોપશમ છે એનો ઉપયોગ કરી લે છે. આત્મજ્ઞાન થયા પહેલાં, આત્માને જાણવાની દિશામાં શક્તિનો ઉપયોગ કરવાને બદલે યમ, નિયમ, વ્રત આદિ અંગીકાર કરે છે. અહીંયાં 'દ્વાદશાંગી'માં એ વાત કરી છે કે જેણે આત્માને ગવેષવો હોય એણે યમ, નિયમ આદિ સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન નામ ગૌણ કરીને સત્સંગને ગવેષવો. એ શક્તિ સત્સંગ પ્રાપ્ત કરવામાં લગાવવી. યમ, નિયમ, વ્રતાદિકમાં શક્તિ લગાવવાને બદલે પ્રથમ સત્સંગ પ્રાપ્ત કરવામાં શક્તિને લગાવવી. સત્સંગ ગૌણ કરવો નહિ, એમ કહે છે. સત્સંગને મુખ્ય કરવો અને સત્સંગને મુખ્ય કરતાં યમ, નિયમ, વ્રતાદિ ગૌણ કરવા પડતા હોય

તો પ્રથમ કરવા, એમ કહેવું છે.

એક માણસ પાસે પચ્ચીસ રૂપિયા છે તો પચ્ચીસ રૂપિયામાં એણે ચપ્પલ ખરીદવા કે પચ્ચીસ રૂપિયામાં એણે ભૂખ લાગશે બે કલાક-ચાર કલાક પછી માટે એને આહારની વ્યવસ્થા રાખવી ? એ એણે નક્કી કરવાનું છે. ચપ્પલ નવા પહેરવાથી કાંઈ ભૂખ નહિ ભાંગે. ચાલવાની અશક્તિ આવી જશે. તો એણે એ મૂડીનો ઉપયોગ ક્યાં કરવો ? છે મર્યાદિત મૂડી છે.

મુમુક્ષુજીવ પાસે શક્તિ ઘણી મર્યાદિત છે. બહુ અલ્પ શક્તિ છે. તો એણે ક્યાં શક્તિ લગાવવી એનું આ માર્ગદર્શન છે કે પહેલેથી જે યમ, નિયમ, વ્રતાદિમાં શક્તિ લગાવીને ઘણા સત્સંગને ગૌણ કરે છે. આ દીક્ષા લઈ લે છે. પછી કોઈ સારી જગ્યાએ સત્સંગની ઉપલબ્ધિ થતી હોય, પ્રાપ્તિ થતી હોય તો એ જઈ ન શકે. કેમ કે બીજા સમાજવાળા સાધુ એને પકડે. કે તમે સાધુઓ થઈને ક્યાં ભાગ્યા ? અહીંયાં તમારે બેસવાનું છે. એટલે એને એક જેલમાં નાખે છે. પહેલેથી એણે નક્કી કર્યું. મારે પંચ મહાવ્રત લઈ લેવા. ભલે પંચ મહાવ્રત પાળવાની શક્તિ હોતી નથી. નવા બંધનમાં આવી જાય છે. તો એવું બંધન વ્રતાદિને નિમિત્તે, વ્રતાદિને બહાને પણ ન અંગીકાર કરવું કે જેને લઈને સત્સંગ ગૌણ થઈ જાય. એવું ભૂલેચૂકે પણ કરવા જેવું નથી. એમ કહેવું છે.

જેણે આત્માને ગવેષવો હોય **'તેણે યમનિયમાદિક સર્વસાધનનો આગ્રહ અપ્રધાન કરી સત્સંગને ગવેષવો તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો.'** આ શરત જરા અઘરી લાગે. અંદર આત્મામાં એક નિર્ણય કરવો પડશે, જેણે સત્સંગને યોગ્ય પ્રકારે ઉપાસવો છે, આરાધવો છે એણે એક નિર્ણય કરવો પડશે. પહેલો નિર્ણય આ કરવાનો છે કે તારે સંસાર જોઈએ છીએ કે તારે સંસારથી પાછા વળી જવું છે ? બે દિશા છે. એક સંસારમાં રખડવાની અને એક સંસારથી મુક્ત થવાની. આ નિર્ણય કરીને સત્સંગમાં આવજે. આ નિર્ણય કરવાની પહેલા જરૂર છે. આ નિર્ણય કર્યા વિના સત્સંગ, સત્સંગ તરીકે સફળ થવાની કોઈ પરિસ્થિતિ હોતી નથી. એટલે જેણે **'સત્સંગની ઉપાસના કરવી હોય તેણે...'** એમ લેવું. **'સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો.'** થોડોક રાખવો અને થોડોક ત્યાગવો એમ નહિ. ભાઈ ! અમારે સંસાર પણ થોડો (જોઈએ

છે), સંસારી સુખ પણ જોઈશે. સંસારની પ્રતિકૂળતાઓ અમે સહન નહિ કરી શકીએ. જો સંસારમાં પ્રતિકૂળતા આવશે તો અમારો ઉપયોગ છે એ ઠેકાણે નહિ રહે. માટે સંસારની અનુકૂળતાઓ પ્રાપ્ત કરતાં કરતાં સત્સંગનો પણ અમે લાભ લઈએ. જેટલો લઈ શકાય એટલો. પણ દુકાન તો બરાબર સાચવવી પડશે. એમાં તો બીજું ચાલે એવું નથી. નહિતર પરિણામ બગડી જાય છે. શું કરવું ?

એને કહે છે, નિર્ણય કર તું. તારે બે ચીજમાંથી કઈ ચીજ જોઈએ છે એનો પેલા નિર્ણય કરવો પડશે. બે ઘોડે એકસાથે ચડી શકાય એવું નથી. મુખ્ય ગૌણ તો કરવું જ પડશે. એટલે સંસારીક પ્રવૃત્તિ કરવી પડે તે, કરવી નથી પણ કરવી પડે તે ગૌણપણે કરવી છે. મુખ્યપણે આત્મહિત કરવું છે અને તે આત્મહિત માટે સત્સંગ જેવું પ્રથમ ભૂમિકામાં, મુમુક્ષુની ભૂમિકામાં કોઈ સાધન છે નહિ. કોઈ સાધન થયું નથી, કોઈ સાધન થશે પણ નહિ. એમ લેવું.

એણે (સંસારને ઉપાસવાનો) આત્મભાવ સર્વથા ત્યાગવો. સર્વથા ત્યાગ્યા વગર મુખ્યપણું નહિ આવે. જરાક કાંઈક કારણ મળશે એટલે સત્સંગ ગૌણ કરી દેશે. અને એ કામે લાગી જશે. કે ભાઈ ! અત્યારે તો આજે તો જરાક અહીં ફલાણાભાઈ મળવા આવ્યા છે. કાંઈ નહિ હવે આજે જરા એમની સાથે વાતચીત કરવા રોકાવું પડશે. સામાન્યમાં સામાન્ય કાંઈ નહિ હોય (છતાં) સત્સંગ ગૌણ કરી નાખે છે. ગૌણ કરવા જેવો વિષય નથી.

મુમુક્ષુ :- ગાડી ઊપડી જશે.

પૂજ્ય ભાઈશ્રી :- ગાડી ઊપડી જશે એવી જ વાત છે. આ મનુષ્ય આયુની ગતિ ચાલુ જ છે. સમયે સમયે ગાડી Platform છોડે જ છે. નવા નવા Platform છોડે છે. એક પછી એક કેટલા વર્ષે પહોંચી ગયા. આંખ ઉઘાડીને બંધ કરો અને બંધ કરીને ઉઘાડો ત્યાં કેટલા વર્ષ થયા ? એવું લાગે છે કે નહિ ? જીવનના ઉત્તરાર્ધમાં આવતા વાર લાગતી નથી.

**'પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ....'** શું કહે છે ? પોતાના બીજા બધા અભિપ્રાયનો ત્યાગ કરીને આ કરવું જોઈએ... અને આ કરવું જોઈએ... અને આ કરવું જોઈએ... અને આ કરવું જોઈએ... નાની-મોટી પચ્ચીસ વાતો એવી સંઘરી લીધી છે કે એ બધો આગ્રહ રાખીને પછી જો સત્સંગ મળતો હોય

તો કરવો નહિતર ન કરવો. એમ **'પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ...'** પૂરી તાકાતથી. પૂરી શક્તિથી, શક્તિને ગોપવ્યા વિના. **'તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી.'** તે સત્સંગની આજ્ઞામાં એટલે સત્સંગની અંદર જે કાંઈ સત્પુરુષની આજ્ઞા છે એને ઉપાસવી, એને શીરોધાર્ય કરવી, આત્મહિતના રસ્તે વળવું એમ એનો અર્થ છે સીધો.

**'તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે.'** એવી સત્પુપુરુષની આજ્ઞાને ઉપાસનારો જ સત્સંગને ઉપાસે છે. સત્સંગમાં જે સત્પુરુષની આજ્ઞા છે એને જે ઉપાસતો નથી, તે સત્સંગને પણ ઉપાસતો નથી. આમ છે. **'એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે.'** જુઓ ! હવે ત્યાંથી આમ લઈ લીધું. એ પ્રકારે જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય પોતાના આત્માની ઉપાસનામાં લાગેલો છે **'અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.'** આ સરવાળો પાછો ત્યાં ને ત્યાં લઈ આવ્યા.

કે જેને આત્મસ્વરૂપની ઉપાસના કરવી છે તેણે પ્રથમભૂમિકામાં સત્સંગને ઉપાસવો એ એક જ પ્રધાન સાધન છે. એને ગૌણ કરીને બીજું કાંઈ મુખ્ય કરવા જેવું નથી. એમના વચનોમાં સત્સંગનો વિષય આ રીતે પ્રધાનપણે વારંવાર મુમુક્ષુઓને એમણે દર્શાવ્યો છે. માર્ગ ચીંધ્યો છે અને એ માર્ગે ચાલવાની પોતે આજ્ઞા કરી છે એમ કહીએ તો ચાલે. નીચેનો પેરેગ્રાફ.

**'સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઈએ તો પણ સત્સંગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે.'** હવે પોતાની વાત કરે છે. આટલી સત્સંગની દ્વાદશાંગીથી વાત કર્યા પછી. દ્વાદશાંગીના સૂત્રથી વાત કર્યા પછી પોતાના ચાલતા પરિણામની વાત કરે છે કે ભલે અમને કાંઈ આધિ, વ્યાધિ અને ઉપાધિ અત્યારે નથી એમ સમજો તો પણ સત્સંગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે. અમને સત્સંગ પ્રત્યે જે બહુમાન છે, સત્સંગની જે ભક્તિ છે, સત્સંગનો જે અમારા હૃદયને વિષે મહિમા છે તે કોઈ રીતે મટે એવું નથી.

આમાં જોયું કે પ્રત્યક્ષ સત્સમાગમ બધા મુમુક્ષુઓમાં સર્વથી વધારે 'સોભાગભાઈ'એ ઉપાસ્યો છે. જ્યારથી એ પોતે ૧૯૪૬થી ૧૯૫૩ સુધી એમનો સમાગમ, અરસપરસનો પરિચય રહ્યો છે. એમાં કોઈ વર્ષ ખાલી નથી કે જે વર્ષે એમણે પ્રત્યક્ષ

સત્સમાગમ નથી કર્યો. એવું કોઈ વર્ષ ખાલી નથી. શરૂઆતનો નવો પરિચય થયો ત્યારે પણ કટકે કટકે એક મહિના સુધી પ્રત્યક્ષ સમાગમમાં રહ્યા છે. બહુ શરૂઆતમાં ૧૯૪૬માં. પછી દર વર્ષે ક્યાંયને ક્યાંય એ પોતે જ્યાં 'શ્રીમદ્જી' હોય ત્યાં જતાં. કોઈવાર 'શ્રીમદ્જી' પણ 'સાયલા' આવેલા છે. દર વર્ષે પ્રત્યક્ષ સમાગમમાં રહ્યા છે. અને એ છ-સાત વર્ષના ગાળામાં લગભગ બે થી અઢી વર્ષ જેટલો એમને પ્રત્યક્ષ સમાગમનો પ્રકાર રહ્યો છે. એ આની અંદર દર્શાવે છે. બે થી અઢી વર્ષનો પ્રત્યક્ષ સમાગમ છે. અને પત્રનો સમાગમ સૌથી વધારે એમને છે. સમયનો ગાળો એટલો નહિ હોવા છતાં. પત્ર અને પ્રત્યક્ષ સમાગમમાં સૌથી વધારે 'સોભાગભાઈ' છે અને સૌથી વધારે પાત્રતા ઉત્કૃષ્ટ સ્થિતિ પણ 'સોભાગભાઈ'ની છે.

એમાં એમ લીધી છે વાત કે બીજજ્ઞાન એટલે આ જે સુધારસનો વિષય ચાલ્યો એનો એ જે બાહ્ય પ્રયોગ છે આ પવનનો, પ્રાણાયામ વગેરેનો, યોગનો જે પ્રયોગ છે, એ પ્રયોગ એમના પિતાશ્રીને કોઈ સાધુએ બતાવ્યો હતો. એ પણ આર્થિક સ્થિતિ નબળી થયેલી એટલે એવા શોધમાં હતા કે કોઈ મંત્ર-તંત્ર બતાવનાર સાધુ મળી જાય તો કાંઈક સંસારના દુઃખ મટે. એટલે કોઈની કીર્તિ સાંભળીને એ બાજુ ગયેલા છે. મારવાડ બાજુ. 'રતલામ' ગયેલા છે. મારવાડ નહિ પણ 'રતલામ' ગયેલા છે. એમ.પી.માં આવ્યું. મધ્યપ્રદેશમાં આવ્યું 'રતલામ'. 'રતલામ' નામ આપ્યું છે. 'રતલામ'માં કોઈ સાધુ પાસે ગયા છે. પણ એ કોઈ અધ્યાત્મિક વિષયવાળા નીકળ્યા. અને એમણે કહ્યું કે તમે ધર્મમાં આવી વાંચ્છા નહિ કરો, પૈસાની. અને આર્થિક દુઃખ મટાડવા પ્રત્યે નહિ લોભાવ તમે. અને આ હું તમને એક પ્રયોગ શીખવું છું એનાથી તમે આત્માનું ધ્યાન કરતાં શીખો. એટલે અધ્યાત્મનો તો વિષય નહિ મળેલો. પણ એ પ્રયોગે ચડેલા. એ પ્રયોગે ચડેલા એટલે શું છે કે બીજી ચંચળતા ઘટી અને સંયોગનું દુઃખ કાંઈક ઓછું લાગતું હતું. એટલે એમણે 'સોભાગભાઈ'ને પણ એ વિષય બતાવ્યો. કે જો મને તો એક મહારાજે આમ બતાવ્યું છે તું પણ આ જરા શીખી લે. અને એમણે એમ વધારે કીધું છે કે કોઈ એવો પાત્ર જીવ હોય એને આ વાત બતાવવા જેવી છે. મારી બાજુ પણ કોઈ એવા કોઈ ધાર્મિક વિશેષ ધાર્મિક વૃત્તિવાળા કોઈ પાત્ર જીવ હોય તો એને આ ચીજ તમે બતાવજો. આ બીજજ્ઞાન છે. આ બીજજ્ઞાન તમે એને આપજો.

'શ્રીમદ્જી'ની કીર્તિ સાંભળી છે એ દિવસોમાં. ૨૩ વર્ષની ઉંમરે 'શ્રીમદ્જી'ની બાહ્ય પ્રતિષ્ઠા વધી હતી. શતાવધાન વગેરે પ્રયોગ કરવાને લીધે. અનેક પ્રકારે હવા બહારમાં થઈ ગઈ હતી કે આ કોઈ ચમત્કારિક માણસ છે. ચમત્કારિક માણસ છે. નાની ઉંમરમાં પણ ઘણું જ્ઞાન છે, ઘણું જ્ઞાન છે. એટલે એને એમ થયું કે લાવને આ બીજજ્ઞાન દેવા યોગ્ય છે કે નહિ ? એમણે કાંઈક 'અંજાર' બાજુ કામે જવું હતું. રસ્તામાં 'મોરબી' કે પછી 'મોરબી'ની બાજુમાં 'જેતપર' કરીને ગામ છે. એમ સાંભળ્યું હતું અત્યારે ત્યાં છે. એટલે કે લાવ ત્યાં થતો જાઉં. પછી આગળ જઉં. મળતો જઉં. એ વખતે એમને ચમત્કારિક બનાવ એમને બન્યો છે. એમણે એમને આવકાર્યા છે. એમના કાંઈક મામાની દુકાને બેઠા હતા. 'શ્રીમદ્જી' એમના મામાની દુકાને બેઠા હતા અને આવે છે 'સોભાગભાઈ'. આવો આવો 'સોભાગભાઈ'. (આમને થયું), મારું નામ ક્યાંથી જાણે છે ? અમે તો કોઈ દિવસ જિંદગીમાં મળ્યા નથી. એમની ઉંમર એ વખતે ૫૦ વર્ષની બતાવે છે. આ ૨૩ વર્ષના છે ત્યારે 'સોભાગભાઈ' ૫૦ વર્ષના છે એમ બતાવે છે. પછી એમને જે બીજજ્ઞાનનો વિષય હતો એ પોતે એક કાપલીમાં લખી રાખ્યો હતો.

મુમુક્ષુ :– સોભાગભાઈએ લખી આપ્યો હતો ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, ના પોતે લખી રાખ્યો હતો. આવો આવો, તમે કાંઈક વિચારીને આવ્યા છો. જરાક વાંચી લ્યો તમે. પછી મને જે વાત કરવી હોય તે કરજો. એમણે જોયું કે મારે જે વિષય ઉપર વાત કરવી હતી એ વિષય તો એમણે મને લખીને આપ્યો છે. બીજજ્ઞાનનો વિષય જ એમણે લખીને આપેલો. એટલે એમને એમ થયું કે આમને મારે હવે બીજજ્ઞાન દેવાની વાત ક્યાં રહે છે ? આ તો બીજજ્ઞાનના જાણકાર છે. ત્યારે એમને એમના પ્રત્યે એ જ વખતે વિશેષ ભક્તિ થાય છે, બહુમાન થાય છે. એમના બહુમાનનો પ્રકાર જોઈને, એમને ખ્યાલ આવે છે 'શ્રીમદ્જી'ને. કે આ કોઈ વિશેષ પાત્ર જીવ છે. કેમ કે પોતે પણ ૨૩ વર્ષની ઉંમરમાં સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ ભૂમિકાએ છે.

મુમુક્ષુ :– નજીકની...

પૂજ્ય ભાઈશ્રી :– હા. નજીકની. સમ્યક્ સમીપની ભૂમિકાએ છે અને એમાં આ 'સોભાગભાઈ' મળે છે. એની પાત્રતા એ પણ ઓળખી લે છે. અને ત્યારથી

બંને વચ્ચેનો જે સંબંધ છે એ ગાઢ બની ગયો છે શરૂઆતથી જ એટલો. એવો ઇતિહાસ આપ્યો છે. અને એમણે એમનો સત્સંગ વારંવાર ચાહ્યો છે. કોઈવાર તો આમંત્રણ આપે છે કે તમે ક્યારે આવો છો ? તો કોઈવાર પોતે ગયા છે.

**'સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઈએ તો પણ...'** એટલે કોઈ બહારની ચિંતા ન હોય ત્યારે પણ, સંસારિક ચિંતા ન હોય ત્યારે પણ **'સત્સંગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે. સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે,...'** મૂળ તો એમને જાતિસ્મરણ જ્ઞાનમાં પૂર્વે ઉપાસેલો જે સત્સંગ અને એનેથી થયેલો જે આત્મલાભ એ બધું એમને સ્પષ્ટ યાદ છે. એટલે સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું. સર્વથી ઉત્તમ એવું અને અપૂર્વપણું. બંને વાત લીધી. **'અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે,....'** એ મહિમા અમારો ઘટતો નથી.

**'તથાપિ ઉદયજોગ પ્રારબ્ધથી તેવો અંતરાય વર્તે છે.'** એટલે 'સોભાગભાઈ'ની સાથે એમને વારંવાર મળવાનું બનતું નથી. **'ઘણું કરી કોઈ વાતનો ખેદ 'અમારા' આત્માને વિષે ઉત્પન્ન થતો નથી, તથાપિ સત્સંગના અંતરાયનો ખેદ અહોરાત્ર ઘણું કરી વર્ત્યા કરે છે.'** સંસારના બીજા પદાર્થોની અપ્રાપ્તિનો ખેદ નથી થતો. પણ સત્સંગની અપ્રાપ્તિનો ખેદ તો અમને જરૂર થાય છે એમ કહે છે.

**'સર્વ ભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચીતાદિ પ્રસંગો અજાણ્યાં જેવાં,...'** લાગે છે. શું કહે છે ? બધી ભૂમિ, આ ક્ષેત્ર અમને અજાણ્યું લાગે છે. અહીંયાં ક્યાં આવી ગયા ? એમ લાગે છે. આ અનુભવ 'બહેનશ્રી'ને પણ થયો છે. એ એમણે લખ્યું છે. 'આ અમારો દેશ નથી. અહીંયાં અમારું કોઈ નથી.' કેમ એમનું કુટુંબ નહોતું ? બે ભાઈ તો 'સોનગઢ'માં વસતા હતા. બીજા પણ સગા સંબંધીઓ હતા. 'અહીંયાં અમારું કોઈ નથી.' સાવ પારકા. **'ઉદાસીન જેવા.'** જેની ઉપેક્ષા કરવી પડે એવા. **'અરમણીય,...'** જરાય સુંદરતા નથી લાગતી. ક્યાંય ગમે એવું લાગતું નથી. **'અમોહકર,...'** જેના પ્રત્યે કાંઈ મોહ થતો નથી. **'અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે.'** ક્યાંય અમને રસ આવતો નથી. કુટુંબમાં, પરિવારમાં, ધંધામાં, વ્યાપારમાં ક્યાંય રસ આવતો નથી. **'અમોહકર અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે.'**

**'માત્ર જ્ઞાનીપુરુષો, મુમુક્ષુપુરુષો,...'** પુરુષો નામ આત્માઓ. **'માત્ર જ્ઞાનીપુરુષો,**

**મુમુક્ષુપુરુષો કે માર્ગાનુસારીપુરુષોનો સત્સંગ તે જાણીતો, પોતાનો,...**' લાગે છે. અમારા ઘરની વાત ત્યાં દેખાય છે અમને. જે વાત અમને જાણીતી પરિચિત લાગે છે તે અમને અમારી પોતાની વાત લાગે છે. તે પ્રીતિકર લાગે છે. એ અંતરથી રુચે છે અમને. તે '**પ્રીતિકર, સુંદર,...**' છે, એ રમણીય છે. તે '**આકર્ષનાર,...**' છે. એનું અમને આકર્ષણ રહે છે. '**અને રસસ્વરૂપ ભાસે છે.**' અને એમાં અમને રસ પડે છે. બાકી અમને ક્યાંય રસ પડતો નથી.

'**એમ હોવાથી અમારું મન ઘણું કરી અપ્રતિબદ્ધપણું ભજતું ભજતું...**' સંયોગોમાં, સંસારના પ્રસંગોમાં '**અમારું મન ઘણું કરી અપ્રતિબદ્ધપણું ભજતું ભજતું તમ જેવા માર્ગેચ્છાવાન પુરુષોને વિષે પ્રતિબદ્ધપણું પામે છે.**' તમારા જેવા માર્ગની ઇચ્છાવાળા મુમુક્ષુઓ પ્રત્યે કાંઈક અમને અમારો ઉપયોગ એ બાજુ જાય છે, એ બાજુ રોકાય છે. ક્યાંક એ બાજુ બંધાય છે. બાકી ક્યાંય અમને ફોરવતું નથી, એમ કહે છે. એટલે ગમે ત્યાં ઉપયોગ જાય ક્યાંય અમને રસ આવતો નથી. ઘણું કરીને આ પત્ર 'સોભાગભાઈ' ઉપરનો હશે એવું લાગે છે. ૪૯૧ (પત્ર પૂરો) થયો.

જુઓ ! એમની કઈ સ્થિતિ છે. બહારમાં પણ બે વિભાગ પાડી નાખ્યા છે. એક સગાસંબંધીના ઉદયનો અને એક ધાર્મિક પ્રસંગોનો.

**પત્રાંક-૪૯૨**

**મુંબઈ, ફાગણ ૧૯૫૦**

**મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુપુરુષ શ્રી સોભાગ,**

**અત્રે સમાધિ છે. ઉપાધિ જોગથી તમે કંઈ આત્મવાર્તા નહીં લખી શકતા હો એમ ધારીએ છીએ.**

**અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત**

**પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.**

**હાલ કંઈ સત્સંગજોગ મળે છે કે કેમ ? તે અથવા કંઈ અપૂર્વ પ્રશ્ન આવે છે કે કેમ ? તે લખવામાં આવતું નથી તે લખશો. આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમાં મુઝાવું ઘટતું નથી. એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે. વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. અને તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.**

(પત્રાંક) ૪૯૨.

'**મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુપુરુષ શ્રી સોભાગ,...**' બીજા મુમુક્ષુઓ પણ એમના સત્સંગ અને પત્ર વ્યવહારમાં આવતા હતા.

'**અત્રે સમાધિ છે. ઉપાધિ જોગથી તમે કંઈ આત્મવાર્તા નહીં લખી શકતા હો એમ ધારીએ છીએ.**' એટલે એમને પણ જે સંયોગની પરિસ્થિતિ હતી એને લઈને આત્માની જે ચર્ચા કરવી જોઈએ એ ચર્ચા લખી નથી. એ સંબંધી ઉલ્લેખ કર્યો છે. '**અમારા ચિત્તમાં તો એમ આવે છે કે,...**' હવે ઉપાધિ છે તો શું એને કેવી રીતે અમે જોઈએ છીએ.

'**અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે.**' ઠીક. મુમુક્ષુજીવ એટલે પાત્રજીવ અહીંયાં લેવો. પાત્રતાનું એ લક્ષણ છે કે પ્રતિકૂળતાના કાળે પાત્રતા

જે જીવમાં હોય છે એ જીવ આત્મહિતને સાધવા પ્રત્યે વધારે અગ્રેસર થાય છે. એના આત્મહિતના પરિણામ મુખ્યપણાએ વર્તવા લાગે છે. ઉપાધિની અંદર એ ઉપાધિમાં ગૂંચવાઈ જાય, ઉપાધિમાં ખોવાઈ જાય એવા પરિણામ થવાને બદલે, સામાન્ય મનુષ્યને એવા પરિણામ થાય છે, ત્યારે પાત્રજીવને આત્મહિતની વૃદ્ધિ થાય, એ પ્રકારના પરિણામની અંદર એ વિશેષે કરીને પ્રવેશતા હોવાથી. આ કાળમાં સંસારની પ્રતિકૂળ દશાઓ જો મુમુક્ષુને આવે તો તેને સંસારથી તરવા બરાબર છે. એ એને સંસારથી દૂર જવાનું નિમિત્ત બને છે. આત્મહિતનું નિમિત્ત બને છે. માટે એ પ્રતિકૂળ પ્રસંગ એને માટે ખરેખર પ્રતિકૂળ નથી. પણ ખરેખર એના આત્મહિતાર્થે વિચારવામાં આવે તો તે અનુકૂળ પ્રસંગ છે.

અથવા સુપાત્ર જીવ, આત્માર્થી જીવ એમ વિચારે છે કે પ્રતિકૂળ પ્રસંગ ભવિષ્યમાં આવે તો ગભરાવાનું કોઈ કારણ નથી, ભય પામવાનું કોઈ કારણ નથી. નહિતર સામાન્ય મનુષ્ય તો એનાથી ભયાન્વીત જ રહે છે કે અત્યારે તો વાંધો નથી પણ કાલ હવે કેવી આવશે કોને ખબર છે ? માટે કાલની ચિંતા કરીને કાલનો કાંઈક પ્રબંધ પણ આપણે કરી રાખવો જોઈએ. આત્માર્થી એવો વિચાર નથી કરતા. કાલનો વિચાર કરવો નથી, કાલ ગમે તેવી આવે. પ્રતિકૂળતા આવશે તો મારો પુરુષાર્થ વધારે તીવ્ર થઈને મારું આત્મહિત વધારે સાધવાનો પ્રસંગ ઊભો થશે. માટે આવે તો ભલે આવે, એનાથી કોઈ ભય પામવાની મારે જરૂર નથી. આટલું શૂરવીરપણું તો મુમુક્ષુની ભૂમિકામાં પાત્ર જીવને આવે છે અને એ કોઈથી ભય પામતો નથી. કોઈ પ્રસંગથી ભય પામતો નથી. ગમે તે પ્રતિકૂળ પ્રસંગ આવો. ભય પામવાનું કોઈ કારણ પોતાને છે નહિ. એટલે ઊલટું લીધું છે.

આગળ એક જગ્યાએ કહી ગયા કે જો આ કાળમાં એમ કે મુમુક્ષુને પ્રતિકૂળતાઓ ન હોય, ન આવે તો એણે એમ સમજવા યોગ્ય છે કે ઈશ્વરે ચાહીને એના ઉપર કૃપા કરી નથી. અને માયાને મોકલી છે એની પાસે. અનુકૂળતારૂપ માયાને મોકલી છે. એ ઈશ્વરની એના ઉપર કૃપાદૃષ્ટિ હજી થઈ નથી. એમ સમજવું. ઠીક ! એવા એવા અર્થઘટન કર્યાં છે પોતે.

**'અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે,...'** પાત્રજીવને તો સંસારની અનિત્યતા, સંસારની અશરણતા

અને સંયોગી પદાર્થની ભિન્નતા વિચારવાનો સમય પ્રતિકૂળ પ્રસંગે વિશેષે વિશેષે કરીને, સ્પષ્ટપણે વિશેષે વિચારાય. અનુભવગમ્ય રીતે વિચારાય. સ્પષ્ટનો અર્થ અહીંયાં એ છે કે એ વખતે એને અનુભવ થાય છે કે જુવો મારું ધાર્યું આ દેહ પણ કરતો નથી. દેહના પરમાણુ પણ મારી ઇચ્છાને આધિન નથી. શરીરમાં રોગ આવે છે. એમ વિચારે છે કે આ શરીરનું મને શરણ નથી. આ શરીર મારાથી ભિન્ન હોવાથી પરમાણુઓ સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે, મારી ઇચ્છાને આધિન પરિણમતા નથી. અને આ શરીર અનિત્ય છે, સંયોગો અનિત્ય છે. એ બધું એને સ્પષ્ટ અનુભવગમ્યપણે વિચારવાનો અવસર મળે છે. એવો પ્રસંગ વિશેષે હોય છે. **'એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.'** એનો નિર્ધાર કરવા યોગ્ય છે, એનો અનુભવ કરવા યોગ્ય છે. વિશેષે કરીને એ પ્રસંગમાં એ રીતે વિચારવા યોગ્ય છે.

**'હાલ કંઈ સત્સંગજોગ મળે છે કે કેમ ?'** તમને હાલમાં કોઈ સત્સંગનો યોગ છે કે કેમ ? 'સોભાગભાઈ'ને પૂછે છે. **'તે અથવા કાંઈ અપૂર્વ પ્રશ્ન આવે છે કે કેમ ?'** અથવા કાંઈ આત્મામાંથી કોઈ અપૂર્વ પ્રશ્ન ઊગે છે કે નહિ તમને હવે ? એટલે આત્માનો જે અંતર્મુખ થવાનો ઉપાય છે એવો કોઈ પ્રશ્ન ઊગે છે કે કેમ ? **'તે લખવામાં આવતું નથી...'** હમણાં તમે કાંઈ એવું પૂછાવતા નથી **'તે લખશો.'**

**'આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમાં મુઝાવું ઘટતું નથી.'** કોઈ એક પ્રસંગ બની ગયો છે અને એ પ્રસંગને લઈને એ મૂંઝાતા હોય તો કહે છે તમારે મૂંઝાવું ન જોઈએ. તમારી યોગ્યતા પ્રમાણે તમને મૂંઝાવું ઘટતું નથી. **'એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.'** સમ્યગ્દર્શનનું નથી લેતા, નિર્વાણનું સીધું લે છે. એમ. એટલે એવા પ્રતિકૂળ પ્રસંગે પણ જો એ સમતાથી વેદવામાં આવે. ઉપાધિમાં સમતા અથવા ઉપાધિમાં ચિંતાનો અભાવ કરવો એ એક ન્યાયે એ પુરુષાર્થનું કામ છે અને ખરે ટાણે એણે પોતાની સમજણનો, જ્ઞાનનો અને પુરુષાર્થનો ઉપયોગ કર્યો છે એટલે એનું ફળ વિશેષ છે.

જે વાત વગર ઉપાધિએ વિચારાય અને જે વાત ઉપાધિના ઉદયમાં વિચારાય, એમાં એને એ વાતમાં ઘણો ફરક છે. બંનેના ફળમાં ઘણો ફરક છે. વગર ઉપાધિએ તો કાંઈ પુરુષાર્થ ઉત્પન્ન થતો નથી. ઉપાધિના કાળમાં તો પુરુષાર્થ હોય તો ટકી શકે. નહિતર તો ઉપાધિની અંદર તન્મય થઈને પરિણામ બગાડી બેસે. એટલે એ

ને એ વાત હોય તો પણ ઉદયના કાળે જો એને ઊગે તો એ પ્રયોગાત્મક થાય છે અને નહિતર માત્ર સામાન્ય વિચાર થઈને એને એ વાત ચાલી જાય છે. એટલો મોટો ફરક પડે છે એને.

**'વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે.'** જે સંયોગ-વિયોગ છે એ તો હંમેશા ચિત્રવિચિત્ર જ રહેવાના છે. **'માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે.'** એ તો ચિત્રવિચિત્ર પ્રસંગો આવ્યા જ કરવાના છે. કલ્પનાએ કરીને જીવ એમાં સુખ કલ્પે છે, કલ્પનાએ કરીને જીવ એમાં દુઃખ કલ્પે છે. એ તો કલ્પનાએ કરીને છે. ખરેખર કોઈ સુખનું કારણ નથી. કોઈ ચીજમાંથી સુખ આત્મામાં આવતું નથી, કોઈ ચીજમાંથી દુઃખ આત્મામાં આવતું નથી. માત્ર **'કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે. પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે.'** કલ્પના કરે છે એવો એને આભાસ થાય છે. વસ્તુતાએ કોઈ પદાર્થ સુખરૂપ કે દુઃખરૂપ છે નહિ. અનુકૂળ કે પ્રતિકૂળરૂપ કોઈ છે નહિ. એ કલ્પનાએ કરીને ભાસે છે.

**'અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે.'** ન તો તું અનુકૂળતાની કલ્પના કરજે કોઈ પ્રસંગમાં, ન કોઈ તું પ્રસંગમાં પ્રતિકૂળતાની કલ્પના કરજે. જ્ઞાનીપુરુષની ના છે. જ્ઞાનીપુરુષે ના કહી છે એનો અર્થ એ છે કે જ્ઞાનીપુરુષની આ આજ્ઞા છે. કોઈ પ્રસંગને વિષે તું અનુકૂળતામાં હરખાતો નહિ, પ્રતિકૂળતામાં ખેદાતો નહિ. કેમ કે ખરેખર કોઈ અનુકૂળ પણ નથી અને કોઈ પ્રતિકૂળ પણ નથી. તારે ખરેખર કોઈની સાથે કાંઈ લેવા કે દેવા. આમ છે. માની બેઠો છો તું ગમે તે. પણ ખરેખર કાંઈ લેવા-દેવા નથી. આમ છે. ન તો આત્મામાં ક્યાંયથી કાંઈ લઈ શકાય છે, ન તો આત્મામાંથી કાંઈ દઈ શકાય છે. પછી અનુકૂળ શું અને પ્રતિકૂળ શું ?

હવે ઉદય પ્રસંગો તો આવ્યા જ કરવાના છે. કાં અનુકૂળ હશે અને કાં પ્રતિકૂળ હશે. આ પ્રયોગ જીવે કરવાનો છે. પ્રયોગ શું કરવો ? કે આ પ્રયોગ નિરંતર કરી શકાય એવો વિષય છે. તેં અનુકૂળતાઓની પણ કલ્પના કરી છે, પ્રતિકૂળતાની પણ તેં કલ્પના જ કરી છે. જે કલ્પિત સંબંધ છે એને સાચો સંબંધ માનીને. ખરેખર કોઈ આત્મા સાથે કોઈ આત્માને કોઈ સંબંધ છે નહિ. સંબંધમાત્ર કલ્પના છે. એ કલ્પિત સંબંધ સાચો માન્યો છે, નિશ્ચય સંબંધ માન્યો છે, ખરો સંબંધ માન્યો છે

અને કલ્પના કરે છે. કોઈ કોઈને નુકસાન કરી શકે કે કોઈ કોઈને લાભ કરી શકે એ જગતમાં વસ્તુ વ્યવસ્થા જ નથી. એ વાત જ અશક્ય અને અસંભવિત છે. પરિણામ ગમે તે કરે. કરી શકાતું નથી અને થઈ શકતું નથી.

મુમુક્ષુ :– કલ્પનાઓ વધારે કરી ઇષ્ટ-અનિષ્ટપણાની કલ્પના જ કરી આ ઇષ્ટ છે ને અનિષ્ટ છે. અહીંથી સંસાર જ...

પૂજ્ય ભાઈશ્રી :– ગડબડ થાય છે તે બધી અહીં થાય છે. કલ્પના કરી-કરી. એકલી કલ્પના કરે જાય છે. જીવ એકલી કલ્પના જ કર્યે જ જાય છે. કલ્પનાના થોક ઉપર થોક, થોક ઉપર થોક કર્યે જ જાય છે. અને જેમ કરોળિયો જાળમાં ગૂંચવાઈ જાય એમ પોતાની કલ્પનાની જાળમાં પોતે ને પોતે ગૂંચાતો જાય છે. અને પછી એ જાળમાંથી આ તાણાવાળાને આમ કરું, તો બહાર નીકળીશ. આ તાણાવાળાને આમ કરું તો બહાર નીકળીશ. એમ બહાર નીકળવા ફાંફા મારીને નવી કલ્પના કરે અને વળી નવી એમાંથી લાળ નીકળે, નવી જાળ થાય. એમાં વળી પાછો ગૂંચાઈ. આમને આમ ગૂંચાતો ગૂંચાતો એવો મૂંઢાઈ જાય છે, મતિ એની જીવની મૂંઢાઈ જાય છે. આત્મહિત કરવાની કોઈ સૂઝબૂઝ રહેતી નથી. આવી પરિસ્થિતિમાં મૂકાય જાય છે.

એને કહે છે કે ખંખેરી નાખ તું બધું. કોઈ પદાર્થો સાથે ક્યારે પણ કોઈપણ પ્રકારનો આ જીવને કાંઈ સંબંધ છે જ નહિ. ત્યાંથી શરૂ કર. સર્વથી, સર્વદા, સર્વથા, સર્વત્ર તું ભિન્ન છો અને સંપૂર્ણપણે ભિન્ન છો. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તારા અનંત સામર્થ્યથી ભરપૂર છો. જ્ઞાનાદિ સુખ વગેરે અનંત શક્તિઓથી સમૃદ્ધ પદાર્થ છો. ક્યાંય દીનપણું કરવાની તારે જરૂર નથી. બસ. ત્રણ લોકનો નાથ છો. 'ગુરુદેવ' તો એ કહેતા. તું પોતે જ ત્રણ લોકનો નાથ છો ને. શું કરવા ભીખ માગે છે તું ? તારા સુખ માટે બીજા પાસે ભીખ માગવાની તારી વૃત્તિ દીન થાય છે. એ તારા સુખ સ્વરૂપને ભૂલીને વાત છે.

મુમુક્ષુ :– અમારે સંસાર કેમ ચલાવવો ?

પૂજ્ય ભાઈશ્રી :– પણ ચલાવવાનો જ નથી પછી ચલાવવાનો ક્યાં પ્રશ્ન છે ? નહિ ચલાવવાનો તો રસ્તો છે આ. સંસાર ચલાવવાનો આ ઉપાય નથી. નહિ ચલાવવાનો આ ઉપાય છે. અને બીજું જે ચાલે છે અને ચાલવાનું છે એમાં તારું કાંઈ ચાલવાનું નથી. જે ચાલે છે અને ચાલવાનું છે હજી એમાં પોતાનું કાંઈ ચાલવાનું

છે ? આ જ ભ્રમણા છે જીવને કે મારું ચલાવ્યું ચાલે છે. તારું ચલાવ્યું કાંઈ ચાલવાનું નથી. એ પૂર્વકર્મ પ્રમાણે બીજા જીવો અને પરમાણુઓનું પરિણમન થયા જ કરશે. એમાં તારો કોઈ અધિકાર નથી. પોતે ચલાવવાનો અધિકાર પકડે છે. ચલાવવા માટે પોતે અધિકાર જમાવે છે. પછી એમાં કંઈક ઇચ્છા પ્રમાણે, ધારણા પ્રમાણે ન થાય એટલે અંદરથી આકુળવ્યાકુળ થાય છે, દુઃખી થાય છે. ક્યાંય હખ પડતું નથી.

મુમુક્ષુ :– પ્રતિકૂળતામાં આત્મહિત વધારે સધાય...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ પાત્રતા ઉપર આધારિત છે. સામાન્ય રીતે સંસારીપ્રાણીઓ દુઃખી થઈને પ્રતિકૂળતામાં વધારે કર્મ બાંધે છે. જ્યારે એક પાત્ર જીવો છે અને જ્ઞાનીઓ છે એની વાત જ જુદી છે, મોક્ષમાર્ગી ધર્માત્માઓ છે એની વાત જુદી છે. પાત્રતાવાળા મુમુક્ષુઓને એ કાળે આત્મહિત વધારે સ્પષ્ટ રીતે અનુભવગોચર થાય છે. અને સંસારની અસારતા, અનિત્યતા, ભિન્નતા, અશરણતા એ સ્પષ્ટ અનુભવગોચર થાય છે કે આમાં કાંઈ મારે કામમાં આવે એવું નથી.

મુમુક્ષુ :– જે પાત્ર નથી એ તો અનુકૂળતામાં...

પૂજ્ય ભાઈશ્રી :– એ બે જગ્યાએ કર્મ વધારે જ બાંધે છે. પાત્રતામાં આવ્યા પહેલા અધોગતિની જ પરિસ્થિતિ છે. પછી અનુકૂળતા આવે તો પણ તીવ્ર રસે કરીને પરિણમે છે. પ્રતિકૂળતા આવે તો તીવ્ર દુઃખે કરીને કર્મ બાંધે છે. બંનેમાં તીવ્ર કર્મ બાંધે છે અને અધોગતિમાં ચાલ્યો જાય છે. એને અનુકૂળતામાં વધારે રસ પડે માટે અનુકૂળતા વધારે સારી થઈ જાય એવું નથી. પ્રતિકૂળતામાં વધારે ખેદખિન્ન થાય એટલે પ્રતિકૂળતા ઘટી જાય એવું પણ નથી. પણ પોતે પોતાની યોગ્યતા પ્રમાણે પોતાને નુકસાન કરે છે. પાત્ર હોય તો પોતાને લાભ કરે છે. અનુકૂળતા આવે તો પણ એને કાંઈ અસર નથી થતી. પ્રતિકૂળતા આવે તો પણ એને કાંઈ અસર નથી થતી. એ સમજે છે કે આ તો બધું ચાલ્યા જ કરવાનું છે સંસારમાં. મારે તો એક મારું આત્મહિત કરી લેવું અને એમાં સાવધાન રહેવું એ જ મારું કામ છે. બાકી બધું ચાલ્યા જ કરવાનું છે આ તો. પાત્રતાવાળાને પ્રતિકૂળ સંયોગે થોડો વિશેષ પુરુષાર્થ ઉપડે છે એમ જાણીને એ પ્રસંગની વાત અહીંયાં કરી છે. અને એ સહજ જ છે એ રીતે. સહેજે એમ જ થાય છે.

એટલે કહે છે કે, **'અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ**

**તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે.'** અથવા શ્રીગુરુની આજ્ઞા નથી. શ્રીગુરુની આજ્ઞા છે કે તું અનુકૂળતા-પ્રતિકૂળતાની કલ્પના છોડ અને તારા સ્વરૂપમાં સાવધાન થા. આ સીધી આજ્ઞા છે. **'તમને તે કરવી ઘટતી નથી.'** એવી કલ્પનામાં તમારે દુઃખી થવાની જરૂર નથી. એ પણ આગળ કહી ગયા છે કે તમને જે પ્રતિકૂળતા છે એમાં ઈશ્વરને કુટુંબ પ્રત્યે તમારો જે મોહ છે ને એ છોડાવવા માટે ચાહીને મોકલેલી પ્રતિકૂળતા છે કે હે જીવ ! તું કુટુંબ પ્રત્યેનો મોહ છોડી દે. એમ કહે છે. અથવા જે લોકલજ્જાનો તમને વિચાર આવી જાય છે કે અરેરે...! આજીવિકાનું પૂરું નહિ થાય તો લોકોની અંદર આપણે ખુલ્લા પડી જશું. આપણી આબરૂ નહિ રહે. તો એ લોકલજ્જા છોડાવવા માટે પણ તમને આ પ્રતિકૂળતા મોકલી છે એમ સમજો તમે. પણ ક્યાંય પણ તમારે દીનપણે સમાગમમાં આવવા જેવું નથી.

**'વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.'** વિચારવાન જીવ છે એ મુમુક્ષુજીવ છે. મુમુક્ષુજીવ છે એ વિચારવાન જીવ છે. આત્મહિતમાં જેની બુદ્ધિ વિચારી શકે છે હિત-અહિતને, તે જીવ વિચારવાન છે અને જે પોતાના આત્મહિતને નથી વિચારી શકતો એ જીવ ભલે ગમે તેટલો ડાહ્યો-કુશળ, વિચક્ષણ, બુદ્ધિવાન ગણાતો હોય તો તે વિચારવાન નથી, પણ ખરેખર અવિચારી જીવ છે. એને પોતાના જ કલ્યાણનો એને વિચાર ઊગ્યો નથી. માટે એને જ્ઞાનીઓ અવિચારી કહે છે.

'કહાં લહતે રહતે અવિચારી.' આવે છે ? જિનવાણીની સ્તુતિમાં. જો આ જિનવાણીમાં આટલી વાતો ન આવી હોત તો અવિચારી બિચારા ક્યાં રહેત ? અને શું કરત ? શું એને પ્રાપ્ત થાત ? એ એકાંતે દુઃખમાં ધકેલાઈ જાત. એટલે તીર્થંકરે એને શોક કરવાની ના કહી છે. કોઈ શોકનો પ્રસંગ બન્યો લાગે છે એટલા માટે કહ્યું છે કે તમે સમતા રાખો. શોક કરવો તમને ઘટતો નથી. મૂંઝાવું તમને ઘટતું નથી. ૪૯૨ (પત્ર) પૂરો થયો.

૪૯૩ મો પત્ર 'લલ્લુજી મુનિ'ને છ પદ જે એમણે 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં ગાથા નિબદ્ધ કર્યા છે, એ છ પદનો આ પત્ર લખેલો છે. ત્યાં થોડો વિસ્તાર છે. અહીંયાં સક્ષેપની અંદર એક પત્રની અંદર આ છ પદનો વિષય લીધો છે.

પત્રનું મથાળું બાંધ્યું છે **'અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત**

**ભક્તિથી નમસ્કાર**' જેણે આત્માનું શરણ બતાવ્યું અને બહારમાં જેના શરણમાં જતાં પછી કોઈ બીજા શરણને ગોતવું પડતું નથી, એવું અન્ય શરણ ગોતવું પડતું નથી, એવા જે અનન્ય શરણના આપનાર છે એવા 'ગુરુદેવ'ને અત્યંત ભક્તિથી નમસ્કાર કરીને મથાળું બાંધીને પત્રની શરૂઆત કરે છે.

'**શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ...**' જુઓ ! કેવા જ્ઞાનીપુરુષ લીધા ? શાસ્ત્રના ઘણા જાણકાર છે તે જ્ઞાનીપુરુષ ન લીધા. પણ જેણે શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે. પામ્યા છે એટલે અનુભવગોચર કર્યું છે. અનુભવમાં જેની શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ છે. '**એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યા છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.**' એમ કહીને એમ કહેવું છે કે, આ જે છ પદ છે એ પ્રયોજનભૂત છે. સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું છે એને આ છ પદની અંદર જે પ્રકારે વસ્તુનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેનાથી વિપરીત માન્યતા હોય એટલે વિપર્યાસ ઊભો હોય, આ છ પ્રકારના વિષયની અંદર વિપર્યાસ ઊભો હોય અને એને સમ્યગ્દર્શન થાય એવું કદી બને નહિ. એટલે એને સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યા છે.

વર્તમાનમાં એમને જે મુમુક્ષુઓ મળ્યા. એ મુમુક્ષુઓમાં એમને સમજણનો વિપર્યાસ દૂર કરવા માટે આ છ મુદ્દાઓ પ્રયોજનભૂત ગણ્યા છે અને એનું નિરૂપણ કર્યું છે. આ પત્રમાં નિરૂપણ કર્યું છે ત્યાર પછી ૨૯ મા વર્ષે એમણે 'આત્મસિદ્ધિ'માં એ વાતને ગાથાનિબદ્ધ કરી છે. એટલે એ વિષય એમને બહુ સ્પષ્ટ હતો. સમજણમાં બહુ સ્પષ્ટ હતો. દોઢ કલાકની અંદર આખું પદ રચી નાખ્યું ૧૪૨ કડીનું. એ કવિત્વ શક્તિ તો એમને બહુ બચપણથી નાનપણની હતી. કુદરતી જ એ જાતનો ક્ષયોપશમ લઈને આવેલા. છ-સાત વર્ષની ઉંમરે પણ નિશાળે બેઠા ત્યારે કવિતા બનાવતા હતા. એમના તો ઘણા કાવ્યો જે બીજા-બીજા ધાર્મિક વિષય સિવાયના જે ઘણા કાવ્યો છે એ અપ્રસિદ્ધ રહ્યા છે. પણ ક્યાંક-ક્યાંક કોઈએ છાપ્યા છે. કોઈએ પ્રસિદ્ધ કર્યા છે. કેટલાય કાવ્યો રચ્યા છે. અને એ બધા એમને ૬-૭ વર્ષની ઉંમરથી માંડીને ૧૪-૧૫ વર્ષની ઉંમરમાં કે ૧૭-૧૮ વર્ષની ઉંમર સુધીમાં રચ્યા છે. એમાં લૌકિક ડહાપણ કેટલો પ્રૌઢ છે કે જે ઘણા અનુભવી માણસોને જે ડહાપણ ઉગ્યું હોય એવું ડહાપણ તો એમને ૧૨-૧૪ વર્ષની ઉંમરે હતું. એવી શિખામણો એમણે એ બધા પદોની અંદર,

કાવ્યોની અંદર એમણે ગૂંથી છે. બહુ સારી. રાજાઓને, ત્યાગીઓને, સ્ત્રીઓને, પુરુષોને, બાળકોને, સમાજને, સમાજ સેવકોને, નેતાઓને બધાને શિખામણ બધી જાતની એમણે લખી છે. કેટલી વિચારશક્તિ એ વખતે વિશાળ હતી કે બધી કક્ષાના માણસોને એમણે શિખામણ આપી છે એ ઉંમરની અંદર. અને તે કવિતાની અંદર રચીને. એવા પદો એમણે રચ્યા છે. કેટલાક પદો જોયા એના ઉપરથી એ ખ્યાલ આવે છે. કે બહુ જ ક્ષયોપશમ લઈને, બચપણથી ઘણો જબરદસ્ત ક્ષયોપશમ લઈને આવ્યા છે. અહીં સુધી રાખીએ...

આત્મહિતના લક્ષે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ - શાસ્ત્ર વાંચન, શ્રવણ, ચર્ચા-વિચારણા આદિ, અને ન્યાય યુક્તિથી જે કાંઈ સમ્મત કર્યું હોય તેની યથાર્થતા તપાસવા માટે અને તેમાં કાંઈ કલ્પના કે અયથાર્થતા / અન્યથાપણું ન રહી જાય - ન થઈ જાય તે માટે, આત્માર્થી જીવે, પોતાની સમજણને પ્રયોગની કસોટીએ ચડાવીને ભાવભાસનપૂર્વક યથાર્થ નિર્ણય કરવો, તેમ ન થાય ત્યાં સુધી જિજ્ઞાસાબુદ્ધિએ પ્રવર્તવું, પરંતુ ખ્યાલમાં વિચારથી લીધું હોય તેની પક્કડ કરવી નહિ, આગ્રહ સેવવો નહિ. જેથી આત્માર્થીતા જળવાઈ રહે.

(અનુભવ સંજીવની-૧૧૩૨)

આત્મસ્વરૂપનો પ્રતિભાસ આવતાં અનંત મહિમાવંત સ્વરૂપનો સહજ યથાર્થ મહિમા ઉત્પન્ન થાય છે. તેને નિશ્ચયનો પક્ષ કહે છે. જેમાં સ્વરૂપ પ્રત્યેનો ઝૂકાવ શરૂ થાય છે. તે ઝૂકાવ વૃદ્ધિગત થઈને નિજાવલંબન સધાતાં, એકત્વનો / રાગનો અભાવ થઈ, વીતરાગી દશાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનબળપૂર્વક પુરુષાર્થની ભીંસ સ્વરૂપ પ્રત્યે થયા વિના તન્મયતા- લીનતા ઉત્પન્ન થઈ શકે નહિ. સ્વસ્વરૂપમાં 'અહંભાવ'ની ભીંસ-તીવ્રતામાં અંતર અભેદતા ઉપયોગ વડે સધાય છે. તેને નિજાવલંબન પણ કહેવાય છે. (અનુભવ સંજીવની-૧૧૩૩)

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ–૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ–૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ–૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ–૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |

| | | |
|---|---|---|
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्‌ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |

| | | |
|---|---|---|
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |

| | | |
|---|---|---|
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |

| | | | |
|---|---|---|---|
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० | १२७ प्रवचन सुधा (भाग-५) हिन्दी) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० | १२८ प्रवचन सुधा (भाग-६) हिन्दी) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० | १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२० जिन प्रतिमा जीनि सारखी | ५०० | १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२१ स्मरण संचिका | १५०० | १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० | १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० | १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १२४ प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० | १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १२५ प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० | १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १२६ प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० | १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |

## વાચકોની નોંધ માટે

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# રાજહૃદય

(ભાગ-૮)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

(પત્રાંક-૪૫૧ થી ૪૯૨)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

## પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**અન્ય પ્રાપ્તિ સ્થાન :**

-- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
-- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
-- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭ મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૦૩-૧૧-૨૦૧૩ (વીર નિર્વાણકલ્યાણક દિન)
પ્રત : ૧૫૦
પૃષ્ઠ સંખ્યા : ૫૫૬ + ૮ = ૫૬૪
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/B, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

## પ્રસ્તાવના

**'રાજહૃદય'** ભાગ–૮નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં **'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'**માં **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે **'રાજહૃદય'** નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઇચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્‌સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્‌સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઇત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને – અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે – પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ

કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે 'પૂજ્ય ભાઈશ્રી'ના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, **આ તો બાર અંગનો સાર છે** ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ખાલી જગ્યા રાખવામાં આવી છે. 'પૂજ્ય ભાઈશ્રી'ના ભાવોનો પ્રવાહ યથાવત જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૮ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનોનું સ્થળ-નિર્દેશન

જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ભાદરવા વદ ૧, તા. ૨૦-૦૯-૨૦૧૩
(ઉત્તમ ક્ષમાવણી દિન)

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## 'રાજહૃદય' ભાગ–૮ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી તારાબેન ગુલાબચંદ શાહ, ચેન્નાઈ | ૫૦,૦૦૦/- |
| શ્રી શાંતિલાલ છગનલાલ શાહ, ચેન્નાઈ | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી શારદાબહેન શાંતિલાલ શાહ, ચેન્નાઈ, હ. શ્રીમતી વીણાબહેન વીરેન્દ્રભાઈ શાહ | ૨૫,૦૦૦/- |
| સ્વ. શ્રી ગુણવંતરાય જે. હેમાણીના સ્મરણાર્થે, મુંબઈ | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રી જયાબહેન, ચેન્નાઈ | ૧૧,૦૦૦/- |
| સ્વ. ઇન્દુબહેન જસુભાઈ કામદારના સ્મરણાર્થે | ૧૦,૦૦૦/- |
| શ્રીમતી મધુબહેન હસમુખભાઈ છેડા, મુંબઈ | ૯,૦૦૦/- |
| શ્રીમતી સાકરબહેન કરમશી ડેઢીયા, મુંબઈ | ૮,૦૦૦/- |
| શ્રી વીસનજી શામજી સાવલા, મુંબઈ | ૮,૦૦૦/- |
| શ્રીમતી ઇન્દિરાબહેન રમેશભાઈ મહેતા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી વેલબાઈ વીસનજી સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી પ્રતિકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી ચેલણાબહેન શ્રેણિકભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |

| | |
|---|---|
| મીનાબહેન ભીખુભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન મહેન્દ્રકુમાર જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| નૈનીલ, હીના, કેતન, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન તલકશી છેડા, મુંબઈ | ૫,૦૦૦/- |
| પાર્થ, ચાર્મી, રક્ષા, પરેશ | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રીમતી ઈલાબહેન દીનેશભાઈ છેડા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી કૃપાલીબહેન પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી સૌરભ પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રીમતી દમયંતિબહેન લક્ષ્મીચંદ જૈન, મુંબઈ | ૩,૦૦૦/- |
| જિજ્ઞાબહેન દીપકભાઈ છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| હેત્વી દીપકભાઈ છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| મૈત્રી દિનેશભાઈ છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| માનસી મોનાક શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી ચારુબહેન જૈન, ભાવનગર | ૨,૨૦૦/- |
| શ્રીમતી સાકરબહેન મેઘજી રાંભીયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી લીનાબહેન ભરતભાઈ રાંભીયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી પ્રભાબહેન નવીનચંદ્ર ફુરિયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| સ્મિત ભરતભાઈ રાંભીયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| હર્ષ ભરતભાઈ રાંભીયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| કિંજલ યોગેશભાઈ ફુરિયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| ભવ્ય જૈની યોગેશભાઈ ફુરિયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જ્યોત્સનાબેન કાન્તીલાલ શાહ, સુરેન્દ્રનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન ઘોષાલ, કોલકાટા | ૫૦૦/- |
| શ્રીમતી અવનીબહેન મીતેષભાઈ શાહ | ૫૦૦/- |
| શ્રી અજીતભાઈ શાહ, ભાવનગર | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

## પ્રવચન અનુક્રમણિકા



| પ્રવચન નં. | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૧૬૨. | પત્રાંક–૪૫૧ થી ૪૫૩ | ૦૦૧ |
| ૧૬૩. | પત્રાંક–૪૫૩ | ૦૨૫ |
| ૧૬૪. | પત્રાંક–૪૫૪ | ૦૪૬ |
| ૧૬૫. | પત્રાંક–૪૫૪ થી ૪૫૭ | ૦૬૬ |
| ૧૬૬. | પત્રાંક–૪૫૮ અને ૪૫૯ | ૦૮૮ |
| ૧૬૭. | પત્રાંક–૪૫૯ | ૧૧૧ |
| ૧૬૮. | પત્રાંક–૪૫૯ | ૧૩૦ |
| ૧૬૯. | પત્રાંક–૪૫૯ | ૧૫૦ |
| ૧૭૦. | પત્રાંક–૪૬૦ | ૧૬૯ |
| ૧૭૧. | પત્રાંક–૪૬૦ અને ૪૬૧ | ૧૯૦ |
| ૧૭૨. | પત્રાંક–૪૬૨ થી ૪૬૫ | ૨૧૦ |
| ૧૭૩. | પત્રાંક–૯૧૩ | ૨૩૩ |
| ૧૭૫. | પત્રાંક–૪૬૫ | ૨૫૩ |
| ૧૭૬. | પત્રાંક–૪૬૫ અને ૪૬૬ | ૨૭૦ |
| ૧૭૭. | પત્રાંક–૪૬૬ | ૨૯૧ |
| ૧૭૮. | પત્રાંક–૪૬૬ | ૩૦૮ |
| ૧૭૯. | પત્રાંક–૪૬૭ | ૩૨૫ |
| ૧૮૦. | પત્રાંક–૪૬૮ અને ૪૬૯ | ૩૪૩ |
| ૧૮૧. | પત્રાંક–૪૬૯ | ૩૬૨ |
| ૧૮૨. | પત્રાંક–૪૬૯ થી ૪૭૨ | ૩૭૨ |
| ૧૮૩. | પત્રાંક–૪૭૧ અને ૪૭૨ | ૩૯૫ |
| ૧૮૪. | પત્રાંક–૪૭૨ | ૪૧૨ |
| ૧૮૫. | પત્રાંક–૪૭૨ | ૪૨૬ |
| ૧૮૬. | પત્રાંક–૪૭૩ થી ૪૮૦ | ૪૪૪ |
| ૧૮૭. | પત્રાંક–૪૮૧ થી ૪૮૪ | ૪૬૭ |
| ૧૮૮. | પત્રાંક–૪૮૫ થી ૪૮૭ | ૪૮૭ |
| ૧૮૯. | પત્રાંક–૪૮૭ થી ૪૯૦ | ૫૦૭ |
| ૧૯૦ | પત્રાંક–૪૯૧ અને ૪૯૨ | ૫૨૭ |



(નોંધ :– પ્રવચન નં.૧૬૧ અને ૧૬૨ સરખા હોવાથી પ્રવચન નં.૧૬૧ લેવામાં આવેલ નથી તેમજ પ્રવચન નં. ૧૭૪ માં અવાજ ખરાબ હોવાથી પ્રકાશિત કરવામાં આવેલ નથી.)